| न्यायवि० टी० लि०(पं० कैलाशचन्द्रजी, काशी) | न्यायविनिश्चयटीका लिखित |
| न्याय० वृ(चौखम्बा बनारस) | न्यायसूत्र विश्वनाथवृत्ति |
| न्यायसा०(एशियाटिक सोसायटी, कलकत्ता) | न्यायसार |
| न्यायसारता० (एशियाटिक सोसायटी, कलकत्ता) | न्यायसारतात्पर्यदीपिका |
| न्या० | न्यायसूत्र |
| न्याया०(जैन कोन्फरंस, बंबई) | न्यायावतार |
| न्यायाव०(जैन कोन्फरंस, बंबई) | न्यायावतार |
| न्याया० टी०(जैन फोन्फरंस बंबई) | न्यायावतारसिद्धर्षिटीकाटिप्पणी |
| परी०(फूलचन्द्र शास्त्री, काशी) | परीक्षामुख |
| पात० महा० | पातञ्जल महाभाष्य |
| पुरातत्त्व(अहमदाबाद) | त्रैमासिक |
| पुरुषार्थ०(परमश्रुतप्रभावक, बंबई) | पुरुषार्थसिद्ध्युपाय |
| प्रकरणप०(चौखम्बा, काशी) | प्रकरणपञ्चिका |
| प्रमाणन०(यशोविजय ग्रन्थमाला, काशी) | प्रमाणनयतत्त्वालोक |
| प्रमाणप०(जैनसिद्धान्तप्रकाशिनी संस्था, कलकत्ता) | प्रमाणपरीक्षा |
| प्रमाणवा०(श्रीमान् राहुल सांकृत्यायनना प्रूफशीट) | प्रमाणवार्तिक |
| प्रमाणसं०(श्रीमुनि पुण्यविजयजी) | प्रमाणसंग्रह, लिखित |
| प्रमाणस०(मैसूर युनिवर्सिटी) | प्रमाणसमुच्चय |
| प्रमाणस० टी०(मैसूर युनिवर्सिटी) | प्रमाणसमुच्चयटीका |
| प्र० मी०(प्रस्तुत संस्करण) | प्रमाणमीमांसा |
| प्रमेयक०(निर्णयसागर, बंबई) | प्रमेयकमलमार्तण्ड |
| प्रमेयर०(फूलचन्द्र शास्त्री, काशी) | प्रमेयरत्नमाला |
| प्रश० (विजियानगरम्, काशी) | प्रशस्तपादभाष्य |
| बृ० स्वयं०(प्रथमगुच्छकान्तर्गत) | बृहत्स्वयंभूस्तोत्र |
| बृहती (मद्रास) | |
| बृहतीप०(मद्रास) | बृहतीपञ्चिका |
| बृहदा०(निर्णयसागर, बंबई) | बृहदारण्यकोपनिषद् |
| बृहदा० वा०(आनन्दाश्रम) | बृहदारण्यकवार्तिक |
| बोधिचर्या०(एशियाटिक सोसायटी, कलकत्ता) | बोधिचर्यावतार |
| बोधिचर्या० प०(एशियाटिक सोसायटी, कलकत्ता) | बोधिचर्यावतारपञ्चिका |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ब्र० शाङ्करभा०(निर्णयसागर, बंबई) | ब्रह्मसूत्रशाङ्करभाष्य |
| भग०(गूजरात विद्यापीठ, अहमदाबाद) | भगवतीसूत्र |
| भामती(निर्णयसागर, बंबई) | ब्रह्मसूत्रशांकरभाष्यटीका |
| मज्झिम०(पालीटेक्स्ट) | मज्झिमनिकाय |
| मध्य० वृ०(बिब्लिओथेका बुद्धिका) | मध्यमिककारिकावृत्ति |
| मनोरथ०(श्री राहुल सांकृत्यायन) | प्रमाणवार्तिक मनोरथनन्दिटीका |
| महावग्ग०(पालीटेक्स्ट) | विनयपिटक-महावग्ग |
| माठर०(चौखम्बा, काशी) | सांख्यकारिका माठरवृत्ति |
| मिलि० | मिलिन्दपण्हो |
| मीमांसाश्लो०(चौखम्बा, काशी) | मीमांसाश्लोकवार्तिक |
| मुक्ता०(निर्णयसागर, बंबई) | न्यायसिद्धान्तमुक्तावली |
| मुण्डको०(निर्णयसागर, बंबई) | मुण्डकोपनिषद् |
| यशो० वादद्वा० | यशोविजयकृत वादद्वात्रिंशिका |
| योशवि० धर्म० | यशोविजयकृत धर्मपरीक्षा |
| युक्त्य०(माणिकचन्द्र ग्रन्थमाला, बंबई) | युक्त्यनुशासन |
| योगभा०(चौखम्बा, काशी) | योगसूत्र व्यासभाष्य |
| रत्नाकर०(यशोविजय ग्रन्थमाला, काशी) | रत्नाकरावतारिका |
| राजवा० | तत्त्वार्थराजवार्तिक |
| लघी० (माणिकचन्द्र ग्रन्थमाला, बंबई) | लघीयस्त्रयी |
| लघीय०(माणिकचन्द्र ग्रन्थमाला, बंबई) | लघीयस्त्रयी |
| लघी० स्ववि० | लघीयस्त्रयी स्वविवृति लिखित |
| विधिवि० न्यायक०(चौखम्बा, काशी) | विधिविवेकन्यायकणिका |
| विशेषा०(यशोविजय ग्रन्थमाला, काशी) | विशेषावश्यकभाष्य |
| विशेषा० वृ०(यशोविजय ग्रन्थमाला, काशी) | विशेषावश्यकभाष्य बृहद्वृत्ति |
| विसुद्धि०(पालीटेक्स्ट) | विसुद्धिमग्ग |
| वेदान्तसार (निर्णयसागर, बंबई) | |
| वै० उप०(चौखम्बा, काशी) | वैशेषिकसूत्रउपस्कार |
| वै० भूषण | वैयाकरणभूषणसार |
| वै० सू० | वैशेषिकसूत्र |
| शाबरभा०(चौखम्बा बनारस) | शाबरभाष्य |
| शास्त्रदी०(चौखम्बा बनारस) | शास्त्रदीपिका |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| शास्त्रवा० | शास्त्रवार्तासमुच्चय |
| शास्त्रवा० टी० | शास्त्रवार्तासमुच्चय यशोविजयटीका |
| शास्त्रवा० स्वो० | शास्त्रवार्तासमुच्चय स्वोपज्ञटीका |
| श्रीभाष्य (लाजरस, बनारस) | |
| श्लो०(चौखम्बा, काशी) | मीमांसाश्लोकवार्तिक |
| श्लोकवा०(चौखम्बा, काशी) | मीमांसाश्लोकवार्तिक |
| श्लोक० न्याय०(चौखम्बा, काशी) | मीमांसाश्लोकवार्तिक न्यायरत्नाकरटीका |
| श्वेताश्व०(निर्णयसागर, बंबई) | श्वेताश्वतरोपनिषद् |
| षड्द०(आत्मानन्द सभा, भावनगर) | षड्दर्शनसमुच्चय |
| संयुत्त०(पालीटेक्स्ट) | संयुत्तनिकाय |
| सन्म०(गूजरात विद्यापीठ, अहमदावाद) | सन्मतिप्रकरण |
| सन्मति टी०(गूजरात विद्यापीठ, अहमदावाद) | सन्मतिप्रकरणटीका |
| सर्वद०(अभ्यंकर संपादित) | सर्वदर्शनसंग्रह |
| सर्वार्थ०(कोल्हापुर) | सर्वार्थसिद्धि |
| सांख्यत०(चौखम्बा काशी) | सांख्यतत्त्वकौमुदी |
| सां० का०(चौखम्बा काशी) | सांख्यकारिका |
| सांख्यका०(चौखम्बा काशी) | सांख्यकारिका |
| सांख्यसू०(चौखम्बा काशी) | सांख्यसूत्र |
| सि० चन्द्रो०(चौखम्बा काशी) | सिद्धान्तचन्द्रोदय |
| सिद्धान्तबिन्दु(कुम्भकोणम्) | |
| सिद्धिवि० | सिद्धिविनिश्चयटीका लिखित |
| सिद्धिवि० टी० | सिद्धिविनिश्चयटीका लिखित |
| सूत्रकृ०(आगमोदय, सूरत) | सूत्रकृताङ्ग |
| स्था०(आगमोदय, सूरत) | स्थानाङ्गसूत्र |
| स्फुटा०(बिब्लिओथेका बुद्धिका) | स्फुटार्थाभिधर्मकोषव्याख्या |
| स्याद्वादम०(बोम्बे सं० सिरीझ) | स्याद्वादमञ्जरी |
| स्याद्वादर०(आर्हतमतप्रभाकर पुना) | स्याद्वादरत्नाकर |
| हैमश०(अहमदावाद) | सिद्धहेमचन्द्रशब्दानुशासन |
| हैमश० बृ०(अहमदाबाद) | सिद्धहेमचन्द्रशब्दानुशासनबृहद्वृत्ति |
| हेतु० (मी. तारकस् एम.ए) | हेतुबिन्दु लिखित |
| हेतुबि० टी० लि०(गूजरात विद्यापीठ, अहमदाबाद) | हेतुबिन्दुटीका लिखित |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાગ પહેલો

# પંડિત સુખલાલજીની પ્રસ્તાવના

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

## ગ્રન્થપરિચય

## ૧. આભ્યન્તર રૂપ

પ્રસ્તુત ગ્રન્થ પ્રમાણમીમાંસાનો બરોબર અને વાસ્તવિક પરિચય મેળવવા માટે એ અનિવાર્યપણે જરૂરી છે કે તેના આભ્યન્તર અને બાહ્ય સ્વરૂપનું સ્પષ્ટ વિશ્લેષણ કરવામાં આવે તથા જૈન તર્કસાહિત્યમાં અને તે દ્વારા તાર્કિક દર્શનસાહિત્યમાં પ્રમાણમીમાંસાનું શું સ્થાન છે, તે પણ દર્શાવવામાં આવે.

આચાર્યે જે દૃષ્ટિએ પ્રમાણમીમાંસાનું પ્રણયન કર્યું છે અને તેમાં પ્રમાણ, પ્રમાતા, પ્રમેય વગેરે જે તત્ત્વોનું નિરૂપણ કર્યું છે તે દૃષ્ટિ અને તે તત્ત્વોના હાર્દનું સ્પષ્ટીકરણ કરવું એ જ આ ગ્રન્થના આભ્યન્તર સ્વરૂપનું વર્ણન છે. તે માટે અહીં નીચે જણાવેલા ચાર મુખ્ય મુદ્દાઓ ઉપર તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે — (૧) જૈન દૃષ્ટિનું સ્વરૂપ, (૨) જૈન દૃષ્ટિની અપરિવર્તિષ્ણુતા, (૩) પ્રમાણશક્તિની મર્યાદા અને (૪) પ્રમેયપ્રદેશનો વિસ્તાર.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### ૧. જૈન દૃષ્ટિનું સ્વરૂપ

ભારતીય દર્શનો પ્રધાનપણે બે વિભાગોમાં વિભાજિત થઈ જાય છે, કેટલાંક દર્શનો તો વાસ્તવવાદી છે જ્યારે કેટલાંક અવાસ્તવવાદી છે. જે દર્શનો સ્થૂલ અર્થાત્ લૌકિક પ્રમાણગમ્ય જગતને પણ તેવું જ વાસ્તવિક માને છે જેવું વાસ્તવિક સૂક્ષ્મ અર્થાત્ લોકોત્તર પ્રમાણગમ્ય જગતને, અર્થાત્ જેમના મતે વ્યાવહારિક અને પારમાર્થિક સત્યમાં કોઈ ભેદ નથી; સત્ય બધાં એક કોટિનાં છે ભલે માત્રા ન્યૂનાધિક હોય અર્થાત્ જેમના મતે ભાન ભલે ન્યૂનાધિક અને સ્પષ્ટ-અસ્પષ્ટ હોય પરંતુ પ્રમાણ માત્રમાં ભાસિત થનારાં બધાં સ્વરૂપ વાસ્તવિક છે, તથા જેમના મતે વાસ્તવિક રૂપો પણ વાણીપ્રકાશ્ય બની શકે છે — તે દર્શનો વાસ્તવવાદી છે. તેમને વિધિમુખ, ઈદમિત્થંવાદી કે એવંવાદી પણ કહી શકાય — જેવાં કે ચાર્વાક, ન્યાય-વૈશેષિક, પૂર્વમીમાંસા, સાંખ્ય-યોગ, વૈભાષિક-સૌત્રાન્તિક બૌદ્ધ અને માધ્વ આદિ વેદાન્ત.

જે દર્શનોના મતે બાહ્ય જગત મિથ્યા છે અને આંતરિક જગત જ પરમ સત્ય છે, અર્થાત્ જે દર્શનો સત્યના વ્યાવહારિક અને પારમાર્થિક અથવા સાંવૃતિક અને વાસ્તવિક એવા બે ભેદ કરીને લૌકિક પ્રમાણગમ્ય અને વાણીપ્રકાશ્ય ભાવને અવાસ્તવિક માને છે — તે દર્શનો અવાસ્તવવાદી છે. તેમને નિષેધમુખ અને અનેવંવાદી પણ કહી શકાય — જેવાં કે શૂન્યવાદી-વિજ્ઞાનવાદી બૌદ્ધ અને શાંકર વેદાન્ત આદિ દર્શન.

સ્વભાવે અનેકાન્તવાદી હોવા છતાં પણ જૈન દૃષ્ટિનું સ્વરૂપ એકાન્તપણે વાસ્તવવાદી જ છે, કારણ કે તેના મતે પણ ઈન્દ્રિયજન્ય મતિજ્ઞાન વગેરેમાં ભાસિત થનારા ભાવોના સત્યત્વનું તે જ સ્થાન છે જે પારમાર્થિક કેવળજ્ઞાનમાં ભાસિત થનારા ભાવોના સત્યત્વનું સ્થાન છે અર્થાત્ જૈન મત અનુસાર બન્ને સત્યોની માત્રામાં અંતર છે, યોગ્યતા અને ગુણમાં નથી. કેવળજ્ઞાનમાં દ્રવ્યો અને તેમના અનન્ત પર્યાયો જે યથાર્થતાથી જે રૂપથી ભાસિત થાય છે તે જ યથાર્થતાથી અને તે જ રૂપથી કેટલાંક દ્રવ્યો અને તેમના કેટલાક પર્યાયો મતિ આદિ જ્ઞાનમાં પણ ભાસિત થઈ શકે છે. તેથી જૈન દર્શન અનેક સૂક્ષ્મતમ ભાવોની અનિર્વચનીયતાને માનતું હોવા છતાં પણ નિર્વચનીય ભાવોને યથાર્થ માને છે, જ્યારે શૂન્યવાદી દર્શન અને શાંકર વેદાન્ત વગેરે એવું નથી માનતા.

## ૨. જૈન દૃષ્ટિની અપરિવર્તિષ્ણુતા

જૈન દૃષ્ટિનું જે વાસ્તવવાદિત્વ સ્વરૂપ ઉપર દર્શાવવામાં આવ્યું તે ઈતિહાસના પ્રારંભથી આજ સુધી એક જ રૂપમાં રહ્યું છે કે પછી તેમાં ક્યારેક કોઈના દ્વારા ઓછુંવત્તું પરિવર્તન થયું છે — આ એક ઘણો મહત્ત્વનો પ્રશ્ન છે. તે પ્રશ્નની સાથે જ બીજો પ્રશ્ન એ થાય છે કે જો જૈન દૃષ્ટિ સદા એકસરખી સ્થિતિશીલ રહી અને બૌદ્ધ યા વેદાન્ત દૃષ્ટિની જેમ તેમાં પરિવર્તન કે ચિન્તનવિકાસ ન થયો તો તેનું કારણ શું ?

JAINSITE

ભગવાન મહાવીરથી પહેલાંના સમયમાં જ્યારથી થોડોઘણો પણ જૈન પરંપરાનો ઈતિહાસ મળે છે ત્યારથી આજ સુધી જૈન દૃષ્ટિનું વાસ્તવવાદિત્વ સ્વરૂપ બિલકુલ અપરિવર્તિષ્ણુ અથવા ધ્રુવ જ રહ્યું છે, જેમ ન્યાય-વૈશેષિક, પૂર્વમીમાંસા, સાંખ્ય-યોગ વગેરે દર્શનોનું પણ વાસ્તવવાદિત્વ અપરિવર્તિષ્ણુ રહ્યું છે. બેશક, ન્યાય-વૈશેષિક વગેરે ઉક્ત દર્શનોની જેમ જૈન દર્શનના સાહિત્યમાં પણ પ્રમાણ પ્રમેય વગેરે બધા પદાર્થોની વ્યાખ્યાઓમાં, લક્ષણપ્રણયનમાં અને તેમની ઉપપત્તિમાં ઉત્તરોત્તર સૂક્ષ્મ અને સૂક્ષ્મતર વિકાસ તથા સ્પષ્ટતા થઈ છે, ત્યાં સુધી કે નવ્યન્યાયના પરિષ્કારનો આશ્રય લઈને પણ યશોવિજયજી જેવા જૈન વિદ્વાનોએ વ્યાખ્યાઓનું અને લક્ષણોનું વિશ્લેષણ કર્યું છે તેમ છતાં પણ આ પૂરા ઐતિહાસિક સમયમાં જૈન દૃષ્ટિના વાસ્તવવાદિત્વ સ્વરૂપમાં એક અંશ માત્ર પણ ફરક પડ્યો નથી, જેવો ફરક બૌદ્ધ અને વેદાન્ત પરંપરામાં આપણને મળે છે.

બૌદ્ધ પરંપરા શરૂઆતમાં વાસ્તવવાદી જ રહી હતી. પરંતુ મહાયાનની વિજ્ઞાનવાદી અને શૂન્યવાદી શાખાઓએ તેમાં આમૂલ પરિવર્તન કરી નાખ્યું. તેનું વાસ્તવવાદિત્વ ઐકાન્તિક અવાસ્તવવાદિત્વમાં બદલાઈ ગયું. આ જ છે બૌદ્ધ પરંપરાનું દૃષ્ટિપરિવર્તન. વેદાન્ત પરંપરામાં પણ એવું જ થયું. ઉપનિષદોમાં અને બ્રહ્મસૂત્રમાં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવાસ્તવવાદિત્વનાં અસ્પષ્ટ બીજ હતાં અને જે વાસ્તવવાદિત્વનાં સ્પષ્ટ સૂચનો હતાં તે બધાંનું એક માત્ર અવાસ્તવવાદિત્વના અર્થમાં તાત્પર્ય દર્શાવીને શંકરાચાર્યે વેદાન્તમાં અવાસ્તવવાદિત્વની સ્પષ્ટ સ્થાપના કરી જેના આધારે આગળ જતાં દૃષ્ટિસૃષ્ટિવાદ વગેરે અનેક રૂપોમાં વળી વધુ દૃષ્ટિપરિવર્તન અને વિકાસ થયો. આ રીતે એક તરફ બૌદ્ધ અને વેદાન્ત બે પરંપરાઓની દૃષ્ટિપરિવર્તિષ્ણુતા અને બીજી તરફ બાકી બધાં દર્શનોની દૃષ્ટિઅપરિવર્તિષ્ણુતા આપણને આ ભેદનાં કારણોની ખોજ કરવા પ્રેરિત કરે છે.

સ્થૂળ જગતને અસત્ય યા વ્યાવહારિક સત્ય માનીને તેનાથી ભિન્ન આન્તરિક જગતને જ પરમ સત્ય માનનાર અવાસ્તવવાદનો ઉદ્ગમ કેવળ ત્યારે જ સંભવે છે જ્યારે વિશ્લેષણક્રિયાની પરાકાષ્ઠા – આત્યંતિકતા હોય યા તો સમન્વયની પરાકાષ્ઠા હોય. આપણે દેખીએ છીએ કે આ યોગ્યતા બૌદ્ધ પરંપરા અને વેદાન્ત પરંપરા સિવાય અન્ય કોઈ દાર્શનિક પરંપરામાં નથી. બુદ્ધે પ્રત્યેક સ્થૂલ સૂક્ષ્મ ભાવનું વિશ્લેષણ એટલે સુધી કર્યું કે તેમાં કોઈ સ્થાયી દ્રવ્ય જેવા તત્ત્વનું અસ્તિત્વ જ ન રહ્યું. ઉપનિષદોમાં પણ બધા ભેદોનો (વિશેષોનો) – વિવિધતાઓનો સમન્વય એક બ્રહ્મમાં – સ્થિર તત્ત્વમાં વિશ્રાન્તિ પામ્યો. ભગવાન બુદ્ધના વિશ્લેષણનો આગળ ઉપર તેમના સૂક્ષ્મપ્રજ્ઞ શિષ્યોએ એટલે સુધી વિસ્તાર કર્યો કે છેવટે વ્યવહારમાં ઉપયોગી થનારું અખંડ દ્રવ્ય યા દ્રવ્યભેદો સર્વથા નામશેષ થઈ ગયા અને ક્ષણિક કિન્તુ અનિર્વચનીય પરમ સત્ય જ શેષ રહ્યું. બીજી બાજુ શંકરાચાર્યે ઔપનિષદ પરમ બ્રહ્મની સમન્વય ભાવનાનો એટલે સુધી વિસ્તાર કર્યો કે છેવટે ભેદપ્રધાન વ્યવહાર જગત નામશેષ યા માયિક જ બનીને રહી ગયું. બેશક, નાગાર્જુન અને શંકરાચાર્ય જેવા ઐકાન્તિક વિશ્લેષણકર્તા યા ઐકાન્તિક સમન્વયકર્તા ન થયા હોત તો આ બન્ને પરંપરાઓમાં વ્યાવહારિક અને પરમ સત્યના ભેદનો આવિષ્કાર ન થયો હોત. તો પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે અવાસ્તવવાદી દૃષ્ટિની યોગ્યતા બૌદ્ધ અને વેદાન્ત પરંપરાની ભૂમિકામાં જ નિહિત રહી છે જ્યારે ન્યાય-વૈશેષિક વગેરે વાસ્તવવાદી દર્શનોની ભૂમિકામાં તે બિલકુલ નથી. ન્યાય-વૈશેષિક, મીમાંસક અને સાંખ્ય-યોગ દર્શનો કેવળ વિશ્લેષણ જ નથી કરતાં પરંતુ સમન્વય પણ કરે છે, તેમનામાં વિશ્લેષણ અને સમન્વય બન્ને સમપ્રધાન તથા સમાનબલ હોવાથી બેમાંથી કોઈ એક જ સત્ય નથી, તેથી તે દર્શનોમાં અવાસ્તવવાદના પ્રવેશની ન તો યોગ્યતા છે અને ન તો સંભવ છે. તેથી તે દર્શનોમાં નાગાર્જુન, શંકરાચાર્ય વગેરે જેવા અનેક સૂક્ષ્મપ્રજ્ઞ વિચારકો થયા હોવા છતાં પણ તે દર્શનો વાસ્તવવાદી જ રહ્યાં. આ જ સ્થિતિ જૈન દર્શનની પણ છે. જૈન દર્શન દ્રવ્ય દ્રવ્ય વચ્ચે વિશ્લેષણ કરતાં કરતાં છેવટે સૂક્ષ્મતમ પર્યાયોના વિશ્લેષણ સુધી પહોંચે છે ખરું, પરંતુ આ વિશ્લેષણના અંતિમ પરિણામ રૂપ પર્યાયોને વાસ્તવિક માનીને પણ દ્રવ્યની વાસ્તવિકતાનો પરિત્યાગ બૌદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનની જેમ તે નથી કરતું. તેવી જ રીતે તે પર્યાયો અને દ્રવ્યોનો સમન્વય કરતાં કરતાં એક સત્ તત્ત્વ સુધી પહોંચે છે અને તેની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને પણ વિશ્લેષણના પરિણામ રૂપ દ્રવ્યભેદો અને પર્યાયોની વાસ્તવિકતાનો પરિત્યાગ બ્રહ્મવાદી દર્શનની જેમ નથી કરતું. તેનું કારણ એ છે કે જૈન દર્શન પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક બન્ને દૃષ્ટિઓને સાપેક્ષ ભાવથી તુલ્યબલ અને સમાનસત્ય માને છે. આ સબબે જ તેમાં ન તો બૌદ્ધ પરંપરા જેવું આત્યન્તિક વિશ્લેષણ થયું કે ન તો વેદાન્ત પરંપરા જેવો આત્યન્તિક સમન્વય. આનાથી જૈન દૃષ્ટિનું વાસ્તવવાદિત્વ સ્વરૂપ સ્થિર જ રહ્યું, અપરિવર્તિષ્ણુ જ રહ્યું.

## ૩. પ્રમાણશક્તિની મર્યાદા

વિશ્વ શી વસ્તુ છે, તે કેવું છે, તેમાં કયાં કયાં અને કેવાં કેવાં તત્ત્વો છે, વગેરે પ્રશ્નોના ઉત્તરો તત્ત્વચિન્તકોએ એકસરખા નથી આપ્યા. તેનું કારણ એ જ છે કે તે ઉત્તરોનો આધાર પ્રમાણની શક્તિ ઉપર નિર્ભર છે; અને તત્ત્વચિન્તકોમાં પ્રમાણની શક્તિ વિશે જુદા જુદા મતો છે. ભારતીય તત્ત્વચિન્તકોના પ્રમાણશક્તિના તારતમ્ય અંગે જે મતભેદો છે તે સંક્ષેપમાં પાંચ પક્ષોમાં વિભક્ત થઈ જાય છે — (૧) ઈન્દ્રિયાધિપત્ય, (૨) અનિન્દ્રિયાધિપત્ય, (૩) ઉભયાધિપત્ય, (૪) આગમાધિપત્ય અને (૫) પ્રમાણોપપ્લવ એવા પાંચ પક્ષો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**(૧) ઈન્દ્રિયાધિપત્ય પક્ષ** — જે પક્ષનું મન્તવ્ય એ છે કે પ્રમાણની બધી જ શક્તિ ઈન્દ્રિયોના ઉપર જ અવલંબિત છે, મન ખુદ ઈન્દ્રિયોનું અનુગમન કરી શકે છે પરંતુ તે ઈન્દ્રિયોની મદદ વિના ક્યાંય પણ, અર્થાત્ જ્યાં ઈન્દ્રિયોની પહોંચ ન હોય ત્યાં, કદી પ્રવૃત્ત થઈને સાચું જ્ઞાન પેદા કરી શકતું જ નથી. સાચા જ્ઞાનનો જો સંભવ છે તો તે ઈન્દ્રિયો દ્વારા જ, આ છે ઈન્દ્રિયાધિપત્ય પક્ષ. આ પક્ષમાં એકલું ચાર્વાક દર્શન જ સમાવિષ્ટ છે. એ વાત નથી કે ચાર્વાક અનુમાન યા શબ્દવ્યવહારરૂપ આગમ વગેરે પ્રમાણોને, જે પ્રતિદિન સર્વસિદ્ધ વ્યવહારની વસ્તુ છે તેને, ન માનતું હોય, તેમ છતાં ચાર્વાક પોતાને પ્રત્યક્ષમાત્રવાદી — ઈન્દ્રિયપ્રત્યક્ષમાત્રવાદી કહે છે; તેનો અર્થ એટલો જ છે કે અનુમાન, શબ્દ વગેરે કોઈ પણ લૌકિક પ્રમાણ કેમ ન હોય પરંતુ તેનું પ્રામાણ્ય ઈન્દ્રિયપ્રત્યક્ષના સંવાદ વિના કદી સંભવતું નથી. અર્થાત્ ઈન્દ્રિયપ્રત્યક્ષથી બાધિત ન હોય એવો કોઈ પણ જ્ઞાનવ્યાપાર જો પ્રમાણ કહેવાય તો તેમાં ચાર્વાકને કોઈ આપત્તિ નથી.

**(૨) અનિન્દ્રિયાધિપત્ય પક્ષ** — અનિન્દ્રિયના અન્તઃકરણ (મન), ચિત્ત અને આત્મા એવા ત્રણ અર્થો ફલિત થાય છે. તે ત્રણમાંથી ચિત્તરૂપ અનિન્દ્રિયનું આધિપત્ય માનનારો

અનિન્દ્રિયાધિપત્ય પક્ષ છે. આ પક્ષમાં વિજ્ઞાનવાદ, શૂન્યવાદ અને શાંકર વેદાન્તનો સમાવેશ છે. આ પક્ષ અનુસાર યથાર્થ જ્ઞાનનો સંભવ વિશુદ્ધ ચિત્ત દ્વારા જ મનાયો છે. આ પક્ષ ઈન્દ્રિયોની સત્યજ્ઞાનજનન શક્તિનો સર્વથા ઈન્કાર કરે છે અને કહે છે કે ઈન્દ્રિયો વાસ્તવિક જ્ઞાન કરાવવામાં પંગુ જ નહિ પરંતુ ધોકાબાજ પણ અવશ્ય છે. તેના મન્તવ્યનો નિષ્કર્ષ એટલો જ છે કે ચિત્તથી, ખાસ કરીને ધ્યાનશુદ્ધ સાત્ત્વિક ચિત્તથી, બાધિત યા તેની સાથે સંવાદ પામી ન શકનારું કોઈ જ્ઞાન પ્રમાણ હોઈ જ શકતું નથી, ભલે ને લોકવ્યવહારમાં તે પ્રમાણરૂપ મનાતું હોય.

**(૩) ઉભયાધિપત્ય પક્ષ** – ઉભયાધિપત્ય પક્ષ તે છે જે ચાર્વાકની જેમ ઈન્દ્રિયોને જ બધું માનીને ઈન્દ્રિયનિરપેક્ષ મનનું અસામર્થ્ય નથી સ્વીકારતો અને વેદાન્ત આદિની જેમ ઈન્દ્રિયોને પંગુ યા ધોકાબાજ માનીને કેવળ અનિન્દ્રિય યા ચિત્તનું જ સામર્થ્ય નથી સ્વીકારતો. આ પક્ષ માને છે કે ભલે ને મનની મદદથી હોય પરંતુ ઈન્દ્રિયો ગુણસંપન્ન બની શકે છે, વાસ્તવિક જ્ઞાન પેદા કરી શકે છે. તેવી જ રીતે આ પક્ષ માને છે કે ઈન્દ્રિયોની મદદ જ્યાં નથી ત્યાં પણ અનિન્દ્રિય યથાર્થ જ્ઞાન કરાવી શકે છે. આ કારણે આ પક્ષને ઉભયાધિપત્ય પક્ષ કહેવામાં આવે છે. આ પક્ષમાં સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, મીમાંસક, વગેરે દર્શનોનો સમાવેશ છે. સાંખ્ય-યોગ ઈન્દ્રિયોના સાદ્ગુણ્યને માનીને પણ અન્તઃકરણની સ્વતન્ત્ર યથાર્થશક્તિ માને છે. ન્યાય-વૈશેષિક વગેરે પણ મનની તેવી જ શક્તિ માને છે પરંતુ ફરક એટલો છે કે સાંખ્ય-યોગ આત્માનું સ્વતન્ત્ર પ્રમાણસામર્થ્ય નથી માનતા કારણ કે સાંખ્ય-યોગ પ્રમાણસામર્થ્ય બુદ્ધિમાં જ માનીને પુરુષ યા ચેતનને નિરતિશય માને છે; જ્યારે ન્યાય-વૈશેષિક વગેરે ભલેને ઈશ્વરના આત્માનું જ માનતા હોય પરંતુ આત્માનું સ્વતન્ત્ર પ્રમાણસામર્થ્ય માને છે, અર્થાત્ તેઓ શરીર-મનનો અભાવ હોવા છતાં પણ ઈશ્વરમાં જ્ઞાનશક્તિ માને છે. વૈભાષિક અને સૌત્રાન્તિક પણ આ પક્ષ અન્તર્ગત છે કારણ કે તેઓ પણ ઈન્દ્રિય અને મન બન્નેનું પ્રમાણસામર્થ્ય માને છે.

**(૪) આગમાધિપત્ય પક્ષ** – આગમાધિપત્ય પક્ષ તે છે જે કોઈ ને કોઈ વિષયમાં આગમ સિવાય કોઈ ઈન્દ્રિયનું કે અનિન્દ્રિયનું પ્રમાણસામર્થ્ય નથી સ્વીકારતો. આ પક્ષ કેવળ પૂર્વ મીમાંસકનો જ છે. જો કે તે અન્ય વિષયોમાં તો સાંખ્ય-યોગ વગેરેની જેમ ઉભયાધિપત્ય પક્ષને જ અનુસરે છે તેમ છતાં ધર્મ અને અધર્મ એ બે વિષયોમાં તે માત્ર આગમનું જ સામર્થ્ય માને છે. જો કે વેદાન્ત અનુસાર બ્રહ્મના વિષયમાં આગમનું જ પ્રાધાન્ય છે તેમ છતાં તે આગમાધિપત્ય પક્ષમાં એટલા માટે સમાવેશ નથી પામતું કેમ કે બ્રહ્મના વિષયમાં ધ્યાનશુદ્ધ અન્તઃકરણનું સામર્થ્ય તેને માન્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૫) પ્રમાણોપપ્લવ પક્ષ** – પ્રમાણોપપ્લવ પક્ષ તે છે જે ઈન્દ્રિય, અનિન્દ્રિય કે આગમ કોઈનુંય સાદ્‌ગુણ્ય યા સામર્થ્ય સ્વીકારતો નથી. તે માને છે કે એવું કોઈ સાધન ગુણસંપન્ન છે જ નહિ જે અબાધિત જ્ઞાનની શક્તિ ધરાવતું હોય. તેના મતે બધાં સાધનો પંગુ યા છેતરામણાં છે. આ પક્ષને અનુસરનાર તત્ત્વોપપ્લવવાદી કહેવાય છે, જે છેલ્લી હદે ગયેલો ચાર્વાક જ છે. આ પક્ષ જયરાશિકૃત 'તત્ત્વોપપ્લવ' ગ્રન્થમાં સ્પષ્ટપણે પ્રતિપાદિત થયો છે.

ઉક્ત પાંચમાંથી ત્રીજો ઉભયાધિપત્ય પક્ષ જ જૈન દર્શનનો છે, કારણ કે તે જેવી રીતે ઈન્દ્રિયોનું સ્વતન્ત્ર સામર્થ્ય માને છે તેવી જ રીતે તે અનિન્દ્રિય અર્થાત્ મન અને આત્મા બન્નેનું અલગ અલગ પણ સ્વતન્ત્ર સામર્થ્ય માને છે. આત્માના સ્વતન્ત્ર સામર્થ્યના વિષયમાં ન્યાય-વૈશેષિક આદિના મન્તવ્યથી જૈન દર્શનના મન્તવ્યમાં ફરક એ છે કે જૈન દર્શન બધા જ આત્માઓનું પ્રમાણસામર્થ્ય તેવું જ માને છે જેવું ન્યાય વગેરે કેવળ ઈશ્વરનું જ માને છે. જૈન દર્શન પ્રમાણોપપ્લવ પક્ષનું નિરાકરણ એટલા માટે કરે છે કેમ કે તેને પ્રમાણસામર્થ્ય અવશ્ય ઈષ્ટ છે. તે ચાર્વાકના પ્રત્યક્ષમાત્રવાદનો વિરોધ એટલા માટે કરે છે કેમ કે તેને અનિન્દ્રિયનું પણ પ્રમાણસામર્થ્ય ઈષ્ટ છે. તે વિજ્ઞાન, શૂન્ય અને બ્રહ્મ એ ત્રણે વાદોનો નિરાસ એટલા માટે કરે છે કેમ કે તેને ઈન્દ્રિયોનું પ્રમાણસામર્થ્ય પણ માન્ય છે. તે આગમાધિપત્ય પક્ષનું પણ વિરોધી છે, તે એટલા માટે કે તેને ધર્માધર્મના વિષયમાં અનિન્દ્રિય અર્થાત્ મન અને આત્મા બન્નેનું પ્રમાણસામર્થ્ય ઈષ્ટ છે.

## ૪. પ્રમેયપ્રદેશનો વિસ્તાર

જેવી પ્રમાણશક્તિની મર્યાદા તેવો જ પ્રમેયના ક્ષેત્રનો વિસ્તાર. તેથી જ માત્ર ઈન્દ્રિયોનું જ પ્રમાણસામર્થ્ય માનનાર ચાર્વાકની સામે સિર્ફ સ્થૂળ યા દૃશ્ય વિશ્વ જ પ્રમેયનું ક્ષેત્ર રહ્યું. પરંતુ એક યા બીજા રૂપમાં અનિન્દ્રિયનું પ્રમાણસામર્થ્ય માનનારની દૃષ્ટિમાં તો પ્રમેયનું ક્ષેત્ર અનેકધા વિસ્તીર્ણ થઈ ગયું. અનિન્દ્રિયસામર્થ્યવાદી કોઈ પણ કેમ ન હોય પરંતુ બધાને જ સ્થૂળ વિશ્વ ઉપરાંત એક સૂક્ષ્મ વિશ્વ પણ નજરમાં આવ્યું. સૂક્ષ્મ વિશ્વનું દર્શન તે બધાને બરાબર હોવા છતાં તેમની પોતપોતાની જુદી જુદી કલ્પનાઓના તથા પરંપરાગત ભિન્ન ભિન્ન કલ્પનાઓના આધારે સૂક્ષ્મ પ્રમેયના ક્ષેત્રમાં પણ અનેક મતો અને સંપ્રદાયો સ્થિર થયા જેમને આપણે અતિ સંક્ષેપમાં બે વિભાગોમાં વહેંચી સમજી શકીએ છીએ. એક વિભાગ તો તે છે જેમાં જડ અને ચેતન બન્ને પ્રકારનાં સૂક્ષ્મ તત્ત્વોને માનનારાઓનો સમાવેશ થાય છે. બીજો વિભાગ તે છે જેમાં કેવળ ચેતન યા ચૈતન્ય રૂપ સૂક્ષ્મ તત્ત્વને જ માનનારાઓનો સમાવેશ થાય છે. પાશ્ચાત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ ભારતીય તત્ત્વજ્ઞાનમાં આ એક ધ્યાન દેવા જેવો ભેદ છે કે તેમાં સૂક્ષ્મ પ્રમેયતત્ત્વ માનનાર આજ સુધી એવો કોઈ નથી થયો જે સ્થૂલ ભૌતિક વિશ્વની તહમાં એકમાત્ર સૂક્ષ્મ જડતત્ત્વ જ માનતો હોય અને સૂક્ષ્મ જગતમાં ચેતન તત્ત્વનું અસ્તિત્વ જ ન માનતો હોય. આથી ઊલટું એવા તત્ત્વજ્ઞો ભારતમાં થતા રહ્યા છે જે સ્થૂલ વિશ્વના અન્તસ્તલમાં એક માત્ર ચેતન તત્ત્વનું સૂક્ષ્મ જગત માનતા હોય. આ અર્થમાં ભારતને ચૈતન્યવાદી સમજવું જોઈએ. ભારતીય તત્ત્વજ્ઞાનની સાથે પુનર્જન્મ, કર્મવાદ અને બન્ધ-મોક્ષની ધાર્મિક યા આચરણલક્ષી કલ્પના પણ ભળેલી છે જે સૂક્ષ્મ વિશ્વ માનનાર બધાને નિર્વિવાદ માન્ય છે અને બધાએ પોતપોતાના તત્ત્વજ્ઞાનના માળખા અનુસાર ચેતન તત્ત્વની સાથે તેનો મેળ બેસાડ્યો છે. આ સૂક્ષ્મતત્ત્વદર્શી પરંપરાઓમાં મુખ્યપણે ચાર વાદો એવા છે જેમના બળ ઉપર તે તે પરંપરાના આચાર્યોએ સ્થૂળ અને સૂક્ષ્મ વિશ્વનો સંબંધ દર્શાવ્યો છે યા કાર્ય-કારણનો મેળ બેસાડ્યો છે. તે ચાર વાદો આ છે – (૧) આરંભવાદ, (૨) પરિણામવાદ, (૩) પ્રતીત્યસમુત્પાદવાદ અને (૪) વિવર્તવાદ.

આરંભવાદનાં સંક્ષેપમાં ચાર લક્ષણો છે – (૧) પરસ્પર ભિન્ન એવાં અનન્ત મૂળ કારણોનો સ્વીકાર, (૨) કાર્ય અને કારણનો આત્યન્તિક ભેદ, (૩) કારણ નિત્ય હો યા અનિત્ય પરંતુ કાર્યોત્પત્તિમાં તેનું અપરિણામી જ રહેવું, અને (૪) અપૂર્વ અર્થાત્ ઉત્પત્તિના પહેલાં અસત્ એવા કાર્યની ઉત્પત્તિ યા કિંચિત્કાલીન સત્તા.

પરિણામવાદનાં લક્ષણો આરંભવાદનાં લક્ષણોથી બરાબર ઊલટાં છે – (૧) એક જ મૂળ કારણનો સ્વીકાર, (૨) કાર્ય અને કારણનો વાસ્તવિક અભેદ, (૩) નિત્ય કારણનું પણ પરિણામી થઈને જ રહેવું તથા પ્રવૃત્ત થવું, અને (૪) કાર્ય માત્રનું પોતપોતાના કારણમાં અને બધાં કાર્યોનું મૂળ કારણમાં ત્રણે કાળમાં અસ્તિત્વ અર્થાત્ અપૂર્વ વસ્તુની ઉત્પત્તિનો સર્વથા ઈન્કાર.

પ્રતીત્યસમુત્પાદવાદનાં ત્રણ લક્ષણો છે – (૧) કારણ અને કાર્યનો આત્યન્તિક ભેદ, (૨) કોઈ પણ નિત્ય યા પરિણામી કારણનો સર્વથા અસ્વીકાર, અને (૩) પહેલેથી અસત્ એવા કાર્યમાત્રનો ઉત્પાદ.

વિવર્તવાદનાં ત્રણ લક્ષણો છે – (૧) કોઈ એક જ પારમાર્થિક સત્યનો સ્વીકાર જે ન તો ઉત્પાદક છે કે ન તો પરિણામી, (૨) સ્થૂલ યા સૂક્ષ્મ ભાસમાન જગતની ઉત્પત્તિનો યા તેના પરિણામનો સર્વથા નિષેધ, (૩) સ્થૂલ જગતનું અસ્તિત્વ અવાસ્તવિક યા કાલ્પનિક અર્થાત્ માયિક ભાસમાત્ર.

**(૧) આરંભવાદ** – આરંભવાદનું મન્તવ્ય એ છે કે પરમાણુરૂપ અનન્ત સૂક્ષ્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્ત્વો જુદાં જુદાં છે જેમના પારસ્પરિક સંબંધોથી સ્થૂલ ભૌતિક જગતનું નવું જ નિર્માણ થાય છે જે પાછું સર્વથા નષ્ટ પણ થાય છે. તેના અનુસાર તે સૂક્ષ્મ આરંભક તત્ત્વો અનાદિનિધન છે, અપરિણામી છે. અગર ફેરફાર થાય છે તો તેમના ગુણધર્મોમાં જ થાય છે. આ વાદમાં સ્થૂલ ભૌતિક જગતનો સંબંધ સૂક્ષ્મ ભૂતો સાથે જોડીને પછી સૂક્ષ્મ ચેતનતત્ત્વનું પણ અસ્તિત્વ માન્યું છે. તેણે પરસ્પર ભિન્ન એવાં અનન્ત ચેતન તત્ત્વો માન્યાં છે જે અનાદિનિધન અને અપરિણામી છે. આ વાદે જેમ સૂક્ષ્મ ભૂત તત્ત્વોને અપરિણામી જ માનીને તેમનામાં ઉત્પન્ન નષ્ટ થનારા ગુણધર્મોના અલગ અસ્તિત્વની કલ્પના કરી છે તેમ જ ચેતન તત્ત્વોને અપરિણામી માનીને પણ તેમનામાં ઉત્પાદવિનાશશાલી ગુણધર્મોનું અલગ જ અસ્તિત્વ સ્વીકાર્યું છે. આ મત અનુસાર સ્થૂલ ભૌતિક વિશ્વનો સૂક્ષ્મ ભૂતોની સાથે તો ઉપાદાનોપાદેયભાવ સંબંધ છે પરંતુ સૂક્ષ્મ ચેતન તત્ત્વોની સાથે સિર્ફ સંયોગ સંબંધ છે.

(૨) **પરિણામવાદ** — પરિણામવાદના મુખ્ય બે ભેદ છે (अ) પ્રધાનપરિણામવાદ અને (ब) બ્રહ્મપરિણામવાદ.

जैन साईट JAINSITE

(अ) પ્રધાનપરિણામવાદ અનુસાર સ્થૂલ વિશ્વના અન્તસ્તલમાં એક સૂક્ષ્મ પ્રધાન નામનું એવું તત્ત્વ છે જે જુદા જુદા અનન્ત પરમાણુરૂપ ન હોતાં તેમનાથી પણ સૂક્ષ્મતમ સ્વરૂપમાં અખંડ રૂપે વર્તમાન છે અને જે ખુદ પરમાણુઓની જેમ અપરિણામી ન રહીને અનાદિ અનન્ત હોવા છતાં પણ વિવિધ પરિણામોમાં પરિણત થયા કરે છે. આ વાદ અનુસાર સ્થૂળ ભૌતિક વિશ્વ આ સૂક્ષ્મ પ્રધાન તત્ત્વનાં દૃશ્ય પરિણામો સિવાય બીજું કંઈ નથી. આ વાદમાં પરમાણુવાદની જેમ સૂક્ષ્મ તત્ત્વ અપરિણામી રહે અને તેમાંથી સ્થૂલ ભૌતિક વિશ્વનું નવું નિર્માણ થાય એમ મનાયું નથી. પરંતુ તે સૂક્ષ્મ પ્રધાન તત્ત્વ, જે પોતે પરમાણુની જેમ જડ જ છે, વિવિધ દૃશ્ય ભૌતિક રૂપોમાં બદલાતું રહે છે. આ પ્રધાનપરિણામવાદે સ્થૂલ વિશ્વનો સૂક્ષ્મ પરંતુ જડ એવા એક માત્ર પ્રધાન તત્ત્વ સાથે અભેદ સંબંધ કરીને સૂક્ષ્મ જગતમાં ચેતન તત્ત્વોના અસ્તિત્વનો પણ સ્વીકાર કર્યો. આ વાદનાં ચેતન તત્ત્વો આરંભવાદની જેમ અનન્ત જ છે પરંતુ ફરક એટલો છે કે આરંભવાદનાં ચેતન તત્ત્વો અપરિણામી હોવા છતાં પણ ઉત્પાદ-વિનાશવાળા ગુણધર્મોથી યુક્ત છે જ્યારે પ્રધાનપરિણામવાદનાં ચેતન તત્ત્વો એવા ગુણધર્મોથી યુક્ત નથી. પ્રધાનપરિણામવાદનાં ચેતન તત્ત્વો પોતે કૂટસ્થ હોવાથી અપરિણામી છે અને નિર્ધર્મક હોવાથી કોઈ પણ ઉત્પાદવિનાશશાલી ગુણધર્મને ધારણ કરતાં નથી. તેનું કહેવું છે કે ઉત્પાદવિનાશવાળા ગુણધર્મો જો સૂક્ષ્મ ભૂતોમાં દેખાતા હોય તો સૂક્ષ્મ ચેતનો તો કંઈક વિલક્ષણ જ હોવા જોઈએ. અગર સૂક્ષ્મ ચેતનો ચેતન હોવા છતાં પણ તેવા ગુણધર્મોથી યુક્ત હોય તો સૂક્ષ્મ જડથી તેમનું વૈલક્ષણ્ય શું રહ્યું ? તેથી જ તે કહે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે અગર સૂક્ષ્મ ચેતનનું અસ્તિત્વ માનવું જ હોય તો સૂક્ષ્મ ભૂતોની અપેક્ષાએ વિલક્ષણતા લાવવા માટે સૂક્ષ્મ ચેતનોને કેવળ અપરિણામી જ માનવા ઉચિત નથી પરંતુ સાથે સાથે નિર્ધર્મક પણ માનવા જરૂરી છે. આમ પ્રધાનપરિણામવાદમાં ચેતન તત્ત્વો છે પરંતુ તે નિર્ધર્મક અને અપરિણામી જ મનાયાં છે.

**(ब) બ્રહ્મપરિણામવાદ** જે પ્રધાનપરિણામવાદનું જ વિકસિત રૂપ જણાય છે તેણે એ તો માની લીધું કે સ્થૂલ વિશ્વના મૂળમાં કોઈ સૂક્ષ્મ તત્ત્વ છે જે સ્થૂલ વિશ્વનું કારણ છે. પરંતુ તેણે કહ્યું કે આવું સૂક્ષ્મ કારણ જડ પ્રધાન તત્ત્વ માનીને પણ તેનાથી ભિન્ન સૂક્ષ્મ ચેતન તત્ત્વ પણ માનવું અને તે પણ એવું કે જે અજાગલસ્તનની જેમ સર્વથા અકિંચિત્કર હોય એ તો યુક્તિસંગત નથી. તેણે પ્રધાનવાદમાં ચેતન તત્ત્વના અસ્તિત્વની અનુપયોગિતાને જ ન જોઈ પરંતુ ચેતન તત્ત્વની અનન્ત સંખ્યાની કલ્પનાને પણ અનાવશ્યક સમજી. આ સમજથી તેણે સૂક્ષ્મ જગતની કલ્પના એવી કરી કે જેથી સ્થૂલ જગતની રચના પણ ઘટી શકે અને અકિંચિત્કર એવાં અનન્ત ચેતન તત્ત્વોની નિષ્પ્રયોજન કલ્પનાનો દોષ પણ ન રહે. તેથી આ વાદે સ્થૂલ વિશ્વના અન્તસ્તલમાં જડ અને ચેતન એવાં પરસ્પર વિરોધી બે તત્ત્વો ન માનીને કેવળ એક બ્રહ્મ નામનું ચેતન તત્ત્વ જ સ્વીકાર્યું અને તેનો પ્રધાનપરિણામની જેમ પરિણામ માની લીધો જેથી તે એક ચેતન બ્રહ્મ તત્ત્વમાંથી બીજા જડ-ચેતનમય સ્થૂલ વિશ્વનો આવિર્ભાવતિરોભાવ ઘટી શકે. પ્રધાનપરિણામવાદ અને બ્રહ્મપરિણામવાદમાં ફરક એટલો જ છે કે પ્રધાનપરિણામવાદમાં જડ પરિણામી જ છે અને ચેતન અપરિણામી જ છે જ્યારે બ્રહ્મપરિણામવાદમાં અંતિમ સૂક્ષ્મ તત્ત્વ એક માત્ર ચેતન જ છે જે પોતે જ પરિણામી છે અને તે ચેતનમાંથી આગળ ઉપર જડ અને ચેતન એવા બે પરિણામપ્રવાહો નીકળે છે.

**(૩) પ્રતીત્યસમુત્પાદવાદ** — આ વાદ પણ સ્થૂલ ભૂતની નીચે જડ અને ચેતન એવાં બે સૂક્ષ્મ તત્ત્વો માને છે જે ક્રમશઃ રૂપ અને નામ કહેવાય છે. આ વાદનાં જડ અને ચેતન બન્ને સૂક્ષ્મ તત્ત્વો પરમાણુરૂપ છે, આરંભવાદની જેમ કેવળ એકલું જડ તત્ત્વ જ પરમાણુરૂપ નથી. આ વાદમાં પરમાણુનો સ્વીકાર કરવામાં આવ્યો હોવા છતાં તેનું સ્વરૂપ આરંભવાદના પરમાણુથી બિલકુલ ભિન્ન મનાયું છે. આરંભવાદમાં પરમાણુઓ અપરિણામી હોવા છતાં તેમનામાં ગુણધર્મોની ઉત્પાદવિનાશપરંપરા અલગ માની ગઈ છે. પરંતુ આ પ્રતીત્યસમુત્પાદવાદ તે ગુણધર્મોની ઉત્પાદવિનાશપરંપરાને જ પોતાના મતમાં વિશિષ્ટ રૂપે ઢાળીને તેના આધારભૂત સ્થાયી પરમાણુ દ્રવ્યોને બિલકુલ માનતો નથી. તેવી જ રીતે ચેતન તત્ત્વના વિષયમાં પણ આ વાદ કહે છે કે સ્થાયી એવાં એક યા અનેક કોઈ ચેતન તત્ત્વો નથી. અલબત્ત, સૂક્ષ્મ જડ ઉત્પાદવિનાશશાલી પરંપરાની જેમ બીજી ચૈતન્યરૂપ ઉત્પાદવિનાશશાલી પરંપરા પણ મૂળમાં જડથી ભિન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ સૂક્ષ્મ જગતમાં વિદ્યમાન છે જેનો કોઈ સ્થાયી આધાર નથી. આ વાદના પરમાણુ એટલા માટે પરમાણુ કહેવાય છે કેમકે તે સૌથી અતિસૂક્ષ્મ અને અવિભાજ્ય માત્ર છે, પરંતુ એટલા માટે પરમાણુ નથી કહેવાતા કે તે કોઈ અવિભાજ્ય સ્થાયી દ્રવ્ય હોય. આ વાદ કહે છે કે ગુણધર્મરહિત કૂટસ્થ ચેતન તત્ત્વ જેમ અનુપયોગી છે તેમ જ ગુણધર્મોનો ઉત્પાદવિનાશ માની લીધા પછી તેના આધાર રૂપે ફરી સ્થાયી દ્રવ્યની કલ્પના કરવી પણ નિરર્થક છે. તેથી જ આ વાદ અનુસાર સૂક્ષ્મ જગતમાં બે ધારાઓ ફલિત થાય છે જે પરસ્પર બિલકુલ ભિન્ન હોવા છતાં પણ એકબીજીની અસરથી મુક્ત નથી. પ્રધાનપરિણામવાદ યા બ્રહ્મપરિણામવાદથી આ વાદમાં ફરક એ છે કે આ વાદમાં ઉક્ત બન્ને વાદોની જેમ કોઈ પણ સ્થાયી દ્રવ્યનું અસ્તિત્વ નથી સ્વીકારાયું. આવું શંકુ યા કીલક સ્થાનીય સ્થાયી દ્રવ્ય ન હોવા છતાં પણ પૂર્વ પરિણામક્ષણનો એ સ્વભાવ છે કે તે નાશ પામતાં પામતાં બીજા પરિણામક્ષણને પેદા કરતો જ જવાનો. અર્થાત્ ઉત્તર પરિણામક્ષણ વિનાશોન્મુખ પૂર્વ પરિણામક્ષણના અસ્તિત્વમાત્રના આશ્રયથી આપોઆપ નિરાધાર ઉત્પન્ન થઈ જાય છે. આ માન્યતાના કારણે આ વાદ પ્રતીત્યસમુત્પાદવાદ કહેવાય છે. વસ્તુતઃ પ્રતીત્યસમુત્પાદવાદ પરમાણુવાદ પણ છે અને પરિણામવાદ પણ, તોં પણ તાત્ત્વિક રૂપે તે તે બન્ને વાદોથી ભિન્ન છે.

**(૪) વિવર્તવાદ** – વિવર્તવાદના મુખ્ય બે ભેદ છે (૧) નિત્યબ્રહ્મવિવર્તવાદ અને (૨) ક્ષણિકવિજ્ઞાનવિવર્તવાદ. બન્ને વિવર્તવાદ અનુસાર સ્થૂલ વિશ્વ એ કેવળ ભાસમાત્ર યા કલ્પનામાત્ર છે, જે માયા કે વાસનાજનિત છે. વિવર્તવાદનો અભિપ્રાય એ છે કે જગત યા વિશ્વ કોઈ એવી વસ્તુ ન હોઈ શકે જેમાં બાહ્ય અને આન્તરિક યા સ્થૂલ અને સૂક્ષ્મ તત્ત્વો અલગ અલગ અને ખંડિત હોય. વિશ્વમાં જે કંઈ વાસ્તવિક સત્ય હોઈ શકે છે તે એક જ હોઈ શકે છે કારણ કે વિશ્વ વસ્તુતઃ અખંડ અને અવિભાજ્ય જ છે. આવી પરિસ્થિતિમાં જે બાહ્યત્વ-આન્તરત્વ, હ્રસ્વત્વ-દીર્ઘત્વ, દૂરત્વ-સમીપત્વ આદિ ધર્મદ્વન્દ્વો જણાય છે તે માત્ર કાલ્પનિક છે. તેથી જ આ વાદ અનુસાર લોકસિદ્ધ સ્થૂલ વિશ્વ કેવળ કાલ્પનિક અને પ્રાતિભાસિક સત્ય છે. પારમાર્થિક સત્ય તો તેના તળમાં નિહિત છે જે વિશુદ્ધ ધ્યાનગમ્ય હોવાને કારણે પોતાના અસલી સ્વરૂપમાં પ્રાકૃત જનોને ગ્રાહ્ય નથી.

ન્યાય-વૈશેષિક અને પૂર્વ મીમાંસક આરંભવાદી છે. પ્રધાનપરિણામવાદ સાંખ્ય-યોગ અને ચરકનો છે. બ્રહ્મપરિણામવાદના સમર્થક ભર્તૃપ્રપંચ આદિ પ્રાચીન વેદાન્તી અને આધુનિક વલ્લભાચાર્ય છે. પ્રતીત્યસમુત્પાદવાદ બૌદ્ધોનો છે અને વિવર્તવાદના સમર્થકો શાંકર વેદાન્તી, વિજ્ઞાનવાદી અને શૂન્યવાદી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર જે વાદોનું વર્ણન કર્યું છે તેમના ઉપાદાનરૂપ વિચારોનો ઐતિહાસિક ક્રમ સંભવતઃ આવો જણાય છે — શરૂઆતમાં વાસ્તવિક કાર્યકારણભાવની ખોજ જડ જગત સુધી જ રહી. ત્યાં સુધી જ તે પરિમિત રહી. ક્રમશઃ સ્થૂલ જડ જગતની પેલે પાર ચેતન તત્ત્વની શોધ - કલ્પના થતાં જ દૃશ્ય અને જડ જગતમાં પહેલેથી જ સિદ્ધ પેલી કાર્યકારણભાવની પરિણામિનિત્યતા ચેતન તત્ત્વ સુધી પહોંચી ગઈ. ચેતન પણ જડની જેમ જો પરિણામિનિત્ય હોય તો પછી બન્નેમાં અંતર જ શું રહ્યું ? આ પ્રશ્ને વળી ચેતનને કાયમ રાખી તેમાં કૂટસ્થનિત્યતા માનવા તરફ તથા પરિણામિનિત્યતા યા કાર્યકારણભાવને જડ જગત સુધી જ પરિમિત રાખવાની તરફ વિચારકોને પ્રેરિત કર્યા. ચેતનમાં માનવામાં આવતી કૂટસ્થનિત્યતાનું પરીક્ષણ ફરી શરૂ થયું. તે પરીક્ષણને પરિણામે અન્તતોગત્વા કેવળ કૂટસ્થનિત્યતા જ નહિ પરંતુ જડગત પરિણામિનિત્યતા પણ લુપ્ત થઈ ગઈ અને માત્ર પરિણમનધારા જ બાકી બચી. આમ એક તરફ આત્યન્તિક વિશ્લેષણે માત્ર પરિણામ યા ક્ષણિકત્વના વિચારને જન્મ આપ્યો તો બીજી તરફ આત્યન્તિક સમન્વયની બુદ્ધિએ ચૈતન્યમાત્રપારમાર્થિકવાદને જન્મ આપ્યો. સમન્વયબુદ્ધિએ અન્તે ચૈતન્ય સુધી પહોંચીને વિચાર્યું કે જો સર્વવ્યાપક ચૈતન્ય તત્ત્વ છે તો પછી તેનાથી ભિન્ન જડ તત્ત્વની વાસ્તવિકતા શા માટે માનવી ? અને જો કોઈ જડ તત્ત્વ અલગ ન હોય તો આ દૃશ્યમાન પરિણામધારા પણ વાસ્તવિક કેમ હોય ? આ વિચારે બધા ભેદો અને જડ જગતને માત્ર કાલ્પનિક મનાવીને પારમાર્થિક ચૈતન્યમાત્રવાદની સ્થાપના કરાવી.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

ઉક્ત વિચારક્રમનાં સોપાન આ પ્રમાણે જણાવી શકાય —

(૧) જડ માત્રમાં પરિણામિનિત્યતા.

(૨) જડ અને ચેતન બન્નેમાં પરિણામિનિત્યતા.

(૩) જડમાં પરિણામિનિત્યતા અને ચેતનમાં કૂટસ્થનિત્યતાનો વિવેક.

(૪) (અ) કૂટસ્થ અને પરિણામી બન્ને નિત્યતાનો લોપ અને માત્ર પરિણામપ્રવાહની સત્યતા.

(બ) કેવળ કૂટસ્થ ચૈતન્યની જ યા ચૈતન્યમાત્રની સત્યતા અને તેનાથી ભિન્ન સર્વની કાલ્પનિકતા યા અસત્યતા.

જૈન પરંપરા દૃશ્ય વિશ્વ ઉપરાંત પરસ્પર અત્યન્ત ભિન્ન એવાં જડ અને ચેતન અનન્ત સૂક્ષ્મ તત્ત્વોને માને છે. તે સ્થૂલ જગતને સૂક્ષ્મ જડ તત્ત્વોનું જ કાર્ય કે રૂપાન્તર માને છે. જૈન પરંપરાનાં સૂક્ષ્મ જડ તત્ત્વો પરમાણુરૂપ છે. પરંતુ તે આરંભવાદના પરમાણુઓની અપેક્ષાએ અત્યન્ત સૂક્ષ્મ મનાયા છે. પરમાણુવાદી હોવા છતાં પણ જૈન


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શન પરિણામવાદની જેમ પરમાણુઓને પરિણામી માનીને સ્થૂલ જગતને તેમનું જ રૂપાન્તર યા પરિણામ માને છે. વસ્તુતઃ જૈન દર્શન પરિણામવાદી છે. પરંતુ સાંખ્ય-યોગ તથા પ્રાચીન વેદાન્ત વગેરેના પરિણામવાદથી જૈન પરિણામવાદનું ખાસ અંતર છે. તે અંતર એ છે કે સાંખ્ય-યોગનો પરિણામવાદ ચેતન તત્ત્વથી અસ્પૃષ્ટ હોવાના કારણે જડ સુધી જ પરિમિત છે અને ભર્તૃપ્રપંચ વગેરેનો પરિણામવાદ માત્ર ચેતનતત્ત્વસ્પર્શી જ છે. તેથી ઊલટું જૈન પરિણામવાદ જડ-ચેતન, સ્થૂલ-સૂક્ષ્મ સમગ્ર વસ્તુસ્પર્શી છે, એટલે જ જૈન પરિણામવાદને સર્વવ્યાપક પરિણામવાદ સમજવો જોઈએ. ભર્તૃપ્રપંચનો પરિણામવાદ પણ સર્વવ્યાપક કહી શકાય પરંતુ તેની અને જૈન પરિણામવાદની વચ્ચે અંતર એ છે કે ભર્તૃપ્રપંચનું 'સર્વ' ચેતન બ્રહ્મમાત્ર છે અને બીજું કશું જ નહિ જ્યારે જૈનના 'સર્વ'માં તો અનન્ત જડ અને ચેતન તત્ત્વો સમાવિષ્ટ છે. આમ આરંભ અને પરિણામ બન્ને વાદોનાં જૈન દર્શનમાં વ્યાપકરૂપમાં પૂરાં સ્થાન અને સમન્વય છે. પરંતુ તેમાં પ્રતીત્યસમુત્પાદવાદ તથા વિવર્તવાદનું કોઈ સ્થાન નથી. વસ્તુમાત્રને પરિણામિનિત્ય અને એકસરખી રીતે વાસ્તવિક સત્ય માનવાના કારણે જૈન દર્શન પ્રતીત્યસમુત્પાદવાદ તથા વિવર્તવાદનો સર્વથા વિરોધ જ કરતું રહ્યું છે, જેમ ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, વગેરે પણ કરે છે. ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, વગેરેની જેમ જૈન દર્શન ચેતનબહુત્વવાદી છે ખરું, પરંતુ તેનાં ચેતન તત્ત્વો અનેક દૃષ્ટિએ ભિન્ન સ્વરૂપવાળાં છે. જૈન દર્શન ન તો ન્યાય, સાંખ્ય, વગેરેની જેમ ચેતન તત્ત્વોને સર્વવ્યાપક દ્રવ્યો માને છે, કે ન તો વિશિષ્ટાદ્વૈતની જેમ અણુમાત્ર માને છે, કે ન તો બૌદ્ધ દર્શનની જેમ જ્ઞાનની નિર્દ્રવ્યધારામાત્ર માને છે. જૈનાભિમત સમગ્ર ચેતન તત્ત્વો મધ્યમ પરિમાણવાળાં અને સંકોચવિસ્તારશીલ હોવાના કારણે આ બાબતમાં જડ દ્રવ્યોથી અત્યન્ત વિલક્ષણ નથી. ન્યાય-વૈશેષિક અને યોગદર્શન માને છે કે આત્મત્વ યા ચેતનત્વ સમાન હોવા છતાં પણ જીવાત્મા અને પરમાત્માની વચ્ચે મૌલિક ભેદ છે અર્થાત્ જીવાત્મા કદી પણ પરમાત્મા યા ઈશ્વર નથી અને પરમાત્મા સદાથી જ પરમાત્મા યા ઈશ્વર છે કદી પણ જીવ — બન્ધનવાન નથી. જૈન દર્શન આનાથી બિલકુલ ઊલટું માને છે જેવું કે વેદાન્ત વગેરે માને છે. તે કહે છે કે જીવાત્મા અને ઈશ્વરનો કોઈ સહજ ભેદ નથી. બધા જીવાત્માઓમાં પરમાત્મશક્તિ એકસરખી છે જે સાધન પામીને વ્યક્ત થઈ શકે છે અને થાય છે પણ ખરી. અલબત્ત જૈન અને વેદાન્તનું આ બાબતે એટલું અન્તર અવશ્ય છે કે વેદાન્ત એકપરમાત્મવાદી છે જ્યારે જૈન દર્શન ચેતનબહુત્વવાદી હોવાના કારણે તાત્ત્વિકરૂપે બહુપરમાત્મવાદી છે.

જૈન પરંપરાનો તત્ત્વપ્રતિપાદક પ્રાચીન, અર્વાચીન, પ્રાકૃત, સંસ્કૃત કોઈ પણ ગ્રન્થ કેમ ન હોય પરંતુ તે બધામાં નિરૂપણ અને વર્ગીકરણ ભિન્ન ભિન્ન હોવા છતાં પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિપાદક દૃષ્ટિ અને પ્રતિપાદ્ય પ્રમેય, પ્રમાતા વગેરેનું સ્વરૂપ તે જ છે જે સંક્ષેપમાં ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યું છે. 'પ્રમાણમીમાંસા' પણ તે જૈન દૃષ્ટિથી તે જૈન મન્તવ્યોનું હાર્દ પોતાની રીતે પ્રગટ કરે છે.

## ૨. બાહ્ય સ્વરૂપ

**પ્રસ્તુત 'પ્રમાણમીમાંસા' ના બાહ્ય** સ્વરૂપનો પરિચય નીચે જણાવેલા મુદ્દાઓના **વર્ણનથી થઈ શકશે – શૈલી, વિભાગ**, પરિમાણ અને ભાષા.

પ્રમાણમીમાંસા સૂત્ર**શૈલીનો ગ્રન્થ** છે. તે કણાદસૂત્રો યા તત્ત્વાર્થસૂત્રોની જેમ ન તો દશ અધ્યાયોમાં છે, કે ન તો જૈમિનીય સૂત્રોની જેમ બાર અધ્યાયોમાં. તેમાં બાદરાયણસૂત્રોની જેમ ચાર અધ્યાય પણ નથી કે પાતંજલસૂત્રોની જેમ માત્ર ચાર પાદ પણ નથી. તે અક્ષપાદનાં સૂત્રોની જેમ પાંચ અધ્યાયોમાં વિભક્ત છે અને પ્રત્યેક અધ્યાય કણાદ યા અક્ષપાદના અધ્યાયની જેમ બે બે આહ્નિકોમાં પૂરો થાય છે. હેમચન્દ્રે પોતાના જુદા જુદા વિષયના ગ્રન્થોમાં વિભાગના જુદા જુદા ક્રમનું અવલંબન કરીને પોતાના સમય સુધીમાં પ્રસિદ્ધ સંસ્કૃત વાઙ્મયના પ્રતિષ્ઠિત બધી શાખાઓના ગ્રન્થોના વિભાગક્રમને પોતાના સાહિત્યમાં અપનાવ્યો છે. કોઈ ગ્રન્થમાં તેમણે અધ્યાય અને પાદનો વિભાગ રાખ્યો, કોઈમાં અધ્યાયમાત્રનો અને કોઈમાં પર્વ, સર્ગ, વગેરેનો. પ્રમાણમીમાંસા તર્કગ્રન્થ હોવાના કારણે તેમાં તેમણે અક્ષપાદનાં પ્રસિદ્ધ ન્યાયસૂત્રોનો અધ્યાય-આહ્નિકનો જ વિભાગ રાખ્યો, જે વિભાગ હેમચન્દ્ર પહેલાં અકલંકે જૈન વાઙ્મયમાં શરૂ કર્યો હતો.

પ્રમાણમીમાંસા પૂરી ઉપલબ્ધ નથી. તેનાં મૂલસૂત્રો પણ તેટલાં જ મળે છે જેટલાંની વૃત્તિ મળે છે. તેથી જ જો તેમણે બધાં મૂલસૂત્રો રચ્યાં પણ હોય તો પણ જાણી શકાતું નથી કે તે બધાંની કુલ સંખ્યા કેટલી હશે. ઉપલબ્ધ સૂત્રો ૧૦૦ જ છે અને તેટલાં જ સૂત્રોની વૃત્તિ પણ છે. અન્તિમ ઉપલબ્ધ ૨. ૧. ૩૫ની વૃત્તિ પૂરી થયા પછી એક નવા સૂત્રનું ઉત્થાન તેમણે શરૂ કર્યું છે અને તે અધૂરા ઉત્થાનમાં જ ખંડિત લભ્ય ગ્રન્થ પૂરો થઈ જાય છે. ખબર નથી પડતી કે આગળ કેટલાં સૂત્રો પછી આ આહ્નિક પૂરું થાત. જે હો તે, પરંતુ ઉપલબ્ધ ગ્રન્થ બે અધ્યાય ત્રણ આહ્નિકમાત્ર છે જે સ્વોપજ્ઞ વૃત્તિ સહિત જ છે.

એ કહેવાની તો જરૂર નથી કે પ્રમાણમીમાંસા કઈ ભાષાની છે, પરંતુ તેની ભાષાવિષયક યોગ્યતા વિશે થોડું જાણી લેવું જરૂરી છે. એમાં કોઈ સંદેહ નથી કે જૈન વાઙ્મયમાં સંસ્કૃત ભાષાનો પ્રયોગ થયા પછી ઉત્તરોત્તર સંસ્કૃત ભાષાનું વૈશારદ્ય અને પ્રાંજલ લેખનપાટવ વધતું જ રહ્યું હતું તો પણ હેમચન્દ્રનું લેખનપાટવ અને વૈશારદ્ય ઓછામાં ઓછું જૈન વાઙ્મયમાં તો મૂર્ધન્ય સ્થાને છે. વૈયાકરણ, આલંકારિક, કવિ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોષકાર તરીકે હેમચન્દ્રનું સ્થાન કેવલ સમગ્ર જૈન પરંપરામાં જ નહિ પરંતુ ભારતીય વિદ્વત્પરંપરામાં પણ અસાધારણ છે. આ જ તેમની અસાધારણતા અને વ્યવહારદક્ષતા પ્રમાણમીમાંસાની ભાષા અને રચનામાં સ્પષ્ટ દેખાય છે. તેમની ભાષા વાચસ્પતિ મિશ્રની ભાષા જેવી જોખી જોખીને માપસર કંડારાયેલી છે અને શબ્દાડંબર વિનાની સહજ પ્રસન્ન છે. પ્રતિપાદનમાં ન તો એટલો બધો સંક્ષેપ છે કે જેથી વક્તવ્ય અસ્પષ્ટ રહે, કે ન તો એટલો બધો વિસ્તાર છે કે જેથી ગ્રન્થ કેવળ શોભાની વસ્તુ જ બની રહે.

## ૩. જૈન તર્કસાહિત્યમાં પ્રમાણમીમાંસાનું સ્થાન

જૈન તર્કસાહિત્યમાં પ્રમાણમીમાંસાનું સ્થાન શું છે એ સમજવા માટે જૈન સાહિત્યના પરિવર્તન યા વિકાસ સંબંધી યુગોનું ઐતિહાસિક અવલોકન કરવું જરૂરી છે. આવા યુગો સંક્ષેપમાં ત્રણ છે - (૧) આગમયુગ, (૨) સંસ્કૃતપ્રવેશ યા અનેકાન્તસ્થાપનયુગ અને (૩) ન્યાયપ્રમાણસ્થાપનયુગ.

પહેલો યુગ ભગવાન મહાવીર યા તેમના પૂર્વવર્તી ભગવાન પાર્શ્વનાથથી આગમસંકલના સુધીનો અર્થાત્ વિક્રમીય પાંચમી-છઠ્ઠી શતાબ્દી સુધીનો લગભગ હજાર-બાર સો વર્ષનો છે. બીજો યુગ લગભગ બે શતાબ્દીઓનો છે જે લગભગ વિક્રમીય છઠ્ઠી શતાબ્દીથી શરૂ થઈ સાતમી શતાબ્દી સુધીમાં પૂરો થઈ જાય છે. ત્રીજો યુગ વિક્રમીય આઠમી શતાબ્દીથી અઢારમી શતાબ્દી સુધી લગભગ એક હજાર વર્ષનો છે.

સાંપ્રદાયિક સંઘર્ષ અને દાર્શનિક તથા બીજી વિવિધ વિદ્યાઓના વિકાસ-વિસ્તારના પ્રભાવના કારણે જૈન પરંપરાની સાહિત્યિક અન્તર્મુખ યા બહિર્મુખ પ્રવૃત્તિમાં કેટલોય યુગાન્તર જેવો સ્વરૂપભેદ યા પરિવર્તન કેમ ન થયું હોય પરંતુ અમે પહેલાં સૂચવ્યું છે તેમ જ આદિથી અંત સુધી જોવા છતાં પણ આપણને ન તો જૈન દૃષ્ટિમાં પરિવર્તન માલૂમ પડે છે કે ન તો તેના બાહ્ય-આભ્યંતર તાત્ત્વિક મન્તવ્યોમાં.

### ૧. આગમયુગ

આ યુગમાં ભાષાની દૃષ્ટિએ પ્રાકૃત યા લોકભાષાઓની જ પ્રતિષ્ઠા હતી. પરિણામે, સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્યના પરિશીલન તરફ આત્યન્તિક ઉપેક્ષાનું હોવું સહજ હતું જેમ કે બૌદ્ધ પરંપરામાં પણ હતું. આ યુગનું પ્રમેયનિરૂપણ આચારલક્ષી હોવાના કારણે તેમાં મુખ્યપણે સ્વમતપ્રદર્શનનો જ ભાવ છે. રાજસભાઓ અને અન્ય વાદગોષ્ઠીઓમાં વિજયભાવનાથી પ્રેરાઈને શાસ્ત્રાર્થ કરવાની તથા ખંડનપ્રધાન ગ્રન્થોની રચના કરવાની પ્રવૃત્તિનો પણ આ યુગમાં અભાવ હતો. આ યુગનું પ્રધાન લક્ષણ જડ-ચેતનના ભેદ-પ્રભેદોનું વિસ્તૃત વર્ણન કરવું તથા અહિંસા-સંયમ-તપ વગેરે આચારોનું નિરૂપણ કરવું એ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગમયુગ અને સંસ્કૃતયુગના સાહિત્યોનું પારસ્પરિક અન્તર સંક્ષેપમાં આટલા શબ્દોમાં જ કહી શકાય કે આગમયુગનું જૈન સાહિત્ય, બૌદ્ધ સાહિત્યની જેમ, પોતાના મૂળ ઉદ્દેશ મુજબ લોકભોગ્ય જ રહ્યું; જ્યારે સંસ્કૃત ભાષા અને તેમાં રચાયેલા તર્કસાહિત્યના અધ્યયનની વ્યાપક પ્રવૃત્તિ પછી તેનું નિરૂપણ સૂક્ષ્મ અને વિશદ થતું ગયું એ ખરું પરંતુ સાથે સાથે જ તે એટલું તો જટિલ પણ થતું ગયું કે અંતે સંસ્કૃતકાલીન સાહિત્ય લોકભોગ્યતાના મૂળ ઉદ્દેશથી ચ્યુત થઈ કેવળ વિદ્વદ્ભોગ્ય જ બનતું ગયું.

## ૨. સંસ્કૃતપ્રવેશ યા અનેકાન્તસ્થાપન યુગ

સંભવતઃ વાચક ઉમાસ્વાતિ યા તત્સદૃશ અન્ય આચાર્યો દ્વારા જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાનો પ્રવેશ થતાં જ બીજા યુગનું પરિવર્તનકારી લક્ષણ શરૂ થાય છે જે બૌદ્ધ પરંપરામાં તો અનેક શતાબ્દીઓ પહેલાં શરૂ થઈ ગયું હતું. આ યુગમાં સંસ્કૃત ભાષાના અભ્યાસની તથા તેમાં ગ્રન્થપ્રણયનની પ્રતિષ્ઠા સ્થિર થાય છે. આ યુગમાં રાજસભાપ્રવેશ, પરવાદીઓ સાથે વાદગોષ્ઠી અને પરમતખંડનની પ્રધાન દૃષ્ટિએ સ્વમતસ્થાપક ગ્રન્થોની રચના – આ બધું પ્રધાનપણે દેખાય છે. આ યુગમાં સિદ્ધસેન જેવા એકાદ આચાર્યે જૈન ન્યાયની વ્યવસ્થા દર્શાવનારો એકાદો ગ્રન્થ ભલે રચ્યો હોય પરંતુ આજ સુધી આ યુગમાં જૈન ન્યાય યા પ્રમાણશાસ્ત્રની ન તો પૂરી વ્યવસ્થા થયેલી જણાય છે કે ન તો તદ્વિષયક તાર્કિક સાહિત્યનું નિર્માણ દેખાય છે. આ યુગના જૈન તાર્કિકોની પ્રવૃત્તિની પ્રધાન દિશા દાર્શનિક ક્ષેત્રોમાં એક એવા જૈન મન્તવ્યની સ્થાપનાની તરફ રહી છે જેનાં વીખરાયેલાં અને કંઈક સ્પષ્ટ-અસ્પષ્ટ બીજ આગમમાં રહ્યાં હતાં અને જે મન્તવ્ય આગળ જઈને ભારતીય બધી દર્શન પરંપરાઓમાં એક માત્ર જૈન પરંપરાનું જ મનાવા લાગ્યું, તથા જે મન્તવ્યના નામથી આજ સુધી આખા જૈન દર્શનનો વ્યવહાર કરવામાં આવે છે, તે મન્તવ્ય છે અનેકાન્તવાદનું. આ બીજા યુગમાં સિદ્ધસેન હોય કે સમન્તભદ્ર, મલ્લવાદી હોય કે જિનભદ્ર સૌએ દર્શનાન્તરોની સમક્ષ પોતાના જૈન મતની અનેકાન્ત દૃષ્ટિ તાર્કિક શૈલીથી તથા પરમતખંડનના અભિપ્રાયથી એવી રીતે રજૂ કરી કે જેના કારણે આ યુગને અનેકાન્તસ્થાપનયુગ જ કહેવો સમુચિત ગણાશે. આપણે જોઈએ છીએ કે ઉક્ત આચાર્યોના પૂર્વવર્તી કોઈ પણ પ્રાકૃત યા સંસ્કૃત ગ્રન્થમાં ન તો એવી અનેકાન્તની સ્થાપના છે કે ન તો અનેકાન્તમૂલક સપ્તભંગી અને નયવાદનું એવું તાર્કિક વિશ્લેષણ છે જેવું આપણને સન્મતિ, દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા, ન્યાયાવતાર, સ્વયંભૂસ્તોત્ર, આપ્તમીમાંસા, યુક્ત્યનુશાસન, નયચક્ર અને વિશેષાવશ્યકભાષ્યમાં મળે છે. આ યુગના તર્ક-દર્શનનિષ્ણાત જૈન આચાર્યોએ નયવાદ, સપ્તભઙ્ગી અને અનેકાન્તવાદની પ્રબળ અને સ્પષ્ટ સ્થાપના કરી અને એટલો બધો પુરુષાર્થ કર્યો કે જેના કારણે જૈન અને જૈનેતર પરંપરાઓમાં જૈન દર્શન અનેકાન્તદર્શન નામથી જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠિત થયું. અને બૌદ્ધ તથા બ્રાહ્મણ દાર્શનિક પંડિતોનું લક્ષ અનેકાન્તખંડનની તરફ ગયું અને તેઓ કોઈ ને કોઈ રીતે પોતાના ગ્રન્થોમાં માત્ર અનેકાન્ત યા સપ્તભંગીનું ખંડન કરીને જ જૈન દર્શનનાં મન્તવ્યોના ખંડનની ઈતિશ્રી સમજવા લાગ્યા. આ યુગની અનેકાન્ત અને તન્મૂલક વાદોની સ્થાપના એટલી ગંભીર થઈ કે જેના ઉપર ઉત્તરવર્તી અનેક જૈન આચાર્યોએ અનેકધા પલ્લવન કર્યું હોવા છતાં તેમાં નવી મૌલિક યુક્તિઓનો ભાગ્યે જ સમાવેશ થયો છે. બસો વર્ષના આ યુગની સાહિત્યિક પ્રવૃત્તિમાં જૈન ન્યાય અને પ્રમાણશાસ્ત્રની પૂર્વભૂમિકા તો તૈયાર થઈ જણાય છે પરંતુ તેમાં તે શાસ્ત્રનું વ્યવસ્થિત નિર્માણ દેખાતું નથી. આ યુગની પરમતોના સયુક્તિક ખંડનની તથા દર્શનાન્તરીય સમર્થ વિદ્વાનોની સમક્ષ સ્વમતના પ્રતિષ્ઠિત સ્થાપનની ભાવનાએ જૈન પરંપરામાં સંસ્કૃત ભાષાના તેમજ સંસ્કૃતનિબદ્ધ દર્શનાન્તરીય પ્રતિષ્ઠિત ગ્રન્થોના પરિશીલનની પ્રબળ જિજ્ઞાસા પેદા કરી દીધી અને તેણે સમર્થ જૈન આચાર્યોનું ધ્યાન પોતાના ખુદના ન્યાય અને પ્રમાણશાસ્ત્રના નિર્માણ તરફ ખેંચ્યું, જેની ખોટ બહુ જ ખટકી રહી હતી.

## ૩. ન્યાય-પ્રમાણસ્થાપનયુગ

આવી પરિસ્થિતિમાંથી અકલંક જેવા ધુરંધર વ્યવસ્થાપકનો જન્મ થયો. સંભવતઃ અકલંકે જ પહેલવહેલું વિચાર્યું કે જૈન પરંપરાના જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા વગેરે બધા પદાર્થોનું નિરૂપણ તાર્કિક શૈલીથી સંસ્કૃત ભાષામાં તેવું જ શાસ્ત્રબદ્ધ કરવું આવશ્યક છે જેવું બ્રાહ્મણ અને બૌદ્ધ પરંપરાના સાહિત્યમાં બહુ જ પહેલાં થઈ ગયું છે અને જેનું અધ્યયન અનિવાર્યપણે જૈન તાર્કિકો કરવા લાગ્યા છે. આ વિચારથી અકલંકે દ્વિમુખી પ્રવૃત્તિ શરૂ કરી. એક તરફ તો બૌદ્ધ અને બ્રાહ્મણ પરંપરાના મહત્ત્વપૂર્ણ ગ્રન્થોનું સૂક્ષ્મ પરિશીલન અને બીજી તરફ સમસ્ત જૈન મન્તવ્યોનું તાર્કિક વિશ્લેષણ. કેવળ પરમતોનો નિરાસ કરવાથી જ અકલંકનું ઉદ્દેશ્ય સિદ્ધ થઈ શકે તેમ ન હતું. તેથી જ દર્શનાન્તરીય શાસ્ત્રોના સૂક્ષ્મ પરિશીલનથી અને જૈન મતના તલસ્પર્શી જ્ઞાનથી તેમણે નાનાં નાનાં પરંતુ સમસ્ત જૈન તર્કપ્રમાણશાસ્ત્રના આધારસ્તંભભૂત અનેક ન્યાયપ્રમાણવિષયક પ્રકરણો રચ્યાં જે દિઙ્નાગ અને ખાસ કરીને ધર્મકીર્તિ જેવા બૌદ્ધ તાર્કિકોના તથા ઉદ્યોતકર, કુમારિલ વગેરે જેવા બ્રાહ્મણ તાર્કિકોના પ્રભાવથી ભરપૂર હોવા છતાં પણ જૈન મન્તવ્યોની નવી જ રીતે અને સ્વતન્ત્રપણે સ્થાપના કરે છે. અકલંકે ન્યાયપ્રમાણશાસ્ત્રનું જૈન પરંપરામાં જે પ્રાથમિક નિર્માણ કર્યું, જે પરિભાષાઓ, જે લક્ષણો અને પરીક્ષણો કર્યાં, જે પ્રમાણ-પ્રમેય વગેરેનાં વર્ગીકરણો કર્યાં અને પરાર્થાનુમાન તથા વાદકથા વગેરે પરમતપ્રસિદ્ધ વસ્તુઓના સંબંધમાં જે જૈન પ્રણાલી સ્થિર કરી, સંક્ષેપમાં આજ સુધી જૈન પરંપરામાં નહિ પરંતુ અન્ય પરંપરાઓમાં પ્રસિદ્ધ એવા તર્કશાસ્ત્રના અનેક પદાર્થોને જૈન દષ્ટિએ જૈન પરંપરામાં જે આત્મસાત્ કર્યા તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગમસિદ્ધ પોતાનાં મન્તવ્યોને જે રીતે દાર્શનિકોની સમક્ષ રજૂ કરવા યોગ્ય બનાવ્યાં, તે બધું તેમના નાના નાના ગ્રન્થોમાં વિદ્યમાન તેમના અસાધારણ વ્યક્તિત્વનું તથા ન્યાય-પ્રમાણસ્થાપનયુગનું દ્યોતક છે.

અકલંક દ્વારા પ્રારબ્ધ આ યુગમાં સાક્ષાત્ કે પરંપરાથી અકલંકના શિષ્ય-પ્રશિષ્યોએ જ અકલંકના સૂત્રસ્થાનીય ગ્રન્થોને મોટા મોટા ટીકાગ્રન્થોથી એવી રીતે જ અલંકૃત કર્યા જેવી રીતે ધર્મકીર્તિના ગ્રન્થોને તેમના શિષ્યોએ.

અનેકાન્ત યુગની માત્ર પદ્યપ્રધાન રચનાને અકલંકે ગદ્યપદ્યમાં પરિવર્તિત કરી હતી પરંતુ તેમના ઉત્તરવર્તી અનુગામીઓએ તે રચનાને વિવિધ રૂપોમાં પરિવર્તિત કરી જે રૂપો બૌદ્ધ અને બ્રાહ્મણ પરંપરામાં પ્રતિષ્ઠિત થઈ ચૂક્યાં હતાં. માણિક્યનન્દી અકલંકના જ વિચારદોહનમાંથી સૂત્રોનું નિર્માણ કરે છે. વિદ્યાનન્દ અકલંકનાં જ સૂક્તો ઉપર કાં તો ભાષ્ય રચે છે કાં તો પદ્યવાર્તિક લખે છે કાં તો નાનાં નાનાં અનેક પ્રકરણોનું સર્જન કરે છે. અનન્તવીર્ય, પ્રભાચન્દ્ર અને વાદિરાજ જેવા તો અકલંકનાં સંક્ષિપ્ત સૂક્તો ઉપર એટલાં તો મોટાં અને વિશદ તથા જટિલ ભાષ્ય અને વિવરણ નિર્માણ કરે છે કે જેના કારણે ત્યાં સુધીમાં વિકસિત દર્શનાન્તરીય વિચારપરંપરાઓનો એક રીતે જૈન સાહિત્યમાં સમાવેશ થઈ જાય છે. બીજી તરફ શ્વેતાંબર પરંપરાના આચાર્યો પણ અકલંકે સ્થાપેલી પ્રણાલી તરફ ઝૂકે છે. હરિભદ્ર જેવા આગમિક અને તાર્કિક ગ્રન્થકારે તો સિદ્ધસેન અને સમન્તભદ્ર વગેરેના માર્ગનું પ્રધાનપણે અનુસરણ અનેકાન્તજયપતાકા વગેરેમાં કર્યું પરંતુ ધીરે ધીરે ન્યાય-પ્રમાણવિષયક સ્વતન્ત્ર ગ્રન્થોના પ્રણયનની પ્રવૃત્તિ પણ શ્વેતાંબર પરંપરામાં શરૂ થઈ. શ્વેતાંબર આચાર્ય સિદ્ધસેને ન્યાયાવતારની રચના કરી. પરંતુ તે તો કેવળ પ્રારંભ માત્ર હતો. અકલંકે તો જૈન ન્યાયની પૂરી વ્યવસ્થા સ્થિર કરી દીધી. હરિભદ્રે દર્શનાન્તરીય બધી વાર્તાઓનો સમુચ્ચય પણ કરી દીધો. આ ભૂમિકાને આધારે શાન્ત્યાચાર્ય જેવા શ્વેતાંબર તાર્કિકે તર્કવાર્તિક જેવો લઘુ કિન્તુ સારગર્ભ ગ્રન્થ રચ્યો. ત્યાર પછી તો શ્વેતાંબર પરંપરામાં ન્યાય અને પ્રમાણના ગ્રન્થોના સંગ્રહનું, પરિશીલનનું અને નવા નવા ગ્રંથોના નિર્માણનું એવું તો પૂર આવ્યું કે સમાજમાં ત્યાં સુધી કોઈ પણ ગ્રન્થકાર પ્રતિષ્ઠિત વિદ્વાન જ ન ગણાતો જ્યાં સુધી સંસ્કૃત ભાષામાં ખાસ કરીને તર્ક યા પ્રમાણ ઉપર મૂલ યા ટીકાના રૂપમાં કંઈ ને કંઈ તેણે લખ્યું ન હોય. આ ભાવનામાંથી જ અભયદેવનો વાદાર્ણવ તૈયાર થયો જે સંભવતઃ ત્યાં સુધીના સંસ્કૃત ગ્રન્થોમાં સૌથી મોટો છે. પરંતુ જૈનપરંપરાપોષક ગુજરાતગત સામાજિક-રાજકીય બધાં બળોનો સૌથી વધુ ઉપયોગ વાદિદેવસૂરિએ કર્યો. તેમણે પોતાના ગ્રન્થનું નામ સ્યાદ્વાદરત્નાકર યથાર્થ જ રાખ્યું, કારણ કે તેમણે પોતાના સમય સુધીમાં થયેલા પ્રસિદ્ધ બધા શ્વેતાંબર-દિગંબર તાર્કિકોના વિચારોનું દોહન પોતાના ગ્રન્થમાં આપી દીધું જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્યાદ્વાદ જ હતો. અને સાથે સાથે તેમણે પોતાના પ્રતિપાદનના બૃહત્ માળખામાં બ્રાહ્મણ અને બૌદ્ધ પરંપરાની કોઈ પણ શાખાના મંતવ્યોની વિસ્તૃત ચર્ચા કરવાનું બાકી રહેવા દીધું નથી. ભલે ને વિસ્તારના કારણે આ ગ્રન્થ પાઠ્ય રહ્યો ન હોય પરંતુ તર્કશાસ્ત્રના નિર્માણમાં અને વિસ્તૃત નિર્માણમાં પ્રતિષ્ઠા માનનાર જૈનમતનો એક રત્નાકર જેવો સમગ્ર મન્તવ્યરત્નોનો સંગ્રહ બની ગયો, જે કેવળ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જ ઉપયોગી નથી, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ પણ બહુ જ મહત્ત્વનો છે.

આગમિક સાહિત્યના પ્રાચીન અને અતિ વિશાલ ખજાના ઉપરાંત તત્ત્વાર્થથી સ્યાદ્વાદરત્નાકર સુધીના સંસ્કૃત અને તાર્કિક જૈન સાહિત્યનો પણ બહુ જ મોટો રાશિ હેમચન્દ્રના પરિશીલનપથમાં આવ્યો જેનાથી હેમચન્દ્રનું સર્વાંગીણ સર્જક વ્યક્તિત્વ સંતુષ્ટ થવાને બદલે એક એવા નવીન સર્જનની તરફ પ્રવૃત્ત થયું જે ત્યાં સુધીના જૈન સાહિત્યમાં અપૂર્વ સ્થાન ધરાવે છે.

દિઙ્નાગના ન્યાયમુખ, ન્યાયપ્રવેશ વગેરેથી પ્રેરાઈને સિદ્ધસેને જૈન પરંપરામાં ન્યાયનું અર્થાત્ પરાર્થાનુમાનનું અવતરણ કરી જ દીધું હતું. સમન્તભદ્રે અક્ષપાદના પ્રાવાદુકોના (અધ્યાય ચોથો) મતનિરાસની જેમ આપ્તની મીમાંસાના બહાને સપ્તભંગીની સ્થાપનામાં પરપ્રવાદીઓનો નિરાસ કરી જ દીધો હતો. તથા તેમણે જૈનેતર શાસનોથી જૈન શાસનની વિશેષ સયુક્તિકતાનું અનુશાસન પણ યુક્ત્યનુશાસનમાં કરી જ દીધું હતું. ધર્મકીર્તિના પ્રમાણવાર્તિક, પ્રમાણવિનિશ્ચય વગેરેમાંથી બળ પ્રાપ્ત કરીને તીક્ષ્ણદૃષ્ટિ અકલંકે જૈન ન્યાયનો વિશેષ નિશ્ચય – વ્યવસ્થાપન તથા જૈન પ્રમાણોનો સંગ્રહ અર્થાત્ વિભાગ, લક્ષણ આદિ દ્વારા નિરૂપણ અનેક રીતે કરી દીધું હતું. અકલંકે સર્વજ્ઞત્વ, જીવત્વ વગેરેની સિદ્ધિ દ્વારા ધર્મકીર્તિ જેવા પ્રાજ્ઞ બૌદ્ધોને જવાબ પણ આપ્યો હતો. સૂક્ષ્મપ્રજ્ઞ વિદ્યાનન્દે આપ્તની, પત્રની અને પ્રમાણોની પરીક્ષા દ્વારા ધર્મકીર્તિની તથા શાન્તરક્ષિતની વિવિધ પરીક્ષાઓનો જૈન પરંપરામાં સૂત્રપાત પણ કરી જ દીધો હતો. માણિક્યનન્દીએ પરીક્ષામુખ દ્વારા ન્યાયબિન્દુ જેવા સૂત્રગ્રન્થની ખોટ પણ પૂરી દીધી હતી. જેવી રીતે ધર્મકીર્તિના અનુગામીઓ વિનીતદેવ, ધર્મોત્તર, પ્રજ્ઞાકર, અર્ચટ વગેરે પ્રખર બૌદ્ધ તાર્કિકોએ ધર્મકીર્તિના બધા જ મૂલ ગ્રન્થો ઉપર નાનામોટાં ભાષ્યો યા વિવરણો લખીને તેમના ગ્રન્થોને પઠનીય તથા વિચારણીય બનાવીને બૌદ્ધ ન્યાયશાસ્ત્રને પ્રકર્ષની ભૂમિકા પર પહોંચાડ્યું હતું બરાબર તેવી જ રીતે એક તરફ દિગંબર પરંપરામાં અકલંકના સંક્ષિપ્ત પરંતુ ગહન સૂક્તો ઉપર તેમના અનુગામીઓ અનન્તવીર્ય, વિદ્યાનન્દ, પ્રભાચન્દ્ર અને વાદિરાજ જેવા વિશારદ તથા પુરુષાર્થી તાર્કિકોએ વિસ્તૃત તથા ગહન ભાષ્ય-વિવરણ વગેરે રચીને જૈન ન્યાયશાસ્ત્રને અતિસમૃદ્ધ બનાવવાનો સિલસિલો પણ ચાલુ કરી જ દીધો હતો અને બીજી તરફ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વેતાંબર પરંપરામાં સિદ્ધસેનનાં સંસ્કૃત તથા પ્રાકૃત તર્કપ્રકરણોને તેમના અનુગામીઓએ ટીકાગ્રન્થોથી વિભૂષિત કરીને તે તર્કપ્રકરણોને વિશેષ સુગમ તથા પ્રચારણીય બનાવવાના પણ પ્રયત્નો આ યુગમાં શરૂ કર્યા હતા. આ સિલસિલામાં પ્રભાચન્દ્રે પ્રમેયોનાં કમલ ઉપર માર્તંડનો પ્રખર પ્રકાશ તથા ન્યાયનાં કુમુદો ઉપર ચન્દ્રનો સૌમ્ય પ્રકાશ પાડી જ દીધો હતો. અભયદેવે તત્ત્વબોધવિધાયિની ટીકા યા વાદાર્ણવનું સર્જન કરીને તત્ત્વસંગ્રહ અને પ્રમાણવાર્તિકાલંકાર જેવા બૃહદ્ ગ્રન્થોની ખોટ પૂરી દીધી હતી. વાદિદેવસૂરિએ રત્નાકર રચીને તેમાં બધાં પૂર્વવર્તી જૈન ગ્રન્થરત્નોનો પૂરેપૂરો સંગ્રહ કરી દીધો હતો. આ બધું હેમચન્દ્રની સામે હતું. પરંતુ તેમને એ માલૂમ પડી ગયું કે તે ન્યાય-પ્રમાણવિષયક સાહિત્યમાં કેટલોક ભાગ તો એવો છે જે અતિ મહત્ત્વનો હોવા છતાં પણ એક એક વિષયની જ ચર્ચા કરે છે યા અત્યંત સંક્ષિપ્ત છે. બીજો ભાગ એવો છે કે જે છે તો સર્વવિષયગ્રાહી પરંતુ તે ઉત્તરોત્તર એટલો અધિક વિસ્તૃત તથા શબ્દક્લિષ્ટ છે કે સર્વસાધારણના અભ્યાસનો વિષય નથી બની શકતો. આ વિચારના પરિણામે હેમચન્દ્રે એક એવો પ્રમાણવિષયક ગ્રન્થ લખવાનું વિચાર્યું જે તેમના સમય સુધીમાં ચર્ચાયેલા એક પણ દાર્શનિક વિષયની ચર્ચાથી ખાલી ન રહે અને તેમ છતાં તે પાઠ્યક્રમને યોગ્ય મધ્યમ કદનો હોય. આ દૃષ્ટિમાંથી 'પ્રમાણમીમાંસા'નો જન્મ થયો. તેમાં હેમચન્દ્રે પૂર્વવર્તી આગમિક-તાર્કિક બધાં જૈન મન્તવ્યોને વિચાર તથા મનનથી પચાવીને પોતાની ઢબની વિશદ અને અપુનરુક્ત સૂત્રશૈલીમાં તથા સર્વસંગ્રાહિણી વિશદતમ સ્વોપજ્ઞ વૃત્તિમાં સન્નિવિષ્ટ કર્યાં. જો કે પૂર્વવર્તી અનેક જૈન ગ્રન્થોનું સુસંબદ્ધ દોહન આ મીમાંસામાં છે જે ટિપ્પણોમાં કરવામાં આવેલી તુલનાથી સ્પષ્ટ થઈ જાય છે તેમ છતાં તે અધૂરી તુલનાના આધારે અહીં એ પણ કહી દેવું સમુચિત છે કે પ્રસ્તુત ગ્રન્થના નિર્માણમાં હેમચન્દ્રે પ્રધાનપણે કયા કયા ગ્રન્થો અને ગ્રન્થકારોનો આશ્રય લીધો છે. નિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય તથા તત્ત્વાર્થ જેવા આગમિક ગ્રન્થ તથા સિદ્ધસેન, સમન્તભદ્ર, અકલંક, માણિક્યનન્દી અને વિદ્યાનન્દની પ્રાયઃ બધી જ કૃતિઓ તેની ઉપાદાનસામગ્રી બની છે. પ્રભાચન્દ્રના માર્તંડની પણ તેમાં પૂરી અસર છે. જો અનન્તવીર્ય ખરેખર હેમચન્દ્રના પૂર્વવર્તી યા સમકાલીન વૃદ્ધ રહ્યા હશે તો એ પણ સુનિશ્ચિત છે કે આ પ્રમાણમીમાંસાની રચનામાં તેમની લઘુ પ્રમેયરત્નમાલાનો વિશેષ ઉપયોગ થયો હશે. વાદિદેવસૂરિની કૃતિનો પણ ઉપયોગ તેમાં સ્પષ્ટ છે જ; તો પણ જૈન તાર્કિકોમાંથી અકલંક અને માણિક્યનન્દીના જ માર્ગનું અનુસરણ પ્રધાનપણે દેખાય છે. ઉપયુક્ત જૈન ગ્રન્થોમાં આવેલા બ્રાહ્મણ-બૌદ્ધ ગ્રન્થોનો ઉપયોગ થઈ જવો તો સ્વાભાવિક જ હતું; તો પણ પ્રમાણમીમાંસાના સૂક્ષ્મ અવલોકન તથા તુલનાત્મક અભ્યાસથી એ પણ જાણવા મળી જાય છે કે હેમચન્દ્રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૌદ્ધ-બ્રાહ્મણ પરંપરાના કયા કયા વિદ્વાનોની કૃતિઓનું અધ્યયન અને પરિશીલન વિશેષપણે કર્યું હતું જે પ્રમાણમીમાંસામાં ઉપયુક્ત થયા હોય. દિઙ્નાગ, ખાસ કરીને ધર્મકીર્તિ, ધર્મોત્તર, અર્ચટ અને શાન્તરક્ષિત એ બૌદ્ધ તાર્કિકો હેમચન્દ્રના અધ્યયનનો વિષય અવશ્ય રહ્યા છે. કણાદ, ભાસર્વજ્ઞ, વ્યોમશિવ, શ્રીધર, અક્ષપાદ, વાત્સ્યાયન, ઉદ્યોતકર, જયન્ત, વાચસ્પતિ મિશ્ર, શબર, પ્રભાકર, કુમારિલ વગેરે જુદી જુદી વૈદિક પરંપરાઓના પ્રસિદ્ધ વિદ્વાનોની બધી કૃતિઓ પ્રાયઃ તેમના અધ્યયનનો વિષય રહી છે. ચાર્વાક એકદેશીય જયરાશિ ભટ્ટનો તત્ત્વોપપ્લવ પણ તેમની દૃષ્ટિ બહાર ન હતો. આ બધું હોવા છતાં હેમચન્દ્રની ભાષા તથા નિરૂપણશૈલી ઉપર ધર્મકીર્તિ, ધર્મોત્તર, અર્ચટ, ભાસર્વજ્ઞ, વાત્સ્યાયન, જયન્ત, વાચસ્પતિ, કુમારિલ વગેરેનો જ આકર્ષક પ્રભાવ પડેલો જણાય છે. તેથી જ આ અધૂરા રૂપમાં ઉપલબ્ધ પ્રમાણમીમાંસા પણ ઐતિહાસિક દૃષ્ટિએ જૈન તર્કસાહિત્યમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

## ૪. ભારતીય પ્રમાણશાસ્ત્રમાં પ્રમાણમીમાંસાનું સ્થાન

ભારતીય પ્રમાણશાસ્ત્રમાં પ્રમાણમીમાંસાનું તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ શું સ્થાન છે તે બરાબર સમજવા માટે મુખ્યપણે બે પ્રશ્નો ઉપર વિચાર કરવો જ જોઈશે. જૈન તાર્કિકોનો ભારતીય પ્રમાણશાસ્ત્રમાં શો ફાળો છે, જે પ્રમાણમીમાંસામાં સન્નિવિષ્ટ થયો હોય અને જેને જાણ્યા વિના કોઈ પણ રીતે ભારતીય પ્રમાણશાસ્ત્રનું અધ્યયન પૂરું થઈ જ ન શકે. પૂર્વાચાર્યોના તે ફાળામાં હેમચન્દ્રે પોતાના તરફથી કંઈ પણ વિશેષ અર્પણ કર્યું છે કે નહિ અને કર્યું છે તો કયા મુદ્દાઓ ઉપર ?

### ૧. જૈનાચાર્યોનો ભારતીય પ્રમાણશાસ્ત્રમાં ફાળો

**૧. અનેકાન્તવાદ** – સૌથી પહેલો અને સૌથી શ્રેષ્ઠ તથા બધા ફાળાઓની ચાવીરૂપ જૈનાચાર્યોનો મુખ્ય ફાળો છે અનેકાન્તવાદ તથા નયવાદનું શાસ્ત્રીય નિરૂપણ.

વિશ્વનો વિચાર કરવાવાળી પરસ્પર ભિન્ન એવી મુખ્ય બે દૃષ્ટિઓ છે. એક છે સામાન્યગામિની અને બીજી છે વિશેષગામિની. પહેલી દૃષ્ટિ શરૂઆતમાં આખા વિશ્વમાં સમાનતા જ દેખે છે પરંતુ તે ધીરે ધીરે અભેદની તરફ ઝૂકતા ઝૂકતા છેવટે આખા વિશ્વને એક જ મૂળમાં દેખે છે અને પરિણામે નિશ્ચય કરે છે કે જે કંઈ પ્રતીતિનો વિષય છે તે તત્ત્વ વાસ્તવમાં એક જ છે. આ રીતે સમાનતાની પ્રાથમિક ભૂમિકા પરથી ઊતરીને છેવટે તે દૃષ્ટિ તાત્ત્વિક એકતાની ભૂમિકા ઉપર આવીને સ્થિર થાય છે. આ દૃષ્ટિમાં જે એક માત્ર વિષય સ્થિર હોય છે તે જ સત્ છે. સત્ તત્ત્વમાં આત્યંતિકપણે નિમગ્ન હોવાના કારણે તે દૃષ્ટિ યા તો ભેદોને દેખી જ શકતી નથી યા તો દેખીને પણ વાસ્તવિક ન સમજતી હોવાના કારણે વ્યાવહારિક યા અપારમાર્થિક યા બાધિત કહીને છોડી જ દે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ભલે ને પછી તે પ્રતીતિગોચર થનારા ભેદો કાલકૃત હો અર્થાત્ કાલપટ પર ફેલાયેલા હો જેવા કે પૂર્વાપરરૂપ બીજ, અંકુર વગેરે; યા દેશકૃત હો અર્થાત્ દેશપટ પર વિતત હો જેવા કે ઘટ, પટ વગેરે પ્રકૃતિનાં પરિણામો; યા દ્રવ્યગત અર્થાત્ દેશકાલનિરપેક્ષ સાહજિક હો જેવા કે પ્રકૃતિ, પુરુષ તથા અનેક પુરુષ.

તેની વિરુદ્ધ બીજી દષ્ટિ આખા વિશ્વમાં અસમાનતા જ દેખે છે અને ધીરે ધીરે આ અસમાનતાના મૂળની ખોજ કરતાં કરતાં છેવટે તે વિશ્લેષણની એવી ભૂમિકા ઉપર પહોંચી જાય છે જ્યાં તેને એકતાની તો વાત જ શી, સમાનતા પણ કૃત્રિમ માલૂમ પડે છે. પરિણામે તે નિશ્ચય કરી લે છે કે વિશ્વ એકબીજાથી અત્યન્ત ભિન્ન એવા ભેદોનો પુંજ માત્ર છે. વસ્તુતઃ તેમાં ન તો કોઈ વાસ્તવિક એક તત્ત્વ છે કે ન તો સમાનતા પણ. ભલે ને તે એક તત્ત્વ સમગ્ર દેશ-કાલવ્યાપી સમજાતું હોય જેવું કે પ્રકૃતિ; યા દ્રવ્યભેદ હોવા છતાં પણ માત્ર કાલવ્યાપી એક સમજાતું હોય જેવું કે પરમાણુ.

ઉપર્યુક્ત બન્ને દષ્ટિઓ મૂળમાં જ ભિન્ન છે, કેમ કે એકનો આધાર સમન્વય માત્ર છે અને બીજીનો આધાર વિશ્લેષણ માત્ર. આ મૂળભૂત બે વિચારસરણિઓના કારણે તથા તે બેમાંથી પ્રસ્ફુટિત થવાવાળી બીજી એવી જ અવાન્તર વિચારસરણિઓના કારણે અનેક મુદ્દાઓ ઉપર અનેક વિરોધી વાદો આપોઆપ જ ખડા થઈ જાય છે. આપણે દેખીએ છીએ કે સામાન્યગામિની પહેલી દૃષ્ટિમાંથી દેશકાલવ્યાપી તથા દેશકાલવિનિર્મુક્ત એવા એક માત્ર સત્તત્ત્વ યા બ્રહ્માદ્વૈતનો વાદ નીકળ્યો અને સ્થાપિત થયો; તેણે સકલ ભેદોને અને તદ્ગ્રાહક પ્રમાણોને મિથ્યા દર્શાવ્યા અને સાથે સાથે જ સત્તત્ત્વને વાણી અને તર્કની પ્રવૃત્તિથી શૂન્ય કહીને માત્ર અનુભવગમ્ય કહ્યું. બીજી વિશેષગામિની દષ્ટિમાંથી પણ કેવળ દેશ અને કાળના ભેદથી જ ભિન્ન નહિ કિન્તુ સ્વરૂપથી પણ ભિન્ન એવા અનન્ત ભેદોનો વાદ નીકળ્યો અને સ્થાપિત થયો; તેણે બધા પ્રકારના અભેદોને મિથ્યા દર્શાવ્યા અને સાથે સાથે જ અન્તિમ ભેદોને વાણી તથા તર્કની પ્રવૃત્તિથી શૂન્ય કહી માત્ર અનુભવગમ્ય દર્શાવ્યા. આ બન્ને વાદો છેવટે તો શૂન્યતાના તથા સ્વાનુભવગમ્યતાના એક જ પરિણામ પર પહોંચ્યા એ વાત ખરી, પરંતુ બન્નેનું લક્ષ્ય અત્યન્ત ભિન્ન હોવાના કારણે તે પરસ્પર પૂર્ણતઃ તદ્દન ટકરાતા અને એકબીજાના વિરોધી દેખાવા લાગ્યા.

ઉક્ત મૂળભૂત બે વિચારધારાઓમાંથી ફૂટવાવાળી યા તેમની સાથે સંબંધ ધરાવતી પણ અનેક વિચારધારાઓ પ્રવાહિત થઈ. કોઈકે અભેદને અપનાવ્યો, પરંતુ તેની વ્યાપ્તિ કાલ અને દેશના પટ સુધી અથવા માત્ર કાલપટ સુધી રાખી. સ્વરૂપ યા દ્રવ્ય સુધી તેને ન વિસ્તારી. આ વિચારધારામાંથી અનેક દ્રવ્યોને માનવા છતાં પણ તે દ્રવ્યોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલિક નિત્યતા તથા દૈશિક વ્યાપકતાના વાદનો જન્મ થયો જેવો કે સાંખ્યનો પ્રકૃતિ-પુરુષવાદ. બીજી વિચારધારાએ તેની અપેક્ષાએ ભેદનું ક્ષેત્ર વિસ્તાર્યું; પરિણામે તેણે કાલિક નિત્યતા તથા દૈશિક વ્યાપકતા માનીને પણ સ્વરૂપતઃ જડ દ્રવ્યોને અધિક સંખ્યામાં સ્થાન આપ્યું; ઉદાહરણાર્થ પરમાણુવાદ-વિભુદ્રવ્યવાદ.

અદ્વૈતમાત્રને યા સન્માત્રને સ્પર્શ કરવાવાળી દૃષ્ટિ કોઈ પણ વિષયમાં ભેદ સહન ન કરી શકવાના કારણે અભેદમૂલક અનેક વાદોનું સ્થાપન કરે એ સ્વાભાવિક જ છે. થયું છે પણ એવું જ. આ દૃષ્ટિમાં કાર્ય-કારણના અભેદમૂલકમાત્ર સત્કાર્યવાદનો જન્મ થયો. ધર્મ-ધર્મી, ગુણ-ગુણી, આધાર-આધેય વગેરે દ્વંદ્વોના અભેદવાદો પણ તેમાંથી ફલિત થયા. આથી ઊલટું દ્વૈત અને ભેદને સ્પર્શ કરવાવાળી દૃષ્ટિએ અનેક વિષયોમાં ભેદમૂલક જ વિવિધ વાદો સ્થાપિત કર્યા. તેણે કાર્ય-કારણના ભેદમૂલકમાત્ર અસત્કાર્યવાદને જન્મ આપ્યો તથા ધર્મ-ધર્મી, ગુણ-ગુણી, આધાર-આધેય વગેરે અનેક દ્વંદ્વોના ભેદોને પણ માની લીધા. આમ આપણે ભારતીય ચિંતનમાં દેખીએ છીએ કે મૌલિક સામાન્ય અને વિશેષ દૃષ્ટિ તથા તેમની અવાન્તર સામાન્ય અને વિશેષ દૃષ્ટિઓમાંથી પરસ્પર વિરુદ્ધ એવા અનેક મતો - દર્શનોનો જન્મ થયો, જેઓ પોતાના વિરોધિવાદની આધારભૂત ભૂમિકાની સત્યતાની જરા પણ પરવા ન કરવાના કારણે એકબીજા ઉપર પ્રહાર કરવામાં જ ચરિતાર્થતા માનવા લાગ્યા.

સદ્વાદ અદ્વૈતગામી હો યા દ્વૈતગામી જેવો કે સાંખ્યાદિનો, પરંતુ તે કાર્ય-કારણના અભેદમૂલક સત્કાર્યવાદને માન્યા વિના પોતાનું મૂળ લક્ષ્ય સિદ્ધ જ નથી કરી શકતો જ્યારે અસદ્વાદ ક્ષણિકગામી હો જેવો કે બૌદ્ધોનો, સ્થિરગામી હો યા નિત્યગામી હો જેવો કે વૈશેષિક આદિનો — પરંતુ તે અસત્કાર્યવાદની સ્થાપના કર્યા વિના પોતાનું લક્ષ્ય સ્થાપી શકતો જ નથી. તેથી જ સત્કાર્યવાદ અને અસત્કાર્યવાદની પારસ્પરિક ટક્કર થઈ. અદ્વૈતગામી અને દ્વૈતગામી સદ્વાદમાંથી જન્મેલી કૂટસ્થતા જે કાલિક નિત્યતારૂપ છે અને વિભુતા જે દૈશિક વ્યાપકતારૂપ છે તેમની દેશ અને કાલકૃત નિરંશ અંશવાદ અર્થાત્ નિરંશ ક્ષણવાદ સાથે ટક્કર થઈ; નિરંશ ક્ષણવાદ વસ્તુતઃ સદ્દર્શન (સદ્વાદ) વિરોધી દર્શન(અસદ્વાદ)માંથી ફલિત થાય છે. એક તરફ આખા વિશ્વને અખંડ અને એક તત્ત્વરૂપ માનનારા અને બીજી તરફ તેને નિરંશ અંશપુંજ માનનારા પોતપોતાના લક્ષ્યની સિદ્ધિ ત્યારે જ કરી શકતા હતા જ્યારે તેઓ પોતાના અભીષ્ટ તત્ત્વને અનિર્વચનીય અર્થાત્ અનભિલાપ્ય - શબ્દાગોચર માને, કારણ કે શબ્દ દ્વારા નિર્વચન માનતાં ન તો અખંડ સત્ સત્ત્વની સિદ્ધિ થઈ શકે છે કે ન તો નિરંશ ભેદતત્ત્વની. નિર્વચન માનવું એટલે જ માનો અખંડતા યા નિરંશતાનો લોપ કરી દેવો. આમ અખંડવાદ અને નિરંશવાદમાંથી અનિર્વચનીયવાદ આપોઆપ ફલિત થયો. પરંતુ તે વાદની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરુદ્ધમાં લક્ષણવાદી વૈશેષિક વગેરે તાર્કિક થયા, જેઓ એવું માનતા હતા કે વસ્તુમાત્રનું નિર્વચન કરવું યા લક્ષણ કરવું શક્ય જ નહિ પરંતુ વાસ્તવિક પણ છે. આમાંથી નિર્વચનીયવાદનો જન્મ થયો અને તે અર્થાત્ અનિર્વચનીયવાદ તથા નિર્વચનીયવાદ પરસ્પર ટકરાવા લાગ્યા.

તેવી જ રીતે કોઈ માનતા હતા કે પ્રમાણ ગમે તે હો પરંતુ હેતુ અર્થાત્ તર્ક સિવાય કોઈનાથી અંતિમ નિશ્ચય કરવો ભયાસ્પદ છે, જ્યારે બીજાઓ માનતા હતા કે હેતુવાદ સ્વતન્ત્ર બળ ધરાવતો નથી. એવું બળ તો આગમમાં જ હોવાથી તે જ મૂર્ધન્ય પ્રમાણ છે. તેથી તે બન્ને વાદો પરસ્પર ટકરાતા હતા. દૈવજ્ઞો કહેતા હતા કે બધું જ દૈવાધીન છે; પૌરુષ સ્વતંત્રપણે કંઈ કરી શકતું નથી. પૌરુષવાદીઓ બરાબર ઊલટું કહેતા હતા કે પૌરુષ જ સ્વતન્ત્રપણે કાર્યકર છે. તેથી તે બન્ને વાદો એકબીજાને અસત્ય જ માનતા હતા. અર્થનય અર્થાત્ પદાર્થવાદીઓ શબ્દની અને શબ્દનય અર્થાત્ શાબ્દિકો અર્થની પરવા ન કરી એકબીજાનું ખંડન કરવામાં પ્રવૃત્ત હતા. કોઈ અભાવને ભાવથી પૃથક્ માનતા તો કોઈ અભાવને ભાવરૂપ જ માનતા હતા અને તે બન્ને ભાવથી અભાવને પૃથક્ માનવા ન માનવાની બાબતમાં પરસ્પર પ્રતિપક્ષભાવ ધારણ કરતા રહ્યા. કોઈ પ્રમાતાથી પ્રમાણ અને પ્રમિતિને અત્યન્ત ભિન્ન માનતા તો બીજાઓ તેનાથી તેમને અભિન્ન માનતા હતા. કોઈ વર્ણાશ્રમવિહિત કર્મ માત્ર ઉપર ભાર આપી તેનાથી ઈષ્ટપ્રાપ્તિ દર્શાવતા હતા તો કોઈ જ્ઞાનમાત્રથી આનન્દાપ્તિનું પ્રતિપાદન કરતા હતા તો વળી ત્રીજા કોઈ ભક્તિને જ પરમ પદનું સાધન માનતા રહ્યા અને તે બધા એકબીજાનું આવેશપૂર્વક ખંડન કરતા રહ્યા. આમ તત્ત્વજ્ઞાનના અને આચારના નાનામોટા મુદ્દાઓ ઉપર પરસ્પર બિલકુલ વિરોધી એવા અનેક એકાન્ત મત પ્રચલિત થયા.

તે એકાન્તોની પારસ્પરિક વાદલીલા દેખીને અનેકાન્તદષ્ટિના ઉત્તરાધિકારી આચાર્યોને વિચાર આવ્યો કે અસલમાં આ બધા વાદો જે પોતપોતાની સત્યતાનો દાવો કરે છે તેઓ પરસ્પર આટલા બધા લડે છે શા માટે ? શું તે બધામાં કોઈ તથ્યાંશ જ નથી, કે બધામાં તથ્યાંશ છે, કે કોઈ કોઈમાં તથ્યાંશ છે, કે પછી બધા પૂર્ણ સત્ય છે ? આ પ્રશ્ન ઉપર અન્તર્મુખ થઈ મનન કરવાથી તેમને એક ચાવી મળી ગઈ જેના દ્વારા તેમને બધા વિરોધોનું સમાધાન થઈ ગયું અને પૂર્ણ સત્યનું દર્શન થયું. તે જ ચાવી અનેકાન્તવાદની ભૂમિકારૂપ અનેકાન્તદષ્ટિ છે. આ દષ્ટિ દ્વારા તેમણે જોયું કે પ્રત્યેક સયુક્તિક વાદ અમુક અમુક દષ્ટિએ અમુક અમુક સીમા સુધી સત્ય છે. તેમ છતાં જ્યારે કોઈ એક વાદ બીજા વાદની આધારભૂત વિચારસરણી અને તે વાદની સીમાનો વિચાર નથી કરતો અને પોતાની આધારભૂત દૃષ્ટિ તથા પોતાના વિષયની સીમામાં જ બધું સમાઈ ગયેલું છે એમ માની લે છે, ત્યારે તેને કોઈ પણ રીતે બીજા વાદની સત્યતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માલૂમ પડી શકતી જ નથી. આ જ હાલત બીજા વિરોધી વાદની પણ થાય છે. આવી પરિસ્થિતિમાં ન્યાય એમાં છે કે પ્રત્યેક વાદને તેની વિચારસરણીથી તેની વિષયસીમા સુધી જ કસવા-તપાસવામાં આવે અને આ કસોટી-તપાસમાં તે બરાબર ઠરે તો તેને સત્યનો એક ભાગ માની એવા બધા સત્યાંશરૂપ મણિઓને એક પૂર્ણ સત્યરૂપ વિચારસૂત્રમાં પરોવી અવિરોધી માળા બનાવવામાં આવે. આ વિચારે જૈનાચાર્યોને અનેકાન્તદૃષ્ટિના આધાર ઉપર તત્કાલીન બધા વાદોનો સમન્વય કરવા તરફ પ્રેરિત કર્યા. તેમણે વિચાર્યું કે જ્યારે શુદ્ધ અને નિઃસ્વાર્થ ચિત્તવાળાઓમાંથી કોઈને એકત્વપર્યવસાયી સામ્યપ્રતીતિ થાય છે અને કોઈને નિરંશઅંશપર્યવસાયી ભેદપ્રતીતિ થાય છે તો એ કેવી રીતે કહી શકાય કે અમુક એક જ પ્રતીતિ પ્રમાણ છે અને બીજી નહિ. કોઈ એકને અપ્રમાણ માનતાં તુલ્ય યુક્તિથી બન્ને પ્રતીતિઓ અપ્રમાણ જ સિદ્ધ થશે. એ સિવાય કોઈ એક પ્રતીતિને પ્રમાણ અને બીજીને અપ્રમાણ માનનારાઓને છેવટે અપ્રમાણ માનવામાં આવેલી પ્રતીતિના વિષયરૂપ સામાન્ય યા વિશેષના સાર્વજનિક વ્યવહારની ઉપપત્તિ તો કોઈ ને કોઈ રીતે કરવી જ પડે છે. એવું તો છે જ નહિ કે પોતાની ઈષ્ટ પ્રતીતિને પ્રમાણ કહેવા માત્રથી બધા શાસ્ત્રીય-લૌકિક વ્યવહારોની ઉપપત્તિ પણ થઈ જાય. એવું પણ નથી કે એવા વ્યવહારોને ઉપપન્ન કર્યા વિના જ છોડી દેવાય. બ્રહ્મૈકત્વવાદી ભેદોને અને તેમની પ્રતીતિને અવિદ્યામૂલક જ કહીને તેમની ઉપપત્તિ કરશે જ્યારે ક્ષણિકત્વવાદી સામ્ય યા એકત્વને અને તેની પ્રતીતિને જ અવિદ્યામૂલક કહી એવા વ્યવહારોની ઉપપત્તિ કરશે.

આવું વિચારતાં અનેકાન્તના પ્રકાશમાં અનેકાન્તવાદીઓને માલૂમ પડ્યું કે પ્રતીતિ અભેદગામિની હો યા ભેદગામિની, છે તો તે બધી વાસ્તવિક. પ્રત્યેક પ્રતીતિની વાસ્તવિકતા તેના પોતાના વિષય સુધી તો છે પરંતુ જ્યારે તે વિરુદ્ધ દેખાતી બીજી પ્રતીતિના વિષયની અયથાર્થતા દર્શાવવા લાગે છે ત્યારે તે ખુદ પણ અવાસ્તવિક બની જાય છે. અભેદ અને ભેદની પ્રતીતિઓ વિરુદ્ધ એટલા માટે જણાય છે કેમ કે પ્રત્યેક પ્રતીતિને પૂર્ણ પ્રમાણ માની લેવામાં આવે છે. સામાન્ય અને વિશેષ પ્રત્યેક પ્રતીતિ સ્વવિષયમાં યથાર્થ હોવા છતાં પણ તે પૂર્ણ પ્રમાણ નથી. તે પ્રમાણનો અંશ અવશ્ય છે. વસ્તુનું પૂર્ણ સ્વરૂપ તો એવું જ હોવું જોઈએ જેથી પેલી વિરુદ્ધ દેખાતી પ્રતીતિઓ પણ પોતાના સ્થાને રહીને તે વસ્તુને અવિરોધીભાવથી પ્રકાશિત કરી શકે અને તે બધી મળીને વસ્તુના પૂર્ણ સ્વરૂપને પ્રકાશિત કરવાના કારણે પ્રમાણ માની શકાય. આ સમન્વયગર્ભિત યા વ્યવસ્થાગર્ભિત વિચારના બળે તેમણે સમજાવ્યું કે સદ્-અદ્વૈત અને સદ્-દ્વૈતની વચ્ચે કોઈ વિરોધ નથી, કારણ કે વસ્તુનું પૂર્ણ સ્વરૂપ જ અભેદ અને ભેદ યા સામાન્ય અને વિશેષ બન્નેથી સંઘિટત છે અર્થાત્ વસ્તુ પોતે જ સામાન્યવિશેષાત્મક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણાર્થ, જ્યારે આપણે સ્થાન, સમય, રંગ, રસ, પરિમાણ આદિનો વિચાર કર્યા વિના જ વિશાલ જલરાશિ માત્રનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને એક જ એક સમુદ્ર પ્રતીત થાય છે, પરંતુ તે જલરાશિના વિચારમાં જ્યારે સ્થાન, સમય, આદિનો વિચાર દાખલ થાય છે ત્યારે આપણને એક અખંડ સમુદ્રના બદલે અનેક નાનામોટા સમુદ્રો નજરમાં આવે છે, એટલે સુધી કે છેવટે આપણા ધ્યાનમાં જલકણ સુદ્ધાં ન રહેતાં તેમાં કેવળ કોઈ અવિભાજ્ય રૂપ યા રસ આદિનો અંશ જ રહી જાય છે અને સાવ અન્તમાં તો તે પણ શૂન્યવત્ ભાસે છે. જલરાશિમાં અખંડ સમુદ્રની બુદ્ધિ પણ વાસ્તવિક છે અને અંતિમ અંશની બુદ્ધિ પણ. એક અખંડની (અભેદની) બુદ્ધિ એટલા માટે વાસ્તવિક છે કેમ કે તે ભેદોને અલગ અલગ રૂપે સ્પર્શ ન કરતાં બધાને એક સાથે સામાન્યરૂપે દેખે છે. સ્થાન, સમય આદિ કૃત ભેદો જે એકબીજાથી વ્યાવૃત્ત છે તેમને અલગ અલગ રૂપે વિષય કરનારી બુદ્ધિ પણ વાસ્તવિક છે કારણ કે તે ભેદો એવા જ છે. જલરાશિ એક અને અનેક રૂપ હોવાના કારણે તેમાં થનારી સમુદ્રબુદ્ધિ અને અંશબુદ્ધિ પોતપોતાના સ્થાને યથાર્થ હોવા છતાં પણ કોઈ એક બુદ્ધિ પૂર્ણ સ્વરૂપને વિષય ન કરતી હોવાના કારણે પૂર્ણ પ્રમાણ નથી, તો પણ બન્ને મળીને તો પૂર્ણ પ્રમાણ છે. તેવી જ રીતે જ્યારે આપણે આખા વિશ્વને એક માત્ર સત્‌રૂપ દેખીએ છીએ અથવા તો કહો કે જ્યારે આપણે સમસ્ત ભેદો અન્તર્ગત એક માત્ર અનુગમક સત્તા સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે કહીએ છીએ કે એકમાત્ર સત્ જ છે, કેમકે તે સર્વગ્રાહી સત્તાના વિચારના સમયે કોઈ એવા ભેદો ભાસિત થતા નથી જે પરસ્પર વ્યાવૃત્ત હોય. તે સમયે તો બધા ભેદ સમષ્ટિરૂપે યા એક માત્ર સત્તારૂપે જ ભાસિત થાય છે. અને ત્યારે સદ્-અદ્વૈત કહેવાય છે. એક માત્ર સામાન્યની પ્રતીતિ સમયે સત્ શબ્દનો અર્થ પણ એટલો વિશાલ થઈ જાય છે કે તેમાં કંઈ શેષ બચતું નથી. પરંતુ આપણે જ્યારે તે વિશ્વને ગુણધર્મકૃત ભેદોમાં, જે પરસ્પર વ્યાવૃત્ત છે, વિભાજિત કરીએ છીએ ત્યારે તે વિશ્વ એક સત્ રૂપે ભૂંસાઈ જઈ અનેક સત્ રૂપે પ્રતીત થાય છે. તે સમયે સત્ શબ્દનો અર્થ પણ એટલો જ સંકુચિત થઈ જાય છે. આપણે ક્યારેક કહીએ છીએ કે કોઈ સત્ જડ પણ છે અને કોઈ ચેતન પણ. આપણે એથી વધારે ભેદોની તરફ વધુ ઝૂકીને વળી એ પણ કહીએ છીએ કે જડસત્ પણ અનેક છે અને ચેતનસત્ પણ અનેક છે. આ રીતે જ્યારે સર્વગ્રાહી સામાન્યને વ્યાવર્તક ભેદોમાં વિભાજિત કરીને દેખીએ છીએ ત્યારે આપણને અનેક સત્ જણાય છે અને તે જ સદ્-દ્વૈત છે. આ રીતે એક જ વિશ્વમાં પ્રવૃત્ત થનારી સદ્-અદ્વૈત બુદ્ધિ અને સદ્-દ્વૈત બુદ્ધિ બન્ને પોતપોતાના વિષયમાં યથાર્થ હોવા છતાં પણ પૂર્ણ પ્રમાણ તો ત્યારે કહેવાશે જ્યારે તે બન્ને સાપેક્ષરૂપથી મળે. આ જ તો સદ્-અદ્વૈત અને સદ્-દ્વૈત વાદો જે પરસ્પર વિરુદ્ધ સમજાય છે, મનાય છે તેમનો અનેકાન્ત

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૃષ્ટિ અનુસાર સમન્વય છે.

આને વૃક્ષ અને વનના દૃષ્ટાન્તથી પણ સ્પષ્ટ કરી શકાય છે. જ્યારે અનેક પરસ્પર ભિન્ન વૃક્ષ વ્યક્તિઓને તે તે વ્યક્તિરૂપે ગ્રહણ ન કરતાં સામૂહિક યા સામાન્ય રૂપે વન તરીકે ગ્રહણ કરીએ છીએ ત્યારે પેલા બધા વિશેષોનો અભાવ નથી થઈ જતો પરંતુ તે બધા વિશેષો સામાન્યરૂપે સામાન્યગ્રહણમાં જ એવા લીન થઈ જાય છે જાણે કે તેઓ છે જ નહિ. એક માત્ર વન જ વન નજરમાં આવે છે, આ જ એક પ્રકારનું અદ્વૈત થયું. પછી ક્યારેક આપણે જ્યારે એક એક વૃક્ષને વિશેષરૂપે સમજીએ છીએ ત્યારે આપણને પરસ્પર ભિન્ન વ્યક્તિઓ જ વ્યક્તિઓ દેખાય છે, તે વખતે વિશેષ પ્રતીતિમાં સામાન્ય એટલું તો અન્તર્લીન થઈ જાય છે કે જાણે તે છે જ નહિ. હવે આ બન્ને અનુભવોનું વિશ્લેષણ કરી જોવામાં આવે તો એ નહિ કહી શકાય કે કોઈ એક જ સત્ય છે અને બીજો અસત્ય. પોતપોતાના વિષયમાં બન્નેની સત્યતા હોવા છતાં પણ એકને પૂર્ણ સત્ય નહિ કહી શકાય. પૂર્ણ સત્ય તો બન્ને અનુભવોનો સમુચિત સમન્વય છે, કારણ કે તેમાં સામાન્યાત્મક વન અને વિશેષાત્મક વૃક્ષોના બે અબાધિત અનુભવોનો સમાવેશ થઈ શકે છે. આ જ સ્થિતિ વિશ્વના સંબંધમાં સદ્-અદ્વૈત અને સદ્-દ્વૈત દૃષ્ટિઓની પણ છે.

કાલિક, દૈશિક અને દેશકાલાતીત સામાન્ય-વિશેષના ઉપર્યુક્ત અદ્વૈત-દ્વૈતવાદોથી આગળ વધીને એક કાલિક સામાન્ય-વિશેષના સૂચક નિત્યત્વવાદ અને ક્ષણિકત્વવાદ પણ છે. તે બન્ને વાદો એકબીજાના વિરોધી જ જણાય છે. પરંતુ અનેકાન્ત દૃષ્ટિ કહે છે કે વસ્તુતઃ તેમનામાં કોઈ વિરોધ નથી. જ્યારે આપણે કોઈ તત્ત્વને ત્રણે કાલમાં અખંડરૂપે અર્થાત્ અનાદિ-અનંતરૂપે જોઈશું ત્યારે તે અખંડ પ્રવાહ રૂપે આદિ-અંતરહિત હોવાના કારણે નિત્ય જ છે, પરંતુ જ્યારે આપણે તે અખંડપ્રવાહપતિત તત્ત્વને નાનામોટા અપેક્ષિત કાલભેદોમાં વિભાજિત કરી દઈએ છીએ ત્યારે તે કાલ પર્યંત સ્થાયી એવું પરિમિત રૂપ જ નજરમાં આવે છે જે સાદિ પણ છે અને સાન્ત પણ. જો વિવક્ષિત કાલ એટલો નાનો હોય કે જેનો બીજો હિસ્સો બુદ્ધિશસ્ત્ર કરી ન શકે તો તે કાલથી પરિચ્છિન્ન તે તત્ત્વગત પ્રાવાહિક અંશ સૌથી નાનો હોવાના કારણે ક્ષણિક કહેવાય છે. નિત્ય અને ક્ષણિક તે બન્ને શબ્દ બરાબર એકબીજાના વિરુદ્ધાર્થક છે. એક અનાદિ-અનન્તનો ભાવ દર્શાવે છે જ્યારે બીજો સાદિ-સાન્તનો ભાવ દર્શાવે છે. તો પણ આપણે અનેકાન્તદૃષ્ટિ અનુસાર સમજી શકીએ છીએ કે જે તત્ત્વ અખંડ પ્રવાહની અપેક્ષાએ નિત્ય કહી શકાય છે તે જ તત્ત્વ ખંડ ખંડ ક્ષણપરિમિત પરિવર્તનો અને પર્યાયોની અપેક્ષાએ ક્ષણિક પણ કહી શકાય છે. એક વાદની આધારદૃષ્ટિ છે અનાદિ-અનંતતાની દૃષ્ટિ, જ્યારે બીજા વાદની આધારદૃષ્ટિ છે સાદિ-સાન્તતાની દૃષ્ટિ. વસ્તુનું કાલિક પૂર્ણ સ્વરૂપ અનાદિ-અનંતતા અને સાદિ-સાન્તતા આ બન્ને અંશોથી બને છે. તેથી બન્ને દૃષ્ટિઓ પોતપોતાના

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિષયમાં યથાર્થ હોવા છતાં પણ પૂર્ણ પ્રમાણ તો ત્યારે જ બને છે જ્યારે તે બન્ને સમન્વિત બને.

આ સમન્વયને દૃષ્ટાન્ત દ્વારા નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય. કોઈ એક વૃક્ષનો જીવનવ્યાપાર મૂળથી માંડી ફળ સુધી કાળક્રમથી થનારી બીજ, મૂળ, અંકુર, થડ, શાખા-પ્રતિશાખા, પત્ર, પુષ્પ અને ફળ આદિ વિવિધ અવસ્થાઓમાં થઈને પ્રવાહિત થઈ પૂર્ણ થાય છે. જ્યારે આપણે અમુક વસ્તુને વૃક્ષ રૂપે સમજીએ છીએ ત્યારે ઉપર્યુક્ત બધી અવસ્થાઓમાં પ્રવાહિત થનારો સમગ્ર જીવનવ્યાપાર જ અખંડરૂપે મનમાં આવે છે; પરંતુ જ્યારે આપણે તે જીવનવ્યાપારનાં પરસ્પર ભિન્ન એવા ક્રમભાવી મૂલ, અંકુર, થડ આદિ એક એક અંશને ગ્રહણ કરીએ છીએ ત્યારે તે પરિમિત કાલથી લક્ષિત અંશો જ આપણા મનમાં આવે છે. આ રીતે આપણું મન ક્યારેક તો પૂરા જીવનવ્યાપારને અખંડ રૂપમાં સ્પર્શ કરે છે અને ક્યારેક તેને ખંડિત રૂપમાં એક એક અંશ દ્વારા ગ્રહણ કરે છે. પરીક્ષણ કરીને જોતાં સાફ જણાય છે કે ન તો અખંડ જીવનવ્યાપાર જ એકમાત્ર પૂર્ણ વસ્તુ છે યા કાલ્પનિક માત્ર છે કે ન તો ખંડિત અંશ જ પૂર્ણ વસ્તુ છે યા કાલ્પનિક માત્ર. ભલે ને અખંડમાં બધા ખંડો અને બધા ખંડોમાં તે એક માત્ર અખંડ સમાઈ જતો હોય તો પણ વસ્તુનું પૂર્ણ સ્વરૂપ તો અખંડ અને ખંડ બન્નેમાં જ પર્યવસિત થતું હોવાના કારણે બન્ને પાસાંથી ગૃહીત થાય છે. જેવી રીતે બન્ને પાસાં પોતપોતાની કક્ષાએ યથાર્થ હોવા છતાં પણ પૂર્ણ ત્યારે બને છે જ્યારે તે બન્નેને સમન્વિત કરવામાં આવે, તેવી રીતે જ અનાદિ-અનન્ત કાલપ્રવાહરૂપ વૃક્ષનું ગ્રહણ નિત્યત્વનું વ્યંજક છે અને તેના ઘટક અંશોનું ગ્રહણ અનિત્યત્વનું દ્યોતક છે, ન તો આધારભૂત નિત્ય પ્રવાહ સિવાય અનિત્ય ઘટક સંભવે છે કે ન તો અનિત્ય ઘટકો સિવાય તેવો નિત્ય પ્રવાહ, તેમનો સમન્વય જ પૂર્ણ સત્ય છે. એટલે એકમાત્ર નિત્યત્વને યા એકમાત્ર અનિત્યત્વને વાસ્તવિક કહીને બીજા વિરોધી અંશને અવાસ્તવિક કહેવો એ જ નિત્યવાદ-અનિત્યવાદની ટક્કરનું બીજ છે જેને અનેકાન્તવાદી દૂર કરે છે.

અનેકાન્તદૃષ્ટિ અનિર્વચનીયત્વવાદ અને નિર્વચનીયત્વવાદની પારસ્પરિક ટક્કરને પણ મિટાવી દે છે. તે કહે છે કે વસ્તુનું તે જ રૂપ પ્રતિપાદ્ય થઈ શકે છે જે સંકેતનો વિષય બની શકે. સૂક્ષ્મતમ બુદ્ધિ દ્વારા કરાતો સંકેત પણ સ્થૂળ અંશને જ વિષય કરી શકે છે. વસ્તુની એવી અપરિમિત અવસ્થાઓ છે જેમને સંકેત દ્વારા શબ્દો વડે પ્રતિપાદિત કરવી અસંભવ છે. આ અર્થમાં અખંડ સત્ યા નિરંશ ક્ષણ અનિર્વચનીય જ છે, જ્યારે મધ્યવર્તી સ્થૂલ અવસ્થાઓ નિર્વચનીય પણ બની શકે છે. તેથી સમગ્ર વિશ્વ અંગે કે તેના કોઈ એક તત્ત્વ અંગે અનિર્વચનીયત્વ અને નિર્વચનીયત્વના જે વિરોધી પ્રવાદો છે તે વસ્તુતઃ પોતપોતાની કક્ષામાં યથાર્થ હોવા છતાં પણ પૂરેપૂરા પ્રમાણ તો નથી જ.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક જ વસ્તુની ભાવરૂપતા અને અભાવરૂપતા વચ્ચે પણ વિરોધ નથી. માત્ર વિધિમુખથી કે માત્ર નિષેધમુખથી જ વસ્તુની પ્રતીતિ નથી થતી. દૂધ દૂધરૂપે પણ પ્રતીત થાય છે અને અદધિરૂપે કે દધિભિન્નરૂપે પણ પ્રતીત થાય છે. આવી પરિસ્થિતિમાં તે ભાવ-અભાવ ઉભયરૂપ સિદ્ધ થઈ જાય છે અને એક જ વસ્તુમાં ભાવત્વ-અભાવત્વનો વિરોધ પ્રતીતિના સ્વરૂપભેદ દ્વારા દૂર થઈ જાય છે. આ જ રીતે ધર્મ-ધર્મી, ગુણ-ગુણી, કાર્ય-કારણ, આધાર-આધેય આદિ દ્વન્દ્વોના અભેદ અને ભેદના વિરોધનો પરિહાર પણ અનેકાન્ત દૃષ્ટિ કરી દે છે.

જ્યાં આપ્તત્વ અને તેના મૂળના પ્રામાણ્યમાં સંદેહ હોય ત્યાં હેતુવાદ દ્વારા પરીક્ષાપૂર્વક જ નિર્ણય કરવો ક્ષેમંકર છે, શ્રેયસ્કર છે. પરંતુ જ્યાં આપ્તત્વમાં કોઈ સંદેહ ન હોય ત્યાં હેતુવાદનો પ્રયોગ અનવસ્થાકારક હોવાથી ત્યાજ્ય છે. એવા સ્થાનોમાં આગમવાદ જ માર્ગદર્શક બની શકે છે. આ રીતે વિષયભેદથી કે એક જ વિષયમાં પ્રતિપાદ્યભેદથી હેતુવાદ અને આગમવાદ બન્નેને અવકાશ છે. તેમની વચ્ચે કોઈ વિરોધ નથી. આ જ સ્થિતિ દૈવવાદ અને પુરુષાર્થવાદની પણ છે. તેમની વચ્ચે પણ કોઈ વિરોધ નથી. જ્યાં બુદ્ધિપૂર્વક પૌરુષ કાર્યકર નથી ત્યાંની સમસ્યાઓનો ઉકેલ દૈવવાદ કરી શકે છે; પરંતુ પૌરુષનો બુદ્ધિપૂર્વક પ્રયોગ જ્યાં કાર્યકર છે ત્યાં પુરુષાર્થવાદ જ સ્થાન પામે છે. આ રીતે જુદાં જુદાં પાસાંઓની અપેક્ષાએ એક જ જીવનમાં દૈવવાદ અને પૌરુષવાદ બન્નેનો સમન્વય કરી શકાય છે.

કારણમાં કાર્યને ઉત્પત્તિ પહેલાં કેવળ સત્ યા કેવળ અસત્ માનનારા બે વાદોના વિરોધનો પરિહાર અનેકાન્ત દૃષ્ટિ સરળતાથી કરી દે છે. તે કહે છે કે કાર્ય ઉત્પત્તિ પહેલાં ઉપાદાનમાં સત્ પણ છે અને અસત્ પણ. કંકણ બનતાં પહેલાં પણ સુવર્ણમાં કંકણ બનવાની શક્તિ છે તેથી ઉત્પત્તિ પહેલાં પણ શક્તિરૂપે યા કારણાભેદની દૃષ્ટિએ કાર્ય સત્ કહેવાય છે. શક્તિરૂપે સત્ હોવા છતાં ઉત્પાદક સામગ્રીના અભાવમાં તે કાર્ય આવિર્ભૂત યા ઉત્પન્ન થતું ન હોવાના કારણે ઉપલબ્ધ થતું નથી, તેથી તે અસત્ પણ છે. તિરોભાવ દશામાં જ્યારે કંકણ ઉપલબ્ધ નથી થતું ત્યારે પણ કુંડલાકારધારી સુવર્ણ કંકણ બનવાની યોગ્યતા ધરાવે છે એટલે તે દશામાં કંકણ અસત્ હોવા છતાં પણ યોગ્યતાની દૃષ્ટિએ સુવર્ણમાં સત્ કહી શકાય.

બૌદ્ધોનો કેવળ પરમાણુપુંજવાદ અને નૈયાયિકોનો અપૂર્વાવયવીવાદ એ બન્ને પરસ્પર ટકરાય છે. પરંતુ અનેકાન્ત દૃષ્ટિએ સ્કન્ધનો—જે ન તો કેવળ પરમાણુપુંજ છે કે ન તો અવયવોથી ભિન્ન એવા અનુભવબાધિત અપૂર્વ અવયવી રૂપ છે—સ્વીકાર કરીને વિરોધનો સમુચિત પરિહાર તેમજ બન્ને વાદોનો નિર્દોષ સમન્વય કરી દીધો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મકાન કોઈ એક ખૂણામાં પૂરું નથી થતું. તેના અનેક ખૂણા પણ કોઈ એક જ દિશામાં નથી હોતા. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ આદિ પરસ્પર વિરુદ્ધ દિશાવાળા એક એક ખૂણામાં ઊભા રહી કરવામાં આવતું તે મકાનનું અવલોકન પૂર્ણ તો નથી હોતું, પરંતુ તે અયથાર્થ પણ નથી હોતું. જુદા જુદા સંભવિત બધા ખૂણાઓમાં ઊભા રહીને કરવામાં આવતાં બધાં સંભવિત અવલોકનોનો સારસમુચ્ચય જ તે મકાનનું પૂર્ણ અવલોકન છે. પ્રત્યેક ખૂણેથી થતું પ્રત્યેક અવલોકન તે પૂર્ણ અવલોકનનું અનિવાર્ય અંગ છે. તેવી જ રીતે એક વસ્તુ કે સમગ્ર વિશ્વનું તાત્ત્વિક ચિન્તન-દર્શન પણ અનેક અપેક્ષાઓથી નિષ્પન્ન થાય છે. મનની સહજ રચના, તેના ઉપર પડતા આગન્તુક સંસ્કારો અને ચિન્ત્ય વસ્તુનું સ્વરૂપ ઇત્યાદિના સમ્મેલનથી જ અપેક્ષા બને છે. એવી અપેક્ષાઓ અનેક હોય છે, તે અપેક્ષાઓનો આશ્રય લઈને વસ્તુનો વિચાર કરવામાં આવે છે. વિચારને આશ્રય દેવાના કારણે યા વિચારસ્રોતના ઉદ્ગમનો આધાર બનાવાના કારણે તે જ અપેક્ષાઓ દૃષ્ટિકોણ કે દૃષ્ટિબિંદુ પણ કહેવાય છે. સંભવિત બધી અપેક્ષાઓથી —ભલે ને તે વિરુદ્ધ જ કેમ ન દેખાતી હોય— કરાતાં ચિન્તનો અને દર્શનોનો સારસમુચ્ચય જ તે વિષયનું પૂર્ણ અર્થાત્ અનેકાન્ત દર્શન છે. પ્રત્યેક અપેક્ષાથી થતું દર્શન તે પૂર્ણ દર્શનનું એક એક અંગ છે, આ બધાં અંગો પરસ્પર વિરુદ્ધ હોવા છતાં પણ પૂર્ણ દર્શનમાં સમન્વય પામવાના કારણે વસ્તુતઃ અવિરુદ્ધ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

જ્યારે કોઈની મનોવૃત્તિ વિશ્વ અંતર્ગત બધા ભેદોને—ભલે ને તે ગુણકૃત ધર્મકૃત યા સ્વરૂપકૃત યા વ્યક્તિત્વકૃત હોય—ભૂલીને અર્થાત્ તેમની તરફ ઝૂક્યા વિના જ એક માત્ર અખંડતાનો જ વિચાર કરે છે, ત્યારે તેને અખંડ યા એક વિશ્વનું દર્શન થાય છે. અભેદની આ ભૂમિકાએ નિષ્પન્ન થનારું 'સત્' શબ્દના એક માત્ર અખંડ અર્થનું દર્શન જ સંગ્રહનય છે. ગુણકૃત ધર્મકૃત યા વ્યક્તિત્વકૃત ભેદોની તરફ ઝૂકનારી મનોવૃત્તિથી કરાતું તે વિશ્વનું દર્શન વ્યવહારનય કહેવાય છે કારણ કે તેમાં લોકસિદ્ધ વ્યવહારોની ભૂમિકારૂપ ભેદોનું ખાસ સ્થાન છે. આ દર્શનમાં 'સત્' શબ્દની અર્થમર્યાદા અખંડિત ન રહેતાં અનેક ખંડોમાં વિભાજિત થઈ જાય છે. તે જ ભેદગામિની મનોવૃત્તિ યા અપેક્ષા કેવળ કાલકૃત ભેદો તરફ ઝૂકીને કેવળ વર્તમાનને જ કાર્યક્ષમ હોવાના કારણે જ્યારે સત્રૂપે દેખે છે અને અતીત-અનાગતને 'સત્' શબ્દની અર્થમર્યાદામાંથી દૂર કરી દે છે ત્યારે તે મનોવૃત્તિ દ્વારા ફલિત થનારું વિશ્વનું દર્શન ઋજુસૂત્રનય છે, કારણ કે તે અતીત-અનાગતના ચક્રવ્યૂહને છોડી કેવળ વર્તમાનની સીધી રેખા ઉપર ચાલે છે.

ઉપરની ત્રણેય મનોવૃત્તિઓ એવી છે જે શબ્દનો કે શબ્દના ગુણ-ધર્મોનો આશ્રય લીધા વિના જ કોઈપણ વસ્તુનું ચિન્તન કરે છે. તેથી આ ત્રણેય પ્રકારનું ચિન્તન અર્થનય છે. પરંતુ એવી પણ મનોવૃત્તિ હોય છે જે શબ્દના ગુણ-ધર્મોનો આશ્રય લઈને જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુનો (અર્થનો)વિચાર કરે છે. તેથી એવી મનોવૃત્તિથી ફલિત વસ્તુચિન્તનો (અર્થ-ચિન્તનો) શબ્દનય કહેવાય છે. શાબ્દિક લોકો (વૈયાકરણો) જ મુખ્યપણે શબ્દનયના અધિકારી છે, કારણ કે તેમના જ વિવિધ દષ્ટિબિંદુઓથી શબ્દનયમાં વિવિધતા આવી છે.

જે શાબ્દિકો (વૈયાકરણો) બધા શબ્દોને અખંડ અર્થાત્ અવ્યુત્પન્ન માને છે તેઓ વ્યુત્પત્તિભેદે અર્થભેદ ન માનવા છતાં પણ લિંગ, પુરુષ, કાલ આદિ અન્ય પ્રકારના શબ્દધર્મોના ભેદના આધારે અર્થનું વૈવિધ્ય દર્શાવે છે. તેમનું આ અર્થભેદનું દર્શન શબ્દનય કે સામ્પ્રતનય છે. પ્રત્યેક શબ્દને વ્યુત્પત્તિસિદ્ધ જ માનવાવાળી મનોવૃત્તિથી વિચાર કરનારા શાબ્દિકો પર્યાય અર્થાત્ એકાર્થક ગણાતા શબ્દોના અર્થમાં પણ વ્યુત્પત્તિભેદે ભેદ દર્શાવે છે. શક્ર, ઈન્દ્ર વગેરે જેવા પર્યાય શબ્દોના અર્થભેદનું તેમનું આ દર્શન સમભિરૂઢનય કહેવાય છે. વ્યુત્પત્તિના ભેદના કારણે જ નહિ, કિન્તુ એક જ વ્યુત્પત્તિથી ફલિત થનાર અર્થની હાજરી અને ગેરહાજરીના ભેદના કારણે પણ જે દર્શન અર્થભેદ માને છે તે એવંભૂતનય કહેવાય છે. આ તાર્કિક છ નયો ઉપરાંત એક નૈગમ નામનો નય પણ છે. જેમાં નિગમ અર્થાત્ દેશરૂઢિ અનુસાર અભેદગામી અને ભેદગામી બધા પ્રકારના વિચારોનો સમાવેશ માનવામાં આવ્યો છે. મુખ્યપણે આ જ સાત નય છે, પરંતુ કોઈ પણ એક અંશનું અર્થાત્ દષ્ટિકોણનું અવલંબન લઈને પ્રવૃત્ત થનારા બધા જ પ્રકારના વિચારો તે તે અપેક્ષાના સૂચક નયો જ છે.

શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે નયો પણ પ્રસિદ્ધ છે પરંતુ તે નયો ઉપર્યુક્ત સાત નયોથી અલગ નથી પરંતુ તે સાત નયોનું જ સંક્ષિપ્ત વર્ગીકરણ યા તેમની જ ભૂમિકામાત્ર છે. દ્રવ્ય અર્થાત્ સામાન્ય, અન્વય, અભેદ યા એકત્વને વિષય કરનારો વિચારમાર્ગ દ્રવ્યાર્થિકનય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર આ ત્રણેય દ્રવ્યાર્થિક જ છે. આ ત્રણમાં સંગ્રહ તો શુદ્ધ અભેદનો વિચારક હોવાથી શુદ્ધ યા મૂલ દ્રવ્યાર્થિક છે જ્યારે વ્યવહાર અને નૈગમની પ્રવૃત્તિ ભેદગામી હોવા છતાં પણ કોઈને કોઈ પ્રકારના અભેદનું અવલંબન લઈને જ ચાલે છે. તેથી તે બેને પણ દ્રવ્યાર્થિક જ માનવમાં આવ્યા છે. અલબત્ત, તે બે સંગ્રહની જેમ શુદ્ધ દ્રવ્યાર્થિક નથી પરંતુ અશુદ્ધ અર્થાત્ મિશ્રિત જ દ્રવ્યાર્થિક છે.

પર્યાય એટલે વિશેષ, વ્યાવૃત્તિ યા ભેદને જ લક્ષ્ય કરીને પ્રવૃત્ત થનારો વિચારપથ પર્યાયાર્થિક નય છે. ઋજુસૂત્ર આદિ બાકીના ચારેય નયો પર્યાયાર્થિક જ મનાયા છે. અભેદને છોડીને માત્ર ભેદનો વિચાર ઋજુસૂત્રથી શરૂ થાય છે. તેથી ઋજુસૂત્રને શાસ્ત્રમાં પર્યાયાર્થિક નયની પ્રકૃતિ યા મૂલ આધાર કહેવામાં આવેલ છે. પછીના શબ્દ આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ નયો તે મૂલભૂત પર્યાયાર્થિકનો એક રીતે વિસ્તારમાત્ર છે.

માત્ર જ્ઞાનને ઉપયોગી માનીને તેના આશ્રયથી પ્રવૃત્ત વિચારધારા જ્ઞાનનય છે તો માત્ર ક્રિયાના આશ્રયથી પ્રવૃત્ત વિચારધારા ક્રિયાનય છે. નયરૂપ આધારસ્તમ્ભો અપરિમિત હોવાના કારણે વિશ્વનું પૂર્ણદર્શન્ — અનેકાન્ત પણ નિસ્સીમ છે.

ભિન્ન ભિન્ન અપેક્ષાઓ, દૃષ્ટિકોણો યા મનોવૃત્તિઓથી એક જ તત્ત્વનાં જે અનેક દર્શનો ફલિત થાય છે તેમના જ પાયા પર ભંગવાદની સૃષ્ટિ ખડી થાય છે. જે બે દર્શનોના વિષયો બરાબર એકબીજાના બિલકુલ વિરોધી હોય એવાં દર્શનોનો સમન્વય દર્શાવવાની દૃષ્ટિએ તેમના વિષયભૂત ભાવાત્મક અને અભાવાત્મક બન્ને અંશોને લઈને તેમના ઉપર જે સંભવિત વાક્યભંગો બનાવવામાં આવે છે તે જ સપ્તભંગી છે. સપ્તભંગીનો આધાર નયવાદ છે. અને તેનું ધ્યેય તો સમન્વય અર્થાત્ અનેકાન્તની કોટિનું વ્યાપક દર્શન કરાવવાનું છે. જેવી રીતે કોઈ પણ પ્રમાણથી જાણેલા પદાર્થનો બોધ બીજાને કરાવવા માટે પરાર્થ અનુમાન અર્થાત્ અનુમાનવાક્યની રચના કરવામાં આવે છે બરાબર તેવી જ રીતે વિરુદ્ધ અંશોનો સમન્વય શ્રોતાઓને સમજાવવાની દૃષ્ટિએ ભંગવાક્યોની રચના પણ કરવામાં આવે છે. આમ નયવાદ અને ભંગવાદ અનેકાન્ત દૃષ્ટિના ક્ષેત્રમાં આપોઆપ ફલિત થઈ જાય છે.

એ સાચું કે વૈદિક પરંપરાનાં ન્યાય, વેદાન્ત વગેરે દર્શનોમાં તથા બૌદ્ધ દર્શનમાં કોઈ એક વસ્તુનું વિવિધ દૃષ્ટિઓથી નિરૂપણ કરવાની પદ્ધતિ તથા અનેક પક્ષોના સમન્વયની દૃષ્ટિ[1] પણ જોવામાં આવે છે પરંતુ પ્રત્યેક વસ્તુ અને તેના પ્રત્યેક પાસા પર સંભવિત સમગ્ર દૃષ્ટિબિંદુઓથી વિચાર કરવાનો આત્યન્તિક આગ્રહ તથા તે સમગ્ર દૃષ્ટિબિંદુઓના એક માત્ર સમન્વયમાં જ વિચારની પરિપૂર્ણતા માનવાનો દૃઢ આગ્રહ જૈન પરંપરા સિવાય અન્યત્ર ક્યાંય દેખાતો નથી. આ આગ્રહમાંથી જૈન તાર્કિકોએ અનેકાન્તવાદ, નયવાદ અને સપ્તભંગીવાદનું બિલકુલ સ્વતન્ત્ર અને વ્યવસ્થિત શાસ્ત્ર સર્જ્યું જે પ્રમાણશાસ્ત્રનો એક ભાગ જ બની ગયું અને જેની જોડનો એવો લઘુ ગ્રન્થ પણ ઇતર પરંપરામાં ન સર્જાયો[2]. વિભજ્યવાદ અને મધ્યમમાર્ગ હોવા છતાં પણ બૌદ્ધ પરંપરા કોઈ પણ વસ્તુમાં વાસ્તવિક સ્થાયી અંશ ન દેખી શકી, તેને તો માત્ર ક્ષણભંગ જ દેખાયો. અનેકાન્ત શબ્દથી[3] જ અનેકાન્ત દૃષ્ટિનો આશ્રય લેવા છતાં પણ નૈયાયિકો પરમાણુ, આત્મા વગેરેને સર્વથા અપરિણામી જ માનવા મનાવવાની ધૂનમાંથી બચી

૧. ઉદાહરણાર્થ જુઓ સાંખ્યપ્રવચનભાષ્ય, પૃ. ૨. સિદ્ધાન્તબિન્દુ, પૃ. ૧૧૯ અને આગળ. વેદાન્તસાર, પૃ. ૨૫. તર્કસંગ્રહદીપિકા, પૃ. ૧૭૫. મહાવગ્ગ, ૬.૩૧.

૨. ટિપ્પણ પૃ. ૩૭૬થી.

૩. ન્યાયભાષ્ય, ૨.૧.૧૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન શક્યા. વ્યાવહારિક-પારમાર્થિક આદિ અનેક દૃષ્ટિઓનું અવલંબન લેવા છતાં વેદાન્તીઓ અન્ય બધી દૃષ્ટિઓને બ્રહ્મદૃષ્ટિથી ઉતરતા દરજ્જાની યા તો બિલકુલ અસત્ય માનવા મનાવવાના આગ્રહમાંથી બચી ન શક્યા. આનું એક માત્ર કારણ એ જ જણાય છે કે તે દર્શનોમાં વ્યાપકરૂપે અનેકાન્ત ભાવનાનું સ્થાન નથી રહ્યું જેવું કે જૈનદર્શનમાં રહ્યું છે. આ કારણે જૈનદર્શન બધી દૃષ્ટિઓનો સમન્વય પણ કરે છે અને બધી દૃષ્ટિઓને પોતપોતાના વિષયમાં તુલ્યબલ અને યથાર્થ પણ માને છે. ભેદ-અભેદ, સામાન્ય-વિશેષ, નિત્યત્વ-અનિત્યત્વ આદિ તત્ત્વજ્ઞાનના પ્રાચીન મુદ્દાઓ પર જ સીમિત રહેવાના કારણે તે અનેકાન્ત દૃષ્ટિ અને તન્મૂલક અનેકાન્ત વ્યવસ્થાપક શાસ્ત્ર પુનરુક્ત, ચર્વિતચર્વણ યા નવીનતાશૂન્ય જણાવાનો આપાતતઃ સંભવ છે, તેમ છતાં તે દૃષ્ટિ અને તે શાસ્ત્રનિર્માણની પાછળ અખંડ અને સજીવ સર્વાંશ સત્યને અપનાવવાની જે ભાવના જૈન પરંપરામાં રહી અને જે પ્રમાણશાસ્ત્રમાં અવતીર્ણ થઈ તેનામાં જીવનનાં બધાં ક્ષેત્રોમાં સફળપણે ઉપયોગી બનવાની પૂર્ણ યોગ્યતા છે જ અને તે કારણે જ તેને પ્રમાણશાસ્ત્રમાં જૈનોનો ફાળો ગણવાનું અનુપયુક્ત નથી.

તત્ત્વચિન્તનમાં અનેકાન્ત દૃષ્ટિનો વ્યાપક ઉપયોગ કરીને જૈન તાર્કિકોએ પોતાનાં આગમિક પ્રમેયો તથા સર્વસાધારણ ન્યાયનાં પ્રમેયોમાંથી જે જે મન્તવ્યો તાર્કિક દૃષ્ટિએ સ્થિર કર્યાં અને પ્રમાણશાસ્ત્રમાં જેમનું નિરૂપણ કર્યું તેમાંથી થોડાં એવાં મન્તવ્યોનો નિર્દેશ પણ ઉદાહરણ તરીકે અહીં કરી દેવો જરૂરી છે, જે મન્તવ્યો એક માત્ર જૈન તાર્કિકોની વિશેષતાને દર્શાવે છે — પ્રમાણવિભાગ, પ્રત્યક્ષનું તાત્ત્વિકત્વ, ઇન્દ્રિયજ્ઞાનના વ્યાપારનો ક્રમ, પરોક્ષના પ્રકાર, હેતુનું રૂપ, અવયવોની પ્રાયોગિક વ્યવસ્થા, કથાનું સ્વરૂપ, નિગ્રહસ્થાન યા જય-પરાજયવ્યવસ્થા, પ્રમેય અને પ્રમાતાનું સ્વરૂપ, સર્વજ્ઞત્વસમર્થન વગેરે.

**૨. પ્રમાણવિભાગ** — જૈન પરંપરાનો પ્રમાણવિષયક મુખ્ય વિભાગ[૧] બે દૃષ્ટિએ અન્ય પરંપરાની અપેક્ષાએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. એક તો એ કે એવા સર્વાનુભવસિદ્ધ વૈલક્ષણ્ય ઉપર મુખ્ય વિભાગ અવલંબિત છે કે જેના કારણે એક વિભાગમાં પડતાં પ્રમાણો બીજા વિભાગથી અસંકીર્ણપણે અલગ થઈ જાય છે જે ઈતર પરંપરાઓના પ્રમાણવિભાગમાં શક્ય બનતું નથી. બીજી દૃષ્ટિ એ છે કે ભલે ને કોઈ પણ દર્શનની ન્યૂન કે અધિક પ્રમાણ સંખ્યા કેમ ન હોય પરંતુ તે બધી ખેંચતાણ કર્યા વિના આ વિભાગમાં સમાઈ જાય છે. કોઈ પણ જ્ઞાન યા તો સીધેસીધું સાક્ષાત્કારાત્મક હોય છે યા તો અસાક્ષાત્કારાત્મક, આ જ પ્રાકૃત-પંડિતજનોનો સાધારણ અનુભવ છે અર્થાત્ સૌનો

---

૧. પ્રમાણમીમાંસા, ૧.૧.૧૦ તથા ટિપ્પણ પૃ. ૩૨૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભવ છે. આ અનુભવને સામે રાખીને જૈન ચિંતકોએ પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે મુખ્ય વિભાગ કર્યા જે એકબીજાથી બિલકુલ વિલક્ષણ છે. બીજી તેની ખૂબી એ છે કે તેમાં ન તો ચાર્વાકની જેમ પરોક્ષાનુભવનો અપલાપ છે, ન તો બૌદ્ધદર્શનસંમત પ્રત્યક્ષ-અનુમાન દ્વૈવિધ્યની જેમ આગમ વગેરે ઈતર પ્રમાણવ્યાપારોનો અપલાપ છે યા ખેંચતાણ કરીને અનુમાનમાં તેમનો સમાવેશ કરવો પડે છે, અને ન તો ત્રિવિધપ્રમાણવાદી સાંખ્ય તથા પ્રાચીન વૈશિષક, ચતુર્વિધપ્રમાણવાદી નૈયાયિક, પંચવિધપ્રમાણવાદી પ્રભાકર, ષડ્‌વિધપ્રમાણવાદી ભાટ્ટ મીમાંસક, સપ્તવિધપ્રમાણવાદી યા અષ્ટવિધપ્રમાણવાદી પૌરાણિક વગેરેની જેમ પોતપોતાને અભિમત પ્રમાણસંખ્યાને સ્થિર રાખવા માટે ઇતર સંખ્યાનો અપલાપ કરવો પડે છે કે મારીમચડીને પોતાની સંખ્યામાં પ્રમાણોનો સમાવેશ કરવો પડે છે. ગમે તેટલા પ્રમાણો માનો પરંતુ તે સીધેસીધા કાં તો પ્રત્યક્ષ હશે કાં તો પરોક્ષ. આ સાદી પરંતુ ઉપયોગી સમજ ઉપર જૈનોનો મુખ્ય પ્રમાણવિભાગ સ્થિર થયેલો જણાય છે.

**૩. પ્રત્યક્ષનું તાત્ત્વિકત્વ** — પ્રત્યેક ચિન્તક ઇન્દ્રિયજન્ય જ્ઞાનને પ્રત્યક્ષ માને છે. જૈન દૃષ્ટિનું કહેવું છે કે બીજા કોઈ પણ જ્ઞાનથી પ્રત્યક્ષનું જ સ્થાન ઊંચું અને પ્રાથમિક છે. ઇન્દ્રિયો પરિમિત પ્રદેશમાં અતિસ્થૂળ વસ્તુઓથી આગળ જઈ શકતી નથી, તેમનાથી પેદા થનારા જ્ઞાનને પરોક્ષથી ઊંચું સ્થાન દેવું એ તો ઇન્દ્રિયોનું અત્યન્ત વધુ પડતું મૂલ્ય આંકવા બરાબર છે. ઇન્દ્રિયો કેટલીય પટુ કેમ ન હોય પરંતુ છેવટે તો તે બધી છે તો પરતન્ત્ર જ. તેથી પરતન્ત્રજનિત જ્ઞાનને સર્વશ્રેષ્ઠ પ્રત્યક્ષ માનવા કરતાં તો સ્વતન્ત્રજનિત જ્ઞાનને જ પ્રત્યક્ષ માનવું ન્યાયસંગત છે. આ વિચારથી જૈન ચિન્તકોએ તે જ જ્ઞાનને વસ્તુતઃ પ્રત્યક્ષ માન્યું છે જે સ્વતન્ત્ર આત્માને આશ્રિત છે. આ જૈન વિચાર તત્ત્વચિન્તનમાં મૌલિક છે. આવું હોવા છતાં પણ લોકસિદ્ધ પ્રત્યક્ષને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીને તેમણે અનેકાન્ત દૃષ્ટિનો ઉપયોગ કરી દીધો છે.[1]

**૪. ઇન્દ્રિયજ્ઞાનના વ્યાપારનો ક્રમ** — બધાં દર્શનોમાં એક યા બીજા રૂપમાં થોડા યા વધુ પરિમાણમાં જ્ઞાનના વ્યાપારનો ક્રમ જોવા મળે છે. તેમાં ઐન્દ્રિયક જ્ઞાનના વ્યાપારના ક્રમનું પણ સ્થાન છે. પરંતુ જૈન પરંપરામાં સન્નિપાતરૂપ પ્રાથમિક ઇન્દ્રિયવ્યાપારથી શરૂ કરીને અંતિમ ઇન્દ્રિયવ્યાપાર સુધીનું જે વિશ્લેષણ છે અને જે સ્પષ્ટતાથી અનુભવસિદ્ધ અતિવસ્તૃત વર્ણન છે તેવું વિશ્લેષણ અને વર્ણન બીજાં દર્શનોમાં જોવા નથી મળતું. આ જૈન વિશ્લેષણ અને વર્ણન છે તો અતિપુરાણાં અને વિજ્ઞાનયુગ પહેલાનાં, તેમ છતાં આધુનિક માનસશાસ્ત્રના તથા ઇન્દ્રિયવ્યાપારશાસ્ત્રના વૈજ્ઞાનિક

૧. ટિપ્પણ પૃ. ૩૨૫ તથા પૃ. ૩૩૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભ્યાસીઓ માટે તે બહુ મહત્ત્વનાં છે.[1]

**૫. પરોક્ષના પ્રકાર** — કેવળ સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન અને આગમનાં જ પ્રામાણ્ય-અપ્રામાણ્યને માનવામાં મતભેદોનું જંગલ ન હતું કિન્તુ અનુમાન સુદ્ધાંનાં પ્રામાણ્ય-અપ્રામાણ્ય બાબત વિપ્રતિપત્તિઓ રહી છે. જૈન તાર્કિકોએ જોયું કે પ્રત્યેક પક્ષકાર પોતાના પક્ષનું જ આત્યન્તિકપણે ખેંચવામાં બીજા પક્ષકારોનું સત્ય દેખી શકતો નથી. આ વિચારમાંથી તેમણે તે બધા પ્રકારનાં જ્ઞાનોને પ્રમાણની કોટિમાં દાખલ કર્યા જેમના બળ ઉપર વાસ્તવિક વ્યવહાર ચાલે છે અને જેમનામાંથી કોઈ એકનો અપલાપ કરવા જતાં તુલ્ય યુક્તિથી બીજાનો અપલાપ કરવો અનિવાર્ય થઈ પડે છે. આવા બધા પ્રમાણપ્રકારોને તેમણે પરોક્ષમાં નાખી પોતાની સમન્વયદૃષ્ટિનો પરિચય કરાવ્યો.[2]

**૬. હેતુનું રૂપ** — હેતુના સ્વરૂપના વિષયમાં મતભેદના અનેક અખાડા કાયમ થઈ ગયા હતા. આ યુગમાં જૈન તાર્કિકોએ વિચાર્યું કે શું હેતુનું એક જ રૂપ એવું મળી શકે કે નહિ, કે જેના ઉપર બધા મતભેદોનો સમન્વય પણ થઈ શકે અને જે વાસ્તવિક પણ હોય. આ ચિન્તનમાંથી તેમણે હેતુનું એક માત્ર અન્યથાનુપપત્તિ રૂપ નિશ્ચિત કર્યું જે હેતુનું નિર્દોષ લક્ષણ પણ બની શકે અને બધા મતોના સમન્વયની સાથે સાથે જે સર્વમાન્ય પણ હોય. જ્યાં સુધી અમે તપાસ્યું છે અને દેખ્યું છે ત્યાં સુધી તો હેતુનું એવું એક માત્ર તાત્ત્વિકરૂપ નિશ્ચિત કરવાનું તથા તેના દ્વારા ત્રણ, ચાર, પાંચ અને છ પૂર્વસિદ્ધ હેતુરૂપોનો યથાસંભવ સ્વીકાર કરવાનું શ્રેય જૈન તાર્કિકોને જ છે.[3]

**૭. અવયવોની પ્રાયોગિક વ્યવસ્થા** — પરાર્થાનુમાનના અવયવોની સંખ્યાના વિશે પણ પ્રતિદ્વન્દ્વીભાવ પ્રમાણના ક્ષેત્રમાં કાયમ થઈ ગયો હતો. જૈન તાર્કિકોએ તે વિષયના પક્ષભેદની યથાર્થતા-અયથાર્થતાનો નિર્ણય શ્રોતાની યોગ્યતાના આધાર પર જ કર્યો, જે વસ્તુતઃ સાચી કસોટી બની શકે છે. આ કસોટીમાંથી તેમને અવયવોના પ્રયોગની વ્યવસ્થા બરાબર સૂઝી આવી જે વસ્તુતઃ અનેકાન્તદૃષ્ટિમૂલક હોવા સાથે સર્વસંગ્રાહિણી છે અને આવી સ્પષ્ટ વ્યવસ્થા અન્ય પરંપરાઓમાં ભાગ્યે જ જોવા મળે છે.[4]

**૮. કથાનું સ્વરૂપ** — આધ્યાત્મિકતામિશ્રિત તત્ત્વચિન્તનમાં પણ સામ્પ્રદાયિક બુદ્ધિ દાખલ થતાં જ તેમાં આધ્યાત્મિકતાની સાથે અસંગત એવી ચર્ચાઓ જોરભેર

---

૧. ટિપ્પણ પૃ. ૩૫૭.

૨. પ્રમાણમીમાંસા ૧.૨.૨. ટિપ્પણ પૃ.૩૯૦; પૃ. ૩૯૨; પૃ.૩૯૪.

૩. ટિપ્પણ પૃ. ૪૦૦.

૪. ટિપ્પણ પૃ. ૪૧૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલવા લાગી, આવી ચર્ચાઓના પરિણામે જલ્પ અને વિતંડા રૂપ કથા ચલાવવી પણ પ્રતિષ્ઠાદાયી સમજાવા લાગ્યું, આ પ્રકારની કથા છલ, જાતિ આદિના અસત્ય દાવપેચો પર જ નિર્ભર રહેતી. જૈન તાર્કિક સામ્પ્રદાયિકતાથી મુક્ત તો ન હતા, તેમ છતાં તેમની પરંપરાગત અહિંસા તેમજ તેમની વીતરાગત્વની પ્રકૃતિએ તેમને તે અસંગતિનું ભાન કરાવ્યું, તેનાથી પ્રેરાઈને તેમણે પોતાના તર્કશાસ્ત્રમાં કથાનું કેવળ એક વાદાત્મક રૂપ જ સ્થિર કર્યું જે વાદાત્મક કથામાં છલ આદિ કોઈ પણ ચાલબાજીનો પ્રયોગ વર્જ્ય છે અને જે એકમાત્ર તત્ત્વજિજ્ઞાસાની દૃષ્ટિએ જ ચલાવવામાં આવે છે. અહિંસાની આત્યન્તિક સમર્થક જૈન પરંપરાની જેમ બૌદ્ધ પરંપરા પણ રહી છે, તેમ છતાં છલ આદિના પ્રયોગોમાં હિંસા દેખીને તેમને નિંદ્ય ઠરાવવાનો તથા એક માત્ર વાદકથાને જ પ્રતિષ્ઠિત બનાવવાનો માર્ગ તો જૈન તાર્કિકોએ જ પ્રશસ્ત કર્યો. આ વસ્તુ તરફ તત્ત્વચિન્તકોનું ધ્યાન જવું જરૂરી છે.[1]

**૯. નિગ્રહસ્થાન યા જય-પરાજયવ્યવસ્થા** — વૈદિક અને બૌદ્ધ પરંપરાના સંઘર્ષે નિગ્રહસ્થાનના સ્વરૂપના વિષયમાં વિકાસસૂચક ઘણી જ ભારે પ્રગતિ સિદ્ધ કરી હતી, તો પણ આ ક્ષેત્રમાં જૈન તાર્કિકોએ પ્રવેશ કરતાં જ એક નવી વાત સૂઝાડી જે ન્યાયવિકાસના સમગ્ર ઈતિહાસમાં અત્યંત મહત્ત્વની અને અત્યાર સુધીમાં સૌથી અન્તિમ છે. તે વાત છે જય-પરાજયવ્યવસ્થાનું નવું નિર્માણ કરવાની. આ નવું નિર્માણ સત્ય અને અહિંસા બન્ને તત્ત્વો પર પ્રતિષ્ઠિત થયું. પહેલાંની જય-પરાજયવ્યવસ્થામાં આ તત્ત્વો ન હતાં.[2]

**૧૦. પ્રમેય અને પ્રમાતાનું સ્વરૂપ** — પ્રમેય જડ હો યા ચેતન, પરંતુ બધાંનું સ્વરૂપ જૈન તાર્કિકોએ અનેકાન્ત દૃષ્ટિનો ઉપયોગ કરીને જ સ્થાપિત કર્યું અને સર્વવ્યાપકરૂપે કહી દીધું કે વસ્તુમાત્ર પરિણામિનિત્ય છે. નિત્યતાના ઐકાન્તિક આગ્રહની ધૂનમાં અનુભવસિદ્ધ અનિત્યતાનો ઈનકાર કરવાની અશક્યતા દેખીને કેટલાક તત્ત્વચિન્તક ગુણ, ધર્મ આદિમાં અનિત્યતા ઘટાવીને તેનો મેળ નિત્ય દ્રવ્યની સાથે ખેંચતાણ કરીને બેસાડી રહ્યા હતા અને કેટલાક તત્ત્વચિન્તક અનિત્યતાના ઐકાન્તિક આગ્રહની ધૂનમાં અનુભવસિદ્ધ નિત્યતાને પણ કલ્પના માત્ર દર્શાવી રહ્યા હતા. તે બન્ને પ્રવૃત્તિઓમાં જૈન તાર્કિકોએ સ્પષ્ટપણે અનુભવની આંશિક અસંગતિ દેખી અને પૂરા વિશ્વાસ સાથે બલપૂર્વક પ્રતિપાદન કરી દીધું કે જ્યારે અનુભવ ન તો કેવળ નિત્યતાનો છે કે ન તો કેવળ અનિત્યતાનો ત્યારે કોઈ એક અંશને માનીને બીજા અંશનો

---

૧. ટિપ્પણ પૃ.૪૩૩; પૃ.૪૪૨.

૨. ટિપ્પણ પૃ.૪૪૬.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારીમચડીને મેળ બેસાડવાનો પ્રયત્ન કરવા કરતાં બન્ને અંશોને તુલ્ય સત્યરૂપમાં સ્વીકારવા એ જ ન્યાયસંગત છે. આ પ્રતિપાદનમાં દેખાતા વિરોધનો પરિહાર તેમણે દ્રવ્ય અને પર્યાય યા સામાન્ય અને વિશેષને ગ્રહણ કરનારી બે દૃષ્ટિઓનું સ્પષ્ટ પૃથક્કરણ કરીને કરી દીધો, દ્રવ્ય-પર્યાયની વ્યાપક દૃષ્ટિનો આ વિકાસ જૈન પરંપરાનું જ પ્રદાન છે.[1]

જીવાત્મા, પરમાત્મા અને ઈશ્વરના સંબંધમાં સદ્ગુણવિકાસ યા આચરણસાફલ્યની દૃષ્ટિએ અસંગત એવી અનેક કલ્પનાઓ તત્ત્વચિન્તનના પ્રદેશમાં પ્રચલિત હતી. એક માત્ર પરમાત્મા જ છે યા પરમાત્માથી જુદા અનેક જીવાત્મા ચેતન પણ છે, પરંતુ તત્ત્વતઃ તે બધા કૂટસ્થ નિર્વિકાર અને નિર્લેપ જ છે. જે કંઈ દોષ યા બન્ધન છે તે યા તો કેવળ ભ્રાન્તિ જ છે યા જડ પ્રકૃતિગત છે. આ મતલબનું તત્ત્વચિન્તન એક તરફ હતું. બીજી તરફ એવું પણ તત્ત્વચિન્તન હતું જે કહેતું કે ચૈતન્ય તો છે, તેમાં દોષ, વાસના આદિનું વળગણ છે તથા તેનાથી છૂટકારાની યોગ્યતા પણ છે પરંતુ તે ચૈતન્યની પ્રવાહબદ્ધ ધારામાં કોઈ સ્થિર તત્ત્વ નથી. આ બન્ને પ્રકારના તત્ત્વચિન્તનોમાં સદ્ગુણવિકાસ અને સદાચારસાફલ્યની સંગતિ સરળતાથી બંધબેસતી નથી. વૈયક્તિક યા સામૂહિક જીવનમાં સદ્ગુણવિકાસ અને સદાચારનિર્માણ સિવાય બીજી કોઈ પણ રીતે સામંજસ્ય જામી શકતું નથી. આવું વિચારી જૈન ચિન્તકોએ આત્માનું સ્વરૂપ એવું માન્યું જેમાં એકસરખી પરમાત્મ શક્તિ પણ રહે અને સાથે સાથે જેમાં દોષ, વાસના આદિના નિવારણ દ્વારા જીવનશુદ્ધિની વાસ્તવિક જવાબદારી પણ રહે. આત્મવિષયક જૈન ચિન્તનમાં વાસ્તવિક પરમાત્મશક્તિ યા ઈશ્વરભાવનું તુલ્ય રૂપમાં સ્થાન છે અને સાથે સાથે અનુભવસિદ્ધ આગન્તુક દોષોના નિવારણાર્થ તથા સહજશુદ્ધિના આવિર્ભાવાર્થ પ્રયત્નને પૂરો અવકાશ પણ છે. આ વ્યવહારસિદ્ધ બુદ્ધિમાંથી જીવભેદવાદ તથા દેહપરિમાણવાદ સ્થાપિત થયા જે સંમિલિતરૂપે એકમાત્ર જૈન પરંપરામાં જ છે.[2]

**૧૧. સર્વજ્ઞત્વસમર્થન** — પ્રમાણશાસ્ત્રમાં જૈન સર્વજ્ઞવાદ બે દૃષ્ટિએ પોતાનું ખાસ સ્થાન ધરાવે છે. એક તો એ કે તે જીવસર્વજ્ઞવાદ છે જેમાં પ્રત્યેક અધિકારી જીવની સર્વજ્ઞત્વ પ્રાપ્ત કરવાની શક્તિ માનવામાં આવી છે અને બીજી દૃષ્ટિ એ કે જૈન પક્ષ નિરપવાદપણે સર્વજ્ઞવાદી જ રહ્યો છે જેવું ન તો બૌદ્ધ પરંપરામાં બન્યું છે કે ન તો વૈદિક પરંપરામાં. આ કારણે કાલ્પનિક, અકાલ્પનિક, મિશ્રિત એવી બધી જ સર્વજ્ઞત્વસમર્થક યુક્તિઓનો સંગ્રહ એકલા જૈન પ્રમાણશાસ્ત્રમાં જ મળી જાય છે. તે

---

૧. ટિપ્પણ પૃ.૩૬૭; પૃ.૩૬૮; પૃ.૩૭૨.

૨. ટિપ્પણ પૃ.૩૮૭; પૃ.૪૬૮.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંગ્રહ સર્વજ્ઞત્વના સંબંધમાં થયેલા ભૂતકાલીન બૌદ્ધિક વ્યાયામના ઈતિહાસના અભ્યાસીઓના તથા સામ્પ્રદાયિક ભાવનાવાળાઓના કામની ચીજ છે.[1]

## ૨. ભારતીય પ્રમાણશાસ્ત્રમાં હેમચન્દ્રનું પ્રદાન

પરંપરાપ્રાપ્ત ઉપર્યુક્ત તથા બીજા અનેક નાનામોટા તત્ત્વજ્ઞાનના મુદ્દાઓ પર હેમચન્દ્રે કોઈ વિશિષ્ટ ચિન્તન કર્યું છે કે નહિ અને કર્યું છે તો કયા કયા મુદ્દા પર કેવા પ્રકારનું છે જેને જૈન તર્કશાસ્ત્ર ઉપરાંત ભારતીય પ્રમાણશાસ્ત્રમાં સર્વસામાન્યપણે તેમનું પ્રદાન કહી શકાય. આનો ઉત્તર અમે ટિપ્પણોમાં તે તે સ્થાને ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિ દ્વારા વિસ્તારથી આપ્યો છે; તેનું પિષ્ટપેષણ કરવાની અહીં જરૂરત નથી. વિશેષ જિજ્ઞાસુ તે તે મુદ્દાનાં ટિપ્પણો જોઈ લે.

— સુખલાલ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. ટિપ્પણ પૃ. ૩૩૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગ્રન્થકારનો પરિચય

## [ ૧ ]

ભારતવર્ષના ઈતિહાસને ઉજ્જ્વલ કરનાર તેજસ્વી આચાર્યમંડલમાં શ્રી હેમચન્દ્રાચાર્ય પ્રતિષ્ઠિત છે. પોતાની જન્મભૂમિના અને કાર્યક્ષેત્રના પ્રદેશના લોકોની સ્મૃતિમાં તેમનું નામ સર્વદા અલુપ્ત રહ્યું છે. તેમના ઉત્તરકાલીન સંસ્કૃત પંડિતોમાં તેમના ગ્રન્થોનો આદર થયો છે અને જે સમ્પ્રદાયને તેમણે અલંકૃત કર્યો હતો તેમાં તે 'કલિકાલસર્વજ્ઞ'ની અસાધારણ સમ્માન્ય ઉપાધિથી વિખ્યાત બન્યા છે.

નિરુક્તકાર યાસ્કાચાર્ય પ્રસંગવશાત્ આચાર્ય શબ્દનું નિર્વચન કરતાં કહે છે કે 'આચાર્ય શા કારણથી ? આચાર્ય આચારને ગ્રહણ કરાવે છે, અથવા આચાર્ય અર્થોની વૃદ્ધિ કરે છે યા બુદ્ધિને વધારે છે.'[1] ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ વ્યુત્પત્તિઓ સાચી હો યા ન હો, પરંતુ આચાર્યના ત્રણેય ધર્મોનો આમાં સમાવેશ થતો જણાય છે. આજકાલની પરિભાષામાં આપણે આમ કહી શકીએ કે આચાર્ય શિષ્યવર્ગને શિષ્ટાચાર તથા સદ્વર્તન શીખવે છે, વિચારોની વૃદ્ધિ કરે છે અને એ રીતે બુદ્ધિની વૃદ્ધિ કરે છે; અર્થાત્ ચારિત્ર તથા બુદ્ધિનો વિકાસ કરાવવામાં જે સમર્થ હોય તે આચાર્ય. આ અર્થમાં શ્રી હેમચન્દ્ર ગુજરાતના એક પ્રધાન આચાર્ય થયા. આ વાત તેમના જીવનકાર્યનો અને લોકમાં તે કાર્યના પરિણામનો ઈતિહાસ જોવાથી સ્પષ્ટ થાય છે.

જે દેશ-કાળમાં આચાર્ય હેમચન્દ્રનું જીવન કૃતાર્થ થયું તે એક તરફ તો તેમની શક્તિઓની પૂરી કસોટી કરે તેવા હતા અને બીજી તરફ તે શક્તિઓને પૂરો અવકાશ દે તેવા પણ હતા.

## [ ૨ ]

જો જિનપ્રભસૂરિએ 'પુરાવિદોના મુખે સાંભળેલી' પરંપરા સત્ય હોય તો આપણે કહી શકીએ કે વિ.સં. ૫૦૨ (ઈ.સ. ૪૪૬)માં લક્ખારામ નામે જે જનનિવાસ પ્રખ્યાત હતો તે સ્થાને વિ. સં. ૮૦૨ (ઈ.સ. ૭૪૬)માં 'અણહિલ્લ ગોપાલ' દ્વારા પરીક્ષિત પ્રદેશમાં 'ચાઉક્કડ વંશના મોતી સમ વણરાયે' 'પત્તણ' વસાવ્યું.[2] આ પત્તણ અણહિલ્લ-પુરપાટનના નામે ઈતિહાસમાં પ્રસિદ્ધ થયું. આ રાજધાનીનું શાસન ચાવડાઓએ અને

---

૧. आचार्यः कस्मात् ? आचार्य आचारं ग्राहयति, आचिनोत्यर्थान्, आचिनोति बुद्धिमिति वा । અ. ૧-૪, પૃ. ૯૨ (બોમ્બે સંસ્કૃત પ્રાકૃત સિરિઝ).

૨. વિવિધતીર્થકલ્પ, પૃ. ૫૧, સંપાદક મુનિ શ્રી જિનવિજયજી, સિંઘી જૈન ગ્રન્થમાલા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોલંકીઓએ ધીરે ધીરે વિસ્તાર્યું અને તેની સાથોસાથ ભિન્નમાલ (અથવા શ્રીમાલ), વલભી તથા ગિરિનગરની નગરશ્રીઓની આ નગરશ્રી ઉત્તરાધિકારિણી બની. આ ઉત્તરાધિકારમાં સમ્રાડ્ધાનીઓ – કાન્યકુબ્જ, ઉજ્જયિની અને પાટલિપુત્રના પણ સંસ્કાર હતા. આ અભ્યુદયની પરાકાષ્ઠા જયસિંહ સિદ્ધરાજ (વિ. સં. ૧૧૫૦-૧૧૯૯) અને કુમારપાલ (વિ. સં. ૧૧૯૯-૧૨૨૯)ના સમયમાં દેખાઈ અને પોણી સદીથી અધિક કાળ (ઈ.સ. ૧૦૯૪-૧૧૭૩) સુધી સ્થિર રહી. આચાર્ય હેમચન્દ્રનો આયુષ્કાલ આ યુગમાં પડે છે, તેમને આ સંસ્કાર સમૃદ્ધિનો લાભ મળ્યો હતો. આચાર્ય હેમચન્દ્ર આ યુગથી બન્યા હતા અને તેમણે આ યુગને બનાવ્યો હતો !

જયસિંહ સિદ્ધરાજના પિતામહ ભીમદેવ (પ્રથમ) (ઇ.સ. ૧૦૨૧-૬૪) અને પિતા કર્ણદેવ(ઈ.સ. ૧૦૬૪-૯૪)ના કાળમાં અણહિલ્લપુરપાટન દેશવિદેશના વિખ્યાત વિદ્વાનોના સમાગમ અને નિવાસનું સ્થાન બની ગયું હતું, એવું 'પ્રભાવકચરિત'ના ઉલ્લેખો ઉપરથી જણાય છે.[1] ભીમદેવના સાન્ધિવિગ્રહિક 'વિપ્ર ડામર', જેમનો ઉલ્લેખ હેમચન્દ્ર દામોદરના નામે કરે છે, પોતાની બુદ્ધિમત્તાના કારણે પ્રસિદ્ધ થયા હશે એવું જણાય છે.[2] શૈવાચાર્ય જ્ઞાનદેવ, પુરોહિત સોમેશ્વર, સુરાચાર્ય, મધ્યદેશના બ્રાહ્મણ પંડિત શ્રીધર અને શ્રીપતિ (જે આગળ જઈને જિનેશ્વર અને બુદ્ધિસાગર નામધારી જૈન સાધુ તરીકે પ્રસિદ્ધ થયા[3]), જયરાશિ ભટ્ટના 'તત્ત્વોપપ્લવ' ગ્રન્થની 'યુક્તિઓ'ના બળથી પાટનની સભામાં વાદ કરનારા ભૃગુકચ્છ (ભરૂચ)ના કૌલકવિ ધર્મ, તર્કશાસ્ત્રના પ્રૌઢ અધ્યાપક જૈનાચાર્ય શાન્તિસૂરિ જેમની પાઠશાળામાં 'બૌદ્ધ તર્કમાંથી ઉત્પન્ન અને સમજવામાં કઠિન એવાં પ્રમેયો'ની શિક્ષા આપવામાં આવતી હતી અને આ તર્કશાળાના સમર્થ છાત્ર મુનિચન્દ્રસૂરિ ઇત્યાદિ પંડિતો પ્રખ્યાત હતા. 'કર્ણસુન્દરી નાટિકા'ના કર્તા કાશ્મીરી પંડિત બિલ્હણે અને નવાંગીટીકાકાર અભયદેવસૂરિએ કર્ણદેવના રાજ્યમાં પાટનને સુશોભિત કર્યું હતું.

---

૧. જુઓ પ્રભાવકચરિત (નિર્ણયસાગર), પૃષ્ઠ ૨૦૬-૩૪૬.

૨. ભીમદેવની રાણી ઉદયમતીની વાપિકા - વાવડીની સાથે દામોદરના કૂવાનો લોકોક્તિમાં ઉલ્લેખ આવે છે. તે ઉપરથી દામોદરે સુંદર શિલ્પને ઉત્તેજન આપ્યું હશે એવું પ્રતીત થાય છે. લોકોક્તિ – 'રાણકી વાવ ને દામોદર કુવો જેણે ન જોયો તે જીવતા મુઓ', જુઓ પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૩૦-૩૪, સિંઘી જૈન ગ્રન્થમાલા. વળી, 'દામોદર' ઉલ્લેખ માટે જુઓ દ્વયાશ્રય ૮.૬૧.

૩. બુદ્ધિસાગરકૃત ૭૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત વ્યાકરણ જાબાલિપુર (જાલોર, મારવાડ)માં વિ. સં. ૧૧૮૦ (ઈ.સ. ૧૧૨૪)માં પૂર્ણ થયું હતું. જિનેશ્વરે તર્ક ઉપર ગ્રંથ લખ્યો હતો. જુઓ પુરાતત્ત્વ, પુસ્તક ૨, પૃ. ૮૩-૮૪; કાવ્યાનુશાસન પ્રસ્તાવના, પૃ. ૧૪૪-૪૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયસિંહ સિદ્ધરાજના સમયમા સિંહ નામના સાંખ્યવાદી, જૈન વીરાચાર્ય, 'પ્રમાણનયતત્ત્વાલોક' અને ટીકા 'સ્યાદ્વાદરત્નાકર'ના રચનાર પ્રસિદ્ધ તાર્કિક વાદિદેવસૂરિ વગેરે પ્રખ્યાત હતા. 'મુદ્રિતકુમુદચન્દ્ર' નામના પ્રકરણમાં જયસિંહની વિદ્વત્સભાનું વર્ણન આવે છે. તેમાં તર્ક, ભારત અને પરાશરના મહર્ષિ સમ મહર્ષિનો, શારદાદેશમાં (કાશ્મીરમાં) જેમની વિદ્યાનો ઉજ્જ્વલ મહોત્સવ સુવિખ્યાત હતો એવા ઉત્સાહ પંડિતનો, અદ્‌ભુત મતિરૂપી લક્ષ્મી માટે સાગર સમ સાગર પંડિતનો અને પ્રમાણશાસ્ત્રના મહાર્ણવના પારંગત રામનો ઉલ્લેખ આવે છે (અંક ૫, પૃ. ૪૫). વડનગરની પ્રશસ્તિના સર્જક પ્રજ્ઞાચક્ષુ, પ્રાગ્વાટ (પોરવાડ) કવિ શ્રીપાલ અને 'મહાવિદ્વાન્' અને 'મહામતિ' આદિ વિશેષણોથી યુક્ત ભાગવત દેવબોધ પરસ્પર સ્પર્ધા કરતા હતા પરંતુ તો પણ જયસિંહના માન્ય હતા. વારાણસીના ભાવ બૃહસ્પતિએ પણ પાટનમાં આવી શૈવધર્મના ઉદ્ધાર માટે જયસિંહને સમજાવ્યા હતા. આ જ ભાવ બૃહસ્પતિને કુમારપાલે સોમનાથ પાટણના ગંડ (રક્ષક) પણ બનાવ્યા હતા.

તે બધા ઉપરાંત મલધારી હેમચન્દ્ર, 'ગણરત્નમહોદધિ'ના કર્તા વર્ધમાનસૂરિ, 'વાગ્ભટાલંકાર'ના કર્તા વાગ્ભટ આદિ વિદ્વાન પાટનમાં પ્રસિદ્ધ હતા.[1]

આ ઉપરથી એવી કલ્પના થાય છે કે જે પંડિતમંડલમાં આચાર્ય હેમચન્દ્રે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી તે સાધારણ ન હતું. તે યુગમાં વિદ્યા તથા કલાને જે ઉત્તેજન મળતું હતું[2] તેનાથી હેમચન્દ્રને વિદ્વાન બનવા માટેનાં સાધનો સુલભ થયાં હશે, પરંતુ વિદ્વાનોમાં અગ્રેસર થવા માટે તેમને અસાધારણ બુદ્ધિકૌશલ દેખાડવું પડ્યું હશે.

## [ ૩ ]

શ્રી જિનવિજયજીએ કહ્યું છે તે મુજબ ભારતના કોઈ પણ પ્રાચીન ઐતિહાસિક પુરુષ વિષયક જેટલી ઐતિહ્ય સામગ્રી ઉપલબ્ધ થાય છે તેની તુલનામાં આચાર્ય હેમચન્દ્રવિષયક લભ્ય સામગ્રીને વિપુલ કહી શકાય; તો પણ આચાર્યના જીવનનું સુરેખ ચિત્ર ચિત્રિત કરવા માટે તે સામગ્રી સર્વથા અપૂર્ણ છે.

ડૉ. બ્યુલ્હરે ઈ.સ. ૧૮૮૯માં વિએનામાં આચાર્ય હેમચન્દ્રના જીવન ઉપર ગવેષણાપૂર્વક એક નિબંધ પ્રગટ કર્યો હતો. તેમાં તેમણે આ. હેમચન્દ્રના પોતાના ગ્રન્થ 'દ્વયાશ્રયકાવ્ય' 'સિદ્ધહેમની પ્રશસ્તિ' અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' ગત

---

૧. જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના, પૃ. ૨૪૨-૬૨.

૨. શિલ્પકલા માટે જુઓ — હેમચન્દ્રના શિષ્ય રામચન્દ્રકૃત 'કુમારપાલવિહારશતક', તેમાં કુમારપાલવિહાર નામના મંદિરનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મહાવીરચરિત' ઉપરાંત પ્રભાચન્દ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત' (વિ.સં. ૧૩૩૪, ઈ.સ. ૧૨૭૮), મેરુતુંગકૃત 'પ્રબન્ધચિન્તામણિ' (વિ.સ. ૧૩૬૧, ઈ.સ. ૧૩૦૫), રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ' અને જિનમંડન ઉપાધ્યાયકૃત 'કુમારપાલપ્રબન્ધ'નો સાધન તરીકે ઉપયોગ કર્યો હતો. હવે આપણને તે બધા ગ્રન્થો ઉપરાંત સોમપ્રભસૂરિકૃત 'કુમારપાલપ્રતિબોધ' અને 'શતાર્થકાવ્ય', યશઃપાલકૃત 'મોહરાજપરાજય' (વિ.સં. ૧૨૨૯-૩૨) અને અજ્ઞાતકર્તૃક 'પુરાતનપ્રબન્ધસંગ્રહ' ઉપલબ્ધ છે. તેમનામાંથી સોમપ્રભસૂરિ તથા યશઃપાલ આચાર્ય હેમચન્દ્રના લઘુવયસ્ક સમકાલીન હતા.

આ સામગ્રીમાંથી 'કુમારપાલપ્રતિબોધ'ને (વિ.સં. ૧૨૪૧) આચાર્યની જીવનકથા માટે મુખ્ય આધારગ્રન્થ ગણવો જોઈએ અને બીજા ગ્રન્થોને પૂરક માનવા જોઈએ.

સોમપ્રભસૂરિના કથન અનુસાર તેમની પાસે જ્ઞેયસામગ્રી ઘણી હતી, પરંતુ તે સામગ્રીમાંથી તેમણે પોતાના રસના વિષય અનુસાર જ પસંદગી કરી ઉપયોગ કર્યો છે.[1] તેથી આપણે જેને જાણવા ઈચ્છતા હોઈએ એવો ઘણો બધો વૃત્તાન્ત ગૂઢ જ રહે છે.

जैन साईट JAINSITE

[ ૪ ]

'પ્રભાવકચરિત' અનુસાર આચાર્યની જન્મતિથિ[2] વિ. સં. ૧૧૪૫ કાર્તિક પૂર્ણિમા છે. આ ગ્રન્થ પછીના બધા ગ્રન્થો આ જ તિથિ આપે છે. તેથી આ તિથિનો સ્વીકાર કરવામાં કોઈ બાધા નથી. લઘુવયસ્ક સમકાલીન સોમપ્રભસૂરિને આચાર્યના જીવનની કોઈપણ ઘટનાની તિથિ દેવાની આવશ્યકતા જણાઈ નથી.

'મોઢકુલ', પિતા 'ચચ્ચ' (અથવા ચાચિગ), માતા 'ચાહિણી' (અથવા પાહિણી), વાસસ્થાન 'ધંધુક્ય' (ધન્ધુકા) — આ વાતો પણ નિર્વિવાદ છે. જન્મ ધન્ધુકામાં જ થયો હશે કે અન્યત્ર એ વિશે સોમપ્રભસૂરિનું સ્પષ્ટ કથન નથી.

બાળકનું નામ 'ચંગદેવ' હતું. તે જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે માતાએ જે આશ્ચર્યજનક સ્વપ્નો જોયાં હતાં તેમનું વર્ણન સોમપ્રભસૂરિ કરે છે. આચાર્યના અવસાન પછી બારમા વર્ષે પૂર્ણ થયેલા[3] ગ્રન્થમાં આ રીતે ચમત્કારી પુરુષ ગણાવા લાગવું એ સમકાલીન પુરુષોમાં તેમનો જે જીવનમહિમા હતો તેનું સૂચક છે.

---

૧. કુમારપાલપ્રતિબોધ, પૃ. ૩, શ્લોક ૩૦-૩૧.

૨. એજન, પૃ. ૩૪૭, શ્લોક ૮૪૮.

૩. એજન, પૃ. ૪૭૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોમપ્રભસૂરિની કથા અનુસાર—

"પૂર્ણતલ્લગચ્છના દેવચન્દ્રસૂરિ વિહાર કરતાં કરતાં ધંધુકા આવે છે. ત્યાં એક દિવસ દેશના પૂરી થયા પછી એક 'વણિક્કુમાર' હાથ જોડીને આચાર્યને વિનંતી કરે છે—'સુચારિત્રરૂપી જલયાન દ્વારા સંસારસમુદ્રને પાર કરાવો.' બાળકના મામા નેમિ ગુરુને પરિચય કરાવે છે."

"દેવચન્દ્રસૂરિ કહે છે કે — 'આ બાળકને પ્રાપ્ત કરીને અમે તેને નિઃશેષ શાસ્ત્ર-પરમાર્થમાં અવગાહન કરાવીશું. પછી તે આ લોકમાં તીર્થંકર જેવો ઉપકારક થશે. તેથી તેના પિતા ચચ્ચને કહો કે આ ચંગદેવને વ્રતગ્રહણ માટે આજ્ઞા કરે.' "[1]

"ઘણું કહેવા છતાં પણ પિતા અતિસ્નેહના કારણે આજ્ઞા નથી આપતા. પરંતુ પુત્ર 'સંયમગ્રહણ' માટે દૃઢમના છે. મામાની અનુમતિથી તે ચાલી નીકળે છે અને ગુરુ સાથે 'ખમ્ભતિત્થ' (ખંભાત) પહોંચે છે."

સોમપ્રભસૂરિના કથનમાંથી એટલું તો સ્પષ્ટ છે કે પિતાની અનુમતિ ન હતી. માતાનો અભિપ્રાય શું હતો એ વિશે તે મૌન સેવે છે. મામાની અનુમતિથી ચંગદેવ ઘર છોડી ચાલી નીકળે છે. સોમપ્રભસૂરિના કથનનું તાત્પર્ય એવું પણ છે કે બાળક ચંગદેવ પોતે જ દીક્ષા માટે દૃઢ હતો. પાંચ કે આઠ વર્ષના બાળક માટે આવી દૃઢતા મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ક્યાં સુધી શક્ય છે એ શંકાનું જે રીતે નિરાકરણ હો તે રીતે આ વિષયનું ઐતિહાસિક દૃષ્ટિએ નિરાકરણ થઈ શકે છે. સંભવ છે કે કેવળ સાહિત્યિક છટા લાવવા માટે પણ આ રીતે સોમપ્રભસૂરિએ આ પ્રસંગનું વર્ણન કર્યું હોય.

ચંગદેવનો શ્રમણ સમ્પ્રદાયમાં પ્રવેશ ક્યારે થયો એ વિશે મતભેદ છે. 'પ્રભાવકચરિત' અનુસાર વિ.સં. ૧૧૫૦ (ઈ.સ. ૧૦૯૪) અર્થાત્ પાંચ વર્ષની આયુમાં થયો[2]. જિનમંડનકૃત 'કુમારપાલપ્રબન્ધ' વિ.સં. ૧૧૫૪ (ઈ.સ. ૧૦૯૮)નું વર્ષ બતાવે છે જ્યારે પ્રબંન્ધચિન્તામણિ, પુરાતનપ્રબન્ધસંગ્રહ અને પ્રબન્ધકોશ આઠ વર્ષની આયુ દર્શાવે છે. જૈનશાસ્ત્રોનો દીક્ષાવિષયક અભિપ્રાય દેખીએ તો આઠ વર્ષ પહેલાં દીક્ષા સંભવતી નથી. તેથી ચંગદેવે સાધુનો વેશ આઠ વર્ષની ઉંમરે વિ.સં. ૧૧૫૪ (ઈ.સ. ૧૦૯૮)માં ગ્રહણ કર્યો હશે, એમ માનવું અધિક યુક્તિયુક્ત છે.[3]

---

૧. એજન, પૃ. ૨૧.

૨. પ્રભાવકચરિત, પૃ. ૩૪૭, શ્લોક ૮૪૮.

૩. જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૨૬૭-૬૮. પ્રભાવકચરિતમાં વિ. સં. ૧૧૫૦ (ઈ.સ. ૧૦૯૪)નું વર્ષ કેવી રીતે આવ્યું એ વિચારણીય પ્રશ્ન છે. મારું અનુમાન એવું છે કે ધંધુકામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોમપ્રભસૂરિના કથન અનુસાર — " તે 'સોમમુહ' - સૌમ્યમુખનું નામ સોમચન્દ્ર રાખવામાં આવ્યું. થોડો સમય જિનાગમકથિત તપ કરીને પછી તે ગંભીર શ્રુતસાગરને પણ પાર કરી ગયા. 'દુઃષમ સમયમાં જેનો સંભવ નથી એવા ગુણૌઘવાળા' તે છે એવું મનમાં વિચારી શ્રીદેવચન્દ્રસૂરિએ તેમને ગણધર પદ ઉપર સ્થાપ્યા. હેમ જેવી દેહની કાન્તિ હતી અને ચન્દ્રની જેમ લોકોને આનન્દ દેતા હતા, તેથી તે હેમચન્દ્ર નામે પ્રસિદ્ધ થયા. સમગ્ર લોકના ઉપકાર માટે તે વિવિધ દેશોમાં વિહાર કરતા હતા તેથી શ્રી દેવચન્દ્રસૂરિએ તેમને કહ્યું — 'ગુર્જર દેશ છોડી અન્ય દેશોમાં વિહાર ન કર. જ્યાં તું રહ્યો છે ત્યાં જ તું મહાન ઉપકાર કરીશ.' તે ગુરુના વચનથી દેશાન્તરમાં વિહાર કરવાનું છોડી અહીં (ગુર્જરદેશ - પાટનમાં) જ ભવ્યજનોને જાગ્રત કરતા રહે છે."[1]

આ વર્ણનમાંથી એક વાત ખાસ ઉલ્લેખનીય છે. આચાર્ય હેમચન્દ્ર ગુર્જરદેશમાં અને પાટનમાં સ્થિર થયા તે પહેલાં તેમણે ભારતવર્ષના અન્ય ભાગોમાં વિહાર કર્યો હશે અને ગુરુ દેવચન્દ્રની આજ્ઞાથી તેમનો વિહાર ગુર્જરદેશમાં જ મર્યાદિત થયો.

સોમપ્રભસૂરિનું વર્ણન સામાન્ય રૂપનું છે; આચાર્યનું જીવનવૃત્તાન્ત જાણનારાઓની સમક્ષ કહ્યું હોય એવું છે. તેથી આપણા માટે ઉત્તરકાલીન ગ્રન્થો અને પ્રબન્ધો વિશેષ વિગતો માટે આધારરૂપ છે.

ચંગદેવના કુટુંબનો ધર્મ કયો હશે ? સોમપ્રભસૂરિ પિતા માટે એટલું જ કહે છે કે 'કયદેવગુરુજણચ્ચો ચચ્ચો (દેવ અને ગુરુજનની અર્ચા કરનારો ચચ્ચ)' અને તે માતા ચાહિણીના કેવળ શીલનું જ વર્ણન કરે છે. મામા નેમિ દેવચન્દ્રસૂરિનો ઉપદેશ સાંભળવા આવ્યા છે એ ઉપરથી તે જૈનધર્માનુરાગી જણાય છે.

ઉત્તરકાલીન ગ્રન્થો ચચ્ચને મિથ્યાત્વી કહે છે. આ ઉપરથી તે જૈન તો નહીં હોય એવો વિશ્વાસ થાય છે. પ્રબન્ધચિન્તામણિના ઉલ્લેખ અનુસાર[2] પૈસાની લાલચ આપવામાં આવતાં તે તેને 'શિવનિર્માલ્ય'વત્ સમજે છે; તેથી તે માહેશ્વરી (આજકાલના

દેવચન્દ્રસૂરિની દૃષ્ટિ ચંગદેવ ઉપર તે વર્ષમાં ઠરી હશે. પ્રબન્ધચિન્તામણિ અનુસાર ચંગદેવ દેવચન્દ્રસૂરિ સાથે પ્રથમ કર્ણાવતી આવ્યા; ત્યાં ઉદયન મંત્રીના પુત્રો સાથે તેમનું પાલન થયું અને છેવટે ચચ્ચના (પ્રબન્ધચિન્તામણિ અનુસાર ચાચિગના) હાથે જ દીક્ષામહોત્સવ ખંભાતમાં થયો. તે સમયે ચંગદેવની આયુ આઠ વર્ષની થઈ હશે. ચચ્ચની સમ્મતિ પ્રાપ્ત કરવામાં ત્રણ વર્ષ ગયા હશે એવું મારું અનુમાન છે.

૧. કુમારપાલપ્રતિબોધ, પૃ. ૨૨.

૨. પ્રબન્ધચિન્તામણિ, પૃ. ૮૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેશ્રી[1]) હશે. ચાહિની જૈનધર્માનુરાગી હોય એવો સંભવ છે;[2] પાછળથી તે જૈન દીક્ષા લે છે એવો ઉલ્લેખ પ્રબન્ધોમાં છે.

સોમચન્દ્રને એકવીસ વર્ષની આયુમાં વિ.સં. ૧૧૬૬ (ઈ.સ. ૧૧૧૦)માં સૂરિપદ મળ્યું. આ સંવત્સર વિશે મતભેદ નથી. આ સમયથી તે હેમચન્દ્રના નામે વિખ્યાત થયા. કુમારપાલપ્રતિબોધ અનુસાર સૂરિપદનો મહોત્સવ નાગપુર (નાગોર, મારવાડ)માં થયો. આ પ્રસંગે ખર્ચ કરનાર ત્યાંના એક વ્યાપારી ધનદ નામના હતા એમ કહેવામાં આવ્યું છે.

આટલી નાની ઉંમરે આટલું મહત્ત્વનું સ્થાન હેમચન્દ્રને આપવામાં આવ્યું એ સમકાલીનો ઉપર પડેલા તેમના પ્રભાવનું પ્રતીક છે. જયસિંહ સિદ્ધરાજને પણ 'પુરાતનપ્રબન્ધસંગ્રહ' અનુસાર આઠ વર્ષની ઉંમરે રાજ્યાધિકાર મળ્યો હતો[3] અને તેણે પણ અલ્પાયુમાં સોલંકીઓના રાજ્યની પ્રતિષ્ઠા સ્થાપી દીધી હતી.

જેમની વિદ્યાપ્રાપ્તિ આટલી અસાધારણ હતી તેમણે વિદ્યાભ્યાસ કોની પાસે, ક્યાં અને કેવી રીતે કર્યો એ જાણવા માટેનું કુતૂહલ સ્વાભાવિક છે. પરંતુ આ વિષયમાં આપણને આવશ્યક જ્ઞાતવ્ય સામગ્રી લબ્ધ નથી. તેમના દીક્ષાગુરુ દેવચન્દ્રસૂરિ પોતે વિદ્વાન હતા અને 'સ્થાનાંગસૂત્ર' પર તેમની ટીકા પ્રસિદ્ધ છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માં હેમચન્દ્ર કહે છે કે 'तत्प्रसादादधिगतज्ञानसम्पन्महोदयः' અર્થાત્ ગુરુ

---

૧. આજના સમયે મેશ્રી વાણિયા પ્રાયઃ વૈષ્ણવ હોય છે.

૨. એક જ કુટુંબમાં ભિન્ન ભિન્ન ધર્માનુરાગી હોવાનાં અનેક દૃષ્ટાન્તો ભારતના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે અને બે દશકા પહેલાં પૂર્વ ગુજરાતમાં અનેક વૈશ્ય કુટુંબો એવાં હતાં જેમાં આવી સ્થિતિ વિદ્યમાન હતી. જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૨૫૯.

૩. પ્રબન્ધો અનુસાર જયસિંહ વિ.સં. ૧૧૫૦ (ઈ.સ. ૧૦૯૪)માં સિંહાસનારૂઢ થયા. તે વખતે તેમની ઉંમર આઠ વર્ષની માની લઈએ તો તેમનો જન્મ વિ. સં. ૧૧૪૨માં થયો ગણાય અને એ રીતે હેમચન્દ્રથી ઉંમરમાં જયસિંહને ત્રણ વર્ષ મોટા સમજવા જોઈએ. 'પ્રબન્ધચિન્તામણિ' તેમની ઉંમર ત્રણ વર્ષની જ્યારે 'પુરાતનપ્રબન્ધસંગ્રહ' આઠ વર્ષની બતાવે છે જે હેમચન્દ્રના 'દ્વયાશ્રય'માં આવતા 'સ્તમ્બેકરિવ્રીહિ' સાથે બરાબર મેળ ખાય છે (કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૧૯૫). કુમારપાલનો જન્મ જો વિ.સં. ૧૧૪૯ (ઈ.સ. ૧૦૯૩)માં સ્વીકારીએ તો હેમચન્દ્ર કુમારપાલથી ચાર વર્ષ મોટા ગણાય—જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૨૦૧ અને પૃ. ૨૭૧.

પ્રમાણનયતત્ત્વાલોક અને સ્યાદ્વાદરત્નાકરના કર્તા મહાન જૈન તાર્કિક વાદિદેવસૂરિથી ઉંમરમાં હેમચન્દ્ર બે વર્ષ નાના હતા, પરંતુ હેમચન્દ્ર આચાર્યની દૃષ્ટિએ આઠ વર્ષ મોટા હતા. સંભવ છે કે દિગંબરાચાર્ય કુમુદચન્દ્રની સાથે વાદયુદ્ધના સમયે દેવસૂરિની ખ્યાતિ અધિક હશે— જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૨૭૦, ફુટનોટ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવચન્દ્રના પ્રસાદથી જ્ઞાનસમ્પત્તિનો મહોદય તેમને પ્રાપ્ત થયો હતો. પરંતુ દીક્ષાગુરુ દેવચન્દ્ર વિદ્યાગુરુ હશે કે નહિ અને હશે તો ક્યાં સુધી, આ પ્રશ્નનો ઉત્તર મળતો નથી.

'પ્રભાવકચરિત' અનુસાર સોમચન્દ્રને (આચાર્ય થયા પહેલાં) તર્ક, લક્ષણ અને સાહિત્ય ઉપર શીઘ્રતાથી પ્રભુત્વ પ્રાપ્ત થયું હતું; અને 'શતસહસ્રપદ'ની ધારણશક્તિથી તેમને સન્તોષ ન થયો એટલે 'કાશ્મીરદેશવાસિની'ની આરાધના કરવા માટે કાશ્મીર જવા માટેની અનુમતિ ગુરુ પાસે માગી પરંતુ તે 'કાશ્મીરદેશવાસિની બ્રાહ્મી' માટે તેમને કાશ્મીર જવું ન પડ્યું; કિન્તુ કાશ્મીર માટે પ્રયાણ કરતાં જ ખંભાતની બહાર શ્રીરૈવત વિહારમાં તે બ્રાહ્મીનો તેમને સાક્ષાત્કાર થયો અને એ રીતે તે સ્વયં 'સિદ્ધસારસ્વત' થયા.[1]

'પ્રભાવકચરિત'ના આ કથનમાંથી ઐતિહાસિક તાત્પર્ય શું કાઢવું એ વિચારણીય છે. મને એવું લાગે છે કે સોમચન્દ્ર ભલે કાશ્મીર ન ગયા હોય તો પણ તેમણે કાશ્મીરી પંડિતો પાસે અધ્યયન કર્યું હશે. કાશ્મીરી પંડિતો ગુજરાતમાં આવતા જતા હતા એ હકીકત બિલ્હણના આગમનથી સૂચિત થાય છે. 'મુદ્રિતકુમુદચન્દ્ર' નાટક અનુસાર જયસિંહની સભામાં ઉત્સાહ નામના કાશ્મીરી પંડિત હતા. હેમચન્દ્રને વ્યાકરણ લખતાં પહેલાં વ્યાકરણના ગ્રન્થોની જરૂરત પડી હતી જેમને લેવા માટે ઉત્સાહ પંડિત કાશ્મીર દેશ ગયા હતા અને ત્યાંથી આઠ વ્યાકરણ લાવ્યા હતા. જ્યારે 'સિદ્ધહેમ' ગ્રન્થ પૂરો થયો ત્યારે તેમણે તેને શારદા દેશમાં મોકલ્યો હતો. આ ઉપરાંત કાવ્યાનુશાસનમાં હેમચન્દ્ર જે બહુમાનથી અભિનવગુપ્તનો ઉલ્લેખ કરે છે તે પણ તેમનો કાશ્મીરી પંડિતો સાથે ગાઢ વિદ્યાપરિચય સૂચિત કરે છે.

વિ.સં. ૧૧૬૬ (ઈ.સ. ૧૧૧૦)માં એકવીસ વર્ષની આયુમાં સોમચન્દ્ર હેમચન્દ્રસૂરિ થયા એ યુવાવસ્થામાં પ્રાપ્ત અસાધારણ પાંડિત્યનો પ્રભાવ હશે. તર્ક, લક્ષણ અને સાહિત્ય એ તે યુગની મહાવિદ્યાઓ હતી[2] અને આ ત્રયીનું પાંડિત્ય રાજદરબાર અને સમાજમાં અગ્રગણ્ય બનવા માટે જરૂરી હતું. આ ત્રણેયમાં હેમચન્દ્રનું અનન્ય અસાધારણ પાંડિત્ય હતું એ તેમના તે તે વિષયના ગ્રન્થો ઉપરથી સ્પષ્ટ જણાય છે.

આચાર્ય બન્યા પછી અને પહેલાં હેમચન્દ્રે ક્યાં ક્યાં વિહાર કર્યો હશે એને વિગતે જાણવા માટે આપણી પાસે કોઈ સાધન નથી. આચાર્ય બન્યા પહેલાં ગુજરાતની બહાર

---

૧. પ્રભાવકચરિત, પૃ. ૨૯૮-૨૯૯.

૨. એ ઉલ્લેખનીય છે કે 'કાવ્યપ્રકાશ'ની સમ્ભાવ્ય પ્રથમ ટીકા 'સંકેત' ગુજરાતના માણિક્યચન્દ્રે લખી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખૂબ ઘૂમ્યા હશે એ સંભવ છે; પરંતુ ઉપર કહ્યું તે મુજબ ગુરુની આજ્ઞાથી ગુર્જર દેશમાં જ પોતાનું ક્ષેત્ર મર્યાદિત કરવા માટે તે બાધ્ય થયા.

હેમચન્દ્ર અણહિલ્લપુર પાટનમાં સૌ પ્રથમ કયા વર્ષમાં આવ્યા, જયસિંહ સાથે પ્રથમ સમાગમ ક્યારે થયો ઇત્યાદિ નિશ્ચિતપણે જાણવાનું આપણી પાસે કોઈ સાધન નથી. પરંતુ તે રાજધાની પંડિતો માટે આકર્ષણ હતી. તેથી વિદ્યાપ્રાપ્તિ માટે અને પાંડિત્યને કસોટી પર કસવા માટે હેમચન્દ્રનું આચાર્ય બન્યા પહેલેથી જ ત્યાં આવવું-જવું થયું હશે એ સંભવ છે.

'પ્રભાવકચરિત' અને 'પ્રબન્ધચિન્તામણિ' અનુસાર કુમુદચન્દ્રની સાથેના શાસ્ત્રાર્થ સમયે હેમચન્દ્ર ઉપસ્થિત હતા અર્થાત્ વિ.સં. ૧૧૮૧ (ઈ.સ. ૧૧૨૫)માં તે જયસિંહ સિદ્ધરાજની પંડિત સભામાં વિદ્યમાન હતા. તે સમયે તેમની ઉંમર એકત્રીસ વર્ષની હશે અને આચાર્યપદ મળ્યાને દશકો વીતી ગયો હશે. તે સમયે હેમચન્દ્ર વાદી દેવચન્દ્રસૂરિ જેટલા પ્રતિષ્ઠિત નહિ હોય, અથવા તેમનું વાદકૌશલ શાન્તિસૂરિ આદિની તાર્કિક પરંપરાવાળા વાદિદેવસૂરિ જેટલું નહિ હોય.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

'પ્રભાવકચરિત' અનુસાર જયસિંહ અને હેમચન્દ્રનું પ્રથમ મિલન અણહિલ્લપુરના કોઈ સાંકડા માર્ગ પર થયું હતું જે માર્ગ પર જયસિંહના હાથીને પસાર થવામાં રુકાવટ નડી હતી અને જે પ્રસંગે એક તરફથી હેમચન્દ્રે 'સિદ્ધ'ને નિઃશંક થઈ પોતાના ગજરાજને લઈ જવા માટે કહ્યું અને શ્લેષથી સ્તુતિ પણ કરી.[1] પરંતુ આ ઉલ્લેખમાં ઐતિહાસિક તથ્ય કેટલું છે એ કહેવું કઠિન છે.[2]

સિદ્ધરાજ જયસિંહે માલવાનો અંતિમ વિજય કર્યો ત્યારે ભિન્ન ભિન્ન સમ્પ્રદાયોના પ્રતિનિધિ તેને અભિનંદન દેવા માટે આવ્યા. તે સમયે જૈન સમ્પ્રદાયના પ્રતિનિધિ તરીકે હેમચન્દ્રે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગનો તેમનો શ્લોક પ્રસિદ્ધ[3] છે. આ ઘટના

---

૧. कारय प्रसरं सिद्ध हस्तिराजमशंकितम्।
त्रस्यन्तु दिग्गजाः किं तैर्भूस्त्वयैवोद्धृता यतः ॥६७॥

૨. 'કુમારપાલપ્રબન્ધ' હેમચન્દ્ર અને જયસિંહનો પ્રથમ સમાગમ આ પ્રસંગથી પણ પહેલાં થયો હતો એવું સૂચવે છે.

૩. भूमिं कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकरा
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप त्वं पूर्णकुम्भी भव।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥
— પ્રભાવકચરિત, પૃ.૩૦૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિ.સં. ૧૧૯૧-૯૨માં (ઈ.સ. ૧૧૩૬ના પ્રારંભે) બની હશે. તે સમયે હેમચન્દ્રની ઉંમર છેતાળીસ-સુડતાળીસ વર્ષની હશે.

જયસિંહ સિદ્ધરાજ અને હેમચન્દ્રનો સંબંધ કેવો હશે એનું અનુમાન કરવા માટે પ્રથમ આધારભૂત ગ્રન્થ 'કુમારપાલપ્રતિબોધ'માંથી કંઈક જાણકારી મળે છે—

"બુધજનોના ચૂડામણિ ભુવનપ્રસિદ્ધ સિદ્ધરાજને સંપૂર્ણ સંશયસ્થાનોમાં તે પૂછવા યોગ્ય હતા. મિથ્યાત્વથી મુગ્ધમતિ હોવા છતાં પણ તેમના ઉપદેશથી જયસિંહ રાજા જિનેન્દ્રના ધર્મમાં અનુરક્તમના બન્યો. તેમના પ્રભાવમાં આવીને જ તેણે તે જ નગરમાં (અણહિલ્લપુરમાં) રમ્ય 'રાજવિહાર' નિર્માણ કર્યો અને સિદ્ધપુરમાં ચાર જિન પ્રતિમાઓથી સમૃદ્ધ 'સિદ્ધવિહાર' બંધાવ્યો.[1] જયસિંહદેવના કહેવાથી આ મુનીન્દ્રે 'સિદ્ધહેમ' વ્યાકરણ રચ્યું, તે નિઃશેષ શબ્દલક્ષણનું નિધાન છે. અમૃતમયી વાણીમાં વિશાલ એવા તેમને ન મળવાથી જયસિંહદેવના ચિત્તમાં એક ક્ષણ પણ સન્તોષ થતો ન હતો." — કુમારપાલપ્રતિબોધ, પૃ.૨૨.

આ કથનમાં ઘણું બધું ઐતિહાસિક તથ્ય જણાય છે. હેમચન્દ્ર અને જયસિંહનો સંબંધ ક્રમશઃ ગાઢ થયો હશે, અને પોતાની વિદ્વત્તા અને વિશદ પ્રતિપાદનશૈલીથી (જે તેમના ગ્રન્થોમાં સ્પષ્ટ દેખાય છે) હેમચન્દ્ર જયસિંહના વિચારસારથિ બન્યા હશે. જયસિંહના ઉત્તેજનથી હેમચન્દ્રને વ્યાકરણ, કોશ, છંદ અને અલંકારશાસ્ત્ર રચવાનું નિમિત્ત મળ્યું અને પોતાના રાજાનું કીર્તન કરનારું, વ્યાકરણ શિખવાડનારું તથા ગુજરાતના લોકજીવનના પ્રતિબિંબને ધારણ કરનારું 'દ્વયાશ્રય' નામનું કાવ્ય રચવાનું મન થયું.

ઇષ્ટ દેવતાની ઉપાસનાની બાબતમાં જયસિંહ કટ્ટર શૈવ જ રહ્યા એ 'કુમારપાલપ્રતિબોધ'ના 'મિચ્છત્ત-મોહિય-મઈ' — મિથ્યાત્વમોહિતમતિ વિશેષણથી જ ફલિત થાય છે. પરંતુ એવું માનવાનું કારણ છે કે ધર્મવિચારણાના વિષયમાં સાર ગ્રહણ કરવાની ઉદાર વિવેકબુદ્ધિથી હેમચન્દ્રની ચર્ચાઓ થતી હશે; અને ઘણો સંભવ છે કે ઈતર ધર્મો ઉપર આક્ષેપ કર્યા વિના જ તેમણે જૈન ધર્મના સિદ્ધાન્તોને સમજાવી જયસિંહને તેમનામાં 'અનુરક્ત મનવાળો કર્યો' હશે.

'પ્રબન્ધચિન્તામણિ'ના 'સર્વદર્શનમાન્યતા' નામના પ્રબન્ધનો અહીં ઉલ્લેખ કરવો ઉચિત ગણાશે— "સંસારસાગરને પાર કરવાના ઇચ્છુક શ્રી સિદ્ધરાજ 'દેવતત્ત્વ' અને

---

૧. દ્વયાશ્રય (સર્ગ ૧૫, શ્લોક ૧૬) અનુસાર સિદ્ધપુરમાં જયસિંહે ચરમ તીર્થંકર મહાવીરસ્વામીનું મંદિર બંધાવ્યું હતું. અન્ય ઉલ્લેખો માટે જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ.૧૮૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'પાત્રતત્ત્વ'ની જિજ્ઞાસાથી બધા દાર્શનિકોને પૂછે છે, અને બધા પોતાની સ્તુતિ અને બીજાઓની નિન્દા કરે છે. આચાર્ય હેમચન્દ્ર પુરાણોમાંથી કથા કહીને, સાંઢ બનેલો પતિ ખરી ઓષધિ ખાવાથી જે રીતે પાછો મનુષ્ય બની શક્યો તેવી રીતે ભક્તિથી સર્વદર્શનને આરાધવાથી સ્વરૂપ ન જાણવા છતાં પણ માનવ મુક્તિ મેળવે છે, એવો અભિપ્રાય આપે છે.''

આ 'સર્વદર્શનમાન્યતા'ની દૃષ્ટિ સામ્પ્રદાયિક ચાતુરીની હતી જેમ કે ડૉ. બ્યુલ્હર માને છે, અથવા સારગ્રાહી વિવેકબુદ્ધિમાંથી ઉદ્ભવી હતી એનો નિર્ણય કરવા માટેનું કોઈ બાહ્ય સાધન નથી. પરંતુ અનેકાન્તવાદના રહસ્યજ્ઞ હેમચન્દ્રમાં એવી વિવેકબુદ્ધિની સંભાવના છે કારણ કે હેમચન્દ્ર અને અન્ય જૈન તાર્કિક અનેકાન્તને 'સર્વદર્શનસંગ્રહ'[1] તરીકે પણ ઘટાવે છે. તે ઉપરાંત તે યુગમાં બીજા સમ્પ્રદાયોમાં પણ આવી વિશાલદૃષ્ટિવાળા વિચારકોનાં દૃષ્ટાન્તો મળે છે. પ્રથમ ભીમદેવના સમયમાં શૈવાચાર્ય જ્ઞાનભિક્ષુ અને સુવિહિત જૈન સાધુઓને પાટણમાં સ્થાન અપાવનાર પુરોહિત સોમેશ્વરનાં દૃષ્ટાન્ત 'પ્રભાવકચરિત'માં વર્ણવાયેલાં છે. અર્થાત્ પ્રત્યેક સમ્પ્રદાયમાં ઓછાવત્તા ઉદારમતિ આચાર્યોના હોવાની સંભાવના છે.[2]

એવું માનવા માટે કારણ છે કે માલવવિજય પછીથી શરૂ કરી જયસિંહના મૃત્યુ સુધી તેમની સાથે હેમચન્દ્રનો સંબંધ અબાધિત રહ્યો; અર્થાત્ વિ. સં. ૧૧૯૧ના અંતથી વિ.સં. ૧૧૯૯ના આરંભ સુધી લગભગ સાત વર્ષ આ સંબંધ અસ્ખલિત રહ્યો. જયસિંહના મૃત્યુના સમયે હેમચન્દ્રની ઉંમર ૫૪ વર્ષની હતી. આ સાત વર્ષોમાં હેમચન્દ્રની સાહિત્યસાધનાનાં અનેક ફળ ગુજરાતને મળ્યાં.

## [ ૫ ]

આચાર્ય હેમચન્દ્રનો કુમારપાલ સાથે પ્રથમ પરિચય કયા વર્ષમાં થયો એ જાણવાનું કોઈ સાધન ઉપલબ્ધ નથી. 'કુમારપાલપ્રતિબોધ'માંથી એવું જાણવા મળે છે કે મંત્રી વાગ્ભટદેવ (બાહડદેવ) દ્વારા, કુમારપાલ રાજા બન્યા પછી તે હેમચન્દ્રની સાથે ગાઢ પરિચયમાં આવ્યા હશે. પરંતુ ડૉ. બ્યુલ્હરના કથન અનુસાર સામ્રાજ્ય નિમિત્તક યુદ્ધ પૂરું થયા પછી પ્રથમ પરિચય થયો હશે એવું માનવા માટે કોઈ કારણ નથી. તો પણ ધર્મનો વિચાર કરવાનો અવસર તે પ્રૌઢવયના રાજાને તે પછી મળ્યો હશે.

---

૧. જુઓ સિદ્ધહેમ - 'सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणम्' ઇત્યાદિ, પૃ. ૨ અને સિદ્ધર્ષિની વિવૃતિ સહિત 'ન્યાયાવતાર' પૃ. ૧૨૮.

૨. કાવ્યાનુશાસન પ્રસ્તાવના, પૃ. ૨૮૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયસિંહ સાથેનો પરિચય સમવયસ્ક વિદ્વાન મિત્ર જેવો લાગે છે જ્યારે કુમારપાલની સાથેનો પરિચય ગુરુ-શિષ્ય જેવો જણાય છે. હેમચન્દ્રના ઉપદેશથી, એવું જાણવા મળે છે કે, કુમારપાલ પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં પ્રાયઃ બાર વ્રતધારી શ્રાવક જેવા બની ગયા હશે. પરંતુ તે ઉપરથી એવું અનુમાન કરવાની આવશ્યકતા નથી કે કુમારપાલે પોતાના કુળદેવ શિવની પૂજા છોડી જ દીધી હશે.[1]

હેમચન્દ્રના ઉપદેશથી કુમારપાલે કેવળ પોતાના જ જીવનમાં પરિવર્તન ન કર્યું પરંતુ ગુજરાતને દુર્વ્યસનોમાંથી મુક્ત કરવાના યોગ્ય પ્રયત્નો પણ કર્યા. તેમાં પણ ખાસ કરીને જુગાર અને મદ્યનો પ્રતિબંધ કરાવ્યો, અને નિર્વંશના ધનાપહરણનો કાયદો પણ રદ કર્યો. હેમચન્દ્રના સદુપદેશથી યજ્ઞયાગાદિમાં પશુહિંસા બંધ થઈ અને કુમારપાલના સામન્તોના શિલાલેખો અનુસાર અમુક અમુક દિવસ માટે પશુહિંસાનો પ્રતિબંધ પણ કરવામાં આવ્યો હતો. કુમારપાલે અનેક જૈન મંદિરો પણ બંધાવ્યાં હતાં જેમાંથી એક 'કુમારવિહાર' નામના મંદિરનું વર્ણન હેમચન્દ્રના શિષ્ય રામચન્દ્રે 'કુમારવિહારશતક'માં કર્યું છે. 'મોહરાજપરાજય' નામના સમકાલીનપ્રાય નાટકમાં પણ આ ઘટનાઓનો રૂપકમય ઉલ્લેખ છે.

તે સમયના અન્ય મહાપુરુષોની સાથેના હેમચન્દ્રના સંબંધ તથા વર્તન વિષયક થોડીક જાણવા જેવી સામગ્રી મળે છે. એ વાત પહેલાં કહી જ ગયા છીએ કે ઉદયન મંત્રીના ઘરમાં તેમના પુત્રો સાથે બાળપણમાં ચંગદેવ રહ્યા હતા. હેમચન્દ્રને સાધુ બનાવવામાં પણ ઉદયન મંત્રીએ અત્યધિક ભાગ લીધો હતો. ત્યાર પછી ઉદયનપુત્ર બાહડ દ્વારા કુમારપાલ સાથે હેમચન્દ્રનો ગાઢ પરિચય થયો હતો એનો નિર્દેશ પણ અમે કરી દીધો છે.

'પ્રભાવકચરિત'માં 'મહામતિ ભાગવત દેવબોધ'નો ઉલ્લેખ આવે છે, તેમની સાથે હેમચન્દ્રનો પરસ્પર વિદ્વત્તાની કદર કરનારો મૈત્રીસંબંધ હતો. વડનગરની પ્રશસ્તિના કવિ શ્રીપાલ સાથે પણ હેમચન્દ્રનો ગાઢ પરિચય હતો.

તે સમયે હેમચન્દ્રની સાહિત્યિક પ્રવૃત્તિ પૂર્ણ ઉત્સાહથી ચાલી રહી હતી. સિદ્ધહેમ શબ્દાનુશાસન પછી કાવ્યાનુશાસન તથા છન્દોનુશાસન કુમારપાલના સમયમાં પ્રસિદ્ધ થઈ ગયાં હતાં. સંસ્કૃત દ્વ્યાશ્રયનો અંતિમ સર્ગ તથા પ્રાકૃત દ્વ્યાશ્રય — કુમારપાલચરિત

---

૧. એક તરફ જેવી રીતે હેમચન્દ્ર પોતાના ગ્રન્થોમાં તેને 'પરમાર્હત' કહે છે તેવી જ રીતે બીજી તરફ પ્રભાસપાટણના 'ગંડ' ભાવ બૃહસ્પતિએ વિ. સં. ૧૨૨૯(ઈ.સ.૧૧૭૩)ના ભદ્રકાલીના શિલાલેખમાં કુમારપાલને 'માહેશ્વરનૃપાગ્રણી' કહ્યા છે અને સંસ્કૃત દ્વ્યાશ્રયના વીસમા સર્ગમાં કુમારપાલની શિવભક્તિનો ઉલ્લેખ છે. જુઓ કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૩૩૩ અને ૨૮૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે સમયે લખાયાં.

અપૂર્ણ ઉપલબ્ધ 'પ્રમાણમીમાંસા'ની રચના અનુશાસનો પછી થઈ. સંભવ છે કે તે હેમચન્દ્રના જીવનની અંતિમ કૃતિ હોય. યોગશાસ્ત્ર, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત નામનું વિશાલ જૈન પુરાણ,સ્તોત્ર આદિની રચના પણ કુમારપાલના રાજ્યકાલમાં જ થઈ હતી. તેમના અન્ય પૂર્વરચિત ગ્રન્થોમાં સંશોધન અને તેમના ઉપર સ્વોપજ્ઞ ટીકાઓ લખવાની પણ પ્રવૃત્તિ ચાલતી હતી.[1]

'પ્રભાવકચરિત'માં હેમચન્દ્રના 'આસ્થાન'(વિદ્યાસભા)નું વર્ણન છે, તે ઉલ્લેખનીય છે.

"હેમચન્દ્રનું આસ્થાન જેમાં વિદ્વાનો પ્રતિષ્ઠિત છે, જે બ્રહ્મોલ્લાસનું નિવાસસ્થાન અને ભારતીનું પિતૃગૃહ છે, જ્યાં મહાકવિઓ અભિનવગ્રન્થોનું નિર્માણ કરવામાં વ્યસ્ત છે, જ્યાં પટ્ટિકા (પાટી) અને પટ્ટ ઉપર લેખો લખાઈ રહ્યા છે, શબ્દવ્યુત્પત્તિને માટે ઊહાપોહ થતા રહેવાથી વાતાવરણ મનોહર છે, અને જ્યાં પુરાણકવિઓ દ્વારા પ્રયુક્ત શબ્દો દૃષ્ટાન્ત તરીકે ઉલ્લેખવામાં આવે છે."[2]

[ ૬ ]

जैन साईट JAINSITE .com जयम् ज्याति शासनम्

હેમચન્દ્રે રાજકીય વિષયોમાં કેટલો ભાગ લીધો હશે એ જાણવા માટે નહિવત્ જ્ઞેયસામગ્રી છે. તે એક રાજાના સમ્માન્ય મિત્રતુલ્ય અને બીજા રાજાના ગુરુસમ હતા. રાજદરબારમાં અગ્રગણ્ય અનેક જૈન ગૃહસ્થોના જીવન ઉપર તેમનો પ્રભાવ હતો. ઉદયન અને વાગ્ભટ આદિ મંત્રીઓની સાથે તેમનો સંબંધ ગાઢ હતો. એવી પરિસ્થિતિમાં કેટલાક લોકો હેમચન્દ્રને રાજકીય વિષયોમાં મહત્ત્વ દેતા હતા. પરંતુ રાજનીતિક કહી શકાય એવી એક જ વાતમાં પરામર્શદાતા તરીકે હેમચન્દ્રનો ઉલ્લેખ 'પ્રબન્ધકોશ'માં આવે છે. જેમ સિદ્ધરાજને કોઈ સીધો ઉત્તરાધિકારી ન હતો તેમ કુમારપાલને પણ કોઈ સીધો ઉત્તરાધિકારી ન હતો. તેથી સિંહાસન કોને આપવું તે અંગે સલાહ લેવા માટે વૃદ્ધ

---

૧. કાવ્યાનુશાસન પ્રસ્તાવના પૃ. ૨૮૯ તથા પૃ. ૨૫૫-૨૬૧.

૨. अन्यदाभिनवग्रन्थगुम्फाकुलमहाकवौ ।
पट्टिकापट्टसंघातलिख्यमानपदव्रजे ॥
शब्दव्युत्पत्तयेऽन्योन्यं कृतोहापोहबन्धुरे ।
पुराणकविसंदृष्टदृष्टान्तीकृतशब्दके ॥
ब्रह्मोल्लासनिवासेऽत्र भारतीपितृमन्दिरं ।
श्रीहेमचन्द्रसूरीणामास्थाने सुस्थकोविदे ॥

—પ્રભાવકચરિત, પૃ. ૩૧૪, શ્લોક ૨૯૨-૨૯૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારપાલ વૃદ્ધ હેમચન્દ્રને મળવા માટે ઉપાશ્રયે ગયા; સાથે વસાહ આભડ નામના જૈનમહાજન પણ હતા. હેમચન્દ્રે દૌહિત્ર પ્રતાપમલ્લને (જેની પ્રશંસા ગંડ ભાવ બૃહસ્પતિના શિલાલેખમાં પણ આવે છે) 'ધર્મસ્થૈર્ય' માટે ગાદી દેવાની સલાહ આપી કારણ કે સ્થાપિત 'ધર્મ'નો અજયપાલથી હ્રાસ સંભવતો હતો. જૈન મહાજન વસાહ આભડે એવી સલાહ આપી કે 'ગમે તે થાય પણ પોતાનો જ કામનો' એ કહેવત અનુસાર અજયપાલને જ રાજ અપાય.[1]

આ સિવાય હેમચન્દ્રે અન્ય કોઈ રાજકીય ચર્ચામાં સ્પષ્ટપણે ભાગ લીધો હોય તો તેનું પ્રમાણ મારી જાણમાં નથી.

સિદ્ધરાજને હેમચન્દ્ર કેટલા માન્ય હતા એનું કુમારપાલપ્રતિબોધમાં સંક્ષેપમાં જ વર્ણન છે જ્યારે કુમારપાલને હેમચન્દ્રે કેવી રીતે જૈન બનાવ્યા એના માટે તો આખો ગ્રન્થ જ લખાયો છે. ગ્રન્થના અંતે એક શ્લોક છે — "પ્રભુ હેમચન્દ્રની અસાધારણ ઉપદેશશક્તિની અમે સ્તુતિ કરીએ છીએ, જેમણે અતીન્દ્રિય જ્ઞાનથી રહિત હોવા છતાં પણ રાજાને પ્રબોધિત કર્યો."[2]

'પ્રભાવકચરિત' અનુસાર હેમચન્દ્ર વિ. સં. ૧૨૨૯(ઈ.સ. ૧૧૭૩)માં ૮૪ વર્ષની ઉંમરે દિવંગત થયા.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## [ ૭ ]

હેમચન્દ્રવિરચિત ગ્રન્થોની સમાલોચનાનું આ સ્થાન નથી. પ્રત્યેક ગ્રન્થના સંક્ષિપ્ત પરિચય માટે પણ એક એક સ્વતન્ત્ર લેખની આવશ્યકતા રહે. શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન, છન્દોનુશાસન, અભિધાનચિન્તામણિ અને દેશીનામમાલા — એ ગ્રન્થોમાં તે તે વિષયની તે સમય સુધીની ઉપલબ્ધ સંપૂર્ણ સામગ્રીનો સંગ્રહ થયો છે. તે બધા તે તે વિષયના આકરગ્રન્થો છે. ગ્રન્થોની રચના જોતાં જણાય છે કે તે ગ્રન્થો ક્રમશઃ આગળ વધવા માંગતા વિદ્યાર્થીઓની આવશ્યકતા પૂર્ણ કરવાના પ્રયત્નો છે. ભાષા અને વિશદતા આ ગ્રન્થોનું મુખ્ય લક્ષણ છે. મૂલ સૂત્રો તથા તે ઉપરની સ્વોપજ્ઞ

---

૧. આ મન્ત્રણાના સમાચાર હેમચન્દ્રના એક વિદ્વેષી શિષ્ય બાલચન્દ્ર દ્વારા અજયપાલને મળ્યા હતા. જુઓ પ્રબન્ધકોશ, પૃ. ૯૮.

૨. स्तुमस्त्रिसन्ध्यं प्रभुहेमसूरे-
 रनन्यतुल्यामुपदेशशक्तिम् ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि
 यत्क्षोणिभर्तुर्व्यधित प्रबोधम् ॥
—કુમારપાલપ્રતિબોધ, પૃ. ૪૭૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકામાં પ્રત્યેક વ્યક્તિને તત્તદ્વિષયક જ્ઞાતવ્ય બધા જ વિષયો મળી શકે છે. અધિક સૂક્ષ્મતા તથા વિસ્તારથી ગંભીર અધ્યયન કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે બૃહત્ ટીકાઓ પણ તેમણે રચી છે. આ રીતે તર્ક, લક્ષણ અને સાહિત્યમાં પાંડિત્ય પ્રાપ્ત કરવાનાં સાધનો પૂરા પાડીને ગુજરાતને તેમણે સ્વાવલંબી બનાવ્યું એમ કહીએ તો અત્યુક્તિ નહિ થાય. હેમચન્દ્ર આ રીતે ગુજરાતના વિદ્યાચાર્ય બન્યા.

દ્વયાશ્રય સંસ્કૃત-પ્રાકૃત કાવ્યનું પ્રયોજન પણ પઠનપાઠન જ છે. આ કાવ્યની પ્રવૃત્તિ વ્યાકરણ શિખવાડવું અને રાજવંશનો ઈતિહાસ વર્ણવવો — આ બે પ્રયોજનોની સિદ્ધિ માટે છે. બાહ્ય રૂપ ક્લિષ્ટ હોવા છતાં આ કાવ્યનાં પ્રસંગવર્ણનોમાં કવિત્વ સ્પષ્ટ ઝળકે છે. ગુજરાતના સમાજિક જીવનના ગવેષકને માટે દ્વયાશ્રયનો અભ્યાસ અત્યન્ત આવશ્યક છે.

પ્રમાણમીમાંસા નામના અપૂર્ણ ઉપલબ્ધ ગ્રન્થમાં પ્રમાણચર્ચા છે, તેનો વિશેષ પરિચય આગળ આપી દીધો છે.

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત તો એક વિશાલ પુરાણ છે. હેમચન્દ્રની વિશાલ પ્રતિભાને જાણવા માટે આ પુરાણનો અભ્યાસ આવશ્યક છે. તેનું પરિશિષ્ટ પર્વ ભારતના પ્રાચીન ઈતિહાસની ગવેષણામાં બહુ જ ઉપયોગી છે.

યોગશાસ્ત્રમાં જૈનદર્શનના ધ્યેયની સાથે યોગની પ્રક્રિયાના સમન્વયનો સમર્થ પ્રયાસ છે. હેમચન્દ્રને યોગનો સ્વાનુભવ હતો એવું તેમના પોતાના કથનમાંથી જાણવા મળે છે.

દ્વાત્રિંશિકાઓ તથા સ્તોત્રો સાહિત્યિક દૃષ્ટિએ હેમચન્દ્રની ઉત્તમ કૃતિઓ છે. ઉત્કૃષ્ટ બુદ્ધિ તથા હૃદયની ભક્તિનો તેમનામાં સુભગ સંયોગ છે.[1]

ભારતભૂમિ અને ગુજરાતના ઈતિહાસમાં હેમચન્દ્રનું સ્થાન પ્રમાણોના આધારે કેવું મનાય? ભારતવર્ષના સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં તો તે મહાપંડિતોની પંક્તિમાં સ્થાન પામે છે; ગુજરાતના ઈતિહાસમાં તેમનું સ્થાન વિદ્યાચાર્ય તરીકે અને રાજા-પ્રજાના આચારના સુધારક તરીકે પ્રભાવ પાડનાર એક મહાન આચાર્યનું છે.

— રસિકલાલ છો. પરીખ

---

૧. જુઓ ડૉ. આનન્દશંકર ધ્રુવની સ્યાદ્વાદમંજરીની પ્રસ્તાવના, પૃ. ૧૮ અને ૨૪.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ બીજો

# પ્રમાણમીમાંસા

## મૂલ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचिता
स्वोपज्ञवृत्तिसहिता

# ॥ प्रमाणमीमांसा ॥

अनन्तदर्शनज्ञानवीर्यानन्दमयात्मने ।
नमोऽर्हते कृपाक्लृप्तधर्मतीर्थाय तायिने ॥१॥
बोधिबीजमुपस्कर्तुं तत्त्वाभ्यासेन धीमताम् ।
जैनसिद्धान्तसूत्राणां स्वेषां वृत्तिर्विधीयते ॥२॥

JAINSITE .com

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યવિરચિત
સ્વોપજ્ઞવૃત્તિસહિત

# પ્રમાણમીમાંસા

અનન્તદર્શનમય, અનન્તજ્ઞાનમય, અનન્તવીર્યમય અને અનન્તાનન્દમય સ્વરૂપવાળા તથા જગતના સર્વ જીવો ઉપર કૃપા કરીને તેમનો ઉદ્ધાર કરવા માટે ધર્મતીર્થનું નિર્માણ કરનારા ભગવાન અર્હત્‌ને હું નમસ્કાર કરું છું. (૧)

[આત્યન્તિક દુઃખમુક્તિ માટે જાણવાં અને શ્રદ્ધા કરવા આવશ્યક સર્વ] તત્ત્વોના (=સત્યોના) અભ્યાસ વડે બુદ્ધિમાનોના બોધિબીજસમ્યક્ત્વનો વિકાસ કરવાના પ્રયોજનથી જૈન સિદ્ધાન્તનું પ્રતિપાદન કરતાં સ્વરચિત સૂત્રોની ટીકાની હું રચના કરું છું. (૨)

1. ननु यदि भवदीयानीमानि जैनसिद्धान्तसूत्राणि तर्हि भवतः पूर्वं कानि किमीयानि वा तान्यासन्निति ? अत्यल्पमिदमन्वयुङ्क्थाः । पाणिनि–

पिङ्गल–कणादा–ऽक्षपादादिभ्योऽपि पूर्वं कानि किमीयानि वा व्याकरणादि–सूत्राणीत्येतदपि पर्यनुयुङ्क्ष्व ! अनादय एवैता विद्याः संक्षेपविस्तरविवक्षया नवनवीभवन्ति तत्तत्कर्तृकाश्चोच्यन्ते । किं नाश्रौषीः 'न कदाचिदनीदृशं जगत्' इति ? यदि वा प्रेक्षस्व वाचकमुख्यविरचितानि सकलशास्त्र–चूडामणिभूतानि तत्त्वार्थसूत्राणीति ।

1. **શંકા** — જૈન સિદ્ધાન્તનું પ્રતિપાદન કરતાં જે સૂત્રો ઉપર આપ ટીકા રચી રહ્યા છો તે સૂત્રો જો આપનાં છે તો આપના પહેલાં કયાં સૂત્રો હતાં અને તે સૂત્રો કોણે રચ્યાં હતાં ?

**સમાધાન** — આપે તો ઘણો જ અધૂરો પ્રશ્ન પૂછ્યો. આપે તો એ પણ પૂછવું જોઈતું હતું કે પાણિનિ પહેલાં વ્યાકરણનાં સૂત્રો, પિંગલ પહેલાં પિંગલશાસ્ત્રનાં સૂત્રો, કણાદ પહેલાં વૈશેષિકદર્શનનાં સૂત્રો કયાં હતાં અને તે સૂત્રો કોણે રચ્યાં હતાં ?

સત્ય તો એ છે કે આ વિદ્યાઓ અનાદિકાલીન છે. પરંતુ કોઈ તેમનું પ્રતિપાદન સંક્ષેપથી કરે છે તો કોઈ વિસ્તારથી. આ સંક્ષેપ-વિસ્તારના કારણે તે વિદ્યાઓ નવું નવું રૂપ ધારણ કરે છે. તેથી જે તેમનું સંક્ષેપ કે વિસ્તારથી નિરૂપણ કરે છે તે તેમનો 'કર્તા' કહેવાય છે. શું આપે સાંભળ્યું નથી કે 'જગત કદી આવું હતું જ નહિ એવી વાત નથી' ? [ અર્થાત્, જગત તો પોતાના મૂળ રૂપમાં સદૈવ એવું ને એવું જ રહે છે.] અથવા તો આપે જાણવું જ હોય કે મારા પહેલાં જૈન સિદ્ધાન્તનું નિરૂપણ કરતાં સૂત્રો કોણે રચ્યાં, તો વાચકમુખ્ય ઉમાસ્વાતિએ રચેલાં 'તત્ત્વાર્થસૂત્ર' જોઈ લો; તે 'તત્ત્વાર્થસૂત્ર' સકળ શાસ્ત્રોમાં ચૂડામણિ સમાન ઉત્તમ છે.

2. यद्येवम्—अकलङ्क–धर्मकीर्त्यादिवत् प्रकरणमेव किं नारभ्यते, किमनया सूत्रकारत्वाहोपुरुषिकया ? मैवं वोचः; भिन्नरुचिर्ह्ययं जनः ततो नास्य स्वेच्छाप्रतिबन्धे लौकिकं राजकीयं वा शासनमस्तीति यत्किञ्चिदेतत् ।

2. **શંકા** — જો આપના પહેલાં ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્ર રચી જ દીધાં હતાં તો પછી આપ 'સૂત્રકાર' બનવાનું ગૌરવ પ્રાપ્ત કરવા શા માટે ઇચ્છો છો ? અકલંક, ધર્મકીર્તિ વગેરેની જેમ પ્રકરણગ્રન્થની રચના આપ શા માટે નથી કરતા ?

**સમાધાન** — એવું ન કહો. માણસે માણસે રુચિમાં ભિન્નતા હોય છે. તેથી તેની પોતાની ઇચ્છાને રોકવા માટે ન તો કોઈ લૌકિક પ્રતિબન્ધ છે કે ન તો કોઈ રાજકીય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજ્ઞા છે. [અર્થાત્ જુદા જુદા ગ્રન્થકાર કોઈ પણ જાતની રુકાવટ વિના પોતપોતાની ઇચ્છા અનુસાર સૂત્ર, વૃત્તિ યા પ્રકરણ આદિ ગ્રન્થોની રચના કરે છે.] તેથી આ આપનો પ્રશ્ન અર્થહીન છે.

3. तत्र वर्णसमूहात्मकैः पदैः, पदसमूहात्मकैः सूत्रैः, सूत्रसमूहात्मकैः प्रकरणैः, प्रकरणसमूहात्मकैः आह्निकैः, आह्निकसमूहात्मकैः पञ्चभिरध्यायैः शास्त्रमेतदरचयदाचार्यः । तस्य च प्रेक्षावत्प्रवृत्त्यङ्गमभिधेयमभिधातुमिदमादिसूत्रम्—

**अथ प्रमाणमीमांसा ॥ १ ॥**

3. હવે, આચાર્યે આ શાસ્ત્ર પાંચ અધ્યાયોમાં રચ્યું છે, અને પ્રત્યેક અધ્યાય અનેક આહ્નિકોના સમૂહરૂપ છે, પ્રત્યેક આહ્નિક અનેક પ્રકરણો (અધિકરણો)ના સમૂહરૂપ છે, પ્રત્યેક પ્રકરણ અનેક સૂત્રોના સમૂહરૂપ છે, પ્રત્યેક સૂત્ર અનેક પદોના સમૂહરૂપ છે તથા પ્રત્યેક પદ અનેક વર્ણોના સમૂહરૂપ છે. [બુદ્ધિમાન પુરુષ ગ્રન્થના પ્રતિપાદ્ય વિષયને જાણ્યા પછી જ તે ગ્રન્થના પઠનપાઠનમાં પ્રવૃત્ત થાય છે. તેથી] પ્રસ્તુત શાસ્ત્રગ્રન્થનું અધ્યયન કરવામાં બુદ્ધિમાનને પ્રવૃત્ત કરનાર હેતુરૂપ અભિધેયવિષયને દર્શાવવા માટે આ શાસ્ત્રગ્રન્થનું આ પ્રથમ સૂત્ર છે—

जैन साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**હવે પ્રમાણની મીમાંસા કરવામાં આવે છે. (૧)**

4. अथ इत्यस्य अधिकारार्थत्वाच्छास्त्रेणाधिक्रियमाणस्य प्रस्तूयमानस्य प्रमाणस्याभिधानात् सकलशास्त्रतात्पर्यव्याख्यानेन प्रेक्षावन्तो बोधिताः प्रवर्तिताश्च भवन्ति । आनन्तर्यार्थो वा अथशब्दः, शब्द-काव्य-छन्दोनुशासनेभ्योऽनन्तरं प्रमाणं मीमांस्यत इत्यर्थः । अनेन शब्दानुशासनादिभिरस्यैककर्तृकत्वमाह । अधिकारार्थस्य च अथशब्दस्यान्यार्थनीयमानकुसुमदामजलकुम्भादेर्दर्शनमिव श्रवणं मङ्गलायापि कल्पत इति । मङ्गले च सति परिपन्थिविघ्नविघातात् अक्षेपेण शास्त्रसिद्धिः, आयुष्मच्छ्रोतृकता च भवति । परमेष्ठिनमस्कारादिकं तु मङ्गलं कृतमपि न निवेशितं लाघवार्थिना सूत्रकारेणेति ।

4. સૂત્રગત 'અથ' શબ્દનો અર્થ અધિકાર અર્થાત્ પ્રારંભ છે. તેથી શાસ્ત્રગ્રંથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેનો પ્રારંભ કરે છે, જેને પ્રસ્તુત કરવાનું શરૂ કરે છે તે પ્રમાણ છે એમ જણાવવાથી પૂરા શાસ્ત્રગ્રંથના તાત્પર્યનું (પ્રયોજનનું) વ્યાખ્યાન થઈ ગયું. તાત્પર્યના આ સ્પષ્ટ કથનથી બુદ્ધિમાનોને શાસ્ત્રગ્રંથના તાત્પર્યનું જ્ઞાન થવાના કારણે તેઓ [શાસ્ત્રગ્રંથના અધ્યયનમાં] પ્રવૃત્ત થાય છે. અથવા 'અથ' શબ્દનો અર્થ આનન્તર્ય (અવ્યવહિત ઉત્તરકાલિકતા) છે. આ અર્થથી તાત્પર્ય એ નીકળે છે કે શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન અને છન્દોનુશાસન પછી હવે પ્રમાણની મીમાંસા કરવામાં આવે છે. આમ કહેતાં એ પણ કહેવાઈ જ ગયું કે શબ્દાનુશાસન આદિના અને આ પ્રસ્તુત શાસ્ત્રગ્રન્થના કર્તા એક જ અર્થાત્ આચાર્ય હેમચન્દ્ર જ છે. જેમ પુષ્પમાલા, જલપૂર્ણકુંભ, વગેરે બીજા પ્રયોજન માટે લઈ જવાતાં હોવા છતાં તેમનું દર્શનમાત્ર મંગલકારક છે તેમ 'અથ' શબ્દ અધિકારના અર્થમાં પ્રયોજાયો હોવા છતાં તેનું શ્રવણમાત્ર મંગલકારક છે. અને મંગલ હોતાં પ્રતિબંધક વિઘ્નોનો નાશ થવાથી વિલંબ વિના શાસ્ત્રગ્રંથની રચના પૂર્ણ થઈ જાય છે તથા શાસ્ત્રગ્રંથના શ્રોતાઓને (અભ્યાસીઓને) લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે. [સૂત્રકારે પરમેષ્ઠિનમસ્કારરૂપ મંગલ કેમ કર્યું નથી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે] સૂત્રકારે પરમેષ્ઠિનમસ્કારરૂપ મંગલ કર્યું તો છે પરંતુ તેને શબ્દબદ્ધ નથી કર્યું કારણ કે તે ગ્રન્થને સંક્ષિપ્ત જ રાખવા માંગતા હતા.

5. प्रकर्षेण संशयादिव्यवच्छेदेन मीयते परिच्छिद्यते वस्तुतत्त्वं येन तत् प्रमाणं प्रमायां साधकतमम्, तस्य मीमांसा—उद्देशादिरूपेण पर्यालोचनम् । त्रयी हि शास्त्रस्य प्रवृत्तिः — उद्देशो लक्षणं परीक्षा च । तत्र नामधेयमात्रकीर्त्तनमुद्देशः, यथा इदमेव सूत्रम् । उद्दिष्टस्यासाधारणधर्म्मवचनं लक्षणम् । तद् द्वेधा सामान्यलक्षणं विशेषलक्षणं च । सामान्यलक्षणमनन्तरमेव सूत्रम् । विशेषलक्षणम् "**विशदः प्रत्यक्षम्**" [१.१.१३] इति । विभागस्तु विशेषलक्षणस्यैवाङ्गमिति न पृथगुच्यते । लक्षितस्य 'इदमित्थं भवति नेत्थम्' इति न्यायतः परीक्षणं परीक्षा, यथा तृतीयं सूत्रम् ।

5. ['પ્રમાણ' શબ્દના ત્રણ ઘટકાંશો છે— (૧) 'પ્ર' ઉપસર્ગ (૨) √મા મૂળ ધાતુ અને (૩) પ્રત્યય લ્યુટ્. ઉપસર્ગ 'પ્ર'નો અર્થ છે પ્રકર્ષ. અહીં પ્રકર્ષ છે સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો વ્યવચ્છેદ કરવો એ. √મા ધાતુનો અર્થ છે નિશ્ચય કરવો અને પ્રત્યય લ્યુટ્નો અર્થ છે સાધન(કરણ)]. આનો અભિપ્રાય એ કે જેના દ્વારા સંશય આદિનો વ્યવચ્છેદ કરીને વસ્તુતત્ત્વને જાણવામાં આવે છે તે પ્રમાણ છે. આમ પ્રમાણ એટલે પ્રમાને અર્થાત્ વસ્તુતત્ત્વના યથાર્થ નિશ્ચયાત્મક જ્ઞાનને ઉત્પન્ન કરવામાં સાધકતમ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સાધન અર્થાત્ કરણ. પ્રમાણની મીમાંસા એટલે પ્રમાણનું ઉદ્દેશ આદિ વડે પર્યાલોચન. શાસ્ત્રીય ગ્રંથની પ્રવૃત્તિ ત્રેવડી હોય છે—(૧) ઉદ્દેશ, (૨) લક્ષણ અને (૩) પરીક્ષા. કોઈ વસ્તુનો કેવળ નામથી ઉલ્લેખ કરવો તે ઉદ્દેશ છે, જેમકે આ જ સૂત્ર. [આ સૂત્રમાં પ્રમાણનો નામમાત્રથી ઉલ્લેખ છે.] જેનો ઉદ્દેશ કરાયો હોય અર્થાત્ જેનો નામમાત્રથી ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેના અસાધારણ ધર્મનું કથન કરવું તે લક્ષણ છે. લક્ષણ બે પ્રકારનું હોય છે — સામાન્ય લક્ષણ અને વિશેષ લક્ષણ. સામાન્ય લક્ષણનું ઉદાહરણ હવે પછીનું સૂત્ર છે. [તેમાં સામાન્યરૂપથી પ્રમાણનું લક્ષણ કહ્યું છે.] વિશેષ લક્ષણનું ઉદાહરણ છે 'विशदः प्रत्यक्षम् (વિશદ સમ્યગર્થનિર્ણય પ્રત્યક્ષ છે)' [૧.૧.૧૩] એ સૂત્ર. વિભાગ અર્થાત્ ભેદ એ તો વિશેષ લક્ષણનું જ અંગ છે. તેથી વિભાગને જુદો જણાવ્યો નથી. જેનું લક્ષણ કહેવામાં આવ્યું હોય તેને અંગે 'આ આવું છે, આવું નથી' એ પ્રમાણે યુક્તિપૂર્વક વિચારણા કરવી તે પરીક્ષા છે, તેનું ઉદાહરણ છે ત્રીજું સૂત્ર.

6. पूजितविचारवचनश्च मीमांसाशब्दः । तेन न प्रमाणमात्रस्यैव विचारोऽत्राधिकृतः, किन्तु तदेकदेशभूतानां दुर्नयनिराकरणद्वारेण परिशोधितमार्गाणां नयानामपि – "**प्रमाणनयैरधिगमः**" [तत्त्वा० १.६.] इति हि वाचकमुख्यः, सकलपुरुषार्थेषु मूर्द्धाभिषिक्तस्य सोपायस्य सप्रतिपक्षस्य मोक्षस्य च । एवं हि पूजितो विचारो भवति । प्रमाणमात्रविचारस्तु प्रतिपक्षनिराकरणपर्यवसायी वाक्कलहमात्रं स्यात् । तद्विवक्षायां तु "**अथ प्रमाणपरीक्षा**" [प्रमाणपरी. पृ. १] इत्येव क्रियेत । तत् स्थितमेतत् —प्रमाणनयपरिशोधितप्रमेयमार्गं सोपायं सप्रतिपक्षं मोक्षं विवक्षितुं मीमांसाग्रहणमकार्याचार्येणेति ॥ १ ॥

6. 'મીમાંસા' શબ્દનો અર્થ છે પૂજિત (પ્રશસ્ત) વિચાર અને પૂજિત વચન. તેથી આ ગ્રન્થમાં કેવળ પ્રમાણનો જ વિચાર પ્રસ્તુત નથી, પરંતુ પ્રમાણના એક અંશભૂત તથા દુર્નયોનું નિરાકરણ કરીને પ્રમાણના માર્ગને પરિશુદ્ધ કરનારા નયોનો પણ વિચાર કરવામાં આવશે. વાચકમુખ્ય ઉમાસ્વાતિએ કહ્યું છે, 'प्रमाणनयैरधिगमः અર્થાત્ પ્રમાણો અને નયોથી જ તત્ત્વોનું સમ્યગ્ જ્ઞાન થાય છે' [તત્ત્વાર્થસૂત્ર, ૧.૬.]. વળી, પ્રમાણ અને નય ઉપરાંત સકલ પુરુષાર્થોમાં શ્રેષ્ઠ મોક્ષનો, મોક્ષના ઉપાયોનો અને મોક્ષના વિરોધીઓનો પણ આ ગ્રન્થમાં વિચાર કરવામાં આવશે. આ રીતે અર્થાત્ આ બધાંનો વિચાર કરવાથી વિચાર પૂજિત બને છે. પ્રમાણમાત્રનો વિચાર તો પ્રમાણના પ્રતિપક્ષ અપ્રમાણના નિરાકરણમાં જ પર્યવસાન પામતો હોવાથી કેવળ વાક્કલહ જ બની


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય. જો સિર્ફ પ્રમાણનો જ વિચાર કરવો અભિપ્રેત હોત તો સૂત્રકારે 'अथ प्रमाणपरीक्षा' [પ્રમાણપરીક્ષા, પૃ. ૧] એવું જ સૂત્ર રચ્યું હોત. એટલે આ બરાબર સ્થાપિત થયું કે પ્રમાણો અને નયો વડે પરિશુદ્ધ કરાયેલા પ્રમેયમાર્ગને – ઉપાયો અને વિરોધીઓ સહિત મોક્ષને – નિરૂપવાનો પોતાનો આશય છે એ જણાવવા માટે આચાર્યે સૂત્રમાં 'મીમાંસા' શબ્દનો પ્રયોગ કર્યો છે. (૧)

7. तत्र प्रमाणसामान्यलक्षणमाह—

**सम्यगर्थनिर्णयः प्रमाणम् ॥ २ ॥**

7. હવે આચાર્ય પ્રમાણસામાન્યનું લક્ષણ કહે છે—

**અર્થનો (વસ્તુનો) સમ્યક્ નિશ્ચય પ્રમાણ છે. (૨)**

8. प्रमाणम् इति लक्ष्यनिर्देशः, शेषं लक्षणम्, प्रसिद्धानुवादेन ह्यप्रसिद्धस्य विधानं लक्षणार्थः । तत्र यत्तदविवादेन प्रमाणमिति धर्म्मि प्रसिद्धं तस्य सम्यगर्थनिर्णयात्मकत्वं धर्मो विधीयते । अत्र प्रमाणत्वादिति हेतुः । न च धर्म्मिणो हेतुत्वमनुपपन्नम्; भवति हि विशेषे धर्म्मिणि तत्सामान्यं हेतुः, यथा अयं धूमः साग्निः, धूमत्वात्, पूर्वोपलब्धधूमवत् । न च दृष्टान्तमन्तरेण न गमकत्वम्; अन्तर्व्याप्त्यैव साध्यसिद्धेः, 'सात्मकं जीवच्छरीरम्, प्राणादिमत्त्वात्' इत्यादिवदिति दर्शयिष्यते ।

8. સૂત્રગત 'પ્રમાણ' પદ લક્ષ્ય છે અને બાકીનો ભાગ અર્થાત્ 'સમ્યગ્ અર્થનિર્ણય' લક્ષણ છે, જ્ઞાત વસ્તુને જણાવી તેની બાબતમાં અજ્ઞાત ધર્મનું વિધાન કરવું એ લક્ષણનો અર્થ છે. અહીં પ્રમાણ એ ધર્મી બધાને નિર્વિવાદ જ્ઞાત છે. તેમાં સમ્યગર્થનિર્ણયાત્મકત્વ ધર્મનું, જે પ્રતિવાદીને અજ્ઞાત છે તેનું, વિધાન કરવામાં આવે છે. અહીં 'પ્રમાણત્વ' હેતુ છે. ધર્મીનું (પક્ષનું) હેતુ હોવું ઘટતું નથી એમ નહિ. વિશેષ ધર્મીમાં સામાન્ય ધર્મી હેતુ ઘટે છે. [અહીં પ્રમાણવિશેષ પક્ષ છે અને પ્રમાણસામાન્ય હેતુ છે.] તેનું ઉદાહરણ આ અનુમાન છે – આ ધૂમ અગ્નિસહિત છે, કારણ કે તે ધૂમ છે, જેમ કે પૂર્વોપલબ્ધ ધૂમ. [જેમ આ અનુમાનમાં વિશિષ્ટ (વિવાદગ્રસ્ત) ધૂમ પક્ષ છે અને ધૂમસામાન્ય હેતુ છે તેમ પ્રકૃત અનુમાનમાં પણ સમજવું.] વળી, દૃષ્ટાન્ત વિના હેતુ ગમક ન બની શકે એ વાત પણ બરોબર નથી. અન્તર્વ્યાપ્તિથી જ સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. આનું ઉદાહરણ આ અનુમાન છે — જીવતું શરીર સાત્મક છે, કારણ કે તે પ્રાણાદિવાળું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આના ઉપર પછીથી વિચાર કરી દૃષ્ટાન્ત વિના પણ હેતુ ગમક બની શકે એ દર્શાવવામાં આવશે.

9. तत्र निर्णयः संशयाऽनध्यवसायाविकल्पकत्वरहितं ज्ञानम् । ततो **निर्णयपदेनाज्ञानरूपस्येन्द्रिय**सन्निकर्षादेः, ज्ञानरूपस्यापि संशयादेः प्रमाण-**त्वनिषेधः** ।

9. નિર્ણય **એટલે સંશયત્વ, અ**નધ્યવસાયત્વ અને નિર્વિકલ્પકત્વ ધર્મોથી રહિત જ્ઞાન. તેથી 'નિર્ણય' પદથી અજ્ઞાનરૂપ ઇન્દ્રિયસન્નિકર્ષની તથા જ્ઞાનરૂપ હોવા છતાં પણ સંશય આદિની પ્રમાણતાનો નિષેધ કરવામાં આવ્યો છે.

10. अर्यतेऽर्थ्यते वा अर्थो हेयोपादेयोपेक्षणीयलक्षणः, हेयस्य हातुम्, उपादेयस्योपादातुम्, उपेक्षणीयस्योपेक्षितुम् अर्थ्यमानत्वात् । न चानुपादेय-त्वादुपेक्षणीयो हेय एवान्तर्भवति; अहेयत्वादुपादेय एवान्तर्भावप्रसक्तेः । उपेक्षणीय एव च मूर्द्धाभिषिक्तोऽर्थः, योगिभिस्तस्यैवार्थ्यमाणत्वात् । अस्म-दादीनामपि हेयोपादेयाभ्यां भूयानेवोपेक्षणीयोऽर्थः; तन्नायमुपेक्षितुं क्षमः । अर्थस्य निर्णय इति कर्मणि षष्ठी, निर्णीयमानत्वेन व्याप्यत्वादर्थस्य । अर्थग्रहणं च स्वनिर्णयव्यवच्छेदार्थं तस्य सतोऽप्यलक्षणत्वादिति वक्ष्यामः ।

10. [પ્રયોજનની સિદ્ધિ માટે] જેને પ્રાપ્ત કરવામાં આવે છે કે ઇચ્છવામાં આવે છે તે 'અર્થ' છે. અર્થના ત્રણ પ્રકાર છે — હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય, ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય અને ઉપેક્ષણીય અર્થાત્ ઉપેક્ષા કરવા યોગ્ય. અર્થના આ ત્રણ પ્રકાર છે કારણ કે આપણી ઇચ્છા ત્રણ પ્રકારની છે — આપણે હેયને ત્યજવાની, ઉપાદેયને ગ્રહણ કરવાની અને ઉપેક્ષણીયની ઉપેક્ષા કરવાની ઇચ્છા કરીએ છીએ. ઉપેક્ષણીય અર્થ અનુપાદેય હોવાથી હેય અર્થમાં જ સમાવેશ પામે છે એમ ન કહેવું જોઈએ કારણ કે એમ કહેતાં તો તે અહેય હોવાથી ઉપાદેયમાં જ તેના સમાવેશની આપત્તિ આવે. ખરેખર તો ઉપેક્ષણીય અર્થ જ સંખ્યાની દૃષ્ટિએ પ્રધાન, અત્યંત મહત્ત્વનો અર્થ છે કારણ કે યોગીઓ તેની જ (ઉપેક્ષા કરવાની) ઇચ્છા કરે છે. [અર્થાત્ યોગીઓ માટે બધા જ અર્થો ઉપેક્ષણીય છે. ત્યાગ-ગ્રહણ દ્વેષ-રાગના સૂચક છે. યોગીઓમાં રાગ-દ્વેષ નથી એટલે ગ્રહણ-ત્યાગ નથી, પરિણામે તેમને માટે હેય-ઉપાદેય અર્થો નથી.] આપણા માટે પણ હેય અને ઉપાદેય અર્થોની અપેક્ષાએ ઉપેક્ષણીય અર્થો ઘણા બધા છે, તેથી ઉપેક્ષણીય અર્થની ઉપેક્ષા કરવી ઉચિત નથી, [અર્થાત્ ઉપેક્ષણીય અર્થોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેય અર્થોના વિભાગમાં સમાવિષ્ટ કરવા ઉચિત નથી, તેમનો સ્વતંત્ર વિભાગ માનવો જ જોઈએ.] 'અર્થનિર્ણય' એટલે અર્થનો નિર્ણય. અહીં કર્મ વિભક્તિમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો છે, કારણ કે જેનો નિર્ણય કરવામાં આવે છે તે અર્થ છે. સૂત્રમાં 'અર્થ' પદનું ગ્રહણ સ્વનિર્ણયને બકાત કરવા માટે છે, કારણ કે પ્રમાણમાં સ્વનિર્ણય હોવા છતાં તે પ્રમાણનું લક્ષણ નથી. તે પ્રમાણનું લક્ષણ કેમ નથી એ વાત પછી સમજાવીશું.

11. सम्यग् इत्यविपरीतार्थमव्ययं समञ्चतेर्वा रूपम् । तच्च निर्णयस्य विशेषणम्, तस्यैव सम्यक्त्वाऽसम्यक्त्वयोगेन विशेष्टुमुचितत्वात्; अर्थस्तु स्वतो न सम्यग् नाप्यसम्यगिति सम्भवव्यभिचारयोरभावान्न विशेषणीयः । तेन सम्यग् योऽर्थनिर्णय इति विशेषणाद्विपर्ययनिरासः । ततोऽतिव्याप्त्य-व्याप्त्यसम्भवदोषविकलमिदं प्रमाणसामान्यलक्षणम् ॥२॥

11. 'સમ્યક્' અવ્યય છે, અને તેનો અર્થ છે યથાર્થ, અવિપરીત. અથવા 'સમ્' ઉપસર્ગપૂર્વક √અઞ્ચ્ ધાતુથી 'સમ્યક્' શબ્દ બન્યો છે. 'સમ્યક્' પદ નિર્ણયનું વિશેષણ છે, કારણ કે નિર્ણય જ સમ્યક્ કે અસમ્યક્ હોઈ શકે છે, એટલે સમ્યક્ વિશેષણ તેને લગાવવું ઉચિત છે. અર્થ પોતે ન તો સમ્યક્ હોય છે, ન તો અસમ્યક્ એટલે અર્થને સમ્યક્ વિશેષણ ન લગાવવું જોઈએ; જ્યાં સંભવ યા વ્યભિચારનો અભાવ હોય ત્યાં વિશેષણ લગાવવાનો અર્થ નથી. તેથી અર્થનો જે નિર્ણય સમ્યક્ હોય તે પ્રમાણ એવો અર્થ સમજવો જોઈએ. નિર્ણયને સમ્યક્ વિશેષણ લગાવવાથી વિપર્યયજ્ઞાનની પ્રમાણતાનો નિરાસ થઈ જાય છે. [તાત્પર્ય એ છે કે 'નિર્ણય' પદથી તો સંશય, અનધ્યવસાય અને નિર્વિકલ્પક જ્ઞાનની પ્રમાણતાનો નિષેધ કરી દીધો છે, પરંતુ વિપર્યયજ્ઞાનની પ્રમાણતાનો નિષેધ તેનાથી નથી થતો કારણ કે વિપર્યયજ્ઞાન નિર્ણયરૂપ હોય છે. તેથી તેની પ્રમાણતાનો નિષેધ કરવા માટે 'સમ્યક્' પદ લક્ષણમાં મૂક્યું છે. વિપર્યયજ્ઞાન નિર્ણયરૂપ હોવા છતાં સમ્યક્ નથી હોતું.] આ રીતે પ્રમાણનું લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણેય દોષોથી રહિત છે.

12. ननु अर्थनिर्णयवत् स्वनिर्णयोऽपि वृद्धैः प्रमाणलक्षणत्वेनोक्तः **"प्रमाणं स्वपराभासि"** [न्यायाव. १] इति, **"स्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम्"** [तत्त्वार्थश्लोकवा. १.१०.७७] इति च । न चासावसन्, 'घटमहं जानामि' इत्यादौ कर्तृकर्मवत् ज्ञप्तेरप्यवभासमानत्वात् । न च अप्रत्यक्षोप-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

लम्भस्यार्थदृष्टिः प्रसिद्ध्यति । न च ज्ञानान्तरात् तदुपलम्भसम्भावनम्, तस्याप्यनुपलब्धस्य प्रस्तुतोपलम्भप्रत्यक्षीकाराभावात् । उपलम्भान्तर-सम्भावने चानवस्था । अर्थोपलम्भात् तस्योपलम्भे अन्योन्याश्रयदोषः । एतेन 'अर्थस्य सम्भवो नोपपद्येत न चे[त्] ज्ञानं स्यात्' इत्यर्थापत्त्यापि तदुपलम्भः प्रत्युक्तः; तस्या अपि ज्ञापकत्वेनाज्ञाताया ज्ञापकत्वायोगात् । अर्थापत्त्यन्तरात् तज्ज्ञाने अनवस्थेतरेतराश्रयदोषापत्तेस्तदवस्थः परिभवः । तस्मादर्थोन्मुखतयेव स्वोन्मुखतयापि ज्ञानस्य प्रतिभासात् स्वनिर्णयात्म-कत्वमप्यस्ति । ननु अनुभूतेरनुभाव्यत्वे घटादिवदननुभूतित्वप्रसङ्गः; मैवं वोचः; ज्ञातुर्ज्ञातृत्वेनेव अनुभूतेरनुभूतित्वेनैवानुभवात् । न चानुभूतेरनुभाव्यत्वं दोषः; अर्थापेक्षयानुभूतित्वात्, स्वापेक्षयाऽनुभाव्यत्वात्, स्वपितृपुत्रा-पेक्षयैकस्य पुत्रत्वपितृत्ववत् विरोधाभावात् । न च स्वात्मनि क्रियाविरोधः; अनुभवसिद्धेऽर्थे विरोधासिद्धेः । अनुमानाच्च स्वसंवेदनसिद्धिः; तथाहि — ज्ञानं प्रकाशमानमेवार्थं प्रकाशयति, प्रकाशकत्वात् प्रदीपवत् । संवेदनस्य प्रकाश्यत्वात् प्रकाशकत्वमसिद्धमिति चेत्; न; अज्ञाननिरासादिद्वारेण प्रकाशकत्वोपपत्तेः । न च नेत्रादिभिरनैकान्तिकता; तेषां भावेन्द्रियरूपाणामेव प्रकाशकत्वात् । भावेन्द्रियाणां च स्वसंवेदनरूपतैवेति न व्यभिचारः । तथा, संवित् स्वप्रकाशा, अर्थप्रतीतित्वात्, यः स्वप्रकाशो न भवति नासावर्थ-प्रतीतिः यथा घटः । तथा, यत् ज्ञानं तत् आत्मबोधं प्रत्यनपेक्षितपरव्यापारम्, यथा गोचरान्तरग्राहिज्ञानात् प्राग्भावि गोचरान्तरग्राहिज्ञानप्रबन्धस्यान्त्यज्ञानम्, ज्ञानं च विवादाध्यासितं रूपादिज्ञानमिति । संवित् स्वप्रकाशे स्वावान्तरजातीयं नापेक्षते, वस्तुत्वात्, घटवत् । संवित् परप्रकाश्या, वस्तुत्वात्, घटवदिति चेत्; न; अस्याप्रयोजकत्वात्, न खलु घटस्य वस्तुत्वात् परप्रकाश्यता अपि तु बुद्धिव्यतिरिक्तत्वात् । तस्मात् स्वनिर्णयोऽपि प्रमाणलक्षणमस्त्वि-त्याशङ्क्याह—

**स्वनिर्णयः सन्नप्यलक्षणम्, अप्रमाणेऽपि भावात् ॥३॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

12. **શંકા** — પ્રાચીન આચાર્યોએ અર્થનિર્ણયની જેમ સ્વનિર્ણયને પણ પ્રમાણનું લક્ષણ કહ્યું છે — 'प्रमाणं स्वपरावभासि (સ્વ અને પરને પ્રકાશિત કરનારું જ્ઞાન જ પ્રમાણ છે)' [ન્યાયાવતાર ૧] તથા 'स्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम् (જે જ્ઞાન સ્વ અને અર્થનો નિશ્ચય કરે છે તે પ્રમાણ છે)' [તત્ત્વાર્થશ્લોકવાર્તિક ૧.૧૦.૭૭]. આ કથન ખોટું નથી, કારણ કે 'હું ઘટને જાણું છું' ઇત્યાદિ આકારની પ્રતીતિઓમાં જેમ 'હું' એ કર્તાનું અને 'ઘટને' એ કર્મનું જ્ઞાન થાય છે તેમ 'જાણું છું' એ જ્ઞપ્તિક્રિયાનું અર્થાત્ જ્ઞાનનું પણ જ્ઞાન થાય છે. વળી, જેને જ્ઞાનનું જ્ઞાન (જે સદા પ્રત્યક્ષરૂપ હોય છે) નથી થતું, તેને પેલા જ્ઞાન દ્વારા અર્થનું જ્ઞાન થઈ શકતું નથી. બીજા જ્ઞાન વડે પ્રથમ જ્ઞાનનું જ્ઞાન અને પ્રથમ જ્ઞાન વડે અર્થનું જ્ઞાન સંભવતું નથી, કારણ કે પેલું બીજું જ્ઞાન અજ્ઞાત હોવાથી પ્રથમ જ્ઞાનને જાણી શકતું નથી. જો બીજા જ્ઞાનને જાણવા માટે ત્રીજું જ્ઞાન માનવામાં આવે તો એ પ્રમાણે માનતાં અનવસ્થાદોષની આપત્તિ આવે. પ્રથમ જ્ઞાન (અર્થજ્ઞાન) બીજા જ્ઞાનને (અર્થજ્ઞાનજ્ઞાનને) અને બીજું જ્ઞાન પ્રથમ જ્ઞાનને જાણી લે છે એવું માનતાં અન્યોન્યાશ્રયદોષની આપત્તિ આવે. જો મને અર્થજ્ઞાન ન થયું હોત તો હું 'અર્થ છે' એવો વ્યવહાર ન કરત પરંતુ હું 'અર્થ છે' એવો વ્યવહાર કરું છું તેથી મને અર્થજ્ઞાન થયું છે—આ રીતે અર્થાપત્તિથી અર્થજ્ઞાનનું જ્ઞાન થાય છે એવો મત પણ ઉપર જે કહ્યું છે તેનાથી નિરસ્ત થઈ જાય છે. તે આ પ્રમાણે — અર્થાપત્તિ પણ જ્ઞાપક છે, તેથી જ્યાં સુધી તે પોતે અજ્ઞાત હોય ત્યાં સુધી તે જ્ઞાપક થઈ શકતી જ નથી. બીજી અર્થાપત્તિથી પહેલી અર્થાપત્તિનું જ્ઞાન માનતાં અનવસ્થા અને ઇતરેતરાશ્રય દોષોની આપત્તિ આવતી હોવાથી મુશ્કેલી જેમની તેમ જ રહે છે. તેથી માનવું જોઈએ કે જેમ જ્ઞાન અર્થ તરફ ઉન્મુખ થઈ અર્થને જાણે છે તેમ પોતાની તરફ ઉન્મુખ થઈ પોતાને પણ જાણે છે, એટલે જ્ઞાન અર્થનિર્ણાયકની જેમ સ્વનિર્ણાયક પણ છે. જો જ્ઞાન પોતે પોતાને જાણતું હોય તો તે જ્ઞેય બની જાય અને જ્ઞેય બની જવાને કારણે ઘટ વગેરેની જેમ તે જ્ઞાન ન રહે — અને આમ જ્ઞાન જ્ઞાનત્વહીન બની જવાની આપત્તિ આવશે. આવી આપત્તિ આપવી યોગ્ય નથી. જ્ઞાતા (હું અર્થાત્ કર્તા)નું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તે પણ જ્ઞેય બને છે, પરંતુ જ્ઞાતા જ્ઞાતા તરીકે જ જ્ઞેય બને છે, તેથી જ્ઞેય બનવા છતાં તેના જ્ઞાતૃત્વની હાનિ થતી નથી. તેવી જ રીતે જ્યારે જ્ઞાન પોતે પોતાને જાણે છે ત્યારે તે પોતાનું જ્ઞેય બને છે, પરંતુ જ્ઞાન જ્ઞાન તરીકે જ જ્ઞેય બને છે, તેથી જ્ઞાનના જ્ઞાનત્વની હાનિ થતી નથી. જ્ઞાનના જ્ઞેય બનવામાં કોઈ દોષ નથી, કારણ કે અર્થની અપેક્ષાએ તે જ્ઞાન છે અને પોતાની અપેક્ષાએ તે જ્ઞેય છે. એક જ પુરુષ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે અને પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે. જેમ ભિન્ન ભિન્ન અપેક્ષાએ એક જ પુરુષના પિતા અને પુત્ર બન્ને હોવામાં કોઈ વિરોધ નથી તેમ ભિન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્ન અપેક્ષાએ એક જ જ્ઞાન જ્ઞાન પણ હોય અને જ્ઞેય પણ તો તેમાં કોઈ વિરોધ નથી. [જેમ તલવાર પોતે પોતાને કાપી શકતી નથી તેમ જ્ઞાન પણ પોતે પોતાને જાણી શકે નહિ] કારણ કે તેમ માનવામાં કર્તાના પોતાના ઉપર જ ક્રિયાવ્યાપાર થવાનો વિરોધ આવે અર્થાત્ એક જ ક્રિયામાં કર્તા અને કર્મ બન્નેને એક માનવાનો વિરોધ આવે કારણ કે એક જ ક્રિયામાં કર્તા અને કર્મ બન્ને એક હોઈ શકે જ નહિ—આમ કહેવું ઉચિત નથી. તેનું કારણ એ છે કે જે વસ્તુ અનુભવસિદ્ધ હોય તેમાં વિરોધ સંભવતો નથી. વળી, અનુમાનપ્રમાણથી સ્વસંવેદન (અર્થાત્ જ્ઞાને પોતે પોતાને જાણવું) સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે—(૧) જ્ઞાન પોતે પ્રકાશમાન બનીને જ અર્થને પ્રકાશિત કરે છે કારણ કે તે પ્રકાશક છે. જે જે પ્રકાશક હોય છે તે પોતે પ્રકાશમાન બનીને જ અર્થને પ્રકાશિત કરે છે, જેમ કે દીપક. જ્ઞાન સ્વસંવેદનશીલ હોતાં તે પ્રકાશ્ય છે અને પ્રકાશ્યનું પ્રકાશક હોવું અસિદ્ધ છે આવી આશંકા અયોગ્ય છે, કારણ કે અજ્ઞાનનિવારણ વગેરે કરવાને કારણે જ્ઞાનનું પ્રકાશકત્વ ઘટે છે. નેત્ર વગેરે ઇન્દ્રિયો સ્વયં પ્રકાશમાન થયા વિના જ અર્થને પ્રકાશિત કરે છે અર્થાત્ અર્થપ્રકાશક બને છે એટલે પ્રકાશકત્વ હેતુ અનૈકાન્તિક છે એમ કહેવું પણ બરાબર નથી કારણ કે ભાવેન્દ્રિયો જ પ્રકાશક છે અને તેઓ સ્વયંપ્રકાશમાન પણ હોય છે, સ્વસંવેદી પણ હોય છે એટલે વ્યભિચાર દોષ નથી. (૨) જ્ઞાન સ્વપ્રકાશક છે કારણ કે તે અર્થપ્રકાશક છે, જે સ્વપ્રકાશક નથી તે અર્થપ્રકાશક પણ નથી, જેમ કે ઘટ. (૩) જ્ઞાન પોતે પોતાને જાણવા માટે બીજા કોઈ જ્ઞાનની અપેક્ષા નથી રાખતું, કારણ કે તે જ્ઞાન છે, જે જે જ્ઞાન હોય છે તે પોતાને જાણવા બીજા જ્ઞાનની અપેક્ષા નથી રાખતું, જેમ કે વિષયાન્તરગ્રાહી જ્ઞાનની પહેલાં થનારા વિષયાન્તરગ્રાહી જ્ઞાનપ્રવાહનું અંતિમજ્ઞાન. અને જેની બાબતમાં વિવાદ છે તે જ્ઞાન રૂપાદિનું જ્ઞાન છે. [તાત્પર્ય એ છે કે કોઈ વ્યક્તિને અત્યારે ઘટનું જ્ઞાન થઈ રહ્યું છે અર્થાત્ ઘટજ્ઞાનોનો પ્રવાહ ચાલી રહ્યો છે. હવે ધ્યાન ઘટ ઉપરથી પટ ઉપર જતાં પટનું જ્ઞાન થવા લાગ્યું. અહીં વિચારણીય પ્રશ્ન એ છે કે જ્યાં સુધી ઘટજ્ઞાનોનો પ્રવાહ ચાલી રહ્યો હતો ત્યાં સુધી તો કોઈ કહી શકે કે પછી પછીનું ઘટજ્ઞાન પહેલાં પહેલાંના ઘટજ્ઞાનને જાણે છે, પરંતુ તે પ્રવાહના અંતિમક્ષણવર્તી ઘટજ્ઞાનને કોણ જાણશે ? યાદ રાખવું જોઈએ કે અન્તિમક્ષણવર્તી ઘટજ્ઞાન પછી વિના અંતર તરત જ પટજ્ઞાન ઉત્પન્ન થયું છે અને પટજ્ઞાન પોતાના પૂર્વવર્તી ઘટજ્ઞાનને જાણી શકે નહીં, તે તો પટને જ જાણશે. આવી પરિસ્થિતિમાં માનવું પડશે કે તે ઘટજ્ઞાન પોતે પોતાને જાણે છે, તો પછી જેમ ઘટજ્ઞાનોના પ્રવાહનું અંતિમજ્ઞાન પોતે પોતાને જાણે છે તેમ પૂર્વવર્તી ઘટજ્ઞાનો પણ પોતે પોતાને જાણે છે એમ માનવું જ જોઈએ.] (૪) જ્ઞાન પોતાના જ્ઞાન માટે પોતાના અવાન્તર જાતીયની અર્થાત્ સજાતીય જ્ઞાનાન્તરની અપેક્ષા નથી રાખતું કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે તે વસ્તુ છે, જે જે વસ્તુ છે તે પોતાના જ્ઞાન માટે પોતાના અવાન્તરજાતીયની અપેક્ષા નથી રાખતી, જેમ કે ઘટ. અર્થાત્ જેમ ઘટને જાણવા માટે બીજા ઘટની આવશ્યકતા નથી હોતી તેમ જ્ઞાનને જાણવા માટે બીજા જ્ઞાનની આવશ્યકતા નથી હોતી. જો કોઈ કહે કે જ્ઞાન વસ્તુ હોવાના કારણે ઘટની જેમ પરપ્રકાશ્ય છે, તો તેમ કહેવું અયોગ્ય છે. અહીં 'વસ્તુ હોવાના કારણે' એ હેતુ અપ્રયોજક છે. ખરેખર ઘટ વસ્તુ હોવાના કારણે પરપ્રકાશ્ય નથી પણ જ્ઞાનભિન્ન હોવાના કારણે પરપ્રકાશ્ય છે. [આ બધી ચર્ચા ઉપરથી એ સિદ્ધ થાય છે કે જ્ઞાન જેમ અર્થનો નિર્ણય કરે છે તેમ પોતાનો નિર્ણય પણ કરે છે.] તેથી સ્વનિર્ણયને પણ પ્રમાણનું લક્ષણ માનવું જોઈએ એવી શંકાનું સમાધાન કરવા આચાર્ય કહે છે—

**પ્રમાણમાં સ્વનિર્ણયરૂપ ધર્મ હોવા છતાં તે પ્રમાણનું લક્ષણ નથી કારણ કે સ્વનિર્ણયરૂપ ધર્મ અપ્રમાણમાં પણ હોય છે. (૩)**

13. सन्नपि इति परोक्तमनुमोदते । अयमर्थः — न हि अस्ति इत्येव सर्वं लक्षणत्वेन वाच्यं किन्तु यो धर्मो विपक्षाद् व्यावर्तते । स्वनिर्णयस्तु अप्रमाणेऽपि संशयादौ वर्त्तते; नहि काचित् ज्ञानमात्रा सास्ति या न स्वसंविदिता नाम । ततो न स्वनिर्णयो लक्षणमुक्तोऽस्माभिः, वृद्धैस्तु परीक्षार्थमुपक्षिप्त इत्यदोषः ॥३॥

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

13. 'સ્વનિર્ણયરૂપ ધર્મ હોવા છતાં' એમ કહીને પ્રાચીન આચાર્યોના કથનનું અનુમોદન કરવામાં આવ્યું છે. અભિપ્રાય આ છે — કોઈ વસ્તુમાં જે ધર્મો હોય તે બધાને તે વસ્તુના લક્ષણ તરીકે ન જણાવી શકાય. પરંતુ કેવળ તે જ ધર્મને તેનું લક્ષણ કહી શકાય જે ધર્મ તે વસ્તુને વિપક્ષથી (અલક્ષ્યથી) જુદી પાડતો હોય. સ્વનિર્ણયરૂપ ધર્મ તો પ્રમાણની જેમ સંશય વગેરે અપ્રમાણમાં પણ હોય છે. કોઈ પણ જ્ઞાન એવું નથી જે સ્વસંવેદી ન હોય, અર્થાત્ પ્રમાણજ્ઞાન પણ સ્વસંવેદી હોય છે અને અપ્રમાણજ્ઞાન પણ સ્વસંવેદી હોય છે. તેથી અમે સ્વસંવેદનને (સ્વનિર્ણયને) પ્રમાણનું લક્ષણ કહ્યું નથી. પ્રાચીન આચાર્યોએ તો પરીક્ષા માટે પ્રમાણના લક્ષણમાં તેનો સમાવેશ કર્યો છે, તેથી તેમનું તેમ કરવું દોષરૂપ નથી. (૩)

14. ननु च परिच्छिन्नमर्थं परिच्छिन्दता प्रमाणेन पिष्टं पिष्टं स्यात् । तथा च गृहीतग्राहिणां धारावाहिज्ञानानामपि प्रामाण्यप्रसङ्गः । ततोऽपूर्वार्थनिर्णय इत्यस्तु लक्षणम्, यथाहुः - "**स्वापूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम्**" [परीक्षामु. १.१] इति, "**तत्रापूर्वार्थविज्ञानम्**" इति च । तत्राह—

**ग्रहीष्यमाणग्राहिण इव गृहीतग्राहिणोऽपि नाप्रामाण्यम् ॥४॥**

14. શંકા—જાણેલા અર્થને જાણતું જ્ઞાન તો પિષ્ટપેષણ જ કરે છે. અને તેને પ્રમાણ માનીએ તો ગૃહીતગ્રાહી (જાણેલાને જાણનારા) ધારાવાહિક જ્ઞાનને પ્રમાણ માનવાની આપત્તિ આવે. તેથી ['અર્થનિર્ણય' ને બદલે] 'અપૂર્વાર્થનિર્ણય'ને પ્રમાણ કહેવું જોઈએ. અર્થાત્ જે જ્ઞાન પહેલાં ન જાણેલી વસ્તુનો નિર્ણય કરે છે તે જ્ઞાન જ પ્રમાણ છે એમ કહેવું જોઈએ, જેમ કે પૂર્વાચાર્યોએ કહ્યું છે - 'स्वापूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम् (જે જ્ઞાન પોતાનો અને અપૂર્વ અર્થનો નિશ્ચય (વ્યવસાય) કરે છે તે જ્ઞાન પ્રમાણ છે' [પરીક્ષામુખ ૧.૧] તથા 'तत्रापूर्वार्थविज्ञानम् (અપૂર્વ અર્થનું વિજ્ઞાન પ્રમાણ છે)'.આ શંકાના સમાધાનમાં આચાર્ય કહે છે—

**જેમ ભવિષ્યમાં ગ્રહણ કરવાની (જાણવાની) વસ્તુનું વર્તમાનમાં ગ્રહણ કરનારું (જાણનારું) જ્ઞાન અપ્રમાણ નથી તેમ ભૂતકાળમાં જ્ઞાત વસ્તુને વર્તમાનમાં જાણનારું જ્ઞાન પણ અપ્રમાણ નથી. (૪)**

15. अयमर्थः - द्रव्यापेक्षया वा गृहीतग्राहित्वं विप्रतिषिध्येत पर्यायापेक्षया वा ? तत्र पर्यायापेक्षया धारावाहिज्ञानानामपि गृहीतग्राहित्वं न सम्भवति, क्षणिकत्वात् पर्यायाणाम्; तत्कथं तन्निवृत्त्यर्थं विशेषणमुपादीयेत ? अथ द्रव्यापेक्षया; तदप्ययुक्तम्; द्रव्यस्य नित्यत्वादेकत्वेन गृहीतग्रहीष्यमाणावस्थयोर्न भेदः । ततश्च कं विशेषमाश्रित्य ग्रहीष्यमाणग्राहिणः प्रामाण्यम्, न गृहीतग्राहिणः ? अपि च अवग्रहेहादीनां गृहीतग्राहित्वेऽपि प्रामाण्यमिष्यत एव । न चैषां भिन्नविषयत्वम्; एवं ह्यवगृहीतस्य अनीहनात्, ईहितस्य अनिश्चयादसमञ्जसमापद्येत । न च पर्यायापेक्षया अनधिगतविशेषावसायादपूर्वार्थत्वं वाच्यम्; एवं हि न कस्यचिद् गृहीतग्राहित्वमित्युक्तप्रायम् ।

15. આનો અભિપ્રાય આ છે — જ્ઞાન દ્રવ્યની અપેક્ષાએ ગૃહીતગ્રાહી હોય છે કે પર્યાયની અપેક્ષાએ ? આ બેમાંથી કઈ અપેક્ષાએ જ્ઞાનને ગૃહીતગ્રાહી ગણવામાં આવે છે ? જો પર્યાયની અપેક્ષાએ જ્ઞાનને ગૃહીતગ્રાહી કહેવામાં આવતું હોય તો ધારાવાહિક ('આ ઘટ છે' 'આ ઘટ છે' એવું સતત થનારું) જ્ઞાન પણ ગૃહીતગ્રાહી નથી સંભવતું, કારણ કે પર્યાયો ક્ષણિક હોય છે. [પ્રથમ જ્ઞાન જે પર્યાયને જાણે છે તે જ પર્યાયને બીજું જ્ઞાન જાણતું નથી, કારણ કે બીજા જ્ઞાનના સમયે પહેલો પર્યાય રહેતો જ નથી. તેથી ધારાવાહિક જ્ઞાન પણ અપૂર્વ-અપૂર્વ અર્થાત્ અજ્ઞાત પર્યાયને જ જાણે છે. આમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારાવાહિક જ્ઞાન પણ અગ્રહીતગ્રાહી જ છે.] તો પછી ધારાવાહિક જ્ઞાનને પ્રમાણનું લક્ષણ લાગુ પડતું અટકાવવા 'અર્થ'ને 'અપૂર્વ' વિશેષણ શા માટે લગાવો છો? દ્રવ્યની અપેક્ષાએ ધારાવાહિક જ્ઞાન ગૃહીતગ્રાહી છે એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે દ્રવ્ય નિત્ય છે, ત્રણેય કાળમાં એકરૂપ જ રહે છે એટલે તેમાં ગૃહીત અને ગ્રહીષ્યમાણ અવસ્થાઓનો ભેદ છે જ નહિ. તો પછી કઈ વિશેષતાના આધારે ગ્રહીષ્યમાણગ્રાહી જ્ઞાનને પ્રમાણ અને ગૃહીતગ્રાહી જ્ઞાનને અપ્રમાણ માનીશું? વળી અવગ્રહ, ઈહા આદિ જ્ઞાનો ગૃહીતગ્રાહી હોવા છતાં પણ પ્રમાણ મનાય છે જ. આ જ્ઞાનોનો વિષય ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી. જો આ જ્ઞાનોનો વિષય જુદાં જુદાં દ્રવ્યોને માનીએ તો અવગ્રહે જાણેલું દ્રવ્ય ઈહાનો વિષય નહિ બની શકે અને ઈહાએ વિષય કરેલા દ્રવ્યનો અવાય નિશ્ચય નહિ કરી શકે. આમ બધું અંધાધૂંધ થઈ જશે. જો કહેવામાં આવે કે અવગ્રહ આદિ જ્ઞાનો પર્યાયની અપેક્ષાએ અગૃહીત વિશેષનું ગ્રહણ કરે છે, તો એમ કહેતાં કોઈ પણ જ્ઞાન એવું નહિ રહે જે ગૃહીતગ્રાહી હોય; આ વાત અમે કહી જ ગયા છીએ.

16. स्मृतेश्च प्रमाणत्वेनाभ्युपगताया गृहीतग्राहित्वमेव सतत्त्वम्। यैरपि स्मृतेरप्रामाण्यमिष्टं तैरप्यर्थादनुत्पाद एव हेतुत्वेनोक्तो न गृहीतग्राहित्वम्। यदाह–

"न स्मृतेरप्रमाणत्वं गृहीतग्राहिताकृतम्।
अपि त्वनर्थजन्यत्वं तदप्रामाण्यकारणम्" [न्यायम. पृ. २३]

इति ॥४॥

16. વળી, સ્મૃતિને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવી છે અને તે ગૃહીતગ્રાહી જ છે. જેઓ સ્મૃતિને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી તેઓ તેના પ્રમાણ ન હોવાનું કારણ તેના અર્થથી ઉત્પન્ન ન થવાને માને છે અને નહિ કે તેના ગૃહીતગ્રાહિત્વને. તેમણે કહ્યું છે કે — "સ્મૃતિની અપ્રમાણતા ગૃહીતગ્રાહિતાના કારણે નથી પરંતુ અર્થાજન્યત્વના કારણે છે" [ન્યાયમંજરી પૃ. ૨૩]. (૪)

17. अथ प्रमाणलक्षणप्रतिक्षिप्तानां संशयानध्यवसायविपर्ययाणां लक्षणमाह–

**अनुभयत्रोभयकोटिस्पर्शी प्रत्ययः संशयः ॥५॥**

17. હવે પ્રમાણલક્ષણમાંથી બકાત કરાયેલા સંશય, અનધ્યવસાય અને વિપર્યયનાં લક્ષણ આચાર્ય ક્રમશઃ કહે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બન્ને ધર્મો ન ધરાવતી વસ્તુમાં તે બન્ને ધર્મોનો (કોટિઓનો) નિર્દેશ કરનારું જ્ઞાન સંશય છે.(૫)**

18. अनुभयस्वभावे वस्तुनि उभयान्तपरिमर्शनशीलं ज्ञानं सर्वात्मना शेत इवात्मा यस्मिन् सति स संशयः, यथा अन्धकारे दूरादूर्ध्वाकारवस्तूपलम्भात् साधकबाधकप्रमाणाभावे सति 'स्थाणुर्वा पुरुषो वा' इति प्रत्ययः । अनुभयत्रग्रहणमुभयरूपे वस्तुन्युभयकोटिसंस्पर्शेऽपि संशयत्वनिराकरणार्थम्, यथा 'अस्ति च नास्ति च घटः', 'नित्यश्चानित्यश्चात्मा' इत्यादि ॥५॥

**विशेषानुल्लेख्यनध्यवसायः ॥६॥**

18. ઉભય સ્વભાવ (ધર્મો) ન ધરાવતી વસ્તુમાં ઉભય ધર્મોનો (કોટિઓનો, અન્તોનો) સ્પર્શ કરનારું, નિર્દેશ કરનારું જ્ઞાન સંશય કહેવાય છે. જેમાં આત્મા (જાગૃતિના અભાવમાં) સંપૂર્ણપણે જાણે કે નિદ્રામાં પડી જાય છે (शेते) તેને સંશય કહે છે . [અહીં 'સંશય' શબ્દની વ્યુત્પત્તિ આપી છે.] ઉદાહરણાર્થ, મન્દ અંધકારમાં દૂર કોઈ ઊંચા આકારવાળી વસ્તુ દેખાવાના કારણે સાધક-બાધક પ્રમાણનો અભાવ હોતાં 'આ ઝાડનું ઠૂંઠું છે કે પુરુષ' એવા આકારનું જે જ્ઞાન થાય છે તે સંશય છે.

'અનુભયત્ર' ('ઉભય ધર્મોથી રહિત જે વસ્તુ છે તેમાં') પદને સૂત્રમાં મૂકવાનું પ્રયોજન ઉભય ધર્મો ધરાવતી વસ્તુમાં ઉભય ધર્મોનો (કોટિઓનો) સ્પર્શ (નિર્દેશ) કરતા જ્ઞાનમાં સંશયત્વને આવતું રોકવાનું છે. આવાં જ્ઞાનોનાં ઉદાહરણો છે— 'ઘટ છે પણ ખરો અને નથી પણ' 'આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ' વગેરે. (૫)

**વિશેષ ધર્મનો ઉલ્લેખ ન કરનારું જ્ઞાન અનધ્યવસાય છે. (૬)**

19. दूरान्धकारादिवशादसाधारणधर्मावमर्शरहितः प्रत्ययः अनिश्चयात्मकत्वात् अनध्यवसायः, यथा 'किमेतत्' इति । यदप्यविकल्पकं प्रथमक्षणभावि परेषां प्रत्यक्षप्रमाणत्वेनाभिमतं तदप्यनध्यवसाय एव, विशेषोल्लेखस्य तत्राप्यभावादिति ॥६॥

**अतस्मिंस्तदेवेति विपर्ययः ॥७॥**

19. દૂરસ્થતા, અન્ધકાર વગેરે કારણોને લીધે અસાધારણ ધર્મના ગ્રહણથી વંચિત જ્ઞાન અનિશ્ચયાત્મક હોવાથી અનધ્યવસાય કહેવાય છે, જેમ કે 'આ શું છે !' એવા આકારનું જ્ઞાન. [ઇન્દ્રિયનો અર્થ સાથે સન્નિકર્ષ થતાં] પ્રથમ ક્ષણે ઉત્પન્ન થનારું નિર્વિકલ્પક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાન પણ, જેને બૌદ્ધો પ્રત્યક્ષ પ્રમાણ માને છે તે, વાસ્તવમાં અનધ્યવસાય જ છે, કારણ કે તેમાં પણ વિશેષ ધર્મનો ઉલ્લેખ નથી હોતો. (૬)

**વસ્તુમાં જે ધર્મ નથી તે ધર્મ છે જ એવો નિશ્ચય થવો એ વિપર્યય છે.(૭)**

૨૦. यत् ज्ञाने प्रतिभासते तद्रूपरहिते वस्तुनि 'तदेव' इति प्रत्ययो विपर्यासरूपत्वाद्विपर्ययः, यथा धातुवैषम्यान्मधुरादिषु द्रव्येषु तिक्तादिप्रत्ययः, तिमिरादिदोषात् एकस्मिन्नपि चन्द्रे द्विचन्द्रादिप्रत्ययः, नौयानात् अगच्छत्स्वपि वृक्षेषु गच्छत्प्रत्ययः, आशुभ्रमणात् अलातादावचक्रेऽपि चक्रप्रत्यय इति । अवसितं प्रमाणलक्षणम् ॥७॥

20. જે જ્ઞાનમાં વસ્તુમાં જે ધર્મ ન હોય 'તે જ ધર્મ છે' એવા આકારનો નિશ્ચય ભાસે તો તે જ્ઞાન વિપર્યય છે કારણ કે તે વિપર્યાસરૂપ છે. તેનાં ઉદાહરણો છે– ધાતુ(પિત્ત)ની વિષમતાને લીધે મધુર દ્રવ્યોમાં કટુકતાની પ્રતીતિ, તિમિર નામનો રોગ, વગેરેને લીધે ચંદ્ર એક હોવા છતાં બે ચન્દ્ર વગેરેની પ્રતીતિ થવી, નાવના ચાલવાથી ન ચાલતાં વૃક્ષો ચાલતાં હોવાની પ્રતીતિ થવી, ઝડપથી ગોળ ગોળ ઘૂમવાને લીધે તારામંડળ ગોળ ન હોવા છતાં ગોળ હોવાની પ્રતીતિ થવી. અહીં પ્રમાણનું લક્ષણ સમાપ્ત થયું.(૭)

21. ननु अस्तूक्तलक्षणं प्रमाणम्; तत्प्रामाण्यं तु स्वतः परतो वा निश्चीयेत ? न तावत् स्वतः; तद्धि श्व(स्व)संविदितत्वात् ज्ञानमित्येव गृह्णीयात्, न पुनः सम्यक्त्वलक्षणं प्रामाण्यम्, ज्ञानत्वमात्रं तु प्रमाणाभाससाधारणम् । अपि च स्वतः प्रामाण्ये सर्वेषामविप्रतिपत्तिप्रसङ्गः । नापि परतः; परं हि तद्गोचरगोचरं वा ज्ञानम् अभ्युपेयेत, अर्थक्रियानिर्भासं वा, तद्गोचरनान्तरीयकार्थदर्शनं वा ? तच्च सर्वं स्वतोऽनवधृतप्रामाण्यमव्यवस्थितं सत् कथं पूर्वं प्रवर्तकं ज्ञानं व्यवस्थापयेत् ? स्वतो वाऽस्य प्रामाण्ये कोऽपराधः प्रवर्तकज्ञानस्य येन तस्यापि तन्न स्यात् ? न च प्रामाण्यं ज्ञायते स्वत इत्युक्तमेव, परतस्त्वनवस्थेत्याशङ्क्याह–

**प्रामाण्यनिश्चयः स्वतः परतो वा ॥८॥**

21. તમે જણાવેલું પ્રમાણનું લક્ષણ ભલે તેવું હો. પરંતુ પ્રમાણના પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થાય છે કે પરતઃ ? અર્થાત્ પ્રમાણ પોતે જ પોતાની પ્રમાણતાનો નિશ્ચય કરી લે છે કે પછી બીજા પ્રમાણ દ્વારા તેની પ્રમાણતાનો નિશ્ચય થાય છે ? પ્રમાણના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થતો નથી. કેમ ? તેનો ઉત્તર આ છે — પ્રત્યેક જ્ઞાન સ્વસંવેદી છે. તેથી પ્રમાણજ્ઞાન પોતાના જ્ઞાનત્વ સ્વરૂપને તો સ્વયં જાણે છે, પરંતુ પોતાના સમ્યક્ત્વને(પ્રામાણ્યને) સ્વતઃ જાણી શકતું નથી. જ્ઞાનત્વમાત્ર પ્રમાણની જેમ અપ્રમાણમાં (પ્રમાણાભાસમાં) પણ સમાનપણે રહે છે. વળી, પ્રમાણ પોતાનું પ્રામાણ્ય સ્વતઃ જાણી લેતું હોય તો બધાના ઐકમત્યની આપત્તિ આવત (કારણ કે તો પછી સ્વતઃપ્રામાણ્ય-પરતઃપ્રામાણ્યના મતભેદને ઊભા થવાનો અવકાશ જ ન રહેત).

પ્રમાણનું પ્રામાણ્ય પ્રમાણ પોતે નહિ પરંતુ બીજુ જ્ઞાન જાણે છે એ પક્ષ પણ ઘટતો નથી. આ બીજું જ્ઞાન કયું છે ? શું તે એ જ્ઞાન છે જેનો વિષય પ્રથમ જ્ઞાનનો જ વિષય છે કે પછી એ જ્ઞાન છે જેનો વિષય અર્થક્રિયા છે કે પછી એ જ્ઞાન છે જેનો વિષય (અર્થ) પ્રથમ જ્ઞાનના વિષય વિના ઉત્પન્ન થતો નથી કે અસ્તિત્વ ધરાવતો નથી ? આ ત્રણેય જ્ઞાનોના પ્રામાણ્યનો નિશ્ચય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આ ત્રણેય જ્ઞાનો પેલા પ્રવૃત્તિ તરફ દોરી જનારા (પ્રવર્તક) પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યને નિશ્ચિતપણે જાણી ન શકે, સ્થાપી ન શકે. જો આ જ્ઞાનોના પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થઈ જતો હોય તો પેલા પ્રથમ પ્રવર્તક જ્ઞાને શો અપરાધ કર્યો છે કે તે પોતે પોતાના પ્રામાણ્યને નિશ્ચિતપણે ન જાણી શકે ? વળી, આ પક્ષ અનુસાર તો પ્રમાણ પોતે પોતાના પ્રામાણ્યને જાણતું નથી. એટલે જો કહેવામાં આવે કે આ ત્રણેય જ્ઞાનોના પ્રામાણ્યનું જ્ઞાન પણ પરતઃ અર્થાત્ અન્ય જ્ઞાનથી થાય છે, તો અનવસ્થાદોષની આપત્તિ આવશે. આ સમસ્ત આશંકાનું સમાધાન કરવા આચાર્ય કહે છે—

**જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય ક્યારેક સ્વતઃ થાય છે અને ક્યારેક પરતઃ થાય છે.(૮)**

22. प्रामाण्यनिश्चयः क्वचित् स्वतः यथाऽभ्यासदशापन्ने स्वकरतलादिज्ञाने, स्नानपानावगाहनोदन्योपशमादावर्थक्रियानिर्भासे वा प्रत्यक्षज्ञाने; नहि तत्र परीक्षाकाङ्क्षास्ति प्रेक्षावताम्, तथाहि – जलज्ञानम्, ततो दाहपिपासार्त्तस्य तत्र प्रवृत्तिः, ततस्तत्प्राप्तिः, ततः स्नानपानादीनि, ततो दाहोदन्योपशम इत्येतावतैव भवति कृती प्रमाता; न पुनर्दाहोदन्योपशमज्ञानमपि परीक्षते इत्यस्य स्वतः प्रामाण्यम् । अनुमाने तु सर्वस्मिन्नपि सर्वथा निरस्तसमस्तव्यभिचाराशङ्के स्वत एव प्रामाण्यम्, अव्यभिचारिलिङ्गसमुत्थत्वात्; न लिङ्गाकारं ज्ञानं लिङ्गं विना, न च लिङ्गं लिङ्गिनं विनेति ।

22. જ્યારે પોતાની હથેળી આદિ અભ્યસ્ત વસ્તુનું પ્રત્યક્ષ થાય છે ત્યારે અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે સ્નાન, પાન, અવગાહન, પિપાસોપશમન વગેરે અર્થક્રિયાનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે ત્યારે પ્રત્યક્ષના પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થાય છે. બુદ્ધિમાનોને આવાં જ્ઞાનોના પ્રામાણ્યની પરીક્ષા કરવાની ઇચ્છા જ થતી નથી, [એવી ઇચ્છાના ઉદ્ભવને અવકાશ જ નથી.] ઉદાહરણાર્થ, દાહ યા તરસથી પીડાતા માણસને જ્યારે જલનું જ્ઞાન થાય છે ત્યારે તે માણસ 'જલ છે' એવું જ્ઞાન થતાં જ જલ મેળવવા પ્રવૃત્તિ કરે છે, પછી જલને પ્રાપ્ત કરે છે, જલ પ્રાપ્ત થતાં જ તેમાં કે તેનાથી સ્નાન કરે છે, તેને પીવે છે, અને તેનો દાહ કે તેની તરસ શાન્ત થાય છે. આટલાથી પ્રમાતા માણસ કૃતાર્થ થાય છે. દાહ યા પિપાસાની ઉપશાન્તિના અનુભવરૂપ જ્ઞાનના પ્રામાણ્યની પરીક્ષા તે કરતો જ નથી. [અર્થાત્ તે માણસ દાહ યા પિપાસા શાન્ત થયાનો અનુભવ કરે છે અને તે અનુભવના પ્રામાણ્યનો નિશ્ચય કરવા માટે અન્ય પ્રમાણની અપેક્ષા નથી કરતો.] તેને પોતાને પોતાના તે અનુભવનું પ્રામાણ્ય સ્વતઃ જ જ્ઞાત થઈ જાય છે. વળી, જે અનુમાનોમાં કોઈ પણ પ્રકારના દોષની (વ્યભિચારની) આશંકા જ ન હોય તે બધાં જ અનુમાનોની બાબતમાં પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ જ થાય છે, કારણ કે તે અનુમાનો અવ્યભિચારી લિંગ (સાધન, હેતુ)થી ઉત્પન્ન થયાં હોય છે. લિંગાકારવાળું જ્ઞાન બાહ્યલિંગ વિના શક્ય નથી અને લિંગનું (ધૂમનું) હોવું લિંગી (સાધ્ય-અગ્નિ) વિના સંભવતું નથી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

23. क्वचित् परतः प्रामाण्यनिश्चयः, यथा अनभ्यासदशापन्ने प्रत्यक्षे । नहि तत् अर्थेन गृहीताव्यभिचारमिति तदेकविषयात् संवादकात् ज्ञानान्तराद्वा, अर्थक्रियानिर्भासाद्वा, नान्तरीयार्थदर्शनाद्वा तस्य प्रामाण्यं निश्चीयते । तेषां च स्वतः प्रामाण्यनिश्चयान्नानवस्थादिदौस्थ्यावकाशः ।

23. ક્યારેક પ્રામાણ્યનો નિશ્ચય પરતઃ અર્થાત્ બીજા જ્ઞાનથી પણ થાય છે. જ્યારે કોઈ અનભ્યસ્ત વસ્તુનું પ્રત્યક્ષ થાય છે ત્યારે તે પ્રત્યક્ષનો વસ્તુ સાથે અવ્યભિચાર નિશ્ચિત સ્વતઃ જણાતો નથી, આવી સ્થિતિમાં કોઈ અન્ય જ્ઞાન દ્વારા તે પ્રત્યક્ષના પ્રામાણ્યનો નિશ્ચય થઈ શકે છે. તે અન્ય જ્ઞાન કાં તો પ્રથમ જ્ઞાનના વિષયને જાણનારું તથા તેની પુષ્ટિ કરનારું ઉત્તરવર્તી જ્ઞાન હોય છે, કાં તો અર્થક્રિયાનું (સફલ પ્રવૃત્તિનું) જ્ઞાન હોય છે, અને કાં તો (પ્રથમ જ્ઞાનના વિષયભૂત અર્થ સાથે) અવિનાભાવસંબંધ ધરાવતા અર્થના દર્શનરૂપ જ્ઞાન હોય છે. આ ત્રણેય જ્ઞાનોના પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ જ થાય છે, એટલે અહીં અનવસ્થા આદિ દોષોને માટે કોઈ અવકાશ જ નથી.

24. शाब्दे तु प्रमाणे दृष्टार्थेऽर्थाव्यभिचारस्य दुर्ज्ञानत्वात् संवादाद्यधीनः परतः प्रामाण्यनिश्चयः, अदृष्टार्थे तु दृष्टार्थग्रहोपराग–नष्ट–मुष्ट्यादिप्रतिपादकानां

संवादेन प्रामाण्यं निश्चित्य संवादमन्तरेणाप्याप्तोक्तत्वेनैव प्रामाण्यनिश्चय इति सर्वमुपपन्नम् ।

24. શબ્દ યા આગમ પ્રમાણની બાબતમાં તેના પ્રામાણ્યનો નિશ્ચય નીચે પ્રમાણે થાય છે. જ્યારે આગમનો પ્રતિપાદિત વિષય દૃષ્ટ અર્થાત્ ઇન્દ્રિયપ્રત્યક્ષગમ્ય હોય છે ત્યારે આગમના પ્રામાણ્યનો (અર્થાત્ આગમના સ્વપ્રતિપાદિત અર્થ સાથેના અવ્યભિચારનો) નિર્ણય સ્વતઃ થતો નથી એટલે તપાસ યા પ્રયોગ દ્વારા જણાયેલા (આગમના સ્વપ્રતિપાદિત અર્થ સાથેના) સંવાદ આદિથી પરતઃ થાય છે. જ્યારે આગમનો પ્રતિપાદિત વિષય અદૃષ્ટ હોય છે અર્થાત્ ઇન્દ્રિયપ્રત્યક્ષગમ્ય નથી હોતો ત્યારે ગ્રહણ (સૂર્યગ્રહણ, ચન્દ્રગ્રહણ), ખોવાયેલી ચીજ, મુઠ્ઠીમાં સંતાડેલી વસ્તુ વગેરે આગમકથિત ઇન્દ્રિયપ્રત્યક્ષગમ્ય વિષયોમાં આગમના પ્રામાણ્યનો નિશ્ચય સંવાદ દ્વારા પરતઃ થતાં ઇન્દ્રિયપ્રત્યક્ષગમ્ય નથી એવા વિષયોમાં આગમના પ્રામાણ્યનો નિશ્ચય સંવાદની અપેક્ષા રાખ્યા વિના જ આપ્તનું કથન હોવાના કારણે થઈ જાય છે. આ રીતે બધું ઘટે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

25. "**अर्थोपलब्धिहेतुः प्रमाणम्**" इति नैयायिकाः । तत्रार्थोपलब्धौ हेतुत्वं यदि निमित्तत्वमात्रम्; तदा तत् सर्वकारकसाधारणमिति कर्तृकर्मादेरपि प्रमाणत्वप्रसङ्गः । अथ कर्तृकर्मादिविलक्षणं करणं हेतुशब्देन विवक्षितम्; तर्हि तत् ज्ञानमेव युक्तं नेन्द्रियसन्निकर्षादि, यस्मिन् हि सत्यर्थ उपलब्धो भवति स तत्करणम् । न च इन्द्रियसन्निकर्षसामग्र्यादौ सत्यपि ज्ञानाभावे स भवति, साधकतमं हि करणमव्यवहितफलं च तदिष्यते, व्यवहितफलस्यापि करणत्वे दधिभोजनादेरपि तथाप्रसङ्गः । तत्र ज्ञानादन्यत्र प्रमाणत्वम्, अन्यत्रोपचारात् ।

25. નૈયાયિક ચિંતકો અનુસાર અર્થની ઉપલબ્ધિનો (જ્ઞાનનો) જે (ઉત્પાદક) હેતુ છે તે પ્રમાણ છે. આ લક્ષણમાં 'હેતુ' શબ્દનો અર્થ જો 'નિમિત્તમાત્ર' એવો કરવામાં આવે તો એવું નિમિત્તત્વ તો બધાં કારકોમાં સમાનપણે રહેલું છે, એટલે કર્તા, કર્મ વગેરે કારણો પણ પ્રમાણ બની જવાની આપત્તિ આવશે. [તાત્પર્ય એ છે કે અર્થના (પ્રમેયના) જ્ઞાનની ઉત્પત્તિમાં કર્મ(પ્રમેય) પણ નિમિત્ત હોય છે અને કર્તા (પ્રમાતા) પણ નિમિત્ત હોય છે, તેથી પ્રમેય અને પ્રમાતાને પણ પ્રમાણ માનવાની આપત્તિ આવે.]

જો 'હેતુ' શબ્દથી કર્તા અને કર્મથી વિલક્ષણ એવું કરણકારક વિવક્ષિત હોય [અર્થાત્ અર્થના જ્ઞાનની ઉત્પત્તિમાં જે કરણકારક હોય છે તે જ પ્રમાણ છે એવું જો અભિપ્રેત હોય] તો જ્ઞાનને જ પ્રમાણ માનવું જોઈએ અને ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ વગેરેને પ્રમાણ ન માનવા જોઈએ. જેના હોતાં અર્થનું જ્ઞાન થાય તે જ અર્થના જ્ઞાનનું કરણ છે. ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ આદિ સામગ્રી મોજૂદ હોય પરંતુ કરણભૂત જ્ઞાન મોજૂદ ન હોય તો ફલભૂત અર્થજ્ઞાન ઉત્પન્ન થતું નથી. કરણ સાધકતમ હોય છે અને તેના હોતાં વિના વ્યવધાન કાર્યની (ફલની) ઉત્પત્તિ થાય છે. જેના હોતાં કાર્ય વ્યવધાન વિના ઝટ ઉત્પન્ન ન થતું હોય પરંતુ વ્યવધાનથી ઉત્પન્ન થતું હોય તેને પણ જો કરણ તરીકે સ્વીકારવામાં આવે તો દધિભોજનને પણ કરણ તરીકે (પ્રમાણ તરીકે) સ્વીકારવાની આપત્તિ આવે. તેથી ખરેખર જ્ઞાન સિવાય બીજું કોઈ પ્રમાણ નથી. જ્ઞાન સિવાય બીજાને તો કેવળ ઉપચારથી જ પ્રમાણ કહેવાય.

26. "**सम्यगनुभवसाधनं प्रमाणम्**" [न्यायसा. पृ. १] इत्यत्रापि साधनग्रहणात् कर्तृकर्मनिरासेन करणस्य प्रमाणत्वं सिध्यति, तथाप्यव्यवहितफलत्वेन साधकतमत्वं ज्ञानस्यैवेति तदेव प्रमाणत्वेनैष्टव्यम् ।

26. 'સમ્યક્ અનુભવનું સાધન પ્રમાણ છે' [ન્યાયસાર, પૃ. ૧] આ પ્રમાણલક્ષણમાં પણ 'સાધન' શબ્દને લક્ષણમાં મૂકવાને કારણે કર્તા અને કર્મનો પ્રમાણ તરીકે નિરાસ થઈ જવાથી કરણનું જ પ્રમાણપણું સિદ્ધ થાય છે. અને એ રીતે પણ ફલને (કાર્યને, અહીં અર્થજ્ઞાનને) વ્યવધાન વિના સાક્ષાત્ ઉત્પન્ન કરતું હોવાથી જ્ઞાન જ કરણ છે અને એટલે તેને જ પ્રમાણ તરીકે સ્વીકારવું જોઈએ.

27. "**प्रमाणमविसंवादि ज्ञानम्**" [प्रमाणवा. २. १] इति सौगताः । तत्रापि यद्यविकल्पकं ज्ञानम्; तदा न तद् व्यवहारजननसमर्थम् । सांव्यवहारिकस्य चैतत् प्रमाणस्य लक्षणमिति च भवन्तः, तत्कथं तस्य प्रामाण्यम् ? उत्तरकालभाविनो व्यवहारजननसमर्थाद्विकल्पात् तस्य प्रामाण्ये याचितकमण्डनन्यायः, वरं च व्यवहारहेतोर्विकल्पस्यैव प्रामाण्यमभ्युपगन्तुम्; एवं हि परम्परापरिश्रमः परिहृतो भवति । विकल्पस्य चाप्रामाण्ये कथं तन्निमित्तो व्यवहारोऽविसंवादी ? दृष्ट(श्य)विकल्प(ल्प्य)योरर्थयोरेकीकरणेन तैमिरिकज्ञानवत् संवादाभ्युपगमे चोपचरितं संवादित्वं स्यात् । तस्मादनुपचरितमविसंवादित्वं प्रमाणस्य लक्षणमिच्छता निर्णयः प्रमाणमेष्टव्य इति ॥८॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

27. 'જે જ્ઞાન અવિસંવાદી છે અર્થાત્ સફલ પ્રવત્તિનું જનક છે તે પ્રમાણ છે' [પ્રમાણવાર્તિક, ૨.૧] એમ બોદ્ધો કહે છે. [બૌદ્ધો નિર્વિકલ્પક જ્ઞાનને પ્રમાણ તરીકે સ્વીકારે છે. આ લક્ષણ મુજબ તો તે પ્રમાણ નહિ ગણાય. તેનું કારણ એ કે] જો જ્ઞાન નિર્વિકલ્પક હોય તો તેવું જ્ઞાન પ્રવૃત્તિનું જનક બનવા સમર્થ ન હોય, [સફળ પ્રવૃત્તિના જનક બનવાના સામર્થ્યની તો વાત દૂર રહી.] એટલે બૌદ્ધોએ માન્યું કે આ પ્રમાણલક્ષણ [વાસ્તવિક અર્થાત્ ખરા પ્રમાણનું નથી પરંતુ] સાંવ્યવહારિક પ્રમાણનું છે. જો એમ હોય તો વાસ્તવિક ખરા પ્રમાણજ્ઞાનનું (જે નિર્વિકલ્પ હોય છે તેનું) લક્ષણ કેવી રીતનું બનશે ? તેના ઉત્તરમાં બૌદ્ધો કહે છે – સફલ પ્રવૃત્તિને ઉત્પન્ન કરવા સમર્થ એવા સવિકલ્પક જ્ઞાનને પોતાની પછી તરત ઉત્પન્ન કરનારું નિર્વિકલ્પક જ્ઞાન પ્રમાણ છે. આ બૌદ્ધોનું કથન તો માગીને લીધેલા ઘરેણાંથી શોભા વધારવા જેવી વાત થઈ. એમ કરવા કરતાં વધુ સારું તો એ છે કે સફલ પ્રવૃત્તિને સાક્ષાત્ ઉત્પન્ન કરનાર સવિકલ્પક જ્ઞાનને જ પ્રમાણ માનવામાં આવે. આ રીતે માનશો તો તમારે બૌદ્ધોએ નિર્વિકલ્પક જ્ઞાનને પરંપરાથી સફળ પ્રવૃત્તિનું જનક માનવાનો પરિશ્રમ ટળી જશે. વળી, સવિકલ્પક જ્ઞાનને અપ્રમાણ માનતાં તેના નિમિત્તથી ઉત્પન્ન થનારી પ્રવૃત્તિ અવિસંવાદી અર્થાત્ સફળ કેવી રીતે ઘટે ? દૃશ્ય (અર્થાત્ નિર્વિકલ્પક જ્ઞાનનો વિષય) અને વિકલ્પ્ય (અર્થાત્ સવિકલ્પક જ્ઞાનનો વિષય) એ બન્નેનો તૈમિરિક જ્ઞાનની જેમ અભેદ કરીને અવિસંવાદી યા સફળ પ્રવૃત્તિ માનશો તો [પ્રમાણનું પ્રવૃત્તિ સાથેનું કે પ્રવૃત્તિનું પ્રમાણ સાથેનું] સંવાદિત્વ ઉપચરિત બની જશે. તેથી અનુપચરિત અર્થાત્ વાસ્તવિક અવિસંવાદી જ્ઞાનને પ્રમાણના લક્ષણ તરીકે બૌદ્ધો ઇચ્છતા હોય તો તેમણે નિર્ણયને અર્થાત્ સવિકલ્પક જ્ઞાનને પ્રમાણ માનવું જોઈએ. (૮)

28. प्रमाणसामान्यलक्षणमुक्त्वा परीक्ष्य च विशेषलक्षणं वक्तुकामो विभागमन्तरेण तद्वचनस्याशक्यत्वात् विभागप्रतिपादनार्थमाह–

**प्रमाणं द्विधा ॥९॥**

28. પ્રમાણસામાન્યનું લક્ષણ જણાવી તેની પરીક્ષા કરીને પ્રમાણવિશેષનું લક્ષણ કહેવાની ઇચ્છા આચાર્યને છે પરંતુ પ્રમાણના વિભાગનું (અર્થાત્ પ્રમાણના ભેદોનું) કથન કર્યા વિના પ્રમાણવિશેષનું લક્ષણ કહેવું શક્ય ન હોવાથી પહેલાં પ્રમાણના વિભાગનું (અર્થાત્ પ્રમાણના ભેદોનું) પ્રતિપાદન કરવા માટે આચાર્ય કહે છે—

**પ્રમાણના બે પ્રકારો છે. (૯)**

29. सामान्यलक्षणसूत्रे प्रमाणग्रहणं परीक्षयान्तरितमिति न 'तदा' परामृष्टं


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किन्तु साक्षादेवोक्तं प्रमाणम् इति । द्विधा द्विप्रकारमेव, विभागस्यावधारणफलत्वात् । तेन प्रत्यक्षमेवैकं प्रमाणमिति चार्वाकाः, प्रत्यक्षानुमानागमाः प्रमाणमिति वैशेषिकाः, तान्येवेति साङ्ख्याः, सहोपमानेन चत्वारीति नैयायिकाः, सहार्थापत्त्या पञ्चेति प्राभाकराः, सहाऽभावेन षडिति भाट्टाः इति न्यूनाधिकप्रमाणवादिनः प्रतिक्षिप्ताः । तत्प्रतिक्षेपश्च वक्ष्यते ॥९॥

29. પ્રમાણસામાન્યનું લક્ષણ જણાવતા સૂત્રમાં 'પ્રમાણ' શબ્દ મૂકવામાં આવ્યો હોવા છતાં અહીં આ નવમા સૂત્રમાં પ્રમાણ માટે 'તે' ('तत्') સર્વનામનો પ્રયોગ ન કરીને ફરી પાછો સાક્ષાત્ 'પ્રમાણ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે તે બન્નેની વચ્ચે પ્રમાણની પરીક્ષાનું વ્યવધાન આવી ગયું છે. પ્રમાણના બે પ્રકાર છે એટલે પ્રમાણના બે જ પ્રકાર છે કારણ કે પ્રકારકથનમાં સંખ્યાનું અવધારણ ગર્ભિત હોય છે. તેથી એક માત્ર પ્રત્યક્ષને જ પ્રમાણ માનનાર ચાર્વાકનો, પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ જ પ્રમાણ છે એમ માનનાર વૈશેષિકોનો, તે જ ત્રણ પ્રમાણ છે એમ માનનાર સાંખ્ય ચિંતકોનો, તે ત્રણ સાથે ઉપમાન ચોથું પ્રમાણ છે એમ માનનાર નૈયાયિકોનો, તે ચાર સાથે અર્થાપત્તિ પાંચમું પ્રમાણ છે એમ માનનાર પ્રાભાકર મીમાંસકોનો અને તે પાંચ સાથે અભાવ છઠ્ઠું પ્રમાણ છે એમ માનનાર ભાટ્ટ મીમાંસકોનો (કુમારિલ ભટ્ટના અનુયાયીઓનો)—આમ ન્યૂન યા અધિક પ્રમાણો માનનારા મતવાદીઓનો પ્રતિષેધ થઈ ગયો. તેમનું ખંડન આગળ ઉપર કરવામાં આવશે. (૯)

30. तर्हि प्रमाणद्वैविध्यं किं तथा यथाहुः सौगताः "**प्रत्यक्षमनुमानं च**" [प्रमाणस. १. २, न्यायबि. १.३ ।] इति, उतान्यथा ? इत्याह—

**प्रत्यक्षं परोक्षं च ॥१०॥**

30. તો શું પ્રમાણના બે ભેદ તે જ છે જે બૌદ્ધોએ કહ્યા છે — બૌદ્ધો કહે છે "[પ્રમાણના બે ભેદો છે—] પ્રત્યક્ષ અને અનુમાન" [પ્રમાણસમુચ્ચય ૧.૨, ન્યાયબિન્દુ ૧.3] — કે પછી બીજા બે ભેદ છે ? તેના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**પ્રત્યક્ષ અને પરોક્ષ. (૧૦)**

31. अश्नुते अक्ष्णोति वा व्याप्नोति सकलद्रव्यक्षेत्रकालभावानिति अक्षो जीवः, अश्नुते विषयम् इति अक्षम्—इन्द्रियं च । प्रतिः प्रतिगतार्थः । अक्षं प्रतिगतं तदाश्रितम्, अक्षाणि चेन्द्रियाणि तानि प्रतिगतमिन्द्रियाण्या-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्रित्योज्जिहीते यत् ज्ञानं तत् प्रत्यक्षं वक्ष्यमाणलक्षणम् । अक्षेभ्यः परतो वर्तत इति परेणेन्द्रियादिना चोक्ष्यत इति परोक्षं वक्ष्यमाणलक्षणमेव । चकारः स्वविषये द्वयोस्तुल्यबलत्वख्यापनार्थः । तेन यदाहुः – "**सकलप्रमाणज्येष्ठं प्रत्यक्षम्**" **इति तदपास्तम्** । प्रत्यक्षपूर्वकत्वादितरप्रमाणानां तस्य ज्येष्ठतेति **चेत्; न; प्रत्यक्षस्यापि प्रमाणान्त**पूर्वकत्वोपलब्धेः, लिङ्गात् आप्तोपदेशाद्वा **वह्न्यादिकमवगम्य प्रवृत्तस्य तद्वि**षयप्रत्यक्षोत्पत्तेः ॥१०॥

31. [અહીં 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યુત્પત્ત્યર્થ આપ્યો છે.] 'અક્ષ' શબ્દ 'વ્યાપવું' અર્થવાળા અશ્ કે અક્ષ્ ધાતુમાંથી બનેલો છે. જે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને વ્યાપે છે તે અક્ષ છે અર્થાત્ જીવ છે. 'અક્ષ' શબ્દનો વાચ્ય અર્થ ઇન્દ્રિય પણ છે કારણ કે ઇન્દ્રિય પોતાના વિષયને વ્યાપે છે. 'પ્રતિ' ઉપસર્ગનો અર્થ અહીં 'પ્રતિગત' છે અર્થાત્ 'આધારિત' 'આશ્રિત' છે. [તેથી આખા શબ્દ 'પ્રત્યક્ષ'નો અર્થ થશે—] જે જ્ઞાન અક્ષ પર અર્થાત્ કેવળ જીવ કે આત્મા ઉપર આશ્રિત છે તે જ્ઞાન. અક્ષનો અર્થ ઇન્દ્રિય પણ છે. તેથી 'પ્રત્યક્ષ' શબ્દનો અર્થ થશે — જે જ્ઞાન ઇન્દ્રિયો ઉપર આશ્રિત છે અર્થાત્ ઇન્દ્રિયોને નિમિત્ત કરીને ઉત્પન્ન થાય છે તે જ્ઞાન પ્રત્યક્ષ. પ્રત્યક્ષનું લક્ષણ આચાર્ય પછી કહેવાના છે. જે જ્ઞાન ઇન્દ્રિયોથી (અર્થાત્ ઇન્દ્રિયોના ક્ષેત્રથી) પર છે — બહાર છે તે પરોક્ષ. અથવા જે જ્ઞાન પરથી (ઇન્દ્રિયો વગેરેથી - અહીં ઇન્દ્રિયો વગેરે આત્માની અપેક્ષાએ પર છે —) ઉત્પન્ન થાય છે તે પરોક્ષ. પરોક્ષનું લક્ષણ પણ આચાર્ય પછી કહેવાના છે. સૂત્રગત 'ચ' ('અને') અવ્યય એ હકીકતને સૂચવે છે કે પ્રત્યક્ષ અને પરોક્ષ બન્નેનું (પોતપોતાના ક્ષેત્રમાં) તુલ્ય બલ છે. આનાથી 'પ્રત્યક્ષ સકલ પ્રમાણોમાં જ્યેષ્ઠ છે' એ મતનું નિરાકરણ થઈ જાય છે. બીજાં પ્રમાણો પ્રત્યક્ષપૂર્વક થાય છે તેથી પ્રત્યક્ષ બધાં પ્રમાણોમાં જ્યેષ્ઠ છે એમ જો કોઈ કહેતું હોય તો તે કથન પણ બરાબર નથી, કારણ કે પ્રત્યક્ષ પણ અન્ય પ્રમાણપૂર્વક હોવાનું જોવામાં આવ્યું છે. લિંગ (અનુમાન) કે આપ્તોપદેશ (આગમ)થી અગ્નિ આદિને જાણી લીધા પછી માણસ અગ્નિ આદિને પ્રાપ્ત કરવા અગ્નિ આદિ તરફ જવા પ્રવૃત્ત થાય છે અને તે જ અગ્નિ આદિ વિષયને પ્રત્યક્ષ જાણે છે, [અહીં પ્રત્યક્ષની ઉત્પત્તિ અનુમાનપૂર્વક યા આગમપૂર્વક થાય છે.] (૧૦)

32. न प्रत्यक्षादन्यत्प्रमाणमिति लौकायतिकाः । तत्राह–

**व्यवस्थान्यधीनिषेधानां सिद्धेः प्रत्यक्षेतरप्रमाणसिद्धिः ॥११॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

32. પ્રત્યક્ષ સિવાય બીજું કોઈ પ્રમાણ નથી આ ચાર્વાક મત છે. તે અંગે આચાર્ય કહે છે—

**[ચાર્વાકો પ્રમાણ-અપ્રમાણવ્યવસ્થા, અન્ય પુરુષની બુદ્ધિ યા મનોવૃત્તિ અને પરલોકનિષેધને સ્વીકારે છે અને સિદ્ધ કરે છે. પરંતુ] પ્રમાણ-અપ્રમાણવ્યવસ્થા, અન્ય પુરુષની મનોવૃત્તિ અને પરલોકાદિનિષેધની સિદ્ધિ કરવા જતાં તો પ્રત્યક્ષથી અતિરિક્ત ઈતર પ્રમાણની સિદ્ધિ થઈ જાય છે.(૧૧)**

33. प्रमाणाप्रमाणविभागस्य, परबुद्धेः, अतीन्द्रियार्थनिषेधस्य च सिद्धिर्नानुमानादिप्रमाणं विना । चार्वाको हि काश्चिज्ज्ञानव्यक्तीः संवादित्वेनाव्यभिचारिणीरुपलभ्यान्याश्च विसंवादित्वेन व्यभिचारिणीः, पुनः कालान्तरे तादृशीतराणां ज्ञानव्यक्तीनामवश्यं प्रमाणेतरते व्यवस्थापयेत् । न च सन्निहितार्थबलेनोत्पद्यमानं पूर्वापरपरामर्शशून्यं प्रत्यक्षं पूर्वापरकाल-भाविनीनां ज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकं निमित्तमुपलक्षयितुं क्षमते । न चायं स्वप्रतीतिगोचराणामपि ज्ञानव्यक्तीनां परं प्रति प्रामाण्यम-प्रामाण्यं वा व्यवस्थापयितुं प्रभवति । तस्माद्यथादृष्टज्ञानव्यक्तिसाधर्म्य-द्वारेणेदानीन्तनज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकं परप्रतिपादकं च परोक्षान्तर्गतमनुमानरूपं प्रमाणान्तरमुपासीत ।

33. પ્રમાણ અને અપ્રમાણના વિભાગની, પર પુરુષની બુદ્ધિની (મનોવૃત્તિની) અને અતીન્દ્રિય વસ્તુઓના નિષેધની સિદ્ધિ અનુમાન પ્રમાણને સ્વીકાર્યા વિના થઈ શકતી નથી. ચાર્વાક કેટલાંક જ્ઞાનોને સંવાદી હોવાના કારણે પ્રમાણ તરીકે જાણે છે અને કેટલાંક જ્ઞાનોને વિસંવાદી હોવાના કારણે અપ્રમાણ તરીકે જાણે છે. પુનઃ કાલાન્તરે પેલાં સંવાદી જ્ઞાનો જેવાં જ્ઞાનોની પ્રમાણતા અને પેલાં અસંવાદી જ્ઞાનો જેવાં જ્ઞાનોની અપ્રમાણતાની વ્યવસ્થા ચાર્વાક કરે છે. પરંતુ સન્નિહિત (ઇન્દ્રિયસમ્બદ્ધ) વસ્તુના બળે ઉત્પન્ન થનારું અને આગળ-પાછળનો વિચાર ન કરનારું પ્રત્યક્ષ પૂર્વાપર કાલમાં ઉત્પન્ન થનારાં જ્ઞાનવિશેષોની પ્રમાણતા અને અપ્રમાણતા સ્થાપી આપનારા નિમિત્તને પરખી લેવામાં સમર્થ નથી. વળી, કેવળ પ્રત્યક્ષને જ પ્રમાણ માનનારો આ ચાર્વાક જે જ્ઞાનવિશેષોનો તેને પોતાને સાક્ષાત્ અનુભવ છે તેમના પ્રામાણ્ય કે અપ્રામાણ્યને બીજા આગળ બીજાને સંતોષ થાય એ રીતે સ્થાપી શકશે નહિ. તેથી પૂર્વાનુભૂત જ્ઞાનવિશેષો સાથેની સમાનતા દ્વારા વર્તમાનકાલીન જ્ઞાનવિશેષોના પ્રામાણ્ય કે અપ્રામાણ્યને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચિતપણે સ્થાપનારું અને બીજાઓ સમક્ષ તે પ્રામાણ્ય કે અપ્રામાણ્યને બીજાને સંતોષ થાય એ રીતે પ્રદર્શિત કરનારું અનુમાનરૂપ એવું, પ્રત્યક્ષથી પૃથક્ પ્રમાણ ચાર્વાકે સ્વીકારવું જોઈએ અર્થાત્ પરોક્ષપ્રમાણાન્તર્ગત એવા અનુમાન પ્રમાણનો ચાર્વાકે સ્વીકાર કરવો જોઈએ.

34. अपि च [अ]प्रतिपित्सितमर्थं प्रतिपादयन् 'नायं लौकिको न परीक्षकः' इत्युन्मत्तवदुपेक्षणीयः स्यात् । न च प्रत्यक्षेण परचेतोवृत्तीनामधिगमोस्ति । चेष्टाविशेषदर्शनात्तदवगमे च परोक्षस्य प्रामाण्यमनिच्छतोऽप्यायातम् ।

34. વળી, ચાર્વાક પોતાને અર્થ સમજાવે એવું સામી વ્યક્તિ ન ઇચ્છતી હોય અને તેમ છતાં ચાર્વાક તેની આગળ અર્થને સમજાવતું ભાષણ કરે તો ચાર્વાક ન તો વ્યવહારુ કહેવાય કે ન તો તાર્કિક કહેવાય. તે તો બડબડાટ કરતા ગાંડા માણસની જેમ ઉપેક્ષણીય જ બની જાય. [માટે ચાર્વાકે સામી વ્યક્તિની જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા) જાણ્યા પછી જ તેની આગળ અર્થનું પ્રતિપાદન કરવું જોઈએ.] ઇચ્છા તો મનોવૃત્તિ છે. બીજાની મનોવૃત્તિ પ્રત્યક્ષ વડે બીજી વ્યક્તિ જાણી શકતી નથી. જો ચાર્વાક કહે કે અમુક ખાસ પ્રકારની ચેષ્ટાને જોઈ તે ચેષ્ટા ઉપરથી તે ઇચ્છારૂપ મનોવૃત્તિને જાણી શકાય છે તો ચાર્વાક ઉપર અનિચ્છાએ પણ પરોક્ષ પ્રમાણનો (અનુમાનરૂપ પરોક્ષ પ્રમાણનો) સ્વીકાર કરવાનું આવી પડે છે.

35. परलोकादिनिषेधश्च न प्रत्यक्षमात्रेण शक्यः कर्तुम्, सन्निहितमात्रविषयत्वात्तस्य । परलोकादिकं चाप्रतिषिध्य नायं सुखमास्ते प्रमाणान्तरं च नेच्छतीति डिम्भहेवाकः ।

35. વળી, કેવળ એકલા પ્રત્યક્ષપ્રમાણથી પરલોક વગેરેનો નિષેધ કરવો શક્ય નથી, કારણ કે પ્રત્યક્ષ તો ઇન્દ્રિયસન્નિકૃષ્ટ વસ્તુને જ જાણે છે [અને પરલોક આદિ તો અતીન્દ્રિય વસ્તુઓ છે] . ચાર્વાકને પરલોક આદિનો નિષેધ કર્યા વિના ચેન પડતું નથી અને નિષેધ કરવા માટે જરૂરી પ્રમાણાન્તર પરોક્ષને (પ્રત્યક્ષથી અન્ય એવા પરોક્ષને) તેઓ સ્વીકારવા માગતા નથી. આ તો ચાર્વાકની બાળહઠ જ છે.

36. किञ्च, प्रत्यक्षस्याप्यर्थाव्यभिचारादेव प्रामाण्यं तच्चार्थप्रतिबद्धलिङ्गशब्दद्वारा समुन्मज्जतः परोक्षस्याप्यर्थाव्यभिचारादेव किं नेष्यते ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

व्यभिचारिणोपि परोक्षस्य दर्शनादप्रामाण्यमिति चेत्; प्रत्यक्षस्यापि तिमिरादि-दोषादप्रमाणस्य दर्शनात् सर्वत्राप्रामाण्यप्रसङ्गः । प्रत्यक्षाभासं तदिति चेत्; इतरत्रापि तुल्यमेतदन्यत्र पक्षपातात् । धर्मकीर्त्तिरप्येतदाह–

**"प्रमाणेतरसामान्यस्थितेरन्यधियो गतेः ।**
**प्रमाणान्तरसद्भावः प्रतिषेधाच्च कस्यचित् ॥१॥**
**अर्थस्यासम्भवेऽभावात् प्रत्यक्षेऽपि प्रमाणता ।**
**प्रतिबद्धस्वभावस्य तद्धेतुत्वे समं द्वयम्" ॥२॥ इति ।**

36. હેમચન્દ્રાચાર્ય ચાર્વાકને પૂછે છે — છેવટે તમારું પ્રત્યક્ષને પ્રમાણ માનવા માટેનું કારણ શું છે ?

**ચાર્વાક** — તે કારણ એ છે કે તે અર્થાવ્યભિચારી છે અર્થાત્ અર્થ હોતાં તે ઉત્પન્ન થાય છે અને અર્થ ન હોતાં તે ઉત્પન્ન થતું નથી.

**હેમચન્દ્રાચાર્ય** — પરંતુ આ અર્થાવ્યભિચાર તો અવિનાભાવી લિંગથી ઉત્પન્ન થનારા પરોક્ષરૂપ અનુમાનમાં તેમજ અર્થપ્રતિબદ્ધ શબ્દથી ઉત્પન્ન થનારા પરોક્ષરૂપ શાબ્દ જ્ઞાનમાં પણ છે જ. તો પછી તેમને તમે ચાર્વાકો પ્રમાણ કેમ નથી માનતા ?

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ચાર્વાક** — તેનું કારણ આપીએ છીએ. આ અનુમાનરૂપ, શાબ્દરૂપ કે અન્ય પરોક્ષ જ્ઞાનોને વ્યભિચારી એટલે કે અર્થ વિના પણ ઉત્પન્ન થતાં દેખીએ છીએ તેથી પરોક્ષ જ્ઞાનોને અમે પ્રમાણ તરીકે સ્વીકારતા નથી.

**હેમચન્દ્રાચાર્ય** — કેટલાંક પરોક્ષ જ્ઞાનો વ્યભિચારી (અપ્રમાણ) હોવાથી બધાં જ પરોક્ષ જ્ઞાનોને વ્યભિચારી (અપ્રમાણ) માનશો તો તમારે ચાર્વાક સમાન ન્યાયે કેટલાંક પ્રત્યક્ષ જ્ઞાનો (જેવાં કે તિમિર આદિ દોષોને કારણે ઉત્પન્ન થતાં પ્રત્યક્ષ જ્ઞાનો) વ્યભિચારી (અપ્રમાણ) હોવાથી બધાં જ પ્રત્યક્ષ જ્ઞાનોને વ્યભિચારી (અપ્રમાણ) માનવા પડશે અને પરિણામે તમારા માટે પ્રત્યક્ષપ્રમાણનો પણ અસંભવ થઈ જશે.

**ચાર્વાક** — જેને તમે વ્યભિચારી પ્રત્યક્ષ કહ્યું તે ખરેખર પ્રત્યક્ષ જ નથી. તે તો પ્રત્યક્ષાભાસ છે. પ્રત્યક્ષ તો હમેશા પ્રમાણ જ હોય છે. એટલે તમે જે કહ્યું કે કેટલાંક પ્રત્યક્ષો વ્યભિચારી હોય છે તે અમને ચાર્વાકોને માન્ય નથી. જે વ્યભિચારી હોય છે તે પ્રત્યક્ષો નથી, પ્રત્યક્ષાભાસો છે. પ્રત્યક્ષો વ્યભિચારી હોતાં જ નથી.

**હેમચન્દ્રાચાર્ય** — આ જે તમે કહ્યું તે બધું સમાનપણે પરોક્ષ જ્ઞાનોને પણ લાગુ પડે છે. તેથી પ્રત્યક્ષપ્રમાણની જેમ પરોક્ષપ્રમાણ પણ ચાર્વાકે સ્વીકારવું જોઈએ. પરંતુ તમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો પ્રત્યક્ષપ્રમાણ સ્વીકારો છો કિન્તુ પરોક્ષપ્રમાણ સ્વીકારતા નથી. એટલે તમે ચાર્વાકો પ્રત્યક્ષપ્રમાણ પ્રતિ તમારા પક્ષપાતના કારણે જ આવું કરો છો. બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિએ પણ કહ્યું છે — "પ્રમાણ અને અપ્રમાણ જ્ઞાન સાથેની સમાનતાના આધારે કાલાન્તરે થનારાં જ્ઞાનોની પ્રમાણતા અને અપ્રમાણતાની કરવામાં આવતી વ્યવસ્થાથી, બીજાની બુદ્ધિના (મનોવૃત્તિના યા ઇચ્છાના) કરાતા જ્ઞાનથી તથા પરલોક આદિ અતીન્દ્રિય અર્થોના કરાતા નિષેધથી પ્રત્યક્ષેતર (પરોક્ષ અનુમાન) પ્રમાણની સિદ્ધિ થઈ જાય છે. અર્થના અભાવમાં ન ઉત્પન્ન થવાના કારણે જ પ્રત્યક્ષને ચાર્વાકો પ્રમાણ માને છે પરંતુ અવિનાભાવી લિંગથી ઉત્પન્ન થનારા અનુમાનમાં પણ આ જ વાત છે. તેથી પ્રત્યક્ષની જેમ ચાવકિ અનુમાનને પણ પ્રમાણ માનવું જોઈએ."

37. यथोक्तसङ्ख्यायोगेऽपि च परोक्षार्थविषयमनुमानमेव सौगतैरुपगम्यते; तदयुक्तम्; शब्दादीनामपि प्रमाणत्वात् तेषां चानुमानेऽन्तर्भावयितुमशक्यत्वात्। एकेन तु सर्वसङ्ग्राहिणा प्रमाणेन प्रमाणान्तरसङ्ग्रहे नायं दोषः। तत्र यथा इन्द्रियजमानसात्मसंवेदनयोगिज्ञानानां प्रत्यक्षेण सङ्ग्रहस्तथा स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमानां परोक्षेण सङ्ग्रहो लक्षणस्याविशेषात्। स्मृत्यादीनां च विशेषलक्षणानि स्वस्थान एव वक्ष्यन्ते। एवं परोक्षस्योपमानस्य प्रत्यभिज्ञाने, अर्थापत्तेरनुमानेऽन्तर्भावोऽभिधास्यते ॥११॥

JAINSITE.com जैनम् जयति शासनम्

37. બૌદ્ધો પ્રમાણની સંખ્યા તો અમે જે કહી છે તે બે જ માને છે, પરંતુ તેઓ પરોક્ષ અર્થને વિષય કરનારું એકલું અનુમાન પ્રમાણ જ માને છે. તેમની આ માન્યતા બરાબર નથી, કારણ કે શાબ્દ (આગમ) વગેરે પણ પ્રમાણ છે અને તેમનો સમાવેશ અનુમાનમાં કરી શકાતો નથી. (પ્રત્યક્ષ સિવાયનાં) બધાં પ્રમાણોનો પોતામાં સંગ્રહ કરનારું એક પરોક્ષ નામનું પ્રમાણ માનવામાં આ દોષ આવતો નથી. જેમ ઇન્દ્રિયજ જ્ઞાન, માનસ જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન અને યોગિજ્ઞાનનો પ્રત્યક્ષમાં સમાવેશ થાય છે તેમ સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્ક, અનુમાન અને આગમનો એક જ પરોક્ષમાં સમાવેશ થઈ જાય છે. સ્મૃતિ વગેરે બધાંમાં સમાનપણે પરોક્ષનું લક્ષણ ઘટે છે. સ્મૃતિ વગેરેનાં વિશેષ લક્ષણો તે તે સ્થાને કહેવામાં આવશે જ. તેવી જ રીતે પરોક્ષ ઉપમાનનો પ્રત્યભિજ્ઞાનમાં તથા પરોક્ષ અર્થાપત્તિનો અનુમાનમાં સમાવેશ થાય છે તે પણ પછી યથાસ્થાને દર્શાવવામાં આવશે. (૧૧)

38. यत्तु प्रमाणमेव न भवति न तेनान्तर्भूतेन बहिर्भूतेन वा किञ्चित् प्रयोजनम्, यथा अभावः। कथमस्याप्रामाण्यम् ? निर्विषयत्वात् इति

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ब्रूमः। तदेव कथम् ? इति चेत्—

**भावाभावात्मकत्वाद्वस्तुनो निर्विषयोऽभावः ॥१२॥**

38. જે જ્ઞાન પ્રમાણ જ ન હોય તે કયા પ્રમાણની અંદર સમાવેશ પામે છે કે સમાવેશ નથી પામતું એ પ્રશ્નનો વિચાર કરવાનું કોઈ પ્રયોજન જ નથી, ઉદાહરણાર્થ અભાવજ્ઞાન. અભાવજ્ઞાન પ્રમાણ કેમ નથી ? તેનું કારણ એ છે કે અભાવજ્ઞાનનો કોઈ વિષય જ નથી. એમ કેમ ? તેનો ઉત્તર આચાર્ય નીચેના સૂત્રમાં આપે છે—

**વસ્તુ ભાવાત્મક પણ છે અને અભાવાત્મક પણ છે અર્થાત્ ભાવ-અભાવ ઉભયાત્મક છે એટલે અભાવજ્ઞાન નિર્વિષય છે. (૧૨)**

39. नहि भावैकरूपं वस्त्वस्ति विश्वस्य वैश्वरूप्यप्रसङ्गात्, नाप्यभावैकरूपं नीरूपत्वप्रसङ्गात्; किन्तु स्वरूपेण सत्त्वात् पररूपेण चासत्त्वात् भावाभावरूपं वस्तु तथैव प्रमाणानां प्रवृत्तेः। तथाहि - प्रत्यक्षं तावत् भूतलमेवेदं घटादिर्न भवतीत्यन्वयव्यतिरेकद्वारेण वस्तु परिच्छिन्दत् तदधिकं विषयमभावैकरूपं निराचष्ट इति कं विषयमाश्रित्याभावलक्षणं प्रमाणं स्यात् ?। एवं परोक्षाण्यपि प्रमाणानि भावाभावरूपवस्तुग्रहणप्रवणान्येव, अन्यथाऽसङ्कीर्णस्वस्वविषयग्रहणासिद्धेः यदाह—

**"अयमेवेति यो ह्येष भावे भवति निर्णयः।**
**नैष वस्त्वन्तराभावसंवित्त्यनुगमादृते ॥"**

इति। [श्लोकवा. अभाव. श्लो. १५]

JAINSITE जैनम् जयति शासनम्

39. વસ્તુ એકાન્તપણે ભાવરૂપ, સદ્રૂપ યા અસ્તિરૂપ નથી. જો તે એકાન્તપણે ભાવરૂપ જ હોય તો તે સર્વાત્મક બની જાય, તેનો બીજી કોઈ પણ વસ્તુથી ભેદ જ ન રહે. અને વસ્તુ એકાન્તપણે અભાવરૂપ, અસદ્રૂપ યા નાસ્તિરૂપ પણ નથી. જો તે એકાન્તપણે અભાવરૂપ જ હોય તો તે રૂપહીન, સ્વરૂપહીન, નિઃસ્વભાવ બની જવાની આપત્તિ આવે. તેથી પ્રત્યેક વસ્તુ સ્વરૂપથી સત્ છે, અસ્તિત્વ ધરાવે છે અને પરરૂપથી અસત્ છે, અસ્તિત્વ ધરાવતી નથી, તેથી તે ભાવાભાવાત્મક છે અને આવી ભાવ-અભાવ ઉભયરૂપવાળી વસ્તુને જ પ્રમાણો જાણે છે, વિષય કરે છે. [જો પ્રમાણો કેવળ ભાવરૂપ વિષયને જાણે કે કેવળ અભાવરૂપ વિષયને જાણે તો તે પ્રમાણ જ ન રહે કારણ કે વસ્તુ ભાવાભાવાત્મક હોવાથી કેવળ ભાવરૂપ વિષય અવસ્તુ છે કે કેવળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભાવરૂપ વિષય અવસ્તુ છે અને જે અવસ્તુગ્રાહી જ્ઞાન હોય તે પ્રમાણ ન જ હોય. પ્રમાણ ભાવાભાવાત્મક વસ્તુને જાણે છે એ વાતને સમજીએ.] દાખલા તરીકે, 'આ ભૂતળ જ છે, ઘટ આદિ નથી' આ રીતે વિધિ અને નિષેધ દ્વારા જ પ્રત્યક્ષ વસ્તુને ગ્રહણ કરે છે, અર્થાત્ વિધિરૂપ (ભાવરૂપ) અને નિષેધરૂપ (અભાવરૂપ) ઉભયરૂપ વસ્તુને જ પ્રત્યક્ષ પ્રમાણ ગ્રહણ કરે છે. આમાંથી વધારામાં એ ફલિત થયું કે કેવળ એકાન્તપણે અભાવરૂપ એવો પ્રમાણનો વિષય છે જ નહિ. તો પછી અભાવપ્રમાણ નામનું પ્રમાણ જે ભાટ્ટ મીમાંસકો સ્વીકારે છે તેનો વિષય શું બનશે? કોઈ પણ તેનો વિષય નહિ બને. તે નિર્વિષય ઠરશે. પ્રત્યક્ષની જેમ પરોક્ષ પ્રમાણો પણ ભાવાભાવાત્મક વસ્તુને જ ગ્રહણ કરે છે. જો તે પ્રમાણો ભાવાભાવાત્મક ઉભયરૂપ વસ્તુને ગ્રહણ ન કરે તો તેઓ પોતપોતાના ભિન્ન ભિન્ન અસંકીર્ણ વિષયોને ગ્રહણ કરે છે એ વાત ઘટી ન શકે. ખુદ કુમારિલ ભટ્ટ કહે છે, "કોઈપણ ભાવ વિશે અર્થાત્ વસ્તુ વિશે 'આ જ છે' અર્થાત્ 'ઘટ જ છે' એવો નિશ્ચય અન્ય વસ્તુઓના અર્થાત્ ઘટેતર વસ્તુઓના અભાવને જાણ્યા વિના નથી થઈ શકતો" [શ્લોકવાર્તિક, અભાવ, શ્લોક ૧૪]. [તાત્પર્ય એ કે કોઈ પણ પ્રમાણ કોઈ પણ વસ્તુને જ્યારે જાણે છે ત્યારે તેના ભાવ અને અભાવ ઉભયરૂપને (ઘટભાવરૂપ અને ઘટેતરાભાવરૂપ ઉભયરૂપને) જાણે છે. બન્ને રૂપોને જાણ્યા વિના વસ્તુનું સ્વરૂપ સમજાતું નથી, વસ્તુના સ્વરૂપનો નિશ્ચય થતો નથી.]

JAINSITE.com

40. अथ भवतु भावाभावरूपता वस्तुनः, किं नश्छिन्नम्? वयमपि हि तथैव प्रत्यपीपदाम। केवलं भावांश इन्द्रियसन्निकृष्टत्वात् प्रत्यक्षप्रमाण-गोचरः अभावांशस्तु न तथेत्यभावप्रमाणगोचर इति कथमविषयत्वं स्यात्? तदुक्तम्—

" न तावदिन्द्रियेणैषा नास्तीत्युत्पाद्यते मतिः।
भावांशेनैव संयोगो योग्यत्वादिन्द्रियस्य हि ॥१॥
गृहीत्वा वस्तुसद्भावं स्मृत्वा च प्रतियोगिनम्।
मानसं नास्तिताज्ञानं जायतेऽक्षानपेक्षया ॥२॥"

इति। [श्लोकवा. अभाव. श्लो. १८, २७]

40. **શંકા** — વસ્તુને ભાવ-અભાવ ઉભયરૂપ માનવાથી પણ અમારા મતને (ભાટ્ટ મીમાંસકોના મતને) કોઈ હાનિ થતી નથી. ઊલટું, અમે ભાટ્ટો પણ એ જ કહીએ છીએ. પરંતુ અમારું કહેવું એ છે કે વસ્તુનો કેવળ ભાવાંશ જ ઇન્દ્રિયસન્નિકૃષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાના કારણે પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા ગૃહીત થાય છે જયારે વસ્તુનો અભાવાંશ ઇન્દ્રિયસન્નિકૃષ્ટ ન હોવાથી (પ્રત્યક્ષ પ્રમાણથી ગૃહીત થતો નથી પરંતુ) અભાવપ્રમાણથી ગૃહીત થાય છે, તો પછી અભાવપ્રમાણને નિર્વિષય કેમ કહેવાય? તેથી અમે કહ્યું છે, " 'નથી' એવા આકારનું (નાસ્તિત્વનું યા અભાવનું) જ્ઞાન ઇન્દ્રિયો ઉત્પન્ન નથી કરી શકતી, કારણ કે ઇન્દ્રિયોનો સંયોગ (સન્નિકર્ષ) ભાવાંશ સાથે જ થાય છે (અભાવાંશ સાથે થતો નથી). તેનું કારણ એ છે કે ઇન્દ્રિયોમાં ભાવાંશ સાથે જ સંયોગ કરવાની યોગ્યતા છે (અભાવાંશ સાથે સંયોગ કરવાની યોગ્યતા નથી). અભાવાંશનું જ્ઞાન કેવી રીતે થાય છે તે અમે જણાવીએ છીએ. સૌ પ્રથમ વસ્તુના સદ્ભાવનું ગ્રહણ થાય છે. પછી [1]પ્રતિયોગીનું સ્મરણ થાય છે. અને તે પછી ઇન્દ્રિયોની સહાયતા વિના મન દ્વારા અભાવનું જ્ઞાન થાય છે" [શ્લોકવાર્તિક અભાવ. શ્લોક ૧૮ અને ૨૭]. [આ જે કહ્યું તેનું તાત્પર્ય નીચે મુજબ છે. ઉદાહરણ લઈ સમજીએ. ભૂતલ લો. ભૂતલ ભાવ-અભાવ ઉભયરૂપ છે. ભૂતલ ભૂતલરૂપ પણ છે અને ઘટાભાવરૂપ પણ છે. ભૂતલમાં જે ઘટાભાવરૂપતા છે અર્થાત્ ઘટાભાવ છે તેનું ગ્રહણ અભાવપ્રમાણથી નીચે મુજબની પ્રક્રિયાથી થાય છે. સૌ પ્રથમ ઇન્દ્રિયનો (ચક્ષુનો) ભૂતલ સાથે સન્નિકર્ષ થતાં ભૂતલનું (ભૂતલના સદ્ભાવનું યા સદ્રૂપનું) પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. પછી ઘટાભાવગત પ્રતિયોગી ઘટનું સ્મરણ થાય છે. તે પછી ઇન્દ્રિયોની સહાયતા વિના મન દ્વારા ઘટના નાસ્તિત્વનું (અભાવનું) જ્ઞાન થાય છે. આ માનસ જ્ઞાન અભાવપ્રમાણ છે. આમ આપણને અભાવપ્રમાણ દ્વારા ભૂતલમાં ઘટાભાવનું જ્ઞાન થાય છે.]

41. ननु भावांशादभावांशस्याभेदे कथं प्रत्यक्षेणाग्रहणम् ? भेदे वा घटाद्यभावरहितं भूतलं प्रत्यक्षेण गृह्यत इति घटादयो गृह्यन्त इति प्राप्तम्, तदभावाग्रहणस्य तद्भावग्रहणनान्तरीयकत्वात् । तथा चाभावप्रमाणमपि पश्चात्प्रवृत्तं न तानुत्सारयितुं पटिष्ठं स्यात्, अन्यथाऽसङ्कीर्णस्य सङ्कीर्णताग्रहणात् प्रत्यक्षं भ्रान्तं स्यात् ।

41. **સમાધાન** — અભાવાંશ ભાવાંશથી અભિન્ન છે કે ભિન્ન? જો ભાવાંશથી અભાવાંશ અભિન્ન હોય તો પ્રત્યક્ષ વડે ભાવાંશનું ગ્રહણ થતાં અભાવાંશ અગૃહીત કેમ રહે? [ન જ રહે. તે પણ પ્રત્યક્ષથી ગૃહીત થઈ જાય.] જો અભાવાંશ ભાવાંશથી ભિન્ન હોય તો નીચે જણાવેલી આપત્તિ આવશે. [ઘટ પટથી ભિન્ન છે એનો અર્થ એ કે ઘટ પટાભાવરૂપ છે. તેવી જ રીતે, ભૂતલ ઘટાભાવથી ભિન્ન છે એનો અર્થ એ કે ભૂતલ ઘટાભાવાભાવરૂપ

૧. જેનો અભાવ હોય તે તે અભાવનો પ્રતિયોગી છે. ઘટાભાવમાં ઘટ અભાવનો પ્રતિયોગી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અર્થાત્ ભૂતલ ઘટરૂપ છે.] ઘટાભાવથી રહિત (=ઘટાભાવથી ભિન્ન = ઘટાભાવના અભાવરૂપ) ભૂતલ પ્રત્યક્ષથી ગૃહીત થાય છે એમ કહેતાં એવો અર્થ મળશે કે ઘટ પ્રત્યક્ષથી ગૃહીત થાય છે, કારણ કે કોઈ વસ્તુના અભાવનું ગ્રહણ ન થવું એટલે તે વસ્તુના ભાવનું ગ્રહણ થવું. [આમ ભૂતલનું પ્રત્યક્ષ વડે ગ્રહણ થતાં જ ઘટનું પણ સાથે સાથે ગ્રહણ થઈ જ જાય] એટલે પછીથી અભાવપ્રમાણ પણ પ્રવૃત્ત થઈ પ્રત્યક્ષગૃહીત ઘટનો નિષેધ કરવા સમર્થ નથી. અને જો અભાવ પ્રમાણ તેમ કરે તો પ્રત્યક્ષને ભ્રાન્ત માનવું પડે કારણ કે પ્રત્યક્ષે અસંકીર્ણને સંકીર્ણ તરીકે જાણ્યું અર્થાત્ જે ભૂતલ ઘટરહિત હતું તેને ઘટસહિત જાણ્યું.

**42. अपि चायं प्रमाणपञ्चकनिवृत्तिरूपत्वात् तुच्छः । तत एवाज्ञानरूपः कथं प्रमाणं भवेत् ? । तस्मादभावांशात् कथञ्चिदभिन्नं भावांशं परिच्छिन्दता प्रत्यक्षादिना प्रमाणेनाभावांशो गृहीत एवेति तदतिरिक्तविषयाभावान्निर्विषयोऽभावः । तथा च न प्रमाणमिति स्थितम् ॥१२॥**

42. પ્રત્યક્ષ આદિ પાંચ પ્રમાણોનો વ્યાપાર ન થવો એ સ્વરૂપવાળું અભાવપ્રમાણ છે. આમ અભાવપ્રમાણ પંચપ્રમાણનિવૃત્તિરૂપ હોવાથી તુચ્છ છે, નિઃસ્વભાવ છે. તેથી અજ્ઞાનરૂપ હોવાથી તે પ્રમાણ કેવી રીતે બની શકે? વસ્તુતઃ વસ્તુગત અભાવાંશથી કથંચિત્ અભિન્ન એવા ભાવાંશને જાણતી વખતે પ્રત્યક્ષ વગેરે પ્રમાણો સાથે સાથે અભાવાંશને જાણી લે છે જ. એટલે જાણવા માટે કોઈ જ્ઞેય વિષય બાકી રહેતો જ નથી. તેથી ભાટ્ટ મીમાંસકોએ સ્વીકારેલું અભાવપ્રમાણ વિષયશૂન્ય છે અને વિષયશૂન્ય હોવાના કારણે પ્રમાણ નથી જ. (૧૨)

**43. विभागमुक्त्वा विशेषलक्षणमाह—**

**विशदः प्रत्यक्षम् ॥१३॥**

43. પ્રમાણના ભેદો કહ્યા પછી હવે આચાર્ય તે ભેદોનાં વિશેષ લક્ષણો કહે છે. નીચે આચાર્ય પ્રત્યક્ષનું વિશેષલક્ષણ કહે છે—

**વિશદ [સમ્યગર્થનિર્ણય] એ પ્રત્યક્ષપ્રમાણ છે. (૧૩)**

**44. सामान्यलक्षणानुवादेन विशेषलक्षणविधानात् 'सम्यगर्थनिर्णयः' इति प्रमाणसामान्यलक्षणमनूद्य 'विशदः' इति विशेषलक्षणं प्रसिद्धस्य प्रत्यक्षस्य विधीयते । तथा च प्रत्यक्षं धर्मि । विशदसम्यगर्थनिर्णयात्मकमिति साध्यो धर्मः । प्रत्यक्षत्वादिति हेतुः । यद्विशदसम्यगर्थनिर्णयात्मकं न भवति**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

न तत् प्रत्यक्षम्, यथा परोक्षमिति व्यतिरेकी । धर्म्मिणो हेतुत्वेऽनन्वयदोष इति चेत्; न; विशेषे धर्मिणि धर्मिसामान्यस्य हेतुत्वात् । तस्य च विशेषनिष्ठत्वेन विशेषेष्वन्वयसम्भवात् । सपक्षे वृत्तिमन्तरेणापि च विपक्ष-व्यावृत्तिबलाद् गमकत्वमित्युक्तमेव ॥१३॥

44. સામાન્ય ધર્મ (લક્ષણ) સાથે વિશેષ ધર્મને (વિશેષ લક્ષણને) જણાવીને વિશેષલક્ષણનું વિધાન કરવામાં આવે છે. આ ન્યાયને અનુસરી 'સમ્યક્ અર્થનિર્ણય' એ પ્રમાણના સામાન્ય લક્ષણને પુનઃ જણાવીને પ્રસિદ્ધ પ્રત્યક્ષનું વિશેષલક્ષણ 'વિશદ' કહેવાયું છે. અર્થાત્ પ્રત્યક્ષના લક્ષણમાં પ્રમાણસામાન્યના લક્ષણનો અધ્યાહાર સમજી લેવો જોઈએ. આમ અહીં 'પ્રત્યક્ષ' ધર્મી અર્થાત્ પક્ષ છે, 'વિશદ સમ્યગર્થનિર્ણયાત્મક' એ સાધ્ય ધર્મ છે, અને 'પ્રત્યક્ષત્વના કારણે' એ હેતુ છે. જે જ્ઞાન વિશદ સમ્યગર્થનિણયાત્મક નથી તે પ્રત્યક્ષપ્રમાણ નથી, જેમ કે પરોક્ષપ્રમાણ. આ કેવલવ્યતિરેકી અનુમાન છે.

**શંકા** — પક્ષને જ હેતુ બનાવવામાં તો અનન્વયદોષ આવે છે.

**સમાધાન** — આ દોષ લાગતો નથી, કારણ કે પક્ષ અને હેતુ તદ્દન એક નથી, પક્ષ છે પ્રત્યક્ષવિશેષ જ્યારે હેતુ છે પ્રત્યક્ષસામાન્ય (પ્રત્યક્ષત્વ). વિશેષધર્મીને સિદ્ધ કરવામાં ધર્મિસામાન્ય હેતુ છે જ. વળી, બધા વિશેષોમાં સામાન્યની વ્યાપ્તિ હોય છે જ. તેથી અહીં અન્વય ઘટે છે જ. એટલે અનન્વયનો દોષ આવતો નથી.

અહીં હેતુ સપક્ષમાં રહેતો નથી, તેમ છતાં વિપક્ષવ્યાવૃત્તિના (કોઈ પણ વિપક્ષમાં તેના ન રહેવાના) બલથી જ હેતુ સાધ્યનો ગમક બને છે એ વાત અમે પહેલાં કહી જ દીધી છે. (૧૩)

45. अथ किमिदं वैशद्यं नाम ? यदि स्वविषयग्रहणम्; तत् परोक्षेप्य-क्षूणम् । अथ स्फुटत्वम्; तदपि स्वसंविदितत्वात् सर्वविज्ञानानां सममि-त्याशङ्क्याह—

**प्रमाणान्तरानपेक्षेदन्तया प्रतिभासो वा वैशद्यम् ॥१४॥**

45. આ વિશદતા એ શું છે ? તેનું સ્વરૂપ શું છે ? જો પોતાના વિષયનું ગ્રહણ વિશદતા હોય તો તે તો પરોક્ષપ્રમાણમાં પણ હોય છે. જો સ્ફુટતા એ વિશદતા હોય તો તે સર્વ જ્ઞાનોમાં — કેવળ પ્રત્યક્ષમાં જ નહિ કિંતુ બધાં જ જ્ઞાનોમાં — સમાનપણે રહેલી છે કારણ કે બધાં જ જ્ઞાનો સ્વસંવેદી છે. આ આશંકાનું સમાધાન કરતાં આચાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહે છે—

**અન્ય પ્રમાણની અપેક્ષા ન હોવી એ વિશદતા છે. અથવા 'આ' એવા આકારની પ્રતીતિ થવી એ વિશદતા છે. (૧૪)**

46. प्रस्तुतात् प्रमाणाद् यदन्यत् प्रमाणं शब्दलिङ्गादिज्ञानं तत् प्रमाणान्तरं तन्निरपेक्षता 'वैशद्यम्' । नहि शाब्दानुमानादिवत् प्रत्यक्षं स्वोत्पत्तौ शब्दलिङ्गादिज्ञानं प्रमाणान्तरमपेक्षते इत्येकं वैशद्यलक्षणम् । लक्षणान्तरमपि 'इदन्तया प्रतिभासो वा' इति, इदन्तया विशेषनिष्ठतया यः प्रतिभासः सम्यगर्थनिर्णयस्य सोऽपि 'वैशद्यम्' । 'वा'शब्दो लक्षणान्तरत्वसूचनार्थः ॥१४॥

46. પ્રસ્તુત પ્રત્યક્ષપ્રમાણથી અન્ય પ્રમાણ (અન્ય પ્રત્યક્ષપ્રમાણ કે પરોક્ષપ્રમાણ) અર્થાત્ પ્રમાણરૂપ શબ્દજ્ઞાન, પ્રમાણરૂપ લિંગજ્ઞાન, વગેરે પ્રમાણરૂપ જ્ઞાનોની અપેક્ષા ન હોવી તે વિશદતા છે. શાબ્દપ્રમાણ પોતાની ઉત્પત્તિમાં શબ્દના શ્રાવણપ્રત્યક્ષ પ્રમાણની અપેક્ષા રાખે છે. અનુમાનપ્રમાણ પોતાની ઉત્પત્તિમાં લિંગના પ્રત્યક્ષપ્રમાણની અપેક્ષા રાખે છે. પરંતુ પ્રત્યક્ષપ્રમાણ પોતાની ઉત્પત્તિમાં બીજા કોઈ પ્રત્યક્ષપ્રમાણની કે કોઈ પરોક્ષપ્રમાણની અપેક્ષા રાખતું જ નથી. આ પ્રમાણાન્તરનિરપેક્ષતા જ પ્રત્યક્ષપ્રમાણને પરોક્ષપ્રમાણથી જુદું પાડે છે અને તે જ વિશદતાનું એક લક્ષણ છે. વિશદતાનું બીજું લક્ષણ પણ છે અને તે છે 'આ' એવા આકારવાળી પ્રતીતિ. સમ્યગર્થનિર્ણયનો 'આ' એવા આકારવાળો વિશેષનિષ્ઠ પ્રતિભાસ વિશદતા છે. સૂત્રગત 'વા' ('અથવા') પદ લક્ષણાન્તરને સૂચવવા માટે છે. (૧૪)

47. अथ मुख्यसांव्यवहारिकभेदेन द्वैविध्यं प्रत्यक्षस्य हृदि निधाय मुख्यस्य लक्षणमाह—

**तत् सर्वथावरणविलये चेतनस्य स्वरूपाविर्भावो मुख्यं केवलम् ॥१५॥**

47. પ્રત્યક્ષના બે પ્રકાર છે — મુખ્ય પ્રત્યક્ષ અને સાંવ્યવહારિક પ્રત્યક્ષ. તેને ધ્યાનમાં રાખી આચાર્ય પહેલાં મુખ્ય પ્રત્યક્ષનું લક્ષણ કહે છે—

**આવરણોનો સર્વથા ક્ષય થતાં ચેતનના (આત્માના) સ્વરૂપનું જે પ્રાકટ્ય થાય છે તે કેવલજ્ઞાન નામનું મુખ્ય પ્રત્યક્ષ છે. (૧૫)**

48. 'तत्' इति प्रत्यक्षपरामर्शार्थम्, अन्यथानन्तरमेव वैशद्यमभिसम्बध्येत । दीर्घकालनिरन्तरसत्कारासेवितरत्नत्रयप्रकर्षपर्यन्ते एकत्ववितर्का-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विचारध्यानबलेन निःशेषतया ज्ञानावरणादीनां घातिकर्मणां प्रक्षये सति चेतनास्वभावस्यात्मनः प्रकाशस्वभावस्येति यावत्, स्वरूपस्य प्रकाश-स्वभावस्य सत एवावरणापगमेन 'आविर्भावः' आविर्भूतं स्वरूपं मुखमिव शरीरस्य सर्वज्ञानानां प्रधानं 'मुख्यम्' प्रत्यक्षम्। तच्चेन्द्रियादिसाहायकविरहात् सकलविषयत्वादसाधारणत्वाच्च 'केवलम्' इत्यागमे प्रसिद्धम् ।

48. સૂત્રગત 'તત્' ('તે') ૧૩મા સૂત્રમાં આવેલા 'પ્રત્યક્ષ' પદને માટે છે, તેને સ્પર્શવા - નિર્દેશવા માટે છે. જો સૂત્રમાં 'તત્' પદને ન મૂક્યું હોત તો આના અનન્તર પહેલાં આવેલા 'વૈશદ્ય' સાથે આ સૂત્રનું અનુસંધાન થઈ જાત. દીર્ઘકાલ સુધી બહુમાનપૂર્વક સારી રીતે નિરંતર આરાધિત (જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ) રત્નત્રયના પ્રકર્ષના અંતે એકત્વ-વિતર્ક-અવિચાર નામના શુક્લ ધ્યાનના બળે જ્ઞાનાવરણ વગેરે ઘાતિકર્મોનો સંપૂર્ણપણે ક્ષય થતાં ચેતનાસ્વભાવવાળા અર્થાત્ પ્રકાશ(જ્ઞાન)-સ્વભાવવાળા આત્માનો પ્રકાશસ્વભાવ પ્રગટ થાય છે. આત્મા પ્રકાશસ્વભાવવાળો છે એટલે જ કર્માવરણો દૂર થતાં તેનો પ્રકાશસ્વભાવ પ્રગટ થાય છે, અન્યથા ન થાત. જેમ આખા શરીરમાં મુખ મુખ્ય છે તેમ આ પ્રગટ થયેલું પ્રકાશસ્વરૂપ પ્રત્યક્ષ બધાં જ્ઞાનોમાં મુખ્ય છે એટલે તે મુખ્ય પ્રત્યક્ષ કહેવાય છે. આગમમાં તે કેવલજ્ઞાન નામથી પ્રસિદ્ધ છે કારણ કે તે ઇન્દ્રિય વગેરે નિમિત્તોની સહાયતા વિના જ થાય છે, સકળ વિષયોને જાણે છે અને અસાધારણ છે.

49. प्रकाशस्वभावता कथमात्मनः सिद्धेति चेत्; एते ब्रूमः - आत्मा प्रकाशस्वभावः, असन्दिग्धस्वभावत्वात्, यः प्रकाशस्वभावो न भवति नासावसन्दिग्धस्वभावो यथा घटः, न च तथात्मा, न खलु कश्चिदहमस्मि न वेति सन्दिग्धे इति नासिद्धो हेतुः । तथा, आत्मा प्रकाशस्वभावः, बोद्धृत्वात्, यः प्रकाशस्वभावो न भवति नासौ बोद्धा यथा घटः, न च न बोद्धात्मेति। तथा, यो यस्याः क्रियायाः कर्त्ता न स तद्विषयो यथा गतिक्रियायाः कर्त्ता चैत्रो न तद्विषयः, ज्ञप्तिक्रियायाः कर्त्ता चात्मेति ।

49. **શંકા** — આત્મા પ્રકાશસ્વભાવ છે એ કેવી રીતે સિદ્ધ થાય છે?

**ઉત્તર** — અમે જણાવીએ છીએ. આત્મા પ્રકાશસ્વભાવ છે કારણ કે તે અસંદિગ્ધસ્વભાવવાળો છે. જે પ્રકાશસ્વભાવ નથી તે અસંદિગ્ધસ્વભાવવાળો નથી, જેમ કે ઘટ. આત્મા અસંદિગ્ધસ્વભાવવાળો નથી એવું નથી, કારણ કે કોઈ 'હું છું કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ' એવો સંદેહ કરતો નથી. વળી, આત્મા પ્રકાશસ્વભાવ છે કારણ કે તે બોદ્ધા છે અર્થાત્ જ્ઞાતા છે, જે પ્રકાશસ્વભાવ નથી તે જ્ઞાતા નથી, જેમ કે ઘટ. આત્મા જ્ઞાતા નથી એવું તો નથી, તેથી આત્મા પ્રકાશસ્વભાવ છે. ઉપરાંત, જે જે ક્રિયાનો કર્તા હોય છે તે તે ક્રિયાનો વિષય નથી હોતો, જેમ કે ગતિક્રિયાનો કર્તા ચૈત્ર ગતિક્રિયાનો વિષય નથી. આત્મા જ્ઞપ્તિક્રિયાનો કર્તા છે, તેથી તે જ્ઞપ્તિક્રિયાનો વિષય નથી. [જ્ઞપ્તિક્રિયાના કર્તા જ હોવું અને જ્ઞપ્તિક્રિયાના વિષય ન હોવું એ આત્માની પ્રકાશરૂપતાને દર્શાવે છે.]

**50. अथ प्रकाशस्वभावत्व आत्मनः कथमावरणम् ? आवरणे वा सततावरणप्रसङ्गः; नैवम्; प्रकाशस्वभावस्यापि चन्द्रार्कादेरिव रजोनीहाराभ्रपटलादिभिरिव ज्ञानावरणीयादिकर्म्मभिरावरणस्य सम्भवात्, चन्द्रार्कादेरिव च प्रबलपवमानप्रायैर्ध्यानभावनादिभिर्विलयस्येति ।**

50. **શંકા** — આત્મા પ્રકાશસ્વભાવ છે તો તેના ઉપર આવરણો કેવી રીતે આવ્યાં ? અને જો તેની ઉપર આવરણો આવી ગયેલાં છે તો સદૈવ સતત કેમ નથી રહેતાં ?

**સમાધાન** — જેમ ચન્દ્ર અને સૂર્ય પ્રકાશસ્વભાવ છે છતાં તેમના ઉપર રજ, નીહાર, મેઘપટલ આદિ દ્વારા આવરણો આવી જાય છે તેમ આત્મા પ્રકાશસ્વભાવ હોવા છતાં તેના ઉપર પણ જ્ઞાનાવરણીય વગેરે કર્મો દ્વારા આવરણો આવી જાય છે. અને જેમ જોરદાર પવન વાવાથી ચન્દ્ર અને સૂર્ય ઉપર આવેલાં આવરણો નાશ પામે છે તેમ ધ્યાન, ભાવના વગેરેથી આત્મા ઉપર આવેલાં કર્માવરણો પણ નાશ પામે છે.

**51. ननु सादित्वे स्यादावरणस्योपायतो विलयः; नैवम्; अनादेरपि सुवर्णमलस्य क्षारमृत्पुटपाकादिना विलयोपलम्भात्, तद्वदेवानादेरपि ज्ञानावरणीयकर्मणः प्रतिपक्षभूतरत्नत्रयाभ्यासेन विलयोपपत्तेः ।**

51. આવરણો સાદિ હોય તો જ ઉપાયો દ્વારા તેમનો નાશ સંભવે. [જેનો આદિ હોય તેનો જ અંત સંભવે. જે અનાદિ હોય તેનો અંત ન સંભવે. આત્મા ઉપરનાં કર્મનાં આવરણો તો અનાદિ છે, તો પછી તેમનો નાશ કેવી રીતે સંભવે ?]

**સમાધાન** — ના, એવું નથી. [ખાણમાંથી મળતું અશુદ્ધ કાચું સોનું અનાદિ કાળથી તેની સાથે અશુદ્ધિઓ ભળેલી હોવાથી અનાદિ કાળથી મલિન છે.] મલ અનાદિ કાળથી સોનાને લાગેલો હોવા છતાં ખાર, મૃત્પુટપાક આદિ ઉપાયો દ્વારા સોનાને અનાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળથી લાગેલા મલને સંપૂર્ણપણે દૂર કરી શકાય છે અર્થાત્ મલનો નાશ કરી શકાય છે, તેવી જ રીતે અનાદિ કાળથી આત્મા ઉપર લાગેલાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનાં આવરણોને પણ તે કર્મોની વિરોધી રત્નત્રયીના (જ્ઞાન-દર્શન-ચારિત્રત્રયીના) અભ્યાસ દ્વારા નષ્ટ કરી શકાય છે.

52. न चामूर्त्तस्यात्मनः कथमावरणमिति वाच्यम्; अमूर्ताया अपि चेतनाशक्तेर्मदिरामदनकोद्रवादिभिरावरणदर्शनात् ।

52. **શંકા**—અમૂર્ત આત્માને મૂર્ત (પૌદ્ગલિક) કર્મોનું આવરણ કેવી રીતે સંભવે?

**સમાધાન** — આપણે દેખીએ છીએ કે મદિરા, મદનકોદ્રવ, વગેરે મૂર્ત હોવા છતાં અમૂર્ત ચેતનાશક્તિને આવરે છે, રુંધે છે. તેવી જ રીતે મૂર્ત જ્ઞાનાવરણાદિ કર્મો આત્માને અર્થાત્ આત્માની જ્ઞાનાદિ શક્તિઓને આવરે છે.

53. अथावरणीयतत्प्रतिपक्षाभ्यामात्मा विक्रियेत न वा ? किं चातः ?

**"वर्षातपाभ्यां किं व्योम्नश्चर्मण्यस्ति तयोः फलम् ।**
**चर्मोपमश्चेत् सोऽनित्यः खतुल्यश्चेदसत्फलः ॥"**

इति चेत् ; न; अस्य दूषणस्य कूटस्थनित्यतापक्ष एव सम्भवात्, परिणामिनित्यश्चात्मेति तस्य पूर्वापरपर्यायोत्पादविनाशसहितानुवृत्तिरूपत्वात्, एकान्तनित्यक्षणिकपक्षयोः सर्वथार्थक्रियाविरहात्, यदाह—

**"अर्थक्रिया न युज्येत नित्यक्षणिकपक्षयोः ।**
**क्रमाक्रमाभ्यां भावानां सा लक्षणतया मता ॥"**[लघी. २.१]

इति ॥१५॥

53. **શંકા** — આવરણીય કર્મોના કારણે તેમજ તે કર્મોની પ્રતિપક્ષભૂત (અર્થાત્ વિરોધી) રત્નત્રયીની આરાધનાના કારણે આત્મામાં વિકાર (અર્થાત્ પરિવર્તન, પરિણામ) થાય છે કે નહિ ?

**હેમચન્દ્રાચાર્ય** — તેથી તમે શું કહેવા માગો છો ?

**શંકાકાર** — અમે આ કહેવા માગીએ છીએ : વરસાદ પડે કે તડકો પડે, તેથી આકાશને શું ? આકાશ ઉપર તેની કાઈ અસર થતી નથી કારણ કે આકાશ નિત્ય છે. પરંતુ ચામડા ઉપર તો વરસાદ અને તડકો બન્નેની અસર થાય છે કારણ કે તે અનિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જો આત્મા ચામડા સમાન હોય તો તે અનિત્ય બની જાય. અને જો આત્મા આકાશ સમાન હોય તો ન તો આવરણીય કર્મોની તેના ઉપર અસર થાય કે ન તો રત્નત્રયની તેના ઉપર અસર થાય, અર્થાત્ આવરણીય કર્મો અને રત્નત્રય બન્ને આત્માની બાબતમાં નિષ્ફળ છે.

**હેમચન્દ્રાચાર્ય** — આ દોષ તો આત્માને કૂટસ્થનિત્ય માનીએ તો જ આવે. પરંતુ આત્મા કૂટસ્થનિત્ય નથી, તે તો પરિણામિનિત્ય છે. તેના પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે—પૂર્વ પૂર્વ પર્યાય નાશ પામે છે અને ઉત્તર ઉત્તર પર્યાય ઉત્પન્ન થાય છે — પરંતુ તે બધા પર્યાયોમાં આત્મદ્રવ્ય એક સૂત્રરૂપે અનુસ્યૂત રહે છે. [આનો અર્થ એ છે કે આત્મા એકાન્ત નિત્ય પણ નથી કે એકાન્ત અનિત્ય પણ નથી. આત્મપર્યાયોની દૃષ્ટિએ આત્મા અનિત્ય છે પરંતુ આત્મદ્રવ્યની દૃષ્ટિએ આત્મા નિત્ય છે. આમ આત્મા નિત્યાનિત્ય છે અર્થાત્ પરિણામિનિત્ય છે.] એકાન્ત નિત્યતાના પક્ષમાં કે એકાન્ત અનિત્યતા (ક્ષણિકતા)ના પક્ષમાં અર્થક્રિયાનો (કાર્યોત્પત્તિનો) સર્વથા અસંભવ છે. અકલંકદેવે કહ્યું પણ છે, "[ જે વસ્તુ અર્થક્રિયા કરે છે (કાર્ય કરે છે, કાર્યને ઉત્પન્ન કરે છે) તે વસ્તુ સત્ છે.] એકાન્ત નિત્યતાના પક્ષમાં કે એકાન્ત ક્ષણિકતાના પક્ષમાં વસ્તુ અર્થક્રિયાકારી (કાર્યકારી) ઘટતી જ નથી. વસ્તુ પોતાનાં કાર્યોને કાં તો ક્રમથી ઉત્પન્ન કરે કાં તો અક્રમથી, આ બે જ વિકલ્પો છે. વસ્તુ એકાન્ત નિત્ય હોય કે એકાન્ત ક્ષણિક તે ક્રમથી કે અક્રમથી પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરી શકતી નથી. અને કાર્યકારિતા, અર્થક્રિયાકારિતા એ તો વસ્તુનું લક્ષણ છે. તેથી એકાન્ત નિત્ય વસ્તુ કે એકાન્ત ક્ષણિક વસ્તુ અસત્ છે, સંભવતી જ નથી." [અર્થક્રિયાકારિતા પરિણામિનિત્ય વસ્તુમાં જ સંભવે છે. એટલે પરિણામિનિત્ય વસ્તુ જ સત્ છે. આત્મા પરિણામિનિત્ય છે અને એટલે સત્ છે. અને આત્મા પરિણામિનિત્ય હોવાથી આવરણીય કર્મોની અને રત્નત્રયીની આરાધનાની અસર તેને થાય છે.] [લઘીયસ્ત્રયી ૨.૧] (૧૫)

54. ननु प्रमाणाधीना प्रमेयव्यवस्था । न च मुख्यप्रत्यक्षस्य तद्वतो वा सिद्धौ किञ्चित् प्रमाणमस्ति । प्रत्यक्षं हि रूपादिविषयविनियमितव्यापारं नातीन्द्रियेऽर्थे प्रवर्तितुमुत्सहते । नाप्यनुमानम्, प्रत्यक्षदृष्टलिङ्गलिङ्गि-सम्बन्धबलो[प]जननधर्मकत्वात्तस्य । आगमस्तु यद्यतीन्द्रियज्ञानपूर्वक-स्तत्साधकः; तदेतरेतराश्रयः —

"नर्ते तदागमात्सिध्येन्न च तेनागमो विना ।"

[श्लोकवा. सू. २. श्लो. १४२]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इति । अपौरुषेयस्तु तत्साधको नास्त्येव । योऽपि–

**"अपाणिपादो ह्यमनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।**
**स वेत्ति विश्वं न हि तस्य वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥"**

[श्वेताश्व. ३.१९.]

इत्यादिः कश्चिदर्थवादरूपोऽस्ति नासौ प्रमाणम् विधावेव प्रामाण्योपगमात्। प्रमाणान्तराणां चात्रानवसर एवेत्याशङ्क्याह–

**प्रज्ञातिशयविश्रान्त्यादिसिद्धेस्तत्सिद्धिः ॥१६॥**

54. **શંકા** — પ્રમેયની વ્યવસ્થા પ્રમાણને અધીન છે. અર્થાત્ કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ પ્રમાણથી જ સિદ્ધ થાય છે. જે વસ્તુનું અસ્તિત્વ પ્રમાણથી સિદ્ધ ન થાય તે વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી. મુખ્ય પ્રત્યક્ષ [1]કેવળજ્ઞાનની કે કેવળજ્ઞાનીની સિદ્ધિ કરનારું કોઈ પ્રમાણ નથી. કોઈ પણ પ્રમાણથી કેવળજ્ઞાનની કે કેવળજ્ઞાનીની સિદ્ધિ થતી નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષ રૂપ આદિ મૂર્ત વિષયોમાં જ નિયતપણે ગ્રહણવ્યાપાર કરે છે, અર્થાત્ તે કેવળ મૂર્ત વસ્તુઓને જ ગ્રહણ કરે છે, જાણે છે પરંતુ અમૂર્ત વસ્તુઓને ગ્રહણ કરતું નથી, જાણતું નથી. અને કેવલજ્ઞાન તો અમૂર્ત વસ્તુ છે, અને તેથી અતીન્દ્રિય વસ્તુ છે. એટલે ઇન્દ્રિયપ્રત્યક્ષનો તે વિષય જ નથી, તેથી તે તેને ગ્રહણ કરી શકે જ નહિ, તેને સિદ્ધ કરી શકે નહિ. અનુમાન પણ કેવળજ્ઞાનને સિદ્ધ કરી શકે નહિ, કારણ કે અનુમાનમાં સાધનનો સાધ્ય સાથેનો સહચારસંબંધ ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા પહેલાં ગૃહીત થવો જરૂરી છે. સાધનના સાધ્ય સાથેના ઇન્દ્રિયપ્રત્યક્ષ વડે ક્યાંક ગૃહીત થયેલા સહચારસંબંધના બળે જ પછી અનુમાનની ઉત્પત્તિ થાય છે, અનુમાન સાધ્યને જાણે છે. [ધૂમનો અગ્નિ સાથે સહચારસંબંધ રસોડામાં ઇન્દ્રિયપ્રત્યક્ષ વડે ગૃહીત થયો હોય છે. એટલે પછી જ્યારે આપણે ધૂમનું પ્રત્યક્ષ કરીએ છીએ ત્યારે પેલો ઇન્દ્રિયપ્રત્યક્ષગૃહીત સહચારસંબંધ યાદ આવે છે અને આપણે અનુમાન દ્વારા ઇન્દ્રિયાસન્નિકૃષ્ટ અગ્નિને જાણીએ છીએ.] કેવળજ્ઞાનની બાબતમાં આ બધું અસંભવ છે. એટલે કેવળજ્ઞાન અનુમાનનો વિષય નથી. તેથી અનુમાન વડે પણ કેવળજ્ઞાનની સિદ્ધિ થતી નથી. જે આગમ અતીન્દ્રિયજ્ઞાનપૂર્વક (અર્થાત્ કેવલજ્ઞાનપૂર્વક એટલે કે કેવલજ્ઞાનીપ્રણીત) છે તે કેવલજ્ઞાનને સિદ્ધ કરે છે એમ માનતાં તો અન્યોન્યાશ્રયદોષ આવે. અન્યોન્યાશ્રયદોષ આ પ્રમાણે આવે — "આગમપ્રમાણની (અર્થાત્ આગમના પ્રામાણ્યની) સિદ્ધિ વિના આગમપ્રમાણ વડે કેવળજ્ઞાનની સિદ્ધિ થાય નહિ અને કેવળજ્ઞાનની સિદ્ધિ વિના

૧. જૈન ચિંતકો કેવળજ્ઞાનનો અર્થ સર્વજ્ઞતા કરે છે અને કેવળજ્ઞાનીનો અર્થ સર્વજ્ઞ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાનીપ્રણીત આગમની સિદ્ધિ થાય નહિ" [શ્લોકવાર્તિક સૂત્ર ૨ શ્લોક ૧૪૨]. [આગમપ્રમાણથી કેવળજ્ઞાનની સિદ્ધિ અને કેવળજ્ઞાનથી આગમપ્રમાણની (આગમના પ્રામાણ્યની) સિદ્ધિ આ છે અન્યોન્યાશ્રયદોષ.]

**આગમ** [સર્વજ્ઞપ્રણીત નથી પણ નિત્ય છે.] અપૌરુષેય છે અર્થાત્ કોઈ પણ પુરુષ તેનો કર્તા નથી. [**આમ માનવાથી અ ચોન્યાશ્રયદોષ નહિ આવે. વેદરૂપ આગમ અપૌરુષેય છે અને તે સર્વજ્ઞનો સ્વી**કાર કરે છે.] જેમ કે તે પણ કહે છે— "જે હાથપગરહિત **અને મનરહિત હોવા** છતાં (બધાંને) ગ્રહે છે, વ્યાપે છે, જે નેત્રહીન હોવા છતાં (બધું) દેખે છે, જે કર્ણહીન હોવા છતાં (બધું) સાંભળે છે, જે (સકલ) વિશ્વને જાણે છે પરંતુ જેને કોઈ જાણતું નથી તે અગ્ર્ય (અર્થાત્ આદિમ યા સર્વોત્તમ) મહાન પુરુષ છે" [શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૩.૧૯]. [આમ અપૌરુષેય વેદ દ્વારા સર્વજ્ઞની સિદ્ધિ થાય છે.]

[પરંતુ અપૌરુષેય વેદને પ્રમાણ કેવી રીતે મનાય, કારણ કે તે તો સર્વજ્ઞપ્રણીત નથી ? અપૌરુષેય વેદ પ્રમાણ છે કારણ કે તેનો કર્તા કોઈ પુરુષ નથી. પુરુષમાં દોષ સંભવતા હોવાથી પુરુષકર્તૃક આગમમાં દોષની સંભાવના છે. વેદનો કર્તા પુરુષ છે જ નહિ, તે નિત્ય છે, તેથી તેમાં દોષનો અભાવ છે. અને આ કારણે જ તે પ્રમાણ છે.]

[મીમાંસકો વેદને અપૌરુષેય માને છે અને તેથી તેને પ્રમાણરૂપ પણ માને છે. પરંતુ તેઓ સર્વજ્ઞને સ્વીકારતા જ નથી. એટલે ઉપર આપેલું વેદવાક્ય સર્વજ્ઞને સ્વીકારે છે, સિદ્ધ કરે છે એ વાત તેઓ હરગિજ સ્વીકારતા નથી. તેઓ કહે છે — વેદના જે વિધિવાક્યો છે તે પુરુષને અમુક પ્રવૃત્તિ કરવા પ્રેરે છે જેમ કે 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत (સ્વર્ગની ઇચ્છા રાખનારો જ્યોતિષ્ટોમથી યજે)', આવાં વાક્યો વિધિ છે. અને વિધિમાં જ વેદનું પ્રામાણ્ય છે. અર્થવાદોમાં વેદનું પ્રામાણ્ય નથી. અર્થવાદવાક્ય પ્રશંસા કે નિન્દા કરતું વાક્ય છે. તેને તેના વાચ્યાર્થમાં સમજવાનું નથી. એટલે કહ્યું છે કે અર્થવાદવાક્યોમાં વેદનું પ્રામાણ્ય નથી.] અને ઉપર જે આગમ અર્થાત્ વેદ આપ્યો છે તે તો અર્થવાદરૂપ છે, તેથી તે પ્રમાણ નથી, વિધિમાં જ આગમનું (વેદનું) પ્રામાણ્ય સ્વીકારવામાં આવ્યું છે. [આમ છેવટે એ નિશ્ચિત થયું કે આગમ પણ સર્વજ્ઞને સિદ્ધ નથી કરતું.]

પ્રત્યક્ષ, અનુમાન અને આગમ સિવાય બીજા કોઈ પ્રમાણ માટે સર્વજ્ઞ કે સર્વજ્ઞતાના વિષયમાં કોઈ અવકાશ નથી. આ શંકાના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**જ્ઞાનના તારતમ્યની વિશ્રાન્તિ, વગેરેની સિદ્ધિ દ્વારા કેવલજ્ઞાનની સિદ્ધિ થાય છે.(૧૬)**

55. प्रज्ञाया अतिशयः तारतम्यं क्वचिद्विश्रान्तम्, अतिशयत्वात्, परिमाणातिशयवदित्यनुमानेन निरतिशयप्रज्ञासिद्ध्या तस्य केवलज्ञानस्य सिद्धिः, तत्सिद्धिरूपत्वात् केवलज्ञानसिद्धेः । 'आदि'ग्रहणात् सूक्ष्मान्तरितदूरार्थाः कस्यचित् प्रत्यक्षाः प्रमेयत्वात् घटवदित्यतो, ज्योतिर्ज्ञानाविसंवादान्यथानुपपत्तेश्च तत्सिद्धिः, यदाह–

**"धीरत्यन्तपरोक्षेऽर्थे न चेत् पुंसां कुतः पुनः ।**
**ज्योतिर्ज्ञानाविसंवादः श्रुताच्चेत् साधनान्तरम् ॥"**

[सिद्धिवि. पृ. ४१३A]

55.જ્ઞાનના અતિશયની (તરતમભાવની) ક્યાંક વિશ્રાંતિ (પૂર્ણતા) થાય જ, કારણ કે તે અતિશય (તરતમભાવ) છે, પ્રત્યેક અતિશયની (તરતમભાવની) ક્યાંક વિશ્રાન્તિ(પૂર્ણતા) અવશ્ય થાય છે, જેમ કે પરિમાણના અતિશયની (તરતમભાવની) વિશ્રાંતિ (પૂર્ણતા) આકાશમાં થઈ છે. [આકાશનું પરમમહત્પરિમાણ એ પરિમાણની પૂર્ણતા છે.] આ અનુમાનપ્રમાણથી નિરતિશય (પૂર્ણ) જ્ઞાનની સિદ્ધિ થવાથી કેવળજ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે, કારણ કે નિરતિશય(પૂર્ણ) જ્ઞાનની સિદ્ધિ જ કેવલજ્ઞાનની સિદ્ધિ છે. સૂત્રગત 'આદિ' પદથી નીચે જણાવેલાં અનુમાનો પણ સમજવાં. સૂક્ષ્મ (પરમાણુ વગેરે), અન્તરિત (રામ, રાવણ વગેરે કાલવ્યવહિત) અને દૂરસ્થ (મેરુ આદિ દેશવ્યવહિત) પદાર્થો કોઈના પ્રત્યક્ષના વિષયો અવશ્ય છે, કારણ કે તે બધા પદાર્થો પ્રમેય છે, જે પ્રમેય હોય છે તે કોઈકના પ્રત્યક્ષનો વિષય અવશ્ય હોય છે, જેમ કે ઘટ. આ અનુમાન ઉપરાંત નીચેનું અર્થાપત્તિરૂપ અનુમાન પણ છે. જ્યોતિષ સંબંધી (ગ્રહણ આદિ સંબંધી) જ્ઞાનમાં જે અવિસંવાદ દેખાય છે તે કેવલજ્ઞાનને માન્યા વિના ઘટતો નથી, આ ઉપરથી પણ કેવલજ્ઞાનની સિદ્ધિ થાય છે. અને અકલંકદેવે કહ્યું પણ છે, "અત્યન્ત પરોક્ષ પદાર્થોને કોઈ પુરુષ પ્રત્યક્ષ જાણે છે, અન્યથા જ્યોતિર્જ્ઞાનમાં (સૂર્યગ્રહણ આદિના જ્ઞાનમાં) જે અવિસંવાદ જણાય છે તે ક્યાંથી સંભવે, ઘટે ? જો કહેવામાં આવે કે આ સંવાદનું કારણ શ્રુત (આગમ) પ્રમાણ છે, તો કહેવું જોઈએ કે તે આગમના પ્રામાણ્યને સિદ્ધ કરવા માટે બીજા સાધનની જરૂરત પડશે." [સિદ્ધિવિનિશ્ચય પૃ. ૪૧૩A].

56. अपि च–**"नोदना हि भूतं भवन्तं भविष्यन्तं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टमेवञ्जातीयकमर्थमवगमयति नान्यत्किञ्चनेन्द्रियम्"** – [शाबर

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भा. १.१.२.] इति वदता भूताद्यर्थपरिज्ञानं कस्यचित् पुंसोऽभिमतमेव, अन्यथा कस्मै वेदस्त्रिकालविषयमर्थं निवेदयेत् ? । स हि निवेदयंस्त्रिकालविषय-तत्त्वज्ञमेवाधिकारिणमुपादत्ते, तदाह–

**"त्रिकालविषयं तत्त्वं कस्मै वेदो निवेदयेत् ।**
**अक्षय्यावरणैकान्तान्न चेद्वेद तथा नरः ॥"**

[सिद्धिवि. पृ. ४१४A]

इति त्रिकालविषयवस्तुनिवेदनाऽन्यथानुपपत्तेरतीन्द्रियकेवलज्ञानसिद्धिः ।

56. વળી, "વેદ ભૂત, વર્તમાન, ભવિષ્યત્, સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ એ પ્રકારના અન્ય બધા પદાર્થોનું જ્ઞાન કરાવે છે. કોઈ પણ ઇન્દ્રિય આવું જ્ઞાન કરાવતી નથી" [શાબરભાષ્ય ૧.૧.૨] આમ કહેતા શબરસ્વામીએ ભૂત, ભવિષ્યત્ આદિના જ્ઞાનને કોઈ પુરુષમાં સ્વીકાર્યું છે જ. જો કોઈ પણ પુરુષને ત્રણેય કાલના પદાર્થોનું જ્ઞાન સંભવતું ન હોય તો વેદ કોને ત્રણેય કાલના પદાર્થોને જણાવે ? વેદ ત્રણેય કાલના પદાર્થોને જણાવે છે એનો અર્થ એ કે ત્રણેય કાળના વિષયોને અર્થાત્ પદાર્થોને જાણવા માટે અધિકારી પુરુષનો વેદ સ્વીકાર કરે છે. એટલે અકલંકદેવ કહે છે, "જો કર્માવરણોનો સંપૂર્ણ ક્ષય થઈ શકતો જ ન હોય અને પરિણામે પુરુષને ત્રણેય કાળના પદાર્થો કે વિષયોનું જ્ઞાન થઈ શકતું જ ન હોય તો વેદ ત્રણેય કાળના વિષયો કોને જણાવે ?" [સિદ્ધિવિનિશ્ચય પૃ. ૪૧૪A]. ત્રણેય કાળના વિષયને જાણનારા અતીન્દ્રિય જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનને સ્વીકાર્યા વિના ત્રણેય કાળના વિષયોનું વેદ દ્વારા કરાતું નિવેદન ઘટતું ન હોવાથી અતીન્દ્રિય કેવલજ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે.

57. किञ्च, प्रत्यक्षानुमानसिद्धसंवादं शास्त्रमेवातीन्द्रियार्थदर्शिसद्भावे प्रमाणम् । य एव हि शास्त्रस्य विषयः स्याद्वादः स एव प्रत्यक्षादेरपीति संवादः, तथाहि–

**"सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च ।**
**अन्यथा सर्वसत्त्वं स्यात् स्वरूपस्याप्यसम्भवः ॥"**

इति दिशा प्रमाणसिद्धं स्याद्वादं प्रतिपादयन्नागमोऽर्हतस्सर्वज्ञतामपि प्रतिपादयति, यदस्तुम–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**"यदीयसम्यक्त्वबलात् प्रतीमो भवादृशानां परमात्मभावम् ।**
**कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय ॥"**

[अयोग. २१]

इति । प्रत्यक्षं तु यद्यप्यैन्द्रियि(य)कं नातीन्द्रियज्ञानविषयं तथापि समाधिबललब्धजन्मकं योगिप्रत्यक्षमेव बाह्यार्थस्येव स्वस्यापि वेदकमिति प्रत्यक्षतोऽपि तत्सिद्धिः ।

57. જેના વિષયનો અવિસંવાદ પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ થયો છે તે શાસ્ત્ર (આગમ) અતીન્દ્રિયાર્થદર્શી પુરુષના અસ્તિત્વમાં પ્રમાણ છે. જે સ્યાદ્વાદ શાસ્ત્રનો વિષય છે તે સ્યાદ્વાદ જ પ્રત્યક્ષ વગેરે પ્રમાણોનો પણ વિષય છે. કહ્યું પણ છે, "બધી વસ્તુઓ સ્વરૂપથી અસ્તિત્વ ધરાવે છે અને પરરૂપથી અસ્તિત્વ ધરાવતી નથી. અન્યથા (અર્થાત્ પરરૂપથી પણ અસ્તિત્વ ધરાવતી હોય તો) પ્રત્યેક વસ્તુ બધી વસ્તુઓનું અસ્તિત્વ ધરાવે અને તેનું પોતાનું સ્વરૂપ પણ અસંભવ બની જાય." આ રીતે પ્રમાણોથી સિદ્ધ થયેલા સ્યાદ્વાદનું પ્રતિપાદન કરતું આગમ અર્હત્‌ની સર્વજ્ઞતાનું પણ પ્રતિપાદન કરે છે. આગમની સ્તુતિ કરતાં અમે કહ્યું છે, "જેની સત્યતાના બળે અમે આપ જેવાઓનો પરમાત્મભાવ જાણીએ છીએ તે કુવાસનાઓના પાશના નાશક, આપે પ્રરૂપેલા આગમને નમસ્કાર હો." [અયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા ૨૧.] ઇન્દ્રિયપ્રત્યક્ષ અતીન્દ્રિય જ્ઞાનને નથી જાણી શકતું તેમ છતાં સમાધિના બળે ઉત્પન્ન થનારું યોગિપ્રત્યક્ષ [જે પોતે અતીન્દ્રિય જ્ઞાન છે તે] ખુદ બાહ્ય પદાર્થોની જેમ પોતાને પણ જાણે જ છે, આમ પ્રત્યક્ષ દ્વારા પણ અતીન્દ્રિય જ્ઞાનની સિદ્ધિ થાય છે.

58. अथ–

**"ज्ञानमप्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः ।**
**ऐश्वर्यं चैव धर्म्मश्च सहसिद्धं चतुष्टयम् ॥"**

इति वचनात् सर्वज्ञत्वमीश्वरादीनामस्तु मानुषस्य तु कस्यचिद्विद्याचरणवतोऽपि तदसम्भावनीयम्, यत्कुमारिलः–

**"अथापि वेददेहत्वाद् ब्रह्मविष्णुमहेश्वराः ।**
**कामं भवन्तु सर्वज्ञाः सार्वज्ञ्यं मानुषस्य किम् ? ॥"**

[तत्त्वस. का. ३२०८]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इति; आ: ! सर्वज्ञापलापपातकिन् ! दुर्वदवादिन् ! मानुषत्वनिन्दार्थवादापदेशेन देवाधिदेवानधिक्षिपसि ? । ये हि जन्मान्तरार्ज्जितोर्जितपुण्यप्राग्भाराः सुरभव-भवमनुपमं सुखमनुभूय दुःखपङ्कमग्नमखिलं जीवलोकमुद्दिधीर्षवो नरकेष्वपि क्षणं क्षिप्तसुखासिकामृतवृष्टयो मनुष्यलोकमवतेरुः जन्मसमयसम-कालचलितासनसकलसुरेन्द्रवृन्दविहितजन्मोत्सवाः किङ्करायमाणसुरसमूहा-हमहमिकारब्धसेवाविधयः स्वयमुपनतामतिप्राज्यसाम्राज्यश्रियं तृणवदवधूय समतृणमणिशत्रुमित्रवृत्तयो निजप्रभावप्रशमितेतिमरकादिजगदुपद्रवाः शुक्लध्यानानलनिर्दग्धघातिकर्माण आविर्भूतनिखिलभावाभावस्वभावाव-भासिकेवलबलदलितसकलजीवलोकमोहप्रसराः सुरासुरविनिर्मितां समवसरणभुवमधिष्ठाय स्वस्वभाषापरिणामिनीभिर्वाग्भिः प्रवर्तितधर्म-तीर्थाश्चतुस्त्रिंशदतिशयमयीं तीर्थनाथत्वलक्ष्मीमुपभुज्य परं ब्रह्म सततानन्दं सकलकर्मनिर्मोक्षमुपेयिवांसस्तान्मानुषत्वादिसाधारणधर्मोपदेशेनापवदन् सुमेरुमपि लेष्ट्वादिना साधारणीकर्तुं पार्थिवत्वेनापवदेः ! । किञ्च, अनवरत-वनिताङ्गसम्भोगदुर्ललितवृत्तीनां विविधहेतिसमूहधारिणामक्षमालाद्याय-त्तमनःसंयमानां रागद्वेषमोहकलुषितानां ब्रह्मादीनां सर्ववित्त्वसाम्राज्यम् ! यदवदाम स्तुतौ—

> **"मदेन मानेन मनोभवेन क्रोधेन लोभेन ससम्मदेन ।**
> **पराजितानां प्रसभं सुराणां वृथैव साम्राज्यरुजा परेषाम् ॥"**

[अयोग-२५]

इति । अथापि रागादिदोषकालुष्यविरहिताः सततज्ञानानन्दमयमूर्तयो ब्रह्मादयः; तर्हि तादृशेषु तेषु न विप्रतिपद्यामहे, अवोचाम हि—

> **"यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया ।**
> **वीतदोषकलुषः स चेद्भवानेक एव भगवन्नमोऽस्तु ते ॥"**

[अयोग-३१]

इति । केवलं ब्रह्मादिदेवताविषयाणां श्रुतिस्मृतिपुराणेतिहासकथानां

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वैतथ्यमासज्येत । तदेवं साधकेभ्यः प्रमाणेभ्योऽतीन्द्रियज्ञानसिद्धिरुक्ता ॥१६॥

**बाधकाभावाच्च ॥१७॥**

58. **શંકા** — "જે જગન્નાથમાં અપ્રતિહત જ્ઞાન છે, વૈરાગ્ય છે, ઐશ્વર્ય છે અને ધર્મ છે — આ ચારે સ્વભાવથી સહજ સિદ્ધ છે [તે સર્વજ્ઞ ઈશ્વર છે]" આ કથન અનુસાર ઈશ્વર વગેરે સર્વજ્ઞ ભલે હો, પરંતુ મનુષ્ય તો સર્વજ્ઞ હોઈ શકે નહિ પછી ભલે ને ગમે તેટલો વિદ્યાવાન હોય કે ચારિત્રવાન હોય. કુમારિલ ભટ્ટે પણ કહ્યું છે, "વેદમય દેહ ધરાવતા હોવાથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ભલે સર્વજ્ઞ હો પરંતુ મનુષ્યમાં સર્વજ્ઞતા ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય." [તત્ત્વસંગ્રહ, કારિકા ૩૨૦૮].

**સમાધાન** — અરે ઓ ! સર્વજ્ઞ વિશે અપશબ્દો બોલવાનું પાપ કરનાર પાપી ! અરે નિન્દક ! મનુષ્યત્વની નિન્દા કરવાના બહાને તું દેવાધિદેવ ઉપર આક્ષેપ કરે છે ! જેમણે પૂર્વજન્મોમાં વિરાટ પુણ્યરાશિનું ઉપાર્જન કર્યું હતું, જે દેવભવોના અનુપમ સુખોનો ઉપભોગ કરીને દુઃખના કળણમાં ઊંડા ખૂંપેલા જગતના સર્વ જીવોનો ઉદ્ધાર કરવાનો અભિલાષ ધરીને નરકોમાં પણ ક્ષણભર માટે સુખામૃતની વર્ષા કરીને મનુષ્યલોકમાં અવતર્યા હતા, જેમનો જન્મ થતાં જ પોતાનાં આસનો ચલિત થવાથી સકળ દેવોએ આવીને સમૂહમાં જન્મોત્સવ ઉજવ્યો હતો અને કિંકરની જેમ વ્યવહાર કરતા તે દેવોએ 'પહેલો હું, પહેલો હું'ની સ્પર્ધા કરતાં જેમની સેવા કરી હતી, પોતાની મેળે આવીને મળેલી વિશાલ સામ્રાજ્યશ્રીને તૃણવત્ ત્યાગીને જેમણે તૃણ-મણિમાં તથા શત્રુ-મિત્રમાં સમભાવ ધારણ કર્યો હતો, જેમણે પોતાના આધ્યાત્મિક પ્રભાવથી પાક આદિની નાશક આપત્તિઓને અને મરકી જેવા ઉપદ્રવોને શાન્ત કરી દીધા હતા, જેમણે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે સમસ્ત ઘાતિકર્મોને સંપૂર્ણપણે બાળીને ભસ્મ કરી દીધા હતા, જેમણે (ઘાતિકર્મોના નાશના કારણે) પ્રગટ થયેલા સર્વ-ભાવરૂપ-અને-અભાવરૂપ-પદાર્થોને-જાણનારા કેવલજ્ઞાન વડે સર્વ જીવોના મોહનો (અજ્ઞાનનો) નાશ કરી દીધો હતો, જેમણે સુરો અને અસુરોએ નિર્માણ કરેલા સમવસરણમાં વિરાજમાન થઈને શ્રોતાઓની પોતપોતાની ભાષામાં પરિણત થનારી એવી અદ્ભુત વાણીમાં ધર્મતીર્થને પ્રવર્તાવ્યું હતું અને જેમણે ચોત્રીસ અતિશયોવાળી તીર્થંકરત્વલક્ષ્મીનો ઉપભોગ કરીને પર બ્રહ્મ અને આનન્દમય મોક્ષને પ્રાપ્ત કરી લીધો છે એવા તીર્થંકર ભગવાનોમાં મનુષ્યત્વ આદિ સામાન્ય ધર્મોનો ઉલ્લેખ કરીને આક્ષેપ કરવાની ધૃષ્ટતા એ તો સુમેરુને પણ માટીના ઢેફા સાથે સરખાવવા જેવી ધૃષ્ટતા છે. અને વળી બીજી બાજુ આ સર્વજ્ઞ તીર્થંકરનો નિંદક નિરન્તર વનિતાના અંગનો સંભોગ કરવાના કારણે કામુકવૃત્તિવાળા, વિવિધ શસ્ત્રોને ધારણ કરનારા, અક્ષમાલા આદિ ઉપર જેમના મનનો સંયમ નિર્ભર છે એવા,

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આ બધાંના કારણે રાગ-દ્વેષ-મોહથી કલુષિત એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને સર્વજ્ઞ તરીકે વર્ણવી તેની પ્રશંસા કરે છે. [કેવું વિચિત્ર !] અમે સ્તુતિમાં કહ્યું છે, "જેઓ મદ, માન, મદન, ક્રોધ, લોભ અને રાગથી પૂરેપૂરા પરાજિત થઈ ગયા છે તે પરકીય દેવોને સર્વજ્ઞત્વરૂપ લક્ષ્મીથી અલંકૃત કરવા એ ખોટું છે, વૃથા છે." [અયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા ૨૫].

પરંતુ જો આપ બ્રહ્મા વગેરેને રાગ આદિ દોષોના કાલુષ્યની રહિત અને સતત જ્ઞાનાનન્દમય સ્વભાવ ધરાવતા કહેતા હો તો એવા બ્રહ્મા વગેરેના વિશે અમારે કોઈ મતભેદ નથી, કારણ કે અમે કહ્યું જ છે, "કોઈપણ મત-પરંપરામાં, કોઈપણ નામે, કોઈપણ આકારે ગમે તે કેમ ન હોય, જો તે દોષકાલુષ્યથી સર્વથા મુક્ત થઈ ગયા હોય તો તે આપ જ છો, ભગવન્ ! આપને નમસ્કાર હો." [અયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા ૩૧]. [પરંતુ બ્રહ્મા આદિને આવા દોષકાલુષ્યરહિત સ્વીકારતાં] શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને ઇતિહાસમાં કહેલી એમના વિશેની કથાઓ કેવળ મિથ્યા બની જાય.

આ રીતે સાધક પ્રમાણો દ્વારા અતીન્દ્રિય જ્ઞાનની (સર્વજ્ઞજ્ઞાનની) સિદ્ધિ થાય છે એ દર્શાવ્યું. (૧૬)

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**બાધક પ્રમાણોનો અભાવ હોવાથી પણ અતીન્દ્રિય જ્ઞાનની (સર્વજ્ઞજ્ઞાનની) સિદ્ધિ થાય છે. (૧૭)**

59. सुनिश्चतासम्भवद्बाधकत्वात् सुखादिवत् तत्सिद्धिः इति सम्बध्यते । तथाहि केवलज्ञानबाधकं भवत् प्रत्यक्षं वा भवेत् प्रमाणान्तरं वा ? न तावत् प्रत्यक्षम्; तस्य विधावेवाधिकारात्—

**"सम्बद्धं वर्तमान च गृह्यते चक्षुरादिना ।"** [श्लोकवा. सू. ४. श्लो. ८४] इति स्वयमेव भाषणात् ।

59. જેમ સુખના અસ્તિત્વમાં બાધક પ્રમાણનો અભાવ બરાબર નિશ્ચિત છે તેમ અતીન્દ્રિય જ્ઞાનના (કેવલજ્ઞાનના) વિષયમાં પણ કોઈ બાધક પ્રમાણ નથી એ બરાબર નિશ્ચિત છે એટલે કેવલજ્ઞાન સિદ્ધ થાય છે. આ પ્રમાણે સૂત્રવાક્ય સમજવાનું છે. કેવલજ્ઞાનનું કોઈ બાધક પ્રમાણ હોય તો તે ક્યું છે? પ્રત્યક્ષ છે કે કોઈ બીજું? પ્રત્યક્ષ બાધક બની શકતું નથી કારણ કે આપના (મીમાંસકના) મતમાં પ્રત્યક્ષનો અધિકાર વિધાન કરવામાં છે, [નિષેધ કરવામાં નથી. પ્રત્યક્ષ વિધાયક છે, નિષેધક નથી. आहुर्विधातृ प्रत्यक्षं न निषेद्धृ विपश्चितः ।] આપે જ કહ્યું છે, "ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પોતાની સાથે સંબદ્ધ (સન્નિકૃષ્ટ) અને વર્તમાન વસ્તુને જ ગ્રહણ કરે છે" [શ્લોકવાર્તિક સૂત્ર ૪ શ્લોક ૮૪].

60. अथ न प्रवर्तमानं प्रत्यक्षं तद्बाधकं किन्तु निवर्तमानम् तत्; तर्हि( द्धि) यदि नियतदेशकालविषयत्वेन बाधकं तर्हि सम्प्रतिपद्यामहे। अथ सकलदेश-कालविषयत्वेन; तर्हि न तत् सकलदेशकालपुरुषपरिषत्साक्षात्कारमन्तरेण सम्भवतीति सिद्धं नः समीहितम्। न च जैमिनिरन्यो वा सकलदेशादि-साक्षात्कारी सम्भवति सत्त्वपुरुषत्वादेः रथ्यापुरुषवत्। अथ प्रज्ञायाः सातिशयत्वात्तत्प्रकर्षोऽप्यनुमीयते; तर्हि तत एव सकलार्थदर्शी किं नानु-मीयते ? स्वपक्षे चानुपलम्भमप्रमाणयन् सर्वज्ञाभावे कुतः प्रमाणयेद-विशेषात् ?।

60. **મીમાંસક** — પ્રવર્તમાન પ્રત્યક્ષ બાધક નથી પરંતુ નિવર્તમાન પ્રત્યક્ષ બાધક છે. કેવલજ્ઞાનને પ્રત્યક્ષ જાણતું નથી એટલે તેને કેવલજ્ઞાનનું બાધક માનીએ છીએ.

**હેમચન્દ્રાચાર્ય** — જો અમુક દેશ અને અમુક કાલમાં જ પ્રત્યક્ષ કેવલજ્ઞાનનું બાધક હોય તો તે તો અમને જૈનોને પણ માન્ય છે. [આ દેશ અને આ કાલમાં તો અમે પણ કેવલજ્ઞાનનો અભાવ માનીએ છીએ.] જો સર્વ દેશોમાં અને સર્વ કાલોમાં પ્રત્યક્ષ કેવલજ્ઞાનનો અભાવ સિદ્ધ કરે છે એમ તમે મીમાંસકો કહેવા માગતા હો તો સર્વ દેશો, સર્વ કાલો અને તે સર્વ દેશોના તથા સર્વ કાલોના સર્વ પુરુષોને જાણ્યા વિના સર્વ દેશોમાં, સર્વ કાલોમાં અને તે સર્વ દેશોના તથા સર્વ કાલોના સર્વ પુરુષોમાં કેવલજ્ઞાન નથી એ સિદ્ધ કરી શકે નહિ. અને જો તમે કહો કે સર્વ દેશો, સર્વ કાલો અને તે સર્વ દેશોના તેમ જ સર્વ કાલોના સર્વ પુરુષોને જાણીને પ્રત્યક્ષ સર્વ દેશોમાં, સર્વ કાલોમાં અને તે સર્વ દેશોના તથા સર્વ કાલોના સર્વ પુરુષોમાં કેવલજ્ઞાનનો અભાવ સિદ્ધ કરે છે તો અમને ઇષ્ટ કેવળજ્ઞાન સિદ્ધ થઈ જ ગયું. પરંતુ જૈમિનિ (મીમાંસાસૂત્રકાર) કે અન્ય કોઈ પુરુષ સર્વ દેશ આદિને સાક્ષાત્ જાણનારું પ્રત્યક્ષજ્ઞાન ધરાવતો નથી કારણ કે તે પ્રાણી છે, પુરુષ છે, ઇત્યાદિ. જે પ્રાણી હોય કે પુરુષ હોય તે સર્વ દેશ આદિને સાક્ષાત્ જાણનારું પ્રત્યક્ષજ્ઞાન ધરાવતો નથી, જેમ કે રસ્તે જનારો માણસ. [ આ તો મીમાસકોએ પોતે આપેલું અનુમાન છે.].

**મીમાંસક** — જ્ઞાનમાં તરતમભાવ દેખાય છે. જ્ઞાનના તરતમભાવ ઉપરથી જ્ઞાનના પ્રકર્ષનું પણ અનુમાન થઈ શકે છે.

**હેમચન્દ્રાચાર્ય** — તો પછી સર્વજ્ઞનું અનુમાન તે જ્ઞાનના તરતમભાવ ઉપરથી કેમ ન થઈ શકે ? થઈ જ શકે. વળી તમારા મીમાંસક મતમાં અનુપલંભને પ્રમાણ તરીકે સ્વીકારવામાં જ આવ્યો નથી તો પછી સર્વજ્ઞનો અભાવ સિદ્ધ કરવામાં તમે તેને પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે કેવી રીતે સ્વીકારી શકો ?

61. न चानुमानं तद्बाधकं सम्भवति; धर्मिग्रहणमन्तरेणानुमानाप्रवृत्तेः, धर्म्मिग्रहणे वा तद्ग्राहकप्रमाणबाधितत्वादनुत्थानमेवानुमानस्य । अथ विवादाध्यासितः पुरुषः सर्वज्ञो न भवति वक्तृत्वात् पुरुषत्वाद्वा रथ्यापुरुषवदित्यनुमानं तद्बाधकं ब्रूषे; तदसत्; यतो यदि प्रमाणपरिदृष्टार्थ-वक्तृत्वं हेतुः; तदा विरुद्धः, तादृशस्य वक्तृत्वस्य सर्वज्ञ एव भावात् । अथासद्भूतार्थवक्तृत्वम्; तदा सिद्धसाध्यता, प्रमाणविरुद्धार्थवादिनाम-सर्वज्ञत्वेनेष्टत्वात् । वक्तृत्वमात्रं तु सन्दिग्धविपक्षव्यावृत्तिकत्वादनैकान्तिकम् ज्ञानप्रकर्षे वक्तृत्वापकर्षादर्शनात्, प्रत्युत ज्ञानातिशयवतो वक्तृत्वातिश-यस्यैवोपलब्धेः । एतेन पुरुषत्वमपि निरस्तम् । पुरुषत्वं हि यदि रागाद्यदूषितं तदा विरुद्धम्, ज्ञानवैराग्यादिगुणयुक्तपुरुषत्वस्य सर्वज्ञतामन्तरेणानुपपत्तेः । रागादिदूषिते तु पुरुषत्वे सिद्धसाध्यता । पुरुषत्वसामान्यं तु सन्दिग्धविपक्ष-व्यावृत्तिकमित्यबाधकम् ।

61. અનુમાન પ્રમાણ પણ સર્વજ્ઞનું બાધક નથી બની શકતું. ધર્મીને અર્થાત્ પક્ષને (પ્રસ્તુતમાં સર્વજ્ઞને) જાણ્યા વિના અનુમાન પ્રવૃત્ત થઈ શકતું નથી. અને જો ધર્મીનું (સર્વજ્ઞનું) જ્ઞાન સ્વીકારી લેવામાં આવે તો જે પ્રમાણથી ધર્મીનું (સર્વજ્ઞનું) જ્ઞાન કરવામાં આવશે તે જ પ્રમાણથી સર્વજ્ઞબાધક અનુમાન બાધિત થઈ જશે અને સર્વજ્ઞબાધક અનુમાનનું ઉત્થાન જ નહિ થાય.

**મીમાંસક** — અમે કહીએ છીએ : 'વિવાદગ્રસ્ત પુરુષ સર્વજ્ઞ નથી કારણ કે તે વક્તા છે, કારણ કે તે પુરુષ છે. જે વક્તા છે, જે પુરુષ છે તે અવશ્ય અસર્વજ્ઞ છે (અર્થાત્ સર્વજ્ઞ નથી), જેમ કે રસ્તે જનારો માણસ' — આ અનુમાન સર્વજ્ઞનું બાધક છે.

**હેમચન્દ્રાચાર્ય** — તમારી વાત અસત્ય છે. અહીં તમે વક્તૃત્વથી શું કહેવા માગો છે ? જો વક્તૃત્વનો અર્થ પ્રમાણ વડે દૃષ્ટ અર્થોનું વક્તૃત્વ હોય તો તેવો વક્તૃત્વ હેતુ વિરુદ્ધ હેતુ બનશે અર્થાત્ તે અસર્વજ્ઞથી વિપરીત સર્વજ્ઞની સિદ્ધ કરશે કારણ કે આવું વક્તૃત્વ તો સર્વજ્ઞમાં જ હોય છે. જો વક્તૃત્વનો અર્થ અસત્ અર્થોનું વક્તૃત્વ હોય તો તેવો વક્તૃત્વ હેતુ સિદ્ધને જ સિદ્ધ કરશે, કારણ કે અમે પણ પ્રમાણવિરુદ્ધ અર્થના વક્તાને અસર્વજ્ઞ તરીકે જ સ્વીકારીએ છીએ. જો વક્તૃત્વનો અર્થ કેવળ વક્તૃત્વ માત્ર (વિશિષ્ટ વક્તૃત્વ નહિ પણ સામાન્ય વક્તૃત્વ) હોય તો તેવો વક્તૃત્વહેતુ સંદિગ્ધવિપક્ષવ્યાવૃત્તિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી વ્યભિચારી છે. સદ્ધેતુ તો વિપક્ષમાં રહે જ નહિ એ નિશ્ચિત જ હોય, જ્યારે અહીં તો વકતૃત્વ હેતુનું વિપક્ષમાં (સર્વજ્ઞમાં) ન હોવું સંદિગ્ધ છે અને તેથી વ્યભિચારી છે કારણ કે જ્ઞાન વધતાં વક્તૃત્વની હાનિ થતી દેખાતી નથી પરંતુ એથી ઊલટું જ્ઞાનનો ઉત્કર્ષ થતાં વક્તૃત્વનો ઉત્કર્ષ થતો દેખાય છે. ઉપર્યુક્ત કથનથી પુરુષત્વ હેતુ પણ નિરસ્ત થઈ જાય છે. અહીં પણ હેતુ તરીકે આપવામાં આવેલ પુરુષત્વની બાબતમાં પણ ત્રણ વિકલ્પો સંભવે છે — (૧) રાગ આદિથી અદૂષિત પુરુષત્વ, (૨) રાગ આદિથી દૂષિત પુરુષત્વ અને (૩) અવિશિષ્ટ અર્થાત્ — સામાન્ય પુરુષત્વ. પહેલો પક્ષ સ્વીકારવામાં આવે તો એવો પુરુષત્વ હેતુ તો વિરુદ્ધ હેતુ ઠરે કારણ કે તે હેતુ સાધ્યના (અસર્વજ્ઞના) બદલે સાધ્યાભાવને (સર્વજ્ઞને) સિદ્ધ કરે છે. અદૂષિત અર્થાત્ જ્ઞાન, વૈરાગ્ય આદિ ગુણોથી વિશિષ્ટ પુરુષત્વ સર્વજ્ઞ સિવાય અન્યત્ર ઘટતું નથી. બીજો પક્ષ સ્વીકારવામાં આવે તો સિદ્ધસાધ્યતાનો દોષ આવે અર્થાત્ જે વસ્તુ સિદ્ધ જ છે તેને સિદ્ધ કરવાથી શો લાભ ? અમે પણ સ્વીકારીએ છીએ કે રાગ આદિથી દૂષિત પુરુષત્વ અસર્વજ્ઞમાં જ હોય છે, તે વસ્તુ તો અમારે માટે પણ સિદ્ધ જ છે, તેને સિદ્ધ કરવાની જરૂર જ ક્યાં છે ? ત્રીજો પક્ષ સ્વીકારવામાં આવે તો એવો પુરુષત્વ હેતુ તો સંદિગ્ધવિપક્ષવ્યાવૃત્તિક છે કારણ કે સર્વજ્ઞત્વ સાથે પુરુષત્વનો કોઈ વિરોધ નથી એટલે પુરુષત્વ સર્વજ્ઞત્વનું બાધક નથી. આમ અનુમાન પ્રમાણ પણ સર્વજ્ઞનું બાધક નથી.

62. नाप्यागमस्तद्बाधकः तस्यापौरुषेयस्यासम्भवात्; सम्भवे वा तद्बाधकस्य तस्यादर्शनात् । सर्वज्ञोपज्ञश्चागमः कथं तद्बाधकः ?, इत्यलमतिप्रसङ्गेनेति ॥१७॥

62. આગમ પ્રમાણ પણ સર્વજ્ઞતાનું બાધક નથી. [જો તમે મીમાંસકો આગમ પ્રમાણને સર્વજ્ઞતાનું બાધક માનતા હો તો તે આગમ પ્રમાણ અપૌરુષેય છે કે પુરુષકૃત ? તમે કહેશો કે અપૌરુષેય.] પરંતુ અપૌરુષેય આગમ પ્રમાણ તો કોઈ સંભવતું જ નથી. દલીલ ખાતર માની લઈએ કે એવું આગમ પ્રમાણ સંભવે છે તો તે સર્વજ્ઞનું બાધક જણાતું નથી. [મીમાંસકો વેદને (અને ઉપનિષદો પણ વેદનો જ ભાગ છે) અપૌરુષેય માને છે અને સર્વજ્ઞબાધક માને છે. હેમચન્દ્રાચાર્ય કહે છે કે આ તમે માનેલા અપૌરુષેય વેદો સર્વજ્ઞના બાધક નથી પણ સાધક છે. કેટલાંય વેદવાક્યો અને ઉપનિષદવાક્યો સર્વજ્ઞના અસ્તિત્વના સૂચક છે.] જો આગમ પ્રમાણ પુરુષકૃત હોય તો તે સર્વજ્ઞ પુરુષકૃત જ હોય. અને સર્વજ્ઞકૃત આગમ પ્રમાણ સર્વજ્ઞનું બાધક કેવી રીતે હોઈ શકે ? [અને અસર્વજ્ઞકૃત આગમને પ્રમાણ જ માની શકાય નહિ.] હવે આ ચર્ચાને વધુ પડતી લંબાવવામાંથી અટકીએ. (૧૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

63. न केवलं केवलमेव मुख्यं प्रत्यक्षमपि त्वन्यदपीत्याह-

**तत्तारतम्येऽवधिमनःपर्यायौ च ।।१८।।**

63. સિર્ફ કેવળજ્ઞાન જ મુખ્ય પ્રત્યક્ષ નથી. પરંતુ બીજાં જ્ઞાનો પણ મુખ્ય પ્રત્યક્ષ છે. તે જ્ઞાનો કયાં છે તે આચાર્ય કહે છે—

**આવરણક્ષયનું તારતમ્ય હોતાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે બન્ને પણ મુખ્ય પ્રત્યક્ષ છે. (૧૮)**

64. सर्वथावरणविलये केवलम्, तस्यावरणविलयस्य 'तारतम्ये' आवरणक्षयोपशमविशेषे तन्निमित्तकः 'अवधिः' अवधिज्ञानं 'मनःपर्यायः' मनःपर्यायज्ञानं च मुख्यमिन्द्रियानपेक्षं प्रत्यक्षम्। तत्रावधीयत इति 'अवधिः' मर्यादा सा च "**रूपिष्ववधेः**" [तत्त्वा. १.२८] इति वचनात् रूपवद्द्रव्यविषया अवध्युपलक्षितं ज्ञानमप्यवधिः । स द्वेधा भवप्रत्ययो गुणप्रत्ययश्च । तत्राद्यो देवनारकाणां पक्षिणामिव वियद्गमनम् । गुणप्रत्ययो मनुष्याणां तिरश्चां च ।

64. જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં કેવલજ્ઞાન થાય છે, પરંતુ જ્યારે આવરણક્ષયનું તારતમ્ય હોય છે અર્થાત્ વિશિષ્ટ ક્ષયોપશમ હોય છે ત્યારે ઇન્દ્રિયોની અપેક્ષા ન રાખનારાં અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ બન્ને જ્ઞાન પણ મુખ્ય પ્રત્યક્ષ છે. અવધિ અર્થાત્ મર્યાદાથી યુક્ત જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય છે. મર્યાદા એ છે કે આ જ્ઞાન રૂપી દ્રવ્યોને જ જાણે છે. [દૂરસ્થ અર્થાત્ દેશ-કાલની દૃષ્ટિએ દૂર રહેલા રૂપી દ્રવ્યોને અને અન્તરિત યા ઢંકાયેલા વગેરે રૂપી દ્રવ્યોને અવધિજ્ઞાન જાણે છે.] તત્વાર્થસૂત્રમાં પણ કહ્યું છે, "રૂપી દ્રવ્યોમાં જ અવધિજ્ઞાનના વિષયનો નિયમ છે" [તત્ત્વાર્થસૂત્ર ૧.૨૮]. આ જ્ઞાનના બે પ્રકારો છે— ભવપ્રત્યય અને ગુણપ્રત્યય. [ભવ એટલે જન્મ, અને પ્રત્યય એટલે કારણ - નિમિત્તકારણ. જેની ઉત્પત્તિમાં નિમિત્તકારણ ભવ છે તે ભવપ્રત્યય. એનો અર્થ એ કે ભવપ્રત્યય અવધિજ્ઞાન જન્મજાત છે. ગુણ એટલે વ્રત, નિયમ, આદિ. જેની ઉત્પત્તિમાં ગુણો (ગુણોનું અનુષ્ઠાન) નિમિત્તકારણ છે તે અવધિજ્ઞાન ગુણપ્રત્યય છે. અર્થાત્ ગુણપ્રત્યય અવધિજ્ઞાન જન્મસિદ્ધ નથી. ભવપ્રત્યય અવધિજ્ઞાન જન્મસિદ્ધ છે.] ભવપ્રત્યય અવધિજ્ઞાન દેવો અને નારકોને જ હોય છે. જેમ પક્ષીઓમાં આકાશમાં ઉડવાની શક્તિ જન્મજાત હોય છે તેમ દેવો અને નારકોમાં અવધિજ્ઞાન જન્મજાત હોય છે. ગુણપ્રત્યય અવધિજ્ઞાન મનુષ્યો અને તિર્યંચોને જ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

65. मनसो द्रव्यरूपस्य पर्यायाश्चिन्तनानुगुणाः परिणामभेदास्तद्विषयं ज्ञानं 'मनःपर्यायः' । तथाविधमनःपर्यायान्यथानुपपत्त्या तु यद्बाह्यचिन्तनीयार्थज्ञानं तत् आनुमानिकमेव न मनःपर्यायप्रत्यक्षम् यदाहुः-

"**जाणइ बज्झेणुमाणेणं ।**" [विशेषा. गा. ८१४] इति ॥१८॥

65. મન દ્રવ્યરૂપ છે. [તે અત્યન્ત સૂક્ષ્મ રૂપી દ્રવ્ય છે.] ચિન્તનને અનુરૂપ મનોદ્રવ્યના વિવિધ પ્રકારના પર્યાયો થાય છે. બીજાના મનોદ્રવ્યના આ પર્યાયોને જાણનારું જ્ઞાન મનઃપર્યાયજ્ઞાન કહેવાય છે. 'મનોદ્રવ્યના આ જાતના પર્યાયો આ જાતના પદાર્થના ચિન્તન વિના ઘટતા નથી' એવા અવિનાભાવસંબંધને વિચારીને ચિન્તનના વિષયભૂત બાહ્ય પદાર્થનું જે જ્ઞાન થાય છે તે આનુમાનિક છે, તે જ્ઞાન મનઃપર્યાયજ્ઞાન રૂપ પ્રત્યક્ષ નથી. [કહેવાનું તાત્પર્ય આ છે—જેમ જેમ પદાર્થનું ચિન્તન કરાતું જાય છે તેમ તેમ જ તે ચિન્તનને અનુરૂપ મનોદ્રવ્યના પર્યાયો થતા રહે છે. મનઃપર્યાયજ્ઞાન તે પર્યાયોને જ સાક્ષાત્ જાણે છે. પછી તે પર્યાયોના આધારે જ્ઞાતા અનુમાન દ્વારા ઘટ આદિ બાહ્ય પદાર્થોને જાણે છે. બાહ્ય પદાર્થોના આ જ્ઞાનને મનઃપર્યાયજ્ઞાન સમજવું ન જોઈએ.] જિનભદ્રગણિએ પણ કહ્યું છે, "મનઃપર્યાયજ્ઞાની બાહ્ય પદાર્થને અનુમાન દ્વારા જાણે છે." [વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૮૧૪].(૧૮)

66. ननु रूपिद्रव्यविषयत्वे क्षायोपशमिकत्वे च तुल्ये को विशेषोऽवधिमनःपर्याययोरित्याह—

**विशुद्धिक्षेत्रस्वामिविषयभेदात् तद्भेदः ॥१९॥**

66. **શંકા** — અવધિ અને મનઃપર્યાય બન્ને જ્ઞાનો રૂપી દ્રવ્યોને જ જાણે છે અને બન્ને જ્ઞાનો ક્ષાયોપશમિક છે તો પછી તે બેમાં શું ભેદ છે ? આ શંકાના સમાધાનમાં આચાર્ય કહે છે—

**વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયના ભેદે તે બેનો ભેદ છે. (૧૯)**

67. सत्यपि कथञ्चित्साधर्म्ये विशुद्ध्यादिभेदादवधिमनःपर्यायज्ञानयोर्भेदः । तत्रावधिज्ञानान्मनःपर्यायज्ञानं विशुद्धतरम् । यानि हि मनोद्रव्याणि अवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानी विशुद्धतराणि जानीते ।

67. કોઈ અપેક્ષાએ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન વચ્ચે સમાનતા હોવા છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ વિશુદ્ધિ આદિના ભેદે તેમની વચ્ચે ભેદ છે. **વિશુદ્ધિભેદ** — અવધિજ્ઞાનથી મનઃપર્યાયજ્ઞાન વધુ વિશુદ્ધ છે. જે મનોદ્રવ્યોને અવધિજ્ઞાની જાણે છે તે મનોદ્રવ્યોને મનઃપર્યાયજ્ઞાની વધુ વિશુદ્ધરૂપે (અર્થાત્ વધુ સ્પષ્ટપણે) જાણે છે. [અવધિજ્ઞાનના વિષય કરતાં મનઃપર્યાયજ્ઞાનનો વિષય ઓછો હોવા છતાં મનઃપર્યાયજ્ઞાન અવધિજ્ઞાનથી વધુ વિશુદ્ધ મનાયું છે, કારણ કે વિશુદ્ધિની ન્યૂનાધિકતાનો આધાર વિષયની ન્યૂનાધિકતા ઉપર નથી પરંતુ વિષયમાં રહેલી ન્યૂનાધિક સૂક્ષ્મતાઓને જાણવા ઉપર છે.]

68. **क्षेत्रकृतश्चानयोर्भेदः** — अवधिज्ञानमङ्गुलस्यासङ्ख्येयभागादिषु भवति आ सर्वलोकात्, मनःपर्यायज्ञानं तु मनुष्यक्षेत्र एव भवति ।

68. **ક્ષેત્રભેદ** — અવધિજ્ઞાનનું ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ આદિથી લઈને આખા લોક સુધીનું છે, અર્થાત્ જઘન્યતઃ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલા ક્ષેત્રમાં રહેલા અને ઉત્કૃષ્ટતઃ આખા લોકમાં રહેલા રૂપી પદાર્થોને અવધિજ્ઞાન જાણે છે. પરંતુ મનઃપર્યાયજ્ઞાનનું ક્ષેત્ર તો કેવળ મનુષ્યક્ષેત્ર જ છે, અર્થાત્ અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનાં મનોદ્રવ્યોના પર્યાયોને જ મનઃપર્યાયજ્ઞાન જાણે છે.

69. **स्वामिकृतोऽपि**—अवधिज्ञानं संयतस्यासंयतस्य संयतासंयतस्य च सर्वगतिषु भवति; मनःपर्यायज्ञानं तु मनुष्यसंयतस्य प्रकृष्टचारित्रस्य प्रमत्तादिषु क्षीणकषायान्तेषु गुणस्थानकेषु भवति । तत्रापि वर्धमानपरिणामस्य नेतरस्य । वर्धमानपरिणामस्यापि ऋद्धिप्राप्तस्य नेतरस्य । ऋद्धिप्राप्तस्यापि कस्यचिन्न सर्वस्येति ।

69. **સ્વામીભેદ** — અવધિજ્ઞાન સંયમી, અસંયમી અને સંયમાસંયમીને હોઈ શકે છે અને એટલે તે ચારે ગતિઓના જીવોને (દેવોને, મનુષ્યોને, તિર્યંચોને અને નારકોને) હોઈ શકે છે, પરંતુ મનઃપર્યાયજ્ઞાન પ્રમત્તસંયતગુણસ્થાનથી લઈને ક્ષીણકષાયગુણસ્થાન સુધીનાં ગુણસ્થાનોમાં રહેલા સંયત અને પ્રકૃષ્ટ ચારિત્રવાળા મનુષ્યને જ હોઈ શકે છે, તેમાં પણ જેમનો પરિણામ વર્ધમાન હોય તેમને જ હોઈ શકે છે, બીજાને નહિ; વર્ધમાન પરિણામવાળાઓમાં પણ જેઓ ઋદ્ધિપ્રાપ્ત હોય તેમને જ હોઈ શકે છે, અન્યને નહિ; વર્ધમાન પરિણામવાળા ઋદ્ધિપ્રાપ્તોમાં પણ કોઈ કોઈને જ હોય છે, બધાને નહિ.

70. विषयकृतश्च—रूपवद्द्रव्येष्वसर्वपर्यायेष्ववधेर्विषयनिबन्धस्तदनन्तभागे मनःपर्यायस्य इति । अवसितं मुख्यं प्रत्यक्षम् ॥१९॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

70. **વિષયભેદ** — અવધિજ્ઞાનનો વિષય બધાં રૂપી દ્રવ્યો છે પણ તેમના બધા પર્યાયો નથી. મનઃપર્યાય જ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષયનો અનન્તમો ભાગ છે.

મુખ્ય પ્રત્યક્ષનું નિરૂપણ સમાપ્ત થયું. (૧૯)

71. अथ सांव्यवहारिकमाह—

**इन्द्रियमनोनिमित्तोऽवग्रहेहावायधारणात्मा सांव्यवहारिकम् ॥२०॥**

71. હવે આચાર્ય સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ કહે છે—

**ઇન્દ્રિય અને મનના નિમિત્તથી ઉત્પન્ન થનારું તથા અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના સ્વરૂપવાળું સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. (૨૦)**

72. इन्द्रियाणि स्पर्शनादीनि वक्ष्यमाणलक्षणानि, मनश्च निमित्तं कारणं यस्य स तथा । सामान्यलक्षणानुवृत्तेः सम्यगर्थनिर्णयस्येदं विशेषणं तेन 'इन्द्रियमनोनिमित्तः' सम्यगर्थनिर्णयः । कारणमुक्त्वा स्वरूपमाह—'अवग्रहेहावायधारणात्मा' । अवग्रहादयो वक्ष्यमाणलक्षणाः त आत्मा यस्य सोऽवग्रहेहावायधारणात्मा । 'आत्म'ग्रहणं च क्रमेणोत्पद्यमानानामप्यवग्रहादीनां नात्यन्तिको भेदः किन्तु पूर्वपूर्वस्योत्तरोत्तररूपतया परिणामादेकात्मकत्वमिति प्रदर्शनार्थम् । समीचीनः प्रवृत्तिनिवृत्तिरूपो व्यवहारः संव्यवहारस्तत्प्रयोजनं 'सांव्यवहारिकम्' प्रत्यक्षम् । इन्द्रियमनोनिमित्तत्वं च समस्तं व्यस्तं च बोद्धव्यम् । इन्द्रियप्राधान्यात् मनोबलाधानाच्चोत्पद्यमान इन्द्रियजः । मनस एव विशुद्धिसव्यपेक्षादुपजायमानो मनोनिमित्त इति ।

72. જેમનાં લક્ષણો હવે પછી આપવાનાં છે તે સ્પર્શ વગેરે ઇન્દ્રિયો અને મન જેની ઉત્પત્તિમાં નિમિત્તકારણ છે તે 'ઇન્દ્રિયમનોનિમિત્ત' છે. પ્રમાણસામાન્યના લક્ષણની અનુવૃત્તિ હોવાથી આ વિશેષણ 'સમ્યગર્થનિર્ણય'નું સમજવું જોઈએ. તેથી અર્થ થશે — જે સમ્યગર્થનિર્ણય ઇન્દ્રિય અને મનના નિમિત્તથી ઉત્પન્ન થાય છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. આ થયું સાંવ્યવહારિક પ્રત્યક્ષના નિમિત્તકારણનું નિરૂપણ. તે પછી તેનું સ્વરૂપ જણાવ્યું છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના સ્વરૂપવાળું છે. જેમનું લક્ષણ આચાર્ય હવે પછી કહેવાના છે તે અવગ્રહ આદિ જેનું સ્વરૂપ (આત્મા) છે તે 'અવગ્રહેહાવાયધારણાત્મા' છે. સૂત્રમાં 'આત્મા' શબ્દનો પ્રયોગ એ દર્શાવવા માટે કરવામાં આવ્યો છે કે જો કે અવગ્રહ વગેરે ક્રમથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થાય છે તેમ છતાં તેમનો એકબીજાથી આત્યંતિક ભેદ નથી — તેઓ સર્વથા પૃથક્ પૃથક્ જ્ઞાનો નથી, પરંતુ પૂર્વ પૂર્વ જ્ઞાન જ ઉત્તર ઉત્તર જ્ઞાન રૂપે પરિણત થાય છે અર્થાત્ અવગ્રહ ઈહાના રૂપમાં, ઈહા અવાયના રૂપમાં અને અવાય ધારણાના રૂપમાં પરિણત થાય છે. આમ તેમનામાં રહેલી એકાત્મતા દર્શાવવા માટે 'આત્મ' શબ્દ વપરાયો છે. સમીચીન પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહાર સંવ્યવહાર છે. તે જેનું પ્રયોજન છે તે 'સાંવ્યવહારિક' પ્રત્યક્ષ છે. આ સાંવ્યવહારિક પ્રત્યક્ષની ઉત્પત્તિમાં ઈન્દ્રિય અને મનને નિમિત્તકારણો કહ્યાં છે પણ કેટલાંક સાંવ્યવહારિક પ્રત્યક્ષોમાં ઈન્દ્રિય અને મન સાથે મળીને બન્ને નિમિત્તકારણો છે અને કેટલાંકમાં કેવળ એકલું મન જ નિમિત્તકારણ છે. જે સાંવ્યવહારિક પ્રત્યક્ષની ઉત્પત્તિમાં ઈન્દ્રિય પ્રધાનપણે અને મન ગૌણપણે નિમિત્તકારણ હોય તે ઈન્દ્રિયજ સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે અને જે સાંવ્યવહારિક પ્રત્યક્ષ કેવળ એકલા વિશુદ્ધિયુક્ત મન રૂપ નિમિત્તકારણથી જ ઉત્પન્ન થાય છે તે મનોનિમિત્તક સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે.

73. ननु स्वसंवेदनरूपमन्यदपि प्रत्यक्षमस्ति तत् कस्मान्नोक्तम् ?, इति न वाच्यम्; इन्द्रियजज्ञानस्वसंवेदनस्येन्द्रियप्रत्यक्षे, अनिन्द्रियजसुखादिसंवेदनस्य मनःप्रत्यक्षे, योगिप्रत्यक्षस्वसंवेदनस्य योगिप्रत्यक्षेऽन्तर्भावात् । स्मृत्यादिस्वसंवेदनं तु मानसमेवेति नापरं स्वसंवेदनं नाम प्रत्यक्षमस्तीति भेदेन नोक्तम् ॥२०॥

73. **શંકા** — સ્વસંવેદનરૂપ બીજું પણ એક પ્રત્યક્ષ છે, તેને કેમ ગણાવ્યું નથી ?

**સમાધાન** — આમ ન કહેવું જોઈએ. તેનું કારણ નીચે પ્રમાણે છે — [સ્વસંવેદન પ્રત્યક્ષ છે પરંતુ અન્ય પ્રત્યક્ષોથી પૃથક્ નથી]. ઈન્દ્રિયજ પ્રત્યક્ષનું સ્વસંવેદન ઈન્દ્રિયજ પ્રત્યક્ષમાં, મનોનિમિત્તક સુખાદિનું સંવેદન મનોનિમિત્તક પ્રત્યક્ષમાં, યોગિપ્રત્યક્ષનું સ્વસંવેદન યોગિપ્રત્યક્ષમાં અન્તર્ભાવ પામે છે. સ્મૃતિ વગેરે જ્ઞાનોનું સ્વસંવેદન માનસ પ્રત્યક્ષ જ છે. આ કારણે સ્વસંવેદન પ્રત્યક્ષ પૃથક્ ન હોવાથી સ્વસંવેદન પ્રત્યક્ષનો અલગ ભેદ તરીકે ઉલ્લેખ નથી કર્યો. (૨૦)

74. इन्द्रियेत्युक्तमितीन्द्रियाणि लक्षयति—

**स्पर्शरसगन्धरूपशब्दग्रहणलक्षणानि स्पर्शनरसनघ्राणचक्षुः-श्रोत्राणीन्द्रियाणि द्रव्यभावभेदानि ॥२१॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

74. આગલા સૂત્રમાં 'ઇન્દ્રિય' પદ કહ્યું છે એટલે ઇન્દ્રિયોનાં લક્ષણો આચાર્ય જણાવે છે—

**સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિયા છે. ક્રમથી સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દને ગ્રહણ કરવા રૂપ તેમનાં લક્ષણો છે. દરેક ઇન્દ્રિયના બે ભેદ છે — દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. (૨૧)**

75. स्पर्शादिग्रहणं लक्षणं येषां तानि यथासङ्ख्यं स्पर्शनादीनीन्द्रियाणि, तथाहि स्पर्शाद्युपलब्धिः करणपूर्वा क्रियात्वात् छिदिक्रियावत् । तत्रेन्द्रेण कर्मणा सृष्टानीन्द्रियाणि नामकर्मोदयनिमित्तत्वात् । इन्द्रस्यात्मनो लिङ्गानि वा, कर्ममलीमसस्य हि स्वयमर्थानुपलब्धुमसमर्थस्यात्मनोऽर्थोपलब्धौ निमित्तानि इन्द्रियाणि ।

75. સ્પર્શને ગ્રહણ કરવો એ સ્પર્શનેન્દ્રિયનું લક્ષણ છે. રસને ગ્રહણ કરવો એ રસનેન્દ્રિયનું લક્ષણ છે. ગંધને ગ્રહણ કરવી એ ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ છે. રૂપને ગ્રહણ કરવું એ ચક્ષુરિન્દ્રિયનું લક્ષણ છે. અને શબ્દને ગ્રહણ કરવો એ શ્રોત્રેન્દ્રિયનું લક્ષણ છે.

સ્પર્શ વગેરેનું જ્ઞાન કરણ (સાધન) દ્વારા જ થાય છે, કારણ કે જ્ઞાન (જાણવું એ) ક્રિયા છે, પ્રત્યેક ક્રિયા કરણ વડે જ થાય છે, જેમકે (ડાળી વગેરે) કાપવાની ક્રિયા કુહાડી દ્વારા થાય છે, તેવી જ રીતે સ્પર્શ વગેરેને જાણવા માટે જે કરણ છે તે જ ઇન્દ્રિય છે. [વ્યુત્પત્તિ સમજાવે છે.] ઇન્દ્રનો અર્થ અહીં નામકર્મ છે અને જેમનું નિર્માણ નામકર્મથી થયું છે તે ઇન્દ્રિયો છે. અથવા ઇન્દ્ર એટલે આત્મા, જે આત્માનું લિંગ અર્થાત્ સાધન (કરણ) છે તે ઇન્દ્રિય. કર્મોથી મલીન થયેલો આત્મા (સાધન વિના) સ્વયં પદાર્થોને જાણવા સમર્થ નથી, ઇન્દ્રિયો પદાર્થોને જાણવામાં નિમિત્તકારણો છે, આત્મા ઇન્દ્રિયોરૂપ સાધનો દ્વારા પદાર્થોને જાણે છે.

76. नन्वेवमात्मनोऽर्थज्ञानमिन्द्रियात् लिङ्गादुपजायमानमानुमानिकं स्यात्। तथा च लिङ्गापरिज्ञानेऽनुमानानुदयात् । तस्यानुमानात्परिज्ञाने-ऽनवस्थाप्रसङ्गः, नैवम्; भावेन्द्रियस्य स्वसंविदितत्वेनानवस्थानवकाशात्। यद्वा, इन्द्रस्यात्मनो लिङ्गान्यात्मगमकानि इन्द्रियाणि करणस्य वास्यादिवत्कर्त्रधिष्ठितत्वदर्शनात् ।

76. **શંકા** — જો આત્માને ઇન્દ્રિયરૂપ લિંગ દ્વારા પદાર્થનું જ્ઞાન થતું હોય તો તે જ્ઞાન અનુમાન હોય, [પ્રત્યક્ષ નહિ.] અને લિંગનું જ્ઞાન થયા વિના અનુમાન ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતું નથી. જો લિંગનું જ્ઞાન પણ બીજા અનુમાનથી થાય છે એમ માનવામાં આવે તો અનવસ્થાદોષની આપત્તિ આવે. અર્થાત્ લિંગનું જ્ઞાન ઉત્પન્ન કરનારું તે અનુમાન પણ લિંગને જાણ્યા પછી જ થશે અને તે લિંગને જાણવા માટે વળી અન્ય અનુમાન માનવું પડશે અને આમ તો ક્યાંય અન્ત જ નહિ આવે, આ છે અનવસ્થાદોષ.

**સમાધાન** — ના, એવું નથી. ભાવેન્દ્રિયો સ્વસંવેદી છે અર્થાત્ પોતે જ પોતાને જાણે છે, તેથી અનવસ્થાદોષને અહીં કોઈ અવકાશ જ નથી. અથવા ઇન્દ્રનાં એટલે કે આત્માનાં જે ગમક (જ્ઞાપક) લિંગો (સાધનો) છે તે ઇન્દ્રિયો છે. [અગાઉ આપણે 'આત્માનું લિંગ (સાધન)' નો અર્થ આવો કર્યો હતો - પદાર્થોને જાણવા માટે આત્મા જેનો સાધન તરીકે ઉપયોગ કરે છે તે ઇન્દ્રિય. હવે આપણે બીજો અર્થ 'આત્માનું લિંગ'નો કરીએ છીએ. તે અર્થ છે — આત્માને અનુમાન વડે જાણવા કે સિદ્ધ કરવા માટે આત્માનું જ્ઞાપક કે ગમક લિંગ (સાધન) તે ઇન્દ્રિય.] જેટલાં પણ વાંસલા આદિ કરણો (સાધનો) છે તે બધાં કર્તા દ્વારા અધિષ્ઠિત થઈને જ ક્રિયા કરે છે. તેનાં અનેક ઉદાહરણો દેખ્યાં છે. ઇન્દ્રિયો પણ કરણો છે એટલે તેઓ પણ કર્તાથી અધિષ્ઠિત હોવી જોઈએ અને તે કર્તા જ આત્મા છે. આમ ઇન્દ્રિયો દ્વારા આત્માનું અનુમાન થાય છે.

77. तानि च द्रव्यभावरूपेण भिद्यन्ते । तत्र द्रव्येन्द्रियाणि नामकर्मोदयनिमित्तानि, भावेन्द्रियाणि पुनस्तदावरणवीर्यान्तरायक्षयोपशमनिमित्तानि । सैषा पञ्चसूत्री स्पर्शग्रहणलक्षणं स्पर्शनेन्द्रियं, रसग्रहणलक्षणं रसनेन्द्रियमित्यादि । सकलसंसारिषु भावाच्छरीरव्यापकत्वाच्च स्पर्शनस्य पूर्वं निर्देशः, ततः क्रमेणाल्पाल्पजीवविषयत्वाद्रसनघ्राणचक्षुःश्रोत्राणाम् ।

77. ઇન્દ્રિયો બે પ્રકારની છે — દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિયો નામકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી બને છે. ભાવેન્દ્રિયો ભાવેન્દ્રિયાવરણ અને વીર્યાન્તરાય કર્મોના ક્ષયોપશમરૂપ નિમિત્તકારણથી બને છે. સ્પર્શને જાણવારૂપ લક્ષણવાળી સ્પર્શનેન્દ્રિય છે, રસને જાણવારૂપ લક્ષણવાળી રસનેન્દ્રિય છે, ઇત્યાદિ પાંચ લક્ષણસૂત્રો પાંચ ઇન્દ્રિયોનાં લક્ષણો દર્શાવતાં બને છે. સૌ પ્રથમ સ્પર્શનેન્દ્રિયને ગણાવવામાં આવી છે, કારણ કે બધા જ સંસારી જીવોને તે હોય છે અને દરેક જીવના આખા શરીરને તે વ્યાપેલી હોય છે. તે પછી ક્રમથી અલ્પ અલ્પ સંખ્યાના જીવોને હોવાથી રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રને ગણાવવામાં આવી છે. [આનો અર્થ એ છે કે સ્પર્શનેન્દ્રિયની અપેક્ષાએ રસનેન્દ્રિય ઓછા જીવોને હોય છે, રસનાની અપેક્ષાએ ઘ્રાણ તેનાથીય ઓછા જીવોને હોય છે, ઘ્રાણની અપેક્ષાએ ચક્ષુ તો તેનાથીય ઓછા જીવોને હોય છે, અને ચક્ષુની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપેક્ષાએ શ્રોત્ર તેનાથીય ઓછા જીવોને હોય છે.]

78. तत्र स्पर्शनेन्द्रियं तदावरणक्षयोपशमसम्भवं पृथिव्यप्तेजोवायुवनस्पतीनां शेषेन्द्रियावरणवतां स्थावराणां जीवानाम्। तेषां च "**पुढवी चित्तमन्तमक्खाया**" [दशवै. ४.१] इत्यादेराप्तागमात्सिद्धिः । अनुमानाच्च — ज्ञानं क्वचिदात्मनि परमापकर्षवत् अपकृष्यमाणविशेषत्वात् परिमाणवत्, यत्र तदपकर्षपर्यन्तस्त एकेन्द्रियाः स्थावराः । न च स्पर्शनेन्द्रियस्याप्यभावे भस्मादिषु ज्ञानस्यापकर्षो युक्तः । तत्र हि ज्ञानस्याभाव एव न पुनरपकर्षस्ततो यथा गगनपरिमाणादारभ्यापकृष्यमाणविशेषं परिमाणं परमाणौ परमापकर्षवत् तथा ज्ञानमपि केवलज्ञानादारभ्यापकृष्यमाणविशेषमेकेन्द्रियेष्वत्यन्तमपकृष्यते। पृथिव्यादीनां च प्रत्येकं जीवत्वसिद्धिरग्रे वक्ष्यते। स्पर्शनरसनेन्द्रिये कृमि-अपादिका-नूपुरक-गण्डूपद-शङ्ख-शुक्तिका-शम्बूका-जलूका-प्रभृतीनां त्रसानाम्। स्पर्शन-रसन-घ्राणानि पिपीलका-रोहणिका-उपचिका-कुन्थु-तुबरक-त्रपुरा-बीज-कर्पासास्थिका-शतपदी-अयेनक-तृणपत्र-काष्ठहारकादीनाम्। स्पर्शन-रसन-घ्राण-चक्षूंषि भ्रमर-वटर-सारङ्ग-मक्षिका-पुत्तिका-दंश-मशक-वृश्चिक-नन्द्यावर्त्त-कीटक-पतङ्गादीनाम्। सह श्रोत्रेण तानि मत्स्य-उरग-भुजग-पक्षि-चतुष्पदानां तिर्यग्योनिजानां सर्वेषां च नारकमनुष्यदेवानामिति ।

78. સ્પર્શનેન્દ્રિયાવરણકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી સ્પર્શનેન્દ્રિય એકલી જ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયના સ્થાવર જીવોને હોય છે, કારણ કે રસનાદિઇન્દ્રિયાવરણકર્મોનો તે જીવોને ઉદય હોય છે. 'પૃથ્વીને સચિત્ત કહેવામાં આવી છે' [દશવૈકાલિક, ૪.૧] ઇત્યાદિ આપ્તપ્રણીત આગમથી સ્થાવર જીવોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

અનુમાન પ્રમાણ દ્વારા પણ સ્થાવર જીવોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે — કોઈ આત્મામાં જ્ઞાનનો પરમ અપકર્ષ(ચરમ કોટિની ન્યૂનતા) છે, કારણ કે જ્ઞાન અપકૃષ્ટ થતું દેખાય છે, પરિમાણની જેમ. જ્યાં આ અપકર્ષની અંતિમ કોટિ છે તે એકેન્દ્રિય જીવો છે, તે સ્થાવર જીવો કહેવાય છે. જ્યાં સ્પર્શનેન્દ્રિયનો પણ અભાવ છે તે ભસ્મ આદિમાં જ્ઞાનનો અપકર્ષ માનવો યોગ્ય નથી, કારણ કે ત્યાં તો જ્ઞાનનો અભાવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, જ્ઞાનનો અપકર્ષ નથી. પરિમાણનો પરમ પ્રકર્ષ આકાશમાં છે પછી અનુક્રમે લોકાકાશ, મધ્યલોક, જંબૂદ્વીપ આદિમાં ઓછું થતું થતું પરમાણુમાં સૌથી ઓછું છે. તેવી જ રીતે જ્ઞાનનો પરમ પ્રકર્ષ સર્વજ્ઞમાં છે, પછી અનેક જીવવર્ગોમાં જ્ઞાન ઓછું થતું થતું જે જીવવર્ગમાં સૌથી ઓછું છે તે એકેન્દ્રિય જીવોનો વર્ગ છે, તેને સ્થાવર જીવોનો વર્ગ કહેવામાં આવે છે. પૃથ્વી વગેરેમાં જીવત્વ છે એને હવે પછી સિદ્ધ કરીશું. સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઇન્દ્રિયો કૃમિ, અપાદિકા, નૂપુરક, ગંડૂપદ, શંખ, શુક્તિકા, શમ્બૂકા, જલૂકા વગેરે ત્રસ જીવોને હોય છે. સ્પર્શન, રસના અને ઘ્રાણ આ ત્રણ ઇન્દ્રિયો પિપીલકા, રોહણિકા, ઉપચિકા, કુંથુ, તુબરક, ત્રપુરા, બીજ, કર્પાસાસ્થિકા, શતપદી, અયેનક, તૃણપત્ર, કાષ્ઠહારક (ઉધઈ) વગેરે ત્રસ જીવોને હોય છે. સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ આ ચાર ઇન્દ્રિયો ભ્રમર, વટર, સારંગ, મક્ષિકા, પુત્તિકા, દંશ, મશક, વીંછી, નન્દ્યાવર્ત (કરોળિયો), કીટ, પતંગ વગેરે ત્રસ જીવોને હોય છે. શ્રોત્ર સહિત પાંચે ઇન્દ્રિયો મત્સ્ય, ઉરગ, ભુજગ, પક્ષી, ચતુષ્પદ વગેરે તિર્યંચોને અને બધા નારકો, મનુષ્યો તથા દેવોને હોય છે.

79. ननु वचनादानविहरणोत्सर्गानन्दहेतवो वाक्पाणिपादपायूपस्थलक्षणान्यपीन्द्रियाणीति साङ्ख्यास्तत्कथं पञ्चैवेन्द्रियाणि ?; न; ज्ञानविशेषहेतूनामेवेहेन्द्रियत्वेनाधिकृतत्वात्, चेष्टाविशेषनिमित्तत्वेनेन्द्रियत्वकल्पनायामिन्द्रियानन्त्यप्रसङ्गः, चेष्टाविशेषाणामनन्तत्वात्, तस्माद् व्यक्तिनिर्देशात् पञ्चैवेन्द्रियाणि ।

79. **શંકા** — વચન,આદાન, વિહરણ, મલોત્સર્ગ અને આનન્દના કારણભૂત વાક્, પાણિ, પાદ, પાયુ(ગુદા) અને ઉપસ્થ(જનનેદ્રિય) નામની પણ (બીજી પાંચ) ઇન્દ્રિયો છે એમ સાંખ્યો માને છે. તો પછી ઇન્દ્રિયો પાંચ જ છે એમ કેમ કહ્યું ?

**સમાધાન** — એવું નથી. વિશિષ્ટ જ્ઞાનોનાં નિમિત્તકારણોને જ પ્રસ્તુત સંદર્ભમાં ઇન્દ્રિયો કહી છે. ચેષ્ટાવિશેષના નિમિત્તકારણને ઇન્દ્રિય માનતાં અનન્ત ઇન્દ્રિયો માનવાની આપત્તિ આવે કારણ કે વિશિષ્ટ ચેષ્ટાઓ અનન્ત છે. તેથી વ્યક્તિવિશેષરૂપ ઇન્દ્રિયોનો નિર્દેશ હોવાથી પાંચ જ ઇન્દ્રિયો છે એ સ્થિર થાય છે.

80. तेषां च परस्परं स्यादभेदो द्रव्यार्थादेशात्, स्याद्भेदः पर्यायार्थादेशात्, अभेदैकान्ते हि स्पर्शनेन स्पर्शस्येव रसादेरपि ग्रहणप्रसङ्गः । तथा चेन्द्रियान्तरकल्पना वैयर्थ्यम्, कस्यचित् साकल्ये वैकल्ये वान्येषां साकल्यवैकल्य-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रसङ्गश्च। भेदैकान्तेऽपि तेषामेकत्र सकल(सङ्कलन)ज्ञानजनकत्वाभावप्रसङ्गः सन्तानान्तरेन्द्रियवत्। मनस्तस्य जनकमिति चेत्; न; तस्येन्द्रियनिरपेक्षस्य तज्जनकत्वाभावात्। इन्द्रियापेक्षं मनोऽनुसन्धानस्य जनकमिति चेत्; सन्तानान्तरेन्द्रियापेक्षस्य कुतो न जनकत्वमिति वाच्यम् ?। प्रत्यासत्तेरभावादिति चेत्; अत्र का प्रत्यासत्तिरन्यत्रैकद्रव्यतादात्म्यात् ?, प्रत्यासत्त्यन्तरस्य च व्यभिचारादिति। एतेन तेषामात्मना भेदाभेदैकान्तौ प्रतिव्यूढौ। आत्मना करणानामभेदैकान्ते कर्तृत्वप्रसङ्गः, आत्मनो वा करणत्वप्रसङ्गः, उभयोरुभयात्मकत्वप्रसङ्गो वा, विशेषाभावात्। ततस्तेषां भेदैकान्ते चात्मनः करणत्वाभावः सन्तानान्तरकरणवद्विपर्ययो वेति प्रतीतिसिद्धत्वाद्बाधकाभावाच्चानेकान्त एवाश्रयणीयः।

80. દ્રવ્યાર્થિક દૃષ્ટિએ તે પાંચે ઇન્દ્રિયોનો પરસ્પર કથંચિત્ અભેદ છે અને પર્યાયાર્થિક દૃષ્ટિએ તેમનો પરસ્પર કથંચિત્ ભેદ છે. તેમનો પરસ્પર એકાન્ત અર્થાત્ સર્વથા અભેદ માનવામાં આવે તો સ્પર્શનેન્દ્રિય સ્પર્શની જેમ રસ આદિને પણ ગ્રહણ કરે છે એમ માનવાની આપત્તિ આવે, વળી જ્યારે એક જ ઇન્દ્રિય બધા વિષયોની ગ્રાહક હોય તો બાકીની ઇન્દ્રિયોને માનવી વૃથા થઈ પડે, ઉપરાંત એક ઇન્દ્રિય પૂર્ણ બનતાં બધી પૂર્ણ બની જવાની અને એક ઇન્દ્રિયને નુકસાન થતાં બધી ઇન્દ્રિયોને નુકસાન થવાની આપત્તિ આવે. તેમનો પરસ્પર એકાન્ત અર્થાત્ સર્વથા ભેદ માનવામાં આવે તો જેમ જુદા જુદા પુરુષોની ઇન્દ્રિયો કોઈ એક વસ્તુ અંગેનું સંકલનાજ્ઞાન ઉત્પન્ન નથી કરી શકતી તેમ એક જ પુરુષની ઇન્દ્રિયો પણ એક જ વસ્તુ અંગેનું સંકલનાજ્ઞાન ઉત્પન્ન નહિ કરી શકે, આ તો આપત્તિ કહેવાય. [જે કેરીને મેં જોઈ હતી તેને મેં સુંઘી પણ હતી, સ્પર્શ પણ કર્યો હતો અને ચાખી પણ હતી આ જાતના સંકલનાજ્ઞાનના અભાવની આપત્તિ આવે. આવું સંકલનાજ્ઞાન ઇન્દ્રિયોનો પરસ્પર કથંચિત્ અભેદ માન્યા વિના ન ઘટે.] જો કોઈ કહે કે આવું સંકલનાજ્ઞાન તો મનથી ઉત્પન્ન થાય છે [એટલે ઇન્દ્રિયોનો પરસ્પર સર્વથા ભેદ એને કોઈ હાનિ નહિ કરી શકે,] તો કહેવું જોઈએ કે ઇન્દ્રિયોનો પરસ્પર સર્વથા ભેદ મનને આવું સંકલનાજ્ઞાન ઉત્પન્ન જ નહિ કરવા દે કારણ કે ઇન્દ્રિયનિરપેક્ષ મન આવું સંકલનાજ્ઞાન ઉત્પન્ન કરતું નથી, અને મનને ઇન્દ્રિયોની સહાયતા હોય તો પણ ઇન્દ્રિયો પરસ્પર સર્વથા ભિન્ન હોવાથી મન સંકલનાજ્ઞાન ઉત્પન્ન નહિ કરી શકે. તેમ છતાં પણ જો કહેવામાં આવે કે પરસ્પર સર્વથા ભિન્ન ઇન્દ્રિયોની સહાયતાથી મન સંકલનાજ્ઞાન ઉત્પન્ન કરી શકે તો અમે તેની સામે કહીશું કે તો પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ ભિન્ન પુરુષઓની સ્પર્શન આદિ પાંચ પરસ્પર સર્વથા ભિન્ન ઇન્દ્રિયોની સહાયતાથી મન સંકલનાજ્ઞાન કેમ નથી ઉત્પન્ન કરતું ? આના ઉત્તરમાં જો તમે કહો કે એ પાંચ ભિન્ન પુરુષોની પાંચ પરસ્પર અત્યંત ભિન્ન ઇન્દ્રિયો વચ્ચે સંબંધનો અભાવ છે (અને તે ઇન્દ્રિયો અને મન વચ્ચે પણ સંબંધનો અભાવ છે) એટલે મન સંકલનાજ્ઞાન ઉત્પન્ન કરતું નથી, તો અમે કહીશું કે એક જ પુરુષની કથંચિત્ ભિન્ન ઇન્દ્રિયોમાં એકદ્રવ્યતાદાત્મ્યથી અન્ય કયો સંબંધ હોઈ શકે ? બીજો કોઈ સંબંધ માનતાં બાધા આવે છે. અને આ એકદ્રવ્યતાદાત્મ્યસંબંધ એ જ તો ઇન્દ્રિયોનો પરસ્પર કથંચિત્ અભેદ છે. [આ એકદ્રવ્ય જેની સાથે ઇન્દ્રિયોનો તાદાત્મ્યસંબંધ છે તે આત્મદ્રવ્ય છે. મનનો પણ આત્મા સાથે તાદાત્મ્યસંબંધ છે.]

આ ઇન્દ્રિયોના પારસ્પરિક કથંચિત્ ભેદ અને કંથચિત્ અભેદની સિદ્ધિ દ્વારા આત્માથી ઇન્દ્રિયોના સર્વથા ભેદ કે સર્વથા અભેદના મતો ખંડિત થઈ જાય છે. જો આત્માથી ઇન્દ્રિયોનો (કરણોનો) સર્વથા અભેદ માનવામાં આવે તો આત્માની જેમ ઇન્દ્રિયોને (કરણોને) કર્તૃરૂપ માનવી પડે, યા ઇન્દ્રિયોની જેમ આત્માને કરણરૂપ માનવો પડે, યા તો બન્નેને બન્ને રૂપવાળાં માનવા પડે, કારણ કે ઇન્દ્રિયો અને આત્મામાં ભેદક વિશેષોનો અભાવ છે. અને આત્માથી ઇન્દ્રિયોનો સર્વથા ભેદ માનવામાં આવે તો બીજાની ઇન્દ્રિયોની જેમ પોતાની ઇન્દ્રિયો પણ કરણ નહિ બની શકે અને આત્માને માટે કરણોનો અભાવ થઈ જશે. અથવા તો એનાથી વિપરીત બનશે અર્થાત્ પોતાની ઇન્દ્રિયોની જેમ બીજાની ઇન્દ્રિયો પણ કરણ બની જશે, પોતાની ઇન્દ્રિયો અને બીજાની ઇન્દ્રિયો એવો ભેદ રહેશે નહિ. [આત્માથી ઇન્દ્રિયોનો સર્વથા ભેદ હોતાં પોતાની-બીજાની ઇન્દ્રિયો વચ્ચે કોઈ વિશેષતા યા ભેદ નહિ રહે]. તેથી આત્માથી ઇન્દ્રિયોનો કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે એ અનેકાન્ત પક્ષને જ સ્વીકારવો જોઈએ કારણ કે એવી જ પ્રતીતિ થાય છે અને આ પક્ષને સ્વીકારવામાં કોઈ બાધક પણ નથી.

81. द्रव्येन्द्रियाणामपि परस्परं स्वारम्भकपुद्गलद्रव्येभ्यश्च भेदाभेद-द्वारानेकान्त एव युक्तः, पुद्गलद्रव्यार्थादेशादभेदस्य पर्यायार्थादेशाच्च भेदस्योप-पद्यमानत्वात् ।

81. સ્પર્શનદ્રવ્યેન્દ્રિય આદિ પાંચ દ્રવ્યેન્દ્રિયો પરસ્પર કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. વળી, આ પાંચે દ્રવ્યેન્દ્રિયો જે પુદ્ગલદ્રવ્યોની બનેલી છે તે પુદ્ગલદ્રવ્યોથી અર્થાત્ પોતાના ઉપાદાનકારણભૂત પુદ્ગલદ્રવ્યોથી પણ કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. દ્રવ્યની અપેક્ષાએ કાર્યભૂત દ્રવ્યેન્દ્રિયો અને ઉપાદાનકારણભૂત પુદ્ગલદ્રવ્યો વચ્ચે અભેદ, અને પર્યાયની અપેક્ષાએ તેમની વચ્ચે ભેદ ઘટે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

82. एवमिन्द्रियविषयाणां स्पर्शादीनामपि द्रव्यपर्यायरूपतया भेदाभेदात्मकत्वमवसेयम्, तथैव निर्बाधमुपलब्धेः । तथा च न द्रव्यमात्रं पर्यायमात्रं वेन्द्रियविषय इति स्पर्शादीनां कर्मसाधनत्वं भावसाधनत्वं च द्रष्टव्यम् ॥२१॥

82. આ રીતે ઇન્દ્રિયોના પાંચ વિષયો સ્પર્શ વગેરેનો પણ પરસ્પર કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે. દ્રવ્યની અપેક્ષાએ તેમનો પરસ્પર અભેદ છે. તેઓ એકદ્રવ્યાશ્રિત છે અર્થાત્ એક દ્રવ્યના પર્યાયો છે એટલે એ અર્થમાં તેમનો પરસ્પર અભેદ છે. પરંતુ પર્યાયની અપેક્ષાએ તેમનો પરસ્પર ભેદ છે, સ્પર્શપર્યાય રસ વગેરે પર્યાયોથી ભિન્ન છે, ઇત્યાદિ. આમ સ્પર્શ વગેરે વિષયો પરસ્પર ભેદાભેદાત્મક છે એવું નિશ્ચિતપણે સમજવું જોઈએ કારણ કે એવી નિર્બાધ પ્રતીતિ થાય છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે ઇન્દ્રિયોનો ગ્રાહ્ય વિષય એકલો દ્રવ્યરૂપ નથી કે એકલો પર્યાયરૂપ નથી પરંતુ દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક છે. વળી, 'સ્પર્શ' વગેરે શબ્દો કર્માર્થક પણ છે અને ભાવાર્થક પણ છે એમ સમજવું જોઈએ. [અર્થાત્ 'સ્પર્શ' એટલે દ્રવ્યગત સ્પર્શ અર્થાત્ જેને સ્પર્શનેન્દ્રિય ગ્રહણ કરે છે તે કર્મ, અને 'સ્પર્શ' એટલે સ્પર્શ કરવો તે ભાવ.] (૨૧).

83. 'द्रव्यभावभेदानि' इत्युक्तं तानि क्रमेण लक्षयति—

**द्रव्येन्द्रियं नियताकाराः पुद्गलाः ॥२२॥**

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

83. [પ્રત્યેક ઇન્દ્રિયના] દ્રવ્ય અને ભાવ એ બે ભેદ આચાર્યે જણાવી દીધા છે. હવે આચાર્ય તેમનાં લક્ષણો ક્રમશઃ આપે છે—

**નિયત આકારવાળા પુદ્ગલો દ્રવ્યેન્દ્રિય છે. (૨૨)**

84. 'द्रव्येन्द्रियम्' इत्येकवचनं जात्याश्रयणात् । नियतो विशिष्टो बाह्य आभ्यन्तरश्चाकारः संस्थानविशेषो येषां ते 'नियताकाराः' पूरणगलनधर्माणः स्पर्शरसगन्धवर्णवन्तः 'पुद्गलाः', तथाहि श्रोत्रादिषु यः कर्णशष्कुली-प्रभृतिर्बाह्यः पुद्गलानां प्रचयो यश्चाभ्यन्तरः कदम्बगोलकाद्याकारः स सर्वो द्रव्येन्द्रियम्, पुद्गलद्रव्यरूपत्वात् । अप्राधान्ये वा द्रव्यशब्दो यथा अङ्गारमर्दको द्रव्याचार्य इति । अप्रधानमिन्द्रियं द्रव्येन्द्रियम्, व्यापारवत्यपि तस्मिन् सन्निहितेऽपि चालोकप्रभृतिनि सहकारिपटले भावेन्द्रियं विना स्पर्शाद्युपलब्ध्यसिद्धेः ॥२२॥

**भावेन्द्रियं लब्ध्युपयोगौ ॥२३॥**

84. સૂત્રમાં જાતિની અપેક્ષાએ 'દ્રવ્યેન્દ્રિયમ્' એવો એકવચનમાં પ્રયોગ કર્યો છે. 'નિયત'નો અર્થ છે 'ખાસ ચોક્કસ'. 'આકાર'નો અર્થ છે સંરચના. એટલે 'નિયત આકારવાળા (नियताकाराः)'નો અર્થ છે 'ખાસ ચોક્કસ બાહ્ય અને આભ્યંતર સંરચનાવાળા, [આવા પુદ્ગલો દ્રવ્યેન્દ્રિય છે.] પરંતુ 'પુદ્ગલ'નો અર્થ શું છે ? જેઓ પૂરણ-ગલન ધર્મો ધરાવે છે અર્થાત્ સંયોગ-વિભાગ પામવાનો સ્વભાવ ધરાવે છે અને સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણવાળા છે તે પુદ્ગલો કહેવાય છે. શ્રોત્ર આદિ ઇન્દ્રિયોમાં કર્ણશષ્કુલી આદિ બાહ્ય પુદ્ગલપ્રચય છે, બાહ્ય આકાર છે અને કદમ્બગોલક આદિ આભ્યંતર પુદ્ગલપ્રચય છે, આભ્યંતર આકાર છે. આ બન્ને આકારો પુદ્ગલદ્રવ્યમય હોવાથી દ્રવ્યેન્દ્રિય છે. અથવા 'દ્રવ્ય'શબ્દનો પ્રયોગ 'અપ્રધાન, ગૌણ'ના અર્થમાં પણ થાય છે, જેમ કે અંગારમર્દક નામની વ્યક્તિ દ્રવ્યાચાર્ય છે અર્થાત્ ખરા યા પ્રધાન અર્થમાં આચાર્ય નથી પરંતુ ગૌણ અર્થમાં આચાર્ય છે (હલકી કક્ષાનો આચાર્ય છે). 'દ્રવ્ય' શબ્દના આ અર્થ પ્રમાણે દ્રવ્યેન્દ્રિય ગૌણ (અપ્રધાન) ઇન્દ્રિય છે. દ્રવ્યેન્દ્રિયની ગૌણતાનું કારણ એ છે કે તેનો વ્યાપાર થવા છતાં પણ અને સહકારી કારણો આલોક વગેરે હોવા છતાં પણ ભાવેન્દ્રિય વિના સ્પર્શાદિનું પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થતું નથી. (૨૨)

**લબ્ધિ અને ઉપયોગ એ [બે પ્રકારની] ભાવેન્દ્રિય છે. (૨૩)**

**85. लम्भनं 'लब्धिः' ज्ञानावरणकर्मक्षयोपशमविशेषः । यत्सन्नि-धानादात्मा द्रव्येन्द्रियनिर्वृत्तिं प्रति व्याप्रियते तन्निमित्त आत्मनः परिणामविशेष उपयोगः । अत्रापि 'भावेन्द्रियम्' इत्येकवचनं जात्याश्रयणात् । भावशब्दोऽनु-पसर्जनार्थः । यथैवेन्दनधर्मयोगित्वेनानुपचरितेन्द्रत्वो भावेन्द्र उच्यते तथैवेन्द्र-लिङ्गत्वादिधर्मयोगेनानुपचरितेन्द्रलिङ्गत्वादिधर्मयोगि 'भावेन्द्रियम्' ।**

85. જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ એ લબ્ધિ છે. જે નિમિત્તની સન્નિધિથી આત્મા દ્રવ્યેન્દ્રિયરૂપ પૌદ્ગલિક વિશિષ્ટ સંરચના પ્રતિ વ્યાપાર કરવા માંડે તે નિમિત્તના કારણે ઉત્પન્ન થતો આત્માનો વિશિષ્ટ પરિણામ ઉપયોગ છે. 'ભાવેન્દ્રિયમ્'' એવો એકવચનનો પ્રયોગ અહીં પણ જાતિની અપેક્ષાએ કરવામાં આવ્યો છે. 'ભાવ' શબ્દનો અર્થ છે અનુપસર્જન, અનુપચરિત, મુખ્ય. જેમ ઇન્દન (ઐશ્વર્યભોગ) રૂપ ધર્મ હોવાના કારણે જેનામાં ઇન્દ્રપણું મુખ્યાર્થમાં છે તે 'ભાવેન્દ્ર' કહેવાય છે તેમ ઇન્દ્રલિંગત્વરૂપ ધર્મ હોવાના કારણે જેનામાં ઇન્દ્રલિંગપણું મુખ્યાર્થમાં છે તે 'ભાવેન્દ્રિય' કહેવાય છે. [કહેવાનો આશય એ છે કે — પહેલાં કહેવામાં આવ્યું છે કે ઇન્દ્રના (આત્માના) લિંગને ઇન્દ્રિય કહે છે. આ વ્યુત્પત્તિ મુખ્યાર્થમાં જે ઇન્દ્રિયમાં ઘટે છે તે ઇન્દ્રિય જ ભાવેન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે.]

86. तत्र लब्धिस्वभावं तावदिन्द्रियं स्वार्थसंवित्तावात्मनो योग्यतामादधद्भावेन्द्रियतां प्रतिपद्यते । नहि तत्रायोग्यस्य तदुत्पत्तिराकाशवदुपपद्यते स्वार्थसंविद्योग्यतैव च लब्धिरिति । उपयोगस्वभावं पुनः स्वार्थसंविदि व्यापारात्मकम् । नह्यव्यापृतं स्पर्शनादिसंवेदनं स्पर्शादि प्रकाशयितुं शक्तम्, सुषुप्तादीनामपि तत्प्रकाशकत्वप्राप्तेः ।

86. લબ્ધિરૂપ સ્વભાવવાળી ભાવેન્દ્રિય સ્વ-પરને જાણવાની યોગ્યતા આત્મામાં ઉત્પન્ન કરીને ભાવેન્દ્રિયપણું પામે છે. સ્વ અને પરને જાણવાની યોગ્યતા જ જેનામાં ન હોય તેનામાં આકાશની જેમ સ્વ-પરનું જ્ઞાન ઉત્પન્ન થતું જ નથી અને સ્વ અને પરને જાણવાની યોગ્યતા જ લબ્ધિ છે. ઉપયોગરૂપ સ્વભાવવાળી ભાવેન્દ્રિય સ્વ-પરને જાણવામાં થતા વ્યાપારના સ્વભાવવાળી છે. સ્પર્શાદિને જાણવાનો વ્યાપાર ન થાય ત્યાં સુધી જ્ઞાતા આત્મા સ્પર્શ આદિને જાણવા શક્ત નથી. જો સ્પર્શાદિને જાણવાના વ્યાપાર વિના જ કોઈ સ્પર્શાદિને જાણવા શક્ત હોય તો ગાઢ નિદ્રામાં પડેલો પણ સ્પર્શાદિને જાણે, પ્રત્યક્ષ અનુભવે.

87. स्वार्थप्रकाशने व्यापृतस्य संवेदनस्योपयोगत्वे फलत्वादिन्द्रियत्वानुपपत्तिरिति चेत्; न; कारणधर्मस्य कार्येऽनुवृत्तेः । नहि पावकस्य प्रकाशकत्वे तत्कार्यस्य प्रदीपस्य प्रकाशकत्वं विरुध्यते । न च येनैव स्वभावेनोपयोगस्येन्द्रियत्वम्, तेनैव फलत्वमिष्यते येन विरोधः स्यात् । साधकतमस्वभावेन हि तस्येन्द्रियत्वं क्रियारूपतया च फलत्वम् । यथैव हि प्रदीपः प्रकाशात्मना प्रकाशयतीत्यत्र साधकतमः प्रकाशात्मा करणम्, क्रियात्मा फलम्, स्वतन्त्रत्वाच्च कर्त्तेति सर्वमिदमनेकान्तवादे न दुर्लभमित्यलंप्रसङ्गेन ॥२३॥

87. **શંકા** — પોતાને અને અર્થને જાણવામાં પ્રવૃત્ત જ્ઞાનને જ ઉપયોગ માનતાં તો ઉપયોગ ઇન્દ્રિય (કરણ) નહિ રહે કારણ કે તે ઉપયોગ તો ફળ(કાર્ય) છે, તેને ઇન્દ્રિય કેવી રીતે કહેવાય ?, આમ ઉપયોગનું ઇન્દ્રિયપણું નહિ ઘટે.

**સમાધાન** — ના, એવુ નથી, કારણ કે કારણનો ધર્મ કાર્યમાં પણ ચાલ્યો આવે છે. અગ્નિ પ્રકાશક છે એટલે તેનું કાર્ય દીપક પ્રકાશક ન હોવું જોઈએ એવું તો નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાં કોઈ વિરોધ નથી. જે સ્વભાવથી ઉપયોગનું ઇન્દ્રિયપણું છે તે જ સ્વભાવથી તેનું ફળપણું માન્યું નથી જેથી વિરોધ થાય. ઉપયોગ સાધકતમસ્વભાવ હોવાના કારણે તેનું ઇન્દ્રિયપણું છે અને જ્ઞાનક્રિયારૂપ સ્વભાવવાળો હોવાના કારણે તેનું ફળપણું પણ છે. 'દીપક પોતાના પ્રકાશસ્વભાવથી પ્રકાશે છે' એ ઉદાહરણમાં દીપકનો સાધકતમ પ્રકાશસ્વભાવ કરણ છે અને પ્રકાશવારૂપ ક્રિયાસ્વભાવ ફળ છે, ઉપરાંત દીપક સ્વતન્ત્ર હોવાથી કર્તા પણ છે, આ બધું અનેકાન્તવાદમાં દુર્લભ નથી. એટલે આ ચર્ચાને આટલેથી સમાપ્ત કરીએ છીએ. (૨૩)

**88. 'मनोनिमित्तः' इत्युक्तमिति मनो लक्षयति—**

**सर्वार्थग्रहणं मनः ॥२४॥**

88. સાંવ્યવહારિક પ્રત્યક્ષની ઉત્પત્તિમાં મન પણ નિમિત્ત કારણ છે એમ આચાર્યે કહ્યું છે. એટલે આચાર્ય હવે મનનું લક્ષણ કહે છે—

**મન સર્વ અર્થોને (વસ્તુઓને) ગ્રહણ કરે છે. (૨૪)**

89. सर्वे न तु स्पर्शनादीनां स्पर्शादिवत् प्रतिनियता एवार्था गृह्यन्तेऽनेनेति 'सर्वार्थग्रहणं मनः' 'अनिन्द्रियम्' इति 'नोइन्द्रियम्' इति चोच्यते । सर्वार्थं मन इत्युच्यमाने आत्मन्यपि प्रसङ्ग इति करणत्वप्रतिपादनार्थं 'ग्रहणम्' इत्युक्तम् । आत्मा तु कर्त्तेति नातिव्याप्तिः, सर्वार्थग्रहणं च मनसः प्रसिद्धमेव । यत् वाचकमुख्यः **"श्रुतमनिन्द्रियस्य"** [तत्त्वा. २.२२] । श्रुतमिति हि विषयिणा विषयस्य निर्देशः । उपलक्षणं च श्रुतं मतेः तेन मतिश्रुतयोर्यो विषयः स मनसो विषय इत्यर्थः । **"मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्व-सर्वपर्यायेषु"** [तत्त्वा. १.२७] इति वाचकवचनान्मतिश्रुतज्ञानयोः सर्वविषय-त्वमिति मनसोऽपि सर्वविषयत्वं सिद्धम् ।

89. જેમ સ્પર્શનેન્દ્રિય કેવળ સ્પર્શને ગ્રહણ કરે છે, રસનેન્દ્રિય કેવળ રસને ગ્રહણ કરે છે, ઇત્યાદિ તેમ નિયત અર્થનું જ જેના દ્વારા ગ્રહણ થતું નથી પરંતુ સર્વ અર્થોનું ગ્રહણ થાય છે તે મન છે. મનને અનિન્દ્રિય કે નોઇન્દ્રિય પણ કહેવામાં આવે છે. 'सर्वार्थग्रहणं मनः' ના બદલે 'सर्वार्थं मनः' એવું સૂત્રમાં કહ્યું હોત તો લક્ષણ આત્માને પણ લાગુ પડી જાત. તે દોષને ટાળવા માટે સૂત્રમાં 'ગ્રહણ' પદ મૂક્યું છે, તેનાથી પ્રતિપાદન થયું છે કે મન કરણ છે. મનમાં કરણપણાનું પ્રતિપાદન કરવા માટે સૂત્રમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ગ્રહણ' પદ મૂકવામાં આવ્યું છે. આત્મા તો કર્તા છે, કરણ નથી, એટલે એને લક્ષણ લાગુ પડતું નથી, અતિવ્યાપ્તિનો દોષ લક્ષણમાં આવતો નથી. મન સર્વ અર્થોને જાણવાનું સાધન (કરણ) છે એ તો પ્રસિદ્ધ જ વાત છે. વાચકમુખ્ય ઉમાસ્વાતિએ પણ કહ્યું છે, "અનિન્દ્રિયનો (મનનો) વિષય શ્રુત છે" [તત્ત્વાર્થસૂત્ર, ૨.૨૨]. અહીં વિષયી શ્રુતથી (શ્રુતજ્ઞાનથી) શ્રુતના (શ્રુતજ્ઞાનના) વિષયનો નિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે 'શ્રુતજ્ઞાનનો વિષય મનનો વિષય છે' એવો અર્થ સૂત્રનો થશે. વળી, શ્રુત એ મતિજ્ઞાનનું ઉપલક્ષણ છે, તેથી 'શ્રુત'થી મતિજ્ઞાન પણ ઉપલક્ષિત (સૂચિત) થાય છે. એટલે છેવટે સૂત્રનો અર્થ થશે 'મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય મનનો વિષય છે.' વળી, વાચકમુખ્ય ઉમાસ્વાતિએ જ કહ્યું છે, "મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો છે પરંતુ તે દ્રવ્યોના અસંપૂર્ણ પર્યાયો છે" [તત્ત્વાર્થસૂત્ર, ૧.૨૭]. આ કથન અનુસાર મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ છે, એટલે મનનો વિષય પણ સર્વ છે એ સિદ્ધ થયું.

90. मनोऽपि पञ्चेन्द्रियवद् द्रव्यभावभेदात् द्विविधमेव । तत्र द्रव्यमनो मनस्त्वेन परिणतानि पुद्गलद्रव्याणि । भावमनस्तु तदावरणीयकर्मक्षयोपशमात्मा लब्धिरात्मनश्चार्थग्रहणोन्मुखो व्यापारविशेष इति ॥२४॥

90. પાંચ ઇન્દ્રિયોની જેમ મનના પણ બે પ્રકાર છે — દ્રવ્યમન અને ભાવમન. મનરૂપે પરિણત થયેલાં પુદ્ગલદ્રવ્યો દ્રવ્યમન છે. ભાવમનને આવૃત કરનાર કર્મના ક્ષયોપશમના સ્વભાવવાળું લબ્ધિભાવમન છે અને આત્માનો અર્થગ્રહણોન્મુખ વિશિષ્ટ વ્યાપાર એ ઉપયોગભાવમન છે.(૨૪)

91. नन्वत्यल्पमिदमुच्यते 'इन्द्रियमनोनिमित्तः' इति । अन्यदपि हि चक्षुर्ज्ञानस्य निमित्तमर्थ आलोकश्चास्ति, यदाहुः—

"रूपालोकमनस्कारचक्षुर्भ्यः सम्प्रजायते ।
विज्ञानं मणिसूर्यांशुगोशकृद्भ्य इवानलः ॥"

इत्यत्राह—

**नार्थालोकौ ज्ञानस्य निमित्तमव्यतिरेकात् ॥२५॥**

91. **શંકા** — સાંવ્યવહારિક પ્રત્યક્ષના લક્ષણમાં બહુ અલ્પ નિમિત્તકારણો કહ્યાં છે, કારણ કે ઇન્દ્રિય અને મન બેને જ નિમિત્તકારણો કહ્યાં છે. ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાનમાં અર્થ અને આલોક પણ નિમિત્તકારણો છે. કહ્યું પણ છે, "જેમ મણિ (એક જાતનો કાચ), સૂર્યકિરણ, સૂકું છાણું, વગેરે અનેક નિમિત્તકારણોથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ રૂપ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આલોક, મન અને ચક્ષુથી જ્ઞાન (ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાન) ઉત્પન્ન થાય છે." આ શંકાનો આચાર્ય ઉત્તર આપે છે—

**અર્થ અને આલોક ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાનનાં નિમિત્તકારણો નથી કારણ કે વ્યતિરેક ઘટતો નથી. (૨૫)**

92. बाह्यो विषयः प्रकाशश्च न चक्षुर्ज्ञानस्य साक्षात्कारणम्, देशकालादिवत्तु व्यवहितकारणत्वं न निवार्यते, ज्ञानावरणादिक्षयोपशमसामग्र्यामारादुपकारित्वेनाञ्जनादिवच्चक्षुरुपकारित्वेन चाभ्युपगमात् । कुतः पुनः साक्षान्न कारणत्वमित्याह–'अव्यतिरेकात्' व्यतिरेकाभावात् । न हि तद्भावे भावलक्षणोऽन्वय एव हेतुफलभावनिश्चयनिमित्तम्, अपि तु तदभावेऽभावलक्षणो व्यतिरेकोऽपि । न चासावर्थालोकयोर्हेतुभावेऽस्ति; मरुमरीचिकादौ जलाभावेऽपि जलज्ञानस्य, वृषदंशादीनां चालोकाभावेऽपि सान्द्रतमतमःपटलविलिप्तदेशगतवस्तुप्रतिपत्तेश्च दर्शनात् । योगिनां चातीतानागतार्थग्रहणे किमर्थस्य निमित्तत्वम् ? निमित्तत्वे चार्थक्रियाकारित्वेन सत्त्वादतीतानागतत्वक्षतिः ।

JAINSITE.com जैनम् जयति शासनम्

92. બાહ્ય વિષય અને પ્રકાશ ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિમાં સાક્ષાત્ કારણ નથી, પરંતુ દેશ અને કાળની જેમ તેમના પરંપરાથી કારણ હોવાનો અહીં નિષેધ નથી કરવામાં આવ્યો. અમે સ્વીકારીએ છીએ કે બાહ્ય વિષય અને પ્રકાશ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમની ઉત્પાદક કારણસામગ્રીને સાક્ષાત્ (આરાત્) ઉપકારક છે અને ચક્ષુને અંજનની જેમ (આડકતરી રીતે) ઉપકારક છે.

**શંકા** — તો પછી બાહ્ય વિષય અને પ્રકાશને ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિમાં સાક્ષાત્ નિમિત્તકારણો કેમ નથી ગણ્યા ?

**સમાધાન** — કારણ કે ચાક્ષુષ પ્રત્યક્ષજ્ઞાન સાથે તેમનો વ્યતિરેક નથી. અમુકના હોતાં અમુકનું હોવું (જેમ કે અગ્નિ હોતાં ધૂમનું હોવું) એ અન્વય છે અને તેના ન હોતાં તેનું ન હોવું (જેમ કે અગ્નિ ન હોતાં ધૂમનું ન હોવું) વ્યતિરેક છે. કાર્યકારણભાવનો નિશ્ચય એકલા અન્વયથી નથી થતો પરંતુ તે નિશ્ચય કરવા માટે વ્યતિરેક પણ આવશ્યક છે જ. અર્થાત્ જેના હોતાં કાર્ય થાય અને જેના ન હોતાં કાર્ય ન થાય તે જ તે કાર્યનું કારણ છે. અર્થ અને આલોકની કારણતા માટે જરૂરી આ વ્યતિરેક નથી, કારણ કે મૃગજળમાં જળના અભાવમાં જળનું ચાક્ષુષ જ્ઞાન થાય છે (અર્થાત્ અહીં અર્થના

અભાવમાં ચાક્ષુષ જ્ઞાન થાય છે) અને સાપ, બિલાડી, ઘુવડ વગેરેને આલોકના અભાવમાં પણ ગાઢ અંધકાર વ્યાપેલા પ્રદેશમાં વસ્તુનું ચાક્ષુષ જ્ઞાન થાય છે. અને યોગીઓને અતીત અને અનાગત વસ્તુઓનું પ્રત્યક્ષજ્ઞાન થાય છે, આ યોગિપ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિમાં અર્થ ક્યાંથી નિમિત્ત બની શકે ?, ન બની શકે કારણ કે તે વર્તમાન નથી. જો અતીત અને અનાગત અર્થને યોગિપ્રત્યક્ષજ્ઞાનનું નિમિત્તકારણ માનવામાં આવે તો અતીત અને અનાગત અર્થ કાર્યકારી (અર્થક્રિયાજનક) બની જાય અને પરિણામે સત્ અર્થાત્ વર્તમાન બની જાય અને વર્તમાન બની જતાં તેમના અતીતપણા અને અનાગતપણાનો જ નાશ થઈ જાય.

93. न च प्रकाश्यादात्मलाभ एव प्रकाशकस्य प्रकाशकत्वम्, प्रदीपादेर्घटादिभ्योऽनुत्पन्नस्यापि तत्प्रकाशकत्वदर्शनात्। ईश्वरज्ञानस्य च नित्यत्वेनाभ्युपगतस्य कथमर्थजन्यत्वं नाम ?। अस्मदादीनामपि जनकस्यैव ग्राह्यत्वाभ्युपगमे स्मृतिप्रत्यभिज्ञानादेः प्रमाणस्याप्रामाण्यप्रसङ्गः। येषां चैकान्तक्षणिकोऽर्थो जनकश्च ग्राह्य इति दर्शनम् तेषामपि जन्यजनकयोर्ज्ञानार्थयोर्भिन्नकालत्वान्न ग्राह्यग्राहकभावः सम्भवति। अथ न जन्यजनकभावातिरिक्तः सन्दंशायोगोलकवत् ज्ञानार्थयोः कश्चिद् ग्राह्यग्राहकभाव इति मतम्,

"भिन्नकालं कथं ग्राह्यमिति चेद् ग्राह्यतां विदुः।
हेतुत्वमेव युक्तिज्ञा ज्ञानाकारार्पणक्षमम्" [प्रमाणवा. ३.२४७]

इति वचनात्; तर्हि सर्वज्ञज्ञानस्य वार्तमानिकार्थविषयत्वं न कथञ्चिदुपपद्यते वार्तमानिकक्षणस्याजनकत्वात् अजनकस्य चाग्रहणात्। स्वसंवेदनस्य च स्वरूपाजन्यत्वे कथं ग्राहकत्वं स्वरूपस्य वा कथं ग्राह्यत्वमिति चिन्त्यम्। तस्मात् स्वस्वसामग्रीप्रभवयोर्दीपप्रकाशघटयोरिव ज्ञानार्थयोः प्रकाश्यप्रकाशकभावसम्भवान्न ज्ञाननिमित्तत्वमर्थालोकयोरिति स्थितम्।

93. પ્રકાશ્યથી ઉત્પન્ન થઈને જ પ્રકાશક પ્રકાશક બનતો નથી. પ્રકાશકનું પ્રકાશકત્વ પ્રકાશ્ય અર્થ દ્વારા તેના (પ્રકાશકના) ઉત્પન્ન થવા ઉપર આધાર રાખતું નથી. દીપક વગેરે ઘટ આદિ વડે ઉત્પન્ન થતા નથી તેમ છતાં દીપક વગેરે ઘટ આદિના પ્રકાશક છે, એ આપણે દેખીએ છીએ. વળી, ઈશ્વરનું જ્ઞાન તો (ન્યાય-વૈશેષિકો દ્વારા) નિત્ય મનાયું છે, એટલે તે જન્ય છે જ નહિ તો પછી તે અર્થજન્ય તો ક્યાંથી હોય ? ન જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. તેમ છતાં ઈશ્વરજ્ઞાન અર્થપ્રકાશક તો છે જ. જે અર્થ જ્ઞાનનો જનક હોય છે તે જ જ્ઞાનનો વિષય (ગ્રાહ્ય) હોય છે અર્થાત્ તેને જ જ્ઞાન જાણે છે એવું અમે જૈનો સ્વીકારી શકીએ નહિ અને જો અમે જૈનો એવું સ્વીકારીએ તો જેમને અમે જૈનોએ પ્રમાણ તરીકે સ્વીકાર્યાં છે તે સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, વગેરે પ્રમાણો નથી એવું સ્વીકારવાની આપત્તિ અમારા જૈનો ઉપર આવી પડે [કારણ કે સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન વગેરેનો વિષય વર્તમાન ન હોવાથી તે સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન વગેરે અર્થજન્ય ઘટતા નથી.] બૌદ્ધો અર્થને સર્વથા ક્ષણિક માને છે અને વળી સાથે સાથે તેઓ એ પણ માને છે કે જે અર્થ જ્ઞાનનો જનક હોય છે તે જ તેનો ગ્રાહ્ય (વિષય) હોય છે. પરંતુ તેઓના મતમાં પણ જનક અર્થ અને જન્ય જ્ઞાન વચ્ચે ગ્રાહ્ય-ગ્રાહકસંબંધ સંભવતો નથી કારણ કે જ્યારે અર્થ અસ્તિત્વ ધરાવે છે ત્યારે જ્ઞાનનું અસ્તિત્વ હોતું નથી અને જ્યારે જ્ઞાન અસ્તિત્વ ધરાવે છે ત્યારે અર્થનું અસ્તિત્વ હોતું નથી (કારણ કે ક્ષણિક હોવાથી નાશ પામી ગયો હોય છે.)

**બૌદ્ધ** — લોઢાના ગોળાને ચીપિયો પકડે છે. આમ લોઢાનો ગોળો ગ્રાહ્ય છે અને ચીપિયો ગ્રાહક છે. જન્યજનકસંબંધ જેમનામાં નથી તેમની વચ્ચે જોવા મળતા આવા ગ્રાહ્યગ્રાહકસંબંધ જેવો કોઈ ગ્રાહ્યગ્રાહકસંબંધ અર્થ અને જ્ઞાન વચ્ચે નથી. તેમની વચ્ચેનો ગ્રાહ્યગ્રાહકસંબંધ એ તો જનક અને જન્ય વચ્ચેનો સંબંધ જ છે, એ સિવાય બીજો કોઈ સંબંધ નથી. ધર્મકીર્તિએ કહ્યું પણ છે, "જો અમને બૌદ્ધોને પૂછવામાં આવે કે જ્ઞાનનું જ્યારે અસ્તિત્વ છે ત્યારે જેનું અસ્તિત્વ જ નથી તે જ્ઞાનનું ગ્રાહ્ય કેવી રીતે ઘટી શકે, તો અમારો બૌદ્ધોનો ઉત્તર છે કે પોતાના જેવો આકાર જ્ઞાનને આપવાના સામર્થ્યવાળું જનકત્વ (જ્ઞાનજનકત્વ) જ ગ્રાહ્યત્વ છે એમ તાર્કિકો સમજે છે."

**હેમચન્દ્રાચાર્ય** — ક્ષણિકવાદી બૌદ્ધોના આ મતમાં નીચેના દોષો છે, આપત્તિઓ છે. એક દોષ તો એ કે સર્વજ્ઞના વર્તમાનક્ષણવર્તી જ્ઞાનનો વિષય તે જ વર્તમાનક્ષણવર્તી અર્થ કોઈ પણ રીતે બની શકશે નહિ, ઘટી શકશે નહિ, કારણ કે તે વર્તમાનક્ષણવર્તી અર્થ તે જ વર્તમાનક્ષણવર્તી જ્ઞાનનો જનક નથી અને (તમારા બૌદ્ધોના મતે) જે જનક ન હોય તે ગ્રાહ્ય (વિષય) ન હોય. વળી, તમે બૌદ્ધો તો સ્વસંવેદનને સ્વીકારો છો અર્થાત્ જ્ઞાન પોતે પોતાને જાણે છે એમ સ્વીકારો છો. આનો અર્થ એ કે એક જ જ્ઞાન એક જ સમયે પોતે પોતાનું ગ્રાહ્ય પણ છે અને ગ્રાહક પણ છે એ તમે બૌદ્ધો માનો છો. પરંતુ જ્ઞાનનું જે જનક હોય છે તે જ જ્ઞાનનું ગ્રાહ્ય હોય છે આ બૌદ્ધ માન્યતા અહીં મુશ્કેલી ઊભી કરે છે. જ્ઞાન પોતે પોતાને ઉત્પન્ન કરતું નથી, તો પછી તે પોતાનું ગ્રાહ્ય કેવી રીતે બનશે? અથવા, જ્ઞાન પોતે પોતાથી ઉત્પન્ન થતું નથી તો તે પોતે પોતાનું ગ્રાહક કેવી રીતે બનશે? આ બધાનો વિચાર બૌદ્ધોએ કરવો જોઈએ. તેથી, જેમ ઘટ પોતાનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણોથી ઉત્પન્ન થાય છે અને દીપક પોતાનાં કારણોથી ઉત્પન્ન થાય છે તો પણ ઘટ અને દીપક વચ્ચે પ્રકાશ્ય-પ્રકાશક સંબંધ છે તેવી જ રીતે પોતાનાં કારણોથી ઉત્પન્ન થનાર અર્થ અને પોતાનાં કારણોથી ઉત્પન્ન થનાર જ્ઞાન વચ્ચે પણ પ્રકાશ્ય-પ્રકાશક સંબંધ છે. અર્થાત્ જેમ દીપકને ઘટનો પ્રકાશક બનવા ઘટથી ઉત્પન્ન થવું જરૂરી નથી તેમ જ્ઞાનને અર્થના પ્રકાશક બનવા અર્થથી ઉત્પન્ન થવું જરૂરી નથી. આમ અર્થ જ્ઞાનનું નિમિત્ત-કારણ નથી. છેવટે એ સિદ્ધ થયું કે અર્થ અને આલોક ચાક્ષુષ જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્તકારણો નથી.

94. नन्वर्थाजन्यत्वे ज्ञानस्य कथं प्रतिकर्मव्यवस्था ?, तदुत्पत्तितदाकारताभ्यां हि सोपपद्यते, तस्मादनुत्पन्नस्यातदाकारस्य च ज्ञानस्य सर्वार्थान् प्रत्यविशेषात्; नैवम्; तदुत्पत्तिमन्तरेणाप्यावरणक्षयोपशमलक्षणया योग्यतयैव प्रतिनियतार्थप्रकाशकत्वोपपत्तेः । तदुत्पत्तावपि च योग्यतावश्याश्रयणीया, अन्यथाऽशेषार्थसान्निध्येऽपि कुतश्चिदेवार्थात् कस्यचिदेव ज्ञानस्य जन्मेति कौतस्कुतोऽयं विभागः । तदाकारता त्वर्थाकारसङ्क्रान्त्या तावदनुपपन्ना, अर्थस्य निराकारत्वप्रसङ्गात् । अर्थेन च मूर्तेनामूर्तस्य ज्ञानस्य कीदृशं सादृश्यमित्यर्थविशेषग्रहणपरिणाम एव साभ्युपेया । अतः—

**"अर्थेन घटयत्येनां नहि मुक्त्वाऽर्थरूपताम्"** [प्रमाणवा. ३.३०५]

इति यत्किञ्चिदेतत् ।

94. **બૌદ્ધ** — જો જ્ઞાનને અર્થજન્ય ન માનીએ તો અમુક જ્ઞાન ઘટનું છે, અમુક જ્ઞાન પટનું છે, ઇત્યાદિરૂપ વિષયવ્યવસ્થા યા કર્મવ્યવસ્થા આપણે શેના આધારે કરીશું ? અમુક જ્ઞાનનું કર્મ ઘટ છે, પટ નથી એવો નિર્ણય શેના આધારે કરીશું ? આ કર્મવ્યવસ્થા યા આ પ્રકારનો નિર્ણય તો જ ઘટે જો જ્ઞાનને અર્થોત્પન્ન (તદુત્પત્તિ) અને અર્થાકાર માનવામાં આવે. અર્થાત્ અમુક જ્ઞાન ઘટનું છે, પટનું નથી એવો નિશ્ચય કરવા માટેનો આધાર એ છે કે તે જ્ઞાન ઘટથી ઉત્પન્ન થયું છે અને ઘટનો આકાર ધરાવે છે, તે જ્ઞાન પટથી ઉત્પન્ન થયું નથી અને પટનો આકાર ધરાવતું નથી. હવે જો જ્ઞાન અર્થથી ઉત્પન્ન થતું જ ન હોય અને અર્થાકાર બનતું જ ન હોય તો સઘળા અર્થો માટે જ્ઞાન એકસરખું જ રહે, પરિણામે તે કાં તો સર્વ અર્થોને જાણે કાં તો સર્વ અર્થોને ન જાણે; તે અમુક અર્થને જાણે અને બાકીનાને ન જાણે એવું બનવું જ અશક્ય થઈ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમચન્દ્રાચાર્ય** — ના, એવું નથી. તદુત્પત્તિ (જ્ઞાનની અર્થજન્યતા) માન્યા વિના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ યોગ્યતા દ્વારા જ જ્ઞાનનું અમુક નિયત વિષયના પ્રકાશક થવું ઘટે છે. તદુત્પત્તિ માન્યા પછી પણ બૌદ્ધોએ પણ યોગ્યતા સ્વીકાર્યા વિના નહિ ચાલે. અન્યથા ઘણા બધા અર્થોનું સાન્નિધ્ય હોવા છતાં તેમાંથી અમુક જ અર્થ જ્ઞાનને ઉત્પન્ન કરે અને બીજા ન કરે તેનો ખુલાસો બૌદ્ધ કેવી રીતે કરશે ? સૌ અર્થોની સમાન સન્નિધિ છતાં અમુક જ અર્થ જ્ઞાનોત્પાદક અને બીજા જ્ઞાનાનુત્પાદક એવો ભેદ શેના આધારે થશે ? તેના માટે બૌદ્ધોએ પણ યોગ્યતાનો આશ્રય લેવો જ પડશે. [જો એકલી યોગ્યતાથી ચાલતું હોય તો તદુત્પત્તિનું શું કામ ? વળી, તદુત્પત્તિ માનતાં અનેક આપત્તિઓ ઊભી થાય છે એ અમે દર્શાવ્યું જ છે.] હવે રહી અર્થાકારતાની વાત. બૌદ્ધો કહે છે કે જ્ઞાન પોતાના વિષયભૂત અર્થના આકારવાળું બને છે. આ જ્ઞાનની અર્થાકારતા વિશે પ્રશ્ન થાય છે કે શું અર્થનો આકાર જ્ઞાનમાં પ્રવેશે છે (સંક્રાન્ત થાય છે) ? જો એમ થતું હોય તો અર્થ નિરાકાર બની જવાની આપત્તિ આવશે. એટલે આ વિકલ્પનો સ્વીકાર થઈ શકે નહિ. જો બૌદ્ધો કહે કે અર્થાકારનો અર્થ 'જ્ઞાનનું અર્થ સાથે સાદૃશ્ય' છે, તો અમૂર્ત જ્ઞાનનું મૂર્ત અર્થ સાથે વળી સાદૃશ્ય કેવું ? અસંભવ છે. એટલે અર્થાકારતાનો અર્થ 'અર્થવિશેષના ગ્રહણરૂપ થતું જ્ઞાનનું પરિણમન' એવો સ્વીકારવો જોઈએ. તેથી, "અર્થાકારતાને છોડીને બીજું કાંઈ પણ જ્ઞાનને (સંવિત્તિને) અર્થ સાથે ગ્રાહ્યગ્રાહક-સંબંધથી જોડતું નથી, અર્થાત્ અર્થાકારતા જ જ્ઞાનનો અર્થ સાથે ગ્રાહ્યગ્રાહકસંબંધ સ્થાપે છે" [પ્રમાણવાર્તિક ૩.૩૦૫] એ ધર્મકીર્તિવચન ઠાલું છે, સારહીન છે.

95. अपि च व्यस्ते समस्ते वैते ग्रहणकारणं स्याताम् । यदि व्यस्ते; तदा घटाद्यक्षणो कपालान्त्यक्षणस्य, जलचन्द्रो वा नभश्चन्द्रस्य ग्राहकः प्राप्नोति, तदुत्पत्तेस्तदाकारत्वाच्च । अथ समस्ते; तर्हि घटोत्तरक्षणः पूर्वघटक्षणस्य ग्राहकः प्रसजति । ज्ञानरूपत्वे सत्येते ग्रहणकारणमिति चेत्; तर्हि समानजातीयज्ञानस्य समनन्तरपूर्वज्ञानग्राहकत्वं प्रसज्येत । तन्न योग्यतामन्तरेणान्यद् ग्रहणकारणं पश्यामः ॥२५॥

95. વળી, તમારે બૌદ્ધોએ આ પ્રશ્નનો પણ ઉત્તર આપવો પડશે — શું તદુત્પત્તિ અને તદાકારતા એક એક અલગ અલગ અર્થગ્રહણ (અર્થજ્ઞાન)નું કારણ છે કે બન્ને સાથે મળીને અર્થગ્રહણનું કારણ છે ? જો તદુત્પત્તિ અને તદાકારતા એક એક અલગ-અલગ અર્થજ્ઞાનનું કારણ છે એમ માનવામાં આવે તો ઘટનો (ઘટસન્તતિનો) આદ્ય ક્ષણ કપાલના (કપાલસન્તતિના) અન્ત્યક્ષણનો ગ્રાહક બની જવાની આપત્તિ આવશે કારણ કે કપાલનો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્ત્ય ક્ષણ ઘટના આદ્ય ક્ષણનો જનક છે, અથવા જલચન્દ્ર નભચન્દ્રનો ગ્રાહક બની જવાની આપત્તિ આવશે કારણ કે જલચન્દ્રમાં નભચન્દ્રની ચન્દ્રાકારતા (તદાકારતા) છે. જો તદુત્પત્તિ અને તદાકારતા બન્ને સાથે મળીને અર્થજ્ઞાનનું કારણ છે એમ સ્વીકારવામાં આવે તો ઘટોત્તરક્ષણ ઘટપૂર્વક્ષણનો ગ્રાહક બની જવાની આપત્તિ આવશે કારણ કે ઘટોત્તરક્ષણ ઘટપૂર્વક્ષણથી ઉત્પન્ન થાય છે (તદુત્પત્તિ) અને સાથે સાથે તેનામાં ઘટપૂર્વક્ષણનો ઘટાકાર પણ છે (તદાકારતા). જો કહેવામાં આવે કે જ્ઞાનગત તદુત્પન્નતા (તદુત્પત્તિ) અને તદાકારતા જ અર્થગ્રહણનું કારણ છે એમ કહેવામાં આવે તો સમાનજાતીય ક્ષણિક જ્ઞાનોના પ્રવાહમાં (દાખલા તરીકે ક્ષણિક ઘટજ્ઞાનોના પ્રવાહમાં) કોઈપણ જ્ઞાનક્ષણ તેની અનન્તર પૂર્વવર્તી જ્ઞાનક્ષણથી જન્ય છે અને સાથે સાથે તે અનન્તર પૂર્વવર્તી જ્ઞાનક્ષણગત આકાર પણ ધરાવે છે, એટલે તે પોતાના અનન્તર પૂર્વવર્તી જ્ઞાનક્ષણનો ગ્રાહક બની જવાની આપત્તિ આવશે. તેથી યોગ્યતા સિવાય બીજું કોઈ કારણ અમને અર્થગ્રહણનું જણાતું નથી. (૨૫)

96. 'अवग्रहेहावायधारणात्मा' इत्युक्तमित्यवग्रहादील्लँक्षयति—

**अक्षार्थयोगे दर्शनानन्तरमर्थग्रहणमवग्रहः ॥२६॥**

96. આચાર્યે સાંવ્યવહારિક પ્રત્યક્ષના લક્ષણમાં તેને 'અવગ્રહેહાવાયધારણાત્મા' કહ્યું છે, એટલે હવે આચાર્ય ક્રમશઃ અવગ્રહ વગેરેનાં લક્ષણો કહે છે—

**ઇન્દ્રિય અને અર્થનો સંબંધ થતાં દર્શન પછી થનારું અર્થનું ગ્રહણ અવગ્રહ કહેવાય છે. (૨૬)**

97. 'अक्षम्' इन्द्रियं द्रव्यभावरूपम्, 'अर्थः' द्रव्यपर्यायात्मा तयोः 'योगः' सम्बन्धोऽनतिदूरासन्नव्यवहितदेशाद्यवस्थानलक्षणा योग्यता। नियता हि सा विषयविषयिणोः, यदाह,

**"पुट्ठं सुणेइ सद्दं रूवं पुण पासए अपुट्ठं तु ॥"** [आव. नि. ५]

इत्यादि। तस्मिन्नक्षार्थयोगे सति 'दर्शनम्' अनुल्लिखितविशेषस्य वस्तुनः प्रतिपत्तिः। तदनन्तरमिति क्रमप्रतिपादनार्थमेतत्। एतेन दर्शनस्यावग्रहं प्रति परिणामितोक्ता, नह्यसत एव सर्वथा कस्यचिदुत्पादः, सतो वा सर्वथा विनाश इति दर्शनमेवोत्तरं परिणामं प्रतिपद्यते। 'अर्थस्य' द्रव्यपर्यायात्म-नोऽर्थक्रियाक्षमस्य 'ग्रहणम्', 'सम्यगर्थनिर्णयः' इति सामान्यलक्षणा-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नुवृत्तेर्निर्णयो न पुनरविकल्पकं दर्शनमात्रम् 'अवग्रहः' ।

97. અક્ષ એટલે ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય બન્ને. અર્થ એટલે દ્રવ્ય-પર્યાયાત્મા વસ્તુ. તે બેનો યોગ એટલે સંબંધ. આ સંબંધથી સમજવાની છે ઇન્દ્રિયથી ન **તો અતિ દૂર** હોય, ન તો અતિ સમીપ હોય કે ન તો વ્યવહિત હોય એવા ઉચિત દેશ **આદિમાં અર્થના અવસ્થાનરૂપ લક્ષણ**વાળી યોગ્યતા. ઇન્દ્રિય અને તેના વિષય વચ્ચેની **યોગ્યતા નિયત છે. [અર્થાત્ બધી ઇન્દ્રિ**યો અને તે ઇન્દ્રિયોના પોતપોતાના વિષય વચ્ચેની યોગ્યતા એકસર**ખી નથી પરંતુ જુદી** જુદી નિયત થયેલી છે.] અને કહ્યું પણ છે, "શ્રવણેન્દ્રિય પોતાના સંયોગમાં આવેલા (અર્થાત્ પોતાને સ્પૃષ્ટ) શબ્દને સાંભળે છે જ્યારે ચક્ષુરિન્દ્રિય પોતાના સંયોગમાં ન આવેલા (અર્થાત્ પોતાને અસ્પૃષ્ટ) રૂપને દેખે છે." [આવશ્યકનિર્યુક્તિ, ૫.] ઇન્દ્રિય સાથે અર્થનો યોગ્યતારૂપ સંબંધ થતાં વિશેષ ધર્મના ઉલ્લેખ વિનાનો અર્થનો સામાન્ય બોધ થાય છે, તે દર્શન[૧] છે. 'દર્શનાનન્તરં' એમ કહી

---

૧. જૈન ચિંતકોમાં દર્શન અને જ્ઞાનના ભેદની બાબતમાં મતભેદ છે. આગમોમાં સાકાર ઉપયોગને જ્ઞાન અને નિરાકાર ઉપયોગને દર્શન કહ્યું છે. આનો અર્થ એ કે જે બોધ સાકાર હોય તે જ્ઞાન અને જે બોધ નિરાકાર હોય તે દર્શન. અહીં સાકાર અને નિરાકારનો શો અર્થ કરવો એ પ્રશ્ન ખડો થાય છે. (૧) આકારનો અર્થ વિષયાકાર એવો થઈ શકે. જે બોધ વિષયાકાર હોય તે જ્ઞાન અને જે બોધ વિષયાકારરહિત હોય તે દર્શન. આ વિકલ્પનો વિચાર જૈન ગ્રન્થોમાં નથી. ઊલટું, ઉત્તરકાલીન જૈન ગ્રંથો તો જ્ઞાનની વિષયાકારતાનું ખંડન કરે છે. (૨) આકારનો બીજો અર્થ વિકલ્પ કરવામાં આવે છે. વિકલ્પ નિશ્ચયાત્મક હોય છે અને તેથી સવિચાર હોય છે. એટલે, જે બોધ સાકાર અર્થાત્ સવિકલ્પ હોય તે જ્ઞાન અને જે બોધ નિર્વિકલ્પ હોય તે દર્શન. અહીં ધ્યાનમાં રાખવું જોઈએ કે સવિકલ્પતા અને નિર્વિકલ્પતાની બે કોટિ છે. એક કોટિ છે ઐન્દ્રિયક બોધને લગતી અને બીજી કોટિ છે ધ્યાનને લગતી. આપણે જાણીએ છીએ કે કેટલાંક ધ્યાનો નિર્વિકલ્પ છે અને કેટલાંક ધ્યાનો સવિકલ્પ છે. અર્થાત્ કેટલાંક ધ્યાનો નિર્વિતર્ક નિર્વિચાર છે અને કેટલાંક સવિચાર છે. કેટલાંક દર્શનોમાં નિર્વિકલ્પ સમાધિ અને સવિકલ્પ સમાધિની વાત આવે છે. ઐન્દ્રિયક બોધને લગતી કોટિમાં નિર્વિકલ્પ બોધ(દર્શન) પ્રથમ થાય છે અને સવિકલ્પ બોધ (જ્ઞાન) પછી થાય છે. પરંતુ ધ્યાનને લગતી કોટિમાં સવિકલ્પ બોધ (જ્ઞાન) પહેલાં થાય છે અને નિર્વિકલ્પ બોધ (દર્શન) પછી થાય છે. આમ આ વિકલ્પ સ્વીકારતાં સામાન્ય જનોમાં દર્શન અને જ્ઞાનની ઉત્પત્તિના ક્રમથી ઊલટો ક્રમ કેવલીની બાબતમાં જે સ્વીકારવામાં આવ્યો છે તેનો ખુલાસો સારી રીતે થઈ જાય છે. (૩) મોટા ભાગના જૈન ચિંતકો કહે છે કે જે બોધ સામાન્યગ્રાહી છે તે નિરાકાર અને જે બોધ વિશેષગ્રાહી છે તે સાકાર. આમ દર્શન એટલે સામાન્યગ્રાહી બોધ અને જ્ઞાન એટલે વિશેષગ્રાહી બોધ. આના કારણે પહેલાં દર્શન થાય અને પછી જ્ઞાન થાય, કારણ કે જેણે સામાન્યનું ગ્રહણ ન કર્યું હોય તે વિશેષને ગ્રહણ કરવા પ્રવૃત્ત થતો નથી. પરંતુ કેટલાક જૈન ચિંતકોને આ પક્ષ સ્વીકાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યે ક્રમનું પ્રતિપાદન કર્યું છે. દર્શન પછી તરત અવગ્રહ થાય છે. આ કથનથી એ પ્રતીત થાય છે કે દર્શન પોતે અવગ્રહમાં પરિણમે છે અર્થાત્ દર્શન અવગ્રહનું ઉપાદાનકારણ છે. ન તો સર્વથા અસત્‌ની ઉત્પત્તિ થાય છે કે ન તો સત્‌નો સર્વથા વિનાશ થાય છે. તેથી દર્શનનો જ ઉત્તર પરિણામ અવગ્રહ છે. અર્થ દ્રવ્ય-પર્યાયાત્મક છે અને તેથી જ તે અર્થક્રિયા કરવા (કાર્ય કરવા) સમર્થ છે. આવા અર્થનું ગ્રહણ. ગ્રહણનો અર્થ 'સમ્યક્ નિર્ણય' સમજવાનો છે અને નહિ કે 'અવિકલ્પક દર્શનમાત્ર', કારણ કે 'સમ્યગર્થનિર્ણય' પદ આગળના સૂત્રમાંથી અહીં ચાલ્યું આવે છે. આવું ગ્રહણ અવગ્રહ છે. [દ્રવ્ય-પર્યાયાત્મક અર્થનો સમ્યક્ નિર્ણય અવગ્રહ છે.]

98. न चायं मानसो विकल्पः चक्षुरादिसन्निधानापेक्षत्वात् प्रतिसङ्ख्यानेनाप्रत्याख्येयत्वाच्च । मानसो हि विकल्पः प्रतिसङ्ख्यानेन निरुध्यते न चायं तथेति न [मानसो] विकल्पः ॥२६॥

**अवगृहीतविशेषाकाङ्क्षणमीहा ॥२७॥**

98. અવગ્રહ એ માનસ વિકલ્પ નથી, કારણ કે તેને ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના સન્નિધાનની અપેક્ષા છે અને તે માનસ વિકલ્પથી દૂર થતો નથી. માનસ વિકલ્પ બીજા માનસ વિકલ્પથી દૂર થઈ જાય છે. અવગ્રહ તેવો નથી એટલે તે માનસ વિકલ્પ નથી. [કિટલાક જૈન ચિંતકો સ્વીકારે છે કે ઐન્દ્રિયક વિકલ્પ (પ્રત્યક્ષરૂપ વિકલ્પ) અને માનસ વિકલ્પ બન્ને સાથે હોઈ શકે છે પરંતુ બે માનસ વિકલ્પો સાથે હોઈ શકતા નથી.

---

નથી એટલે તેઓ આ પક્ષવિરુદ્ધ નીચે પ્રમાણે આપત્તિઓ આપે છે — (अ) વસ્તુ સામાન્યવિશેષાત્મક હોવાથી કેવળ સામાન્યનું ગ્રહણ કે કેવળ વિશેષનું ગ્રહણ અયથાર્થ અને અપ્રમાણ બની જાય. (ब) સામાન્યનું ગ્રહણ દર્શન અને વિશેષનું ગ્રહણ જ્ઞાન એમ માનતાં કેવળદર્શનમાં વિશેષનું અગ્રહણ અને કેવળજ્ઞાનમાં સામાન્યનું અગ્રહણ માનવું પડે, પરિણામે કેવળદર્શન સર્વદર્શન નહિ રહે અને કેવળજ્ઞાન સર્વજ્ઞ નહિ રહે અને બન્નેમાં અપૂર્ણતાની આપત્તિ આવશે. (क) વળી, જો સામાન્યનું ગ્રહણ દર્શન અને વિશેષનું ગ્રહણ જ્ઞાન એમ હોય તો કેવળ-દર્શન પછી કેવળજ્ઞાન થવું જોઈએ, જ્યારે એમની બાબતમાં ઊલટો ક્રમ સ્વીકારાયો છે. (૪) દિગંબરાચાર્યોના મતે જ્યાં બોધનો વિષય બોધથી પૃથક્ બાહ્ય વસ્તુ હોય ત્યાં તે બોધ જ્ઞાન કહેવાય, અને જ્યાં બોધનો વિષય અંતરંગ વસ્તુ હોય અર્થાત્ ચૈતન્ય યા આત્મા હોય ત્યાં તે બોધ દર્શન કહેવાય. આમ દર્શન અને જ્ઞાનનો ભેદ એ જ છે કે દર્શન સામાન્યવિશેષાત્મક આત્માનો બોધ છે અર્થાત્ આત્મસ્વરૂપવિષયક બોધ છે જ્યારે જ્ઞાન આત્મેતર પ્રમેયોને વિષય કરનારો બોધ છે.

જ્ઞાન અને દર્શનનો ભેદ સાંખ્ય-યોગ અને બૌદ્ધધર્મદર્શનમાં પણ સ્વીકારાયો છે. તે દર્શનોની માન્યતાને સમજવાથી જૈન મતભેદોનું કંઈક સમાધાન થશે. જુઓ 'જૈનદર્શન અને સાંખ્યયોગમાં જ્ઞાનદર્શનવિચારણા' પુસ્તકનું પ્રકરણ ત્રીજું. (અનુવાદક)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનન્તવીર્ય પોતાની સિદ્ધિવિનિશ્ચયટીકામાં (પૃ. ૧૧) કહે છે — ननु यदा गोविनिश्चयो (= ऐन्द्रियकः गोविकल्पः) न तदा अश्वविकल्पना (मानसोऽश्वविकल्पः) जैनस्य उपयोगद्वयानुपपत्तेरिति चेत्, मानसं सममुपयोगद्वयं (मानसं विकल्पद्वयं समं) नेष्यते न ऐन्द्रियकमानसे। આ જ વાત હેમચન્દ્રાચાર્યે ઉપર સ્વીકારી છે. અવગ્રહ ઐન્દ્રિયક વિકલ્પ છે એટલે તે માનસ વિકલ્પથી દૂર થતો નથી. જો અવગ્રહ માનસ વિકલ્પ હોત તો બીજા માનસ વિકલ્પથી દૂર થઈ જાત કારણ કે બે માનસ વિકલ્પો સાથે રહેતા નથી કે થતા પણ નથી. પ્રતિસંખ્યાનનો અર્થ છે વિચાર, વિચારણા, વિકલ્પ. અહીં પારિભાષિક બૌદ્ધ પ્રતિસંખ્યાન સમાધિ અભિપ્રેત નથી.] (૨૬)

**અવગ્રહે જાણેલા અર્થના વિશેષ ધર્મને જાણવાની ઇચ્છા થવી એ ઈહા છે. (૨૭)**

99. अवग्रहगृहीतस्य शब्दादेरर्थस्य 'किमयं शब्दः शाङ्खः शार्ङ्गो वा' इति संशये सति 'माधुर्यादयः शाङ्खधर्मा एवोपलभ्यन्ते न कार्कश्यादयः शार्ङ्गधर्माः' इत्यन्वयव्यतिरेकरूपविशेषपर्यालोचनरूपा मतेश्चेष्टा 'ईहा'। इह चावग्रहेहयोरन्तराले अभ्यस्तेऽपि विषये संशयज्ञानमस्त्येव आशुभावात्तु नोपलक्ष्यते। न तु प्रमाणम्, सम्यगर्थनिर्णयात्मकत्वाभावात्।

99. અવગ્રહે જાણેલા શબ્દ વગેરે વિષયમાં 'આ શબ્દ શંખનો છે કે શૃંગનો (શિંગડાનો)?' એવો સંશય થતાં 'આ શબ્દમાં માધુર્ય આદિ શંખના શબ્દના ધર્મો જ જ્ઞાત થાય છે, કર્કશતા આદિ શૃંગના ધર્મો જ્ઞાત થતા નથી' એ પ્રકારે અન્વય અને વ્યતિરેક રૂપ વિશેષ ધર્મોની પર્યાલોચના કરતી મતિજ્ઞાનની ચેષ્ટાને ઈહા કહે છે. અભ્યસ્ત વિષયની બાબતમાં પણ અવગ્રહ અને ઈહાની વચ્ચે સંશયરૂપ જ્ઞાન થતું જ હોય છે પરંતુ એટલુ તો શીઘ્ર થઈ જતું હોય છે કે આપણને માલૂમ જ પડતું નથી. તે સંશય પ્રમાણ નથી કારણ કે તે સમ્યગર્થનિર્ણયરૂપ નથી.

100. ननु परोक्षप्रमाणभेदरूपमूहाख्यं प्रमाणं वक्ष्यते तत्कस्तस्मादीहाया भेदः? उच्यते — त्रिकालगोचरः साध्यसाधनयोर्व्याप्तिग्रहणपटुरूहो यमाश्रित्य "**व्याप्तिग्रहणकाले योगीव सम्पद्यते प्रमाता**" इति न्यायविदो वदन्ति। ईहा तु वार्त्तमानिकार्थविषया प्रत्यक्षप्रभेद इत्यपौनरुक्त्यम्।

100. **પ્રશ્ન** — પરોક્ષ પ્રમાણના ભેદોમાં એક 'ઊહ' પ્રમાણ છે એમ કહેવામાં આવશે, તો તે ઊહ અને આ ઈહા વચ્ચે શો ભેદ છે?

ઉત્તર — ઊહ પ્રમાણ ત્રણેય કાળના સાધ્યો અને સાધનો વચ્ચેના વ્યાપ્તિસંબંધને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ કરવામાં પટુ છે. તેથી ઊહને અંગે તાર્કિકો કહે છે કે વ્યાપ્તિને ગ્રહણ કરતી વખતે પ્રમાતા યોગી જેવો બની જાય છે. એથી ઊલટું, ઈહા કેવળ વર્તમાન અર્થોને જ જાણે છે અને તે પ્રત્યક્ષ પ્રમાણનો ભેદ છે તેથી પુનરુક્તિનો દોષ નથી.

101. ईहा च यद्यपि चेष्टोच्यते तथापि चेतनस्य सेति ज्ञानरूपैवेति युक्तं प्रत्यक्षभेदत्वमस्याः । न चानिर्णयरूपत्वादप्रमाणत्वमस्याः शङ्कनीयम्, स्वविषयनिर्णयरूपत्वात्, निर्णयान्तरासादृश्ये निर्णयान्तराणामप्यनिर्णयत्वप्रसङ्ग ॥२७॥

**ईहितविशेषनिर्णयोऽवायः ॥२८॥**

101. જો કે ઈહા ચેષ્ટા છે તેમ છતાં તે ચેતનની ચેષ્ટા હોવાથી જ્ઞાનરૂપ જ છે. એટલે ઈહાને પ્રત્યક્ષનો ભેદ કહેવો ઉચિત જ છે.

**શંકા** — ઈહા નિર્ણયરૂપ (નિશ્ચયરૂપ) ન હોવાથી તેને પ્રમાણ કેવી રીતે ગણી શકાય ?

**સમાધાન** — પોતાના વિષયમાં તો ઈહા નિર્ણયરૂપ જ છે. બીજા બધા નિર્ણયો જેવો ઈહારૂપ નિર્ણય ન હોવાથી ઈહાને જો અનિર્ણય ગણવામાં આવે તો બધા નિર્ણયો અનિર્ણય બની જાય (કારણ કે પ્રત્યેક નિર્ણય બીજા બાકીના નિર્ણયોથી જુદો (અસમાન) હોય છે). (૨૭)

**ઈહાએ ગ્રહણ કરેલા અર્થના વિશેષ ધર્મનો નિર્ણય (નિશ્ચય) અવાય છે. (૨૮)**

102. ईहाक्रोडीकृते वस्तुनि विशेषस्य 'शाङ्ख एवायं शब्दो न शार्ङ्गः' इत्येवंरूपस्यावधारणम् 'अवायः' ॥२८॥

**स्मृतिहेतुर्धारणा ॥२९॥**

102. ઈહાએ ગ્રહણ કરેલી વસ્તુના વિશેષ ધર્મનું, જેમ કે 'આ શબ્દ શંખનો જ છે, શૃંગનો નથી જ' આ પ્રકારનું અવધારણ અવાય છે. (૨૮)

**જે જ્ઞાન સ્મૃતિનું કારણ છે તે ધારણા છે. (૨૯)**

103. 'स्मृतेः' अतीतानुसन्धानरूपाया 'हेतुः' परिणामिकारणम्, संस्कार इति यावत्, सङ्ख्येयमसङ्ख्येयं वा कालं ज्ञानस्यावस्थानं 'धारणा' । अवग्रहादयस्तु त्रय आन्तर्मौहूर्त्तिकाः ।

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

103. સ્મૃતિ અતીતના અનુસંધાનરૂપ સ્વભાવવાળી હોય છે. સ્મૃતિનો જે હેતુ અર્થાત્ પરિણામિકારણ (= ઉપાદાનકારણ) છે તે સંસ્કાર છે. આ સંસ્કાર ધારણા છે. ધારણા સંખ્યાત યા અસંખ્યાત કાળ સુધી ટકી રહે છે. અવગ્રહ, ઈહા અને અવાય આ ત્રણ જ્ઞાનો અન્તર્મુહૂર્ત સુધી જ ટકે છે.

104. संस्कारस्य च प्रत्यक्षभेदरूपत्वात् ज्ञानत्वमुन्नेयम्, न पुनर्यथाहुः परे– "**ज्ञानादतिरिक्तो भावनाख्योऽयं संस्कारः**" इति ॥ अस्य ह्यज्ञानरूपत्वे ज्ञानरूपस्मृतिजनकत्वं न स्यात्, नहि सत्ता सत्तान्तरमनुविशति । अज्ञानरूपत्वे चास्यात्मधर्मत्वं न स्यात्, चेतनधर्मस्याचेतनत्वाभावात् ।

104. સંસ્કાર પ્રત્યક્ષજ્ઞાનનો ભેદ છે. તેથી સંસ્કાર જ્ઞાનસ્વભાવ જ છે. વૈશેષિકો કહે છે, "ભાવના નામનો સંસ્કાર જ્ઞાનથી ભિન્ન છે (અજ્ઞાનરૂપ છે)". તેમનું આ કથન બરાબર નથી. સંસ્કાર જો અજ્ઞાનસ્વભાવ હોય તો તે જ્ઞાનસ્વભાવ સ્મૃતિને ઉત્પન્ન ન કરી શકે, સ્મૃતિનું ઉપાદાનકારણ ન બની શકે. સમાનજાતિની વસ્તુ જ સમાનજાતિની વસ્તુને ઉત્પન્ન કરે છે, તેનું ઉપાદાનકારણ બને છે. એક જાતિની વસ્તુ અન્ય (અસમાન) જાતિની વસ્તુને ઉત્પન્ન કરતી નથી, તેનું ઉપાદાનકારણ બનતી નથી. વળી, સંસ્કારને અજ્ઞાનસ્વભાવ માનવામાં આવે તો તે જ્ઞાનસ્વભાવ આત્માનો ધર્મ ન ઘટી શકે, કારણ કે ચેતનનો ધર્મ અચેતનપણું (અજ્ઞાનપણું) હોય નહિ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

105. नन्वविच्युतिमपि धारणामन्वशिषन् वृद्धाः, यद्भाष्यकारः– "**अविच्चुई धारणा होइ**" [विशेषा. गा. १८०] तत्कथं स्मृतिहेतोरेव धारणात्वमसूत्रयः ? सत्यम्, अस्त्यविच्युतिर्नाम धारणा, किन्तु साऽवाय एवान्तर्भूतेति न पृथगुक्ता । अवाय एव हि दीर्घदीर्घोऽविच्युतिर्धारणेत्युच्यत इति । स्मृतिहेतुत्वाद्वाऽविच्युतिर्धारणयैव सङ्गृहीता । न ह्यवायमात्राद-विच्युतिरहितात् स्मृतिर्भवति, गच्छत्तृणस्पर्शप्रायाणमवायानां परिशीलन-विकलानां स्मृतिजनकत्वादर्शनात् । तस्मात् स्मृतिहेतू अविच्युतिसंस्कारा-वनेन सङ्गृहीतावित्यदोषः । यद्यपि स्मृतिरपि धारणाभेदत्वेन सिद्धान्तेऽ-भिहिता तथापि परोक्षप्रमाणभेदत्वादिह नोक्तेति सर्वमवदातम् ।

105. **શંકા** — પ્રાચીન આચાર્યોએ [અવાયની] અવિચ્યુતિને પણ ધારણા માની છે. અર્થાત્ અવાયના સતત લાંબા સમય સુધી ચાલુ રહેવાને પણ ધારણા માની છે, જેમ કે જિનભદ્રગણિ કહે છે, "[અવાયની] અવિચ્યુતિ ધારણા છે" [વિશેષાવશ્યક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાષ્ય, ગાથા ૧૮૦]. તો પછી આપે સૂત્રમાં સ્મૃતિના હેતુને જ ધારણા કેમ કહી છે ?

**સમાધાન** — તમારી વાત સાચી છે. [અવાયની] અવિચ્યુતિ ધારણા છે, પરંતુ તેનો સમાવેશ તો અવાયમાં જ થઈ જાય છે, એટલે તેનો અલગથી ઉલ્લેખ નથી કર્યો. અવાયજ્ઞાન જ એક વાર ઉત્પન્ન થયા પછી લાંબા વખત સુધી જ્યારે ચાલુ રહે છે ત્યારે તેનું આ લાંબા સમય સુધી ચાલુ રહેવું એ જ વિચ્યુતિ છે, અને આ અવિચ્યુતિ જ ધારણા કહેવાય છે, આમ અવાયની અંદર જ આ અવિચ્યુતિરૂપ ધારણાનો સમાવેશ થઈ જાય છે. અથવા એમ પણ કહી શકાય કે અવિચ્યુતિ પણ સ્મૃતિનું કારણ છે એટલે તેનો પણ સૂત્રગત 'ધારણા' પદથી સંગ્રહ થઈ જ જાય છે, અવિચ્યુતિ વિનાના અવાયમાત્રથી સ્મૃતિ ઉત્પન્ન થતી નથી. રસ્તે ચાલતાં તૃણનો સ્પર્શ થવાથી ઉત્પન્ન થઈ અત્યંત અલ્પકાળ અસ્તિત્વ ધરાવતાં જ્ઞાનો જેવાં પરિશીલનહીન અવાયજ્ઞાનો સ્મૃતિને ઉત્પન્ન કરતાં હોય એવું અનુભવ્યું નથી. તેથી 'સ્મૃતિહેતુ' પદથી અવિચ્યુતિ અને સંસ્કાર બન્ને સ્મૃતિહેતુઓનો સંગ્રહ થઈ જાય છે. આમ કોઈ દોષ કે બાધા આવતી નથી. જો કે જૈન સિદ્ધાન્તમાં સ્મૃતિને પણ ધારણા કહેવામાં આવી છે પરંતુ તે તો પરોક્ષ પ્રમાણનો એક ભેદ છે એટલે એનો ઉલ્લેખ કે સંગ્રહ કરવાની અહીં કોઈ આવશ્યકતા જ નથી. આમ અમે જે કહ્યું તે બધું નિર્દોષ છે.

106. इह च क्रमभाविनामप्यवग्रहादीनां कथञ्चिदेकत्वमवसेयम् । विरुद्धधर्माध्यासो ह्येकत्वप्रतिपत्तिपरिपन्थी । न चाऽसौ प्रमाणप्रतिपन्नेऽर्थे प्रत्यर्थितां भजते । अनुभूयते हि खलु हर्षविषादादिविरुद्धविवर्त्ताक्रान्तमेकं चैतन्यम् । विरुद्धधर्म्माध्यासाच्च बिभ्यद्भिरपि कथमेकं चित्रपटीज्ञानमेकानेकाकारोल्लेखशेखरमभ्युपगम्यते सौगतैः, चित्रं वा रूपं नैयायिकादिभिरिति ? ।

106. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા ક્રમથી ઉત્પન્ન થતાં હોવા છતાં તેમનો કથંચિત્ અભેદ છે. પરસ્પરવિરોધી ધર્મોનું હોવું એ એકત્વના જ્ઞાનમાં બાધક છે, એકત્વના જ્ઞાનનું વિરોધી છે. પરંતુ પ્રમાણસિદ્ધ અનેકાન્તાત્મક એક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ ધર્મોનું હોવું એ તે વસ્તુના એકત્વનું (કે એકત્વના જ્ઞાનનું) વિરોધી નથી. હર્ષ, વિષાદ વગેરે પરસ્પરવિરોધી પર્યાયોથી આક્રાન્ત એક ચૈતન્ય (આત્મા) સૌને અનુભવાય છે. તો પછી એક વસ્તુમાં અનેક વિરુદ્ધ ધર્મોથી ડરતા બૌદ્ધોએ (વિજ્ઞાનવાદીઓએ) નીલ, પીત, આદિ અનેક આકારોવાળું એક ચિત્રવિજ્ઞાન કેમ સ્વીકાર્યું છે ? તથા નૈયાયિકોએ નીલ, પીત, આદિ અનેક રૂપોવાળું એક (બાહ્ય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્રરૂપ કેમ સ્વીકાર્યું છે ?

107. नैयायिकास्तु– "**इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्**" [न्या. १.१. ४.] इति प्रत्यक्षलक्षणमाचक्षते । अत्र च पूर्वाचार्यकृतव्याख्यावैमुख्येन सङ्ख्यावद्भिस्त्रिलोचनवाचस्पतिप्रमुखैरयमर्थः समर्थितो यथा–इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यभिचारि प्रत्यक्षमित्येव प्रत्यक्षलक्षणम् । 'यतः'शब्दाध्याहारेण च यत्तदोर्नित्याभिसम्बन्धादुक्तविशेषणविशिष्टं ज्ञानं यतो भवति तत् तथाविधज्ञानसाधनं ज्ञानरूपमज्ञानरूपं वा प्रत्यक्षं प्रमाणमिति । अस्य च फलभूतस्य ज्ञानस्य द्वयी गतिरविकल्पं सविकल्पं च । तयोरुभयोरपि प्रमाणरूपत्वमभिधातुं विभागवचनमेतद् 'अव्यपदेश्यं व्यवसायात्मकम्' इति ।

107. નૈયાયિકોએ પ્રત્યક્ષનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે, "ઇન્દ્રિય અને અર્થના સન્નિકર્ષથી ઉત્પન્ન, અવ્યપદેશ્ય, અવ્યભિચારી અને વ્યવસાયાત્મક જ્ઞાન પ્રત્યક્ષ છે" [ન્યાયસૂત્ર ૧.૧.૪]. આ સૂત્રની પૂર્વાચાર્યોએ કરેલી વ્યાખ્યાથી મોઢું ફેરવી લઈ વિદ્વાન ત્રિલોચન, વાચસ્પતિ વગેરેએ સૂત્રના આ નીચે જણાવેલા અર્થનું સમર્થન કર્યું છે : 'ઇન્દ્રિય અને અર્થના સન્નિકર્ષથી ઉત્પન્ન અવ્યભિચારી જ્ઞાન પ્રત્યક્ષ છે' આટલું જ પ્રત્યક્ષલક્ષણ છે. 'જેનાથી (यतः)' શબ્દનો અધ્યાહાર સમજવાનો છે. વળી, 'જે' 'તે' આ બે શબ્દનો નિત્ય સંબંધ છે. [અર્થાત્ 'જે' શબ્દ કે તેનાં રૂપોનો પ્રયોગ થયો હોય ત્યાં 'તે' શબ્દ કે તેનાં રૂપોનો પ્રયોગ પણ થાય છે. ઉદાહરણાર્થ, 'જે ફરે તે ચરે', 'વસ્તુ જેનાથી ઉત્પન્ન થાય તે (વસ્તુનું) કારણ કહેવાય', ઇત્યાદિ.] આ નિયમ અનુસાર પ્રત્યક્ષના આ લક્ષણનો અર્થ થશે — નિર્દિષ્ટ વિશેષણોવાળું જ્ઞાન જેનાથી ઉત્પન્ન થાય છે તે તે જ્ઞાનનું સાધન (કરણ), ભલે તે સાધન જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય, પ્રત્યક્ષ પ્રમાણ છે. તે પ્રમાણના ફલભૂત જ્ઞાન બે પ્રકારનું છે — અવિકલ્પ (અવ્યપદેશ્ય) અને સવિકલ્પ (વ્યવસાયાત્મક). તે બન્નેનું પણ પ્રમાણપણું જણાવવા સૂત્રનો બાકીનો ભાગ 'અવ્યપદેશ્ય અને વ્યવસાયાત્મક' એ વિભાગવચન છે. [પૂર્વાચાર્યોએ આખા સૂત્રને લક્ષણવચન ગણ્યું છે. પરંતુ ત્રિલોચન, વાચસ્પતિ આ પ્રાચીન પરંપરાને તોડી આખા સૂત્રને લક્ષણસૂત્ર ગણતા નથી. તેમણે સૂત્રના બે ટુકડા કર્યા. પહેલો ટુકડો લક્ષણવચન છે અને બાકીનો બીજો ટુકડો વિભાગવચન છે. જેઓ આખા સૂત્રને લક્ષણવચન ગણે છે તે પૂર્વાચાર્યો 'અવ્યપદેશ્ય' પદનો અર્થ આ પ્રમાણે કરે છે — જે વ્યપદેશથી(શબ્દથી) જન્ય નથી કે જે વ્યપદેશનો (શબ્દનો) વિષય નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે. એવાં જ્ઞાનો છે જે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્ન હોવા સાથે શબ્દોત્પન્ન પણ છે અર્થાત્ ઉભયજ છે તેમજ એવાં જ્ઞાનો પણ છે જે ઇન્દ્રિયાર્થસન્નિકર્ષોત્પન્ન હોવા સાથે શબ્દનો (શાબ્દજ્ઞાનનો) વિષય બનેલાં છે; આવાં બધાં જ્ઞાનોને વ્યાવૃત્ત કરવાના પ્રયોજનથી સૂત્રમાં 'અવ્યપદેશ્ય' પદ મૂક્યું છે. આ પૂર્વાચાર્યોની પરંપરાને તોડનારા ત્રિલોચન, વાચસ્પતિ વગેરેએ 'અવ્યપદેશ્ય'નો અર્થ કર્યો 'શબ્દસંસર્ગરહિત' (અર્થાત્ નિશ્ચયરહિત, નિર્વિકલ્પ). વળી, 'यतः' શબ્દનો અધ્યાહાર કરી ઇન્દ્રિયાર્થસન્નિકર્ષને પ્રમાણ તરીકે સમજાવવાનું અર્થઘટન પણ તેમણે જ કર્યું છે.]

108. तत्रोभयरूपस्यापि ज्ञानस्य प्रामाण्यमुपेक्ष्य 'यतः'शब्दाध्याहार-क्लेशेनाऽज्ञानरूपस्य सन्निकर्षादेः प्रामाण्यसमर्थनमयुक्तम्। कथं ह्यज्ञानरूपाः सन्निकर्षादयोऽर्थपरिच्छित्तौ साधकतमा भवन्ति व्यभिचारात् ?, सत्यपीन्द्रि-यार्थसन्निकर्षेऽर्थोपलब्धेरभावात् । ज्ञाने सत्येव भावात्, साधकतमं हि करणमव्यवहितफलं च तदिति ।

108. બન્ને પ્રકારના જ્ઞાનોની પ્રમાણતાની ઉપેક્ષા કરીને 'यतः' શબ્દના અધ્યાહારની ક્લિષ્ટકલ્પના દ્વારા અજ્ઞાનરૂપ સન્નિકર્ષ વગેરેની પ્રમાણતાનું સમર્થન કરવું યોગ્ય નથી. અજ્ઞાનરૂપ સન્નિકર્ષ વગેરે અર્થજ્ઞાનોત્પત્તિમાં સાધકતમ કારણ કેવી રીતે ઘટી શકે? ન જ ઘટે, કારણ કે તેમાં વ્યભિચાર દેખાય છે. વ્યભિચાર આ છે — ઇન્દ્રિયનો અર્થ સાથે સન્નિકર્ષ થવા છતાં પણ અર્થજ્ઞાન થતું નથી, જ્ઞાનના હોતાં અર્થજ્ઞાન થાય છે. કાર્યની ઉત્પત્તિમાં જે સાધકતમ કારણ હોય તે જ કરણ કહેવાય છે અને તેનાથી કાલના વ્યવધાન વિના તત્કાલ જ કાર્ય ઉત્પન્ન થાય છે.

109. सन्निकर्षोऽपि यदि योग्यतातिरिक्तः संयोगादिसम्बन्धस्तर्हि स चक्षुषोऽर्थेन सह नास्ति अप्राप्यकारित्वात्तस्य । दृश्यते हि काचाभ्रस्फटिका-दिव्यवहितस्याप्यर्थस्य चक्षुषोपलब्धिः । अथ प्राप्यकारि चक्षुः करणत्वाद्वा-स्यादिवदिति ब्रूषे; तर्ह्ययस्कान्ताकर्षणोपलेन लोहासन्निकृष्टेन व्यभिचारः । न च संयुक्तसंयोगादिः सन्निकर्षस्तत्र कल्पयितुं शक्यते, अतिप्रसङ्गादिति।

109. [સન્નિકર્ષ જો યોગ્યતાથી ભિન્ન ન હોય તો જ બધી ઇન્દ્રિયોની બાબતમાં ઘટે. પરંતુ] સન્નિકર્ષ જો યોગ્યતાથી ભિન્ન સંયોગ આદિ સંબંધ હોય તો ચક્ષુનો તે સન્નિકર્ષ અર્થની સાથે તો છે જ નહિ કારણ કે ચક્ષુ અપ્રાપ્યકારી છે, અર્થાત્ રૂપની સાથે સંયોગમાં આવ્યા વિના જ ચક્ષુ રૂપને જાણે છે. કાચ, સ્ફટિક આદિથી વ્યવહિત અર્થને પણ ચક્ષુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખે છે એ આપણે અનુભવ્યું છે.

**શંકા** — ચક્ષુ પ્રાપ્યકારી છે કારણ કે તે કરણ છે અને જે કરણ હોય તે પ્રાપ્યકારી જ હોય, જેમ કે વાંસલો.

**સમાધાન** — લોહચુંબક લોઢા સાથે સન્નિકૃષ્ટ ન હોવા છતાં લોઢાના આકર્ષણમાં કરણ છે. તેથી ઉપરના અનુમાનમાં આપેલો 'કરણ' હેતુ વ્યભિચારી છે. જો કહેવામાં આવે કે લોહચુંબકનો લોઢા સાથે સંયોગરૂપ સન્નિકર્ષસંબંધ નથી પરંતુ સંયુક્તસંયોગરૂપ સન્નિકર્ષસંબંધ છે, અર્થાત્ લોઢાથી સંયુક્ત પૃથ્વી સાથે લોહચુંબકનો સંયોગ છે જ, તો આમ કહેવું યોગ્ય નથી. એવું માનતાં અતિપ્રસંગદોષ આવે, અર્થાત્ ગમે તેનો ગમે તેની સાથે સન્નિકર્ષ ઘટે અને એવી સ્થિતિમાં કોઈ નિશ્ચિત વ્યવસ્થા જ નહિ રહે.

110. सौगतास्तु **"प्रत्यक्षं कल्पनापोढमभ्रान्तम्"** [न्यायबि. १.४] इति लक्षणमवोचन् । **"अभिलापसंसर्गयोग्यप्रतिभासा प्रतीतिः कल्पना तया रहितम्"**- [न्यायबि. १.५,६] कल्पनापोढम् इति । एतच्च व्यवहारानुपयोगित्वात्प्रमाणस्य लक्षणमनुपपन्नम्, तथाहि एतस्माद्विनिश्चित्यार्थमर्थक्रियार्थिनस्तत्समर्थेऽर्थे प्रवर्तमाना विसंवादभाजो मा भूवन्निति प्रमाणस्य लक्षणपरीक्षायां प्रवर्तन्ते परीक्षकाः । व्यवहारानुपयोगिनश्च तस्य वायससदसद्दशनपरीक्षायामिव निष्फलः परिश्रमः । निर्विकल्पोत्तरकालभाविनः सविकल्पकात्तु व्यवहारोपगमे वरं तस्यैव प्रामाण्यमास्थेयम्, किमविकल्पकेन शिखण्डिनेति ? ।

110. બૌદ્ધો પ્રત્યક્ષનું લક્ષણ આ પ્રમાણે આપે છે— "જે જ્ઞાન કલ્પનારહિત અને અભ્રાન્ત છે તે પ્રત્યક્ષ છે" [ન્યાયબિન્દુ, ૧.૪]. "શબ્દસંસર્ગની યોગ્યતાવાળું જ્ઞાન કલ્પના છે, આવી કલ્પનાથી રહિત" [ન્યાયબિન્દુ ૧. ૫-૬]. ન્યાયબિન્દુના લક્ષણસૂત્ર(૧.૪)માં 'કલ્પનાપોઢ' શબ્દ છે, તેનો અર્થ છે કલ્પનારહિત. [શબ્દસંસર્ગયોગ્ય જ્ઞાન કલ્પના છે. 'યોગ્ય' શબ્દ એટલા માટે મૂક્યો છે કે જેથી બાલકનું નિશ્ચયાત્મક જ્ઞાન કે સંકેતસંબંધથી અજ્ઞાત વ્યક્તિનું નિશ્ચયાત્મક જ્ઞાન પણ સંગૃહીત થઈ જાય. બાલકનું નિશ્ચયરૂપ જ્ઞાન કે સંકેતસંબંધથી અજ્ઞાત વ્યક્તિનું નિશ્ચયરૂપ જ્ઞાન શબ્દસંસર્ગથી રહિત હોવા છતાં શબ્દસંસર્ગની યોગ્યતા ધરાવે છે. બાળકને પણ નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે. બાળક પણ જ્યાં સુધી વર્તમાનમાં તેને દેખાતા સ્તનને 'આ પેલું છે' એમ પૂર્વદૃષ્ટ સ્તન સાથે એક કરતું નથી, અનુસંધાન કરી જોડતું નથી ત્યાં સુધી રડતું છાનું રહેતું નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ જેવું તે વર્તમાનમાં દેખાતાને પૂર્વદૃષ્ટ સાથે એક કરે છે કે તરત જ તે રડતું છાનું રહી જાય છે. નિશ્ચય, કલ્પના કે વિકલ્પનો સ્વભાવ તો વર્તમાન અનુભવને પૂર્વાનુભવ સાથે એક કરવાનો છે અને શબ્દસંસર્ગ તો કેવળ તેને સૂચવતું ચિહ્ન છે જે હોય પણ ખરું અને ન પણ હોય. એટલે જેઓ માને છે કે બાળકને નિશ્ચયાત્મક જ્ઞાન હોતું નથી તે બરાબર નથી. શબ્દસંસર્ગરહિત જ્ઞાન હોય તે અનિશ્ચયાત્મક જ હોય, નિર્વિકલ્પક જ હોય અને નિર્વિચાર જ હોય એ માન્યતા બરાબર નથી . હકીકતમાં શબ્દસંસર્ગયોગ્યતા-રહિત જ્ઞાન જ અનિશ્ચયાત્મક હોય, નિર્વિકલ્પક હોય, નિર્વિચાર હોય. નિષ્કર્ષ એ કે બધાં જ નિશ્ચયાત્મક યા સવિકલ્પક યા સવિચાર જ્ઞાનોનું સત્ત્વ, સારતત્ત્વ, સ્વરૂપ યા વૈલક્ષણ્ય કલ્પના યા શબ્દસંસર્ગયોગ્યતા યા પૂર્વાપરપરામર્શ છે. અર્થાત્ જ જે જ્ઞાનમાં કલ્પના યા શબ્દસસંર્ગયોગ્યતા યા પૂર્વાપરપરામર્શ ન હોય તે જ્ઞાન નિર્વિકલ્પ યા નિર્વિચાર યા અનધ્યવસાયરૂપ જ હોય. આમ એ સ્પષ્ટ છે કે બૌદ્ધ પ્રત્યક્ષ નિર્વિકલ્પ છે, વિચારશૂન્ય છે, અનધ્યવસાયરૂપ છે.] બૌદ્ધસમ્મત પ્રત્યક્ષ નિર્વિકલ્પ યા અનધ્યવસાયરૂપ હોઈ વ્યવહારમાં ઉપયોગી નથી, તે પ્રમાતાને પ્રવૃત્ત કરતું નથી. તેથી તેની બાબતમાં પ્રમાણનું બૌદ્ધોએ આપેલું લક્ષણ ઘટતું નથી. [બૌદ્ધ મતે જે જ્ઞાન અવિસંવાદી હોય તે પ્રમાણ છે. પ્રમાતાને જલનું ચાક્ષુષ જ્ઞાન થાય છે, પ્રમાતા પોતાની તૃષા શમાવવા તે દૃષ્ટ જલને મેળવવા પ્રવૃત્તિ કરે છે, પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત અર્થથી તે તૃષાશમન કરે છે, માટે તે પ્રમાણ છે પરંતુ જો પ્રાપ્ત અર્થથી તૃષાશમન શક્ય ન હોય તો તે જ્ઞાન અપ્રમાણ છે. સંક્ષેપમાં, જે જ્ઞાન પ્રવૃત્તિ સાથે અવિસંવાદી છે અર્થાત્ જે જ્ઞાન સફળ પ્રવૃત્તિનું જનક છે તે જ્ઞાન પ્રમાણ છે. નિર્વિકલ્પ યા અનધ્યવસાયરૂપ જ્ઞાન તો પ્રમાતાની પ્રવૃત્તિનું જનક જ બનવા સમર્થ નથી તો પછી તેના સફળ પ્રવૃત્તિના જનક હોવાની વાત જ શી ! એટલે તે પ્રમાણ નથી જ. આમ બૌદ્ધો જેને પ્રત્યક્ષ પ્રમાણ તરીકે સ્વીકારે છે તે પ્રમાણ જ નથી.] પ્રત્યક્ષ જ્ઞાન પછી અર્થનો નિશ્ચય કરીને તે અર્થને યોગ્ય અર્થક્રિયાના (તૃષાશમન, દાહશમન, ઈત્યાદિરૂપ અર્થક્રિયાના) ઇચ્છુક પ્રમાતાઓ તે અર્થક્રિયા માટે સમર્થ તે અર્થને પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરે છે, આવી પ્રવૃત્તિ કરતા તે પ્રમાતાઓ વિસંવાદને (નિષ્ફળતાને) ન પામે એટલા માટે બુદ્ધિમાન પરીક્ષકો પ્રમાણનાં લક્ષણોની પરીક્ષા કરે છે. વ્યવહારાનુપયોગી બૌદ્ધસમ્મત પ્રત્યક્ષના લક્ષણની પરીક્ષા કરવાનો પરિશ્રમ એ તો કાગડાના દાંતની પરીક્ષા કરવાના પરિશ્રમ જેવો નિરર્થક છે. ઉપરના આક્ષેપથી બચવા બૌદ્ધે એવું સ્વીકાર્યું છે કે નિર્વિકલ્પક ઐન્દ્રિયક જ્ઞાન પછી તરત ઉત્પન્ન થનારા સવિકલ્પક જ્ઞાનથી વ્યવહાર ઘટે છે. [બૌદ્ધ તાર્કિક કહે છે કે જે નિર્વિકલ્પક ઐન્દ્રિયક જ્ઞાન પોતાના પછી તરત સફળ પ્રવૃત્તિના જનક (અર્થાત્ અવિસંવાદી) સવિકલ્પક જ્ઞાનને ઉત્પન્ન કરે છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે.] આવું માનવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં તો પેલા સવિકલ્પક જ્ઞાનને જ પ્રત્યક્ષ પ્રમાણ માનવું વધારે સારું છે, વધુ યોગ્ય છે, શિખંડી જેવા નિરર્થક નિર્વિકલ્પ જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણ માનવાની શી જરૂર છે?

111. जैमिनीयास्तु धर्मं प्रति अनिमित्तत्वव्याजेन "**सत्सम्प्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म तत् प्रत्यक्षमनिमित्तं विद्यमानोपलम्भनत्वात्**" [जैमि. १.१.४] इत्यनुवादभङ्ग्या प्रत्यक्षलक्षणमाचक्षते, यदाहुः—

"**एवं सत्यनुवादित्वं लक्षणस्यापि सम्भवेत् ।**" [श्लोकवा. सू. ४.३९] इति । व्याचक्षते च-इन्द्रियाणां सम्प्रयोगे सति पुरुषस्य जायमाना बुद्धिः प्रत्यक्षमिति ।

111. પ્રત્યક્ષ ધર્મને જાણવાનું સાધન (પ્રમાણ) નથી એ કહેવાના બહાને પ્રત્યક્ષનું લક્ષણ જૈમિનિના અનુયાયીઓએ (મીમાંસકોએ) આ પ્રમાણે આપ્યું છે— "અર્થ સાથે ઇન્દ્રિયોનો સંપ્રયોગ સંબંધ થતાં આત્માને જે જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષ છે જે ધર્મને જાણવાનું સાધન (પ્રમાણ) નથી કારણ કે તે વર્તમાન અર્થોને (વસ્તુઓને) જ જાણે છે" [જૈમિનિસૂત્ર, ૧.૧.૪]. આ પ્રત્યક્ષલક્ષણ તો જે પ્રસિદ્ધ છે તેનું પુનઃ કથનમાત્ર છે. કુમારિલે કહ્યું પણ છે, "આમ હોવાથી, પ્રત્યક્ષલક્ષણ પણ જે પ્રસિદ્ધ છે તેનું પુનઃ કથનમાત્ર સંભવે." [શ્લોકવાર્તિક સૂત્ર ૪.૯]. અને કુમારિલ જૈમિનિસૂત્રને સમજાવતાં કહે છે, "ઇન્દ્રિયોનો (અર્થ સાથે) સમ્પ્રયોગ થતાં (સતિ) પુરુષમાં જન્મતું જ્ઞાન પ્રત્યક્ષ છે."

112. अत्र संशयविपर्ययबुद्धिजन्मनोऽपीन्द्रियसंप्रयोगे सति प्रत्यक्षत्वप्रसङ्गादतिव्याप्तिः । अथ 'सत्सम्प्रयोग' इति सता सम्प्रयोग इति व्याख्यायते तर्हि निरालम्बनविभ्रमा एवार्थनिरपेक्षजन्मानो निरस्ता भवेयुर्न सालम्बनौ संशयविपर्ययौ । अथ सति सम्प्रयोग इति सत्सप्तमीपक्ष एव न त्यज्यते संशयविपर्ययनिरासाय च 'सम्प्रयोग' इत्यत्र 'सम्' इत्युपसर्गो वर्ण्यते, यदाह—

"**सम्यगर्थे च संशब्दो दुष्प्रयोगनिवारणः ।**
**दुष्टत्वाच्छुक्तिकायोगो वार्यते रजतेक्षणात् ॥**"

[श्लोकवा.सू.४. ३८-९]

इति; तथापि प्रयोगसम्यक्त्वस्यातीन्द्रियत्वेन प्रत्यक्षानवगम्यत्वात्कार्यतो-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ऽवगतिर्वक्तव्या । कार्यं च ज्ञानम् न च तदविशेषितमेव प्रयोगसम्यक्त्वाव-गमनायालम् । न च तद्विशेषणपरमपरमिह पदमस्ति । सता सम्प्रयोग इति च वरं निरालम्बनविज्ञाननिवृत्तये, 'सति' इति तु सप्तम्यैव गतार्थत्वादनर्थकम्।

112. આ પ્રત્યક્ષલક્ષણ અતિવ્યાપ્તિદોષવાળું છે કારણ કે ઇન્દ્રિયનો (અર્થ સાથે) સંપ્રયોગસંબંધ થતાં તો સંશયરૂપ અને વિપર્યયરૂપ જ્ઞાનો પણ ઉત્પન્ન થાય છે. હવે જો 'सत्सम्प्रयोगे' નો અર્થ 'सति सम्प्रयोगे (સમ્પ્રયોગ થતાં)' એવો ન કરતાં 'सता सम्प्रयोगे (સત્ સાથે સમ્પ્રયોગ થતાં)' એવો કરવામાં આવે તો જે અર્થની અપેક્ષા રાખ્યા વિના જ ઉત્પન્ન થાય છે તે નિરાલંબન ભ્રાન્ત જ્ઞાનો જ વ્યાવૃત્ત થશે પરંતુ અર્થને વિષય કરનારા સાલંબન સંશયરૂપ અને વિપર્યયરૂપ જ્ઞાનો તો વ્યાવૃત્ત નહિ થાય, એટલે અતિવ્યાપ્તિદોષ એમનો એમ જ રહેશે.

**મીમાંસક** — અમે 'सत्सम्प्रयोगे'ની વ્યાખ્યા કરવામાં 'सति सम्प्रयोगे (સમ્પ્રયોગ થતાં)' એ સતિસપ્તમીનો પક્ષ છોડતાં નથી પરંતુ સંશય અને વિપર્યયની વ્યાવૃત્તિ કરવા માટે 'સમ્પ્રયોગ' શબ્દમાં જે 'સમ્' ઉપસર્ગ છે તેનો ઉપયોગ કરીએ છીએ. અમારા કુમારિલ ભટ્ટે કહ્યું પણ છે, " 'સમ્' શબ્દનો અર્થ સમ્યક્ છે, એટલે 'સમ્' શબ્દ અસમ્યક્ અર્થાત્ દુષ્ટ (દોષવાળા) પ્રયોગને (સંયોગને) વ્યાવૃત્ત કરે છે. ઉદાહરણાર્થ, જો છીપ સાથે ચક્ષુરિન્દ્રિયનો પ્રયોગ (સંયોગ) થતાં રજતનું જ્ઞાન થાય તો તે પ્રયોગ સમ્ (સમ્યક્) ન ગણાય પણ દુષ્ટ ગણાય (કારણ કે અહીં પ્રયોગ અન્ય સાથે થાય છે અને જ્ઞાન અન્યનું થાય છે). [આવા દુષ્ટ પ્રયોગથી જન્ય જ્ઞાનોની વ્યાવૃત્તિ 'સમ્પ્રયોગ' શબ્દથી થઈ જાય છે.]

**હેમચન્દ્રાચાર્ય** — આમ તમે માનો તો પણ આપત્તિ ટળતી નથી. પ્રયોગનું સમ્યક્પણું (અદોષપણું) અતીન્દ્રિય હોવાથી પ્રત્યક્ષ દ્વારા તો જાણી શકાશે નહિ. એટલે તેના દ્વારા જન્ય કાર્ય ઉપરથી તેના સમ્યક્પણાનું જ્ઞાન અનુમાનથી થાય છે એમ તમારે કહેવું પડશે. પ્રયોગનું કાર્ય છે જ્ઞાન. વિશેષતારહિત એવું જ્ઞાનસામાન્ય તો પ્રયોગના સમ્યક્ત્વનું જ્ઞાન કરાવવા સમર્થ નથી. અને પ્રયોગજન્ય જ્ઞાનની (બુદ્ધિની) વિશેષતા જણાવતું કોઈ વિશેષણ તો તમે લક્ષણમાં આપ્યું નથી. વળી 'सत्सम्प्रयोगे'ની વ્યાખ્યા 'सति सम्प्रयोगे' સતિસપ્તમીના રૂપમાં કરવા કરતાં તો 'सता सम्प्रयोगे' કરવી વધુ સારી છે, કારણ કે તેમ કરવાથી નિરાલંબન જ્ઞાનોની વ્યાવૃત્તિ થઈ જાય છે અને 'सति' નો અર્થ તો 'सम्प्रयोगे'ની સપ્તમી વિભક્તિ દ્વારા જ મળી જાય છે. એટલે 'सति सम्प्रयोगे' એમ વ્યાખ્યા કરવી નિરર્થક છે.

113. येऽपि **"तत्संप्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म सत्प्रत्यक्षं**

**यद्विषयं ज्ञानं तेन सम्प्रयोगे इन्द्रियाणां पुरुषस्य बुद्धिजन्म सत्प्रत्यक्षं यदन्यविषयं ज्ञानमन्यसम्प्रयोगे भवति न तत्प्रत्यक्षम् ।"** [शाबरभा. १.१.५] इत्येवं तत्सतोर्व्यत्ययेन लक्षणमनवद्यमित्याहुः, तेषामपि क्लिष्टकल्पनैव, संशयज्ञानेन व्यभिचारानिवृत्तेः । तत्र हि यद्विषयं ज्ञानं तेन सम्प्रयोग इन्द्रियाणामस्त्येव । यद्यपि चोभयविषयं संशयज्ञानं तथापि तयोरन्यतरेणेन्द्रियं संयुक्तमेव उभयावमर्शित्वाच्च संशयस्य येन संयुक्तं चक्षुस्तद्विषयमपि तज्ज्ञानं भवत्येवेति नातिव्याप्तिपरिहारः । अव्याप्तिश्च चाक्षुषज्ञानस्येन्द्रियसम्प्रयोगजत्वाभावात् । अप्राप्यकारि च चक्षुरित्युक्तप्रायम् ।

113. કેટલાક મીમાંસકો જૈમિનિસૂત્રગત પ્રત્યક્ષલક્ષણમાં આવેલા 'સત્' 'તત્' શબ્દોનો વ્યત્યય (એકબીજાના સ્થાનની અદલાબદલી) કરીને તે પ્રત્યક્ષલક્ષણને નિર્દોષ દર્શાવે છે. તેઓ જૈમિનિસૂત્રગત પ્રત્યક્ષલક્ષણને આ પ્રમાણે સમજાવે છે — "જેનું પુરુષને જ્ઞાન થાય તેની જ સાથે ઇન્દ્રિયોનો સંપ્રયોગ થતાં થનારું તે જ્ઞાન સાચું (પ્રમાણરૂપ) પ્રત્યક્ષ છે. અન્ય વિષયનું જે જ્ઞાન અન્યની સાથે ઇન્દ્રિયોનો સંપ્રયોગ થતાં થાય તે (સાચું, પ્રમાણરૂપ) પ્રત્યક્ષ નથી" [શાબરભાષ્ય, ૧.૧.૫.]. પરંતુ તે મીમાંસકોનું આ કથન પણ ક્લિષ્ટકલ્પના જ છે, કારણ કે આવી કલ્પના કરવા છતાં તેમનું પ્રત્યક્ષલક્ષણ વ્યભિચારદોષની બચતું નથી, તેમનું પ્રત્યક્ષલક્ષણ સંશયને પણ લાગુ પડે છે, એટલે સંશય પણ પ્રત્યક્ષપ્રમાણ બની જાય. સંશયજ્ઞાન પણ તે વસ્તુનું થાય છે જે વસ્તુ સાથે ઇન્દ્રિયનો સંપ્રયોગ થાય છે જ. જો કે સંશયજ્ઞાન બે વસ્તુઓને વિષય કરે છે તેમ છતાં તે બેમાંથી એકની સાથે ઇન્દ્રિયનો સંપ્રયોગ હોય છે જ. સંશયમાં વિકલ્પરૂપે બેનું જ્ઞાન હોય છે પરંતુ તે બેમાંથી જેની સાથે ચક્ષુ સંયુક્ત હોય છે તે વિષયનું પણ તે જ્ઞાન હોય છે જ, તેથી પ્રત્યક્ષલક્ષણ સંશયને પણ લાગુ પડે છે, પરિણામે મીમાંસકોનું પ્રસ્તુત પ્રત્યક્ષલક્ષણ અતિવ્યાપ્તિદોષથી દૂષિત છે. વળી, મીમાંસકોનું આ પ્રત્યક્ષલક્ષણ અવ્યાપ્તિદોષથી પણ દૂષિત છે કારણ કે તે ચાક્ષુષ પ્રત્યક્ષને લાગુ પડતું નથી. ચાક્ષુષ પ્રત્યક્ષ ઇન્દ્રિયાર્થસંયોગથી ઉત્પન્ન થતું નથી. ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે એ વાત અમે પહેલાં કહી ગયા છીએ.

114. **"श्रोत्रादिवृत्तिरविकल्पिका प्रत्यक्षम्"** इति वृद्धसाङ्ख्याः । अत्र श्रोत्रादीनामचेतनत्वात्तद्वृत्तेः सुतरामचैतन्यमिति कथं प्रमाणत्वम् ? । चेतनसंसर्गात्तच्चैतन्याभ्युपगमे वरं चित एव प्रामाण्यमभ्युपगन्तुं युक्तम् । न चाविकल्पकत्वे प्रामाण्यमस्तीति यत्किञ्चिदेतत् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

114. પ્રાચીન સાંખ્યાચાર્યોનો મત છે કે શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોનો નિર્વિકલ્પક વ્યાપાર (વૃત્તિ) પ્રત્યક્ષ પ્રમાણ છે. પરંતુ શ્રોત્ર વગેરે ઇન્દ્રિયો તો અચેતન છે, એટલે તેમનો વ્યાપાર પણ અચેતન જ હોય, તો પછી તે પ્રમાણ કેવી રીતે ઘટી શકે ? જો તમે સાંખ્યો ચેતનના સંસર્ગને કારણે તેને ચેતન માનતા હો તો તેનાથી વધુ સારું તો એ છે કે તમે ચિત્‌નું (જ્ઞાનનું) જ પ્રામાણ્ય સ્વીકારો, તે જ યોગ્ય છે. અને એ તો અમે પહેલાં સ્પષ્ટ કરી દીધું જ છે કે નિર્વિકલ્પક જ્ઞાન પ્રમાણ હોઈ શકે જ નહિ, કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન વ્યવહારોપયોગી છે જ નહિ, તે પુરુષની પ્રવૃત્તિનું જનક નથી.

115. "**प्रतिविषयाध्यवसायो दृष्टम्**" [सां. का. ५] इति प्रत्यक्षलक्षण-मितीश्वरकृष्णः । तदप्यनुमानेन व्यभिचारित्वादलक्षणम् । अथ 'प्रतिः' आभिमुख्ये वर्तते तेनाभिमुख्येन विषयाध्यवसायः प्रत्यक्षमित्युच्यते; तदप्यनुमानेन तुल्यम् घटोऽयमितिवदयं पर्वतोऽग्निमानित्याभिमुख्येन प्रतीतेः। अथ अनुमानादिविलक्षणो अभिमुखोऽध्यवसायः प्रत्यक्षम्; तर्हि प्रत्यक्षलक्षणमकरणीयमेव शब्दानुमानलक्षणविलक्षणतयैव तत्सिद्धेः ।

115. "નિયત વિષયનો નિશ્ચય પ્રત્યક્ષ છે" [સાંખ્યકારિકા, ૫] એ પ્રત્યક્ષલક્ષણ સાંખ્યાચાર્ય ઈશ્વરકૃષ્ણે આપ્યું છે. પરંતુ તે લક્ષણ પણ અનુમાનથી વ્યભિચરિત છે અર્થાત્ તે લક્ષણ તો અનુમાનને પણ લાગુ પડે છ [કારણ કે અનુમાન પણ નિયત વિષયનો નિશ્ચય કરે છે. આમ આ પ્રત્યક્ષલક્ષણ અતિવ્યાપ્તિદોષથી દૂષિત છે.]

**સાંખ્યાચાર્ય** — અહીં 'પ્રતિ'નો અર્થ આભિમુખ્ય છે. તેથી 'આ' એવા આકારવાળા આભિમુખ્યના રૂપમાં થતો વિષયનો અધ્યવસાય પ્રત્યક્ષ છે એમ અમે કહીએ છીએ.

**હેમચન્દ્રાચાર્ય** — તેવું આભિમુખ્ય તો પ્રત્યક્ષની જેમ અનુમાન વગેરેમાં પણ છે કારણ કે **'આ ઘટ છે'** એ જ્ઞાનની જેમ **'આ પર્વત અગ્નિમાન છે'** એ જ્ઞાન પણ આભિમુખ્યના રૂપમાં જ થાય છે.

**સાંખ્યાચાર્ય** — અનુમાન વગેરેથી વિલક્ષણ એવો અભિમુખ અધ્યવસાય પ્રત્યક્ષ છે. [આમ કહેવાથી પ્રત્યક્ષલક્ષણ અનુમાનને લાગુ નહિ પડે અને અતિવ્યાપ્તિદોષરહિત નિર્દોષ બની જશે.]

**હેમચન્દ્રાચાર્ય** — એમ હોય તો પ્રત્યક્ષનું લક્ષણ કરવાની શી જરૂરત છે, કારણ કે અનુમાનલક્ષણ અને આગમ(શબ્દ)લક્ષણથી વિલક્ષણ હોવાથી જ પ્રત્યક્ષલક્ષણની સિદ્ધિ થઈ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

116. ततश्च परकीयलक्षणानां दुष्टत्वादिदमेव 'विशदः प्रत्यक्षम्' इति प्रत्यक्षलक्षणमनवद्यम् ॥२९॥

116. અને તેથી બીજાનાં પ્રત્યક્ષલક્ષણો દૂષિત હોવાના કારણે 'વિશદ સમ્યક્ અર્થનિર્ણય પ્રત્યક્ષ છે' એ લક્ષણ જ નિર્દોષ ઠરે છે. (૨૯)

117. प्रमाणविषयफलप्रमातृरूपेषु चतुर्षु विधिषु तत्त्वं परिसमाप्यत इति विषयादिलक्षणमन्तरेण प्रमाणलक्षणमसम्पूर्णमिति विषयं लक्षयति—

**प्रमाणस्य विषयो द्रव्यपर्यायात्मकं वस्तु ॥३०॥**

117. પ્રમાણ, તેનો વિષય, તેનું ફળ અને પ્રમાતા આ ચાર ભેદોમાં તત્ત્વની પરિસમાપ્તિ થાય છે. તેથી જ્યાં સુધી પ્રમાણના વિષય વગેરેનાં લક્ષણો ન કહેવામાં આવે ત્યાં સુધી પ્રમાણનું લક્ષણ અધૂરું ગણાય. તેથી પહેલાં પ્રમાણના વિષયનું લક્ષણ આચાર્ય કહે છે—

**પ્રમાણનો વિષય દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ છે. (૩૦)**

118. प्रत्यक्षस्य प्रकृतत्वात्तस्यैव विषयादौ लक्षयितव्ये 'प्रमाणस्य' इति प्रमाणसामान्यग्रहणं प्रत्यक्षवत् प्रमाणान्तराणामपि विषयादिलक्षणमिहैव वक्तुं युक्तमविशेषात्तथा च लाघवमपि भवतीत्येवमर्थम् । जातिनिर्देशाच्च प्रमाणानां प्रत्यक्षदीनां 'विषयः' गोचरो 'द्रव्यपर्यायात्मकं वस्तु' । द्रवति तांस्तान् पर्यायान् गच्छति इति द्रव्यं ध्रौव्यलक्षणम् । पूर्वोत्तरविवर्त्तवर्त्त्यन्वय-प्रत्ययसमधिगम्यमूर्ध्वतासामान्यमिति यावत् । परियन्त्युत्पादविनाशधर्म्माणो भवन्तीति पर्याया विवर्त्ताः । तच्च ते चात्मा स्वरूपं यस्य तत् द्रव्यपर्यायात्मकं वस्तु, परमार्थसदित्यर्थः, यद्वाचकमुख्यः – "**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**" [तत्त्वा. ५.२९] इति, पारमर्षमपि "**उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा**" इति ।

118. અહીં પ્રત્યક્ષનું નિરૂપણ ચાલુ છે, તેથી તેના વિષય આદિનું નિરૂપણ કરવું જોઈએ તેમ છતાં અહીં સૂત્રમાં 'प्रमाणस्य (પ્રમાણનો)' પદ મૂકીને પ્રમાણસામાન્યનું ગ્રહણ કરી પ્રત્યક્ષની જેમ અન્ય પ્રમાણોના વિષયાદિનું લક્ષણ અહીં આ પ્રસંગે આપી દેવું ઉચિત છે કારણ કે બધાં પ્રમાણોનો વિષય સમાન છે અને તેમ કરવામાં લાઘવ પણ છે. આ પ્રમાણે અર્થ સમજવો. જાતિની (સામાન્યની) અપેક્ષાએ 'प्रमाणस्य (પ્રમાણનો)'


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ એકવચનનો પ્રયોગ કર્યો છે. તેથી પ્રત્યક્ષ વગેરે બધાં પ્રમાણોનો વિષય(ગોચર) દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ છે, એમ અર્થ કરવો. જે તે તે પર્યાયો પ્રતિ ગતિ કરે છે (द्रवति = गच्छति=જાય છે) અર્થાત્ જે અનેક પર્યાયોમાંથી એક સૂત્રરૂપે પસાર થતું જ રહે છે તે દ્રવ્ય છે, આ દર્શાવે છે કે દ્રવ્યનું લક્ષણ ધ્રૌવ્ય છે. પૂર્વાપરપર્યાયોમાં જે એકાકાર પ્રતીતિ થાય છે યા એકત્વની પ્રતીતિ થાય છે તે પ્રતીતિનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે. આ ઊર્ધ્વતાસામાન્ય જ દ્રવ્ય છે. [સુવર્ણકંકણ તોડીને સુવર્ણકુંડલ બનાવવામાં આવે છે. આ પૂર્વોત્તર કંકણ, કુંડલ આદિ ઘાટો(પર્યાયો) જુદા છે પરંતુ તે બધા પૂર્વાપર ઘાટોમાં સુવર્ણ તો તેનું તે જ છે. અહીં આ સુવર્ણ જે બધા પૂર્વોત્તર ઘાટોમાં અનુસ્યૂત છે તે ઊર્ધ્વતાસામાન્ય છે અને તે જ દ્રવ્ય છે]. જે પરિવર્તનો પામતા રહે છે અર્થાત્ ઉત્પાદ-વિનાશ એ જેમના ધર્મો છે તે પર્યાયો છે. પર્યાયનું બીજું નામ વિવર્ત પણ છે. દ્રવ્ય અને પર્યાયો બન્ને જેનું સ્વરૂપ છે તે વસ્તુ છે. આમ વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક છે. અને વસ્તુ જ પરમાર્થ સત્ છે. વાચકમુખ્ય ઉમાસ્વાતિએ કહ્યું છે, "જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે તે સત્ છે" [તત્ત્વાર્થસૂત્ર ૫.૨૯]. સર્વજ્ઞપ્રણીત આગમ પણ કહે છે, "વસ્તુ ઉત્પન્ન પણ થાય છે, નાશ પણ પામે છે અને ધ્રુવ પણ રહે છે." [દ્રવ્ય નિત્ય છે. તેની ઉત્પત્તિ પણ નથી અને તેનો નાશ પણ નથી. અર્થાત્ દ્રવ્ય ધ્રુવ છે. ઉત્પાદ અને નાશ તો પર્યાયના થાય છે. એને વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.]

જૈનમ્ જયતિ શાસનમ્

119. तत्र 'द्रव्यपर्याय'ग्रहणेन द्रव्यैकान्तपर्यायैकान्तवादिपरिकल्पितविषयव्युदासः । 'आत्म'ग्रहणेन चात्यन्तव्यतिरिक्तद्रव्यपर्यायवादिकाणादयौगाभ्युपगतविषयनिरासः । यच्छ्रीसिद्धसेनः —

**"दोहिं वि नएहिं नीयं सत्थमुलूएण तहवि मिच्छत्तं ।**
**जं सविसयप्पहाणत्तणेण अन्नोन्ननिरविक्ख"**॥ [सन्म. ३.४९] **त्ति ॥३०॥**

119. સૂત્રમાં [વસ્તુના સ્વરૂપને] દ્રવ્ય-પર્યાય [ઉભયાત્મક] કહ્યું છે. તેનાથી વસ્તુને કેવળ દ્રવ્યાત્મક કે કેવળ પર્યાયાત્મક માનનાર વાદીઓએ પ્રમાણનો વિષય એકાન્ત દ્રવ્ય કે એકાન્ત પર્યાય છે એમ જે કહ્યું છે તેનો નિરાસ થઈ જાય છે. સૂત્રગત 'આત્મ' પદ દ્વારા દ્રવ્યથી અત્યંત ભિન્ન પર્યાયને તથા પર્યાયથી અત્યંત ભિન્ન દ્રવ્યને અને વસ્તુથી અત્યંત ભિન્ન દ્રવ્ય અને પર્યાયને પ્રમાણનો વિષય માનનાર ન્યાય-વૈશેષિક મતનો નિરાસ કરવામાં આવ્યો છે. [દ્રવ્ય એ સામાન્ય છે. પર્યાય એ વિશેષ છે. ન્યાય-વૈશેષિકોએ સ્વીકારેલા સાત પદાર્થોમાં દ્રવ્ય, સામાન્ય અને વિશેષ છે. તેમના મતે વસ્તુથી સામાન્ય અને વિશેષનો અત્યંત ભેદ છે તેમ જ સામાન્ય અને વિશેષનો પણ પરસ્પર અત્યંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેદ છે. આમ ન્યાય-વૈશેષિકો સામાન્ય (દ્રવ્ય) અને વિશેષ (પર્યાય) બન્નેને સ્વીકારે તો છે પરંતુ તેમનો પરસ્પર આત્યંતિક ભેદ માને છે, એટલું જ નહિ પણ વસ્તુથી પણ તેમનો આત્યંતિક ભેદ માને છે. એટલે તેમનો મત મિથ્યા છે.] શ્રી સિદ્ધસેન દિવાકરે **કહ્યું પણ છે, "જો કે કણાદે** પોતાના શાસ્ત્રમાં બન્ને નયોનો (દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક **નય બન્નેનો) સ્વીકાર તો કર્યો છે છતાં** મિથ્યાત્વ છે કારણ કે સ્વવિષયના ગ્રહણમાં તે **બન્ને નયોની પ્રધાનતા (ખરેખર તો એ**કાન્તિકતા) હોવાથી તે બન્ને નયો એકબીજાથી સાવ નિરપેક્ષ રહે છે [કારણ **કે તેમના** વિષયો એકાન્તપણે ભિન્ન મનાયા છે.]" [સન્મતિ, ૩.૪૯].(૩૦)

120. कुतः पुनर्द्रव्यपर्यायात्मकमेव वस्तु प्रमाणानां विषयो न द्रव्यमात्रं पर्यायमात्रमुभयं वा स्वतन्त्रम् ? इत्याह—

**अर्थक्रियासामर्थ्यात् ॥३१॥**

120. દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ જ પ્રમાણનો વિષય શા માટે છે ? એકાન્ત દ્રવ્ય, એકાન્ત પર્યાય કે એકબીજાની તદ્દન ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય અને પર્યાય પ્રમાણનો વિષય શા માટે નથી ? આના ઉત્તરમાં આચાર્ય કહે છે —

**કારણ કે તેનામાં અર્થક્રિયાનું સામર્થ્ય છે. (૩૧)**

121. 'अर्थस्य' हानोपादानादिलक्षणस्य 'क्रिया' निष्पत्तिस्तत्र 'सामर्थ्यात्', द्रव्यपर्यायात्मकस्यैव वस्तुनोऽर्थक्रियासमर्थत्वादित्यर्थः ॥३१॥

121. 'અર્થ'થી અભિપ્રેત છે 'હાન, ઉપાદાન આદિ લક્ષણવાળો અર્થ'. તેની ક્રિયા એટલે નિષ્પત્તિ. તેમાં સામર્થ્ય હોવાથી. દ્રવ્ય-પર્યાયત્મક વસ્તુ જ અર્થક્રિયામાં સમર્થ હોવાથી દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ જ પ્રમાણનો વિષય છે. ['અર્થ'નો અર્થ કોઈપણ કાર્ય પણ લઈ શકાય. જે વસ્તુ કાર્યને ઉત્પન્ન કરે તે અર્થક્રિયાસમર્થ ગણાય. અર્થક્રિયાકારી એટલે કાર્યકારી.] (૩૧)

122. यदि नामैवं ततः किमित्याह—

**तल्लक्षणत्वाद्वस्तुनः ॥३२॥**

122. જો દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ જ અર્થક્રિયામાં સમર્થ હોય તો પણ તેથી શું ? આ પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય કહે છે —

**કારણ કે તે જ (=અર્થક્રિયાસામર્થ્ય જ) વસ્તુનું લક્ષણ છે. (૩૨)**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

123. 'तद्' अर्थक्रियासामर्थ्यं 'लक्षणम्' असाधारणं रूपं यस्य तत् तल्लक्षणं तस्य भावस्तत्त्वं तस्मात्। कस्य ? 'वस्तुनः' परमार्थसतो रूपस्य। अयमर्थः—अर्थक्रियार्थी हि सर्वः प्रमाणमन्वेषते, अपि नामेतः प्रमेयमर्थक्रियाक्षमं विनिश्चित्य कृतार्थो भवेयमिति न व्यसनितया। तद्यदि प्रमाणविषयोऽर्थोऽर्थक्रियाक्षमो न भवेत्तदा नासौ प्रमाणपरीक्षणमाद्रियेत। यदाह—

**"अर्थक्रियाऽसमर्थस्य विचारैः किं तदर्थिनाम्।**
**षण्ढस्य रूपवैरूप्ये कामिन्याः किं परीक्षया?॥"** [प्रमाणवा. १.२१५] **इति।**

123. તે અર્થક્રિયાસામર્થ્ય લક્ષણ અર્થાત્ અસાધારણ રૂપ જેનું છે તે, તેનો ભાવ અર્થાત્ તત્ત્વ, તેના કારણે. તે તત્ત્વ કોનું? વસ્તુનું અર્થાત્ પરમાર્થસત્નું. [પરમાર્થસત્ વસ્તુનું લક્ષણ અર્થક્રિયાસામાર્થ્ય છે, અર્થાત્ જે અર્થક્રિયામાં સમર્થ હોય તે જ વસ્તુ છે, સત્ છે.] આનો અર્થ આ છે — અર્થક્રિયાના બધા જ ઇચ્છુકો પ્રમાણની ગવેષણા (તપાસ, પરીક્ષા) કરે છે — 'હું આના દ્વારા અર્થક્રિયાસમર્થ પ્રમેયનો બરાબર નિશ્ચય કરીને પ્રવૃત્તિ કરતાં સફળ થાઉં' એમ વિચારીને અને નહિ કે વ્યસનના (લતના) કારણે. કેવળ વ્યસનના કારણે પ્રમાણની ગવેષણા નથી કરતા. આવી સ્થિતિમાં પ્રમાણનો વિષયભૂત અર્થ જો અર્થક્રિયાસમર્થ ન હોય તો પછી પ્રમાણની પરીક્ષા કરવા કોઈને ઉત્સાહ રહે જ નહિ, પ્રમાણની પરીક્ષા નિરર્થક બની જાય. કહ્યું પણ છે, "જેઓ અર્થક્રિયાના ઇચ્છુક છે તેમને અર્થક્રિયામાં અસમર્થ પદાર્થનો વિચાર કરવાથી શો લાભ? કામિનીને નપુંસકની સુંદરતા-અસુંદરતાની પરીક્ષા કરવાનું શું પ્રયોજન?"

124. तत्र न द्रव्यैकरूपोऽर्थोऽर्थक्रियाकारी, स ह्यप्रच्युतानुत्पन्नस्थिरैकरूपः कथमर्थक्रियां कुर्वीत क्रमेणाक्रमेण वा ?, अन्योन्यव्यवच्छेदरूपाणां प्रकारान्तरासम्भवात्। तत्र न क्रमेण; स हि कालान्तरभाविनीः क्रियाः प्रथमक्रियाकाल एव प्रसह्य कुर्यात् समर्थस्य कालक्षेपायोगात्, कालक्षेपिणो वाऽसामर्थ्यप्राप्तेः। समर्थोऽपि तत्तत्सहकारिसमवधाने तं तमर्थं करोतीति चेत्; न तर्हि तस्य सामर्थ्यमपरसहकारिसापेक्षवृत्तित्वात्, **"सापेक्षमसमर्थम्"** [पात. महा. ३.१.८.] इति हि किं नाश्रौषीः ?। न तेन सहकारिणोऽपेक्ष्यन्तेऽपि तु कार्यमेव सहकारिष्वसत्स्वभवत् तानपेक्षत इति

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

चेत्, तत्किं स भावोऽसमर्थः ? । समर्थश्चेत्; किं सहकारिमुखप्रेक्षणदीनानि तान्युपेक्षते न पुनर्झटिति घटयति ? ननु समर्थमपि बीजमिलाजलादिसहकारिसहितमेवाङ्कुरं करोति नान्यथा; तत् किं तस्य सहकारिभिः किञ्चिदुपक्रियेत, न वा ? नो चेत्; स किं पूर्ववन्नोदास्ते । उपक्रियेत चेत्; स तर्हि तैरुपकारो भिन्नोऽभिन्नो वा क्रियत इति निर्वचनीयम् । अभेदे स एव क्रियते इति लाभमिच्छतो मूलक्षतिरायाता । भेदे स कथं तस्योपकारः ?, किं न सह्यविन्ध्यादेरपि ? । तत्सम्बन्धात्तस्यायमिति चेत्; उपकार्योपकारयोः कः सम्बन्धः ? न संयोगः; द्रव्ययोरेव तस्य भावात् । नापि समवायस्तस्य प्रत्यासत्तिविप्रकर्षाभावेन सर्वत्र तुल्यत्वान्न नियतसम्बन्धिसम्बन्धत्वं युक्तम्, तत्त्वे वा तत्कृत उपकारोऽस्याभ्युपगन्तव्यः, तथा च सत्युपकारस्य भेदाभेदकल्पना तदवस्थैव। उपकारस्य समावायादभेदे समवाय एव कृतः स्यात् । भेदे पुनरपि समवायस्य न नियतसम्बन्धिसम्बन्धत्वम् । नियतसम्बन्धिसम्बन्धत्वे समवायस्य विशेषणविशेष्यभावो हेतुरिति चेत्; उपकार्योपकारकभावाभावे तस्यापि प्रतिनियमहेतुत्वाभावात् । उपकारे तु पुनर्भेदाभेदविकल्पद्वारेण तदेवावर्तते । तन्नैकान्तनित्यो भावः क्रमेणार्थक्रियां कुरुते ।

124. એકાન્ત દ્રવ્યરૂપ અર્થાત્ આત્યંતિકપણે સર્વથા નિત્ય અર્થ કાર્યોત્પત્તિ કરવામાં સમર્થ નથી. એકાન્ત દ્રવ્યરૂપ અર્થ તે છે જે કદી પોતાના સ્વરૂપથી ચ્યુત નથી થતો, જે કદી ઉત્પન્ન થયો નથી, જેનો કદી નાશ થવાનો નથી અને જે સદા સ્થિર એકરૂપ જ રહે છે. આવો પદાર્થ કાર્યોત્પત્તિ કેવી રીતે કરે છે ? શું તે પોતાનાં બધાં કાર્યોને ક્રમથી ઉત્પન્ન કરે છે કે બધાં કાર્યોને યુગપત્ એક સાથે ઉત્પન્ન કરે છે ? આ પરસ્પર તદ્દન વિરોધી બે વિકલ્પો સિવાય ત્રીજો કોઈ વિકલ્પ સંભવતો નથી. તે પોતાનાં બધાં કાર્યોને ક્રમથી ઉત્પન્ન કરે છે એમ નહિ કહેવાય, કારણ કે કાલાન્તરમાં તેણે ઉત્પન્ન કરવાનાં બધાં કાર્યોને પ્રથમ કાર્યની ઉત્પત્તિના સમયે જ ઝટ તે ઉત્પન્ન કરી નાખે, તે કાર્યોને ઉત્પન્ન કરવા તે સમર્થ છે અને જે સમર્થ હોય તે કાલક્ષેપ ન જ કરે. જો તે કાલક્ષેપ કરે તો તે અસમર્થ બની જાય.

**એકાન્ત નિત્યત્વવાદી** — એકાન્ત નિત્ય અર્થ તો પ્રથમ કાર્યની ઉત્પત્તિ સમયે જ બધાં જ કાર્યોને ઝટ યુગપત્ એક સાથે ઉત્પન્ન કરવા સમર્થ છે જ પરંતુ તે તે કાર્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિ માટે યોગ્ય સહકારિ કારણ તેને જ્યારે મળે છે ત્યારે જ તે તે તે કાર્યને ઉત્પન્ન કરે છે.

**હેમચન્દ્રાચાર્ય** — જો તે પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરવા બીજાની (સહકારિકારણોની) અપેક્ષા રાખતો હોય તો તે તે કાર્યોને ઉત્પન્ન કરવા સમર્થ છે એમ ન કહેવાય. શું તમે સાંભળ્યું નથી કે 'જે બીજાની અપેક્ષા રાખે છે તે સ્વયં અસમર્થ છે' [પાતંજલ મહાભાષ્ય ૩.૧.૮.]

**એકાન્ત નિત્યત્વવાદી** — એકાન્ત નિત્ય અર્થ પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરવા સહકારિકારણોની અપેક્ષા નથી રાખતો પરંતુ સહકારિકારણોના અભાવમાં ઉત્પન્ન ન થનારાં પેલાં કાર્યો જ સહકારિકારણોની અપેક્ષા રાખે છે.

**હેમચન્દ્રાચાર્ય** — તો શું એકાન્ત નિત્ય અર્થ તે કાર્યો ઉત્પન્ન કરવા અસમર્થ છે ? જો તે પોતે તે કાર્યોને ઉત્પન્ન કરવા સમર્થ હોય તો સહકારિકારણોની રાહ જોઈને દીન બની ગયેલાં તે કાર્યોની ઉપેક્ષા તે શા માટે કરે છે, ઝટ તેમને ઉત્પન્ન કેમ નથી કરતો ?

**એકાન્ત નિત્યત્વાદી** — બીજ અંકુરને ઉત્પન્ન કરવા સમર્થ હોવા છતાં પણ માટી, પાણી વગેરે સહકારિકારણો સહિત જ બીજ અંકુરને ઉત્પન્ન કરે છે, એકલું નહિ. એ જ રીતે એકાન્ત નિત્ય અર્થ પણ પોતાનાં કાર્યોની ઉત્પત્તિમાં સમર્થ હોવા છતાં પણ સહકારિકારણોના સાથમાં જ તે કાર્યોને ઉત્પન્ન કરે છે.

**હેમચન્દ્રાચાર્ય** — જો એવું છે તો સહકારિકારણ તે એકાન્ત નિત્ય અર્થને કંઈ ઉપકાર કરે છે (ઉપકારરૂપ વિશેષતા તેનામાં ઉત્પન્ન કરે છે) કે નહિ ? જો ના, તો પછી તે નિત્ય અર્થ પહેલાંની જેમ કાર્યોત્પત્તિમાં ઉદાસીન કેમ નથી રહેતો ? જો સહકારિકારણો તે એકાન્ત નિત્ય અર્થને ઉપકાર કરે છે (અર્થાત્ તે એકાન્ત નિત્યરૂપ વસ્તુમાં ઉપકારરૂપ વિશેષતા ઉત્પન્ન કરે છે) એ પક્ષ સ્વીકારવામાં આવે તો પછી બે વિકલ્પો ખડા થાય — શું તે ઉપકારરૂપ વિશેષતા એકાન્ત નિત્ય અર્થથી ભિન્ન છે કે અભિન્ન ? આનો જવાબ આપવો જોઈએ. જો ઉપકારરૂપ વિશેષતાને એકાન્ત નિત્ય અર્થથી અભિન્ન માનવામાં આવે તો સહકારિકારણોએ તે એકાન્ત નિત્ય અર્થને જ ઉત્પન્ન કર્યો ગણાય, અને આમ એકાન્ત નિત્ય અર્થની એકાન્ત નિત્યતાને જ ક્ષતિ પહોંચે, પરિણામે એકાન્ત નિત્યત્વવાદીની સ્થિતિ તો પેલા લાભ(વ્યાજ) મેળવવાની ઈચ્છા ધરાવતા જેણે મૂળ મૂડી પણ ગુમાવી દીધી તે માણસ જેવી થઈ જાય. જો ઉપકારરૂપ વિશેષતાને એકાન્ત નિત્ય અર્થથી ભિન્ન માનવામાં આવે તો તે ઉપકારરૂપ વિશેષતા તેની કેવી રીતે કહેવાય ? તે ઉપકારરૂપ વિશેષતા સહ્યાદ્રિ કે વિન્ધ્યાચલની કેમ ન કહેવાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એકાન્ત નિત્યત્વવાદી** — તે ઉપકારરૂપ વિશેષતા એકાન્ત નિત્ય અર્થથી ભિન્ન છે તેમ છતાં તે તેની છે કારણ કે તેનો એકાન્ત નિત્ય અર્થ સાથે સંબંધ છે.

**હેમચન્દ્રાચાર્ય** — ઉપકાર્ય (એકાન્ત નિત્ય અર્થ) અને ઉપકાર (ઉપકારરૂપ વિશેષતા) વચ્ચે કયો સંબંધ છે ? તે સંબંધ સંયોગ તો ન જ હોય કારણ કે સંયોગસંબંધ તો બે દ્રવ્યો વચ્ચે જ હોય છે [જ્યારે અહીં તો ઉપકાર્ય (એકાન્ત નિત્ય અર્થ) દ્રવ્ય છે અને ઉપકાર (વિશેષતા) ગુણ યા ધર્મ છે]. તે સંબંધ સમવાય પણ ન હોઈ શકે કારણ કે સમવાય નિત્ય એક અને સર્વવ્યાપી હોવાથી સર્વત્ર તુલ્ય છે — કોઈથી દૂર નથી કે કોઈની નજીક નથી. આવી સ્થિતિમાં અમુકની વચ્ચે સમવાયસંબંધ છે અને બીજાઓ વચ્ચે નથી એવી વ્યવસ્થા બની શકે નહિ. અમુક નિયત સંબંધીઓ વચ્ચે જ સમવાયસંબંધ હોય છે એમ માનવામાં આવે તો તે સંબંધીઓ સમવાયસંબંધને ઉપકાર કરે છે એમ માનવું પડે. એવી સ્થિતિમાં વળી પાછો પેલો પ્રશ્ન ખડો થશે કે સમવાયસંબંધ(ઉપકાર્ય) અને ઉપકાર વચ્ચે અભેદ છે કે ભેદ ? ઉપકાર સાથે સમવાયનો અભેદ માનવામાં આવે તો ઉપકારની ઉત્પત્તિ એટલે સમવાયની ઉત્પત્તિ એમ માનવું પડે [પણ તમે સમવાયને નિત્ય માનો છો.] ઉપકારથી સમવાયનો ભેદ છે અને તે ભેદનું કારણ છે તેમની વચ્ચેનો વિશેષણવિશેષ્યભાવ સંબંધ એમ તમે કહેશો તો તે વિશેષણવિશેષ્યભાવ સંબંધ તે બે સંબંધીઓ વચ્ચે જ છે કારણ કે તે બે સંબંધીઓ (જેમાંનો એક સમવાય છે) વિશેષણ-વિશેષ્યભાવસંબંધને ઉપકાર કરે છે એમ માનવું પડે અને પરિણામે પાછો ઉપકાર્ય અને ઉપકારના ભેદાભેદનો વિકલ્પ ખડો થશે અને આવર્તન થયા જ કરશે. આ રીતે અનવસ્થા થશે. તેથી સ્વીકારવું જ પડશે કે એકાન્ત નિત્ય અર્થ પોતાનાં કાર્યોને ક્રમથી ઉત્પન્ન નથી કરતો.

125. नाप्यक्रमेण । न ह्येको भावः सकलकालकलाभाविनीर्युगपत् सर्वाः क्रियाः करोतीति प्रातीतिकम् । कुरुतां वा, तथापि द्वितीयक्षणे किं कुर्यात् ? । करणे वा क्रमपक्षभावी दोषः । अकरणेऽनर्थक्रियाकारित्वाद-वस्तुत्वप्रसङ्गः — इत्येकान्तनित्यात् क्रमाक्रमाभ्यां व्याप्तार्थक्रिया व्यापकानु-पलब्धिबलात् व्यापकनिवृत्तौ निवर्तमाना व्याप्यमर्थक्रियाकारित्वं निवर्तयति तदपि स्वव्याप्यं सत्त्वमित्यसन् द्रव्यैकान्तः ।

125. એકાન્ત નિત્ય અર્થ યુગપદ્ બધાં જ કાર્યોની ઉત્પત્તિ એક સાથે કરી શકે નહિ. સકળ કાળના ક્ષણોમાં થનારાં બધાં જ કાર્યોને એક જ અર્થ યુગપદ્ એક સાથે પ્રથમ ક્ષણે જ ઉત્પન્ન કરે છે એવું તો પ્રતીત થતું નથી. દલીલ ખાતર માની પણ લઈએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો પ્રશ્ન એ ખડો થાય કે તે એકાન્ત નિત્ય અર્થ બીજી ક્ષણે શું કરશે ? જો તે બીજી ક્ષણે પણ કાર્ય ઉત્પન્ન કરે છે તેમ માનશો તો એનો અર્થ એ થાય કે તે પહેલી ક્ષણે જ બધાં કાર્યોને ઉત્પન્ન કરે છે એ પક્ષ રહેશે જ નહિ અને તે ક્રમથી કાર્યોને ઉત્પન્ન કરે છે તે પક્ષ આવી પડશે અને તત્પક્ષગત બધા જ દોષો પણ આવી પડશે. જો તે એકાન્ત નિત્ય અર્થ બીજી ક્ષણે કોઈ કાર્ય ઉત્પન્ન નથી કરતો એમ માનવામાં આવે તો તે અર્થક્રિયાકારી જ નહિ રહે અને પરિણામે તે અવસ્તુ (અસત્) બની જવાની આપત્તિ આવશે.

આમ એકાન્ત નિત્ય અર્થ દ્વારા ક્રમથી કે અક્રમથી કાર્યોત્પત્તિ ઘટતી નથી. ક્રમ-અક્રમ વ્યાપક છે અને અર્થક્રિયા(કાર્યોત્પાદન) વ્યાપ્ય છે. વ્યાપકનો અભાવ હોતાં વ્યાપ્યનો પણ અભાવ હોય છે, અર્થાત્ ક્રમ-અક્રમના અભાવમાં અર્થક્રિયા ઘટતી નથી અને અર્થક્રિયા ન ઘટવાના કારણે સત્પણું પણ તેમાં (એકાન્ત નિત્ય અર્થમાં) ઘટતું નથી, કારણ કે સત્પણાનું વ્યાપક અર્થક્રિયાકારિત્વ છે, તેથી જ્યાં અર્થક્રિયાકારિત્વ નથી ત્યાં સત્પણું પણ નથી.

126. पर्यायैकान्तरूपोऽपि प्रतिक्षणविनाशी भावो न क्रमेणार्थक्रियासमर्थो देशकृतस्य कालकृतस्य च क्रमस्यैवाभावात् । अवस्थितस्यैव हि नानादेशकालव्याप्तिर्देशक्रमः कालक्रमश्चाभिधीयते । न चैकान्तविनाशिनि सास्ति । यदाहुः –

"यो यत्रैव स तत्रैव यो यदैव तदैव सः ।
न देशकालयोर्व्याप्तिर्भावानामिह विद्यते ॥"

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

126. એકાન્ત ક્ષણિક પર્યાયરૂપ અર્થ પણ ક્રમથી પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરવા સમર્થ નથી કારણ કે તેની બાબતમાં દેશકૃત કે કાલકૃત ક્રમ જ સંભવતો નથી. સ્થિર રહેનારા અર્થનું અનેક ક્રમિક પ્રદેશોમાં (space-pointsમાં) હોવું અને અનેક ક્રમિક કાલક્ષણોમાં હોવું એ દેશક્રમ અને કાલક્રમ કહેવાય છે. એકાન્ત ક્ષણિક અર્થમાં અનેક પ્રદેશોમાં હોવાપણું અને અનેક કાલક્ષણોમાં હોવાપણું (અર્થાત્ દેશવ્યાપ્તિ અને કાલવ્યાપ્તિ) અસંભવ છે. કહ્યું પણ છે. "અર્થ જે પ્રદેશમાં ઉત્પન્ન થાય છે ત્યાં જ તેનું અસ્તિત્વ છે અને જે કાલક્ષણે ઉત્પન્ન થાય છે તે ક્ષણે જ તેનું અસ્તિત્વ છે. ક્ષણિક અર્થોની બાબતમાં દેશવ્યાપ્તિ પણ હોતી નથી અને કાલવ્યાપ્તિ પણ હોતી નથી"

127. न च सन्तानापेक्षया पूर्वोत्तरक्षणानां क्रमः सम्भवति, सन्तानस्याऽवस्तुत्वात् । वस्तुत्वेऽपि तस्य यदि क्षणिकत्वं न तर्हि क्षणेभ्यः कश्चिद्विशेषः ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अथाक्षणिकत्वम्; सुस्थितः पर्यायैकान्तवादः ! यदाहुः —

**"अथापि नित्यं परमार्थसन्तं सन्ताननामानमुपैषि भावम् ।**
**उत्तिष्ठ भिक्षो ! फलितास्तवाशाः सोऽयं समाप्तः क्षणभङ्गवादः ॥"**

[न्यायम. पृ. ४६४] **इति ।**

127. સન્તાનની (ક્ષણિક અર્થોના પ્રવાહની) અપેક્ષાએ પૂર્વોત્તર ક્ષણોમાં વ્યાપ્તિરૂપ ક્રમ સંભવે છે એમ નહિ કહી શકાય કારણ કે સન્તાન અવસ્તુ છે, અસત્ છે. સન્તાનને જો વસ્તુ (સત્) માનવામાં આવે તો પ્રશ્ન ઉદ્ભવે કે તે ક્ષણિક છે કે નિત્ય ? જો કહો કે તે ક્ષણિક છે તો તદ્ગત ક્ષણો(ક્ષણિક અર્થો)થી તેની કોઈ વિશેષતા રહેશે નહિ. જો કહો કે નિત્ય છે તો વાહ ! તમે બૌદ્ધોએ એકાન્ત ક્ષણિકવાદ ખરો સ્થિર સ્થાપિત કર્યો ! અર્થાત્ એકાન્ત ક્ષણિકવાદનું અસ્તિત્વ જ તમે મિટાવી દીધું. કહ્યું પણ છે, "જો તમે (બૌદ્ધ) નિત્ય અને પરમાર્થ સત્ સન્તાનરૂપ વસ્તુને સ્વીકારો છો તો હે ભિક્ષુ ! ઊઠ, ઊભો થઈ જા, તારી આશાઓ ફળી, આ તારો ક્ષણભંગવાદ સમાપ્ત(નષ્ટ) થઈ ગયો" [ન્યાયમંજરી, પૃ. ૪૬૪].

128. नाप्यक्रमेण क्षणिकेऽर्थक्रिया सम्भवति । स ह्येको रूपादिक्षणो युगपदनेकान् रूपादिक्षणान् जनयन् यद्येकेन स्वभावेन जनयेत्तदा तेषामेकत्वं स्यादेकस्वभावजन्यत्वात् । अथ नानास्वभावैर्जनयति — किञ्चिदुपादानभावेन किञ्चित् सहकारित्वेन; ते तर्हि स्वभावास्तस्यात्मभूता अनात्मभूता वा ? । अनात्मभूताश्चेत्; स्वभावहानिः । यदि तस्यात्मभूताः; तर्हि तस्यानेकत्वं स्वभावानां चैकत्वं प्रसज्येत । अथ य एवैकत्रोपादानभावः स एवान्यत्र सहकारिभाव इति न स्वभावभेद इष्यते; तर्हि नित्यस्यैकरूपस्यापि क्रमेण नानाकार्यकारिणः स्वभावभेदः कार्यसाङ्कर्यं च मा भूत् । अथाक्रमात् क्रमिणामनुत्पत्तेर्नैवमिति चेत्; एकानंशकारणात् युगपदनेककारणसाध्यानेक-कार्यविरोधात् क्षणिकानामप्यक्रमेण कार्यकारित्वं मा भूदिति पर्यायैकान्तादपि क्रमाक्रमयोर्व्यापकयोर्निवृत्त्यैव व्याप्याऽर्थक्रियापि व्यावर्तते । तद्व्यावृत्तौ च सत्त्वमपि व्यापकानुपलब्धिबलेनैव निवर्तत इत्यसन् पर्यायैकान्तोऽपि ।

128. એકાન્ત ક્ષણિક અર્થ પોતાનાં કાર્યોને યુગપદ્ એક સાથે ઉત્પન્ન કરે છે એમ પણ બૌદ્ધો માની શકે નહિ. તેમ છતાં તમે બૌદ્ધો માનો છો કે એક રૂપક્ષણ યુગપત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક કાર્યોને અર્થાત્ રૂપક્ષણ, રસક્ષણ, ગન્ધક્ષણ અને સ્પર્શક્ષણને ઉત્પન્ન કરે છે. પરંતુ આ માન્યતા દોષભરી છે. અમે તમને પૂછીએ છીએ કે જ્યારે એક રૂપક્ષણ રૂપક્ષણ, રસક્ષણ, ગન્ધક્ષણ અને સ્પર્શક્ષણને ઉત્પન્ન કરે છે ત્યારે તે તેમને એક સ્વભાવથી ઉત્પન્ન કરે છે કે નાના સ્વભાવથી ? જો એક સ્વભાવથી એમ કહેશો તો એક સ્વભાવજન્ય તે જન્ય રૂપાદિ ક્ષણોનું એકત્વ થઈ જશે, તેમનો ભેદ રહેશે નહિ, તેમની પોતપોતાની વિશેષતા રહેશે નહિ. જો તમે કહેશો કે નાના સ્વભાવથી અર્થાત્ કોઈને ઉપાદાન-સ્વભાવથી અને કોઈને સહકારિસ્વભાવથી (રૂપક્ષણ રૂપક્ષણને ઉપાદાનસ્વભાવથી અને રસાદિક્ષણોને સહકારિસ્વભાવથી) તો અમારો તમને બૌદ્ધોને પ્રશ્ન છે કે તે જનક રૂપક્ષણનો તે નાના સ્વભાવોથી ભેદ છે કે અભેદ ? જો તમે કહેશો કે જનક રૂપક્ષણથી તે નાના સ્વભાવો ભિન્ન છે તો તે તેના સ્વભાવો નહિ રહે. જો તમે કહેશો કે જનક રૂપક્ષણથી તે નાના સ્વભાવો અભિન્ન છે તો જનક રૂપક્ષણનું એકત્વ(નિરંશપણું) નહિ રહે અને તે નાના સ્વભાવો નાના નહિ રહે.

**એકાન્ત ક્ષણિકવાદી બૌદ્ધ** — જનક રૂપક્ષણનો એકનો એક સ્વભાવ રૂપક્ષણ પ્રતિ (સજાતીય પ્રતિ) ઉપાદાનભાવ છે અને રસાદિક્ષણો પ્રતિ (વિજાતીય પ્રતિ) સહકારિભાવ છે. અમે જનક રૂપક્ષણમાં સ્વભાવભેદ નથી માનતા.

**હેમચન્દ્રાચાર્ય** — જો એમ હોય તો પછી એક સ્વભાવવાળો નિત્ય અર્થ ક્રમથી અનેક કાર્યો કરે તો તેમાં પણ સ્વભાવભેદ અને કાર્યોની સંકરતા ન થાઓ.

**બૌદ્ધ**—એકાન્ત નિત્ય અર્થ કાર્યોની ઉત્પત્તિ ક્રમથી કરે એ સંભવ નથી. એટલે તમે જે કહ્યું તે બરાબર નથી.

**હેમચન્દ્રાચાર્ય**—જો એમ હોય તો એક નિરંશ (અર્થાત્ એકાન્ત ક્ષણિક) કારણ અનેક કારણોથી ઉત્પન્ન થઈ શકે એવાં અનેક કાર્યોને યુગપત્ એક સાથે ઉત્પન્ન કરે છે એમ માનવામાં સ્પષ્ટ વિરોધ હોઈ એકાન્ત ક્ષણિક અર્થ પણ યુગપત્ અનેક કાર્યોને ઉત્પન્ન ન કરો.

આમ એકાન્ત ક્ષણિકવાદમાં પણ ક્રમ-અક્રમના વિકલ્પો ન સંભવતા હોવાથી તેમની વ્યાપ્ય અર્થક્રિયા પણ સંભવતી નથી અને અર્થક્રિયાના અભાવમાં તેનું વ્યાપ્ય સત્પણું પણ સંભવતું નથી કારણ કે જ્યાં વ્યાપકનો અભાવ હોય છે ત્યાં વ્યાપ્યનો પણ અભાવ હોય છે. તેથી એકાન્ત ક્ષણિકવાદ પણ અસત્ છે.

129. काणादास्तु द्रव्यपर्यायावुभावप्युपागमन् पृथिव्यादीनि गुणाद्याधार-रूपाणि द्रव्याणि, गुणादयस्त्वाधेयत्वात्पर्यायाः । ते च केचित् क्षणिकाः,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

केचिद्यावद्द्रव्यभाविन:, केचिन्नित्या इति केवलमितरेतरविनिर्लुठित-धर्मिधर्माभ्युपगमान्न समीचीनविषयवादिन: । तथाहि—यदि द्रव्यादत्यन्त-विलक्षणं सत्त्वं तदा द्रव्यमसदेव भवेत् । सत्तायोगात् सत्त्वमस्त्येवेति चेत्; असतां सत्तायोगेऽपि कुत: सत्त्वम् ?, सतां तु निष्फल: सत्तायोग: । स्वरूपसत्त्वं भावानामस्त्येवेति चेत्; तर्हि किं शिखण्डिना सत्तायोगेन ? । सत्तायोगात् प्राक् भावो न सन्नाप्यसन्, सत्तासम्बन्धात्तु सन्निति चेत्; वाङ्मात्रमेतत्, सदसद्विलक्षणस्य प्रकारान्तरस्यासम्भवात् । अपि च 'पदार्थ: सत्ता योग:' इति न त्रितयं चकास्ति । पदार्थसत्तयोश्च योगो यदि तादात्म्यम्, तदनभ्युपगमबाधितम् । अत एव न संयोग:, समवायस्त्वनाश्रित इति सर्वं सर्वेण सम्बध्नीयान्न वा किञ्चित् केनचित् । एवं द्रव्यगुणकर्मणां द्रव्य-त्वादिभि:, द्रव्यस्य द्रव्यगुणकर्मसामान्यविशेषै:, पृथिव्यप्तेजोवायूनां पृथिवीत्वादिभि:, आकाशादीनां च द्रव्याणां स्वगुणैर्योगे यथायोगं सर्वमभि-धानीयम्, एकान्तभिन्नानां केनचित् कथञ्चित् सम्बन्धायोगात् इत्यौलूक्य-पक्षेऽपि विषयव्यवस्था दु:स्था ।

129. વૈશેષિકો દ્રવ્ય અને પર્યાય બન્નેનો સ્વીકાર કરે છે. તેમના મતે પૃથ્વી વગેરે દ્રવ્યો છે. તે ગુણ વગેરેના આધારરૂપ છે. ગુણ વગેરે પદાર્થો આધેય છે અર્થાત્ દ્રવ્યોમાં રહે છે. તેથી તેઓ પર્યાયો છે. તેમાંથી કેટલાક પર્યાયો ક્ષણિક છે, કેટલાક યાવદ્-દ્રવ્યભાવી અર્થાત્ દ્રવ્ય જ્યાં સુધી ટકી રહે ત્યાં સુધી ટકી રહેનાર, અને કેટલાક નિત્ય છે. પરંતુ વૈશેષિકો ધર્મી (દ્રવ્ય) અને ધર્મ (પર્યાય)નો આત્યંતિક ભેદ માને છે.

**હેમચન્દ્રાચાર્ય**—ધર્મી અને ધર્મ અત્યંત ભિન્ન છે એવું વૈશેષિકોનું કથન યોગ્ય નથી. ઉદાહરણાર્થ, સત્તા સામાન્ય દ્રવ્યથી અત્યન્ત ભિન્ન હોય તો દ્રવ્ય ખુદ અસત્ જ બની જાય.

**વૈશેષિક**—સત્તા સમવાયસંબંધથી દ્રવ્યમાં રહે છે તેથી દ્રવ્ય સત્ છે જ.

**હેમચન્દ્રાચાર્ય**—દ્રવ્યનો સત્તા સાથે સમવાયસંબંધ થતાં પહેલાં દ્રવ્ય સ્વરૂપથી સત્ હોય છે કે અસત્ ? જો સ્વરૂપથી અસત્ હોય તો સત્તાનો સમવાયસંબંધ પણ તેને સત્ નહિ કરી શકે. જો સ્વરૂપથી સત્ હોય તો સત્તાના સમવાયસંબંધનું શું પ્રયોજન ? કંઈ જ નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૈશેષિક**—દ્રવ્યનો સત્તા સાથે સમવાયસંબંધ થતાં પહેલાં પણ દ્રવ્ય સ્વરૂપથી સત્ હોય છે જ, અર્થાત્ દ્રવ્યમાં સ્વરૂપસત્ત્વ હોય છે જ.

**હેમચન્દ્રાચાર્ય**—તો પછી શિખંડી જેવા સત્તા સાથેના સમવાયસંબંધને નિરર્થક વચ્ચે લાવવાની શી જરૂરત છે?

**વૈશેષિક**—વસ્તુનો સત્તા સાથે સમવાયસંબંધ થતાં પહેલાં વસ્તુ ન તો સત્ હોય છે કે ન તો અસત્ પરંતુ સત્તા સાથે સમવાયસંબંધ થતાં જ વસ્તુ સત્ બની જાય છે.

**હેમચન્દ્રાચાર્ય**—આ તો ઠાલું વચનમાત્ર છે. સત્ અને અસત્થી વિલક્ષણ એવો કોઈ ત્રીજો પ્રકાર સંભવતો જ નથી. જે સત્ ન હોય તે અસત્ જ હોય અને જે અસત્ ન હોય તે સત્ જ હોય. વળી, પદાર્થ, સત્તા અને સમવાય એ ત્રણની પ્રતીતિ આપણને થતી નથી. જો તમે વૈશેષિકો પદાર્થ અને સત્તાના સંબંધને તાદાત્મ્યસંબંધ કહો તો તમારા દર્શનના સ્વીકૃત સિદ્ધાન્તથી જ તે કથન બાધિત થાય. તમારું દર્શન એ સ્વીકારતું નથી. આ જ કારણે પદાર્થ અને સત્તાનો સંબંધ સંયોગ પણ નથી. વૈશેષિકો કેવળ બે દ્રવ્યોની વચ્ચે જ સંયોગસંબંધ માને છે. પદાર્થ અને સત્તાનો સંબંધ સમવાય પણ ઘટતો નથી. સમવાય ક્યાંય આશ્રિત નથી અર્થાત્ તે એક, નિત્ય અને સર્વવ્યાપી છે. એટલે એના દ્વારા કાં તો બધાંનો બધાંની સાથે સંબંધ થાય કાં તો કોઈનો પણ કોઈની પણ સાથે સંબંધ ન થાય.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આમ દ્રવ્યના દ્રવ્યત્વ સાથે, ગુણના ગુણત્વ સાથે, કર્મના કર્મત્વ સાથે, દ્રવ્યના દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ સાથે, પૃથ્વીના પૃથ્વીત્વ સાથે, અપ્‌ના અપ્ત્વ સાથે, તેજસ્‌ના તેજસ્ત્વ સાથે, વાયુના વાયુત્વ સાથે તથા આકાશ આદિ દ્રવ્યોના પોતપોતાના ગુણો સાથે સંબંધના અંગે ઉપર જે કહ્યું તે બધું જ યથાયોગ્ય લાગુ કરી કહેવું જોઈએ. સારાંશ એ કે જે એકાન્ત ભિન્ન છે તેમની વચ્ચે કોઈ પણ પ્રકારનો સંબંધ ઘટતો જ નથી. તેથી વૈશેષિક દર્શનમાં પણ વિષયવ્યવસ્થા સંગત બનતી નથી.

130. ननु द्रव्यपर्यायात्मकत्वेऽपि वस्तुनस्तदवस्थमेव दौस्थ्यम्; तथाहि—द्रव्यपर्याययोरैकान्तिकभेदाभेदपरिहारेण कथञ्चिद्भेदाभेदवादः स्याद्वादिभिरुपेयते, न चासौ युक्तो विरोधादिदोषात्—विधिप्रतिषेधरूपयोरेकत्र वस्तुन्यसम्भवान्नीलानीलवत् १ । अथ केनचिद्रूपेण भेदः केनचिदभेदः; एवं सति भेदस्यान्यदधिकरणमभेदस्य चान्यदिति वैयधिकरण्यम् २ । यं चात्मानं पुरोधाय भेदो यं चाश्रित्याभेदस्तावप्यात्मानौ भिन्नाभिन्नावन्यथैकान्त-वादप्रसक्तिस्तथा च सत्यनवस्था ३ । येन च रूपेण भेदस्तेन भेदश्चाभेदश्च

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

येन चाभेदस्तेनाप्यभेदश्च भेदश्चेति सङ्करः ४ । येन रूपेण भेदस्तेनाभेदो येनाभेदस्तेन भेद इति व्यतिकरः ५ । भेदाभेदात्मकत्वे च वस्तुनो विविक्तेनाकारेण निश्चेतुमशक्तेः संशयः ६ । ततश्चाप्रतिपत्तिः ७ इति न विषयव्यवस्था ८ । नैवम्; प्रतीयमाने वस्तुनि विरोधस्यासम्भवात् । यत्सन्निधाने यो नोपलभ्यते स तस्य विरोधीति निश्चीयते । उपलभ्यमाने च वस्तुनि को विरोधगन्धावकाशः ? । नीलानीलयोरपि यद्येकत्रोपलम्भोऽस्ति तदा नास्ति विरोधः । एकत्र चित्रपटीज्ञाने सौगतैर्नीलानीलयोर्विरोधानभ्युपगमात्, यौगैश्चैकस्य चित्रस्य रूपस्याभ्युपगमात्, एकस्यैव च पटादेश्चलाचलरक्तारक्तावृतानावृतादिविरुद्धधर्माणामुपलब्धेः प्रकृते को विरोधशङ्कावकाशः ? । एतेन वैयधिकरण्यदोषोऽप्यपास्तः; तयोरेकाधिकरणत्वेन प्रागुक्तयुक्तिदिशा प्रतीतेः । यदप्यनवस्थानं दूषणमुपन्यस्तम् तदप्यनेकान्तवादिमतानभिज्ञेनैव, तन्मतं हि द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यपर्यायावेव भेदः भेदध्वनिना तयोरेवाभिधानात्, द्रव्यरूपेणाभेदः इति द्रव्यमेवाभेदः एकानेकात्मकत्वाद्वस्तुनः । यौ च सङ्करव्यतिकरौ तौ मेचकज्ञाननिदर्शनेन सामान्यविशेषदृष्टान्तेन च परिहृतौ । अथ तत्र तथाप्रतिभासः समाधानम्; परस्यापि तदेवास्तु प्रतिभासस्यापक्षपातित्वात् । निर्णीते चार्थे संशयोऽपि न युक्तः, तस्य सकम्पप्रतिपत्तिरूपत्वादकम्पप्रतिपत्तौ दुर्घटत्वात् । प्रतिपन्ने च वस्तुन्यप्रतिपत्तिरिति साहसम् । उपलब्ध्यभिधानादनुपलम्भोऽपि न सिद्धस्ततो नाभाव इति दृष्टेष्टाविरुद्धं द्रव्यपर्यायात्मकं वस्त्विति ॥३२॥

130. **શંકા**—વસ્તુને દ્રવ્ય-પર્યાયાત્મક માનવા છતાં પણ મુશ્કેલી, અસંગતિ એમની એમ જ રહે છે, ટળતી નથી. સ્યાદ્વાદી જૈનો દ્રવ્ય અને પર્યાયના એકાન્ત ભેદ અને એકાન્ત અભેદનો નિરાસ કરીને કથંચિત્ ભેદાભેદનો સ્વીકાર કરે છે પરંતુ તે યુક્તિસંગત નથી કારણ કે તે વિરોધ વગેરે દોષોથી દૂષિત છે.

(૧) વિરોધ—વિધિ-નિષેધરૂપ અભેદ-ભેદ બન્નેનું એક જ વસ્તુમાં હોવું સંભવતું નથી, જેમ કે એક જ વસ્તુ નીલ અને અનીલ બન્ને હોવી સંભવતી નથી.

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) વૈયધિકરણ્ય—જો કહેવામાં આવે કે એક જ વસ્તુમાં કોઈક રૂપથી ભેદ છે અને કોઈક અન્ય રૂપથી અભેદ છે તો ભેદનું અધિકરણ અલગ અને અભેદનું અધિકરણ અલગ માનવું પડશે. આમ વૈયધિકરણ્યનો દોષ આવશે.

(૩) અનવસ્થા—એક જ વસ્તુમાં જે સ્વરૂપથી ભેદ છે અને જે અન્ય સ્વરૂપથી અભેદ છે તે બે સ્વરૂપોનો પણ ભેદાભેદ જૈનોએ સ્વીકારવો જ પડે, અન્યથા એકાન્તવાદની આપત્તિ આવે. તે બે સ્વરૂપોનો ભેદાભેદ માનતાં તો અનવસ્થાદોષ આવે [કારણ કે આ ભેદાભેદની બાબતમાં પણ કહેવું પડે કે અમુક સ્વરૂપથી ભેદ છે અને બીજા કોઈ સ્વરૂપથી અભેદ છે, વળી પાછો આ બે સ્વરૂપોનો ભેદાભેદ, વળી બે સ્વરૂપો, આમ ચાલ્યા જ કરશે, અન્ત જ નહિ આવે.]

(૪) સંકર—જે સ્વરૂપથી ભેદ છે તે જ સ્વરૂપથી ભેદ છે અને અભેદ પણ છે એમ માનવું પડશે તેમજ જે સ્વરૂપથી અભેદ છે તે જ સ્વરૂપથી અભેદ છે અને ભેદ પણ છે એમ માનવું પડશે અને આમ સંકર દોષની આપત્તિ આવશે.

(૫) વ્યતિકર—જે સ્વરૂપથી ભેદ હશે તે જ સ્વરૂપથી અભેદ હશે અને જે સ્વરૂપથી અભેદ હશે તે જ સ્વરૂપથી ભેદ હશે, આ પ્રમાણે વ્યતિકર દોષની આપત્તિ પણ આવશે.

(૬) સંશય—વસ્તુ ભેદાભેદાત્મક હોતાં તે વસ્તુના પોતાના આગવારૂપથી તે વસ્તુનો નિશ્ચય કરવો અશક્ય બની જશે અને પરિણામે સંશય દોષ આવી પડશે.

(૭) અપ્રતિપત્તિ—સંશયના પરિણામે વસ્તુના યથાર્થ જ્ઞાનનો અભાવ થઈ જશે.

(૮) વિષયવ્યવસ્થાહાનિ—યથાર્થ જ્ઞાનના (પ્રમાણ જ્ઞાનના) અભાવમાં વિષયવ્યવસ્થાનો નાશ થઈ જશે.

**સમાધાન**—ભેદાભેદવાદમાં યા સ્યાદ્‌વાદમાં આ દોષોને માટે કોઈ અવકાશ નથી. પ્રતીત થનારી વસ્તુમાં કોઈ વિરોધ સંભવતો નથી. જેના હોતાં જે ઉપલબ્ધ ન થાય તે તેનો વિરોધી છે એવું નિશ્ચિત થાય છે. પરંતુ જેના હોતાં જે ઉપલબ્ધ થાય તે તેનો વિરોધી હોવાની ગંધને પણ અવકાશ નથી. અર્થાત્ એક જ જગ્યાએ જો બે વસ્તુઓનું સહાવસ્થાન દેખાતું હોય તો તે બે વસ્તુઓ એકબીજાની વિરોધી હોઈ શકે જ નહિ. નીલ અને અનીલ એક જ સ્થાનમાં રહેતા દેખાતા હોય તો તેઓ પણ એકબીજાના વિરોધી નથી એમ જ કહેવું જોઈએ. બૌદ્ધોએ પણ એક જ ચિત્રપટજ્ઞાનમાં નીલ અને અનીલનો વિરોધ નથી માન્યો કારણ કે એક જ ચિત્રપટજ્ઞાનમાં નીલ અને અનીલનું સહાવસ્થાન દેખાય છે. નૈયાયિકોએ પણ ચિત્રરૂપ માન્યું જેમાં નીલ, અનીલ આદિ અનેક રૂપોનું એક સાથે સહાવસ્થાન છે. વળી, એક જ વસ્ત્રમાં ચલતા-અચલતા, રક્તતા-અરક્તતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવૃતતા-અનાવૃતતા આદિ પરસ્પર વિરોધી ધર્મો દેખાય છે. તો પછી એક જ વસ્તુમાં દ્રવ્ય-પર્યાયરૂપતા (નિત્યાનિત્યતા) કે દ્રવ્ય-પર્યાયનો ભેદાભેદ માનવામાં વિરોધની શંકાને અવકાશ જ ક્યાં છે ? વિરોધદોષના નિરાસથી તો વૈયધિકરણ્યદોષનો નિરાસ પણ થઈ ગયો કારણ કે એક જ અધિકરણમાં(વસ્તુમાં) દ્રવ્ય-પર્યાયરૂપતા કે દ્રવ્ય-પર્યાયનો ભેદાભેદ પૂર્વોક્ત યુક્તિઓ (અને દૃષ્ટાન્તો) અનુસાર પ્રતીત થાય છે. જે અનવસ્થાનું દૂષણ આપવામાં આવ્યું છે તે પણ અનેકાન્તવાદી જૈન મતને ન જાણનારે જ આપ્યું છે. જૈનોનો મત તો આ છે — દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય એ બે જ ભેદ છે કારણ કે 'ભેદ' શબ્દ વડે તે બેનું જ અભિધાન થયું છે; દ્રવ્યના રૂપમાં અભેદ છે એમ કહેવાનો અર્થ એ છે કે દ્રવ્ય પોતે જ અભેદ છે; આમ વસ્તુ ભેદાભેદાત્મક છે કારણ કે વસ્તુ આ રીતે એકાનેકાત્મક છે. સંકર અને વ્યતિકર એ બે દોષોનો નિરાસ તો ઉપર જણાવેલ ચિત્રપટજ્ઞાન (મેચકજ્ઞાન)ના દૃષ્ટાન્તથી તેમજ સામાન્યવિશેષના (અર્થાત્ અપરસામાન્ય જે સામાન્યરૂપ પણ છે અને વિશેષરૂપ પણ છે તેના) દૃષ્ટાન્તથી થઈ જાય છે. જો કહેવામાં આવે કે ચિત્રપટજ્ઞાન આદિ દૃષ્ટાન્તોમાં તો અનેક વિરોધી ધર્મોની પ્રતીતિ હોય છે તો અમે જૈનો પણ કહીએ છીએ કે એક વસ્તુમાં દ્રવ્ય-પર્યાય (નિત્ય-અનિત્ય, ભેદ-અભેદ) અનેક વિરોધી ધર્મોની પ્રતીતિ હોય છે જ. અર્થાત્ જેમ એક ચિત્રપટજ્ઞાનમાં અનેક વિરોધી રૂપોની પ્રતીતિ હોવાથી દોષ નથી તેમ અહીં અનેકાન્તવાદમાં પણ એક વસ્તુમાં અનેક વિરોધી ધર્મોની પ્રતીતિ થતી હોવાથી દોષ નથી, કારણ કે પ્રતીતિ પક્ષપાતી હોતી નથી. સંશયરૂપ દોષ પણ નથી, કારણ કે નિશ્ચિત વસ્તુમાં સંશય થાય છે એમ કહેવું અયોગ્ય છે. સંશય દોલાયમાન જ્ઞાનરૂપ હોય છે. તેથી જ્યાં નિશ્ચલ (નિશ્ચય યા નિર્ણયરૂપ) જ્ઞાન હોય ત્યાં સંશયને અવકાશ જ નથી, સંશય ઘટે જ નહિ. જે વસ્તુ પ્રમાણથી જ્ઞાત હોય તે વસ્તુની બાબતમાં તેનું યથાર્થ જ્ઞાન નથી એમ કહી દોષ આપવો બરાબર નથી, એમ કરવું એ તો ખોટું સાહસ ગણાય. ઉપલબ્ધિ (પ્રમાણરૂપ જ્ઞાન) હોય છે એમ નિશ્ચિતપણે કહ્યું હોવાથી અનુપલબ્ધિ (પ્રમાણરૂપ જ્ઞાનનો અભાવ) સિદ્ધ થતી નથી અને પરિણામે અભાવ (વિષયવ્યવસ્થાનો અભાવ) સિદ્ધ થતો નથી. આમ વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક છે એ પ્રત્યક્ષ અને અનુમાનથી અવિરુદ્ધ (અબાધિત) છે.

131. ननु द्रव्यपर्यायात्मकत्वेऽपि वस्तुनः कथमर्थक्रिया नाम ?। सा हि क्रमाक्रमाभ्यां व्याप्ता द्रव्यपर्यायैकान्तवदुभयात्मकादपि व्यावर्तताम् । शक्यं हि वक्तुमुभयात्मा भावो न क्रमेणार्थक्रियां कर्तुं समर्थः, समर्थस्य क्षेपायोगात् । न च सहकार्यपेक्षा युक्ता, द्रव्यस्याविकार्यत्वेन सहकारिकृतोप-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कारनिरपेक्षत्वात् । पर्यायाणां च क्षणिकत्वेन पूर्वापरकार्यकालाप्रतीक्षणात् । नाप्यक्रमेण, युगपद्धि सर्वकार्याणि कृत्वा पुनरकुर्वतोऽनर्थक्रियाकारित्वादसत्त्वम्, कुर्वतः क्रमपक्षभावी दोषः । द्रव्यपर्यायवादयोश्च यो दोषः स उभयवादेऽपि समानः —

**"प्रत्येकं यो भवेद्दोषो द्वयोर्भावे कथं न सः ?"**

इति वचनादित्याह—

**पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षणपरिणामेनास्यार्थक्रियोपपत्तिः ॥३३॥**

131. **શંકા**—વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોય તો પણ તેના દ્વારા અર્થક્રિયા (કાર્યોની ઉત્પત્તિ) કેવી રીતે ઘટે ? અર્થક્રિયા ક્રમ અને અક્રમ(યૌગપદ્ય)થી વ્યાપ્ત છે. તેવી અર્થક્રિયા એકાન્ત દ્રવ્યરૂપ અર્થમાં અને એકાન્ત પર્યાયરૂપ અર્થમાં સંભવતી નથી, તેવી જ રીતે તે દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ અર્થમાં પણ ન સંભવવી જોઈએ કારણ કે નીચે મુજબ દલીલ કરવી શક્ય છે— દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક વસ્તુ ક્રમથી પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરવા સમર્થ નથી, કારણ કે ક્રમથી કાર્યોને ઉત્પન્ન કરવામાં કાલક્ષેપ થાય છે અને જે સમર્થ હોય તે કદી પણ કાલક્ષેપ કરે નહિ. જો માનવામાં આવે કે ઉભયાત્મક વસ્તુ સહકારિકારણોની અપેક્ષા રાખતી હોવાને કારણે કાલક્ષેપ થાય છે તો એ બરાબર નથી કારણ કે દ્રવ્ય તો અવિકારી હોવાથી સહકારિકારણોના ઉપકારની તેને કોઈ જ અપેક્ષા નથી અને પર્યાયો ક્ષણિક હોવાથી તેઓ તો પૂર્વાપર કાલની પ્રતીક્ષા કરતા જ નથી. વળી, દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક વસ્તુ કાર્યોને યુગપત્ ઉત્પન્ન કરે એ પણ અસંભવ છે કેમ કે જો તે બધાં કાર્યોને એક સાથે યુગપત્ પ્રથમ ક્ષણમાં જ ઉત્પન્ન કરી નાખે તો બીજી, ત્રીજી વગેરે ક્ષણોએ તે કોઈ પણ કાર્યને ઉત્પન્ન નહિ કરે અર્થાત્ કાર્યકારી (અર્થક્રિયાકારી) નહિ રહે અને પરિણામે અસત્ બની જશે અને જો તે બીજી, ત્રીજી વગેરે ક્ષણોએ કાર્યો ઉત્પન્ન કરે તો ક્રમપક્ષમાં આવતા બધા દોષોની આપત્તિ આવશે. એકાન્ત દ્રવ્યવાદ (નિત્યત્વવાદ) અને એકાન્ત પર્યાયવાદ(ક્ષણિકત્વવાદ)માં જે દોષો આવે છે તે બધા જ દ્રવ્ય-પર્યાય ઉભયવાદમાં પણ સમાનપણે આવે છે જ. કહ્યું પણ છે, "એક-એક પક્ષમાં જે દોષો આવે તે તે બેના સમુચ્ચયરૂપ ઉભયપક્ષમાં કેમ ન આવે ? અર્થાત્ આવે જ." આ શંકાના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**પૂર્વ પર્યાયનો પરિત્યાગ (નાશ), ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને (દ્રવ્યની) સ્થિતિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(અર્થાત્ ધ્રૌવ્ય) જેનું લક્ષણ છે તે પરિણામ દ્વારા તેની (દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુની) અર્થક્રિયા ઘટે છે.(૩૩)

132. 'पूर्वोत्तरयोः' 'आकारयोः' विवर्तयोर्यथासङ्ख्येन यौ 'परिहार-स्वीकारौ' ताभ्यां स्थितिः सैव 'लक्षणम्' यस्य स चासौ परिणामश्च, तेन 'अस्य' द्रव्यपर्यायात्मकस्यार्थक्रियोपपद्यते ।

132. પૂર્વ અને ઉત્તર આકારોના અર્થાત્ પર્યાયોના ક્રમશઃ નાશ અને ઉત્પાદ તથા બેમાંથી પસાર થતા એક સૂત્રરૂપ અનુસ્યૂત દ્રવ્યની સ્થિતિ (ધ્રુવતા) તે જ જેનું લક્ષણ છે તે પરિણામ દ્વારા આની અર્થાત્ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુની અર્થક્રિયા ઘટે છે.

133. अयमर्थः — न द्रव्यरूपं न पर्यायरूपं नोभयरूपं वस्तु, येन तत्तत्पक्षभावीदोषः स्यात्, किन्तु स्थित्युत्पादव्ययात्मकं शबलं जात्यन्तरमेव वस्तु । तेन तत्तत्सहकारिसन्निधाने क्रमेण युगपद्वा तां तामर्थक्रियां कुर्वतः सहकारिकृतां चोपकारपरम्परामुपजीवतो भिन्नाभिन्नोपकारादिनोदनानुमोदना-प्रमुदितात्मनः उभयपक्षभाविदोषशङ्काकलङ्काऽकान्दिशीकस्य भावस्य न व्यापकानुपलब्धिबलेनार्थक्रियायाः, नापि तद्व्याप्यसत्त्वस्य निवृत्तिरिति सिद्धं द्रव्यपर्यायात्मकं वस्तु प्रमाणस्य विषयः ॥३३॥

133. આ અર્થ છે—જૈન અનેકાન્તવાદમાં વસ્તુ ન તો કેવળ દ્રવ્યરૂપ છે, કે ન તો કેવળ પર્યાયરૂપ છે, કે ન તો એકબીજાથી તદ્દન ભિન્ન દ્રવ્ય અને પર્યાયના સમુચ્ચયના રૂપમાં ઉભયરૂપ છે, જેથી તે તે પક્ષમાં આવતા દોષો જૈન સમ્મત વસ્તુમાં આવે. જૈન સમ્મત વસ્તુ તો સ્થિતિ, ઉત્પાદ અને વ્યય એ ત્રણેથી ઘટિત સ્વભાવવાળી (દ્રવ્ય અને પર્યાયથી ઘટિત સ્વભાવવાળી) શબલ અલગ જાતિની (જાત્યન્તર) છે. તેથી તે તે સહકારિકારણોની સન્નિધિ થતાં તે વસ્તુ ક્રમથી કે યુગપત્ અનેક કાર્યો ઉત્પન્ન કરે છે. કાર્યો ઉત્પન્ન કરવામાં તે વસ્તુ સહકારિકારણો દ્વારા કરાતા ઉપકારોની સહાયતા લે છે. તે વસ્તુથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એવા તે ઉપકારોના ત્યાગ-સ્વીકાર દ્વારા તે વસ્તુ પ્રમુદિત (સામર્થ્યયુક્ત) બને છે. તેથી બન્ને એકાન્ત પક્ષોમાં આવતા દોષોની આશંકાના કલંકથી તે વસ્તુ સદંતર મુક્ત છે, તે કલંકથી ડરીને કઈ દિશામાં ભાગી જાઉં એમ વિચારતા ભાગેડુ જેવી તેની સ્થિતિ બિલકુલ નથી. વ્યાપ્ય અર્થક્રિયાના અભાવને સિદ્ધ કરનારું વ્યાપક ક્રમ-અક્રમની અનુપલબ્ધિરૂપ બળ અહીં નથી, તેમજ વ્યાપ્ય સત્પણાના અભાવનું કારણ વ્યાપક અર્થક્રિયાનો અભાવ પણ અહીં નથી. તેથી દ્રવ્ય-


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાયાત્મક વસ્તુ જ વસ્તુ છે, સત્ છે, પ્રમાણનો વિષય છે.(૩૩)

134. फलमाह—

**फलमर्थप्रकाशः ॥३४॥**

134. આચાર્ય પ્રમાણનું ફલ કહે છે—

**પ્રમાણનું ફલ અર્થનો પ્રકાશ છે. (૩૪)**

135. 'प्रमाणस्य' इति वर्तते, प्रमाणस्य 'फलम्' 'अर्थप्रकाशः' अर्थसंवेदनम्; अर्थार्थी हि सर्वः प्रमातेत्यर्थसंवेदनमेव फलं युक्तम् । नन्वेवं प्रमाणमेव फलत्वेनोक्तं स्यात्, ओमिति चेत्, तर्हि प्रमाणफलयोरभेदः स्यात् । ततः किं स्यात् ? प्रमाणफलयोरैक्ये सदसत्पक्षभावी दोषः स्यात्, नासतः करणत्वं न सतः फलत्वम् । सत्यम्, अस्त्ययं दोषो जन्मनि न व्यवस्थायाम् । यदाहुः —

**"नासतो हेतुता नापि सतो हेतोः फलात्मता ।**
**इति जन्मनि दोषः स्याद् व्यवस्था तु न दोषभाग् ॥" इति ॥३४॥**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

135. 'प्रमाणस्य(પ્રમાણનું)' પદ આગળ આવી ગયેલા સૂત્રમાંથી અહીં ચાલ્યું આવે છે. પ્રમાણનું ફલ અર્થપ્રકાશ અર્થાત્ અર્થનું જ્ઞાન છે. બધા પ્રમાતાઓ અર્થને ઇચ્છે છે એટલે અર્થનું જ્ઞાન પ્રમાણનું ફળ છે એમ માનવું યોગ્ય છે.

**શંકા**—[જ્ઞાન જ પ્રમાણ છે અને જ્ઞાનને જ ફળ માન્યું.] આમ પ્રમાણ પોતે જ ફળ કહેવાશે.

**સમાધાન**—હા, ખરી વાત. એમ જ છે.

**શંકા**—તો પછી પ્રમાણ અને ફળનો ભેદ નહિ રહે, તેમનો અભેદ થઈ જશે.

**ઉત્તર**—તો તેથી શું થાય ?

**શંકાકાર**—પ્રમાણ અને ફળનો અભેદ માનતાં સત્(કારણ) અને (ઉત્પત્તિ પૂર્વે) અસત્(કાર્ય)ના અભેદના પક્ષમાં આવતા બધા દોષો આવે. [સત્ કરણ અસત્ ફળને ઉત્પન્ન કરે છે. તે બન્નેનો અભેદ હોતાં કરણ પણ અસત્ બને અને ફળ પણ સત્ બને.] પરંતુ જે અસત્ હોય તે કરણ હોય નહિ અને જે (ઉત્પત્તિ પૂર્વે) સત્ હોય તે ફળ હોય નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમાધાન**—સાચું, આ દોષ ઉત્પત્તિની બાબતમાં આવે છે, પરંતુ વ્યવસ્થામાં આવતો નથી. [અર્થાત્ પ્રમાણ-ફળ વચ્ચે જનક-જન્યભાવ માનીએ તો આ દોષ આવે પરંતુ વ્યવસ્થાપક-વ્યવસ્થાપ્યભાવ માનીએ તો આ દોષ ન આવે. અમે પ્રમાણ અને ફળ વચ્ચે વ્યવસ્થાપક-વ્યવસ્થાપ્યભાવ માનીએ છીએ.] કહ્યું પણ છે, "જે અસત્ હોય અર્થાત્ અવિદ્યમાન હોય તે ઉત્પાદક હેતુ (કરણ યા કારણ) હોઈ શકે નહિ અને જે (ઉત્પત્તિ પૂર્વે) સત્ હોય તે ફળ અર્થાત્ કાર્ય હોઈ શકે નહિ. આ દોષ ઉત્પત્તિની બાબતમાં આવે છે પરંતુ વ્યવસ્થામાં આ દોષ આવતો નથી."(૩૪)

136. व्यवस्थामेव दर्शयति—

**कर्मस्था क्रिया ॥३५॥**

136. આચાર્ય વ્યવસ્થાને દર્શાવે છે—

**કર્મમાં (વિષયમાં) સ્થિર થયેલી ક્રિયા (જ્ઞાનક્રિયા) ફલ છે. (૩૫)**

137. कर्मोन्मुखो ज्ञानव्यापारः फलम् ॥३५॥

137. કર્મ(વિષય) પ્રતિ ઉન્મુખ થયેલો જ્ઞાનવ્યાપાર ફલ છે. (૩૫)

138. प्रमाणं किमित्याह—

**कर्तृस्था प्रमाणम् ॥३६॥**

138. પ્રમાણ શું છે? એના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**કર્તામાં(પ્રમાતામાં) સ્થિર થયેલી ક્રિયા (જ્ઞાનક્રિયા) પ્રમાણ છે. (૩૬)**

139. कर्तृव्यापारमुल्लिखन् बोधः प्रमाणम् ॥३६॥

139. કર્તાના (પ્રમાતાના) વ્યાપારનો ઉલ્લેખ કરતો બોધ પ્રમાણ છે.(૩૬)

140. कथमस्य प्रमाणत्वम्? । करणं हि तत् साधकतमं च करणमुच्यते। अव्यवहितफलं च तदित्याह—

**तस्यां सत्यामर्थप्रकाशसिद्धेः ॥३७॥**

140. તે પ્રમાણ કેમ છે? આનો ઉત્તર એ છે કે તે કરણ છે અને જે સાધકતમ હોય તે જ કરણ છે. કાલવ્યવધાન વિના ઝટ તેનાથી ફલ(કાર્ય) ઉત્પન્ન થાય છે. એટલે આચાર્ય કહે છે—

**કારણ કે તેના હોતાં તરત જ અર્થના પ્રકાશની સિદ્ધિ થાય છે.(૩૭)**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

141. 'तस्याम्' इति कर्तृस्थायां प्रमाणरूपायां क्रियायां 'सत्याम्' 'अर्थप्रकाशस्य' फलस्य 'सिद्धेः' व्यवस्थापनात् । एकज्ञानगतत्वेन प्रमाण-फलयोरभेदो, व्यवस्थाप्यव्यवस्थापकभावात्तु भेद इति भेदाभेदरूपः स्याद्वादमबाधितमनुपतति प्रमाणफलभाव इतीदमखिलप्रमाणसाधारण-मव्यवहितं फलमुक्तम् ॥३७॥

141. તેના હોતાં અર્થાત્ પ્રમાતામાં રહેલી પ્રમાણરૂપ ક્રિયાના હોતાં અર્થપ્રકાશની અર્થાત્ ફળની સિદ્ધિ થતી હોવાથી, વ્યવસ્થાપના થતી હોવાથી. આમ પ્રમાણ અને ફળ એક જ જ્ઞાનગત હોવાથી અભિન્ન છે. પરંતુ વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપકભાવ તેમની વચ્ચે હોવાથી તેમનો ભેદ પણ છે. [તાત્પર્ય એ છે કે જ્ઞાનક્રિયા વિષય(કર્મ) અને પ્રમાતા (કર્તા) બન્નેમાં રહે છે. જ્ઞાનક્રિયા વિષયમાં રહેવાથી ફળ છે અને પ્રમાતામાં રહેવાથી પ્રમાણ છે. પરંતુ વસ્તુતઃ જ્ઞાનક્રિયા એક છે અને તે જ પ્રમાણ અને ફળ બન્ને છે. આમ એક જ જ્ઞાનક્રિયાગત પ્રમાણ અને ફળ હોવાથી તેમનો અભેદ હોવા છતાં પણ પ્રમાણ વ્યવસ્થાપક છે અને ફલ વ્યવસ્થાપ્ય છે એટલે આ દૃષ્ટિએ તેમનામાં ભેદ પણ છે.] આમ ભેદાભેદરૂપ અબાધિત સ્યાદ્વાદને પ્રમાણફલભાવ અનુસરે છે. અહીં બધાં પ્રમાણોમાં સાધારણ એવું અવ્યહિત ફલ આચાર્યે કહ્યું. (૩૭)

142. अव्यवहितमेव फलान्तरमाह—

**अज्ञाननिवृत्तिर्वा ॥३८॥**

142. આચાર્ય બીજું પ્રમાણનું અવ્યવહિત (સાક્ષાત્) ફલ કહે છે—

**અથવા અજ્ઞાનની નિવૃત્તિ પ્રમાણનું ફલ છે. (૩૮)**

143. प्रमाणप्रवृत्तेः पूर्वं प्रमातुर्विवक्षिते विषये यत् 'अज्ञानम्' तस्य 'निवृत्तिः' फलमित्यन्ये । यदाहुः—

**"प्रमाणस्य फलं साक्षादज्ञानविनिवर्तनम् ।**
**केवलस्य सुखोपेक्षे शेषस्यादानहानधीः ॥"**[न्याया. २८] **इति ॥३८॥**

143. પ્રમાણની પ્રવૃત્તિ થતાં પહેલાં પ્રમાતામાં વિવક્ષિત વિષયનું જે અજ્ઞાન હોય છે તેનો નાશ પ્રમાણનું ફળ છે એમ કેટલાક કહે છે. કહ્યું પણ છે, "પ્રમાણનું સાક્ષાત્ ફળ અજ્ઞાનનિવૃત્તિ (અજ્ઞાનનાશ) છે. કેવલજ્ઞાનનું ફળ સુખ અને ઉપેક્ષા છે અને બાકીનાં પ્રમાણોનું ફળ હાનોપાદાનબુદ્ધિ છે." [ન્યાયાવતાર, ૨૮]. (૩૮)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

144. व्यवहितमाह–

**अवग्रहादीनां वा क्रमोपजनधर्माणां पूर्वं पूर्वं प्रमाण-मुत्तरमुत्तरं फलम् ॥३९॥**

144. હવે આચાર્ય પ્રમાણનું વ્યવહિત ફલ કહે છે—

**ક્રમથી એક પછી એક ઉત્પન્ન થવાના સ્વભાવવાળાં અવગ્રહ વગેરેમાં પૂર્વ પૂર્વ પ્રમાણ છે અને ઉત્તર ઉત્તર ફળ છે. (૩૯)**

145. अवग्रहेहावायधारणास्मृतिप्रत्यभिज्ञानोहानुमानानां क्रमेणोपजायमानानां यद्यत् पूर्वं तत्तत्प्रमाणं यद्यदुत्तरं तत्तत्फलरूपं प्रतिपत्तव्यम् । अवग्रहपरिणामवान् ह्यात्मा ईहारूपफलतया परिणमति इतीहाफलापेक्षया अवग्रहः प्रमाणम् । ततोऽपीहा प्रमाणमवायः फलम् । पुनरवायः प्रमाणं धारणा फलम् । ईहाधारणयोर्ज्ञानोपादानत्वात् ज्ञानरूपतोन्नेया । ततो धारणा प्रमाणं स्मृतिः फलम् । ततोऽपि स्मृतिः प्रमाणं प्रत्यभिज्ञानं फलम् । ततोऽपि प्रत्यभिज्ञा प्रमाणमूहः फलम् । ततोऽप्यूहः प्रमाणमनुमानं फलमिति प्रमाणफलविभाग इति ॥३९॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

145. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, ઊહ(તર્ક) અને અનુમાન આ જ્ઞાનો ક્રમથી ઉત્પન્ન થાય છે, અર્થાત્ પેહલાં અવગ્રહ, પછી ઈહા, પછી અવાય, પછી ધારણા, પછી સ્મૃતિ, પછી પ્રત્યભિજ્ઞાન, પછી ઊહ અને પછી અનુમાન એ ક્રમે ઉત્પન્ન થાય છે. તેમાં પહેલાં પહેલાં થનારું જ્ઞાન પ્રમાણ છે અને પછી પછી થનારું જ્ઞાન ફલ છે. એટલે અવગ્રહ પ્રમાણ છે અને ઈહા તેનું ફળ છે, તે પછી ઈહા પ્રમાણ છે અને અવાય તેનું ફલ છે, તે પછી અવાય પ્રમાણ છે અને ધારણા તેનું ફલ છે, તે પછી ધારણા પ્રમાણ છે અને સ્મૃતિ તેનું ફળ છે, એ જ રીતે પછી સ્મૃતિ પ્રમાણ છે અને પ્રત્યભિજ્ઞાન તેનું ફળ છે, પછી પ્રત્યભિજ્ઞાન પ્રમાણ છે અને ઊહ(તર્ક) તેનું ફલ છે અને તે પછી ઊહ પ્રમાણ છે અને અનુમાન તેનું ફલ છે. આ પ્રમાણે પ્રમાણ અને તેના ફલનો વિભાગ છે. (૩૯)

146. फलान्तरमाह–

**हानादिबुद्धयो वा ॥४०॥**

146. આચાર્ય પ્રમાણનું અન્ય ફળ કહે છે—

**અથવા હાનબુદ્ધિ આદિ ફલ છે. (૪૦)**

147. हानोपादानोपेक्षाबुद्धयो वा प्रमाणस्य फलम्। फलबहुत्वप्रतिपादनं सर्वेषां फलत्वेन न विरोधो वैवक्षिकत्वात् फलस्येति प्रदिपादनार्थम् ॥४०॥

147. અથવા હાનબુદ્ધિ, ઉપાદાનબુદ્ધિ અને ઉપેક્ષાબુદ્ધિ પ્રમાણનું ફળ છે. અહીં અનેક ફલોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ બધાં ફળો હોવામાં કોઈ વિરોધ નથી કારણ કે ફલ પ્રમાતાની વિવક્ષા મુજબ હોય છે—ફલબહુત્વનું પ્રતિપાદન કરવાનું આ પ્રયોજન છે.(૪૦)

148. एकान्तभिन्नाभिन्नफलवादिमतपरीक्षार्थमाह—

**प्रमाणाद्भिन्नाभिन्नम् ॥४१॥**

148. પ્રમાણથી ફલને એકાન્ત ભિન્ન કે એકાન્ત અભિન્ન માનનારના મતોની પરીક્ષા કરવા માટે આચાર્ય કહે છે—

**[પ્રમાણનું ફળ] પ્રમાણથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. (૪૧)**

149. करणरूपत्वात् क्रियारूपत्वाच्च प्रमाणफलयोर्भेदः । अभेदे प्रमाणफलभेदव्यवहारानुपपत्तेः प्रमाणमेव वा फलमेव वा भवेत्। अप्रमाणाद्व्यावृत्त्या प्रमाणव्यवहारः, अफलाद्व्यावृत्त्या च फलव्यवहारो भविष्यतीति चेत्; नैवम्; एवं सति प्रमाणान्तराद्व्यावृत्त्याऽप्रमाणव्यवहारः, फलान्तराद्व्यावृत्त्याऽफलव्यवहारोऽप्यस्तु, विजातीयादिव सजातीयादपि व्यावृत्तत्वाद्वस्तुनः ।

149. પ્રમાણ કરણરૂપ છે અને ફલ ક્રિયારૂપ છે, તેથી પ્રમાણ અને ફળનો ભેદ છે. એકાન્ત અભેદ માનવામાં આવે તો 'પ્રમાણ અને ફળ' એવો ભેદવ્યવહાર ઘટશે નહિ, એકલું પ્રમાણ જ રહેશે કે એકલું ફલ જ રહેશે.

**શંકા**—પ્રમાણ અને ફળનો અભેદ છે. પ્રમાણ અને ફળ એક જ વસ્તુ છે. તે એક જ વસ્તુમાં અપ્રમાણની વ્યાવૃત્તિ દ્વારા પ્રમાણનો વ્યવહાર થશે અને અફલની વ્યાવૃત્તિ દ્વારા ફલનો વ્યવહાર થશે. આમ એક જ વસ્તુમાં પ્રમાણ-ફલનો ભેદવ્યવહાર ઘટશે.

**સમાધાન**—આવું નથી. આ માન્યતા અયોગ્ય છે. [પ્રત્યેક વસ્તુ જેમ વિજાતીય વસ્તુઓથી વ્યાવૃત્ત હોય છે તેમ સજાતીયથી પણ વ્યાવૃત્ત હોય છે.] તેથી જેમ અપ્રમાણથી વ્યાવૃત્ત હોવાના કારણે 'પ્રમાણ છે' એવો વ્યવહાર સ્વીકારો છો તેમ પ્રમાણાન્તરથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(બીજા પ્રમાણથી) વ્યાવૃત્ત હોવાના કારણે પણ 'અપ્રમાણ છે' એવો વ્યવહાર તેની જ બાબતમાં સ્વીકારવો પડશે. તેવી જ રીતે ફલાન્તરથી વ્યાવૃત્ત હોવાના કારણે તેની જ બાબતમાં 'અફલ છે' એવો વ્યવહાર સ્વીકારવો પડશે. [આમ પ્રમાણ અને ફળનો આત્યન્તિક અભેદ નથી. પરંતુ તેમનો કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે.]

**150. तथा, तस्यैवात्मनः प्रमाणाकारेण परिणतिस्तस्यैव फलरूपतया परिणाम इत्येकप्रमात्रपेक्षया प्रमाणफलयोरभेदः । भेदे त्वात्मान्तरवत्तद-नुपपत्तिः । अथ यत्रैवात्मनि प्रमाणं समवेतं फलमपि तत्रैव समवेतमिति समवायलक्षणया प्रत्यासत्त्या प्रमाणफलव्यवस्थितिरिति नात्मान्तरे तत्प्रसङ्ग इति चेत्; न; समवायस्य नित्यत्वाद्व्यापकत्वान्नियतात्मवत्सर्वात्म-स्वप्यविशेषान्न ततो नियतप्रमातृसम्बन्धप्रतिनियमः तत् सिद्धमेतत् प्रमाणा-त्फलं कथञ्चिद्भिन्नमभिन्नं चेति ॥४१॥**

150. વળી, તે જ આત્માનું પ્રમાણરૂપે પરિણમન થાય છે અને તે જ આત્માનું ફળરૂપે પણ પરિણમન થાય છે. આમ એક જ પ્રમાતાની અપેક્ષાએ પ્રમાણ અને ફળનો કથંચિત્ અભેદ પણ છે. [જેમ વૈશેષિકો માને છે તેમ] પ્રમાણ અને ફળનો સર્વથા અર્થાત્ એકાન્ત ભેદ માનવામાં આવે તો જેમ બે આત્માઓના બે પરિણામો વચ્ચે કોઈ સંબંધ ઘટતો નથી તેમ એક જ આત્માના આ બે પ્રમાણ અને ફળરૂપ પરિણામો વચ્ચે પણ કોઈ પણ સંબંધ (પ્રમાણ-ફલસંબંધ પણ) ઘટશે જ નહિ. આ જ વાત બીજા શબ્દોમાં કહીએ. જો પ્રમાણ અને ફળનો એકાન્ત ભેદ હોય તો તેનો અર્થ એ થાય કે બે ભિન્ન આત્મામાં રહેતા બે ભિન્ન પર્યાયો જેવા આ બે પર્યાયો અર્થાત્ પ્રમાણપર્યાય અને ફળપર્યાય બની જાય. અર્થાત્, પ્રમાણ એક આત્મામાં અને ફલ બીજા આત્મામાં એવી અવ્યવસ્થાની આપત્તિ આવે.

**વૈશેષિક**—જે આત્મામાં પ્રમાણ સમવાયસંબંધી રહે છે તે જ આત્મામાં ફલ પણ સમવાયસંબંધથી રહે છે. તેથી સમવાયસંબંધ દ્વારા પ્રમાણ અને તેના ફળની વ્યવસ્થા ઘટે છે. એટલે પ્રમાણ એક આત્મામાં અને તેનું ફળ બીજા આત્મામાં એવી અવ્યવસ્થાની આપત્તિ આવતી નથી.

**હેમચન્દ્રાચાર્ય**—ના, તમારી વાત યોગ્ય નથી. સમવાયસંબંધ દ્વારા એવી વ્યવસ્થા ઘટી શકતી નથી કારણ કે તમે વૈશેષિકોએ સમવાયસંબંધ નિત્ય અને સર્વવ્યાપી માન્યો છે એટલે કોઈપણ એક આત્માની જેમ સર્વ આત્માઓ સાથે સમાનપણે સમવાયસંબંધ છે અને પરિણામે કોઈ પ્રમાણ અને તેનું ફળ અમુક જ આત્મામાં સમવાયસંબંધથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે છે એવો નિયમ ઘટી નહિ શકે.

આ સમગ્ર ચર્ચા ઉપરથી એ સિદ્ધ થયું કે પ્રમાણ સાથે ફળનો કથંચિત્ ભેદ પણ છે અને કથંચિત્ અભેદ પણ છે. (૪૧)

151. प्रमातारं लक्षयति—

**स्वपराभासी परिणाम्यात्मा प्रमाता ॥४२॥**

151. હવે આચાર્ય પ્રમાતાનું લક્ષણ કહે છે—

**સ્વ અને પર બન્નેને જાણનારો પરિણમનશીલ આત્મા જ પ્રમાતા છે. (૪૨)**

152. स्वम् आत्मानं परं चार्थमाभासयितुं शीलं यस्य स 'स्वपराभासी' स्वोन्मुखतयाऽर्थोन्मुखतया चावभासनात् घटमहं जानामीति कर्मकर्तृक्रियाणां प्रतीतेः, अन्यतरप्रतीत्यपलापे प्रमाणाभावात् । न च परप्रकाशकत्वस्य स्वप्रकाशकत्वेन विरोधः प्रदीपवत् । नहि प्रदीपः स्वप्रकाशे परमपेक्षते । अनेनैकान्तस्वाभासिपराभासिवादिमतनिरासः । स्वपराभास्येव 'आत्मा प्रमाता' ।

152. જેનો સ્વભાવ પોતાને અને પરને અર્થાત્ અર્થને (વિષયને) જાણવાનો છે તે 'સ્વ-પરાવભાસી' છે. તેનું કારણ એ છે કે જ્ઞાન સ્વોન્મુખ થયેલું અને અર્થોન્મુખ થયેલું પ્રતીત થાય છે. 'હું ઘટને જાણું છું' એવા આકારની પ્રતીતિમાં કર્મ (વિષય ઘટ), કર્તા (પ્રમાતા હું) અને ક્રિયા (જ્ઞાનક્રિયા — જાણું છું) એ ત્રણેનો બોધ હોય છે, કારણ કે એ ત્રણમાંથી કોઈના પણ બોધનો નિષેધ કરવા માટે કોઈ પ્રમાણ નથી. [જ્ઞાન જેમ વિષયને અને પ્રમાતાને જાણે છે તેમ પોતાને પણ જાણે છે. જ્ઞાનનું પોતાને જાણવું એને સ્વસંવેદન કે સ્વપ્રકાશ કહેવાય છે.] પરપ્રકાશકત્વ સાથે સ્વપ્રકાશકત્વનો કોઈ વિરોધ નથી. દીપક પરપ્રકાશક હોવાની સાથે સ્વપ્રકાશક પણ છે જ. પોતાને પ્રકાશિત કરવા માટે દીપક પરની અર્થાત્ બીજા દીપકની અપેક્ષા નથી રાખતો. આ કથન દ્વારા આત્મા (યા જ્ઞાન) એકાન્તપણે સ્વાભાસી જ છે યા પરાભાસી જ છે એ બન્ને એકાન્ત વાદોનો નિરાસ થઈ જાય છે. આ રીતે સિદ્ધ થયું કે પ્રમાતા આત્મા સ્વ-પરાભાસી છે.

153. तथा, परिणाम उक्तलक्षणः स विद्यते यस्य स 'परिणामी' । कूटस्थनित्ये ह्यात्मनि हर्षविषादसुखदुःखभोगादयो विवर्ताः प्रवृत्तिनिवृत्ति-धर्माणो न वर्तेरन् । एकान्तनाशिनि च कृतनाशाकृताभ्यागमौ स्याताम्,

JAINSITE.com जैनम् जयति शासनम्

स्मृतिप्रत्यभिज्ञाननिहितप्रत्युन्मार्गणप्रभृतयश्च प्रतिप्राणिप्रतीता व्यवहारा विशीर्येरन् । परिणामिनि तूत्पादव्ययध्रौव्यधर्मण्यात्मनि सर्वमुपपद्यते । यदाहुः—

"यथाहेः कुण्डलावस्था व्यपैति तदनन्तरम् ।
सम्भवत्यार्जवावस्था सर्पत्वं त्वनुवर्तते ॥

तथैव नित्यचैतन्यस्वरूपस्यात्मनो हि न ।
निःशेषरूपविगमः सर्वस्यानुगमोऽपि वा ॥

किं त्वस्य विनिवर्तन्ते सुखदुःखादिलक्षणाः ।
अवस्थास्ताश्च जायन्ते चैतन्यं त्वनुवर्तते ॥

स्यातामत्यन्तनाशे हि कृतनाशाकृतागमौ ।
सुखदुःखादिभोगश्च नैव स्यादेकरूपिणः ॥

न च कर्तृत्वभोक्तृत्वे पुंसोऽवस्थां समाश्रिते ।
ततोऽवस्थावतस्तत्त्वात् कर्तैवाप्नोति तत्फलम् ॥"

[तत्त्वसं.का. २२३-२२७]

JAINSITE जैनम् जयति शासनम्

इति अनेनैकान्तनित्यानित्यवादव्युदासः । 'आत्मा' इत्यनात्मवादिनो व्युदस्यति । कायप्रमाणता त्वात्मनः प्रकृतानुपयोगान्नोक्तेति सुस्थितं प्रमातृलक्षणम् ॥४२॥

153. પરિણામનું લક્ષણ પહેલાં જણાવી દીધું છે. [તે લક્ષણ છે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયતા.] આવા પરિણામવાળો જે હોય તે પરિણામી. આત્મા પરિણામી છે. જો આત્માને એકાન્ત નિત્ય અર્થાત્ કૂટસ્થનિત્ય માનવામાં આવે તો આત્મામાં હર્ષ, વિષાદ, સુખ, દુઃખ, ભોગ વગેરે પર્યાયો (અવસ્થાઓ) અને પ્રવૃત્તિ-નિવૃત્તિ એ ધર્મો ઘટશે નહિ. અને જો આત્માને એકાન્ત ક્ષણિક માનવામાં આવે તો આત્માએ કરેલા કર્મનું ફળ ભોગવ્યા વિના જ તે આત્મા નાશ પામી જશે અને આત્માએ પોતે ન કરેલા કર્મનું ફળ તેણે ભોગવવું પડશે. અર્થાત્ આત્માને એકાન્ત ક્ષણિક માનવામાં આવે તો કર્મ કરતાં જ તે આત્મા નાશ પામી જશે અને એવી સ્થિતિમાં તે આત્મા પોતે કરેલા કર્મનું ફળ ભોગવી નહિ શકે. તે પછી તે કર્મનું ફળ જે આત્મા ભોગવશે તે તો કોઈ બીજો જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા હશે જેણે પેલું કર્મ કર્યું જ ન હતું. આ ઉપરાંત આત્માને ક્ષણિક માનતાં તો સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, છુપાવેલી વસ્તુને પાછી ખોળી કાઢવી, વગેરે પ્રાણીઓના વ્યવહારોનો જગતમાં અભાવ થઈ જાય. પરંતુ પરિણામી અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ધર્મોવાળા આત્મામાં આ બધું જ ઘટે છે. કહ્યું પણ છે, "જેમ સર્પની કુંડલાકાર અવસ્થા દૂર થાય છે અને પછી સરલરેખાકાર અવસ્થા ઉત્પન્ન થાય છે પરંતુ સર્પત્વ તો જેમનું તેમ કાયમ રહે છે, એક સૂત્રરૂપે અનુસ્યૂત રહે છે, તેમ નિત્ય ચૈતન્યસ્વરૂપ આત્માના સંપૂર્ણ રૂપનો નાશ થતો નથી કે તે સંપૂર્ણ રૂપ કાયમ રહેતું નથી, પરંતુ આત્માની સુખ, દુઃખ વગેરે લક્ષણોવાળી અવસ્થાઓ નાશ પામતી રહે છે અને ઉત્પન્ન થતી રહે છે કિન્તુ ચૈતન્ય બધી જ અવસ્થાઓમાં એકસરખું એકસૂત્રરૂપે અનુસ્યૂત રહે છે. આત્માને એકાન્ત ક્ષણિક માનતાં કૃતકર્મપ્રણાશ (કરેલા કર્મના ફળના ભોગનો અભાવ) અને અકૃતકર્માગમ (ન કરેલા કર્મના ફળનો ભોગ) આ બે દોષોની આપત્તિ આવે છે. અને આત્માને એકાન્ત નિત્ય માનતાં સુખ, દુઃખ વગેરેના ભોગરૂપ વિવિધ અવસ્થાઓ આત્મામાં નહિ ઘટે. જો કહેવામાં આવે કે કર્તૃત્વ અને ભોક્તૃત્વ આત્મામાં નથી પરંતુ અવસ્થાઓમાં (પર્યાયોમાં) છે, તો આ માન્યતા બરાબર નથી કારણ કે અવસ્થાઓથી અવસ્થાવાન્ એકાન્ત ભિન્ન નથી. બન્નેમાં કથંચિત્ અભેદ છે. તેથી જ કર્મનો જે કર્તા છે તે જ કર્મફલનો ભોક્તા છે." [તત્ત્વસંગ્રહ, કારિકા ૨૨૩-૨૨૭].

આમ આ ચર્ચા દ્વારા આત્માના એકાન્ત નિત્યત્વનો વાદ અને આત્માના એકાન્ત અનિત્યત્વનો વાદ બન્નેનો નિરાસ થઈ ગયો. 'આત્મા' શબ્દના પ્રયોગ દ્વારા અનાત્મવાદી બૌદ્ધોનો અને ચાર્વાકોનો પ્રતિષેધ કરાયો છે. આત્મા શરીરપરિમાણ છે એ જૈન માન્યતા પ્રકૃતમાં ઉપયોગી ન હોવાથી જણાવી નથી.

આમ પ્રમાતાનું લક્ષણ સારી રીતે સ્થાપિત થયું.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायाः प्रमाणमीमांसायास्तद्वृत्तेश्च
प्रथमस्याध्यायस्य प्रथममाह्निकम्

**આચાર્યશ્રી હેમચન્દ્રવિરચિત પ્રમાણમીમાંસા અને તેની વૃત્તિના પ્રથમ અધ્યાયનું પ્રથમ આહ્નિક અહીં સમાપ્ત થયું.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ अथ प्रथमाध्यायस्य द्वितीयमाह्निकम् ॥

## પ્રથમ અધ્યાયનું બીજું આહ્નિક

1. इहोद्दिष्टे प्रत्यक्षपरोक्षलक्षणे प्रमाणद्वये लक्षितं प्रत्यक्षम् । इदानीं परोक्षलक्षणमाह—

**अविशदः परोक्षम् ॥१॥**

1. અહીં ગણાવવામાં આવેલાં પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણોમાંથી પ્રત્યક્ષનું લક્ષણ જણાવ્યું. હવે આચાર્ય પરોક્ષનું લક્ષણ કહે છે—

**અવિશદ [સમ્યગર્થનિર્ણય] પરોક્ષ [પ્રમાણ] છે. (૧)**

2. सामान्यलक्षणानुवादेन विशेषलक्षणविधानात् 'सम्यगर्थनिर्णयः' इत्यनुवर्तते । तेनाविशदः सम्यगर्थनिर्णयः परोक्षप्रमाणमिति ॥१॥

2. સામાન્યલક્ષણની પુનરુક્તિ કરીને જ વિશેષ લક્ષણનું વિધાન કરવામાં આવે છે. તેથી 'સમ્યગ્ અર્થનિર્ણય' એ પદ આગળ આવી ગયેલા સૂત્રમાંથી અહીં ચાલ્યું આવે છે. તેથી અવિશદ સમ્યગર્થનિર્ણય પરોક્ષ પ્રમાણ છે. [અવિશદ એટલે જેમાં 'આ' એવા આકારની પ્રતીતિ ન હોય કે જેની ઉત્પત્તિમાં બીજા પ્રમાણની અપેક્ષા હોય તે. તાત્પર્ય એ છે કે પ્રત્યક્ષની જેમ પરોક્ષ પ્રમાણ પણ સમ્યક્ નિર્ણયરૂપ જ હોય છે પરંતુ પ્રત્યક્ષ વિશદ હોય છે જ્યારે પરોક્ષ અવિશદ હોય છે, આ જ તે બેનાં સ્વરૂપમાં અન્તર છે].(૧)

3. विभागमाह—

**स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमास्तद्विधयः ॥२॥**

3. હવે આચાર્ય પરોક્ષ પ્રમાણના ભેદો જણાવે છે—

**સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, ઊહ(તર્ક), અનુમાન અને આગમ - આ પાંચ ભેદો પરોક્ષ પ્રમાણના છે. (૨)**

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

4. 'तद्' इति परोक्षस्य परामर्शस्तेन परोक्षस्यैते प्रकारा न तु स्वतन्त्राणि प्रमाणान्तराणि प्रक्रान्तप्रमाणसङ्ख्याविघातप्रसङ्गात् ।

4. સૂત્રગત 'તત્' પદથી 'પરોક્ષ'નો નિર્દેશ છે. તેથી સ્પષ્ટ થાય છે કે સ્મૃતિ વગેરે પરોક્ષ પ્રમાણના પ્રકારો છે, સ્વતન્ત્ર પ્રમાણો નથી. તેમને સ્વતન્ત્ર પ્રમાણો માનતાં પ્રમાણના ભેદોની સંખ્યા જે બે કહેવામાં આવી છે તેની હાનિ થવાની આપત્તિ આવે.

5. ननु स्वतन्त्राण्येव स्मृत्यादीनि प्रमाणानि किं नोच्यन्ते ?, किमनेन द्रविडमण्डकभक्षणन्यायेन ? । मैवं वोचः, परोक्षलक्षणसङ्गृहीतानि परोक्ष-प्रमाणात्र विभेदवर्तीनि; यथैव हि प्रत्यक्षलक्षणसङ्गृहीतानीन्द्रियज्ञान-मानस-स्वसंवेदन-योगिज्ञानानि सौगतानां न प्रत्यक्षादतिरिच्यन्ते, तथैव हि परोक्षलक्षणाक्षिप्तानि स्मृत्यादीनि न मूलप्रमाणसङ्ख्यापरिपन्थीनीति । स्मृत्यादीनां पञ्चानां द्वन्द्वः ॥२॥

5. **શંકા** — સ્મૃતિ આદિને સ્વતન્ત્ર પ્રમાણો કેમ નથી માનતા? આ દ્રવિડમંડક-ભક્ષણન્યાયને અનુસરવાથી શો લાભ? અર્થાત્ અલગ અલગ રાખવાને બદલે સેળભેળ કરી ખીચડી શા માટે કરો છો?

**સમાધાન** — એવું ન કહો. જે પ્રમાણો પરોક્ષ પ્રમાણના લક્ષણથી સંગૃહીત થઈ પરોક્ષ પ્રમાણ અંતર્ગત થઈ જાય છે તે પરોક્ષ પ્રમાણથી પૃથક્ અર્થાત્ સ્વતન્ત્ર નથી થઈ શકતા. જેમ બૌદ્ધો અનુસાર ઇન્દ્રિયજ્ઞાન, માનસપ્રત્યક્ષ, સ્વસંવેદન, યોગિજ્ઞાન પ્રત્યક્ષલક્ષણથી સંગૃહીત થઈ પ્રત્યક્ષ પ્રમાણ અંતર્ગત થઈ જતાં હોવાથી પ્રત્યક્ષ પ્રમાણથી અલગ સ્વતન્ત્ર પ્રમાણો નથી તેમ સ્મૃતિ વગેરે પરોક્ષ લક્ષણથી સંગૃહીત થઈ પરોક્ષ પ્રમાણ અંતર્ગત થઈ જતાં હોવાથી પરોક્ષ પ્રમાણથી અલગ સ્વતન્ત્ર પ્રમાણો નથી પરંતુ પરોક્ષ પ્રમાણના જ ભેદો છે. તેથી સ્મૃતિ વગેરે મૂલ પ્રમાણની બેની સંખ્યાને બાધક નથી. સ્મૃતિ આદિ પાંચ પદોથી ઘટિત એક શબ્દ દ્વન્દ્વસમાસરૂપ છે. (૨)

6. तत्र स्मृतिं लक्षयति—

**वासनोद्बोधहेतुका तदित्याकारा स्मृतिः ॥३॥**

6. હવે આચાર્ય સ્મૃતિનું લક્ષણ કહે છે—

**વાસનાની જાગૃતિ જેની ઉત્પત્તિનું કારણ છે તેમજ જેનો 'તે' એવો આકાર હોય છે તે [સમ્યગ્ અર્થનિર્ણયરૂપ જ્ઞાન] સ્મૃતિ છે. (૩)**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

7. 'वासना' संस्कारस्तस्याः 'उद्बोधः' प्रबोधस्तद्धेतुका तन्निबन्धना, "**कालमसंखं संखं च धारणा होइ नायव्वा**" [विशेषा. गा. ३३३] इति वचनाच्चिरकालस्थायिन्यपि वासनाऽनुद्बुद्धा न स्मृतिहेतुः, आवरणक्षयोपशमसदृशदर्शनादिसामग्रीलब्धप्रबोधा तु स्मृतिं जनयतीति 'वासनोद्बोधहेतुका' इत्युक्तम् । अस्या उल्लेखमाह 'तदित्याकारा' सामान्योक्तौ नपुंसकनिर्देशस्तेन स घटः, सा पटी, तत् कुण्डलमित्युल्लेखवती मतिः स्मृतिः ।

7. વાસના એટલે સંસ્કાર. ઉદ્‌બોધ એટલે પ્રબોધ (જાગૃતિ). તે જેની ઉત્પત્તિનો હેતુ છે, અર્થાત્ તેની સાથે જેનો કાર્યરૂપે સંબંધ છે તે. [વાસના અર્થાત્ ધારણા નામના સંસ્કારનો ઉદ્‌બોધ (જાગૃતિ) જેને ઉત્પન્ન કરે છે તે સ્મૃતિ છે.] જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે, "ધારણા અસંખ્યાત યા સંખ્યાત કાલ સુધી ટકી રહે છે" [વિશેષાવશ્યકભાષ્ય, ગાથા, ૩૩૩]. ચિરકાલ સુધી સ્થિર રહેનારી, ટકી રહેનારી વાસના પણ જો જાગૃત (ઉદ્‌બુદ્ધ, પ્રબુદ્ધ) ન થાય તો તે સ્મૃતિને ઉત્પન્ન કરી શકતી નથી. કર્માવરણનો ક્ષયોપશમ, સદૃશ અર્થનું દર્શન, વગેરે કારણોથી જ્યારે વાસના જાગે છે ત્યારે જ તે જાગૃત થયેલી વાસના સ્મૃતિને ઉત્પન્ન કરે છે, ન જાગેલી વાસના સ્મૃતિને ઉત્પન્ન કરતી નથી. એટલે જ સ્મૃતિની ઉત્પત્તિનું કારણ જાગૃત થયેલી વાસનાને ગણી છે, અને સ્મૃતિને 'વાસનોદ્‌બોધહેતુકા' કહી છે. સ્મૃતિનો ઉલ્લેખ 'તે' એવા આકારથી થાય છે. સામાન્યની વિવક્ષા હોવાથી 'તત્ (તે)' એવો નપુંસકલિંગનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેનાથી 'તે ઘટ (स घटः)', 'તે પટી (सा पटी)' અને 'તે કુંડલ (तत् कुण्डलम्)' આ રીતે ત્રણે લિંગમાં 'તત્'ના ઉલ્લેખવાળી બધી બુદ્ધિઓ સ્મૃતિ છે. સ્મૃતિ એ મતિજ્ઞાનનો ભેદ છે.

**8. सा च प्रमाणम् अविसंवादित्वात् स्वयं निहितप्रत्युन्मार्गणादिव्यवहाराणां दर्शनात् । नन्वनुभूयमानस्य विषयस्याभावान्निरालम्बना स्मृतिः कथं प्रमाणम् ? । नैवम्, अनुभूतेनार्थेन सालम्बनत्वोपपत्तेः, अन्यथा प्रत्यक्षस्याप्यनुभूतार्थविषयत्वादप्रामाण्यं प्रसज्येत । स्वविषयावभासनं स्मृतेरप्यविशिष्टम् । विनष्टे विषयः कथं स्मृतेर्जनकः ? तथा चार्थाजन्यत्वान्न प्रामाण्यमस्या इति चेत्; तत् किं प्रमाणान्तरेऽप्यर्थजन्यत्वमविसंवादहेतुरिति विप्रलब्धोऽसि ? । मैवं मुहः, यथैव हि प्रदीपः स्वसामग्रीबललब्धजन्मा घटादिभिरजनितोऽपि तान् प्रकाशयति तथैवावरणक्षयोपशमसव्यपेक्षेन्द्रियानिन्द्रियबललब्धजन्म संवेदनं विषयमवभासयति । "नाननुकृतान्वय-**

**व्यतिरेकं कारणम् नाकारणं विषयः**'' इति तु प्रलापमात्रम्, योगिज्ञानस्यातीतानागतार्थगोचरस्य तदजन्यस्यापि प्रामाण्यं प्रति विप्रतिपत्तेरभावात् । किंच, स्मृतेरप्रामाण्येऽनुमानाय दत्तो जलाञ्जलिः, तया व्याप्तेरविषयीकरणे तदुत्थानायोगात्; लिङ्गग्रहण-सम्बन्धस्मरणपूर्वकमनुमानमिति हि सर्ववादिसिद्धम् । ततश्च स्मृतिः प्रमाणम्, अनुमानप्रामाण्यान्यथानुपपत्तेरिति सिद्धम् ॥३॥

8. સ્મૃતિ પ્રમાણ છે કારણ કે તેનો પ્રમાતાની પ્રવૃત્તિ સાથે અવિસંવાદ છે. અર્થાત્ સ્મૃતિને આધારે પ્રમાતા જે પ્રવૃત્તિ કરે છે તે સફળ થાય છે. સ્મૃતિ અવિસંવાદી છે કારણ કે પોતે દાટીને છુપાવી રાખેલી વસ્તુને ખોળી કાઢવાની માણસની પ્રવૃત્તિને સફળ થતી આપણે દેખીએ છીએ જ.

**શંકા** — સ્મૃતિનો વિષય વર્તમાનમાં અનુભવાતો (અનુભૂયમાન) નથી. [સ્મૃતિ તો પૂર્વાનુભૂત અતીત વિષયને જાણે છે જે વિષયનું અસ્તિત્વ નથી.] તેથી સ્મૃતિ નિર્વિષય છે (નિરાલંબન છે). તેથી તે પ્રમાણ કેવી રીતે હોઈ શકે ?

**સમાધાન** — એવું ન કહો. સ્મૃતિનો વિષય અનુભૂત અર્થ છે, તેથી તે નિર્વિષય નહિ પણ સવિષય જ છે. સ્મૃતિનો અનુભૂત વિષય હોવા છતાં તેને નિર્વિષય કહી અપ્રમાણ માનશો તો પ્રત્યક્ષ પણ જ્યારે અનુભૂત અર્થને વિષય કરે છે ત્યારે તે પણ અપ્રમાણ બની જવાની આપત્તિ આવશે. જો કહેવામાં આવે કે પોતાના વિષયને જાણવાના કારણે પ્રત્યક્ષ પ્રમાણ જ છે તો એ જ વાત સ્મૃતિને પણ સમાનપણે લાગુ પડે છે એટલે સ્મૃતિ પણ પ્રમાણ જ છે.

**શંકા** — જે વિષય સર્વથા નાશ પામી ગયો છે તે સ્મૃતિનો જનક કેવી રીતે હોઈ શકે ? આમ સ્મૃતિ અર્થથી (વિષયથી) જન્ય ન હોવાથી પ્રમાણ નથી.

**સમાધાન** — શું બીજાં પ્રમાણોના અવિસંવાદીપણાનું કારણ તેમનું અર્થજન્ય હોવાપણું છે એવી ભ્રાન્ત માન્યતાથી તમે છેતરાયા તો નથી ને ? તમારે એવા ભ્રમમાં ન રહેવું જોઈએ. [તેલ, વાટ, અગ્નિ, વગેરે કારણોની] પોતાની સામગ્રીથી દીપક ઉત્પન્ન થાય છે, ઘટ વગેરેથી ઉત્પન્ન થતો નથી. ઘટ આદિ અર્થોથી અજન્ય દીપક તેમને પ્રકાશિત કરે છે જ. તેવી જ રીતે, કર્માવરણના ક્ષયોપશમની સહાયતા પામેલાં ઇન્દ્રિય અને મનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું પ્રમાણરૂપ જ્ઞાન (અર્થજનિત અર્થાત્ વિષયજનિત ન હોવા છતાં) અર્થને (વિષયને) જાણે છે, પ્રકાશિત કરે છે જ. 'કાર્ય સાથે જેનો અન્વય અને વ્યતિરેક નથી તે તે કાર્યનું કારણ નથી અને જ્ઞાનનું જે કારણ નથી તે તેનો (જ્ઞાનનો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષય નથી' આ કથન કેવળ પ્રલાપ છે. યોગીઓનું જ્ઞાન અતીત (વિનષ્ટ) અને અનાગત (અનુત્પન્ન) અર્થોને જાણે છે, આમ આ યોગિજ્ઞાન અર્થજન્ય (વિષયજન્ય) નથી તેમ છતાં તેના પ્રમાણ હોવા અંગે કોઈ વિવાદ નથી, બધાં તેને પ્રમાણ માને છે. વળી, જો સ્મૃતિને પ્રમાણ તરીકે નહિ સ્વીકારો તો અનુમાનને પણ પ્રમાણ તરીકે નહિ સ્વીકારી શકો અર્થાત્ પ્રમાણ તરીકે અનુમાનનો ત્યાગ કરવો પડશે, અનુમાનપ્રમાણને છોડવું પડશે. તેનું કારણ નીચે પ્રમાણે છે. જ્યાં સુધી સ્મૃતિ વ્યાપ્તિને વિષય નથી બનાવતી (અર્થાત્ જ્યાં સુધી વ્યાપ્તિનું સ્મરણ થતું નથી) ત્યાં સુધી અનુમાનની ઉત્પત્તિ સંભવતી નથી. [વ્યાપ્તિનું સ્મરણ થતાં જ તરત જ અનુમાન ઉત્પન્ન થાય છે. હવે જો વ્યાપ્તિનું સ્મરણ પોતે જ પ્રમાણ ન હોય તો તેના આધારે ઉત્પન્ન થનારું અનુમાન પણ કેવી રીતે પ્રમાણ હોઈ શકે ?] આ સિદ્ધાન્ત તો સર્વ વાદીઓને માન્ય છે કે સાધનનું (લિંગનું, હેતુનું) ગ્રહણ (દર્શન) અને અવિનાભાવસંબંધનું (વ્યાપ્તિનું) સ્મરણ તે બન્ને દ્વારા અનુમાન ઉત્પન્ન થાય છે. આ બધી ચર્ચાના અંતે એ પુરવાર થયું કે સ્મૃતિ પ્રમાણ છે, અન્યથા અનુમાન પણ પ્રમાણ નહિ ઘટે. (૩)

9. अथ प्रत्यभिज्ञानं लक्षयति–

**दर्शनस्मरणसम्भवं तदेवेदं तत्सदृशं तद्विलक्षणं तत्प्रति-योगीत्यादिसङ्कलनं प्रत्यभिज्ञानम् ॥४॥**

9. હવે આચાર્ય પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ કહે છે—

**પ્રત્યક્ષ અને સ્મરણથી ઉત્પન્ન થનારાં 'આ તે જ છે', 'આ તેના જેવો છે', 'આ તેનાથી વિલક્ષણ છે', 'આ તેનો વિરોધી (પ્રતિયોગી) છે' ઈત્યાદિ આકારોવાળાં સંકલનારૂપ જ્ઞાનો પ્રત્યભિજ્ઞાન છે.(૪)**

10. 'दर्शनम्' प्रत्यक्षम्, 'स्मरणम्' स्मृतिस्ताभ्यां सम्भवो यस्य तत्तथा दर्शनस्मरणकारणकं सङ्कलनाज्ञानं 'प्रत्यभिज्ञानम्' । तस्योल्लेखमाह– 'तदेवेदम्', सामान्यनिर्देशेन नपुंसकत्वम्, स एवायं घटः, सैवेयं पटी, तदेवेदं कुण्डलमिति । 'तत्सदृशः' गोसदृशो गवयः, 'तद्विलक्षणः' गोविलक्षणो महिषः, 'तत्प्रतियोगि' इदमस्मादल्पं महत् दूरमासन्नं वेत्यादि । 'आदि'ग्रहणात्–

**"रोमशो दन्तुरः श्यामो वामनः पृथुलोचनः ।**
**यस्तत्र चिपिटघ्राणस्तं चैत्रमवधारयेः ॥"** [ न्यायम. पृ. १४३ ]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"पयोम्बुभेदी हंसः स्यात्षट्पादैर्भ्रमरः स्मृतः ।
सप्तपर्णस्तु विद्वद्भिर्विज्ञयो विषमच्छदः ॥
पञ्चवर्णं भवेद्रत्नं मेचकाख्यं पृथुस्तनी ।
युवतिश्चैकशृङ्गोपि गण्डकः परिकीर्तितः ॥"

इत्येवमादिशब्दश्रवणात्तथाविधानेव चैत्रहंसादीनवलोक्य तथा सत्यापयति यदा, तदा तदपि संकलनाज्ञानमुक्तम्, दर्शनस्मरणसम्भवत्वाविशेषात् । यथा वा औदीच्येन क्रमेलकं निन्दतोक्तम् 'धिक्करभमतिदीर्घवक्रग्रीवं प्रलम्बोष्ठं कठोरतीक्ष्णकण्टकाशिनं कुत्सितावयवसन्निवेशमपशदं पशूनाम्' इति । तदुपश्रुत्य दाक्षिणात्य उत्तरापथं गतस्तादृशं वस्तूपलभ्य 'नूनमयमर्थोऽस्य करभशब्दस्य' इति [यदवैति] तदपि दर्शनस्मरणकारणकत्वात् सङ्कलनाज्ञानं प्रत्यभिज्ञानम् ।

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

10. દર્શન એટલે પ્રત્યક્ષ. સ્મરણ એટલે સ્મૃતિ. તે બન્નેથી જે ઉત્પન્ન થાય છે તે દર્શન-સ્મરણકારણક. પ્રત્યક્ષ-સ્મરણ બન્નેથી ઉત્પન્ન થનારું સંકલનારૂપ જ્ઞાન પ્રત્યભિજ્ઞાન છે. તેનો ઉલ્લેખ કેવા કેવા આકારે થાય છે તે જણાવે છે– 'આ તે જ છે', અહીં ત્રણે લિંગનો સામાન્યપણે નિર્દેશ કરવા 'तद् (તે)' નપુંસકલિંગનો પ્રયોગ કર્યો છે. 'આ તે જ ઘટ છે', 'આ તે જ પટી છે', 'આ તે જ કુંડલ છે'. 'આ તેના જેવો/જેવી/જેવું છે' 'આ ગવય ગોસદશ છે' 'આ તેનાથી વિલક્ષણ છે' 'આ મહિષ ગોવિલક્ષણ છે' 'આ તેનો પ્રતિયોગી (વિરોધી) છે' અર્થાત્ 'આ આનાથી નાનું છે', 'આ આનાથી મોટું છે', 'આ આનાથી નજીક છે,' 'આ આનાથી દૂર છે' ઇત્યાદિ. 'ઇત્યાદિ' શબ્દથી બીજાં સંકલનાજ્ઞાનોનું પણ ગ્રહણ થાય છે, જેમ કે–

(૧) જે બહુ જ રુંવાટીવાળો, બહાર નીકળી આવેલા દાંતવાળો, કાળો, ઠીંગણો, મોટી-મોટી આંખાવાળો અને ચીબો હોય તેને ચૈત્ર જાણવો. [ન્યાયમંજરી, પૃ. ૧૪૩]

(૨) દૂધ અને પાણીને અલગ કરનારું પંખી હંસ હોય છે.

(૩) છ પગોવાળો ભમરો હોય છે.

(૪) સાત પાનોના ગુચ્છાઓવાળા વૃક્ષને વિદ્વાનોએ 'વિષમચ્છદ' નામનું વૃક્ષ જાણવું.

(૫) પાંચ રંગોવાળું રત્ન મેચક કહેવાય છે.

(૬) ભરાવદાર સ્તનોવાળી સ્ત્રી યુવતી હોય છે.

(૭) એક શિંગડાવાળું પશુ ગેંડો કહેવાય છે.

આ પ્રકારનાં વાક્યો સાંભળ્યા પછી કોઈ મનુષ્ય તેવા જ ચૈત્ર, હંસ વગેરેને દેખે છે, અને દેખીને જ્યારે તે વાક્યોના ખરાપણાનો અનુભવ કરે છે અર્થાત્ એવું જાણે છે કે આ જ તે ચૈત્ર, હંસ આદિ છે ત્યારે તેનાં આ જ્ઞાનો પણ સંકલનાજ્ઞાનરૂપ જ કહેવાયાં છે કારણ કે બધાં સમાનપણે દર્શન (પ્રત્યક્ષ) અને સ્મરણથી ઉત્પન્ન થયાં છે. [આ જ્ઞાનોની ઉત્પત્તિમાં કારણભૂત છે પૂર્વશ્રુત વાક્યોનું સ્મરણ તેમજ વસ્તુનું પ્રત્યક્ષ દર્શન.]

દક્ષિણભારત ગયેલી કોઈ ઉત્તરભારતવાસી વ્યક્તિ ઊંટની નિંદા કરતાં કહી રહી હતી, "ધિક્કાર હો એવા ઊંટને જેની ડોક ખૂબ લાંબી અને વાંકી હોય છે, જેના હોઠ ખૂબ લાંબા હોય છે, જે કઠોર અને તીણા કાંટા ખાય છે, જેના અવયવોની રચના કદરૂપી હોય છે અને જે પશુઓમાં સાવ નીચ કક્ષાનું છે." તે સાંભળીને દક્ષિણભારતવાસી ઉત્તરભારત ગયો. ત્યાં તેવા પશુને જોઈને તેણે જાણ્યું – ' 'ઊંટ' શબ્દનો વાચ્ય અર્થ આ છે.' આ જ્ઞાન પણ દર્શન અને સ્મરણ ઉભયજન્ય હોવાના કારણે સંકલનારૂપ જ્ઞાન છે અને એટલે પ્રત્યભિજ્ઞાન છે.

JAINSITE जैनम् जयति शासनम्

11. येषां तु सादृश्यविषयमुपमानाख्यं प्रमाणान्तरं तेषां वैलक्षण्यादिविषयं प्रमाणान्तरमनुषज्येत । यदाहुः –

**"उपमानं प्रसिद्धार्थसाधर्म्यात् साध्यसाधनम् ।**
**तद्वैधर्म्यात् प्रमाणं किं स्यात् संज्ञिप्रतिपादनम् ॥"** [ लधीय. ३.१० ]

**"इदमल्पं महद् दूरमासन्नं प्रांशु नेति वा ।**
**व्यपेक्षातः समक्षेऽर्थे विकल्पः साधनान्तरम् ॥"**

**[ लधीय. ३.१२ ] इति ।**

11. જે નૈયાયિકો સાદૃશ્યને વિષય કરનારું (સાદૃશ્યને જાણનારું) ઉપમાન નામનું જુદું સ્વતન્ત્ર પ્રમાણ માને છે તેમને વૈલક્ષણ્ય (વૈસાદૃશ્ય) આદિને વિષય કરનારાં જુદાં જુદાં સ્વતન્ત્ર પ્રમાણો સ્વીકારવાની આપત્તિ આવશે. કહ્યું પણ છે, "જો પ્રસિદ્ધ અર્થ સાથેના સાદૃશ્ય દ્વારા અપ્રસિદ્ધ અર્થને (સાધ્યને) જાણવો (સિદ્ધ કરવો) તે ઉપમાન નામનું સ્વતન્ત્ર પ્રમાણ હોય તો પ્રસિદ્ધ અર્થ સાથેના વૈધર્મ્ય (વૈસાદૃશ્ય) દ્વારા અપ્રસિદ્ધ અર્થને જાણનારું સંજ્ઞીના પ્રતિપાદનરૂપ કયું સ્વતન્ત્ર પ્રમાણ બનશે ? વળી, 'આ આનાથી નાનું છે', 'આ આનાથી મોટું છે', 'આ આનાથી દૂર છે', 'આ આનાથી નજીક છે',

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'આ આનાથી લાંબુ છે', 'આ આનાથી ટૂંકું છે', આ જાતનાં સાપેક્ષ નિશ્ચયરૂપ જ્ઞાન સમક્ષ રહેલા અર્થમાં થાય છે, તે બધાંને પણ સ્વતન્ત્ર પ્રમાણરૂપ માનવાં પડશે." [લઘીયસ્ત્રયી, ૩. ૧૦, ૧૨].

12. अथ साधर्म्यमुपलक्षणं योगविभागो वा करिष्यत इति चेत्; तर्ह्यकुशलः सूत्रकारः स्यात्, सूत्रस्य लक्षणरहितत्वात् । यदाहुः —

**"अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् ।**
**अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥"**

अस्तोभमनधिकम् ।

12. **નૈયાયિક** — અહીં સાધર્મ્ય તો ઉપલક્ષણ છે, તેનાથી વૈધર્મ્ય પણ સંગૃહીત થઈ જાય છે. અથવા ઉપમાનના બે ભેદ છે — સાધર્મ્યઉપમાન અને વૈધર્મ્યઉપમાન. [આમ સમજવાથી તમે આપેલા દોષો નહિ આવે.]

**હેમચન્દ્રાચાર્ય** — આમ માનતાં તો આપના સૂત્રકાર ગૌતમ અકુશલ બની જાય, કારણ કે તેમનું સૂત્ર સૂત્રલક્ષણહીન બની જશે. કહ્યું પણ છે, "જેમાં ઓછામાં ઓછા અક્ષરો હોય, જે અસંદિગ્ધ હોય, સારવાળું હોય, સર્વતોમુખી હોય, ઉપરચોટિયું ન હોય અને નિર્દોષ હોય તેને સૂત્રવેત્તાઓ સૂત્ર કહે છે." અસ્તોભનો અર્થ અનધિક (પણ) છે.

13. ननु 'तत्' इति स्मरणम् 'इदम्' इति प्रत्यक्षमिति ज्ञानद्वयमेव, न ताभ्यामन्यत् प्रत्यभिज्ञानाख्यं प्रमाणमुत्पश्यामः । नैतद्युक्तम्, स्मरणप्रत्यक्षाभ्यां प्रत्यभिज्ञाविषयस्यार्थस्य ग्रहीतुमशक्यत्वात् । पूर्वापराकारैकधुरीणं हि द्रव्यं प्रत्यभिज्ञानस्य विषयः । न च तत् स्मरणस्य गोचरस्तस्यानुभूतविषयत्वात् । यदाहुः—

**"पूर्वप्रमितमात्रे हि जायते स इति स्मृतिः ।**
**स एवायमितीयं तु प्रत्यभिज्ञाऽतिरेकिणी ॥"** [तत्त्वस. का. ४५३]

नापि प्रत्यक्षस्य गोचरः, तस्य वर्तमानविवर्तमात्रवृत्तित्वात् । न च दर्शनस्मरणाभ्यामन्यद् ज्ञानं नास्ति, दर्शनस्मरणोत्तरकालभाविनो ज्ञानान्तरस्यानुभूतेः । न चानुभूयमानस्यापलापो युक्तः अतिप्रसङ्गात् ।

14. **બૌદ્ધ** — 'તે (तत्)' એવા આકારનું જ્ઞાન સ્મરણ છે અને 'આ (इदम्)' એવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આકારનું જ્ઞાન પ્રત્યક્ષ છે, આ બે જ જ્ઞાનો છે, તે બેથી જુદું બીજું પ્રત્યભિજ્ઞાન નામનું પ્રમાણ અમને તો જણાતું નથી.

**હેમચન્દ્ર** — તમારું કથન યુક્તિસંગત નથી. પ્રત્યભિજ્ઞાનનો જે વિષય છે તેને ન **તો સ્મરણ જાણી** શકે છે કે ન તો પ્રત્યક્ષ જાણી શકે છે. પૂર્વકાલીન પર્યાયો અને ઉત્તરકાલીન **પર્યાયોમાં એકસૂત્રરૂપે અનુસ્યૂત દ્રવ્યરૂપ** એકત્વ-ધ્રુવત્વ પ્રત્યભિજ્ઞાનનો વિષય છે. તે **સ્મરણનો વિષય નથી, સ્મરણનો વિષ**ય તો પૂર્વાનુભૂત વિષય છે, અર્થાત્ અતીત, વિનષ્ટ પર્યાય છે. **કહ્યું પણ છે**, "પૂર્વજ્ઞાત (અનુભૂત) વિષયમાં જ 'તે' એવા આકારવાળી સ્મૃતિ ઉત્પન્ન થાય છે. પ્રત્યભિજ્ઞાન સ્મૃતિથી ભિન્ન છે કારણ કે પ્રત્યભિજ્ઞાન 'આ તે જ છે' એવા આકારવાળું છે અર્થાત્ તે બે અવસ્થાઓ (ભૂત અને વર્તમાન)માં રહેલા એકત્વને ગ્રહણ કરે છે." પ્રત્યભિજ્ઞાનનો જે વિષય છે તેને પ્રત્યક્ષ પણ જાણી શકતું નથી કારણ કે પ્રત્યક્ષનો જ્ઞાનવ્યાપાર કેવળ વર્તમાન પર્યાયને જ જાણવામાં સીમિત છે. 'દર્શન (પ્રત્યક્ષ) અને સ્મરણ એ બે જ્ઞાનોથી ભિન્ન અન્ય કોઈ જ્ઞાન નથી' એમ તો કહી જ નહિ શકાય કારણ કે દર્શન અને સ્મરણ તે બન્ને જ્ઞાનો પછી ઉત્પન્ન થનારું તે બેથી ભિન્ન એવું અન્ય જ્ઞાન અનુભવમાં આવે છે. અને જે અનુભવાતું હોય તેનો અપલાપ કરવો, નિષેધ કરવો યોગ્ય નથી, કારણ કે એમ કરવા જતાં તો ઈષ્ટ ઘણી બધી બાબતોનો નિષેધ કરવો પડશે અને મોટી ગરબડ અને અંધાધૂંધી થઈ જશે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

14. ननु प्रत्यक्षमेवेदं प्रत्यभिज्ञानम् इत्येके । नैवम्, तस्य सन्निहितवार्तमानिकार्थविषयत्वात् ।

**"सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना"** [श्लोकवा. सूत्र ४ श्लो. ८४]

इति मा स्म विस्मरः । ततो नातीतवर्तमानयोरेकत्वमध्यक्षज्ञानगोचरः । अथ स्मरणसहकृतमिन्द्रियं तदेकत्वविषयं प्रत्यक्षमुपजनयतीति प्रत्यक्षरूपतास्य गीयत इति चेत्; न, स्वविषयविनियमितमूर्तेरिन्द्रियस्य विषयान्तरे सहकारिशतसमवधानेऽप्यप्रवृत्तेः । नहि परिमलस्मरणसहायमपि चक्षुरिन्द्रियमविषये गन्धादौ प्रवर्त्तते । अविषयश्चातीतवर्तमानावस्थाव्याप्येकं द्रव्यमिन्द्रियाणाम् । नाप्यदृष्टसहकारिसहितमिन्द्रियमेकत्वविषयमिति वक्तुं युक्तम् उक्तादेव हेतोः । किञ्च, अदृष्टसव्यपेक्षादेवात्मनस्तद्विज्ञानं भवतीति वरं वक्तुं युक्तम् । दृश्यते हि स्वप्नविद्यादिसंस्कृतादात्मनो विषयान्तरेऽपि विशिष्टज्ञानोत्पत्तिः । ननु यथाञ्जनादिसंस्कृतं चक्षुः सातिशयं भवति तथा

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

स्मरणसहकृतमेकत्वविषयं भविष्यति । नैवम्, इन्द्रियस्य स्वविषयानतिलङ्घनेनैवातिशयोपलब्धेः, न विषयान्तरग्रहणरूपेण । यदाह भट्टः –

**''यश्चाप्यतिशयो दृष्टः स स्वार्थानतिलङ्घनात् ।**
**दूरसूक्ष्मादिदृष्टौ स्यात् न रूपे श्रोत्रवृत्तितः ॥''**[श्लोकवा. सूत्र २ श्लो.११४]

इति । तत् स्थितमेतत् विषयभेदात्प्रत्यक्षादन्यत्परोक्षान्तर्गतं प्रत्यभिज्ञानमिति ।

14. **નૈયાયિક** — આ પ્રત્યભિજ્ઞાન તો પ્રત્યક્ષ જ છે.

**હેમચન્દ્રાચાર્ય** — એવું નથી, કારણ કે પ્રત્યક્ષ તો ઇન્દ્રિય સાથે સન્નિકૃષ્ટ વર્તમાનકાલીન વિષયને જ જાણે છે. ''પોતાની સાથે સમ્બદ્ધ અને વર્તમાનને જ ચક્ષુ વગેરે ઇન્દ્રિયો ગ્રહણ કરે છે'' [શ્લોકવાર્તિક સૂત્ર ૪ શ્લોક ૮૪] આ વિધાનને ભૂલો નહિ. તેથી અતીત અને વર્તમાન બન્નેનું એકત્વ પ્રત્યક્ષનો વિષય બની શકે નહિ.

**નૈયાયિક** — [એકલી નહિ પણ] સ્મરણસહકૃત ઇન્દ્રિય એકત્વને વિષય કરનારા (અર્થાત્ એકત્વને જાણનારા) પ્રત્યક્ષને ઉત્પન્ન કરે છે, આ કારણે અમે પ્રત્યભિજ્ઞાનને પ્રત્યક્ષ કહીએ છીએ.

**હેમચન્દ્રાચાર્ય** — ના, આમ માનવું યોગ્ય નથી, કારણ કે ઇન્દ્રિયનું સ્વરૂપ યા સ્વભાવ પોતાના જ વિષયને જાણવા સુધી જ સીમિત છે. સેંકડો સહકારીઓની સહાયતા પામીને પણ ઇન્દ્રિય પોતાના નિયત વિષયથી જુદા અન્ય વિષયને જાણવા પ્રવૃત્ત થઈ શકતી નથી. સુગંધના સ્મરણની સહાયતા પામીને ચક્ષુ ઇન્દ્રિય પોતાનો જે નિયત વિષય નથી તે ગન્ધને ગ્રહણ કરી શકતી નથી. અતીત અને વર્તમાન અવસ્થાઓમાં અનુસ્યૂત રહેલું એક દ્રવ્ય ઇન્દ્રિયોનો વિષય નથી, એટલે ઇન્દ્રિયો તેને કેવી રીતે ગ્રહણ કરી શકે, જાણી શકે ? અદૃષ્ટનો સહકાર પામેલી ઇન્દ્રિય આ એકત્વને જાણી શકે છે. એવા તમારા કથનને ઉપર આપેલો હેતુ જ અયોગ્ય સિદ્ધ કરે છે. એના કરતાં તો એ માનવું વધુ સારું કે કર્મની (અર્થાત્ કર્મના ક્ષયોપશમની) સહાયતાથી આત્માને જ એકત્વવિષયક જ્ઞાન ઉત્પન્ન થાય છે; આમ કહેવું યોગ્ય છે. સ્વપ્રવિદ્યાથી સંસ્કૃત આત્માને અન્યથા જે વિષયનું જ્ઞાન ન થાય તેવા વિષયોનું પણ વિશિષ્ટ જ્ઞાન થાય છે, એ આપણે જોયું છે.

**નૈયાયિક** — જેમ અંજન આદિના સંયોગથી સંસ્કાર પામેલી ચક્ષુ સાતિશય (વિશેષતાવાળી) બની જાય છે તેમ સ્મરણના સહયોગથી સંસ્કાર પામેલી ઇન્દ્રિય એકત્વને વિષય કરશે, એકત્વને જાણશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમચન્દ્રાચાર્ય** — ના, એવું નથી, કારણ કે ઇન્દ્રિયમાં જે અતિશય (વિશેષતા) દેખાય છે તે ઇન્દ્રિયના પોતાના નિયત વિષયનું ઉલ્લંઘન ન કરીને જ હોય છે એવું જોવામાં આવ્યું છે. પોતાના નિયત વિષયથી જુદા જ અન્ય વિષયને ગ્રહણ કરવાના રૂપમાં કોઈ અતિશય શક્ય જ નથી. કુમારિલ ભટ્ટે કહ્યું છે, "ઇન્દ્રિયમાં પણ જે અતિશય દેખાયો છે તે તે ઇન્દ્રિયના પોતાના નિયત વિષયનું ઉલ્લંઘન ન કરતો જ દેખાયો છે. ચક્ષુમાં દૂર રહેલા રૂપને કે સૂક્ષ્મ રૂપને દેખવારૂપ અતિશય હોઈ શકે છે [પરંતુ ગન્ધને ગ્રહણ કરવારૂપ અતિશય હોઈ શકે જ નહિ]. શ્રોત્રેન્દ્રિય રૂપને ગ્રહણ કરવાનો વ્યાપાર કરે એ જાતનો શ્રોત્રેન્દ્રિયમાં અતિશય સંભવતો જ નથી." [શ્લોકવાર્તિક સૂત્ર ૨ શ્લોક ૧૧૪].

આમ એ સ્થાપિત થયું કે વિષયભેદના કારણે પ્રત્યક્ષથી જુદું પ્રત્યભિજ્ઞાન નામનું પ્રમાણ છે. આ પ્રત્યભિજ્ઞાન પ્રમાણ પરોક્ષપ્રમાણાન્તર્ગત છે, પરોક્ષપ્રમાણનો એક ભેદ છે.

15. न चैतदप्रमाणम् विसंवादाभावात् । क्वचिद्विसंवादादप्रामाण्ये प्रत्यक्षस्यापि तथा प्रसङ्गो दुर्निवारः । प्रत्यभिज्ञानपरिच्छिन्नस्य चात्मादीनामेकत्वस्याभावे बन्धमोक्षव्यवस्था नोपपद्यते। एकस्यैव हि बद्धत्वे मुक्तत्वे च बद्धो दुःखितमात्मानं जानन् मुक्तिसुखार्थी प्रयतेत । भेदे त्वन्य एव दुःख्यन्य एव सुखीति कः किमर्थं वा प्रयतेत ? । तस्मात्सकलस्य दृष्टादृष्टव्यवहारस्यैकत्वमूलत्वादेकत्वस्य च प्रत्यभिज्ञायत्तजीवितत्वाद्भवति प्रत्यभिज्ञा प्रमाणमिति ॥४॥

15. પ્રત્યભિજ્ઞાન અપ્રમાણ નથી કારણ કે તે અવિસંવાદી છે. કોઈક પ્રત્યભિજ્ઞાન વિસંવાદી હોતાં બધાં જ પ્રત્યભિજ્ઞાનોને અપ્રમાણ માનવામાં આવે તો પછી પ્રત્યક્ષને પણ અપ્રમાણ માનવું પડે [કારણ કે કોઈક પ્રત્યક્ષ પણ વિસંવાદી અનુભવાય છે.] પ્રત્યભિજ્ઞા દ્વારા ગૃહીત થતી આત્મા વગેરેની એકતાનો જ સ્વીકાર ન કરવામાં આવે તો બન્ધ અને મોક્ષની વ્યવસ્થા નહિ ઘટે. જે બદ્ધ હોય છે તે જ મુક્ત થાય છે એમ એકત્વ માનીએ તો જ એ સંગત બની શકે કે બદ્ધ જીવ પોતાને દુઃખી જાણી મુક્તિસુખનો ઇચ્છુક બનીને મુક્તિસુખને માટે પ્રયત્ન કરે. જો પૂર્વ પર્યાય (અવસ્થા) અને ઉત્તર પર્યાય (અવસ્થા) વચ્ચે અત્યન્ત ભેદ જ હોય અને એકત્વ હોય જ નહિ તો અન્ય દુઃખી (બદ્ધ) હોય છે અને અન્ય સુખી (મુક્ત) થાય છે એમ માનવું પડે, તો પછી દુઃખી (બદ્ધ) મનુષ્ય સુખી (મુક્ત) થવા માટે પ્રયત્ન શું કામ કરે ? સકલ દૃષ્ટ-અદૃષ્ટ વ્યવહારોનો - પ્રવૃત્તિઓનો - આધાર એકત્વ છે અને એકત્વનું અસ્તિત્વ પોતાની સિદ્ધિ માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યભિજ્ઞાને અધીન છે, તેથી પ્રત્યભિજ્ઞા પ્રમાણ છે. (૪)

16. अथोहस्य लक्षणमाह–

**उपलम्भानुपलम्भनिमित्तं व्याप्तिज्ञानम् ऊहः ॥५॥**

16. હવે આચાર્ય ઊહનું (તર્કનું) લક્ષણ કહે છે —

**ઉપલંભ (યથાર્થ-જ્ઞાન) અને અનુપલંભ (યથાર્થ-જ્ઞાનાભાવ)ના નિમિત્તે ઉત્પન્ન થનારું વ્યાપ્તિજ્ઞાન ઊહ (તર્ક) છે. (૫)**

17. 'उपलम्भः' प्रमाणमात्रमत्र गृह्यते न प्रत्यक्षमेव अनुमेयस्यापि साधनस्य सम्भवात्, प्रत्यक्षवदनुमेयेष्वपि व्याप्तेरविरोधात् । 'व्याप्तिः' वक्ष्यमाणा तस्या 'ज्ञानम्' तद्ग्राही निर्णयविशेष 'ऊहः' ।

17. 'ઉપલંભ' શબ્દથી સામાન્યપણે પ્રમાણ સમજવું, એકલું પ્રત્યક્ષ પ્રમાણ જ નથી સમજવાનું, કારણ કે સાધન પ્રત્યક્ષગમ્ય જ નથી હોતું અનુમાનગમ્ય પણ હોઈ શકે છે અને પ્રત્યક્ષ પદાર્થોની જેમ અનુમેય પદાર્થોમાં પણ વ્યાપ્તિ હોવામાં કોઈ વિરોધ નથી. વ્યાપ્તિનું લક્ષણ હવે પછી કહેવામાં આવશે. તે વ્યાપ્તિનું જ્ઞાન અર્થાત્ વ્યાપ્તિગ્રાહી નિર્ણયવિશેષ ઊહ છે.

18. न चायं व्याप्तिग्रहः प्रत्यक्षादेवेति वक्तव्यम् । नहि प्रत्यक्षं यावान् कश्चिद् धूमः स देशान्तरे कालान्तरे वा पावकस्यैव कार्यं नार्थान्तरस्येतीयतो व्यापारान् कर्तुं समर्थं सन्निहितविषयबलोत्पत्तेरविचारकत्वाच्च ।

18. વ્યાપ્તિનું જ્ઞાન પ્રત્યક્ષથી જ થઈ જાય છે એમ ન કહી શકાય કારણ કે બધા જ દેશોમાં અને સર્વ કાળોમાં જે કોઈ પણ ધૂમ છે તે બધા અગ્નિનું જ કાર્ય છે બીજા કોઈનું નથી — આટલો બધો વ્યાપાર કરવા પ્રત્યક્ષ સમર્થ નથી કારણ કે પ્રત્યક્ષ તો ઇન્દ્રિયસન્નિકૃષ્ટ વર્તમાન વિષયથી ઉત્પન્ન થાય છે અને આગળ-પાછળનો વિચાર કરવો તેનું કામ નથી.

19. नाप्यनुमानात्, तस्यापि व्याप्तिग्रहणकाले योगीव प्रमाता सम्पद्यत इत्येवंभूतभारासमर्थत्वात् । सामर्थ्येऽपि प्रकृतमेवानुमानं व्याप्तिग्राहकम्, अनुमानान्तरं वा ? । तत्र प्रकृ[illegible]नुमानात् व्याप्तिप्रतिपत्तावितरेतराश्रयः व्याप्तौ हि प्रतिपन्नायामनुमानमात्मानमासादयति, तदात्मलाभे च व्याप्तिप्रतिपत्तिरिति । अनुमानान्तरात्तु व्याप्तिप्रतिपत्तावनवस्था तस्यापि गृहीतव्याप्तिकस्यैव प्रकृता–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नुमानव्याप्तिग्राहकत्वात्। तद्व्याप्तिग्रहश्च यदि स्वत एव, तदा पूर्वेण किमपराद्धं येनानुमानान्तरं मृग्यते । अनुमानान्तरेण चेत्; तर्हि युगसहस्रेष्वपि व्याप्ति-ग्रहणासम्भवः ।

19. અનુમાનથી પણ વ્યાપ્તિનું જ્ઞાન થઈ શકતું નથી કારણ કે વ્યાપ્તિને જાણતી વખતે પ્રમાતા યોગી જેવો બની જાય છે અર્થાત્ સર્વ દેશ અને સર્વ કાળ સંબંધી અવિનાભાવસંબંધને જાણે છે પરંતુ અનુમાનમાં આવો ભાર વહન કરવાનું સામર્થ્ય નથી. કદાચ આટલો મોટો ભાર વહન કરવાનું સામર્થ્ય અનુમાનમાં છે એમ માની લઈએ તો પણ પ્રશ્ન એ ઊભો થાય છે કે પ્રસ્તુત અનુમાન જ વ્યાપ્તિને જાણે છે કે કોઈ બીજું અનુમાન ? પ્રસ્તુત અનુમાન જ વ્યાપ્તિને જાણે છે એમ માનતાં તો અન્યોન્યાશ્રય દોષ આવે — અનુમાન વ્યાપ્તિને જાણે તો જ આત્મલાભ (જન્મ) પામે અને તે આત્મલાભ પામે તો જ વ્યાપ્તિને જાણે. (વ્યાપ્તિના જ્ઞાન વિના અનુમાન સંભવતું નથી અને અનુમાનથી જ વ્યાપ્તિનું જ્ઞાન થતું હોવાથી અનુમાન વિના વ્યાપ્તિનું જ્ઞાન સંભવતું નથી.) બીજું અનુમાન વ્યાપ્તિને જાણે છે એમ માનતાં તો અનવસ્થાદોષ આવે કારણ કે બીજું અનુમાન પણ તેની વ્યાપ્તિનું જ્ઞાન થયા પછી જ થઈ શકે અને ત્યાં વ્યાપ્તિને જાણવા માટે ત્રીજા અનુમાનની જરૂરત પડશે, આમ પરંપરા ચાલ્યા જ કરશે અને તેનો અંત આવશે જ નહિ. જો કહેવામાં આવે કે બીજા અનુમાનની વ્યાપ્તિનું ગ્રહણ સ્વતઃ થાય છે તો પછી પહેલા અનુમાને શો અપરાધ કર્યો કે તેની વ્યાપ્તિનું સ્વતઃ ગ્રહણ થાય છે એ તમે સ્વીકારતા નથી અને બીજા અનુમાનની કલ્પના કરો છો. બીજા અનુમાનથી વ્યાપ્તિનું જ્ઞાન માનતાં તો હજારો યુગો વીતી જવા છતાં પણ વ્યાપ્તિનું જ્ઞાન થશે જ નહિ.

जैनम् जयति शासनम्

20. ननु यदि निर्विकल्पकं प्रत्यक्षमविचारकम् तर्हि तत्पृष्ठभावी विकल्पो व्याप्तिं ग्रहीष्यतीति चेत्; नैतत्, निर्विकल्पकेन व्याप्तेरग्रहणे विकल्पेन ग्रहीतुमशक्यत्वात् निर्विकल्पकगृहीतार्थविषयत्वाद्विकल्पस्य । अथ निर्विकल्पकविषयनिरपेक्षोऽर्थान्तरगोचरो विकल्पः; स तर्हि प्रमाणम-प्रमाणं वा ? । प्रमाणत्वे प्रत्यक्षानुमानातिरिक्तं प्रमाणान्तरं तितिक्षितव्यम् । अप्रामाण्ये तु ततो व्याप्तिग्रहणश्रद्धा षण्ढात्तनयदोहदः । एतेन— "**अनुपलम्भात् कारणव्यापकानुपलम्भाच्च कार्यकारणव्याप्यव्यापकभावावगमः**" इति प्रत्युक्तम्, अनुपलम्भस्य प्रत्यक्षविशेषत्वेन कारणव्यापकानुपलम्भयोश्च लिङ्गत्वेन तज्जनितस्य तस्यानुमानत्वात्, प्रत्यक्षानुमानाभ्यां च व्याप्तिग्रहणे दोषस्याभिहितत्वात् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

20. **શંકા** — જો નિર્વિકલ્પક પ્રત્યક્ષ અવિચારક હોવાથી વ્યાપ્તિને ગ્રહણ નથી કરતું તો ભલે ન કરતું પરંતુ તેના પછી થનારું વિકલ્પજ્ઞાન તો વ્યાપ્તિને ગ્રહણ કરી લેશે.

**હેમચન્દ્રાચાર્ય** — જો નિર્વિકલ્પકપ્રત્યક્ષ વ્યાપ્તિને ગ્રહણ કરતું ન હોય તો તેના પછી તરત થનારું વિકલ્પજ્ઞાન પણ વ્યાપ્તિને ગ્રહણ ન કરી શકે કારણ કે નિર્વિકલ્પકે ગ્રહણ કરેલા વિષયમાં જ તેના પછી તરત ઉત્પન્ન થયેલું વિકલ્પજ્ઞાન પ્રવૃત્ત થાય છે.

**શંકાકાર** — નિર્વિકલ્પક પ્રત્યક્ષ પછી તરત ઉત્પન્ન થયેલું વિકલ્પજ્ઞાન નિર્વિકલ્પક પ્રત્યક્ષના વિષયની અપેક્ષા રાખતું નથી પરંતુ તેણે ગ્રહણ ન કરેલા અર્થને પણ વિષય કરે છે.

**હેમચન્દ્રાચાર્ય** — અમે પૂછીએ છીએ કે તે વિકલ્પજ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ? જો પ્રમાણ છે તો પ્રત્યક્ષ અને અનુમાનથી અલગ એક ત્રીજું પ્રમાણ માનવું જોઈએ. [અહીં બૌદ્ધોને અનુલક્ષી કહેવામાં આવ્યું લાગે છે. તેઓ નિર્વિકલ્પ પ્રત્યક્ષ અને અનુમાન એ બે જ પ્રમાણો માને છે.] જો તે વિકલ્પજ્ઞાન અપ્રમાણ હોય તો તેના દ્વારા વ્યાપ્તિગ્રહણની આશા રાખવી એ તો નપુંસક દ્વારા સંતાનોત્પત્તિની ઇચ્છા કરવા સમાન છે. આ વિચારણાથી તો આ બૌદ્ધ માન્યતાનો નિરાસ થઈ જાય છે કે 'કારણાનુપલંભ અને વ્યાપકાનુપલંભ પછી તરત થતા કાર્યાનુપલંભ અને વ્યાપ્યાનુપલંભ દ્વારા કાર્યકારણભાવ અને વ્યાપ્યવ્યાપકભાવનું જ્ઞાન થઈ જાય છે.' તેનું કારણ આ છે — કાર્યાનુપલંભ અને વ્યાપ્યાનુપલંભ એ બન્ને એક પ્રકારનું પ્રત્યક્ષ છે જ્યારે કારણાનુપલંભ અને વ્યાપકાનુપલંભ એ બન્ને લિંગરૂપ (સાધનરૂપ) હોવાથી તેમનાથી જે જ્ઞાનો ઉત્પન્ન થાય તે અનુમાનરૂપ જ હોય અને પ્રત્યક્ષ અને અનુમાનથી વ્યાપ્તિગ્રહણ માનવામાં આવતા દોષોને તો અમે જણાવી દીધા છે.

21. वैशेषिकास्तु प्रत्यक्षफलेनोहापोहविकल्पज्ञानेन व्याप्तिप्रतिपत्तिरित्याहुः । तेषामप्यध्यक्षफलस्य प्रत्यक्षानुमानयोरन्यतरत्वे व्याप्तेरविषयीकरणम्, तदन्यत्वे च प्रमाणान्तरत्वप्रसक्तिः । अथ व्याप्तिविकल्पस्य फलत्वान्न प्रमाणत्वमनुयोक्तुं युक्तम्; न, एतत्फलस्यानुमानलक्षणफलहेतुतया प्रमाणत्वाविरोधात् सन्निकर्षफलस्य विशेषणज्ञानस्येव विशेष्यज्ञानापेक्षयेति ।

21. વૈશેષિકો કહે છે કે પ્રત્યક્ષનું ફળ જે ઊહાપોહરૂપ વિકલ્પજ્ઞાન છે તે વ્યાપ્તિનું ગ્રહણ કરે છે. તેમના મતે પણ પ્રત્યક્ષનું ફળ કાં તો પ્રત્યક્ષ હોય છે કાં તો અનુમાન હોય છે; [તે બેમાંથી જ એક હોય છે, તે બેથી જુદું બીજું કોઈ હોતું નથી.] પરંતુ ન તો પ્રત્યક્ષ વ્યાપ્તિને વિષય કરવા (ગ્રહણ કરવા) સમર્થ છે કે ન તો અનુમાન વ્યાપ્તિને વિષય કરવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ગ્રહણ કરવા) સમર્થ છે. પ્રત્યક્ષ અને અનુમાનથી અલગ બીજું કોઈ પ્રત્યક્ષના ફળરૂપ પ્રમાણ વ્યાપ્તિને ગ્રહણ કરે છે એમ તો વૈશેષિકો માની શકતા નથી કારણ કે તેઓ બે જ પ્રમાણો માને છે એટલે તેમને તે બેથી અન્ય ત્રીજું પ્રમાણ માનવાની આપત્તિ આવે.

આની સામે બચાવમાં વૈશેષિક કહે છે — પ્રત્યક્ષના ફળરૂપ જે વિકલ્પજ્ઞાન વ્યાપ્તિને ગ્રહણ કરે છે તે પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણોમાંથી કોઈ એક પ્રમાણ અવશ્ય હોવું જોઈએ એમ કહી અમારું જે ખંડન કરવામાં આવે છે તે અયોગ્ય છે, કારણ કે વ્યાપ્તિને ગ્રહણ કરનારું તે વિકલ્પજ્ઞાન ફળ છે, પ્રમાણ નથી. તમે તેને પ્રમાણતાની સાથે જોડો છો તે યોગ્ય નથી અર્થાત્ તમે તેને પ્રમાણ કહો છો તે યોગ્ય નથી.

**હેમચન્દ્રાચાર્ય** — ના, તમારી વાત બરાબર નથી, કારણ કે એકનું એક જ્ઞાન તેના જનકની અપેક્ષાએ ફળ છે અને તેના જન્યની અપેક્ષાએ પ્રમાણ છે. તમે જ સ્વીકારો છો કે સન્નિકર્ષના ફળરૂપ જે વિશેષણજ્ઞાન છે તે જ વિશેષ્યજ્ઞાનની અપેક્ષાએ પ્રમાણ છે. તેવી જ રીતે, પ્રત્યક્ષનું આ જે વિકલ્પરૂપ ફળ છે તેના પ્રમાણ હોવામાં કોઈ વિરોધ નથી કારણ કે તે પોતે જ અનુમાનરૂપ ફળનું કારણ પણ છે.

22. यौगास्तु तर्कसहितात् प्रत्यक्षादेव व्याप्तिग्रह इत्याहुः । तेषामपि यदि न केवलात् प्रत्यक्षाद् व्याप्तिग्रहः किन्तु तर्कसहकृतात् तर्हि तर्कादेव व्याप्तिग्रहोऽस्तु । किमस्य तपस्विनो यशोमार्जनेन, प्रत्यक्षस्य वा तर्कप्रसाद-लब्धव्याप्तिग्रहापलापकृतघ्नत्वारोपेणेति ? । अथ तर्कः प्रमाणं न भवतीति न ततो व्याप्तिग्रहणमिष्यते । कुतः पुनरस्य न प्रमाणत्वम्, अव्यभिचारस्ता-वदिहापि प्रमाणान्तरसाधारणोऽस्त्येव ? । व्याप्तिलक्षणेन विषयेण विष-यवत्त्वमपि न नास्ति । तस्मात् प्रमाणान्तरागृहीतव्याप्तिग्रहणप्रवणः प्रमाणा-न्तरमूहः ॥५॥

22. **નૈયાયિકો કહે છે** — તર્કસહિત પ્રત્યક્ષથી વ્યાપ્તિનું ગ્રહણ થાય છે. એકલા પ્રત્યક્ષથી વ્યાપ્તિનું ગ્રહણ નથી થતું પરંતુ તર્કસહકૃત પ્રત્યક્ષથી જ વ્યાપ્તિનું ગ્રહણ થાય છે.

**હેમચન્દ્રાચાર્ય** — તો પછી એકલા તર્કથી વ્યાપ્તિનું ગ્રહણ થાઓ. બિચારા તર્કના યશને ભૂંસી નષ્ટ કરી નાખવાથી શો લાભ ? અથવા તો કેવળ તર્કની કૃપાથી જ વ્યાપ્તિને ગ્રહણ કરવાનું સામર્થ્ય પોતાને પ્રાપ્ત થયું છે એ હકીકતનો અપલાપ કરવાની કૃતઘ્નતાનો આરોપ પ્રત્યક્ષ ઉપર લગાવવાથી શો લાભ ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નૈયાયિક** — તર્ક પ્રમાણ નથી એટલે તેના વડે વ્યાપ્તિનું ગ્રહણ અમે ઇચ્છતા નથી પરંતુ પ્રત્યક્ષ વડે વ્યાપ્તિનું ગ્રહણ ઇચ્છીએ છીએ.

**હેમચન્દ્રાચાર્ય** — તર્કને પ્રમાણ તમે કેમ નથી માનતા ? જેમ બીજાં પ્રમાણોમાં અવ્યભિચાર હોય છે તેમ તર્કમાં પણ અવ્યભિચાર છે. [અવ્યભિચાર અર્થાત્ અવિસંવાદ એ જ તો પ્રમાણનું લક્ષણ છે.] વળી, વ્યાપ્તિ તર્કનો વિષય છે એટલે તે નિર્વિષય પણ નથી. તેથી બીજા કોઈ પણ પ્રમાણથી ગૃહીત ન થતી વ્યાપ્તિને ગ્રહણ કરનાર ઊહ (તર્ક) પ્રમાણ જ છે. (૫)

23. व्याप्तिं लक्षयति—

**व्याप्तिर्व्यापकस्य व्याप्ये सति भाव एव व्याप्यस्य वा तत्रैव भावः ॥६॥**

23. હવે આચાર્ય વ્યાપ્તિનું લક્ષણ કહે છે—

**વ્યાપ્યના હોતાં વ્યાપકનું હોવું જ, અથવા વ્યાપ્યનું ત્યાં જ હોવું [જ્યાં વ્યાપક હોય] એ વ્યાપ્તિ છે. (૬)**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

24. 'व्याप्तिः' इति यो व्याप्नोति यश्च व्याप्यते तयोरुभयोर्धर्मः । तत्र यदा व्यापकधर्मतया विवक्ष्यते तदा 'व्यापकस्य' गम्यस्य 'व्याप्ये' धर्म्मे 'सति', यत्र धर्मिणि व्याप्यमस्ति तत्र सर्वत्र 'भाव एव' व्यापकस्य स्वगतो धर्मो व्याप्तिः । ततश्च व्याप्यभावापेक्षा व्याप्यस्यैव व्याप्तताप्रतीतिः । न त्वेवमवधार्यते—व्यापकस्यैव व्याप्ये सति भाव इति, हेत्वभावप्रसङ्गात् अव्यापकस्यापि मूर्तत्वादेस्तत्र भावात् । नापि–व्याप्ये सत्येवेत्यवधार्यते, प्रयत्नानन्तरीयकत्वादेरहेतुत्वापत्तेः, साधारणश्च हेतुः स्यान्नित्यत्वस्य प्रमेयेष्वेव भावात् ।

24. જે વ્યાપે છે અર્થાત્ વ્યાપ્ત કરે છે તે (દા.ત. અગ્નિ વગેરે) અને જે વ્યાપ્ત થાય છે તે (દા.ત. ધૂમ વગેરે) તે બન્નેનો ધર્મ વ્યાપ્તિ છે. જ્યારે વ્યાપકના ધર્મના રૂપમાં વ્યાપ્તિની વિવક્ષા કરવામાં આવે છે ત્યારે વ્યાપ્તિનું સ્વરૂપ આવું હોય છે— વ્યાપકનું અર્થાત્ ગમ્યનું (અગ્નિ આદિ સાધ્યનું) વ્યાપ્ય (ધૂમ આદિ સાધનરૂપ) ધર્મના હોતાં જે ધર્મીમાં વ્યાપ્ય હોય ત્યાં સર્વત્ર હોવું જ એ વ્યાપકનો સ્વગત ધર્મ વ્યાપ્તિ છે અને તેનાથી વ્યાપ્યભાવની અપેક્ષાએ વ્યાપ્યની જ વ્યાપ્તતાની પ્રતીતિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

['વ્યાપ્યના હોતાં વ્યાપકનું હોવું જ' એ પ્રમાણે અવધારણ કરવામાં આવ્યું છે, તેના બદલે] 'વ્યાપ્યના હોતાં વ્યાપકનું જ હોવું' એવું અવધારણ કરવામાં નથી આવ્યું. જો એવું અવધારણ કરવામાં આવ્યું હોત તો તેનો અર્થ થાત હેતુનું ત્યાં ન હોવું અર્થાત્ હેતુના અભાવની આપત્તિ આવે. વળી, 'વ્યાપકનું જ હોવું' એવું અવધારણ કરવાથી જે વ્યાપક નથી તે બધાનો અભાવ આવી પડે જ્યારે હકીકતમાં તો 'મૂર્તત્વ' વગેરે અવ્યાપક પણ ત્યાં હોય છે.

'વ્યાપ્ય હોય તો જ વ્યાપકનું હોવું' એવું અવધારણ પણ ન કરાય કારણ કે તેવું અવધારણ કરતાં 'પ્રયત્નાનન્તરીયકત્વ' ('પ્રયત્નપૂર્વકત્વ') આદિ હેતુઓ અહેતુઓ બની જાય [અર્થાત્ પ્રયત્નાનન્તરીયકત્વ ધર્મ અનિત્યત્વનો સાધક હેતુ નહિ બની શકે કારણ કે પ્રયત્નાનન્તરીયકત્વ ન હોય તો પણ અનિત્યત્વ હોય છે, જેમ કે વીજળી જેમાં પ્રયત્નાનન્તરીયકત્વ નથી પણ અનિત્યત્વ છે.] વળી, આવું અવધારણ કરતાં જે સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ છે તે સદ્ધેતુ બની જવાની આપત્તિ આવે. તેનું કારણ આ છે— ['શબ્દ નિત્ય છે કારણ કે તે પ્રમેય છે' અહીં પ્રમેયત્વહેતુ સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ છે કારણ કે પ્રમેયત્વ હેતુ નિત્ય વસ્તુઓ અને અનિત્ય વસ્તુઓ અર્થાત્ સપક્ષ અને વિપક્ષ બન્નેમાં છે. પરંતુ તેમ છતાં પ્રમેય હોય તો જ વસ્તુ નિત્ય હોય છે]. પ્રમેય વસ્તુઓમાં જ નિત્યત્વ હોય છે. એટલે આ અવધારણ મુજબ તે પ્રમેયત્વ સદ્ધેતુ બની જાય.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

25. यदा तु व्याप्यधर्मतया व्याप्तिर्विवक्ष्यते तदा 'व्याप्यस्य वा' गमकस्य 'तत्रैव' व्यापके गम्ये सति यत्र धर्मिणि व्यापकोऽस्ति तत्रैव 'भाव:' न तदभावेऽपि व्याप्तिरिति । अत्रापि नैवमवधार्यते–व्याप्यस्यैव तत्र भाव इति, हेत्वभावप्रसङ्गादव्याप्यस्यापि तत्र भावात् । नापि–व्याप्यस्य तत्र भाव एवेति, सपक्षैकदेशवृत्तेरहेतुत्वप्राप्तेः साधारणस्य च हेतुत्वं स्यात्, प्रमेयत्वस्य नित्येष्ववश्यंभावादिति ।

25. જ્યારે વ્યાપ્તિની વિવક્ષા વ્યાપ્યના ધર્મના રૂપમાં કરવામાં આવે છે ત્યારે તેનું રૂપ આવું હોય છે — વ્યાપક અર્થાત્ ગમ્ય (સાધ્ય) હોતાં જે ધર્મીમાં વ્યાપક હોય ત્યાં જ વ્યાપ્યનું અર્થાત્ ગમકનું (સાધનનું) હોવું વ્યાપ્તિ છે. અહીં પણ 'ત્યાં જ વ્યાપ્યનું હોવુ' એ મુજબના અવધારણના બદલે 'ત્યાં વ્યાપ્યનું જ હોવું' એવું અવધારણ કરવામાં આવે તો હેતુ હેતુ નહિ રહે કારણ કે ત્યાં વ્યાપ્ય સાથે જે અવ્યાપ્ય (અર્થાત્ વ્યાપક છે) તે પણ રહે છે. જ્યાં સાધ્યનો અભાવ હોય ત્યાં જે હેતુ રહેતો હોય તે હેતુ નથી — સદ્ધેતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. 'જ્યાં વ્યાપક હોય ત્યાં વ્યાપ્યનું હોવું જ' એવું અવધારણ કરવામાં આવે તો જે હેતુ સપક્ષના એક દેશમાં રહે છે તે હેતુ નહિ રહે અને સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ સદ્ધેતુ બની જશે કારણ કે તે જ્યાં વ્યાપક હોય છે ત્યાં હોય છે જ, જેમકે પ્રમેયત્વ હેતુ જ્યાં વ્યાપક નિત્યત્વ હોય છે ત્યાં હોય છે જ.

26. व्याप्यव्यापकधर्मतासङ्कीर्तनं तु व्याप्तेरुभयत्र तुल्यधर्मतयैकाकारा प्रतीतिर्मा भूदिति प्रदर्शनार्थम् । तथाहि—पूर्वत्रायोगव्यवच्छेदेनावधारणम् उत्तरत्रान्ययोगव्यवच्छेदेनेति कुत उभयत्रैकाकारता व्याप्तेः ? । तदुक्तम्—

**"लिङ्गे लिङ्गी भवत्येव लिङ्गिन्येवेतरत् पुनः ।**
**नियमस्य विपर्यासेऽसम्बन्धो लिङ्गलिङ्गिनोः ॥" इति ॥६॥**

26. વ્યાપ્તિ વ્યાપ્ય અને વ્યાપક બન્નેનો ધર્મ છે એમ એ દર્શાવવા માટે કહ્યું છે કે વ્યાપ્ય અને વ્યાપક બન્નેમાં તુલ્યધર્મના કારણે એક જ આકારવાળી વ્યાપ્તિની પ્રતીતિ ન હો. [સૂત્રગત ક્રમ મુજબ] વ્યાપ્તિ જ્યારે વ્યાપકના ધર્મરૂપે વિવક્ષિત હોય છે ત્યારે અવધારણ અયોગવ્યવચ્છેદના રૂપમાં (અભાવના નિષેધના રૂપમાં – તે આ રીતે, 'વ્યાપકનો ભાવ જ' એટલે 'વ્યાપકનો અભાવ નહિ') હોય છે અને જ્યારે વ્યાપ્તિ વ્યાપ્યના ધર્મરૂપે વિવક્ષિત હોય છે ત્યારે અવધારણ અન્યયોગવ્યવચ્છેદ રૂપમાં (અન્યના નિષેધના રૂપમાં — તે આ રીતે, 'વ્યાપ્યનો ભાવ ત્યાં જ છે' 'વ્યાપ્યનો ભાવ અન્ય સ્થાને નથી') હોય છે. તો પછી વ્યાપ્ય અને વ્યાપક બન્નેમાં વ્યાપ્તિનો એક આકાર ક્યાંથી હોય? [ન જ હોય.] તેથી કહ્યું છે, "લિંગ (સાધન, હેતુ) હોતાં લિંગી(સાધ્ય) હોય જ, અને લિંગી (સાધ્ય) હોય તો જ લિંગ (સાધન) હોય છે. આ નિયમનો વિપર્યાસ હોતાં સાધ્યસાધનસંબંધ બનશે નહિ."

27. अथ क्रमप्राप्तमनुमानं लक्षयति—

**साधनात्साध्यविज्ञानम् अनुमानम् ॥७॥**

27. હવે ક્રમપ્રાપ્ત અનુમાનનું લક્ષણ આચાર્ય કહે છે—

**સાધન દ્વારા થતું સાધ્યનું જ્ઞાન અનુમાન છે. (૭)**

28. साधनं साध्यं च वक्ष्यमाणलक्षणम् । दृष्टादुपदिष्टाद्वा 'साधनात्' यत् 'साध्यस्य' विज्ञानम् सम्यगर्थनिर्णयात्मकं तदनुमीयतेऽनेनेति 'अनुमानम्' लिङ्गग्रहणसम्बन्धस्मरणयोः पश्चात् परिच्छेदनम् ॥७॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तत् द्विधा स्वार्थं परार्थं च ॥८॥**

28. સાધન અને સાધ્યનું લક્ષણ હવે પછી કહેવામાં આવશે. પોતે દેખેલા કે બીજાએ જણાવેલા સાધન દ્વારા થતું સમ્યગ્ અર્થનિર્ણયાત્મક જ્ઞાન અનુમાન છે. જેના વડે અનુમાન કરાય તે અનુમાન છે. સાધનના ગ્રહણ અને અવિનાભાવસંબંધના (વ્યાપ્તિના) સ્મરણની પછી થતું જ્ઞાન અનુમાન છે. (૭)

**તેના (અનુમાનના) બે પ્રકાર છે — સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન. (૮)**

29. 'तत्' अनुमानं द्विप्रकारं स्वार्थ-परार्थभेदात् । स्वव्यामोह-निवर्तनक्षमम् 'स्वार्थम्' । परव्यामोहनिवर्तनक्षमम् 'परार्थम्' ॥८॥

29. તે અનુમાનના બે ભેદ છે — સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન. જે અનુમાન પોતાના અજ્ઞાનને દૂર કરવા સમર્થ હોય તે અનુમાન સ્વાર્થાનુમાન છે. જે અનુમાન બીજાના અજ્ઞાનને દૂર કરવા સમર્થ હોય તે અનુમાન પરાર્થાનુમાન છે. [ધૂમને દેખીને પોતે જ અગ્નિને જાણી લેવો એ સ્વાર્થાનુમાન છે અને બીજાને અગ્નિનું જ્ઞાન કરાવવા માટે સ્વાર્થાનુમાનને ક્રમિક વ્યવસ્થિત વાક્યો દ્વારા વ્યક્ત કરવું એ પરાર્થાનુમાન છે.] (૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

30. तत्र स्वार्थं लक्षयति—

**स्वार्थं स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणात् साधनात् साध्यज्ञानम् ॥९॥**

30. તે બેમાંથી પહેલાં સ્વાર્થાનુમાનનું લક્ષણ આચાર્ય કહે છે—

**પોતે નિશ્ચિત કરેલા સાધ્યાવિનાભાવ રૂપ એકમાત્ર લક્ષણવાળા સાધન દ્વારા થતું સાધ્યનું જ્ઞાન સ્વાર્થાનુમાન છે. (૯)**

31. साध्यं विनाऽभवनं साध्याविनाभावः स्वेनात्मना निश्चितः साध्याविनाभाव एवैकं लक्षणं यस्य तत् 'स्वनिश्चितसाध्याविनाभावैक-लक्षणम्' तस्मात्तथाविधात् 'साधनात्' लिङ्गात् 'साध्यस्य' लिङ्गिनो 'ज्ञानम्' 'स्वार्थम्' अनुमानम् । इह च न योग्यतया लिङ्गं परोक्षार्थप्रतिपत्तेरङ्गम्, यथा बीजमङ्कुरस्य, अदृष्टाद् धूमादग्नेरप्रतिपत्तेः; नापि स्वनिश्च(स्वविष)-यज्ञानापेक्षं यथा प्रदीपो घटादेः, दृष्टादप्यनिश्चिताविनाभावादप्रतिपत्तेः ।

तस्मात्परोक्षार्थनान्तरीयकतया निश्चयनमेव लिङ्गस्य व्यापार इति 'निश्चित'ग्रहणम् ।

31. સાધ્ય વિના ન હોવું એ સાધ્યાવિનાભાવ છે. આ સાધ્યાવિનાભાવ જ્યારે પોતે જ નિશ્ચિત કર્યો હોય ત્યારે તે સ્વનિશ્ચિતસાધ્યાવિનાભાવ છે. આ સ્વનિશ્ચિત-સાધ્યાવિનાભાવ જ એકમાત્ર સાધનનું લક્ષણ છે. આવા સાધન(લિંગ) દ્વારા થતું સાધ્યનું (લિંગીનું) જ્ઞાન સ્વાર્થાનુમાન છે. જેમ બીજ પોતાની યોગ્યતાના કારણે અંકુરને ઉત્પન્ન કરે છે તેમ સાધન પોતાની યોગ્યતાના કારણે સાધ્યનું અનુમિતિરૂપ જ્ઞાન ઉત્પન્ન કરતું નથી, અન્યથા અદૃષ્ટ ધૂમથી પણ અગ્નિનું અનુમિતિરૂપ જ્ઞાન થાય. ન તો સાધનને પોતાને વિષય કરતા જ્ઞાન માત્રથી (અર્થાત્ સાધનના દર્શન માત્રથી) સાધ્યનું અનુમિતિરૂપ જ્ઞાન થાય છે, જેમ પ્રદીપના દર્શન માત્રથી ઘટ આદિનું જ્ઞાન થાય છે, કારણ કે સાધનનું દર્શન થવા છતાં પણ જો સાધનનો સાધ્ય સાથે અવિનાભાવસંબંધ નિશ્ચિત ન હોય તો કેવળ સાધનના દર્શનથી સાધ્યનું અનુમિતિરૂપ જ્ઞાન થતું નથી. તેથી જેમ સાધનનું જ્ઞાન (દર્શન) આવશ્યક છે તેમ સાથે સાથે પરોક્ષ અર્થ (સાધ્ય) સાથે સાધનના અવિનાભાવસંબંધનું નિશ્ચયજ્ઞાન હોવું પણ આવશ્યક છે — તો જ સાધનનો સાધ્યનું જ્ઞાન (અનુમિતિરૂપ) ઉત્પન્ન કરવામાં વ્યાપાર થાય છે, એટલે સૂત્રમાં 'નિશ્ચિત' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જૈનમ્ જયતિ શાસનમ્

32. ननु चासिद्धविरुद्धानैकान्तिकहेत्वाभासनिराकरणार्थं हेतोः पक्षधर्मत्वम्, सपक्षे सत्त्वम्, विपक्षाद् व्यावृत्तिरिति त्रैलक्षण्यमाचक्षते भिक्षवः। तथाहि—अनुमेये धर्मिणि लिङ्गस्य सत्त्वमेव निश्चितमित्येकं रूपम् । अत्र सत्त्ववचनेनासिद्धं चाक्षुषत्वादि निरस्तम् । एवकारेण पक्षैकदेशासिद्धो निरस्तो यथा अनित्यानि पृथिव्यादीनि भूतानि गन्धवत्त्वात् । अत्र पक्षीकृतेषु पृथिव्यादिषु चतुर्षु पृथिव्यामेव गन्धवत्त्वम् । सत्त्ववचनस्य पश्चात्कृतेनैव-कारेणासाधारणो धर्मो निरस्तः । यदि ह्यनुमेय एव सत्त्वमित्युच्येत श्रावणत्वमेव हेतुः स्यात् । निश्चितग्रहणेन सन्दिग्धासिद्धः सर्वो निरस्तः । सपक्षे एव सत्त्वं निश्चितमिति द्वितीयं रूपम् । इहापि सत्त्वग्रहणेन विरुद्धो निरस्तः । स हि नास्ति सपक्षे । एवकारेण साधारणानैकान्तिकः, स हि न सपक्षे एव वर्तते किन्तु विपक्षेऽपि । सत्त्वग्रहणात् पूर्वमवधारणकरणेन सपक्षाव्यापिनोऽपि प्रयत्नानन्तरीयकत्वादेर्हेतुत्वमुक्तम्, पश्चादवधारणे हि

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अयमर्थः स्यात्—सपक्षे सत्त्वमेव यस्य स हेतुरिति प्रयत्नानन्तरीयकत्वं न हेतुः स्यात्। निश्चितवचनेन सन्दिग्धान्वयोऽनैकान्तिको निरस्तः यथा सर्वज्ञः कश्चिद्वक्तृत्वात्, वक्तृत्वं हि सपक्षे सर्वज्ञे सन्दिग्धम्। विपक्षे त्वसत्त्वमेव निश्चितमिति तृतीयं रूपम्। तत्रासत्त्वग्रहणेन विरुद्धस्य निरासः। विरुद्धो हि विपक्षेऽस्ति। एवकारेण साधारणस्य विपक्षैकदेशवृत्तेर्निरासः, प्रयत्नानन्तरीयकत्वे हि साध्येऽनित्यत्वं विपक्षैकदेशे विद्युदादावस्ति, आकाशादौ नास्ति। ततो नियमेनास्य निरासोऽसत्त्वशब्दात्। पूर्वस्मिन्नवधारणे हि अयमर्थः स्यात्–विपक्ष एव यो नास्ति स हेतुः, तथा च प्रयत्नानन्तरीयकत्वं सपक्षेऽपि नास्ति ततो न हेतुः स्यात्ततः पूर्वं न कृतम्। निश्चितग्रहणेन सन्दिग्धविपक्षव्यावृत्तिकोऽनैकान्तिको निरस्तः। तदेवं त्रैरूप्यमेव हेतोरसिद्धादिदोषपरिहारक्षममिति तदेवाभ्युपगन्तुं युक्तमिति किमेकलक्षणकत्वेनेति ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

32. શંકા — [આપે તો હેતુનું સાધ્યાવિનાભાવરૂપ એકમાત્ર લક્ષણ ઉપર સ્વીકાર્યું છે. પરંતુ] અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક હેત્વાભાસોનું નિરાકરણ કરવા માટે બૌદ્ધોએ હેતુનાં ત્રણ લક્ષણો સ્વીકાર્યાં છે — (૧) પક્ષધર્મત્વ, (૨) સપક્ષસત્ત્વ અને (૩) વિપક્ષવ્યાવૃત્તિ. તે આ પ્રમાણે — (૧) **પક્ષધર્મત્વ** : પક્ષમાં અર્થાત્ અનુમેય ધર્મીમાં (પર્વત આદિમાં) હેતુનું સત્ત્વ જ નિશ્ચિત હોવું — આ પહેલું પક્ષધર્મત્વ લક્ષણ છે. અહીં 'સત્ત્વ' શબ્દનો પ્રયોગ કરીને 'ચાક્ષુષત્વ' વગેરે અસિદ્ધ હેત્વાભાસોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. ['શબ્દ નિત્ય છે કારણ કે તે ચાક્ષુષ છે'— આ અનુમાનમાં આપેલો હેતુ 'ચાક્ષુષત્વ' અસિદ્ધ છે કારણ કે તેનું પક્ષમાં (શબ્દમાં) સત્ત્વ નથી, શબ્દમાં ચાક્ષુષત્વ ધર્મની સત્તા નથી.] 'સત્ત્વ જ' એમ અહીં 'જ' (एवकार)નો પ્રયોગ કરીને પક્ષૈકદેશાસિદ્ધ (જે પક્ષના એક ભાગમાં રહે છે અને એક ભાગમાં નથી રહેતો એવા અસિદ્ધ) હેત્વાભાસનો નિષેધ કરવામાં આવ્યો છે. ઉદાહરણ, પૃથ્વી વગેરે ભૂતો અનિત્ય છે કારણ કે ગન્ધવાન છે — આ અનુમાનમાં પૃથ્વી વગેરે ચાર ભૂતો પક્ષ છે કિન્તુ ગન્ધવત્ત્વ હેતુ કેવળ પૃથ્વીમાં જ છે બાકીના ભૂતોમાં નથી. તેથી અહીં ગન્ધવત્ત્વ હેતુ પક્ષૈકદેશાસિદ્ધ હેત્વાભાસ છે, સદ્ધેતુ નથી. આવા હેત્વાભાસોની વ્યાવૃત્તિ કરવા કહેવામાં આવ્યું છે કે 'પક્ષમાં હેતુનું સત્ત્વ જ' હોવું જોઈએ. 'સત્ત્વ' શબ્દ પછી 'જ' (एव)નો પ્રયોગ કરી એ સૂચવવામાં આવ્યું છે કે જે હેતુ અસાધારણ હોય છે અર્થાત્ પક્ષમાં જ રહે છે એટલે કે પક્ષ સિવાય બીજે ક્યાંય સપક્ષમાં પણ રહેતો નથી તે પણ હેતુ (સદ્ધેતુ) નથી હોતો. જો 'જ' (एव) નો પ્રયોગ 'અનુમેય ધર્મીમાં જ સત્ત્વ' એમ કરવામાં આવ્યો હોત તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવણત્વ જ હેતુ (સદ્ધેતુ) બની જાત. [શબ્દ નિત્ય છે કારણ કે શ્રાવણ છે. અહીં શ્રાવણત્વ હેતુ શબ્દમાં જ (પક્ષમાં જ) રહે છે અને બીજે ક્યાંય રહેતો નથી, એટલે તે અસાધારણ હેત્વાભાસ છે.] 'નિશ્ચિત' પદના પ્રયોગ દ્વારા સન્દિગ્ધાસિદ્ધ હેત્વાભાસો નિરસ્ત થઈ જાય છે. (૨) **સપક્ષસત્ત્વ**—'સપક્ષમાં જ સત્ત્વ નિશ્ચિત હોવું' એ હેતુનું બીજું લક્ષણ છે. અહીં પણ 'સત્ત્વ' શબ્દને મૂકીને તેના દ્વારા વિરુદ્ધ હેત્વાભાસનું નિરાકરણ કરવામાં આવ્યું છે કારણ કે વિરુદ્ધ હેત્વાભાસ સપક્ષમાં નથી રહેતો. 'સપક્ષમાં જ' આ રીતે 'જ' (एव) નો પ્રયોગ કરીને સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસની વ્યાવૃત્તિ કરવામાં આવી છે કારણ કે સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ કેવળ સપક્ષમાં જ નહિ પરંતુ વિપક્ષમાં પણ રહે છે. ['શબ્દ નિત્ય છે કારણ કે તે પ્રમેય છે' આ અનુમાનમાં હેતુ પ્રમેયત્વ સપક્ષમાં (નિત્ય વસ્તુઓમાં) પણ રહે છે અને વિપક્ષમાં (અનિત્ય વસ્તુઓમાં) પણ રહે છે. તેથી અહીં પ્રમેયત્વ હેતુ સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ છે.] 'સપક્ષમાં સત્ત્વ જ'ના બદલે 'સપક્ષમાં જ સત્ત્વ' આ પ્રમાણે 'જ'નો પ્રયોગ સત્ત્વ પહેલાં કરીને એ વ્યક્ત કરવામાં આવ્યું છે કે સપક્ષમાં વ્યાપીને ન રહેનાર અર્થાત્ સપક્ષના એક ભાગમાં રહેનાર હેતુ પણ સમ્યક્ હેતુ હોય છે, અર્થાત્ એ જરૂરી નથી કે હેતુએ સપક્ષમાં વ્યાપીને જ રહેવું જોઈએ. આમ કરીને પ્રયત્નાનન્તરીયકત્વ વગેરેનું સમ્યક્ હેતુપણું જણાવાયું છે. જો સત્ત્વ પછી 'જ' (एव) મૂકીને અવધારણ કરવામાં આવ્યું હોત તો તેનો અર્થ આ થાય— 'સપક્ષમાં સત્ત્વ જ' હેતુનું લક્ષણ છે. આમ અવધારણ કરવાથી પ્રયત્નાનન્તરીયકત્વ જે સદ્ધેતુ છે તે સદ્ધેતુ ન રહેત, કારણ કે તે સપક્ષને વ્યાપીને (અર્થાત્ બધા જ સપક્ષોમાં) રહેતો નથી પણ સપક્ષના એક ભાગમાં (અમુક સપક્ષોમાં) રહે છે. [ઘટ અનિત્ય છે કારણ કે તે પ્રયત્નાનન્તરીયક (પ્રયત્નપૂર્વક, પ્રયત્નજન્ય) છે. પટ, રથ વગેરે પણ અનિત્ય છે અને આકાશમાં થતી વીજળી વગેરે પણ અનિત્ય છે. એટલે પટ, રથ વગેરે પણ સપક્ષ છે અને વીજળી વગેરે પણ સપક્ષ છે. પરંતુ પ્રયત્નાનન્તરીયકત્વ (પ્રયત્નજન્યત્વ)હેતુ પટ, રથ, વગેરે સપક્ષોમાં રહે છે પરંતુ વીજળી વગેરે સપક્ષોમાં રહેતો નથી. તેમ છતાં તે સદ્ધેતુ છે.] 'નિશ્ચિત' પદનો પ્રયોગ કરીને સન્દિગ્ધાન્વય અનૈકાન્તિક હેત્વાભાસની વ્યાવૃત્તિ કરવામાં આવી છે. ઉદાહરણાર્થ, 'કોઈક પુરુષ સર્વજ્ઞ છે કારણ કે તે વક્તા છે.' અહીં વક્તૃત્વ હેતુનું સપક્ષમાં અર્થાત્ સર્વજ્ઞમાં હોવું સંદિગ્ધ છે. હેતુ વક્તૃત્વનો સાધ્ય સર્વજ્ઞત્વ સાથે અન્વય સંદિગ્ધ છે — અર્થાત્ જ્યાં જ્યાં વક્તૃત્વ હોય ત્યાં સર્વજ્ઞત્વ હોય એ અન્વય સંદિગ્ધ છે. (૩) **વિપક્ષાસત્ત્વ** — 'વિપક્ષમાં અસત્ત્વ જ નિશ્ચિત હોવું' આ હેતુનું ત્રીજું લક્ષણ છે. અહીં 'અસત્ત્વ' શબ્દ મૂકીને વિરુદ્ધ હેત્વાભાસની વ્યાવૃત્તિ કરી છે, કારણ કે વિરુદ્ધ હેત્વાભાસનું વિપક્ષમાં અસત્ત્વ નથી હોતું — સત્ત્વ હોય છે. 'અસત્ત્વ જ' એ રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જ' (एव) વડે અવધારણ કરીને વિપક્ષના એક ભાગમાં (અર્થાત્ કેટલાક વિપક્ષોમાં) રહેનાર સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસની વ્યાવૃત્તિ કરવામાં આવી છે. પ્રયત્નાનન્તરીયકત્વ (પ્રયત્નજન્યત્વ) સાધ્યને સિદ્ધ કરવા આપવામાં આવેલો અનિત્યત્વ હેતુ વિપક્ષના એક ભાગ વીજળી વગેરેમાં રહે છે, વિપક્ષના અન્ય ભાગ આકાશ આદિમાં રહેતો નથી. એટલે અહીં અનિત્યત્વ હેતુ વિપક્ષના એક ભાગમાં રહેનાર સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ છે. તેથી 'અસત્ત્વ જ' એમ કહેતાં આવા હેત્વાભાસની વ્યાવૃત્તિ થઈ જાય છે. જો અસત્ત્વ પહેલાં 'જ' મૂકીને અવધારણ કરવામાં આવ્યું હોત તો આવો અર્થ થાત — વિપક્ષમાં જ જે નથી તે હેતુ છે. અને તો પછી પ્રયત્નાનન્તરીયકત્વ હેતુ જે સપક્ષમાં પણ નથી રહેતો તે હેતુ (સદ્ધેતુ) નહિ ગણાય, ખરેખર તો તે સદ્ધેતુ છે. તેથી અસત્ત્વ પહેલાં 'જ' (एव) મૂકીને અવધારણ કરવામાં નથી આવ્યું. 'નિશ્ચિત' પદ મૂકીને સન્દિગ્ધવિપક્ષવ્યાવૃત્તિક અનૈકાન્તિક હેત્વાભાસની વ્યાવૃત્તિ કરવામાં આવી છે. [આ પુરુષ અસર્વજ્ઞ છે, કારણ કે તે વક્તા છે — આ અનુમાનમાં આપવામાં આવેલો 'વક્તૃત્વ' હેતુ સન્દિગ્ધવિપક્ષવ્યાવૃત્તિક અનૈકાન્તિક હેત્વાભાસ છે કારણ કે તેની વિપક્ષ (સર્વજ્ઞ)માંથી વ્યાવૃત્તિ (વિપક્ષમાં ન હોવું) સન્દિગ્ધ છે.] આમ હેતુની ત્રિરૂપતા (ત્રણ લક્ષણો ધરાવવાપણું) જ અસિદ્ધ આદિ દોષોનો પરિહાર કરવા સમર્થ છે એટલે તેનો સ્વીકાર કરવો જ યોગ્ય છે. તો પછી હેતુને એક લક્ષણવાળો સ્વીકારવાનું શું પ્રયોજન?

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

33. तदयुक्तम्, अविनाभावनियमनिश्चयादेव दोषत्रयपरिहारोपपत्तेः । अविनाभावो ह्यन्यथानुपपन्नत्वम् । तच्चासिद्धस्य विरुद्धस्य व्यभिचारिणो वा न सम्भवति । त्रैरूप्ये तु सत्यप्यविनाभावाभावे हेतोरगमकत्वदर्शनात्, यथा स श्यामो मैत्रतनयत्वात् इतरमैत्रपुत्रवदित्यत्र । अथ विपक्षान्नियमवती व्यावृत्तिस्तत्र न दृश्यते ततो न गमकत्वम्; तर्हि तस्या एवाविनाभावरूपत्वादितररूपसद्भावेऽपि तदभावे हेतोः स्वसाध्यसिद्धिं प्रति गमकत्वानिष्टेः सैव प्रधानं लक्षणमस्तु । तत्सद्भावेऽपररूपद्वयनिरपेक्षतया गमकत्वोपपत्तेश्च, यथा सन्त्यद्वैतवादिनोऽपि प्रमाणानि इष्टानिष्टसाधनदूषणान्यथानुपपत्तेः । न चात्र पक्षधर्मत्वं सपक्षे सत्त्वं चास्ति, केवलमविनाभावमात्रेण गमकत्वोपपत्तिः । ननु पक्षधर्मताऽभावे श्वेतः प्रासादः काकस्य कार्ष्ण्यादित्यादयोऽपि हेतवः प्रसज्येरन्; नैवम्, अविनाभावबलेनैवापक्षधर्माणामपि गमकत्वाभ्युपगमात् । न चेह सोऽस्ति । ततोऽविनाभाव एव हेतोः प्रधानं लक्षण-


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मभ्युपगन्तव्यम्, सति तस्मिन्नसत्यपि त्रैलक्षण्ये हेतोर्गमकत्वदर्शनात् । न तु त्रैरूप्यं हेतुलक्षणम् अव्यापकत्वात् । तथा च सर्वं क्षणिकं सत्त्वादित्यत्र मूर्द्धाभिषिक्ते साधने सौगतैः सपक्षेऽसतोऽपि हेतोः सत्त्वस्य गमकत्वमिष्यत एव । तदुक्तम्—

**"अन्यथाऽनुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ? ।**
**नान्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ? ॥"** इति ।

33. **હેમચન્દ્રાચાર્ય** — બૌદ્ધોનું આ કથન યોગ્ય નથી, કારણ કે અવિનાભાવ-નિયમના નિશ્ચયથી જ અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક એ ત્રણે દોષોનો પરિહાર થઈ જાય છે. અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક હેત્વાભાસોમાં અન્યથાનુપપત્તિ (અવિનાભાવ) હોતી નથી. [અસિદ્ધ આદિ ત્રણ હેત્વાભાસોની વ્યાવૃત્તિ કરવા માટે ત્રણ લક્ષણોને માનવાની આવશ્યકતા છે જ નહિ, કારણ કે એકલા અવિનાભાવરૂપ લક્ષણથી જ તે ત્રણેની વ્યાવૃત્તિ થઈ જાય છે.] ઊલટું, ઉક્ત ત્રૈરૂપ્ય હોવા છતાં પણ જે હેતુમાં સાધ્યાવિનાભાવ નથી હોતો તે હેતુ સાધ્યનો ગમક નથી બનતો. ઉદાહરણાર્થ, [ગર્ભસ્થ] મૈત્રપુત્ર શ્યામ છે, કારણ કે તે મૈત્રપુત્ર છે, અન્ય મૈત્રપુત્રની જેમ. અહીં આપવામાં આવેલા 'મૈત્રપુત્રત્વ' હેતુમાં બૌદ્ધોએ માનેલાં ત્રણે લક્ષણો વિદ્યમાન છે છતાં તે સદ્ધેતુ નથી, સાધ્યનો ગમક નથી.

**બૌદ્ધ** — તે સાધ્યનો ગમક નથી કારણ કે તેમાં નિયમતઃ વિપક્ષવ્યાવૃત્તિ દેખાતી નથી.

**હેમચન્દ્રાચાર્ય** — આ નિયમતઃ વિપક્ષવ્યાવૃત્તિ જ તો સાધ્યાવિનાભાવ છે. તેના વિના બાકીનાં બે લક્ષણો (પક્ષધર્મત્વ અને સપક્ષસત્ત્વ) હોય તો પણ હેતુ જો વિપક્ષવ્યાવૃત્તિના અભાવમાં સાધ્યનો ગમક નથી બનતો એમ માનવું તમને ઇષ્ટ હોય તો પછી તે વિપક્ષવ્યાવૃત્તિને જ હેતુનું પ્રધાન લક્ષણ માનો. જે હેતુમાં વિપક્ષવ્યાવૃત્તિ હોય તે હેતુ, બીજાં બે લક્ષણો તેનામાં ન હોય તો પણ સાધ્યનો ગમક ઘટે છે. આનું ઉદાહરણ — 'અદ્વૈતવાદીના મતમાં પણ પ્રમાણ છે કારણ કે પ્રમાણના અભાવમાં અદ્વૈતવાદી દ્વારા ઇષ્ટની સિદ્ધિ અને અનિષ્ટનું દૂષણ(નિષેધ) ઘટે નહિ.' અહીં હેતુમાં ન તો પક્ષધર્મતા છે કે ન તો સપક્ષસત્ત્વ છે તેમ છતાં કેવળ અવિનાભાવના બળે જ હેતુ ગમક બને છે.

**બૌદ્ધ** — પક્ષધર્મતાના અભાવમાં અર્થાત્ હેતુ પક્ષમાં ન રહેવા છતાં પણ તે સાધ્યનો ગમક બનતો હોય તો 'આ મહેલ ધવલ છે કારણ કે કાગડો કાળો છે' જેવા હેતુઓ પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમક બની જાય. [અહીં 'કાગડાનું કાળાપણું' હેતુ છે અને તે પક્ષમાં અર્થાત્ મહેલમાં રહેતો નથી. તેથી તે હેતુ સાધ્યનો ગમક નથી બનતો. જો પક્ષધર્મતાના અભાવમાં પણ હેતુને ગમક માનવામાં આવે તો આ હેતુ પણ ગમક બની જશે.].

**હેમચન્દ્રાચાર્ય** — ના, એવું નથી, કારણ કે પક્ષધર્મતા ન હોવા છતાં પણ જો સાધ્યાવિનાભાવ હોય તો જ હેતુ ગમક બને છે એ પ્રમાણે અમે સ્વીકાર્યું છે. અહીં (આ અનુમાનના હેતુમાં) સાધ્યાવિનાભાવ નથી એટલે તે હેતુ ગમક નથી. તેથી અવિનાભાવને જ હેતુનું પ્રધાન લક્ષણ ગણવું જોઈએ. જો હેતુમાં અવિનાભાવ હશે તો ત્રૈરૂપ્ય ન હોવા છતાં હેતુ ગમક બનશે, અને આવું આપણે દેખ્યું પણ છે. વળી, હેતુનું ત્રૈરૂપ્યલક્ષણ અવ્યાપક હોઈ તે લક્ષણ સંગત નથી. ઉપરાંત, બૌદ્ધોનું પ્રધાન અનુમાન છે— બધી વસ્તુઓ ક્ષણિક છે કારણ કે બધી વસ્તુઓમાં સત્ત્વ છે; અહીં સત્ત્વ હેતુમાં સપક્ષસત્ત્વ લક્ષણ નથી [કારણ કે બધી વસ્તુઓને પક્ષ બનાવી દીધી એટલે સપક્ષ તરીકે કોઈ વસ્તુ બચી જ નથી] તેમ છતાં બૌદ્ધો તેને ગમક તરીકે સ્વીકારે છે જ. તેથી કહ્યું પણ છે, "જ્યાં અન્યથાનુપપત્તિ (સાધ્યાવિનાભાવ) છે ત્યાં ત્રિરૂપતાનું શું પ્રયોજન છે? [કંઈ જ પ્રયોજન નથી કારણ કે હેતુ અન્યથાનુપપત્તિના બળે જ ગમક બની જશે.] અને જ્યાં અન્યથાનુપપત્તિ નથી ત્યાં પણ ત્રિરૂપતાથી શો લાભ? [કંઈ જ લાભ નથી કારણ કે ત્રિરૂપતા હોવા છતાં પણ અન્યથાનુપપત્તિના અભાવમાં હેતુ ગમક બનતો નથી.]

34. एतेन पञ्चलक्षणकत्वमपि नैयायिकोक्तं प्रत्युक्तम्, तस्याप्यविनाभावप्रपञ्चत्वात् । तथाहि—त्रैरूप्यं पूर्वोक्तम्, अबाधितविषयत्वम्, असत्प्रतिपक्षत्वं चेति पञ्च रूपाणि । तत्र प्रत्यक्षागमबाधितकर्मनिर्देशानन्तरप्रयुक्तत्वं बाधितविषयत्वं यथाऽनुष्णस्तेजोवयवी कृतकत्वात् घटवत्। ब्राह्मणेन सुरा पेया [द्रव]द्रव्यत्वात् क्षीरवत् इति । तन्निषेधादबाधितविषयत्वम् । प्रतिपक्षहेतुबाधितत्वं सत्प्रतिपक्षत्वं यथाऽनित्यः शब्दो नित्यधर्मानुपलब्धेः । अत्र प्रतिपक्षहेतुः - नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेरिति । तन्निषेधादसत्प्रतिपक्षत्वम् । तत्र बाधितविषयस्य सत्प्रतिक्षस्य चाविनाभावाभावादविनाभावेनैव रूपद्वयमपि सङ्गृहीतम् । यदाह— "**बाधाविनाभावयोर्विरोधात्**" [हेतु. परि. ४] इति । अपि च, स्वलक्षणलक्षितपक्षविषयत्वाभावात् तद्दोषेणैव दोषद्वयमिदं चरितार्थं किं पुन-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

र्वचनेन ? । तत् स्थितमेतत् साध्याविनाभावैकलक्षणादिति ॥९॥

34. નૈયાયિકો હેતુનાં પાંચ લક્ષણો જણાવે છે. બૌદ્ધોએ માનેલાં ત્રણ અને અબાધિતવિષયત્વ તથા અસત્પ્રતિપક્ષત્વ એમ પાંચ લક્ષણો નૈયાયિકો માને છે. બૌદ્ધ મતના નિરાસ દ્વારા નૈયાયિકોના પાંચ લક્ષણોના સિદ્ધાન્તનો નિરાસ થઈ જાય છે. પ્રત્યક્ષ કે આગમ પ્રમાણથી વિષય બાધિત થયા પછી તરત હેતુનો પ્રયોગ કરવો એ હેતુનું બાધિતવિષયત્વ છે. ઉદાહરણ, અવયવીરૂપ અગ્નિ ઉષ્ણ નથી કારણ કે તે કૃતક (જન્ય) છે, જે કૃતક હોય છે તે ઉષ્ણ નથી હોતું, જેમ કે ઘટ. [અહીં અગ્નિની અનુષ્ણતા સાધ્ય છે, તે સ્પર્શનેન્દ્રિયપ્રત્યક્ષથી બાધિત છે. તેથી આ કૃતકત્વ હેતુ પ્રત્યક્ષબાધિતવિષય છે.] બ્રાહ્મણ માટે સુરા પેય છે કારણ કે તે દ્રવ (તરલ) દ્રવ્ય છે, જેમ કે દૂધ. [આગમમાં બ્રાહ્મણે સુરા પીવાનો નિષેધ છે. તેથી વિષય (બ્રાહ્મણ માટે સુરાનું પેયત્વ) આગમથી બાધિત છે.] આ બે શક્યતાઓનો નિષેધ થવાથી હેતુના અબાધિતવિષયત્વનો નિશ્ચય થાય છે. જે હેતુ પોતાના વિરોધી બીજા હેતુથી બાધિત થાય તે હેતુ સત્પ્રતિપક્ષ છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તેમાં નિત્યતાની ઉપલબ્ધિ થતી નથી.' આનો વિરોધી હેતુ આ છે — 'શબ્દ નિત્ય છે કારણ કે તેમાં અનિત્યતાની ઉપલબ્ધિ થતી નથી.' આ હેતુથી પહેલો હેતુ બાધિત થવાના કારણે સત્પ્રતિપક્ષ હેતુ છે. જે હેતુમાં આ સત્પ્રતિપક્ષત્વ દોષ ન હોય તે હેતુ અસત્પ્રતિપક્ષ છે. જે હેતુ બાધિતવિષય છે કે સત્પ્રતિપક્ષ છે તેમાં અવિનાભાવ હોઈ શકતો જ નથી. તેથી અવિનાભાવને હેતુના લક્ષણ તરીકે સ્વીકારતાં જ આ બન્ને લક્ષણો પણ ગૃહીત થઈ જાય છે. કહ્યું પણ છે, "બાધા અને અવિનાભાવનો વિરોધ છે." [હેતુબિન્દુ, પરિચ્છેદ ૪]. [અર્થાત્ જ્યાં કોઈ પણ જાતનો હેતુદોષ હોય ત્યાં અવિનાભાવ ન હોય અને જ્યાં અવિનાભાવ હોય ત્યાં કોઈ પણ જાતનો હેતુદોષ ન જ હોય.] વળી, નૈયાયિકોએ પોતે જ પક્ષનાં જે લક્ષણો આપ્યાં છે તે લક્ષણોના અભાવથી જે પક્ષદોષો ઉદ્ભવે છે તેમનાથી જ આ બે દોષો સંગૃહીત થઈ જાય છે, તો પછી પુનરુક્તિ કરવાથી શો લાભ ? આમ એ સ્થાપિત થયું કે સાધ્યાવિનાભાવરૂપ એક લક્ષણવાળા સાધન દ્વારા થતું સાધ્યનું જ્ઞાન અનુમાન છે. (૯)

35. तत्राविनाभावं लक्षयति—

**सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः ॥१०॥**

35. હવે આચાર્ય અવિનાભાવનું લક્ષણ કહે છે—

**બે સહભાવીઓનો સહભાવનિયમ અને બે ક્રમભાવીઓનો ક્રમભાવનિયમ અવિનાભાવ છે. (૧૦)**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

36. 'सहभाविनोः' एकसामग्र्यधीनयोः फलादिगतयो रूपरसयोः व्याप्यव्यापकयोश्च शिंशपात्ववृक्षत्वयोः, 'क्रमभाविनोः' कृत्तिकोदय-शकटोदययोः, कार्यकारणयोश्च धूमधूमध्वजयोर्यथासङ्ख्यं यः 'सहक्रम-भावनियमः' — सहभाविनोः सहभावनियमः क्रमभाविनोः क्रमभाव-नियमः, साध्यसाधनयोरिति प्रकरणाल्लभ्यते सः 'अविनाभावः' ॥१०॥

36. જે બેની ઉત્પત્તિ એક જ કારણસામગ્રીને અધીન છે એવા, એક ફલગત રૂપ અને રસ બે સહભાવીઓનો તેમ જ જે બેની વચ્ચે વ્યાપ્ય-વ્યાપકસંબંધ છે એવા શિંશપાત્વ અને વૃક્ષત્વ બે સહભાવીઓનો સહભાવનિયમ અવિનાભાવ છે. કૃત્તિકોદય અને શકટોદય જેવા પૂર્વચર-ઉત્તરચરરૂપ ક્રમભાવીઓનો તેમ જ ધૂમ અને અગ્નિ જેવા કાર્ય-કારણરૂપ ક્રમભાવીઓનો ક્રમભાવનિયમ અવિનાભાવ છે. પ્રકરણથી સાધ્ય અને સાધનનો સહભાવનિયમ કે ક્રમભાવનિયમ સમજવાનું પ્રાપ્ત થાય છે. આમ સાધ્ય અને સાધનનો સહભાવનિયમ તેમજ ક્રમભાવનિયમ અવિનાભાવ છે. (૧૦)

37. अथैवंविधोऽविनाभावो निश्चितः साध्यप्रतिपत्त्यङ्गमित्युक्तम् । तन्निश्चयश्च कुतः प्रमाणात् ? न तावत् प्रत्यक्षात्, तस्यैन्द्रियकस्य सन्निहितविषयविनियमितव्यापारत्वात् । मनस्तु यद्यपि सर्वविषयं तथापीन्द्रियगृहीतार्थगोचरत्वेनैव तस्य प्रवृत्तिः । अन्यथान्धबधिराद्यभाव-प्रसङ्गः । सर्वविषयता तु सकलेन्द्रियगोचरार्थविषयत्वेनैवोच्यते न स्वातन्त्र्येण । योगिप्रत्यक्षेण त्वविनाभावग्रहणेऽनुमेयार्थप्रतिपत्तिरेव ततोऽस्तु, किं तपस्विनाऽनुमानेन ? । अनुमानात्त्वविनाभावनिश्चयेऽनवस्थेतरेतरा-श्रयदोषप्रसङ्ग उक्त एव । न च प्रमाणान्तरमेवंविधविषयग्रहणप्रवण-मस्तीत्याह—

**ऊहात् तन्निश्चयः ॥११॥**

37. **शंका** — આ જાતનો અવિનાભાવ જો નિશ્ચિત જાણ્યો હોય તો જ તે સાધ્યના જ્ઞાનને ઉત્પન્ન કરે છે, એમ કહેવામાં આવ્યું છે. પરંતુ અવિનાભાવનો નિશ્ચય કયા પ્રમાણથી થાય છે ? પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા અવિનાભાવનો નિશ્ચય થતો નથી કારણ કે ઈન્દ્રિયજ પ્રત્યક્ષનો વ્યાપાર સન્નિહિત વિષય સુધી સીમિત છે. જો કે મન સર્વ અર્થોને વિષય કરે છે તેમ છતાં ઈન્દ્રિયોએ ગ્રહણ કરેલા વિષયોમાં જ મનની પ્રવૃત્તિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો મન ઇન્દ્રિયોએ ગ્રહણ ન કરેલા અર્થોને પણ જાણતું હોત તો કોઈ આંધળો કે બહેરો ન હોત — મનથી જ રૂપ અને શબ્દનું જ્ઞાન થઈ જાત. મનને સર્વવિષયગ્રાહી કહ્યું છે તેનો આશય એટલો જ છે કે તે બધી ઇન્દ્રિયોના વિષયોને જાણી શકે છે, પરંતુ તેનો આશય એ નથી કે મન ઇન્દ્રિયનિરપેક્ષપણે સ્વતંત્ર રીતે રૂપ આદિને જાણે છે. જો યોગિપ્રત્યક્ષ દ્વારા અવિનાભાવનું ગ્રહણ માનવામાં આવે તો અનુમાનની આવશ્યકતા જ નહિ રહે કારણ કે યોગિપ્રત્યક્ષથી જ અનુમેયનું પણ સાક્ષાત્ જ્ઞાન થાઓ, પછી બિચારા અનુમાનની શી જરૂર ? જો અનુમાન વડે અવિનાભાવનો નિશ્ચય માનવમાં આવે તો અનવસ્થા અને ઇતરેતરાશ્રય દોષોની આપત્તિ આવે એ અમે પહેલાં દર્શાવી દીધું છે. અને પ્રત્યક્ષ અને અનુમાન સિવાય બીજું કોઈ પ્રમાણ તો છે નહિ જે આ જાતના વિષયને (અવિનાભાવને) ગ્રહણ કરવા સમર્થ હોય.

આ શંકાના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**ઊહ (તર્ક) નામના પ્રમાણ દ્વારા અવિનાભાવનો નિશ્ચય થાય છે. (૧૧)**

38. 'ऊहात्' तर्कादुक्तलक्षणात्तस्याविनाभावस्य 'निश्चयः' ॥११॥

38. પહેલાં અમે જેનું લક્ષણ બતાવી દીધું છે તે ઊહથી અર્થાત્ તર્કથી તે અવિનાભાવનો નિશ્ચય થાય છે. (૧૧)

39. लक्षितं परीक्षितं च साधनम् । इदानीं तत् विभजति—

**स्वभावः कारणं कार्यमेकार्थसमवायि विरोधि**
**चेति पञ्चधा साधनम् ॥१२॥**

39. સાધનનું લક્ષણ પણ આપી દીધું અને તેની પરીક્ષા પણ કરી લીધી. હવે સાધનના ભેદોને આચાર્ય જણાવે છે —

**સ્વભાવ, કારણ, કાર્ય, એકાર્થસમવાયી અને વિરોધી આ પાંચ સાધનના પ્રકારો છે, ભેદો છે. (૧૨)**

40. स्वभावादीनि चत्वारि विधेः साधनानि, विरोधि तु निषेधस्येति पञ्चविधम् 'साधनम्' । 'स्वभावः' यथा शब्दानित्यत्वे साध्ये कृतकत्वं श्रावणत्वं वा ।

40. સ્વભાવ વગેરે ચાર સાધન વિધિના સાધક છે અને એક વિરોધી સાધન નિષેધનું સાધક છે. આ રીતે સાધનો પાંચ પ્રકારનાં છે. [તેમનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.] (૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વભાવહેતુ** — શબ્દની અનિત્યતા સિદ્ધ કરવા માટે આપવામાં આવેલો હેતુ 'કૃતકત્વ' કે 'શ્રાવણત્વ' સ્વભાવહેતુનું ઉદાહરણ છે.

41. ननु श्रावणत्वस्यासाधारणत्वात् कथं व्याप्तिसिद्धिः ? । विपर्यये बाधकप्रमाणबलात् सत्त्वस्येवेति ब्रूमः । न चैवं सत्त्वमेव हेतुः तद्विशेषस्योत्पत्तिमत्त्व–कृतकत्व–प्रयत्नानन्तरीयकत्व–प्रत्ययभेदभेदित्वा–देरहेतुत्वापत्तेः । किंच, किमिदमसाधारणत्वं नाम ? । यदि पक्ष एव वर्तमानत्वम्; तत् सर्वस्मिन् क्षणिके साध्ये सत्त्वस्यापि समानम् । साध्यधर्मवतः पक्षस्यापि सपक्षता चेत्; इह कः प्रद्वेषः ? पक्षादन्यस्यैव सपक्षत्वे लोहलेख्यं वज्रं पार्थिवत्वात् काष्ठवदित्यत्र पार्थिवत्वमपि लोहलेख्यतां वज्रे गमयेत् । अन्यथानुपपत्तेरभावान्नेति चेत्; इदमेव तर्हि हेतुलक्षणमस्तु । अपक्षधर्मस्यापि साधनत्वापत्तिरिति चेत्; अस्तु यद्यविनाभावोऽस्ति, शकटोदये कृत्तिकोदयस्य, सर्वज्ञसद्भावे संवादिन उपदेशस्य गमकत्वदर्शनात् । काकस्य कार्ष्ण्यं न प्रासादे धावल्यं विनानुपपद्यमानमित्यनेकान्तादगमकम् । तथा, घटे चाक्षुषत्वं शब्देऽनित्यतां विनाप्युपपद्यमानमिति । तत्र श्रावणत्वादिरसाधारणोऽप्यनित्यतां व्यभि–चरति । ननु कृतकत्वाच्छब्दस्यानित्यत्वे साध्ये पर्यायवद् द्रव्येऽप्यनित्यता प्राप्नोति । नैवम्, पर्यायाणामेवानित्यतायाः साध्यत्वात्, अनुक्तमपीच्छा–विषयीकृतं साध्यं भवतीति किं स्म प्रस्मरति भवान् ? ननु कृतकत्वानित्यत्वयोस्तादात्म्ये साधनवत् साध्यस्य सिद्धत्वम्, साध्यवच्च साधनस्य साध्यत्वं प्रसजति । सत्यमेतत्, किं तु मोहनिवर्तनार्थः प्रयोगः । यदाह—

**"सादेरपि न सान्तत्वं व्यामोहाद्योऽधिगच्छति ।**
**साध्यसाधनतैकस्य तं प्रति स्यान्न दोषभाक् ॥"**

41. **શંકા** — 'શ્રાવણત્વ' હેતુ અસાધારણ છે અર્થાત્ પક્ષ સિવાય બીજે ક્યાંય (સપક્ષમાં પણ) તે હોતો નથી, તો પછી સાધ્ય સાથે તેની વ્યાપ્તિ કેવી રીતે સિદ્ધ થશે ?

**હેમચન્દ્રાચાર્ય** — અનિત્યત્વથી વિપરીત જે નિત્યત્વ છે તેનું બાધક પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યમાન છે. તે બાધક પ્રમાણના બળે જ વ્યાપ્તિ સિદ્ધ થઈ જાય છે. [કહેવાનો આશય એ છે કે શબ્દ ઉચ્ચારણ પહેલાં શ્રાવ્ય ન હતો, ઉચ્ચારણ કરાતાં જ શ્રાવ્ય બની ગયો. નિત્ય વસ્તુમાં આ પ્રકારનું અવસ્થાન્તર સંભવતું નથી. આ બાધક પ્રમાણના બળે 'શ્રાવણત્વ' હેતુની 'અનિત્યત્વ' સાધ્ય સાથે વ્યાપ્તિ સિદ્ધ થાય છે.] 'બધી વસ્તુઓ ક્ષણિક છે કારણ કે તે બધી સત્ છે.' અહીં સત્ત્વ હેતુ સપક્ષમાં રહેતો નથી તેમ છતાં તેની વ્યાપ્તિ સાધ્ય ક્ષણિકત્વ સાથે બૌદ્ધો સ્વીકારે છે. કેવલ 'સત્ત્વ' જ એકમાત્ર એવો હેતુ છે જે અસાધારણ હોવા છતાં સાધ્યનો ગમક બને છે, એવું નથી. અન્યથા સત્ત્વના વિશેષો જેવા કે ઉત્પત્તિમત્ત્વ, કૃતકત્વ, પ્રયત્નાનન્તરીયકત્વ અને પ્રત્યયભેદભેદિત્વ વગેરે હેતુઓ અહેતુઓ બની જવાની આપત્તિ આવશે. વળી, અસાધારણ હેતુ તમે બૌદ્ધો કોને કહો છો? જો કેવળ પક્ષમાં જ રહેવું એ હેતુની અસાધારણતા હોય તો બધી વસ્તુઓની ક્ષણિકતા સિદ્ધ કરવા માટે તમે બૌદ્ધોએ આપેલો 'સત્ત્વ' હેતુ સમાન યુક્તિથી અસાધારણ છે. જો તમે સાધ્ય ધર્મવાળા પક્ષને જ સપક્ષ માની હેતુનું સપક્ષસત્ત્વ લક્ષણ ઘટાવતા હો તો અહીં પણ તેવું માનવામાં તમને બૌદ્ધોને દ્વેષ કેમ છે? અને જો તમે બૌદ્ધો આગ્રહ રાખતા હો કે સપક્ષ તો પક્ષથી ભિન્ન જ હોવો જોઈએ તો 'વજ્ર લોહલેખ્ય છે, કારણ કે તે પાર્થિવ છે, કાષ્ઠની જેમ' આ અનુમાનમાં પાર્થિવત્વ હેતુ વજ્રમાં લોહલેખ્યતાનો ગમક બનવો જોઈએ [કેમ કે અહીં પક્ષથી ભિન્ન સપક્ષમાં તેનું સત્ત્વ છે]. જો તમે કહો કે પાર્થિવત્વ હેતુનો લોહલેખ્યતા સાધ્ય સાથે અવિનાભાવ નથી, એ કારણે પાર્થિવત્વ હેતુ લોહલેખ્યતાનો ગમક બનતો નથી, તો પછી તમારે બૌદ્ધોએ સાધ્યાવિનાભાવને જ હેતુનું લક્ષણ માનવું જોઈએ, [સપક્ષસત્ત્વને હેતુનું લક્ષણ ન માનવું જોઈએ.]

**બૌદ્ધ** — [જો સાધ્યાવિનાભાવને જ હેતુનું લક્ષણ માનવામાં આવે અને પક્ષસત્ત્વ ન હોવા છતાં હેતુને ગમક માનવામાં આવે] તો પક્ષધર્મતા વિના પણ હેતુ ગમક બની જશે.

**હેમચન્દ્રાચાર્ય** — જો હેતુમાં સાધ્યાવિનાભાવ હોય તો ભલે પક્ષધર્મતા વિના હેતુ ગમક બનતો. પક્ષધર્મતા ન હોવા છતાં કૃત્તિકોદય હેતુ શકટોદય સાધ્યનો ગમક બને છે અને સંવાદક ઉપદેશરૂપહેતુ સર્વજ્ઞના સદ્ભાવરૂપ સાધ્યનો ગમક બને છે, [કારણ કે આ બન્ને હેતુઓમાં પક્ષધર્મતા નથી પરંતુ સાધ્યાવિનાભાવ તો છે જ.] 'મહેલ ધવલ છે કારણ કે કાગડો કાળો છે' અહીં 'કાગડાનું કાળાપણું' હેતુ પક્ષમાં (મહેલમાં) ન રહેતો હોવાના કારણે સાધ્ય(ધવલતા)નો અગમક નથી પરંતુ તેનો સાધ્ય સાથે અવિનાભાવ ન હોવાના કારણે તે સાધ્યનો અગમક છે; સાધ્ય (ધવલતા) વિના પણ તેનું હોવું ઘટતું હોઈ તે અનૈકાન્તિક છે એટલે તે સાધ્યનો ગમક નથી. તેવી જ રીતે 'શબ્દ અનિત્ય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ કે ઘટ ચાક્ષુષ છે' આ અનુમાનમાં પણ હેતુ પક્ષધર્મતાહીન છે માટે અગમક નથી પરંતુ તેનામાં સાધ્યાવિનાભાવ નથી માટે અગમક છે. ઘટની ચાક્ષુષતા શબ્દની અનિત્યતા વિના પણ હોઈ શકે છે. [તાત્પર્ય એ છે કે હેતુ ભલે સપક્ષમાં કે પક્ષમાં ન રહેતો હોય પરંતુ જો તેનો સાધ્ય સાથે અવિનાભાવ નિશ્ચિત હોય તો તે સાધ્યનો ગમક બને છે જ.] તેથી અમે શબ્દની અનિત્યતા સિદ્ધ કરવા આપેલો 'શ્રાવણત્વ' હેતુ અસાધારણ અર્થાત્ સપક્ષમાં ન રહેતો હોવા છતાં સાધ્ય અનિત્યત્વનો ગમક છે કારણ કે તેનો સાધ્ય (અનિત્યત્વ) સાથે અવિનાભાવ નિશ્ચિત છે, તે સાધ્ય અનિત્યતાનો વ્યભિચારી નથી, સાધ્ય અનિત્યતા સાથેના નિયત સાહચર્યનો તે ભંગ કરતો નથી.

**શંકા** — શબ્દની અનિત્યતા સિદ્ધ કરવા માટે કૃતકત્વ હેતુ તમે આપ્યો છે પરંતુ તેમ કરતાં પર્યાયની જેમ દ્રવ્ય પણ અનિત્ય બની જવાની આપત્તિ આવશે.

**હેમચન્દ્રાચાર્ય** — ના, આ આપત્તિ નહિ આવે, કારણ કે પર્યાયોની જ અનિત્યતા સાધ્ય છે. સ્પષ્ટપણે શબ્દોમાં ન કહેવા છતાં પણ જે ઇચ્છિત હોય છે તે જ સાધ્ય હોય છે એ વાત આપ કેમ ભૂલી જાવ છો ?

**શંકા** — કૃતકત્વ અને અનિત્યત્વ વચ્ચે તાદાત્મ્યસંબંધ છે અને (કૃતકત્વ સાધન છે અને અનિત્યત્વ સાધ્ય છે). પરિણામે સાધનની જેમ સાધ્ય પણ સિદ્ધ બની જશે અને સાધ્યની જેમ સાધન પણ અસિદ્ધ બની જશે.

**હેમચન્દ્રાચાર્ય** — તમારી વાત સાચી છે. પરંતુ ભ્રમણો દૂર કરવા માટે આવો અનુમાનપ્રયોગ કરવામાં આવે છે. કહ્યું પણ છે, "જે વ્યક્તિ વ્યામોહના કારણે સાદિ વસ્તુને સાન્ત માનતી નથી તેના માટે (તેનો વ્યામોહ દૂર કરવા માટે) એક જ ધર્મને આપણે સાધ્ય અને સાધન બનાવીએ તો તેમાં દોષ નથી."

42. **'कारणं'** यथा बाष्पभावेन मशकवर्तिरूपतया वा सन्दिह्यमाने धूमेऽग्निः, विशिष्टमेघोन्नतिर्वा वृष्टौ । कथमयमाबालगोपालाविपालाङ्गना-दिप्रसिद्धोऽपि नोपलब्धः सूक्ष्मदर्शिनापि न्यायवादिना ? । कारण-विशेषदर्शनाद्धि सर्वः कार्यार्थी प्रवर्तते । स तु विशेषो ज्ञातव्यो योऽव्यभिचारी । कारणत्वनिश्चयादेव प्रवृत्तिरिति चेत्; अस्त्वसौ लिङ्गविशेषनिश्चयः प्रत्यक्षकृतः, फले तु भाविनि नानुमानादन्यन्निबन्धन-मुत्पश्यामः । क्वचिद् व्यभिचारात् सर्वस्य हेतोरहेतुत्वे कार्यस्यापि तथा प्रसङ्गः । बाष्पादेरकार्यत्वान्नेति चेत्; अत्रापि यत् यतो न भवति न तत्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्य कारणमित्यदोषः । यथैव हि किञ्चित् कारणमुद्दिश्य किञ्चित्कार्यम्, तथैव किञ्चित् कार्यमुद्दिश्य किञ्चित् कारणम् । यद्वदेवाजनकं प्रति न कार्यत्वम्, तद्वदेवाजन्यं प्रति न कारणत्वमिति नानयोः कश्चिद्विशेषः । अपि च रसादेकसामग्र्यनुमानेन रूपानुमानमिच्छता न्यायवादिनेष्टमेव कारणस्य हेतुत्वम् । यदाह–

**"एकसमाग्र्यधीनस्य रूपादे रसतो गतिः ।**
**हेतुधर्मानुमानेन धूमेन्धनविकारवत् ॥"** [प्रमाणवा. १. १०] **इति ।**

42. (૨) **કારણહેતુ** — ધૂમમાં બાષ્પ કે મચ્છરોના સમૂહનો સંદેહ થાય ત્યારે ધૂમનું નિશ્ચયાત્મક જ્ઞાન કરવા માટે અગ્નિ હેતુ છે, અથવા વૃષ્ટિનું નિશ્ચયાત્મક જ્ઞાન કરવા માટે વિશિષ્ટ વાદળોનું ચડી આવવું તે હેતુ છે. વિશિષ્ટ વાદળોને ચડી આવેલાં જોઈને વરસાદનું અનુમાન તો બાળકો, ગોવાળિયા, ઘેટાંબકરાં ચરાવનારા અને સ્ત્રીઓ પણ કરે છે એ તો સૌને જાણીતી વાત છે, તો પછી સૂક્ષ્મદર્શી બૌદ્ધ તર્કશાસ્ત્રી ધર્મકીર્તિ તેને હેતુ તરીકે કેમ સ્વીકારતા નથી ? કારણવિશેષને દેખીને કાર્યેચ્છુકો પ્રવૃત્તિ કરે છે. હા, વિશેષ તેને સમજવો જોઈએ જેના હોતાં કાર્ય અવશ્ય થાય.

**શંકા** — કારણતાના નિશ્ચયથી જ પ્રવૃત્તિ થાય છે.

**સમાધાન** — કારણવિશેષનો નિશ્ચય પ્રત્યક્ષ દ્વારા ભલે થઈ જાય પરંતુ ભવિષ્યમાં થનારા ફળનો (કાર્યનો) નિશ્ચય તો અનુમાન સિવાય બીજા કશાથી થઈ શકે નહિ. ક્યાંક ક્યાંક કારણ હોવા છતાં પણ કાર્ય ઉત્પન્ન થતું નથી, એવો વ્યભિચાર દેખી તેને આધારે જો બધાં કારણોને અહેતુ માનવામાં આવે તો કાર્ય પણ અહેતુ બની જશે અર્થાત્ કાર્યહેતુનો પણ અસ્વીકાર કરવો પડશે. જો કહેવામાં આવે કે કાર્યનો કારણ સાથે વ્યભિચાર કદી હોતો નથી — કાર્યનો કારણ સાથે અવિનાભાવ હોય છે જ — અને ધૂમ તરીકે સમજવામાં આવેલા બાષ્પ આદિ જે વ્યભિચારી જણાય છે તે હકીકતમાં કાર્યો જ નથી, તો આ જ તર્ક કારણહેતુની બાબતમાં પણ સ્વીકારવો જોઈએ. જે કારણથી જે કાર્ય ઉત્પન્ન ન થાય તે કારણ વાસ્તવમાં તે કાર્યનું નથી જ. એટલે અહીં કારણહેતુની બાબતમાં પણ કોઈ દોષ નથી. જેમ અમુક કારણને અનુલક્ષી અમુક કાર્ય છે તેમ અમુક કાર્યને અનુલક્ષી અમુક કારણ છે. જેમાં અજનકની અપેક્ષાએ કાર્યત્વ નથી માનવામાં આવતું તેમ અજન્યની અપેક્ષાએ કારણત્વ પણ નથી માનવમાં આવતું, [તાત્પર્ય એ છે કે જે વસ્તુ નિયમતઃ જે કારણથી ઉત્પન્ન થાય છે તે વસ્તુ જ તેનું કાર્ય કહેવાય છે. જો તે કારણના હોવા છતાં પણ તે વસ્તુ ઉત્પન્ન થતી ન હોય તો તે વસ્તુ તેનું કાર્ય ન કહેવાય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવી જ રીતે કારણ તે જ છે જે કાર્યને અવશ્ય ઉત્પન્ન કરે. જો કારણના હોવા છતાં પણ કાર્યની ઉત્પત્તિ ન થાય તો તેને કારણ ન કહેવાય.] આ દૃષ્ટિએ કાર્યહેતુ અને કારણહેતુમાં કોઈ અન્તર નથી — બન્ને હેતુઓ અવ્યભિચારી છે. વળી, વર્તમાન રસ દ્વારા એકકારણસામગ્રીનું અનુમાન કરી પછી તે અનુમાન દ્વારા વર્તમાન રૂપનું અનુમાન સ્વીકારનાર બૌદ્ધ તાર્કિકે કારણહેતુનો સ્વીકાર કરવો જ જોઈએ. [અર્થાત્, બૌદ્ધ વર્તમાનકાલીન રસ દ્વારા તેની ઉત્પાદક સામગ્રીનું અનુમાન કરે છે. તે સામગ્રી પૂર્વક્ષણવર્તી રસ અને રૂપાદિથી ઘટિત છે, કારણ કે પૂર્વવર્તી રસ વર્તમાનકાલીન રસનું ઉપાદાનકારણ છે અને પૂર્વવર્તી રૂપાદિ વર્તમાનકાલીન રસનાં સહકારિકારણો છે. વર્તમાનકાલીન રસ દ્વારા પૂર્વવર્તી રસ, રૂપ આદિનું અનુમાન કરવું એ કાર્ય ઉપરથી કારણનું અનુમાન છે. ત્યારબાદ પેલાં પૂર્વવર્તી રૂપ આદિથી વર્તમાનકાલીન રૂપનું અનુમાન કરવામાં આવે છે. આ થયું કારણ દ્વારા કાર્યનું અનુમાન. આમ બૌદ્ધો પણ કારણ ઉપરથી કાર્યનું અનુમાન કરે છે. એટલે તેમણે કારણહેતુનો સ્વીકાર કરવો જોઈએ.] કહ્યું પણ છે, "જેમ ધૂમના કારણમાં ધૂમસહચર ઈંધનવિકારના જનકત્વરૂપ જે ધર્મ છે તેના અનુમાન દ્વારા ધૂમથી ધૂમસહચર ઈંધનવિકારનું અનુમાન થાય છે તેમ રસના કારણમાં રસસહચર રૂપાદિના જનકત્વરૂપ જે ધર્મ છે તેના અનુમાન દ્વારા રસથી રસસહચર રૂપાદિનું અનુમાન થાય છે." [પ્રમાણવાર્તિક, ૧.૧૦] [સંક્ષેપમાં, બૌદ્ધ મતે પણ જ્યારે વર્તમાન રસ ઉપરથી વર્તમાન રૂપનું અનુમાન કરવામાં આવે છે ત્યારે ખરેખર નીચે મુજબ પ્રક્રિયા થાય છે — સૌપ્રથમ વર્તમાન રસ અને રૂપની જે એક જ કારણસામગ્રી છે તેનું અનુમાન વર્તમાન રસ ઉપરથી થાય છે. આ થયું કાર્ય ઉપરથી કારણનું અનુમાન. ત્યાર પછી અનુમિત એકકારણસામગ્રી ઉપરથી વર્તમાનરૂપનું અનુમાન થાય છે. આ થયું કારણ ઉપરથી કાર્યનું અનુમાન.]

43. न च वयमपि यस्य कस्यचित् कारणस्य हेतुत्वं ब्रूमः । अपि तु यस्य न मन्त्रादिना शक्तिप्रतिबन्धो न वा कारणान्तरवैकल्यम् । तत् कुतो विज्ञायत इति चेत्; अस्ति तावद्द्विगुणादितरस्य विशेषः । तत्परिज्ञानं तु प्रायः पांशुरपादानामप्यस्ति । यदाहुः —

**"गम्भीरगर्जितारम्भनिर्भिन्नगिरिगह्वराः ।**
**त्वङ्गत्तडिल्लतासङ्गपिशङ्गोत्तुङ्गविग्रहाः ॥"** [न्यायम. पृ. १२९]
**"रोलम्बगवलव्यालतमालमलिनत्विषः ।**
**वृष्टिं व्यभिचरन्तीह नैवंप्रायाः पयोमुचः ॥"** [न्यायम. पृ. १२९] **इति ।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

43. અમે પણ ગમે તે કારણને હેતુ કહેતા નથી પરંતુ જે કારણની શક્તિ મન્ત્રાદિથી રુંધાઈ ન હોય અને જે કારણ બીજાં સહકારિકારણોથી વિકલ ન હોય તે કારણને જ હેતુ માનીએ છીએ.

**શંકા** — પરંતુ આપણે કેવી રીતે જાણી શકીએ કે કારણની શક્તિ મન્ત્રાદિથી રુદ્ધ નથી કે તે સહકારિકારણોથી વિકલ નથી ?

**સમાધાન** — વિકલ કારણથી સકલ કારણમાં વિશેષતા હોય છે અને આ વિશેષતાને તો રસ્તે ચાલતો સામાન્ય માણસ પણ જાણતો હોય છે. કહ્યું પણ છે, "જે વાદળો પોતાના ગંભીર ગડગડાટથી પર્વતની ગુફાઓને ભેદે છે, જેમની અંદર વીજળી ચમકે છે અને તેને કારણે જેમની અંદર પીળાશ આવી જાય છે, જેઓ ઉત્તુંગ હોય છે, જેમનો રંગ ભ્રમર, ભેંસ, કાળો નાગ અને તમાલ જેવો કાળો હોય છે તે વાદળો હોય અને વરસાદ ન પડે એવું બને જ નહિ." [ન્યાયમંજરી, પૃ. ૧૨૯]

44. 'कार्यम्' यथा वृष्टौ विशिष्टनदीपूरः, कृशानौ धूमः, चैतन्ये प्राणादिः । पूरस्य वैशिष्ट्यं कथं विज्ञायत इति चेत्; उक्तमत्र नैयायिकैः। यदाहुः —

"आवर्तवर्तनाशालिविशालकलुषोदकः ।
कल्लोलविकटास्फालस्फुटफेनच्छटाङ्कितः ॥
वहद्बहलशेवालफलशाद्वलसङ्कुलः ।
नदीपूरविशेषोऽपि शक्यते न न वेदितुम् ॥" [न्यायम. पृ. १३०]

इति धूमप्राणादीनामपि कार्यत्वनिश्चयो न दुष्करः । यदाहुः—

"कार्यं धूमो हुतभुजः कार्यधर्मानुवृत्तितः ।
स भवंस्तदभावेऽपि हेतुमत्तां विलङ्घयेत् ॥" [प्रमाणवा. १.३५]

44. (૩) **કાર્યહેતુ** — ઉદાહરણાર્થ, વર્ષાના અનુમાનમાં વિશિષ્ટ નદીપૂર, અગ્નિના અનુમાનમાં ધૂમ, ચૈતન્યના અનુમાનમાં પ્રાણાદિ હેતુ કાર્યહેતુ છે.

**શંકા** — પૂરની વિશેષતા કેવી રીતે જાણી શકાય.

**ઉત્તર** — નૈયાયિકોએ આનો ઉત્તર આપ્યો છે. તેમણે કહ્યું છે, "જો નદીના જળમાં વમળો થતાં હોય, તેનું જળ વિશાળ જથામાં હોય, મલીન હોય, મોજાંઓ જોરથી અફળાવાથી પેદા થયેલ ફીણની સ્પષ્ટ દેખાતી છટાવાળું હોય, ધસમસતા પ્રવાહમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વહી આવેલ શેવાળ, ફળ, ઘાસપાંદડાં, આદિથી વ્યાપ્ત હોય તો તે નદીપૂર વિશિષ્ટ (વિશેષતાવાળું) જાણવું. નદીપૂરની આવી વિશેષતા ન જણાય એવું તો નથી જ" [ન્યાયમંજરી, પૃ. ૧૩૦]. ધૂમ અગ્નિનું કાર્ય છે અને પ્રાણાદિ ચૈતન્યનું કાર્ય છે એનો નિશ્ચય કરવો કઠિન નથી. કહ્યું પણ છે, "ધૂમ અગ્નિનું કાર્ય છે કારણ કે તેમાં કાર્યનો ધર્મ રહેલો છે — ધૂમ કારણ (અગ્નિ) હોતાં હોય છે અને કારણના (અગ્નિના) અભાવમાં ધૂમ હોતો નથી જ. જો ધૂમ અગ્નિના અભાવમાં પણ હોય તો ધૂમ પોતાના અગ્નિકાર્યત્વનું ઉલ્લંઘન કરે અર્થાત્ અગ્નિનું કાર્ય જ ન રહે." [પ્રમાણવાર્તિક, ૧.૩૫].

45. कारणाभावेऽपि कार्यस्य भावे अहेतुत्वमन्यहेतुत्वं वा भवेत् । अहेतुत्वे सदा सत्त्वमसत्त्वं वा भवेत् । अन्यहेतुत्वे दृष्टादन्यतोऽपि भवतो न दृष्टजन्यता अन्याभावेऽपि दृष्टाद्भवतो नान्यहेतुकत्वमित्यहेतुकतैव स्यात् । तत्र चोक्तम्— "**यस्त्वन्यतोऽपि भवन्नुपलब्धो न तस्य धूमत्वं हेतुभेदात् । कारणं च वह्निर्धूमस्य इत्युक्तम् ।**"

अपि च—

"**अग्निस्वभावः शक्रस्य मूर्द्धा यद्यग्निरेव सः ।**
**अथानग्निस्वभावोऽसौ धूमस्तत्र कथं भवेत् ॥**" [प्रमाणवा. १.३७]

**इति ।**

45. કારણના અભાવમાં પણ કાર્ય થતું હોય તો તે કાર્ય કાં તો નિર્હેતુક હોય કાં તો અન્યહેતુક હોય. જો તે નિર્હેતુક હોય તો તેનું અસ્તિત્વ સદા હોય યા તો તેનું નાસ્તિત્વ સદા હોય. જો તે અન્યહેતુક હોય તો તે દૃષ્ટ કારણથી ભિન્ન અન્ય કારણથી જન્ય હોય યા તો અન્ય કારણના અભાવમાં દૃષ્ટ કારણથી જન્ય હોય. દૃષ્ટ કારણથી ભિન્ન અન્ય કારણથી જન્ય હોય તો તે દૃષ્ટ કારણથી જન્ય નહિ બને અને અન્ય કારણના અભાવમાં દૃષ્ટ કારણથી તે જન્ય હોય તો અન્ય કારણથી તે જન્ય નહિ બને, પરિણામે તે નિર્હેતુક બની જવાની આપત્તિ આવે જ. કહ્યું પણ છે, "જેની ઉત્પત્તિ અન્ય (અગ્નિથી અન્ય) કારણથી પણ થતી દેખાતી હોય તે વસ્તુતઃ ધૂમ જ નથી કારણ કે તેનું કારણ [અગ્નિ નથી પણ] બીજું છે. ધૂમનું કારણ તો અગ્નિ છે." [અર્થાત્ એ નિશ્ચિત છે કે ધૂમની ઉત્પત્તિ અગ્નિથી જ થાય છે, આવી સ્થિતિમાં જે અગ્નિ સિવાય બીજા કોઈ કારણથી ઉત્પન્ન થતું હોય તેને ધૂમ સમજવો ન જોઈએ.] અને કહ્યું પણ છે, "રાફડો જો અગ્નિસ્વભાવ છે તો તે અગ્નિ જ છે. જો તે અગ્નિસ્વભાવ નથી અર્થાત્ અગ્નિ નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો ત્યાં ધૂમ કેવી રીતે હોઈ શકે ?" [પ્રમાણવાર્તિક, ૧.૩૭]

46. तथा चेतनां विनानुपपद्यमानः कार्यं प्राणादिरनुमापयति तां श्रावणत्वमिवानित्यताम्, विपर्यये बाधकवशात्सत्त्वस्येवास्यापि व्याप्तिसिद्धेरित्युक्तप्रायम् । तत्र प्राणादिरसाधारणोऽपि चेतनां व्यभिचरति ।

46. તેવી જ રીતે ચેતના વિના જેનું અસ્તિત્વ ઘટતું નથી તે પ્રાણાદિ કાર્ય ચેતનાનું અનુમાપક છે, જેમ શ્રાવણત્વ હેતુ શબ્દની અનિત્યતાનો અનુમાપક છે. અને એ તો અમે પહેલાં જ જણાવી ગયા છીએ કે વિપર્યયમાં બાધક પ્રમાણ હોવાથી સત્ત્વ હેતુની જેમ જ પ્રાણાદિ હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ સિદ્ધ થાય છે. તેથી પ્રાણાદિ હેતુ અસાધારણ અર્થાત્ સપક્ષસત્ત્વહીન હોવા છતાં પણ ચેતના સાથે વ્યભિચરિત નથી અર્થાત્ તેનો ચેતના સાથે અવિનાભાવ સંબંધ નિશ્ચિત છે.

47. किंच, नान्वयो हेतो रूपं तदभावे हेत्वाभासाभावात् । विपक्ष एव सन् विरुद्धः, विपक्षेऽपि—अनैकान्तिकः, सर्वज्ञत्वे साध्ये वक्तृत्व-स्यापि व्यतिरेकाभाव एव हेत्वाभासत्वे निमित्तम्, नान्वयसन्देह इति न्यायवादिनापि व्यतिरेकाभावादेव हेत्वाभासावुक्तौ । असाधारणोऽपि यदि साध्याभावेऽसन्निति निश्चीयेत तदा प्रकारान्तराभावात्साध्यमुपस्था-पयन्नानैकान्तिकः स्यात् । अपि च यद्यन्वयो रूपं स्यात् तदा यथा विपक्षैकदेशवृत्तेः कथञ्चिदव्यतिरेकादगमकत्वम्, एवं सपक्षैकदेशवृत्तेरपि स्यात् कथञ्चिदनन्वयात् । यदाह—

"रूपं यद्यन्वयो हेतोर्व्यतिरेकवदिष्यते ।
स सपक्षोभयो न स्यादसपक्षोभयो यथा ॥"

सपक्ष एव सत्त्वमन्वयो न सपक्षे सत्त्वमेवेति चेत्; अस्तु, स तु व्यतिरेक एवेत्यस्मन्मतमेवाङ्गीकृतं स्यात् । वयमपि हि प्रत्यपीपदाम अन्यथानुपपत्त्येकलक्षणो हेतुरिति ।

47. વળી, અન્વય એ હેતુનું રૂપ યા લક્ષણ નથી, કારણ કે અન્વયના અભાવમાં પણ હેતુ હેત્વાભાસ નથી હોતો. જે હેતુ વિપક્ષમાં જ રહે છે તે વિરુદ્ધ હેત્વાભાસ છે, અને જે હેતુ વિપક્ષમાં પણ (સપક્ષ ઉપરાંત) રહે છે તે અનૈકાન્તિક છે. સર્વજ્ઞત્વ સાધ્ય હોય ત્યારે વક્તૃત્વ હેતુ હેત્વાભાસ છે — તેનું કારણ વ્યતિરેકનો અભાવ છે અને નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે અન્વયનો સંદેહ. બૌદ્ધ તાર્કિક પણ આ બે હેતુઓના (વિરુદ્ધ અને અનૈકાન્તિકના) હેત્વાભાસપણાનું કારણ વ્યતિરેકાભાવને જ ગણાવ્યું છે. જો અસાધારણ હેતુની બાબતમાં એવો નિશ્ચય થાય કે તે સાધ્યનો અભાવ હોય ત્યાં હોતો નથી જ તો તે, બીજો કોઈ વિકલ્પ સંભવતો ન હોઈ, સાધ્યનો સાધક બનશે અને તે અનૈકાન્તિક હેત્વાભાસ નહિ બને. [આમ હેતુનું એક જ રૂપ છે કે સાધ્યનો અભાવ હોય ત્યાં હોવું નહિ જ.] બીજી વાત એ કે જો અન્વય હેતુનું રૂપ (લક્ષણ) હોય તો જેમ વિપક્ષના એકદેશમાં રહેનારો હેતુ અગમક હોય છે તેમ સપક્ષના એક દેશમાં રહેનારો હેતુ પણ અગમક બની જાય કારણ કે તેનામાં પણ કોઈક ભાગમાં અન્વય હોતો નથી. કહ્યું પણ છે, "જો વ્યતિરેકની (વિપક્ષાસત્ત્વની) જેમ અન્વયને (સપક્ષસત્ત્વને) પણ હેતુના રૂપ (લક્ષણ) તરીકે સ્વીકારવામાં આવે તો જે હેતુ સપક્ષના એક ભાગમાં રહે છે (અર્થાત્ કેટલાક સપક્ષોમાં રહે છે) અને બીજા ભાગમાં (અર્થાત્ બાકીના કેટલાક સપક્ષોમાં) નથી રહેતો તે સદ્ધેતુ નહિ રહે — જેમ વિપક્ષના એક ભાગમાં (કેટલાક વિપક્ષોમાં) રહેનારો અને બાકીના ભાગમાં (બીજા કેટલાક વિપક્ષોમાં) ન રહેનારો હેતુ સદ્ધેતુ નથી (હેત્વાભાસ છે) તેમ."

**શંકા** — 'સપક્ષમાં જ રહેવું' એ અન્વય છે અને નહિ કે 'સપક્ષમા રહેવું જ'. [અર્થાત્ હેતુ સપક્ષમાં રહે કે ન રહે તો પણ અન્વય ઘટે છે. હેતુ રહે તો સપક્ષમાં જ રહે વિપક્ષમાં તો કદાપિ નહિ જ. હેતુ વિપક્ષમાં રહે નહિ જ.]

**સમાધાન** — જો તમારો બૌદ્ધોનો અભિપ્રાય આ હોય તો તે વ્યતિરેક જ કહેવાય, [અન્વય નહિ]. તમે અમારો પક્ષ સ્વીકાર્યો ગણાય, કારણ કે અમે પણ એ જ પ્રતિપાદન કરીએ છીએ કે એકમાત્ર અન્યથાનુપપત્તિ (સાધ્યાવિનાભાવ) જ હેતુનું લક્ષણ છે.

48. तथा, एकस्मिन्नर्थे दृष्टेऽदृष्टे वा समवाय्याश्रितं साधनं साध्येन। तच्चैकार्थसमवायित्वम् एकफलादिगतयो रूपरसयोः, शकटोदय-कृत्तिकोदययोः, चन्द्रोदय-समुद्रवृद्ध्योः, वृष्टि-साण्डपिपीलिकाक्षोभयोः, नागवल्लीदाह-पत्रकोथयोः । तत्र 'एकार्थसमवायी' रसो रूपस्य, रूपं वा रसस्य; नहि समानकालभाविनोः कार्यकारणभावः सम्भवति ।

48. (૪) **એકાર્થસમવાયી હેતુ** — દૃષ્ટ યા અદૃષ્ટ એક જ અર્થમાં (વસ્તુમાં) સમવાયસંબંધથી જે સાધન (હેતુ) સાધ્યની સાથે રહેતો હોય તે એકાર્થસમવાયી હેતુ છે. આ એકાર્થસમવાયિત્વ એક જ ફલગત રૂપ અને રસ વચ્ચે, શકટોદય અને કૃત્તિકોદય વચ્ચે, ચન્દ્રોદય અને સમુદ્રભરતી વચ્ચે, વૃષ્ટિ અને ઇંડા લઈ જતી કીડીઓના ક્ષોભ વચ્ચે તથા નાગવલ્લીદાહ અને પત્રકોથ વચ્ચે છે. અહીં રસ રૂપનો એકાર્થસમવાયી છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને રૂપ રસનું એકાર્થસમવાયી છે, કારણ કે સમકાલભાવી વસ્તુઓ વચ્ચે કાર્યકારણભાવ સંભવતો નથી.

**49. ननु समानकालकार्यजनकं कारणमनुमास्यते इति चेत्; न तर्हि कार्यमनुमितं स्यात् । कारणानुमाने सामर्थ्यात् कार्यमनुमितमेव, जन्याभावे जनकत्वाभावादिति चेत्; हन्तैवं कारणं कार्यस्यानुमापकमित्यनिष्टमापद्येत। शकटोदयकृत्तिकोदयादीनां तु यथाऽविनाभावं साध्यसाधनभावः । यदाह—**

**"एकार्थसमवायस्तु यथा येषां तथैव ते ।**
**गमका गमकस्तत्र शकटः कृत्तिकोदितेः ॥"**

**एवमन्येष्वपि साधनेषु वाच्यम् । ननु कृतकत्वानित्यत्वयोरेकार्थसमवायः कस्मान्नेष्यते ?; न, तयोरेकत्वात् । यदाह—**

**"आद्यन्तापेक्षिणी सत्ता कृतकत्वमनित्यता ।**
**एकैव हेतुः साध्यं च द्वयं नैकाश्रयं ततः ॥" इति ।**

49. **બૌદ્ધ** — [રસ ઉપરથી રૂપના કે રૂપ ઉપરથી રસના ઉપરના અનુમાનમાં એકાર્થસમવાયી હેતુ નથી.] અહીં બે સમાનકાલભાવી કાર્યોના (રૂપ અને રસના) જનક એક કારણનું અનુમાન કરવામાં આવે છે.

**હેમચન્દ્રાચાર્ય** — એમ માનતાં તો કાર્યનું (રૂપ કે રસનું) અનુમાન નહિ થાય.

**બૌદ્ધ** — કારણનું અનુમાન થતાં સામર્થ્યને કારણે કાર્યનું અનુમાન પણ થઈ જાય છે, કારણ કે કાર્યનો અભાવ હોય તો તેના કારણનો અભાવ હોય છે.

**હેમચન્દ્રાચાર્ય** — અરે ! એમ માનતાં તો કારણહેતુ કાર્યનું અનુમાપક છે એ હકીકત જે આપ સ્વીકારતા નથી તે સ્વીકારવાની આપત્તિ તમારા બૌદ્ધોના ઉપર આવી પડશે.

શકટોદય અને કૃત્તિકોદય આદિની વચ્ચે સાધ્યસાધનભાવ જે મુજબનો તેમની વચ્ચે અવિનાભાવ હશે તે મુજબનો બનશે. કહ્યું પણ છે, "વસ્તુઓમાં જે મુજબનો એકાર્થસમવાય હોય તે મુજબ જ તે વસ્તુઓ ગમક બને છે. તેથી શકટોદય કૃત્તિકોદયનો ગમક નથી બનતો. [પરંતુ કૃત્તિકોદય જ શકટોદયનો ગમક બને છે.]" આ પ્રમાણે અન્ય એકાર્થસમવાયી હેતુઓની બાબતમાં પણ સમજી લેવું જોઈએ.

**શંકા** — કૃતકત્વ અને અનિત્યત્વ વચ્ચે એકાર્થસમવાયસંબંધ કેમ સ્વીકારતા નથી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમચન્દ્રાચાર્ય** — તે બે એક જ છે, તેથી તેમની વચ્ચે એકાર્થસમવાયસંબંધ નથી. કહ્યું પણ છે, "આદિ અને અંતની અપેક્ષા રાખનારી સત્તા જ કૃતકત્વ છે અને તે જ અનિત્યત્વ પણ છે. તે જ હેતુ છે અને તે જ સાધ્ય છે. તેથી કૃતકત્વ અને અનિત્યત્વ એ કોઈ બે વસ્તુઓ નથી જે એક આશ્રયમાં રહેતી હોય."

50. स्वभावादीनां चतुर्णां साधनानां विधिसाधनता, निषेधसाधनत्वं तु विरोधिनः । स हि स्वसन्निधानेनेतरस्य प्रतिषेधं साधयति अन्यथा विरोधासिद्धेः ।

50. આ સ્વભાવ વગેરે ચાર હેતુઓ વિધિના સાધક છે, પરંતુ એકલો વિરોધી હેતુ નિષેધનો સાધક છે. વિરોધી હેતુ પોતાની વિદ્યમાનતા (સન્નિધિ) દ્વારા અન્યનો પ્રતિષેધ સિદ્ધ કરે છે, અન્યથા વિરોધ જ સિદ્ધ નહિ થાય.

**51. 'च' शब्दो यत एते स्वभावकारणकार्यव्यापका अन्यथानुपपन्नाः स्वसाध्यमुपस्थापयन्ति तत एव तदभावे स्वयं न भवन्ति, तेषामनुपलब्धिरप्यभावसाधनीत्याह । तत्र स्वभावानुपलब्धिर्यथा नात्र घटः, द्रष्टुं योग्यस्यानुपलब्धेः । कारणानुपलब्धिर्यथा नात्र धूमोऽग्न्यभावात् । कार्यानुपलब्धिर्यथा नात्राप्रतिबद्धसामर्थ्यानि धूमकारणानि सन्ति धूमाभावात् । व्यापकानुपलब्धिर्यथा नात्र शिंशपा वृक्षाभावात् ।**

51. સૂત્રગત 'च' ('અને') શબ્દ આ અર્થ આપે છે — આ સ્વભાવ, કારણ, કાર્ય અને વ્યાપક હેતુઓ અન્યથાનુપપન્ન હોવાના કારણે પોતાના સાધ્યના ગમક (જ્ઞાપક) બને છે, તેથી જ તેઓ પોતે પોતાના સાધ્યના અભાવમાં હોતા નથી, એટલે તેમના સાધ્યની અનુપલબ્ધિ પણ તેમના પોતાના અભાવને સિદ્ધ કરે છે. (૧) **સ્વભાવાનુપલબ્ધિ** — તેનું ઉદાહરણ છે — 'અહીં ઘટ નથી કારણ કે તે પ્રત્યક્ષ દેખાવાને યોગ્ય હોવા છતાં (અર્થાત્ તેને પ્રત્યક્ષ દેખાવા માટે જરૂરી પ્રકાશ આદિ બધાં મોજૂદ હોવાં છતાં) ઉપલબ્ધ થતો નથી (અર્થાત્ દેખાતો નથી).' (૨) **કારણાનુપલબ્ધિ** — તેનું ઉદાહરણ છે — 'અહીં ધૂમ નથી કારણ કે અહીં અગ્નિ ઉપલબ્ધ નથી.' (૩) **કાર્યાનુપલબ્ધિ** — તેનું ઉદાહરણ છે — 'જેમનું કાર્યોત્પન્ન કરવાનું સામર્થ્ય રુંધાયું નથી એવાં ધૂમનાં કારણો અહીં નથી કારણ કે ધૂમ અહીં ઉપલબ્ધ નથી.' (૪) **વ્યાપકાનુપલબ્ધિ** — તેનું ઉદાહરણ છે — 'અહીં શિંશપા નથી કારણ કે અહીં વૃક્ષ ઉપલબ્ધ નથી.'

52. विरोधि तु प्रतिषेध्यस्य तत्कार्यकारणव्यापकानां च विरुद्धं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विरुद्धकार्यं च । यथा न शीतस्पर्शः, नाप्रतिबद्धसामर्थ्यानि शीतकारणानि, न रोमहर्षविशेषाः, न तुषारस्पर्शः, अग्नेर्धूमाद्वेति प्रयोगनानात्वमिति ॥१२॥

52. વિરોધી હેતુ પ્રતિષેધ્યથી (નિષેધરૂપ સાધ્યથી) વિરુદ્ધ હોય છે યા પ્રતિષેધ્યનાં કાર્ય, કારણ અને વ્યાપકથી વિરુદ્ધ હોય છે યા વિરુદ્ધનું કાર્ય હોય છે. ક્રમથી ઉદાહરણો નીચે પ્રમાણે છે — (૧) અહીં શીતસ્પર્શ નથી કારણ કે અહીં અગ્નિ છે. (૨) અહીં શીતનાં અરુદ્ધ સામર્થ્યવાળાં કારણો નથી કારણ કે અહીં અગ્નિ છે. (૩) અહીં રોમહર્ષવિશેષો નથી કારણ કે અહીં અગ્નિ છે. (૪) અહીં તુષારસ્પર્શ નથી કારણ કે અહીં અગ્નિ છે. (૫-૮) ઉપર આપેલાં ઉદાહરણોમાં 'અગ્નિ'ના બદલે બધે 'ધૂમ' શબ્દ મૂકતાં તે બધાં વિરુદ્ધકાર્ય હેતુનાં ઉદાહરણો બને છે. [દાખલા તરીકે – 'અહીં શીતસ્પર્શ નથી કારણ કે અહીં ધૂમ છે.' આ અનુમાનમાં શીતસ્પર્શથી વિરુદ્ધ અગ્નિ છે અને ધૂમ અગ્નિનું કાર્ય છે. આમ ધૂમ પ્રતિષેધ્ય શીતસ્પર્શથી વિરુદ્ધ અગ્નિનું કાર્ય છે.] આ પ્રમાણે વિવિધ પ્રકારના હેતુપ્રયોગો થાય છે. (૧૨)

53. साधनं लक्षयित्वा विभज्य च साध्यस्य लक्षणमाह—

**सिषाधयिषितमसिद्धमबाध्यं साध्यं पक्षः ॥१३॥**

53. સાધનનું લક્ષણ આપીને તેના ભેદો જણાવ્યા પછી હવે આચાર્ય સાધ્યનું લક્ષણ આપે છે —

**જેને સિદ્ધ કરવાની ઇચ્છા હોય, જે (પહેલાં) અસિદ્ધ હોય અને જે (પ્રમાણથી) બાધિત થાય એવું ન હોય તે સાધ્ય છે. તે પક્ષ પણ કહેવાય છે. (૧૩)**

54. साधयितुमिष्टं 'सिषाधयिषितम्' । अनेन साधयितुमनिष्टस्य साध्यत्वव्यवच्छेदः, यथा वैशेषिकस्य नित्यः शब्द इति शास्त्रोक्तत्वाद्वैशेषिकेणाभ्युपगतस्याप्याकाशगुणत्वादेर्न साध्यत्वम्, तदा साधयितुमनिष्टत्वात्। इष्टः पुनरनुक्तोऽपि पक्षो भवति, यथा परार्थाश्चक्षुरादयः सङ्घातत्वाच्छयनाशनाद्यङ्गवदित्यत्र परार्था इत्यात्मार्थाः । बुद्धिमत्कारणपूर्वकं क्षित्यादि कार्यत्वादित्यत्राऽशरीरसर्वज्ञपूर्वकत्वमिति ।

54. જેને સિદ્ધ કરવાની ઇચ્છા હોય તે 'સિષાધયિષિત' છે. આ વિશેષણ દ્વારા જેને સિદ્ધ કરવાની ઇચ્છા ન હોય તે સાધ્ય નથી. ઉદાહરણ તરીકે વૈશેષિક માટે 'શબ્દ

जैना साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિત્ય છે' કારણ કે તે શાસ્ત્રોક્ત છે; વૈશેષિકોએ શબ્દને આકાશના ગુણ તરીકે સ્વીકારેલ છે તેથી શબ્દનું આકાશના ગુણ હોવાપણું વગેરે પણ વૈશેષિક માટે સાધ્ય નથી કારણ કે વૈશેષિક તેને સિદ્ધ કરવા ઇચ્છતો નથી. [વૈશેષિકને માટે તે સિદ્ધ છે, સ્વીકૃત છે, સિષાધયિષિત નથી.] વળી, જેને સિદ્ધ કરવાની ઇચ્છા હોય પણ જેને શબ્દમાં વ્યક્ત **કરવામાં ન આવ્યો** હોય તે પણ સાધ્ય યા પક્ષ છે. આનું ઉદાહરણ છે — 'ચક્ષુ વગેરે **પરાર્થ છે કારણ કે તે સંઘાતરૂપ છે, જેમ** કે શયન, અશન આદિ અંગોના (અવયવોના) **સંઘાતરૂપ વસ્તુઓ પરાર્થ છે.' અહીં** શબ્દોક્ત સાધ્ય 'પરાર્થ' છે પરંતુ શબ્દોમાં અનભિવ્યક્ત ખરું સાધ્ય તો **'આત્મા'** છે. આનું જ બીજું ઉદાહરણ છે— 'પૃથ્વી આદિ બુદ્ધિમત્કારણપૂર્વક છે કારણ કે તે કાર્ય છે'. અહીં શબ્દોક્ત સાધ્ય 'બુદ્ધિમત્કારણપૂર્વકત્વ' છે પરંતુ શબ્દોમાં અનભિવ્યક્ત ખરું સાધ્ય તો 'અશરીરસર્વજ્ઞપૂર્વકત્વ' છે.

55. 'असिद्धम्' इत्यनेनानध्यवसाय-संशय-विपर्ययविषयस्य वस्तुनः साध्यत्वम्, न सिद्धस्य **यथा** श्रावणः शब्द इति । **"नानुपलब्धे न निर्णीते न्यायः प्रवर्तते"** [न्यायभा. ५.१.१.] इति हि सर्वपार्षदम् ।

55. 'અસિદ્ધ' આ વિશેષણ દ્વારા એ કહેવામાં આવ્યું છે કે જે વસ્તુઓની બાબતમાં અનધ્યવસાય, સંશય યા વિપર્યય હોય તે વસ્તુઓ જ સાધ્ય બની શકે. જે વસ્તુ સિદ્ધ હોય તે સાધ્ય બની શકે નહિ. ઉદાહરણાર્થ, 'શબ્દ શ્રાવણ છે,' અહીં શબ્દનું શ્રાવણત્વ નિર્વિવાદ સિદ્ધ છે, તેથી તે સાધ્ય ન બની શકે. એ વાત તો સર્વસમ્મત છે કે 'જે વસ્તુ સર્વથા અનુપલબ્ધ (અજ્ઞાત) હોય કે સર્વથા નિર્ણીત હોય તે વસ્તુમાં અનુમાન (ન્યાય) પ્રવૃત્ત થતું નથી.' [ન્યાયભાષ્ય, ૧.૧.૧.]

56. 'अबाध्यम्' इत्यनेन प्रत्यक्षादिबाधितस्य साध्यत्वं मा भूदित्याह । एतत् साध्यस्य लक्षणम् । 'पक्षः' इति साध्यस्यैव नामान्तरमेतत् ॥१३॥

56. 'અબાધ્ય' વિશેષણ દ્વારા કહેવામાં આવ્યું છે કે જે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધિત હોય તે સાધ્ય ન બની શકે. આ સાધ્યલક્ષણ અંગેનું નિરૂપણ સમાપ્ત થયું. 'પક્ષ' એ સાધ્યનું જ બીજું નામ છે. (૧૩)

57. अबाध्यग्रहणव्यवच्छेद्यां बाधां दर्शयति—

**प्रत्यक्षानुमानागमलोकस्ववचनप्रतीतयो बाधाः ॥१४॥**

57. 'અબાધ્ય' પદને સૂત્રમાં મૂકી બાધાનો વ્યવચ્છેદ (વ્યાવૃત્તિ) કરવામાં આવ્યો છે. આ બાધા શું છે તે આચાર્ય દર્શાવે છે—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રત્યક્ષબાધા, અનુમાનબાધા, આગમબાધા, લોકબાધા, સ્વવચનબાધા અને પ્રતીતિબાધા — આ બધી બાધાઓ છે. (૧૪)**

58. प्रत्यक्षादीनि तद्विरुद्धार्थोपस्थापनेन बाधकत्वात् 'बाधाः' । तत्र प्रत्यक्षबाधा यथा अनुष्णोऽग्निः, न मधु मधुरम्, न सुगन्धि विदलन्मालतीमुकुलम्, अचाक्षुषो घटः, अश्रावणः शब्दः, नास्ति बहिरर्थ इत्यादि । अनुमानबाधा यथा सरोम हस्ततलम्, नित्यः शब्द इति वा। अत्रानुपलम्भेन कृतकत्वेन चानुमानबाधा । आगमबाधा यथा प्रेत्याऽसुखप्रदो धर्म इति । परलोके सुखप्रदत्वं धर्मस्य सर्वागमसिद्धम् । लोकबाधा यथा शुचि नरशिरःकपालमिति । लोके हि नरशिरःकपालादीनामशुचित्वं सुप्रसिद्धम् । स्ववचनबाधा यथा माता मे बन्ध्येति । प्रतीतिबाधा यथा अचन्द्रः शशीति । अत्र शशिनश्चन्द्रशब्दवाच्यत्वं प्रतीतिसिद्धमिति प्रतीतिबाधा ॥१४॥

58. પ્રત્યક્ષ વગેરે સાધ્યથી વિરુદ્ધ અર્થને રજૂ કરીને બાધક બનવાના કારણે બાધાઓ છે. [અર્થાત્ જ્યારે પ્રત્યક્ષ સાધ્યથી વિપરીત અર્થનું સાધક હોય છે ત્યારે તે પ્રત્યક્ષબાધા છે. તેવી જ રીતે અનુમાનબાધા, વગેરે બાધાઓ સમજવી.] પ્રત્યક્ષબાધાનાં ઉદાહરણો — અગ્નિ ઉષ્ણ નથી, મધુ મધુર નથી, ખીલતું માલતીમુકુલ સુગંધી નથી, ઘટ ચાક્ષુષ પ્રત્યક્ષનો વિષય નથી, શબ્દ શ્રાવણ નથી, [જ્ઞાનથી અતિરિક્ત] બાહ્ય વિષય નથી, વગેરે. અનુમાનબાધાનાં ઉદાહરણો — હથેળી સરોમ છે, શબ્દ નિત્ય છે. અહીં 'સરોમ' સાધ્ય અનુપલંભ હેતુથી બાધિત છે અને 'નિત્યત્વ' સાધ્ય 'કૃતકત્વ' હેતુથી બાધિત છે. આગમબાધાનું ઉદાહરણ — ધર્મ પરલોકમાં સુખ આપતો નથી. પરલોકમાં ધર્મનું સુખ આપવાપણું સર્વ આગમોથી સિદ્ધ છે. [તેથી સાધ્ય આગમથી બાધિત છે.] લોકબાધાનું ઉદાહરણ — મનુષ્યના માથાની ખોપરી પવિત્ર છે. જગતમાં મનુષ્યના માથાની ખોપરીની અપવિત્રતા સુપ્રસિદ્ધ છે. [તેથી અહીં સાધ્ય લોકબાધિત છે.] સ્વવચનબાધાનું ઉદાહરણ — 'મારી માતા વાંઝણી છે.' [અહીં વિધાનનો પૂર્વ ભાગ 'મારી માતા' પોતે જ 'વાંઝણી' સાધ્યનો બાધક છે.] પ્રતીતિબાધાનું ઉદાહરણ — 'ચન્દ્ર શશી નથી', અર્થાત્ શશી 'ચન્દ્ર' શબ્દવાચ્ય નથી. પરંતુ શશીનું 'ચન્દ્ર'શબ્દવાચ્યત્વ પ્રતીતિસિદ્ધ છે. તેથી 'શશી નથી' એ સાધ્ય પ્રતીતિબાધિત છે. (૧૪)

59. अत्र साध्यं धर्मः, धर्मधर्मिसमुदायो वेति संशयव्यवच्छेदायाह–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**साध्यं साध्यधर्मविशिष्टो धर्मी, क्वचित्तु धर्मः ॥१५॥**

59. અહીં સંશય ઊભો થાય છે કે ધર્મ (અગ્નિમત્ત્વ) સાધ્ય હોય છે કે ધર્મ અને ધર્મી બેનો સમુદાય (અગ્નિમત્ત્વ ધર્મવાળો ધર્મી પર્વત) સાધ્ય હોય છે ? આ સંશયનું નિરાકરણ કરવા માટે આચાર્ય કહે છે—

**સાધ્ય ધર્મથી વિશિષ્ટ ધર્મી સાધ્ય હોય છે, પરંતુ ક્યારેક ધર્મ પણ સાધ્ય હોય છે. (૧૫)**

60. 'साध्यम्' साध्यशब्दवाच्यं पक्षशब्दाभिधेयमित्यर्थः । किमित्याह–'साध्यधर्मेण' अनित्यत्वादिना 'विशिष्टो धर्मी' शब्दादिः । एतत् प्रयोगकालापेक्षं साध्यशब्दवाच्यत्वम् । 'क्वचित्तु' व्याप्तिग्रहणकाले 'धर्मः' साध्यशब्देनोच्यते, अन्यथा व्याप्तेरघटनात् । नहि धूमदर्शनात् सर्वत्र पर्वतोऽग्निमानिति व्याप्तिः शक्या कर्तुं प्रमाणविरोधादिति ॥१५॥

60. સાધ્ય એટલે 'સાધ્ય'શબ્દવાચ્ય અને 'પક્ષ'શબ્દાભિધેય. સાધ્ય શું છે? ઉત્તરમાં કહે છે — સાધ્ય ધર્મથી અર્થાત્ અનિત્યત્વાદિથી વિશિષ્ટ ધર્મી અર્થાત્ શબ્દાદિ. અનુમાનના પ્રયોગના કાળને અનુલક્ષીને 'સાધ્ય' શબ્દનો આ અર્થ છે. [જ્યારે અનુમાનનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે જ સાધ્યધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય હોય છે.] ક્યારેક અર્થાત્ જ્યારે વ્યાપ્તિને ગ્રહણ કરવામાં આવે છે ત્યારે ધર્મ જ 'સાધ્ય' શબ્દનો અર્થ છે, અન્યથા વ્યાપ્તિ ઘટશે નહિ. જ્યાં જ્યાં ધૂમદર્શન થાય ત્યાં બધે જ અગ્નિમાન પર્વત હોય છે એવી વ્યાપ્તિ કરવી શક્ય નથી, કારણ કે એવી વ્યાપ્તિ પ્રમાણથી બાધિત છે. (૧૫)

61. धर्मिस्वरूपनिरूपणायाह–

**धर्मी प्रमाणसिद्धः ॥१६॥**

61. ધર્મીના સ્વરૂપનું નિરૂપણ કરવા આચાર્ય કહે છે —

**ધર્મી પ્રમાણથી સિદ્ધ હોય છે. (૧૬)**

62. 'प्रमाणैः' प्रत्यक्षादिभिः प्रसिद्धो 'धर्मी' भवति यथाग्निमानयं देश इति । अत्र हि देशः प्रत्यक्षेण सिद्धः । एतेन–"**सर्व एवानुमानानुमेयव्यवहारो बुद्ध्यारूढेन धर्मधर्मिन्यायेन, न बहिः सदसत्त्वमपेक्षते**" इति सौगतं मतं प्रतिक्षिपति । न हीयं विकल्पबुद्धिरन्तर्बहि–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

र्वाऽनासादितालम्बना धर्मिणं व्यवस्थापयति, तदवास्तवत्वे तदाधारसाध्यसाधनयोरपि वास्तवत्वानुपपत्तेः तद्बुद्धेः पारम्पर्येणापि वस्तुव्यवस्थापकत्वायोगात् । ततो विकल्पेनान्येन वा व्यवस्थापितः पर्वतादिर्विषयभावं भजन्नेव धर्मितां प्रतिपद्यते । तथा च सति प्रमाणसिद्धस्य धर्मिता युक्तैव ॥१६॥

62. ધર્મી પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી સિદ્ધ હોય છે. ઉદાહરણાર્થ, 'આ સ્થાન અગ્નિમાન છે' અહીં સ્થાન પ્રત્યક્ષથી સિદ્ધ છે. ધર્મી પ્રમાણસિદ્ધ હોય છે એમ કહીને બૌદ્ધોના મતનું ખંડન કર્યું છે. બૌદ્ધ મત આ છે— "સઘળો અનુમાન-અનુમેય વ્યવહાર બુદ્ધિકલ્પિત (અવાસ્તવિક) ધર્મ-ધર્મીભાવના ઉપર આધાર રાખે છે, બાહ્ય વાસ્તવિક સત્ત્વ કે અસત્ત્વની અપેક્ષા રાખતો નથી." વાસ્તવિક બાહ્ય કે આન્તર વિષયને ગ્રહણ ન કરનારી આ વિકલ્પબુદ્ધિ ધર્મીની સ્થાપના ન કરી શકે, જો સાધ્ય અને સાધન જેમાં રહે છે તે ધર્મી પોતે જ અવાસ્તવિક હોય તો સાધ્ય અને સાધનની વાસ્તવિકતા ઘટશે નહિ. આવી સ્થિતિમાં વિકલ્પબુદ્ધિ પરંપરાથી પણ વસ્તુની વ્યવસ્થાપક બનવા માટે અયોગ્ય છે. તેથી વિકલ્પક કે નિર્વિકલ્પક જ્ઞાનથી સ્થાપિત (નિર્ણીત) પર્વત આદિ તે જ્ઞાનનો વિષય બનીને જ ધર્મી બને છે. આમ હોતાં, પ્રમાણસિદ્ધ અર્થને ધર્મી ગણવો યોગ્ય છે. (૧૬)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

63. अपवादमाह–

**बुद्धिसिद्धोऽपि ॥१७॥**

63. આચાર્ય અપવાદ જણાવે છે —

**ધર્મી વિકલ્પબુદ્ધિસિદ્ધ પણ હોય છે. (૧૭)**

64. नैकान्तेन प्रमाणसिद्ध एव धर्मी किंतु विकल्पबुद्धिप्रसिद्धोऽपि धर्मी भवति । 'अपि' शब्देन प्रमाण–बुद्धिभ्यामुभाभ्यामपि सिद्धो धर्मी भवतीति दर्शयति । तत्र बुद्धिसिद्धे धर्मिणि साध्यधर्मः सत्त्वमसत्त्वं च प्रमाणबलेन साध्यते यथा अस्ति सर्वज्ञः, नास्ति षष्ठं भूतमिति ।

64. ધર્મી પ્રમાણસિદ્ધ જ નથી હોતો પરંતુ વિકલ્પબુદ્ધિ સિદ્ધ પણ હોય છે. સૂત્રગત 'अपि' ('પણ') શબ્દ દ્વારા દર્શાવવામાં આવ્યું છે કે કોઈ કોઈ ધર્મી પ્રમાણ અને વિકલ્પબુદ્ધિ બન્નેથી સિદ્ધ હોય છે. આ ત્રણ પ્રકારના ધર્મીઓમાંથી વિકલ્પબુદ્ધિસિદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મીની બાબતમાં કેવળ સત્તા કે અસત્તા ધર્મ જ પ્રમાણબળે સાધ્ય છે, [તે સિવાય બીજો કોઈ વિશેષ ધર્મ સાધ્ય નથી] જેમ કે 'સર્વજ્ઞ છે' 'છઠ્ઠું ભૂત નથી'. [તાત્પર્ય એ છે કે વિકલ્પબુદ્ધિસિદ્ધ ધર્મી સત્તા કે અસત્તા ધર્મને સિદ્ધ કરવા માની લેવામાં આવે છે, કારણ કે કોઈ અર્થની સત્તા કે અસત્તા તે અર્થને પક્ષ બનાવ્યા વિના તો સિદ્ધ થઈ શકે નહિ. 'સર્વજ્ઞ છે' એ સિદ્ધ કરવા માટે પણ કે 'સર્વજ્ઞ નથી' એ સિદ્ધ કરવા માટે પણ સર્વજ્ઞને પક્ષ બનાવ્યા વિના કામ ચાલી શકે નહિ, તેથી વિકલ્પબુદ્ધિસિદ્ધ ધર્મી તો આવશ્યક છે પરંતુ તેમાં કેવળ સત્તા યા અસત્તા ધર્મ જ પ્રમાણથી સિદ્ધ કરવામાં આવે છે.]

65. ननु धर्मिणि साक्षादसति भावाभावोभयधर्माणामसिद्धविरुद्धानैकान्तिकत्वेनानुमानविषयत्वायोगात् कथं सत्त्वासत्त्वयोः साध्यत्वम् ? तदाह–

**"नासिद्धे भावधर्मोऽस्ति व्यभिचार्युभयाश्रयः ।**
**विरुद्धो धर्मोऽभावस्य सा सत्ता साध्यते कथम् ? ॥"**

[प्रमाणवा. १.१९२-३] इति ।

65. શંકા — જો ધર્મીની સાક્ષાત્ સત્તા ન હોય તો તેમાં હેતુનો ભાવધર્મ અર્થાત્ ભાવ, અભાવધર્મ અર્થાત્ અભાવ અને ભાવાભાવ ઉભય ધર્મ અર્થાત્ ભાવાભાવ ક્રમશઃ હેતુને અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક હેત્વાભાસ બનાવી દેશે અને તે ધર્મી અનુમાનનો વિષય જ નહીં રહે તો પછી તેનું સત્ત્વ કે અસત્ત્વ સાધ્ય જ કેવી રીતે ઘટશે ? કહ્યું પણ છે, "અસિદ્ધ ધર્મીમાં જો હેતુનો ભાવધર્મ હોય (અર્થાત્ હેતુનો ભાવ હોય) તો હેતુ અસિદ્ધ બની જાય, જો હેતુનો અભાવધર્મ હોય (અર્થાત્ હેતુનો અભાવ હોય) તો હેતુ વિરુદ્ધ બની જશે અને જો હેતુના ભાવ-અભાવ ઉભય હોય તો હેતુ અનૈકાન્તિક બની જશે. તો પછી તે સત્તા સિદ્ધ કેવી રીતે થશે ?" [પ્રમાણવાર્તિક, ૧.૧૯૨-૧૯૩].

66. नैवम्, मानसप्रत्यक्षे भावरूपस्यैव धर्मिणः प्रतिपन्नत्वात् । न च तत्सिद्धौ तत्सत्त्वस्यापि प्रतिपन्नत्वाद् व्यर्थमनुमानम्, तदभ्युपेतमपि वैयात्याद्यो न प्रतिपद्यते तं प्रत्यनुमानस्य साफल्यात् । न च मानसज्ञानात् खरविषाणादेरपि सद्भावसम्भावनातोऽतिप्रसङ्गः, तज्ज्ञानस्य बाधकप्रत्ययविप्लावितसत्ताकवस्तुविषयतया मानसप्रत्यक्षाभासत्वात् । कथं तर्हि षष्ठभूतादेर्धर्मित्वमिति चेत्; धर्मिप्रयोगकाले बाधकप्रत्ययानुदयात्सत्त्वसम्भावनोपपत्तेः । न च सर्वज्ञादौ साधकप्रमाणासत्त्वेन सत्त्वसंशीतिः,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुनिश्चिताऽसम्भवद्बाधकप्रमाणत्वेन सुखादाविव सत्त्वनिश्चयात्तत्र संशयायोगात् ।

66. **સમાધાન** — ના એવું નથી, કારણ કે માનસ પ્રત્યક્ષમાં ભાવરૂપ ધર્મી ગૃહીત થાય છે એવું પ્રતિપાદન થયું છે, સ્વીકારાયું છે. ભાવરૂપ ધર્મી સિદ્ધ થતાં ધર્મીનું સત્ત્વ ગૃહીત થઈ જવાથી અનુમાનપ્રયોગ વ્યર્થ થઈ જશે એમ ન માનવું કારણ કે પોતે સ્વીકારેલ સત્ત્વને પણ જીદ યા હઠના કારણે કોઈ ન માનતો હોય તો તેને માટે અનુમાનનો પ્રયોગ કરવો વ્યર્થ નથી, સફળ છે.

**શંકા** — માનસ પ્રત્યક્ષ દ્વારા ખરવિષાણ આદિના અસ્તિત્વની પણ સંભાવના હોતાં અતિપ્રસંગદોષની આપત્તિ આવશે.

**સમાધાન** — આ દોષ નહિ આવે કારણ કે ખરવિષાણનું માનસ પ્રત્યક્ષ એવી વસ્તુને વિષય કરે છે જેની સત્તા બાધક પ્રમાણથી ખંડિત છે, તેથી તે માનસ પ્રત્યક્ષ નથી પણ માનસ પ્રત્યક્ષાભાસ છે.

**શંકા** — [જો એવું છે તો છઠ્ઠા ભૂતનું માનસ પ્રત્યક્ષ પણ માનસ પ્રત્યક્ષાભાસ ગણાય.] તો પછી છઠ્ઠું ભૂત આદિ ધર્મી કેવી રીતે બની શકે?

**સમાધાન** — ધર્મીના પ્રયોગ વખતે બાધક જ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી ધર્મીમાં સત્ત્વની સંભાવના ઘટે છે. સાધક પ્રમાણ ન હોવાથી સર્વજ્ઞ આદિના સત્ત્વનો (અસ્તિત્વનો) સંદેહ થાય છે એમ કહેવું યોગ્ય નથી કારણ કે જેમ સુખ-દુઃખ વગેરેના સત્ત્વમાં બાધક પ્રમાણનો અભાવ સુનિશ્ચિત હોવાથી તેમનું સત્ત્વ છે જ, તેમાં સંશય થતો નથી, તેમ સર્વજ્ઞ વગેરેની બાબતમાં પણ તેમના સત્ત્વમાં બાધક પ્રમાણનો અભાવ સુનિશ્ચિત હોવાથી તેમનું સત્ત્વ છે જ, તેમાં સંદેહ શક્ય નથી.

67. उभयसिद्धो धर्मी यथा अनित्यः शब्द इति । नहि प्रत्यक्षेणार्वाग्दर्शिभिरनियतदिग्देशकालावच्छिन्नाः सर्वे शब्दाः शक्या निश्चेतुमिति शब्दस्य प्रमाणबुद्ध्युभयसिद्धता तेनानित्यत्वादिर्धर्मः प्रसाध्यत इति ॥१७॥

67. 'શબ્દ અનિત્ય છે' આ ઉભયસિદ્ધ ધર્મીનું ઉદાહરણ છે. સામાન્ય જનો સર્વ દેશ અને સર્વ કાળના બધા શબ્દોને પ્રત્યક્ષ દ્વારા નિશ્ચિતરૂપે જાણી શકતા નથી, [તેઓ તો કેવળ વર્તમાન અને ઇન્દ્રિયસમ્બદ્ધ શબ્દોને જ પ્રત્યક્ષ વડે નિશ્ચિતરૂપે જાણે]. એટલે તેમની બાબતમાં ધર્મી શબ્દ વિકલ્પબુદ્ધિસિદ્ધ પણ છે અને પ્રમાણસિદ્ધ પણ છે અર્થાત્ ઉભયસિદ્ધ છે. તેથી ઉભયસિદ્ધ ધર્મી શબ્દમાં અનિત્યત્વ ધર્મ સિદ્ધ કરવામાં આવે છે.(૧૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

68. ननु दृष्टान्तोऽप्यनुमानाङ्गतया प्रतीतः । तत् कथं साध्यसाधने एवानुमानाङ्गमुक्ते न दृष्टान्तः ?, इत्याह–

**न दृष्टान्तोऽनुमानाङ्गम् ॥१८॥**

68. શંકા — દૃષ્ટાન્ત પણ અનુમાનના અંગ તરીકે પ્રતીત થાય છે, [પરંપરાથી પ્રસિદ્ધ છે.] તો પછી આપે સાધ્ય અને સાધન બેને જ અનુમાનનાં અંગ કેમ કહ્યાં છે અને દૃષ્ટાન્તને અનુમાનનું અંગ કેમ નથી કહ્યું ? આના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**દૃષ્ટાન્ત અનુમાનનું અંગ નથી. (૧૮)**

69. 'दृष्टान्तः' वक्ष्यमाणलक्षणो नानुमानस्य 'अङ्गम्' कारणम् ॥१८॥

69. દૃષ્ટાન્તનું લક્ષણ હવે પછી આપવામાં આવશે. તે અનુમાનનું અંગ અર્થાત્ કારણ નથી. (૧૮)

70. कुत इत्याह–

**साधनमात्रात् तत्सिद्धेः ॥१९॥**

70. કેમ ? તેના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**તેનું કારણ એ છે કે એકલા સાધનથી જ અનુમાનની સિદ્ધિ થઈ જાય છે. (૧૯)**

71. दृष्टान्तरहितात्साध्यान्यथानुपपत्तिलक्षणात् 'साधनात्' अनुमानस्य साध्यप्रतिपत्तिलक्षणस्य भावान्न दृष्टान्तोऽनुमानाङ्गमिति ।

71. તેનું કારણ એ છે કે જે સાધન દૃષ્ટાન્ત રહિત છે પરંતુ સાધ્ય સાથે અન્યથાનુપપત્તિનો (અવિનાભાવનો) સંબંધ ધરાવે છે તેનાથી જ અનુમાનની (સાધ્યના જ્ઞાનની) સિદ્ધિ થઈ જાય છે, એટલે દૃષ્ટાન્ત અનુમાનનું અંગ નથી.

72. स हि साध्यप्रतिपत्तौ वा, अविनाभावग्रहणे वा, व्याप्तिस्मरणे वोपयुज्येत ? । न तावत् प्रथमः पक्षः, यथोक्तादेव हेतोः साध्यप्रतिपत्तेरुपपत्तेः । नापि द्वितीयः, विपक्षे बाधकादेवाविनाभावग्रहणात् । किंच, व्यक्तिरूपो दृष्टान्तः । स कथं साकल्येन व्याप्तिं गमयेत् ? व्यक्त्यन्तरेषु व्याप्त्यर्थं दृष्टान्तान्तरं मृग्यम् । तस्यापि व्यक्तिरूपत्वेन साकल्येन व्याप्तेरवधारयितुमशक्यत्वादपरापरदृष्टान्तापेक्षायामनवस्था स्यात् । नापि तृतीयः, गृहीतसम्बन्धस्य साधनदर्शनादेव व्याप्तिस्मृतेः । अगृहीतसम्बन्धस्य दृष्टान्तेऽप्यस्मरणात् उपलब्धिपूर्वकत्वात् स्मरणस्येति ॥१९॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

72. [દૃષ્ટાન્તનો ઉપયોગ શું છે?] શું દૃષ્ટાન્ત સાધ્યનું જ્ઞાન કરવામાં ઉપયોગી છે કે અવિનાભાવનો નિશ્ચય કરવામાં ઉપયોગી છે કે પછી વ્યાપ્તિનું સ્મરણ કરવામાં ઉપયોગી છે? સાધ્યનું જ્ઞાન કરવામાં તો તેની જરૂરત નથી કારણ કે પૂર્વોક્ત લક્ષણવાળા સાધનથી જ સાધ્યનું જ્ઞાન થઈ જાય છે. બીજો વિકલ્પ પણ ઘટતો નથી કારણ કે વિપક્ષમાં બાધક પ્રમાણથી જ અવિનાભાવનો નિશ્ચય થઈ જાય છે. વળી, દૃષ્ટાન્ત તો વ્યક્તિરૂપ હોય છે, તે સંપૂર્ણપણે (અર્થાત્ સર્વ દેશની, સર્વકાલની સર્વ વ્યક્તિઓની) વ્યાપ્તિનું નિદર્શક કેવી રીતે બની શકે? [આ આશય છે — 'જયાં જયાં ધૂમ હોય છે ત્યાં અગ્નિ હોય છે, જેમકે રસોઈઘર.' અહીં રસોઈઘર દૃષ્ટાન્ત છે. તે વ્યક્તિરૂપ છે અર્થાત્ પોતે પોતાના સુધી જ સીમિત છે. તેમાં ધૂમ અને અગ્નિ છે એ બરાબર પરંતુ તેથી એ તો નિર્ણય ન થઈ શકે કે ત્રણ કાલ અને ત્રણ લોકમાં જયાં પણ ધૂમ હોય ત્યાં અગ્નિ હોય જ. જો વ્યક્તિરૂપ દૃષ્ટાન્તથી વ્યાપ્તિનું ગ્રહણ ન થઈ શકતું હોય તો] બીજી વ્યક્તિઓમાં વ્યાપ્તિનું ગ્રહણ કરવા માટે અન્ય દૃષ્ટાન્ત શોધવું પડશે અને અન્ય દૃષ્ટાન્ત પણ વ્યક્તિરૂપ જ હોવાનું એટલે તે પણ સંપૂર્ણપણે વ્યાપ્તિનું નિશ્ચાયક નહિ બની શકે, એટલે આમ અન્યાન્ય દૃષ્ટાન્તોની અપેક્ષા બની જ રહેશે અને પરિણામે અનવસ્થાદોષ અનિવાર્ય થઈ પડશે. દૃષ્ટાન્ત અવિનાભાવના સ્મરણમાં ઉપયોગી છે એ ત્રીજો વિકલ્પ પણ યોગ્ય નથી કારણ કે જેણે અવિનાભાવસંબંધને ગ્રહણ કરેલો છે તેને તો સાધનનું દર્શન થતાં જ વ્યાપ્તિનું સ્મરણ થઈ જાય છે. તેનાથી ઊલટું જેણે અવિનાભાવસંબંધનું ગ્રહણ કર્યું નથી તેને તો દૃષ્ટાન્તનો પ્રયોગ કરવા છતાં પણ અવિનાભાવનું (વ્યાપ્તિનું) સ્મરણ થઈ શકતું નથી કારણ કે સ્મરણ તેનું થાય છે જેનું પહેલાં ગ્રહણ થયું હોય. (૧૯)

73. दृष्टान्तस्य लक्षणमाह–

**स व्याप्तिदर्शनभूमिः ॥२०॥**

73. આચાર્ય દૃષ્ટાન્તનું લક્ષણ કહે છે—

**દૃષ્ટાન્ત વ્યાપ્તિને દેખાડવાનું સ્થાન છે. (૨૦)**

74. 'स' इति दृष्टान्तो लक्ष्यं 'व्याप्तिः' लक्षितरूपा 'दर्शनम्' परस्मै प्रतिपादनं तस्य 'भूमिः' आश्रय इति लक्षणम् ।

74. સૂત્રગત 'स' ('તે') સર્વનામ દૃષ્ટાન્ત માટે વપરાયું છે, દૃષ્ટાન્ત લક્ષ્ય છે. વ્યાપ્તિના સ્વરૂપનું લક્ષણ જણાવી દીધું છે. દર્શનનો અર્થ અહીં છે 'બીજાને દર્શાવવું, બીજા સમક્ષ પ્રતિપાદન કરવું તે'. તેનું સ્થાન અર્થાત્ આશ્રય. આમ દૃષ્ટાન્તનું લક્ષણ આ છે— દૃષ્ટાન્ત તે સ્થાન છે જયાં બીજાને વ્યાપ્તિ દેખાડાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

75. ननु यदि दृष्टान्तोऽनुमानाङ्गं न भवति तर्हि किमर्थं लक्ष्यते ?। उच्यते । परार्थानुमाने बोध्यानुरोधादापवादिकस्योदाहरणस्यानुज्ञास्यमानत्वात् । तस्य च दृष्टान्ताभिधानरूपत्वादुपपन्नं दृष्टान्तस्य लक्षणम् । प्रमातुरपि कस्यचित् दृष्टान्तदृष्टबहिर्व्याप्तिबलेनान्तर्व्याप्तिप्रतिपत्तिर्भवतीति स्वार्थानुमानपर्वण्यपि दृष्टान्तलक्षणं नानुपपन्नम् ॥२०॥

75. **શંકા** — જો દૃષ્ટાન્ત અનુમાનનું અંગ ન હોય તો પછી તેનું લક્ષણ શા માટે કહો છો ?

**ઉત્તર** — તેનું કારણ એ છે કે પરાર્થાનુમાનમાં શિષ્યના અનુરોધથી ઉદાહરણને અપવાદ તરીકે સ્વીકારવામાં આવેલ છે અને ઉદાહરણનું કથન જ દૃષ્ટાન્ત છે, તેથી દૃષ્ટાન્તનું લક્ષણ કહેવું ઉચિત છે. વળી, કોઈ કોઈ પ્રમાતાને દૃષ્ટાન્તમાં દેખેલી બહિર્વ્યાપ્તિની સહાયતાથી અન્તર્વ્યાપ્તિનો બોધ થાય છે, આ કારણે સ્વાર્થાનુમાનના પ્રસંગમાં પણ દૃષ્ટાન્તનું લક્ષણ કહેવું અનુચિત નથી. (૨૦)

76. तद्विभागमाह—

**स साधर्म्यवैधर्म्याभ्यां द्वेधा ॥२१॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

76. હવે આચાર્ય દૃષ્ટાન્તના ભેદો કહે છે—

**સાધર્મ્ય અને વૈધર્મ્ય દ્વારા તેના બે પ્રકાર થાય છે. (૨૧)**

77. स दृष्टान्तः 'साधर्म्येण' अन्वयेन 'वैधर्म्येण' च व्यतिरेकेण भवतीति द्विप्रकारः ॥२१॥

77. તે દૃષ્ટાન્ત સાધર્મ્ય અર્થાત્ અન્વય દ્વારા અને વૈધર્મ્ય અર્થાત્ વ્યતિરેક દ્વારા બે પ્રકારનું છે. [આમ દૃષ્ટાન્તના બે ભેદ છે — સાધર્મ્યદૃષ્ટાન્ત અને વૈધર્મ્યદૃષ્ટાન્ત.] (૨૧)

78. साधर्म्यदृष्टान्तं विभजते—

**साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तः ॥२२॥**

78. આચાર્ય સાધર્મ્યદૃષ્ટાન્તને સમજાવે છે—

**એવી વ્યક્તિ જે સાધનરૂપ ધર્મવાળી હોવાના કારણે સાધ્યરૂપ ધર્મવાળી છે જ [અર્થાત્ એવી વ્યક્તિ જ્યાં સાધનરૂપ ધર્મ હોવાના કારણે સાધ્યરૂપ ધર્મ પણ હોય જ] તે સાધર્મ્યદૃષ્ટાન્ત છે. (૨૨)**

79. साधनधर्मेण प्रयुक्तो न तु काकतालीयो यः साध्यधर्मस्तद्वान्

'साधर्म्यदृष्टान्तः' । यथा कृतकत्वेनानित्ये शब्दे साध्ये घटादिः ॥२२॥

79. 'સાધનરૂપ ધર્મ હોવાના કારણે' (साधनधर्मेण प्रयुक्तः)આ શબ્દોનું ખાસ પ્રયોજન છે. તેનાથી કહેવાયું છે કે ક્યાંક કાકતાલીયન્યાયે જ્યાં સાધનધર્મ હોય ત્યાં સાધ્યધર્મ મળી જાય તો તે સાધર્મ્યદૃષ્ટાન્ત ન કહેવાય. પરંતુ જ્યાં સાધનધર્મ હોવાના કારણે સાધ્યધર્મ હોય તે જ સાધર્મ્યદૃષ્ટાન્ત કહેવાય. આનું ઉદાહરણ છે— 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, જેમકે ઘટ.' અહીં ઘટ સાધર્મ્યદૃષ્ટાન્ત છે, કારણ કે ઘટમાં સાધનધર્મ (કૃતકત્વ) હોવાના કારણે સાધ્યધર્મ(અનિત્યત્વ) છે. (૨૨)

80. वैधर्म्यदृष्टान्तं व्याचष्टे–

**साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मनिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तः ॥२३॥**

80. આચાર્ય વૈધર્મ્યદૃષ્ટાન્તની વ્યાખ્યા કરે છે—

**એવી વ્યક્તિ જે સાધ્યરૂપ ધર્મના અભાવવાળી હોવાના કારણે સાધનરૂપ ધર્મના અભાવવાળી છે જ [અર્થાત્ એવી વ્યક્તિ જ્યાં સાધ્યરૂપ ધર્મ ન હોવાના કારણે સાધનરૂપ ધર્મ નથી જ] તે વૈધર્મ્યદૃષ્ટાન્ત છે. (૨૩)**

81. साध्यधर्मनिवृत्त्या प्रयुक्ता न यथाकथञ्चित् या साधनधर्मनिवृत्तिः तद्वान् 'वैधर्म्यदृष्टान्तः' यथा कृतकत्वेनानित्ये शब्दे साध्ये आकाशादिरिति ॥२३॥

81. સાધ્યરૂપ ધર્મ ન હોવાના કારણે — વિના કારણ જેમ તેમ નહિ — સાધનરૂપ ધર્મનો જે અભાવ, તે અભાવથી યુક્ત વ્યક્તિ વૈધર્મ્યદૃષ્ટાન્ત છે. તેનું ઉદાહરણ છે — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, જે અનિત્ય નથી હોતું તે કૃતક પણ નથી હોતું, જેમ કે આકાશ'. અહીં આકાશ વૈધર્મ્યદૃષ્ટાન્ત છે, કારણ કે આકાશમાં સાધ્યરૂપ ધર્મના (અનિત્યતાના) અભાવના કારણે સાધનરૂપ ધર્મનો(કૃતકતાનો) પણ અભાવ છે. (૨૩)

इत्याचार्यश्री हेमचन्द्रविरचितायाः प्रमाणमीमांसायास्तद्वृत्तेश्च प्रथमस्याध्यायस्य द्वितीयमाह्निकम् ॥

**આચાર્યશ્રી હેમચન્દ્રવિરચિત પ્રમાણમીમાંસા અને તેની વૃત્તિના પ્રથમ અધ્યાયનું દ્વિતીય આહ્નિક અહીં સમાપ્ત થયું.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ अथ द्वितीयाध्यायस्य प्रथममाह्निकम् ॥

## દ્વિતીય અધ્યાયનું પ્રથમ આહ્નિક

1. लक्षितं स्वार्थमनुमानमिदानीं क्रमप्राप्तं परार्थमनुमानं लक्षयति—

**यथोक्तसाधनाभिधानजः परार्थम् ॥१॥**

1. સ્વાર્થાનુમાનનું લક્ષણ જણાવ્યા પછી હવે આચાર્ય ક્રમપ્રાપ્ત પરાર્થાનુમાનનું લક્ષણ કહે છે—

**પૂર્વે જણાવ્યા મુજબના સાધનના કથનથી ઉત્પન્ન થનારો [સમ્યગર્થનિર્ણય] પરાર્થાનુમાન છે. (૧)**

2. 'यथोक्तम्' स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणं यत् 'साधनम्' तस्याभिधानम् । अभिधीयते परस्मै प्रतिपाद्यते अनेनेति 'अभिधानम्' वचनम्, तस्माज्जातः सम्यगर्थनिर्णयः 'परार्थम्' अनुमानं परोपदेशापेक्षं साध्यविज्ञानमित्यर्थः ॥१॥

2. 'યથોક્ત' ('પૂર્વે જણાવ્યા મુજબનું') એટલે પોતાના સાધ્ય સાથે નિશ્ચિત અવિનાભાવસંબંધરૂપ એક લક્ષણ ધરાવતું સાધન, આવા સાધનનું અભિધાન. જેના દ્વારા બીજાને કહેવામાં આવે, જણાવવામાં આવે તે વચન અભિધાન છે. તેવા સાધનના અભિધાનથી (કથનથી) બીજાને (પરને) જન્મેલો સમ્યગર્થનિર્ણય પરાર્થાનુમાન છે. અભિપ્રાય એ છે કે પરોપદેશથી (બીજાના કથનથી) ઉત્પન્ન થનારું સાધ્યનું જ્ઞાન પરાર્થાનુમાન છે. (૧)

3. ननु वचनं परार्थमनुमानमित्याहुस्तत्कथमित्याह—

**वचनमुपचारात् ॥२॥**

3. **શંકા** — આપે પરાર્થે કહેવામાં આવેલા વચનને પરાર્થાનુમાન કહ્યું છે, તો તે કેવી રીતે ? આના સમાધાનમાં આચાર્ય કહે છે—

JAINSITE.com जैनम् जयति शासनम्

**વચન એ તો ઉપચારથી પરાર્થાનુમાન છે. (૨)**

4. अचेतनं हि वचनं न साक्षात्प्रमितिफलहेतुरिति न निरुपचरितप्रमाणभावभाजनम्, मुख्यानुमानहेतुत्वेन तूपचरितानुमानाभिधानपात्रतां प्रतिपद्यते। उपचारश्चात्र कारणे कार्यस्य। यथोक्तसाधनाभिधानात् तद्विषया स्मृतिरुत्पद्यते, स्मृतेश्चानुमानम्, तस्मादनुमानस्य परम्परया यथोक्तसाधनाभिधानं कारणम्, तस्मिन् कारणे वचने कार्यस्यानुमानस्योपचारः समारोपः क्रियते। ततः समारोपात् कारणं वचनमनुमानशब्देनोच्यते। कार्ये वा प्रतिपादकानुमानजन्ये वचने कारणस्यानुमानस्योपचारः। वचनमौपचारिकमनुमानं न मुख्यमित्यर्थः।

4. વચન અચેતન (જડ) છે: તેથી તે પ્રમિતિરૂપ ફળનું સાક્ષાત્ કારણ નથી, પરિણામે તે મુખ્યપણે (નિરુપચરિત) પ્રમાણ બની શકે નહિ પરંતુ મુખ્ય અનુમાનનું તે વચન કારણ હોવાથી તેમાં ગૌણપણે 'અનુમાન'શબ્દવાચ્યતાની પાત્રતા આવે છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર (આરોપ) છે. પૂર્વે જણાવ્યા મુજબના સાધનના વચનથી તદ્વિષયક સ્મૃતિ (અર્થાત્ સાધ્યાવિનાભાવવાળા સાધનની સ્મૃતિ) જન્મે છે, તે સ્મૃતિથી અનુમાન જન્મે છે, તેથી પૂર્વે જણાવ્યા મુજબના સાધનનું વચન (અભિધાન) પરંપરાથી અનુમાનનું કારણ છે, તે કારણરૂપ વચનમાં કાર્યરૂપ અનુમાનનો ઉપચાર (સમારોપ) કરવામાં આવે છે. તે ઉપચાર(સમારોપ)ને લીધે કારણરૂપ વચન 'અનુમાન'શબ્દનું વાચ્ય બને છે. અથવા કાર્યમાં અર્થાત્ પ્રતિપાદક વ્યક્તિના સ્વાર્થાનુમાનથી ઉત્પન્ન થયેલા વચનમાં કારણરૂપ અનુમાનનો ઉપચાર (આરોપ) કરવામાં આવે છે. વચન ગૌણ અર્થમાં અનુમાન છે, મુખ્ય અર્થમાં નથી.

5. इह च मुख्यार्थबाधे प्रयोजने निमित्ते चोपचारः प्रवर्तते। तत्र मुख्योऽर्थः साक्षात्प्रमितिफलः सम्यगर्थनिर्णयः प्रमाणशब्दसमानाधिकरणस्य परार्थानुमानशब्दस्य, तस्य बाधा, वचनस्य निर्णयत्वानुपपत्तेः। प्रयोजनम् अनुमानावयवाः प्रतिज्ञादय इति शास्त्रे व्यवहार एव, निर्णयात्मन्यनंशे तद्व्यवहारानुपपत्तेः। निमित्तं तु निर्णयात्मकानुमानहेतुत्वं वचनस्येति ॥२॥

**तद् द्वेधा ॥३॥**

5. જ્યારે મુખ્યાર્થ બાધિત થતો હોય, કંઈક પ્રયોજન હોય અને કંઈક નિમિત્ત હોય ત્યારે ઉપચાર પ્રવૃત્ત થાય છે યા ઉપચાર કરવામાં આવે છે. 'પ્રમાણ' શબ્દ સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાનાધિકરણતા ધરાવતા 'પરાર્થાનુમાન' શબ્દનો મુખ્ય અર્થ આ છે — પ્રમિતિરૂપ ફલને સાક્ષાત્ ઉત્પન્ન કરનારો સમ્યગર્થનિર્ણય. આ મુખ્યાર્થમાં બાધા છે કારણ કે વચન જડરૂપ હોઈ તેનામાં નિર્ણયપણું (નિશ્ચયાત્મક જ્ઞાનપણું) ઘટતું નથી. પ્રયોજન આ છે — શાસ્ત્રમાં પ્રતિજ્ઞા વગેરેને અનુમાનના અવયવો કહ્યા છે. પરંતુ અનુમાન તો નિર્ણયરૂપ (નિર્ણયાત્મક જ્ઞાનરૂપ) છે અને નિર્ણયને અંશો (અવયવો) હોય નહિ. તેથી જો અનુમાનને વચનરૂપ ન માનીએ તો શાસ્ત્રકથન ઘટે નહિ. એટલે શાસ્ત્રકથન ઘટાવવાનું અહીં પ્રયોજન છે. નિમિત્ત આ છે — વચન નિર્ણયાત્મક અનુમાનનું કારણ છે, એ નિમિત્ત છે. [અહીં ઉપચારાર્થ (ગૌણાર્થ) મુખ્યાર્થનું કારણ છે, તેમની વચ્ચે કાર્યકારણભાવ છે, આ સંબંધ નિમિત્ત છે]. (૨)

**તે (પરાર્થાનુમાન) બે પ્રકારનું છે. (૩)**

6. 'तद्' वचनात्मकं परार्थानुमानं 'द्वेधा' द्विप्रकारम् ॥३॥

6. અહીં 'તે' સર્વનામ વચનાત્મક પરાર્થાનુમાન માટે વપરાયું છે. તેના બે ભેદ છે. (૩)

7. प्रकारभेदमाह—

**तथोपपत्त्यन्यथानुपपत्तिभेदात् ॥४॥**

7. આચાર્ય તે બે પ્રકારો અર્થાત્ ભેદો જણાવે છે—

**તથોપપત્તિ અને અન્યથોપપત્તિ બે ભેદો છે. (૪)**

8. 'तथा' साध्ये सत्येव 'उपपत्तिः' साधनस्येत्येकः प्रकारः । 'अन्यथा' साध्याभावे 'अनुपपत्तिः' चेति द्वितीयः प्रकारः । यथा अग्निमानयं पर्वतः तथैव धूमवत्त्वोपपत्तेः, अन्यथा धूमवत्त्वानुपपत्तेर्वा । एतावन्मात्रकृतः परार्थानुमानस्य भेदो न पारमार्थिकः स इति भेदपदेन दर्शयति ॥४॥

8. તથા અર્થાત્ સાધ્ય હોય તો જ સાધનનું હોવું (ઉપપત્તિ), આ તથોપપત્તિરૂપ એક પ્રકાર થયો. અન્યથા અર્થાત્ સાધ્યના અભાવમાં સાધનનું ન હોવું (અનુપપત્તિ), આ અન્યથાનુપપત્તિરૂપ બીજો પ્રકાર થયો. ક્રમથી ઉદાહરણો — આ પર્વત અગ્નિમાન છે કારણ કે અગ્નિમાન હોય તો જ તે ધૂમવાન હોઈ શકે. (આ તથોપપત્તિનું ઉદાહરણ છે). અગ્નિમાન ન હોય તો ધૂમવાન ન હોઈ શકે. (આ અન્યથાનુપપત્તિનું ઉદાહરણ છે.) પરાર્થાનુમાનના જે બે ભેદો જણાવ્યા તેમની વચ્ચે આટલું જ અન્તર છે, કોઈ પારમાર્થિક અન્તર નથી. આ વસ્તુ 'ભેદ' શબ્દથી દર્શાવી છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

9. एतदेवाह–

**नानयोस्तात्पर्ये भेदः ।।५।।**

9. આ જ વાતને આચાર્ય જણાવે છે—

**આ બે ભેદના તાત્પર્યમાં કોઈ ભેદ નથી. (૫)**

10. 'न' 'अनयोः' तथोपपत्त्यन्यथानुपपत्तिरूपयोः प्रयोगप्रकारयोः 'तात्पर्ये' 'यत्परः शब्दः स शब्दार्थः' इत्येवंलक्षणे तत्परत्वे, 'भेदः' विशेषः । एतदुक्तं भवति अन्यदभिधेयं शब्दस्यान्यत्प्रकाश्यं प्रयोजनम् । तत्राभिधेयापेक्षया वाचकत्वं भिद्यते, प्रकाश्यं त्वभिन्नम्, अन्वये कथिते व्यतिरेकगतिर्व्यतिरेके चान्वयगतिरित्युभयत्रापि साधनस्य साध्याविनाभावः प्रकाश्यते । न च यत्राभिधेयभेदस्तत्र तात्पर्यभेदोऽपि । नहि पीनो देवदत्तो दिवा न भुङ्क्ते, पीनो देवदत्तो रात्रौ भुङ्क्ते इत्यनयोर्वाक्ययोरभिधेयभेदोऽस्तीति तात्पर्येणापि भेत्तव्यमिति भावः ।।५।।

10. તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ આ બે પ્રયોગના પ્રકારો છે. તેમના તાત્પર્યમાં કોઈ ભેદ નથી, વિશેષ નથી. તાત્પર્ય એટલે 'શબ્દનો અર્થ તે છે જે પ્રકૃષ્ટપણે અભિપ્રેત છે' આ નિયમ મુજબ આવો પ્રકૃષ્ટપણે અભિપ્રેત અર્થ. કહેવાની મતલબ એ કે શબ્દનો વાચ્ય અર્થ અલગ હોય છે અને શબ્દનો પ્રકાશ્ય અર્થ એટલે પ્રયોજનાર્થ અલગ હોય છે. અહીં વાચ્યાર્થની અપેક્ષાએ વાચકનો ભેદ છે પરંતુ પ્રકાશ્ય (પ્રયોજન કે આશય) તો એક જ છે. અન્વયને (તથોપપત્તિને) કહેવામાં આવતાં વ્યતિરેકનું (અન્યથાનુપપત્તિનું) જ્ઞાન થઈ જ જાય છે. અને વ્યતિરેકને કહેવામાં આવતાં અન્વયનું જ્ઞાન થઈ જ જાય છે. અન્વય અને વ્યતિરેક બન્નેનું પ્રયોજન તો એક જ છે — સાધ્ય સાથે સાધનનો અવિનાભાવ પ્રદર્શિત કરવો. [અન્વયનો વાચ્ય વિધિ છે અને વ્યતિરેકનો વાચ્ય નિષેધ છે.] પરંતુ એવું જરૂરી નથી કે જ્યાં વાચ્યભેદ હોય ત્યાં તાત્પર્યભેદ પણ હોવો જ જોઈએ. 'જાડિયો દેવદત્ત દિવસે ભોજન કરતો નથી' અને 'જાડિયો દેવદત્ત રાતે ભોજન કરે છે' આ બે વાક્યોના વાચ્યમાં ભેદ છે એટલે તેમનું તાત્પર્ય જુદું જ હોવું જોઈએ એવું નથી. તેમના તાત્પર્યમાં ભેદ નથી પણ એક જ છે. (૫)

11. तात्पर्याभेदस्यैव फलमाह–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अत एव नोभयोः प्रयोगः ॥६॥**

11. તાત્પર્ય એક હોવાનું ફળ આચાર્ય જણાવે છે—

**તેથી જ બન્નેનો પ્રયોગ કરવામાં નથી આવતો. (૬)**

12. यत एव नानयोस्तात्पर्ये भेदः 'अत एव नोभयोः' तथोपपत्त्यन्यथानुपपत्त्योर्युगपत् 'प्रयोगः' युक्तः । व्याप्त्युपदर्शनाय हि तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां हेतोः प्रयोगः क्रियते । व्याप्त्युपदर्शनं चैकयैव सिद्धमिति विफलो द्वयोः प्रयोगः । यदाह—

**"हेतोस्तथोपपत्त्या वा स्यात्प्रयोगोऽन्यथापि वा ।**
**द्विविधोऽन्यतरेणापि साध्यसिद्धिर्भवेदिति ॥"** [न्याया. १७]

12. તથોપપત્તિ (અન્વય) અને અન્યથાનુપપત્તિ (વ્યતિરેક) બન્નેના તાત્પર્યમાં ભેદ નથી એટલે જ બન્નેનો એક સાથે પ્રયોગ કરવો ઉચિત નથી. તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ એ બેના દ્વારા હેતુનો પ્રયોગ કરવાનું પ્રયોજન વ્યાપ્તિને દર્શાવવાનું છે. પરંતુ વ્યાપ્તિને દર્શાવવાનું પ્રયોજન તો આ બેમાંથી કોઈ એકના પ્રયોગ દ્વારા સિદ્ધ થઈ જાય છે. તેથી બન્નેનો પ્રયોગ કરવો નિષ્ફલ છે. કહ્યું પણ છે, "હેતુનો પ્રયોગ તથોપપત્તિ કે અન્યથાનુપપત્તિ દ્વારા થાય છે. આમ હેતુનો પ્રયોગ દ્વિવિધ છે. પરંતુ તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ આ બેમાંથી કોઈ પણ એકના પ્રયોગથી સાધ્યની સિદ્ધિ થઈ જાય છે." [ન્યાયાવતાર, ૧૭] (૬)

13. ननु यद्येकेनैव प्रयोगेण हेतोर्व्याप्त्युपदर्शनं कृतमिति कृतं विफलेन द्वितीयप्रयोगेण; तर्हि प्रतिज्ञाया अपि मा भूत् प्रयोगो विफलत्वात् । नहि प्रतिज्ञामात्रात् कश्चिदर्थं प्रतिपद्यते, तथा सति हि विप्रतिपत्तिरेव न स्यादित्याह—

**विषयोपदर्शनार्थं तु प्रतिज्ञा ॥७॥**

13. **શંકા** — જો બેમાંથી કોઈ એકના પ્રયોગથી જ હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ દર્શાવાઈ જાય છે એટલે બીજાનો વ્યર્થ પ્રયોગ કરવાની જરૂરત નથી તો નિષ્ફળ (વ્યર્થ) હોવાના કારણે જ પ્રતિજ્ઞાનો પ્રયોગ ન થાઓ અર્થાત્ પ્રતિજ્ઞાનો પ્રયોગ ન કરવો જોઈએ. પ્રતિજ્ઞામાત્રથી કોઈ પણ વ્યક્તિને કોઈ પણ અનુમેય અર્થનું જ્ઞાન (નિગમનરૂપ નિર્ણયાત્મક જ્ઞાન) થઈ નથી જતું. અને જો અનુમેય અર્થનું જ્ઞાન પ્રતિજ્ઞામાત્રથી થઈ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતું હોય તો પછી કોઈ વિવાદ જ ન રહે. આ શંકાનું સામાધાન આચાર્ય કરે છે—

**પ્રતિજ્ઞા વિષયને દર્શાવવા માટે [પ્રયોજવી જોઈએ]. (૭)**

14. 'विषय:' यत्र तथोपपत्त्यान्यथानुपपत्त्या वा हेतुः स्वसाध्यसाधनाय प्रार्थ्यते, तस्य 'उपदर्शनम्' परप्रतीतावारोपणं तदर्थं पुनः 'प्रतिज्ञा' प्रयोक्तव्येति शेषः ।

14. વિષય તે છે જ્યાં તથોપપત્તિ યા અન્યાથાનુપપત્તિ દ્વારા પોતાના સાધ્યને સિદ્ધ કરવા માટે હેતુને પ્રાર્થવામાં આવે છે. તે વિષયને દર્શાવવા, બીજાને જણાવવા, સમજાવવા પ્રતિજ્ઞાનો પ્રયોગ કરવો જોઈએ. સૂત્રમાં 'પ્રયોજવી જોઈએ (प्रयोक्तव्या)' એ શબ્દો ઉમેરવા. [એટલે સૂત્રનો પૂરો અર્થ થશે—પ્રતિજ્ઞા વિષયને દર્શાવવા માટે પ્રયોજવી જોઈએ.]

15. अयमर्थः—परप्रत्यायनाय वचनमुच्चारयता प्रेक्षावता तदेव परे बोधयितव्या यद्बुभुत्सन्ते । तथासत्यनेन बुभुत्सिताभिधायिना परे बोधिता भवन्ति । न खल्वश्वान् पृष्टो गवयान् ब्रुवाणः प्रष्टुरवधेयवचनो भवति । अनवधेयवचनश्च कथं प्रतिपादको नाम ? । यथा च शैक्षो भिक्षुणाचचक्षे —भोः शैक्ष, पिण्डपातमाहरेति । स—एवमाचरामीत्यनभिधाय यदा तदर्थं प्रयतते तदाऽस्मै क्रुध्यति भिक्षुः—आः शिष्याभास भिक्षुखेट, अस्मानवधीरयसीति विब्रुवाणः । एवमनित्यं शब्दं बुभुत्समानाय अनित्यः शब्द इति विषयमनुपदर्श्य यदेव किञ्चिदुच्यते—कृतकत्वादिति वा, यत् कृतकं तदनित्यमिति वा, कृतकत्वस्य तथैवोपपत्तेरिति वा, कृतकत्वस्यान्यथानुपपत्तेरिति वा, तत् सर्वमस्यानपेक्षितमापाततोऽसम्बद्धाभिधानबुद्ध्या; तथा चानवहितो न बोद्धुमर्हतीति ।

15. આશય આ છે — બીજાઓને બોધ કરાવવા માટે વચનો ઉચ્ચારતા બુદ્ધિમાન પુરુષે તેમને તેનો જ બોધ કરાવવો જોઈએ જેનો બોધ કરવા તેઓ ઇચ્છતા હોય. એમ કરીને, બોધ ઇચ્છતી વ્યક્તિઓ પ્રતિ વચન બોલનારો તે પુરુષ તે વ્યક્તિઓને બોધ પમાડી શકે છે. બીજાઓ તે પુરુષને અશ્વ વિશે પૂછે અને તે ગવય વિષે ઉત્તરમાં બોલવા માંડે તો બીજાઓ તેનાં વચનો તરફ ધ્યાન જ ન આપે. બીજાઓ તેનાં વચનો તરફ ધ્યાન જ ન આપે તો તે પ્રતિપાદક(બોધ કરાવનારો) શેનો ? ઉદાહરણાર્થ, એક ભિક્ષુ પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્યને કહે છે 'આહારપાણી લઈ આવ.' પેલો શિષ્ય 'લાવું છું' એમ જણાવ્યા વિના જ જ્યારે તેને માટે પ્રયત્ન કરે છે ત્યારે ભિક્ષુ તેના ઉપર ક્રોધ કરે છે અને કહે છે, 'અરે શિષ્યાભાસ ! નીચ ભિક્ષુ ! તું અમારી અવહેલના કરે છે?' તેવી જ રીતે, જે વ્યક્તિ **શબ્દની** અનિત્યતાનો બોધ કરવા ઇચ્છે છે તેની આગળ 'શબ્દ અનિત્ય છે' એ પ્રમાણે **વિષય દર્શાવ્યા વિના જ પ્રતિપાદક** વ..: ! જે તે કહેવા માંડે જેમ કે 'કૃતક હોવાના કારણે' કે **'જે કૃતક હોય છે તે અનિત્ય હોય છે'** કે 'કારણ કે આવું હોતાં જ કૃતકતા હોય છે' કે 'કારણ કે **કૃતકતા અન્યથા સંભવતી** નથી' ઇત્યાદિ તો આ બધાં વાક્યો તેને માટે અનપેક્ષિત છે કારણ કે આપાતતઃ તે બધાં વાક્યો તેને અસંબદ્ધ (અપ્રાસંગિક) પ્રતીત થાય છે અને એના પરિણામે તે આ બધાં વાક્યો પ્રત્યે ધ્યાન આપતો નથી અને બોધ પ્રાપ્ત કરવાની યોગ્યતા તે પામતો નથી (બોધ પામતો નથી.)

16. यत् कृतकं तत् सर्वमनित्यं यथा घटः, कृतकश्च शब्द इति वचनमर्थ–सामर्थ्येनैवापेक्षितशब्दानित्यत्वनिश्चायकमित्यवधानमत्रेति चेत्; न, परस्पराश्रयात् । अवधाने हि सत्यतोऽर्थनिश्चयः, तस्माच्चावधानमिति । न च पर्षत्प्रतिवादिनौ प्रमाणीकृतवादिनौ यदेतद्वचनसम्बन्धाय प्रयतिष्येते । तथासति न हेत्वाद्यपेक्षेयाताम्, तद्वचनादेव तदर्थनिश्चयात् । अनित्यः शब्द इति त्वपेक्षिते उक्ते कुत इत्याशङ्कायां कृतकत्वस्य तथैवोपपत्तेः कृतकत्वस्यान्यथानुपपत्तेर्वेत्युपतिष्ठते, तदिदं विषयोपदर्शनार्थत्वं प्रतिज्ञाया इति ॥७॥

16. 'જે કૃતક હોય છે તે બધાં અનિત્ય હોય છે, જેમકે ઘટ, અને શબ્દ કૃતક છે' આ પ્રમાણેનું વચન અર્થસામર્થ્યથી જ અપેક્ષિત શબ્દાનિત્યત્વનું નિશ્ચાયક છે એટલે અવધાન અહીં છે જ એવું કહી શકાય નહિ કારણ કે તેમાં પરસ્પરાશ્રયદોષ છે. તે પરસ્પરાશ્રયદોષ આ પ્રમાણે આવે છે — અવધાન હોતાં વચનથી અર્થનો નિશ્ચય થાય અને અર્થનિશ્ચય થતાં અવધાન થાય. વળી, પર્ષત્(પરિષદ્, સભા) અને પ્રતિવાદીએ વાદીને પ્રમાણ તરીકે સ્વીકારી લીધો નથી કે જેથી કરીને તેઓ તેનાં વચનોનો તાર્કિક સંબંધ શોધવા પ્રયત્ન કરે [અને આમ યોગ્ય અવધાનના અભાવની શંકાને કોઈ અવકાશ ન રહે.] આવું હોય તો પર્ષત્ અને પ્રતિવાદી હેતુ વગેરેની અપેક્ષા નહિ રાખે કારણ કે વાદીના વચનમાત્રથી (વાદીના સ્વપક્ષના યા સ્વમતના વિધાનમાત્રથી) જ તેમને તે વચનના અર્થનો (અર્થની સત્યતાનો) નિશ્ચય થઈ જાય. [પરંતુ આવું છે જ નહિ. પરિસ્થિતિ સાવ જુદી જ છે.] જ્યારે 'શબ્દ અનિત્ય છે' એ અપેક્ષિત નિર્ણયને

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(નિગમનને)પ્રતિજ્ઞા તરીકે કહેવામાં આવે છે ત્યારે 'તેનો સાધક હેતુ ક્યો ?' એવી આશંકા થતાં 'અનિત્યત્વ હોય તો જ કૃતકત્વ ઘટે' અથવા 'કૃતકત્વ અન્યથા (અનિત્યત્વ વિના) ન ઘટે' એવું વચન આશંકાના ઉત્તરમાં રજૂ કરવામાં આવે છે. તેથી વિષયને દર્શાવવાનું આ પ્રયોજન પ્રતિજ્ઞાવચનની આવશ્યકતા જણાવે છે. (૭)

17. ननु यत् कृतकं तदनित्यं यथा घटः, कृतकश्च शब्द इत्युक्ते गम्यत एतद् अनित्यः शब्द इति, तस्य सामर्थ्यलब्धत्वात्, तथापि तद्वचने पुनरुक्तत्वप्रसङ्गात्, **"अर्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं पुनरुक्तम्"** [न्यायसू. ५. २. १५] । **आह च– "डिण्डिकरागं परित्यज्याक्षिणी निमील्य चिन्तय तावत् किमियता प्रतीतिः स्यान्न वेति, भावे किं प्रपञ्चमालया"** [हेतु. परि. १] इत्याह–

**गम्यमानत्वेऽपि साध्यधर्माधारसन्देहापनोदाय धर्मिणि पक्षधर्मोपसंहारवत् तदुपपत्तिः ॥८॥**

17. **શંકા** — 'જે કૃતક હોય છે તે અનિત્ય હોય છે, જેમકે ઘટ, શબ્દ પણ કૃતક છે' એટલું કહેતાં જ 'શબ્દ અનિત્ય છે' એ નિગમનનું જ્ઞાન થઈ જાય છે કારણ કે તે સામર્થ્યથી જ (અર્થાત્ પ્રતિજ્ઞાવચનના પ્રયોગ વિના જ) પ્રાપ્ત થઈ જાય છે, તેમ છતાં પણ જો 'શબ્દ અનિત્ય છે' એમ પ્રતિજ્ઞાવચન દ્વારા શબ્દોમાં કહેવામાં આવે તો પુનરુક્તિદોષની આપત્તિ આવે. કહ્યું પણ છે, "જે વાત અર્થના સામર્થ્યથી જ્ઞાત થઈ ગઈ હોય તેને તેના વાચક શબ્દો દ્વારા પુનઃ કહેવી તે પુનરુક્તિ છે" [ન્યાયસૂત્ર ૫.૨.૧૫]. બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિએ કહ્યું પણ છે, "મૂર્ખની જેમ ખોટો વિરોધ કરવા માટે બડબડાટ કરવામાં રાગ રાખવાનું છોડી બે આંખો બંધ કરી શાંતિથી વિચારો કે અમે જેટલા અવયવોવાળો ન્યાયપ્રયોગ રજૂ કર્યો છે તેટલાથી જ [નિગમનની] પ્રતીતિ થાય છે કે નહિ. જો થતી હોય તો પછી [પ્રતિજ્ઞાવચનનો પ્રયોગ કરી] વિસ્તાર કરવાથી શો લાભ ?' [હેતુબિન્દુ,પરિચ્છેદ ૧]. આ બૌદ્ધ શંકાના ઉત્તરમાં આચાર્ય કહે છે—

**જેમ સાધનરૂપ ધર્મનો પક્ષરૂપ ધર્મીમાં ઉપસંહાર કરવામાં આવે છે તેમ સાધ્યરૂપ ધર્મના આધાર અંગેના શક્ય સંદેહનું નિરાકરણ કરવા માટે અર્થસામર્થ્યથી [નિગમનનું] જ્ઞાન થઈ જતું હોવા છતાં પ્રતિજ્ઞા [તરીકે તેનું પૂર્વવચન] ઘટે છે, ઉચિત છે. (૮)**

18. साध्यमेव धर्मस्तस्याधारस्तस्य सन्देहस्तदपनोदाय—यः कृतकः सोऽनित्य इत्युक्तेऽपि धर्मिविषयसन्देह एव–किमनित्यः शब्दो घटो वेति ?,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तन्निराकरणाय गम्यमानस्यापि साध्यस्य निर्देशो युक्तः, साध्यधर्मिणि साधनधर्मावबोधनाय पक्षधर्मोपसंहारवचनवत्। यथा हि साध्यव्याप्तसाधन- दर्शनेन तदाधारावगतावपि नियतधर्मिसम्बन्धिताप्रदर्शनार्थं कृतकश्च शब्द इति पक्षधर्मोपसंहारवचनं तथा साध्यस्य विशिष्टधर्मिसम्बन्धितावबोधनाय प्रतिज्ञावचनमप्युपपद्यत एवेति ॥८॥

18 'જે કૃતક હોય તે અનિત્ય હોય' આમ કહેવા છતાં ધર્મીના (પક્ષના) વિશે સંદેહ રહે છે જ કે શું શબ્દ અનિત્ય છે કે ઘટ? શેમાં અનિત્યતા સિદ્ધ કરવામાં આવી રહી છે? એટલે સાધ્યરૂપ ધર્મના આધાર સંબંધી સંદેહને દૂર કરવા માટે [નિગમનકાલે] અર્થસામાર્થ્યથી [પક્ષમાં] સાધ્ય જણાઈ જતું હોવા છતાં [પૂર્વે] સાધ્યનો પક્ષમાં નિર્દેશ કરવો ઉચિત છે અર્થાત્ પ્રતિજ્ઞાવચનપ્રયોગ ઉચિત છે, જેમ પક્ષમાં (સાધ્યધર્મીમાં) સાધનરૂપ ધર્મનો બોધ કરાવવા પક્ષધર્મોપસંહાર (ઉપનયવચનપ્રયોગ) ઉચિત છે. જેમ 'જે કૃતક હોય તે અનિત્ય હોય' એ રીતના સાધ્ય સાથેના અવિનાભાવસંબંધવાળું સાધન દર્શાવવાથી સાધનના આધારની (સામાન્યપણે) પ્રતીતિ થતી હોવા છતાં નિયત પક્ષ (પક્ષવિશેષ) સાથે સાધનનો સંબંધ દર્શાવવા માટે 'અને શબ્દ કૃતક છે' એ મુજબનો પક્ષધર્મોપસંહારવચનનો (ઉપનયવચનનો) પ્રયોગ ઉચિત છે, ઘટે છે તેમ સાધ્યનો નિયત પક્ષ (પક્ષવિશેષ) સાથે સંબંધ દર્શાવવા માટે પ્રતિજ્ઞાવચનપ્રયોગ પણ ઉચિત છે, ઘટે છે (૮)

19. ननु प्रयोगं प्रति विप्रतिपद्यन्ते वादिनः, तथाहि – प्रतिज्ञाहेतू- दाहरणानीति त्र्यवयवमनुमानमिति साङ्ख्याः। सहोपनयेन चतुरवयवमिति मीमांसकाः। सह निगमनेन पञ्चावयवमिति नैयायिकाः। तदेवं विप्रतिपत्तौ कीदृशोऽनुमानप्रयोग इत्याह—

**एतावान् प्रेक्षप्रयोगः ॥९॥**

19. શંકા — અનુમાનપ્રયોગના અંગે વાદીઓમાં મતભેદ છે, જેમ કે સાંખ્યોના મતે પ્રતિજ્ઞા, હેતુ અને ઉદાહરણ એ ત્રણ જ અનુમાનના અવયવો છે, મીમાંસકોના મતે પૂર્વોક્ત ત્રણ સાથે ઉપનય મળીને ચાર અવયવો છે, નૈયાયિકોના મતે આ ચાર સાથે નિગમન મળીને પાંચ અવયવો છે. આ જાતનો મતભેદ છે ત્યારે પ્રશ્ન થાય છે કે અનુમાનપ્રયોગ કેવો માનવો જોઈએ? અર્થાત્ કેટલા અવયવોવાળો અનુમાનપ્રયોગ માનવો જોઈએ? આના ઉત્તરમાં આચાર્ય કહે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જેને બોધ કરાવવાનો હોય તે વ્યક્તિ બુદ્ધિમાન હોય તો આટલો અનુમાનપ્રયોગ પૂરતો છે. (૯)**

20. 'एतावान्' एव यदुत तथोपपत्त्यान्यथानुपपत्त्या वा युक्तं साधनं प्रतिज्ञा च । 'प्रेक्षाय' प्रेक्षावते प्रतिपाद्याय तदवबोधनार्थः 'प्रयोगः' न त्वधिको यथाहुः साङ्ख्यादयः, नापि हीनो यथाहुः सौगताः — "**विदुषां वाच्यो हेतुरेव हि केवलः**" [प्रमाणवा. १.२८] इति ॥९॥

20. 'આટલો' જ એટલે તથોપપત્તિ અથવા અન્યથાનુપપત્તિથી યુક્ત સાધન અને પ્રતિજ્ઞા આટલો જ પ્રયોગ બુદ્ધિમાન બોધ્ય (પ્રતિપાદ્ય) વ્યક્તિને બોધ કરાવવા માટે પૂરતો છે. સાંખ્ય આદિની જેમ આનાથી વધારે પ્રયોગ (વધારે અવયવોવાળો અનુમાન-પ્રયોગ) ન કરવો જોઈએ કે ન તો બૌદ્ધોની જેમ આનાથી ઓછો પ્રયોગ કરવો જોઈએ. બૌદ્ધો તો કહે છે, "વિદ્વાનોને માટે એકલા હેતુનો જ પ્રયોગ કરવો જોઈએ" [પ્રમાણવાર્તિક, ૧.૨૮].(૯)

21. ननु परार्थप्रवृत्तैः कारुणिकैर्यथाकथञ्चित् परे प्रतिबोधयितव्या नासद्व्यवस्थोपन्यासैरमीषां प्रतिभाभङ्गः करणीयः, तत्किमुच्यते एतावान् प्रेक्षप्रयोगः ?, इत्याशङ्क्य द्वितीयमपि प्रयोगक्रममुपदर्शयति—

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

**बोध्यानुरोधात् प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चापि ॥१०॥**

21. શંકા — પરોપકાર કરવામાં પ્રવૃત્ત કરુણાળુ પુરુષોએ જે કોઈ રીત/પદ્ધતિ અનુકૂળ હોય તેનાથી બીજાઓને બોધ પમાડવો જોઈએ, ખોટી પદ્ધતિને (વ્યવસ્થાને) પ્રયોજી તેમની સમજવાની પ્રક્રિયામાં ગૂંચવાડો ઊભો ન કરવો જોઈએ. તો પછી તમે શા માટે એવું કહો છો કે બુદ્ધિમાન બોધ્ય વ્યક્તિને માટે આટલો જ (આટલા જ અવયવોવાળો) અનુમાનપ્રયોગ કરવો જોઈએ ?

આવી આશંકા ઊભી કરી આચાર્ય ખુદ બીજો પ્રયોગક્રમ પણ દર્શાવે છે —

**બોધ્ય વ્યકિતને (અર્થાત્ તેની કક્ષાને) ધ્યાનમાં રાખીને પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચેનો (પાંચે અવયવોનો) પણ પ્રયોગ કરવો જોઈએ.(૧૦)**

22. 'बोध्यः' शिष्यस्तस्य 'अनुरोधः' तदवबोधनप्रतिज्ञापारतन्त्र्यं तस्मात्, प्रतिज्ञादीनी पञ्चापि प्रयोक्तव्यानि । एतानि चावयवसञ्ज्ञया प्रोच्यन्ते । यदक्षपादः — "**प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः**" [न्यायसू.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१.१.३२] इति । 'अपि' शब्दात् प्रतिज्ञादीनां शुद्धयश्च पञ्च बोध्यानुरोधात् प्रयोक्तव्याः । यच्छ्रीभद्रबाहुस्वामिपूज्यपादाः –

**"कत्थइ पञ्चावयवं दसहा वा सव्वहा ण पडिकुट्ठं ति ॥"**

[दश. नि. ५०]

22. બોધ્ય એટલે શિષ્ય. તેનો અનુરોધ એટલે તેને બોધ કરાવવાની પોતાની પ્રતિજ્ઞાથી (સંકલ્પથી) બંધાયેલા હોવું તે, આ બંધનના કારણે પ્રતિજ્ઞા વગેરે પાંચેનો પણ પ્રયોગ કરવો જોઈએ. આ પાંચને 'અવયવ' નામ અપાયું છે. અક્ષપાદે પણ તેમને અવયવો કહ્યા છે જેમ કે 'પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન અવયવો છે' [ન્યાયસૂત્ર, ૧.૧.૩૨]. હેમચન્દ્રે સૂત્રમાં 'अपि' ('પણ') શબ્દ મૂકીને જણાવ્યું છે કે શિષ્યની કક્ષાને ધ્યાનમાં લઈને આવશ્યકતા હોય તો પ્રતિજ્ઞા વગેરેની પાંચ શુદ્ધિઓનો પણ (અર્થાત્ પાંચ શુદ્ધિઓ સાથે દસ અવયવોનો પણ) પ્રયોગ કરવો જોઈએ. પૂજ્યપાદ શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે, "ક્યાંક ક્યાંક પાંચ અવયવોવાળું કે દસ અવયવોવાળું પણ પરાર્થાનુમાન હોય છે. તેનો સર્વથા નિષેધ નથી કરવામાં આવ્યો." [દશવૈકાલિકનિર્યુક્તિ, ૫૦]. (૧૦)

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

23. तत्र प्रतिज्ञाया लक्षणमाह–

**साध्यनिर्देशः प्रतिज्ञा ॥११॥**

23. આચાર્ય પ્રતિજ્ઞાનું લક્ષણ કહે છે—

**સાધ્યનો નિર્દેશ કરવો પ્રતિજ્ઞા છે. (૧૧)**

24. साध्यं सिषाधयिषितधर्मविशिष्टो धर्मी, निर्दिश्यते अनेनेति निर्देशो वचनम्, साध्यस्य निर्देशः 'साध्यनिर्देशः' 'प्रतिज्ञा' प्रतिज्ञायतेऽनयेति कृत्वा, यथा अयं प्रदेशोऽग्निमानिति ॥११॥

24. જેને સિદ્ધ કરવાની ઇચ્છા હોય તે ધર્મથી વિશિષ્ટ ધર્મી સાધ્ય છે. તે સાધ્યનો જેનાથી નિર્દેશ કરવામાં આવે તે વચન પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા તે છે જેના દ્વારા પ્રતિજ્ઞા કરવામાં આવે છે, સંકલ્પ કરવામાં આવે છે. તેનું ઉદાહરણ છે — આ પ્રદેશ અગ્નિમાન છે. [અહીં અગ્નિમત્ત્વ ધર્મ સિદ્ધ કરવાની ઇચ્છા છે અને તે ધર્મથી યુક્ત ધર્મી 'આ પ્રદેશ છે.' આ રીતે સાધ્ય ધર્મ યુક્ત ધર્મીનું કથન પ્રતિજ્ઞા છે. આ પ્રદેશમાં અગ્નિમત્ત્વ ધર્મને સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા યા સંકલ્પ પણ પ્રતિજ્ઞાથી જાહેર થાય છે.] (૧૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

25. हेतुं लक्षयति –

**साधनत्वाभिव्यञ्जकविभक्त्यन्तं साधनवचनं हेतुः ॥१२॥**

25. હવે આચાર્ય હેતુનું લક્ષણ કહે છે—

**સાધનત્વને પ્રગટ કરનારી વિભક્તિ જેને અંતે લાગેલી હોય એવું સાધનવચન હેતુ છે. (૧૨)**

26. साधनत्वाभिव्यञ्जिका विभक्तिः पञ्चमी तृतीया वा तदन्तम्, 'साधनस्य' उक्तलक्षणस्य 'वचनम्' हेतुः । धूम इत्यादिरूपस्य हेतुत्वनिराकरणाय प्रथमं पदम् । अव्याप्तवचनहेतुत्वनिराकरणाय द्वितीयमिति । स द्विविधस्तथोपपत्त्यन्यथानुपपत्तिभ्याम्, तद्यथा धूमस्य तथैवोपपत्तेर्धूमस्यान्यथानुपपत्तेर्वेति ॥१२॥

26. સાધનત્વને પ્રગટ કરનારી વિભક્તિ પાંચમી કે ત્રીજી છે. આ બેમાંથી કોઈ એક વિભક્તિવાળું તથા પૂર્વે જણાવેલા લક્ષણવાળા સાધનનું કથન(વચન) હેતુ છે. 'ધૂમ' ઇત્યાદિ આકારવાળો હેતુ નથી. તેની વ્યાવૃત્તિ કરવા માટે પહેલું પદ ('સાધનત્વાભિવ્યંજકવિભક્ત્યન્ત') છે. સાધ્ય સાથે જેનો અવિનાભાવસંબંધ (વ્યાપ્તિસંબંધ) ન હોય તેનું વચન હેતુ નથી એટલે તેનું નિરાકરણ કરવા માટે બીજું પદ ('સાધનવચન') છે. આવો હેતુ તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિના ભેદથી બે પ્રકારનો છે જેમ કે 'કારણ કે અગ્નિ હોય તો જ ધૂમ હોય છે (તથોપપત્તિ)' અને 'કારણ કે અગ્નિના અભાવમાં ધૂમ હોતો નથી જ (અન્યથાનુપપત્તિ)'. (૧૨)

27. उदाहरणं लक्षयति–

**दृष्टान्तवचनमुदाहरणम् ॥१३॥**

27. હવે આચાર્ય ઉદાહરણનું લક્ષણ આપે છે—

**દૃષ્ટાન્તનું વચન (વિધાન) ઉદાહરણ છે. (૧૩)**

28. 'दृष्टान्तः' उक्तलक्षणस्तत्प्रतिपादकं 'वचनम्' 'उदाहरणम्' तदपि द्विविधं दृष्टान्तभेदात् । साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तस्तस्य वचनं साधर्म्योदाहरणम्, यथा यो धूमवान् सोऽग्निमान् यथा महानसप्रदेशः । साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मनिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तस्तस्य वचनं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वैधर्म्योदाहरणम्, यथा योऽग्निनिवृत्तिमान् स धूमनिवृत्तिमान् यथा जलाशयप्रदेश इति ॥१३॥

28. દૃષ્ટાન્તનું લક્ષણ પહેલાં જણાવી દીધું છે, દૃષ્ટાન્તને જણાવનારું વચન ઉદાહરણ છે. દૃષ્ટાન્તના બે ભેદ હોવાથી ઉદાહરણના પણ બે ભેદ છે. સાધનરૂપ ધર્મના હોવાના કારણે જે સાધ્યરૂપ ધર્મવાળું હોય તે સાધર્મ્યદૃષ્ટાન્ત છે અને તેને જણાવનારું વચન સાધર્મ્યોદાહરણ છે, જેમ કે 'જે જે ધૂમવાન હોય છે તે અગ્નિમાન હોય છે, જેમ કે રસોઈઘર.' જે સાધ્યરૂપ ધર્મનો અભાવ હોવાના કારણે સાધનરૂપ ધર્મના અભાવવાળું હોય તે વૈધર્મ્યદૃષ્ટાન્ત છે અને તેને જણાવનારું વચન વૈધર્મ્યોહરણ છે, જેમ કે 'જે જે અગ્નિના અભાવવાળો હોય છે તે ધૂમના અભાવવાળો હોય છે, જેમ કે જલાશયપ્રદેશ.' (૧૩)

29. उपनयलक्षणमाह—

**धर्मिणि साधनस्योपसंहार उपनयः ॥१४॥**

29. હવે આચાર્ય ઉપનયનું લક્ષણ જણાવે છે—

**ધર્મીમાં (પક્ષમાં) સાધનરૂપ ધર્મને લાવીને જોડવો (અર્થાત્ સાધનરૂપ ધર્મનો ઉપસંહાર કરવો) ઉપનય છે. (૧૪)**

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

30. दृष्टान्तधर्मिणि विसृतस्य साधनधर्मस्य साध्यधर्मिणि यः 'उपसंहारः' सः 'उपनयः' उपसंह्रियतेऽनेनोपनीयतेऽनेनेति वचनरूपः, यथा धूमवांश्चायमिति ॥१४॥

30. દૃષ્ટાન્તરૂપ ધર્મીઓમાં (અર્થાત્ સપક્ષોમાં) ફેલાઈને પડેલા સાધનરૂપ ધર્મને એકત્ર કરી ધર્મીમાં (પક્ષમાં) મૂકવો/જોડવો (ઉપસંહાર કરવો) ઉપનય છે. જે વચન દ્વારા ઉપસંહરણ યા ઉપનયન કરવામાં આવે તે ઉપનય છે, જેમ કે 'અને આ (પર્વત) ધૂમવાન છે.'

31. निगमनं लक्षयति—

**साध्यस्य निगमनम् ॥१५॥**

31. હવે આચાર્ય નિગમનનું લક્ષણ કહે છે—

**[ધર્મીમાં (પક્ષમાં)] સાધ્યરૂપ ધર્મને જોડવો (અર્થાત્ સાધ્યરૂપ ધર્મનો ઉપસંહાર કરવો) એ નિગમન છે. (૧૫)**

32. साध्यधर्मस्य धर्मिण्युपसंहारो निगम्यते पूर्वेषामवयवानामर्थोऽनेनेति 'निगमनम्', यथा तस्मादग्निमानिति ।

32. સાધ્યરૂપ ધર્મનો ધર્મીમાં (પક્ષમાં) ઉપસંહાર નિગમન છે. પૂર્વ અવયવોના આશયોને(અભિપ્રાયોને) એક સ્થાને જે વચન પ્રગટ કરે છે તે નિગમન છે, જેમ કે 'તેથી આ અગ્નિમાન છે.'

33. एते नान्तरीयकत्वप्रतिपादका वाक्यैकदेशरूपाः पञ्चावयवाः । एतेषामेव शुद्धयः पञ्च । यतो न शङ्कितसमारोपितदोषाः पञ्चाप्यवयवाः स्वां स्वामनादीनवामर्थविषयां धियमाधातुमलमिति प्रतिज्ञादीनां तं तं दोषमाशङ्क्य तत्परिहाररूपाः पञ्चैव शुद्धयः प्रयोक्तव्या इति दशावयवमिदमनुमानवाक्यं बोध्यानुरोधात् प्रयोक्तव्यमिति ॥१५॥

33. પરાર્થાનુમાનરૂપ વાક્યના અંશરૂપ આ પાંચ અવયવો નાન્તરીયકત્વના (અવિનાભાવના) પ્રતિપાદક છે. [તે પાંચ અવયવો આ પ્રમાણે છે — (૧) 'પર્વતમાં અગ્નિ છે.'(પ્રતિજ્ઞા). (૨) 'કારણ કે પર્વતમાં ધૂમ છે.' (હેતુ). (૩) 'જ્યાં જ્યાં ધૂમ હોય છે ત્યાં અગ્નિ હોય છે, જેમ કે રસોઈઘર.' (ઉદાહરણ). (૪) 'આ પર્વતમાં ધૂમ છે.' (ઉપનય). (૫) 'તેથી આ પર્વતમાં અગ્નિ છે.' (નિગમન).] આ જ પાંચ અવયવોની પાંચ શુદ્ધિઓ છે કારણ કે આ પાંચ અવયવોમાં દોષની આશંકા હોય કે દોષનું આરોપણ કરવામાં આવ્યું હોય તો તે અવયવો પોતપોતાના અર્થવિષયક નિર્દોષ અને નિશ્ચિત જ્ઞાન ઉત્પન્ન ન કરી શકે. તેથી જ આ પાંચ અવયવોમાં તે તે દોષની આશંકા કરી તે દોષનો પરિહાર કરવો જોઈએ. આ દોષપરિહારરૂપ પાંચ જ શુદ્ધિઓનો વચનપ્રયોગ કરવો જોઈએ. આમ શિષ્યની કક્ષાને ધ્યાનમાં લઈ દસ અવયવોવાળું આ અનુમાનવાક્ય પ્રયોજવું જોઈએ. (૧૫)

34. इह शास्त्रे येषां लक्षणमुक्तं ते तल्लक्षणाभावे तदाभासाः सुप्रसिद्धा एव । यथा प्रमाणसामान्यलक्षणाभावे संशयविपर्ययानध्यवसायाः प्रमाणाभासाः, संशयादिलक्षणाभावे संशयाद्याभासाः, प्रत्यक्षलक्षणाभावे प्रत्यक्षाभासम्, परोक्षान्तर्गतानां स्मृत्यादीनां स्वस्वलक्षणाभावे तत्तदाभासतेत्यादि । एवं हेतूनामपि स्वलक्षणाभावे हेत्वाभासता सुज्ञानैव । केवलं हेत्वाभासानां सङ्ख्यानियमः प्रतिव्यक्तिनियतं लक्षणं च नैषत्करप्रतिपत्तीति तल्लक्षणार्थमाह—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥१६॥**

34. આ શાસ્ત્રમાં જેમનું જે લક્ષણ કહેવામાં આવ્યું છે તેઓ તે લક્ષણના અભાવમાં સુપ્રસિદ્ધ તદાભાસો જ બની જાય છે, જેમ કે પ્રમાણસામાન્યના લક્ષણના અભાવમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય પ્રમાણાભાસ છે; સંશય આદિના લક્ષણના અભાવમાં સંશયાદિઆભાસો છે; પ્રત્યક્ષલક્ષણના અભાવમાં પ્રત્યક્ષાભાસ છે; પરોક્ષપ્રમાણાન્તર્ગત સ્મૃતિ આદિના પોતપોતાના લક્ષણના અભાવમાં તે તે આભાસો છે, ઇત્યાદિ. તેવી જ રીતે, હેતુઓમાં જો હેતુનું પૂર્વોક્ત લક્ષણ ન હોય તો તેઓ હેત્વાભાસ બની જાય છે એ સારી રીતે જાણીતી વાત છે. કેવળ હેત્વાભાસોની નિયત સંખ્યા અને પ્રત્યેક હેત્વાભાસનું નિયત લક્ષણ સમજવામાં થોડી મુશ્કેલી પડે છે, એટલે આચાર્ય તેમનાં લક્ષણો જણાવવા માટે કહે છે—

**અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક એ ત્રણ હેત્વાભાસ છે. (૧૬)**

35. अहेतवो हेतुवदाभासमानाः 'हेत्वाभासाः' असिद्धादयः । यद्यपि साधनदोषा एवैते अदुष्टे साधने तदभावात् तथापि साधनाभिधायके हेतावुपचारात् पूर्वाचार्यैरभिहितास्ततस्तत्प्रसिद्धिबाधामनाश्रयद्भिरस्माभिरपि हेतुदोषत्वेनैवोच्यन्त इति ।

JAINSITE .com जैनम् जयति शासनम्

35. જેઓ વસ્તુતઃ હેતુઓ નથી પરંતુ હેતુ જેવા ભાસે છે તેઓ અસિદ્ધ વગેરે હેત્વાભાસો છે. જો કે આ [અસિદ્ધ આદિ] સાધનદોષો છે કારણ કે અદુષ્ટ સાધનમાં તે દોષો હોતા નથી, તેમ છતાં પૂર્વાચાર્યોએ તેમનો સાધનવાચક વચનરૂપ હેતુમાં ઉપચાર (આરોપ) કરીને તે સાધનદોષોને હેતુદોષો કહ્યા છે. તેથી તેમની જે આ પ્રસિદ્ધિ યા પરંપરા છે તેને તોડ્યા વિના અમે પણ તેમને હેતુદોષ જ કહ્યા છે.

36. 'त्रयः' इति सङ्ख्यान्तरव्यवच्छेदार्थम् । तेन कालातीत–प्रकरण–समयोर्व्यवच्छेदः । तत्र कालातीतस्य पक्षदोषेष्वन्तर्भावः । "**प्रत्यक्षागम–बाधितकर्मनिर्देशानन्तरप्रयुक्तः कालात्ययापदिष्टः**" इति हि तस्य लक्षणमिति, यथा अनुष्णस्तेजोऽवयवी कृतकत्वाद् घटवदिति । प्रकरण–समस्तु न सम्भवत्येव; न ह्यस्ति सम्भवो यथोक्तलक्षणेऽनुमाने प्रयुक्तेऽदूषिते वाऽनुमानान्तरस्य । यत्तूदाहरणम्–अनित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वात् इत्येकेनोक्ते द्वितीय आह–नित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वादिति । तदती–

वासाम्प्रतम् । को हि चतुरङ्गसभायां वादी प्रतिवादी वैवंविधमसम्बद्धमनुन्मत्तोऽभिदधीतेति ? ॥१६॥

36. સૂત્રમાં 'ત્રણ' ('त्रय') પદ હેત્વાભાસની ન્યૂનાધિક સંખ્યાનો પ્રતિષેધ કરવા મૂક્યું છે. તેનાથી [નૈયાયિકોએ સ્વીકારેલા] કાલાતીત અને પ્રકરણસમ એ બે હેત્વાભાસોનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. તે બેમાંથી કાલાતીતનો સમાવેશ પક્ષદોષોમાં થઈ જાય છે. "પ્રત્યક્ષ કે આગમથી બાધિત પ્રતિજ્ઞા (જે સાધ્યનિર્દેશરૂપ હોય છે) પછી તરત પ્રયોજવામાં આવેલો હેતુ કાલાત્યયાપદિષ્ટ છે" એવું તેનું લક્ષણ છે. તેનું ઉદાહરણ છે — તેજોડવયવી(અગ્નિ) અનુષ્ણ છે કારણ કે તે કૃતક છે, જેમ કે ઘટ.

[જે હેતુનો સમબલ વિરોધી હેતુ હોય તેને નૈયાયિકો પ્રકરણસમ હેત્વાભાસ કહે છે.] પરંતુ પ્રકરણસમ હેત્વાભાસ તો સંભવતો જ નથી. યથોક્ત લક્ષણવાળા અનુમાનનો પ્રયોગ કરવામાં આવે અને તેમાં કોઈ દોષ દર્શાવવામાં ન આવે તો તેનું વિરોધી બીજું અનુમાન સંભવે જ નહિ. તેનું જે ઉદાહરણ આપવામાં આવે છે—'શબ્દ અનિત્ય છે કારણ કે તે પક્ષ અને સપક્ષ બેમાંથી અન્યતર (કોઈ એક) છે' આવું કોઈ એકે કહેતાં બીજો કોઈ કહે છે, 'શબ્દ નિત્ય છે કારણ કે તે પક્ષ અને સપક્ષ બેમાંથી કોઈ એક અર્થાત્ અન્યતર છે'—તે અત્યન્ત અયોગ્ય છે. વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ એ ચાર અંગોવાળી સભામાં આવું અસંબદ્ધ કયો ડાહ્યો બોલે ? (૧૬)

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

37. तत्रासिद्धस्य लक्षणमाह—

**नासन्ननिश्चितसत्त्वो वाऽन्यथानुपपन्न इति सत्त्वस्यासिद्धौ सन्देहे वाऽसिद्धः ॥१७॥**

37. આચાર્ય તે ત્રણમાંથી અસિદ્ધનું લક્ષણ કહે છે—

**અસત્ કે અનિશ્ચિત સત્ત્વવાળો હેતુ અન્યથાનુપપન્ન હોતો નથી એટલે તેના સત્ત્વની અસિદ્ધિ હોય ત્યારે કે તેના સત્ત્વ અંગે સન્દેહ હોય ત્યારે તે અસિદ્ધ હેત્વાભાસ છે. (૧૭)**

38. 'असन्' अविद्यमानो 'नान्यथानुपपन्नः' इति सत्त्वस्यासिद्धौ 'असिद्धः' हेत्वाभासः स्वरूपासिद्ध इत्यर्थः । यथा अनित्यः शब्दश्चाक्षुषत्वादिति । अपक्षधर्मत्वादयमसिद्ध इति न मन्तव्यमित्याह– 'नान्यथानुपपन्नः' इति । अन्यथानुपपत्तिरूपहेतुलक्षणविरहादयमसिद्धो नापक्षधर्मत्वात् । नहि

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पक्षधर्मत्वं हेतोर्लक्षणं तदभावेऽप्यन्यथानुपपत्तिबलाद्धेतुत्वोपपत्तेरित्युक्तप्रायम् । भट्टोऽप्याह—

**"पित्रोश्च ब्राह्मणत्वेन पुत्रब्राह्मणतानुमा ।**
**सर्वलोकप्रसिद्धा न पक्षधर्ममपेक्षते ॥" इति ।**

38. અસત્ અર્થાત્ અવિદ્યમાન હેતુમાં અન્યથાનુપપત્તિ (અવિનાભાવ) હોતી નથી, તેથી જે હેતુની સત્તાની સિદ્ધિ ન હોય તે અસિદ્ધ હેત્વાભાસ છે, સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ છે, જેમ કે 'શબ્દ અનિત્ય છે કારણ કે તે ચાક્ષુષ છે' [અહીં ચાક્ષુષત્વ હેતુ શબ્દમાં અવિદ્યમાન છે]. પરંતુ આ ચાક્ષુષત્વ હેતુ પક્ષનો ધર્મ ન હોવાથી (અર્થાત્ પક્ષમાં ન રહેતો હોવાથી) અસિદ્ધ છે એમ માનવું ન જોઈએ, તે જણાવવા માટે 'नान्यथानुपपन्नः' ('હેતુમાં અન્યથાનુપપત્તિ હોતી નથી તેથી') એમ સૂત્રમાં કહ્યું છે. અન્યથાનુપપત્તિરૂપ હેતુનું લક્ષણ તેનામાં ન હોવાથી તે અસિદ્ધ હેત્વાભાસ છે, અને નહિ કે પક્ષધર્મતા તેનામાં ન હોવાથી. તેનું કારણ એ છે કે પક્ષધર્મતા હેતુનું લક્ષણ નથી કેમ કે હેતુમાં પક્ષધર્મતા ન હોય પણ અન્યથાનુપપત્તિ હોય તો તેના બળે હેતુ ગમક બને છે. તેથી પક્ષધર્મતા નહિ પણ અન્યથાનુપપત્તિ જ હેતુનું લક્ષણ છે એ અમે પહેલાં જ જણાવી ગયા છીએ. કુમારિલ ભટ્ટે પણ કહ્યું છે, "'માતાપિતા બ્રાહ્મણ હોવાના કારણે' એ હેતુથી પુત્રના બ્રાહ્મણત્વનું અનુમાન સર્વલોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ આ અનુમાન હેતુમાં પક્ષધર્મતાની અપેક્ષા નથી રાખતું."

**39. तथा 'अनिश्चितसत्त्वः' सन्दिग्धसत्त्वः 'नान्यथानुपपन्नः' इति सत्त्वस्य सन्देहेऽप्यसिद्धो हेत्वाभासः सन्दिग्धासिद्ध इत्यर्थः । यथा बाष्पादिभावेन सन्दिह्यमाना धूमलताग्निसिद्धावुपदिश्यमाना, यथा चात्मनः सिद्धावपि सर्वगतत्वे साध्ये सर्वत्रोपलभ्यमानगुणत्वम्, प्रमाणाभावादिति ॥१७॥**

39. તથા જે હેતુ અનિશ્ચિત (સંદિગ્ધ) સત્ત્વવાળો હોય છે તે પણ અન્યથાનુપપત્તિથી રહિત હોય છે. એટલે હેતુના સત્ત્વ વિશે સંદેહ હોય ત્યારે પણ તે હેતુ અસિદ્ધ હોય છે, સંદિગ્ધાસિદ્ધ હોય છે, જેમ કે જેને અંગે તેના બાષ્પ આદિ હોવાનો સંદેહ થાય તે ધૂમરેખાને અગ્નિની સિદ્ધિમાં હેતુ તરીકે આપવી. બીજું ઉદાહરણ— આત્મા સિદ્ધ હોવા છતાં તેની સર્વવ્યાપકતા સિદ્ધ કરવા માટે કોઈ આવો હેતુપ્રયોગ કરે છે: 'આત્મા સર્વવ્યાપક છે કારણ કે તેના ગુણો સર્વત્ર ઉપલબ્ધ થાય છે.' અહીં આપવામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવેલો હેતુ 'કારણ કે આત્માના ગુણો સર્વત્ર ઉપલબ્ધ થાય છે (સર્વત્રોપલભ્યમાનગુણત્વ)' સંદિગ્ધ છે કારણ કે આત્માના ગુણોની સર્વત્રોપલબ્ધિમાં કોઈ પ્રમાણ નથી. (૧૭)

40. असिद्धप्रभेदानाह–

**वादिप्रतिवाद्युभयभेदाच्चैतद्भेदः ॥१८॥**

40. હવે આચાર્ય અસિદ્ધના ભેદો કહે છે—

**વાદી, પ્રતિવાદી અને ઉભયના ભેદે અસિદ્ધ હેત્વાભાસના ભેદો થાય છે. (૧૮)**

41. 'वादी' पूर्वपक्षस्थितः 'प्रतिवादी' उत्तरपक्षस्थितः उभयं द्वावेव वादिप्रतिवादिनौ । तद्भेदादसिद्धस्य 'भेदः' । तत्र वाद्यसिद्धो यथा परिणामी शब्द उत्पत्तिमत्वात् । अयं साङ्ख्यस्य स्वयं वादिनोऽसिद्धः, तन्मते उत्पत्तिमत्त्वस्यानभ्युपेतत्वात्, नासदुत्पद्यते नापि सद्विनश्यत्युत्पादविनाशयोराविर्भावतिरोभावरूपत्वादिति तत्सिद्धान्तात् । चेतनास्तरवः सर्वत्वगपहरणे मरणात् । अत्र मरणं विज्ञानेन्द्रियायुर्निरोधलक्षणं तरुषु बौद्धस्य प्रतिवादिनोऽसिद्धम् । उभयासिद्धस्तु चाक्षुषत्वमुक्तमेव । एवं सन्दिग्धासिद्धोऽपि वादिप्रतिवाद्युभयभेदात् त्रिविधो बोद्धव्यः ॥१८॥

41. પૂર્વપક્ષનો આશ્રય લેનારો વાદી છે, ઉત્તરપક્ષનો આશ્રય લેનારો પ્રતિવાદી છે અને ઉભય એટલે વાદી અને પ્રતિવાદી બન્નેય. તેમના ભેદથી અસિદ્ધ હેત્વાભાસના ભેદો થાય છે. [અર્થાત્ કોઈ હેતુ વાદીને અસિદ્ધ છે, કોઈ પ્રતિવાદીને અસિદ્ધ છે. આવો હેતુ અન્યતરાસિદ્ધ છે. કોઈ હેતુ એવો પણ હોય છે જે બન્નેને અસિદ્ધ હોય છે. આ હેતુ ઉભયાસિદ્ધ છે. આ ત્રણે અસિદ્ધ હેત્વાભાસનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે.]

(૧) વાદ્યસિદ્ધ — શબ્દ પરિણામી છે કારણ કે તે ઉત્પત્તિમાન છે. અહીં 'કારણ કે તે ઉત્પત્તિમાન છે' આ હેતુ ખુદ વાદી સાંખ્યને અસિદ્ધ છે કારણ કે સાંખ્ય કોઈ પણ પદાર્થને ઉત્પત્તિમાન માનતો નથી. તેના મતે અસત્‌ની ઉત્પત્તિ નથી અને સત્‌નો વિનાશ નથી. ઉત્પત્તિ અને વિનાશ એ તો આવિર્ભાવ અને તિરોભાવરૂપ જ છે. આવો સાંખ્યનો સિદ્ધાન્ત છે.

(૨) પ્રતિવાદ્યસિદ્ધ — વૃક્ષો ચેતન છે કારણ કે તેમની બધી ત્વચા (છાલ) કાઢી લેવાથી તેઓ મરી જાય છે. અહીં પ્રતિવાદી બૌદ્ધોને મરણહેતુ અસિદ્ધ છે. બૌદ્ધ મતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મરણનું લક્ષણ છે વિજ્ઞાન, ઇન્દ્રિય અને આયુનો નિરોધ. બૌદ્ધોને વૃક્ષોમાં આવું મરણ અસિદ્ધ છે. અહીં બૌદ્ધો પ્રતિવાદી છે.

(૩) ઉભયાસિદ્ધ — શબ્દ અનિત્ય છે કારણ કે તે ચાક્ષુષ છે. અહીં શબ્દની ચાક્ષુષતા વાદી અને પ્રતિવાદી બન્નેને અસિદ્ધ છે.

સન્દિગ્ધાસિદ્ધ હેત્વાભાસ પણ વાદી, પ્રતિવાદી અને ઉભયના ભેદે ત્રણ પ્રકારનો સમજી લેવો. [જે હેતુની સત્તા અંગે વાદીને સંદેહ હોય તે વાદીસંદિગ્ધાસિદ્ધ, જે હેતુની સત્તા અંગે પ્રતિવાદીને સંદેહ હોય તે પ્રતિવાદીસંદિગ્ધાસિદ્ધ, અને જે હેતુની સત્તા અંગે વાદી ને પ્રતિવાદી ઉભયને સંદેહ હોય તે ઉભયસંદિગ્ધાસિદ્ધ.] (૧૮)

42. नन्वन्येऽपि विशेष्यासिद्धादयो हेत्वाभासाः कैश्चिदिष्यन्ते ते कस्मान्नोक्ता इत्याह—

**विशेष्यासिद्धादीनामेष्वेवान्तर्भावः ॥१९॥**

42. વિશેષ્યાસિદ્ધ, વિશેષણાસિદ્ધ આદિ અન્ય અસિદ્ધ હેત્વાભાસો બીજાઓએ સ્વીકાર્યા છે તે કેમ નથી જણાવ્યા ? તેના ઉત્તરમાં આચાર્ય કહે છે —

**વિશેષ્યાસિદ્ધ વગેરેનો સમાવેશ એમનામાં જ થઈ જાય છે. (૧૯)**

43. 'एष्वेव' वादिप्रतीवाद्युभयासिद्धेष्वेव । तत्र विशेष्यासिद्धादय उदाह्रियन्ते । विशेष्यासिद्धो यथा अनित्यः शब्दः सामान्यवत्त्वे सति चाक्षुषत्वात् । विशेषणासिद्धो यथा अनित्यः शब्दश्चाक्षुषत्वे सति सामान्यविशेषवत्त्वात् । भागासिद्धो यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । आश्रयासिद्धो यथा अस्ति प्रधानं विश्वपरिणामित्वात् । आश्रयैकदेशासिद्धो यथा नित्याः प्रधानपुरुषेश्वराः अकृतकत्वात् । व्यर्थविशेष्यासिद्धो यथा अनित्यः शब्दः कृतकत्वे सति सामान्यवत्त्वात् । व्यर्थविशेषणासिद्धो यथा अनित्यः शब्दः सामान्यवत्त्वे सति कृतकत्वात् । सन्दिग्धविशेष्यासिद्धो यथा अद्यापि रागादियुक्तः कपिलः पुरुषत्वे सत्यद्याप्यनुत्पन्नतत्त्वज्ञानत्वात् । सन्दिग्धविशेषणासिद्धो यथा अद्यापि रागादियुक्तः कपिलः सर्वदा तत्त्वज्ञानरहितत्वे सति पुरुषत्वादित्यादि । एतेऽसिद्धभेदा यदान्यतरवाद्यसिद्धत्वेन विवक्ष्यन्ते तदा वाद्यसिद्धाः प्रतिवाद्यसिद्धा

वा भवन्ति । यदोभयवाद्यसिद्धत्वेन विवक्ष्यन्ते तदोभयासिद्धा भवन्ति ॥१९॥

43. 'એમનામાં (एतेषु) જ' એટલે વાદ્યસિદ્ધ, પ્રતિવાદ્યસિદ્ધ અને ઉભયાસિદ્ધમાં જ [વિશેષ્યાસિદ્ધ વગેરેનો સમાવેશ થઈ જાય છે.] તેમનાં ઉદાહરણો આપવામાં આવે છે.

(૧) વિશેષ્યાસિદ્ધ — શબ્દ અનિત્ય છે કારણ કે તે સામાન્ય(શબ્દત્વ)વાળો હોતાં ચાક્ષુષ છે (सामान्यवत्त्वे सति चाक्षुषत्वात्). 'કારણ કે તે સામાન્યવાળો હોતાં (सामान्यवत्त्वे सति) ચાક્ષુષ છે (चाक्षुषत्वात्)' એ આખો હેતુ છે. તેમાં 'સામાન્યવાળો હોતાં' એ વિશેષણ છે અને 'ચાક્ષુષત્વ' એ વિશેષ્ય છે. આ વિશેષણ અને વિશેષ્ય એ બે અંશોમાંથી વિશેષ્ય અસિદ્ધ છે. શબ્દમાં ચાક્ષુષત્વની સત્તા નથી. માટે તેને વિશેષ્યાસિદ્ધ માનવામાં આવેલો છે.

(૨) વિશેષણાસિદ્ધ — શબ્દ અનિત્ય છે, કારણ કે ચાક્ષુષ હોતાં સામાન્યવિશેષ-(અપરસામાન્ય શબ્દત્વ)વાળો છે (चाक्षुषत्वे सति सामान्यविशेषवत्त्वात्). અહીં આખા હેતુમાં 'ચાક્ષુષ હોતાં' એ વિશેષણ છે અને સામાન્યવિશેષવત્ત્વ એ વિશેષ્ય છે. તેમાંથી 'ચાક્ષુષ હોવાપણું' એ વિશેષણ શબ્દમાં અસિદ્ધ છે. માટે આ આખા હેતુને વિશેષણાસિદ્ધ માનવામાં આવ્યો છે.

(૩) ભાગાસિદ્ધ — શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રયત્નજન્ય (પ્રયત્નાનન્તરીયક) છે. અહીં 'પ્રયત્નજન્યત્વ' હેતુ કેટલાક શબ્દોમાં(મનુષ્ય ઉચ્ચારિત શબ્દોમાં) સિદ્ધ છે પરંતુ કેટલાક શબ્દોમાં (વીજળી, મેઘ આદિના શબ્દોમાં) અસિદ્ધ છે. તેથી આ હેતુ ભાગાસિદ્ધ કે એકદેશાસિદ્ધ છે.

(૪) આશ્રયાસિદ્ધ — પ્રધાન (પ્રકૃતિ) છે કારણ કે તે વિશ્વનું પરિણામિકારણ છે. [અહીં આપેલા હેતુનો આશ્રય પ્રધાન સાંખ્ય સિવાય બધાને અસિદ્ધ છે.]

(૫) આશ્રયૈકદેશાસિદ્ધ — પ્રધાન, પુરુષ અને ઈશ્વર નિત્ય છે, કારણ કે તેઓ અકૃતક છે. [અહીં આપેલા હેતુના આશ્રયનો એક દેશ નૈયાયિકોને માટે અસિદ્ધ છે કારણ કે તેમના માટે પ્રધાન અસિદ્ધ છે; અહીં આપેલા હેતુના આશ્રયનો એક દેશ સાંખ્યો માટે પણ અસિદ્ધ છે કારણ કે તેમના માટે ઈશ્વર અસિદ્ધ છે.]

(૬) વ્યર્થવિશેષ્યાસિદ્ધ — શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક હોતાં સામાન્યવાન્ છે. [અહીં 'કારણ કે તે કૃતક છે' એટલો હેતુ જ પર્યાપ્ત છે, સામાન્યવાન્ હેતુભાગ નિરર્થક છે. પૂર્વભાગ વિશેષણ છે. ઉત્તરભાગ વિશેષ્ય છે, અને તે વ્યર્થ છે. તેથી આ હેત્વાભાસ વ્યર્થવિશેષ્યાસિદ્ધ છે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) વ્યર્થવિશેષણાસિદ્ધ — શબ્દ અનિત્ય છે કારણ કે તે સામાન્યવાન્ હોતાં કૃતક છે. (सामान्यवत्त्वे सति कृतकत्वात्). [અહીં સામાન્યવાન્ હોતાં એ હેતુભાગ વિશેષણ છે અને 'કૃતકત્વ' હેતુભાગ વિશેષ્ય છે. પરંતુ જે હેતુભાગ વિશેષણ છે તે વ્યર્થ છે. તેથી આ હેત્વાભાસ વ્યર્થવિશેષણાસિદ્ધ છે.]

(૮) સન્દિગ્ધવિશેષ્યાસિદ્ધ — આજ પણ કપિલ મુનિ રાગાદિથી યુક્ત છે કારણ કે તે પુરુષ હોતાં તેમનામાં આજ પણ તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયુ નથી. [અહીં હેતુગત વિશેષ્ય 'કપિલમાં આજ પણ તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું નથી' (અદ્યાપિ કપિલમાં અનુત્પન્ન-તત્ત્વજ્ઞાનનું હોવું) સંદિગ્ધ છે. તેથી આ હેત્વાભાસ સંદિગ્ધવિશેષ્યાસિદ્ધ છે.]

(૯) સન્દિગ્ધવિશેષણાસિદ્ધ — આજ પણ કપિલ મુનિ રાગાદિથી યુક્ત છે કારણ કે તે સર્વદા તત્ત્વજ્ઞાનથી રહિત હોતાં પુરુષ છે. [અહીં 'કપિલ મુનિ સર્વદા તત્ત્વજ્ઞાનથી રહિત હોતાં' એ હેતુભાગ વિશેષણ છે અને તે વિશેષણ સન્દિગ્ધ છે. તેથી આ હેત્વાભાસ સંદિગ્ધવિશેષણાસિદ્ધ છે.]

આ અસિદ્ધ હેત્વાભાસના ભેદો જ્યારે વાદીને અસિદ્ધ તરીકે વિવાક્ષિત હોય ત્યારે વાદ્યસિદ્ધો છે, જ્યારે પ્રતિવાદીને અસિદ્ધ તરીકે વિવક્ષિત હોય ત્યારે પ્રતિવાદ્યસિદ્ધો છે અને જ્યારે ઉભયવાદ્યસિદ્ધ તરીકે વિવક્ષિત હોય ત્યારે ઉભયાસિદ્ધો છે. (૧૯)

JAINSITE.com जैनम् जयति शासनम्

44. विरुद्धस्य लक्षणमाह–

**विपरीतनियमोऽन्यथैवोपपद्यमानो विरुद्धः ॥२०॥**

44. હવે આચાર્ય વિરુદ્ધ હેત્વાભાસનું લક્ષણ કહે છે —

**જે હેતુનો સાધ્યથી વિપરીતની (સાધ્યના અભાવની) સાથે અવિનાભાવ હોય અને પરિણામે જે હેતુનું હોવું સાધ્યના વિના જ ઘટતું હોય તે હેતુ વિરુદ્ધ હેત્વાભાસ છે. (૨૦)**

45. 'विपरीतः' यथोक्ताद्विपर्यस्तो 'नियमः' अविनाभावो यस्य स तथा, तस्यैवोपदर्शनम् 'अन्यथैवोपपद्यमानः' इति । यथा नित्यः शब्दः कार्यत्वात्, परार्थाश्चक्षुरादयः सङ्घातत्वाच्छयनाशनाद्यङ्गवदित्यत्रासंहतपारार्थ्ये साध्ये चक्षुरादीनां संहतत्वं विरुद्धम् । बुद्धिमत्पूर्वकं क्षित्यादि कार्यत्वादित्य-त्राशरीरसर्वज्ञकर्तृपूर्वकत्वे साध्ये कार्यत्वं विरुद्धसाधनाद्विरुद्धम् ।

45. યથોક્ત અવિનાભાવનિયમથી ઊલટો નિયમ જે હેતુનો હોય તે હેતુ વિરુદ્ધ હેત્વાભાસ છે. આ જ વસ્તુને દર્શાવવા 'અન્યથૈવોપપદ્યમાન (હેતુ)' પદ સૂત્રમાં મૂક્યું છે. તેનો અર્થ છે 'અન્યથા અર્થાત્ સાધ્યના વિના જ જેનું હોવું ઘટતું હોય તે હેતુ.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણાર્થ, 'શબ્દ નિત્ય છે, કારણ કે તે કાર્ય છે.' [અહીં કાર્યત્વ હેતુ સાધ્ય નિત્યત્વ ન હોય ત્યાં જ અર્થાત્ જ્યાં અનિત્યત્વ હોય ત્યાં જ હોય છે. એટલે કે નિત્યત્વ સાધ્ય વિના જ હોય છે તેથી તે વિરુદ્ધ હેત્વાભાસ છે] બીજું ઉદાહરણ છે — ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પરાર્થ (આત્માર્થ) છે કારણ કે તે સંઘાતરૂપ છે, જેમ કે શયન, અશન આદિનાં અંગો. અસંહતપરાર્થતા સિદ્ધ કરવા આપેલો હેતુ 'ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનું સંહતત્વ' વિરુદ્ધ હેત્વાભાસ છે. [સંઘાતરૂપ ઇન્દ્રિયો તો સંઘાતરૂપ જીવના માટે છે એટલે તેઓ અસંહત પરને નહિ પણ તેથી વિરુદ્ધ સંહત પરને (સંસારી જીવને) સિદ્ધ કરે છે.] ત્રીજું ઉદાહરણ છે — પૃથ્વી વગેરે બુદ્ધિમત્કર્તૃક છે કારણ કે તે કાર્ય છે. અહીં અશરીર સર્વજ્ઞકર્તૃકતા સિદ્ધ કરવા આપેલો 'કાર્યત્વ' હેતુ વિરુદ્ધ છે કારણ કે તે સાધ્યથી વિપરીત સિદ્ધ કરે છે, અર્થાત્ કાર્યત્વ હેતુ તો સશરીર અને અસર્વજ્ઞ કર્તાને સિદ્ધ કરે છે.

46. अनेन येऽन्यैरन्ये विरुद्धा उदाहृतास्तेऽपि सङ्गृहीताः । यथा सति सपक्षे चत्वारो भेदाः । पक्षविपक्षव्यापको यथा नित्यः शब्दः कार्यत्वात् । पक्षव्यापको विपक्षैकदेशवृत्तिर्यथा नित्यः शब्दः सामान्यवत्त्वे सत्यस्मदादि-बाह्येन्द्रियग्राह्यत्वात् । पक्षैकदेशवृत्तिर्विपक्षव्यापको यथा नित्या पृथ्वी कृतकत्वात् । पक्षविपक्षैकदेशवृत्तिर्यथा नित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । असति सपक्षे चत्वारो विरुद्धाः । पक्षविपक्षव्यापको यथा आकाशविशेषगुणः शब्दः प्रमेयत्वात् । पक्षव्यापको विपक्षैकदेशवृत्तिर्यथा आकाशविशेषगुणः शब्दो बाह्येन्द्रियग्राह्यत्वात् । पक्षैकदेशवृत्तिर्विपक्षव्यापको यथा आकाश-विशेषगुणः शब्दोऽपदात्मकत्वात् । पक्षविपक्षैकदेशवृत्तिर्यथा आकाश-विशेषगुणः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । एषु च चतुर्षु विरुद्धता, पक्षैक-देशवृत्तिषु चतुर्षु पुनरसिद्धता विरुद्धता चेत्युभयसमावेश इति ॥२०॥

जैनम् जयति शासनम्

46. અન્ય તાર્કિકોએ જે અન્ય વિરુદ્ધ હેત્વાભાસનાં ઉદાહરણો આપ્યાં છે તે અન્ય વિરુદ્ધ હેત્વાભાસો પણ આ લક્ષણ દ્વારા સંગૃહીત થઈ જાય છે. તેમને ઉદાહરણથી જણાવીએ છીએ. સપક્ષ હોતાં (અર્થાત્ સપક્ષની વિદ્યમાનતામાં) આ હેત્વાભાસના ચાર ભેદો થાય છે.

(૧) પક્ષ-વિપક્ષવ્યાપક — તેનું ઉદાહરણ - શબ્દ નિત્ય છે કારણ કે તે કાર્ય છે. [અહીં કાર્ય હેતુ પક્ષ શબ્દમાં અને વિપક્ષ ઘટાદિમાં વ્યાપ્ત છે.] (૨) પક્ષવ્યાપક પરંતુ વિપક્ષૈકદેશવૃત્તિ — તેનું ઉદાહરણ — શબ્દ નિત્ય છે કારણ કે તે સામાન્યવાન હોતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણી બાહ્યેન્દ્રિય વડે ગ્રાહ્ય છે. [અહીં હેતુ પક્ષમાં વ્યાપ્ત છે પરંતુ ઘટાદિ કેટલાક વિપક્ષોમાં તે રહે છે અને દ્વયણુક તથા સુખ-દુઃખાદિ કેટલાક વિપક્ષોમાં તે રહેતો નથી.] (૩) પક્ષૈકદેશવૃત્તિ-વિપક્ષવ્યાપક — તેનું ઉદાહરણ — પૃથ્વી નિત્ય છે કારણ કે તે **કૃતક છે.** [અહીં કૃતકત્વ હેતુ પક્ષના એક ભાગમાં અર્થાત્ પરમાણુરૂપ પૃથ્વીમાં નથી **રહેતો, કાર્યરૂપ પૃથ્વીમાં રહે છે તેથી** તે પક્ષૈકદેશવૃત્તિ છે, પરંતુ વિપક્ષમાં — અનિત્ય **પદાર્થોમાં — તે વ્યાપ્ત છે.] (૪) પક્ષ**-વિપક્ષૈકદેશવૃત્તિ — તેનું ઉદાહરણ — શબ્દ નિત્ય **છે કારણ કે તે પ્રયત્નજન્ય છે.** [અહીં હેતુ પક્ષના એક ભાગમાં અર્થાત્ મનુષ્ય વગેરેથી ઉચ્ચરિત શબ્દમાં રહે છે પરંતુ પક્ષના બીજા ભાગમાં અર્થાત્ મેઘ, વીજળીના શબ્દમાં રહેતો નથી. વળી તે કેટલાક વિપક્ષોમાં અર્થાત્ ઘટાદિ અનિત્ય પદાર્થોમાં રહે છે પરંતુ કેટલાક વિપક્ષોમાં અર્થાત્ વીજળી આદિ અનિત્ય પદાર્થોમાં રહેતો નથી.]

સપક્ષ ન હોતાં (અર્થાત્ સપક્ષની અવિદ્યમાનતામાં) આ હેત્વાભાસના ચાર ભેદો થાય છે.

(૧) પક્ષ-વિપક્ષવ્યાપક — આનું ઉદાહરણ — શબ્દ આકાશનો વિશેષ ગુણ છે, કારણ કે તે પ્રમેય છે. [અહીં પ્રમેયત્વ હેતુ શબ્દમાં (પક્ષમાં) વ્યાપ્ત છે અને વિપક્ષ ઘટ આદિમાં પણ વ્યાપ્ત છે. સપક્ષ અહીં સંભવતો નથી. કારણ પક્ષ (શબ્દ) સિવાય બીજે ક્યાંય સાધ્ય (આકાશવિશેષગુણત્વ) રહેતું નથી. સપક્ષની અવિદ્યમાનતા આ રીતે પછી બીજા ભેદોમાં પણ સમજી લેવી.] (૨) પક્ષવ્યાપક-વિપક્ષૈકદેશવૃત્તિ — આનું ઉદાહરણ — શબ્દ આકાશનો વિશેષ ગુણ છે કારણ કે તે બાહ્ય ઇન્દ્રિય દ્વારા ગ્રાહ્ય છે. [અહીં હેતુ બાહ્યઇન્દ્રિયગ્રાહ્યત્વ શબ્દમાં (પક્ષમાં) વ્યાપીને રહે છે પરંતુ ઘટ આદિ કેટલાક વિપક્ષોમાં રહે છે અને સુખ-દુઃખ આદિ કેટલાક વિપક્ષોમાં રહેતો નથી.] (૩) પક્ષૈકદેશવૃત્તિ-વિપક્ષવ્યાપક — તેનું ઉદાહરણ — શબ્દ આકાશનો વિશેષ ગુણ છે કારણ કે તે અપદાત્મક છે. [અહીં અપદાત્મક હેતુ મેઘ, વીજળીના ધ્વનિરૂપ શબ્દમાં રહે છે પરંતુ પદરૂપ શબ્દોમાં રહેતો નથી, તેથી તે પક્ષના એક દેશમાં જ રહે છે, કિન્તુ વિપક્ષમાં તે હેતુ વ્યાપીને રહે છે કારણ કે શબ્દેતર બધા પદાર્થો અપદરૂપ જ છે.] (૪) પક્ષવિપક્ષૈકદેશવૃત્તિ — તેનું ઉદાહરણ — શબ્દ આકાશનો વિશેષ ગુણ છે, કારણ કે તે પ્રયત્નજન્ય છે. [અહીં પ્રયત્નજન્ય હેતુ કેટલાક શબ્દોમાં (મનુષ્યાદિ ઉચ્ચરિત શબ્દોમાં) રહે છે અને કેટલાક શબ્દોમાં (મેઘાદિના શબ્દોમાં) રહેતો નથી. આકાશ-વિશેષગુણત્વ સાધ્ય જ્યાં નથી તે બધા વિપક્ષો છે જેમકે ઘટ, પટ, વીજળી વગેરે, તેમાંથી ઘટ, પટ આદિ વિપક્ષોમાં પ્રયત્નજન્યત્વ છે જ્યારે વીજળી આદિ વિપક્ષોમાં પ્રયત્નજન્યત્વ નથી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ હેતુઓમાંથી ચાર વિરુદ્ધ હેત્વાભાસો જ છે. પરંતુ પક્ષૈકદેશવૃત્તિવાળા ચારમાંથી પ્રત્યેકમાં અસિદ્ધતા અને વિરુદ્ધતા બન્ને દોષો છે એટલે તે ચાર અસિદ્ધ હેત્વાભાસ પણ છે અને વિરુદ્ધ હેત્વાભાસ પણ છે. એટલે તેમનો તે બન્નેમાં સમાવેશ છે. (૨૦)

47. अनैकान्तिकस्य लक्षणमाह—

**नियमस्यासिद्धौ सन्देहे वाऽन्यथाप्युपपद्यमानोऽनैकान्तिकः ॥२१॥**

47. હવે આચાર્ય અનૈકાન્તિક હેત્વાભાસનું લક્ષણ કહે છે—

**અવિનાભાવનિયમની અસિદ્ધિ હોતાં કે તે નિયમમાં સંદેહ હોતાં સાધ્ય વિના પણ ઘટતો યા હોતો હેતુ અનૈકાન્તિક હેત્વાભાસ છે. (૨૧)**

48. "नियमः' अविनाभावस्तस्य 'असिद्धौ' 'अनैकान्तिकः' यथा अनित्यः शब्दः प्रमेयत्वात्, प्रमेयत्वं नित्येऽप्याकाशादावस्तीति । सन्देहे यथा असर्वज्ञः कश्चिद् रागादिमान् वा वक्तृत्वात् । स्वभावविप्रकृष्टाभ्यां हि सर्वज्ञत्ववीतरागत्वाभ्यां न वक्तृत्वस्य विरोधः सिद्धः, न च रागादिकार्यं वचनमिति सन्दिग्धोऽन्वयः । ये चान्येऽन्यैरनैकान्तिकभेदा उदाहृतास्त उक्तलक्षण एवान्तर्भवन्ति । पक्षत्रयव्यापको यथा अनित्यः शब्दः प्रमेयत्वात् । पक्षसपक्षव्यापको विपक्षैकदेशवृत्तिर्यथा गौरयं विषाणित्वात् । पक्षविपक्ष-व्यापकः सपक्षैकदेशवृत्तिर्यथा नायं गौः विषाणित्वात् । पक्षव्यापकः सपक्षविपक्षैकदेशवृत्तिर्यथा अनित्यः शब्दः प्रत्यक्षत्वात् । पक्षैकदेशवृत्तिः सपक्षविपक्षव्यापको यथा न द्रव्याण्याकाशकालदिगात्ममनांसि क्षणिक-विशेषगुणरहितत्वात् । पक्षविपक्षैकदेशवृत्तिः सपक्षव्यापी यथा न द्रव्याणि दिक्कालमनांसि अमूर्तत्वा पक्षसपक्षैकदेशवृत्तिर्विपक्षव्यापी यथा द्रव्याणि दिक्कालमनांसि अमूर्तत्वात् । पक्षत्रयैकदेशवृत्तिर्यथा अनित्या पृथ्वी प्रत्यक्षत्वादिति ॥२१॥

48. સૂત્રગત 'નિયમ' પદનો અર્થ છે અવિનાભાવનિયમ. તે અસિદ્ધ હોય તો હેતુ અનૈકાન્તિક હેત્વાભાસ બને છે. તેનું ઉદાહરણ — શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રમેય છે. અહીં પ્રમેયત્વ હેતુનો અવિનાભાવ સાધ્ય અનિત્યત્વ સાથે અસિદ્ધ છે કારણ કે પ્રમેયત્વ આકાશ વગેરે નિત્ય પદાર્થોમાં પણ છે.

સાધ્ય સાથે હેતુના અવિનાભાવમાં જો સંદેહ હોય તો પણ હેતુ અનૈકાન્તિક હેત્વાભાસ બને છે. તેનું ઉદાહરણ — અમુક પુરુષ અસર્વજ્ઞ અથવા રાગાદિમાન છે કારણ કે તે વક્તા છે. સ્વભાવથી જ વિપ્રકૃષ્ટ (અર્થાત્ પ્રત્યક્ષનો વિષય નહિ એવી) સર્વજ્ઞતા યા વીતરાગતા સાથે વક્તૃત્વનો વિરોધ સિદ્ધ નથી, અર્થાત્ જે વક્તા હોય તે સર્વજ્ઞ યા વીતરાગ ન હોય એવો અવિનાભાવ નિશ્ચિત નથી કેમકે વક્તૃત્વ (વચન) રાગાદિનું કાર્ય છે એ [પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી] સ્થાપિત થયું નથી. તેથી અહીં વક્તૃત્વ હેતુનો અસર્વજ્ઞત્વ યા રાગદિમત્ત્વ સાધ્ય સાથે અવિનાભાવ સંદિગ્ધ છે, અન્વય સંદિગ્ધ છે. તેથી અહીં વક્તૃત્વ હેતુ અનૈકાન્તિક છે.

અન્ય તાર્કિકાએ અનૈકાન્તિક હેત્વાભાસના અન્ય ભેદોનાં ઉદાહરણો આપ્યાં છે પરંતુ તે બધા ભેદો ઉક્ત લક્ષણમાં જ સંગૃહીત થઈ જાય છે. તે ભેદો નીચે પ્રમાણે છે— (૧) પક્ષત્રયવ્યાપક — અર્થાત્ પક્ષ, સપક્ષ અને વિપક્ષ ત્રણેમાં વ્યાપીને રહેનાર. ઉદાહરણ — શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રમેય છે. [અહીં પ્રમેયત્વ હેતુ પક્ષ શબ્દમાં, સપક્ષ ઘટપટાદિમાં અને વિપક્ષ આકાશાદિમાં વ્યાપ્ત છે.] (૨) પક્ષસપક્ષવ્યાપક-વિપક્ષૈકદેશવૃત્તિ — આ એવો હેતુ છે જે પક્ષ અને સપક્ષમાં વ્યાપીને રહે છે પરંતુ કેટલાક વિપક્ષોમાં રહે છે અને કેટલાક વિપક્ષોમાં રહેતો નથી. ઉદાહરણ — આ પશુ ગાય છે કારણ કે તેને શિંગડાં છે. [અહીં શૃંગવત્ત્વ હેતુ પક્ષરૂપ આ પશુમાં વ્યાપીને રહે છે અને સપક્ષરૂપ અન્ય ગાયોમાં પણ વ્યાપીને રહે છે પરંતુ ભેંસ આદિ કેટલાક વિપક્ષોમાં રહે છે જ્યારે અશ્વ આદિ કેટલાક વિપક્ષોમાં રહેતો નથી.] (૩) પક્ષવિપક્ષવ્યાપક-સપક્ષૈકદેશવૃત્તિ— આનું ઉદાહરણ છે— આ પશુ(બકરો) ગાય નથી કારણ કે તેને શિંગડાં છે. [આ હેતુ આ પશુમાં (પક્ષમાં અર્થાત્ આ બકરામાં) વ્યાપ્ત છે. વિપક્ષ છે ગાયો. તેમાં પણ તે વ્યાપ્ત છે. જે ગાય નથી તે બધા પશુઓ સપક્ષો છે તેમાંથી ભેંસ, ઘેટાં વગેરેમાં શિંગડાં છે અને અશ્વ, ગધેડામાં શિંગડાં નથી. તેથી હેતુ સપક્ષૈકદેશવૃત્તિ છે.] (૪) પક્ષવ્યાપક-સપક્ષવિપક્ષૈકદેશવૃત્તિ — તેનું ઉદાહરણ છે — શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રત્યક્ષ છે. [અહીં હેતુ 'પ્રત્યક્ષ' પક્ષમાં વ્યાપીને રહે છે. તે કેટલાક સપક્ષો દ્વ્યણુક આદિમાં નથી રહેતો અને કેટલાક સપક્ષ ઘટ આદિમાં રહે છે. કેટલાક વિપક્ષ સામાન્યમાં રહે છે અને કેટલાક વિપક્ષ આકાશ આદિમાં નથી રહેતો.] (૫) પક્ષૈકદેશવૃત્તિ-સપક્ષવિપક્ષવ્યાપક — આનું ઉદાહરણ છે - આકાશ, કાલ, દિક્, આત્મા અને મન દ્રવ્ય નથી કારણ કે તેઓ ક્ષણિક વિશેષ ગુણથી રહિત છે. [અહીં હેતુ 'ક્ષણિકવિશેષગુણરાહિત્ય' પક્ષૈકદેશમાં અર્થાત્ આત્મા અને આકાશમાં રહેતો નથી કારણ કે આત્મામાં સુખ, દુઃખ વગેરે ક્ષણિક વિશેષ ગુણો છે અને આકાશમાં શબ્દ ક્ષણિક વિશેષ ગુણ છે. પરંતુ હેતુ 'ક્ષણિકવિશેષગુણરાહિત્ય' પક્ષૈકદેશમાં અર્થાત્ કાલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિક્ અને મનમાં છે. અને હેતુ 'ક્ષણિકવિશેષગુણરાહિત્ય' બધા સપક્ષો અને બધા વિપક્ષોમાં વ્યાપ્ત છે. અહીં જે દ્રવ્ય નથી તે બધી વસ્તુઓ સપક્ષ છે. ગુણો દ્રવ્યમાં જ રહે છે. એટલે હેતુ 'ક્ષણિકવિશેષગુણરાહિત્ય' બધા સપક્ષોમાં છે. અહીં બધા વિપક્ષો છે પૃથ્વી, અપ્, તેજ, વાયુ આ ચાર જ દ્રવ્યો. તેમનામાં વિશેષ ગુણો હોવા છતાં તે ક્ષણિક નથી. એટલે બધા વિપક્ષો પણ ક્ષણિકવિશેષગુણરહિત છે.] (૬) પક્ષ-વિપક્ષૈકદેશવૃત્તિ-સપક્ષવ્યાપી — તેનું ઉદાહરણ છે - દિક્, કાલ અને મન દ્રવ્યો નથી કારણ કે તેઓ અમૂર્ત છે. [અહીં અમૂર્તત્વ હેતુ પક્ષના એક દેશમાં રહે છે અને બીજા દેશમાં રહેતો નથી અર્થાત્ દિક્ અને કાલમાં રહે છે પરંતુ મનમાં રહેતો નથી. જેટલાં દ્રવ્યો છે તે વિપક્ષો છે. તેમાંથી અમૂર્તત્વ આકાશમાં રહે છે પરંતુ પૃથ્વી આદિમાં રહેતો નથી. સપક્ષ ગુણાદિ છે. તેમાં અમૂર્તત્વ હેતુ વ્યાપીને રહે છે.] (૭) પક્ષસપક્ષૈકદેશવૃત્તિ-વિપક્ષવ્યાપી — તેનું ઉદાહરણ છે — દિક્, કાલ અને મન દ્રવ્ય છે કારણ કે તે અમૂર્ત છે. [અહીં દ્રવ્યેતર પદાર્થો વિપક્ષ છે અને અમૂર્તત્વ તેમનામાં વ્યાપીને રહે છે.] (૮) પક્ષત્રયૈકદેશવૃત્તિ — અર્થાત્ પક્ષ, સપક્ષ અને વિપક્ષ ત્રણેના એકદેશમાં રહેનારો હેતુ. તેનું ઉદાહરણ છે — પૃથ્વી અનિત્ય છે કારણ કે તે પ્રત્યક્ષ છે. [અહીં પક્ષનો એક ભાગ પરમાણુરૂપ પૃથ્વી પ્રત્યક્ષ નથી પરંતુ પક્ષના અન્ય ભાગ કાર્યરૂપ પૃથ્વી પ્રત્યક્ષ છે. અપ્ અને તેજના દ્વ્યણુક પ્રત્યક્ષ નથી. તેથી હેતુ સપક્ષના એક દેશમાં રહેતો નથી પણ બીજા દેશમાં સ્થૂળ કાર્યોરૂપ અપ્ આદિમાં રહે છે. અને નિત્ય પદાર્થો વિપક્ષો છે. તેમાંથી સામાન્ય પ્રત્યક્ષ છે અને આકાશ પ્રત્યક્ષ નથી. આમ પક્ષ, સપક્ષ અને વિપક્ષના એકદેશમાં જ પ્રત્યક્ષત્વ હેતુ રહે છે.] (૨૧)

49. उदाहरणदोषानाह—

**साधर्म्यवैधर्म्याभ्यामष्टावष्टौ दृष्टान्ताभासाः ॥२२॥**

49. હવે આચાર્ય ઉદાહરણદોષો કહે છે —

**સાધર્મ્ય અને વૈધર્મ્યના ભેદ દ્વારા આઠ આઠ દૃષ્ટાન્તાભાસો થાય છે. (૨૨)**

50. परार्थानुमानप्रस्तावादुदाहरणदोषा एवैते दृष्टान्तप्रभवत्वात् तु दृष्टान्तदोषा इत्युच्यन्ते । दृष्टान्तस्य च साधर्म्यवैधर्म्यभेदेन द्विविधत्वात् प्रत्येकम् 'अष्टावष्टौ' दृष्टान्तवदाभासमानाः 'दृष्टान्ताभासाः' भवन्ति ॥२२॥

50. પરાર્થાનુમાનનું પ્રકરણ હોવાથી આ ઉદાહરણોના જ દોષો છે. પરંતુ દૃષ્ટાન્ત દ્વારા ઉત્પન્ન થતા હોવાથી તેમને દૃષ્ટાન્તદોષો કહ્યા છે. સાધર્મ્ય અને વૈધર્મ્યના ભેદથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૃષ્ટાન્તના બે ભેદો થાય છે, પ્રત્યેક દૃષ્ટાન્તભેદના આઠ આઠ દોષ છે. જેઓ દૃષ્ટાન્તના લક્ષણથી રહિત હોવા છતાં દૃષ્ટાન્ત જેવા દેખાતા હોય તેઓ દૃષ્ટાન્તાભાસો છે. (૨૨)

51. तानेवोदाहरति विभजति च—

**अमूर्तत्वेन नित्ये शब्दे साध्ये कर्म-परिमाणु-घटाः साध्यसाधनोभयविकलाः ॥२३॥**

51. તે જ દૃષ્ટાન્તાભાસોને અને તેમના વિભાગોને આચાર્ય જણાવે છે—

**અમૂર્તત્વ હેતુથી શબ્દની નિત્યતા સિદ્ધ કરવા માટે આપવામાં આવેલાં કર્મ, પરમાણુ અને ઘટ દૃષ્ટાન્તો ક્રમશઃ સાધ્યવિકલ, સાધનવિકલ અને ઉભયવિકલ છે. (૨૩)**

52. नित्यः शब्दः अमूर्तत्वादित्यस्मिन् प्रयोगे कर्मादयो यथासङ्ख्यं साध्यादिविकलाः । तत्र कर्मवदिति साध्यविकलः, अनित्यत्वात् कर्मणः । परमाणुवदिति साधनविकलः, मूर्तत्वात् परमाणूनाम् । घटवदिति साध्यसाधनोभयविकलः अनित्यत्वान्मूर्तत्वाच्च घटस्येति । इति त्रयः साधर्म्यदृष्टान्ताभासाः ॥२३॥

**वैधर्म्येण परमाणुकर्माकाशाः साध्याद्यव्यतिरेकिणः ॥२४॥**

52. શબ્દ નિત્ય છે કારણ કે તે અમૂર્ત છે. આ અનુમાનપ્રયોગમાં કર્મ વગેરે દૃષ્ટાન્તો ક્રમશઃ સાધ્યાદિવિકલ છે. આ અનુમાનપ્રયોગમાં 'કર્મ જેમ' દૃષ્ટાન્ત સાધ્યવિકલ છે, કારણ કે કર્મ નિત્ય નથી; 'પરમાણુ જેમ' દૃષ્ટાન્ત સાધનવિકલ છે કારણ કે પરમાણુઓ અમૂર્ત નથી મૂર્ત છે; 'ઘટ જેમ' દૃષ્ટાન્ત સાધ્ય-સાધનોભયવિકલ છે કારણ કે ઘટ ન તો નિત્ય છે કે ન તો અમૂર્ત છે. આ ત્રણ સાધર્મ્યદૃષ્ટાન્તાભાસો છે. [તાત્પર્ય એ કે સાધર્મ્યદૃષ્ટાન્તમાં સાધ્ય અને સાધનરૂપ બન્ને ધર્મો હોવા જોઈએ પરંતુ અહીં આપવામાં આવેલાં દૃષ્ટાન્તોમાં કાં તો સાધ્યરૂપ ધર્મ નથી કાં તો સાધનરૂપ ધર્મ નથી કાં તો સાધ્ય અને સાધનરૂપ બન્ને ધર્મો નથી, એટલે તે સાધર્મ્યદૃષ્ટાન્તાભાસો છે. આમ સાધર્મ્યદૃષ્ટાન્તાભાસના ત્રણ ભેદ થાય — સાધ્યવિકલ, સાધનવિકલ અને સાધ્યસાધનોભયવિકલ.] (૨૩)

**વૈધર્મ્ય દ્વારા આપવામાં આવેલાં પરમાણુ, કર્મ અને આકાશ દૃષ્ટાન્તો ક્રમશઃ સાધ્યાવ્યતિરેકી, સાધનાવ્યતિરેકી અને ઉભયાવ્યતિરેકી છે. (૨૪)**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

53. नित्यः शब्दः अमूर्त्तत्वादित्यस्मिन्नेव प्रयोगे 'परमाणुकर्माकाशाः' साध्यसाधनोभयाव्यतिरेकिणो दृष्टान्तभासा भवन्ति । यन्नित्यं न भवति तदमूर्तमपि न भवति यथा परमाणुरिति साध्याव्यतिरेकी, नित्यत्वात् परमाणूनाम् । यथा कर्मेति साधनाव्यावृत्तः, अमूर्तत्वात् कर्मणः । यथाकाश-मित्युभयाव्यावृत्तः, नित्यत्वादमूर्त्तत्वाच्चाकाशस्येति त्रय एव वैधर्म्यदृष्टान्ता-भासाः ॥२४॥

53. શબ્દ નિત્ય છે કારણ કે તે અમૂર્ત છે — આ જ અનુમાનપ્રયોગમાં પરમાણુ, કર્મ અને આકાશ દૃષ્ટાન્તો ક્રમશઃ સાધ્યાવ્યતિરેકી, સાધનાવ્યતિરેકી અને સાધ્યસાધનોભયાવ્યતિરેકી દૃષ્ટાન્તાભાસો છે. 'જે નિત્ય નથી તે અમૂર્ત નથી, જેમ કે પરમાણુ.' આ પ્રયોગમાં પરમાણુ સાધ્યાવ્યતિરેકી દૃષ્ટાન્તાભાસ છે કારણ કે પરમાણુ નિત્ય હોય છે. 'જે નિત્ય નથી તે અમૂર્ત નથી, જેમ કે કર્મ'. આ પ્રયોગમાં કર્મ સાધનાવ્યતિરેકી દૃષ્ટાન્તાભાસ છે કારણ કે કર્મ(ક્રિયા) અમૂર્ત છે. 'જે નિત્ય નથી તે અમૂર્ત નથી, જેમ કે આકાશ.' આ પ્રયોગમાં આકાશ સાધ્યસાધનોભયાવ્યતિરેકી દૃષ્ટાન્તાભાસ છે કારણ કે આકાશ નિત્ય પણ છે અને અમૂર્ત પણ છે. આ ત્રણ વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસો છે. [વૈધર્મ્યદૃષ્ટાન્તમાં સાધ્યાભાવ અને સાધનાભાવ બન્ને હોવા જોઈએ પરંતુ અહીં આપવામાં આવેલાં દૃષ્ટાન્તોમાં કાં તો સાધ્યાભાવ નથી કાં તો સાધનાભાવ નથી કાં તો સાધ્યાભાવ-સાધનાભાવ ઉભય નથી એટલે તે વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસો છે. આમ વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસના ત્રણ ભેદો થાય — સાધ્યાવ્યતિરેકી, સાધનાવ્યતિરેકી અને સાધ્યસાધનોભયાવ્યતિરેકી.] (૨૪)

54. तथा–

**वचनाद्रागे रागान्मरणधर्मकिञ्चिज्ज्ञत्वयोः सन्दिग्धसाध्याद्यन्वय-व्यतिरेका रथ्यापुरुषादयः ॥२५॥**

54. તથા

**'વચન' હેતુથી રાગ સિદ્ધ કરવામાં અને 'રાગ' હેતુથી મરણધર્મતા તથા અસર્વજ્ઞતા સિદ્ધ કરવામાં રથ્યાપુરુષ (રસ્તે જતો માણસ) આદિ દૃષ્ટાન્તો સંદિગ્ધસાધ્યાન્વય, સંદિગ્ધસાધ્યવ્યતિરેક વગેરે દૃષ્ટાન્તાભાસો છે. (૨૫)**

55. सन्दिग्धसाध्यसाधनोभयान्वयाः सन्दिग्धसाध्यसाधनोभय-व्यतिरेकाश्च त्रयस्त्रयो दृष्टान्ताभासा भवन्ति । के इत्याह–'रथ्यापुरुषादयः'।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कस्मिन् साध्ये ? । 'रागे' 'मरणधर्मकिञ्चिज्ज्ञत्वयोः' च । कस्मादित्याह— 'वचनात्' 'रागात्' च । तत्र सन्दिग्धसाध्यधर्मान्वयो यथा विवक्षितः पुरुषविशेषो रागी वचनाद् रथ्यापुरुषवत् । सन्दिग्धसाधनधर्मान्वयो यथा मरणधर्माऽयं रागात् रथ्यापुरुषवत् । सन्दिग्धोभयधर्मान्वयो यथा किञ्चिज्ज्ञोऽयं रागात् रथ्यापुरुषवदिति । एषु परचेतोवृत्तीनां दुरधिगमत्वेन साधर्म्यदृष्टान्ते रथ्यापुरुषे रागकिञ्चिज्ज्ञत्वयोः सत्त्वं सन्दिग्धम् । तथा सन्दिग्धसाध्यव्यतिरेको यथा रागी वचनात् रथ्यापुरुषवत् । सन्दिग्धसाधन-व्यतिरेको यथा मरणधर्माऽयं रागात् रथ्यापुरुषवत् । सन्दिग्धोभयव्यतिरेको यथा किञ्चिज्ज्ञोऽयं रागात् रथ्यापुरुषवत् । एषु पूर्ववत् परचेतोवृत्तेर्दुरन्वय-त्वाद्वैधर्म्यदृष्टान्ते रथ्यापुरुषे रागकिञ्चिज्ज्ञत्वयोरसत्त्वं सन्दिग्धमिति ॥२५॥

55. સંદિગ્ધસાધ્યાન્વય, સંદિગ્ધસાધનાન્વય અને સંદિગ્ધસાધ્યસાધનાન્વય એ ત્રણ તથા સંદિગ્ધસાધ્યવ્યતિરેક, સંદિગ્ધસાધનવ્યતિરેક અને સંદિગ્ધસાધ્યસાધનવ્યતિરેક એ ત્રણ એમ આ છ દૃષ્ટાન્તાભાસો સંદેહને કારણે બને છે. આ દૃષ્ટાન્તાભાસો કયા છે ? તેના ઉત્તરમાં કહ્યું છે કે રથ્યાપુરુષ વગેરે. કયા સાધ્યમાં ? રાગ અને મરણધર્મતા તથા અસર્વજ્ઞતા સાધ્યોને સિદ્ધ કરવામાં. શેનાથી સિદ્ધ કરવામાં ? તેના જવાબમાં કહે છે કે 'વચન' અને 'રાગ' હેતુથી. આ છ દૃષ્ટાન્તાભાસોનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે.

(૧) સંદિગ્ધસાધ્યાન્વય — અમુક પુરુષ રાગી છે કારણ કે તે વક્તા છે, જેમ કે રસ્તે જતો માણસ. (અહીં રસ્તે જતા માણસમાં સાધ્ય રાગનું હોવું સંદિગ્ધ છે, કારણ કે બીજાના ચિત્તની વૃત્તિ જાણવી મુશ્કેલ છે.) (૨) સંદિગ્ધસાધનાન્વય — આ પુરુષ મરણધર્મા છે, કારણ કે એનામાં રાગ છે, જેમ કે રસ્તે જતો માણસ. (અહીં રસ્તે જતા માણસમાં સાધન રાગનું હોવું સંદિગ્ધ છે.) (૩) સંદિગ્ધસાધ્યસાધનાન્વય — આ પુરુષ અસર્વજ્ઞ છે કારણ કે તે રાગી છે, જેમ કે રસ્તે જતો માણસ. (અહીં રસ્તે જતા માણસમાં સાધ્ય અસર્વજ્ઞતા અને સાધન રાગીપણું હોવાં સંદિગ્ધ છે, નિશ્ચિત નથી.)

બીજા પુરુષોના ચિત્તની વૃત્તિ જાણવી દુષ્કર છે. તેથી રસ્તે જતા માણસના ચિત્તમાં રાગ, અલ્પજ્ઞાન છે કે નહિ તેનો નિશ્ચિય થઈ શકતો નથી. અન્વય દૃષ્ટાન્તમાં સાધ્ય અને સાધન બન્નેનું અસ્તિત્વ નિશ્ચિત હોવું જરૂરી છે. તેમનું અસ્તિત્વ નિશ્ચિત ન હોતાં અર્થાત્ સંદિગ્ધ હોતાં ઉપર્યુક્ત ત્રણ દૃષ્ટાન્તાભાસો થાય છે.

(૪) સંદિગ્ધસાધ્યવ્યતિરેક — આ પુરુષ રાગી છે કારણ કે તે વચનો બોલે છે, જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાગી નથી હોતા તે વચનો બોલતા નથી, જેમ કે રસ્તે જતો માણસ. (અહીં રસ્તે જતા માણસમાં સાધ્ય રાગીપણાનો અભાવ નિશ્ચિત નથી. વ્યતિરેકદૃષ્ટાન્તમાં સાધ્ય અને સાધન બન્નેનો અભાવ નિશ્ચિત હોવો જોઈએ.) (૫) સંદિગ્ધસાધનવ્યતિરેક — આ પુરુષ મરણધર્મા છે કારણ કે તે રાગી છે, જે રાગી નથી હોતા તે મરણધર્મા નથી હોતા, જેમ કે રસ્તે જતો માણસ. [અહીં દૃષ્ટાંતમાં સાધનનો અભાવ નિશ્ચિત નથી.] (૬) સંદિગ્ધોભયવ્યતિરેક — આ પુરુષ અલ્પજ્ઞ છે કારણ કે તે રાગી છે, જે રાગી નથી હોતા તે અલ્પજ્ઞ નથી હોતા, જેમકે રસ્તે જતો માણસ. [અહીં દૃષ્ટાન્તમાં સાધ્ય અલ્પજ્ઞતા અને સાધન રાગીપણું બન્નેનો અભાવ નિશ્ચિત નથી.]

આ બધાં દૃષ્ટાન્તોમાં રાગ અને અલ્પજ્ઞતાનો અભાવ નિશ્ચિત નથી કેમ કે બીજાની ચિત્તવૃત્તિને જાણવી દુષ્કર છે. (૨૫)

56. तथा—

**विपरीतान्वयव्यतिरेकौ ॥२६॥**

56. તથા

**વિપરીતાન્વય અને વિપરીતવ્યતિરેક (દૃષ્ટાન્તાભાસો) છે. (૨૬)**

57. 'विपरीतान्वयः' 'विपरीतव्यतिरेकः' च दृष्टान्ताभासौ भवतः । तत्र विपरीतान्वयो यथा यत् कृतकं तदनित्यमिति वक्तव्ये यदनित्यं तत् कृतकं यथा घट इत्याह । विपरीतव्यतिरेको यथा अनित्यत्वाभावे न भवत्येव कृतकत्वमिति वक्तव्ये कृतकत्वाभावे न भवत्येवानित्यत्वं यथाकाश इत्याह । साधनधर्मानुवादेन साध्यधर्मस्य विधानमित्यन्वयः । साध्यधर्मव्यावृत्त्यनुवादेन साधनधर्मव्यावृत्तिविधानमिति व्यतिरेकः । तयोरन्यथाभावे विपरीतत्वम् । यदाह—

**'साध्यानुवादाल्लिङ्गस्य विपरीतान्वयो विधिः ।**
**हेत्वभावे त्वसत्साध्यं व्यतिरेकविपर्यये ॥'' इति ॥२६॥**

**अप्रदर्शितान्वयव्यतिरेकौ ॥२७॥**

57. વિપરીતાન્વય અને વિપરીતવ્યતિરેક એ બે દૃષ્ટાન્તાભાસો છે. સાધનના સદ્ભાવમાં સાધ્યનો સદ્ભાવ જ્યાં પ્રદર્શિત કરવામાં આવતો હોય તે અન્વયદૃષ્ટાન્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેનાથી વિપરીત પ્રયોગ કરવો તે વિપરીતાન્વયદૃષ્ટાન્તાભાસ છે. ઉદાહરણ - જે કૃતક હોય તે અનિત્ય હોય એમ કહેવું જોઈએ; તેના બદલે જે અનિત્ય હોય તે કૃતક હોય જેમકે ઘટ, એમ કહેવું તે વિપરીતાન્વયદૃષ્ટાન્તાભાસ છે.

સાધ્યના અભાવમાં સાધનનો અભાવ જ્યાં પ્રદર્શિત કરવામાં આવતો હોય તે વ્યતિરેકદૃષ્ટાન્ત છે. તેનાથી વિપરીત પ્રયોગ કરવો તે વિપરીતવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે. ઉદાહરણ — જે અનિત્ય નથી તે કૃતક નથી એમ કહેવું જોઈએ; તેના બદલે જે કૃતક નથી તે અનિત્ય નથી જેમ કે આકાશ એમ કહેવું તે વિપરીતવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે.

સાધનરૂપ ધર્મનો અનુવાદ કરીને સાધ્યરૂપ ધર્મનું વિધાન કરવું એ અન્વય છે. સાધ્યરૂપ ધર્મના અભાવનો અનુવાદ કરીને સાધનરૂપ ધર્મના અભાવનું વિધાન કરવું એ વ્યતિરેક છે. અન્વય અને વ્યતિરેકનો અન્યથાભાવ એ વિપરીતાન્વય અને વિપરીતવ્યતિરેક છે. કહ્યું પણ છે, "સાધ્યરૂપ ધર્મનો અનુવાદ કરીને સાધનરૂપ ધર્મનું વિધાન કરવું એ વિપરીતાન્વય છે અને સાધનના અભાવનો અનુવાદ કરીને સાધ્યના અભાવનું વિધાન કરવું એ વિપરીતવ્યતિરેક છે." (૨૬)

**[વળી,] અપ્રદર્શિતાન્વય અને અપ્રદર્શિતવ્યતિરેક [નામનાં બીજા બે દૃષ્ટાન્તાભાસો છે.] (૨૭)**

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**58. 'अप्रदर्शितान्वयः' 'अप्रदर्शितव्यतिरेकः' च दृष्टान्ताभासौ । एतौ च प्रमाणस्यानुपदर्शनाद्भवतो न तु वीप्सासर्वावधारणपदानामप्रयोगात्, सत्स्वपि तेष्वसति प्रमाणे तयोरसिद्धेरिति । साध्यविकलसाधनविकलोभयविकलाः, सन्दिग्धसाध्यान्वयसन्दिग्धसाधनान्वयसन्दिग्धोभयान्वयाः, विपरीतान्वयः, अप्रदर्शितान्वयश्चेत्यष्टौ साधर्म्यदृष्टान्ताभासाः । साध्याव्यावृत्तसाधनाव्यावृत्तोभयाव्यावृत्ताः, सन्दिग्धसाध्यव्यावृत्तिसन्दिग्धसाधनव्यावृत्तिसन्दिग्धोभयव्यावृत्तयः, विपरीतव्यतिरेकः, अप्रदर्शितव्यतिरेकश्चेत्यष्टावेव वैधर्म्यदृष्टान्ताभासा भवन्ति ।**

58. અન્વયને ન દર્શાવવો તે પણ દૃષ્ટાન્તાભાસ છે અને વ્યતિરેકને ન દર્શાવવો તે પણ દૃષ્ટાન્તાભાસ છે. આ બે દૃષ્ટાન્તાભાસ તર્ક નામના વ્યાપ્તિગ્રાહક પ્રમાણને ન દર્શાવવાના કારણે થાય છે, વીપ્સા, સર્વ અને અવધારણ પદોનો પ્રયોગ ન કરવાના કારણે થતા નથી, કારણ કે તે પદોનો પ્રયોગ થયો હોય પરંતુ પ્રમાણ ન હોય તો અન્વય

અને વ્યતિરેકની સિદ્ધિ થતી નથી.

[તાત્પર્ય આ છે. 'પટ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' અહીં ઘટ દૃષ્ટાન્ત અપ્રદર્શિતાન્વયદૃષ્ટાન્તાભાસ છે કારણ કે અન્વય દૃષ્ટાન્ત પૂર્વે અન્વયવ્યાપ્તિ કહેવામાં આવી નથી. 'જે જે કૃતક હોય તે અનિત્ય હોય' આ અન્વયવ્યાપ્તિ કહેવી જોઈએ. 'પરમાણુ અનિત્ય નથી કારણ કે તે કૃતક નથી, આકાશની જેમ' અહીં આકાશ દૃષ્ટાન્ત અપ્રદર્શિતવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે કારણ કે વ્યતિરેક દૃષ્ટાન્ત પૂર્વે વ્યતિરેકવ્યાપ્તિ કહેવામાં નથી આવી. 'જે અનિત્ય નથી હોતું તે કૃતક નથી હોતું' આ વ્યતિરેકવ્યાપ્તિ કહેવી જોઈએ.]

બધા મળીને સાધર્મ્યદૃષ્ટાન્તાભાસ અને વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસના આઠ-આઠ ભેદ થયા.

સાધર્મ્યદૃષ્ટાન્તાભાસના આઠ ભેદો — (૧) સાધ્યવિકલ, (૨) સાધનવિકલ, (૩) સાધ્યસાધનોભયવિકલ, (૪) સંદિગ્ધસાધ્યાન્વય, (૫) સંદિગ્ધસાધનાન્વય, (૬) સંદિગ્ધસાધ્યસાધનોભયાન્વય, (૭) વિપરીતાન્વય અને (૮) અપ્રદર્શિતાન્વય.

વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસના આઠ ભેદો — (૧) સાધ્યાવ્યતિરેક (અપર નામ સાધ્યાવ્યાવૃત્ત), (૨) સાધનાવ્યતિરેક, (૩) સાધ્યસાધનોભયાવ્યતિરેક, (૪) સંદિગ્ધસાધ્યવ્યતિરેક, (૫) સંદિગ્ધસાધનવ્યતિરેક, (૬) સંદિગ્ધસાધ્યસાધનોભય-વ્યતિરેક, (૭) વિપરીતવ્યતિરેક અને (૮) અપ્રદર્શિતવ્યતિરેક.

59. नन्वनन्वयाव्यतिरेकावपि कैश्चिद् दृष्टान्ताभासावुक्तौ, यथा रागादिमानयं वचनात् । अत्र साधर्म्यदृष्टान्ते आत्मनि रागवचनयोः सत्यपि साहित्ये, वैधर्म्यदृष्टान्ते चोपलखण्डे सत्यामपि सह निवृत्तौ प्रतिबन्धाभावे-नान्वयव्यतिरेकयोरभाव इत्यनन्वयाव्यतिरेकौ । तौ कस्मादिह नोक्तौ ? । उच्यते—ताभ्यां पूर्वे न भिद्यन्त इति साधर्म्यवैधर्म्याभ्यां प्रत्येकमष्टावेव दृष्टान्ताभासा भवन्ति । यदाहुः—

**"लिङ्गस्यानन्वया अष्टावष्टावव्यतिरेकिणः ।**
**नान्यथानुपपन्नत्वं कथंचित् ख्यापयन्त्यमी ॥" इति ॥२७॥**

59. **શંકા** — કેટલાક આચાર્યોએ અનન્વયદૃષ્ટાન્તાભાસ અને અવ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ પણ કહ્યા છે. ઉદાહરણાર્થ, 'આ પુરુષ રાગાદિમાન છે કારણ કે તે વક્તા છે.' અહીં સાધર્મ્યદૃષ્ટાન્ત આત્મામાં રાગ અને વચન બન્ને સાથે હોય છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈધર્મ્યદૃષ્ટાન્ત પાષાણખંડમાં બન્નેનો અભાવ હોય છે. અર્થાત્ 'જે વક્તા હોય છે તે રાગાદિમાન્ હોય છે, જેમ કે સંસારી આત્મા (સાધર્મ્યદૃષ્ટાન્ત)', અને 'જે રાગાદિમાન નથી હોતા તે વક્તા પણ નથી હોતા, જેમ કે પાષાણખંડ (વૈધર્મ્યદૃષ્ટાન્ત). આમ સાધ્ય અને સાધન સાથે સાથે અને સાધ્યાભાવ અને સાધનાભાવ પણ સાથે સાથે હોવા છતાં સાધ્ય અને સાધન વચ્ચે અન્વય અને વ્યતિરેકનો વાસ્તવમાં અભાવ છે કારણ કે સાધ્ય સાથે સાધનનો અવિનાભાવસંબંધ નથી. [પરિણામે કોઈ આત્મામાં વક્તૃત્વ હોવા છતાં રાગાદિનો અભાવ હોય છે.] તેથી વચન હેતુનો રાગાદિ સાધ્ય સાથે અવિનાભાવ ન હોવાથી અનન્વય અને અવ્યતિરેક દોષો આવે છે. તો પછી આપે અનન્વયદૃષ્ટાન્તાભાસ અને અવ્યતિરેકદૃષ્ટાન્તાભાસને કેમ અહીં ગણાવ્યા નથી ?

સમાધાન — પૂર્વોક્ત ભેદો આ બેથી જુદા નથી. [એટલે તે બધા અનન્વય અને અવ્યતિરેકરૂપ જ છે. તેથી આ બે ભેદોને જુદા જણાવવાની જરૂરત નથી.] એટલે સાધર્મ્યદૃષ્ટાન્તાભાસ (અનન્વયદૃષ્ટાન્તાભાસ) અને વૈધર્મ્યદૃષ્ટાન્તાભાસ (અવ્યતિરેક-દૃષ્ટાન્તાભાસ) એ બેમાંથી પ્રત્યેકના આઠ આઠ ભેદો થાય છે. કહ્યું પણ છે, "સાધનના અનન્વય આઠ છે અને અવ્યતિરેક પણ આઠ છે. આ આઠ આઠ દૃષ્ટાન્તાભાસો સાધનના અન્યથાઅનુપપન્નત્વના અભાવને (અર્થાત્ સાધનના અવિનાભાવના અભાવને) જ એક રીતે તો જણાવે છે." (૨૭)

60. अवसितं परार्थानुमानमिदानीं तन्नान्तरीयकं दूषणं लक्षयति—

**साधनदोषोद्भावनं दूषणम् ॥२८॥**

60. પરાર્થાનુમાન[નિરૂપણ] સમાપ્ત થયું. હવે તેની સાથે સંબંધ રાખતા દૂષણનું લક્ષણ આચાર્ય આપે છે—

**સાધનના દોષોને પ્રગટ કરવા તે દૂષણ છે. (૨૮)**

61. 'साधनस्य' परार्थानुमानस्य ये असिद्धविरुद्धादयो 'दोषाः' पूर्वमुक्तास्तेषामुद्भाव्यते प्रकाश्यतेऽनेनेति 'उद्भावनम्' साधनदोषोद्भावकं वचनं 'दूषणम्' । उत्तरत्राभूतग्रहणादिह भूतदोषोद्भावना दूषणेति सिद्धम् ॥२८॥

61 સાધનના અર્થાત્ પરાર્થાનુમાનના જે અસિદ્ધ, વિરુદ્ધ વગેરે દોષો પહેલાં દર્શાવ્યા છે તેમને પ્રગટ કરનારું વચન દૂષણ છે. પછીના (૨૯મા) સૂત્રમાં 'અભૂત' (અર્થાત્ અવિદ્યમાન) પદ મૂક્યું હોઈ અહીં ભૂત (વિદ્યમાન) દોષોને પ્રગટ કરવા તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૂષણ છે, એ સિદ્ધ થાય છે. (૨૮).

62. दूषणलक्षणे दूषणाभासलक्षणं सुज्ञानमेव भेदप्रतिपादनार्थं तु तल्लक्षणमाह–

**अभूतदोषोद्भावनानि दूषणाभासा जात्युत्तराणि ॥२९॥**

62. દૂષણનું લક્ષણ કહેતાં દૂષણાભાસનું લક્ષણ સરળતાથી સમજાઈ જાય છે જ, પરંતુ તેના ભેદોનું નિરૂપણ કરવા માટે તેનું લક્ષણ આચાર્ય જણાવે છે —

**જે દોષો છે જ નહિ તેમને પ્રગટ કરવા તે દૂષણાભાસો જાત્યુત્તરો છે. (૨૯)**

63. अविद्यमानानां साधनदोषाणां प्रतिपादनान्यदूषणान्यपि दूषणवदाभासमानानि 'दूषणाभासाः' । तानि च 'जात्युत्तराणि' । जातिशब्दः सादृश्यवचनः । उत्तरसदृशानि जात्युत्तराणि उत्तरस्थानप्रयुक्तत्वात् । उत्तरसदृशानि जात्युत्तराणि । जात्या सादृश्येनोत्तराणि जात्युत्तराणि । तानि च सम्यग्घेतौ हेत्वाभासे वा वादिना प्रयुक्ते झटिति तद्दोषतत्त्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायाणि प्रत्यवस्थानान्यनन्तत्वात् परिसङ्ख्यातुं न शक्यन्ते, तथाप्यक्षपाददर्शितदिशा साधर्म्यादिप्रत्यवस्थानभेदेन साधर्म्यवैधर्म्योत्कर्षापकर्षवर्ण्यावर्ण्यविकल्पसाध्यप्राप्त्यप्राप्तिप्रसङ्गप्रतिदृष्टान्तानुत्पत्तिसंशयप्रकरणाहेत्वर्थापत्त्यविशेषोपपत्त्युपलब्ध्यनुपलब्धिनित्यानित्यकार्यसमरूपतया चतुर्विंशतिरुपदर्श्यन्ते ।

63. જે સાધનદોષો વાસ્તવમાં અવિદ્યમાન છે તેમને પ્રગટ કરવા તે દૂષણાભાસો છે, અર્થાત્ અદૂષણો હોવા છતાં દૂષણ જેવા દેખાય છે. તેમને જાત્યુત્તરો પણ કહેવામાં આવે છે. [તાત્પર્ય એ છે કે સાધનમાં દોષ ન હોવા છતાં દોષનો આરોપ કરવો એ દૂષણાભાસ છે. આ આરોપ સાદશ્યનો દુરુપયોગ કરીને કરવામાં આવે છે.]

'જાત્યુત્તર'પદમાં 'જાતિ' શબ્દ સાદશ્યનો વાચક છે. તેથી જેઓ ઉત્તર સદશ હોય તેઓ જાત્યુત્તરો છે. ઉત્તરના સ્થાને પ્રયુક્ત હોવાના કારણે જેઓ ઉત્તરસદશ છે તેઓ જાત્યુત્તરો છે. અથવા જાતિના કારણે અર્થાત્ સાદશ્યના કારણે જેઓ ઉત્તર તરીકે સમજાય તેઓ જાત્યુત્તરો છે.

વાદીએ સમચીન હેતુનો યા હેત્વાભાસનો પ્રયોગ કર્યો. પ્રતિવાદીને તેમાં ઝટ કોઈ દોષ ન સૂઝતાં તે હેતુસદશ જણાતો કોઈ અષ્ટંપષ્ટં પ્રયોગ કરી વાદીના હેતુનું નિરસન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે. નિરસનના આ પ્રકારો અગણિત છે. તેમની કોઈ નિયત સંખ્યા હોઈ શકે નહિ તેમ છતાં અક્ષપાદ મુનિએ પોતાના ન્યાયસૂત્રમાં દર્શાવેલી દિશા અનુસાર જાત્યુત્તરો અર્થાત્ જાતિઓ ચોવીસ જણાવવામાં આવે છે. તેમનાં નામ આ મુજબ છે — (૧) સાધર્મ્યસમા, (૨) વૈધર્મ્યસમા, (૩) ઉત્કર્ષસમા, (૪) અપકર્ષસમા, (૫) વર્ણ્યસમા, (૬) અવર્ણ્યસમા, (૭) વિકલ્પસમા, (૮) સાધ્યસમા, (૯) પ્રાપ્તિસમા, (૧૦) અપ્રાપ્તિસમા, (૧૧) પ્રસંગસમા, (૧૨) પ્રતિદૃષ્ટાન્તસમા, (૧૩) અનુત્પત્તિસમા, (૧૪) સંશયસમા, (૧૫) પ્રકરણસમા, (૧૬) અહેતુસમા, (૧૭) અર્થાપત્તિસમા, (૧૮) અવિશેષસમા, (૧૯) ઉપપત્તિસમા, (૨૦) ઉપલબ્ધિસમા, (૨૧) અનુપલબ્ધિસમા, (૨૨) નિત્યસમા, (૨૩) અનિત્યસમા, અને (૨૪) કાર્યસમા.

64. तत्र साधर्म्येण प्रत्यवस्थानं साधर्म्यसमा जातिः । यथा अनित्यः शब्दः कृतकत्वात् घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानम्— नित्यः शब्दो निरवयवत्वादाकाशवत् । न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्दो न पुनराकाशसाधर्म्यान्निरवयवत्वान्नित्य इति १ । वैधर्म्येण प्रत्यवस्थानं वैधर्म्यसमा जातिः । यथा अनित्यः शब्दः कृतकत्वादित्यत्रैव प्रयोगे स एव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते—नित्यः शब्दो निरवयवत्वात्; अनित्यं हि सावयवं दृष्टं घटादीति । न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्दो न पुनस्तद्वैधर्म्यान्निरवयवत्वान्नित्य इति २ । उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानमुत्कर्षापकर्षसमे जाती । तत्रैव प्रयोगे दृष्टान्तधर्मं कञ्चित् साध्यधर्मिण्यापादयन्नुत्कर्षसमां जातिं प्रयुङ्क्ते—यदि घटवत् कृतकत्वादनित्यः शब्दो घटवदेव मूर्तोऽपि भवतु । न चेन्मूर्तो घटवदनित्योऽपि मा भूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति ३ । अपकर्षस्तु घटः कृतकः सन्नश्रावणो दृष्ट एवं शब्दोप्यस्तु । नो चेद् घटवदनित्योऽपि मा भूदिति शब्दे श्रावणत्वधर्ममपकर्षतीति ४ । वर्ण्यावर्ण्याभ्यां प्रत्यवस्थानं वर्ण्यावर्ण्यसमे जाती । ख्यापनीयो वर्ण्यस्तद्विपरीतोऽवर्ण्यः । तावेतौ वर्ण्यावर्ण्यौ साध्यदृष्टान्तधर्मौ विपर्यस्यन् वर्ण्यावर्ण्यसमे जाती प्रयुङ्क्ते—यथाविधः शब्दधर्मः कृतकत्वादिर्न तादृग्घटधर्मो यादृग्घटधर्मो न तादृक् शब्दधर्म इति ५-६ । धर्मान्तरविकल्पेन प्रत्यवस्थानं विकल्पसमा जातिः । यथा कृतकं किञ्चिन्मृदु

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दृष्टं राङ्कवशय्यादि, किञ्चित्कठिनं कुठारादि, एवं कृतकं किञ्चिदनित्यं भविष्यति घटादि किञ्चिन्नित्यं शब्दादीति ७। साध्यसाम्यापादनेन प्रत्यवस्थानं साध्यसमा जातिः । यथा– यदि यथा घटस्तथा शब्दः, प्राप्तं तर्हि यथा शब्दस्तथा घट इति । शब्दश्च साध्य इति घटोऽपि साध्यो भवतु । ततश्च न साध्यः साध्यस्य दृष्टान्तः स्यात् । न चेदेवं तथापि वैलक्षण्यात्सुतरामदृष्टान्त इति ८ । प्राप्त्यप्राप्तिविकल्पाभ्यां प्रत्यवस्थानं प्राप्त्यप्राप्तिसमे जाती । यथा यदेतत् कृतकत्वं त्वया साधनमुपन्यस्तं तत्किं प्राप्य साधयत्यप्राप्य वा ?। प्राप्य चेत्; द्वयोर्विद्यमानयोरेव प्राप्तिर्भवति, न सदसतोरिति । द्वयोश्च सत्त्वात् किं कस्य साध्यं साधनं वा ? ९ । अप्राप्य तु साधनत्वमयुक्तमतिप्रसङ्गादिति १० । अतिप्रसङ्गापादनेन प्रत्यवस्थानं प्रसङ्गसमा जातिः । यथा यद्यनित्यत्वे कृतकत्वं साधनं कृतकत्व इदानीं किं साधनम् ? । तत्साधनेऽपि किं साधनमिति ? ११ । प्रतिदृष्टान्तेन प्रत्यवस्थानं प्रतिदृष्टान्तसमा जातिः । यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् घटवदित्युक्ते जातिवाद्याह–यथा घटः प्रयत्नानन्तरीयकोऽनित्यो दृष्ट एवं प्रतिदृष्टान्त आकाशं नित्यमपि प्रयत्नानन्तरीयकं दृष्टम्, कूपखननप्रयत्नानन्तरमुपलम्भादिति । न चेदमनैकान्तिकत्वोद्भावनम्, भङ्ग्यन्तरेण प्रत्यवस्थानात् १२ । अनुत्पत्त्या प्रत्यवस्थानमनुत्पत्तिसमा जातिः । यथा अनुत्पन्ने शब्दाख्ये धर्मिणि कृतकत्वं धर्मः क्व वर्तते ? । तदेवं हेत्वभावादसिद्धिरनित्यत्वस्येति १३ । साधर्म्यसमा वैधर्म्यसमा वा या जातिः पूर्वमुदाहृता सैव संशयेनोपसंह्रियमाणा संशयसमा जातिर्भवति। यथा किं घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्द उत तद्वैधर्म्यादाकाशसाधर्म्याद्वा निरवयवत्वान्नित्य इति ? १४ । द्वितीयपक्षोत्थापनबुद्ध्या प्रयुज्यमाना सैव साधर्म्यसमा वैधर्म्यसमा वा जातिः प्रकरणसमा भवति । तत्रैव अनित्यः शब्दः कृतकत्वाद् घटवदिति प्रयोगे—नित्यः शब्दः श्रावणत्वाच्छब्दत्ववदिति उद्भावनप्रकारभेदमात्रे सति नानात्वं द्रष्टव्यम् १५ । त्रैकाल्यानुपपत्त्या हेतोः प्रत्यवस्थानमहेतुसमा जातिः । यथा हेतुः साधनम् । तत् साध्यात् पूर्वं पश्चात् सह वा भवेत् ? । यदि पूर्वम्; असति साध्ये तत् कस्य साधनम् ? । अथ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पश्चात् साधनम्; पूर्वं तर्हि साध्यम्, तस्मिंश्च पूर्वसिद्धे किं साधनेन ?। अथ युगपत् साध्यसाधने; तर्हि तयोः सव्येतरगोविषाणयोरिव साध्यसाधनभाव एव न भवेदिति १६। अर्थापत्त्या प्रत्यवस्थानमर्थापत्तिसमा जातिः। यद्यनित्यसाधर्म्यात् कृतकत्वादनित्यःशब्दः, अर्थादापद्यते नित्यसाधर्म्यान्नित्य इति। अस्ति चास्य नित्येनाकाशादिना साधर्म्यं निरवयवत्वमित्युद्भावनप्रकारभेद एवायमिति १७। अविशेषापादनेन प्रत्यवस्थानमविशेषसमा जातिः। यथा यदि शब्दघटयोरेको धर्मः कृतकत्वमिष्यते तर्हि समानधर्मयोगात्तयोरविशेषे तद्वदेव सर्वपदार्थानामविशेषः प्रसज्यत इति १८। उपपत्त्या प्रत्यवस्थानमुपपत्तिसमा जातिः। यथा यदि कृतकत्वोपपत्त्या शब्दस्यानित्यत्वम्, निरवयवत्वोपपत्त्या नित्यत्वमपि कस्मान्न भवति ?। पक्षद्वयोपपत्त्याऽनध्यवसायपर्यवसानत्वं विवक्षितमित्युद्भावनप्रकारभेद एवायम् १९। उपलब्ध्या प्रत्यवस्थानमुपलब्धिसमा जातिः। यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वादिति प्रयुक्ते प्रत्यवतिष्ठते—न खलु प्रयत्नानन्तरीयकत्वमनित्यत्वे साधनम्; साधनं हि तदुच्यते येन विना न साध्यमुपलभ्यते। उपलभ्यते च प्रयत्नानन्तरीयकत्वेन विनाऽपि विद्युदादावनित्यत्वम्। शब्देऽपि क्वचिद्वायुवेगभज्यमानवनस्पत्यादिजन्ये तथैवेति २०। अनुपलब्ध्या प्रत्यवस्थानमनुपलब्धिसमा जातिः। यथा तत्रैव प्रयत्नानन्तरीयकत्वहेतावुपन्यस्ते सत्याह जातिवादी—न प्रयत्नकार्यः शब्दः प्रागुच्चारणादस्त्येवासावावरणयोगात्तु नोपलभ्यते। आवरणानुपलम्भेऽप्यनुपलम्भान्नास्त्येव शब्द इति चेत्; न, आवरणानुपलम्भेऽप्यनुपलम्भसद्भावात्। आवरणानुपलब्धेश्चानुपलम्भादभावः। तदभावे चावरणोपलब्धेर्भावो भवति। ततश्च मृदन्तरितमूलकीलोदकादिवदावरणोपलब्धिकृतमेव शब्दस्य प्रागुच्चारणादग्रहणमिति प्रयत्नकार्यत्वाभावान्नित्यः शब्द इति २१। साध्यधर्मनित्यानित्यत्वविकल्पेन शब्दनित्यत्वापादनं नित्यसमा जातिः। यथा अनित्यः शब्द इति प्रतिज्ञाते जातिवादी विकल्पयति—येयमनित्यता शब्दस्योच्यते सा किमनित्या नित्या वेति ?। यद्यनित्या; तदियमवश्यमपायिनीत्यनित्यताया अपायान्नित्यः शब्दः।


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अथानित्यता नित्यैव; तथापि धर्मस्य नित्यत्वात्तस्य च निराश्रयस्यानुपपत्तेस्तदाश्रयभूतः शब्दोऽपि नित्यो भवेत्, तदनित्यत्वे तद्धर्मनित्यत्वायोगादित्युभयथापि नित्यः शब्द इति २२। सर्वभावानित्यत्वोपपादनेन प्रत्यवस्थानमनित्यसमा जातिः। यथा घटेन साधर्म्यमनित्येन शब्दस्यास्तीति तस्यानित्यत्वं यदि प्रतिपाद्यते, तद् घटेन सर्वपदार्थानामस्त्येव किमपि साधर्म्यमिति तेषामप्यनित्यत्वं स्यात्। अथ पदार्थान्तराणां तथाभावेऽपि नानित्यत्वम्; तर्हि शब्दस्यापि तन्मा भूदिति। अनित्यत्वमात्रापादनपूर्वकविशेषोद्भावनाच्चाविशेषसमातो भिन्नेयं जातिः २३। प्रयत्नकार्यनानात्वोपन्यासेन प्रत्यवस्थानं कार्यसमा जातिः। यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वादित्युक्ते जातिवाद्याह– प्रयत्नस्य द्वैरूप्यं दृष्टम्–किञ्चिदसदेव तेन जन्यते यथा घटादि, किञ्चित्सदेवावरणव्युदासादिनाऽभिव्यज्यते यथा मृदन्तरितमूलकीलादि, एवं प्रयत्नकार्यनानात्वादेष प्रयत्नेन शब्दो व्यज्यते जन्यते वेति संशय इति। संशयापादनप्रकारभेदाच्च संशयसमातः कार्यसमा जातिर्भिद्यते २४।

64. (૧) સાધર્મ્યસમા — સાધર્મ્ય દેખાડી નિરાસ કરવો તે સાધર્મ્યસમા જાતિ છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' આવો પ્રયોગ કરવામાં આવતાં વિરોધી વ્યક્તિ સાધર્મ્યપ્રયોગ કરી ખંડન કરે છે અને કહે છે 'શબ્દ નિત્ય છે કારણ કે તે નિરવયવ છે, આકાશની જેમ.' ઘટની સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય હોય તો આકાશની સમાન નિરવયવ હોવાથી શબ્દને નિત્ય હોતાં રોકનારું કોઈ વિશેષ કારણ નથી.

(૨) વૈધર્મ્યસમા — વિસદશતા દર્શાવીને નિરાસ કરવો તે વૈધર્મ્યસમા જાતિ છે. તેનું ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' એવો પ્રયોગ કરવામાં આવતાં ત્યાં જ વૈધર્મ્ય દ્વારા વિરોધી હેતુનો પ્રયોગ કરવો — 'શબ્દ નિત્ય છે કારણ કે તે નિરવયવ છે, જે અનિત્ય હોય છે તે સાવયવ હોય છે, ઘટની જેમ.' જો ઘટની સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય હોય તો ઘટથી વિસદશ નિરવયવ હોવાથી શબ્દને નિત્ય હોતાં રોકનારું કોઈ વિશેષ કારણ નથી.

(૩) ઉત્કર્ષસમા — ઉત્કર્ષ (અધિકતા) દર્શાવીને હેતુનો નિરાસ કરવો તે ઉત્કર્ષસમા જાતિ છે. પહેલાંના જ પ્રયોગમાં દૃષ્ટાન્તના (સપક્ષના) કોઈ ધર્મનું સાધ્યધર્મીમાં (પક્ષમાં) આપાદન કરનારી ઉત્કર્ષસમા જાતિ છે. તેનું ઉદાહરણ — જો ઘટની સમાન કૃતક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી શબ્દ અનિત્ય હોય તો ઘટની સમાન તે મૂર્ત પણ હોવો જોઈએ. જો તે ઘટની સમાન મૂર્ત ના હોય તો તે ઘટની સમાન અનિત્ય પણ ન હો.

(૪) અપકર્ષસમા — અપકર્ષ (ન્યૂનતા) દર્શાવીને નિરાસ કરવો તે અપકર્ષસમા **જાતિ છે.** 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' એમ કહેવામાં આવતાં **આનું આ પ્રમાણે ખંડન કરવું તે અપકર્ષ**સમા જાતિ છે — 'ઘટ કૃતક હોવા સાથે શ્રાવણ **નથી તો તે જ પ્રમાણે શબ્દ પણ શ્રાવણ** ન હોવો જોઈએ. જો શબ્દ ઘટની જેમ અશ્રાવણ ન હોય તો તે **ઘટની જેમ અનિત્ય પણ** ન હો. અહીં શબ્દમાં શ્રાવણત્વ ધર્મની ન્યૂનતાની આપત્તિ આપી ખંડન કરવામાં આવ્યું છે.

(૫-૬) વર્ણ્યસમા-અવર્ણ્યસમા — વર્ણ્ય અને અવર્ણ્ય દ્વારા નિરાસ કરવો તે ક્રમશઃ વર્ણ્યસમા જાતિ અને અવર્ણ્યસમા જાતિ છે. ખ્યાપનીય અર્થાત્ સાધ્ય (જેને સિદ્ધ કરવાનો હોય તે) ધર્મ વર્ણ્ય છે. તેનાથી વિપરીત જે સિદ્ધ ધર્મ હોય તે અવર્ણ્ય છે. સાધ્યધર્મીનો (પક્ષનો) ધર્મ અને દૃષ્ટાન્તનો ધર્મ વિપરીત છે એ દર્શાવવું વર્ણ્યસમા જાતિ અને અવર્ણ્યસમા જાતિ છે. ['શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' આ પ્રયોગમાં સાધ્યધર્મી (પક્ષ) શબ્દ છે અને ઘટ દૃષ્ટાન્ત છે. પક્ષમાં જે ધર્મ સિદ્ધ કરવાનો હોય તે ધર્મ (અનિત્યત્વ) અને દૃષ્ટાન્તનો ધર્મ (અનિત્યત્વ) એક જ હોવો જોઈએ. પરંતુ ખંડન કરનાર કહે છે કે તે ધર્મ એક નથી, કારણ કે પક્ષનો ધર્મ અનિત્યત્વ હજુ સિદ્ધ કરવાનો છે જ્યારે દૃષ્ટાન્તનો ધર્મ અનિત્યત્વ તો સિદ્ધ છે. એટલે જેવું પક્ષનું અનિત્યત્વ છે તેવું દૃષ્ટાન્તનું નથી અને જેવું દૃષ્ટાન્તનું અનિત્યત્વ છે તેવું પક્ષનું નથી.] તેનું દૃષ્ટાન્ત— જેવા કૃતકત્વ આદિ ધર્મો શબ્દના (પક્ષના) છે તેવા ધર્મો ઘટના (દૃષ્ટાન્તના) નથી અને જેવા કૃતકત્વ આદિ ધર્મો ઘટના (દૃષ્ટાન્તના) છે તેવા ધર્મો શબ્દના (પક્ષના) નથી.

(૭) વિકલ્પસમા — ધર્માન્તરનો વિકલ્પ કરીને નિરાસ કરવો તે વિકલ્પસમા જાતિ છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે, કારણ કે તે કૃતક છે' આવા પ્રયોગનું ખંડન કરતાં કોઈ કહે છે 'કૃતક પદાર્થોમાં કેટલાક રજાઈ, ગાદલું જેવા પદાર્થો પોચા દેખ્યા છે અને કેટલાક કુહાડી જેવા પદાર્થો કઠિન દેખ્યા છે, તેવી જ રીતે કૃતક પદાર્થોમાં કેટલાક ઘટ જેવા પદાર્થો અનિત્ય હશે અને કેટલાક શબ્દ જેવા પદાર્થો નિત્ય હશે.'

(૮) સાધ્યસમા — સાધ્યની સાથે સમાનતા દર્શાવી નિરાસ કરવો તે સાધ્યસમા જાતિ છે. ઉદાહરણ — જો જેવો ઘટ (દૃષ્ટાન્ત) છે તેવો જ શબ્દ (સાધ્યધર્મી) હોય તો એનો અર્થ એ થયો કે જેવો શબ્દ છે તેવો જ ઘટ છે. આમ જ્યારે બન્ને સરખા છે ત્યારે શબ્દ સાધ્ય હોય તો ઘટ પણ સાધ્ય હોવો જોઈએ અને બન્ને સાધ્ય હોય તો એક સાધ્ય બીજા સાધ્યનું દૃષ્ટાન્ત કેવી રીતે બની શકે? જો બન્ને સરખા ન હોય તો બન્ને એકબીજાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિલક્ષણ જ હોય ને એવી સ્થિતિમાં ઘટ દૃષ્ટાન્ત ન જ બની શકે.

(૯-૧૦) પ્રાપ્તિસમા-અપ્રાપ્તિસમા — પ્રાપ્તિ અને અપ્રાપ્તિના વિકલ્પો ખડા કરીને હેતુનું ખંડન કરવું તે પ્રાપ્તિસમા અને અપ્રાપ્તિસમા જાતિ છે. ઉદાહરણ — આપે જે કૃતકત્વ હેતુનો પ્રયોગ કર્યો તે સાધ્યને પ્રાપ્ત કરીને સાધે છે કે સાધ્યને પ્રાપ્ત કર્યા વિના સાધે છે ? જો સાધ્યને પ્રાપ્ત કરીને સાધતો હોય તો પ્રાપ્તિ બે વિદ્યમાન પદાર્થોની જ સંભવે છે — એક વિદ્યમાન હોય અને બીજો અવિદ્યમાન હોય તો પ્રાપ્તિ સંભવતી નથી. અને જો બન્ને વિદ્યમાન હોય તો કોણ કોનું સાધન બનશે અને કોણ કોનું સાધ્ય બનશે. (૯) જો કહેવામાં આવે કે કૃતકત્વ હેતુ સાધ્યને પ્રાપ્ત કર્યા વિના જ સાધે છે તો તેમ કહેવું ઉચિત નથી. પ્રાપ્ત કર્યા વિના કોઈ કોઈને સાધતું નથી. અન્યથા અતિપ્રસંગદોષ આવે. (૧૦)

(૧૧) પ્રસંગસમા — અતિપ્રસંગદોષની આપત્તિ આપી નિરાસ કરવો તે પ્રસંગસમા જાતિ છે. ઉદાહરણ — જો શબ્દમાં અનિત્યતા સિદ્ધ કરવા માટે કૃતકત્વ હેતુ આપો છો તો શબ્દમાં કૃતકત્વ સિદ્ધ કરવા માટે કયો હેતુ છે ? અને તેને સિદ્ધ કરવા માટે પણ કયો હેતુ આપશો ?

(૧૨) પ્રતિદૃષ્ટાન્તસમા — વિરોધી દૃષ્ટાન્ત (પ્રતિદૃષ્ટાન્ત) દ્વારા નિરાસ કરવો તે પ્રતિદૃષ્ટાન્તસમા જાતિ છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે પ્રયત્નજન્ય હોવાથી, ઘટની જેમ' આમ કહેવામાં આવતાં જાતિવાદી તેનું ખંડન નીચે પ્રમાણે કરે છે — ઘટ પ્રયત્નજન્ય હોવાથી અનિત્ય દેખાય છે પણ તેવી જ રીતે વિરોધી દૃષ્ટાન્ત આકાશ નિત્ય હોવા છતાં પ્રયત્નજન્ય દેખાય છે કારણ કે કૂવો ખોદવાના પ્રયત્ન દ્વારા ઉત્પન્ન થતું આકાશ દેખાય છે. અહીં હેતુમાં અનૈકાન્તિક દોષને દેખાડવામાં નથી આવ્યો પરંતુ અન્ય ભંગીથી હેતુનો નિરાસ કરવામાં આવ્યો છે.

(૧૩) અનુત્પત્તિસમા — અનુત્પત્તિ દર્શાવીને નિરાસ કરવો તે અનુત્પત્તિસમા જાતિ છે. ઉદાહરણ — જ્યારે શબ્દ નામનો ધર્મી ઉત્પન્ન થયો નથી હોતો ત્યારે કૃતકત્વ ધર્મ (હેતુ) ક્યાં રહે છે ? કૃતકત્વ ધર્મ હોતો જ નથી. આમ હેતુના અભાવના કારણે સાધ્યરૂપ અનિત્યત્વ ધર્મની સિદ્ધિ થતી જ નથી.

(૧૪) સંશયસમા — પહેલાં જે સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા જાતિ ઉદાહરણ સાથે જણાવી છે તેમનો ઉપસંહાર જો સંશય દ્વારા કરવામાં આવે તો તેઓ સંશયસમા જાતિ બની જાય છે. ઉદાહરણ — ઘટ સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય છે કે પછી ઘટથી વિલક્ષણ આકાશ સમાન નિરવયવ હોવાથી તે નિત્ય છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૫) પ્રકરણસમા — બીજા પક્ષને ખડો કરવાના આશયથી પ્રયોજવામાં આવતી સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા જાતિ પ્રકરણસમા છે. 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે, ઘટની જેમ' એ જ અનુમાનપ્રયોગ કરવામાં આવતાં જાતિવાદી કહે છે — 'શબ્દ નિત્ય છે કારણ કે તે શ્રાવણ છે, શબ્દત્વની જેમ.' જો કે વાત તો એની એ જ છે પરંતુ દોષોદ્ભાવનની રીત જુદી હોવાથી આ જાતિને જુદી જાણવી જોઈએ.

(૧૬) અહેતુસમા — ત્રણે કાળમાં હેતુ ઘટતો નથી એ દર્શાવી નિરાસ કરવો તે અહેતુસમા જાતિ છે. ઉદાહરણ — હેતુ એટલે સાધન. સાધન કાં તો સાધ્યની પૂર્વે હોય કાં તો સાધ્યની પછી હોય કાં તો સાધ્યની સાથે સાથે હોય. [આ ત્રણ જ વિકલ્પો સંભવે છે.] જો કહો કે સાધન સાધ્યની પહેલાં હોય છે તો તે વખતે તો સાધ્યનો અભાવ છે, તો પછી તે કોનું સાધન બનશે ? [જો સાધ્ય જ ન હોય તો પછી સાધન કેવું ?] જો કહો કે સાધન સાધ્યની પછી હોય છે તો એનો અર્થ એ થયો કે સાધ્ય સાધનની પહેલાં વિદ્યમાન છે, સિદ્ધ છે તો પછી સાધનની આવશ્યકતા ક્યાં રહી ? જો સાધ્ય અને સાધન યુગપત્ હોય છે એમ કહેવામાં આવે તો યુગપત્ ઉત્પન્ન થનારાં ગાયનાં ડાબા અને જમણા બન્ને શિંગડાઓમાં જેમ સાધ્યસાધનભાવ સંભવતો નથી તેમ કોઈપણ યુગપત્ ઉત્પન્ન બે પદાર્થોમાં સાધ્યસાધનભાવ સંભવે જ નહિ.

(૧૭) અર્થાપત્તિસમા — અર્થાપત્તિ દ્વારા નિરસન કરવું તે અર્થાપત્તિસમા જાતિ છે. ઉદાહરણ — જો અનિત્ય સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય છે તો તેમાંથી અર્થાત્ ફલિત થાય કે નિત્ય સમાન હોવાથી શબ્દ નિત્ય છે અને શબ્દનું નિત્ય આકાશ સાથે નિરવયવત્વ ધર્મના આધારે સાધર્મ્ય તો છે જ. અહીં પણ દોષોદ્ભાવનની રીત જ જુદી છે.

(૧૮) અવિશેષસમા — વિશેષતાના અભાવની આપત્તિ આપી નિરસન કરવું તે અવિશેષસમા જાતિ છે. ઉદાહરણ — જો શબ્દ અને ઘટનો એક ધર્મ કૃતકત્વ માનશો તો સમાન ધર્મ તે બન્ને ધરાવતા હોવાના કારણે તે બન્નેમાં કોઈ વિશેષતા નથી, તેવી જ રીતે સર્વ પદાર્થોમાં વિશેષતાના અભાવની આપત્તિ આવશે.

(૧૯) ઉપપત્તિસમા — ઉપપત્તિ દ્વારા નિરાસ કરવો તે ઉપપત્તિસમા જાતિ છે. ઉદાહરણ — જો કૃતકત્વની ઉપપત્તિ દ્વારા શબ્દ અનિત્ય છે તો નિરવયવત્વની ઉપપત્તિ દ્વારા શબ્દ નિત્ય કેમ નહિ ? અહિં નિત્યતા અને અનિત્યતા બન્ને પક્ષોની ઉપપત્તિ થવાથી અનધ્યવસાયમાં (અનિશ્ચયમાં) પર્યવસાન થવું વિવક્ષિત છે. આમ દોષોદ્ભાવનની રીતમાં જ ભેદ છે.

(૨૦) ઉપલબ્ધિસમા — ઉપલબ્ધિ દ્વારા નિરાસ કરવો તે ઉપલબ્ધિસમા જાતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રયત્નજન્ય છે' આવો અનુમાનપ્રયોગ કરાતાં જાતિવાદી તેના ખંડનમાં આ મુજબ કહે છે—'પ્રયત્નજન્યતા અનિત્યતા સિદ્ધ કરવામાં સાધન નથી. સાધન તો તે કહેવાય છે જેની સાધ્ય વિના ઉપલબ્ધિ ન થઈ શકે પરંતુ વિદ્યુત્ (વીજળી) આદિમાં તો અનિત્યતા પ્રયત્નજન્યતા વિના પણ ઉપલબ્ધ થાય છે. આ જ રીતે, વાયુના વેગથી ભાંગી જતી વનસ્પતિ (વૃક્ષની ડાળી વગેરે)થી ઉત્પન્ન થતા શબ્દમાં પણ અનિત્યતા પ્રયત્નજન્યતા વિના ઉપલબ્ધ થાય છે.

(૨૧) અનુપલબ્ધિસમા — અનુપલબ્ધિ દ્વારા નિરાસ કરવો તે અનુપલબ્ધિસમા જાતિ છે. ઉદાહરણ— તે જ અનુમાનપ્રયોગમાં પ્રયત્નજન્યત્વ હેતુ રજૂ કરાતાં જાતિવાદી કહે છે, 'શબ્દ પ્રયત્નનું કાર્ય નથી કારણ કે ઉચ્ચારણ કરવામાં આવતાં પહેલાં પણ શબ્દ અસ્તિત્વ ધરાવતો હોય છે જ પરંતુ આવરણના કારણે તેની ઉપલબ્ધિ થતી નથી. જો કોઈ કહે કે આવરણની અનુપલબ્ધિ હોય છે ત્યારે પણ શબ્દની અનુપલબ્ધિ હોય છે, માટે ઉચ્ચારણ પહેલાં શબ્દ અસ્તિત્વ ધરાવતો નથી જ, તો એમ કહેવું યોગ્ય નથી કારણ કે આવરણની અનુપલબ્ધિમાં અનુપલબ્ધિનો સદ્ભાવ હોવાના કારણે આવરણાનુપલબ્ધિની અનુપલબ્ધિ છે, અને આવરણાનુપલબ્ધિની અનુપલબ્ધિ હોવાના કારણે આવરણાનુપલબ્ધિનો અભાવ છે, અને આવરણાનુપલબ્ધિનો અભાવ હોતાં આવરણોપલબ્ધિનો ભાવ થાય છે, અને આવરણોપલબ્ધિના ભાવના કારણે માટીમાં દબાયેલાં/ઢંકાયેલાં મૂળ, ખીલા વગેરેની જેમ (અસ્તિત્વ ધરાવતા) શબ્દની ઉચ્ચારણ પહેલાં અનુપલબ્ધિ (અગ્રહણ) છે, આમ શબ્દ પ્રયત્નનું કાર્ય ન હોવાથી નિત્ય છે.

(૨૨) નિત્યસમા — ખુદ સાધ્યરૂપ ધર્મમાં (પ્રસ્તુત અનિત્યતામાં) નિત્યતા અને અનિત્યતાના વિકલ્પો કરીને શબ્દની નિત્યતાનું આપાદન કરવું તે નિત્યસમા જાતિ છે. તેનું ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે' એવી પ્રતિજ્ઞા રજૂ કરાતાં જાતિવાદી વિકલ્પ કરે છે — આપ શબ્દની જે અનિત્યતા જણાવો છો તે અનિત્યતા ખુદ નિત્ય છે કે અનિત્ય ? જો કહો કે અનિત્ય તો તે અવશ્ય નાશ પામનારી છે અને તેનો નાશ થતાં શબ્દ નિત્ય બની જશે. જો કહો કે નિત્ય છે તો ધર્મ નિત્ય હોવાથી ધર્મી પણ નિત્ય જ હોવો જોઈએ કારણ કે ધર્મ ધર્મી વિના નિરાધાર રહી શકતો નથી, નિરાશ્રય ધર્મ ઘટતો નથી. જો શબ્દ અનિત્ય હોય તો તેનો ધર્મ(અનિત્યત્વ) નિત્ય ઘટી શકે નહિ. આમ બન્ને રીતે શબ્દની નિત્યતા જ આવી પડે છે, 'શબ્દ નિત્ય છે' એવું જ સિદ્ધ થાય છે.

(૨૩) અનિત્યસમા — સર્વભાવોની (વસ્તુઓની) અનિત્યતાનું આપાદન કરી હેતુનું ખંડન કરવું તે અનિત્યસમા જાતિ છે. ઉદાહરણ — જો અનિત્ય ઘટ સાથે સમાનતા હોવાના કારણે શબ્દને અનિત્ય કહેતા હો તો કોઈને કોઈ અંશમાં બધા જ ભાવો (બધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ વસ્તુઓ) ઘટ સાથે સમાનતા ધરાવે છે એટલે બધા જ ભાવો અનિત્ય બની જશે. અને જો સ્વીકારવામાં આવે કે અનિત્ય ઘટ સાથે સમાનતા હોવા છતાં કેટલાક ભાવો (આકાશ આદિ) અનિત્ય નથી, તો શબ્દ પણ અનિત્ય ન હો.

પૂર્વોક્ત (૧૮મી) અવિશેષસમા જાતિમાં બધી વસ્તુઓમાં સામાન્યપણે વિશેષતાના અભાવનું આપાદન કરવામાં આવે છે જ્યારે આ અનિત્યસમા જાતિમાં બધી વસ્તુઓમાં અનિત્યતામાત્રનું આપાદન કરવામાં આવે છે.

(૨૪) કાર્યસમા — પ્રયત્નનાં કાર્યોનું નાનાત્વ (વૈવિધ્ય યા પ્રકારભેદ) દર્શાવીને હેતુનું નિરસન કરવું તે કાર્યસમા જાતિ છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે પ્રયત્નજન્ય છે' એમ કહેવામાં આવતાં જાતિવાદી કહે છે, 'પ્રયત્નનું કાર્ય બે પ્રકારનું દેખાય છે — કોઈક કાર્ય અસત્ (ઉત્પત્તિ પૂર્વે અસત્) જ પ્રયત્ન વડે ઉત્પન્ન થાય છે, જેમ કે ઘટ. કોઈક કાર્ય સત્ જ હોય છે, આવરણ દૂર થવાથી કેવળ તે પ્રગટ થાય છે જેમ કે માટી નીચે રહેલાં મૂળ, ખીલા વગેરે. પ્રયત્નજન્ય કાર્યોના આ વૈવિધ્યના કારણે સંશય પેદા થાય છે કે પ્રયત્ન વડે શબ્દને કેવળ પ્રગટ(વ્યક્ત) કરવામાં આવે છે કે ઉત્પન્ન કરવામાં આવે છે?

સંશયસમા અને કાર્યસમા જાતિઓમાં સંશયનું આપાદન કરવાની રીતમાં ભેદ છે, એટલે કાર્યસમા જાતિ સંશયસમા જાતિથી ભિન્ન છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

65. तदेवमुद्भावनविषयविकल्पभेदेन जातीनामानन्त्येऽप्यसङ्कीर्णोदाहरणविवक्षया चतुर्विंशतिर्जातिभेदा एते दर्शिताः । प्रतिसमाधानं तु सर्वजातीनामन्यथानुपपत्तिलक्षणानुमानलक्षणपरीक्षणमेव । न ह्यविप्लुतलक्षणे हेतावेवंप्रायाः पांशुपाताः प्रभवन्ति । कृतकत्वप्रयत्नानन्तरीयकत्वयोश्च दृढप्रतिबन्धत्वान्नावरणादिकृतं शब्दानुपलम्भनमपि त्वनित्यत्वकृतमेव । जातिप्रयोगे च परेण कृते सम्यगुत्तरमेव वक्तव्यं न प्रतीपं जात्युत्तरैरेव प्रत्यवस्थेयमासमञ्जस्य प्रसङ्गादिति ।

65. આમ [અસત્ દોષોની] ઉદ્ભાવનાના વિષયો અને વિકલ્પોના ભેદે જાતિઓ અનન્ત છે તો પણ અસંકીર્ણ ઉદાહરણો જણાવવાની ઇચ્છા હોવાના કારણે જાતિના આ ચોવીસ ભેદો દર્શાવવામાં આવ્યા. આ બધી જાતિઓનું પ્રતિસમાધાન અન્યથાનુપપત્તિરૂપ હેતુલક્ષણ અને અનુમાન લક્ષણની પરીક્ષા કરવી તે જ છે. કેમ? કારણ કે અન્યથાનુપપત્તિલક્ષણ ધરાવતા હેતુનો પ્રયોગ કરવામાં આવે તો તેના ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી ધૂળ નાખી શકાતી નથી. કૃતકત્વ અને પ્રયત્નાનન્તરીકત્વ હેતુઓમાં દૃઢ નિશ્ચિત અવિનાભાવસંબંધ છે તેથી શબ્દની અનુપલબ્ધિ આવરણના કારણે નથી પરંતુ અનિત્યત્વના કારણે જ છે.

સામી વ્યક્તિ જાતિનો પ્રયોગ કરે તો આપણે તો સમ્યક્ ઉત્તર જ આપવો જોઈએ, અસત્ ઉત્તર આપી તેનો પ્રતિષેધ/પ્રતિવાદ ન કરવો જોઈએ. જાત્યુત્તરની સામે જાત્યુત્તરનો પ્રયોગ કરવાથી અસ્પષ્ટતા અને અનૌચિત્ય જન્મે.

66. छलमपि च सम्यगुत्तरत्वाभावाज्जात्युत्तरमेव । उक्तं ह्येतदुद्भावनप्रकारभेदेनानन्तानि जात्युत्तराणीति । तत्र परस्य वदतोऽर्थविकल्पोपपादनेन वचनविघातश्छलम् । तत्त्रिधा वाक्छलं सामान्यच्छलमुपचारच्छलं चेति । तत्र साधारणे शब्दे प्रयुक्ते वक्तुरभिप्रेतादर्थादर्थान्तरकल्पनया तन्निषेधो वाक्छलम् । यथा नवकम्बलोऽयं माणवक इति नूतनविवक्षया कथिते परः सङ्ख्यामारोप्य निषेधति—कुतोऽस्य नव कम्बला इति ? । सम्भावनयातिप्रसङ्गिनोऽपि सामान्यस्योपन्यासे हेतुत्वारोपणेन तन्निषेधः सामान्यच्छलम् । यथा अहो नु खल्वसौ ब्राह्मणो विद्याचरणसम्पन्न इति ब्राह्मणस्तुतिप्रसङ्गे कश्चिद्वदति— सम्भवति ब्राह्मणे विद्याचरणसम्पदिति । तत् छलवादी ब्राह्मणत्वस्य हेतुतामारोप्य निराकुर्वन्नभियुङ्क्ते—यदि ब्राह्मणे विद्याचरणसम्पद् भवति, व्रात्येऽपि सा भवेत् व्रात्योऽपि ब्राह्मण एवेति । औपचारिके प्रयोगे मुख्यप्रतिषेधेन प्रत्यवस्थानमुपचारच्छलम् । यथा मञ्चाः क्रोशन्तीति उक्ते परः प्रत्यवतिष्ठते—कथमचेतनाः मञ्चाः क्रोशन्ति मञ्चस्थास्तु पुरुषाः क्रोशन्तीति । तदत्र छलत्रयेऽपि वृद्धव्यवहारप्रसिद्धशब्दसामर्थ्यपरीक्षणमेव समाधानं वेदितव्यमिति ॥२९॥

66. [હવે છલનું નિરૂપણ કરવામાં આવે છે.] છલ પણ સમ્યક્ ઉત્તરના અભાવરૂપ હોવાના કારણે જાત્યુત્તર જ છે. એ તો પહેલાં કહી જ દીધું છે કે ઉદ્ભાવનની રીતોમાં ભેદ હોવાના કારણે જાતિઓ અનન્ત છે. સામી વ્યક્તિ વચન બોલે એટલે તરત જ અર્થના વિકલ્પના આધારે તેના વચનનો વિઘાત કરવો (વચનનું ખંડન કરવું) તે છલ છે. [અર્થાત્ વક્તાને અભિપ્રેત અર્થથી બીજો જ વૈકલ્પિક અર્થ કરી તેના વચનને તોડી પાડવું તે છલ છે.] છલના ત્રણ પ્રકારો છે — (૧) વાક્છલ, (૨) સામાન્યછલ અને (૩) ઉપચારછલ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) વાક્છલ — જ્યારે અનેક અર્થો ધરાવતા એક શબ્દનો પ્રયોગ વક્તા કરે ત્યારે વક્તાને અભિપ્રેત અર્થ જાણી જોઈને છોડી બીજા અર્થની કલ્પના કરીને વક્તાના વચનને તોડવું, તેનો પ્રતિષેધ કરવો તે વાક્છલ છે. ઉદાહરણ — કોઈ કહે છે, 'આ બાલક પાસે નવકમ્બલ છે.' વક્તાને 'નવ' શબ્દનો વિવક્ષિત (અભિપ્રેત) અર્થ નવીન છે. (અર્થાત્ તે કહેવા માગે છે, 'આ બાલક પાસે નવીન કમ્બલ છે'). પરંતુ બીજી વ્યક્તિ 'નવ' શબ્દ ઉપર સંખ્યાનો આરોપ કરીને વક્તાના વચનનું ખંડન કરે છે — 'ક્યાં છે તેની પાસે નવ (૯) કમ્બલ?' [શબ્દની શક્તિવૃત્તિના અર્થાત્ અભિધાવૃત્તિના વ્યત્યયથી અર્થાન્તરની કલ્પના વક્તાના વચનને તોડવા માટે કરવી તે વાક્છલ છે. શબ્દની અનેકાર્થતાનો અહીં આશરો લેવામાં આવે છે.]

(૨) સામાન્યછલ — જ્યારે વક્તાએ સંભાવનાના આધારે એવું સામાન્યનું કથન કર્યું હોય જેને શબ્દશઃ લેતાં તે અનભીષ્ટ કિસ્સાઓને પણ લાગુ પડી જાય ત્યારે બીજી વ્યક્તિ તે કથન ઉપર તાર્કિક હેતુપણાનો આરોપ કરી તેનું ખંડન કરે છે, આ રીતનું વચનખંડન સામાન્યછલ છે. ઉદાહરણ — 'અહો ખરેખર આ બ્રાહ્મણ વિદ્યાચરણ-સમ્પન્ન છે' એમ બ્રાહ્મણસ્તુતિના પ્રસંગે કોઈ કહે છે ત્યારે કોઈ બોલે છે, 'બ્રાહ્મણમાં વિદ્યાચરણસમ્પત્તિ સંભવે છે', આ વાક્ય સાંભળી છલવાદી બ્રાહ્મણત્વમાં હેતુત્વનો આરોપ કરી પૂર્વોક્ત વચનનું ખંડન કરતો કહે છે, 'જો બ્રાહ્મણમાં વિદ્યાચરણસંપત્તિ હોય તો વ્રાત્યમાં પણ તે હોવી જોઈએ કારણ કે તે પણ બ્રાહ્મણ છે.'

[તાત્પર્ય આ છે — અહીં બ્રાહ્મણ હોવાના કારણે તેનામાં વિદ્યાચરણસંપત્તિ હોવાની સંભાવનામાત્ર જણાવવામાં આવી છે. પરંતુ છલવાદીએ બ્રાહ્મણત્વને હેતુ માની લીધો, અર્થાત્ આ પુરુષ વિદ્યાચરણસમ્પન્ન છે કારણ કે તે બ્રાહ્મણ છે, જે બ્રાહ્મણ હોય છે તે વિદ્યાચરણસમ્પન્ન હોય છે. આમ છલવાદી બ્રાહ્મણત્વ ઉપર હેતુત્વનો આરોપ કરી, હેતુનો સાધ્ય સાથે વ્રાત્યમાં વ્યભિચાર દર્શાવે છે. આ સામાન્યછલ છે.

બીજા શબ્દોમાં, તાત્પર્યવૃત્તિના વ્યત્યયથી અર્થાન્તરની કલ્પના કરી વક્તાના વચનને તોડવું તે સમાન્યછલ છે. ઉદાહરણાર્થ, બ્રાહ્મણમાં વિદ્યા સંભવે છે એવા આશયથી વાદીકહે છે, 'બ્રાહ્મણમાં વિદ્યા હોય છે.' આ સાંભળી પ્રતિવાદી વાદીનો આશય (તાત્પર્યાર્થ) 'સંભવ' અર્થમાં હતો તે ઉલટાવી 'નિયમ' અર્થમાં કલ્પે છે અને વાદીના વચનનું ખંડન કરતાં કહે છે, 'કેટલાક બ્રાહ્મણો વિદ્યાવિહીન હોય છે.']

(૩) ઉપચારછલ — શબ્દનો પ્રયોગ ઉપચરિત અર્થમાં કરવામાં આવ્યો હોય ત્યારે શબ્દનો મુખ્યાર્થ ગ્રહી તેને આધારે વચનનું ખંડન કરવું તે ઉપચારછલ છે. 'મંચો શોરબકોર કરે છે' એમ કોઈ કહે છે ત્યારે બીજો તેનું ખંડન કરે છે અને કહે છે, 'અચેતન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંચો શોરબકોર કેવી રીતે કરી શકે? [મંચો નહિ પરંતુ] મંચ ઉપર રહેલા પુરુષો શોરબકોર કરે છે.'

[લક્ષણાવૃત્તિના વ્યત્યયથી અર્થાન્તરની કલ્પના કરી વક્તાના વચનને તોડવું તે ઉપચારછલ છે. અર્થાત્ વક્તાને લક્ષ્યાર્થ અભિપ્રેત હોવા છતાં તે શબ્દના અભિધેયાર્થને ગ્રહી વક્તાના વચનનો પ્રતિષેધ કરવો તે ઉપચારછલ છે.]

વડીલ જનોના વ્યવહારથી પ્રસિદ્ધ શબ્દસામર્થ્યની પરીક્ષા કરવી એ જ આ ત્રણ છલોનું સમાધાન છે, એમ જાણવું જોઈએ. (૨૯)

67. साधनदूषणाद्यभिधानं च प्रायो वादे भवतीति वादस्य लक्षणमाह–

**तत्त्वसंरक्षणार्थं प्राश्निकादिसमक्षं साधनदूषणवदनं वादः ॥३०॥**

67. સાધન અને દૂષણનો પ્રયોગ પ્રાયઃ વાદમાં થાય છે, એટલે આચાર્ય વાદનું લક્ષણ કહે છે—

**તત્ત્વનું સંરક્ષણ કરવા માટે સભ્યો વગેરે સમક્ષ સાધન અને દૂષણનું કથન કરવું તે વાદ છે. (૩૦)**

68. स्वपक्षसिद्धये वादिनः 'साधनम्' तत्प्रतिषेधाय प्रतिवादिनो 'दूषणम्' । प्रतिवादिनोऽपि स्वपक्षसिद्धये 'साधनम्' तत्प्रतिषेधाय वादिनो 'दूषणम्' । तदेवं वादिनः साधनदूषणे प्रतिवादिनोऽपि साधनदूषणे द्वयोर्वादिप्रतिवादिभ्याम् 'वदनम्' अभिधानम् 'वादः' । कथमित्याह— 'प्राश्निकादिसमक्षम्' । प्राश्निकाः सभ्याः—

**"स्वसमयपरसमयज्ञाः कुलजाः पक्षद्वयेप्सिताः क्षमिणः ।**
**वादपथेष्वभियुक्तास्तुलासमाः प्राश्निकाः प्रोक्ताः ॥"**

इत्येवंलक्षणाः । 'आदि'ग्रहणेन सभापतिवादिप्रतिवादिपरिग्रहः, सेयं चतुरङ्गा कथा, एकस्याप्यङ्गस्य वैकल्ये कथात्वानुपपत्तेः । नहि वर्णाश्रमपालनक्षमं न्यायान्यायव्यवस्थापकं पक्षपातरहितत्वेन समदृष्टिं सभापतिं यथोक्तलक्षणांश्च प्राश्निकान् विना वादिप्रतिवादिनौ स्वाभिमतसाधनदूषणसरणिमाराधयितुं क्षमौ । नापि दुःशिक्षितकुतर्कलेशवाचालबालिशजनविप्लावितो गतानुगतिको

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जनः सन्मार्गं प्रतिपद्येतेति । तस्य फलमाह— 'तत्त्वसंरक्षणार्थम्' । 'तत्त्व'-शब्देन तत्त्वनिश्चयः साधुजनहृदयविपरिवर्ती गृह्यते, तस्य रक्षणं दुर्विदग्धजन-जनितविकल्पकल्पनात इति ।

68. પોતાના પક્ષને સિદ્ધ કરવા વાદી સાધન જણાવે છે. તેનો પ્રતિષેધ કરવા માટે પ્રતિવાદી દૂષણ જણાવે છે. પ્રતિવાદી પણ પોતાના પક્ષને સિદ્ધ કરવા સાધન જણાવે છે. તેનો પ્રતિષેધ કરવા વાદી દૂષણ જણાવે છે. તો આમ વાદીનાં સાધન અને દૂષણ તથા પ્રતિવાદીનાં સાધન અને દૂષણનું બન્ને વાદી અને પ્રતિવાદીએ વદવું (અભિધાન કરવું, કથન કરવું) તે વાદ છે. કેવી રીતે વદવું ? તેના ઉત્તરમાં કહ્યું છે, 'પ્રાશ્નિક વગેરે સમક્ષ'. સૂત્રગત 'પ્રાશ્નિક'નો અર્થ સભ્ય છે. પ્રાશ્નિકો અર્થાત્ સભ્યો આવા હોવા જોઈએ — 'સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તના જ્ઞાતા, કુલીન, બન્ને પક્ષોને માન્ય, ક્ષમાવાન, વાદમાર્ગોમાં નિપુણ, અને તુલા સમાન નિષ્પક્ષ ન્યાય કરનારાને પ્રાશ્નિકો કહ્યા છે.' પ્રાશ્નિકો આવાં લક્ષણો ધરાવતા હોય છે. સૂત્રગત 'આદિ' (વગેરે) પદથી સભાપતિ, વાદી અને પ્રતિવાદીનું ગ્રહણ કરવામાં આવ્યું છે. આમ કથા ચાર અંગોવાળી હોય છે, ચારમાંથી એક પણ અંગ ખૂટતું હોય તો કથાનું કથાપણું ઘટતું નથી. વર્ણાશ્રમના પાલનમાં સમર્થ, ન્યાય-અન્યાયની વ્યવસ્થા કરનાર અને નિષ્પક્ષ હોવાથી સમદૃષ્ટિવાળા સભાપતિ વિના તથા પૂર્વોક્ત લક્ષણો ધરાવતા પ્રાશ્નિકો વિના વાદી અને પ્રતિવાદી પોતપોતાને અભિમત સાધન-દૂષણની પ્રણાલીનું અવલંબન કરવા સમર્થ નથી. વળી, દુઃશિક્ષિત હોવાના કારણે પોતે શીખેલા થોડાક કુતર્કોથી વાચાળ બની ગયેલા બાલિશોની ટોળકી ગતાનુગતિક સામાન્ય જનને શ્રદ્ધાથી ચ્યુત કરી દે છે અને પરિણામે તે સન્માર્ગને પામી શકતો નથી. વાદનું ફળ કહે છે — 'તત્ત્વનું સંરક્ષણ વાદનું ફળ છે — પ્રયોજન છે (तत्त्वसंरक्षणार्थम्).' 'तत्त्व' પદથી ભદ્ર યા સાધુ જનોના હૃદયોમાં (ચિત્તોમાં) દૃઢપણે રહેલો તત્ત્વનિશ્ચય (તત્ત્વસંપ્રત્યય, તત્ત્વશ્રદ્ધા) સમજવો. પોતાને પંડિત માની બેઠેલા દુર્વિદગ્ધ જનોએ ખડા કરેલા કુતર્કવિકલ્પોની કલ્પનાથી તત્ત્વસંપ્રત્યય યા તત્ત્વશ્રદ્ધાનું રક્ષણ કરવું એ વાદનું પ્રયોજન છે. [જય, કીર્તિ કે અર્થલાભ વાદનું પ્રયોજન નથી.]

69. ननु तत्त्वरक्षणं जल्पस्य वितण्डाया वा प्रयोजनम् । यदाह— "**तत्त्वाध्यवसायसंरक्षणार्थं जल्पवितण्डे बीजप्ररोहसंरक्षणार्थं कण्टकशाखापरिचरणवत्**" [न्यायसू. ४.२.५०] इति; न, वादस्यापि निग्रहस्थानवत्त्वेन तत्त्वसंरक्षणार्थत्वात् । न चास्य निग्रहस्थानवत्त्वमसिद्धम् । "**प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्ष-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**प्रतिपक्षपरिग्रहो वादः**'' [न्यायसू. १.२.१] इति वादलक्षणे सिद्धान्ताविरुद्ध इत्यनेनापसिद्धातस्य, पञ्चावयवोपपन्न इत्यनेन न्यूनाधिकयोर्हेत्वाभासपञ्चकस्य चेत्यष्टानां निग्रहस्थानानामनुज्ञानात्, तेषां च निग्रहस्थानान्तरोपलक्षणत्वात्। अत एव न जल्पवितण्डे कथे, वादस्यैव तत्त्वसंरक्षणार्थत्वात्।

69. શંકા — તત્ત્વની રક્ષા કરવાનું પ્રયોજન જલ્પ અને વિતંડાનું પણ છે. કહ્યું પણ છે, 'જેમ ધાન્યના અંકુરોની રક્ષા કરવા [ખેતરની ચારે બાજુ] કાંટાની વાડ કરવામાં આવે છે તેવી જ રીતે તત્ત્વનિશ્ચયની (અર્થાત્ તત્ત્વશ્રદ્ધાનની, તત્ત્વસંપ્રત્યયની) રક્ષા કરવા માટે જલ્પ અને વિતંડાનો ઉપયોગ છે.' [ન્યાયસૂત્ર, ૪.૨.૫૦].

સમાધાન — આમ કહેવું યોગ્ય નથી કારણ કે વાદ નિગ્રહસ્થાનવાળો હોવાથી તત્ત્વસંરક્ષણ માટે છે. વાદનું નિગ્રહસ્થાનવાળા હોવું અસિદ્ધ નથી. 'પ્રમાણ, તર્ક, સાધન અને દૂષણના પ્રયોગવાળી, સિદ્ધાન્તથી વિરુદ્ધ ન જતી, પંચાવયવવાળા અનુમાનપ્રયોગથી યુક્ત એવી પક્ષ અને પ્રતિપક્ષની રજૂઆત વાદ છે' [ન્યાયસૂત્ર ૧.૨.૧.]. આ વાદલક્ષણમાં 'સિદ્ધાન્તથી વિરુદ્ધ ન જતી (સિદ્ધાન્તાવિરુદ્ધ)' પદ દ્વારા અપસિદ્ધાન્ત નામના નિગ્રહસ્થાનનો, 'પંચાવયવવાળા અનુમાનપ્રયોગથી યુક્ત (પંચાવયવોપપન્ન)' પદ દ્વારા ન્યૂન અને અધિક નિગ્રહસ્થાનોનો અને પાંચ હેત્વાભાસરૂપ નિગ્રહસ્થાનોનો એમ આઠ નિગ્રહસ્થાનોનો સ્વીકાર કરવામાં આવ્યો છે, અને આ આઠ નિગ્રહસ્થાનો બાકીનાં નિગ્રહસ્થાનોનું ઉપલક્ષણ છે. તેથી જલ્પ અને વિતંડા કથા નથી, કેવળ વાદ જ તત્ત્વસંરક્ષણ માટે છે.

70. ननु ''**यथोक्तोपपन्नच्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः**'' [न्या. १.२.२.] ''**स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा**'' [न्या. १.२.३.] इति लक्षणे भेदाज्जल्पवितण्डे अपि कथे विद्येते एव; न; प्रतिपक्षस्थापनाहीनाया वितण्डायाः कथात्वायोगाद्। वैतण्डिको हि स्वपक्षमभ्युपगम्यास्थापयन् यत्किञ्चिद्वादेन परपक्षमेव दूषयन् कथमवधेयवचनः ?। जल्पस्तु यद्यपि द्वयोरपि वादिप्रतिवादिनोः साधनोपालम्भसम्भावनया कथात्वं लभते तथापि न वादादर्थान्तरम्, वादेनैव चरितार्थत्वात्। छलजातिनिग्रहस्थानभूयस्त्वयोगादचरितार्थ इति चेत्; न, छलजातिप्रयोगस्य दूषणाभासत्वेनाप्रयोज्यत्वात्, निग्रहस्थानानां च वादेप्यविरुद्धत्वात्। न खलु खटचपेटामुखबन्धादयोऽनुचिता निग्रहा जल्पेऽप्युपयुज्यन्ते। उचितानां च

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निग्रहस्थानानां वादेऽपि न विरोधोऽस्ति । तत्र वादात् जल्पस्य कश्चिद् विशेषोऽस्ति । लाभपूजाख्यातिकामितादीनि तु प्रयोजनानि तत्त्वाध्यवसाय-संरक्षणलक्षणप्रधानफलानुबन्धीनि पुरुषधर्मत्वाद्वादेऽपि न निवारयितुं पार्यन्ते ।

70. **શંકા** — 'પૂર્વોક્ત લક્ષણો ધરાવતો અને વધુમાં છલ, જાતિ, નિગ્રહસ્થાન, સાધન અને દૂષણના પ્રયોગવાળો જલ્પ છે.' [ન્યાયસૂત્ર, ૧.૨.૨.]. 'પ્રતિપક્ષની સ્થાપનાથી રહિત તે [જલ્પ] વિતંડા છે.' [ન્યાયસૂત્ર, ૧.૨.૩]. આમ જલ્પ અને વિતંડાનાં લક્ષણો ભિન્ન હોવાથી જલ્પ અને વિતંડા એ બે કથાઓ પણ છે જ.

**સમાધાન** — પ્રતિપક્ષની સ્થાપનાથી રહિત વિતંડાને કથા ન ગણી શકાય. વૈતંડિક પોતાના પક્ષનો સ્વીકાર કરીને પણ તેને સિદ્ધ કરતો નથી પરંતુ જેમ તેમ બોલીને કેવળ પરપક્ષને દૂષિત કરે છે, એટલે તેનું કથન ધ્યાન દેવા યોગ્ય યા ઉપાદેય કેવી રીતે હોઈ શકે ? હા, જલ્પમાં વાદી અને પ્રતિવાદી બન્ને સ્વપક્ષસાધન અને પરપક્ષદૂષણ કરે છે એટલે તે કથા તો છે તેમ છતાં તે વાદથી ભિન્ન નથી. વાદમાં જ તેનો સમાવેશ થઈ જાય છે.

**શંકા** — જલ્પમાં છલ, જાતિ, નિગ્રહસ્થાનની પ્રચુરતા હોય છે એટલે તેનો સમાવેશ વાદમાં ન થઈ શકે.

**સમાધાન** — ના, એમ કહેવું યોગ્ય નથી, કારણ કે છલ અને જાતિ ખરેખર દૂષણાભાસ છે એટલે અપ્રયોજ્ય છે અને નિગ્રહસ્થાનો તો વાદમાં પણ પ્રયુક્ત હોય છે કારણ કે તેમાં કોઈ વિરોધ નથી.

નિગ્રહો બે પ્રકારના છે — અનુચિત અને ઉચિત. ચાબૂક ફટકારવો, ધોલ મારવી, મોઢું બંધ કરી દેવું આદિ અનુચિત નિગ્રહો છે. જલ્પમાં પણ આવા અનુચિત નિગ્રહોનો પ્રયોગ કરવામાં આવતો નથી. ઉચિત નિગ્રહસ્થાનોનો પ્રયોગ તો વાદમાં પણ કરવામાં આવે છે, તેમાં કોઈ વિરોધ નથી. તેથી વાદથી જલ્પમાં કોઈ વિશેષતા નથી. [માટે વાદથી ભિન્ન જલ્પ નથી. વાદમાં જ જલ્પ સમાવિષ્ટ છે.]

લાભ, પૂજા અને ખ્યાતિની ઇચ્છા વગેરે પ્રયોજનો તત્ત્વસંરક્ષણરૂપ પ્રધાન ફળના ઉપર આધાર રાખતા ગૌણ યા આનુષંગિક ફળો છે અને આ જાતની ઇચ્છાઓ રૂપ પ્રયોજનોને રોકી શકાતાં નથી. [તાત્પર્ય એ છે કે લાભ, પૂજા, ખ્યાતિની ઇચ્છા આદિ પ્રયોજનો જલ્પમાં હોય છે અને વાદમાં નથી હોતાં એવું નથી. એટલે આ પ્રયોજનોના હોવા ન હોવાના આધારે જલ્પ અને વાદનો ભેદ કરી શકાય નહિ.]

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

71. ननु छलजातिप्रयोगोऽसदुत्तरत्वाद्वादे न भवति, जल्पे तु तस्यानुज्ञानादस्ति वादजल्पयोर्विशेषः । यदाह—

**"दुःशिक्षितकुतर्कांशलेशवाचालिताननाः ।**
**शक्याः किमन्यथा जेतुं वितण्डाटोपपण्डिताः ॥**

**गतानुगतिको लोकः कुमार्गं तत्प्रतारितः ।**
**मा गादिति च्छलादीनि प्राह कारुणिको मुनिः" ॥ इति ।**

नैवम् । असदुत्तरैः परप्रतिक्षेपस्य कर्तुमयुक्तत्वात्; न ह्यन्यायेन जयं यशो धनं वा महात्मानः समीहन्ते । अथ प्रबलप्रतिवादिदर्शनात् तज्जये धर्मध्वंससम्भावनात्, प्रतिभाक्षयेण सम्यगुत्तरस्याप्रतिभासादसदुत्तरैरपि पांशुभिरिवावकिरन्नेकान्तपराजयाद्वरं सन्देह इति धिया न दोषमावहतीति चेत्; न, अस्यापवादिकस्य जात्युत्तरप्रयोगस्य कथान्तरसमर्थनसामर्थ्याभावात् । वाद एव द्रव्यक्षेत्रकालभावानुसारेण यद्यसदुत्तरं कथञ्चन प्रयुञ्जीत किमेतावता कथान्तरं प्रसज्येत ? । तस्माज्जल्पवितण्डानिराकरणेन वाद एवैकः कथाप्रथां लभत इति स्थितम् ॥३०॥

JAINSITE.com जैनम् जयति शासनम्

71. **શંકા** — છલ અને જાતિનો પ્રયોગ અસત્ ઉત્તર હોવાથી વાદમાં કરાતો નથી પરંતુ જલ્પમાં તો તેમના પ્રયોગની અનુમતિ આપવામાં આવી છે. આ કારણે વાદ અને જલ્પમાં ભેદ છે. કહ્યું પણ છે, 'જેઓ દુઃશિક્ષિત હોવાના કારણે, શીખેલા થોડાક કુતર્કો વડે મુખથી વાચાળતાનું પ્રદર્શન કરે છે અને વિતંડાનો આડંબર કેમ કરવો એ ખૂબ જાણે છે તેવાઓને અન્યથા (અર્થાત્ છલ અને જાતિના પ્રયોગ વિના) શું જીતી શકાય ? [કદાપિ જીતી ન શકાય.] સામાન્ય જનો તો ગતાનુગતિક હોય છે એટલે તેઓ આ વૈતંડિક કુતાર્કિકોથી છેતરાઈને કુમાર્ગે ન વળી જાય તે ખાતર દયાળુ મુનિ અક્ષપાદે છલ વગેરેનો ઉપદેશ આપ્યો છે.' [ન્યાયમંજરી, પૃ. ૧૧]

**સમાધાન** — આ પ્રમાણે કહેવું યોગ્ય નથી કારણ કે અસત્ ઉત્તરો વડે પરપક્ષનું નિરસન કરવું ઉચિત નથી. મહાત્મા પુરુષ અન્યાય દ્વારા વિજય, યશ કે ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતા નથી.

**શંકા** — જો એક બાજુ પ્રતિવાદી પ્રબળ જણાય અને તેના વિજયી થવાથી ધર્મનો નાશ થવાની સંભાવના હોય અને બીજી બાજુ આપણી પ્રતિભા મારી જાય અને એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણે કોઈ સમ્યક્ ઉત્તર સૂઝે નહિ તો એકાન્ત પરાજય કરતાં તો જય-પરાજય અંગે સંદેહ બન્યો રહે એ વધુ સારું છે એમ વિચારી આંખમાં ધૂળ નાખવા સમાન અસત્ ઉત્તરોનો પ્રયોગ કરવો એ દોષાવહ નથી.

**સમાધાન** — ના, એમ કહેવું યોગ્ય નથી. એવો જાતિપ્રયોગ અપવાદરૂપ છે, [નિયમ નથી]. તેથી તેના આધારે એક જુદા પ્રકારની કથાનું સમર્થન ન કરી શકાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ અનુસાર કદાચિત્ વાદમાં જ અસત્ ઉત્તરનો પ્રયોગ કરી દેવામાં આવે તો શું એટલાથી તે વાદકથા અલગ પ્રકારની કથા બની જશે ? તેથી જલ્પ અને વિતંડાને છોડી એક માત્ર વાદ જ કથા કહેવડાવાને યોગ્ય છે, એ સિદ્ધાન્ત સ્થાપિત થયો. (૩૦)

72. वादश्च जयपराजयावसानो भवतीति जयपराजययोर्लक्षणमाह—

**स्वपक्षस्य सिद्धिर्जयः ॥३१॥**

72. જય અને પરાજય થતાં વાદ પૂરો થાય છે, સમાપ્ત થાય છે. તેથી આચાર્ય જય અને પરાજયનું લક્ષણ કહે છે—

**પોતાના પક્ષની સિદ્ધિ થઈ જવી તે જય છે. (૩૧)**

73. वादिनः प्रतिवादिनो वा या स्वपक्षस्य सिद्धिः सा जयः । सा च स्वपक्षसाधनदोषपरिहारेण परपक्षसाधनदोषोद्भावनेन च भवति । स्वपक्षे साधनमब्रुवन्नपि प्रतिवादी वादिसाधनस्य विरुद्धतामुद्भावयन् वादिनं जयति, विरुद्धतोद्भावनेनैव स्वपक्षे साधनस्योक्तत्वात् । यदाह—"**विरुद्धं हेतुमुद्भाव्य वादिनं जयतीतरः**" इति ॥३१॥

**असिद्धिः पराजयः ॥३२॥**

73. વાદી કે પ્રતિવાદીનો પોતાનો જે પક્ષ છે તેની સિદ્ધિ થઈ જવી તે તેનો જય છે. સ્વપક્ષની સિદ્ધિ ત્યારે થાય છે જ્યારે પોતાના પક્ષના સાધનમાં પ્રતિવાદી દ્વારા ઉદ્ભાવિત દોષોનો પરિહાર કરવામાં આવે અને પરપક્ષના સાધનમાં દોષોનું ઉદ્ભાવન કરવામાં આવે. હા, પ્રતિવાદી જો વાદીના સાધનમાં વિરુદ્ધતા દોષનું ઉદ્ભાવન કરે તો તે પોતાના પક્ષની સિદ્ધિમાં સાધનનો પ્રયોગ કર્યા વિના પણ વાદી ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે. પરપક્ષમાં વિરુદ્ધતા દોષનું ઉદ્ભાવન કરવું એ જ એક રીતે સ્વપક્ષમાં સાધનનો પ્રયોગ કરવા બરાબર છે. કહ્યું પણ છે, 'વિરુદ્ધ હેતુ વિરુદ્ધ છે એમ વિરુદ્ધતા દોષનું ઉદ્ભાવન કરીને વાદીને પ્રતિવાદી જીતી લે છે.' (૩૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વપક્ષની સિદ્ધિ ન થવી એ પરાજય છે. (૩૨)**

74. वादिनः प्रतिवादिनो वा या स्वपक्षस्य 'असिद्धिः' सा 'पराजयः'। सा च साधनाभासाभिधानात्, सम्यक्साधनेऽपि वा परोक्तदूषणानुद्धरणाद्भवति ॥३२॥

74. વાદી કે પ્રતિવાદીના પોતાના પક્ષની અસિદ્ધિ તે પરાજય છે. તે અસિદ્ધિ યા પરાજય સાધનના બદલે સાધનાભાસનો પ્રયોગ કરવાથી અથવા સમીચીન સાધનનો પ્રયોગ કરવા છતાં પણ પરોક્ત દૂષણનું નિવારણ ન કરવાથી થાય છે. (૩૨)

75. ननु यद्यसिद्धिः पराजयः, स तर्हि कीदृशो निग्रहः ? निग्रहान्ता हि कथा भवतीत्याह—

**स निग्रहो वादिप्रतिवादिनोः ॥३३॥**

75. **શંકા** — જો અસિદ્ધિ જ પરાજય છે તો નિગ્રહ કેવો હોય છે? વાદ નિગ્રહાન્ત હોય છે અર્થાત્ વાદી કે પ્રતિવાદી નિગ્રહસ્થાનને પામે છે ત્યારે વાદ સમાપ્ત થઈ જાય છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ શંકાના સમાધાનમાં આચાર્ય કહે છે—

**તે (અર્થાત્ પરાજય જ) વાદિ અને પ્રતિવાદીનો નિગ્રહ છે. (૩૩)**

76. 'सः' पराजय एव 'वादिप्रतिवादिनोः' 'निग्रहः' न वधबन्धादिः। अथवा स एव स्वपक्षासिद्धिरूपः पराजयो निग्रहहेतुत्वान्निग्रहो नान्यो यथाहुः परे—"**विप्रतिपत्तिरप्रतिपत्तिश्च निग्रहस्थानम्**" [न्यायसू. १. २. १९] इति ॥३३॥

76. વાદી કે પ્રતિવાદીનો તે પરાજય જ નિગ્રહ છે; વધ, બન્ધ વગેરે નિગ્રહ નથી. અથવા પોતાના પક્ષની અસિદ્ધિરૂપ પરાજય જ નિગ્રહનું કારણ હોવાથી નિગ્રહ કહેવાય છે. તેનાથી ભિન્ન કોઈ નિગ્રહ નથી, જેમ બીજાઓ (નૈયાયિકો) કહે છે, 'વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ નિગ્રહસ્થાન છે.' [ન્યાયસૂત્ર, ૧.૨.૧૯]. (૩૩)

77. तत्राह—

**न विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम् ॥३४॥**

77. આ અંગે આચાર્ય કહે છે—

કેવળ વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ નિગ્રહસ્થાન નથી.(૩૪)

78. विपरीता कुत्सिता विगर्हणीया प्रतिपत्तिः 'विप्रतिपत्तिः'— साधनाभासे साधनबुद्धिर्दूषणाभासे च दूषणबुद्धिः । अप्रतिपत्तिस्त्वारम्भविषयेऽनारम्भः । स च साधने दूषणं दूषणे चोद्धरणं तयोरकरणम् 'अप्रतिपत्तिः'। द्विधा हि वादी पराजीयते—यथाकर्तव्यमप्रतिपद्यमानो विपरीतं वा प्रतिपद्यमान इति । विप्रतिपत्त्यप्रतिपत्ती एव 'विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम्' 'न' पराजयहेतुः किन्तु स्वपक्षस्यासिद्धिरेवेति । विप्रतिपत्त्यप्रतिपत्त्योश्च निग्रहस्थानत्वनिरासात् तद्भेदानामपि निग्रहस्थानत्वं निरस्तम् ।

78. વિપરીત કુત્સિત વિગર્હણીય પ્રતિપત્તિને અર્થાત્ અવળી સમજને વિપ્રતિપત્તિ કહે છે. આમ સાધનાભાસને સાધન સમજવું કે દૂષણાભાસને વાસ્તવિક દૂષણ સમજવું એ વિપ્રતિપત્તિ છે. જે કરવું જોઈએ તે ન કરવું અર્થાત્ પરપક્ષના સાધનને દૂષિત ન કરવું અને સામી વ્યક્તિએ (પરપક્ષે) પોતાના સાધનમાં જણાવેલા દોષોનો ઉદ્ધાર ન કરવો તે અપ્રતિપત્તિ છે. વાદીનો પરાજય બે રીતે થાય છે— પોતાએ જે કરવું જોઈએ તે ન કરવાથી અને પોતાએ જે કરવું કે સમજવું જોઈએ તેનાથી વિપરીત કરવા કે સમજવાથી, આ જ અપ્રતિપત્તિ અને વિપ્રતિપત્તિ છે. કેવળ વિપ્રતિપત્તિ અને કેવળ અપ્રતિપત્તિ પરાજયનું કારણ નથી કિન્તુ સ્વપક્ષની અસિદ્ધિ જ પરાજયનું કારણ છે. આમ અહીં વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિની નિગ્રહસ્થાનતાનો નિષેધ કરાયો છે, અને પરિણામે વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિના ભેદોની નિગ્રહસ્થાનતાનો પણ નિષેધ થઈ ગયો છે.

79. ते च द्वाविंशतिर्भवन्ति । तद्यथा— १ प्रतिज्ञाहानिः, २ प्रतिज्ञान्तरम्, ३ प्रतिज्ञाविरोधः, ४ प्रतिज्ञासंन्यासः, ५. हेत्वन्तरम्, ६ अर्थान्तरम्, ७ निरर्थकम्, ८ अविज्ञातार्थम्, ९. अपार्थकम्, १० अप्राप्तकालम्, ११ न्यूनम्, १२ अधिकम्, १३ पुनरुक्तम्, १४ अननुभाषणम्, १५ अज्ञानम्, १६ अप्रतिभा, १७ विक्षेपः, १८ मतानुज्ञा, १९ पर्यनुयोज्योपेक्षणम्, २० निरनुयोज्यानुयोगः, २१ अपसिद्धान्तः, २२ हेत्वाभासाश्चेति । अत्राननुभाषणमज्ञानमप्रतिभा विक्षेपः पर्यनुयोज्योपेक्षणमित्यप्रतिपत्तिप्रकाराः । शेषा विप्रतिपत्तिभेदाः ।


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

79. વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિના બાવીસ ભેદો છે. તે આ પ્રમાણે છે— (૧) પ્રતિજ્ઞાહાનિ, (૨) પ્રતિજ્ઞાન્તર, (૩) પ્રતિજ્ઞાવિરોધ, (૪) પ્રતિજ્ઞાસંન્યાસ, (૫) હેત્વન્તર, (૬) અર્થાન્તર, (૭) નિરર્થક, (૮) અવિજ્ઞાતાર્થ, (૯) અપાર્થક, (૧૦) અપ્રાપ્તકાલ, (૧૧) ન્યૂન, (૧૨) અધિક, (૧૩) પુનરુક્ત, (૧૪) અનનુભાષણ, (૧૫) અજ્ઞાન, (૧૬) અપ્રતિભા, (૧૭) વિક્ષેપ, (૧૮) મતાનુજ્ઞા, (૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ, (૨૦) નિરનુયોજ્યાનુયોગ, (૨૧) અપસિદ્ધાન્ત અને (૨૨) હેત્વાભાસો.

આ બાવીસમાં અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ અને પર્યનુયોજ્યોપેક્ષણ આ પાંચ અપ્રતિપત્તિના ભેદો છે. અને બાકીના વિપ્રતિપત્તિના ભેદો છે.

80. तत्र प्रतिज्ञाहानेर्लक्षणम्—"**प्रतिदृष्टान्तधर्मानुज्ञा स्वदृष्टान्ते प्रतिज्ञाहानिः**" [न्यायसू. ५.२.२.] इति सूत्रम् । अस्य भाष्यकारीयं व्याख्यानम्—"**साध्यधर्मप्रत्यनीकेन धर्मेण प्रत्यवस्थितः प्रतिदृष्टान्तधर्मं स्वदृष्टान्तेऽनुजानन् प्रतिज्ञां जहातीति प्रतिज्ञाहानिः । यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वाद् घटवदित्युक्ते परः प्रत्यवतिष्ठते—सामान्यमैन्द्रियकं नित्यं दृष्टं कस्मान्न तथा शब्दोऽपीत्येवं स्वप्रयुक्तहेतोराभासतामवस्यन्नपि कथावसानमकृत्वा प्रतिज्ञात्यागं करोति—यद्यैन्द्रियकं सामान्यं नित्यम्, कामं घटोऽपि नित्योऽस्त्विति । स खल्वयं साधनस्य दृष्टान्तस्य नित्यत्वं प्रसजन् निगमनान्तमेव पक्षं जहाति । पक्षं च परित्यजन् प्रतिज्ञां जहातीत्युच्यते प्रतिज्ञाश्रयत्वात् पक्षस्येति**" [न्यायभा. ५. २. २] । तदेतदसङ्गतमेव, साक्षाद् दृष्टान्तहानिरूपत्वात् तस्याः तत्रैव धर्मपरित्यागात् । परम्परया तु हेतूपनयनिगमनानामपि त्यागः, दृष्टान्तासाधुत्वे तेषामप्यसाधुत्वात् । तथा च प्रतिज्ञाहानिरेवेत्यसङ्गतमेव । वार्त्तिककारस्तु व्याचष्टे—"**दृष्टश्चासावन्ते स्थितत्वादन्तश्चेति दृष्टान्तः पक्षः । स्वदृष्टान्तः स्वपक्षः । प्रतिदृष्टान्तः प्रतिपक्षः । प्रतिपक्षस्य धर्मं स्वपक्षेऽभ्यनुजानन् प्रतिज्ञां जहाति — यदि समान्यमैन्द्रियकम् नित्यं शब्दोऽप्येवमस्त्विति**" [न्यायवा. ५. २. २] । तदेतदपि व्याख्यानमसङ्गतम्, इत्थमेव

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प्रतिज्ञाहानेरवधारयितुमशक्यत्वात् । न खलु प्रतिपक्षस्य धर्मं स्वपक्षेऽभ्यनुजानत एव प्रतिज्ञात्यागो येनायमेक एव प्रकारः प्रतिज्ञाहानौ स्यात्, अधिक्षेपादिभिराकुलीभावात् प्रकृत्या सभाभीरुत्वादन्यमनस्कत्वादेर्वा **निमित्ता[त्] किञ्चित्** साध्यत्वेन प्रतिज्ञाय तद्विपरीतं प्रतिजानानस्याप्युप**लम्भात् पुरुषभ्रान्तेरनेककारणकत्**ोपपत्तेरिति १ ।

80. **(૧) પ્રતિજ્ઞાહાનિ — તેમાં** પ્રતિજ્ઞાહાનિનું લક્ષણ આ છે — 'પ્રતિદષ્ટાન્તના ધર્મને પોતાના દષ્ટાન્તમાં સ્વીકારી લેવો તે પ્રતિજ્ઞાહાનિ છે.' આ ન્યાયસૂત્ર [૫.૨.૨.] છે. આની ભાષ્યકાર વાત્સ્યાયનની વ્યાખ્યા આ પ્રમાણે છે — "જ્યારે પ્રતિવાદી સાધ્યરૂપ ધર્મના વિરોધી કોઈ ધર્મ દ્વારા વાદીનો (અર્થાત્ વાદીના હેતુનો) નિરાસ કરે ત્યારે જો વાદી વિરોધી દષ્ટાન્તના ધર્મને પોતાના દષ્ટાન્તમાં સ્વીકારી લે તો તે પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે, આમ પ્રતિજ્ઞાહાનિ થાય છે. ઉદાહરણ — વાદી પ્રયોગ કરે છે, 'શબ્દ અનિત્ય છે કારણ કે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે, ઘટની જેમ.' આ સાંભળી પ્રતિવાદી ખંડન કરે છે, 'ઇન્દ્રિયગ્રાહ્ય સામાન્ય નિત્ય દેખાયું છે, તો પછી શબ્દ પણ તે જ રીતે નિત્ય કેમ ન હોઈ શકે?' પ્રતિવાદીએ આમ કહેતાં વાદી પોતે પ્રયોજેલા હેતુની આભાસતા સમજી જાય છે તેમ છતાં કથાને સમાપ્ત કરતો નથી પણ પ્રતિજ્ઞાનો ત્યાગ કરતો કહે છે, 'જો ઇન્દ્રિયગ્રાહ્ય સામાન્ય નિત્ય છે તો ઘટ પણ ભલે નિત્ય હો.' આમ વાદી પોતાના પક્ષસાધક દષ્ટાન્તમાં (ઘટમાં) નિત્યતાનો (સાધ્યરૂપ ધર્મ અનિત્યતાથી વિરોધી ધર્મનો) સ્વીકાર કરતો પોતાના નિગમન સુધીના પક્ષનો ત્યાગ કરે છે, અને પક્ષનો ત્યાગ કરતો તે પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે એમ કહેવાય કારણ કે પક્ષનો આધાર પ્રતિજ્ઞા છે." [ન્યાયભાષ્ય, ૫.૨.૨].

નૈયાયિકોનું આ કથન અસંગત છે કારણ કે પ્રતિજ્ઞાહાનિ ખરેખર તો સાક્ષાત્ દષ્ટાન્તહાનિરૂપ છે. તે સાક્ષાત્ દષ્ટાન્તહાનિરૂપ છે કારણ કે દષ્ટાન્તમાં જ ધર્મનો પરિત્યાગ કરવામાં આવ્યો છે. હા, પરંપરાથી હેતુ, ઉપનય અને નિગમનનો પણ ત્યાગ કરવામાં આવ્યો છે કારણ કે દષ્ટાન્ત અસમીચીન હોતાં હેતુ આદિ પણ અસમીચીન બની જાય છે. આવી સ્થિતિમાં તેને પ્રતિજ્ઞાહાનિ જ ગણવી તે અસંગત છે. ન્યાયવાર્તિકકાર ઉદ્યોતકરે 'प्रतिदृष्टान्तधर्मानुज्ञा स्वदृष्टान्ते प्रतिज्ञाहानिः' એ સૂત્રમાં આવેલા 'દષ્ટાન્ત' શબ્દનો અર્થ પક્ષ કર્યો છે. ઉદ્યોતકરની સૂત્રવ્યાખ્યા આ પ્રમાણે છે — 'જે દષ્ટ છે અને અન્તે રહેલો હોવાથી અન્ત પણ છે તે દષ્ટાન્ત એટલે કે પક્ષ. [અર્થાત્ જે અન્તે નિગમનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાપિત થયેલો સિદ્ધ થયેલો દેખાયો છે તે દૃષ્ટાન્ત અર્થાત્ પક્ષ (પ્રતિજ્ઞા).] સ્વદૃષ્ટાન્ત એટલે સ્વપક્ષ. પ્રતિદૃષ્ટાન્ત એટલે પ્રતિપક્ષ. પ્રતિપક્ષના ધર્મને સ્વપક્ષમાં સ્વીકારતો વાદી પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે — જો ઇન્દ્રિયગ્રાહ્ય સામાન્ય નિત્ય છે તો ભલે શબ્દ પણ એવો અર્થાત્ નિત્ય હો.' [ન્યાયવાર્તિક, ૫.૨.૨.]. વાર્તિકકાર ઉદ્યોતકારનું આ વ્યાખ્યાન પણ સંગત નથી, કારણ કે પ્રતિજ્ઞાહાનિ આ રીતે જ થાય છે એવું અવધારણ કરવું શક્ય નથી. પ્રતિપક્ષના ધર્મને સ્વપક્ષમાં સ્વીકારનારો જ પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે એવું તો છે નહિ જેથી કહી શકાય કે પ્રતિજ્ઞાહાનિનો આ જ એક પ્રકાર છે, [બીજો કોઈ પ્રકાર છે જ નહિ. પ્રતિજ્ઞાહાનિના બીજા પ્રકારો પણ સંભવે છે જ. બીજી રીતોથી પણ પ્રતિજ્ઞાહાનિ થાય છે જ. ઉદાહરણાર્થ,] આક્ષેપ વગેરેના કારણે વ્યાકુળ બની જવાથી, પ્રકૃતિથી સભાભીરુ હોવાથી, અન્યમનસ્ક થઈ જવાથી, યા બીજા કોઈ નિમિત્તથી કોઈ ધર્મને સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરીને તેનાથી વિપરીત ધર્મને સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરતો કોઈ કોઈ પુરુષ આપણને મળી આવે છે. પુરુષોને ભ્રાન્તિ થવાનું એક કારણ નથી હોતું અનેક કારણોથી ભ્રાન્તિ થવી ઘટે છે.

81. प्रतिज्ञातार्थप्रतिषेधे परेण कृते तत्रैव धर्मिणि धर्मान्तरं साधनीयमभिदधतः प्रतिज्ञान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्दः ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येन व्यभिचारे नोदिते यदि ब्रूयात्–युक्तं सामान्यमैन्द्रियकं नित्यं तद्धि सर्वगतमसर्वगतस्तु शब्द इति । सोऽयम् 'अनित्यः शब्दः' इति पूर्वप्रतिज्ञातः प्रतिज्ञान्तरम् 'असर्वगतः शब्दः' इति कुर्वन् प्रतिज्ञान्तरेण निगृहीतो भवति । एतदपि प्रतिज्ञाहानिवन्न युक्तम्, तस्याप्यनेकनिमित्तत्वोपपत्तेः । प्रतिज्ञाहानितश्चास्य कथं भेदः, पक्षत्यागस्योभयत्राविशेषात् ? । यथैव हि प्रतिदृष्टान्तधर्मस्य स्वदृष्टान्तेऽभ्यनुज्ञानात् पक्षत्यागस्तथा प्रतिज्ञान्तरादपि । यथा च स्वपक्षसिद्ध्यर्थं प्रतिज्ञान्तरं विधीयते तथा शब्दानित्यत्वसिद्ध्यर्थं भ्रान्तिवशात् 'तद्वच्छब्दोऽपि नित्योऽस्तु' इत्यनुज्ञानम्, यथा चाभ्रान्तस्येदं विरुद्ध्यते तथा प्रतिज्ञान्तरमपि । निमित्तभेदाच्च तद्भेदे अनिष्टनिग्रहस्थानान्तराणामप्यनुषङ्गः स्यात् । तेषां च तत्रान्तर्भावे प्रतिज्ञान्तरस्यापि प्रतिज्ञाहानावन्तर्भावः स्यादिति २ ।

81. (૨) પ્રતિજ્ઞાન્તર — પ્રતિજ્ઞાત અર્થનો પ્રતિવાદી દ્વારા પ્રતિષેધ કરવામાં આવતાં જો વાદી તે જ પક્ષમાં બીજા ધર્મને સાધનીય જણાવે તો તેને પ્રતિજ્ઞાન્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિગ્રહસ્થાન થાય. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે' એમ વાદીએ કહેતાં પ્રતિવાદીએ પહેલાંની જેમ સામાન્ય દ્વારા વ્યભિચારની આપત્તિ આપી, એટલે વાદી જો કહે, 'ઠીક છે, સામાન્ય ઇન્દ્રિયગ્રાહ્ય હોવા છતાં પણ નિત્ય છે પરંતુ સામાન્ય તો સર્વગત (સર્વવ્યાપી) છે જ્યારે શબ્દ તો અસર્વગત છે' તો 'શબ્દ અનિત્ય છે' એવી પૂર્વપ્રતિજ્ઞા કરનારો આ વાદી 'શબ્દ સર્વગત છે' એવી બીજી પ્રતિજ્ઞા કરતો પ્રતિજ્ઞાન્તર નિગ્રહસ્થાનથી નિગૃહીત થાય છે.

આ પ્રતિજ્ઞાન્તર પણ પ્રતિજ્ઞાહાનિ જેમ ઉચિત નથી, કારણ કે પ્રતિજ્ઞાન્તર પણ અનેક નિમિત્તોથી થવું સંભવે છે. વળી, જ્યારે પક્ષત્યાગ બન્નેમાં સમાન છે તો પ્રતિજ્ઞાહાનિથી આ પ્રતિજ્ઞાન્તરમાં ભેદ કેવી રીતે હોઈ શકે ? જેમ પ્રતિદષ્ટાન્તના ધર્મને સ્વદષ્ટાન્તમાં સ્વીકારવાથી પક્ષનો ત્યાગ થાય છે તેમ પ્રતિજ્ઞાન્તરથી પણ પક્ષનો ત્યાગ થાય છે. અને જેમ સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રતિજ્ઞાન્તરનું વિધાન કરવામાં આવે છે (આશરો લેવામાં આવે છે) તેમ શબ્દાનિત્યત્વની સિદ્ધિ માટે ભ્રાન્તિવશે 'શબ્દ પણ સામાન્યની જેમ નિત્ય હો' એવો સ્વીકાર કરવામાં આવે છે. વળી, જેમ પોતાના પક્ષમાં પ્રતિપક્ષના ધર્મનો સ્વીકાર કરવા જેવું વિરોધી યા વિચિત્ર કાર્ય અભ્રાન્ત પુરુષ કરતો નથી તેમ સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રતિજ્ઞાન્તરનો આશરો લેવા જેવું વિરોધી યા વિચિત્ર કાર્ય પણ અભ્રાન્ત પુરુષ કરતો નથી.

જો કહેવામાં આવે કે પ્રતિજ્ઞાહાનિ અને પ્રતિજ્ઞાન્તર બન્નેમાં પક્ષત્યાગ સમાનપણે હોવા છતાં નિમિત્તભેદે તેમનો ભેદ છે તો કહેવું જોઈએ કે એમ માનતાં તમે ન સ્વીકારેલાં નિગ્રહસ્થાનોને તમારે સ્વીકારવાં પડશે. જો તમે કહેશો કે અસ્વીકૃતનો સ્વીકૃતમાં જ સમાવેશ થઈ જાય છે તો અમે પણ કહીશું કે આ જ તર્કથી તમારે પ્રતિજ્ઞાન્તરનો સમાવેશ પ્રતિજ્ઞાહાનિમાં માનવો જોઈએ.

82. "**प्रतिज्ञाहेत्वोर्विरोधः प्रतिज्ञाविरोधः**" [न्यायसू. ५.२.४] नाम निग्रहस्थानं भवति । यथा गुणव्यतिरिक्तं द्रव्यं रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धेरिति । सोऽयं प्रतिज्ञाहेत्वोर्विरोधः—यदि गुणव्यतिरिक्तं द्रव्यं कथं रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः ?, अथ रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः कथं गुणव्यतिरिक्तं द्रव्यमिति ?, तदयं प्रतिज्ञाविरुद्धाभिधानात् पराजीयते । तदेतदसङ्गतम् । यतो हेतुना प्रतिज्ञायाः प्रतिज्ञात्वे निरस्ते प्रकारान्तरतः प्रतिज्ञाहानिरेवेयमुक्ता स्यात्, हेतुदोषो वा विरुद्धतालक्षणः, न प्रतिज्ञादोष इति ।३ ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

82. (૩) પ્રતિજ્ઞાવિરોધ — 'પ્રતિજ્ઞા અને હેતુ વચ્ચે વિરોધ હોવો તે પ્રતિજ્ઞાવિરોધ' [ન્યાયસૂત્ર, ૫.૨.૪.] નામનું નિગ્રહસ્થાન છે. ઉદાહરણ — દ્રવ્ય ગુણોથી ભિન્ન છે કારણ કે રૂપ આદિથી ભિન્ન દ્રવ્ય ઉપલબ્ધ થતું નથી. અહીં પ્રતિજ્ઞા અને હેતુ વચ્ચે વિરોધ છે — જો દ્રવ્ય ગુણોથી ભિન્ન છે તો પછી રૂપ આદિ ગુણોથી ભિન્ન ઉપલબ્ધ કેમ નથી થતું ? અને જો દ્રવ્ય રૂપ આદિ ગુણોથી ભિન્ન ઉપલબ્ધ ન થતું હોય તો પછી દ્રવ્યને ગુણોથી ભિન્ન કેમ મનાય ? આમ પ્રતિજ્ઞાથી વિરુદ્ધ હેતુનો પ્રયોગ કરવાથી વાદી પરાજિત થઈ જાય છે. પરંતુ આ નિગ્રહસ્થાન પણ અસંગત છે, કારણ કે જો હેતુ વડે પ્રતિજ્ઞાનું પ્રતિજ્ઞાત્વ જ નિરસ્ત કરાતું હોય તો તે 'પ્રતિજ્ઞાહાનિ' નિગ્રહસ્થાન જ કહ્યું કહેવાય, અથવા તો તે હેતુનો વિરુદ્ધતા લક્ષણવાળો હેતુદોષ ગણાય — પ્રતિજ્ઞાદોષ નહિ.

**83. पक्षसाधने परेण दूषिते तदुद्धरणाशक्त्या प्रतिज्ञामेव निह्नुवानस्य प्रतिज्ञासंन्यासो नाम निग्रहस्थानं भवति । यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वा-दित्युक्ते तथैव सामान्येनानैकान्तिकतायामुद्भावितायां यदि ब्रूयात्—क एवमाह—अनित्यः शब्द इति—स प्रतिज्ञासंन्यासात् पराजितो भवतीति । एतदपि प्रतिज्ञाहानितो न भिद्यते, हेतोरनैकान्तिकत्वोपलम्भेनात्रापि प्रतिज्ञायाः परित्यागाविशेषात् ४ ।**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

83. (૪) પ્રતિજ્ઞાસંન્યાસ — પ્રતિવાદી દ્વારા સાધનમાં દોષની ઉદ્ભાવના કરાતાં વાદી જ્યારે તે દોષનું નિવારણ કરવામાં પોતાને અસમર્થ અનુભવે અને પરિણામે પોતાની પ્રતિજ્ઞામાંથી જ નામક્કર જાય તો તે પ્રતિજ્ઞાસંન્યાસ નામના નિગ્રહસ્થાનમાં આવી પડે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે, કારણ કે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે' એમ વાદી કહે અને પ્રતિવાદી વાદીના હેતુમાં અનૈકાન્તિકતા દોષ દર્શાવવા કહે, 'સામાન્ય તો નિત્ય છે છતાં તે ઇન્દ્રિયગ્રાહ્ય છે' અર્થાત્ પ્રતિવાદી સામાન્ય દ્વારા હેતુમાં અનૈકાન્તિકતા દોષનું ઉદ્ભાવન કરે ત્યારે વાદી જો કહેવા માંડે, 'કોણ કહે છે કે શબ્દ અનિત્ય છે' તો તે પ્રતિજ્ઞાસંન્યાસના કારણે પરાજિત થાય છે. આ 'પ્રતિજ્ઞાસંન્યાસ' પણ 'પ્રતિજ્ઞાહાનિ'થી ભિન્ન નથી. અહીં પણ વાદી પોતાના હેતુને અનૈકાન્તિક જાણીને પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે. આમ 'પ્રતિજ્ઞાહાનિ'થી 'પ્રતિજ્ઞાસંન્યાસ'માં કંઈ વિશેષ નથી.

**84. अविशेषाभिहिते हेतौ प्रतिषिद्धे तद्विशेषणमभिदधतो हेत्वन्तरं नाम निग्रहस्थानं भवति । तस्मिन्नेव प्रयोगे तथैव सामान्यस्य व्यभिचारेण दूषिते—'जातिमत्त्वे सति' इत्यादिविशेषणमुपाददानो हेत्वन्तरेण निगृहीतो**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भवति । इदमप्यतिप्रसृतम्, यतोऽविशेषोक्ते दृष्टान्ते उपनये निगमने वा प्रतिषिद्धे विशेषमिच्छतो दृष्टान्ताद्यन्तरमपि निग्रहस्थानान्तरमनुषज्येत, तत्राप्याक्षेपसमाधानानां समानत्वादिति ५ ।

84. (૫) હેત્વન્તર — વાદીએ વિશેષણરહિત હેતુનો પ્રયોગ કર્યો. પ્રતિવાદીએ તેનો પ્રતિષેધ કર્યો. તે વખતે વાદી જો હેતુને કોઈ વિશેષણ લગાડી દે તો હેત્વન્તર નામનું નિગ્રહસ્થાન થાય. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે' આ વાદીના અનુમાનપ્રયોગમાં પ્રતિવાદી અગાઉ મુજબ સામાન્ય દ્વારા હેતુમાં અનૈકાન્તિક દોષની ઉદ્‌ભાવના કરે ત્યારે જો વાદી પોતાના હેતુ 'ઇન્દ્રિયગ્રાહ્યત્વ'ની આગળ 'જાતિમાન્ હોવા સાથે' (जातिमत्त्वे सति) વિશેષણ લગાડે તો તે 'હેત્વન્તર' નિગ્રહસ્થાનથી પરાજિત થાય છે. આ 'હેત્વન્તર'નો સ્વીકાર કરવામાં તો ઘણા બધા દોષો છે, કારણ કે જેમ નિર્વિશેષણ હેતુનો પ્રયોગ કર્યા પછી તેને વિશેષણ લગાવવું 'હેત્વન્તર' નિગ્રહસ્થાન બને તેમ નિર્વિશેષણ દૃષ્ટાન્ત, ઉપનય યા નિગમનનો પ્રયોગ કરવ.માં આવે અને પ્રતિવાદી તેમનામાં દોષ દર્શાવે એટલે વાદી તેમને વિશેષણ લગાવે એટલે 'દૃષ્ટાન્તાન્તર' આદિ અન્ય નિગ્રહસ્થાનો માનવાની આપત્તિ આવે, કેમકે દૃષ્ટાન્ત વગેરેની બાબતમાં પણ આક્ષેપ અને સમાધાનની આ રીત સમાન જ છે.

85. प्रकृतादर्थादर्थान्तरं तदनौपयिकमभिदधतोऽर्थान्तरं नाम निग्रहस्थानं भवति । यथा अनित्यः शब्दः । कृतकत्वादिति हेतुः । हेतुरिति हिनोतेर्धातोस्तु-प्रत्यये कृदन्तं पदम् । पदं च नामाख्यातनिपातोपसर्गा इति प्रस्तुत्य नामादीनि व्याचक्षाणोऽर्थान्तरेण निगृह्यते । एतदप्यर्थान्तरं निग्रहस्थानं समर्थे साधने दूषणे वा प्रोक्ते निग्रहाय कल्पेत, असमर्थे वा ? । न तावत्समर्थे; स्वसाध्यं प्रसाध्य नृत्यतोऽपि दोषाभावाल्लोकवत् । असमर्थेऽपि प्रतिवादिनः पक्षसिद्धौ तत् निग्रहाय स्यादसिद्धौ वा ? । प्रथमपक्षे तत्पक्षसिद्धेरेवास्य निग्रहो न त्वतो निग्रहस्थानात् । द्वितीयपक्षेऽप्यतो न निग्रहः, पक्षसिद्धेरुभयोरप्य-भावादिति ६ ।

85. (૬) અર્થાન્તર — પ્રકૃત અર્થથી અન્ય અર્થનું કથન કરવું કે જે અન્ય અર્થના કથનનો પ્રકૃત અર્થની સિદ્ધિમાં કોઈ જ ઉપયોગ નથી તે અર્થાન્તર નામનું નિગ્રહસ્થાન છે. ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે કારણ કે તે કૃતક છે' એમ કહીને જો વાદી કહેવા માંડે — "અહીં કૃતકત્વ હેતુ છે, 'હિનોતિ' ધાતુને 'તુ' પ્રત્યય લગાડવાથી 'હેતુ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવું કૃદન્ત પદ બને છે. પદના પ્રકારો આ છે : નામ, આખ્યાત, નિપાત અને ઉપસર્ગ'' અને પછી નામ આદિની વ્યાખ્યા કરવા લાગે તો તે 'અર્થાન્તર' નિગ્રહસ્થાનથી પરાજિત થાય છે. પરંતુ આ 'અર્થાન્તર' નામનું નિગ્રહસ્થાન સાધ્યને સિદ્ધ કરવામાં સમર્થ સાધન યા સમર્થ દૂષણનો પ્રયોગ કરાયા પછી નિગ્રહનું (પરાજયનું) કારણ બને છે કે અસમર્થ સાધન યા અસમર્થ દૂષણનો પ્રયોગ કરાયા પછી ? જો સમર્થ સાધન યા સમર્થ દૂષણનો પ્રયોગ કર્યા પછી વાદી અર્થાન્તરનું કથન કરે તો તે અર્થાન્તરકથન નિગ્રહનું કારણ નથી જ, કારણ કે પોતાનું સાધ્ય સિદ્ધ કર્યા પછી વાદી નાચે તો પણ કોઈ દોષ નથી, લોકમાં એવું થતું હોય છે જ. જો વાદીએ અસમર્થ સાધન યા અસમર્થ દૂષણનો પ્રયોગ કર્યો હોય તો વાદી પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થતાં નિગૃહીત થશે કે પછી પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ ન થવા છતાં પણ નિગૃહીત થશે ? જો વાદી પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થતાં નિગૃહીત થતો હોય તો પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થતાં જ વાદીનો નિગ્રહ થઈ જશે અને નહિ કે આ 'અર્થાન્તર' નિગ્રહસ્થાનથી તેનો નિગ્રહ થશે. જો બીજો પક્ષ સ્વીકારવામાં આવે તો વાદીનો નિગ્રહ આ 'અર્થાન્તર'થી નહિ જ થાય કેમ કે બન્નેયના પક્ષની સિદ્ધિ થઈ નથી.

86. अभिधेयरहितवर्णानुपूर्वीप्रयोगमात्रं निरर्थकं नाम निग्रहस्थानं भवति। यथा अनित्यः शब्दः कचटतपानां गजडदबत्वाद् घझढधभवदिति। एतदपि सर्वथार्थशून्यत्वान्निग्रहाय कल्पेत, साध्यानुपयोगाद्वा ?। तत्राद्यविकल्पोऽयुक्तः, सर्वथार्थशून्यशब्दस्यैवासम्भवात्, वर्णक्रमनिर्देशस्याप्यनुकार्येणार्थेनार्थवत्त्वोपपत्तेः । द्वितीयविकल्पे तु सर्वमेव निग्रहस्थानं निरर्थकं स्यात् साध्यसिद्धावनुपयोगित्वाविशेषात् । किञ्चिद्विशेषमात्रेण भेदे वा खाट्कृत-हस्तास्फालन-कक्षापिट्टितादेरपि साध्यानुपयोगिनो निग्रह-स्थानान्तरत्वानुषङ्ग इति ७ ।

86. (૭) નિરર્થક — અભિધેયરહિત વર્ણાનુપૂર્વીમાત્રના પ્રયોગને નિરર્થક નામનું નિગ્રહસ્થાન કહે છે. [અર્થાત્ અનુક્રમે એવા વર્ણોનું ઉચ્ચારણ કરવું કે જેમનો કોઈ પણ અર્થ ન હોય, તે 'નિરર્થક' નિગ્રહસ્થાન છે.] ઉદાહરણ — શબ્દ અનિત્ય છે કારણ કે કચટતપનું ગજડદબ હોવાથી, ઘઝઢધભની જેમ. આ નિગ્રહસ્થાન અંગે પ્રશ્ન થાય છે કે શું તે સર્વથા અર્થશૂન્ય હોવાથી નિગ્રહનું કારણ છે કે પછી સાધ્ય સાધવામાં અનુપયોગી હોવાથી નિગ્રહનું કારણ છે ? પહેલો પક્ષ અયોગ્ય છે કેમ કે શબ્દનું સર્વથા અર્થશૂન્ય હોવું સંભવતું જ નથી. વર્ણક્રમનો નિર્દેશ પણ છેવટે અનુકાર્ય અર્થથી અર્થવાન્ હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે જ. બીજો પક્ષ સ્વીકારવામાં આવે તો બધાં જ નિગ્રહસ્થાનો 'નિરર્થક' નિગ્રહસ્થાન બની જશે કેમ કે બધાં જ નિગ્રહસ્થાનો સાધ્યને સિદ્ધ કરવામાં અનુપયોગી છે. થોડા તુચ્છ અંતરના કારણે જો પૃથક્ નિગ્રહસ્થાન માનશો તો ચાળા કરી રાડ પાડવી, હથેળી અફાળી ટાબોટા પાડવા, કાખલી કૂટવી વગેરેને પણ સાધ્ય સાધવામાં અનુપયોગી હોવાથી પૃથક્ નિગ્રહસ્થાનો માનવા પડશે.

87. यत् साधनवाक्यं दूषणवाक्यं वा त्रिरभिहितमपि परिषत्प्रतिवादिभ्यां बोद्धुं न शक्यते तत् अविज्ञातार्थं नाम निग्रहस्थानं भवति । अत्रेदमुच्यते—वादिना त्रिरभिहितमपि वाक्यं परिषत्प्रतिवादिभ्यां मन्दमतित्वादविज्ञातम्, गूढाभिधानतो वा, द्रुतोच्चाराद्वा ? । प्रथमपक्षे सत्साधनवादिनोऽप्येतन्निग्रहस्थानं स्यात्, तत्राप्यनयोर्मन्दमतित्वेनाविज्ञातत्वसम्भवात् । द्वितीयपक्षे तु पत्रवाक्यप्रयोगेऽपि तत्प्रसङ्गः, गूढाभिधानतया परिषत्प्रतिवादिनोर्महाप्राज्ञयोरप्यविज्ञातत्वोपलम्भात् । अथाभ्यामविज्ञातमप्येतत् वादी व्याचष्टे; गूढोपन्यासमप्यात्मनः स एव व्याचष्टाम्, अव्याख्याने तु जयाभाव एवास्य, न पुनर्निग्रहः, परस्य पक्षसिद्धेरभावात् । द्रुतोच्चारेऽप्यनयोः कथञ्चित् ज्ञानं सम्भवत्येव, सिद्धान्तद्वयवेदित्वात् । साध्यानुपयोगिनि तु वादिनः प्रलापमात्रे तयोरविज्ञानं नाविज्ञातार्थं वर्णक्रमनिर्देशवत् । ततो नेदमविज्ञातार्थं निरर्थकाद्भिद्यत इति ८ ।

87. (૮) અવિજ્ઞાતાર્થ — જે સાધનવાક્ય યા દૂષણવાક્ય ત્રણ વાર બોલવા છતાં પરિષદ અને પ્રતિવાદીને સમજાય નહિ તે અવિજ્ઞાતાર્થ નામનું નિગ્રહસ્થાન બને છે. આ નિગ્રહસ્થાન અંગે પૂછવાનું એ કે વાદી દ્વારા ત્રણ વાર બોલવામાં આવવા છતાં પરિષદ અને પ્રતિવાદીને તે સમજાતું કેમ નથી? — શું પરિષદ અને પ્રતિવાદી મન્દબુદ્ધિ છે માટે, કે ગૂઢ શબ્દોનો તેમાં પ્રયોગ થયો છે માટે કે ઝડપથી ઉચ્ચારવામાં આવ્યું છે માટે? પ્રથમ પક્ષમાં તો સમીચીન સાધન કહેનારો વાદી પણ નિગૃહીત થઈ જશે કેમ કે મન્દબુદ્ધિ હોવાના કારણે પરિષદ અને પ્રતિવાદી સત્સાધનને ન સમજી શકે એ સંભવ છે. બીજો પક્ષ સ્વીકારો તો પત્રવાક્યમાં પણ અવિજ્ઞાતતા નિગ્રહસ્થાનની આપત્તિ આવે કેમ કે પત્રવાક્યમાં ગૂઢ શબ્દોનો પ્રયોગ થતો હોવાથી મહાપ્રાજ્ઞ પરિષદ અને પ્રતિવાદી પણ તેને સમજી શકતા નથી. જો કહેવામાં આવે કે પરિષદ અને પ્રતિવાદી પત્રવાક્યના જે ગૂઢ પદોને ન સમજી શકે તેમની વ્યાખ્યા વાદી પોતે કરી દે છે તો પોતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રજૂ કરેલા ગૂઢ સાધનવાક્યની વ્યાખ્યા પણ વાદી પોતે જ કરી દેશે. જો તે તેની વ્યાખ્યા નહિ કરે તો તેને વિજય પ્રાપ્ત નહિ થાય પરંતુ તે નિગૃહીત નહિ થાય કેમ કે પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થઈ નથી. ઝડપથી ઉચ્ચારણનો ત્રીજો વિકલ્પ પણ યોગ્ય નથી કેમ કે ઝડપથી ઉચ્ચારણ કરવા છતાં પરિષદ અને પ્રતિવાદીને કથંચિત્ જ્ઞાન તો થાય છે જ, તેનું કારણ એ છે કે અંતે તો સભાપતિ સહિત પરિષદના સભ્યો વાદી-પ્રતિવાદી બન્નેના સિદ્ધાન્તોના જાણકાર હોય છે. વાદી જો સાધ્ય સાધવા માટે અનુપયોગી પ્રલાપમાત્ર કરે અને પરિષદ તથા પ્રતિવાદીને તેની સમજ ન પડે તો તે વર્ણાનુપૂર્વીના ઉચ્ચારણ સમાન 'નિરર્થક' જ થયું. તેને પૃથક્ 'અવિજ્ઞાતાર્થ' ન કહી શકાય. તેથી આ 'અવિજ્ઞાતાર્થ' નિગ્રહસ્થાન 'નિરર્થક' નિગ્રહસ્થાનથી ભિન્ન નથી.

88. पूर्वापरासङ्गतपदसमूहप्रयोगादप्रतिष्ठितवाक्यार्थमपार्थकं नाम निग्रहस्थानं भवति। यथा दश दाडिमानि षडपूपा इत्यादि। एतदपि निरर्थकान्न भिद्यते। यथैव हि गजडदबादौ वर्णानां नैरर्थक्यं तथात्र पदानामिति। यदि पुनः पदनैरर्थक्यं वर्णनैरर्थक्यादन्यत्वान्निग्रहस्थानान्तरं तर्हि वाक्यनैरर्थक्यस्याप्याभ्यामन्यत्वान्निग्रहस्थानान्तरत्वं स्यात् पदवत्पौर्वापर्येणाऽप्रयुज्यमानानां वाक्यानामप्यनेकधोपलभ्यात्–

"शङ्खः कदल्यां कदली च भेर्यां तस्यां च भेर्यां सुमहद्विमानम्।
तच्छङ्खभेरीकदलीविमानमुन्मत्तगङ्गप्रतिमं बभूव ॥"

इत्यादिवत्।

88. (૯) અપાર્થક — પૂર્વાપર અસંગત પદોના સમૂહનો પ્રયોગ કરવાથી વાક્યનો અર્થ સિદ્ધ ન થવો એ 'અપાર્થક' નિગ્રહસ્થાન છે. ઉદાહરણ — દસ દાડમ, છ અપૂપ ઈત્યાદિ. આ નિગ્રહસ્થાન પણ 'નિરર્થક' નિગ્રહસ્થાનથી ભિન્ન નથી. જેમ 'નિરર્થક' નિગ્રહસ્થાનમાં ગજડદબ આદિ વર્ણો નિરર્થક છે તેમ અહીં પદો નિરર્થક છે. જો કહેવામાં આવે કે વર્ણોની નિરર્થકતાથી પદોની નિરર્થકતા ભિન્ન છે, તેથી જ આ 'અપાર્થક' નિર્ગ્રહસ્થાન 'નિરર્થક' નિગ્રહસ્થાનથી ભિન્ન છે, તો વાક્યોની નિરર્થકતા વર્ણોની અને પદોની નિરર્થકતાથી ભિન્ન હોવાના કારણે એક અલગ નિગ્રહસ્થાન માનવું પડશે કારણ કે પૂર્વાપર ક્રમથી પ્રયુક્ત ન થનારા નિરર્થક વાક્યો પણ અનેક જાતનાં જોવા મળે છે જેમ કે 'કદલીમાં શંખ છે, ભેરીમાં કદલી છે, તે ભેરીમાં બહુ મોટું વિમાન છે, તે શંખ, ભેરી, કદલી અને વિમાન ઉન્મત્ત ગંગા સમાન બની ગયા છે.' ઈત્યાદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

89. यदि पुनः पदनैरर्थक्यमेव वाक्यनैरर्थक्यं पदसमुदायात्मकत्वात् तस्य; तर्हि वर्णनैरर्थक्यमेव पदनैरर्थक्यं स्यात् वर्णसमुदायात्मकत्वात् तस्य। वर्णानां सर्वत्र निरर्थकत्वात् पदस्यापि तत्प्रसङ्गश्चेत्; तर्हि पदस्यापि निरर्थकत्वात् तत्समुदायात्मनो वाक्यस्यापि नैरर्थक्यानुषङ्गः । पदस्यार्थवत्त्वेन(वत्त्वे च) पदार्थापेक्षया; [वर्णार्थापेक्षया] वर्णस्यापि तदस्तु प्रकृतिप्रत्ययादिवत्; न खलु प्रकृतिः केवला पदं प्रत्ययो वा। नाप्यनयोरनर्थकत्वम् । अभिव्यक्तार्थाभावादनर्थकत्वे; पदस्यापि तत् स्यात् । यथैव हि प्रकृत्यर्थः प्रत्ययेनाभिव्यज्यते प्रत्ययार्थश्च प्रकृत्या तयोः केवलयोरप्रयोगात् तथा देवदत्तस्तिष्ठतीत्यादिप्रयोगे स्याद्यन्तपदार्थस्य त्याद्यन्तपदेन त्याद्यन्तपदार्थस्य च स्त्याद्यन्तपदेनाभिव्यक्तेः केवलस्याप्रयोगः । पदान्तरापेक्षस्य पदस्य सार्थकत्वं प्रकृत्यपेक्षस्य प्रत्ययस्य तदपेक्षस्य च प्रकृत्यादिवर्णस्य समानमिति ९ ।

जैन साईट JAINSITE

89. જો કહેવામાં આવે કે પદોની નિરર્થકતા જ વાક્યની નિરર્થકતા છે કેમ કે પદોનો સમૂહ જ વાક્ય છે તો વર્ણોની નિરર્થકતા જ પદોની નિરર્થકતા બની જશે કેમ કે વર્ણોનો સમૂહ જ પદ છે. હવે વર્ણો તો સર્વત્ર નિરર્થક હોય છે તેથી જો વર્ણોની નિરર્થકતા જ પદોની નિરર્થકતા હોય તો પદો પણ વર્ણોની જેમ સર્વત્ર નિરર્થક બની જાય, અને પદો પણ સર્વત્ર નિરર્થક બની જવાના કારણે તેમના સમુદાયરૂપ વાક્ય પણ સર્વત્ર નિરર્થક બની જવાની આપત્તિ આવે.

આના ઉત્તરમાં કહેવામાં આવે છે — [વાક્યાર્થની અપેક્ષાએ પદને ભલે નિરર્થક કહો પરંતુ ] પદાર્થની અપેક્ષાએ પદ અર્થવાન છે. [અર્થાત્ વાક્ય દ્વારા વ્યક્ત થતો અર્થ પદ દ્વારા વ્યક્ત થતો નથી એ સાચું પરંતુ પદ પોતાનો અર્થ(પદાર્થ) તો વ્યક્ત કરે છે જ.] આ જ વાત વર્ણોને લાગુ પડે છે. વર્ણાર્થની અપેક્ષાએ વર્ણો પણ અર્થવાન્ છે. [અર્થાત્ પદ દ્વારા વ્યક્ત થતો અર્થ વર્ણ દ્વારા વ્યક્ત થતો નથી એ સાચું પરંતુ વર્ણ પોતાનો અર્થ વ્યક્ત કરે છે,] પ્રકૃતિ (મૂલ ધાતુ) અને પ્રત્યયની જેમ. કેવળ પ્રકૃતિ પદ નથી કે કેવળ પ્રત્યય પદ નથી. આ બન્ને [પૃથક્-પૃથક્ પણ] નિરર્થક નથી. [પદથી — પ્રકૃતિ-પ્રત્યયના સમ્મિલનરૂપ પદથી] અભિવ્યક્ત અર્થ પ્રકૃતિ અને પ્રત્યયમાં ન હોવાના કારણે પ્રકૃતિ અને પ્રત્યયને નિરર્થક માનીશું તો [વાક્યથી—પદોના સમૂહરૂપ વાક્યથી અભિવ્યક્ત અર્થ પદમાં ન હોવાથી] પદને પણ નિરર્થક માનવું પડે. જેમ પ્રકૃતિનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થ પ્રત્યય દ્વારા અભિવ્યક્ત થાય છે અને પ્રત્યયનો અર્થ પ્રકૃતિ દ્વારા અભિવ્યક્ત થાય છે, તેમ 'देवदत्तः तिष्ठति' ઇત્યાદિ પ્રયોગમાં સ્યાદ્યન્તપદ(देवदत्तः)નો અર્થ ત્યાદ્યન્તપદથી પ્રગટ થાય છે અને ત્યાદ્યન્તપદ(तिष्ठति)નો અર્થ સ્યાદ્યન્તપદથી પ્રગટ થાય છે એટલે તે બેમાંથી કોઈ એકનો એકલો પ્રયોગ કરવામાં આવતો નથી. પદાન્તરસાપેક્ષ પદ સાર્થક હોય છે, પ્રકૃત્યપેક્ષ પ્રત્યય સાર્થક હોય છે અને પ્રત્યયાપેક્ષ પ્રકૃતિ સાર્થક હોય છે. તેવી જ રીતે પરસ્પર સાપેક્ષ વર્ણો પણ સાર્થક હોય છે. [આમ અપાર્થક નામનું નિગ્રહસ્થાન ઘટતું નથી.]

90. प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनवचनक्रममुल्लङ्घ्यावयवविपर्यासेन प्रयुज्यमानमनुमानवाक्यमप्राप्तकालं नाम निग्रहस्थानं भवति, स्वप्रतिपत्तिवत् परप्रतिपत्तेर्जनने परार्थानुमाने क्रमस्याप्यङ्गत्वात् । एतदप्यपेशलम्, प्रेक्षावतां प्रतिपत्तृणामवयवक्रमनियमं विनाप्यर्थप्रतिपत्त्युपलम्भात् । ननु यथापशब्दाच्छ्रुताच्छब्दस्मरणं ततोऽर्थप्रत्यय इति शब्दादेवार्थप्रत्ययः परम्परया तथा प्रतिज्ञाद्यवयवव्युत्क्रमात् तत्क्रमस्मरणं ततो वाक्यार्थप्रत्ययो न पुनस्तद्व्युत्क्रमात्; इत्यप्यसारम्, एवंविधप्रतीत्यभावात् । यस्माद्धि शब्दादुच्चरितात् यत्रार्थे प्रतीतिः स एव तस्य वाचको नान्यः, अन्यथा शब्दात्तत्क्रमाच्चापशब्दे तद्व्यतिक्रमे च स्मरणं ततोऽर्थप्रतीतिरित्यपि वक्तुं शक्येत । एवं शब्दान्वाख्यानवैयर्थ्यमिति चेत्; नैवम्, वादिनोऽनिष्टमात्रापादनात् अपशब्देऽपि चान्वाख्यानस्योपलम्भात् । संस्कृताच्छब्दात्सत्यात् धर्मोऽन्यस्मादधर्म इति नियमे चान्यधर्माधर्मोपायानुष्ठानवैयर्थ्यं धर्माधर्मयोश्चाप्रतिनियमप्रसङ्गः, अधार्मिके च धार्मिके च तच्छब्दोपलम्भात् । भवतु वा तत्क्रमादर्थप्रतीतिस्तथाप्यर्थप्रत्ययः क्रमेण स्थितो येन वाक्येन व्युत्क्रम्यते तन्निरर्थकं न त्वप्राप्तकालमिति १० ।

90. (૧૦) અપ્રાપ્તકાલ — પહેલા પ્રતિજ્ઞા, પછી હેતુ, પછી ઉદાહરણ, પછી ઉપનય અને છેલ્લે નિગમનનો પ્રયોગ અનુમાનમાં કરવામાં આવે છે. આ ક્રમનો ભંગ કરી અવયવોમાં ઊલટસૂલટ કરી જો અનુમાનના પંચાવયવ વાક્યનો પ્રયોગ કરવામાં આવે તો અપ્રાપ્તકાલ નિગ્રહસ્થાન થાય છે, કારણ કે જેમ પોતાને ક્રમથી પ્રતિપત્તિ થાય છે તેમ બીજાને જ્ઞાન કરાવવામાં પરાર્થાનુમાનમાં ક્રમ પણ કારણ છે. આમ કહેવું યોગ્ય નથી કેમ કે બુદ્ધિશાળી પ્રતિપત્તાઓને અવયવોના ક્રમ વિના પણ જ્ઞાન થતું આપણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોયું છે.

'અપ્રાપ્તકાલ'નો પક્ષકાર આની સામે કહે છે — જેમ અશુદ્ધ શબ્દને સાંભળ્યા પછી શુદ્ધ શબ્દનું સ્મરણ થાય છે અને શુદ્ધ શબ્દના સ્મરણ પછી શુદ્ધ શબ્દથી અર્થનું જ્ઞાન થાય છે તેવી જ રીતે પ્રતિજ્ઞા આદિ અવયવોને ઊલટા ક્રમમાં સાંભળ્યા પછી પ્રતિપત્તા સૌપ્રથમ તેના સાચા ક્રમનું સ્મરણ કરે છે અને પછી સ્મૃત સાચા ક્રમવાળા અવયવોના અનુમાનવાક્યમાંથી અર્થનું જ્ઞાન કરે છે, વિપરીત ક્રમ ધરાવતા અવયવોવાળા અનુમાનવાક્યમાંથી અર્થનું જ્ઞાન કરતો નથી.

'અપ્રાપ્તકાલ'નો પ્રતિષેધ કરનાર કહે છે — આમ કહેવું પણ સારહીન છે, કેમ કે આ જાતનો અનુભવ નથી. જે શબ્દના ઉચ્ચારણથી જે અર્થની પ્રતીતિ થાય તે શબ્દ જ તે અર્થનો વાચક મનાય છે, બીજો શબ્દ નહિ. જો આમ ન માનીએ તો આમ પણ કહી શકાય કે શુદ્ધ શબ્દને સાંભળ્યા પછી અશુદ્ધ શબ્દનું સ્મરણ થાય છે અને અવયવોના અનુક્રમને સાંભળ્યા પછી તેમના ઊલટા ક્રમનું સ્મરણ થાય છે અને ત્યારે અર્થની પ્રતીતિ થાય છે.

'અપ્રાપ્તકાલ'ના પક્ષકારની શંકા — પરંતુ આમ કહીએ તો [વ્યાકરણના ગ્રંથોમાં કરવામાં આવતું] શુદ્ધ શબ્દાનુસારી વ્યાખ્યાન વ્યર્થ બની જાય.

'અપ્રાપ્તકાલ'નો પ્રતિષેધ કરનાર કહે છે — ના, [અમે વ્યાકરણના ગ્રંથોને ઉતારી પાડવા નથી માગતા]. અમે તો એટલું જ સ્થાપવા માગીએ છીએ કે રૂઢ અનુક્રમના પક્ષકારનો મત અનિષ્ટ આપત્તિઓ તરફ લઈ જાય છે. વળી, [પ્રાકૃત વ્યાકરણના ગ્રંથોમાં] અપશબ્દોનું પણ અન્વાખ્યાન છે [અને અપશબ્દો પણ ચોક્કસ નિયમોને અનુસરે છે. એટલે સંસ્કૃત શબ્દો શ્રેષ્ઠ છે કે પ્રાકૃત (અપશબ્દ) એ નક્કી કરી શકાય તેમ નથી.] જો કહેવામાં આવે કે સાચા સંસ્કૃત શબ્દના ઉચ્ચારણથી ધર્મ થાય છે અને અન્ય શબ્દોના ઉચ્ચારણથી અધર્મ થાય છે એવો નિયમ છે તો ધર્મ-અધર્મના અન્ય ઉપાયોના અનુષ્ઠાનના બધા નિયમો વ્યર્થ બની જશે, ઉપરાંત ધર્મ અને અધર્મનો આવશ્યક વિવેક અશક્ય બની જશે કારણ કે સંસ્કૃત-અપશબ્દ(પ્રાકૃત) બન્ને પ્રકારના શબ્દોનો પ્રયોગ ધાર્મિક પુરુષો પણ કરે છે અને અધાર્મિક પુરુષો પણ કરે છે એ આપણે દેખીએ છીએ. અથવા, પ્રતિજ્ઞા આદિ અવયવોના ક્રમના કારણે અર્થની પ્રતીતિ થાય છે એમ માની લઈએ તો પણ જે ક્રમથી અર્થની પ્રતીતિ થતી હોય તે ક્રમનો ભંગ કરનારું વાક્ય 'નિરર્થક' નિગ્રહસ્થાન ગણાય, 'અપ્રાપ્તકાલ' નિગ્રહસ્થાન નહિ.

91. पञ्चावयवे वाक्ये प्रयोक्तव्ये तदन्यतमेनाप्यवयवेन हीनं न्यूनं नाम निग्रहस्थानं भवति, साधनाभावे साध्यसिद्धेरभावात्, प्रतिज्ञादीनां च

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पञ्चानामपि साधनत्वात्; इत्यप्यसमीचीनम्, पञ्चावयवप्रयोगमन्तरेणापि साध्यसिद्धेरभिधानात् प्रतिज्ञाहेतुप्रयोगमन्तरेणैव तत्सिद्धेरभावात् । अतस्तद्धीनमेव न्यूनं निग्रहस्थानमिति ११ ।

91. (૧૧) ન્યૂન — અનુમાનમાં પાંચ અવયવોવાળા વાક્યનો પ્રયોગ કરવો જોઈએ. તેમાંથી કોઈ પણ એક અવયવનો પ્રયોગ ન કરવો એ 'ન્યૂન' નામનું નિગ્રહસ્થાન બને છે. સાધનના અભાવમાં સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી અને પ્રતિજ્ઞા વગેરે પાંચેય સાધન છે, તેથી પાંચેયનો પ્રયોગ થવો જોઈએ. આમ કહેવું પણ બરાબર નથી. અમે અગાઉ કહી દીધું છે કે પાંચ અવયવોનો પ્રયોગ કર્યા વિના પણ સાધ્યની સિદ્ધિ થાય છે. કેવળ પ્રતિજ્ઞા અને હેતુ એ બેનો પ્રયોગ આવશ્યક છે, તે બેના પ્રયોગ વિના સાધ્યની સિદ્ધિ થતી નથી. તેથી પ્રતિજ્ઞા અને હેતુ એ બેમાંથી કોઈપણ એકનો પ્રયોગ ન કરવો એ ન્યૂન નિગ્રહસ્થાન બને છે.

92. एकेनैव हेतुनोदाहरणेन वा प्रतिपादितेऽर्थे हेत्वन्तरमुदाहरणान्तरं वा वदतोऽधिकं नाम निग्रहस्थानं भवति निष्प्रयोजनाभिधानात् । एतदप्ययुक्तम्, तथाविधाद्वाक्यात् पक्षसिद्धौ पराजयायोगात् । कथं चैवं प्रमाणसंप्लवोऽभ्युपगम्यते ? । अभ्युपगमे वाऽधिकन्निग्रहाय जायेत । प्रतिपत्तिदार्ढ्यसंवादसिद्धिप्रयोजनसद्भावान्न निग्रहः; इत्यन्यत्रापि समानम्, हेतुनोदाहरणेन चै(वै)केन प्रसाधितेऽप्यर्थे द्वितीयस्य हेतोरुदाहरणस्य वा नानर्थक्यम्, तत्प्रयोजनसद्भावात् । न चैवमनवस्था, कस्यचित् क्वचिन्निराकाङ्क्षतोपपत्तेः प्रमाणान्तरवत् । कथं चास्य कृतकत्वादौ स्वार्थिककप्रत्ययस्य वचनम्, यत्कृतकं तदनित्यमिति व्याप्तौ यत्तद्वचनम्, वृत्तिपदप्रयोगादेव चार्थप्रतिपत्तौ वाक्यप्रयोगः अधिकत्वान्निग्रहस्थानं न स्यात् ? । तथाविधस्याप्यस्य प्रतिपत्तिविशेषोपायत्वात्तन्नेति चेत्; कथमनेकस्य हेतोरुदाहरणस्य वा तदुपायभूतस्य वचनं निग्रहाधिकरणम् ? निरर्थकस्य तु वचनं निरर्थकत्वादेव निग्रहस्थानं नाधिकत्वादिति १२ ।

92. (૧૨) અધિક — એક જ હેતુ અથવા એક જ ઉદાહરણ દ્વારા અર્થનું પ્રતિપાદન થઈ જવા છતાં બીજા હેતુનો કે બીજા ઉદાહરણનો પ્રયોગ કરવો તે 'અધિક' નામનું નિગ્રહસ્થાન બને છે કેમ કે બીજા હેતુનું કે બીજા ઉદાહરણનું કથન નિષ્પ્રયોજન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ કહેવું પણ અયોગ્ય છે, કારણ કે જો વાદી બીજા હેતુ કે બીજા ઉદાહરણનો પ્રયોગ કરીને પણ પોતાનો પક્ષ સિદ્ધ કરી દે તો તેનો પરાજય નથી થતો. વળી, જો આપ બીજા હેતુ કે બીજા ઉદાહરણના પ્રયોગને નિગ્રહસ્થાન માનશો તો આપ પ્રમાણસંપ્લવ (એક જ વસ્તુનું અનેક પ્રમાણોથી ગ્રહણ) કેવી રીતે માની શકશો? અને પ્રમાણસંપ્લવ માનશો તો અધિકના પ્રયોગથી 'અધિક' નિગ્રહસ્થાન આવી પડશે.

'અધિક' નિગ્રહસ્થાનના પક્ષકારનો ઉત્તર — પ્રતિપત્તિની દૃઢતા અને સંવાદની સિદ્ધિના માટે પ્રમાણસંપ્લવનો પ્રયોગ કરવાથી નિગ્રહ (પરાજય) થતો નથી, કારણ કે તેનાથી વિશેષ પ્રયોજન સિદ્ધ થાય છે.

'અધિક' નિગ્રહસ્થાનનો પ્રતિષેધ કરનારનો ઉત્તર — આ તર્ક તો બીજા હેતુ યા બીજા ઉદાહરણના પ્રયોગને પણ સમાનપણે લાગુ પડે છે. એક હેતુ યા એક ઉદાહરણ દ્વારા કોઈ અર્થ સિદ્ધ કર્યા પછી બીજા હેતુ કે બીજા ઉદાહરણનો પ્રયોગ નિરર્થક નથી કેમ કે તેનું પણ વિશેષ પ્રયોજન છે.

'અધિક' નિગ્રહસ્થાનના પક્ષકારની શંકા — આમ માનીશું તો અનવસ્થા દોષ થશે અર્થાત્ ક્યાંય આ પ્રક્રિયા અટકશે જ નહિ.

'અધિક' નિગ્રહસ્થાનનો પ્રતિષેધ કરનારનો ઉત્તર — ક્યાંક ને ક્યાંક આકાંક્ષાની સમાપ્તિ થઈ જ જશે, જેમ એક વિષયમાં પ્રમાણાન્તરોની પ્રવૃત્તિની સમાપ્તિ થઈ જાય છે તેમ. વળી, [તમે નૈયાયિકો કરકસરનો આટલો બધો આગ્રહ રાખો છો તો પછી] 'કૃતક' જેવા પદોનો પ્રયોગ કેમ કરો છો ? કારણ કે તેમાં મૂળ શબ્દ 'કૃત'ને લાગેલા સ્વાર્થિક પ્રત્યય 'ક' નો મૂળ શબ્દ 'કૃત'ના અર્થથી વધારાનો કોઈ જ અર્થ નથી. વળી તમે નૈયાયિકો યત્-તત્‌નો પ્રયોગ કરી 'यत् कृतकं तद् अनित्यम् (જે કૃતક છે તે અનિત્ય છે)' એ આકારમાં વ્યાપ્તિ કેમ કહો છો ? અર્થાત્ સામાસિક પદ (कृतकानित्यम्) થી અર્થનું જ્ઞાન થઈ જાય છે તો પછી પદના બદલે વાક્યનો પ્રયોગ કેમ કરો છો ? વાક્યપ્રયોગ અધિક હોઈ નિગ્રહસ્થાન નહિ થાય ? જો તમે કહેશો કે અધિક હોવા છતાં પણ તેમનાથી વિશેષ જ્ઞાન થાય છે એટલે તેમને નિગ્રહસ્થાન ન ગણાય તો અમે કહીશું કે અનેક હેતુઓ અને ઉદાહરણોથી પણ વિશેષ જ્ઞાન થાય છે તો પછી તમે તેમના પ્રયોગને નિગ્રહસ્થાન કેમ ગણો છો ? હા, જો નિરર્થક હેતુ યા નિરર્થક ઉદાહરણનો પ્રયોગ કરવામાં આવે તો તે નિરર્થક હોવાના કારણે જ નિગ્રહસ્થાન બનશે, અધિક હોવાના કારણે નહિ.

93. शब्दार्थयोः पुनर्वचनं पुनरुक्तं नाम निग्रहस्थानं भवत्यन्यत्रानुवादात् । शब्दपुनरुक्तं नाम यत्र स एव शब्दः पुनरुच्चार्यते । यथा अनित्यः शब्दः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनित्यः शब्द इति । अर्थपुनरुक्तं तु यत्र सोऽर्थः प्रथममन्येन शब्देनोक्तः पुनः पर्यायान्तरेणोच्यते । यथा अनित्यः शब्दो विनाशी ध्वनिरिति । अनुवादे तु पौनरुक्त्यमदोषो यथा– **"हेत्वपदेशात् प्रतिज्ञायाः पुनर्वचनं निगमनम्"** [न्यायसू. १.१.३९] इति । अत्रार्थपुनरुक्तमेवानुपपन्नं न शब्दपुनरुक्तम्, अर्थभेदेन शब्दसाम्येऽप्यस्यासम्भवात् यथा–

**"हसति हसति स्वामिन्युच्चैरुदत्यतिरोदिति,**
**कृतपरिकरं स्वेदोद्गारि प्रधावति धावति ।**
**गुणसमुदितं दोषापेतं प्रणिन्दति निन्दति,**
**धनलवपरिक्रीतं यन्त्रं प्रनृत्यति नृत्यति ॥"**–[वादन्यायः पृ. १११]

इत्यादि । ततः स्पष्टार्थवाचकैस्तैरेवान्यैर्वा शब्दैः सभ्याः प्रतिपादनीयाः । तदप्रतिपादकशब्दानां तु सकृत् पुनः पुनर्वाभिधानं निरर्थकं न तु पुनरुक्तमिति । यदपि अर्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं पुनरुक्तमुक्तं यथा असत्सु मेघेषु वृष्टिर्न भवतीत्युक्ते अर्थादापद्यते सत्सु भवतीति तत् कण्ठेन कथ्यमानं पुनरुक्तं भवति, अर्थगत्यर्थे हि शब्दप्रयोगे प्रतीतेऽर्थे किं तेनेति ? । एतदपि प्रतिपन्नार्थप्रतिपादकत्वेन वैयर्थ्यान्निग्रहस्थानं नान्यथा । तथा चेदं निरर्थकान्न विशिष्येतेति १३।

93. (१३) પુનરુક્ત — અનુવાદને છોડીને શબ્દ અને અર્થની પુનરુક્તિ કરવી એ 'પુનરુક્ત' નામનું નિગ્રહસ્થાન બને છે. એક જ શબ્દનો એકથી વધુ વાર પ્રયોગ કરવો (ઉચ્ચાર કરવો) એ શબ્દપુનરુક્ત છે. તેનું ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે, શબ્દ અનિત્ય છે.' કોઈ અર્થને એક શબ્દ દ્વારા જણાવી તે જ અર્થને પર્યાયશબ્દથી ફરી જણાવવો એ અર્થપુનરુક્ત છે. તેનું ઉદાહરણ — 'શબ્દ અનિત્ય છે, ધ્વનિ વિનાશી છે.' પરંતુ અનુવાદ કરવામાં પુનરુક્તિ દોષ નથી. તેનું ઉદાહરણ — 'હેતુને જણાવ્યા પછી પ્રતિજ્ઞાને ફરી કહેવી તે નિગમન છે' [ન્યાયસૂત્ર ૧.૧.૩૯].

પુનરુક્ત નિગ્રહસ્થાન અંગે કહેવું જોઈએ કે અર્થપુનરુક્તિ અનુચિત છે, તે ન હોવી જોઈએ. શબ્દપુનરુક્તિ અનુચિત નથી, કારણ કે શબ્દની સમાનતા હોવા છતાં પણ અર્થભેદ હોય તો પુનરુક્તિદોષ સંભવતો નથી. તેનું ઉદાહરણ છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

हसति हसति स्वामिन्युच्चैरुदत्यतिरोदिति
कृतपरिकरं स्वेदोद्गारि प्रधावति धावति ।
गुणसमुदितं दोषापेतं प्रणिन्दति निन्दति
धनलवपरिक्रीतं यन्त्रं प्रनृत्यति नृत्यति ॥ [વાદન્યાય,પૃ. ૧૧૧]

અનુવાદ — [કેવી કરુણતા !] [સેવકના રૂપમાં] થોડાક અમથા દામથી સંપૂર્ણપણે ખરીદાયેલું આ યન્ત્ર જ્યારે સ્વામી હસે છે ત્યારે મોટેથી હસે છે, જ્યારે સ્વામી રડે છે ત્યારે જોર જોરથી રડે છે, જ્યારે સ્વામી ઝડપથી ચાલે છે ત્યારે કેડ બાંધી પરસેવે રેબઝેબ થતું ઉતાવળે દોટ મૂકે છે, જ્યારે સ્વામી દોષ કાઢતા હોય છે ત્યારે ગુણસમ્પન્ન અને નિર્દોષ ઉપર દોષો અને આક્ષેપોની ઝડી વરસાવે છે, અને જ્યારે સ્વામી નાચે છે ત્યારે ઠેકડા મારતું નાચેકૂદે છે.

[અહીં ક્રિયાપદોમાં શબ્દસામ્ય હોવા છતાં અર્થછાયામાં ભેદ છે, એટલે પુનરુક્તિ નથી. હસતિ, રુદતિ, ધાવતિ, નિન્દતિ અને નૃત્યતિ આ પાંચ વર્તમાન કૃદન્તનાં સપ્તમી વિભક્તિનાં स्वामिनि (સપ્તમી વિભક્તિ) સાથે જતાં રૂપો છે. સ્વામીને ખુશ કરવા સ્વામીનું વધુ પડતું અનુકરણ કરતા સેવક સાથે જતાં વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનાં રૂપો છે — (उच्चैः) હસતિ, અતિરોદિતિ, પ્રધાવતિ, પ્રણિન્દતિ અને પ્રનૃત્યતિ. અહીં ક્રિયાપદની આગળ લાગેલા ઉપસર્ગો સેવકની ક્રિયાઓની વિલક્ષણતા (અતિશયતા - વધુ પડતાપણું) દર્શાવે છે.]

જૈનમ્ જયતિ શાસનમ્

સ્પષ્ટ અર્થના વાચક તે જ કે અન્ય શબ્દો દ્વારા વાદીએ સભ્યોને પોતાને અભીષ્ટ હોય તે સમજાવી દેવું જોઈએ. જે તે અર્થને જણાવતા ન હોય તેવા (અપ્રતિપાદક) શબ્દોનું અભિધાન ન તો એક વાર કરવું જોઈએ કે ન તો વારંવાર કરવું જોઈએ, પરંતુ તેવા શબ્દોના અભિધાનથી નિરર્થક નિગ્રહસ્થાન થાય, પુનરુક્ત નહિ. વળી, જે અર્થ અર્થાપત્તિ (implication)થી જણાઈ જતો હોય તેને તેના વાચક શબ્દ દ્વારા પુનઃ કહેવો એ 'પુનરુક્ત' નિગ્રહસ્થાન છે. ઉદાહરણ — 'વાદળો વિના વરસાદ થતો નથી' એમ કહેવામાં આવતાં અર્થાપત્તિથી, કહ્યા વિના, જ્ઞાન થઈ જાય છે કે 'વાદળો હોતાં વરસાદ થાય છે', તેમ છતાં તેના વાચક શબ્દો કંઠથી ઉચ્ચારી તે અર્થને કહેવો તે 'પુનરુક્ત' નિગ્રહસ્થાન છે, કારણ કે અર્થજ્ઞાન થયા પછી અર્થને જણાવવા શબ્દનો પ્રયોગ કરવાનું શું પ્રયોજન ? પ્રતીત અર્થનું શબ્દ દ્વારા પ્રતિપાદન કરવાનો શો અર્થ ? જ્ઞાત અર્થનું શબ્દ દ્વારા પ્રતિપાદન વ્યર્થ છે એ કારણે આ નિગ્રહસ્થાન છે. તેથી, આ 'પુનરુક્ત' નિગ્રહસ્થાન 'નિરર્થક' નિગ્રહસ્થાનથી ભિન્ન નથી.

94. पर्षदा विदितस्य वादिना त्रिरभिहितस्यापि यदप्रत्युच्चारणं



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदननुभाषणं नाम निग्रहस्थानं भवति, अप्रत्युच्चारयत्(न्) किमाश्रयं दूषण-मभिदधतीति(०दधीतेति) । अत्रापि किं सर्वस्य वादिनोक्तस्याननुभाषणम् उत यन्नान्तरीयिका साध्यसिद्धिस्तस्येति ? । तत्राद्यः पक्षोऽयुक्तः, परोक्त-मशेषमप्रत्युच्चारयतोऽपि दूषणवचनाव्याघातात् । यथा सर्वमनित्यं सत्त्वादित्युक्ते—सत्त्वादित्ययं हेतुर्विरुद्ध इति हेतुमेवोच्चार्य विरुद्धतो-द्भाव्यते— क्षणक्षयाद्येकान्ते सर्वथार्थक्रियाविरोधात् सत्त्वानुपपत्तेरिति च समर्थ्यते । तावता च परोक्तहेतोर्दूषणात्किमन्योच्चारणेन ? । अतो यन्नान्तरीयिका साध्यसिद्धिस्तस्यैवाप्रत्युच्चारणमननुभाषणं प्रतिपत्तव्यम् । अथैवं दूषयितुमसमर्थः शास्त्रार्थपरिज्ञानविशेषविकलत्वात्; तदायमुत्तराप्रति-पत्तेरेव तिरस्क्रियते न पुनरननुभाषणादिति १४ ।

94. (૧૪) અનનુભાષણ — વાદી જેને ત્રણ વાર ઉચ્ચારે અને પરિષદ સમજી જાય પરંતુ પ્રતિવાદી તેનું પ્રત્યુચ્ચારણ ન કરે તો 'અનનુભાષણ' નામનું નિગ્રહસ્થાન થાય છે. આને નિગ્રહસ્થાન ગણવાનું કારણ એ છે કે જો પ્રતિવાદી વાદીના કથનનું પ્રત્યુચ્ચારણ ન કરે તો તે પ્રતિવાદી વાદીના કથનમાં (દલીલમાં) દૂષણ કેવી રીતે આપી શકે ?

જૈનમ્ જયતિ શાસનમ્

[આના ખંડનમાં નીચે મુજબ વિવેચન કરવામાં આવે છે.] અહીં પણ એ વિચારણીય છે કે શું વાદીના સમગ્ર કથનનું પ્રત્યુચ્ચારણ ન કરવું તે 'અનનુભાષણ' નિગ્રહસ્થાન છે કે જેનું પ્રત્યુચ્ચારણ કર્યા વિના સાધ્યની સિદ્ધિ થઈ ન શકતી હોય તેનું જ પ્રત્યુચ્ચારણ ન કરવું 'અનનુભાષણ' નિગ્રહસ્થાન છે. પ્રથમ પક્ષનો સ્વીકાર અયોગ્ય છે કેમ કે વાદીના સમગ્ર કથનનું પ્રત્યુચ્ચારણ કર્યા વિના પણ દૂષણ કહેવામાં કોઈ બાધા નથી. ઉદાહરણ — જ્યારે વાદી કહે, 'સર્વ અનિત્ય છે કારણ કે સર્વ સત્ છે' ત્યારે પ્રતિવાદી વાદીના પૂરા કથનને પુનઃ ઉચ્ચાર્યા વિના કેવળ એટલું જ કહે છે, "'કારણ કે સત્ છે' આ હેતુ વિરુદ્ધ છે'. 'કારણ કે સત્ છે' આ હેતુનું જ પ્રતિવાદી પુનઃ ઉચ્ચારણ કરી તેમાં વિરુદ્ધ દોષનું ઉદ્ભાવન કરે છે. વિરુદ્ધતા દર્શાવતા જણાવે છે, 'ક્ષણિકતા વગેરે એકાન્તમાં અર્થક્રિયાનો સર્વથા વિરોધ છે (અર્થાત્ એકાન્ત ક્ષણિક વસ્તુ પોતાનાં કાર્યોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવતી નથી જ) એટલે ક્ષણિકતા આદિ એકાન્તમાં સત્ત્વ ઘટતું નથી. [સત્‌નું લક્ષણ અર્થક્રિયાકારિતા છે. જે અર્થક્રિયાકારી ન હોય તે સત્ ન હોય. જે એકાન્ત ક્ષણિક છે તે અર્થક્રિયાકારી નથી, તેથી સત્ નથી.]' આ રીતે પ્રતિવાદી પોતે આપેલા દોષનું સમર્થન કરે છે. આટલાથી વાદીએ કહેલા હેતુમાં દોષ આપી શકાતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો વાદીએ ઉચ્ચારેલા બીજા શબ્દોનું પ્રતિવાદીએ પ્રત્યુચ્ચારણ કરવાની શી આવશ્યકતા? તેથી, જેનું પ્રત્યુચ્ચારણ કર્યા વિના સાધ્યની સિદ્ધિ ન થતી હોય તેનું જ પ્રત્યુચ્ચારણ ન કરવું તેને જ 'અનનુભાષણ' નિગ્રહસ્થાન સમજવું જોઈએ. કોઈકવાર પ્રતિવાદી શાસ્ત્રના વિશિષ્ટ પરિજ્ઞાનથી વિકલ હોવાથી દૂષણ દેવામાં અસમર્થ બની જાય તો **ઉત્તર ન સૂઝવાના** કારણે જ તેનો તિરસ્કાર (પરાજય) થઈ જશે, અનનુભાષણના કારણે નહિ.

95. **पर्षदा विज्ञातस्यापि वा** दवाक्यार्थस्य प्रतिवादिनो यदज्ञानं तदज्ञानं नाम निग्रहस्थानं भवति । अविदितोत्तरविषयो हि क्वोत्तरं ब्रूयात् ? । न चाननुभाषणमेवेदम्, ज्ञातेऽपि वस्तुन्यनुभाषणासामर्थ्यदर्शनात् । एतदप्यसाम्प्रतम्, प्रतिज्ञाहान्यादिनिग्रहस्थानानां भेदाभावानुषङ्गात्, तत्राप्यज्ञानस्यैव सम्भवात् । तेषां तत्प्रभेदत्वे वा निग्रहस्थानप्रतिनियमाभावप्रसङ्गः, परोक्तस्याऽर्धाऽज्ञानादिभेदेन निग्रहस्थानानेकत्वप्रसङ्गात् १५ ।

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

95. (૧૫) અજ્ઞાન — વાદીએ રજૂ કરેલા વાક્યનો અર્થ પરિષદ સમજી જાય પરંતુ પ્રતિવાદીની સમજમાં ન આવે તો તે અજ્ઞાન નામનું નિગ્રહસ્થાન થાય. જો પ્રતિવાદી ઉત્તરના વિષયને જ ન સમજે તો, તે ઉત્તર શેનો આપશે? આ નિગ્રહસ્થાનનો સમાવેશ અનનુભાષણ નિગ્રહસ્થાનમાં ન કરી શકાય કારણ કે અનુભાષણનું અસમાર્થ્ય તો જ્ઞાત વસ્તુમાં પણ હોઈ શકે છે. નૈયાયિકોની આ અજ્ઞાન નિગ્રહસ્થાનની વાત યોગ્ય નથી કારણ કે અજ્ઞાન નિગ્રહસ્થાનને અલગ સ્વીકારવાથી તો પ્રતિજ્ઞાહાનિ આદિ નિગ્રહસ્થાનોનો અજ્ઞાન નિગ્રહસ્થાનથી ભેદ રહેશે નહિ, પ્રતિજ્ઞાહાનિ વગેરેમાં પણ અજ્ઞાન જ હોય છે. જો પ્રતિજ્ઞાહાનિ વગેરેને અજ્ઞાન નિગ્રહસ્થાનના પ્રકારો માનવામાં આવે તો નિગ્રહસ્થાનોની નિયત સંખ્યા (બાવીસ) રહે નહિ. વળી, વાદીના અડધા વગેરે કથનને ન સમજવાના કારણે પણ અનેક પૃથક્ નિગ્રહસ્થાનો માનવાની આપત્તિ આવે.

96. परपक्षे गृहीतेऽप्यनुभाषितेऽपि तस्मिन्नुत्तराप्रतिपत्तिरप्रतिभा नाम निग्रहस्थानं भवति । एषाप्यज्ञानान्न भिद्यते १६ ।

96. (૧૬) અપ્રતિભા — વાદીના પક્ષને સમજવા છતાં અને તેનું અનુભાષણ કરવા છતાં પ્રતિવાદીને તેનો ઉત્તર ન સૂઝવો તે અપ્રતિભા નામક નિગ્રહસ્થાન છે. આના ખંડનમાં અમે કહીએ છીએ કે અપ્રતિભાને પૃથક્ નિગ્રહસ્થાન ન મનાય કારણ કે અપ્રતિભા અજ્ઞાનથી ભિન્ન નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

97. "**कार्यव्यासङ्गात् कथाविच्छेदो विक्षेपः**" [न्यायसू. ५.२.१९] नाम निग्रहस्थानं भवति । सिषाधयिषितस्यार्थस्याशक्यसाधनतामवसाय कथां विच्छिनत्ति – 'इदं मे करणीयं परिहीयते, पीनसेन कण्ठ उपरुद्धः' इत्याद्यभिधाय कथां विच्छिन्दन् विक्षेपेण पराजीयते । एतदप्यज्ञानतो नार्थान्तरमिति १७ ।

97. (૧૭) વિક્ષેપ — 'વાદી યા પ્રતિવાદી પોતાનું અસામર્થ્ય સમજી જઈ બચવા માટે કામનું બહાનું કાઢી કથા (શાસ્ત્રાર્થ) છોડી જતો રહે તો તે વિક્ષેપ નિગ્રહસ્થાનથી નિગૃહીત (પરાજિત) થયો ગણાય' [ન્યાયસૂત્ર, ૫.૨.૧૯]. વાદી કે પ્રતિવાદી પોતે જે સાધ્ય સિદ્ધ કરવા ઈચ્છે છે તેને સિદ્ધ કરવું પોતાને માટે શક્ય નથી એવી તેને ખાતરી થઈ જતાં પરાજયથી બચવા માટે 'મારે કરવાનું અમુક કામ બગડી રહ્યું છે (એટલે મારે અત્યારે જ જવું જોઈએ), શરદીથી મારું ગળું બેસી ગયું છે, વગેરે' કહીને જ્યારે કથાને (શાસ્ત્રાર્થને) અધવચ્ચે તોડે છે, છોડે છે, ત્યારે તે વિક્ષેપ નિગ્રહસ્થાનથી પરાજિત થાય છે. નૈયાયિકને અમે કહીએ છીએ કે આ નિગ્રહસ્થાન પણ અજ્ઞાન નિગ્રહસ્થાનથી પૃથક્ નથી.

98. स्वपक्षे परापादितदोषमनुद्धृत्य तमेव परपक्षे प्रतीपमापादयतो मतानुज्ञा नाम निग्रहस्थानं भवति । चौरो भवान् पुरुषत्वात् प्रसिद्धचौरवदित्युक्ते—भवानपि चौरः पुरुषत्वादिति ब्रुवन्नात्मनः परापादितं चौरत्वदोषमभ्युपगतवान् भवतीति मतानुज्ञया निगृह्यते । इदमप्यज्ञानान्न भिद्यते । अनैकान्तिकता वात्र हेतोः; स ह्यात्मीयहेतोरात्मनैवानैकान्तिकतां दृष्ट्वा प्राह—भवत्पक्षेऽप्ययं दोषः समानस्त्वमपि पुरुषोऽसीत्यनैकान्तिकत्वमेवोद्भावयतीति १८ ।

98.(૧૮) મતાનુજ્ઞા — પોતાના પક્ષમાં લગવવામાં આવેલા દોષનું નિરાકરણ ન કરતાં ઊલટું તે જ દોષને સામા પક્ષમાં લગાવવો તે મતાનુજ્ઞા નિગ્રહસ્થાન બને છે. ઉદાહરણ — વાદીએ કહ્યું, 'આપ ચોર છો કારણ કે આપ પુરુષ છો, પ્રસિદ્ધ ચોરની જેમ.' હવે જો પ્રતિવાદી કહે, 'આપ પણ ચોર છો, કારણ કે આપ પુરુષ છો' તો પ્રતિવાદીએ તેના ઉપર વાદીએ લગાવેલા ચોર હોવાના દોષનો સ્વીકાર કરી લીધો ગણાય, આમ તે મતાનુજ્ઞા નિગ્રહસ્થાનથી પરાજિત (નિગૃહીત) થઈ જાય. મતાનુજ્ઞા નિગ્રહસ્થાન અંગેની નૈયાયિકની આ માન્યતા યોગ્ય નથી કેમ કે આ નિગ્રહસ્થાન પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અજ્ઞાન'થી ભિન્ન નથી અથવા તો અહીં હેતુમાં અનૈકાન્તિકતા દોષ સમજવો જોઈએ. વાદી કે પ્રતિવાદીને પોતાના હેતુમાં અનૈકાન્તિકતા દોષ છે એનું ભાન થતાં કહે છે — 'આપના પક્ષમાં પણ આ જ દોષ સમાનપણે છે, તમે પણ પુરુષ જ છો' અને આમ કહી તે એક રીતે હેતુમાં અનૈકાન્તિકત્વ દોષનું જ ઉદ્ભાવન કરે છે.

99. निग्रहप्राप्तस्यानिग्रहः पर्यनुयोज्योपेक्षणं नाम निग्रहस्थानं भवति । पर्यनुयोज्यो नाम निग्रहोपपत्त्यावश्यं नोदनीयः 'इदं ते निग्रहस्थानमुपनतमतो निगृहीतोऽसि' इत्येवं वचनीयस्तमुपेक्ष्य न निगृह्णाति यः स पर्यनुज्योपेक्षणेन निगृह्यते । एतच्च 'कस्य निग्रहः' इत्यनुयुक्तया परिषदोद्भावनीयं न त्वसावात्मनो दोषं विवृणुयात् 'अहं निग्राह्यस्त्वयोपेक्षितः' इति । एतदप्यज्ञानान्न भिद्यते १९ ।

99. (૧૯) પર્યનુયોજ્યોપેક્ષણ — નિગ્રહપ્રાપ્તનો નિગ્રહ ન કરવો તે પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાન છે. અર્થાત્ વાદી નિગ્રહસ્થાનમાં આવી પડ્યો હોય તો પ્રતિવાદીએ તેને સ્પષ્ટ જણાવી દેવું જોઈએ કે તમે અમુક નિગ્રહસ્થાન પામ્યા છો. જો કોઈ (વાદી કે પ્રતિવાદી) તેની ઉપેક્ષા કરે અર્થાત્ સામેવાળાને, જે નિગ્રહસ્થાન પ્રાપ્ત છે તેને, નિગૃહીત ઘોષિત ન કરે તો આ ઉપેક્ષા કરનારો પોતે જ પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાનથી નિગ્રહ (પરાજય) પામે છે. 'કોનો નિગ્રહ થયો છે?' એ જણાવવા પરિષદને કહેવામાં આવતાં પરિષદે નિર્ણય પ્રગટ કરવો જોઈએ. વાદી યા પ્રતિવાદી પોતે તો પોતાના દોષને જાહેર નહિ કરે, તે નહિ કહે, 'હું નિગ્રહપ્રાપ્ત હતો, તમે ઉપેક્ષા કરી મને નિગૃહીત પ્રગટ ન કર્યો.' અહીં પણ અમે નૈયાયિકને જણાવીએ છીએ કે આ નિગ્રહસ્થાન પણ 'અજ્ઞાન' નિગ્રહસ્થાનથી ભિન્ન નથી.

100. "अनिग्रहस्थाने निग्रहस्थानानुयोगो निरनुयोज्यानुयोगः" [न्यायसू. ५.२.२२] नाम निग्रहस्थानं भवति । उपपन्नवादिनमप्रमादिनमनिग्रहार्हमपि 'निगृहीतोऽसि' इति यो ब्रूयात्स एवाभूतदोषोद्भावनान्निगृह्यते । एतदपि नाज्ञानाद्व्यतिरिच्यते २० ।

100. (૨૦) નિરનુયોજ્યાનુયોગ — 'જે નિગ્રહસ્થાનને પ્રાપ્ત નથી તેના ઉપર નિગ્રહસ્થાનપ્રાપ્તિનો દોષારોપ કરવો તે નિરનુયોજ્યાનુયોગ નિગ્રહસ્થાન બને છે' [ન્યાયસૂત્ર, ૫.૨.૨૨]. જે યુક્તિસંગત બોલે છે, અપ્રમાદી છે અર્થાત્ સ્વપક્ષસાધન અને પરપક્ષદૂષણમાં બરાબર જાગ્રત છે અને નિગ્રહને યોગ્ય નથી તેને 'તમે નિગૃહીત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયા' એમ જે કહે છે તે પોતે જ અવિદ્યમાન દોષનું ઉદ્ભાવન કરવાના કારણે નિગૃહીત થઈ જાય છે. અહીં પણ અમે નૈયાયિકને જણાવીએ છીએ કે આ નિગ્રહસ્થાન પણ 'અજ્ઞાન' નામના નિગ્રહસ્થાનથી પૃથક્ નથી, તેમાં જ સમાવિષ્ટ છે.

101. "**सिद्धान्तमभ्युपेत्यानियमात्कथाप्रसङ्गोऽपसिद्धान्तः**" [न्यायसू. ५.२.२३] नाम निग्रहस्थानं भवति । यः प्रथमं कञ्चित् सिद्धान्तमभ्युपगम्य कथामुपक्रमते । तत्र च सिषाधयिषितार्थसाधनाय परोपालम्भाय वा सिद्धान्तविरुद्धमभिधत्ते सोऽपसिद्धान्तेन निगृह्यते । एतदपि प्रतिवादिनः प्रतिपक्षसाधने सत्येव निग्रहस्थानं नान्यथेति २१ ।

101. (૨૧) અપસિદ્ધાન્ત — 'અમુક સિદ્ધાન્તને સ્વીકાર્યા પછી તે સિદ્ધાન્ત વિરુદ્ધ કથા (શાસ્ત્રાર્થ) કરવી તે અપસિદ્ધાન્ત નિગ્રહસ્થાન છે' [ન્યાયસૂત્ર, ૫.૨.૨૩]. કોઈ (અર્થાત્ વાદી કે પ્રતિવાદી) પહેલાં કોઈ સિદ્ધાન્તનો સ્વીકાર કરી કથાનો આરંભ કરે છે. પછી તે પોતાના ઇષ્ટ સાધ્યને સિદ્ધ કરવા માટે કે પરપક્ષને દૂષિત કરવા માટે પોતે પહેલાં સ્વીકારેલા સિદ્ધાન્ત વિરુદ્ધ કથન કરે છે, ત્યારે તે અપસિદ્ધાન્ત નિગ્રહસ્થાનથી નિગૃહીત થાય છે. પરંતુ આ નિગ્રહસ્થાન ત્યારે જ નિગ્રહસ્થાન બને છે જ્યારે પ્રતિવાદીનો પક્ષ સિદ્ધ થઈ જાય, અન્યથા નહિ.

102. "**हेत्वाभासाश्च यथोक्ताः**" [न्यायसू. ५.२.२४] असिद्धविरुद्धादयो निग्रहस्थानम् । अत्रापि विरुद्धहेतूद्भावनेन प्रतिपक्षसिद्धेर्निग्रहाधिकरणत्वं युक्तम्, असिद्धाद्युद्भावने तु प्रतिवादिना प्रतिपक्षसाधने कृते तद्युक्तं नान्यथेति २२ ॥३४॥

102. (૨૨) હેત્વાભાસ — 'પૂર્વે કહેલા અસિદ્ધ વિરુદ્ધ આદિ હેત્વાભાસો પણ નિગ્રહસ્થાન છે' [ન્યાયસૂત્ર, ૫.૨.૨૪.]. અહીં પણ પ્રતિવાદીએ વિરુદ્ધ હેતુનું ઉદ્ભાવન કરવાથી સ્વતઃ પ્રતિપક્ષની સિદ્ધિ થઈ જવાના કારણે વિરુદ્ધ હેત્વાભાસને નિગ્રહસ્થાન માનવું ઊચિત છે. જો અસિદ્ધ આદિનું ઉદ્ભાવન કરવામાં આવે તો પ્રતિવાદી જ્યારે પ્રતિપક્ષની સિદ્ધિ કરી લે ત્યારે જ તે નિગ્રહસ્થાન બને છે, અન્યથા નહિ. (૩૪)

103. तदेवमक्षपादोपदिष्टं पराजयाधिकरणं परीक्ष्य सौगतागमितं तत् परीक्ष्यते—

**नाप्यसाधनाङ्गवचनादोषोद्भावने ॥३५॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

103. આમ અક્ષપાદે ઉપદેશેલા પરાજયના (નિગ્રહના) પ્રસંગો (સ્થાનો)ની પરીક્ષા કર્યા પછી હવે આચાર્ય બૌદ્ધસમ્મત પરાજયના પ્રસંગોની પરીક્ષા કરે છે—

**અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન પણ પરાજયના પ્રસંગો (સ્થાનો) નથી. (૩૫)**

104. स्वपक्षस्यासिद्धिरेव पराजयो 'न' 'असाधनाङ्गवचनम्' 'अदोषोद्भावनम्' च यथाह धर्मकीर्त्तिः—

**"असाधनाङ्गवचनमदोषोद्भावनं द्वयोः ।**
**निग्रहस्थानमन्यत्तु न युक्तमिति नेष्यते ॥"**–[वादन्यायः का. १]

104. સ્વપક્ષની અસિદ્ધિ જ પરાજય છે, અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન પરાજય નથી જેમ ધર્મકીર્તિ માને છે અને કહે છે — 'અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન બન્ને માટે (વાદી અને પ્રતિવાદી બન્ને માટે) નિગ્રહસ્થાન છે, આ બે સિવાય બીજાં નિગ્રહસ્થાનો સ્વીકારવા યોગ્ય નથી એટલે અમે બીજાં નિગ્રહસ્થાનો માનતા નથી' [વાદન્યાય, કારિકા ૧].

105. अत्र हि स्वपक्षं साधयन् असाधयन् वा वादिप्रतिवादिनोरन्यतरोऽसाधनाङ्गवचनाददोषोद्भावनाद्वा परं निगृह्णाति ? । प्रथमपक्षे स्वपक्षसिद्ध्यैवास्य पराजयादन्योद्भावनं व्यर्थम् । द्वितीयपक्षे असाधनाङ्गवचनाद्युद्भावनेपि न कस्यचिज्जयः, पक्षसिद्धेरुभयोरभावात् ।

105. બૌદ્ધોની આ માન્યતા અંગે વિચારણીય છે કે — શું વાદી અને પ્રતિવાદીમાંથી કોઈ પણ અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન દ્વારા બીજાને નિગૃહીત કરે છે ત્યારે પોતાના પક્ષને સિદ્ધ કરીને નિગૃહીત કરે છે કે સિદ્ધ કર્યા વિના નિગૃહીત કરે છે? પ્રથમ પક્ષમાં સ્વપક્ષની સિદ્ધિ દ્વારા જ વિરોધી પક્ષનો પરાજય થઈ જશે, પછી બીજા દોષોની ઉદ્ભાવના કરવી વ્યર્થ બની જશે. બીજા પક્ષમાં અસાધનાંગવચન આદિ દોષોની ઉદ્ભાવના કરવા છતાં કોઈનો જય નહિ થાય કારણ કે બન્નેના પક્ષોની સિદ્ધિ થઈ નથી.

106. यच्चास्य व्याख्यानम्—साधनं सिद्धिस्तदङ्गं त्रिरूपं लिङ्गं तस्यावचनम्— तूष्णीम्भावो यत्किञ्चिद्भाषणं वा, साधनस्य वा त्रिरूपलिङ्गस्याङ्गं समर्थनं विपक्षे बाधकप्रमाणोपदर्शनरूपं तस्यावचनं वादिनो निग्रहस्थानमिति—तत् पञ्चावयवप्रयोगवादिनोऽपि समानम् । शक्यं हि तेनाप्येवं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वक्तुं सिद्ध्यङ्गस्य पञ्चावयवप्रयोगस्यावचनात् सौगतस्य वादिनो निग्रहः। ननु चास्य तदवचनेऽपि न निग्रहः, प्रतिज्ञानिगमनयोः पक्षधर्मोपसंहार-सामर्थ्येन गम्यमानत्वात्, गम्यमानयोश्च वचने पुनरुक्तत्वानुषङ्गात्, तत्प्रयोगेऽपि हेतुप्रयोगमन्तरेण साध्यार्थाप्रसिद्धेः; इत्यप्यसत्, पक्षधर्मोप-संहारस्याप्येवमवचनानुषङ्गात्। अथ सामर्थ्याद्गम्यमानस्यापि यत् सत् तत् सर्वं क्षणिकं यथा घटः, संश्च शब्द इति पक्षधर्मोपसंहारस्य वचनं हेतोरपक्षधर्म-त्वेनासिद्धत्वव्यवच्छेदार्थम्; तर्हि साध्याधारसन्देहापनोदार्थं गम्यमानाया अपि प्रतिज्ञायाः, प्रतिज्ञाहेतूदाहरणोपनयानामेकार्थत्वप्रदर्शनार्थं निगमनस्य वचनं किं न स्यात्?। नहि प्रतिज्ञादीनामेकार्थत्वोपदर्शनमन्तरेण सङ्गतत्वं घटते, भिन्नविषयप्रतिज्ञादिवत्। ननु प्रतिज्ञातः साध्यसिद्धौ हेत्वादिवचनमनर्थकमेव स्यात्, अन्यथा नास्याः साधनाङ्गतेति चेत्; तर्हि भवतोऽपि हेतुतः साध्यसिद्धौ दृष्टान्तोऽनर्थकः स्यात्, अन्यथा नास्य साधनाङ्गतेति समानम्। ननु साध्य-साधनयोर्व्याप्तिप्रदर्शनार्थत्वात् नानर्थको दृष्टान्तः, तत्र तदप्रदर्शने हेतोरगम-कत्वात्; इत्यप्ययुक्तम्, सर्वानित्यत्वसाधने सत्त्वादेर्दृष्टान्तासम्भवतोऽगम-कत्वानुषङ्गात्। विपक्षव्यावृत्त्या सत्त्वादेर्गमकत्वे वा सर्वत्रापि हेतौ तथैव गमकत्वप्रसङ्गात् दृष्टान्तोऽनर्थक एव स्यात्। विपक्षव्यावृत्त्या च हेतुं समर्थयन् कथं प्रतिज्ञां प्रतिक्षिपेत्?। तस्याश्चानभिधाने क्व हेतुः साध्यं वा वर्तते?। गम्यमाने प्रतिज्ञाविषय एवेति चेत्; तर्हि गम्यमानस्यैव हेतोरपि समर्थनं स्यान्न तूक्तस्य। अथ गम्यमानस्यापि हेतोर्मन्दमतिप्रतिपत्त्यर्थं वचनम्; तथा प्रतिज्ञावचने कोऽपरितोषः?।

106. અસાધનાંગવચનની એક વ્યાખ્યા નીચે મુજબ છે. સાધન અર્થાત્ સિદ્ધિનું અંગ છે ત્રણ રૂપોવાળું લિંગ, તેનું અવચન અર્થાત્ તેનો પ્રયોગ ન કરવો એટલે કે મૌન રહેવું યા તો જે તે બોલવું. અથવા સાધન અર્થાત્ ત્રણ રૂપોવાળું લિંગ, તેનું અંગ અર્થાત્ સમર્થન, તેનું અવચન અર્થાત્ તેનો વચન પ્રયોગ ન કરવો. અહીં ત્રિરૂપ લિંગના સમર્થનનો અર્થ છે વિપક્ષમાં બાધક પ્રમાણ દર્શાવવું. તાત્પર્ય એ કે ત્રણ લક્ષણોવાળા હેતુનો વચનપ્રયોગ ન કરવો અથવા સ્વહેતુનું સમર્થન ન કરવું અર્થાત્ વિપક્ષમાં બાધક પ્રમાણ ન દર્શાવવું એ વાદીનું અસાધનાંગવચન નામનું નિગ્રહસ્થાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ અહીં કહે છે — પરંતુ આ વાત તો પંચાવયવપ્રયોગવાદી નૈયાયિકને માટે પણ સમાન છે. તે પણ કહી શકે કે સિદ્ધિના અંગરૂપ પંચાવયવપ્રયોગનું કથન ન કરવાથી બૌદ્ધ અસાધનાંગવચન નામના નિગ્રહસ્થાનથી નિગૃહીત થાય છે.

બીજો કોઈ બૌદ્ધનો પક્ષ લઈ શંકા કરે છે — પાંચ અવયવોનો વચનપ્રયોગ બૌદ્ધ કરતા ન હોવા છતાં તેમનો આ અસાધનાંગવચન નામના નિગ્રહસ્થાનથી નિગ્રહ માની ન શકાય કેમ કે બૌદ્ધોના મતે પ્રતિજ્ઞા અને નિગમન આ બે અવયવોનો વચનપ્રયોગ નિરર્થક છે. તેનું કારણ બૌદ્ધો નીચે મુજબ જણાવે છે. પ્રતિજ્ઞા અને નિગમનનું જ્ઞાન પક્ષધર્મોપસંહારના(ઉપનયના) અર્થસામર્થ્યથી જ થઈ જાય છે, જેનું અર્થસામર્થ્યથી જ્ઞાન થયું હોય તેને શબ્દો દ્વારા કહેવાથી તો પુનરુક્તિદોષની આપત્તિ આવે. વળી પ્રતિજ્ઞા અને નિગમનનો વચનપ્રયોગ કરવા છતાં હેતુનો પ્રયોગ કર્યા વિના તો સાધ્યની સિદ્ધિ થતી નથી. [એટલે પ્રતિજ્ઞા અને નિગમનનો વચનપ્રયોગ નિરર્થક છે.]

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) કહે છે — આ બૌદ્ધોની દલીલ બરાબર નથી. આ દલીલ સ્વીકારીએ તો પક્ષધર્મોપસંહારનો વચનપ્રયોગ નિરર્થક ઠરે.

બૌદ્ધનો ઉત્તર — 'જે સત્ છે તે બધું ક્ષણિક છે, જેમ કે ઘટ, શબ્દ પણ સત્ છે' આ પ્રકારનો પક્ષધર્મોપસંહાર, જે અર્થસામર્થ્યથી જણાઈ ગયો હોવા છતાં તેનો વચનપ્રયોગ નિરર્થક નથી, કારણ કે તેના વચનપ્રયોગથી હેતુમાં પક્ષધર્મત્વના અભાવના કારણે આવી પડતી અસિદ્ધતાનો વ્યવચ્છેદ થાય છે, આ છે તેના વચનપ્રયોગનું પ્રયોજન.

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) કહે છે — [જેમ અર્થસામર્થ્યથી જ્ઞાત પક્ષધર્મોપસંહારનો વચનપ્રયોગ કરવાનું ખાસ પ્રયોજન હોઈ તેનો વચનપ્રયોગ આવશ્યક છે તેમ અર્થસામર્થ્યથી જ્ઞાત પ્રતિજ્ઞા અને નિગમનનો વચનપ્રયોગ કરવાનું ખાસ પ્રયોજન હોઈ તેમનો વચનપ્રયોગ પણ આવશ્યક છે. શું પ્રયોજન છે?] સાધ્ય ક્યાં સિદ્ધ કરવામાં આવી રહ્યું છે એ જાતની શંકાનું નિવારણ કરવા માટે અર્થસામર્થ્યની ગમ્યમાન પ્રતિજ્ઞાનો વચનપ્રયોગ શું ન થાય? પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ અને ઉપનયની એકાર્થતા દર્શાવવાના પ્રયોજનથી શું નિગમનનો વચનપ્રયોગ ન થાય? તેમની એકાર્થતા દર્શાવવી આવશ્યક છે, તેના વિના તેમની સંગતિ ન ઘટે. પ્રતિજ્ઞાનો વિષય કોઈ હોય, હેતુનો વિષય કોઈ અન્ય હોય, ઉદાહરણનો વિષય વળી કોઈ ત્રીજો હોય અને ઉપનયનો વળી કોઈ અન્ય ચોથો જ હોય તો તેઓ સંગત કેવી રીતે બને [અને બધા મળીને એકાર્થક અનુમિતિને કેવી રીતે જન્મ આપે] ?

બૌદ્ધ — જો પ્રતિજ્ઞાના વચનપ્રયોગથી સાધ્યની સિદ્ધિ થઈ જતી હોય તો હેતુ આદિનો વચનપ્રયોગ નિરર્થક બની જાય. અને જો પ્રતિજ્ઞાના વચનપ્રયોગથી સાધ્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિ ન થતી હોય તો પ્રતિજ્ઞાને સાધનાંગ ન ગણી શકાય.

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) — અમે તમને બૌદ્ધને પૂછીએ છીએ કે હેતુવચનપ્રયોગથી સાધ્યની સિદ્ધિ થાય છે કે નહિ ? જો થતી હોય તો દૃષ્ટાન્તનો વચનપ્રયોગ નિરર્થક બની જાય. અને જો ન થતી હોય તો હેતુવચનપ્રયોગને સાધનાંગ ન ગણી શકાય. આમ આ દોષ આપના મતને સમાનપણે લાગુ પડે છે.

બૌદ્ધ — દૃષ્ટાન્તના વચનપ્રયોગનું પ્રયોજન સાધ્ય અને સાધનની વ્યાપ્તિને દર્શાવવાનું છે, તેથી તે નિરર્થક નથી. જો દૃષ્ટાન્તના વચનપ્રયોગ દ્વારા સાધ્ય-સાધનની વ્યાપ્તિ દર્શાવવામાં ન આવે તો હેતુ ગમક જ ન બને.

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) — તમારું આ કથન યોગ્ય નથી. જ્યારે તમે 'સત્ત્વ' હેતુ દ્વારા બધી વસ્તુઓની ક્ષણિકતા સિદ્ધ કરો છો ત્યારે કોઈ દૃષ્ટાન્ત સંભવતું નથી [કારણ કે બધી વસ્તુઓ પક્ષ અન્તર્ગત છે]. એટલે આપનો હેતુ ગમક નહિ બનવાની આપત્તિ આવશે. [પરંતુ દૃષ્ટાન્તનાં અભાવમાં પણ તમે 'સત્ત્વ' હેતુને ગમક માન્યો છે.]

બૌદ્ધ — 'સત્ત્વ' આદિ હેતુ દૃષ્ટાન્ત (સપક્ષ) વિના પણ કેવળ વિપક્ષવ્યાવૃત્તિ દ્વારા જ ગમક બને છે.

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) — એમ હોય તો સર્વત્ર વિપક્ષવ્યાવૃત્તિથી જ હેતુ ગમક બની જશે, પછી દૃષ્ટાન્તની શી આવશ્યકતા ? દૃષ્ટાન્ત નિરર્થક બની જશે. વળી, વિપક્ષવ્યાવૃત્તિ દ્વારા જ હેતુના ગમકત્વનું સમર્થન કરનાર પ્રતિજ્ઞાનો પ્રતિષેધ કેવી રીતે કરી શકે ? જો પ્રતિજ્ઞાનો વચનપ્રયોગ ન કરવામાં આવે તો કેવી રીતે ખબર પડે કે હેતુ અને સાધ્ય ક્યાં રહે છે ?

બૌદ્ધ — [પ્રસંગ આદિથી] જણાઈ જતા પ્રતિજ્ઞાના વિષયમાં (પક્ષમાં) હેતુ અને સાધ્યનું રહેવું જણાઈ જાય છે. [એટલે પ્રતિજ્ઞાવચનનો પ્રયોગ જરૂરી નથી.]

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) — તો પછી અર્થાત્ જણાઈ જતા હેતુનું સમર્થન કરવાની આપત્તિ આવશે કારણ કે જો અર્થાત્ હેતુ જણાઈ જતો હોય તો શબ્દોમાં તેને કહેવાની શી જરૂર ? હેતુને શબ્દોમાં જણાવવાનું સમર્થન ન થઈ શકે.

બૌદ્ધ — મન્દબુદ્ધિને જ્ઞાન કરાવવા માટે હેતુનો વચનપ્રયોગ કરવો જરૂરી છે.

બૌદ્ધ પક્ષનો વિરોધી (નૈયાયિક) — તો પછી પ્રતિજ્ઞા આદિનો વચનપ્રયોગ કરવામાં આપને અસંતોષ (દ્વેષ, નારાજગી) કેમ છે ? મન્દબુદ્ધિને સમજાવવા માટે પ્રતિજ્ઞા અને નિગમનનો વચનપ્રયોગ પણ આપે સ્વીકારવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

107. यच्चेदमसाधनाङ्गमित्यस्य व्याख्यानान्तरम्—साधर्म्येण हेतोर्वचने वैधर्म्यवचनम्, वैधर्म्येण च प्रयोगे साधर्म्यवचनं गम्यमानत्वात् पुनरुक्तमतो न साधनाङ्गम्; इत्यप्यसाम्प्रतम्, यतः सम्यक्साधनसामर्थ्येन स्वपक्षं साधयतो वादिनो निग्रहः स्यात्, असाधयतो वा ? । प्रथमपक्षे न साध्यसिद्ध्यप्रतिबन्धिवचनाधिक्योपालम्भमात्रेणास्य निग्रहः, अविरोधात् । नन्वेवं नाटकादिघोषणतोऽप्यस्य निग्रहो न स्यात्; सत्यमेतत्, स्वसाध्यं प्रसाध्य नृत्यतोऽपि दोषाभावाल्लोकवत्, अन्यथा ताम्बूलभक्षण-भ्रूक्षेप-खाट्कृत-हस्तास्फालनादिभ्योऽपि सत्यसाधनवादिनोऽपि निग्रहः स्यात् । अथ स्वपक्षमप्रसाधयतोऽस्य ततो निग्रहः; नन्वत्रापि किं प्रतिवादिना स्वपक्षे साधिते वादिनो वचनाधिक्योपालम्भो निग्रहो लक्ष्येत, असाधिते वा ? । प्रथमपक्षे स्वपक्षसिद्ध्यैवास्य निग्रहाद्वचनाधिक्योद्भावनमनर्थकम्, तस्मिन् सत्यपि पक्षसिद्धिमन्तरेण जयायोगात् । द्वितीयपक्षे तु युगपद्वादिप्रतिवादिनोः पराजयप्रसङ्गो जयप्रसङ्गो वा स्यात्, स्वपक्षसिद्धेरभावाविशेषात् ।

107. અસાધનાંગવચનની એક બીજી વ્યાખ્યા પણ છે. તે નીચે મુજબ છે — સાધર્મ્ય (વિધિરૂપ, અન્વયરૂપ) દ્વારા હેતુનો વચનપ્રયોગ કર્યા પછી પણ વૈધર્મ્ય (નિષેધરૂપ, વ્યતિરેકરૂપ) દ્વારા પણ હેતુનો વચનપ્રયોગ કરવો, અથવા વૈધર્મ્ય દ્વારા હેતુનો વચનપ્રયોગ કર્યા પછી પણ સાધર્મ્ય દ્વારા હેતુનો વચનપ્રયોગ કરવો એ પુનરુક્ત છે કારણ કે એકના વચનપ્રયોગથી બીજાનું જ્ઞાન અર્થાત્ થઈ જ જાય છે. એટલે બીજાનો વચનપ્રયોગ કરવો એ અસાધનાંગવચન છે, અસાધનાંગવચનરૂપ નિગ્રહસ્થાન છે. આમ માનવું પણ યોગ્ય નથી. તેનું કારણ સમજાવીએ છીએ. શું નિર્દોષ હેતુના બળે પોતાના પક્ષને સિદ્ધ કરનાર વાદી આ નિગ્રહસ્થાનથી નિગૃહીત થશે કે પોતાના પક્ષને સિદ્ધ ન કરનાર ? સાધ્યની સિદ્ધિમાં બાધક ન બનનારાં વચનોની અધિકતાના ઉપાલંભ માત્રથી સ્વપક્ષની સિદ્ધિ કરનારો નિગૃહીત બનતો નથી કારણ કે વચનોની અધિકતાનો પક્ષસિદ્ધિ સાથે કોઈ વિરોધ નથી.

બૌદ્ધ — તો પછી નાટક આદિની ઘોષણા કરવાથી પણ તેનો નિગ્રહ નહિ થાય.

જૈન — બરાબર છે, નહિ થાય. પોતાના સાધ્યને સિદ્ધ કર્યા પછી કોઈ નાચે તો તેમાં કંઈ અયોગ્ય નથી. લોકમાં એવું થતું આપણે દેખીએ છીએ જ. અન્યથા સાધ્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિ કર્યા પછી પાન ચાવવું, ભ્રૂક્ષેપ કરવો, કાખલી ફૂટવી, ટપાકા પાડવા, વગેરેથી પણ સાધ્યસિદ્ધિ કરનારનો પણ નિગ્રહ માનવાની આપત્તિ આવશે. જો કહેવામાં આવે કે પોતાના પક્ષને સિદ્ધ ન કરનારનો જ વચનાધિક્ય નિગ્રહસ્થાનથી નિગ્રહ થાય છે તો અહીં પણ પ્રશ્ન થાય કે શું પ્રતિવાદી દ્વારા પોતાનો પક્ષ સિદ્ધ કરાયા પછી વાદીનો વચનાધિક્યથી નિગ્રહ થાય છે કે પછી પ્રતિવાદી દ્વારા પોતાના પક્ષની સિદ્ધિ ન કરાઈ હોય ત્યારે પણ વાદીનો વચનાધિક્યથી નિગ્રહ થાય છે ? જો પ્રથમ પક્ષ સ્વીકારવામાં આવે તો પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થઈ જવાના કારણે જ વાદી નિગૃહીત્ (પરાજિત) થઈ જશે, પછી વચનાધિક્યદોષનું ઉદ્ભાવન કરવું વ્યર્થ થઈ જાય છે કેમ કે પ્રતિવાદી વચનાધિક્યદોષનું ઉદ્ભાવન કરે છતાં પણ પ્રતિવાદી જ્યાં સુધી પોતાના પક્ષને સિદ્ધ ન કરે ત્યાં સુધી તેનો (પ્રતિવાદીનો) વિજય થતો નથી.જો બીજો પક્ષ સ્વીકારવામાં આવે તો વાદી અને પ્રતિવાદી બન્નેના એક સાથે વિજય કે પરાજયની આપત્તિ આવશે કેમ કે બન્નેમાંથી કોઈએ પણ પોતાના પક્ષની સિદ્ધિ કરી નથી.

108. ननु न स्वपक्षसिद्ध्यसिद्धिनिबन्धनौ जयपराजयौ, तयोर्ज्ञानाज्ञाननिबन्धनत्वात्। साधनवादिना हि साधुसाधनं ज्ञात्वा वक्तव्यम्, दूषणवादिना च दूषणम्। तत्र साधर्म्यवचनाद्वैधर्म्यवचनाद्वाऽर्थस्य प्रतिपत्तौ तदुभयवचने वादिनः प्रतिवादिना सभायामसाधनाङ्गवचनस्योद्भावनात् साधुसाधनाज्ञानसिद्धेः पराजयः। प्रतिवादिनस्तु तद्दूषणज्ञाननिर्णयाज्जयः स्यात्; इत्यप्यविचारितरमणीयम्, यतः स प्रतिवादी सत्साधनवादिनः साधनाभासवादिनो वा वचनाधिक्यदोषमुद्भावयेत्?। तत्राद्यपक्षे वादिनः कथं साधुसाधनाज्ञानम्, तद्वचनेयत्ताज्ञानस्यैवाभावात्?। द्वितीयपक्षे तु न प्रतिवादिनो दूषणज्ञानमवतिष्ठते साधनाभासस्यानुद्भावनात्। तद्वचनाधिक्यदोषस्य ज्ञानात् दूषणज्ञोऽसाविति चेत्; साधनाभासाज्ञानाददूषणज्ञोऽपीति नैकान्ततो वादिनं जयेत्, तद्दोषोद्भावनलक्षणस्य पराजयस्यापि निवारयितुमशक्तेः। अथ वचनाधिक्यदोषोद्भावनादेव प्रतिवादिनो जयसिद्धौ साधनाभासोद्भावनमनर्थकम्; नन्वेवं साधनाभासानुद्भावनात्तस्य पराजयसिद्धौ वचनाधिक्योद्भावनं कथं जयाय प्रकल्पेत?। अथ वचनाधिक्यं साधनाभासं वोद्भावयतः प्रतिवादिनो जयः; कथमेवं साधर्म्यवचने वैधर्म्यवचनं वैधर्म्यवचने वा साधर्म्यवचनं पराजयाय प्रभवेत्?। कथं चैवं वादिप्रतिवादिनोः पक्षप्रतिपक्षपरिग्रह-

जैनम् जयति शासनम् JAINSITE.com

वैयर्थ्यं न स्यात्, क्वचिदेकत्रापि पक्षे साधनसामर्थ्यज्ञानाज्ञानयोः सम्भवात् ? न खलु शब्दादौ नित्यत्वस्यानित्यत्वस्य वा परीक्षायामेकस्य साधनसामर्थ्ये ज्ञानमन्यस्य चाज्ञानं जयस्य पराजयस्य वा निबन्धनं न भवति । युगपत्साधनासमार्थ्यज्ञाने च वादिप्रतिवादिनोः कस्य जयः पराजयो वा स्यादविशेषात् ? । न कस्यचिदिति चेत्; तर्हि साधनवादिनो वचनाधिक्यकारिणः साधनसामर्थ्याज्ञानसिद्धेः प्रतिवादिनश्च वचनाधिक्यदोषोद्भावनात्तद्दोषमात्रज्ञानसिद्धेर्न कस्यचिज्जयः पराजयो वा स्यात् । नहि यो यद्दोषं वेत्ति स तद्गुणमपि, कुतश्चिन्मारणशक्तौ वेदनेऽपि विषद्रव्यस्य कुष्ठापनयनशक्तौ संवेदनानुदयात् । तन्न तत्सामर्थ्यज्ञानाज्ञाननिबन्धनौ जयपराजयौ व्यवस्थापयितुं शक्यौ, यथोक्तदोषानुषङ्गात् । स्वपक्षसिद्ध्यसिद्धिनिबन्धनौ तु तौ निरवद्यौ पक्षप्रतिपक्षपरिग्रहवैयर्थ्याभावात् । कस्यचित् कुतश्चित् स्वपक्षसिद्धौ सुनिश्चितायां परस्य तत्सिद्ध्यभावतः सकृज्जयपराजयप्रसङ्गात् ।

108. બૌદ્ધ — જય અને પરાજયનું કારણ સ્વપક્ષની સિદ્ધિનું હોવું ન હોવું નથી. જય અને પરાજયનું કારણ તો જ્ઞાન અને અજ્ઞાન છે. સાધનને કહેનારે પોતાનું સાધન સમીચીન છે એ જાણીને સાધનને કહેવું જોઈએ અને દૂષણ કહેનારે દૂષણ સાચું છે એ જાણીને દૂષણ કહેવું જોઈએ. સાધર્મ્યપ્રયોગ યા વૈધર્મ્યપ્રયોગ દ્વારા અર્થનું જ્ઞાન થઈ જવા છતાં બીજાનો વચનપ્રયોગ કરવાના કારણે પ્રતિવાદીએ ચતુરંગસભામાં વાદીને અસાધનાંગવચનનો દોષ દીધો (દોષોદ્ભાવન કર્યું), તેથી વાદીને સમીચીન સાધનનું જ્ઞાન નથી એ વાત સિદ્ધ થઈ, એટલે તેનો પરાજય થઈ ગયો, અને પ્રતિવાદીને દૂષણનું જ્ઞાન છે એ વાતનો નિશ્ચય થયો એટલે તેનો વિજય થઈ ગયો.

જૈન — આ તમારી વાત અવિચારિતરમણીય છે. અમે તમને પૂછીએ છીએ કે પ્રતિવાદી સમીચીન સાધનનો વચનપ્રયોગ કરનાર વાદીને વચનાધિક્યનો દોષ દે છે કે અસમીચીન સાધનનો વચનપ્રયોગ કરનાર વાદીને ? જો તમે પ્રથમ પક્ષ સ્વીકારો તો તમે કેવી રીતે કહી શકો કે તેને સમીચીન સાધનનું જ્ઞાન નથી ? હકીકતમાં તેને સત્સાધનનું જ્ઞાન છે જ, કેવળ વચનોની ઈયત્તા(પરિમાણ)નું જ જ્ઞાન નથી. જો તમે બીજો પક્ષ સ્વીકારો તો તમે પ્રતિવાદીના દૂષણજ્ઞાનની સિદ્ધિ નહિ કરી શકો કેમ કે વાદીએ સાધનાભાસનો વચનપ્રયોગ કર્યો હોવા છતાં પ્રતિવાદીએ સાધનાભાસ દોષનું ઉદ્ભાવન તો કર્યું જ નથી. [પ્રતિવાદીએ તો કેવળ વચનાધિક્યનું જ ઉદ્ભાવન કર્યું છે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૌદ્ધ — વાદીના વચનાધિક્ય દોષનું જ્ઞાન પ્રતિવાદીને છે એ ઉપરથી જ સિદ્ધ થાય છે કે પ્રતિવાદી દૂષણજ્ઞ છે.

જૈન — પરંતુ વાદી દ્વારા કહેવામાં આવેલા સાધનાભાસરૂપ દોષનું પ્રતિવાદીને જ્ઞાન ન હોવાથી તેને દૂષણજ્ઞ કેવી રીતે ગણાય? તે દૂષણજ્ઞ પણ ન જ ગણાય. આવી પરિસ્થિતિમાં પ્રતિવાદી વાદીને એકાન્તપણે જીતી શકે નહિ, કેમ કે સાધનાભાસરૂપ દોષનું ઉદ્ભાવન ન કરવાના કારણે પ્રતિવાદી પોતાના પરાજયને રોકી શકતો નથી.

બૌદ્ધ — વચનાધિક્યદોષનું ઉદ્ભાવન કરવાથી જ પ્રતિવાદીનો જય સિદ્ધ થઈ જાય છે એટલે પ્રતિવાદીએ સાધનાભાસદોષનું ઉદ્ભાવન કરવું નિરર્થક છે.

જૈન — તો અમે કહીશું કે પ્રતિવાદીએ સાધનાભાસદોષનું ઉદ્ભાવન ન કર્યું હોવાથી તેનો પરાજય સિદ્ધ થઈ જ ગયો છે તો પ્રતિવાદી હવે વચનાધિક્યદોષનું ઉદ્ભાવ કરે તો તેનો વિજય કેવી રીતે થાય? ન જ થાય.

બૌદ્ધ — વચનાધિક્ય અથવા સાધનાભાસ દોષનું, અર્થાત્ આ બેમાંથી કોઈ પણ એક દોષનું ઉદ્ભાવન કરવાથી પ્રતિવાદીનો વિજય થાય છે.

જૈન — એમ હોય તો પછી સાધર્મ્યવચન અને વૈધર્મ્યવચન એ બેમાંથી કોઈ એકનો પ્રયોગ કર્યા પછી વાદી બીજાનો પ્રયોગ કરે તો તે વાદી પરાજિત કેવી રીતે થાય? [ન જ થાય.] વળી, જય અને પરાજયનો આધાર જ્ઞાન અને અજ્ઞાનને માનવામાં આવે તો વાદી અને પ્રતિવાદીના પક્ષ અને પ્રતિપક્ષને ગ્રહણ કરવું વ્યર્થ કેમ ન બની જાય?, કેમ કે સાધનના સામર્થ્યનું જ્ઞાન અને અજ્ઞાન તો કોઈ એક પક્ષમાં પણ હોઈ શકે છે. શબ્દ વગેરેમાં નિત્યતા કે અનિત્યતાની પરીક્ષામાં એકનું સાધનના સામર્થ્યનું જ્ઞાન અને બીજાનું સાધનના સામર્થ્યનું અજ્ઞાન ક્રમથી જય અને પરાજયનું કારણ નથી એવું તો નથી. જો એક સાથે જ વાદી અને પ્રતિવાદીને સાધનના સામર્થ્યનું અજ્ઞાન થાય તો કોનો જય અને કોનો પરાજય થશે? જો તમે કહો કે કોઈનોય જય કે પરાજય નહિ થાય કેમ કે બન્નેની સ્થિતિ એકસરખી જ છે, તો અમે કહીશું કે સમીચીન સાધનનો વચનપ્રયોગ કરનાર પરંતુ વચનાધિક્ય કરનાર વાદીનું સાધનસામર્થ્યનું અજ્ઞાન સિદ્ધ હોવાથી તથા વચનાધિક્યદોષનું જ ઉદ્ભાવન કરનાર પ્રતિવાદીનું કેવળ તે દોષનું જ જ્ઞાન સિદ્ધ થવાથી (અર્થાત્ સાધનાભાસનું અજ્ઞાન સિદ્ધ થવાથી) કોઈનો પણ જય કે પરાજય નહિ થાય. એવો નિયમ નથી કે અમુક વસ્તુના દોષને જાણનારો તે વસ્તુના ગુણને પણ અવશ્ય જાણનારો હોય જ. સંભવ છે કોઈ ઝેરની જીવ લેવાની શક્તિ જાણતો હોવા છતાં તે જ ઝેરની કુષ્ઠ રોગને દૂર કરવાની શક્તિ ન જાણતો હોય. તેથી ઉપર જણાવેલ તાર્કિક દોષોને ધ્યાનમાં લેતાં સાધનના સામર્થ્યના જ્ઞાન અને અજ્ઞાનને આધારે જય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરાજયની વ્યવસ્થા કરવી શક્ય નથી. નિષ્કર્ષ એ કે સ્વપક્ષની સિદ્ધિ અને અસિદ્ધિને આધારે જ જય-પરાજયની વ્યવસ્થા સ્થાપવી એ જ નિર્દોષ છે. એવું કરતાં/માનતાં પક્ષ અને પ્રતિપક્ષનું ગ્રહણ વ્યર્થ નહિ બને. કોઈ હેતુથી કોઈના સ્વપક્ષની સિદ્ધિ સુનિશ્ચિત થતાં જ બીજા પક્ષની અસિદ્ધિ અર્થાત્ જ થઈ જતી હોવાથી એક સાથે એકનો જય અને બીજાનો પરાજય થઈ જ જાય છે.

109. यच्चेदमदोषोद्भावनमित्यस्य व्याख्यानम्—प्रसज्यप्रतिषेधे दोषोद्भावनाभावमात्रम्–अदोषोद्भावनम्, पर्युदासे तु दोषाभासानामन्यदोषाणां चोद्भावनं प्रतिवादिनो निग्रहस्थानमिति—तत् वादिनाऽदोषवति साधने प्रयुक्ते सत्यनुमतमेव यदि वादी स्वपक्षं साधयेन्नान्यथा । वचनाधिक्यं तु दोषः प्रागेव प्रतिविहितः । यथैव हि पञ्चावयवप्रयोगे वचनाधिक्यं निग्रहस्थानं तथा त्र्यवयवप्रयोगे न्यूनतापि स्याद्विशेषाभावात् । प्रतिज्ञादीनि हि पञ्चाप्यनुमानाङ्गम्—**"प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः"** [न्यायसू. १.१.३२] इत्यभिधानात् । तेषां मध्येऽन्यतमस्याप्यनभिधाने न्यूनताख्यो दोषोऽनुषज्यत एव **"हीनमन्यतमेनापि न्यूनम्"** [न्यायसू. ५.२.१२] इति वचनात् । ततो जयेतरव्यवस्थायां नान्यन्निमित्तमुक्तान्निमित्तादित्यलं प्रसङ्गेन ॥३५॥

109. બૌદ્ધસમ્મત બીજું નિગ્રહસ્થાન અદોષોદ્ભાવન છે. તેની વ્યાખ્યા પ્રસજ્યપ્રતિષેધ અને પર્યુદાસપ્રતિષેધ દ્વારા બે રીતે થાય છે. [પ્રસજ્યપ્રતિષેધમાં કેવળ પ્રતિષેધ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'ઘડામાં પાણી નથી.' અહીં પાણીનો પ્રતિષેધ માત્ર કરાયો છે. જલાભાવ માત્ર કહેવાયો છે. જલાભાવને બદલે અજલ લખીએ તો અહીં 'અ'નો અર્થ સાદો અભાવ માત્ર થશે. પર્યુદાસપ્રતિષેધમાં કેવળ અભાવ જ જણાવાતો નથી પરંતુ જેનો અભાવ જણાવ્યો હોય તેનાથી ઇતરનો ભાવ મુખ્યપણે જણાવાય છે. ઉદાહરણ તરીકે 'અબ્રાહ્મણો આવ્યા છે'. અહીં અબ્રાહ્મણ શબ્દમાં જે 'અ' છે તેનો અર્થ છે 'તદન્ય', એટલે અહીં 'અબ્રાહ્મણ'નો અર્થ થશે 'બ્રાહ્મણેતર'.] પ્રસજ્યપ્રતિષેધથી વ્યાખ્યા કરતાં 'અદોષોદ્ભાવન'નો અર્થ થશે — દોષનું ઉદ્ભાવન ન કરવું એટલું જ. પર્યુદાસપ્રતિષેધથી વ્યાખ્યા કરતાં 'અદોષોદ્ભાવન'નો અર્થ થશે — દોષાભાસોનું અને અન્ય દોષોનું ઉદ્ભાવન કરવું. અદોષોદ્ભાવન પ્રતિવાદી માટે નિગ્રહસ્થાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન — જો વાદી નિર્દોષ સાધનનો પ્રયોગ કરી પોતાનો પક્ષ સિદ્ધ કરે તો અને ત્યારે પ્રતિવાદી માટે અદોષોદ્ભાવન (અર્થાત્ વાદીના સાધનમાં દોષનું ઉદ્ભાવન ન કરવું કે દોષાભાસનું ઉદ્ભાવન કરવું તે) નિગ્રહસ્થાન બનશે એ તો અમે પણ સ્વીકારીએ છીએ, પરંતુ અન્યથા તે નિગ્રહસ્થાન નહિ બને.

વચનાધિક્ય દોષનો પ્રતિષેધ તો અમે જૈનોએ પહેલાં કરી જ દીધો છએ. તમે બૌદ્ધો પાંચ અવયવોના પ્રયોગમાં વચનાધિક્ય નિગ્રહસ્થાન છે એમ કહેશો તો તમારા ત્રણ અવયવોના પ્રયોગમાં નૈયાયિકો ન્યૂનતા નામનું નિગ્રહસ્થાન છે એમ કહેશે. તમારા બૌદ્ધોના અને નૈયાયિકોના પક્ષોમાં તર્કની દૃષ્ટિએ કોઈ વિશેષતા નથી. પ્રતિજ્ઞા વગેરે પાંચે અનુમાનનાં અંગો છે, અવયવો છે કારણ કે અક્ષપાદ મુનિએ કહ્યું છે, "પ્રતિજ્ઞા હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન અનુમાનના અવયવો છે." [ન્યાયસૂત્ર, ૧.૧.૩૨.]. આમાંથી કોઈ પણ અવયવનું કથન ન કરવાથી ન્યૂનતા નામના દોષની આપત્તિ આવે જ, કારણ કે અક્ષપાદે કહ્યું છે, "પાંચમાંથી કોઈ પણ અવયવથી હીન પ્રયોગ પણ ન્યૂનતા નામનો દોષ છે" [ન્યાયસૂત્ર. ૫.૨.૧૨].

આમ જય-પરાજયની વ્યવસ્થાના જે આધાર અમે જૈનો પહેલાં જણાવી ગયા છીએ — સ્વપક્ષની સિદ્ધિ અને અસિદ્ધિ — તેના સિવાય બીજો કોઈ હોઈ શકે નહિ. હવે આ ચર્ચાની સમાપ્તિ અહીં કરવામાં આવે છે. (૩૫)

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

110. अयं च प्रागुक्तश्चतुरङ्गो वादः कदाचित्पत्रालम्बनमप्यपेक्षतेऽतस्तल्लक्षणमत्रावश्याभिधातव्यं यतो नाविज्ञातस्वरूपस्यास्यावलम्बनं जयाय प्रभावति न चाविज्ञातस्वरूपं परपत्रं भेत्तुं शक्यमित्याह[1]—

110. પૂર્વોક્ત ચાર અંગોવાળો વાદ ક્યારેક ક્યારેક પત્રના આલંબનની પણ અપેક્ષા રાખતો હતો અર્થાત્ પત્રના આધારે પણ ચાલતો હતો. તેથી અહીં પત્રનું લક્ષણ અવશ્ય કહેવું જોઈએ કારણ કે જ્યાં સુધી પત્રનું સ્વરૂપ જાણ્યું ન હોય ત્યાં સુધી પત્રનું અવલંબન વિજય અપાવી શકતું નથી. વળી, પત્રનું સ્વરૂપ જાણ્યા વિના પ્રતિપક્ષના પત્રનું ભેદન (ખંડન) પણ કરી શકાતું નથી. આ કારણે પત્રનું સ્વરૂપ આચાર્ય જણાવે છે—

૧. આમ બધી હસ્તપ્રતોમાં ગ્રંથ એકાએક અહીં જ અટકી જાય છે. આ દર્શાવે છે કે આચાર્ય તેમની આ અંતિમ કૃતિને પૂરી રચી શક્યા લાગતા નથી. તેમ છતાં જેટલો ભાગ ઉપલબ્ધ છે તે તર્કશાસ્ત્રનો લગભગ પૂર્ણ અને મહત્ત્વનો ભાગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ભાગ ત્રીજો

# પંડિત સુખલાલજી લિખિત

# તુલનાત્મક દાર્શનિક ટિપ્પણ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પ્રમાણમીમાંસાનાં ટિપ્પણો

## પ્રથમ અધ્યાયનું પ્રથમ આહ્નિક

પૃ. ૫૭ **'तायिने'**— તુલના – "प्रणम्य शास्त्रे सुगताय तायिने" — પ્રમાણસ. ૧.૧ "तायिनामिति स्वाधिगतमार्गदेशकानाम्। यदुक्तम्— 'तायः स्वदृष्टमार्गोक्तिः' (પ્રમાણવા. ૨.૧૪૫) इति तत् विद्यते येषामिति। अथवा तायः संतानार्थः"— બોધિચર્યા. ૫. પૃ. ૭૫

પૃ. ૫૭ **'पाणिनि'**— પાણિનિનું સૂત્રાત્મક અષ્ટાધ્યાયી શબ્દાનુશાસન પ્રસિદ્ધ છે. પિંગલનું છન્દઃશાસ્ત્ર પ્રસિદ્ધ છે. કણાદ અને અક્ષપાદ ક્રમથી દશાધ્યાયી વૈશેષિકસૂત્ર અને પંચાધ્યાયી ન્યાયસૂત્રના પ્રણેતા છે.

પૃ. ૫૮ **'वाचकमुख्य'**— ઉમાસ્વાતિ અને તેમના તત્ત્વાર્થસૂત્ર માટે જુઓ મારા લખેલા ગુજરાતી તત્ત્વાર્થવિવેચનનો પરિચય.

પૃ. ૫૮ **'अकलङ्क'**— અકલઙ્ક એ પ્રસિદ્ધ દિગમ્બરાચાર્ય છે. તેમના પ્રમાણસંગ્રહ, ન્યાયવિનિશ્ચય, સિદ્ધિવિનિશ્ચય, લઘીયસ્ત્રયી આદિ જૈનન્યાયવિષયક અનેક પ્રકરણગ્રન્થ છે. તેમનો સમય ઈ.સ.ની આઠમી શતાબ્દી છે.

પૃ. ૫૮ **'धर्मकीर्ति'**— ધર્મકીર્તિ (ઈ. સ. ૬૨૫) બૌદ્ધ તાર્કિક છે. તેમના પ્રમાણવાર્તિક, હેતુબિન્દુ, ન્યાયબિન્દુ, વાદન્યાય આદિ પ્રકરણગ્રન્થ છે.

પૃ. ૫૮ **'नास्य स्वेच्छा'**— તુલના – "वचनं राजकीयं वा वैदिकं वापि विद्यते" શ્લોકવા. સૂ. ૪ શ્લો. ૨૩૫

પૃ. ૫૯ **'वर्णसमूहा'**— તુલના – "शास्त्रं पुनः प्रमाणादिवाचकपदसमूहो व्यूहविशिष्टः, पदं पुनर्वर्णसमूहः, पदसमूहः सूत्रम्, सूत्रसमूहः प्रकरणम्, प्रकरणसमूहः आह्निकम्, आह्निकसमूहोऽध्यायः, पञ्चाध्यायी शास्त्रम्।" ન્યાયવા. પૃ. ૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૫૯ '**अथ प्रमाण**' — ભારતીય શાસ્ત્રરચનામાં આ પ્રણાલી બહુ પહેલેથી ચાલી આવે છે કે સૂત્રરચનામાં પહેલું સૂત્ર એવું બનાવવામાં આવે જેનાથી ગ્રંથનો વિષય સૂચિત થાય અને જેમાં ગ્રંથનું નામકરણ પણ આવી જાય. ઉદાહરણો નીચે મુજબ છે. પાતંજલ યોગશાસ્ત્રનું પ્રથમ સૂત્ર છે '**अथ योगानुशासनम्**'. અકલંકે 'પ્રમાણસંગ્રહ' ગ્રંથના પ્રારંભમાં '**प्रमाणे इति संग्रहः**' આપ્યું છે. વિદ્યાનન્દે '**अथ प्रमाणपरीक्षा**' આ વાક્યથી જ તેમના ગ્રન્થ 'પ્રમાણપરીક્ષા'નો પ્રારંભ કર્યો છે. આચાર્ય હેમચન્દ્રે આ પ્રણાલીને અનુસરીને આ સૂત્ર રચ્યું છે.

'અથ' શબ્દથી શાસ્ત્રનો પ્રારંભ કરવાની પરંપરા પ્રાચીન અને વિવિધવિષયક શાસ્ત્રગામિની છે. ઉદાહરણાર્થ, '**अथातो दर्शपूर्णमासौ व्याख्यास्यामः**' (**આપ. શ્રૌ. સૂ. ૧.૧.૧**), '**अथ शब्दानुशासनम्**' (પાત. મહા.), '**अथातो धर्मजिज्ञासा**' (**જૈમિ. સૂ. ૧.૧.૧**)ઇત્યાદિ. આચાર્ય હેમચન્દ્રે પોતાના કાવ્યાનુશાસન, છન્દોનુશાસનની જેમ આ ગ્રંથમાં પણ એ જ પરંપરા રાખી છે.

પૃ. ૫૯ '**अथ इत्यस्य**' — અથ શબ્દનો 'અધિકાર' અર્થ પ્રાચીન કાળથી જ પ્રસિદ્ધ છે અને પ્રસિદ્ધ આચાર્યોએ એ અર્થ લીધો પણ છે, જેમ કે આપણને વ્યાકરણભાષ્યના પ્રારંભમાં '**अथेत्ययं शब्दोऽधिकारार्थः**' (૧.૧.૧. પૃ. ૬) તથા **યોગસૂત્ર**માં (૧.૧) મળે છે. આ અર્થ ઉપરાંત તેનો 'આનન્તર્ય' અર્થ પણ પ્રસિદ્ધ છે જેમ કે શબરે પોતાના મીમાંસાભાષ્યમાં[1] એ અર્થ લીધો છે. શંકરાચાર્યે[2] 'આનન્તર્ય' અર્થ તો લીધો પરંતુ 'અધિકાર' અર્થને અસંગત સમજી તેનો સ્વીકાર ન કર્યો. શંકરાચાર્યને અથ શબ્દનો 'મંગલ' અર્થ લેવો ઇષ્ટ હતો, પરંતુ એક સાથે સીધી રીતે બે અર્થ લેવા શાસ્ત્રીય યુક્તિની વિરુદ્ધ હોવાથી તેમણે આનન્તર્યાર્થક 'અથ' શબ્દના શ્રવણને જ મંગલ ગણીને 'મંગલ' અર્થ લીધા વિના જ, 'મંગલ'નું પ્રયોજન સિદ્ધ કર્યું છે. યોગભાષ્યના અને શાંકરભાષ્યના પ્રસિદ્ધ ટીકાકાર વાચસ્પતિએ[3] તત્ત્વવૈશારદી અને ભામતીમાં શંકરોક્ત

---

૧. तत्र लोकेऽयमथशब्दो वृत्तादनन्तरस्य प्रक्रियार्थो दृष्टः । — **શબરભાષ્ય, ૧.૧.૧**

૨. तत्राथशब्दः आनन्तर्यार्थः परिगृह्यते नाधिकारार्थः, ब्रह्मजिज्ञासाया अनधिकार्यत्वात्, मङ्गलस्य च वाक्यार्थे समन्वयाभावात् । अर्थान्तरप्रयुक्त एव ह्यथशब्दः श्रुत्या मङ्गलप्रयोजनो भवति । — **બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય, ૧.૧.૧.**

૩. अधिकारार्थस्य चाथशब्दस्यान्यार्थं नीयमानोदकुम्भदर्शनमिव श्रवणं मङ्गलायोपकल्पत इति मन्तव्यम्। — **તત્ત્વવૈશારદી, ૧.૧.** न चेह मङ्गलमथशब्दस्य वाच्यं वा लक्ष्यं वा, किन्तु मृदङ्गशङ्खध्वनिवद्-थशब्दश्रवणमात्रकार्यम् । तथा च 'ओंकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा । कण्ठं भित्त्वा विनिर्यातौ तस्मान्माङ्गलिकावुभौ ॥' अर्थान्तरेष्वानन्तर्यादिषु प्रयुक्तोऽथशब्दः श्रुत्या श्रवणमात्रेण वेणुवीणाध्वनि-वन्मङ्गलं कुर्वन्, मङ्गलप्रयोजनो भवति अन्यार्थमानीयमानोदकुम्भदर्शनवत् । — **ભામતી, ૧.૧.૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અથ' શબ્દશ્રુતિની મંગલપ્રયોજનતા – મૃદંગ, શંખ આદિ ધ્વનિના માંગલિક શ્રવણની ઉપમા દ્વારા — પુષ્ટ કરી છે અને સાથે સાથે જ જલ આદિ અન્ય પ્રયોજન વાસ્તે લાવવામાં આવતા પૂર્ણ જલકુંભના માંગલિક દર્શનની ઉપમા આપીને એક અર્થમાં પ્રયુક્ત 'અથ' શબ્દનો અર્થાન્તર કર્યા વિના જ તેના શ્રવણની માંગલિકતા દેખાડી છે.

આચાર્ય હેમચન્દ્રે ઉપર્યુક્ત બધી પરંપરાઓનો ઉપયોગ કરીને પોતાની વ્યાખ્યામાં 'અથ' શબ્દને અધિકારાર્થક, આનન્તર્યાર્થક અને મંગલપ્રયોજનવાળો દર્શાવ્યો છે. તેમની ઉપમા પણ શબ્દશઃ તે જ છે જે વાચસ્પતિના ઉક્ત ગ્રંથોમાં છે.

પૃ. ૫૯ **'आयुष्म'** — તુલના – "मङ्गलादीनि हि शास्त्राणि प्रथन्ते वीरपुरुषाणि च भवन्ति, आयुष्मत्पुरुषाणि चाध्येतारश्च सिद्धार्था यथा स्युरिति" — **પાંત. મહા. ૧.૧.૧.**

પૃ. ૫૯ **'परमेष्ठि'** — જૈન પરંપરામાં અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા આત્માઓના પાંચ વિભાગ લોકોત્તર વિકાસ અનુસાર કરવામાં આવ્યા છે, જે પંચપરમેષ્ઠી કહેવાય છે. તેમના નમસ્કારને પરમ મંગલ સમજવામાં આવે છે—

> **"एष पञ्चनमस्कारः सर्वपापक्षयङ्करः ।**
> **मङ्गलानां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् ॥"**

પૃ.૬૦ **'प्रकर्षेण'** — વાત્સ્યાયને પોતાના **ન્યાયભાષ્ય**માં (૧.૧.૩) 'પ્રમાણ' શબ્દને કરણાર્થક માનીને તેની નિરુક્તિ દ્વારા 'પ્રમાણ'નું લક્ષણ સૂચવ્યું છે. વાચસ્પતિ મિશ્રે પણ સાંખ્યકારિકાની પોતાની વ્યાખ્યામાં (**તત્ત્વકૌ. કા. ૪**) 'પ્રમાણ'નું લક્ષણ કરવામાં એ જ નિર્વચનપદ્ધતિનું અવલંબન લીધું છે. આચાર્ય હેમચન્દ્ર પણ 'પ્રમાણ' શબ્દની એ રીતે જ નિરુક્તિ કરે છે. આવી જ નિરુક્તિ શબ્દશઃ 'પરીક્ષામુખ'ની વ્યાખ્યા **પ્રમેયરત્નમાલા**માં (૧.૧) જોવા મળે છે.

પૃ.૬૦ **'त्रयी हि'** — ઉપલબ્ધ ગ્રંથોમાં સૌપ્રથમ વાત્સ્યાયનભાષ્યમાં[1] જ શાસ્ત્રપ્રવૃત્તિના ત્રૈવિધ્યની ચર્ચા છે અને ત્રણેય વિદ્યાઓનું સ્વરૂપ પણ દર્શાવ્યું છે. શ્રીધરે

---

૧. त्रिविधा चास्य शास्त्रस्य प्रवृत्तिः– उद्देशो लक्षणं परीक्षा चेति । तत्र नामधेयेन पदार्थमात्रस्याभिधानं उद्देशः । तत्रोद्दिष्टस्य तत्त्वव्यवच्छेदको धर्मो लक्षणम् । लक्षितस्य यथालक्षणमुपपद्यते न वेति प्रमाणैरवधारणं परीक्षा । — **ન્યાયભાષ્ય, ૧.૧.૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની 'કંદલી'માં[1] તે પ્રાચીન ત્રૈવિધ્યના કથનનો પ્રતિવાદ કરીને શાસ્ત્રપ્રવૃત્તિને ઉદ્દેશ-લક્ષણરૂપથી દ્વિવિધ સ્થાપી છે અને પરીક્ષાને અનિયત કહી તેને ત્રૈવિધ્યમાંથી બાદ કરી છે. શ્રીધરે નિયત રૂપથી દ્વિવિધ શાસ્ત્રપ્રવૃત્તિનું અને વાત્સ્યાયને ત્રિવિધ શાસ્ત્રપ્રવૃત્તિનું કથન કર્યું તેનું કારણ સ્પષ્ટ છે. શ્રીધર કણાદસૂત્રીય પ્રશસ્તપાદભાષ્યના વ્યાખ્યાકાર છે. આ ભાષ્ય અને તેના આધારભૂત સૂત્રો, પદાર્થોના ઉદ્દેશાત્મક અને લક્ષણાત્મક છે, તેમનામાં પરીક્ષાનું ક્યાંય પણ સ્થાન નથી જ્યારે વાત્સ્યાયનમાં વ્યાખ્યેય મૂલ ન્યાયસૂત્રો જ સ્વયં ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા એ ક્રમે પ્રવૃત્ત છે. ત્રિવિધ પ્રવૃત્તિવાળાં શાસ્ત્રોમાં તર્કપ્રધાન ખંડન-મંડન પ્રણાલી અવશ્ય હોય છે—જેમ કે ન્યાયસૂત્ર અને તેના ભાષ્યમાં. દ્વિવિધ પ્રવૃત્તિવાળાં શાસ્ત્રોમાં બુદ્ધિપ્રધાન સ્થાપનપ્રણાલી મુખ્યપણે હોય છે જેમ કે કણાદસૂત્ર, પ્રશસ્તપાદભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર અને તેનું ભાષ્ય વગેરેમાં. કેટલાક ગ્રન્થો એવા પણ છે જેમનામાં કેવળ ઉદ્દેશ માત્ર છે જેમ કે જૈનાગમ સ્થાનાંગ, ધર્મસંગ્રહ આદિમાં. શ્રદ્ધાપ્રધાન હોવાથી તેમને માત્ર ધારણાયોગ્ય સમજવા જોઈએ.

આચાર્ય હેમચન્દ્રે વાત્સ્યાયનનું જ પદાનુગમન લગભગ તેમના શબ્દોમાં કર્યું છે.

શાસ્ત્રપ્રવૃત્તિના ચોથા પ્રકાર વિભાગનો પ્રશ્ન ઉઠાવીને અન્તે ઉદ્યોતકરે ન્યાયવાર્તિકમાં અને જયન્તે ન્યાયમંજરીમાં વિભાગનો સમાવેશ ઉદ્દેશમાં જ કર્યો છે[2] અને ત્રિવિધ પ્રવૃત્તિના પક્ષને જ સ્થિર કર્યો છે. આચાર્ય હેમચન્દ્રે પણ વિભાગની બાબતમાં તે જ પ્રશ્ન ઉઠાવ્યો છે અને સમાધાન પણ તે જ કર્યું છે.

પૃ. ૬૦ '**उद्दिष्टस्य**' — 'લક્ષણ'નું લક્ષણ કરતી વખતે આચાર્ય હેમચન્દ્રે 'અસાધારણધર્મ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેનું સ્પષ્ટીકરણ નવ્યન્યાયપ્રધાન તર્કસંગ્રહની ટીકા દીપિકામાં આ પ્રમાણે છે —

जैनम् साईट JAINSITE जैनम् जयति शासनम्

---

१. अनुद्दिष्टेषु पदार्थेषु न तेषां लक्षणानि प्रवर्तन्ते निर्विषयत्वात्। अलक्षितेषु च तत्त्वप्रतीत्यभावः कारणाभावात्। अतः पदार्थव्युत्पादनाय प्रवृत्तस्य शास्त्रस्योभयथा प्रवृत्तिः- उद्देशो लक्षणं च, परीक्षायास्तु न नियमः। यत्राभिहिते लक्षणे प्रवादान्तरव्याक्षेपात् तत्त्वनिश्चयो न भवति तत्र परपक्षव्युदासार्थं परीक्षाविधिरधिक्रियते। यत्र तु लक्षणाभिधानसामर्थ्यादेव तत्त्वनिश्चयः स्यात् तत्रायं व्यर्थो नार्थ्यते। योऽपि हि त्रिविधां शास्त्रस्य प्रवृत्तिमिच्छति तस्यापि प्रयोजनादीनां नास्ति परीक्षा। तत् कस्य हेतोर्लक्षणमात्रादेव ते प्रतीयन्ते इति। एवं चेदर्थप्रतीत्यनुरोधात् शास्त्रस्य प्रवृत्तिर्न त्रिधैव। नामधेयेन पदार्थानामभिधानमुद्देशः। उद्दिष्टस्य स्वपरजातीयव्यावर्त्तको धर्मो लक्षणम्। लक्षितस्य यथालक्षणं विचारः परीक्षा। — કન્દલી, પૃ. ૨૬

२. त्रिविधा चास्य शास्त्रस्य प्रवृत्तिरित्युक्तम्, उद्दिष्टविभागश्च न त्रिविधायां शास्त्रप्रवृत्तावन्तर्भवति इति। तस्मादुद्दिष्टविभागो युक्तः; न; उद्दिष्टविभागस्योद्देश एवान्तर्भावात्। कस्मात्?। लक्षणसामान्यात्। समानं लक्षणं नामधेयेन पदार्थाभिधानमुद्देश इति। — ન્યાયવા. ૧.૧.૩. ન્યાયમ. પૃ. ૧૨

"एतद्दूषणत्रय(अव्याप्त्यतिव्याप्त्यसंभव)रहितो धर्मो लक्षणम् । यथा गोः सास्नादिमत्त्वम् । स एवाऽसाधारणधर्म इत्युच्यते । लक्ष्यतावच्छेदकसमनियतत्वमसाधारणत्वम् ।" — પૃ. ૧૨.

પૃ. ૬૧ **'पूजितविचार'** — વાચસ્પતિ[1] મિશ્રે 'મીમાંસા' શબ્દને પૂજિતવિચારવાચક કહ્યો છે અને વિચારની પૂજિતતા સ્પષ્ટ કરવા માટે ભામતીમાં લખ્યું છે કે — જે વિચારનું ફળ પરમ પુરુષાર્થના કારણભૂત એવો સૂક્ષ્મતમ અર્થનિર્ણય હોય તે જ વિચાર પૂજિત છે. આચાર્ય હેમચન્દ્રે વાચસ્પતિના તે જ ભાવને વિસ્તૃત શબ્દોમાં પલ્લવિત કરીને પોતાની 'મીમાંસા' શબ્દની વ્યાખ્યામાં ઉતાર્યો છે, અને તે દ્વારા 'પ્રમાણમીમાંસા' ગ્રંથના સમગ્ર મુખ્ય પ્રતિપાદ્ય વિષયને સૂચિત કર્યો છે અને એ પણ કહ્યું છે કે 'પ્રમાણમીમાંસા' ગ્રંથનો ઉદ્દેશ્ય કેવળ પ્રમાણોની ચર્ચા કરવાનો નથી પરંતુ પ્રમાણ, નય અને સોપાય બન્ધ-મોક્ષ ઇત્યાદિ પરમપુરુષાર્થોપયોગી વિષયોની પણ ચર્ચા કરવાનો છે.

પૃ. ૬૨ **'सम्यगर्थ'** — પ્રમાણસમાન્યલક્ષણની તાર્કિક પરંપરાના ઉપલબ્ધ ઇતિહાસમાં કણાદનું સ્થાન પ્રથમ છે. તેમણે **'अदुष्टं विद्या'** (૯.૨.૧૨) કહીને પ્રમાણસામાન્યનું લક્ષણ કારણશુદ્ધિમૂલક સૂચિત કર્યું છે. અક્ષપાદનાં સૂત્રોમાં લક્ષણક્રમમાં પ્રમાણસામાન્યલક્ષણના અભાવની ત્રુટિને વાત્સ્યાયને[2] 'પ્રમાણ' શબ્દના નિર્વચન દ્વારા પૂરી કરી છે. આ નિર્વચનમાં તેમણે કણાદની જેમ કારણશુદ્ધિ તરફ ધ્યાન નથી આપ્યું પણ માત્ર ઉપલબ્ધિરૂપ ફલની તરફ દૃષ્ટિ રાખીને 'ઉપલબ્ધિહેતુત્વ'ને પ્રમાણસામાન્યનું લક્ષણ દર્શાવ્યું છે. વાત્સ્યાયનના આ નિર્વચનમૂલક લક્ષણમાં આવનાર દોષોનો પરિહાર કરતાં વાચસ્પતિમિશ્રે[3] 'અર્થ' પદનો સંબંધ જોડીને અને 'ઉપલબ્ધિ' પદને જ્ઞાનસામાન્યબોધક નહિ પણ પ્રમાણરૂપજ્ઞાનવિશેષબોધક માનીને પ્રમાણસામાન્યના લક્ષણને પરિપૂર્ણ બનાવ્યું છે, જેને ઉદનયાચાર્યે[4] કુસુમાંજલિમાં

---

૧. पूजितविचारवचनो मीमांसाशब्दः । परमपुरुषार्थहेतुभूतसूक्ष्मतमार्थनिर्णयफलता च विचारस्य पूजितता । — ભામતી. પૃ. ૨૭.

૨. उपलब्धिसाधनानि प्रमाणानि इति समाख्यानिर्वचनसामर्थ्यात् बोद्धव्यं प्रमीयते अनेन इति करणार्थाभिधानो हि प्रमाणशब्दः । — ન્યાયભા. ૧.૧.૩.

૩. उपलब्धिमात्रस्य अर्थाव्यभिचारिणः स्मृतेरन्यस्य प्रमाशब्देन अभिधानात् । — તાત્પર્ય. પૃ. ૨૧.

૪. यथार्थानुभवो मानमनपेक्षतयेष्यते ॥ मितिः सम्यक् परिच्छित्तिः तद्वत्ता च प्रमातृता । तदयोगव्यवच्छेदः प्रामाण्यं गौतमे मते ॥ — ન્યાયકુ. ૪.૧.૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ગૌતમનયસમ્મત' કહીને પોતાની ભાષામાં પરિપૂર્ણરૂપે માન્ય રાખ્યું અને જે ઉત્તરવર્તી બધાં ન્યાયવૈશેષિક શાસ્ત્રોમાં સમાનપણે માન્ય છે. ન્યાય-વૈશેષિક પરંપરા અનુસાર પ્રમાણસામાન્યલક્ષણમાં મુખ્યપણે ત્રણ વાતો ધ્યાન દેવા યોગ્ય છે—

(૧) કારણદોષના નિવારણ દ્વારા કારણશુદ્ધિની સૂચના.

(૨) વિષયબોધક 'અર્થ' પદનો લક્ષણમાં પ્રવેશ.

(૩) લક્ષણમાં સ્વ-પરપ્રકાશત્વની ચર્ચાનો અભાવ તથા વિષયની અપૂર્વતા—અનધિગતતાના નિર્દેશનો અભાવ.

જો કે પ્રભાકર[1] અને તેમના અનુગામી મીમાંસક વિદ્વાનોએ 'અનુભૂતિ' માત્રને જ પ્રમાણ તરીકે નિર્દેશી છે તેમ છતાં કુમારિલ અને તેમની પરંપરાવાળા અન્ય મીમાંસકોએ *ન્યાય-વૈશેષિક તથા બૌદ્ધ બન્ને પરંપરાઓનું સંગ્રાહક એવું પ્રમાણનું લક્ષણ રચ્યું છે;*[2] આ લક્ષણમાં 'અદુષ્ટકારણારબ્ધ' વિશેષણ દ્વારા કણાદકથિત કારણદોષનું નિવારણ સૂચવાયું છે અને 'નિર્બાધત્વ' તથા 'અપૂર્વાર્થત્વ' વિશેષણો દ્વારા બૌદ્ધ[3] પરંપરાનો પણ સમાવેશ કરાયો છે.

**तत्रापूर्वार्थविज्ञानं निश्चितं बाधवर्जितम् ।**
**अदुष्टकारणारब्धं प्रमाणं लोकसम्मतम् ॥**

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ શ્લોક કુમારિલકર્તૃક મનાય છે. તેમાં બે વાતો ખાસ ધ્યાન દેવા યોગ્ય છે—

(૧) લક્ષણમાં અનધિગતબોધક 'અપૂર્વ' પદનો અર્થવિશેષણ તરીકે પ્રવેશ.

(૨) સ્વ-પરપ્રકાશત્વની સૂચનાનો અભાવ.

બૌદ્ધ પરંપરામાં દિઙ્નાગે[4] પ્રમાણસામાન્યના લક્ષણમાં 'સ્વસંવિત્તિ' પદને ફલના

---

૧. अनुभूतिश्च नः प्रमाणम् । —બૃહતી ૧.૧.૫.

૨. औत्पत्तिकगिरा दोषः कारणस्य निवार्यते । अबाधोऽव्यतिरेकेण स्वतस्तेन प्रमाणता ॥ सर्वस्यानुपलब्धेऽर्थे प्रामाण्यं स्मृतिरन्यथा ॥ શ્લોકવા.ઔત્પ. શ્લો. ૧૦-૧૧. एतच्च विशेषणत्रयमुपाददानेन सूत्रकारेण कारणदोषबाधकज्ञानरहितम् अगृहीतग्राहि ज्ञानं प्रमाणम् इति प्रमाणलक्षणं सूचितम् । શાસ્ત્રદી. પૃ. ૧૨૩. अनधिगतार्थगन्तृ प्रमाणम् इति भट्टमीमांसका आहुः । સિ. ચન્દ્રો. પૃ. ૨૦.

૩. अज्ञातार्थज्ञापकं प्रमाणम् इति प्रमाणसामान्यलक्षणम् । —પ્રમાણસ. ટી. પૃ. ૧૧

૪. स्वसंवित्तिः फलं चात्र तद्रूपादर्थनिश्चयः । विषयाकार एवास्य प्रमाणं तेन मीयते ॥ પ્રમાણસ. ૧. ૧૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષણ તરીકે સ્થાન આપ્યું છે. ધર્મકીર્તિના[1] પ્રમાણવાર્તિકવાળા લક્ષણમાં વાત્સ્યાયનના 'પ્રવૃત્તિસામાર્થ્ય'નું સૂચક તથા કુમારિલ આદિના નિર્બાધત્વનું પર્યાયરૂપ 'અવિસંવાદિત્વ' વિશેષણ દેખાય છે અને તેમના ન્યાયબિન્દુવાળા લક્ષણમાં દિઙ્નાગના અર્થસારૂપ્યનો જ નિર્દેશ છે (**ન્યાયબિન્દુ, ૧.૨૦**). શાન્તરક્ષિતના લક્ષણમાં દિઙ્નાગ અને ધર્મકીર્તિ બન્નેના આશયનો સંગ્રહ દેખાય છે—

**विषयाधिगतिश्चात्र प्रमाणफलमिष्यते ।**
**स्ववित्तिर्वा प्रमाणं तु सारूप्यं योग्यतापि वा ॥ તત્ત્વસં. કા.૧૩૪૪**

આમાં પણ બે વાતો ખાસ ધ્યાન દેવા યોગ્ય છે—

(૧) અત્યાર સુધી અન્ય પરંપરાઓમાં સ્થાન ન મેળવનાર 'સ્વસંવેદન' વિચારનો પ્રવેશ અને તે દ્વારા જ્ઞાનસામાન્યમાં સ્વ-પરપ્રકાશત્વનું સૂચન.

અસંગ અને વસુબંધુએ વિજ્ઞાનવાદ સ્થાપિત કર્યો. પરંતુ દિઙ્નાગે તેનું સમર્થન બહુ જોરથી કર્યું. તે વિજ્ઞાનવાદની સ્થાપના અને સમર્થનપદ્ધતિમાં જ સ્વસંવિદિતત્વ યા સ્વપ્રકાશત્વનો સિદ્ધાન્ત સ્ફુટતર થયો જેનો પ્રભાવ એક યા બીજા રૂપે અન્ય દાર્શનિકો પર પણ પડ્યો. **Budhist Logic Vol. I p. 12**

(૨) મીમાંસકની જેમ સ્પષ્ટપણે 'અનધિગતાર્થક જ્ઞાન'નું જ પ્રામાણ્ય.

શ્વેતામ્બર અને દિગમ્બર બન્ને જૈન પરંપરાઓના પ્રથમ તાર્કિક સિદ્ધસેન અને સમન્તભદ્રે પોતપોતાનાં[2] લક્ષણમાં સ્વ-પરપ્રકાશાર્થક 'સ્વ-પરાવભાસક' વિશેષણને સમાનપણે દાખલ કર્યું છે. સિદ્ધસેનના લક્ષણમાં 'બાધવિવર્જિત' પદ તે જ અર્થમાં છે જે અર્થમાં મીમાંસક પદ 'બાધવર્જિત' યા ધર્મકીર્તિનું 'અવિસંવાદિ' પદ છે. જૈનન્યાયના પ્રસ્થાપક અકલંકે[3] ક્યાંક 'અનધિગતાર્થક' અને 'અવિસંવાદિ' બન્ને વિશેષણોને દાખલ કર્યાં છે અને ક્યાંક 'સ્વપરાવભાસક' વિશેષણનું પણ સમર્થન કર્યું છે. અકલંકના અનુગામી માણિક્યનન્દીએ[4] એક જ વાક્યમાં 'સ્વ' તથા 'અપૂર્વાર્થ' પદો દાખલ

---

૧. प्रमाणमविसंवादि ज्ञानमर्थक्रियास्थितिः । अविसंवादनं शाब्देऽप्यभिप्रायनिवेदनात् ॥ —**પ્રમાણવા. ૨.૧.**

૨. प्रमाणं स्वपराभासि ज्ञानं बाधविवर्जितम् । **ન્યાયા.૧.** तत्त्वज्ञानं प्रमाणं ते युगपत् सर्वभासनम् । **આપ્તમી.૧૦૧.** स्वपरावभासकं यथा प्रमाणं भुवि बुद्धिलक्षणम् । **બૃ. સ્વયં. ૬૩**

૩. प्रमाणमविसंवादि ज्ञानम्, अनधिगतार्थाधिगमलक्षणत्वात् । **અષ્ટશ. અષ્ટસ. પૃ. ૧૭૫.** तदुक्तम् — सिद्धं यत्र परापेक्ष्यं सिद्धौ स्वपररूपयोः । तत् प्रमाणं ततो नान्यदविकल्पमचेतनम् । **ન્યાયવિ. ટી. લિ. પૃ. ૩૦.** ઉક્ત કારિકા સિદ્ધિવિનિશ્ચયની છે જે અકલંકની જ કૃતિ છે.

૪. स्वापूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम् । **પરી. ૧.૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને સિદ્ધસેન-સમન્તભદ્રની સ્થાપિત અને અકલંક દ્વારા વિકસિત જૈન પરંપરાનો સંગ્રહ કરી દીધો છે. વિદ્યાનન્દે[1] અકલંક તથા માણિક્યનન્દીની પેલી પરંપરાથી જુદા પડીને કેવળ સિદ્ધસેન અને સમન્તભદ્રની વ્યાખ્યાને પોતાના 'સ્વાર્થવ્યવસાયાત્મક' જેવા શબ્દમાં સંગૃહીત કરી છે અને 'અનધિગત' યા 'અપૂર્વ' પદો જે અકલંક અને માણિક્યનન્દીની વ્યાખ્યામાં છે તેમને છોડી દીધાં છે. વિદ્યાનન્દનું 'વ્યવસાયાત્મક' પદ જૈન પરંપરામાં પ્રમાણલક્ષણમાં પહેલી વાર જ દેખાય છે પરંતુ તે અક્ષપાદના[2] પ્રત્યક્ષલક્ષણમાં તો પહેલેથી જ પ્રસિદ્ધ રહ્યું છે. સન્મતિના ટીકાકાર અભયદેવ[3] વિદ્યાનન્દને જ અનુસર્યા છે પરંતુ તેમણે 'વ્યવસાય'ના સ્થાને 'નિર્ણીતિ' પદ રાખ્યું. વાદી[4] દેવસૂરિએ તો વિદ્યાનન્દના જ શબ્દોને પુનઃ કહ્યા છે. આચાર્ય હેમચન્દ્રે ઉપર્યુક્ત જૈન-જૈનેતર ભિન્ન ભિન્ન પરંપરાઓના ઔચિત્ય-અનૌચિત્યનો વિચાર કરીને પોતાના લક્ષણમાં કેવળ 'સમ્યક્', 'અર્થ' અને 'નિર્ણય' એ ત્રણ પદો રાખ્યાં. ઉપર્યુક્ત જૈન પરંપરાઓને જોતાં એ કહેવું પડે છે કે આચાર્ય હેમચન્દ્રે પોતાના લક્ષણમાં કાપકૂપ કરીને સુધારો કર્યો છે. તેમણે 'સ્વ' પદ જે પૂર્વવર્તી બધા જૈનાચાર્યોનાં લક્ષણોમાં સન્નિવિષ્ટ કરવામાં આવ્યું હતું તેને કાઢી નાખ્યું. 'અવભાસ', 'વ્યવસાય' આદિ પદોને સ્થાન ન આપીને અભયદેવના 'નિર્ણીતિ' પદના સ્થાને 'નિર્ણય' પદને દાખલ કર્યું અને ઉમાસ્વાતિ, ધર્મકીર્તિ તથા ભાસર્વજ્ઞના 'સમ્યક્'[5] પદને અપનાવી પોતાના 'સમ્યગર્થનિર્ણય' લક્ષણને બનાવ્યું.

આર્થિક તાત્પર્યમાં ખાસ કોઈ મતભેદ ન હોવા છતાં પણ દિગમ્બર-શ્વેતાંબર આચાર્યોનાં પ્રમાણલક્ષણમાં શાબ્દિક ભેદ છે જે કેટલાક અંશમાં વિચારવિકાસનો સૂચક છે અને કેટલાક અંશમાં તત્કાલીન ભિન્ન ભિન્ન સાહિત્યના અભ્યાસનું પરિણામ છે. આ ભેદ સંક્ષેપમાં ચાર વિભાગોમાં સમાઈ જાય છે. પહેલા વિભાગમાં 'સ્વપરાવભાસ' પદવાળું સિદ્ધસેન-સમન્તભદ્રનું લક્ષણ આવે છે જે સંભવતઃ બૌદ્ધ વિજ્ઞાનવાદના સ્વપરસંવેદનની વિચારછાયાથી ખાલી નથી, કારણ કે તેના પહેલાં

---

૧. तत्स्वार्थव्यवसायात्मज्ञानं मानमितीयता। लक्षणेन गतार्थत्वात् व्यर्थमन्यद्विशेषणम्। **તત્ત્વાર્થશ્લો. ૧.૧૦.૭૭. પ્રમાણપ. પૃ. ૫૩.**

૨. इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्। **ન્યાયસૂ. ૧.૧.૪.**

૩. प्रमाणं स्वार्थनिर्णीतिस्वभावं ज्ञानम्। **સન્મતિટી. પૃ. ૫૧૮.**

૪. स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्। **પ્રમાણન. ૧.૨.**

૫. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। **તત્ત્વાર્થસૂત્ર, ૧.૧.** सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिः। **ન્યાયબિન્દુ, ૧.૧.** सम्यगनुभवसाधनं प्रमाणम्। **ન્યાયસાર, પૃ. ૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગમગ્રન્થોમાં આ વિચાર દેખાતો નથી. બીજા વિભાગમાં અકલંક-માણિક્યનન્દીનું લક્ષણ આવે છે જેમાં 'અવિસંવાદિ', 'અનધિગત' અને 'અપૂર્વ' શબ્દો આવે છે જે અસંદિગ્ધપણે બૌદ્ધ અને મીમાંસક ગ્રન્થોના જ છે. ત્રીજા વિભાગમાં વિદ્યાનન્દ, અભયદેવ અને દેવસૂરિનાં લક્ષણોનું સ્થાન છે જે વસ્તુતઃ સિદ્ધસેન-સમન્તભદ્રનાં લક્ષણોનું શબ્દાન્તર માત્ર છે પરંતુ જેમાં 'અવભાસ'ના સ્થાને 'વ્યવસાય' યા 'નિર્ણીતિ' પદ મૂકીને વિશેષ અર્થનો સમાવેશ કરવામાં આવ્યો છે. અન્તિમ વિભાગમાં માત્ર આચાર્ય હેમચન્દ્રનું લક્ષણ છે જેમાં 'સ્વ', 'અપૂર્વ', 'અનધિગત' આદિ બધાને દૂર કરીને પરિષ્કાર કરવામાં આવ્યો છે.

પૃ. ૯૨ **'प्रसिद्धानुवादेन'**—લક્ષણના પ્રયોજનની વિભિન્ન ચર્ચાઓના અન્તિમ તાત્પર્યમાં કોઈ ભેદ જણાતો નથી તથાપિ તે બધી ચર્ચાઓની રીતો જુદી જુદી અને બોધપ્રદ છે. એક તરફ ન્યાય-વૈશેષિક શાસ્ત્ર છે અને બીજી તરફ બૌદ્ધ તથા જૈન શાસ્ત્ર છે. બધા ન્યાય-વૈશેષિક ગ્રન્થોમાં[1] લક્ષણનું પ્રયોજન 'ઇતરભેદજ્ઞાપન' દર્શાવી લક્ષણને 'વ્યતિરેકિહેતુ' માનેલ છે અને સાથે જ 'વ્યવહાર'નું પણ પ્રયોજક દર્શાવ્યું છે.

બૌદ્ધ વિદ્વાન ધર્મોત્તરે પ્રસિદ્ધનો અનુવાદ કરીને અપ્રસિદ્ધના વિધાનને લક્ષણનું પ્રયોજન વિસ્તારથી પ્રતિપાદિત કર્યું છે જેનું [2]દેવસૂરિએ ઘણા વિસ્તાર અને આટોપ

---

૧. तत्रोद्दिष्टस्य तत्त्वव्यवच्छेदको धर्मो लक्षणम्। **ન્યાયભાષ્ય, ૧.૧.૨.** लक्षणस्य इतरव्यवच्छेदहेतुत्वात्। **ન્યાયવાર્તિક, ૧.૧.૩.** लक्षणं नाम व्यतिरेकिहेतुवचनम्। तद्धि समानासमानजातीयेभ्यो विभिद्य लक्ष्यं व्यवस्थापयति : **તાત્પર્યટીકા, ૧.૧.૩.** समानासमानजातीयव्यवच्छेदो लक्षणार्थः : **ન્યાયમંજરી, પૃ. ૯૫.** लक्षणस्य व्यवहारमात्रसारतया समानासमानजातीव्यवच्छेदमात्रसाधनत्वेन चान्याभावप्रतिपादनासामर्थ्यात्। **કન્દલી, પૃ. ૮.** व्यावर्त्तकस्यैव लक्षणत्वे व्यावृत्तौ अभिधेयत्वादौ च अतिव्याप्तिवारणाय तद्भिन्नत्वं धर्मविशेषणं देयम्। व्यवहारस्यापि लक्षणप्रयोजनत्वे तु न देयम्, व्यावृत्तेरपि व्यवहारसाधनत्वात्। **દીપિકા પૃ. ૧૩.** व्यावृत्तिर्व्यवहारो वा लक्षणस्य प्रयोजनम्। **તર્કદીપિકા. ગંગા, પૃ. ૧૯.** ननु लक्षणमिदं व्यतिरेकिलिङ्गमितरभेदसाधकं व्यवहारसाधकं वा। **વૈશેષિકસૂત્ર-ઉપસ્કાર, ૨.૧.૧.**

૨. तत्र प्रत्यक्षमनूद्य कल्पनापोढत्वमभ्रान्तत्वं च विधीयते। यत्तद्भवतामस्माकं चार्थेषु साक्षात्कारिज्ञानं प्रसिद्धं तत्कल्पनापोढाभ्रान्तत्वयुक्तं द्रष्टव्यम्। न चैतन्मन्तव्यं कल्पनापोढाभ्रान्तत्वं चेदप्रसिद्धं किमन्यत् प्रत्यक्षस्य ज्ञानस्य रूपमवशिष्यते यत्प्रत्यक्षशब्दवाच्यं सदनूद्येतेति ?। यस्मादिन्द्रियान्वयव्यतिरेकानुविधाय्यर्थेषु साक्षात्कारिज्ञानं प्रयत्क्षशब्दवाच्यं सर्वेषां सिद्धं तदनुवादेन कल्पनापोढाभ्रान्तत्वविधिः। **ન્યાયબિન્દુ ટીકા, ૧.૪.** अत्राह धर्मोत्तरः— लक्ष्यलक्षणभावविधानवाक्ये लक्ष्यमनूद्य लक्षणमेव विधीयते। लक्ष्यं हि प्रसिद्धं भवति ततस्तदनुवाद्यम्, लक्षणं पुनः अप्रसिद्धमिति तद्विधेयम्। अज्ञातज्ञापनं विधिरित्यभिधानात्। सिद्धे तु लक्ष्यलक्षणभावे लक्षणमनूद्य लक्ष्यमेव विधीयते इति; तदेतदबन्धुरम्; लक्ष्यवल्लक्षणस्यापि प्रसिद्धिर्न हि न सिद्धेति कुतस्तस्याप्यज्ञातत्वनिबन्धनो विधिप्रतिबद्धः सिद्ध्येत्। **સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૨૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે નિરસન કર્યું છે. અકલંકનો[1] ઝોક વ્યાવૃત્તિને પ્રયોજન માનવા તરફ છે, પરંતુ આચાર્ય હેમચન્દ્રે ધર્મોત્તરના કથનનો આદર કરીને અપ્રસિદ્ધના વિધાનને લક્ષણાર્થ દર્શાવ્યો છે.

પૃ. ૬૨ '**भवति हि**' — હેમચન્દ્રે અહીં 'લક્ષ્ય'ને પક્ષ બનાવીને 'લક્ષણ' સિદ્ધ કરનારો 'હેતુપ્રયોગ' કર્યો છે, આમ કરવું બૌદ્ધ-જૈન ગ્રંથોમાં એકસરખું છે. અને 'વિશેષ'ને પક્ષ બનાવીને 'સામાન્ય'ને 'હેતુ' બનાવવાની યુક્તિ પણ એકસરખી છે.[2]

પૃ. ૬૩ '**तत्र निर्णयः**' — તુલના — "**विमृश्य पक्षप्रतिपक्षाभ्याम् अर्थावधारणं निर्णयः" — ન્યાયસૂત્ર, ૧.૧.૪૧.**

પૃ. ૬૩ '**अर्यते अर्थ्यते**' — પ્રમેયના અર્થાત્ અર્થના પ્રકારના વિશે દાર્શનિકોમાં મતભેદ છે. ન્યાય-વૈશેષિક પરંપરાના બધા પ્રધાન આચાર્યોનો[3] મત હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય એવા ત્રણ પ્રકારો અર્થના માનવાનો રહ્યો છે. બૌદ્ધ ધર્મોત્તર[4] ઉપેક્ષણીયનો

---

૧. परस्परव्यतिकरे सति येनान्यत्वं लक्ष्यते तल्लक्षणम् । **તત્ત્વાર્થરાજવાર્તિક, પૃ. ८२**

२. सम्यग्ज्ञानं प्रमाणं प्रमाणत्वान्यथानुपपत्तेः । **પ્રમાણપરીક્ષા, પૃ. ૧. ન્યાયકુમુદચન્દ્ર, લિખિત પૃ. ૩૯. પ્રમેયક. ૧.૧.** तत्सम्भवसाधकस्य प्रमाणत्वाख्यस्य हेतोः सद्भावात् । ननु यदेव प्रमाणं धर्मित्वेनात्र निरदेशि कथं तस्यैव हेतुत्वमुपपन्नमिति चेत्; ननु किमस्य हेतुत्वानुपपत्तौ निमित्तम्— किं धर्मित्वहेतुत्वयोर्विरोधः ? किं वा प्रतिज्ञार्थैकदेशत्वम् ? यद्वाऽनन्वयत्वम् ? तत्राद्यपक्षेऽयमभिप्रायः— धर्माणामधिकरणं धर्मी तदधिकरणस्तु धर्मः । ततो यद्यत्र प्रमाणं धर्मि कथं हेतुः ? स चेत्; कथं धर्मि, हेतोर्धर्मत्वात् धर्मधर्मिणोश्चैक्यानुपपत्तेः ? तदयुक्तम् । विशेषं धर्मिणं विधाय सामान्यं हेतुमभिदधतां दोषासम्भवात् । प्रमाणं हि प्रत्यक्षपरोक्षव्यक्तिलक्षणं धर्म्मि । प्रमाणत्वसामान्यं हेतुः । ततो नात्र सर्वथैक्यम् । कथञ्चिदैक्यं तु भवदपि न धर्मधर्मिभावं विरुणद्धि । प्रत्युत तत्प्रयोजकमेव, तदन्तरेण धर्मधर्मिभावेऽतिप्रसङ्गात् । **સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૪૧-૪૨. પ્રમેયરત્નમાલા ૧.૧.** ननु प्रत्ययविशेषो धर्मी सामान्यं साधनमिति न प्रतिज्ञार्थैकदेशता । **પ્રમાણવાર્તિકાલંકાર, પૃ. ૬૨**

૩. "अप्रतीयमानमर्थं कस्माज्जिज्ञासते ? । तं तत्त्वतो ज्ञातं हास्यामि वोपादास्य उपेक्षिष्ये वेति । ता एता हानोपादानोपेक्षाबुद्धयस्तत्त्वज्ञानस्यार्थस्तदर्थमयं जिज्ञासते" । **ન્યાયભાષ્ય, ૧.૧.૩૨.** पुरुषापेक्षया तु प्रामाण्ये चन्द्रतारकादिविज्ञानस्य पुरुषानपेक्षितस्य अप्रामाण्यप्रसङ्गः । न चातिदवीयस्तया तदर्थस्य हेयतया तदपि पुरुषस्यापेक्षितम्, तस्योपेक्षणीयविषयत्वात् । न चोपेक्षणीयमपि अनुपादेयत्वात् हेयमिति निवेदयिष्यते -(१.१.३. पृ. १०३) **તાત્પર્યટીકા, પૃ. ૨૧, ન્યાયમંજરી, પૃ. ૨૪.** प्रमितिर्गुणदोषमाध्यस्थ्यदर्शनम् । गुणदर्शनमुपादेयत्वज्ञानम्, दोषदर्शनं हेयत्वज्ञानम्, माध्यस्थ्यदर्शनं न हेयं नोपादेयमिति ज्ञानं प्रमितिः । **કન્દલી, પૃ. ૧૯૯.**

૪. "पुरुषस्यार्थः अर्थ्यत इत्यर्थः काम्यत इति यावत् । हेयोऽर्थः उपादेयो वा । हेयो ह्यर्थो हातुमिष्यते उपादेयोप्युपादातुम् । न च हेयोपादेयाभ्यामन्यो राशिरस्ति । उपेक्षणीयो ह्यनुपादेयत्वात् हेय एव" । **ન્યાયબિન્દુટીકા, ૧.૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેયમાં સમાવેશ કરીને અર્થના બે જ પ્રકારો માને છે જેનું શબ્દશઃ અનુસરણ દિગમ્બર તાર્કિક પ્રભાચન્દ્રે માણિક્યનન્દીના સૂત્રનો યથાશ્રુત અર્થ કરીને કર્યું છે. દેવસૂરિની સૂત્રરચનામાં તો માણિક્યનન્દીના સૂત્રની યથાવત્ છાપ છે તેમ છતાં સ્વોપજ્ઞ વ્યાખ્યામાં દેવસૂરિએ ધર્મોત્તરના મતનો પ્રભાચન્દ્રની જેમ સ્વીકાર ન કરીને ત્રિવિધ અર્થ માનનારા ન્યાય-વૈશેષિક પક્ષનો સ્વીકાર કર્યો છે[1], જેવું સન્મતિટીકાકારે (પૃ. ૪૬૯) પણ કર્યું છે.

આચાર્ય હેમચન્દ્રે પણ આ જ ત્રિવિધ અર્થના પક્ષને જ સ્વીકાર્યો છે પણ તેની સ્થાપના કરવામાં તેમણે નવી યુક્તિનો પ્રયોગ કર્યો છે.

પૃ. ૬૩ **'न चानुपादेय'** — તુલના — "ननु कोऽयमुपेक्षणीयो नाम विषयः ? । स हि उपेक्षणीयत्वादेव न उपादीयते चेत्; स तर्हि हेय एव, अनुपादेयत्वादिति । नैतद् युक्तम्, उपेक्षणीयविषयस्य स्वसंवेद्यत्वेन अप्रत्याख्येयत्वात् ।

**हेयोपादेययोरस्ति दुःख-प्रीतिनिमित्तता ।**
**यत्नेन हानोपादाने भवतस्तत्र देहिनाम् ॥**
**यत्नसाध्यद्वयाभावादुभयस्यापि साधनात् ।**
**ताभ्यां विसदृशं वस्तु स्वसंविदितमस्ति नः ॥**
**उपादेये च विषये दृष्टे रागः प्रवर्तते ।**
**इतरत्र तु विद्वेषस्तत्रोभावपि दुर्लभौ ॥**

यत्तु अनुपादेयत्वात् हेय एवेति, तदप्रयोजकम्, न ह्येवं भवति, यदेतद् नपुंसकं स पुमान्, अस्त्रीत्वात् । स्त्री वा नपुंसकं अपुंस्त्वादिति । स्त्रीपुंसाभ्यामन्यदेव नपुंसकम्, तथोपलभ्यमानत्वात् । एवमुपेक्षणीयोऽपि विषयो हेयोपादेयाभ्यामर्थान्तरम्, तथोपलम्भादिति ।

---

१. "हिताहितप्राप्तिपरिहारसमर्थं हि प्रमाणं ततो ज्ञानमेव तत्" **પરીક્ષામુખ, ૧.૨.** अर्थ्यते अभिलष्यते प्रयोजनार्थिभिरित्यर्थो हेय उपादेयश्च । उपेक्षणीयस्यापि परित्यजनीयत्वात् हेयत्वम् , उपादानक्रियां प्रति अकर्मभावात् नोपादेयत्वम् हानक्रियां प्रति विपर्ययात् तत्त्वम् । तथा च लोको वदति—अहमनेन उपेक्षणीयत्वेन परित्यक्त इति । **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨.** A अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमं हि प्रमाणम् अतो ज्ञानमेवेदम् । **પ્રમાણનયતત્ત્વાલોક, ૧.૩.** अभिमतानभिमतयोरुपलक्षणत्वादभिमतानभिमतोभयाभावस्वभाव उपेक्षणीयोऽप्यत्रार्थो लक्षयितव्यः । रागगोचरः खल्वभिमतः । द्वेषविषयोऽनभिमतः । रागद्वेषद्वितयानालम्बनं तृणादिरुपेक्षणीयः । तस्य चोपेक्षकं प्रमाणं तदुपेक्षायां समर्थमित्यर्थः । **સ્યાદ્વાદરત્નાકર, ૧.૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**यदेतत् तृणपर्णादि चकास्ति पथि गच्छतः ।**
**न धीश्छत्रादिवत् तत्र न च काकोदरादिवत् ॥''**

**ન્યાયમંજરી, પૃ. ૨૪-૨૫.**

પૃ. ૬૪ **'सम्यग्'** — તુલના — ''तत्र सम्यगिति प्रशंसार्थो निपातः समञ्चतेर्वा भावः ।'' — **તત્ત્વાર્થભાષ્ય, ૧.૧.**

પૃ. ૬૪ **'संभव'** — તુલના —

**''संभवव्यभिचाराभ्यां स्याद् विशेषणमर्थवत् ।**
**न शैत्येन न चौष्ण्येन वह्निः क्वापि विशिष्यते ॥''**

**— તન્ત્રવાર્તિક, પૃ. ૨૦૮.**

**''संभवव्यभिचाराभ्यां विशेषणविशेष्ययोः ।**
**दृष्टं विशेषणं लोके यथेहापि तथेक्ष्यताम् ॥''**

**— બૃહદારણ્યકવાર્તિક પૃ. ૨૦૧૨.**

**''संभवे व्यभिचारे च विशेषणं युक्तम् ।'' હેતુબિન્દુટીકા લિખિત પૃ. ૬૧.**

પૃ. ૬૪ **'न चासावसन्'** — આચાર્ય હેમચન્દ્રે 'સ્વપ્રકાશત્વ'ના સ્થાપનમાં અને ઐકાન્તિક 'પરપ્રકાશકત્વ'ના ખંડનમાં બૌદ્ધ, પ્રભાકર, વેદાન્ત આદિ બધા 'સ્વપ્રકાશ'વાદીઓની યુક્તિઓનો સંગ્રાહક ઉપયોગ કર્યો છે.

પૃ. ૬૪ **'घटमहं जानामि'** — તુલના — ''घटमहमात्मना वेद्मि । कर्मवत् कर्तृकरणक्रियाप्रतीतेः ।'' — **પરીક્ષામુખ, ૧.૮–૯.**

પૃ. ૬૪ **'न च अप्रत्यक्षोपलम्भस्य'** — તુલના — तदाह धर्मकीर्तिः 'अप्रत्यक्षो.' ન્યાયબિંદુટીકા લિખિત પૃ. ૧૦૯ B, પૃ. ૫૪૨ B. ''अप्रसिद्धोपलम्भस्य नार्थवित्तिः प्रसिद्ध्यति ।'' **તત્ત્વસંગ્રહ, કારિકા ૨૦૭૪.**

પૃ. ૬૫ **'तस्मादर्थोन्मुख'** — તુલના — ''स्वोन्मुखतया प्रतिभासनं स्वस्य व्यवसायः । अर्थस्येव तदुन्मुखतया ।'' — **પરીક્ષામુખ, ૧.૬–૭.**

પૃ. ૬૫ **'स्वनिर्णय'** — જ્યારે આચાર્ય હેમચન્દ્રે પોતાના લક્ષણમાં 'સ્વ' પદ જે પૂર્વવર્તી બધા જૈનાચાર્યોનાં લક્ષણમાં છે તેને ન રાખ્યું ત્યારે તેમની સામે પ્રશ્ન ખડો થયો કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શું પ્રાચીન આચાર્ય સંમત 'સ્વપ્રકાશત્વ' ઈષ્ટ ન હોવાથી 'સ્વ' પદનો ત્યાગ કરો છો કે અન્ય કોઈ દૃષ્ટિએ તેનો ત્યાગ કરો છો? આનો ઉત્તર તેમણે આ સૂત્રમાં આપ્યો છે અને તે એ કે જ્ઞાન તો 'સ્વપ્રકાશ' છે જ પરંતુ 'સ્વપ્રકાશ' વ્યાવર્તક ન હોવાથી લક્ષણમાં તેને મૂકવામાં નથી આવેલ, તેનો લક્ષણમાં પ્રવેશ અનાવશ્યક છે. આમ કરીને પોતાનું વિચારસ્વાતન્ત્ર્ય તેમણે દર્શાવ્યું છે અને સાથે સાથે જ વૃદ્ધોનું ખંડન ન કરીને 'સ્વ' પદ-પ્રયોગની તે વૃદ્ધોની દૃષ્ટિ દર્શાવીને તેમના પ્રત્યે આદર પણ વ્યક્ત કર્યો છે.

પૃ. ૬૮ '**ननु च परिच्छिन्नमर्थम्**' — તુલના — "अधिगतं चार्थमधिगमयता प्रमाणेन पिष्टं पिष्टं स्यात् ।" — **ન્યાયવાર્તિક, પૃ. ૫.**

પૃ. ૬૮ '**धारावाहिज्ञानानाम्**' — ભારતીય પ્રમાણશાસ્ત્રોમાં સ્મૃતિના પ્રામાણ્ય-અપ્રામાણ્યની ચર્ચા પહેલેથી ચાલી આવતી જણાય છે પરંતુ ધારાવાહિક જ્ઞાનોના પ્રામાણ્ય-અપ્રામાણ્યની ચર્ચા સંભવતઃ બૌદ્ધ પરંપરા દ્વારા ધર્મકીર્તિ પછી દાખલ થઈ છે. એક વાર પ્રમાણશાસ્ત્રોમાં દાખલ થયા પછી તો તે સર્વદર્શનવ્યાપી થઈ ગઈ અને તેના પક્ષ-પ્રતિપક્ષની યુક્તિઓ તથા વાદો સ્થિર થઈ ગયા અને ખાસ-ખાસ પરંપરાઓ બની ગઈ.

વાચસ્પતિ, શ્રીધર, જયન્ત, ઉદયન વગેરે બધા[1] ન્યાય-વૈશેષિક દર્શનના વિદ્વાનોએ ધારાવાહિક જ્ઞાનોને અધિગતાર્થક કહીને પણ પ્રમાણ જ ગણ્યા છે અને તેમનામાં સૂક્ષ્મકાલકલાને માનવાનો નિષેધ કર્યો છે. તેથી તેમણે પ્રમાણના લક્ષણમાં 'અનધિગત' આદિ પદો દાખલ કર્યાં નથી.

મીમાંસકની પ્રભાકરીય અને કુમારિલીય બન્ને પરંપરાઓમાં પણ ધારાવાહિક જ્ઞાનોનું પ્રામાણ્ય સ્વીકારાયું છે. પરંતુ બન્નેએ તેનું સમર્થન જુદી જુદી રીતે કર્યું છે. પ્રભાકરાનુગામી શાલિકનાથ[2] કાલકલાનું ભાન માન્યા વિના જ 'અનુભૂતિ' હોવા માત્રથી તેમને પ્રમાણ

---

૧. अनधिगतार्थगन्तृत्वं च धारावाहिकविज्ञानानामधिगतार्थगोचराणां लोकसिद्धप्रमाणभावानां प्रामाण्यं विहन्तीति नाद्रियामहे। न च कालभेदेनानधिगतगोचरत्वं धारावाहिकानामिति युक्तम्। परमसूक्ष्माणां कालकलादिभेदानां पिशितलोचनैरस्मादृशैरनाकलनात्। न चाद्येनैव विज्ञानेनोपदर्शितत्वादर्थस्य प्रवर्तितत्वात् पुरुषस्य प्रापितत्वाच्चोत्तरेषामप्रामाण्यमेव ज्ञानानामिति वाच्यम्। न हि विज्ञानस्यार्थप्रापणं प्रवर्तनादन्यद्, न च प्रवर्तनमर्थप्रदर्शनादन्यत्। तस्मादर्थप्रदर्शनमात्रव्यापारमेव ज्ञानं प्रवर्तकं प्रापकं च। प्रदर्शनं च पूर्ववदुत्तरेषामपि विज्ञानानामभिन्नमिति कथं पूर्वमेव प्रमाणं नोत्तराण्यपि ?। **તાત્પર્યટીકા, પૃ. ૨૧; કન્દલી, પૃ. ૬૧; ન્યાયમંજરી, પૃ. ૨૨; ન્યાયકુસુમાંજલિ, ૪.૧.**

૨. "धारावाहिकेषु तर्ह्युत्तरविज्ञानानि स्मृतिप्रमोषादविशिष्टानि कथं प्रमाणानि ?। तत्राह–अन्योन्यनिरपेक्षास्तु धारावाहिकबुद्धयः। व्याप्रियमाणे हि पूर्वविज्ञानकारणकलाप उत्तरेषामप्युत्पत्तिरिति न प्रतीतित उत्पत्तितो वा धारावाहिकविज्ञानानि परस्परस्यातिशेरत इति युक्ता सर्वेषामपि प्रमाणता। **પ્રકરણપંચિકા, પૃ. ૪૨-૪૩. બૃહતીપંચિકા, પૃ. ૧૦૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહે છે, જેના ઉપર ન્યાય-વૈશેષિક પરંપરાની છાપ સ્પષ્ટ છે. કુમારિલાનુગામી પાર્થસારથિ[1] સૂક્ષ્મકાલકલાનું ભાન માનીને જ તેમના પ્રામાણ્યને ઘટાવે છે કારણ કે કુમારિલપરંપરામાં પ્રમાણલક્ષણમાં 'અપૂર્વ' પદ હોવાથી એવી કલ્પના કર્યા વિના ધારાવાહિક જ્ઞાનોના પ્રામાણ્યનું સમર્થન કરવું શક્ય નથી. આના ઉપર બૌદ્ધ અને જૈન વિચારની છાપ જણાય છે.

બૌદ્ધ પરંપરામાં ધર્મોત્તરે[2] સ્પષ્ટપણે ધારાવાહિકનો ઉલ્લેખ કરીને તો કંઈ કહ્યું નથી, તેમ છતાં તેમના સામાન્ય કથનથી તેમનો ઝોક ધારાવાહિકને અપ્રમાણ માનવા તરફનો જ જણાય છે. હેતુબિન્દુની ટીકામાં અર્ચટે[3] ધારાવાહિક વિશે પોતાનું મન્તવ્ય પ્રસંગવશ સ્પષ્ટ દર્શાવ્યું છે. તેમણે યોગિગત ધારાવાહિક જ્ઞાનોને તો સૂક્ષ્મકાલકલાનું ભાન માનીને પ્રમાણ ગણ્યાં છે. પરંતુ સાધારણ પ્રમાતાઓનાં ધારાવાહિક જ્ઞાનોને સૂક્ષ્મકાલભેદગ્રાહક ન હોવાથી અપ્રમાણ ગણ્યાં છે. આ રીતે બૌદ્ધ પરંપરામાં પ્રમાતાભેદે ધારાવાહિક જ્ઞાનોના પ્રામાણ્ય-અપ્રામાણ્યનો સ્વીકાર છે.

જૈન તર્કગ્રન્થોમાં ધારાવાહિક જ્ઞાનોનાં પ્રામાણ્ય-અપ્રામાણ્યના વિશે બે પરંપરાઓ છે — દિગમ્બરીય અને શ્વેતામ્બરીય. દિગમ્બર પરંપરા અનુસાર ધારાવાહિક જ્ઞાનો

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. "नन्वेवं धारावाहिकेषूत्तरेषां पूर्वगृहीतार्थविषयकत्वादप्रामाण्यं स्यात् । तस्मात् 'अनुभूतिः प्रमाणम्' इति प्रमाणलक्षणम् । तस्मात् यथार्थमगृहीतग्राहि ज्ञानं प्रमाणमिति वक्तव्यम् । धारावाहिकेष्वप्युत्तरोत्तरेषां कालान्तरसम्बन्धस्यागृहीतस्य ग्रहणाद् युक्तं प्रामाण्यम् । सन्नपि कालभेदोऽतिसूक्ष्मत्वान्न परामृष्यत इति चेत्; अहो सूक्ष्मदर्शी देवानांप्रियः ! यो हि समानविषयया विज्ञानधारया चिरमवस्थायोपरतः सोऽनन्तरक्षणसम्बन्धितयार्थं स्मरति । तथाहि—किमत्र घटोऽवस्थित इति पृष्टः कथयति—अस्मिन् क्षणे मयोपलब्ध इति । तथा प्रातरारभ्यैतावत्कालं मयोपलब्ध इति । कालभेदे त्वगृहीते कथमेवं वदेत् । तस्मादस्ति कालभेदस्य परामर्शः । तदाधिक्याच्च सिद्धमुत्तरेषां प्रामाण्यम् । **શાસ્ત્રદીપિકા, પૃ. ૧૨૪-૧૨૬**

૨. "अत एव अनधिगतविषयं प्रमाणम् । येनैव हि ज्ञानेन प्रथममधिगतोऽर्थः तेनैव प्रवर्तितः पुरुषः प्रापितश्चार्थः तत्रैवार्थे किमन्येन ज्ञानेन अधिकं कार्यम् । ततोऽधिगतविषयमप्रमाणम् । **ન્યાયબિન્દુ-ટીકા, પૃ. ૩.**

૩. "यदैकस्मिन्नेव नीलादिवस्तुनि धारावाहीनीन्द्रियज्ञानान्युत्पद्यन्ते तदा पूर्वेणाभिन्नयोगक्षेमत्वात् उत्तरेषामिन्द्रियज्ञानानामप्रामाण्यप्रसङ्गः । न चैवम्, अतोऽनेकान्त इति प्रमाणसंप्लववादी दर्शयन्नाह—पूर्वप्रत्यक्षक्षणेन इत्यादि । एतत् परिहरति—तद् यदि प्रतिक्षणं क्षणविवेकदर्शिनोऽधिकृत्योच्यते तदा भिन्नोपयोगितया पृथक् प्रामाण्यात्, नानेकान्तः । अथ सर्वपदार्थेष्वेकत्वाध्यवसायिनः सांव्यवहारिकान् पुरुषानभिप्रेत्योच्यते तदा सकलमेव नीलसन्तानमेकमर्थं स्थिररूपं तत्साध्यां चार्थक्रियामेकात्मिकामध्यवस्यन्तीति प्रामाण्यमप्युत्तरेषामनिष्टमेवेति कुतोऽनेकान्तः ? । **હેતુબિન્દુટીકા, લિખિત, પૃ.૩૯ B — ૪૧ A.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે જ પ્રમાણ છે જ્યારે તેઓ ક્ષણભેદ આદિ વિશેષોનું ભાન કરતાં હોય અને આમ વિશિષ્ટપ્રમાજનક બનતાં હોય. જ્યારે તેઓ તેવું ન કરતાં હોય ત્યારે તેઓ પ્રમાણ નથી. તેવી જ રીતે તે પરંપરા અનુસાર એ પણ સમજવું જોઈએ કે વિશિષ્ટપ્રમાજનક હોવા છતાં પણ ધારાવાહિક જ્ઞાનો દ્રવ્યાંશમાં વિશિષ્ટપ્રમાજનક નથી એટલે તે અંશમાં તેઓ અપ્રમાણ છે અને વિશેષાંશમાં વિશિષ્ટપ્રમાજનક હોવાના કારણે તે અંશમાં તેઓ પ્રમાણ છે, અર્થાત્ એક જ્ઞાનવ્યક્તિમાં પણ વિષયભેદની અપેક્ષાએ પ્રામાણ્ય-અપ્રામાણ્ય છે. અકલંકના અનુગામી વિદ્યાનન્દ અને માણિક્યનન્દીના અનુગામી પ્રભાચન્દ્રના ટીકાગ્રન્થોનું પૂર્વાપર અવલોકન આ નિષ્કર્ષ ઉપર પહોંચાડે[1] છે. તેનું કારણ એ છે કે અન્ય બધા જૈનાચાર્યોની જેમ નિર્વિવાદપણે સ્મૃતિના પ્રામાણ્યનું સમર્થન કરનારા અકલંક અને માણિક્યનન્દી પોતપોતાના પ્રમાણલક્ષણમાં જ્યારે બૌદ્ધ અને મીમાંસકની જેમ 'અનધિગત' અને 'અપૂર્વ' પદો મૂકે છે ત્યારે તે પદોની સાર્થકતા ઉક્ત તાત્પર્ય સિવાય બીજી કોઈ પણ રીતે દર્શાવી શકાતી નથી, પછી ભલે ને વિદ્યાનન્દ અને પ્રભાચન્દ્રનો સ્વતન્ત્ર મત ગમે તે રહ્યો હોય.

બૌદ્ધ[2] વિદ્વાન વિકલ્પ અને સ્મૃતિ બન્નેમાં જ્યારે મીમાંસક કેવળ સ્મૃતિમાં સ્વતન્ત્ર પ્રામાણ્ય નથી માનતા. તેથી તેમના મતમાં તો 'અનધિગત' અને 'અપૂર્વ' પદોનું પ્રયોજન સ્પષ્ટ છે. પરંતુ જૈન પરંપરા અનુસાર તે પ્રયોજન નથી.

શ્વેતામ્બર પરંપરાના બધા વિદ્વાનો એકમતે ધારાવાહિક જ્ઞાનને સ્મૃતિની જેમ પ્રમાણ માનવાના પક્ષમાં છે. તેથી કોઈએ પણ પોતાના પ્રમાણલક્ષણમાં 'અનધિગત' 'અપૂર્વ' આદિ જેવાં પદોને સ્થાન આપ્યું નથી. એટલું જ નહિ, પણ તેમણે સ્પષ્ટપણે કહી દીધું કે ભલે ને જ્ઞાન ગૃહીતગ્રાહી હોય તો પણ તે અગૃહીતગ્રાહી જ્ઞાનની જેમ જ પ્રમાણ છે. તેમના વિચાર અનુસાર ગૃહીતગ્રાહિત્વ પ્રામાણ્યનું વિઘાતક નથી, તેથી તેમના મતે એક ધારાવાહિક જ્ઞાનવ્યક્તિમાં વિષયભેદની અપેક્ષાએ પ્રામાણ્ય-અપ્રામાણ્ય માનવાની જરૂરત નથી અને ન તો કદી કોઈ જ્ઞાનને અપ્રમાણ માનવાની જરૂરત છે.

---

૧. गृहीतमगृहीतं वा स्वार्थं यदि व्यवस्यति । तन्न लोके न शास्त्रेषु विजहाति प्रमाणताम् ॥ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૦.૭૮.** प्रमान्तरागृहीतार्थप्रकाशित्वं प्रपञ्चतः । प्रामाण्यं च गृहीतार्थग्राहित्वेऽपि कथञ्चन ॥ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૩.૯૪.** गृहीतग्रहणात् तत्र न स्मृतेश्चेत् प्रमाणता । धारावाह्यक्षविज्ञानस्यैवं लभ्येत केन सा ॥ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૩.૧૫.** नन्वेमपि प्रमाणसंप्लववादिताव्याघातः प्रमाणप्रतिपन्नेऽर्थे प्रमाणान्तरप्रतिपत्तिरित्यचोद्यम् । अर्थपरिच्छित्तिविशेष-सद्भावे त [illegible]वृत्तेरप्यभ्युपगमात् । प्रथमप्रमाणप्रतिपन्ने हि वस्तुन्याकारविशेषं प्रतिपद्यमानं प्रमाणान्त[illegible] [illegible]पूर्वार्थमेव वृक्षो न्यग्रोध इत्यादिवत् । **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૬.**

૨. यद् गृहीत[illegible] [illegible]हि ज्ञानं न तत् प्रमाणम्, यथा स्मृतिः, गृहीतग्राही च प्रत्यक्षपृष्ठभावी विकल्प इति व्यापकवि[illegible] [illegible]द्धोपलब्धिः । **તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૧૨૯૮.**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વેતામ્બર આચાર્યોમાં પણ આચાર્ય હેમચન્દ્રની ખાસ વિશેષતા છે કારણ કે તેમણે ગૃહીતગ્રાહી અને ગ્રહીષ્યમાણગ્રાહી બન્નેની સમાનતા દર્શાવીને બધાં ધારાવાહિજ્ઞાનોના પ્રામાણ્યનું જે સમર્થન કર્યું છે તે ખાસ નોંધપાત્ર છે.

પૃ. ૬૮ **'तत्रापूर्वार्थ'** તુલના — **હેતુબિન્દુટીકા લિખિત પૃ. ૮૭.**

પૃ. ૬૯ **'ग्रहीष्यमाण'** — 'અનધિગત' યા 'અપૂર્વ' પદ જે ધર્મોત્તર, અકલંક, માણિક્યનન્દી આદિના લક્ષણવાક્યમાં છે તેને આચાર્ય હેમચન્દ્રે પોતાના લક્ષણમાં જ્યારે સ્થાન ન આપ્યું ત્યારે તેમની સામે એ પ્રશ્ન આવ્યો કે ધારાવાહિક અને સ્મૃતિ વગેરે જ્ઞાન જે અધિગતાર્થક યા પૂર્વાર્થક છે અને જેમને અપ્રમાણ માનવામાં આવે છે તેમને પ્રમાણ માનો છો કે અપ્રમાણ? જો અપ્રમાણ માનો તો સમ્યગર્થનિર્ણયરૂપ પ્રમાણલક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય તેથી 'અનધિગત' યા 'અપૂર્વ' પદ લક્ષણમાં મૂકી અતિવ્યાપ્તિનો નિરાસ કેમ નથી કરતા ? આ પ્રશ્નનો ઉત્તર આ સૂત્રમાં આચાર્ય હેમચન્દ્રે ઉક્ત જ્ઞાનોનું પ્રામાણ્ય સ્વીકારીને આપ્યો છે. આ સૂત્રની પ્રાસાદિક અને અર્થપૂર્ણ રચના હેમચન્દ્રની પ્રતિભા અને વિચારવિશદતાની દ્યોતક છે. પ્રસ્તુત અર્થમાં આટલું સંક્ષિપ્ત, પ્રસન્ન અને સયુક્તિક વાક્ય આજ સુધી અન્યત્ર જોયું નથી.

પૃ. ૬૯ **'द्रव्यापेक्षया'** જો કે ન્યાયાવતારની ટીકામાં સિદ્ધર્ષિએ[1] પણ અનધિગત વિશેષણનું ખંડન કરતાં દ્રવ્યપર્યાયરૂપથી અહીં જેવા જ વિકલ્પો ઉઠાવ્યા છે તેમ છતાં ત્યાં આઠ વિકલ્પો હોવાથી એક રીતની જટિલતા આવી ગઈ છે. આચાર્ય હેમચન્દ્રે પોતાની પ્રસન્ન અને સંક્ષિપ્ત શૈલીમાં બે વિકલ્પો દ્વારા જ બધું કહી દીધું છે. તત્ત્વોપપ્લવગ્રન્થના[2] અવલોકનથી અને આચાર્ય હેમચન્દ્રે કરેલા તેના અભ્યાસના અનુમાનથી એક વાત મનમાં આવે છે. તે એ કે પ્રસ્તુત સૂત્રગત યુક્તિ અને શબ્દરચના બન્નેના સ્ફુરણનું નિમિત્ત કદાચ આચાર્ય હેમચન્દ્ર ઉપર પડેલો તત્ત્વોપપ્લવનો પ્રભાવ જ હોય.

---

૧. तत्रापि सोऽधिगम्योऽर्थः किं द्रव्यम्, उत पर्यायो वा, द्रव्यविशिष्टपर्यायः, पर्यायविशिष्टं वा द्रव्यमिति, तथा किं सामान्यम्, उत विशेषः, आहोस्वित् सामान्यविशिष्टो विशेषः, विशेषविशिष्टं वा सामान्यम् इत्यष्टौ पक्षाः । **ન્યાયાવતારસિદ્ધર્ષિટીકા, પૃ. ૧૩.**

૨. अन्ये तु अनधिगतार्थगन्तृत्वेन प्रमाणलक्षणमभिदधति, ते त्वयुक्तवादिनो द्रष्टव्याः । कथमयुक्तवादिता तेषामिति चेत्, उच्यते – विभिन्नकारकोत्पादितैकार्थविज्ञानानां यथाव्यवस्थितैकार्थ-गृहीतिरूपत्वाविशेषेऽपि पूर्वोत्पन्नविज्ञानस्य प्रामाण्यं नोत्तरस्य इत्यत्र नियामकं वक्तव्यम् । अथ यथावस्थितार्थगृहीतिरूपत्वाविशेषेऽपि पूर्वोत्पन्नविज्ञानस्य प्रामाण्यमुपपद्यते न प्रथमोत्तरविज्ञानस्य, तदा अनेनैव न्यायेन प्रथमस्याप्यप्रमाण्यं प्रसक्तम्, गृहीतार्थग्राहित्वाविशेषात् । **તત્ત્વોપપ્લવસિંહ લિખિત પૃ. ૩૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૭૦ '**अनुभयत्र**' સંશયનાં ઉપલભ્ય લક્ષણોને જોવાથી જણાય છે કે કેટલાંક તો કારણમૂલક છે અને કેટલાંક સ્વરૂપમૂલક. કણાદ, અક્ષપાદ અને કોઈક બૌદ્ધવિશેષનાં લક્ષણો કારણમૂલક[1] છે. દેવસૂરિનું લક્ષણ કારણ અને સ્વરૂપ ઉભયમૂલક[2] છે જ્યારે આચાર્ય હેમચન્દ્રના આ લક્ષણમાં કેવળ સ્વરૂપનું નિદર્શન છે, કારણનું નથી.

**પૃ. ૭૧ 'साधकबाधक'** – તુલના — "साधकबाधकप्रमाणाभावात् **तत्र संशीतिः ।" લઘીયસ્રયીસ્વ** વેવૃત્તિ, ૧.૪; **અષ્ટશતી, કારિકા ૩.** सेयं साधकबाधकप्रमाणानुपपत्तौ रुत्यां समानधर्मोपलब्धिर्विनश्यदवस्था-विशेषस्मृत्या सहाविनश्यदवस्थयैकस्मिन् क्षणे सती संशयज्ञानस्य हेतुरिति सिद्धम् । **તાત્પર્યટીકા, ૧.૧.૨૩.** न हि साधकबाधकप्रमाणाभावमवधूय समानधर्मादिदर्शनादेवासौ । **ન્યાયકુસુમાંજલિ પૃ. ૮.**

પૃ. ૭૧ '**विशेषा**'— પ્રત્યક્ષ-અનુમાન ઉભય વિષયમાં અનધ્યવસાયનું સ્વરૂપ દર્શાવતાં પ્રશસ્તપાદે લખ્યું છે કે —

अनध्यवसायोऽपि प्रत्यक्षानुमानविषय एव सञ्जायते । तत्र प्रत्यक्षविषये तावत् प्रसिद्धार्थेष्वप्रसिद्धार्थेषु वा व्यासङ्गादनर्थित्वाद् वा किमित्यालोचन-मात्रमनध्यवसायः । यथा वाहीकस्य पनसादिष्वनध्यवसायो भवति । तत्र सत्ताद्रव्यत्वपृथिवीत्ववृक्षत्वरूपवत्त्वादिशाखाद्यपेक्षोऽध्यवसायो भवति । पनसत्वमपि पनसेष्वनुवृत्तमाम्रादिभ्यो व्यावृत्तं प्रत्यक्षमेव केवलं तूपदेशाभावाद् विशेषसञ्ज्ञाप्रतिपत्तिर्न भवति । अनुमानविषयेऽपि नारिकेलद्वीपवासिनः सास्नामात्रदर्शनात् को नु खल्वयं प्राणी स्यादित्यनध्यवसायो भवति । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૧૮૨.**

---

૧. सामान्यप्रत्यक्षाद् विशेषाप्रत्यक्षाद् विशेषस्मृतेश्च संशयः । दृष्टं च दृष्टवत् । यथादृष्टमयथादृष्टत्वाच्च । विद्याऽविद्यातश्च संशयः । **વૈશેષિકસૂત્ર, ૨.૨.૧૭-૨૦.** समानानेकधर्मोपपत्तेर्विप्रतिपत्तेरुपलब्ध्यनुपलब्ध्यव्यवस्थातश्च विशेषापेक्षो विमर्शः संशयः । **ન્યાયસૂત્ર, ૧.૧.૨૩.** अन्ये तु संशयलक्षणमन्यथा व्याचक्षते — साधर्म्यदर्शनाद् विशेषोपलिप्सोर्विमर्शः संशयः इति । **ન્યાયવાર્તિક, ૧.૧.૨૩.** बौद्धाभिमतं संशयलक्षणमुपन्यस्यति । अन्ये त्विति । **તાત્પર્યટીકા, ૧.૧.૨૩.**

૨. साधकबाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शि ज्ञानं संशयः । **પ્રમાણનયતત્ત્વાલોક, ૧.૧૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના વિવરણમાં શ્રીધરે કહ્યું છે કે — सेयं संज्ञाविशेषानवधारणात्मिका प्रतीतिरनध्यवसाय: । **કન્દલી, પૃ. ૧૮૩.**

આચાર્ય હેમચન્દ્રના લક્ષણમાં આ જ ભાવ રહેલો છે.

પૃ. ૭૧ **'परेषाम्'**—તુલના—प्रत्यक्षं कल्पनापोढं नामजात्याद्यसंयुतम् । **પ્રમાણસમુચ્ચય, ૧.૩.** तत्र प्रत्यक्षं कल्पनापोढं यज्ज्ञानमर्थे रूपादौ नामजात्यादिकल्पनारहितं तदक्षमक्षं प्रति वर्तते इति प्रत्यक्षम् । **ન્યાયપ્રવેશ પૃ. ૭.** कल्पनापोढमभ्रान्तं प्रत्यक्षम् । **ન્યાયબિન્દુ, ૧.૪.**

પૃ. ૭૧ **'अतस्मिन्'**— આચાર્ય હેમચન્દ્રનું પ્રસ્તુત લક્ષણ કણાદના[1] લક્ષણની જેમ કારણમૂલક નથી પરંતુ યોગસૂત્ર અને પ્રમાણનયતત્ત્વાલોકના લક્ષણની જેમ સ્વરૂપમૂલક[2] છે.

પૃ. ૭૨ **'तिमिरादिदोषात्'** — તુલના — तया रहितं तिमिराशुभ्रमण-नौयानसंक्षोभाद्यनाहितविभ्रमं ज्ञानं प्रत्यक्षम् । **ન્યાયબિન્દુ, ૧.૬.** तिमिरम् अक्ष्णोर्विप्लवः इन्द्रियगतमिदं विभ्रमकारणम् । आशुभ्रमणमलातादेः । मन्दं भ्रम्यमाणे अलातादौ न चक्रभ्रान्तिरुत्पद्यते तदर्थमाशुग्रहणेन विशेष्यते भ्रमणम् । एतच्च विषयगतं विभ्रमकारणम् । नावा गमनं नौयानम् । गच्छन्त्यां नावि स्थितस्य गच्छद्वृक्षादिभ्रान्तिरुत्पद्यते इति यानग्रहणम्, एतच्च बाह्या-श्रयस्थितं विभ्रमकारणम् । संक्षोभो वातपित्तश्लेष्मणाम् । वातादिषु हि क्षोभं गतेषु ज्वलितस्तम्भादिभ्रान्तिरुत्पद्यते, एतच्च अध्यात्मगतं विभ्रमकारणम् । **ન્યાયબિન્દુટીકા ૧.૬.**

પૃ. ૭૨ **'तत्प्रामाण्यं तु'** — તુલના — तथाहि विज्ञानस्य तावत्प्रामाण्यं स्वतो वा निश्चीयते परतो वा ? । न तावत् पूर्वः कल्पः, न खलु विज्ञानमनात्मसंवेदनमात्मानमपि गृह्णाति प्रागेव तत्प्रामाण्यम् । नापि विज्ञानान्तरम्, तत् विज्ञानमित्येव गृहणीयान्न पुनरस्याव्यभिचारित्वम् ।

---

१. इन्द्रियदोषात् संस्कारदोषाच्चाविद्या । **વૈશેષિકસૂત્ર, ૯.૨.૧૦.**

૨. विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् । **યોગસૂત્ર, ૧.૮. પ્રમાણનયતત્ત્વાલોક, ૧.૧૦-૧૧**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ज्ञानत्वमात्रं च तदाभाससाधारणमिति नं स्वतः प्रामाण्यावधारणम् । एतेन स्वसंवेदननयेऽपि अव्यभिचारग्रहणं प्रत्युक्तम् । नापि परतः । परं हि तद्गोचरं वा ज्ञानमभ्युपेयेत, अर्थक्रियानिर्भासं वा ज्ञानान्तरम्, तद्गोचर-नान्तरीयकार्थान्तरदर्शनं वा ? । तच्च सर्वं स्वतोऽनवधारितप्रामाण्यमाकुलं सत् कथं पूर्वं प्रवर्तकं ज्ञानमनाकुलयेत् ? । स्वतो वाऽस्य प्रामाण्ये किमपराद्धं प्रवर्तकज्ञानेन, येन तस्मिन्नपि तन्न स्यात् ? । न च प्रामाण्यं ज्ञायते स्वत इत्यावेदितम् । **તાત્પર્યટીકા, ૧.૧.૧**

પૃ. ૭૨ **'प्रामाण्य'** — દર્શનશાસ્ત્રોમાં પ્રામાણ્ય અને અપ્રામાણ્યના સ્વતઃ પરતઃની ચર્ચા બહુ જ પ્રસિદ્ધ છે. ઐતિહાસિક દૃષ્ટિએ લાગે છે કે આ ચર્ચાનું મૂળ વેદોનું પ્રામાણ્ય માનનાર અને ન માનનાર એવા બે પક્ષોમાં છે. જ્યારે જૈન, બૌદ્ધ વગેરે વિદ્વાનોએ વેદના પ્રામાણ્યનો વિરોધ કર્યો ત્યારે વેદપ્રામાણ્યવાદી ન્યાય-વૈશેષિક-મીમાંસક વિદ્વાનોએ વેદના પ્રામાણ્યનું સમર્થન કરવું શરૂ કર્યું. પ્રારંભમાં આ ચર્ચા શબ્દપ્રમાણ સુધી જ સીમિત રહી હોવાનું જણાય છે પરંતુ એક વાર તેનો તાર્કિક પ્રદેશમાં પ્રવેશ થતાં જ પછી તો તે વ્યાપક બની ગઈ અને સર્વ જ્ઞાનની બાબતમાં પ્રામાણ્ય કે અપ્રામાણ્યના સ્વતઃ પરતઃનો વિચાર શરૂ થઈ ગયો.[1]

આ ચર્ચામાં સૌપ્રથમ મુખ્યપણે બે પક્ષ પડી ગયા. એક તો વેદઅપ્રામાણ્યવાદી જૈન-બૌદ્ધ પક્ષ અને બીજો વેદપ્રામાણ્યવાદી નૈયાયિક, મીમાંસક આદિનો પક્ષ. વેદ-પ્રામાણ્યવાદીઓમાં પણ તેનું સમર્થન જુદી જુદી રીતે શરૂ થયું. ઈશ્વરવાદી ન્યાય-વૈશેષિક દર્શને વેદનું પ્રામાણ્ય ઈશ્વરમૂલક સ્થાપિત કર્યું. જ્યારે તેમાં વેદપ્રામાણ્ય પરતઃ સ્થાપિત કરવામાં આવ્યું ત્યારે બાકીનાં પ્રત્યક્ષ વગેરે બધાં પ્રમાણોનું પ્રામાણ્ય પણ પરતઃ જ સિદ્ધ કરવામાં આવ્યું અને સમાનયુક્તિથી તેમાં અપ્રામાણ્ય પણ પરતઃ

---

૧. औत्पत्तिकस्तु शब्दस्यार्थेन सम्बन्धस्तस्य ज्ञानमुपदेशोऽव्यतिरेकश्चार्थेऽनुपलब्धे तत् प्रमाणं बादरायणस्यानपेक्षत्वात् । **જૈમિનિ સૂત્ર, ૧.૧.૫.** तस्मात् तत् प्रमाणम् अनपेक्षत्वात् । न ह्येवं सति प्रत्ययान्तरमपेक्षितव्यम्, पुरुषान्तरं वापि; स्वयं प्रत्ययो ह्यसौ । **શાબરભાષ્ય, ૧.૧.૫. બૃહતી, ૧.૧.૫.** सर्वविज्ञानविषयमिदं तावत्प्रतीक्ष्यताम् । प्रमाणत्वाप्रमाणत्वे स्वतः किं परतोऽथवा ॥ **શ્લોકવાર્તિક, ચોદના શ્લોક ૩૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ નિશ્ચિત કર્યું. આમ પ્રામાણ્ય-અપ્રામાણ્ય બન્ને પરતઃ જ ન્યાય-વૈશેષિકસમ્મત[1] થયાં.

મીમાંસક ઈશ્વરવાદી ન હોવાથી તે તન્મૂલક પ્રામાણ્ય વેદમાં છે એમ તો કહી જ શકતો ન હતો. તેથી તેણે વેદપ્રામાણ્ય સ્વતઃ માની લીધું અને તેના સમર્થન માટે પ્રત્યક્ષ વગેરે બધાં જ્ઞાનોનું પ્રામાણ્ય સ્વતઃ જ સ્થાપિત કર્યું.[2] પરંતુ તેણે અપ્રામાણ્યને તો પરતઃ જ માન્યું છે.[3]

જો કે આ ચર્ચામાં સાંખ્યદર્શનનું શું મંતવ્ય છે એનો કોઈ ઉલ્લેખ તેના ઉપલબ્ધ ગ્રન્થોમાં મળતો નથી તેમ છતાં કુમારિલ, શાન્તરક્ષિત અને માધવાચાર્યનાં કથનો ઉપરથી જણાય છે કે સાંખ્યદર્શન પ્રામાણ્ય-અપ્રામાણ્ય બન્નેને સ્વતઃ જ માનનારું રહ્યું છે.[4] કદાચ તેનું તદ્વિષયક પ્રાચીન સાહિત્ય નષ્ટ થઈ ગયું હોય. ઉક્ત આચાર્યોના ગ્રંથોમાં જ એક એવા પક્ષનો પણ નિર્દેશ છે જે બરાબર મીમાંસકથી ઊલટો છે અર્થાત્ તે અપ્રામાણ્યને સ્વતઃ જ અને પ્રામાણ્યને પરતઃ જ માને છે. સર્વદર્શનસંગ્રહમાં **'सौगताश्चरमं स्वतः'** (પૃ. ૨૭૯) આ પક્ષને બૌદ્ધ પક્ષ તરીકે રજૂ કર્યો છે એ વાત સાચી પરંતુ તત્ત્વસંગ્રહમાં જે બૌદ્ધ પક્ષ છે તે બિલકુલ જુદો છે. સંભવ છે કે સર્વદર્શનસંગ્રહનિર્દિષ્ટ બૌદ્ધ પક્ષ કોઈ અન્ય બૌદ્ધવિશેષનો હોય.

શાન્તરક્ષિતે પોતાના બૌદ્ધ મન્તવ્યને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે — ૧. પ્રામાણ્ય-અપ્રામાણ્ય ઉભય સ્વતઃ, ૨. ઉભય પરતઃ, ૩. બેમાંથી પ્રામાણ્ય સ્વતઃ અને અપ્રામાણ્ય

---

૧. प्रमाणतोऽर्थप्रतिपत्तौ प्रवृत्तिसामर्थ्यादर्थवत् प्रमाणम् । ન્યાયભાષ્ય, પૃ.૧. તાત્પર્યટીકા, ૧.૧.૧. किं विज्ञानानां प्रामाण्यमप्रामाण्यं चेति द्वयमपि स्वतः उत उभयमपि परतः आहोस्विदप्रामाण्यं स्वतः प्रामाण्यं तु परतः उतस्वित् प्रामाण्यं स्वतः अप्रामाण्यं तु परत इति । तत्र परत एव वेदस्य प्रामाण्यमिति वक्ष्यामः ।... स्थितमेतदर्थक्रियाज्ञानात् प्रामाण्यनिश्चय इति । तदिदमुक्तम् । प्रमाणतोऽर्थप्रतिपत्तौ प्रवृत्तिसामर्थ्यादर्थवत् प्रमाणमिति । तस्मादप्रामाण्यमपि परोक्षमित्यतो द्वयमपि परत इत्येष एव पक्षः श्रेयान् । ન્યાયમંજરી, પૃ. ૧૬૦-૧૭૪. કન્દલી, પૃ. ૨૧૭-૨૨૦. "प्रमायाः परतन्त्रत्वात् सर्गप्रलयसम्भवात् । तदन्यस्मिन्ननाश्वासान्न विधान्तरसम्भवः ॥ ન્યાયકુસુમાંજલી, ૨.૧. તત્ત્વચિન્તામણિ, પ્રત્યક્ષખંડ પૃ. ૧૮૩-૨૩૩.

૨. स्वतः सर्वप्रमाणनां प्रामण्यमिति गम्यताम् । न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन शक्यते ॥ શ્લોકવાર્તિક, સૂત્ર ૨, શ્લોક ૪૭.

૩. શ્લોકવાર્તિક, સૂત્ર ૩, શ્લોક ૮૫.

૪. केचिदाहुर्द्वयं स्वतः । શ્લોકવાર્તિક, સૂત્ર ૨, શ્લોક ૩૪૩. તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૨૮૧૧. "प्रमाणत्वाप्रमाणत्वे स्वतः सांख्याः समाश्रिताः । સર્વદર્શનસંગ્રહ, જૈમિનિદર્શન, પૃ. ૨૭૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરતઃ, તથા ૪. અપ્રામાણ્ય સ્વતઃ, પ્રામાણ્ય પરતઃ — આ ચાર પક્ષોમાંથી કોઈ પણ પક્ષ બૌદ્ધ નથી કારણ કે આ ચારે પક્ષ નિયમવાળા છે. બૌદ્ધ પક્ષ અનિયમવાદી છે અર્થાત્ પ્રામાણ્ય હોય કે અપ્રામાણ્ય બન્નેમાં કોઈ સ્વતઃ તો કોઈ પરતઃ અનિયમથી છે. અભ્યાસદશામાં તો સ્વતઃ છે એમ સમજવું જોઈએ ભલે તે પ્રામાણ્ય હોય કે અપ્રામાણ્ય. પરંતુ અનભ્યાસદશામાં પરતઃ છે એમ સમજવું જોઈએ.[1]

જૈન પરંપરા બરાબર શાન્તરક્ષિતકથિત બૌદ્ધ પક્ષ સમાન જ છે. તે પ્રામાણ્ય-અપ્રામાણ્ય બન્નેને અભ્યાસદશામાં સ્વતઃ અને અનભ્યાસદશામાં પરતઃ માને છે. આ મન્તવ્ય પ્રમાણનયતત્ત્વાલોકના સૂત્રમાં જ સ્પષ્ટપણે નિર્દિષ્ટ છે. જો કે આચાર્ય હેમચન્દ્રે પ્રસ્તુત સૂત્રમાં પ્રામાણ્ય-અપ્રામાણ્ય બન્નેનો નિર્દેશ ન કરીને પરીક્ષામુખની જેમ કેવળ પ્રામાણ્યના સ્વતઃ-પરતઃનો જ નિર્દેશ કર્યો છે તેમ છતાં દેવસૂરિનું સૂત્ર પૂર્ણતઃ જૈન પરંપરાનું દ્યોતક છે. જુઓ **तत्प्रामाण्यं स्वतः परतश्चेति । પરીક્ષામુખ, ૧.૧૩. तदुभयमुत्पत्तौ परत एव ज्ञप्तौ तु स्वतः परतश्चेति । પ્રમાણનયતત્ત્વાલોક, ૧.૨૧.**

આ સ્વતઃ-પરતઃની ચર્ચા ક્રમશઃ એટલે સુધી વિકસી કે તેમાં ઉત્પત્તિ[2], જ્ઞપ્તિ અને પ્રવૃત્તિ ત્રણને લઈને સ્વતઃ-પરતઃનો વિચાર ઘણા વિસ્તારથી બધાં દર્શનોમાં આવી ગયો છે અને આ વિચાર પ્રત્યેક દર્શનની અનિવાર્ય ચર્ચાનો વિષય બની ગયો છે. અને એના ઉપર પરિષ્કારપૂર્ણ તત્ત્વચિન્તામણિ, ગાદાધરપ્રામાણ્યવાદ વગેરે જેવા જટિલ ગ્રંથોનું નિર્માણ થયું છે.

પૃ. ૭૪ **'अदृष्टार्थे तु'** — આગમના પ્રામાણ્યનો જ્યારે પ્રશ્ન આવે છે ત્યારે તેનું સમર્થન ખાસ ખાસ રીતે કરવામાં આવે છે. આગમનો જે ભાગ પરોક્ષાર્થક નથી તેના પ્રામાણ્યનું સમર્થન તો સંવાદ આદિ દ્વારા સુકર છે પરંતુ તેનો જે ભાગ પરોક્ષાર્થક, વિશેષ પરોક્ષાર્થક છે જેમાં ચર્મચક્ષુની પહોંચ નથી, તેના પ્રામાણ્યનું સમર્થન કેવી રીતે કરાય ? જો સમર્થન ન થઈ શકે તો તો બધાં આગમોનું પ્રામાણ્ય ડૂબવા લાગે. આ પ્રશ્નનો ઉત્તર બધા સાંપ્રદાયિક વિદ્વાનોએ આપ્યો છે અને પોતપોતાનાં આગમોનું પ્રામાણ્ય સ્થાપિત કર્યું છે. મીમાંસકે વેદોનું જ પ્રામાણ્ય સ્થાપિત કર્યું છે પરંતુ તે

---

૧. नहि बौद्धैरेषां चतुर्णामेकतमोऽपि पक्षोऽभीष्टोऽनियमपक्षस्येष्टत्वात् । तथाहि–उभयमप्येतत् किञ्चित् स्वतः किञ्चित् परतः इति पूर्वमुपवर्णितम् । अत एव पक्षचतुष्टयोपन्यासोऽप्ययुक्तः । पञ्चमस्याप्यनियमपक्षस्य संभवात् । તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૩૧૨૩.

૨. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૩૮ B – ૪૪ B

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અપૌરુષેયત્વ' યુક્તિથી, જ્યારે તે જ વેદોનું પ્રામાણ્ય ન્યાય-વૈશેષિકે અન્ય રીતે સ્થાપ્યું છે.

અક્ષપાદ વેદોનું પ્રામાણ્ય આપ્તપ્રામાણ્ય દ્વારા દર્શાવે છે અને તેના દૃષ્ટાન્તમાં તે કહે છે કે વેદનો એક અંશ મન્ત્ર-આયુર્વેદ આદિ યથાર્થ હોવાથી પ્રમાણ છે તેવી રીતે જ બાકીના અન્ય અંશો પણ સમાન આપ્તપ્રણીત હોવાથી પ્રમાણ છે — **मन्त्रायुर्वेदप्रामाण्याच्च तत्प्रामाण्यम् आप्तप्रामाण्यात् । — ન્યાયસૂત્ર, ૨.૧.૬૯.**

આચાર્ય હેમચન્દ્ર આગમપ્રામાણ્યના સમર્થનમાં અક્ષપાદની યુક્તિને જ અનુસર્યા છે પરંતુ તેમણે મન્ત્ર-આયુર્વેદને દૃષ્ટાન્ત બનાવવાને બદલે વિવિધકાર્યસાધક જ્યોતિષ-ગણિતશાસ્ત્રને જ દૃષ્ટાન્ત બનાવેલ છે. જૈન આચાર્યોનો મન્ત્ર-આયુર્વેદની અપેક્ષાએ જ્યોતિષશાસ્ત્ર તરફ વિશેષ ઝોક ઇતિહાસમાં જે દેખાય છે તેનો આચાર્ય હેમચન્દ્ર અપવાદ નથી.

આ ઝોક પ્રાચીન સમયમાં પણ કેવો હતો તેનો એક નમૂનો આપણને ધર્મકીર્તિના ગ્રંથમાં પણ મળે છે. ધર્મકીર્તિના પૂર્વકાલીન કે સમકાલીન જૈન આચાર્ય પોતાના પૂજ્ય તીર્થંકરોમાં સર્વજ્ઞત્વનું સમર્થન જ્યોતિષશાસ્ત્રના ઉપદેશકત્વહેતુથી કરતા હતા એ મતલબનો જૈન પક્ષ ધર્મકીર્તિએ જૈન પરંપરામાંથી લઈ તે પક્ષને ખંડિત યા દૂષિત કર્યો છે — अत्र वैधर्म्योदाहरणम् – यः सर्वज्ञः आप्तो वा स ज्योतिर्ज्ञानादिकमुपदिष्टवान् तद्यथा ऋषभवर्द्धमानादिरिति । — **ન્યાયબિન્દુ, ૩.૧૩૧.** આનો ઐતિહાસિક અંશ અનેક દૃષ્ટિએ જૈન પરંપરા અને ભારતીય દર્શનોની પરંપરા ઉપર પ્રકાશ પાડનારો છે.

પૃ. ૭૫ **'अर्थोपलब्धिहेतुः'** — આચાર્ય હેમચન્દ્રે પ્રમાણસામાન્યના લક્ષણનો વિચાર સમાપ્ત કરતાં દર્શનપ્રસિદ્ધ ખંડનપ્રણાલી અનુસાર કેવળ ન્યાય-બૌદ્ધ પરંપરાનાં ત્રણ જ લક્ષણવાક્યોનો નિરાસ કર્યો છે. પહેલા અને બીજામાં ન્યાયમંજરી અને ન્યાયસારનાં મંતવ્યોની સમીક્ષા છે. ત્રીજામાં ધર્મકીર્તિના મતની સમીક્ષા છે જેમાં શાન્તરક્ષિતના વિચારની સમીક્ષા પણ આવી જાય છે. તુલના – उपलब्धिहेतुश्च प्रमाणम् । **ન્યાયભાષ્ય, ૨.૧.૧૨. ચરકસંહિતા, પૃ. ૨૬૬**

પૃ. ૭૫ **'अथ कर्तृकर्मादि'** — તુલના — अपरे पुनराचक्षते – सामग्री नाम समुदितानि कारकाणि तेषां द्वैरूप्यमहृदयङ्गमम्, अथ च तानि पृथगवस्थितानि कर्मादिभावं भजन्ते । अथ च तान्येव समुदितानि

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

करणीभवन्तीति कोऽयं नयः । तस्मात् कर्तृकर्मव्यतिरिक्तमव्यभिचारादि-विशेषणकार्थप्रमाजनकं कारकं करणमुच्यते । तदेव च तृतीयया व्यपदिशन्ति । .... तस्मात् कर्तृकर्मविलक्षणा संशयविपर्ययरहितार्थबोध-विधायिनी बोधाबोधस्वभावा सामग्री प्रमाणमिति युक्तम् । — **ન્યાયમંજરી, પૃ. ૧૪-૧૫.**

પૃ. ૭૬ **'सांव्यवहारिक'** — તુલના — सांव्यवहारिकस्येदं प्रमाणस्य लक्षणम्, 'प्रमाणमविसंवादि ज्ञानम्' इति । **તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૨૯૮૧-૨૯૮૨.**

પૃ. ૭૬ **'उत्तरकालभाविनो'** — તુલના — ननु च यद्यविकल्पकं प्रत्यक्षं कथं तेन व्यवहारः, तथाहि इदं सुखसाधनम् इदं दुःखस्येति यदि निश्चिनोति तदा तयोः प्राप्तिपरिहाराय प्रवर्तते —

**अविकल्पमपि ज्ञानं विकल्पोत्पत्तिशक्तिमत् ।**
**निःशेषव्यवहाराङ्गं तद्द्वारेण भवत्यतः ॥**

तद्द्वारेणेति । विकल्पद्वारेणाविकल्पकमपि निश्चयहेतुत्वेन सकल-व्यवहाराङ्गं भवति । तथाहि प्रत्यक्षं कल्पनापोढमपि सजातीयविजातीय-व्यावृत्तमनलादिकमर्थं तदाकारनिर्भासोत्पत्तितः परिच्छिन्ददुत्पद्यते । तच्च नियतरूपव्यवस्थितवस्तुग्राहित्वाद् विजातीयव्यावृत्तवस्त्वाकारानुगत-त्वाच्च तत्रैव वस्तुनि विधिप्रतिषेधावाविर्भावयति — अनलोऽयं नासौ कुसुमस्तबकादिरिति । तयोश्च विकल्पयोः पारम्पर्येण वस्तुनि प्रतिबन्धाद् अविसंवादित्वेऽपि न प्रामाण्यमिष्टम् । दृश्यविकल्प्ययोरेकत्वाध्यवसायेन प्रवृत्तेरनधिगतवस्तुरूपाधिगमाभावात् । **તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૧૩૦૬**

અ.૧ આ.૧. સૂત્ર ૯-૧૦ પૃ. ૭૭-૭૯ જૈન પરંપરામાં જ્ઞાનચર્ચા બે રીતે ચાલી છે — પહેલી રીત આગમિકવિભાગાશ્રિત છે અને બીજી તાર્કિકવિભાગાશ્રિત છે. જેમાં મતિ, શ્રુત વગેરે રૂપે વિભાગ કરીને જે ચર્ચા કરવામાં આવી છે તે આગમિક-વિભાગાશ્રિત છે અને જેમાં પ્રત્યક્ષ આદિ રૂપે પ્રમાણોનો વિભાગ કરી જે ચર્ચા કરવામાં આવી છે તે તાર્કિકવિભાગાશ્રિત છે. પહેલા પ્રકારની ચર્ચાનું અમિશ્રિત ઉદાહરણ છે આવશ્યકનિર્યુક્તિ અને બીજા પ્રકારની ચર્ચાનું અમિશ્રિત ઉદાહરણ છે ન્યાયાવતાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન પરંપરામાં પ્રાચીન અને મૌલિક ચર્ચા તો આગમિકવિભાગાશ્રિત જ છે. તાર્કિકવિભાગાશ્રિત ચર્ચા જૈન પરંપરામાં ક્યારે અને કોણે સૌપ્રથમ દાખલ કરી, એ નિશ્ચિતપણે કહેવું અત્યારે સંભવ નથી. સ્થાનાંગ અને ભગવતી બન્ને ગણધરકૃત મનાતા અગીઆર અંગોમાં આવે છે અને પ્રાચીન પણ અવશ્ય છે. તે બન્નેમાં તાર્કિક વિભાગનો સ્પષ્ટ નિર્દેશ[1] હોવા છતાં એ માનવામાં કોઈ વિરોધ નથી દેખાતો કે સ્થાનાંગ-ભગવતીમાં તે તાર્કિક વિભાગ નિર્યુક્તિકાર ભદ્રબાહુની પછી જ ક્યારેક દાખલ થયો છે કારણ કે આવશ્યકનિર્યુક્તિ જે ભદ્રબાહુકૃત મનાય છે અને જેનો આરંભ જ જ્ઞાનચર્ચાથી થાય છે તેમાં આગમિક વિભાગ છે પરંતુ તાર્કિક વિભાગનું સૂચન સુદ્ધાં નથી. જણાય છે કે નિર્યુક્તિના સમય સુધી જૈન આચાર્ય જ્ઞાનચર્ચા કરતા તો હતા પરંતુ આગમિક વિભાગ દ્વારા જ, તેમ છતાં તેઓ દર્શનાન્તરપ્રતિષ્ઠિત પ્રમાણચર્ચાથી સાવ અજાણ ન હતા. એટલું જ નહિ પણ પ્રસંગ જોઈને તેઓ દર્શનાન્તરીય પ્રમાણશૈલીનો ઉપયોગ અને તેમાં સુધારો પણ કરી લેતા હતા. તેથી પેલા ભદ્રબાહુની કૃતિ મનાતી દશવૈકાલિકનિર્યુક્તિમાં આપણને પરાર્થાનુમાનની ચર્ચા મળે છે જે અવયવાંશમાં (ગાથા ૫૦) દર્શનાન્તરની પરાર્થાનુમાનશૈલીથી અનોખી છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

જણાય છે કે સૌથી પહેલાં આર્યરક્ષિતે, જે જન્મથી બ્રાહ્મણ હતા અને વૈદિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી જ જૈન સાધુ થયા હતા, પોતાના ગ્રન્થ **અનુયોગદ્વાર**માં (પૃ. ૨૧૧) પ્રત્યક્ષ, અનુમાન વગેરે ચાર પ્રમાણોના વિભાગને, જે ગૌતમદર્શનમાં (**ન્યાયસૂત્ર ૧.૧.૩**) પ્રસિદ્ધ છે તેને, દાખલ કર્યો. ઉમાસ્વાતિએ પોતાના તત્વાર્થસૂત્રમાં (૧.૧૦-૧૨) પ્રત્યક્ષ-પરોક્ષરૂપે જે પ્રમાણદ્વયવિભાગનો નિર્દેશ કર્યો છે તે ખુદ ઉમાસ્વાતિકર્તૃક છે કે કોઈ અન્ય આચાર્ય દ્વારા નિર્મિત થયો છે એ વિશે કંઈ પણ નિશ્ચિતપણે કહી શકાતું નથી. જણાય છે કે આગમની સંકલનાના સમયે પ્રમાણચતુષ્ટય અને પ્રમાણદ્વયવાળા બન્ને વિભાગો સ્થાનાંગ અને ભગવતીમાં દાખલ થઈ ગયા હતા. આગમોમાં બન્ને વિભાગો સંનિવિષ્ટ થઈ જવા છતાં પણ જૈન આચાર્યોની મુખ્ય વિચારદિશા પ્રમાણદ્વયવિભાગ તરફ જ રહી છે. તેનું કારણ સ્પષ્ટ છે અને તે એ કે પ્રમાણચતુષ્ટયવિભાગ મૂળે ન્યાયદર્શનનો જ છે, તેથી ઉમાસ્વાતિએ તેને

---

૧. दुविहे नाणे पण्णत्ते तं जहा – पच्चक्खे चेव परोक्खे चेव । **સ્થાનાંગ, ૨. પૃ. ૪૯ A.** अहवा हेऊ चउव्विहे पं. तं. पच्चक्खे, अणुमाणे, ओवम्मे, आगमे । **સ્થાનાંગ, ૪, પૃ. ૨૫૪ A.** से किं तं पमाणे ? । पमाणे चउव्विहे पण्णत्ते तं जहा — पच्चक्खे ... ... ... जहा अणुओगदारे तहा णेयव्वं । **ભગવતી, શતક ૫, ઉદ્દેશ ૩, ભાગ ૨, પૃ. ૨૧૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**'नयवादान्तरेण'** (**તત્ત્વાર્થભાષ્ય,** ૧.૬) કહ્યો છે જ્યારે પ્રમાણદ્વયવિભાગ જૈનાચાર્યોનો સ્વોપજ્ઞ છે. તેથી બધા જૈન તર્કગ્રન્થોમાં તે વિભાગને આધારે પ્રમાણચર્ચા અને જ્ઞાનચર્ચા કરવામાં આવી છે. આચાર્ય હેમચન્દ્રે પણ આ કારણે જ તે પ્રમાણદ્વયવિભાગને અપનાવ્યો છે.

ન્યાય-વૈશેષિક વગેરે તર્કપ્રધાન વૈદિક દર્શનોના પ્રભાવના કારણે બૌદ્ધ ભિક્ષુ તો પહેલેથી જ પોતાની પિટકોચિત મૂળ મર્યાદાની બહાર વાદભૂમિ અને તદુચિત તર્ક-પ્રમાણવાદની તરફ ઝૂકી ગયા હતા. ક્રમશઃ જૈન ભિક્ષુ પણ વૈદિક અને બૌદ્ધદર્શનના તર્કવાદની અસરથી મુક્ત ન રહી શક્યા, તેથી જૈન આચાર્યોએ જૈન પરંપરામાં જ્ઞાનવિભાગની ભૂમિકાની ઉપર પ્રમાણવિભાગની સ્થાપના કરી અને પ્રતિવાદી વિદ્વાનોની સાથે તે પ્રમાણવિભાગને લઈને ગોષ્ઠી યા ચર્ચા શરૂ કરી. આર્યરક્ષિતે પ્રત્યક્ષ-અનુમાન આદિ રૂપે ચતુર્વિધ પ્રમાણવિભાગ દર્શાવતી વખતે પ્રત્યક્ષના વર્ણનમાં (અનુયોગદ્વાર પૃ. ૨૧૧) ઇન્દ્રિયપ્રત્યક્ષરૂપ મતિજ્ઞાનનો અને આગમપ્રમાણના વર્ણનમાં શ્રુતજ્ઞાનનો સમાવેશ સ્પષ્ટપણે સૂચિત કરી જ દીધો હતો તેમ છતાં પણ આગમિક-તાર્કિક જૈન આચાર્યો સમક્ષ એક પ્રશ્ન બરાબર આવ્યા જ કરતો હતો કે અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ વગેરે દર્શનાન્તરપ્રસિદ્ધ પ્રમાણોને જૈનજ્ઞાનપ્રક્રિયા માને છે કે નહિ ? જો માને છે તો તેમનું સ્વતન્ત્ર નિરૂપણ યા તેમનો સમાવેશ તે જૈનજ્ઞાનપ્રક્રિયામાં સ્પષ્ટ કેમ પ્રાપ્ત થતાં નથી ? તેનો ઉત્તર જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, સૌપ્રથમ ઉમાસ્વાતિએ આપ્યો છે (**તત્ત્વાર્થભાષ્ય, ૧.૧૨**). તે ઉત્તર એ છે કે અનુમાન વગેરે દર્શનાન્તરીય બધાં પ્રમાણો મતિ, શ્રુત જેમને આપણે પરોક્ષ પ્રમાણ કહીએ છીએ તેમાં અન્તર્ભૂત છે. ઉમાસ્વાતિના આ ઉત્તરનું અક્ષરશઃ અનુસરણ પૂજ્યપાદે (**સર્વાર્થસિદ્ધિ, ૧.૧૨**) કર્યું છે. પરંતુ તેમાં કોઈ નવો વિચાર કે વિશેષ સ્પષ્ટતા તેમણે નથી કરી.

ચતુર્વિધ પ્રમાણવિભાગની અપેક્ષાએ દ્વિવિધ પ્રમાણવિભાગ જૈન પ્રક્રિયામાં વિશેષ પ્રતિષ્ઠા પામી ચૂક્યો હતો અને તે થયું પણ યોગ્ય. તેથી નન્દીસૂત્રમાં દ્વિવિધ પ્રમાણવિભાગને લઈને જ્ઞાનચર્ચા વિશેષ વિસ્તારથી થઈ છે. નન્દીકારે પોતાની જ્ઞાનચર્ચાની ભૂમિકા તો રચી દ્વિવિધ પ્રમાણવિભાગ ઉપર, તો પણ તેમણે આર્યરક્ષિતના ચતુર્વિધ પ્રમાણવિભાગાશ્રિત વર્ણનમાંથી મુખ્યપણે બે તત્ત્વો લઈને પોતાની ચર્ચા કરી છે. તેમાંથી પહેલું તત્ત્વ એ છે કે લોકો જે ઇન્દ્રિયજન્ય જ્ઞાનને પ્રત્યક્ષ સમજે છે અને કહે છે અને જેને જૈનેતર બધા તાર્કિકોએ પ્રત્યક્ષ પ્રમાણ જ માન્યું છે, તેને જૈન પ્રક્રિયામાં પણ પ્રત્યક્ષ પ્રમાણ કહીને પ્રત્યક્ષ પ્રમાણના બે ભેદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી નાખ્યા (નન્દીસૂત્ર, ૩) જે બેમાંથી એકમાં ઉમાસ્વાતિકથિત અવધિ વગેરે મુખ્ય પ્રત્યક્ષ રહ્યા અને બીજામાં ઇન્દ્રિયજન્ય જ્ઞાનો પણ પ્રત્યક્ષરૂપે રહ્યા. બીજું તત્ત્વ એ છે કે જેને દર્શનાન્તર આગમ પ્રમાણ કહે છે તે વસ્તુતઃ શ્રુતજ્ઞાન જ છે અને તે પરોક્ષ પ્રમાણમાં સમાવિષ્ટ છે.

જો કે આગમિક જ્ઞાનચર્ચા ચાલતી રહી તો પણ જૈન વિચારપ્રક્રિયામાં તાર્કિકતા જોર પકડવા લાગી. તેનું ફળ ન્યાયાવતાર છે. તેમાં દ્વિવિધ પ્રમાણવિભાગને લઈને તાર્કિક શૈલીથી જ્ઞાનનું નિરૂપણ છે. તેનો મુખ્ય ઉદ્દેશ જૈન પ્રક્રિયાનુસારી અનુમાનને અર્થાત્ ન્યાયને દર્શાવવાનો છે. આપણે જોઈએ છીએ કે ન્યાયાવતારમાં પરોક્ષપ્રમાણના ભેદોના વર્ણને જ મુખ્ય જગા રોકી છે, તો પણ તેમાં એ નથી કહેવામાં આવ્યું કે જૈન પ્રક્રિયા પરોક્ષપ્રમાણના અમુક અને આટલા જ ભેદો માને છે જેમ કે આગળ જઈને અન્ય આચાર્યોએ તે કર્યું છે. જિનભદ્ર ક્ષમાશ્રમણે પોતાના અતિ વિસ્તૃત ભાષ્યમાં દ્વિવિધ પ્રમાણવિભાગમાં આગમિક પંચ જ્ઞાનવિભાગનો તર્કપુરઃસર સમાવેશ દર્શાવ્યો છે અને આર્યરક્ષિતસ્થાપિત તથા નન્દીકાર દ્વારા સ્વીકૃત ઇન્દ્રિયજન્ય-નોઇન્દ્રિયજન્ય રૂપે દ્વિવિધ પ્રત્યક્ષના વર્ણનમાં આવનાર પેલા વિરોધનો સાંવ્યવહારિક અને પારમાર્થિક પ્રત્યક્ષ એવાં નામો આપીને સૌપ્રથમ પરિહાર કર્યો — **इंदियमणोभवं जं तं संववहारपच्चक्खं । વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૯૫** — જે વિરોધને પ્રતિવાદી તાર્કિક જૈન તાર્કિકો સમક્ષ ઉપસ્થિત કર્યા કરતા હતા. વિરોધ આ પ્રમાણે બતાવવામાં આવતો હતો કે જ્યારે જૈનદર્શન અક્ષાશ્રિત અર્થાત્ આત્માશ્રિત જ્ઞાનને જ પ્રત્યક્ષ કહે છે ત્યારે તેની પ્રક્રિયામાં ઇન્દ્રિયાશ્રિત જ્ઞાને પ્રત્યક્ષરૂપે સ્થાન પામવું વિરુદ્ધ છે. ક્ષમાશ્રમણજીએ આ બધું કર્યું તો પણ તેમણે એ ન દર્શાવ્યું કે જૈન પ્રક્રિયા પરોક્ષ પ્રમાણના આટલા ભેદો માને છે અને તે અમુક છે.

આમ અત્યાર સુધી જૈન પરંપરામાં આગમિક જ્ઞાનચર્ચાની સાથે સાથે જ, પરંતુ કંઈક પ્રધાનતાથી, પ્રમાણચર્ચા થઈ રહી હતી, તો પણ જૈન તાર્કિકોની સામે બીજા પ્રતિવાદીઓની તરફથી એ પ્રશ્ન વારંવાર ઉઠાવવામાં આવતો હતો કે જૈન પ્રક્રિયા જો અનુમાન, આગમ વગેરે દર્શનાન્તરપ્રસિદ્ધ પ્રમાણોને પરોક્ષપ્રમાણ રૂપે સ્વીકારે છે તો તેણે એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે તે પરોક્ષપ્રમાણના કેટલા ભેદ માને છે અને દરેક ભેદનું સુનિશ્ચિત લક્ષણ શું છે.

જ્યાં સુધી જોયું તપાસ્યું છે તેના આધારે નિઃસંદેહ કહી શકાય કે ઉક્ત પ્રશ્નનો ઉત્તર સૌપ્રથમ ભટ્ટારક અકલંકે આપ્યો છે. અને તે બહુ જ સ્પષ્ટ તથા સુનિશ્ચિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અકલંકે પોતાની લઘીયસ્ત્રયીમાં[1] દર્શાવ્યું છે કે પરોક્ષ પ્રમાણના અનુમાન, પ્રત્યભિજ્ઞાન, સ્મરણ, તર્ક અને આગમ એ પાંચ ભેદ છે. તેમણે આ ભેદોનાં લક્ષણો પણ સ્પષ્ટ બાંધી આપ્યાં છે. આપણે જોઈએ છીએ કે અકલંકના આ સ્પષ્ટીકરણે જૈન પ્રક્રિયામાં આગમિક અને તાર્કિક જ્ઞાનચર્ચામાં વારંવાર ઊભી થતી બધી સમસ્યાઓને ઉકેલી નાખી. તેનું ફળ એ આવ્યું કે અકલંકના ઉત્તરવર્તી દિગમ્બર-શ્વેતામ્બર બધા તાર્કિકો તે જ અકલંકદર્શિત પથ ઉપર જ ચાલવા લાગ્યા અને અકલંકના જ શબ્દોને એક યા બીજા રૂપે લઈને જ્યાં ત્યાં વિકસિત કરી પોતપોતાના લઘુ યા બૃહત્કાય ગ્રન્થોને તેઓ રચવા માંડ્યા. જૈન તાર્કિકમૂર્ધન્ય યશોવિજયજીએ પણ તે જ માર્ગનું અવલંબન લીધું. અહીં એક વાત જાણી લેવી જોઈએ કે જે અકલંકે પરોક્ષ પ્રમાણના ભેદો અને તેમનાં લક્ષણો દ્વારા દર્શનાન્તરપ્રસિદ્ધ અનુમાન, અર્થાપત્તિ, ઉપમાન આદિ બધાં પ્રમાણોનું જૈન પ્રક્રિયાનુસારી નિરૂપણ કર્યું છે તે જ અકલંક રાજવાર્તિકકાર[2] પણ છે; પરંતુ તેમણે પોતાના વાર્તિકમાં દર્શનાન્તરપ્રસિદ્ધ પેલાં પ્રમાણોનો સમાવેશ લઘીયસ્ત્રયી અનુસાર નહિ પણ તત્ત્વાર્થભાષ્ય અને સર્વાર્થસિદ્ધિ અનુસાર કર્યો છે એ વાત કહેવી જોઈએ. તેમ છતાં ઉક્ત તત્ત્વાર્થભાષ્ય અને સર્વાર્થસિદ્ધિની અપેક્ષાએ અકલંકે પોતાનો સમાવેશપ્રકાર કંઈક જુદો જ દર્શાવ્યો છે (**રાજવાર્તિક, પૃ. ૫૪**). અકલંકે પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ કરતી વખતે એ ધ્યાનમાં અવશ્ય રાખ્યું છે કે જેનાથી ઉમાસ્વાતિ વગેરે પૂર્વાચાર્યોનો સમન્વય વિરુદ્ધ ન થઈ જાય અને આગમ તથા નિર્યુક્તિ વગેરેમાં મતિજ્ઞાનના પર્યાયરૂપે પ્રસિદ્ધ સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા, અભિનિબોધ આ શબ્દોની સાર્થકતા પણ સિદ્ધ થઈ જાય. આ જ કારણ છે કે અકલંકનો આ પરોક્ષ પ્રમાણના પાંચ પ્રકાર તથા તેમનાં લક્ષણોના કથનનો પ્રયત્ન આજ સુધી પણ સકલ જૈન તાર્કિકોને માન્ય રહ્યો છે. આચાર્ય હેમચન્દ્ર પણ પોતાની મીમાંસામાં પરોક્ષ પ્રમાણના તે જ ભેદોને સ્વીકારીને નિરૂપણ કરે છે.

પૃ. ૭૮ **'वैशेषिकाः'** — પ્રશસ્તપાદે શાબ્દ-ઉપમાન આદિ પ્રમાણોને અનુમાનમાં જ સમાવિષ્ટ કર્યાં છે.તેથી ઉત્તરકાલીન તાર્કિકોએ[3] વૈશેષિકમતરૂપે પ્રત્યક્ષ-અનુમાન બે જ પ્રમાણોનો નિર્દેશ કર્યો છે.ખુદ કણાદનો પણ **'एतेन शाब्दं व्याख्यातम्'** (**વૈશેષિક સૂત્ર, ૯.૨.૩**) આ સૂત્ર દ્વારા તે જ અભિપ્રાય છે જે

---

૧. ज्ञानमाद्यं मतिस्संज्ञा चिन्ता चाभिनिबोधनम् । प्राङ्नामयोजनाच्छेषं श्रुतं शब्दानुयोजनात् । **લઘીયસ્ત્રયી, ૩.૧., સ્વવિવૃતિ, ૩.૧.**

૨. सूरिणा अकलङ्केन वार्तिककारेण । **સિદ્ધિવિનિશ્ચયટીકા, પૃ. ૨૫૪ B.**

૩. शब्दोपमानयोर्नैव पृथक् प्रामाण्यमिष्यते । **મુક્તાવલી, કારિકા ૧૪૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશસ્તપાદ, શંકરમિશ્ર વગેરેએ કાઢ્યો છે. વિદ્યાનન્દ વગેરે જૈનાચાર્યોએ પણ વૈશેષિકસમ્મત પ્રમાણદ્વિત્વનો જ નિર્દેશ (**પ્રમાણપરીક્ષા, પૃ. ૬૬**) કર્યો છે, ત્યારે પ્રશ્ન થાય છે કે આચાર્ય હેમચન્દ્ર વૈશેષિકમતે પ્રમાણત્રયનું કથન કેમ કરે છે? આનો ઉત્તર એ જણાય છે કે વૈશેષિકસમ્મત પ્રમાણત્રિત્વની પરંપરા પણ રહી છે જેને આચાર્ય હેમચન્દ્રે લીધી અને પ્રમાણદ્વિત્વવાળી પરંપરાનો નિર્દેશ ન કર્યો. સિદ્ધર્ષિકૃત ન્યાયાવતારવૃત્તિમાં (પૃ. ૯) આપણને આ પ્રમાણત્રિત્વવાળી વૈશેષિક પરંપરાનો નિર્દેશ મળે છે. વાદિદેવે તો પોતાના **સ્યાદ્વાદરત્નાકર**માં (પૃ. ૩૧૩, ૧૦૪૧) વૈશેષિકસમ્મતરૂપે દ્વિત્વ અને ત્રિત્વ બન્ને પ્રમાણસંખ્યાનો નિર્દેશ કર્યો છે.

પૃ. ૭૮ '**साङ्ख्याः**' — તુલના — **સાંખ્યકારિકા, ૪.**

પૃ. ૭૮ '**नैयायिकाः**' — તુલના — **ન્યાયસૂત્ર, ૧.૧.૩.**

પૃ. ૭૮ '**प्राभाकराः**' — તુલના — तत्र पञ्चविधं मानम् .... इति गुरोर्मतम् । **પ્રકરણપંચિકા, પૃ. ૪૪**

પૃ. ૭૮ '**भाट्टाः**' — તુલના — अतः षडेव प्रमाणानि । **શાસ્ત્રદીપિકા, પૃ. ૨૪૬.**

પૃ. ૭૮ '**अश्नुते**' — પ્રત્યક્ષ શબ્દની વ્યુત્પત્તિમાં 'અક્ષ' પદનો 'ઇન્દ્રિય' અર્થ માનવાની પરંપરા બધાં વૈદિક દર્શનોમાં તથા બૌદ્ધ દર્શનમાં એકસરખી છે. તેમાં કોઈ દર્શને 'અક્ષ' શબ્દનો આત્મા અર્થ માનીને વ્યુત્પત્તિ નથી કરી. તેથી વૈદિક-બૌદ્ધ દર્શનો અનુસાર ઇન્દ્રિયાશ્રિત જ્ઞાન જ પ્રત્યક્ષરૂપે ફલિત થાય છે. અને તદનુસાર તેમને ઇન્દ્રિયાશ્રિત પ્રત્યક્ષ ન મનાતા ઈશ્વરીય જ્ઞાન આદિમાં પ્રત્યક્ષનો પ્રયોગ ઉપચરિત જ માનવો પડે છે.

જૈન પરંપરામાં[1] 'અક્ષ' શબ્દનો 'આત્મા' અર્થ માનીને વ્યુત્પત્તિ કરવામાં આવી છે. તદનુસાર તેમાં ઇન્દ્રિયનિરપેક્ષ કેવળ આત્માશ્રિત મનાતા જ્ઞાનોને જ પ્રત્યક્ષ પદનો મુખ્ય અર્થ માન્યો છે અને ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનને વસ્તુતઃ પરોક્ષ જ માન્યું છે. તેમાં

---

૧. अक्ष्णोति व्याप्नोति जानातीत्यक्ष आत्मा, तमेव प्राप्तक्षयोपशमं प्रक्षीणावरणं वा प्रतिनियतं वा प्रत्यक्षम् । **સર્વાર્થસિદ્ધિ, ૧.૧૨.** जीवो अक्खो अत्थव्वावणभोयणगुणण्णिओ जेण । तं पई वट्टइ नाणं जं पच्चक्खं तयं तिविहं । **વિશેષાવશ્યકભાષ્ય**, ગાથા ૮૯. तथा च भगवान् भद्रबाहुः —.जीवो अक्खो तं पई जं वट्टइ तं तु होइ पच्चक्खं । परओ पुण अक्खस्स वट्टन्तं होइ पारोक्खं ॥ **ન્યાયાવતારટીકાટિપ્પણ, પૃ. ૧૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અક્ષ' પદનો ઇન્દ્રિય અર્થ લઈને પણ પ્રત્યક્ષની વ્યુત્પત્તિ કરવામાં આવી છે પરંતુ તે તો અન્યદર્શનપ્રસિદ્ધ પરંપરા તથા લોકવ્યવહારનો સંગ્રહ કરવાની દૃષ્ટિએ કર્યું છે. તેથી જ જૈન પરંપરા અનુસાર ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનમાં પ્રત્યક્ષ પદનો પ્રયોગ મુખ્ય નથી પણ ગૌણ છે.

ઇન્દ્રિયસાપેક્ષ જ્ઞાનને મુખ્ય પ્રત્યક્ષ માનનાર હો કે આત્મમાત્રસાપેક્ષ જ્ઞાનને મુખ્ય પ્રત્યક્ષ માનનાર હો પરંતુ તે બધા જ પ્રત્યક્ષને સાક્ષાત્કારાત્મક જ માને છે અને કહે છે.

પૃ. ૭૮ **'अक्षं प्रतिगतम्'** — તુલના — अक्षस्याक्षस्य प्रतिविषयं वृत्तिः प्रत्यक्षम् । — **ન્યાયભાષ્ય, ૧.૧.૩.** प्रत्यक्षमिति । प्रतिगत-माश्रितमक्षम् । **ન્યાયબિન્દુટીકા ૧.૩.**

પૃ. ૭૯ **'चकारः'** — તુલના — चकारः प्रत्यक्षानुमानयोस्तुल्यबलत्वं समुच्चिनोति । **ન્યાયબિન્દુટીકા, ૧.૩. ન્યાયવતારસિદ્ધર્ષિટીકા, પૃ. ૧૬**

પૃ. ૭૯ **'ज्येष्ठतेति'** — પ્રમાણોમાં જ્યેષ્ઠત્વ-અજ્યેષ્ઠત્વ બાબતે ત્રણ પરંપરાઓ છે. ન્યાય અને સાંખ્ય પરંપરામાં પ્રત્યક્ષનું જ્યેષ્ઠત્વ અને અનુમાન આદિનું તેની અપેક્ષાએ અજ્યેષ્ઠત્વ સ્થાપવામાં આવ્યું છે.[1] પૂર્વ-ઉત્તરમીમાંસામાં[2] અપૌરુષેય આગમવાદ હોવાથી પ્રત્યક્ષની અપેક્ષાએ પણ આગમનું જ્યેષ્ઠત્વ સ્વીકારવામાં આવ્યું છે. બૌદ્ધ પરંપરામાં[3] પ્રત્યક્ષ-અનુમાન બન્નેનું સમબલત્વ દર્શાવવામાં આવ્યું છે.

જૈન પરંપરામાં બે પક્ષ જણાય છે. અકલંક અને તેમના અનુગામી વિદ્યાનન્દે પ્રત્યક્ષનું જ જ્યેષ્ઠત્વ ન્યાયપરંપરાની જેમ માન્યું છે અને સ્થાપ્યું છે,[4] જ્યારે બધા શ્વેતામ્બર આચાર્યોએ[5] પ્રત્યક્ષ-પરોક્ષ બન્નેનું સમબલત્વ બૌદ્ધ પરંપરાની જેમ સ્વીકાર્યું છે.

---

૧. आदौ प्रत्यक्षग्रहणं प्राधान्यात् ... ... तत्र किं शब्दस्यादावुपदेशो भवतु आहोस्वित् प्रत्यक्षस्येति ?। प्रत्यक्षस्येति युक्तम् । किं कारणम् ? । सर्वप्रमाणानां प्रत्यक्षपूर्वकत्वात् इति । **ન્યાયવાર્તિક, ૧.૧.૩. સાંખ્યતત્ત્વકૌમુદી, કારિકા ૫. ન્યાયમંજરી, પૃ. ૬૫, ૧૦૯.**

૨. न च ज्येष्ठप्रमाणप्रत्यक्षविरोधादाम्नायस्यैव तदपेक्षस्याप्रामाण्यमुपचरितार्थत्वं चेति युक्तम् । तस्यापौरुषेयतया निरस्तसमस्तदोषाशङ्कस्य, बोधकतया स्वतःसिद्धप्रमाणभावस्य स्वकार्ये प्रमितावनपेक्षत्वात् । **ભામતી, પૃ. ૬.**

૩. अर्थसंवादकत्वे च समाने जयेष्ठताऽस्य का ? । तदभावे तु नैव स्यात् प्रमाणमनुमादिकम् ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૪૬૦. ન્યાયબિન્દુટીકા, ૧.૩.**

૪. **અષ્ટશતી-અષ્ટસહસ્રી, પૃ. ૮૦**

૫. **ન્યાયાવતારસિદ્ધર્ષિટીકા, પૃ. ૧૬. સ્યાદ્વાદરત્નાકર. પૃ. ૨૬૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૭૯ '**व्यवस्था**' — આ સૂત્રમાં ચાર્વાક આગળ પ્રમાણાન્તરની સિદ્ધિ કરતાં આચાર્ય હેમચન્દ્રે ત્રણ યુક્તિઓનો પ્રયોગ કર્યો છે જે ધર્મકીર્તિના નામથી ઉદ્ધૃત કારિકામાં સ્પષ્ટ છે. આ કારિકા ધર્મકીર્તિના ઉત્તરવર્તી બધા બૌદ્ધ, વૈદિક અને જૈન ગ્રંથોમાં મળે છે.[1]

વૃત્તિમાં ત્રણે યુક્તિઓનું જે વિવેચન છે તે સિદ્ધર્ષિની ન્યાયાવતારવૃત્તિ સાથે શબ્દશઃ મળતું છે. પરંતુ તાત્પર્યટીકા અને સાંખ્યતત્ત્વકૌમુદીના વિવેચન સાથે તેનું શબ્દસાદૃશ્ય હોવા છતાં પણ અર્થસાદૃશ્ય જ મુખ્ય છે.

स हि काश्चित् प्रत्यक्षव्यक्तीरर्थक्रियासमर्थार्थप्रापकत्वेनाव्यभिचारिणीरुपलभ्यान्यास्तद्विपरीततया व्यभिचारिणीश्च, ततः कालान्तरे पुनरपि तादृशेतराणां प्रत्यक्षव्यक्तीनां प्रमाणतेतरते समाचक्षीत । **ન્યાયાવતાર-સિદ્ધર્ષિટીકા, પૃ. ૧૮.**

दृष्टप्रामाण्याप्रामाण्यविज्ञानव्यक्तिसाधर्म्येण हि कासांचिद्व्यक्तीनां प्रामाण्यमप्रामाण्यं वा विदधीत । दृष्टसाधर्म्यं चानुमानमेवेति कथं तेनैव तस्याप्रामाण्यम् । अपि चानुमानमप्रमाणमिति वाक्यप्रयोगोऽज्ञं विप्रतिपन्नं सन्दिग्धं वा पुरुषं प्रत्यर्थवान्, न च परपुरुषवर्तिनो देहधर्मा अपि संदेहाज्ञानविपर्यासा गौरत्वादिवत् प्रत्यक्षा वीक्ष्यन्ते, न च तद्वचनात् प्रतीयन्ते, वचनस्यापि प्रत्यक्षादन्यस्याप्रामाण्योपगमात् । पुरुषविशेषमनधिकृत्य तु वचनमनर्थकं प्रयुञ्जानो नायं लौकिको न परीक्षक इत्युन्मत्तवदनवधेयवचनः स्यात् । **તાત્પર્યટીકા, ૧.૧.૫**

नानुमानं प्रमाणमिति वदता लौकायतिकेनाऽप्रतिपन्नः सन्दिग्धो विपर्यस्तो वा पुरुषः कथं प्रतिपद्येत ? । न च पुरुषान्तरगता अज्ञानसन्देहविपर्ययाः शक्या अर्वाग्दृशा प्रत्यक्षेण प्रतिपत्तुम् । नापि मानान्तरेण, अनभ्युपगमात् । अनवधृताज्ञानसंशयविपर्यासस्तु यं कञ्चित् पुरुषं प्रति प्रवर्तमानोऽनवधेयवचनतया प्रेक्षावद्भिरुन्मत्तवदुपेक्ष्येत । तदनेनाज्ञानादयः परपुरुषवर्तिनोऽभिप्रायभेदाद् वचनभेदाद् वा लिङ्गादनुमातव्याः, इत्यका-

૧. કન્દલી, પૃ. ૨૫૫. પ્રમાણપરીક્ષા, પૃ. ૬૪. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૪૬, સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૨૬૧. ન્યાયસારતાત્પર્યદીપિકા, પૃ. ૮૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मेनाप्यनुमानं प्रमाणमभ्युपेयम् । **સાંખ્યતત્ત્વકૌમુદી, કારિકા ૫.**

પૃ. ૮૨ **'अर्थस्याऽसंभवे'** — તુલના — **તત્ત્વસંગ્રહપંજિકા, પૃ. ૭૭૫. વિધિવિવેકન્યાયકણિકા, પૃ. ૧૬૩. સિદ્ધિવિનિશ્ચયટીકા લિખિત પૃ. ૧૫૫ A. અષ્ટસહસ્રી, પૃ. ૧૧૫. સન્મતિટીકા, પૃ. ૧૭, ૭૩, ૫૫૫. ન્યાયવિનિશ્ચયટીકા લિખિત, પૃ. ૯ A.**

પૃ. ૮૪ **'भावाभावा'** — અભાવપ્રમાણના પૃથક્ અસ્તિત્વનો વાદ બહુ પુરાણો જણાય છે કારણ કે ન્યાયસૂત્ર[1] અને તેની પછીના બધા દાર્શનિક ગ્રંથોમાં તો તેનું ખંડન મળે જ છે પરંતુ અધિક પ્રાચીન મનાતા કણાદસૂત્રમાં પણ પ્રશસ્તપાદની વ્યાખ્યા અનુસાર[2] તેના ખંડનનું સૂચન છે.

વિચાર કરવાથી જણાય છે કે આ પૃથક્ અભાવપ્રમાણવાદ મૂળમાં મીમાંસક પરંપરાનો જ હોવો જોઈએ.[3] બીજી બધી દાર્શનિક પરંપરાઓ તે વાદની વિરુદ્ધ છે. કદાચ આ વિરોધની અસર મીમાંસક પરંપરાને પણ થઈ અને પરિણામે પ્રભાકર એ વાદ સાથે સમ્મત ન રહ્યા.[4] એવી સ્થિતિમાં પણ કુમારિલે તે વાદનું સમર્થન કરવામાં બહુ જોર લગાવ્યું અને બધા તત્કાલીન વિરોધીઓનો સામનો કર્યો.[5]

પ્રસ્તુત સૂત્રના વિવેચનનું **ન્યાયાવતારટીકા** (પૃ. ૨૧) સાથે ઘણું બધું શબ્દસામ્ય છે.

અ.૧. આ.૧. સૂત્ર ૧૩-૧૪. પૃ. ૮૭-૮૯. પ્રત્યક્ષના સ્વરૂપ અંગે સામાન્યતઃ ત્રણ પરંપરા છે. બૌદ્ધ પરંપરા[6] નિર્વિકલ્પકને જ પ્રત્યક્ષ માને છે. ન્યાય-વૈશેષિક[7]

---

૧. **ન્યાયસૂત્ર, ૨.૨.૨.**

૨. अभावोऽपि अनुमानमेव यथोत्पन्नं कार्यं कारणसद्भावे लिङ्गम् एवमनुत्पन्नं कार्यं कारणासद्भावे लिङ्गम् । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૨૫. વૈશેષિકસૂત્ર, ૯.૨.૫.**

૩. **શાબરભાષ્ય, ૧.૧.૫.**

૪. अस्ति चेयं प्रसिद्धिर्मीमांसकानां षष्ठं किलेदं प्रमाणमिति... केयं तर्हि प्रसिद्धिः ? प्रसिद्धिर्वटयक्षप्रसिद्धिवत् । **બૃહતી, પૃ. ૧૨૦.** "यदि तावत् केचिन्मीमांसकाः प्रमाणान्यत्वं मन्यन्ते ततश्च वयं किं कुर्मः ।" **બૃહતીપંચિકા, પૃ. ૧૨૩. પ્રકરણપંચિકા, પૃ. ૧૧૮-૧૨૫**

૫. "अभावो वा प्रमाणेन स्वानुरूपेण मीयते । प्रमेयत्वाद्यथा भावस्तस्माद्भावात्मकात्पृथक् ॥ **શ્લોકવાર્તિક, અભાવ શ્લોક ૫૫.**

૬. "प्रत्यक्षं कल्पनापोढं नामजात्याद्यसंयुतम् । **પ્રમાણસમુચ્ચય, ૧.૩. ન્યાયપ્રવેશ, પૃ.૭. ન્યાયબિન્દુ, ૧.૪.**

૭. "इह द्वयी प्रत्यक्षजातिः अविकल्पिका सविकल्पिका चेति । तत्र उभयी इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यभिचारीति लक्षणेन संगृहीतापि स्वशब्देन उपात्ता तत्र विप्रतिपत्तेः । तत्र अविकल्पिकायाः पदम् अव्यपदेश्यमिति सविकल्पिकायाश्च व्यवसायात्मकमिति । **તાત્પર્યટીકા, પૃ. ૧૨૫, પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૧૮૬-૧૮૮.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ વૈદિક પરંપરાઓ નિર્વિકલ્પક-સવિકલ્પક બન્નેને પ્રત્યક્ષ માને છે. જૈન[1] તાર્કિક પરંપરા સાંખ્ય-યોગ[2] દર્શનની જેમ પ્રત્યક્ષપ્રમાણ તરીકે સવિકલ્પકને જ સ્વીકારે છે. આચાર્ય હેમચન્દ્ર આ જૈન પરંપરા અનુસાર નિર્વિકલ્પકને અનધ્યવસાય કહીને પ્રમાણસામાન્યની કોટિમાંથી બહાર રાખે છે.

જો કે પ્રત્યક્ષના લક્ષણમાં વિશદ યા સ્ફુટ શબ્દનો પ્રયોગ કરનારા જૈન તાર્કિકોમાં સૌપ્રથમ અકલંક જ જણાય છે તેમ છતાં આ શબ્દનું મૂળ બૌદ્ધ તર્કગ્રન્થોમાં છે કારણ કે અકલંકના પૂર્વવર્તી ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ તાર્કિકોએ[3] તેનો પ્રયોગ પ્રત્યક્ષસ્વરૂપનિરૂપણમાં કર્યો છે. અકલંક પછી તો જૈન પરંપરામાં પણ તેનો પ્રયોગ રૂઢ થઈ ગયો. વૈશદ્ય કે સ્પષ્ટત્વનું નિર્વચન ત્રણ રીતે થયેલું મળે છે. અકલંકના — अनुमानाद्यतिरेकेण विशेषप्रतिभासनम् (**લઘીયસ્ત્રયી ૧.૪**) - નિર્વચનને દેવસૂરિ અને યશોવિજયજી અનુસરે છે. જૈનતર્કવાર્તિકમાં (પૃ. ૯૫) '**इदन्तया**' અથવા '**विशेषवत्त्या**' પ્રતિભાસવાળા, એવા એક નિર્વચનનું સૂચન છે. માણિક્યનન્દીએ (**પરીક્ષામુખ, ૨.૪**) '**प्रतीत्यन्तराव्यवधान**' અને '**विशेषप्रतिभास**' બન્ને રીતે વૈશદ્યનું નિર્વચન કર્યું છે, જેને હેમચન્દ્રે અપનાવ્યું છે.

પૃ. ૮૭ '**प्रत्यक्षं धर्मि**' — તુલના — विशदज्ञानात्मकं प्रत्यक्षं प्रत्यक्षत्वात्.... धर्मिणो हेतुत्वेऽनन्वयप्रसङ्ग इति चेत्, न, विशेषं धर्मिणं कृत्वा सामान्यं हेतुं ब्रुवतां दोषाऽसंभवात् । **પ્રમાણપરીક્ષા, પૃ. ६७. પ્રમેયરત્નમાલા, ૨.૩.**

અ.૧. આ.૧. સૂત્ર ૧૫-૧૭, પૃ. ૮૯-૧૦૪. લોક અને શાસ્ત્રમાં સર્વજ્ઞ શબ્દનો ઉપયોગ, યોગસિદ્ધ વિશિષ્ટ અતીન્દ્રિય જ્ઞાનના સંભવમાં વિદ્વાનો અને સાધારણ લોકોની શ્રદ્ધા, જુદા જુદા દાર્શનિકો દ્વારા પોતપોતાનાં મન્તવ્ય અનુસાર ભિન્ન ભિન્ન પ્રકારના વિશિષ્ટ જ્ઞાનરૂપ અર્થમાં સર્વજ્ઞ જેવાં પદોને લાગુ પાડવાનો પ્રયત્ન અને સર્વજ્ઞ તરીકે મનાતી કોઈ વ્યક્તિ દ્વારા જ મુખ્યપણે ઉપદેશવામાં આવેલ ધર્મ યા સિદ્ધાન્તની અનુયાયીઓમાં વાસ્તવિક પ્રતિષ્ઠા — આટલી વાતો ભગવાન

---

૧. **પ્રમેયકમલમાર્તંડ, ૧.૩. સ્યાદ્વાદરત્નાકર, ૧.૭.**

૨. **સાંખ્યતત્ત્વકૌમુદી, કારિકા ૫. યોગભાષ્ય, ૧.૭.**

૩. न विकल्पानुबद्धस्य स्पष्टार्थप्रतिभासिता । **પ્રમાણવાર્તિક, ૩.૨૮૩.** प्रत्यक्षं कल्पनापोढं वेद्यतेऽतिपरिस्फुटम् । **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૨૩૪.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીર અને બુદ્ધની પહેલાં પણ હતી — એનાં પ્રમાણો મોજૂદ છે. ભગવાન મહાવીર અને બુદ્ધના સમયથી શરૂ કરી આજ સુધીના લગભગ અઢી હજાર વર્ષના ભારતીય સાહિત્યમાં તો સર્વજ્ઞત્વના અસ્તિ-નાસ્તિ પક્ષોની, તેનાં વિવિધ સ્વરૂપ તથા સમર્થક અને વિરોધી યુક્તિવાદોની, ક્રમશઃ વિકસિત સૂક્ષ્મ અને સૂક્ષ્મતર સ્પષ્ટ અને મનોરંજક ચર્ચાઓ મળે છે.

સર્વજ્ઞત્વના નાસ્તિપક્ષકાર મુખ્ય ત્રણ છે — ચાર્વાક, અજ્ઞાનવાદી અને પૂર્વમીમાંસક. તેના અસ્તિપક્ષકાર તો અનેક દર્શન છે, જેમાં ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, વેદાન્ત, બૌદ્ધ અને જૈન દર્શન મુખ્ય છે.

ચાર્વાક ઇન્દ્રિયગમ્ય ભૌતિક લોકમાત્રને માને છે, તેથી તેના મતમાં અતીન્દ્રિય આત્મા તથા તેની શક્તિરૂપ સર્વજ્ઞત્વ વગેરેને માટે કોઈ સ્થાન નથી. અજ્ઞાનવાદીનો અભિપ્રાય આધુનિક વૈજ્ઞાનિકોની જેમ એવો જણાય છે કે જ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાનની પણ એક અન્તિમ સીમા હોય છે. જ્ઞાન કેટલુંય ઉચ્ચ કક્ષાનું કેમ ન હોય પરંતુ તે ત્રૈકાલિક બધા સ્થૂલ-સૂક્ષ્મ ભાવોને પૂર્ણતઃ જાણવા સ્વભાવથી જ અસમર્થ છે. અર્થાત્ છેવટે કંઈ ને કંઈ અજ્ઞેય રહી જ જાય છે, કારણ કે જ્ઞાનની શક્તિ જ સ્વભાવથી પરિમિત છે. વેદવાદી પૂર્વમીમાંસક આત્મા, પુનર્જન્મ, પરલોક વગેરે અતીન્દ્રિય પદાર્થ માને છે. કોઈ પ્રકારનું અતીન્દ્રયજ્ઞાન હોય તો તેમાં પણ તેને કોઈ વાંધો નથી તેમ છતાં તે અપૌરુષેયવેદવાદી હોવાના કારણે વેદના અપૌરુષેયત્વમાં બાધક એવા કોઈ પણ પ્રકારના અતીન્દ્રિય જ્ઞાનને માની શકતો નથી. આ એકમાત્ર આશયથી મીમાંસકે[1] વેદનિરપેક્ષ સાક્ષાત્ ધર્મજ્ઞ યા સર્વજ્ઞના અસ્તિત્વનો વિરોધ કર્યો છે. વેદ દ્વારા ધર્માધર્મ યા સર્વ પદાર્થને જાણનારનો નિષેધ નથી કર્યો.

બૌદ્ધ અને જૈન દર્શનસમ્મત સાક્ષાત્ ધર્મજ્ઞવાદ યા સાક્ષાત્ સર્વજ્ઞવાદ દ્વારા વેદના અપૌરુષેયત્વનો કેવળ નિરાસ જ અભિપ્રેત નથી પરંતુ તેના દ્વારા વેદોનું અપ્રામાણ્ય દર્શાવી વેદભિન્ન આગમોનું પ્રામાણ્ય સ્થાપવું એ પણ અભિપ્રેત છે. આની વિરુદ્ધ

---

૧. "चोदना हि भूतं भवन्तं भविष्यन्तं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टमित्येवंजातीयकमर्थं शक्नोत्यवगमयितुम्, नान्यत् किञ्चनेन्द्रियम् । શાબરભાષ્ય, ૧.૧.૨ "नानेन वचनेनेह सर्वज्ञत्वनिराक्रिया । वचनादृत इत्येवमपवादो हि संश्रितः ॥ यदि षड्भिः प्रमाणैः स्यात् सर्वज्ञः केन वार्यते । एकेन तु प्रमाणेन सर्वज्ञो येन कल्प्यते ॥ नूनं स चक्षुषा सर्वान् रसादीन् प्रतिपद्यते । શ્લોકવાર્તિક, ચોદના શ્લોક. ૧૧૦-૨. "धर्मज्ञत्वनिषेधश्च केवलोऽत्रोपयुज्यते । सर्वमन्यद्विजानंस्तु पुरुषः केन वार्यते ॥ તત્ત્વસંગ્રહ, કારિકા ૩૧૨૮. આ શ્લોકને તત્ત્વસંગ્રહમાં કુમારિલનો કહ્યો છે. પૃ. ૮૪૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે ન્યાય-વૈશેષિક વગેરે વૈદિક દર્શનો સર્વજ્ઞવાદી છે તેમનું તાત્પર્ય સર્વજ્ઞવાદ દ્વારા વેદના અપૌરુષેયત્વવાદનો નિરાસ કરવાનું તો અવશ્ય છે જ, પરંતુ સાથે સાથે જ સર્વજ્ઞવાદ દ્વારા જ વેદનું પૌરુષેયત્વ દર્શાવી તેનું પ્રામાણ્ય સ્થાપવાનું પણ છે.

ન્યાય-વૈશેષિક દર્શન ઈશ્વરવાદી છે. તે ઈશ્વરના જ્ઞાનને નિત્ય[1]—ઉત્પાદ-વિનાશરહિત— અને પૂર્ણ અર્થાત્ ત્રૈકાલિક સૂક્ષ્મ-સ્થૂલ સમગ્રભાવોને યુગપત્ જાણનારું માનીને તે દ્વારા તેને સર્વજ્ઞ માને છે. ઈશ્વરભિન્ન આત્માઓમાં તે સર્વજ્ઞત્વ માને છે ખરું, પરંતુ બધા આત્માઓમાં નહિ પરંતુ યોગી આત્માઓમાં. યોગીઓમાં પણ બધા યોગીઓને સર્વજ્ઞ નથી માનતું પરંતુ જેમણે યોગ દ્વારા એવું સામર્થ્ય પ્રાપ્ત કર્યું હોય સિર્ફ તેમને જ[2] સર્વજ્ઞ માને છે. ન્યાય-વૈશેષિક મત અનુસાર એ નિયમ નથી કે બધા યોગીઓને એવું સામર્થ્ય અવશ્ય પ્રાપ્ત થાય જ. આ મતમાં જેમ મોક્ષ પામવા માટે સર્વજ્ઞત્વપ્રાપ્તિ અનિવાર્ય શરત નથી તેમ એ પણ સિદ્ધાન્ત[3] છે કે મોક્ષપ્રાપ્તિ પછી સર્વજ્ઞ યોગીઓના આત્મામાં પણ પૂર્ણ જ્ઞાન ટકી રહેતું નથી કારણ કે તે જ્ઞાન ઈશ્વરજ્ઞાનની જેમ નિત્ય નથી પરંતુ યોગજન્ય હોવાથી અનિત્ય છે.

સાંખ્ય, યોગ[4] અને વેદાન્ત દર્શનસમ્મત સર્વજ્ઞત્વનું સ્વરૂપ તેવું જ છે જેવું ન્યાય-વૈશેષિકસમ્મત સર્વજ્ઞત્વનું સ્વરૂપ છે. જો કે યોગદર્શન ન્યાય-વૈશેષિકની જેમ ઈશ્વરમાં માને છે તેમ છતાં તે ન્યાય-વૈશેષિકની જેમ ચેતન આત્મામાં સર્વજ્ઞત્વનું સમર્થન ન કરી શકવાને કારણે વિશિષ્ટ બુદ્ધિતત્ત્વમાં[5] જ ઈશ્વરીય સર્વજ્ઞત્વનું સમર્થન કરી શકે

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

---

૧. न च बुद्धीच्छाप्रयत्नानां नित्यत्वे कश्चिद्विरोधः । दृष्टा हि गुणानामाश्रयभेदेन द्वयी गतिः नित्यता अनित्यता च तथा बुद्ध्यादीनामपि भविष्यतीति । કન્દલી, પૃ. ૬૦. एतादृशानुमितौ लाघवज्ञानसहकारेण ज्ञानेच्छाकृतिषु नित्यत्वमेकत्वं च भासते इति नित्यैकत्वसिद्धिः । દિનકરી, પૃ. ૨૯.

૨. अस्मद्विशिष्टानां तु योगिनां युक्तानां योगजधर्मानुगृहीतेन मनसा स्वात्मान्तराकाशदिक्कालपरमाणु-वायुमनस्सु तत्समवेतगुणकर्मसामान्यविशेषेषु समवाये चावितथं स्वरूपदर्शनमुत्पद्यते । वियुक्तानां पुनश्चतुष्टयसन्निकर्षाद्योगजधर्मानुग्रहसामर्थ्यात् सूक्ष्मव्यवहितविप्रकृष्टेषु प्रत्यक्षमुत्पद्यते । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૧૮૭. વૈશેષિકસૂત્ર, ૯.૧.૧૧-૧૩.**

૩. तदेवं धिषणादीनां नवानामपि मूलतः । गुणानामात्मनो ध्वंसः सोऽपवर्गः प्रकीर्तितः ॥ **ન્યાયમંજરી, પૃ. ૫૦૮**

૪. तारकं सर्वविषयं सर्वथा विषयमक्रमं च विवेकजं ज्ञानम् । **યોગસૂત્ર, ૩.૫૪.**

૫. निर्धूतरजस्तमोमलस्य बुद्धिसत्त्वस्य परे वैशारद्ये परस्यां वशीकारसंज्ञायां वर्तमानस्य सत्त्वपुरुषान्यताख्यातिमात्ररूपप्रतिष्ठस्य... ... सर्वज्ञातृत्वम्, सर्वात्मनां गुणानां शान्तोदिता-व्यपदेश्यधर्मत्वेन व्यवस्थितानामक्रमोपारूढं विवेकजं ज्ञानमित्यर्थः । **યોગભાષ્ય, ૩. ૪૯.**

છે. સાંખ્ય, યોગ અને વેદાન્તમાં પણ બૌદ્ધિક સર્વજ્ઞત્વની પ્રાપ્તિ મોક્ષપ્રાપ્તિ માટે અનિવાર્ય[1] વસ્તુ નથી, જ્યારે જૈન દર્શનમાં તે અનિવાર્ય છે. સાંખ્ય, યોગ, વેદાન્તના મતે ન્યાય-વૈશેષિક દર્શનની જેમ તે એક યોગવિભૂતિ માત્ર હોવાથી કોઈ કોઈ સાધકને હોય છે અને તેની પ્રાપ્તિ વિના પણ સાધક મોક્ષ પામી શકે છે.

સર્વજ્ઞવાદ સાથે સંબંધ ધરાવનાર હજારો વર્ષના ભારતીય દર્શનશાસ્ત્રને તપાસવા છતાં પણ એ સ્પષ્ટપણે જાણવા મળતું નથી કે કયું અમુક દર્શન જ સર્વજ્ઞવાદનું પ્રસ્થાપક છે. એ પણ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે કે સર્વજ્ઞત્વની ચર્ચા શુદ્ધ તત્ત્વચિંતનમાંથી ફલિત થઈ છે કે સાંપ્રદાયિકભાવથી ચાલેલા ધાર્મિક ખંડન-મંડનમાંથી ફલિત થઈ છે. એ પણ સપ્રમાણ દર્શાવવું સંભવ નથી કે ઈશ્વર, બ્રહ્મા આદિ દિવ્ય આત્માઓમાં મનાતા સર્વજ્ઞત્વના વિચાર દ્વારા માનુષિક સર્વજ્ઞત્વનો વિચાર પ્રસ્તુત થયો, કે બુદ્ધ-મહાવીર સદૃશ મનુષ્યમાં મનાતા સર્વજ્ઞત્વના વિચાર-આંદોલન વડે ઈશ્વર, બ્રહ્મા વગેરેમાં સર્વજ્ઞત્વનું સમર્થન થવા લાગ્યું, કે પછી દેવ-મનુષ્ય ઉભયમાં સર્વજ્ઞત્વ માનવાનો વિચારપ્રવાહ પરસ્પર નિરપેક્ષપણે પ્રચલિત થયો. આ બધું હોવા છતાં પણ સામાન્યપણે એટલું તો જરૂર કહી શકાય કે આ ચર્ચા ધર્મસંપ્રદાયોના ખંડનમંડનમાંથી ફલિત થઈ છે અને પછીથી તેણે તત્ત્વજ્ઞાનનું રૂપ ધારણ કરીને તાત્ત્વિક ચિંતનમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું. અને તે તટસ્થ તત્ત્વચિન્તકોનો વિચારણીય વિષય બની ગઈ, કારણ કે મીમાંસક જેવા પુરાતન અને પ્રબળ વૈદિક દર્શનના સર્વજ્ઞત્વ સંબંધી અસ્વીકાર અને બાકી બધાં વૈદિક દર્શનોના સર્વજ્ઞત્વ સંબંધી સ્વીકારનો એક માત્ર મુખ્ય ઉદ્દેશ એ જ છે કે વેદનું પ્રામાણ્ય સ્થાપિત કરવું જ્યારે જૈન, બૌદ્ધ આદિ મનુષ્યસર્વજ્ઞત્વવાદી દર્શનોનો એક એ જ ઉદ્દેશ છે કે પરંપરાથી મનાતા વેદપ્રામાણ્યના સ્થાને ઇતર શાસ્ત્રોનું પ્રામાણ્ય સ્થાપિત કરવું અને વેદનું અપ્રામાણ્ય સ્થાપિત કરવું. જ્યારે વેદનું પ્રામાણ્ય-અપ્રામાણ્ય જ અસર્વજ્ઞવાદ, દેવસર્વજ્ઞવાદ અને મનુષ્યસર્વજ્ઞવાદની ચર્ચા અને તેની દલીલોનો એક માત્ર મુખ્ય વિષય છે ત્યારે ધર્મસંપ્રદાયને આ તત્ત્વચર્ચાનું ઉત્થાનબીજ માનવામાં સન્દેહને ઓછામાં ઓછો અવકાશ છે.

મીમાંસકધુરીણ કુમારિલે ધર્મજ્ઞ અને સર્વજ્ઞ બન્ને વાદોનું નિરાકરણ ખૂબ આવેશ અને યુક્તિવાદથી કર્યું છે (**મીમાંસાશ્લોકવાર્તિક, સૂત્ર ૨ શ્લોક ૧૧૦-૧૪૩**). તેવી જ રીતે બૌદ્ધપ્રવર શાન્તરક્ષિતે તેનો જવાબ ઉક્ત બન્ને વાદોના સમર્થન દ્વારા ખૂબ ગંભીરતા અને સ્પષ્ટતાથી આપ્યો છે (**તત્ત્વસંગ્રહ, પૃ. ૮૪૬થી**). તેથી અહીં એક

---

૧. *પ્રાપ્તવિવેકજજ્ઞાનસ્ય અપ્રાપ્તવિવેકજજ્ઞાનસ્ય વા સત્ત્વપુરુષયોઃ શુદ્ધિસામ્યે કૈવલ્યમ્ ઇતિ ।* **યોગસૂત્ર, ૩.૫૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઐતિહાસિક પ્રશ્ન ખડો થાય છે કે શું ધર્મજ્ઞ અને સર્વજ્ઞ બન્ને વાદ અલગ અલગ સંપ્રદાયોમાં પોતપોતાના યુક્તિબલ પર સ્થિર થયા હશે, કે પછી કોઈ એક વાદમાંથી બીજાનો જન્મ થયો હશે. અત્યાર સુધીના ચિન્તન દ્વારા એવું જણાય છે કે ધર્મજ્ઞ અને સર્વજ્ઞ બન્ને વાદોની પરંપરા મૂળમાં અલગ અલગ જ છે. બૌદ્ધ સંપ્રદાય ધર્મજ્ઞવાદની પરંપરાનો અવલંબી ખાસ રહ્યો હશે કારણ કે ખુદ બુદ્ધે (**મજ્ઝિમનિકાય, ચૂલમાલુંક્યપુત્તસુત્ત ૨.૧**) પોતાને સર્વજ્ઞ એ અર્થમાં કહ્યા છે જે અર્થમાં ધર્મજ્ઞ યા માર્ગજ્ઞ શબ્દનો પ્રયોગ થાય છે. બુદ્ધને માટે ધર્મશાસ્તા, ધર્મદેશક આદિ વિશેષણ પિટકગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. ધર્મકીર્તિએ[1] બુદ્ધમાં સર્વજ્ઞત્વને અનુપયોગી દર્શાવીને કેવળ ધર્મજ્ઞત્વ જ સ્થાપિત કર્યું છે, જ્યારે શાન્તરક્ષિતે પ્રથમ ધર્મજ્ઞત્વ સિદ્ધ કરીને ગૌણરૂપે સર્વજ્ઞત્વનો પણ સ્વીકાર[2] કર્યો છે.

સર્વજ્ઞવાદની પરંપરાનો અવલંબી મુખ્યપણે જૈન સંપ્રદાય જ જણાય છે કારણ કે જૈન આચાર્યોએ પહેલેથી જ તીર્થંકરોમાં સર્વજ્ઞત્વને માન્યું છે અને સ્થાપિત[3] કર્યું છે. એવું સંભવે છે કે જ્યારે જૈનો દ્વારા પ્રબળપણે સર્વજ્ઞત્વની સ્થાપના અને પ્રતિષ્ઠા થવા લાગી ત્યારે બૌદ્ધો માટે બુદ્ધમાં સર્વજ્ઞત્વનું સમર્થન કરવું અનિવાર્ય અને આવશ્યક થઈ પડ્યું. આ જ કારણ છે કે બૌદ્ધ તાર્કિક ગ્રન્થોમાં ધર્મજ્ઞવાદસમર્થન પછી સર્વજ્ઞવાદનું સમર્થન આવતું હોવા છતાં તેમાં તે જોર અને એકતાનતા નથી[4] જે જૈન તાર્કિક ગ્રન્થોમાં છે.

---

૧. हेयोपादेयतत्त्वस्य साभ्युपायस्य वेदकः । यः प्रमाणमसाविष्टो न तु सर्वस्य वेदकः ॥ दूरं पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ॥ **પ્રમાણવાર્તિક, ૨. ૩૨-૩૩**

૨. स्वर्गापवर्गसम्प्राप्तिहेतुज्ञोऽस्तीति गम्यते । साक्षान्न केवलं किन्तु सर्वज्ञोऽपि प्रतीयते ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા, ૩૩૦૯.** मुख्यं हि तावत् स्वर्गमोक्षसम्प्रापकहेतुज्ञत्वसाधनं भगवतोऽस्माभिः क्रियते । यत्पुनः अशेषार्थपरिज्ञातृत्वसाधनमस्य तत् प्रासङ्गिकमन्यत्रापि भगवतो ज्ञानप्रवृत्तेः बाधकप्रमाणाभावात् साक्षादशेषार्थपरिज्ञानात् सर्वज्ञो भवन् न केनचिद् बाध्यते इति, अतो न प्रेक्षावतां तत्प्रतिक्षेपो युक्तः । **તત્ત્વસંગ્રહપંજિકા, પૃ. ૮૬૩.**

૩. से भगव अरहं जिणे केवली सव्वन्नू सव्वभावदरिसी सदेवमणुयासुरस्स लोगस्स पज्जाए जाणइ, तं० आगइं गइं ठिइं चयणं उववायं भुत्तं पीयं कडं पडिसेवियं आविकम्मं रहोकम्मं लवियं कहियं मणोमाणसियं सव्वलोए सव्वजीवाणं सव्वभावाइं जाणमाणे पासमाणे एवं च णं विहरइ । **આચારાંગ શ્રુતસ્કંધ ૨, ચૂ. ૩. પૃ. ૪૨૫ A.** तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च । **આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૧૨૭, ભગવતી, શતક ૯, ઉદ્દેશ ૩૨.** सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा । अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञसंस्थितिः ॥ **આપ્તમીમાંસા, કારિકા ૫:**

૪. यैः स्वेच्छासर्वज्ञो वर्ण्यते तन्मतेनाप्यसौ न विरुध्यते इत्यादर्शयन्नाह-यद्यदित्यादि—यद्यदिच्छति बोद्धुं वा तत्तद्वेत्ति नियोगतः । शक्तिरेवंविधा तस्य प्रहीणावरणो ह्यसौ ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૬૨૮, મિલિન્દપણ્હો, ૩.૬.૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મીમાંસકનું (**શ્લોકવાર્તિક, સૂત્ર ૨ શ્લોક ૧૧૦-૧૪૩. તત્ત્વસંગ્રહ, કારિકા ૩૧૨૪-૩૨૪૬ પૂર્વપક્ષ**) માનવું છે કે યાગાદિનું પ્રતિપાદન કરવું અને તે દ્વારા ધર્માધર્માદિનું, કોઈ પુરુષવિશેષની અપેક્ષા રાખ્યા વિના, સ્વતન્ત્ર વિધાન કરવું એ જ વેદનું કાર્ય છે. આ સિદ્ધાન્તને સ્થિર રાખવા માટે કુમારિલે કહ્યું છે કે કોઈ ભલે ને ધર્માધર્મને છોડીને બાકી બધી વસ્તુને સાક્ષાત્ જાણી શકે પરંતુ ધર્માધર્મને વેદનિરપેક્ષ બનીને કોઈ સાક્ષાત્ જાણી શકતો નથી[1], પછી ભલે ને તે જાણનાર બુદ્ધ, જિન આદિ જેવો મનુષ્ય યોગી હોય, કે બ્રહ્મા, વિષ્ણુ આદિ જેવો દેવ હોય, કે પછી કપિલ, પ્રજાપતિ આદિ જેવો ઋષિ યા અવતારી હોય. કુમારિલનું કહેવું છે કે સર્વત્ર સર્વદા ધર્મમર્યાદા એકસરખી છે, જે સદા સર્વત્ર એકરૂપ વેદ દ્વારા વિહિત માનતાં જ સંગત બની શકે છે. બુદ્ધ વગેરે વ્યક્તિઓને ધર્મના સાક્ષાત્ પ્રતિપાદક માનતાં તેવી મર્યાદા સિદ્ધ થઈ શકતી નથી કારણ કે બુદ્ધ આદિ ઉપદેશક ક્યારેક, અર્થાત્ નિર્વાણ પ્રાપ્ત કર્યા પછી, નથી પણ રહેતા. જીવિતદશામાં પણ તે બધાં ક્ષેત્રોમાં પહોંચી શકતા નથી. બધા ધર્મોપદેશકોની એકવાક્યતા પણ સંભવતી નથી. આમ કુમારિલ સાક્ષાત્ ધર્મજ્ઞત્વનો નિષેધ[2] કરીને પછી સર્વજ્ઞત્વનો પણ બધા બુદ્ધ વગેરે ઉપદેશકોમાં નિષેધ કરે છે. તે પુરાણોક્ત બ્રહ્મા વગેરે દેવોના સર્વજ્ઞત્વનો અર્થ પણ, જેવો ઉપનિષદોમાં દેખાય છે તેવો, કેવળ આત્મજ્ઞાન[3] પરક કરે છે. બુદ્ધ, મહાવીર વગેરેના વિશે કુમારિલનું એ કથન[4] પણ છે કે તેઓ વેદજ્ઞ બ્રાહ્મણજાતિને ધર્મોપદેશ ન કરવાના અને વેદવિહીન

JAINSITE

---

૧. नहि अतीन्द्रियार्थे वचनमन्तरेण अवगतिः सम्भवति, तदिदमुक्तम्—अशक्यं हि तत् पुरुषेण ज्ञातुमृते वचनात् । **શાબરભાષ્ય, ૧.૧.૨. શ્લોકવાર્તિકન્યાયરત્નાકર ટીકા, પૃ. ૭૯**

૨. कुड्यादिनिःसृतत्वाच्च नाश्वासो देशनासु नः । किन्नु बुद्धप्रणीताः स्युः किमु कैश्चिद् दुरात्मभिः । अदृश्यैः विप्रलम्भार्थं पिशाचादिभिरीरिताः । एवं यैः केवलं ज्ञानमिन्द्रियाद्यनपेक्षिणः । सूक्ष्मातीतादिविषयं जीवस्य परिकल्पितम् ॥ **શ્લોકવાર્તિક, સૂત્ર ૨, શ્લોક ૧૩૯-૪૧.** यत्तु वेदवादिभिरेव कैश्चिदुक्तम्—नित्य एवाऽयं वेदः प्रजापतेः प्रथममार्षज्ञानेनावबुद्धो भवतीति तदपि सर्वज्ञवदेव निराकार्यमित्याह – नित्येति । **શ્લોકવાર્તિકન્યાયરત્નાકર ટીકા, સૂત્ર ૨. ૧૪૩.** अथापि वेददेहत्वात् ब्रह्मविष्णुमहेश्वराः । सर्वज्ञानमयाद्वेदात्सार्वज्ञ्यं मानुषस्य किम् ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૨૦૮, ૩૨૧૩-૧૪.**

૩. ज्ञानं वैराग्यमैश्वर्यमिति योऽपि दशाव्ययः । शङ्करः श्रूयते सोऽपि ज्ञानवानात्मवित्तया ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૨૦૯.**

૪. शाक्यादिवचनानि तु कतिपयदमदानादिवचनवर्जं सर्वाण्येव समस्तचतुर्दशविद्यास्थानविरुद्धानि त्रयीमार्गव्युत्थितविरुद्धाचरणैश्च बुद्धादिभिः प्रणीतानि । त्रयीबाह्येभ्यश्चतुर्थवर्णनिरवसितप्रायेभ्यो व्यामूढेभ्यः समर्पितानीति न वेदमूलत्वेन संभाव्यन्ते । **તન્ત્રવાર્તિક, પૃ. ૧૧૬. તત્ત્વસંગ્રહ, કારિકા, ૩૨૨૬-૨૭**

મૂર્ખ શૂદ્ર વગેરેને ધર્મોપદેશ કરવાના કારણે વેદાભ્યાસી પણ ન હતા અને વેદ દ્વારા ધર્મજ્ઞ પણ ન હતા. બુદ્ધ, મહાવીર વગેરેમાં સર્વજ્ઞત્વનિષેધની એક પ્રબળ યુક્તિ કુમારિલે એ આપી છે[1] કે પરસ્પરવિરુદ્ધભાષી બુદ્ધ, મહાવીર, કપિલ આદિમાંથી કોને સર્વજ્ઞ માનવા અને કોને ન માનવા ? તેથી તેમાંથી કોઈ સર્વજ્ઞ નથી. જો તેઓ સર્વજ્ઞ હોત તો તે બધા વેદવત્ અવિરુદ્ધભાષી હોત, ઇત્યાદિ.

શાન્તરક્ષિતે કુમારિલ તથા અન્ય સામટ, યજ્ઞટ વગેરે મીમાંસકોની દલીલોનું ખૂબ સૂક્ષ્મતાથી સવિસ્તર ખંડન (**તત્ત્વસંગ્રહ, કારિકા ૩૨૬૩થી**) કરતાં કહ્યું છે કે — વેદ સ્વયં ભ્રાન્ત અને હિંસા આદિ દોષયુક્ત હોવાથી ધર્મવિધાયક હોઈ શકે જ નહિ. તો પછી તેનો આશ્રય લઈને ઉપદેશ દેવામાં શું વિશેષતા છે ? બુદ્ધે[2] પોતે જ સ્વાનુભવથી અનુકંપાપ્રેરિત થઈને અભ્યુદયનિઃશ્રેયસ્‌સાધક ધર્મ બતાવ્યો છે. મૂર્ખ, શૂદ્ર વગેરેને ઉપદેશ આપીને તો તેમણે પોતાની કરુણાવૃત્તિ દ્વારા ધાર્મિકતા જ પ્રકટ કરી છે. તે મીમાંસકોને[3] પૂછે છે કે જેમને તમે બ્રાહ્મણ કહો છો તેમની બ્રાહ્મણતાનું નિશ્ચિત પ્રમાણ શું છે ? અતીતકાળ ઘણો લાંબો છે, સ્ત્રીઓનું મન પણ ચંચળ છે, આ દશામાં કોણ કહી શકે કે બ્રાહ્મણ કહેવાતા સંતાનોના માતા-પિતા શુદ્ધ બ્રાહ્મણ જ હતા અને ક્યારેય કોઈ વિજાતીયતાનું મિશ્રણ થયું જ ન હતું. શાન્તરક્ષિતે[4] એ પણ કહી દીધું કે સાચા બ્રાહ્મણ અને શ્રમણ બુદ્ધશાસનને છોડી બીજા કોઈ ધર્મમાં નથી (કારિકા ૩૫૮૯-૯૨). અન્તમાં શાન્તરક્ષિતે પહેલાં સામાન્યરૂપે સર્વજ્ઞત્વનો સંભવ સિદ્ધ કર્યો છે, પછી સર્વજ્ઞત્વનો મહાવીર, કપિલ વગેરેમાં અસંભવ દર્શાવી

---

૧. सर्वज्ञेषु च भूयःसु विरुद्धार्थोपदेशिषु । तुल्यहेतुषु सर्वेषु को नामैकोऽवधार्यताम् ॥ सुगतो यदि सर्वज्ञः कपिलो नेति का प्रमा । अथोभावपि सर्वज्ञौ मतभेदः तयोः कथम् ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૧૪૮-૪૯.**

૨. करुणापरतन्त्रास्तु स्पष्टतत्त्वनिदर्शिनः । सर्वापवादनिःशङ्काश्चक्रुः सर्वत्र देशनाम् ॥ यथा यथा च मौर्ख्यादिदोषदुष्टो भवेज्जनः । तथा तथैव नाथानां दया तेषु प्रवर्तते ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૫૭૧-૭૨.**

૩. अतीतश्च महान् कालो योषितां चातिचापलम् । तद्भवत्यपि निश्चेतुं ब्राह्मणत्वं न शक्यते ॥ अतीन्द्रियपदार्थज्ञो नहि कश्चित् समस्ति वः । तदन्वयविशुद्धिं च नित्यो वेदोपि नोक्तवान् ॥ **તત્ત્વસંગ્રહ, ૩૫૭૯-૮૦.**

૪. ये च वाहितपापत्वात् ब्राह्मणाः पारमार्थिकाः । अभ्यस्तामलनैरात्म्यास्ते मुनेरेव शासने ॥ इहैव श्रमणस्तेन चतुर्धा परिकीर्त्यते । शून्याः परप्रवादा हि श्रमणैर्ब्राह्मणैस्तथा ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૫૮૯-૯૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળ બુદ્ધમાં જ તેને સિદ્ધ કર્યું છે. આ વિચારસરણીમાં શાન્તરક્ષિતની મુખ્ય યુક્તિ[1] એ છે કે ચિત્ત પોતે જ પ્રભાસ્વર છે અને તેથી જ સ્વભાવથી પ્રજ્ઞાશીલ છે. ક્લેશાવરણ, જ્ઞેયાવરણ આદિ મલ આગન્તુક છે. નૈરાત્મ્યદર્શન જે એક માત્ર સત્યજ્ઞાન છે, તેના દ્વારા આવરણોનો ક્ષય થઈ જાય છે અને ભાવનાબળથી છેવટે સ્થાયી સર્વજ્ઞતાનો લાભ થાય છે. ઐકાન્તિક[2] ક્ષણિકત્વજ્ઞાન, નૈરાત્મ્યદર્શન વગેરેનો અનેકાન્તોપદેશી ઋષભ, વર્ધમાન વગેરેમાં તથા આત્મોપદેશક કપિલ વગેરેમાં સંભવ નથી, તેથી જ તેમનામાં આવરણક્ષય દ્વારા સર્વજ્ઞત્વનો પણ સંભવ નથી. આમ સામાન્ય સર્વજ્ઞત્વની સિદ્ધિ દ્વારા અન્તે અન્ય તીર્થંકરોમાં સર્વજ્ઞત્વનો અસંભવ દર્શાવી કેવળ સુગતમાં જ તેનું અસ્તિત્વ સિદ્ધ કર્યું છે અને સુગતના શાસ્ત્રને ગ્રાહ્ય દર્શાવ્યું છે.

શાન્તરક્ષિતની જેમ પ્રત્યેક સાંખ્ય યા જૈન આચાર્યનો પણ એ જ પ્રયત્ન રહ્યો છે કે સર્વજ્ઞત્વનો સંભવ અવશ્ય છે પરંતુ તે બધા પોતપોતાના તીર્થંકરોમાં જ સર્વજ્ઞત્વ સ્થાપિત કરે છે અને અન્ય તીર્થંકરોમાં તેનો નિતાન્ત અસંભવ દર્શાવે છે.

જૈન આચાર્યોની પણ એ જ દલીલ રહી છે કે અનેકાન્ત સિદ્ધાન્ત જ સત્ય છે. તેના યથાવત્ દર્શન અને આચરણ દ્વારા જ સર્વજ્ઞત્વ લભ્ય છે. અનેકાન્તનો સાક્ષાત્કાર અને ઉપદેશ સંપૂર્ણપણે ઋષભ, વર્ધમાન વગેરેએ જ કર્યો છે, તેથી તેઓ જ સર્વજ્ઞ છે અને તેમણે ઉપદેશેલાં શાસ્ત્રો જ નિર્દોષ તેમજ ગ્રાહ્ય છે. સિદ્ધસેન હો કે સમન્તભદ્ર, અકલંક હો કે હેમચન્દ્ર બધા જૈનાચાર્યોએ સર્વજ્ઞસિદ્ધિના પ્રસંગમાં તેવા જ યુક્તિવાદનું અવલંબન લીધું છે જેવા યુક્તિવાદનું અવલંબન બૌદ્ધ, સાંખ્ય વગેરે આચાર્યોએ લીધું છે, ફરક માત્ર એટલો જ છે કે કોઈએ[3] નૈરાત્મ્યદર્શનને તો

---

૧. प्रत्यक्षीकृतनैरात्म्ये न दोषो लभते स्थितिम् । तद्विरुद्धतया दीप्ते प्रदीपे तिमिरं यथा ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૩૩૮.** एवं क्लेशावरणप्रहाणं प्रसाध्य ज्ञेयावरणप्रहाणं प्रतिपादयन्नाह—साक्षात्कृतिविशेषादिति—साक्षात्कृतिविशेषाच्च दोषो नास्ति सवासनः । सर्वज्ञत्वमतः सिद्धं सर्वावरणमुक्तितः ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૩૩૯.** प्रभास्वरमिदं चित्तं तत्त्वदर्शनसात्मकम् । प्रकृत्यैव स्थितं यस्मात् मलास्त्वागन्तवो मताः । **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૦૩૫. પ્રમાણવાર્તિક, ૩.૨૦૮.**

૨. इदं च वर्द्धमानादेर्नैरात्म्यज्ञानमादृशम् । न समस्त्यात्मदृष्टौ हि विनष्टाः सर्वतीर्थिकाः ॥ स्याद्वादाक्षणिकस्या(त्वा)दिप्रत्यक्षादिप्रबो(बा)धितम् । बह्वेवायुक्तमुक्तं यैः स्युः सर्वज्ञाः कथं नु ते ॥ **તત્ત્વસંગ્રહ, ૩૩૨૫-૨૬.**

૩. अद्वितीयं शिवद्वारं कुदृष्टीनां भयंकरम् ।
विनेयेभ्यो हितायोक्तं नैरात्म्यं तेन तु स्फुटम् ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૩૩૨૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈએ[1] પુરુષ-પ્રકૃતિ આદિ તત્ત્વોના સાક્ષાત્કારને, કોઈએ[2] દ્રવ્ય-ગુણાદિ છ પદાર્થના તત્ત્વજ્ઞાનને તો કોઈએ[3] કેવળ આત્મજ્ઞાનને યથાર્થ કહી તેના દ્વારા પોતપોતાના મુખ્ય પ્રવર્તક તીર્થંકરમાં જ સર્વજ્ઞત્વ સિદ્ધ કર્યું છે જ્યારે જૈનાચાર્યોએ[4] અનેકાન્તવાદની યથાર્થતા દેખાડી તેના દ્વારા ભગવાન ઋષભ, વર્ધમાન આદિમાં જ સર્વજ્ઞત્વ સ્થાપ્યું છે. જે હો તે, આટલો સાંપ્રદાયિક ભેદ હોવા છતાં પણ બધાં સર્વજ્ઞવાદી દર્શનોનો, સમ્યગ્જ્ઞાન દ્વારા મિથ્યાજ્ઞાનનો તેમજ તજ્જન્ય કલેશોનો નાશ અને તે નાશ દ્વારા જ્ઞાનાવરણના સર્વથા નાશની શક્યતા આદિ તાત્ત્વિક વિચારમાં કોઈ મતભેદ નથી.

પૃ. ૮૯ '**दीर्घकाल**' — તુલના — स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः । **યોગસૂત્ર, ૧.૧૪.**

પૃ. ૮૯ '**एकत्ववितर्क**' — તુલના — पृथक्त्वैकत्त्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवृत्तीनि । अविचारं द्वितीयम् । **તત્ત્વાર્થસૂત્ર, ૯.૪૧,૪૪.** वितर्कविचारानन्दाऽस्मितारूपानुगमात् संप्रज्ञातः । तत्र शब्दार्थज्ञानविकल्पैः संकीर्णा सवितर्का समापत्तिः । निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः । **યોગસૂત્ર ૧.૧૭, ૪૨, ૪૭, ૪૮.** सो खो अहं ब्राह्मण विविच्चेव कामेहि विविच्च अकुसलेहि धम्मेहि सवितक्कं सविचारं विवेकजं पीतिसुखं पढमज्झानं उपसंपज्ज विहासिं, वितक्कविचारानं वूपसमा अज्झत्तं संपसादनं चेतसो एकोदिभावं अवितक्कं अविचारं समाधिजं पीतिसुखं दुतियज्झानं उपसंपज्ज विहासिं । **મજ્ઝિમનિકાય, ૧.૧.૪.**

---

૧. एवं तत्त्वाभ्यासान्नास्मि न मे नाहमित्यपरिशेषम् ॥
अविपर्ययाद्विशुद्धं केवलमुत्पद्यते ज्ञानम् ॥ **સાંખ્યકારિકા, ૬૪**

૨. धर्मविशेषप्रसूतात् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्त्वज्ञानान्निःश्रेयसम् । **વૈશેષિકસૂત્ર, ૧.૧.૪.**

૩. आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेन इदं सर्वं विदितम् । **બૃહદારણ્યકોપનિષદ્, ૨.૪.૫.**

૪. त्वन्मतामृतबाह्यानां सर्वथैकान्तवादिनाम् ।
आप्ताभिमानदग्धानां स्वेष्टं दृष्टेन बाध्यते ॥ **આપ્તમીમાંસા, કારિકા ૭. અયોગવ્યવચ્છેદિકા, કારિકા ૨૮.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૯૦ **'न खलु कश्चिदहमस्मि'** — તુલના — न हि जातु कश्चिदत्र संदिग्धे अहं वा नाहं वेति, न च विपर्यस्यति नाहमेवेति । **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય, પૃ. ૨. ચિત્સુખી, પૃ.૨૨. ખંડનખંડખાદ્ય, પૃ. ૪૮.**

પૃ. ૯૦ **'बोद्धृत्वात्'** — તુલના —

**प्रभास्वरमिदं चित्तं तत्त्वदर्शनसात्मकम् ।**

**प्रकृत्यैव स्थितं यस्मान् मलास्त्वागन्तवो मताः ॥ તત્ત્વસંગ્રહ,કારિકા ૩૪૩૫**

પૃ. ૯૧ **'अथ प्रकाश'** — પુનર્જન્મ અને મોક્ષ માનનારા બધા દાર્શનિકો દેહાદિ જડથી ભિન્ન આત્મતત્ત્વને માને છે — ભલે ને તે કોઈના મતે વ્યાપક હોય કે કોઈના મતે અવ્યાપક, કોઈ તેને એક માને કે કોઈ અનેક, કોઈનું મન્તવ્ય ક્ષણિકત્વવિષયક હોય કે કોઈનું નિત્યત્વવિષયક, પરંતુ બધાને પુનર્જન્મનું કારણ અજ્ઞાન આદિ કંઈ ને કંઈ માનવું પડે છે. તેથી જ એવા બધા દાર્શનિકોની સામે આ પ્રશ્ન સમાનપણે ખડો થાય છે — જન્મના કારણભૂત તત્ત્વનો આત્મા સાથે સંબંધ ક્યારે થયો અને તે સંબંધ કેવો છે ? જો તે સંબંધ અનાદિ છે તો અનાદિનો નાશ કેવી રીતે થાય ? એકવાર નાશ થયા પછી પુનઃ તેવો સંબંધ થવામાં શું અડચણ ? આ પ્રશ્નોનો ઉત્તર બધા અપુનરાવૃત્તિરૂપ મોક્ષ માનનારા દાર્શનિકોએ પોતપોતાની જુદી જુદી પરિભાષાઓમાં પણ વસ્તુતઃ એકસરખો જ આપ્યો છે.

બધાએ આત્મા સાથેના જન્મકારણના સંબંધને અનાદિ કહ્યો છે. બધા માને છે કે એ દર્શાવવું સંભવ જ નથી કે અમુક સમયે જન્મના કારણ મૂલતત્ત્વનો આત્મા સાથે સંબંધ થયો. જન્મના મૂલકારણને અજ્ઞાન કહો, અવિદ્યા કહો, કર્મ કહો કે અન્ય કંઈ, પરંતુ બધા સ્વસમ્મત અમૂર્ત આત્મતત્ત્વની સાથે સૂક્ષ્મતમ મૂર્તતત્ત્વનો એક એવો વિલક્ષણ સંબંધ માને છે જે અવિદ્યા યા અજ્ઞાનના અસ્તિત્વ સુધી જ રહે છે અને પછી નહિ. તેથી જ બધા દ્વૈતવાદીઓના મતે અમૂર્ત અને મૂર્તનો પારસ્પરિક સંબંધ નિર્વિવાદ છે. જેમ અજ્ઞાન અનાદિ હોવા છતાં નાશ પામે છે તેમ આ અનાદિ સંબંધ પણ જ્ઞાનજન્ય અજ્ઞાનનાશ થતાં જ નાશ પામે છે. પૂર્ણ જ્ઞાન થયા પછી દોષનો સંભવ ન હોવાના કારણે અજ્ઞાન આદિનો ઉદય સંભવતો નથી, તેથી જ અમૂર્ત-મૂર્તનો સામાન્ય સંબંધ મોક્ષદશામાં હોવા છતાં પણ તે અજ્ઞાનજન્ય ન હોવાથી જન્મનું નિમિત્ત બની શકતો નથી. સંસારકાલીન તે આત્મા અને મૂર્ત દ્રવ્યનો સંબંધ અજ્ઞાનજનિત છે જ્યારે મોક્ષકાલીન સંબંધ તેવો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંખ્ય-યોગ દર્શન આત્મા(પુરુષ)ની સાથે પ્રકૃતિનો, ન્યાય-વૈશેષિક દર્શન પરમાણુઓનો, બ્રહ્મવાદી અવિદ્યા(માયા)નો, બૌદ્ધ દર્શન ચિત્ત(નામ)ની સાથે રૂપનો, અને જૈન દર્શન જીવની સાથે કર્માણુઓનો સંસારકાલીન વિલક્ષણ સંબંધ માને છે. આ બધી માન્યતા પુનર્જન્મ અને મોક્ષના વિચારમાંથી જ ફલિત થઈ છે.

પૃ. ૯૧ '**अथ प्रकाशस्वभावत्व**' — તુલના — अत एव क्लेशगणोऽत्यन्तसमुद्धतोऽपि नैरात्म्यदर्शनसामर्थ्यमस्योन्मूलयितुमसमर्थः । आगन्तुकप्रत्ययकृतत्वेनादृढवात् । नैरात्म्यज्ञानं तु स्वभावत्वात् प्रमाणसहायत्वाच्च बलवदिति तुल्येऽपि विरोधित्वे आत्मदर्शने प्रतिपक्षो व्यवस्थाप्यते । ..... नापि ताम्रादिकाठिन्यादिवत् पुनरुत्पत्तिसम्भवो दोषाणाम्, तद्विरोधिनैरात्म्यदर्शनस्यात्यन्तसात्म्यमुपगतस्य सदाऽनपायात् । ताम्रादिकाठिन्यस्य हि यो विरोधी वह्निस्तस्य कादाचित्कसन्निहितत्वात् काठिन्यादेस्तदभाव एव भवतः पुनस्तदपायादुत्पत्तिर्युक्ता । न त्वेवं मलानाम् । अपायेऽपि वा मार्गस्य भस्मादिभिरनैकान्तान्नावश्यं पुनरुत्पत्तिसम्भवो दोषाणाम्, तथाहि — काष्ठादेरग्निसम्बन्धाद् भस्मसाद्भूतस्य तदपायेऽपि न प्राक्तनरूपानुवृत्तिः तद्वद् दोषाणामपीत्यनैकान्तः। किञ्चागन्तुकतया प्रागप्यसमर्थानां मलानां पश्चात् सात्मीभूतं तन्नैरात्म्यं बाधितुं कुतः शक्तिः, न हि स्वभावो यत्नमन्तरेण निवर्तयितुं शक्यते। न च प्राप्यपरिहर्तव्ययोर्वस्तुनोर्गुणदोषदर्शनमन्तरेण प्रेक्षावतां हातुमुपादातुं वा प्रयत्नो युक्तः । न च विपक्षसा(न चाविपर्यस्ता ?)त्मनः पुरुषस्य दोषेषु गुणदर्शनं प्रतिपक्षे वा दोषदर्शनं सम्भवति, अविपर्यस्तत्वात् । न हि निर्दोषं वस्त्वविपर्यस्तधियो दुष्टत्वेनोपाददते, नापि दुष्टं गुणवत्त्वेन । **તત્ત્વસંગ્રહપંજિકા, પૃ. ૮૭૩-૪.**

પૃ. ૯૨ '**अमूर्ताया अपि**' — તુલના — अमूर्ताया अपि चेतनाशक्तेर्मदिरामदनकोद्रवादिभिरावरणोपपत्तेः । **પ્રમેયરત્નમાલા, પૃ. ૫૬.**

પૃ. ૯૨ '**वर्षातपा**' — તુલના — तदुक्तम् - वर्षातपा । **ભામતી, ૨.૨.૨૬. ન્યાયમંજરી, પૃ. ૪૪૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૯૩ **'ननु प्रमाणाधीना'** — તુલના — प्रमेयसिद्धिः प्रमाणाद्धि । સાંખ્યકારિકા, ૪.

પૃ. ૯૪ **'विधावेव'** — તુલના — જૈમિનિસૂત્ર, ૧.૨.૧.

પૃ. ૯૬ **'प्रज्ञाया अतिशयः'** — તુલના — यदिदमतीतानागतप्रत्युत्पन्नप्रत्येकसमुच्चयातीन्द्रियग्रहणमल्पं बह्विति सर्वज्ञबीजम्, एतद्धि वर्धमानं यत्र निरतिशयं स सर्वज्ञः । अस्ति काष्ठाप्राप्तिः सर्वज्ञबीजस्य सातिशयत्वात् परिमाणवदिति, यत्र काष्ठाप्राप्तिर्ज्ञानस्य स सर्वज्ञः स च पुरुषविशेष इति । યોગભાષ્ય, ૧.૨૫. તત્ત્વવૈશારદી, ૧.૨૫.

પૃ. ૯૬ **'सूक्ष्मान्तरित'** — તુલના — આપ્તમીમાંસા, કારિકા ૫.

પૃ. ૯૬ **'ज्योतिर्ज्ञान'** — તુલના —

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ग्रहाधिगतयः सर्वाः सुखदुःखादिहेतवः ।
येन साक्षात्कृतास्तेन किन्न साक्षात्कृतं जगत् ॥
आत्मा योऽस्य प्रवक्तायमपरालीढसत्पथः ।
नात्यक्षं यदि जानाति नोपदेष्टुं प्रवर्तते ॥
शास्त्रे दुरवगाहार्थतत्त्वं दृष्टं हि केवलम् ।
ज्योतिर्ज्ञानादिवत् सर्वं स्वत एवं प्रणेतृभिः ॥

— ન્યાયવિનિશ્ચય, ૩.૨૮, ૭૫, ૮૦.

ज्योतिर्ज्ञानं ज्योतिःशास्त्रम्, आदिशब्दादायुर्वेदादि तत्रेव तद्वद्यथा ज्योतिःशास्त्रादौ तत्तत्त्वं दृष्टं तैः तद्दर्शनस्य समर्थितत्वात् तद्वदन्यदपि सर्वं तत्तैर्दृष्टमेवान्यथा तद्विषयानुपदेशालिङ्गानन्वयव्यतिरेकाविसंवादिशास्त्रप्रणयनानुपपत्तेः । ન્યાયવિનિશ્ચયટીકા લિખિત, પૃ. ૫૯૩.

પૃ. ૯૭ **'सर्वमस्ति'** — તુલના — સ્યાદ્વાદમંજરી, કારિકા ૧૪.

सदेव सर्वं को नेच्छेत् स्वरूपादिचतुष्टयात् ।
असदेव विपर्यासात् न चेन्न व्यवतिष्ठते ॥

— આપ્તમીમાંસા, કારિકા ૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**स्वरूपपररूपाभ्यां नित्यं सदसदात्मके ।**
**वस्तुनि ज्ञायते कैश्चिद्रूपं किंचित् कदाचन ॥**

— શ્લોકવાર્તિક, અભાવ. શ્લોક ૧૨.

પૃ. ૯૮ **'ज्ञानमप्रतिघं'** — તુલના — શાસ્ત્રવાર્તાસમુચ્ચ ૩.૨.

**इतिहासपुराणेषु ब्रह्मादिर्योपि सर्ववित् ।**
**ज्ञानमप्रतिघं तस्य वैराग्यं चेति कीर्तितम् ॥**

— તત્ત્વસંગ્રહ કા. ૩૧૯૯

પૃ. ૯૮ **'यत्कुमारिलः'** — તુલના — एतावत्कुमारिलेनोक्तं पूर्वपक्षीकृतम् । — તત્ત્વસંગ્રહપંજિકા, પૃ. ૮૩૬-૮૪૪.

પૃ. ૯૯ **'आः सर्वज्ञ'** — અહીં આચાર્ય હેમચન્દ્રે કુમારિલ તરફ જેવો સાંપ્રદાયિક રોષ વ્યક્ત કર્યો છે તેવો જ કુમારિલ, શંકરાચાર્ય વગેરેએ બુદ્ધ વગેરે તરફ વ્યક્ત કર્યો છે. — स्वधर्मातिक्रमेण च येन क्षत्रियेण सता प्रवक्तृत्वप्रतिग्रहौ प्रतिपन्नौ स धर्ममविप्लुतमुपदेक्ष्यतीति कः समाश्वासः । — તન્ત્રવાર્તિક, પૃ. ૧૧૬.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પૃ. ૧૦૦ **'बाधकाभावाच्च'** — આ સૂત્રનો જે વિષય છે તેને વિસ્તાર અને સૂક્ષ્મતાથી સમજવા માટે તત્ત્વસંગ્રહની 'અતીન્દ્રિયદર્શિપુરુષપરીક્ષા'ની કારિકા ૩૨૬૯ 'द्योतिताखिलवस्तुः स्यादित्यत्रोक्तं न बाधकम्' થી કારિકા ૩૩૦૭ 'तस्मात् सर्वज्ञसद्भावबाधकं नास्ति किञ्चन' સુધીનો ભાગ પંજિકા સાથે ખાસ જોવો જોઈએ જેમાં મીમાંસકોના પૂર્વપક્ષનો ખાસ્સો જવાબ છે.

પૃ. ૧૦૧ **'सुनिश्चिता'** — તુલના — આપ્તપરીક્ષા, કારિકા ૧૦૯. तदस्ति सुनिश्चितासम्भवद्बाधकप्रमाणत्वात् सुखादिवत् । લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૧.૪. અષ્ટસહસ્રી, પૃ. ૪૮.

પૃ. ૧૦૨ **'अथ सकल'** — यावज्ज्ञेयव्यापिज्ञानरहितसकलपुरुषपरिषत्परिज्ञानस्य तदन्तरेणानुपपत्तेः तदभावतत्त्वज्ञो न कश्चिदनुपलब्धेः खपुष्पवत् । न वै जैमिनिरन्यो वा तदभावतत्त्वज्ञः सत्त्वपुरुषत्व[वक्तृत्वादेः] रथ्यापुरुषवत् । पुरुषातिशयसम्भवे अतीन्द्रियदर्शी किं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

न स्यात् । अत्र अनुपलम्भमप्रमाणयन् सर्वज्ञादिविशेषाभावे कुतः प्रमाणयेत्, अभेदात् साधकबाधकप्रमाणाभावात् । **લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ,** ૧.૪.

પૃ. ૧૦૩ '**वक्तृत्वात्**' — મીમાંસકે સર્વજ્ઞત્વના નિષેધમાં વક્તૃત્વ, પુરુષત્વ વગેરે જે હેતુઓનો પ્રયોગ કર્યો છે તેમની અસાધકતા સર્વજ્ઞવાદી શાન્તરક્ષિત (**તત્ત્વસંગ્રહ, કારિકા** ૩૩૫૯-૩૪૬૬), અકલંક (**અષ્ટશતી-અષ્ટસહસ્રી, પૃ.**૪૪) અને પ્રભાચન્દ્રે (**પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૭૩ A**) પોતપોતાના ગ્રંથોમાં દર્શાવી છે પરંતુ ઉક્ત ત્રણે આચાર્યોની અસાધકત્વપ્રદર્શનની રીત કંઈક ભિન્ન ભિન્ન છે. વકતૃત્વ હેતુના નિરાસની રીત પ્રભાચન્દ્ર અને આચાર્ય હેમચન્દ્રની સમાન છે.

પૃ. ૧૦૬ '**मनसो द्रव्य**' — મનઃપર્યાયજ્ઞાનના સ્વરૂપ અંગે બે પરંપરાઓ જણાય છે. એક પરંપરા માને છે કે મનઃપર્યાયજ્ઞાન પરકીય મન દ્વારા ચિન્ત્યમાન અર્થોને જાણે છે જ્યારે બીજી પરંપરા માને છે કે મનઃપર્યાયજ્ઞાન ચિન્તનવ્યાપૃત મનોદ્રવ્યના પર્યાયોને સાક્ષાત્ જાણે છે અને ચિન્ત્યમાન પદાર્થ તો પછીથી અનુમાન દ્વારા જાણવામાં આવે છે કારણ કે ચિન્ત્યમાન પદાર્થ મૂર્તની જેમ અમૂર્ત પણ હોઈ શકે છે જેમને મનઃપર્યાયજ્ઞાન વિષય નથી કરી શકતું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પહેલી પરંપરા **આવશ્યકનિર્યુક્તિ**ની ગાથા (૭૬) —

**मणपज्जवनाणं पुण जणमणपरिचिन्तियत्थपायडणं ।**
**माणुसखित्तनिबद्धं गुणपच्चइयं चरित्तवओ ॥**

-થી તથા તત્ત્વાર્થભાષ્ય (૧.૨૯)ના "अवधिज्ञानविषयस्यानन्तभागं मनः-पर्यायज्ञानी जानीते रूपिद्रव्याणि मनोरहस्यविचारगतानि च मानुषक्षेत्र-पर्यापन्नानि विशुद्धतराणि चेति" શબ્દોથી પ્રગટ થાય છે. બીજી પરંપરા **વિશેષાવશ્યકભાષ્ય ગાથા** (૮૧૪) —

**दव्वमणोपज्जाए जाणइ पासइ य तग्गएणन्ते ।**
**तेणावभासिए उण जाणइ बज्झेणुमाणाणेणं ॥**

-થી તથા **નન્દીચૂર્ણિ** "मणियत्थं पुण पच्चक्खं णो पेक्खइ, जेण मणणं मुत्तममुत्तं वा, सो य छउमत्थो तं अणुमाणतो पेक्खइ त्ति" પૃ. ૧૬ **B** આદિથી સ્પષ્ટ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શ્વેતામ્બરીય બન્ને પરંપરાઓમાંથી પહેલી જ એકમાત્ર પરંપરા દિગમ્બર સંપ્રદાયમાં મળે છે — "परकीयमनसि व्यवस्थितोऽर्थः अनेन ज्ञायते इत्येतावदत्रापेक्ष्यते।" **સર્વાર્થસિદ્ધિ, ૧.૨૩. જુઓ ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા ૪૩૭.** જણાય છે કે નિર્યુક્તિ અને તત્ત્વાર્થભાષ્યગત પરંપરા દિગમ્બરીય સાહિત્યમાં સુરક્ષિત રહી પરંતુ પછીથી સાહિત્યિક સંબંધ બિલકુલ છૂટી જવાના કારણે ભાષ્ય-ચૂર્ણિ આદિમાં વિકસિત બીજી પરંપરાનું પક્ષાન્તર તરીકે કે ખંડનીય મત તરીકે દિગમ્બરીય ગ્રંથોમાં અસ્તિત્વ સુદ્ધાં ન રહ્યું.

આચાર્ય હેમચન્દ્રે પોતાના પૂર્વવર્તી તાર્કિક શ્વેતામ્બર આચાર્યોની જેમ આ જગાએ બીજી પરંપરાનું જ અવલંબન લીધું છે. સાચી વાત તો એ છે કે પહેલી પરંપરા પેલા પ્રાચીન ગ્રન્થોમાં નિર્દેશરૂપે મળે છે એ ખરું, પરંતુ વ્યવહારમાં સર્વત્ર સિદ્ધાન્તરૂપે બીજી પરંપરાનું જ અવલંબન શ્વેતામ્બર આચાર્યો લે છે. પહેલી પરંપરામાં દોષોદ્ભાવન થવાથી બીજી પરંપરાનો વિકાસ થયો. વિકાસના જન્મદાતા સંભવતઃ ક્ષમાશ્રમણ જિનભદ્ર છે. વિકાસની યથાર્થતા સમજીને પછીથી બધાએ તે મન્તવ્યને અપનાવી લીધું. તો પણ પહેલી પરંપરા શબ્દોમાં તો પ્રાચીન ગ્રન્થોમાં સુરક્ષિત રહી જ ગઈ.

આશ્ચર્ય તો એ છે કે અકલંક, વિદ્યાનન્દ આદિ જેવા સૂક્ષ્મપ્રજ્ઞ દિગમ્બરાચાર્યોને સ્વતન્ત્રપણે પણ પહેલી પરંપરાના દોષનું ભાન કેમ ન થયું? તેમણે તેમાં શંકા કેમ ન કરી?

પૃ. ૧૦૬ '**मनःपर्यायः**' — તુલના — प्रत्ययस्य परचित्तज्ञानम्। **યોગસૂત્ર, ૩.૧૯. યોગભાષ્ય, ૩.૧૯.**

आकंखेय्य चे भिक्खवे भिक्खु परसत्तानं परपुग्गलानं चेतसा चेतो परिच्च पजानेय्यं सरागं वा चित्तं सरागं चित्तंऽति पजानेय्यं, वीतरागं.... सदोसं.... वीतदोसं.... समोहं.... वीतमोहं.... सङ्खित्तं.... विक्खित्तं.... महग्गतं.... अमहग्गतं.... सउत्तरं.... अनुत्तरं.... समाहितं.... असमाहितं.... विमुत्तं.... अविमुत्तं वा चित्तं अविमुत्तं चित्तंति पजानेय्यंऽति, सीलेस्वेवस्स परिपूरकारी.... सुञ्ञागारानं। **મજ્ઝિમનિકાય, ૧.૬.૨.**

પૃ. ૧૦૭ '**विषयकृतश्च**' — તુલના — रूपिष्ववधेः। तदनन्तभागे मनःपर्यायस्य। **તત્ત્વાર્થસૂત્ર, ૧.૨૮, ૨૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૧૦૮ **'सांव्यवहारिकम्'** — **જુઓ ૧.૧.૯-૧૦નું ટિપ્પણ.**

પૃ. ૧૦૮ **'समीचीनः'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૨.૫.**

પૃ. ૧૦૮ **'इन्द्रियप्राधान्याद्'** — તુલના — इन्द्रियज्ञानम् । स्वविषयानन्तरविषयसहकारिणेन्द्रियज्ञानेन समनन्तरप्रत्ययेन जनितं तन्मनोविज्ञानम् । **ન્યાયબિન્દુ, ૧.૮, ૯.**

પૃ. ૧૦૯ **'ननु स्वसंवेदन'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૨.૫.**

પૃ. ૧૦૯ **'स्पर्श'** — ઇન્દ્રિયનિરૂપણના પ્રસંગમાં મુખ્યપણે નીચે લખેલી વાતો ઉપર દર્શનશાસ્ત્રોમાં વિચારણા મળે છે—

ઇન્દ્રિય પદની નિરુક્તિ, ઇન્દ્રિયોનું કારણ, તેમની સંખ્યા, તેમનો વિષય, તેમનો આકાર, તેમનો પારસ્પરિક ભેદાભેદ, તેમના પ્રકાર તથા દ્રવ્ય-ગુણગ્રાહિત્વવિવેક વગેરે.

અત્યાર સુધી જે કંઈ જોવામાં આવ્યું છે તે ઉપરથી જણાય છે કે ઇન્દ્રિયપદની નિરુક્તિ જે સૌથી પ્રાચીન લિપિબદ્ધ છે તે પાણિનિના સૂત્રમાં[1] જ છે. જો કે આ નિરુક્તિવાળા પાણિનીય સૂત્ર ઉપર કોઈ ભાષ્યાંશ પતંજલિના ઉપલબ્ધ મહાભાષ્યમાં દેખાતો નથી તેમ છતાં સંભવ છે કે પાણિનીય સૂત્રોની અન્ય કોઈ પ્રાચીન વ્યાખ્યા કે વ્યાખ્યાઓમાં તે સૂત્ર ઉપર કંઈ વ્યાખ્યા લખવામાં આવી હોય. જે હો તે, પરંતુ એ તો સ્પષ્ટ જણાય છે કે પ્રાચીન બૌદ્ધ અને જૈન દાર્શનિક ગ્રંથોમાં મળતી પાણિનીય સૂત્રોક્ત ઇન્દ્રિયપદની નિરુક્તિ કોઈ ને કોઈ રીતે પાણિનીય વ્યાકરણની પરંપરાના અભ્યાસમાંથી જ ઉક્ત બૌદ્ધ-જૈન ગ્રંથોમાં દાખલ થઈ છે. વિશુદ્ધિમાર્ગ[2] જેવા

૧. इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्रदृष्टमिन्द्रसृष्टमिन्द्रजुष्टमिन्द्रदत्तमिति वा । **૫.૨.૯૩.**

૨. को पन नेसं इन्द्रियट्ठो नामाति ? । इन्दलिङ्गट्ठो इन्द्रियट्ठो; इन्ददेसितट्ठो इन्द्रियट्ठो; इन्ददिट्ठट्ठो इन्द्रियट्ठो; इन्दसिट्ठट्ठो इन्द्रियट्ठो; इन्दजुट्ठट्ठो इन्द्रियट्ठो; सो सब्बोपि इध यथायोगं युज्जति । भगवा हि सम्मासंबुद्धो परमिस्सरियभावतो इन्दो, कुसलाकुसलं च कम्मं कम्मेसु कस्सचि इस्सरियाभावतो । तेनेवेत्थ कम्मसञ्जनितानि ताव इन्द्रियानि कुसलाकुसलकम्मं उल्लिङ्गेन्ति । तेन च सिट्ठानीति इन्दलिङ्गट्ठेन इन्दसिट्ठट्ठेन च इन्द्रियानि । सब्बानेव पनेतानि भगवता यथा भूततो पकासितानि अभिसम्बुद्धानि चाति इन्ददेसितट्ठेन इन्ददिट्ठट्ठेन च इन्द्रियानि । तेनेव भगवता मुनीन्देन कानिचि गोचरासेवनाय, कानिचि भावनासेवनाय सेवितानीति इन्दजुट्ठट्ठेनापि इन्द्रियानि । अपि च आधिपच्चसंखातेन इस्सरियट्ठेनापि एतानि इन्द्रियानि । चक्खुविञ्ञाणादिप्पवत्तियं हि चक्खादीनं सिद्धं आधिपच्चं, तस्मिं तिक्खे तिक्खत्ता, मन्दे मन्दत्ता ति । अयं तावेत्थ अत्थतो विनिच्छयो । **વિસુદ્ધિમગ્ગો, પૃ. ૪૯૧**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠિત બૌદ્ધ અને તત્ત્વાર્થભાષ્ય[1] જેવા પ્રતિષ્ઠિત જૈન દાર્શનિક ગ્રંથમાં એક વાર સ્થાન મેળવી લીધા પછી તો તે નિરુક્તિ ઉત્તરવર્તી બધા બૌદ્ધ-જૈન મહત્ત્વપૂર્ણ દર્શનગ્રંથોનો વિષય બની ગઈ છે.

આ ઇન્દ્રિયપદની નિરુક્તિના ઇતિહાસમાં મુખ્યપણે બે વાતો ખાસ ધ્યાન દેવા યોગ્ય છે. એક તો એ કે બૌદ્ધ વૈયાકરણો જે સ્વતન્ત્ર છે અને જે પાણિનીયના વ્યાખ્યાકારો છે તેમણે તે નિરુક્તિને પોતપોતાના ગ્રંથોમાં કંઈક વિસ્તારથી સ્થાન આપ્યું છે. અને આચાર્ય હેમચન્દ્ર[2] જેવા સ્વતન્ત્ર જૈન વૈયાકરણે પણ પોતાના વ્યાકરણસૂત્ર અને વૃત્તિમાં પૂરા વિસ્તારથી તેને સ્થાન આપ્યું છે. બીજી વાત એ કે પાણિનીય સૂત્રોના બહુ જ અર્વાચીન વ્યાખ્યાગ્રંથો સિવાય બીજા કોઈ વૈદિક દર્શનના ગ્રંથમાં આ ઇન્દ્રિયપદની નિરુક્તિ મળતી નથી જેવી કે બૌદ્ધ-જૈન ગ્રંથોમાં મળે છે. જણાય છે કે, જેવું અનેક સ્થળોએ થયું છે તે પ્રમાણે જ, આ સંબંધમાં અસલમાં શાબ્દિકોની શબ્દનિરુક્તિ બૌદ્ધ-જૈન દર્શન ગ્રંથોમાં સ્થાન પામીને પછી તે દાર્શનિકોના ચિન્તનનો વિષય પણ બની ગઈ છે.

માઠરવૃત્તિ[3] જેવા પ્રાચીન વૈદિક દર્શનગ્રંથમાં ઇન્દ્રિયપદની નિરુક્તિ છે પણ તે પાણિનીય સૂત્ર અને બૌદ્ધ-જૈન દર્શનગ્રંથોમાં લભ્ય નિરુક્તિથી બિલકુલ ભિન્ન અને વિલક્ષણ છે.

જણાય છે કે પ્રાચીન સમયમાં શબ્દોની વ્યુત્પત્તિ યા નિરુક્તિ દર્શાવવી તે એક એવું આવશ્યક કર્તવ્ય મનાતું હતું કે જેની ઉપેક્ષા કોઈ બુદ્ધિમાન લેખક કરતો ન હતો. વ્યુત્પત્તિ અને નિરુક્તિ દર્શાવવામાં ગ્રન્થકારો પોતાની સ્વતન્ત્ર કલ્પનાનો પણ પૂરો ઉપયોગ કરતા હતા. આ વસ્તુસ્થિતિ કેવળ પ્રાકૃત-પાલિ શબ્દો સુધી જ સીમિત ન હતી પરંતુ સંસ્કૃત શબ્દોની બાબતમાં પણ હતી. ઇન્દ્રિયપદની નિરુક્તિ આનું એક ઉદાહરણ છે.

મનોરંજક વાત તો એ છે કે શાબ્દિક ક્ષેત્રમાંથી ચાલીને ઇન્દ્રિયપદની નિરુક્તિએ દાર્શનિક ક્ષેત્રમાં જ્યારે પ્રવેશ કર્યો ત્યારે જ તેના ઉપર દાર્શનિક સંપ્રદાયની છાપ લાગી ગઈ. બુદ્ધઘોષ[4] ઇન્દ્રિયપદની નિરુક્તિમાં બીજા બધા અર્થ પાણિનિકથિત બતાવે છે પરંતુ ઇન્દ્રનો અર્થ સુગત બતાવીને પણ તે નિરુક્તિને સંગત બનાવવાનો પ્રયત્ન કરે છે. જૈન આચાર્યોએ ઇન્દ્રપદનો અર્થ માત્ર જીવ કે આત્મા જ સામાન્યપણે દર્શાવ્યો

૧. તત્ત્વાર્થભાષ્ય, ૨.૧૫. સર્વાર્થસિદ્ધિ, ૧.૧૪.
૨. इन्द्रियम् । હૈમશબ્દાનુશાસન, ૭.૧.૧૭૪.
૩. इन् इति विषयाणां नाम, तानिनः विषयान् प्रति द्रवन्तीति इन्द्रियाणि । માઠર, કારિકા ૨૬.
૪. જુઓ પૃ. ૩૪૯ ટિપ્પણ ૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેમણે બુદ્ધઘોષની જેમ તે પદનો સ્વાભિપ્રેત તીર્થંકર અર્થ નથી કર્યો. ન્યાય-વૈશેષિક જેવા ઈશ્વરકર્તૃત્વવાદી કોઈ વૈદિક દર્શનના વિદ્વાને પોતાના ગ્રંથમાં આ નિરુક્તિને સ્થાન આપ્યું હોત તો કદાચ ઇન્દ્રપદનો ઈશ્વર અર્થ કરીને પણ નિરુક્તિને સંગત બનાવી હોત.

**સાંખ્યમત અનુસાર** ઈન્દ્રિયોનું ઉપાદાનકારણ અભિમાન છે. અભિમાન **પ્રકૃતિજન્ય એક જાતનું સૂક્ષ્મ દ્રવ્ય જ** છે (**સાંખ્યકારિકા, ૨૫**). આ જ મત વેદાન્તને **પણ માન્ય છે. ન્યાય-વૈશેષિક મત અ**નુસાર (**ન્યાયસૂત્ર, ૧.૧.૧૨**) ઈન્દ્રિયોનું કારણ પૃથ્વી વગેરે પાંચ ભૂતો **છે, આ ભૂતો** જડ દ્રવ્ય છે. આ મત મીમાંસકોને પણ અભીષ્ટ છે. બૌદ્ધ મત અનુસાર પ્રસિદ્ધ પાંચ ઈન્દ્રિયો રૂપજન્ય હોવાથી રૂપ જ છે, રૂપ જડ દ્રવ્યવિશેષ છે. જૈન દર્શન પણ દ્રવ્યેન્દ્રિયોના અર્થાત્ સ્થૂલ ઈન્દ્રિયોના કારણ તરીકે પુદ્‌ગલવિશેષને જ જણાવે છે, પુદ્‌ગલ જડ દ્રવ્યવિશેષ જ છે.

કર્ણશષ્કુલી, અક્ષિગોલકકૃષ્ણસાર, ત્રિપુટિકા, જિહ્વા અને ચર્મરૂપ જે બાહ્ય આકારોને સાધારણ જન અનુક્રમે કર્ણ, નેત્ર, ઘ્રાણ, રસન અને ત્વક્ ઈન્દ્રિય કહે છે તે બાહ્યાકારો બધાં દર્શનોમાં ઈન્દ્રિયાધિષ્ઠાનો જ મનાયાં છે[1] — ઈન્દ્રિયો નહિ. ઈન્દ્રિયો તો તે આકારોમાં સ્થિત અતીન્દ્રિય વસ્તુરૂપ માનવામાં આવી છે, ભલે તે ઈન્દ્રિયો ભૌતિક હો કે આહંકારિક. જૈન દર્શન પેલા પૌદ્‌ગલિક અધિષ્ઠાનોને દ્રવ્યેન્દ્રિય કહીને પણ તે જ ભાવ સૂચવે છે કે અધિષ્ઠાન વસ્તુતઃ ઈન્દ્રિય નથી. જૈન દર્શન અનુસાર પણ ઈન્દ્રિયો અતીન્દ્રિય છે પરંતુ તેઓ ભૌતિક કે આભિમાનિક જડ દ્રવ્ય ન હોઈને ચેતનશક્તિવિશેષરૂપ છે જેને જૈન દર્શન ભાવેન્દ્રિય — મુખ્ય ઈન્દ્રિય — કહે છે. મન નામની છઠ્ઠી ઈન્દ્રિય બધાં દર્શનોમાં અન્તરિન્દ્રિય યા અન્તઃકરણ રૂપે માનવામાં આવી છે. આમ છ બુદ્ધીન્દ્રિયો તો સર્વદર્શનસાધારણ છે પરંતુ કેવળ સાંખ્યદર્શન એવું છે જે વાક્, પાણિ, પાદ વગેરે પાંચ કર્મેન્દ્રિયોને પણ ઈન્દ્રિય તરીકે ગણી ઈન્દ્રિયોની સંખ્યા અગિયાર દર્શાવે છે (**સાંખ્યકારિકા, ૨૪**). જેમ વાચસ્પતિ મિશ્ર અને જયંતે સાંખ્યપરિગણિત કર્મેન્દ્રિયોને ઈન્દ્રિય માનવા વિરુદ્ધ કહ્યું છે[2] તેમ જ આચાર્ય હેમચન્દ્રે પણ કર્મેન્દ્રિયોના ઈન્દ્રિયત્વનો નિરાસ કરીને પોતાના પૂર્વવર્તી[3] પૂજ્યપાદ વગેરે જૈનાચાર્યોનું જ અનુસરણ કર્યું છે.

અહીં એક પ્રશ્ન ઊઠે છે કે પૂજ્યપાદ વગેરે પ્રાચીન જૈનાચાર્ય તથા વાચસ્પતિ,

---

૧. ન્યાયમંજરી, પૃ. ૪૭૭.

૨. તાત્પર્યટીકા, પૃ. ૫૩૧. ન્યાયમંજરી, પૃ. ૪૮૩.

૩. તત્ત્વાર્થભાષ્ય, ૨.૧૫. સર્વાર્થસિદ્ધિ, ૨.૧૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયંત આદિ વિદ્વાનોએ જ્યારે ઇન્દ્રિયોની સાંખ્યસમ્મત અગિયારની સંખ્યાનું બળપૂર્વક ખંડન કર્યું છે ત્યારે તેમણે કે અન્ય કોઈએ બૌદ્ધ અભિધર્મમાં[1] પ્રસિદ્ધ ઇન્દ્રિયોની બાવીસની સંખ્યાનો પ્રતિષેધ યા ઉલ્લેખ સુદ્ધાં કેમ કર્યો નથી ? એ માનવાનું કોઈ કારણ નથી કે તેમણે કોઈ સંસ્કૃત અભિધર્મગ્રંથને જોયો ન હોય. એવું લાગે છે કે બૌદ્ધ અભિધર્મપરંપરામાં પ્રત્યેક માનસશક્તિનો ઇન્દ્રિયપદથી નિર્દેશ કરવાની સાધારણ પ્રથા છે એમ વિચારીને જ તેમણે તે પરંપરાનો ઉલ્લેખ કર્યો નથી કે ખંડન કર્યું નથી.

છ ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, ગન્ધ, રસ, સ્પર્શ આદિ પ્રતિનિયત વિષય ગ્રાહ્ય છે. એમાં તો બધાં દર્શનો એકમત છે પરંતુ ન્યાય-વૈશેષિકનો ઇન્દ્રિયોના દ્રવ્યગ્રાહકત્વ અંગે અન્ય સૌની સાથે મતભેદ છે. બાકીનાં બધાં દર્શનો ઇન્દ્રિયોને ગુણગ્રાહક માનવા છતાં પણ ગુણ-દ્રવ્યનો અભેદ હોવાના કારણે છયે ઇન્દ્રિયોને દ્રવ્યગ્રાહક પણ માને છે જ્યારે ન્યાય-વૈશેષિક અને પૂર્વમીમાંસક એવું નથી માનતા. તેઓ કેવળ નેત્ર, સ્પર્શન અને મનને જ દ્રવ્યગ્રાહક કહે છે, અન્યને નહિ (**મુક્તાવલી, કારિકા ૫૩-૫૬**). આ મતભેદને આચાર્ય હેમચન્દ્રે સ્પર્શ આદિ શબ્દોની કર્મ-ભાવપ્રધાન વ્યુત્પત્તિ બતાવીને વ્યક્ત કર્યો છે અને સાથે સાથે જ પોતાના પૂર્વગામી જૈનાચાર્યોનાં પગલે ચાલ્યા પણ છે.

JAINSITE.com

ઇન્દ્રિય-એકત્વવાદ અને નાનાત્વવાદની ચર્ચા દર્શનપરંપરાઓમાં બહુ જ પ્રાચીન છે — **ન્યાયસૂત્ર, ૩.૧.૫૨.** કોઈ ઇન્દ્રિયને એક જ માનીને નાના સ્થાનો દ્વારા તેનાં નાના કાર્યોનું સમર્થન કરે છે, જ્યારે બધા ઇન્દ્રિયનાનાત્વવાદી એ મતનું ખંડન કરીને કેવળ નાનાત્વવાદનું જ સમર્થન કરે છે. આચાર્ય હેમચન્દ્રે આ અંગે જૈન પ્રક્રિયાસુલભ અનેકાન્તદષ્ટિનો આશ્રય લઈને ઇન્દ્રિયોમાં પારસ્પરિક એકત્વ-નાનાત્વ ઉભયવાદનો સમન્વય કરીને પ્રાચીન જૈનાચાર્યોનું જ અનુસરણ કર્યું છે અને પ્રત્યેક એકાન્તવાદમાં પરસ્પર આપવામાં આવેલા દોષોનો પરિહાર પણ કર્યો છે.

ઇન્દ્રિયોના સ્વામિત્વની વિચારણા પણ દર્શનોનો એક ખાસ વિષય છે. પરંતુ આ અંગે જેટલી અધિક અને વિસ્તૃત ચર્ચા જૈનદર્શનમાં મળે છે તેવી અન્ય દર્શનોમાં ક્યાંય દેખાતી નથી. તે બૌદ્ધ દર્શનમાં છે પરંતુ જૈનદર્શનના મુકાબલે અલ્પમાત્ર છે.

---

૧. कतमानि द्वाविंशतिः । चक्षुरिन्द्रियं श्रोत्रेन्द्रियं घ्राणेन्द्रियं जिह्वेन्द्रियं कायेन्द्रियं मन-इन्द्रियं स्त्रीन्द्रियं पुरुषेन्द्रियं जीवितेन्द्रियं सुखेन्द्रियं दुःखेन्द्रियं सौमनस्येन्द्रिय दौर्मनस्येन्द्रियं उपेक्षेन्द्रियं श्रद्धेन्द्रियं वीर्येन्द्रियं स्मृतीन्द्रियं समाधीन्द्रियं प्रज्ञेन्द्रियं अनाज्ञातमाज्ञास्यामीन्द्रियं आज्ञेन्द्रियं आज्ञातावीन्द्रियम् । **સ્ફુટાર્થા, પૃ. ૯૫. વિસુદ્ધિમગ્ગો, પૃ. ૪૯૧**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામિત્વની આ ચર્ચાને આચાર્ય હેમચન્દ્રે એકાદશઅંગાવલંબી તત્ત્વાર્થસૂત્ર અને ભાષ્યમાંથી અક્ષરશઃ લઈને આ સંબંધી પૂરા જૈન મન્તવ્યને પ્રદર્શિત કરેલ છે.

પૃ. ૧૧૨ **'तत्र स्पर्शनेन्द्रियम्'** — તુલના — वाय्वन्तानामेकम् । **તત્ત્વાર્થસૂત્ર, ૨.૨૩.**

પૃ. ૧૧૨ **'अग्रे वक्ष्यते'** — પ્રસ્તુત ગ્રંથનો આગળનો ભાગ અલભ્ય છે. તેથી આગમ અને અનુમાન દ્વારા જીવત્વસિદ્ધિ કેવી રીતે શાસ્ત્રમાં કરવામાં આવે છે તેના માટે જુઓ **સન્મતિટીકા,** પૃ. ૬૫૨ ઉપર ટિપ્પણ ૧; પૃ. ૬૫૩ ઉપર ટિપ્પણ ૩; પૃ. ૬૫૪ ઉપર ટિપ્પણ ૧.

પૃ. ૧૧૨ **'स्पर्शनरसनेन्द्रिये'** — તુલના — **તત્ત્વાર્થભાષ્ય, ૨.૨૪.**

પૃ. ૧૧૩ **'ननु वचन'** — તુલના — **સાંખ્યકારિકા, ૨૬ અને ૨૮.**

પૃ. ૧૧૩ **'तेषां च परस्परम्'** — તુલના — **તત્ત્વાર્થરાજવાર્તિક, ૨.૧૯. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૨.૧૯.**

પૃ. ૧૧૬ **'एवमिन्द्रियविषयाणाम्'** — તુલના — **સર્વાર્થસિદ્ધિ, ૨.૨૦. તત્ત્વાર્થરાજવાર્તિક, ૨.૨૦.**

जैन साईट JAINSITE.com

પૃ. ૧૧૭ **'लम्भनम्'** — તુલના — लम्भनं लब्धिः । का पुनरसौ ?। ज्ञानावरणक्षयोपशमविशेषः । अर्थग्रहणशक्तिः लब्धिः । **લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૧.૫.**

પૃ. ૧૧૭ **'यत्सन्निधाना'** — તુલના — **સર્વાર્થસિદ્ધિ, ૨.૧૮.** उपयोगः पुनरर्थग्रहणव्यापारः । **લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૧.૫.**

પૃ. ૧૧૮ **'तत्र लब्धिस्वभावं तावदिन्द्रियम्'** — તુલના — **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૨.૧૮.**

પૃ. ૧૧૮ **'स्वार्थप्रकाशने'** — તુલના — **સર્વાર્થસિદ્ધિ, ૨.૧૮.**

પૃ. ૧૧૯ **'सर्वार्थ'** — મનનાં સ્વરૂપ, કારણ, કાર્ય, ધર્મ અને સ્થાન વગેરે અનેક બાબતો અંગે દાર્શનિકોમાં નાનાવિધ મતભેદ છે જે સંક્ષેપમાં નીચે મુજબ છે. વૈશષિક (**વૈશેષિકસૂત્ર, ૭.૧.૨૩**), નૈયાયિક (**ન્યાયસૂત્ર, ૩.૨.૬૧**) અને તદનુગામી પૂર્વમીમાંસક (**પ્રકરણપંચિકા, પૃ. ૧૫૧**) મનને પરમાણુરૂપ અને એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ નિત્ય—કારણરહિત—માને છે. સાંખ્ય-યોગ અને તદનુગામી વેદાન્ત તેને પરમાણુરૂપ નહિ અને છતાં અણુરૂપ તો માને છે અને જન્ય પણ તથા તેની ઉત્પત્તિ પ્રાકૃતિક અહંકારતત્ત્વમાંથી[1] યા અવિદ્યામાંથી માને છે. બૌદ્ધ અને જૈન પરંપરા અનુસાર મન ન તો વ્યાપક છે કે ન તો પરમાણુરૂપ. તે બન્ને પરંપરાઓ મનને મધ્યમપરિમાણવાળું અને જન્ય માને છે. બૌદ્ધ પરંપરા[2] અનુસાર મન વિજ્ઞાનાત્મક છે અને તે ઉત્તરવર્તી વિજ્ઞાનોનું સમનન્તરકારણ પૂર્વવર્તી વિજ્ઞાનરૂપ છે. જૈન પરંપરા અનુસાર પૌદ્ગલિક મન તો એક ખાસ પ્રકારના સૂક્ષ્મતમ મનોવર્ગણાત્મક જડ દ્રવ્યોમાંથી ઉત્પન્ન થાય છે અને તે પ્રતિક્ષણ શરીરની જેમ પરિવર્તન પણ પામતું રહે છે જ્યારે ભાવમન જ્ઞાનશક્તિ અને જ્ઞાનરૂપ હોવાથી ચેતનદ્રવ્યજન્ય છે.

બધાં દર્શનોના મત અનુસાર મનનું કાર્ય ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ આદિ ગુણોની તથા તે ગુણોના અનુભવની ઉત્પત્તિ કરાવવાનું છે, ભલે પછી તે ગુણો કોઈના મતે આત્મગત હોય જેમ કે ન્યાય, વૈશેષિક, મીમાંસક, જૈન આદિના મતે, કે અન્તઃકરણ — બુદ્ધિના[3] હોય જેમ કે સાંખ્ય-યોગ-વેદાન્ત આદિના મતે, કે સ્વગત જ હોય જેમ કે બૌદ્ધ મતે. બહિરિન્દ્રિયજન્ય જ્ઞાનની ઉત્પત્તિમાં પણ મન નિમિત્ત બને છે અને બહિરિન્દ્રિયનિરપેક્ષ જ્ઞાનાદિ ગુણોની ઉત્પત્તિમાં પણ તે નિમિત્ત બને છે. બૌદ્ધમત સિવાય કોઈના પણ મતે ઈચ્છા, દ્વેષ, જ્ઞાન, સુખ, દુઃખ, સંસ્કાર આદિ ધર્મ મનના નથી. વૈશેષિક, નૈયાયિક, મીમાંસક અને જૈન અનુસાર તે ગુણો આત્માના છે. પરંતુ સાંખ્ય-યોગ-વેદાન્તમત અનુસાર તે ગુણો બુદ્ધિના અર્થાત્ અન્તઃકરણના જ છે. બૌદ્ધ દર્શન આત્મતત્ત્વ અલગ ન માનીને તેના સ્થાને નામ અર્થાત્ મનને જ માને છે, તેથી

---

૧. यस्मात् कर्मेन्द्रियाणि बुद्धीन्द्रियाणि च सात्त्विकादहंकारादुत्पद्यन्ते मनोऽपि तस्मादेव उत्पद्यते। માઠર, કારિકા ૨૭.

૨. विज्ञानं प्रतिविज्ञप्तिः मन आयतनं च तत् ।
षण्णामनन्तराऽतीतं विज्ञानं यद्धि तन्मनः ॥

અભિધર્મકોષ, ૧.૧૬-૧૭. તત્ત્વસંગ્રહ, કારિકા ૬૩૧.

यत् यत्समनन्तरनिरुद्धं विज्ञानं तत्तन्मनोधातुरिति । तद्यथा स एव पुत्रोऽन्यस्य पितृआख्यां लभते तदेव फलमन्यस्य बीजाख्याम् । तथेहापि स एव चक्षुरादिविज्ञानधातुरन्यस्याश्रय इति मनोधात्वाख्यां लभते । य एव षड् विज्ञानधातव स एव मनोधातुः । य एव च मनोधातुस्त एव च षड् विज्ञानधातव इतीतरेतरान्तर्भावः ... योगाचारदर्शनेन तु षड्विज्ञानव्यतिरिक्तोऽप्यस्ति मनोधातुः । સ્ફુટાર્થા, પૃ. ૪૦-૪૧.

૩. तस्माच्चित्तस्य धर्मा वृत्तयो नात्मनः । સર્વદર્શનસંગ્રહ, પૃ. ૩૫૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ તેના મત અનુસાર ઇચ્છા, દ્વેષ, જ્ઞાન, સંસ્કાર આદિ ધર્મ જે બીજાં દર્શનોમાં આત્મધર્મ યા અન્તઃકરણધર્મ કહેવાયા છે તે બધા મનના જ ધર્મ છે.

ન્યાય-વૈશેષિક-બૌદ્ધ[૧] આદિ કેટલાંક દર્શનોની પરંપરા મનને હૃદયપ્રદેશવર્તી માને છે. સાંખ્ય આદિ દર્શનોની પરંપરા અનુસાર મનનું સ્થાન કેવળ હૃદયને કહી ન શકાય કેમ કે તે પરંપરા અનુસાર મન સૂક્ષ્મશરીરમાં અર્થાત્ લિંગશરીરમાં, જે અઢાર તત્ત્વોના વિશિષ્ટ નિકાયરૂપ છે, પ્રવિષ્ટ છે. અને સૂક્ષ્મશરીરનું સ્થાન સમગ્ર સ્થૂલ શરીર જ માનવું ઉચિત જણાય છે, તેથી જ તે પરંપરા અનુસાર મનનું સ્થાન સમગ્ર સ્થૂલ શરીર સિદ્ધ થાય છે. જૈન પરંપરા અનુસાર ભાવમનનું સ્થાન આત્મા જ છે. પરંતુ દ્રવ્યમનના સ્થાન અંગે પક્ષભેદ જણાય છે. દિગમ્બર પક્ષ દ્રવ્યમનને હૃદયપ્રદેશવર્તી માને છે જ્યારે શ્વેતામ્બર પક્ષની એવી માન્યતાનો કોઈ ઉલ્લેખ જણાતો નથી. એવું જણાય છે કે શ્વેતામ્બર પરંપરાને સમગ્ર સ્થૂલ શરીર જ દ્રવ્યમનનું સ્થાન ઇષ્ટ છે.

પૃ. ૧૧૯ **'सर्वार्थग्रहणम्'** — તુલના — **सर्वार्थोपलब्धौ नेन्द्रियाणि प्रभवन्ति इति सर्वविषयम् अन्तःकरणं मनः । ન્યાયભાષ્ય, ૧.૧.૯. सर्वं विषयमवगाहते यस्मात् । સાંખ્યકારિકા, ૩૫.**

પૃ. ૧૨૦ **'मनोऽपि'** — તુલના — **मनो द्विविधं, द्रव्यमनो भावमनश्चेति । तत्र पुद्गलविपाकिकर्मोदयापेक्षं द्रव्यमनः । वीर्यान्तरायनोइन्द्रियावरणक्षयोपशमापेक्षया आत्मनो विशुद्धिर्भावमनः । સર્વાર્થસિદ્ધિ, ૨.૧૧; ૫. ૧૯.**

પૃ. ૧૨૦ **'रूपालोकमनस्कार'** — તુલના — **નયચક્રવૃત્તિ લિખિત, પૃ. ૪૦ B. અનેકાન્તજયપતાકાટીકા, પૃ. ૨૦૬.**

નાગાર્જુને **મધ્યમિકકારિકા** –

**चत्वारः प्रत्यया हेतुश्चालम्बनमनन्तरम् ।**
**तथैवाधिपतेयं च प्रत्ययो नास्ति पञ्चमः ॥**

-માં (૧.૨) તથા વસુબન્ધુએ **અભિધર્મકોશ**(૨. ૬૧-૬૪)માં ચાર પ્રત્યયોનું કથન અને વર્ણન કર્યું છે જેમનો ખુલાસો વાચસ્પતિ મિશ્રે **ભામતી**(૨.૨.૧૯)માં

૧. ताम्रपर्णीया अपि हृदयवस्तु मनोविज्ञानधातोराश्रयं कल्पयन्ति । **સ્ફુટાર્થા, પૃ. ૪૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા માધવાચાર્યે **સર્વદર્શનસંગ્રહમાં** (પૃ. ૩૯) સવિસ્તર કર્યો છે. તે જ ચાર પ્રત્યય જ્ઞાનનિમિત્તરૂપે આચાર્ય હેમચન્દ્રે ઉદ્ધૃત કરેલી આ કારિકામાં નિર્દિષ્ટ છે—

नीलाभासस्य हि चित्तस्य नीलादालम्बनप्रत्ययान्नीलाकारता । समनन्तरप्रत्ययात् पूर्वविज्ञानाद् बोधरूपता । चक्षुषोऽधिपतिप्रत्ययाद् रूपग्रहणप्रतिनियमः । आलोकात् सहकारिप्रत्ययाद् हेतोः स्पष्टार्थता । एवं सुखादीनामपि चैत्तानां चित्ताभिन्नहेतुजानां चत्वार्येतान्येव कारणानि । **ભામતી, ૨.૨.૧૯.**

પૃ. ૧૨૦ **'नार्थालोकौ'** — અકલંકથી લઈને બધા જૈન તાર્કિકોએ જે **અર્થાલોકકારણતાવાદનો** નિરાસ કર્યો છે તે બૌદ્ધનો જ છે. ન્યાય વગેરે દર્શનોમાં પણ જન્ય પ્રત્યક્ષની બાબતમાં અર્થને કારણ માનવામાં આવેલ છે અને ચાક્ષુષ પ્રત્યક્ષમાં આલોકને પણ. ત્યારે પ્રશ્ન થાય છે કે શું તે જૈનાચાર્યોની સામે ઉક્ત કારણતાસમર્થક બૌદ્ધ ગ્રંથ જ હતા અને ન્યાય આદિના ગ્રંથ ન હતા ? કે નૈયાયિકોએ તેના ઉપર ચર્ચા જ કરી ન હતી ? આનો ઉત્તર એ છે કે પ્રાચીન સમયમાં નૈયાયિક આદિ વૈદિક દાર્શનિકોએ અર્થ અને આલોકની કારણતાવિષયક કોઈ ખાસ ચર્ચા શરૂ કરી ન હતી અને તે અંગે કોઈ ખાસ સિદ્ધાન્તો પણ સ્થિર કર્યા ન હતા, જેવા કે બૌદ્ધ તાર્કિકોએ આ વિષયમાં વિસ્તૃત ઊહાપોહ કરીને સિદ્ધાન્તો સ્થિર કર્યા હતા. તેથી જ જૈન તાર્કિકોની સામે બૌદ્ધવાદ જ ઉક્ત કારણતાવાદરૂપે ઉપસ્થિત રહ્યો અને તેમણે તેનો નિરાસ કર્યો. ગંગેશ ઉપાધ્યાયે પોતાના **પ્રત્યક્ષ ચિન્તામણિ** ગ્રંથમાં (પૃ. ૭૨૦) વિષય અને આલોકના કારણત્વનો સ્પષ્ટ અને સ્થિર સિદ્ધાન્ત રજૂ કર્યો. પરંતુ આચાર્ય હેમચન્દ્ર ગંગેશના સમકાલીન હોવાથી તેમના જોવામાં ચિન્તામણિ ગ્રંથ નથી આવ્યો. આ જ કારણ છે કે આચાર્ય હેમચન્દ્રે આ અર્થાલોકકારણતાવાદના નિરાસમાં પોતાના પૂર્વવર્તી જૈન તાર્કિકોનું જ અનુસરણ કર્યું છે.

તદુત્પત્તિ-તદાકારતાનો સિદ્ધાન્ત પણ બૌદ્ધ છે. બૌદ્ધોમાં પણ તે સૌત્રાન્તિકનો છે કેમ કે સૌત્રાન્તિક બાહ્ય વિષયનું અસ્તિત્વ માનીને જ્ઞાનને તજ્જન્ય અને તદાકાર માને છે. આ સિદ્ધાન્તનું ખંડન વિજ્ઞાનવાદી યોગાચાર બૌદ્ધોએ જ કર્યું છે જે **પ્રમાણવાર્તિક** અને તેની ટીકા **પ્રમાણવાર્તિકાલંકાર** (પૃ. ૧૧) વગેરેમાં જોવા મળે છે. જૈન તાર્કિકોએ પહેલેથી જ તે જ ખંડનસરણીને લઈને તે વાદનો નિરાસ કર્યો છે.

પૃ. ૧૨૧ **'न चासावर्थो'** — તુલના — नाननुकृतान्वयव्यतिरेकं कारणं नाकारणं विषयः इति बालिशगीतम् । तामसखगकुलानां तमसि

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सति रूपदर्शनम् आवरणविच्छेदात् । आलोके सत्यपि संशयज्ञानसम्भवात् काचाद्युपहतेन्द्रियाणां शुक्लशङ्खादौ पीताद्याकारज्ञानोत्पत्तेः मुमूर्षाणां यथासम्भवमर्थेऽसत्यपि विपरीतप्रतिपत्तिसद्भावान्नार्थादयः कारणं ज्ञानस्येति स्थितम् । લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૬.૭.

પૃ. ૧૨૧ **'योगिनां च'** — તુલના — **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૪. ૭-૯. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૬૪ A.**

પૃ. ૧૨૪ **'तस्मात्'** — તુલના —

**स्वहेतुजनितोऽप्यर्थः परिच्छेद्यः स्वतो यथा ।**
**तथा ज्ञानं स्वहेतूत्थं परिच्छेदात्मकं स्वतः ॥**

**— લઘીયસ્ત્રયી, ૬.૯. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૧૮**

પૃ. ૧૨૪ **'तदुत्पत्तिमन्तरेण'** — તુલના —

**मलविद्धमणिव्यक्तिर्यथानेकप्रकारतः ।**
**कर्मविद्धात्मविज्ञप्तिस्तथानेकप्रकारतः ॥ લઘીયસ્ત્રયી, ૬.૭.**

यथास्वं कर्मक्षयोपशमापेक्षिणी करणमनसी निमित्तं विज्ञानस्य न बहिरर्थादयः । **લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૬.૭.**

**न तज्जन्म न ताद्रूप्यं न तद्व्यवसितिः सहः ।**
**प्रत्येकं वा भजन्तीह प्रामाण्यं प्रति हेतुताम् ॥ લઘીયસ્ત્રયી, ૬.૮. પરીક્ષામુખ, ૨. ૮-૯. પ્રમાણનયતત્ત્વાલોક, ૪.૪૬-૪૭.**

અ.૧. આ.૧. સૂત્ર ૨૬-૨૯. પૃ. ૧૨૬-૧૪૧ બધા પ્રકારનાં જ્ઞાનોની ઉત્પત્તિનો વિચાર કરતી વખતે બધા ભારતીય દાર્શનિકોએ જ્ઞાનોનાં કારણો, તેમના વિષયો, તેમની ઉત્પત્તિનો ક્રમ તથા તેમનાં કાર્યો વગેરેનો વિચાર પોતપોતાની રીતે કર્યો છે. આચાર્ય હેમચન્દ્રે અહીં ઇન્દ્રિય-મનોજન્ય પ્રત્યક્ષના સંબંધમાં કારણ, વિષય, વગેરેનું જે કથન કર્યું છે તે જૈન પરંપરા અનુસાર છે. કારણ, ઉત્પત્તિક્રમ, વિષયભેદ, સ્પષ્ટતાનો તરતમભાવ, સ્થિતિ, કાર્ય આદિ અનેક મુદ્દા પ્રત્યક્ષ સાથે સંબંધ રાખે છે.

બૌદ્ધ પરંપરામાં ચિત્તપ્રવૃત્તિનું નિદર્શન કરાવતી વખતે ચક્ષુર્વિજ્ઞાન આદિ છ વિજ્ઞાનવીથીઓને લઈને આ ઉપર જણાવેલા મુદ્દાઓ ઉપર બૌદ્ધ તત્ત્વજ્ઞાનની પ્રક્રિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુસાર સૂક્ષ્મ અને આકર્ષક પ્રકાશ પાડવામાં આવ્યો છે— **અભિધમ્મત્થસંગહો ૪.૬થી.**

વૈદિક દર્શનોમાંથી ન્યાય-વૈશેષિક દર્શનોએ, જેમનો આ વિષયનો મત પૂર્વમીમાંસકને પણ માન્ય છે, નિર્વિકલ્પક, સવિકલ્પક આદિ ક્રમે પ્રત્યક્ષના સંબંધમાં તે જ મુદ્દાઓ ઉપર બહુ વિસ્તારથી અને બહુ સૂક્ષ્મતાથી વિચાર કર્યો છે — **પ્રશસ્તપાદભાષ્ય પૃ. ૧૮૧. શ્લોકવાર્તિક પ્રત્યક્ષ. શ્લોક ૧૧૨-૧૨૦. મુક્તાવલી કારિકા ૫૨-૬૧.** સાંખ્યદર્શને પણ — જેની પ્રક્રિયા યોગ, વેદાન્ત વગેરે દર્શનોને માન્ય છે — પોતાની પ્રક્રિયા અનુસાર આ સંબંધમાં વિચાર કર્યો છે — **સાંખ્યકારિકા ૩૦** (**માઠર** અને **સાંખ્યતત્ત્વકૌમુદી** સાથે).

આચાર્ય હેમચન્દ્રે પ્રસ્તુત ચાર સૂત્રોમાં ઉક્ત મુદ્દાઓ ઉપર જૈન પરંપરાના મંતવ્યનું સૂત્રણ કર્યું છે. આ સૂત્રણ જો કે સામાન્યરૂપે આગમિક અને આગમાવલંબી તાર્કિક બન્ને જૈન પરંપરાઓનું સંગ્રાહક છે તેમ છતાં આ સૂત્રણમાં જે શાબ્દિક રચના અને જે આર્થિક વક્તવ્ય છે તે એતદ્વિષયક અકલંકની કૃતિની સાથે અધિક સાદૃશ્ય રાખે છે.

પૃ. ૧૨૬ '**एतेन दर्शनस्य**' — તુલના — अर्थग्रहणयोग्यतालक्षणं तदनन्तरभूतं सन्मात्रदर्शनं स्वविषयव्यवस्थापनविकल्पम् उत्तरं परिणामं प्रतिपद्यते अवग्रहः । **લઘીયસ્ત્રયીસ્વવિવૃતિ, ૧.૫.**

પૃ. ૧૨૮ '**प्रतिसंख्यानेन**' — બૌદ્ધ તાર્કિક જેને પ્રત્યક્ષપ્રમાણ માને છે તે નિર્વિકલ્પક જ્ઞાનને દર્શન યા અનધ્યવસાય કહીને આચાર્ય હેમચન્દ્રે પ્રમાણકોટિની બહાર રાખ્યું છે, અને તેના અનન્તરભાવી અવગ્રહથી પ્રમાણભૂત જ્ઞાનપરંપરાનો પ્રારંભ માનીને ઈન્દ્રિયજન્ય તે અવગ્રહને માનસવિકલ્પથી પણ ભિન્ન કહ્યો છે. બૌદ્ધ તાર્કિક માનસવિકલ્પને અપ્રમાણ માનીને પ્રતિસંખ્યાનનામક સમાધિવિશેષભાવી ભાવનાથી તેનો નાશ માને છે — **प्रतिसंख्यानिरोधो यो विसंयोगः पृथक् पृथक्। विसंयोगः क्षयो धिया । અભિધર્મકોશ, ૧.૬; ૨.૫૭. તત્ત્વસંગ્રહ-પંજિકા, પૃ. ૫૪૭. મધ્યમિકકારિકાવૃત્તિ પૃ. ૩૬૯, ૫૫૬. અભિધમ્મત્થસંગહો, ૯.૨૮. બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય, ૨.૨.૨૨. ન્યાયભાષ્ય, ૪.૨.૨.**

પૃ. ૧૩૦ '**ईहित**' — આગમ અને તેની ચૂર્ણિ આદિ વ્યાખ્યાઓમાં જ્યાં સુધી પ્રાકૃત ભાષાનો સંબંધ રહ્યો છે ત્યાં સુધી અવાય શબ્દનો પ્રયોગ જ જોવામાં આવે છે. પ્રાકૃત 'અવાય' શબ્દ સંસ્કૃત 'અપાય' અને સંસ્કૃત 'અવાય' બન્નેમાંથી નિષ્પન્ન

जैनम् जयति शासनम्

થાય છે. ઉમાસ્વાતિએ અવાયનું સંસ્કૃત અપાય બનાવીને તેને મૂલસૂત્ર અને ભાષ્યમાં પ્રયુક્ત કરેલ છે. પૂજ્યપાદ વગેરે દિગમ્બરાચાર્યોએ સંસ્કૃત અવાય શબ્દને જ સૂત્રપાઠ અને પોતપોતાની વ્યાખ્યાઓમાં રાખ્યો છે.

જો કે અકલંકે પૂજ્યપાદ અનુસાર સંસ્કૃત શબ્દ તો રાખ્યો અવાય, પરંતુ તેમની દૃષ્ટિ ભાષ્યપ્રયુક્ત અપાય શબ્દ તરફ પણ ગઈ અને તેમના મનમાં પ્રશ્ન થયો કે શું સંસ્કૃતમાં ભાષ્યાનુસાર અપાય શબ્દનો પ્રયોગ ઠીક છે કે સર્વાર્થસિદ્ધિ અનુસાર અવાય શબ્દનો પ્રયોગ ઠીક છે ? આ પ્રશ્નનો જવાબ તેમણે બુદ્ધિપૂર્વક આપ્યો છે. તેમણે જોયું કે અપાય અને અવાય એ બન્ને સંસ્કૃત શબ્દ પ્રાકૃત અવાય શબ્દમાંથી ફલિત થઈ શકે છે. તો પછી બન્ને સંસ્કૃત શબ્દોનો પાઠ કેમ ન માની લેવાય ? આમ વિચારીને તેમણે સંસ્કૃતમાં ઉક્ત બન્ને શબ્દોના પ્રયોગને યોગ્ય જણાવ્યો છે, તેમ છતાં બન્ને શબ્દોના પ્રયોગમાં થોડોક અર્થભેદ દેખાડ્યો છે. તેઓ કહે છે કે જ્યારે નિર્ણયમાં વ્યાવૃત્તિપ્રધાનતા હોય છે ત્યારે તે અપાય છે અને જ્યારે વિધિપ્રધાનતા હોય છે ત્યારે તે અવાય છે. અપાયમાં પણ વિધ્યંશ ગૌણરૂપે આવી જ જાય છે. આમ અવાયમાં પણ ગૌણરૂપે નિષેધાંશ આવી જ જાય છે. તેથી જ ગમે તો અપાય શબ્દનો પ્રયોગ કરો કે ગમે તો અવાય શબ્દનો પરંતુ વસ્તુતઃ બન્ને શબ્દો વિશેષાવધારણરૂપ નિર્ણયબોધક હોવાથી પર્યાયમાત્ર છે. **તત્ત્વાર્થરાજવાર્તિક, ૧.૧૫.**

JAINSITE .com जैनम् जयति शासनम्

પૃ. ૧૩૦ **'संख्येयमसंख्येयं वा'** — તુલના —

**उग्गहो एक्कं समयं इहावाया मुहुत्तमंतं तु ।**
**कालमसंखं संखं च धारणा होइ नायव्वा ॥**

— **આવશ્યકનિર્યુક્તિ, ૪. નન્દીસૂત્ર ૩૪.**

પૃ. ૧૩૧ **'ज्ञानादतिरिक्तः'** — તુલના — **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૬૭. મુક્તાવલી, કારિકા ૧૬૦-૧૬૧.**

પૃ. ૧૩૧ **'नन्वविच्युतिमपि'** — જૈન પરંપરામાં મતિજ્ઞાનનો ધારણા નામનો ચોથો ભેદ છે. આગમ (**નન્દીસૂત્ર, સૂત્ર ૩૪**), **નિર્યુક્તિ (આવશ્યકનિર્યુક્તિ** ૩) અને **તત્ત્વાર્થભાષ્ય (૧.૧૫)** સુધીમાં ધારણાના પર્યાયકથન સિવાય કોઈ ખાસ વિશ્લેષણપૂર્વક અર્થકથન દેખાતું નથી. જણાય છે કે આ અંગે પ્રથમ પ્રયત્ન પૂજ્યપાદનો છે (**સર્વાર્થસિદ્ધિ, ૧.૧૫**). પૂજ્યપાદે અવિસ્મૃતિના કારણને ધારણા કહીને જે નવા અર્થનું સૂચન કર્યું તેના ઉપર બે પરંપરાઓ શરૂ થઈ. ક્ષમાશ્રમણ જિનભદ્રે નિર્યુક્તિનું ભાષ્ય કરતી વખતે ધારણાનો સૂક્ષ્મતાથી અને વિસ્તારથી વિચાર

કર્યો અને અન્તે દર્શાવ્યું કે અવિચ્યુતિ, વાસના (જેને સંસ્કાર પણ કહેવામાં આવે છે) અને સ્મૃતિ એ ત્રણે ધારણા છે.[1] પૂજ્યપાદના અનુગામી અકલંક (**તત્ત્વાર્થરાજવાર્તિક ૧.૧૫**), વિદ્યાનન્દ (**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૫. ૨૧-૨૨**) અને અનન્તવીર્ય આ ત્રણે પ્રસિદ્ધ દિગમ્બરાચાર્યોએ પૂજ્યપાદના સંક્ષિપ્ત સૂચનનું જ વિસ્તૃત અને સતર્ક ઉપપાદન કરીને કહ્યું કે સ્મૃતિનું કારણ સંસ્કાર — જે જૈન દૃષ્ટિએ વસ્તુતઃ જ્ઞાનસ્વરૂપ જ છે તે — ધારણા છે. આમ ધારણાના અર્થમાં બે પરંપરાઓ દેખાય છે. જિનભદ્રની પરંપરા અનુસાર અવિચ્યુતિ, સંસ્કાર અને સ્મૃતિ ત્રણે ધારણા છે અને સંસ્કાર કર્મક્ષયોપશમરૂપ હોવાથી આત્મીય શક્તિવિશેષ માત્ર છે, જ્ઞાનરૂપ નથી. અકલંક આદિની દિગમ્બરીય પરંપરા અનુસાર સ્મૃતિનું કારણ સંસ્કાર જ ધારણા છે જે વસ્તુતઃ જ્ઞાનસ્વરૂપ છે. જિનભદ્રીય પરંપરાનો સ્વીકાર યાકિનીસૂનુ હરિભદ્રે કર્યો (**આવશ્યકનિર્યુક્તિ-હારિભદ્રીયટીકા,** ૩) અને વાદી દેવસૂરિએ તે પરંપરાના આધારે સૂત્ર (**પ્રમાણનયતત્ત્વાલોક,** ૨.૧૦) રચીને વ્યાખ્યાનમાં દિગમ્બરાચાર્ય વિદ્યાનન્દ અને અનન્તવીર્યનું નામ લઈને તેમના મતનું નિરસન કરી જિનભદ્રીય પરંપરાનું સયુક્તિક સમર્થન કર્યું (**સ્યાદ્વાદરત્નાકર,** ૨.૧૦).

જો કે આચાર્ય હેમચન્દ્ર વાદી દેવસૂરિના સમકાલીન અને તેમના પ્રસિદ્ધ ગ્રંથ સ્યાદ્વાદરત્નાકરના દ્રષ્ટા છે અને જિનભદ્ર, હરિભદ્ર અને દેવસૂરિ એ ત્રણેના

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

१. अत्रोत्तरमाह—भण्णई इत्यादि, भण्यतेऽत्र प्रतिविधानम् । किम् ? इत्याह—'इदं वस्तु तदेव यत् प्रागुपलब्धं मया' इत्येवंभूता कालान्तरे या स्मृतिरूपा बुद्धिरुपजायते, नन्विह सा पूर्वप्रवृत्तादपायात् निर्विवादमभ्यधिकैव, पूर्वप्रवृत्ताऽपायकाले तस्या अभावात्; सांप्रतापायस्य तु वस्तुनिश्चयमात्रफलत्वेन पूर्वापरदर्शनानुसंधानाऽयोगात् । ततश्च साऽनन्यरूपत्वाद् धृतिर्धारणा नामेति पर्यन्ते संबन्धः । यतश्च यस्माच्च वासनाविशेषात् पूर्वोपलब्धवस्त्वाहितसंस्कारलक्षणात् तद्विज्ञानावरणक्षयोपशमसान्निध्यादित्यर्थः, सा 'इदं तदेव' इति लक्षणा स्मृतिर्भवति । साऽपि वासनापायादभ्यधिकेति कृत्वा धृतिर्नाम इतीहापि सम्बन्धः । 'जा याऽवायेत्यादि' या चाऽपायादनन्तरमविच्युतिः प्रवर्तते सापि धृतिर्नाम । इदमुक्तं भवति यस्मिन् समये 'स्थाणुरेवाऽयम्' इत्यादिनिश्चयस्वरूपोऽपायः प्रवृत्तः, ततः समयादूर्ध्वमपि 'स्थाणुरेवाऽयम्, स्थाणुरेवाऽयम्' इत्यविच्युता याऽन्तर्मुहूर्तं क्वचिदपायप्रवृत्तिः साऽप्यपायाऽविच्युतिः प्रथमप्रवृत्तापायादभ्यधिकेति धृतिर्धारणा नामेति । एवमविच्युति-वासना-स्मृतिरूपा धारणा त्रिधा सिद्धा भवति । .... .... .... .... ।

वासनापि स्मृतिविज्ञानावरणकर्मक्षयोपशमरूपा, तद्विज्ञानजननशक्तिरूपा चेष्यते । सा च यद्यपि स्वयं ज्ञानरूपा न भवति, तथापि पूर्वप्रवृत्ताऽविच्युतिलक्षणज्ञानकार्यत्वात्, उत्तरकालभाविस्मृति-रूपज्ञानकारणत्वाच्चोपचारतो ज्ञानरूपाऽभ्युपगम्यते । तद्वस्तुविकल्पपक्षस्त्वनभ्युपगमादेव निरस्तः । तस्मादविच्युति-स्मृति-वासनारूपाया धारणायाः स्थितत्वाद् न मतेस्त्रैविध्यम्, किन्तु चतुर्धा सेति स्थितम् ॥ **વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિ, ગાથા ૧૮૮-૧૮૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુગામી પણ છે તેમ છતાં તેઓ ધારણાના લક્ષણસૂત્રમાં તથા તેના વ્યાખ્યાનમાં દિગમ્બરાચાર્ય અકલંક અને વિદ્યાનન્દ આદિના મતનું શબ્દશઃ અનુસરણ કરે છે અને પોતાના પૂજ્ય વૃદ્ધ જિનભદ્ર આદિના મતનું ખંડન કર્યા વિના કેવળ તેનો આદરપૂર્વક સમન્વય કરે છે. પોતાના પૂજ્ય શ્વેતામ્બરીય દેવસૂરિએ જે વિદ્યાનન્દ આદિના મતનું ખંડન કર્યું છે તે મતને અપનાવીને આચાર્ય હેમચન્દ્રે સંપ્રદાયનિરપેક્ષ તાર્કિકતાનો પરિચય કરાવ્યો છે.

પૃ. ૧૩૨ **'સૌગતૈઃ'** — તુલના — **પ્રમાણવાર્તિક ૩.૨૦૮થી.**

પૃ. ૧૩૨ **'નૈયાયિકાદિભિઃ'** — તુલના — **કન્દલી, પૃ. ૩૦.**

પૃ. ૧૩૨ **'નૈયાયિકાસ્તુ'** — ભારતીય દર્શનશાસ્ત્રોમાં પ્રમેય તથા વિવિધ આચાર વિષયક મતમાતાન્તર જે બહુ પ્રાચીન સમયથી પ્રચલિત છે તેમના પારસ્પરિક ખંડનમંડનની પ્રથા પણ બુદ્ધમહાવીર જેટલી પ્રાચીન તો અવશ્ય છે જ પરંતુ આપણને તે પ્રાચીન ખંડનમંડનની પ્રથામાં પ્રમાણલક્ષણવિષયક મતભેદોનું પારસ્પરિક ખંડનમંડન મળતું નથી. એમાં તો સંદેહ નથી કે દિઙ્નાગના પહેલાં જ પ્રમાણસામાન્ય અને પ્રમાણવિશેષનાં લક્ષણો અંગે બૌદ્ધ, વૈદિક આદિ તાર્કિક પોતપોતાના મન્તવ્યોનું પ્રતિપાદન કરવાની સાથે જ મતાન્તરોનું ખંડન કરવા લાગી ગયા હતા, કારણ કે દિઙ્નાગના પ્રમાણસમુચ્ચયમાં આવું ખંડન સ્પષ્ટતઃ આપણને મળે છે.

દર્શનસૂત્રોનાં ઉપલબ્ધ વાત્સ્યાયન, શાબર, પ્રશસ્ત, યોગ આદિ પ્રાચીન ભાષ્યોમાં પ્રમાણના લક્ષણ અંગેનાં મતમતાન્તરોનું ખંડન જો કે નથી તેમ છતાં દિઙ્નાગના ઉત્તરવર્તી તે જ ભાષ્યોના વ્યાખ્યાગ્રંથોમાં પેલું પારસ્પરિક ખંડન સ્પષ્ટ અને વ્યવસ્થિત રૂપમાં દેખાય છે. દિઙ્નાગે પ્રત્યક્ષના લક્ષણ સંબંધી નૈયાયિક, મીમાંસક આદિના મતોનું ખંડન કર્યું છે (**પ્રમાણસમુચ્ચય, ૧.૧૯થી**). તેનો જવાબ વાત્સ્યાયનના ટીકાકાર ઉદ્યોતકર (**ન્યાયવાર્તિક, ૧.૧.૪**) અને શાબરના ટીકાકાર કુમારિલ (**શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ. શ્લોક ૪૨થી**) વગેરેએ આપ્યો છે. ઈસ્વીસનની છઠ્ઠી, સાતમી શતાબ્દી સુધી તો આ તાર્કિકોની એક પ્રથા જ થઈ ગઈ જણાય છે કે પોતાના લક્ષણગ્રંથોમાં મતાન્તરોનું ખંડન કર્યા વિના સ્વમતસ્થાપન પૂરેપુરું થયું ન ગણાય.

જૈન પરંપરામાં પણ પ્રમાણના લક્ષણ સંબંધી સ્વમતપ્રતિપાદન તો આપણે આગમયુગથી દેખીએ છીએ અને આ જ પ્રથા ઉમાસ્વાતિ સુધી બરાબર ચાલતી આવી જણાય છે પરંતુ તેમાં મતાન્તરના કંઈક ખંડનનો પ્રવેશ પૂજ્યપાદથી (**સર્વાર્થસિદ્ધિ, ૧.૧૦**) થયો જણાય છે. પ્રમાણલક્ષણ સંબંધી પરમતોનું પ્રધાનપણે ખંડન કરનારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન તાર્કિકોમાં સૌપ્રથમ અકલંક જ છે — ન્યાયવિનિશ્ચય, સિદ્ધિવિનિશ્ચય આદિ. ઉત્તરવર્તી દિગમ્બર શ્વેતાંબર બધા તાર્કિકોએ અકલંકઅવલંબિત ખંડનમાર્ગને અપનાવીને પોતપોતાના પ્રમાણવિષયક લક્ષણગ્રંથોમાં બૌદ્ધ, વૈદિક સમ્મત લક્ષણોનું વિસ્તારથી ખંડન કર્યું છે. આચાર્ય હેમચન્દ્રે આ પ્રથાનું અવલંબન લઈને અહીં ન્યાય, બૌદ્ધ, મીમાંસા અને સાંખ્યદર્શન સમ્મત પ્રત્યક્ષલક્ષણોનું પૂર્વ પરંપરા અનુસાર જ ખંડન કર્યું છે.

પૃ. ૧૩૩ '**व्याख्यावैमुख्येन**' — વાચસ્પતિ મિશ્ર અને તેમના ગુરુ ત્રિલોચનના[1] પહેલાં ન્યાયસૂત્રના વ્યાખ્યાકાર તરીકે વાત્સ્યાયન અને ઉદ્યોતકર બે જ પ્રસિદ્ધ છે. તે બેમાંથી વાત્સ્યાયને ન્યાયસૂત્રના (૧.૧.૩) ભાષ્યમાં પ્રત્યક્ષ પ્રમાણ તરીકે સન્નિકર્ષનું[2] પણ સ્પષ્ટ કથન કર્યું છે જેવું વાચસ્પતિ મિશ્રને ન્યાયસૂત્રની (૧.૧.૩) પોતાની વ્યાખ્યામાં અભિપ્રેત છે. તેવી જ રીતે ઉદ્યોતકરે પણ ન્યાયસૂત્રના (૧.૧.૩) વાર્તિકમાં(પૃ. ૨૯) ભાષ્યને અનુસરીને સન્નિકર્ષ અને જ્ઞાન બન્નેયને પ્રત્યક્ષ પ્રમાણ માનીને તેનું સબળ સમર્થન કર્યું છે. વાચસ્પતિની ન્યાયસૂત્રની (૧.૧.૪) વ્યાખ્યાનું પણ એ જ તાત્પર્ય છે. આમ જ્યારે વાચસ્પતિનું તાત્પર્ય વાત્સ્યાયન અને ઉદ્યોતકરની વ્યાખ્યાથી ભિન્ન નથી તો પછી આચાર્ય હેમચન્દ્રનું '**पूर्वाचार्यकृत-व्याख्यावैमुख्येन**' આ કથન વાચસ્પતિની બાબતમાં કેવી રીતે સંગત થઈ શકે એ પ્રશ્ન છે. આનો ઉત્તર કેવળ એટલો જ છે કે ન્યાયસૂત્રની (૧.૧.૪) વાત્સ્યાયન અને ઉદ્યોતકરકૃત વ્યાખ્યા સીધી છે. તેમાં 'यतः' વગેરે કોઈ પદનો અધ્યાહાર નથી કરવામાં આવ્યો જેવો કે વાચસ્પતિ મિશ્રે તે સૂત્રની વ્યાખ્યામાં કર્યો છે. તાત્પર્યમાં ભેદ ન હોવા છતાં પણ પૂર્વાચાર્યનાં વ્યાખ્યાનોમાં 'यतः' પદના અધ્યાહારનો અભાવ અને વાચસ્પતિના વ્યાખ્યાનમાં 'यतः' પદના અધ્યાહારનું અસ્તિત્વ જોઈને આચાર્ય હેમચન્દ્રે વાચસ્પતિના વિષયમાં 'पूर्वाचार्यकृतव्याख्यावैमुख्येन' કહ્યું છે.

**પૃ. ૧૩૩ 'यतःशब्दा' — તાત્પર્યટીકા, પૃ. ૧૦૮, ૧૨૫. ન્યાયમંજરી, પૃ. ૧૨, ૬૬.**

પૃ. ૧૩૪ '**अप्राप्यकारित्वात्**' — ઇન્દ્રિયોનો પોતપોતાના વિષય સાથે

---

૧. त्रिलोचनगुरून्नीतमार्गानुगमनोन्मुखैः ।
यथामानं यथावस्तु व्याख्यातमिदमीदृशम् ॥ **તાત્પર્યટીકા, પૃ. ૧૩૩.**

૨. अक्षस्याक्षस्य प्रतिविषयं वृत्तिः प्रत्यक्षम् । वृत्तिस्तु सन्निकर्षो ज्ञानं वा, यदा सन्निकर्षस्तदा ज्ञानं प्रमितिः, यदा ज्ञानं तदा हानोपादानोपेक्षाबुद्धयः फलम् । **ન્યાયભાષ્ય, ૧.૧.૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સન્નિકર્ષ થાય તો જ પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમાં કોઈને મતભેદ નથી. પરંતુ સન્નિકર્ષના સ્વરૂપમાં થોડોક મતભેદ છે જેના આધાર ઉપર પ્રાપ્યાપ્રાપ્યકારિત્વનો એક વાદ ખડો થઈ ગયો અને બધા દાર્શનિકોની ચર્ચાનો વિષય બની ગયો.

સાંખ્ય (**સાંખ્યસૂત્ર**, ૧.૮૭), ન્યાય (**ન્યાયસૂત્ર**, ૩.૧. ૩૩-૫૩), વૈશેષિક (**કન્દલી**, પૃ. ૨૩), જૈમિનીય (**શાબરભાષ્ય**, ૧.૧.૧૩) આદિ બધાં વૈદિક દર્શનો પોતપોતાની પ્રક્રિયા મુજબ પાંચે બહિરિન્દ્રિયોને પ્રાપ્યકારી માને છે. બૌદ્ધદર્શન બહિરિન્દ્રયોમાં ઘ્રાણ, રસન, સ્પર્શન ત્રણને જ પ્રાપ્યકારી માને છે, ચક્ષુ અને શ્રોત્રને પ્રાપ્યકારી માનતા નથી — **अप्राप्तान्यक्षिमनःश्रोत्राणि त्रयमन्यथा ।** (**અભિધર્મકોશ**, ૨.૪૩). જૈન દર્શન (**આવશ્યકનિર્યુક્તિ**, ૫. **તત્ત્વાર્થસૂત્ર**, ૧.૧૯) કેવળ ચક્ષુ સિવાય બાકીની ચાર ઇન્દ્રિયોને પ્રાપ્યકારી માને છે.

આ પ્રાપ્યાપ્રાપ્યકારિત્વની ચર્ચા લગભગ બે હજાર વર્ષ પહેલેથી શરૂ થઈ જણાય છે, પછી ક્રમશઃ તે ઉત્તરોત્તર વિસ્તૃત બનતી બનતી જટિલ અને મનોરંજક પણ બની ગઈ.

પૃ. ૧૩૪ '**अथ प्राप्यकारि**' — **ન્યાયવાર્તિક**, પૃ. ૩૬. **ન્યાયમંજરી**, પૃ. ૭૩.

પૃ. ૧૩૫ '**सौगतास्तु**' — બૌદ્ધ ન્યાયશાસ્ત્રમાં પ્રત્યક્ષલક્ષણની બે પરંપરાઓ દેખાય છે — પહેલી અભ્રાન્તપદ રહિત અને બીજી અભ્રાન્તપદ સહિત. પહેલી પરંપરાના પુરસ્કર્તા દિઙ્નાગ છે અને બીજીના ધર્મકીર્તિ છે. **પ્રમાણસમુચ્ચય** (૧.૩) અને **ન્યાયપ્રવેશ**(પૃ. ૭)માં પહેલી પરંપરા અનુસાર લક્ષણ અને વ્યાખ્યાન છે. **ન્યાયબિન્દુ** (૧.૪) અને તેની ધર્મોત્તરીય આદિ વૃત્તિમાં બીજી પરંપરા અનુસાર લક્ષણ અને વ્યાખ્યાન છે. શાન્તરક્ષિતના **તત્ત્વસંગ્રહ**માં (**કારિકા ૧૨૧૪**) ધર્મકીર્તિની બીજી પરંપરાનું જ સમર્થન કરવામાં આવ્યું છે. જણાય છે કે શાન્તરક્ષિતના સમય સુધી બૌદ્ધ તાર્કિકોમાં બે પક્ષ સ્પષ્ટતઃ થઈ ગયા હતા જેમાં એક પક્ષ અભ્રાન્તપદ વિના જ પ્રત્યક્ષનું પૂર્ણ લક્ષણ માનીને પીત શંખ આદિ ભ્રાન્ત જ્ઞાનોમાં પણ (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૨૪થી**) દિઙ્નાગકથિત પ્રમાણલક્ષણ ઘટાવવાનો પ્રયત્ન કરતા હતા.

એ પક્ષને જવાબ આપતાં દિઙ્નાગના મતનું તાત્પર્ય શાન્તરક્ષિતે એવી રીતે દર્શાવ્યું છે કે જેનાથી દિઙ્નાગના અભ્રાન્તપદરહિત લક્ષણવાક્યનું સમર્થન પણ થાય અને અભ્રાન્તપદસહિતની ધર્મકીર્તીય પરંપરાનું વાસ્તવિકત્વ પણ ટકી રહે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાન્તરક્ષિત અને તેમના શિષ્ય કમલશીલ બન્નેની દૃષ્ટિમાં દિઙ્નાગ અને ધર્મકીર્તિનું સમાન સ્થાન હતું. તેથી તેમણે બન્ને વિરોધી બૌદ્ધ તાર્કિક પક્ષોનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો.

બૌદ્ધેતર તર્કગ્રંથોમાં ઉક્ત બન્ને બૌદ્ધ પરંપરાઓનું ખંડન મળે છે. ભામહના **કાવ્યાલંકાર** (૫.૬, પૃ. ૩૨) અને ઉદ્યોતકરના **ન્યાયવાર્તિક**માં (૧.૧.૪, પૃ. ૪૧) દિઙ્નાગીય પ્રત્યક્ષલક્ષણનો જ ઉલ્લેખ મળે છે પરંતુ ઉદ્યોતકર પછીના વાચસ્પતિ (**તાત્પર્યટીકા, પૃ. ૧૫૪**), જયન્ત (**ન્યાયમંજરી, પૃ. ૫૨**), શ્રીધર (**કન્દલી, પૃ. ૧૯૦**) અને શાલિકનાથ (**પ્રકરણપંચિકા, પૃ. ૪૭**) વગેરે બધા પ્રસિદ્ધ વૈદિક વિદ્વાનોની કૃતિઓમાં ધર્મકીર્તીય પ્રત્યક્ષલક્ષણનો પૂર્વપક્ષ તરીકે ઉલ્લેખ છે.

જૈન આચાર્યોએ જે બૌદ્ધસમ્મત પ્રત્યક્ષલક્ષણનું ખંડન કર્યું છે તેમાં દિઙ્નાગીય અને ધર્મકીર્તીય બન્ને લક્ષણોનો નિર્દેશ અને પ્રતિવાદ મળે છે. સિદ્ધસેન દિવાકરની કૃતિ મનાતા ન્યાયાવતારમાં જૈન પરંપરાનુસારી પ્રમાણલક્ષણમાં જે બાધવર્જિતપદ (ન્યાયાવતાર, ૧) છે તે શું અક્ષપાદના (**ન્યાયસૂત્ર, ૧.૧.૪**) પ્રત્યક્ષલક્ષણગત અવ્યભિચારિપદનું પ્રતિબિંબ છે યા કુમારિલકર્તૃક મનાતા **'तत्रापूर्वार्थविज्ञानं प्रमाणं बाधवर्जितम्'** લક્ષણગત બાધવર્જિતપદની અનુકૃતિ છે યા ધર્મકીર્તીય (**ન્યાયબિન્દુ, ૧.૪**) અભ્રાન્તપદનું રૂપાન્તર છે યા સ્વયં દિવાકરનું મૌલિક ઉદ્ભાવન છે એ એક વિચારણીય પ્રશ્ન છે. જે હો તે, પરંતુ એ તો નિશ્ચિત જ છે કે આચાર્ય હેમચન્દ્રનું બૌદ્ધ પ્રત્યક્ષ વિષયક ખંડન ધર્મકીર્તીય પરંપરાને નજરમાં રાખીને જ છે, દિઙ્નાગીય પરંપરાને નજરમાં રાખીને નથી.

પૃ. ૧૩૫ **'अभिलाप'** — બૌદ્ધ લક્ષણગત કલ્પનાપોઢપદમાં રહેલા કલ્પનાશબ્દના અર્થના સંબંધમાં ખુદ તાર્કિકોમાં અનેક ભિન્ન ભિન્ન મતો હતા જેનો કંઈક ખ્યાલ શાન્તરક્ષિતની તેની સાથે સંબંધ ધરાવતી વિસ્તૃતચર્ચા (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૨૧૪થી**) ઉપરથી આવી શકે છે, અને અનેક વૈદિક અને જૈન તાર્કિકો જેમણે બૌદ્ધ પક્ષનું ખંડન કર્યું છે તેમના વિસ્તૃત ઊહાપોહાત્મક ખંડનગ્રંથોમાંથી પણ કલ્પનાશબ્દના મનાતા અનેક અર્થોની જાણકારી મળે છે.[1] ખાસ કરીને જ્યારે આપણે કેવળ ખંડનપ્રધાન ગ્રન્થ **તત્ત્વોપપ્લવ**ને (પૃ. ૪૧) દેખીએ છીએ ત્યારે તો કલ્પના શબ્દના પ્રચલિત અને સંભવિત લગભગ બધા અર્થો યા તદ્વિષયક મતોનો એક જબરો

૧. **ન્યાયવાર્તિક, પૃ. ૪૧. તાત્પર્યટીકા, પૃ. ૧૫૩. કંદલી, પૃ. ૧૯૧. ન્યાયમંજરી, પૃ. ૯૨-૯૫. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૧૮૫. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૮ B.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટો સંગ્રહ આપણી સામે ઉપસ્થિત થાય છે.

આવું હોવા છતાં પણ આચાર્ય હેમચન્દ્રે તો માત્ર ધર્મકીર્તિને અભિમત (**ન્યાયબિન્દુ, ૧.૫**) કલ્પનાસ્વરૂપનો — જેનો સ્વીકાર અને સમર્થન શાન્તરક્ષિતે પણ (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૨૧૪**) કર્યું છે — જ ઉલ્લેખ પોતાના ખંડનગ્રંથમાં કર્યો છે, અન્ય કલ્પનાસ્વરૂપનો નથી કર્યો.

પૃ. ૧૩૫ '**निर्विकल्पोत्तरकाल**' — **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૦૯.**

પૃ. ૧૩૭ '**जैमिनीयास्तु**' — મીમાંસાદર્શનમાં પ્રત્યક્ષ પ્રમાણના સ્વરૂપનો નિર્દેશ સૌ પ્રથમ **જૈમિનીય(૧.૧.૪)**સૂત્રમાં જ મળે છે. આ સૂત્ર ઉપર શાબરભાષ્ય ઉપરાંત અન્ય પણ વ્યાખ્યાઓ અને વૃત્તિઓ હતી. તેમાંથી ભવદાસની વ્યાખ્યા આ સૂત્રને પ્રત્યક્ષલક્ષણનું વિધાયક માનનારી હતી — **શ્લોકવાર્તિકન્યાયરત્નાકરટીકા પ્રત્યક્ષ. શ્લોક ૧.** બીજી કોઈ વ્યાખ્યા આ સૂત્રને વિધાયક નહિ પણ અનુવાદક માનનારી હતી — **શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ, શ્લોક ૧૬.** કોઈ વૃત્તિ એવી પણ હતી (**શાબરભાષ્ય, ૧.૧.૫**) જે આ સૂત્રના શાબ્દિક વિન્યાસમાં મતભેદ રાખીને પાઠાન્તર માનનારી હતી અર્થાત્ સૂત્રમાં જે સત્ અને તત્ શબ્દોનું ક્રમિક સ્થાન છે તેને બદલે તત્ અને સત્ શબ્દોનો વ્યત્યય માનતી હતી.

કુમારિલે આ સૂત્રને લક્ષણના વિધાનરૂપે યા સ્વતન્ત્ર અનુવાદરૂપ માનનારા પૂર્વમતોનો નિરાસ કરીને પોતાની અનોખી રીતે છેવટે તે સૂત્રને અનુવાદરૂપ જ સ્થાપ્યું છે અને સાથે સાથે જ પેલા પાઠાન્તર માનનારા મતનો પણ નિરાસ કર્યો છે (**શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ, શ્લોક ૧-૩૯**), જેમ પ્રભાકરે પોતાના **બૃહતી** ગ્રન્થમાં કર્યું છે તેમ. પ્રત્યક્ષલક્ષણ પરક પ્રસ્તુત જૈમિનીય સૂત્રનું ખંડન મીમાંસકભિન્ન વૈદિક, બૌદ્ધ અને જૈન બધા તાર્કિકોએ કર્યું છે. બૌદ્ધ પરંપરામાં સૌપ્રથમ ખંડન કરનાર દિઙ્નાગ (**પ્રમાણસમુચ્ચય, ૧.૩૭**) જણાય છે. તેમનું અનુસરણ શાન્તરક્ષિત વગેરેએ કર્યું છે. વૈદિક પરંપરામાં પ્રથમ ખંડન કરનાર ઉદ્યોતકર જ (**ન્યાયવાર્તિક, પૃ. ૪૩**) જણાય છે. વાચસ્પતિ તો ઉદ્યોતકરના ટીકાકાર જ છે (**તાત્પર્યટીકા, પૃ. ૧૫૫**) પરંતુ જયંતે (**ન્યાયમંજરી, પૃ.૧૦૦**) તેનું ખંડન વિસ્તારથી અને સ્વતંત્ર રીતે કર્યું છે. જૈન પરંપરામાં તેનું ખંડન કરનાર સૌપ્રથમ અકલંક યા વિદ્યાનન્દ (**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૧૮૭ શ્લોક ૩૭**) જણાય છે. અભયદેવ (**સન્મતિટીકા, પૃ. ૫૩૪**) આદિએ તેમનું જ અનુસરણ કર્યું છે. આચાર્ય હેમચન્દ્રે પોતાના પૂર્વવર્તી જૈન તાર્કિકોનું આ જૈમિનીય સૂત્રના ખંડનમાં જે અનુસરણ કર્યું છે તે જયન્તના ન્યાયમંજરીગત ખંડનભાગનું જ પ્રતિબિંબ માત્ર છે, આવું જ બીજા જૈન તાર્કિક


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથોની બાબતમાં છે (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૩૮૧**).

ખંડન કરતી વખતે આચાર્ય હેમચન્દ્રે કુમારિલસમ્મત અનુવાદભંગીનો નિર્દેશ કર્યો છે અને પેલા વ્યત્યયવાળા પાઠાન્તરનો પણ નિર્દેશ કર્યો છે.

પૃ. ૧૩૭ '**अत्र संशयविपर्यय**' — **શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ. શ્લોક ૧૦.**

પૃ. ૧૩૭ '**अथ सत्संप्रयोग इति सता**' — भवदासेन हि सता सम्प्रयोग इति उक्तम् । — **શ્લોકવાર્તિકન્યાયરત્નાકર, પ્રત્યક્ષ. શ્લોક ૩૯.**

પૃ. ૧૩૭ '**अथ सति सम्प्रयोग**' — **શાબરભાષ્ય, ૧.૧.૪.**

પૃ. ૧૩૯ '**श्रोत्रादिवृत्ति**' — સાંખ્ય પરંપરામાં પ્રત્યક્ષલક્ષણના મુખ્ય ત્રણ પ્રકાર છે. પહેલો પ્રકાર વિન્ધ્યવાસીના લક્ષણનો છે જેને વાચસ્પતિએ વાર્ષગણ્યના નામથી નિર્દિષ્ટ કર્યો છે — **તાત્પર્યટીકા, પૃ. ૧૫૫.** બીજો પ્રકાર ઈશ્વરકૃષ્ણના લક્ષણનો છે (**સાંખ્યકારિકા, ૫**) અને ત્રીજો પ્રકાર સાંખ્યસૂત્રગત (**સાંખ્યસૂત્ર, ૧.૮૯**) લક્ષણનો છે.

બૌદ્ધો, જૈનો અને નૈયાયિકોએ સાંખ્યના પ્રત્યક્ષલક્ષણનું ખંડન કર્યું છે. ધ્યાનમાં રાખવાની વાત એ છે કે વિન્ધ્યવાસીના લક્ષણનું ખંડન તો બધાએ કર્યું છે પરંતુ ઈશ્વરકૃષ્ણ જેવા પ્રાચીન સાંખ્યાચાર્યના લક્ષણનું ખંડન કેવળ જયન્તે જ કર્યું છે (**ન્યાયમંજરી, પૃ. ૧૧૯**) અને સાંખ્યસૂત્રગત લક્ષણનું ખંડન તો કોઈએ પણ કર્યું નથી.

બૌદ્ધોમાં પ્રથમ ખંડનકાર દિઙ્નાગ (**પ્રમાણસમુચ્ચય, ૧.૨૭**), નૈયાયિકોમાં પ્રથમ ખંડનકાર ઉદ્યોતકર (**ન્યાયવાર્તિક, પૃ. ૪૩**) અને જૈનોમાં પ્રથમ ખંડનકાર અકલંક (**ન્યાયવિનિશ્ચય, ૧. ૧૬૫**) જ જણાય છે.

આચાર્ય હેમચન્દ્રે સાંખ્યના લક્ષણખંડનમાં પૂર્વાચાર્યોનું અનુસરણ કર્યું છે પરંતુ તેમનું ખંડન ખાસ કરીને જયન્તકૃત (**ન્યાયમંજરી, પૃ. ૧૦૯**) ખંડનાનુસારી છે. જયન્તે જ વિન્ધ્યવાસી અને ઈશ્વરકૃષ્ણ બન્નેના લક્ષણપ્રકારોનું ખંડન કર્યું છે, હેમચન્દ્રે પણ જયન્તના શબ્દોમાં બન્ને લક્ષણોનું ખંડન કર્યું છે.

પૃ. ૧૪૧ '**प्रमाणविषय**' — તુલના — तत्र यस्येप्साजिहासाप्रयुक्तस्य प्रवृत्तिः स प्रमाता, स येनार्थं प्रमिणोति तत् प्रमाणम्, योऽर्थः प्रमीयते तत् प्रमेयम्, यत् अर्थविज्ञानं सा प्रमितिः, चतसृषु चैवंविधास्वर्थतत्त्वं परिसमाप्यते । **ન્યાયભાષ્ય, ૧.૧.૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અ.૧ આ.૧. સૂત્ર ૩૦-૩૩, પૃ. ૧૪૧-૧૫૮. વિશ્વના સ્વરૂપ વિષયક ચિન્તનનું મૂળ ઋગ્વેદથી પણ પ્રાચીન છે.[1] આ ચિન્તનના ફળરૂપે વિવિધ દર્શનો ક્રમશઃ વિકસ્યાં અને સ્થપાયાં જે સંક્ષેપમાં પાંચ પ્રકારોમાં સમાઈ જાય છે — કેવલ નિત્યવાદ, કેવલ અનિત્યવાદ, પરિણામી નિત્યવાદ, નિત્યાનિત્ય ઉભયવાદ અને **નિત્યાનિત્યાત્મકવાદ.** કેવલ બ્રહ્મવાદી વેદાન્તી કેવલ નિત્યવાદી છે કારણ કે તેમના મતે **અનિત્યત્વ આભાસિક માત્ર છે.** બૌદ્ધ ક્ષણિકવાદી હોવાથી કેવલ અનિત્યવાદી **છે. સાંખ્યયોગાદિ ચેતનભિન્ન જગતને** પરિણામી નિત્ય માને છે તેથી તેઓ પરિણામી નિત્યવાદી છે. ન્યાય-**વૈશેષિક આદિ** કેટલાક પદાર્થોને કેવળ નિત્ય અને કેટલાકને કેવળ અનિત્ય માનતા હોવાથી નિત્યાનિત્ય ઉભયવાદી છે. જૈનદર્શન બધા પદાર્થોને નિત્યાનિત્યાત્મક માનતું હોવાથી નિત્યાનિત્યાત્મકવાદી છે. નિત્યાનિત્યત્વવિષયક દાર્શનિકોના ઉક્ત સિદ્ધાન્તો શ્રુતિ અને આગમકાલીન તેમના પોતપોતાના ગ્રંથોમાં સ્પષ્ટપણે વર્ણવાયેલા મળે છે અને ઓછેવત્તો વિરોધી મન્તવ્યોનો પ્રતિવાદ પણ તેમનામાં જોવા મળે છે — **સૂત્રકૃતાંગ, ૧.૧. ૧૫-૧૮.** આ રીતે તર્કયુગ પહેલાં પણ વિશ્વના સ્વરૂપ અંગે નાના દર્શનો અને તેમનામાં પારસ્પરિક પક્ષ-પ્રતિપક્ષભાવ સ્થપાઈ ચૂક્યા હતા.

તર્કયુગના અર્થાત્ લગભગ બે હજાર વર્ષના દર્શનસાહિત્યમાં તે પારસ્પરિક પક્ષ-પ્રતિપક્ષભાવના આધાર ઉપર તે દર્શનો પોતપોતાનાં મન્તવ્યોનું સમર્થન અને વિરોધી મન્તવ્યોનું ખંડન વિશેષ-વિશેષ યુક્તિ-તર્ક દ્વારા કરતાં દેખાય છે. આ તર્કયુદ્ધના પરિણામે તર્કપ્રધાન દર્શનગ્રન્થોમાં આ નિરૂપણ બધા દાર્શનિકો માટે આવશ્યક બની ગયું કે પ્રમાણનિરૂપણ પછી પ્રમાણના વિષયનું સ્વરૂપ પોતપોતાની દૃષ્ટિએ દર્શાવવું, પોતાના મંતવ્યની કોઈ કસોટી રાખવી અને તે કસોટીને પોતાના જ પક્ષમાં લાગુ પાડી પોતાના પક્ષની યથાર્થતા સાબિત કરવી અને વિરોધી પક્ષોમાં તે કસોટીનો અભાવ દર્શાવી તે પક્ષોની અવાસ્તવિકતા સાબિત કરવી.

આચાર્ય હેમચન્દ્રે આ તર્કયુગની શૈલીનું અનુકરણ કરીને પ્રસ્તુત ચાર સૂત્રોમાં પ્રમાણના વિષય તરીકે સમસ્ત વિશ્વ અંગેનો જૈનદર્શનસમ્મત સિદ્ધાન્ત, તેની કસોટી, અને તે કસોટીનો પોતાના પક્ષમાં જ સંભવ એ બધું દર્શાવ્યું છે. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયાત્મકત્વ, નિત્યાનિત્યત્વ યા સદસદાત્મકત્વ આદિરૂપ જે આગમોમાં વિશેષ યુક્તિ, હેતુ યા કસોટી સિવાય વર્ણવાયેલું મળે છે (**ભગવતી, શતક ૧ ઉદ્દેશ ૩; શતક**

---

૧. एकं सद् विप्रा बहुधा वदन्ति । **ઋગ્વેદ, અષ્ટ.૨. અ.૩ વ.૨૩. મ. ૪૬. નાસદીયસૂક્ત, ઋગ્વેદ, ૧૦.૧૨૯. હિરણ્યગર્ભસૂક્ત, ઋગ્વેદ, ૧૦.૧૨૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯ ઉદ્દેશ ૩૩) તેને જ આચાર્ય હેમચન્દ્રે દર્શાવ્યું છે, પરંતુ તર્ક અને હેતુપૂર્વક. તર્કયુગમાં વસ્તુસ્વરૂપની નિશ્ચાયક જે વિવિધ કસોટીઓ મનાતી હતી જેવી કે ન્યાયસમ્મત સત્તાયોગરૂપ સત્ત્વ, સાંખ્યસમ્મત પ્રમાણવિષયત્વરૂપ સત્ત્વ તથા બૌદ્ધસમ્મત અર્થક્રિયાકારિત્વરૂપ સત્ત્વ ઈત્યાદિ તે બધીમાંથી અન્તિમ અર્થાત્ અર્થક્રિયાકારિત્વને જ આચાર્ય હેમચન્દ્ર કસોટી તરીકે સ્વીકારે છે જે કસોટી સંભવતઃ સૌપ્રથમ બૌદ્ધ તાર્કિકો દ્વારા (**પ્રમાણવાર્તિક, ૩.૩.**) જ ઉદ્ભાવિત કરવામાં આવેલી જણાય છે. જે અર્થક્રિયાકારિત્વની કસોટીને લાગુ પાડીને બૌદ્ધ તાર્કિકોએ વસ્તુમાત્રમાં સ્વાભિમત ક્ષણિકત્વ સિદ્ધ કર્યું છે અને જે કસોટી દ્વારા જ તેમણે કેવલ નિત્યવાદ (**તત્ત્વસંગ્રહ, કારિકા ૩૯૪થી**) અને જૈનસમ્મત નિત્યાનિત્યાત્મકવાદ વગેરેનું (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૭૩૮થી**) વિકટ તર્કજાળથી ખંડન કર્યું છે તે જ કસોટીને હેમચન્દ્રે પોતાના પક્ષને લાગુ પાડીને જૈનસમ્મત નિત્યાનિત્યાત્મકત્વવાદનું અર્થાત્ દ્રવ્યપર્યાયાત્મકત્વવાદનું સયુક્તિક સમર્થન કર્યું છે અને વેદાન્ત આદિના કેવલ નિત્યવાદ તથા બૌદ્ધોના કેવલ અનિત્યત્વવાદનું એ જ કસોટી દ્વારા પ્રબળ ખંડન પણ કર્યું છે.

પૃ. ૧૪૧ **'लाघवमपि'** — તુલના — **ન્યાયબિન્દુટીકા, ૧.૧૭.**

પૃ. ૧૪૧ **'द्रवति'** — પ્રાકૃત-પાલી દવ્વ-દબ્બ શબ્દ અને સંસ્કૃત દ્રવ્ય શબ્દ બહુ પ્રાચીન છે. લોકવ્યવહારમાં તથા કાવ્ય, વ્યાકરણ, આયુર્વેદ, દર્શન વગેરે અનેક શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન અર્થોમાં તેનો પ્રયોગ પણ બહુ પ્રાચીન અને રૂઢ જણાય છે. તેના પ્રયોગ-પ્રચારની વ્યાપકતાને જોઈને પાણિનિએ પોતાની અષ્ટાધ્યાયીમાં તેને સ્થાન આપીને બે રીતે તેની વ્યુત્પત્તિ દર્શાવી છે જેનું અનુકરણ પછીથી બધા વૈયાકરણોએ કર્યું છે. તદ્ધિત પ્રકરણમાં દ્રવ્ય શબ્દના સાધક ખાસ જે બે સૂત્ર (૫.૩.૧૦૪; ૪.૩.૧૬૧) રચવામાં આવ્યાં છે તેમના સિવાય દ્રવ્ય શબ્દની સિદ્ધિનો એક ત્રીજો પ્રકાર કૃત્ પ્રકરણમાં છે. તદ્ધિત અનુસાર પહેલી વ્યુત્પત્તિ આ છે કે દ્રુ = વૃક્ષ યા કાષ્ઠ + ય = વિકાર યા અવયવ અર્થાત્ વૃક્ષ યા કાષ્ઠનો વિકાર તથા અવયવ દ્રવ્ય. બીજી વ્યુત્પત્તિ આ પ્રમાણે છે – દ્રુ = કાષ્ઠ + ય = તુલ્ય અર્થાત્ જેમ સીધું અને સાફ સરળ લાકડું બનાવ્યા પછી તે ઈષ્ટ આકાર ધારણ કરી શકે છે તેમ જ જે રાજપુત્ર આદિ શિક્ષણ આપ્યા પછી રાજયોગ્ય ગુણો ધારણ કરવાને પાત્ર છે તે ભાવી ગુણોની યોગ્યતાના કારણે દ્રવ્ય કહેવાય છે. આ જ રીતે અનેક ઉપકારોની યોગ્યતા ધરાવવાના કારણે ધન પણ દ્રવ્ય કહેવાય છે. કૃદન્ત પ્રકરણ અનુસાર ગતિ-પ્રાપ્તિ અર્થવાળા દ્રુ ધાતુને કર્માર્થક ય પ્રત્યય લાગતાં પણ દ્રવ્ય શબ્દ નિષ્પન્ન થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે જેનો અર્થ થાય છે 'પ્રાપ્તિયોગ્ય અર્થાત્ જેને અનેક અવસ્થાઓ પ્રાપ્ત થાય છે'. આમ અહીં વ્યાકરણના નિયમાનુસારની ઉક્ત ત્રણ પ્રકારની વ્યુત્પત્તિમાં લોક-શાસ્ત્રમાં પ્રસિદ્ધ દ્રવ્ય શબ્દના બધા અર્થોનો કોઈ ને કોઈ રીતે સમાવેશ થઈ જ જાય છે.

જો કે જૈન સાહિત્યમાં પણ લગભગ તે જ બધા અર્થોમાં પ્રયુક્ત દ્રવ્ય શબ્દ જોવા મળે છે તેમ છતાં દ્રવ્ય શબ્દના પ્રયોગની જૈન પરિપાટી અનેક અંશોમાં બીજાં બધાં શાસ્ત્રોથી ભિન્ન પણ છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ આદિ નિક્ષેપના પ્રસંગમાં (**તત્ત્વાર્થસૂત્ર ૧.૫**); દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિના પ્રસંગમાં (**ભગવતી, શતક ૨ ઉદ્દેશ ૧**); દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનયના પ્રસંગમાં (**તત્ત્વાર્થભાષ્ય, ૫.૩૧**); દ્રવ્યાચાર્ય (**પંચાશક, ૬**), ભાવાચાર્ય આદિના પ્રસંગમાં; દ્રવ્યકર્મ, ભાવકર્મ આદિના પ્રસંગમાં પ્રયુક્ત થયેલો દ્રવ્ય શબ્દ જૈન પરિભાષા અનુસાર ખાસ ખાસ અર્થનો બોધક છે જે અર્થ તદ્ધિત પ્રકરણસાધિત ભવ્ય – યોગ્ય – અર્થવાળા દ્રવ્ય શબ્દની બહુ નજીક છે અર્થાત્ તે બધા અર્થ ભવ્ય અર્થના ભિન્ન ભિન્ન રૂપાન્તર છે. વિશ્વના મૌલિક પદાર્થોના અર્થમાં પણ દ્રવ્ય શબ્દ જૈનદર્શનમાં મળે છે જેમકે જીવ, પુદ્ગલ આદિ છ દ્રવ્ય.

ન્યાય, વૈશેષિક વગેરે દર્શનોમાં (**વૈશેષિકસૂત્ર, ૧.૧.૧૫**) દ્રવ્ય શબ્દ ગુણ-કર્માધારના અર્થમાં પ્રસિદ્ધ છે જેમ કે પૃથ્વી, જલ આદિ નવ દ્રવ્ય. આ અર્થને લઈને પણ **ઉત્તરાધ્યયન** (૨૮.૬) જેવા પ્રાચીન આગમમાં દ્રવ્ય શબ્દ જૈનદર્શનસમ્મત છ દ્રવ્યોમાં લાગુ પાડવામાં આવેલો દેખાય છે. મહાભાષ્યકાર પતંજલિએ (**પાતંજલ મહાભાષ્ય, પૃ. ૫૮**) અનેક ભિન્ન ભિન્ન સ્થળે દ્રવ્ય શબ્દના અર્થની ચર્ચા કરી છે. તેમણે એક જગાએ કહ્યું છે કે ઘડાને તોડીને કુંડી અને કુંડીને તોડીને ઘડો બનાવવામાં આવે છે અને કટક, કુંડલ આદિ ભિન્ન ભિન્ન અલંકાર એકબીજાને તોડી એકબીજાને બદલે બનાવવામાં આવે છે તેમ છતાં તે બધી ભિન્નભિન્નકાલીન ભિન્ન ભિન્ન આકૃતિઓમાં જે માટી યા સુવર્ણ નામનું તત્ત્વ કાયમ રહે છે તે જ અનેક ભિન્ન ભિન્ન આકારોમાં સ્થિર રહેનારું તત્ત્વ દ્રવ્ય કહેવાય છે. દ્રવ્ય શબ્દની આ વ્યાખ્યા યોગસૂત્રના **વ્યાસભાષ્ય**માં (૩.૧૩) જેમની તેમ છે અને મીમાંસક કુમારિલે પણ તે જ વ્યાખ્યા લીધી છે (**શ્લોકવાર્તિક, વનવાદ શ્લોક ૨૧-૨૨**). પતંજલિએ બીજી જગાએ (**પાતંજલ મહાભાષ્ય, ૪.૧.૩; ૫.૧.૧૧૯**) ગુણસમુદાયને યા ગુણસન્દ્રાવને દ્રવ્ય કહેલ છે. આ વ્યાખ્યા બૌદ્ધ પ્રક્રિયામાં વિશેષ સંગત છે. જુદા જુદા ગુણોનો પ્રાદુર્ભાવ થતો રહેતો હોવા છતાં અર્થાત્ જૈન પરિભાષા અનુસાર પર્યાયોનો નવો નવો ઉત્પાદ થતો રહેતો હોવા છતાં પણ જેની મૌલિકતાનો નાશ થતો નથી તે દ્રવ્ય છે એવી સંક્ષિપ્ત વ્યાખ્યા પણ પતંજલિના **મહાભાષ્ય**માં (૫.૧.૧૧૯) છે. મહાભાષ્યપ્રસિદ્ધ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછીના વ્યાસભાષ્ય, શ્લોકવાર્તિક આદિમાં સમર્થિત, દ્રવ્ય શબ્દની ઉક્ત બધી વ્યાખ્યાઓ જૈન પરંપરામાં ઉમાસ્વાતિનાં સૂત્ર અને ભાષ્યમાં (૫.૨૯, ૩૦, ૩૭) સૌપ્રથમ સંગૃહીત થયેલી દેખાય છે. જિનભદ્ર ક્ષમાશ્રમણે તો પોતાના ભાષ્યમાં (**વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૨૮**) પોતાના સમય સુધી પ્રચલિત બધી વ્યાખ્યાઓનો સંગ્રહ કરીને દ્રવ્ય શબ્દનું નિર્વચન દર્શાવ્યું છે.

અકલંકના (**લઘીયસ્ત્રયી, ૨.૧**) જ શબ્દોમાં વિષયનું સ્વરૂપ દર્શાવતાં આચાર્ય હેમચન્દ્રે દ્રવ્ય શબ્દનો પ્રયોગ કરીને તેનો આગમપ્રસિદ્ધ અને વ્યાકરણ તથા દર્શનાન્તરસમ્મત ધ્રુવભાવ (શાશ્વત, સ્થિર) અર્થ જ દર્શાવ્યો છે. એવો અર્થ દર્શાવતી વખતે તેની જે વ્યુત્પત્તિ દેખાડી છે તે કૃત્ પ્રકરણાનુસારી અર્થાત્ દ્રુ ધાતુ + ય પ્રત્યય જનિત છે.

પ્રમાણવિષયના સ્વરૂપકથનમાં દ્રવ્યશબ્દની સાથે પર્યાયશબ્દનો પણ પ્રયોગ છે. સંસ્કૃત, પ્રાકૃત, પાલી જેવી શાસ્ત્રીય ભાષાઓમાં તે શબ્દ બહુ પુરાણો અને પ્રસિદ્ધ છે પરંતુ જૈન દર્શનમાં તેનો જે પારિભાષિક અર્થ છે તે અર્થ અન્ય દર્શનોમાં નથી દેખાતો. ઉત્પાદ-વિનાશશાલી યા આવિર્ભાવ-તિરોભાવવાળા જે ધર્મો, જે વિશેષો, જે અવસ્થાઓ દ્રવ્યગત હોય છે તે જ પર્યાય કે પરિણામ નામથી જૈન દર્શનમાં પ્રસિદ્ધ છે જેમના માટે ન્યાય-વૈશેષિક આદિ દર્શનોમાં ગુણ શબ્દ પ્રયુક્ત થાય છે. ગુણ, ક્રિયા આદિ બધા દ્રવ્યગત ધર્મોના અર્થમાં આચાર્ય હેમચન્દ્રે પર્યાયશબ્દનો પ્રયોગ કર્યો છે પરંતુ ગુણ તથા પર્યાય શબ્દની બાબતમાં જૈન દર્શનનો ઈતિહાસ ખાસ જ્ઞાતવ્ય છે.

ભગવતી આદિ પ્રાચીનતર આગમોમાં ગુણ અને પર્યાય બન્ને શબ્દો દેખાય છે. **ઉત્તરાધ્યયન**માં (૨૮.૧૩) તેમનો અર્થભેદ સ્પષ્ટ છે. કુન્દકુન્દ, ઉમાસ્વાતિ (**તત્ત્વાર્થસૂત્ર, ૫.૩૭**) અને પૂજ્યપાદે પણ તે જ અર્થભેદનું કથન અને સમર્થન કર્યું છે. વિદ્યાનન્દે પણ પોતાના તર્કવાદથી તે જ ભેદનું સમર્થન કર્યું છે પરંતુ વિદ્યાનન્દના પૂર્વવર્તી અકલંકે ગુણ અને પર્યાયના અર્થોનો ભેદાભેદ દર્શાવ્યો છે જેનું અનુકરણ અમૃતચન્દ્રે પણ કર્યું છે અને તેવું જ ભેદાભેદસમર્થન તત્ત્વાર્થભાષ્યની ટીકામાં સિદ્ધસેને કર્યું છે. આ વિષયમાં સિદ્ધસેન દિવાકરનું એક નવું પ્રસ્થાન જૈન તત્ત્વજ્ઞાનમાં શરૂ થાય છે જેમાં ગુણ અને પર્યાય બન્ને શબ્દોને કેવળ એકાર્થક જ સ્થાપવામાં આવ્યા છે અને કહ્યું છે કે તે બન્ને શબ્દો પર્યાયમાત્ર છે. દિવાકરની અભેદસમર્થક યુક્તિ એ છે કે આગમોમાં જો ગુણપદનો પર્યાયપદથી ભિન્ન અર્થ અભિપ્રેત હોત તો જેમ ભગવાને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે પ્રકારની દેશના આપી છે તેમ તેઓ ત્રીજી ગુણાર્થિક દેશના પણ આપત. જણાય છે કે આ યુક્તિની અસર હરિભદ્ર ઉપર પડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેના કારણે તેમણે પણ અભેદવાદ જ માન્ય રાખ્યો. જો કે દેવસૂરિએ ગુણ અને પર્યાય બન્નેનો અર્થભેદ દર્શાવવાની ચેષ્ટા કરી છે (**પ્રમાણનયતત્ત્વાલોક, ૫.૭, ૮**) તેમ છતાં જણાય છે કે તેમના દિલ પર પણ અભેદનો જ પ્રભાવ છે. આચાર્ય હેમચન્દ્રે તો વિષયલક્ષણસૂત્રમાં ગુણપદને સ્થાન જ નથી આપ્યું અને ન તો તેમણે ગુણ-પર્યાય શબ્દોના અર્થવિષયક ભેદાભેદની ચર્ચા કરી. આ ઉપરથી આચાર્ય હેમચન્દ્રનું આ અંગેનું મન્તવ્ય સ્પષ્ટ થઈ જાય છે — તેઓ પણ અભેદના જ સમર્થક છે. ઉપાધ્યાય યશોવિજયજીએ પણ આ જ અભેદપક્ષની સ્થાપના કરી છે. આ વિસ્તૃત ઇતિહાસને આધારે એટલું કહી શકાય કે આગમ જેવા પ્રાચીન યુગમાં ગુણ-પર્યાય બન્ને શબ્દોનો પ્રયોગ થતો રહ્યો હશે. તર્કયુગના પ્રારંભ અને વિકાસની સાથે સાથે જ તેમના અર્થવિષયક ભેદ-અભેદની ચર્ચા શરૂ થઈ અને આગળ વધી. પરિણામે ભિન્ન ભિન્ન આચાર્યોએ આ વિષયમાં પોતાનાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુ પ્રકટ કર્યાં અને સ્થાપ્યાં પણ[1].

આ પ્રસંગમાં ગુણ અને પર્યાય શબ્દના અર્થવિષયક પારસ્પરિક ભેદાભેદની જેમ પર્યાય-ગુણ અને દ્રવ્ય આ બન્નેના પારસ્પરિક ભેદાભેદ વિષયક ચર્ચાનો દાર્શનિક ઇતિહાસ જાણવા યોગ્ય છે. ન્યાય-વૈશેષિક આદિ દર્શન ભેદવાદી હોવાથી પહેલેથી આજ સુધી ગુણ, કર્મ વગેરેનો દ્રવ્યથી ભેદ માને છે. અભેદવાદી સાંખ્ય, વેદાન્ત આદિ તેમનો દ્રવ્યથી અભેદ માનતા આવ્યા છે. આ ભેદ-અભેદના પક્ષો બહુ પુરાણા છે કારણ કે ખુદ મહાભાષ્યકાર પતંજલિ આ અંગે મનોરંજક અને વિશદ ચર્ચા શરૂ કરે છે. તે પ્રશ્ન ઊઠાવે છે કે દ્રવ્ય શબ્દ, સ્પર્શ આદિ ગુણોથી અન્ય છે કે અનન્ય ? બન્ને પક્ષોને સ્પષ્ટ કરીને પછી તે અન્તે ભેદપક્ષનું સમર્થન કરે છે[2].

JAINSITE

૧. આ વિષયનાં બધાં પ્રમાણો માટે જુઓ **સન્મતિટીકા, પૃ. ૬૩૧, ટિપ્પણ ૪.**

૨. किं पुनर्द्रव्यं के पुनर्गुणाः । शब्दस्पर्शरूपरसगन्धा गुणास्ततोऽन्यद् द्रव्यम् । किं पुनरन्यच्छब्दादिभ्यो द्रव्यमाहोस्विदनन्यत् । गुणस्यायं भावात् द्रव्ये शब्दनिवेशं कुर्वन् ख्यापयत्यन्यच्छब्दादिभ्यो द्रव्यमिति । अनन्यच्छब्दादिभ्यो द्रव्यम् । न ह्यन्यदुपलभ्यते । पशोः खल्वपि विशसितस्य पर्णशते न्यस्तस्य नान्यच्छब्दादिभ्य उपलभ्यते । अन्यच्छब्दादिभ्यो द्रव्यम् । तत् त्वनुमानगम्यम् । तद्यथा । ओषधिवनस्पतीनां वृद्धिह्रासौ । ज्योतिषां गतिरिति । कोसावनुमानः । इह समाने वर्ष्मणि परिणाहे च अन्यत्तुलाग्रं भवति लोहस्य अन्यत् कार्पासानां यत्कृतो विशेषस्तद् द्रव्यम् । तथा कश्चिदेकेनैव प्रहारेण व्यपवर्गं करोति कश्चित् द्वाभ्यामपि न करोति । यत्कृतो विशेषस्तद् द्रव्यम् । अथवा यस्य गुणान्तरेष्वपि प्रादुर्भवत्सु तत्त्वं न विहन्यते तद् द्रव्यम् । किं पुनस्तत्त्वम् । तद्भावस्तत्त्वम् । तद्यथा । आमलकादीनां फलानां रक्तादयः पीतादयश्च गुणाः प्रादुर्भवन्ति । आमलकं बदरमित्येव भवति । अन्वर्थं खलु निर्वचनं गुणसंद्रावो द्रव्यमिति । **પાતંજલ મહાભાષ્ય, ૫.૧.૧૧૯.**

જાણવા યોગ્ય ખાસ વાત તો એ છે કે ગુણ-દ્રવ્ય યા ગુણ-પર્યાયના જે ભેદાભેદની સ્થાપના અને સમર્થન માટે સિદ્ધસેન, સમન્તભદ્ર આદિ જૈન તાર્કિકોએ પોતાની કૃતિઓમાં ખાસ્સો પુરુષાર્થ કર્યો છે તે જ ભેદાભેદનું સમર્થન મીમાંસકધુરીણ કુમારિલે પણ ખૂબ સ્પષ્ટતા અને તર્કવાદથી કર્યું છે — જુઓ **શ્લોકવાર્તિક, આકૃતિવાદ શ્લોક ૪-૬૪; વનવાદ શ્લોક ૨૧-૮૦.**

જેમ અન્ય જૈનાચાર્યોને દ્રવ્ય-પર્યાયનો પારસ્પરિક ભેદાભેદવાદ જ સમ્મત છે તેમ આચાર્ય હેમચન્દ્રને પણ દ્રવ્ય-પર્યાયનો પારસ્પરિક ભેદાભેદવાદ જ સમ્મત છે.

પૃ. ૧૪૧ '**पूर्वोत्तरविवर्त**' — તુલના — परापरविवर्तव्यापि-द्रव्यमूर्ध्वता मृदिव स्थासादिषु । **પરીક્ષામુખ, ૪.૫. પ્રમાણનયતત્ત્વાલોક, ૫.૫.**

પૃ. ૧૪૨ '**दोहिं**' — વ્યાખ્યા — द्रव्यार्थिकपर्यायार्थिकनयाभ्यां प्रणीतं शास्त्रम् उलूकेन वैशेषिकशास्त्रप्रणेत्रा द्रव्यगुणादेः पदार्थषट्कस्य नित्यानित्यैकान्तरूपस्य तत्र प्रतिपादनात्... ... ततश्चैतत् शास्त्रं तथापि मिथ्यात्वम् तत्प्रदर्शितपदार्थषट्कस्य प्रमाणबाधितत्वात् .... जं सविसय इत्यादिना गाथापश्चार्द्धेन हेतुमाह — यस्मात् स्वविषयप्रधानताव्यवस्थि-ताऽन्योन्यनिरपेक्षोभयनयाश्रितं तत्, अन्योन्यनिरपेक्षनयाश्रितत्वस्य मिथ्यात्वादिनाऽविनाभूतत्वात् । — **સન્મતિટીકા, પૃ. ૬૫૬, ૭૦૪.**

પૃ. ૧૪૪ '**तत्र न द्रव्यैकरूपो**' — ભારતીય દર્શનોમાં કેવલ નિત્યત્વ, કેવલ અનિત્યત્વ, નિત્યાનિત્ય ઉભય, અને પરિણામિનિત્યત્વ આ ચાર વાદોનાં મૂલ ભગવાન મહાવીર અને બુદ્ધના પહેલાં દેખાય છે પરંતુ આ વાદોની વિશેષ સ્પષ્ટ સ્થાપનાની અને તે સ્થાપનાને અનુકૂળ યુક્તિવાદની જાણકારી તે પુરાણા સમયના સાહિત્યમાં નથી મળતી. બુદ્ધે પ્રાચીન અનિત્યત્વની ભાવના ઉપર એટલું બધું જોર દીધું કે જેથી આગળ જઈને ક્રમશઃ બે પરિણામ દર્શનક્ષેત્રમાં પ્રકટ થયાં. એક તો એ કે બીજા બધા વાદો તે અનિત્યત્વ અર્થાત્ ક્ષણિકત્વવાદની વિરુદ્ધ કટિબદ્ધ થઈ ખડા થઈ ગયા અને બધાએ પોતાનું સ્થાપન પોતાની રીતે કરતી વખતે ક્ષણિકત્વનો નિરાસ કરવા પ્રબળ પ્રયત્ન કર્યો. બીજું પરિણામ એ આવ્યું કે ખુદ બૌદ્ધ પરંપરામાં ક્ષણિકત્વવાદ જે મૂળમાં વૈરાગ્યપોષક ભાવનારૂપ હોવાથી એક નૈતિક યા ચારિત્રીય વસ્તુસ્વરૂપ હતો તેણે તત્ત્વજ્ઞાનનું પૂરું વ્યાપક રૂપ ધારણ કર્યું અને તે તેના સમર્થકો અને વિરોધીઓની દૃષ્ટિમાં અન્ય તાત્ત્વિક વિષયોની જેમ તાત્ત્વિક રૂપથી જ ચર્ચાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષય બની ગયો.

બુદ્ધ, મહાવીરના સમયથી લઈને અનેક શતાબ્દીઓ સુધીના સાહિત્યમાં આપણે દેખીએ છીએ કે પ્રત્યેક વાદની સત્યતાની કસોટી એકમાત્ર બંધમોક્ષવ્યવસ્થા અને કર્મ-ફલના કર્તૃત્વ-ભોક્તૃત્વવ્યવસ્થા રહી છે.[1] કેવલ અનિત્યત્વવાદી બૌદ્ધોની પોતાના પક્ષની યથાર્થતા અંગેની દલીલ એ જ રહી કે આત્મા વગેરેને કેવલ નિત્ય માનવાથી ન તો બન્ધમોક્ષની વ્યવસ્થા ઘટી શકે છે કે ન તો કર્મ-ફલના કર્તૃત્વ-ભોક્તૃત્વનું સામાનાધિકરણ્ય પણ. કેવલ નિત્યત્વવાદી ઐપનિષદ આદિ દાર્શનિકોની (બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય ૨.૨.૧૯) પણ બૌદ્ધ વાદની વિરુદ્ધ એ જ દલીલ રહી. પરિણામિનિત્યત્વવાદી જૈનદર્શને પણ કેવલ નિત્યત્વ અને કેવલ અનિત્યત્વ વાદોની વિરુદ્ધ એ જ કહ્યું કે આત્મા કેવલ નિત્યમાત્ર કે કેવલ અનિત્યમાત્ર હોય તો સંસાર-મોક્ષની વ્યવસ્થા, કર્મના કર્તાને જ કર્મફલ મળવાની વ્યવસ્થા, મોક્ષોપાયરૂપે દાન આદિ શુભ કર્મનું વિધાન અને દીક્ષા આદિનું ઉપાદાનત્વ વગેરે ઘટી શકાતાં નથી.[2]

ભારતીય દર્શનોના તાત્ત્વિક ચિન્તનનું ઉત્થાન અને ખાસ કરીને તેનું પોષણ અને તેનો વિકાસ કર્મસિદ્ધાન્ત અને સંસારનિવૃત્તિ તથા મોક્ષપ્રાપ્તિની ભાવનામાંથી ફલિત થયાં છે. તેથી શરૂઆતમાં એ સ્વાભાવિક હતું કે પ્રત્યેક દર્શન પોતાના વાદની યથાર્થતામાં અને બીજાં દર્શનોના વાદોની અયથાર્થતામાં તે જ કર્મસિદ્ધાન્ત વગેરેની દુહાઈ દે. પરંતુ જેમ જેમ અધ્યાત્મમૂલક આ દાર્શનિક ક્ષેત્રમાં તર્કવાદનો પ્રવેશ અધિકાધિક થવા લાગ્યો અને તે ક્રમશઃ ત્યાં સુધી વધ્યો કે શુદ્ધ તર્કવાદની સામે આધ્યાત્મિકવાદ એક રીતે ગૌણ જેવો બની ગયો ત્યારે કેવલ નિત્યત્વ આદિ ઉક્ત વાદોની સત્યતાની કસોટી પણ બીજી આવી ગઈ. તર્કે કહ્યું જે અર્થક્રિયાકારી છે તે જ વસ્તુ સત્ હોઈ શકે છે, બીજી નહિ. અર્થક્રિયાકારિત્વની આ તાર્કિક કસોટીનું શ્રેય, જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, બૌદ્ધ પરંપરાને છે. તેથી એ સ્વાભાવિક છે કે બૌદ્ધ દાર્શનિક ક્ષણિકત્વના પક્ષમાં તે કસોટીનો ઉપયોગ કરે અને બીજા વાદોની વિરુદ્ધ પણ. આપણે જોઈએ છીએ કે થયું છે પણ તેમ જ. બૌદ્ધોએ કહ્યું કે જે ક્ષણિક *નથી તે અર્થક્રિયાકારી હોઈ શકે જ નહિ અને જે અર્થક્રિયાકારી નથી તે સત્*

---

૧. तदेवं सत्त्वभेदे कृतहानमकृताभ्यागमः प्रसज्यते — सति च सत्त्वोत्पादे सत्त्वनिरोधे च अकर्मनिमित्तः सत्त्वसर्गः प्राप्नोति तत्र मुक्त्यर्थो ब्रह्मचर्यवासो न स्यात्। **ન્યાયભાષ્ય, ૩.૧.૪.**

૨. दव्वट्ठियस्स जो चेव कुणइ सो चेव वेयए णियमा। अण्णो करेइ अण्णो परिभुंजइ पज्जयणयस्स॥ **સન્મતિ, ૧.૫૨.** न बन्धमोक्षौ क्षणिकैकसंस्थौ न संवृतिः सापि मृषास्वभावा। मुख्यादृते गौणविधिर्न दृष्टो विभ्रान्तदृष्टिस्तव दृष्टितोऽन्या॥ **યુક્ત્યનુશાસન, કારિકા ૧૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાત્ પારમાર્થિક હોઈ શકે નહિ — આવી વ્યાપ્તિ નિર્મિત કરીને તેમણે કેવલનિત્યપક્ષમાં અર્થક્રિયાકારિત્વનો અસંભવ દર્શાવવા માટે ક્રમ અને યૌગપદ્યની જટિલ વિકલ્પજાળ રચી અને તે વિકલ્પજાળથી છેવટે સિદ્ધ કર્યું કે કેવલ નિત્યપદાર્થ અર્થક્રિયા કરી જ શકતો નથી તેથી તેવો પદાર્થ પારમાર્થિક હોઈ શકે નહિ — **વાદન્યાય, પૃ. ૬.** બૌદ્ધોએ કેવલનિત્યત્વવાદની (**તત્ત્વસંગ્રહ, કારિકા ૩૯૪**) જેમ જૈનદર્શનસમ્મત પરિણામિનિત્યત્વવાદ અર્થાત્ દ્રવ્યપર્યાયાત્મકવાદ યા એક વસ્તુને દ્વિરૂપ માનનાર વાદના નિરાસમાં પણ તે જ અર્થક્રિયાકારિત્વની કસોટીનો ઉપયોગ કર્યો — **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૭૩૮.** તેમણે કહ્યું કે એક જ પદાર્થ સત્ અસત્ ઉભયરૂપ ન ઘટી શકે કેમકે એક જ પદાર્થને અર્થક્રિયાનો કરનારો અને ન કરનારો કેવી રીતે કહી શકાય ? આમ બૌદ્ધોના પ્રતિવાદી દર્શનો વૈદિક અને જૈન એમ બે વિભાગોમાં વહેંચાઈ જાય છે.

વૈદિક પરંપરામાં, જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, સૌ પ્રથમ વાચસ્પતિ મિશ્ર અને જયન્તે આ બૌદ્ધોદ્ભાવિત અર્થક્રિયાકારિત્વની કસોટીનો પ્રતિવાદ કર્યો. જો કે વાચસ્પતિ અને જયન્તનું લક્ષ્ય એક જ છે અને તે એ કે અક્ષણિક અને નિત્ય વસ્તુ સિદ્ધ કરવી તો પણ તેમણે અર્થક્રિયાકારિત્વ જેને બૌદ્ધોએ કેવલનિત્યપક્ષમાં અસંભવ દર્શાવ્યું હતું તેનો બૌદ્ધસમ્મત ક્ષણિકપક્ષમાં અસંભવ દર્શાવતાં ભિન્ન ભિન્ન વિચારસરણીનું અનુસરણ કર્યું છે. વાચસ્પતિએ સાપેક્ષત્વ-અનપેક્ષત્વનો વિકલ્પ કરીને ક્ષણિકમાં અર્થક્રિયાકારિત્વનો અસંભવ સાબિત કર્યો (**તાત્પર્યટીકા, પૃ. ૫૫૪-૬. ન્યાયકણિકા, પૃ. ૧૩૦-૬**), તો જયન્તે બૌદ્ધ સ્વીકૃત ક્રમયૌગપદ્યની વિકલ્પજાલને જ લઈને બૌદ્ધવાદનું ખંડન કર્યું — **ન્યાયમંજરી, પૃ. ૪૫૩, ૪૬૪.** ભદન્ત યોગસેને પણ, જેમનો પૂર્વપક્ષી તરીકે નિર્દેશ કમલશીલે તત્ત્વસંગ્રહપંજિકામાં કર્યો છે, બૌદ્ધસમ્મત ક્ષણિકવાદ વિરુદ્ધ જે વિકલ્પજાલ રચી છે તેમાં પણ બૌદ્ધસ્વીકૃત ક્રમયૌગપદ્યવિકલ્પચક્રને જ બૌદ્ધો વિરુદ્ધ ચલાવ્યું છે — **તત્ત્વસંગ્રહ, કારિકા ૪૨૮થી.** જો કે ભદન્ત વિશેષણ હોવાથી યોગસેનના બૌદ્ધ હોવાની સંભાવના કરવામાં આવે છે તેમ છતાં જ્યાં સુધી બૌદ્ધ પરંપરામાં નિત્યત્વ યા સ્થિરવાદના પોષક પક્ષના અસ્તિત્વની પ્રામાણિક જાણકારી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ જ કલ્પના કરવી ઠીક રહેશે કે કદાચ તે જૈન, આજીવક યા સાંખ્યપરિવ્રાજક હોય. જે હો તે, એ તો નિશ્ચિત છે જ કે બૌદ્ધોની અર્થક્રિયાકારિત્વવાળી તાર્કિક કસોટીને લઈને જ બૌદ્ધસમ્મત ક્ષણિકત્વવાદનું ખંડન નિત્યવાદી વૈદિક વિદ્વાનોએ કર્યું.

ક્ષણિકત્વવાદના બીજા પ્રબળ પ્રતિવાદી જૈનો રહ્યા છે. તેમણે તર્કયુગમાં ક્ષણિકત્વનિરાસ તે જ અર્થક્રિયાકારિત્વવાળી બૌદ્ધોદ્ભાવિત તાર્કિક કસોટીને આધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યો છે. જ્યાં સુધી જાણીએ છીએ ત્યાં સુધી, જૈન પરંપરામાં સૌપ્રથમ આ કસોટી દ્વારા ક્ષણિકત્વનો નિરાસ કરનારા અકલંક[1] છે. તેમણે તે કસોટી દ્વારા ક્ષણિકત્વવાદનું ખંડન પણ તેવી રીતે જ કર્યું જેવી રીતે ભદન્ત યોગસેન અને જયન્તે કર્યું છે. એ વાત યાદ રાખવા જેવી છે કે નિત્યત્વ યા ક્ષણિકત્વ આદિ વાદોનાં ખંડન-મંડનમાં વિવિધ વિકલ્પ સાથે અર્થક્રિયાકારિત્વની કસોટીનો પ્રવેશ તર્કયુગમાં થયો તો પણ ઉક્ત વાદોનાં ખંડન-મંડનમાં કામમાં લેવાયેલી પ્રાચીન બંધમોક્ષવ્યવસ્થા આદિ કસોટીનો ઉપયોગ બિલકુલ શૂન્ય ન થયો, તે ગૌણમાત્ર અવશ્ય થઈ ગયો.

એક જ વસ્તુની દ્રવ્ય-પર્યાયરૂપે યા સદસદ્ અને નિત્યાનિત્ય આદિ રૂપે જૈન અને જૈમિનીય આદિ દર્શનસમ્મત દ્વિરૂપતાનું બૌદ્ધોએ જે ખંડન કર્યું (**તત્ત્વસંગ્રહ, કારિકા ૨૨૨, ૩૧૧, ૩૧૨**), તેનો જવાબ બૌદ્ધોની જ વિકલ્પજાલજટિલ અર્થક્રિયા-કારિત્વવાળી દલીલ દ્વારા દેવાનું અકલંક આદિ જૈનાચાર્યોએ શરૂ કર્યું જેનું અનુસરણ પછીના બધા જૈન તાર્કિકોએ કર્યું છે. આચાર્ય હેમચન્દ્ર પણ એ જ માર્ગનું અવલંબન લઈને અહીં પહેલાં કેવલનિત્યત્વવાદનું ખંડન બૌદ્ધોના જ શબ્દોમાં કરે છે અને કેવલક્ષણિકત્વવાદનું ખંડન પણ ભદન્ત યોગસેન યા જયન્ત આદિના શબ્દોમાં કરે છે અને સાથે સાથે જ જૈન દર્શનસમ્મત દ્રવ્યપર્યાયવાદના સમર્થન માટે તે જ કસોટીનો ઉપયોગ કરીને કહે છે કે અર્થક્રિયાકારિત્વ જૈનવાદપક્ષમાં જ ઘટી શકે છે.

પૃ. ૧૪૪ '**समर्थोऽपि**' — તુલના — **ભામતી, ૨.૨.૨૬.**

પૃ. ૧૪૮ '**पर्यायैकान्त**' — તુલના — **તત્વસંગ્રહ, કારિકા ૪૨૮-૪૩૪.**

પૃ. ૧૪૮ '**सन्तानस्य**' — બૌદ્ધદર્શન ક્ષણિકવાદી હોવાથી કોઈ પણ વસ્તુને એક ક્ષણથી અધિક સ્થિર નથી માનતું. તે કાર્યકારણભાવરૂપથી પ્રવૃત્ત ક્ષણિક ભાવોના અવિચ્છિન્ન પ્રવાહને સંતાન કહીને તેના દ્વારા એકત્વ-સ્થિરત્વ આદિની પ્રતીતિ ઘટાવે છે. પરંતુ તે સન્તાન નામની કોઈ ચીજને ક્ષણિકભિન્ન પારમાર્થિક સત્ય તરીકે નથી સ્વીકારતું. તેના મતે જેમ અનેક વૃક્ષો માટે વન શબ્દનો વ્યવહાર કેવળ સાંકેતિક છે તેમ જ સન્તાન શબ્દ પણ ભિન્ન ભિન્ન ક્ષણિક ભાવોને માટે જ સાંકેતિક છે. આ ભાવનું પ્રતિપાદન ખુદ બૌદ્ધ વિદ્વાનોએ જ પોતપોતાના પાલી તથા સંસ્કૃત ગ્રંથોમાં કર્યું છે — **વિસુદ્ધિમગ્ગો, પૃ. ૫૮૫; બોધિચર્યાવતાર, પૃ. ૩૩૪; તત્ત્વસંગ્રહ, કારિકા ૧૮૭૭.**

---

૧. अर्थक्रिया न युज्येत नित्यक्षणिकपक्षयोः ।
क्रमाक्रमाभ्यां भावानां सा लक्षणतया मता ॥ **લઘીયસ્ત્રયી, ૨.૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૌદ્ધસમ્મત ક્ષણિકવાદનો વિરોધ બધાં વૈદિક દર્શનો અને જૈનદર્શને પણ કર્યો છે. તેમણે કોઈ ને કોઈ રીતે સ્થિરત્વ સિદ્ધ કરવા માટે બૌદ્ધસમ્મત સન્તાન પદના અર્થની યથાર્થ સમાલોચના કરી છે. જૈનદર્શનને ક્ષણવાદ ઇષ્ટ હોવા છતાં બૌદ્ધદર્શનની જેમ કેવલ કાલ્પનિક સન્તાન ઇષ્ટ નથી. તે તો બે યા અધિક ક્ષણો વચ્ચે એક વાસ્તવિક સ્થિર અન્વયાંશને માને છે (**તત્ત્વાર્થસૂત્ર ૫.૨૯**) જેને બૌદ્ધદર્શન નથી માનતું. સન્તાનના ખંડનના વિષયમાં આચાર્ય હેમચન્દ્રે સન્તાનખંડનકારી પૂર્વવર્તી વૈદિક અને જૈન પરંપરાનું અનુસરણ કર્યું છે.[1]

પૃ. ૧૫૧ **'सत्तायोगात्'** — તુલના — **લઘીયસ્ત્રયી, ૪.૧૦. અન્યયોગવ્યવચ્છેદિકા, ૭-૮.**

પૃ. ૧૫૨ **'न चासौ'** — એક જ વસ્તુને યથાસંભવ અનેક દૃષ્ટિઓથી વિચારવી અને તદનુસાર તેનું પ્રતિપાદન કરવું એ અનેકાન્તદૃષ્ટિ યા અને‘ ન્તવાદ છે. આ ભાવના સૂચક અનેકાન્તવાદ, સ્યાદ્વાદ, વિભજ્યવાદ આદિ શબ્દ પ્રસિદ્ધ છે. આ શબ્દો બુદ્ધ-મહાવીરના સમકાલીન અને તેમના કંઈક પૂર્વવર્તી સાહિત્ય સુધીમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓમાં લગભગ તે જ ભાવમાં પ્રયુક્ત થયેલા મળે છે.[2] ભગવાન મહાવીરના સમકાલીન બૌદ્ધ અને વૈદિક દર્શનોમાં તથા તેમના કંઈક પૂર્વવર્તી વૈદિક દર્શનો સુધીમાં આપણે દેખીએ છીએ કે તે દર્શનો પોતપોતાને અભિમત સિદ્ધાન્તનો કેવળ એક જ દૃષ્ટિએ વિચાર કરતા ન હતા, તેઓ પણ યથાસંભવ વિવિધ દૃષ્ટિઓથી પોતપોતાના સિદ્ધાન્તનું સ્થાપન કરતાં હતાં.[3] આવી દશામાં એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે ભગવાન મહાવીર જેવા આધ્યાત્મિક અને ગંભીર પુરુષે પોતાને જ અનેકાન્તવાદી યા વિભજ્યવાદી કેમ કહ્યા ? અથવા તો એમ કહો કે જૈનદર્શનને જ અનેકાન્તવાદી યા વિભજ્યવાદી કેમ સમજવામાં આવ્યું ? તેનો ખુલાસો એ જણાય છે કે બેશક પ્રસિદ્ધ વૈદિક બૌદ્ધ આદિ દર્શનોમાં પણ તત્ત્વનું ચિન્તન અનેક દૃષ્ટિઓથી થતું હતું તો પણ મહાવીરનું એ દૃઢ મન્તવ્ય હતું અને સાચું પણ હતું કે બૌદ્ધ સિદ્ધાન્તમાં તાત્ત્વિકરૂપે ક્ષણિકત્વને જ સ્થાન છે, તેમાં નિત્યત્વ ઉપચરિત યા અવાસ્તવિકરૂપમાં મનાયું છે; તેવી જ રીતે ઔપનિષદાદિ સિદ્ધાન્તોમાં આત્મા આદિ તાત્ત્વિકરૂપે નિત્ય જ છે, અનિત્યત્વ યા પરિણામમાત્ર ઔપચારિક યા અવાસ્તિવકરૂપે માનવામાં આવે

---

૧. **ન્યાયમંજરી, પૃ. ૪૬૪. અષ્ટશતી-અષ્ટસહસ્રી, પૃ. ૧૬૫.**

૨. **સૂત્રકૃતાંગ, ૧.૧૪. ૧૯-૨૨. મજ્ઝિમનિકાય, ૨.૫.૯.**

૩. **મહાવગ્ગ, ૩.૬.૪.૮.** एकं सद् विप्रा बहुधा वदन्ति । **ઋગ્વેદ, અષ્ટ.૨, અ.૩, વ.૨૩. મં. ૪૬.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, જ્યારે મહાવીર આત્મા આદિ પદાર્થોને તાત્ત્વિકરૂપે નિત્યાનિત્ય ઉભયસ્વરૂપ માનીને ઉભય અંશને સમાનરૂપે વાસ્તવિક જ દર્શાવે છે. બહુ સંભવ છે કે આ દૃષ્ટિભેદને લઈને ભગવાન મહાવીરે પોતાના દર્શનને અનેકાન્ત કહ્યું અને બીજાં દર્શનોને એકાન્ત કહ્યાં. મહાવીરોપદિષ્ટ પ્રાચીન ઉપદેશોમાં આપણે જોઈએ છીએ કે આત્મા, લોક વગેરેના સંબંધમાં તેમની દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક તથા શાશ્વત-અશાશ્વત બન્ને દૃષ્ટિઓ સમપ્રધાન[1] છે; કોઈ એક વાસ્તવિક અને બીજી અવાસ્તવિક નથી. આ જ કારણ છે કે એ પછી આજ સુધીના જૈન વિચારવિકાસમાં આ વિષયમાં કોઈ જ પરિવર્તન દેખાતું નથી. એવું જણાય છે કે એક તત્ત્વની નિરૂપક વિવિધ દૃષ્ટિઓનાં સમપ્રાધાન્ય અને વર્ગીકરણ તરફ ભગવાન મહાવીરનો ખાસ ઝોક હતો એ કારણે તેમના ઉપદેશોમાં નય, નિક્ષેપ[2] આદિ રૂપે દૃષ્ટિઓનું વિભાજન અને તેમનો સંગ્રહ મળે છે, ભલે ને તે પ્રાચીન ઢંગથી જ કેમ ન હોય, તેવું જૈનેતર દર્શનસાહિત્યમાં નથી અને તેના આધાર પર ઉત્તરકાલીન જૈન સાહિત્યમાં નયવાદ, અનેકાન્તવાદ નામનો સ્વતન્ત્ર સાહિત્યપ્રકાર જ વિકસિત થયો.

પ્રાચીન જૈન આગમો જોવાથી જણાય છે કે તે દિવસોમાં આત્મા, લોક (**ભગવતી, શતક ૨ ઉદ્દેશ ૧; શતક ૯ ઉદ્દેશ ૩૩; શતક ૧૨ ઉદ્દેશ ૧૦**)આદિ તાત્ત્વિક પદાર્થ જ નય યા અનેકાન્તની વિચારસરણીના મુખ્ય વિષયો રહ્યા, આચાર નહિ. બૌદ્ધ શાસ્ત્રોને જોવાથી જણાય છે કે બુદ્ધની અનેકાન્ત દૃષ્ટિ મધ્યમપ્રતિપદારૂપે (**સંયુક્તનિકાય, ૫૫. ૨.૨.**) મુખ્યપણે આચારવિષયક જ હતી (**મજ્ઝિમનિકાય, ૧.૧.૩**). યદ્યપિ ઉત્તરકાલીન જૈન સાહિત્યમાં[3] અનેકાન્ત દૃષ્ટિનો ઉપયોગ

---

૧. **ભગવતી, શતક ૧ ઉદ્દેશ ૩; શતક ૯ ઉદ્દેશ ૩૩.**

૨. णामं ठवणा दविये खित्ते काले य। वयणभावे य एसो अणुओगस्स उ णिक्खेवो होई सत्तविहो॥ **આવશ્યકનિર્યુક્તિ, ૧૩૨.** णेगमसंगहववहारउज्जुसुए चेव होइ बोद्धव्वे। सद्देयसमभिरूढे एवंभूए य मूलणया। **આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૭૫૪, સ્થાનાંગસૂત્ર, ૭.**

૩. न य घायउ त्ति हिंसो नाघायंतो त्ति निच्छियमहिंसो। न विरलजीवमहिंसो न य जीवघणं ति तो हिंसो॥ अहणंतो वि हु हिंसो दुट्ठत्तणओ मओ अहिमरो व्व॥ बाहिंतो न वि हिंसो सुद्धत्तणओ जहा विज्जो॥ असुभो जो परिणामो सा हिंसा सो उ बाहिरनिमित्तं। को वि अवेक्खेज्ज न वा जम्हाऽणेगंतियं बज्झं॥ **વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૧૭૬૩, ૧૭૬૪, ૧૭૬૬. આપ્તમીમાંસા, કારિકા ૯૨-૯૫. પુરુષાર્થસિદ્ધ્યુપાય, કારિકા ૪૪-૪૮.** न चैवं जैनप्रक्रियाविदो वदन्ति तैः क्षुद्रमहत्सत्त्ववधसादृश्यवैसादृश्ययोरनेकान्तस्यैवाभ्युपगमात्। तदुक्तं सूत्रकृतांगे–जे केइ *खुद्दगा पाणा अदुवा सन्ति महालया। सरिसं तेहि वेरन्ति असरिसन्ति य णो वए॥* एतेहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जई। एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए। इत्यादि — **યશોવિજયકૃત ધર્મપરીક્ષા, પૃ. ૧૮૩થી.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહિંસા, સત્ય આદિ આચારના વિષયોમાં પણ થયો છે તથાપિ આજ સુધીના નયવાદ અને અનેકાન્તવાદ વિષયક ગ્રન્થોમાં તેની મૂળ પ્રકૃતિનું સ્પષ્ટ દર્શન થાય છે કેમ કે નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ, સામાન્ય, વિશેષ, અભિલાપ્યત્વ, અનભિલાપ્યત્વ વગેરે તાત્ત્વિક ચિન્તનમાં જ તે વાદ સમાપ્ત થઈ જાય છે. અનેકાન્ત દૃષ્ટિએ એક વસ્તુને નિત્યાનિત્ય આદિ દ્વિરૂપ માનનારા કેવળ જૈનો જ નથી પરંતુ મીમાંસક અને સાંખ્ય વગેરે[1] પણ હતા. અને પ્રતિવાદી બૌદ્ધ વગેરે સ્યાદ્વાદનું ખંડન કરતી વખતે જૈનોની સાથે સાથે મીમાંસક, સાંખ્ય, આદિના[2] પણ તાત્ત્વિક મન્તવ્યોનું ખંડન કરે છે. તેમ છતાં શંકર જેવા દાર્શનિકો[3] પણ જૈનોને જ સ્યાદ્વાદી સમજે છે અને કહે છે, મીમાંસક સાંખ્ય વગેરેને નહિ. આનું એક કારણ તો એ જણાય છે કે જૈનદર્શનમાં સ્યાદ્વાદસ્થાપનવિષયક જેટલું અને જેવું પ્રચુર સાહિત્ય રચાયું તેવું મીમાંસક આદિ દર્શનોમાં રચાયું નથી. બીજું કારણ એ છે કે સાંખ્ય, યોગ આદિ[4] દર્શનોમાં આત્મા જે તત્ત્વજ્ઞાનનો મુખ્ય ચિન્ત્ય વિષય છે તેને છોડીને જ પ્રકૃતિ, પરમાણુ આદિમાં નિત્યાનિત્યત્વનું ચિન્તન કરવામાં આવ્યું છે, જ્યારે જૈનદર્શનમાં જડની જેમ ચેતનમાં પણ તુલ્યરૂપે નિત્યાનિત્યત્વાદિનું સમર્થન કરવામાં આવ્યું છે.

એવું જણાય છે કે જૈનેતર તાર્કિકોએ અનેકાન્તવાદનું જે ખંડન શરૂ કર્યું તે તો તે વાદને જૈનાચાર્યોએ પ્રાકૃત આગમોમાંથી સંસ્કૃત રૂપમાં અવતીર્ણ કર્યો ત્યાર પછી જ. વળી, એ પણ જણાય છે કે અનેકાન્તવાદનું ખંડન કરનારા જૈનેતર તાર્કિકોમાં સૌપ્રથમ બૌદ્ધ જ છે.[5] બૌદ્ધ વિદ્વાનોએ અનેકાન્તવાદનું કરેલું ખંડન જોઈને જ વૈદિક

---

૧. तस्मादुभयहानेन व्यावृत्त्यनुगमात्मकः । पुरुषोऽभ्युपगन्तव्यः कुण्डलादिषु सर्पवत् ॥ न चावस्थान्तरोत्पादे पूर्वाऽत्यन्तं विनश्यति । उत्तरानुगुणत्वात्तु सामान्यात्मनि लीयते ॥ **શ્લોકવાર્તિક, આત્મ. શ્લોક ૨૮, ૩૦.** एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्थापरिणामा व्याख्याताः । **યોગસૂત્ર, ૩.૧૩. યોગભાષ્ય, ૩.૧૩. પાતંજલ મહાભાષ્ય પૃ. ૫૮.** ભર્તૃપ્રપંચ જે વેદાન્તી હતા તેમનો મત અનેકાન્ત નામથી પ્રસિદ્ધ હતો કેમ કે તે ભેદાભેદવાદી અને જ્ઞાનકર્મસમુચ્ચયવાદી હતા. **અચ્યુત વર્ષ ૩ અંક ૪ પૃ. ૮-૧૧.**

૨. कल्पनारचितस्यैव वैचित्र्यस्योपवर्णने । को नामातिशयः प्रोक्तो विप्रनिर्ग्रन्थकापिलैः ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૭૭૬.**

૩. अथ विवसनमतं निरस्यते (ब्रह्मसूत्रशांकरभाष्य, २.२.३३) — नैकस्मिन्नसम्भवात् । **બ્રહ્મસૂત્ર, ૨.૨.૩૩થી.**

૪. न प्रकृतिर्न विकृतिः पुरुषः । **સાંખ્યકારિકા, ૩. યોગભાષ્ય, ૧.૨.**

૫. सर्वस्योभयरूपत्वे तद्विशेषनिराकृतेः ।
चोदितो दधि खादेति किमुष्ट्रं नाभिधावति ॥ **પ્રમાણવાર્તિક, ૧.૧૮૩-૧૮૪.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્વાન અનેકાન્તવાદનું ખંડન કરવા તરફ વિશેષ અગ્રેસર થયા. બ્રહ્મસૂત્રગત અનેકાન્તવાદનું ખંડન ખરેખર અસલ જૈનદર્શનને લક્ષ્યમાં રાખી કરવામાં આવ્યું હોય તો પણ તે ખંડન બૌદ્ધકૃત કોઈ ખંડન પછી જ કરવામાં આવ્યું હોવું જોઈએ. એ પણ હોઈ શકે કે મૂળમાં યા અસલમાં તો બ્રહ્મસૂત્રગત ખંડન જૈનદર્શનને લક્ષ્યમાં રાખી ન કરાયું હોય પરંતુ ભર્તૃપ્રપંચ જેવા વેદાન્ત તથા સાંખ્ય-મીમાંસક આદિને લક્ષ્યમાં રાખી કરાયું હોય. બેશક, બ્રહ્મસૂત્રનાં ઉપલબ્ધ ભાષ્યોમાં શાંકરભાષ્ય જ પ્રાચીન છે અને તેમાં જૈનદર્શનને જ પ્રતિપક્ષી સમજીને તે અનેકાન્તવાદના ખંડનનો અર્થ શંકરાચાર્યે લગાવ્યો છે. શંકરાચાર્યના વિશે એ કહેવું દુઃસાહસ ગણાય કે તે મીમાંસક કુમારિલ પ્રતિપાદિત અનેકાન્તને યા સાંખ્ય સિદ્ધાન્તની અનેકાન્તાત્મકતાને જાણતા ન હતા. જો આ કલ્પના બરાબર હોય તો પછી પ્રશ્ન થાય છે કે શંકરાચાર્યે બ્રહ્મસૂત્રગત અનેકાન્તના ખંડનને કેવલ જૈન પ્રક્રિયાપ્રસિદ્ધ અનેકાન્ત, સપ્તભંગી આદિના ખંડન તરીકે જ કેમ ઘટાવ્યું ? એનો ખુલાસો એ જણાય છે કે જેવા અનેકાન્તસ્થાપનવિષયક સ્વતન્ત્ર ગ્રંથો જૈન સાહિત્યમાં રચાયા અને હતા તેવા મીમાંસા અને સાંખ્ય દર્શનમાં ન રચાયા અને ન હતા. તેમનામાં પ્રસંગવશાત્ અનેકાન્તપોષક ચર્ચાઓ મળતી હતી. તેથી જ અનેકાન્ત, સપ્તભંગી આદિના સમર્થક સ્વતન્ત્ર જૈનગ્રંથો દૃષ્ટિગોચર થવાના કારણે શંકરાચાર્યે કેવળ જૈનમત તરીકે જ અનેકાન્તનું ખંડન કર્યું. હેતુબિન્દુના ટીકાકાર અર્ચટે પણ મુખ્યપણે જૈનમત તરીકે જ અનેકાન્તવાદનું ખંડન કર્યું છે[1], તેનું પણ કારણ તે જ હોઈ શકે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

સામાન્યપણે દાર્શનિક ક્ષેત્રમાં આ માન્યતા રૂઢ છે કે જૈનદર્શન જ અનેકાન્તવાદી છે, તેથી જેમ જૈનેતર દાર્શનિક પોતાનાં દર્શનોમાં લભ્ય અનેકાન્ત વિચારની તરફ ધ્યાન આપ્યા વિના જ અનેકાન્તને માત્ર જૈનવાદ સમજીને તેનું ખંડન કરે છે તેમ જૈનાચાર્યો પણ તે વાદને કેવળ પોતાનો જ માનીને તે ખંડનનો પૂરા જોરથી જવાબ આપતાં અનેકાન્તનું વિવિધ રીતે સ્થાપન કરતા આવ્યા છે જેના પરિણામે જૈન સાહિત્યમાં નય, સપ્તભંગી, નિક્ષેપ, અનેકાન્ત આદિનો સમર્થક એક મોટો સ્વતન્ત્ર ગ્રન્થરાશિ નિર્માણ પામ્યો છે.[2] અનેકાન્ત ઉપર જૈનેતર તાર્કિકોએ લગાવેલા દોષોનો ઉદ્ધાર કરતાં જૈનાચાર્ય એવા આઠ દોષોનો ઉલ્લેખ[3] કરે છે. જ્યાં સુધી જોવામાં આવ્યું

૧. **હેતુબિન્દુટીકા, પૃ. ૧૦૫-૧૦૭.**

૨. ઉદાહરણાર્થ — સન્મતિતર્ક, આપ્તમીમાંસા, નયચક્ર, તત્ત્વાર્થરાજવાર્તિક પ્રથમ અધ્યાયનું છઠ્ઠું સૂત્ર અને ચતુર્થાધ્યાયનું અન્તિમસૂત્ર, અનેકાન્તજયપતાકા, અનેકાન્તપ્રવેશ, સ્યાદ્વાદરત્નાકર - પાંચમો અને સાતમો પરિચ્છેદ, અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા, નયપ્રદીપ, નયોપદેશ, નયરહસ્ય, અનેકાન્તવ્યવસ્થા, સપ્તભંગીતરંગિણી વગેરે.

૩. પ્રમાણસંગ્રહ લિખિત, પૃ. ૬૫ A.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે ત્યાં સુધી, એ આઠ દોષોમાંથી ત્રણ દોષોનો સ્પષ્ટરૂપે નામનિર્દેશ તો શંકરાચાર્યકૃત ખંડન (૨.૨.૩૩) અને તત્ત્વસંગ્રહકૃત ખંડન(કારિકા ૧૭૦૯)માંથી મળે છે પરંતુ તે આઠ દોષોનો સ્પષ્ટ નામનિર્દેશ કોઈ એક જગાએ યા તો ભિન્ન ભિન્ન સ્થાનોમાં મળીને પણ દેખવામાં નથી આવ્યો. સંભવ છે કે અનેકાન્તનું ખંડન કરતો એવો પણ કોઈ ગ્રંથ હશે જેમાં તે આઠ દોષોનો સ્પષ્ટ નિર્દેશ હોય. અથવા એ પણ બની શકે કે આવા આઠ દોષોનાં અલગ અલગ નામ અને તેમનાં લક્ષણ કોઈ ગ્રન્થમાં આવ્યાં જ ન હોય. કેવળ અનેકાન્તખંડનપરાયણ વિચારશૈલી અને ભાષારચનાને જોઈને તે ખંડનમાંથી વધુમાં વધુ ફલિત થતા આઠ દોષોનાં નામ અને લક્ષણ જવાબ દેવા માટે જૈનાચાર્યોએ પોતે જ તારવીને તેમનું યુક્તિપૂર્ણ નિરસન કર્યું હોય એ સંભવે છે. કુમારિલે[1] અનેકાન્ત ઉપર વિરોધ અને સંશયએ બે દોષોની સંભાવના કરીને જ તેમનું નિવારણ કર્યું છે. શંકરાચાર્યના ખંડનમાં (બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય ૨.૨.૩૩) મુખ્યપણે ઉક્ત બે જ દોષ ફલિત થાય છે. શાન્તરક્ષિતના ખંડનમાં ઉક્ત બે દોષો ઉપરાંત સંકર નામના ત્રીજા દોષનો સ્પષ્ટ નિર્દેશ છે (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૭૨૨**).

અનેકાન્તવાદ ઉપર પ્રતિવાદીઓએ દીધેલા દોષોનો ઉદ્ધાર કરનારા જૈનચાર્યોમાં વ્યવસ્થિત અને વિશ્લેષણપૂર્વક તે દોષોનું નિવારણ કરનાર સૌપ્રથમ અકલંક અને હરિભદ્ર જ જણાય છે.[2] તેમનું અનુસરણ પછીના બધા જ જૈન વિદ્વાનોએ કર્યું છે. આચાર્ય હેમચન્દ્રે પણ એ માર્ગને અનુસરી આઠ દોષોનો ઉદ્ધાર કર્યો છે અને સ્યાદ્વાદને એક પૂર્ણ અને નિર્દોષ વાદ તરીકે સ્થાપ્યો છે.

મૂળે સ્યાત્પદયુક્ત હોવાના કારણે કેવળ સપ્તભંગીનું નામ સ્યાદ્વાદ છે. વ્યવહાર, નિશ્ચય, નૈગમ, સંગ્રહ આદિ નય એ બધા નયવાદ અંતર્ગત છે. સ્યાદ્વાદ અને નયવાદ એ બન્ને એકમાત્ર અનેકાન્તવાદમાંથી જ ફલિત થયેલા ભિન્ન ભિન્ન વાદો છે જે 'શૈલી, શબ્દરચના, પૃથક્કરણ વગેરેમાં ભિન્ન હોવા છતાં પણ અનેકાન્તસૂચકના રૂપમાં અભિન્ન છે. જૈન શાસ્ત્રોની વ્યાખ્યાનો નિક્ષેપાત્મક પ્રકાર અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિવાળો પૃથક્કરણપ્રકાર પણ અનેકાન્ત દૃષ્ટિનો જ દ્યોતક છે. અનેકાન્તવાદ એ વ્યાપક શબ્દ છે જેમાં સ્યાદ્વાદ, નયવાદ, નિક્ષેપપદ્ધતિ આદિ બધાંનો સમાવેશ થઈ જાય છે. જો કે આ સમયમાં અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ બન્ને શબ્દો પર્યાય તરીકે વપરાતા દેખાય છે તેમ છતાં સ્યાદ્વાદ મૂળમાં અનેકાન્તવાદનો એક વિશેષ અંશમાત્ર છે.

---

૧. **શ્લોકવાર્તિક, આકૃતિવાદ ૫૪ અને વનવાદ ૭૯-૮૦**

૨. **પ્રમાણસંગ્રહ લિખિત, પૃ. ૯૫ A. અનેકાન્તજયપતાકાટીકા, પૃ. ૩૦થી. શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ૭. ૩૪-૩૮.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૧૫૨ **'વિરોધાદિ'** — અન્ય વાદીઓએ અનેકાન્ત ઉપર દીધેલા દોષોનો પરિહાર જૈન આચાર્યોએ કર્યો છે. આ પરિહારમાં પરિહૃત દોષોની સંખ્યા અંગે તથા તે દોષોના સ્વરૂપ અંગે અનેક પરંપરાઓ છે. ભટ્ટારક અકલંકે સંશય, વિરોધ, વૈયધિકરણ્ય, ઉભયદોષપ્રસંગ, અનવસ્થા, સંકર, અભાવ આ દોષોને ગણાવ્યા છે. આચાર્ય હરિભદ્રે (**શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્વોપજ્ઞ ટીકા કારિ. ૫૧૦-૫૧૮**) સંખ્યાનો નિર્દેશ કર્યા વિના જ વિરોધ, અનવસ્થા, ઉભય, સંશય આ દોષોનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે અને આદિશબ્દ દ્વારા અન્ય દોષોનું સૂચન પણ કર્યું છે. વિદ્યાનન્દે (**અષ્ટસહસ્રી, પૃ. ૨૨૭**) વિરોધ, વૈયધિકરણ્ય, સંશય, વ્યતિકર, સંકર, અનવસ્થા, અપ્રતિપત્તિ અને અભાવ એમ સ્પષ્ટ નામપૂર્વક આઠ દોષો ગણાવ્યા છે. પ્રભાચન્દ્રે (**પ્રમેયકમલમાર્તંડ પૃ. ૧૫૬**) આઠ દોષો ગણાવ્યા છે પરંતુ બન્નેએ આપેલી નામાવલીઓમાં થોડું અંતર છે કેમકે વિદ્યાનન્દ 'ઉભય' દોષનો ઉલ્લેખ કરતા નથી પરંતુ અપ્રતિપત્તિને દોષ કહી આઠની સંખ્યા પૂરી કરે છે, જ્યારે પ્રભાચન્દ્ર 'ઉભય' દોષને ગણાવીને જ આઠ દોષની સંખ્યા પૂરી કરે છે અને અપ્રતિપત્તિને અલગ દોષ નથી ગણતા. આમ દિગમ્બરીય ગ્રંથોમાં સંખ્યા આઠ હોવા છતાં પણ તેની બે પરંપરાઓ થઈ.

અભયદેવે 'ઉભય' દોષનો ઉલ્લેખ કર્યો છે (**સન્મતિટીકા, પૃ. ૪૫૨**) પરંતુ તેમની દોષસંખ્યા સાતની છે જે વાદી દેવસૂરિને પણ માન્ય છે તેમ છતાં પણ વાદી દેવસૂરિ (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૭૩૮**) અને અભયદેવ બન્નેની સાત સંખ્યાની પૂર્તિ એકસરખી નથી, કેમ કે અભયદેવની ગણનામાં 'અભાવ' દોષ છે પરંતુ વ્યતિકર નથી જ્યારે વાદી દેવસૂરિની ગણનામાં 'વ્યતિકર' છે પણ 'અભાવ' નથી. આમ શ્વેતામ્બરીય ગ્રંથોમાં સાતસંખ્યાની બે પરંપરાઓ બની.

આચાર્ય હેમચન્દ્રે જે આઠ દોષોનો પરિહાર કર્યો છે તે બરાબર વિદ્યાનન્દસમ્મત જ આઠ દોષો છે. હેમચન્દ્રે કરેલો આઠ દોષોનો પરિહાર શ્વેતામ્બરીય ગ્રંથોમાં પ્રથમ દાખલ થયેલો જણાય છે જેનું અનુકરણ તેમના અનુગામી મલ્લિષેણસૂરિએ સ્યાદ્વાદમંજરીમાં (કારિકા ૨૪) કર્યું છે. અનેકાન્તવાદ ઉપર જ્યારથી દાર્શનિક ક્ષેત્રમાં આક્ષેપો થવા લાગ્યા ત્યારથી આક્ષેપકોએ આપેલા દોષોની સંખ્યા પણ એકસરખી રહી નથી, તે ક્રમશઃ વધી હોય એવું જણાય છે. તે દોષોના નિવારક જૈન આચાર્યોના ગ્રંથોમાં પણ પરિહૃત દોષોની સંખ્યાનો ઉત્તરોત્તર વિકાસ જ થયો છે, ત્યાં સુધી કે અંતિમ જૈન તાર્કિક ઉપાધ્યાય યશોવિજયજીએ (**શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકા પૃ. ૨૬૬ A**) આઠ ઉપરાંત અન્ય દોષોનો — આત્માશ્રય, પરસ્પરાશ્રય, ચક્રક આદિનો પણ નિર્દેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને તેમનું નિવારણ કર્યું છે.

પૃ. ૧૫૩ **'नैवम्'** — તુલના પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૫૬-૧૫૮.

પૃ. ૧૫૬ **'प्रत्येकं यो'** — તુલના आह च —

**भेदाभेदोक्तदोषाश्च तयोरिष्टौ कथं न वा ।**

**प्रत्येकं ये प्रसज्यन्ते द्वयोर्भावे कथं न ते ॥ હેતુબિન્દુટીકા, પૃ. ૧૦૬.**

અ.૧. આ.૧ સૂત્ર ૩૪-૪૧. પૃ. ૧૫૮-૧૬૩. દાર્શનિક ક્ષેત્રમાં પ્રમાણ અને તેના ફલની ચર્ચાનું પણ ખાસ સ્થાન છે. એમ તો આ વિષય તર્કયુગની પહેલાં શ્રુતિ-આગમયુગમાં પણ વિચારપ્રદેશમાં આવ્યો છે. ઉપનિષદો, પિટકો અને આગમોમાં જ્ઞાનના — સમ્યગ્જ્ઞાનના — ફળનું કથન છે. ઉક્ત યુગમાં વૈદિક, બૌદ્ધ, જૈન બધી પરંપરાઓમાં જ્ઞાનનું ફળ અવિદ્યાનાશ યા વસ્તુવિષયક અધિગમ કહ્યું છે પરંતુ તે આધ્યાત્મિક દૃષ્ટિએ — અર્થાત્ મોક્ષલાભની દૃષ્ટિએ. તે અધ્યાત્મયુગમાં જ્ઞાનને એટલા માટે ઉપાદેય સમજવામાં આવતું હતું કે તેના દ્વારા અવિદ્યાનો — અજ્ઞાનનો — નાશ થતાં અને વસ્તુનો વાસ્તવિક બોધ થતાં છેવટે મોક્ષ પ્રાપ્ત થાય[1], પરંતુ તર્કયુગમાં આ ચર્ચા વ્યાવહારિક દૃષ્ટિએ પણ થવા લાગી, તેથી જ આપણને તર્કયુગમાં થતી પ્રમાણફલવિષયક ચર્ચામાં અધ્યાત્મયુગીન અલૌકિક દૃષ્ટિ અને તર્કયુગીન લૌકિક દૃષ્ટિ બન્ને મળે છે.[2] લૌકિક દૃષ્ટિમાં કેવળ એ ભાવને સામે રાખીને પ્રમાણના ફળનો વિચાર કરવામાં આવે છે કે પ્રમાણ દ્વારા વ્યવહારમાં સાક્ષાત્ શું સિદ્ધ થાય છે અને પરંપરાથી શું સિદ્ધ થાય છે, ભલે છેવટે મોક્ષલાભ થતો હોય કે ન થતો હોય, કારણ કે લૌકિક દૃષ્ટિમાં મોક્ષાનધિકારી પુરુષગત પ્રમાણોનાં ફળની ચર્ચાનો પણ સમાવેશ થાય છે.

ત્રણે પરંપરાઓની તર્કયુગીન પ્રમાણફલવિષયક ચર્ચામાં મુખ્યપણે વિચારણીય અંશ બે દેખાય છે — એક તો ફલ અને પ્રમાણનો પારસ્પરિક ભેદ-અભેદ અને બીજો ફલનું સ્વરૂપ. ન્યાય, વૈશેષિક, મીમાંસક આદિ વૈદિક દર્શનો ફળને પ્રમાણથી

---

૧. सोऽविद्याग्रन्थिं विकरतीह सौम्य । **મુંડકોપનિષદ, ૨.૧.૧૦. સાંખ્યકારિકા, ૬૭-૬૮. ઉત્તરાધ્યયનસૂત્ર, ૨૮.૨,** ૩. तमेतं वुच्चति — यदा च ञात्वा सो धम्मं सच्चानि अभिसमेस्सति । तदा अविज्जूपसमा उपसन्तो चरिस्सति ॥ **વિસુદ્ધિમગ્ગો, પૃ. ૫૪૪.**

૨. ... तत्त्वज्ञानान्निःश्रेयसम् । **વૈશેષિકસૂત્ર, ૧.૧.૩.** ...तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः । **ન્યાયસૂત્ર, ૧.૧.૧.** यदा सन्निकर्षस्तदा ज्ञानं प्रमितिः, यदा ज्ञानं तदा हानोपादानोपेक्षाबुद्धयः फलम् । **ન્યાયભાષ્ય, ૧.૧.૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્ન જ માને છે.[૧] બૌદ્ધ દર્શન તેને અભિન્ન ગણે છે[૨] જ્યારે જૈન દર્શન પોતાની અનેકાન્ત પ્રકૃતિ અનુસાર પ્રમાણ-ફલનો ભેદાભેદ દર્શાવે છે.[૩]

ફલના સ્વરૂપના વિષયમાં વૈશેષિક, નૈયાયિક અને મીમાંસક બધાનું મન્તવ્ય એકસરખું છે.[૪] તે બધા ઇન્દ્રિયવ્યાપાર પછી થનારા સન્નિકર્ષથી લઈને હાનોપાદાનોપેક્ષાબુદ્ધિ સુધીનાં ક્રમિક ફલોની પરંપરાને ફલ કહેતા હોવા છતાં પણ તે પરંપરામાં પૂર્વ પૂર્વ ફલને ઉત્તર ઉત્તર ફલની અપેક્ષાએ પ્રમાણ પણ કહે છે અર્થાત્ તેમના કથન અનુસાર ઇન્દ્રિય તો પ્રમાણ જ છે, ફળ નથી, અને હાનોપાદાનોપેક્ષાબુદ્ધિ જે અન્તિમ ફળ છે તે ફળ જ છે, પ્રમાણ નથી. પરંતુ વચ્ચેના સન્નિકર્ષ, નિર્વિકલ્પ અને સવિકલ્પ એ ત્રણે પૂર્વ પ્રમાણની અપેક્ષાએ ફલ અને ઉત્તર ફલની અપેક્ષાએ પ્રમાણ પણ છે. આ મન્તવ્યમાં ફળ પ્રમાણ કહેવાય છે પરંતુ તે સ્વભિન્ન ઉત્તરફલની અપેક્ષાએ. આમ આ મતમાં પ્રમાણ-ફલનો ભેદ સ્પષ્ટ જ છે. વાચસ્પતિ મિશ્રે આ ભેદને ધ્યાનમાં રાખીને સાંખ્ય પ્રક્રિયામાં પણ પ્રમાણ અને ફલની વ્યવસ્થા પોતાની કૌમુદીમાં કરી છે.[૫]

બૌદ્ધ પરંપરામાં ફલના સ્વરૂપ અંગે બે મન્તવ્યો છે — પહેલું વિષયાધિગમને અને બીજું સ્વસંવિત્તિને ફલ કહે છે. દિઙ્નાગસંગૃહીત[૬] આ બન્ને મન્તવ્યોમાંથી પહેલાનું જ કથન અને વિવરણ ધર્મકીર્તિ[૭] તથા તેમના ટીકાકાર ધર્મોત્તરે કર્યું છે તથાપિ શાન્તરક્ષિતે તે બન્ને મન્તવ્યોનો સંગ્રહ કરવા ઉપરાંત તેમનું સયુક્તિક ઉપપાદન અને તેમના પારસ્પરિક અંતરનું પ્રતિપાદન પણ કર્યું છે. શાન્તરક્ષિત અને તેમના શિષ્ય કમલશીલે એ સ્પષ્ટ દર્શાવ્યું છે કે બાહ્યાર્થવાદ જેને પાર્થસારથિ મિશ્રે સૌત્રાન્તિકનો કહ્યો છે તેના મત અનુસાર જ્ઞાનગત વિષયસારૂપ્ય પ્રમાણ છે અને વિષયાધિગતિ

---

૧. શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ. શ્લોક ૭૪-૭૫.

૨. પ્રમાણસમુચ્ચ, ૧.૯. ન્યાયબિન્દુટીકા, ૧.૨૧.

૩. करणस्य क्रियायाश्च कथंचिदेकत्वं प्रदीपतमोविगमवत् नानात्वं च परश्वादिवत् । અષ્ટશતી-અષ્ટસહસ્રી-પૃ. ૨૮૩-૨૮૪.

૪. यदा सन्निकर्षस्तदा ज्ञानं प्रमितिः, यदा ज्ञानं तदा हानोपादानोपेक्षाबुद्धयः फलम् । ન્યાયભાષ્ય, ૧.૧.૩. શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ શ્લોક ૫૯-૭૩. પ્રકરણપંચિકા પૃ. ૬૪. કન્દલી, પૃ. ૧૯૮-૯.

૫. સાંખ્યતત્ત્વકૌમુદી, કારિકા ૪.

૬. પ્રમાણસમુચ્ચય, ૧. ૧૦-૧૨. શ્લોકવાર્તિક-ન્યાયરત્નાકરટીકા, પૃ. ૧૫૮-૧૫૯.

૭. ન્યાયબિન્દુ, ૧.૧૮-૧૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફલ છે, જ્યારે વિજ્ઞાનવાદ જેને પાર્થસારથિ યોગાચાર કહે છે તેના મત અનુસાર જ્ઞાનગત સ્વસંવેદન જ ફલ છે અને જ્ઞાનગત તથાવિધ યોગ્યતા જ પ્રમાણ છે.[1] એ ધ્યાનમાં રહે કે બૌદ્ધ મત અનુસાર પ્રમાણ અને ફલ બન્ને જ્ઞાનગત ધર્મો છે અને તેમનામાં ભેદ માનવામાં ન આવતો હોવાના કારણે તેઓ અભિન્ન કહેવાયા છે. કુમારિલે આ બૌદ્ધસમ્મત અભેદવાદનું ખંડન (**શ્લોકવાર્તિક, પ્રત્યક્ષ. શ્લોક ૭૪થી**) કરીને જે વૈશેષિક-નૈયાયિકના ભેદવાદનું અભિમતરૂપે સ્થાપન કર્યું છે, તેનો જવાબ શાન્તરક્ષિતે અક્ષરશઃ આપીને બૌદ્ધસમ્મત અભેદવાદની તર્કસંગતતા દર્શાવી છે — **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૪૦થી.**

જૈન પરંપરામાં સૌપ્રથમ તાર્કિક સિદ્ધસેન અને સમન્તભદ્ર જ છે જેમણે લૌકિક દૃષ્ટિએ પણ પ્રમાણના ફલનો વિચાર જૈન પરંપરા અનુસાર વ્યવસ્થિત કર્યો. ઉક્ત બન્ને આચાર્યોનું ફલવિષયક કથન શબ્દ અને ભાવમાં સમાન જ છે — **ન્યાયાવતાર, કારિકા ૨૮. આપ્તમીમાંસા, કારિકા ૧૦૨.** બન્નેના કથન અનુસાર પ્રમાણનું સાક્ષાત્ ફળ તો અજ્ઞાનનિવૃત્તિ જ છે, પરંતુ વ્યવહિત ફલ યથાસંભવ હાનોપાદાનોપેક્ષાબુદ્ધિ છે. સિદ્ધસેન અને સમન્તભદ્રના કથનમાં ત્રણ વાતો ધ્યાન દેવા યોગ્ય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) અજ્ઞાનવિનાશનો ફલ તરીકે ઉલ્લેખ. તેનો વૈદિક-બૌદ્ધ પરંપરામાં નિર્દેશ દેખાતો નથી.

(૨) વૈદિક પરંપરામાં જે મધ્યવર્તી ફલોનું સાપેક્ષભાવે પ્રમાણ અને ફલ તરીકે કથન છે તેના ઉલ્લેખનો અભાવ, જેવો કે બૌદ્ધ તર્કગ્રન્થોમાં પણ છે.

(૩) પ્રમાણ અને ફલના ભેદાભેદવિષયક કથનનો અભાવ.

સિદ્ધસેન અને સમન્તભદ્ર પછી અકલંક જ આ વિષયમાં પ્રધાન દેખાય છે જેમણે સિદ્ધસેન-સમન્તભદ્રદર્શિત ફલવિષયક જૈન મન્તવ્યનો સંગ્રહ કરતાં તેમાં અનિર્દિષ્ટ બન્ને અંશોની સ્પષ્ટપણે પૂર્તિ કરી, અર્થાત્ અકલંકે પ્રમાણ અને ફલના ભેદાભેદવિષયક જૈનમન્તવ્યને સ્પષ્ટપણે કહ્યો (**અષ્ટશતી-અષ્ટસહસ્રી, પૃ. ૨૮૩-૨૮૪**) અને મધ્યવર્તી ફલોને પ્રમાણ તથા ફલ ઉભયરૂપ કહેવાની વૈશેષિક, નૈયાયિક, મીમાંસકની સાપેક્ષ શૈલીને જૈન પ્રક્રિયા અનુસાર ઘટાવી તેનો સ્પષ્ટ નિર્દેશ

---

૧. विषयाधिगतिश्चात्र प्रमाणफलमिष्यते ।
स्ववित्तिर्वा प्रमाणं तु सारूप्यं योग्यतापि वा ॥ **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૪૪. શ્લોકવાર્તિક-ન્યાયરત્નાકરટીકા, પૃ. ૧૫૮-૧૫૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યો[૧]. માણિક્યનન્દી (**પરીક્ષામુખ ૫; ૬.૬૭થી**) અને દેવસૂરિએ (**પ્રમાણનય-તત્ત્વાલોક, ૬.૩થી**) પોતપોતાનાં સૂત્રોમાં પ્રમાણનું ફળ દર્શાવતાં કેવળ એ જ વાત કહી છે જે સિંદ્ધસેન અને સમન્તભદ્રે કહી છે. અલબત્ત, તેમણે અકલંકનિર્દિષ્ટ પ્રમાણ-ફલના ભેદાભેદનું જૈન મન્તવ્ય સૂત્રિત કર્યું છે પણ તેમણે મધ્યવર્તી ફલોને સાપેક્ષ ભાવે પ્રમાણ અને ફળ કહેવાની અકલંકસૂચિત જૈનશેલીને સૂત્રિત કરી નથી. વિદ્યાનન્દની તીક્ષ્ણ દૃષ્ટિ અજ્ઞાનનિવૃત્તિ અને સ્વ-પરવ્યવસિતિ શબ્દો તરફ ગઈ. યોગાચાર અને સૌત્રાન્તિક સિદ્ધાન્ત અનુસાર પ્રમાણના ફળ તરીકે ફલિત થનારી સ્વ અને પરની વ્યવસિતિને જ વિદ્યાનન્દે અજ્ઞાનનિવૃત્તિ તરીકે દર્શાવી છે (**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૧૬૮; પ્રમાણપરીક્ષા, પૃ. ૭૯**) જેનું અનુસરણ પ્રભાચન્દ્રે માર્તંડમાં અને દેવસૂરિએ રત્નાકરમાં કર્યું. આજ સુધીમાં જૈનતાર્કિકોનું એક સ્થિર મન્તવ્ય જ બની ગયું કે જેને સિદ્ધસેન-સમન્તભદ્રે અજ્ઞાનનિવૃત્તિ કહ્યું છે તે વસ્તુતઃ સ્વ-પરવ્યવસિતિ જ છે.

આચાર્ય હેમચન્દ્રે પ્રસ્તુત ચર્ચામાં પૂર્વવર્તી બધા જૈનતાર્કિકોના મતોનો સંગ્રહ તો કર્યો જ છે પરંતુ સાથે સાથે જ તેમાં પોતાની વિશેષતા પણ દેખાડી છે. તેમણે પ્રભાચન્દ્ર અને દેવસૂરિની જેમ સ્વ-પરવ્યવસિતિને જ અજ્ઞાનનિવૃત્તિ ન કહેતાં બન્નેને અલગ અલગ ફળો ગણ્યાં છે. પ્રમાણ અને ફળના અભેદપક્ષમાં કુમારિલે બૌદ્ધો ઉપર જે દોષો દીધા છે અને જેમનો નિરાસ ધર્મોત્તરની ન્યાયબિન્દુની વ્યાખ્યા અને શાન્તરક્ષિતના તત્ત્વસંગ્રહમાં છે તે દોષોનું નિવારણ બૌદ્ધ ઢંગથી કરતાં કરતાં પણ આચાર્ય હેમચન્દ્રે પોતાનું વૈયાકરણત્વ આકર્ષક તાર્કિક શૈલીમાં વ્યક્ત કર્યું છે. જેમ અનેક વિષયોમાં આચાર્ય હેમચન્દ્ર અકલંકનું ખાસ અનુસરણ કરે છે તેમ જ આ ચર્ચામાં પણ તેમણે મધ્યવર્તી ફલોને સાપેક્ષભાવે પ્રમાણ અને ફલ કહેનારી અકલંક સ્થાપિત જૈનશૈલીને સૂત્રમાં શબ્દશઃ સ્થાન આપ્યું છે. આમ આપણને પ્રમાણ-ફલચર્ચા-વિષયક પ્રસ્તુત સૂત્રોમાં વૈદિક, બૌદ્ધ અને જૈન બધી પરંપરાઓનો યથાસંભવ જૈનમતરૂપે સમન્વય એક જ સ્થાને મળે છે.

પૃ. ૧૫૮ '**नन्वेवं प्रमाणमेव**' — તુલના — ननु च ज्ञानादव्यतिरिक्तं सादृश्यं तथा च सति तदेव ज्ञानं प्रमाणं तदेव प्रमाणफलम् । न चैकं वस्तु साध्यं साधनं चोपपद्यते । तत्कथं सारूप्यं प्रमाणमित्याह —

**तद्वशादर्थप्रतीतिसिद्धेरिति** ॥

---

૧. बह्वाद्यवग्रहाद्यष्टचत्वारिंशत् स्वसंविदाम् ।
पूर्वपूर्वप्रमाणत्वं फलं स्यादुत्तरोत्तरम् ॥ **લઘીયસ્ત્રયી, ૧.૬.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तद्वशादिति । ... अर्थस्य प्रतीतिरूपं प्रत्यक्षं विज्ञानं सारूप्यवशात् सिद्ध्यति, प्रतीतं भवति इत्यर्थः । नीलनिर्भासं हि विज्ञानं यतः तस्मान्नीलस्य प्रतीतिरवसीयते । येभ्यो हि चक्षुरादिभ्यो विज्ञानमुत्पद्यते न तद्वशात् तज्ज्ञानं नीलस्य संवेदनं शक्यते अवस्थापयितुं नीलसदृशं त्वनुभूयमानं नीलस्य संवेदनमवस्थाप्यते । न चात्र जन्यजनकभावनिबन्धनः साध्यसाधनभावः येनैकस्मिन् वस्तुनि विरोधः स्यात् अपि तु व्यवस्थाप्यव्यवस्थापकभावेन । तत एकस्य वस्तुनः किञ्चिद्रूपं प्रमाणं किञ्चित् प्रमाणफलं न विरुध्यते । **न्यायबिन्दुटीका, १.२१.**

पृ. १६१ **'ईहाधारणयोः'** — तुलना — ईहाधारणयोरपि ज्ञानात्मकत्वमुन्नेयं तदुपयोगविशेषात् । **लघीयस्त्रयी-स्वविवृति, १.६.**

पृ. १६१ **'ततो धारणा प्रमाणम्'** — तुलना — **लघीयस्त्रयी-स्वविवृति, ३.१.**

पृ. १६२ **'अभेदे'** — तुलना — **परीक्षामुख, ६.६७. प्रमाणनयतत्त्वालोक, ६.६.थी.**

पृ. १६२ **'अप्रमाणाद्'** — तुलना — तत एकस्य वस्तुनः किञ्चिद्रूपं प्रमाणं किञ्चित् प्रमाणफलं न विरुध्यते । व्यवस्थापनहेतुर्हि सारूप्यं तस्य ज्ञानस्य, व्यवस्थाप्यं च नीलसंवेदनरूपम् । व्यवस्थाप्यव्यवस्थापकभावोऽपि कथमेकस्य ज्ञानस्येति चेत् । उच्यते । सदृशमनुभूयमानं तद्विज्ञानं यतो नीलस्य ग्राहकमवस्थाप्यते निश्चयप्रत्ययेन तस्मात् सारूप्यमनुभूतं व्यवस्थापनहेतुः । निश्चयप्रत्ययेन च तज्ज्ञानं नीलसंवेदनमवस्थाप्यमानं व्यवस्थाप्यम् । तस्मादसारूप्यव्यावृत्त्या सारूप्यं ज्ञानस्य व्यवस्थापनहेतुः । अनीलबोधव्यावृत्त्या च नीलबोधरूपत्वं व्यवस्थाप्यम्। **न्यायबिन्दु टीका, १.२१.**

पृ. १६२ **'एवं सति'** — तुलना — **परीक्षामुख, ६.६८-६९.**

पृ. १६३ **'तथा तस्यैवात्मनः'** — तुलना — **परीक्षामुख, ५.३. प्रमाणनयतत्त्वालोक, ६. ९-११.**

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૧૬૩ '**भेदे तु**' — તુલના — **પરીક્ષામુ**., ૬.૭૧.

પૃ. ૧૬૩ '**अथ यत्रैवात्मनि**' — તુલના — **પ્રમેયરત્નમાલા**, ૬.૭૧-૭૨.

પૃ. ૧૬૩ '**प्रमाणात् फलम्**' — તુલના — **પરીક્ષામુખ**, ૫.૨. **પ્રમાણપરીક્ષા**, પૃ. ૭૯.

પૃ. ૧૬૪ '**स्वपराभासी**' — ભારતમાં દાર્શનિકોના ચિન્તનનો મુખ્ય અને અન્તિમ વિષય આત્મા જ રહ્યો છે. અન્ય બધી ચીજો આત્માની ખોજમાંથી ફલિત થઈ છે. તેથી જ આત્માના અસ્તિત્વ તથા સ્વરૂપના સંબંધમાં બિલકુલ પરસ્પરવિરોધી એવા અનેક મતો અતિ ચિરકાલથી દર્શનશાસ્ત્રોમાં મળે છે. ઉપનિષદ્કાલ પહેલાંથી જ આત્માને સર્વથા નિત્ય (કૂટસ્થનિત્ય) માનનારાં દર્શનો મળે છે જે ઔપનિષદ, સાંખ્ય આદિ નામથી પ્રસિદ્ધ છે. આત્મા અર્થાત્ ચિત્ત યા નામને પણ સર્વથા ક્ષણિક માનવાનો બૌદ્ધ સિદ્ધાન્ત છે જે ગૌતમ બુદ્ધથી તો અર્વાચીન નથી. આ સર્વથા નિત્યત્વ અને સર્વથા ક્ષણિકત્વ સ્વરૂપ બે એકાન્તો વચ્ચે થઈને જનારો અર્થાત્ ઉક્ત બે એકાન્તોના સમન્વયનો પુરસ્કર્તા નિત્યાનિત્યવાદ આત્માની બાબતમાં પણ ભગવાન મહાવીર દ્વારા સ્પષ્ટપણે આગમોમાં પ્રતિપાદિત થયેલો (**ભગવતી, શતક ૭ ઉદ્દેશ ૨**) દેખાય છે. આ જૈનાભિમત આત્મનિત્યાનિત્યત્વવાદનું સમર્થન મીમાંસકધુરીણ કુમારિલે (**શ્લોકવાર્તિક, આત્મ. શ્લોક ૨૮થી**) ખૂબ સ્પષ્ટતા અને તાર્કિકતાથી કર્યું છે જેવું જૈનતાર્કિક ગ્રન્થોમાં પણ આપણને જોવા મળે છે. આ વિષયમાં જો કે આચાર્ય હેમચન્દ્રે જૈનમતની પુષ્ટિમાં તત્ત્વસંગ્રહગત શ્લોકોનું જ અક્ષરશઃ અવતરણ આપ્યું છે છતાં તે શ્લોકો વસ્તુતઃ કુમારિલના શ્લોકવાર્તિકગત શ્લોકોના જ સાર માત્રના નિર્દેશક હોવાથી મીમાંસકમતના જ દ્યોતક છે.

જ્ઞાન અને આત્મામાં સ્વાવભાસિત્વ-પરાવભાસિત્વ વિશેના વિચારનાં બીજ તો શ્રુતિઆગમકાલીન સાહિત્યમાં[1] પણ મળે છે પરંતુ આ વિચારોનું સ્પષ્ટીકરણ અને સમર્થન તો વિશેષતઃ તર્કયુગમાં જ થયું છે. પરોક્ષ જ્ઞાનવાદી કુમારિલ વગેરે મીમાંસકોના મત અનુસાર જ જ્ઞાન અને તેનાથી અભિન્ન આત્મા એ બન્નેનું પરોક્ષત્વ અર્થાત્ માત્ર પરાવભાસિત્વ સિદ્ધ થાય છે. યોગાચાર બૌદ્ધ અનુસાર વિજ્ઞાનબાહ્ય કોઈ વસ્તુનું અસ્તિત્વ જ ન હોવાથી અને વિજ્ઞાન સ્વસંવિદિત હોવાથી જ્ઞાન અને તદ્રૂપ આત્માનું માત્ર સ્વાવભાસિત્વ ફલિત થાય છે. આ વિષયમાં પણ જૈન દર્શને પોતાની અનેકાન્ત પ્રકૃતિ અનુસાર જ પોતાનો મત સ્થિર કર્યો છે. જ્ઞાન અને

૧. तस्य भासा सर्वमिदं विभाति । तमेव भान्तमनुभाति सर्वम् ॥ **કઠોપનિષદ્, ૫.૧૫**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા બન્નેને સ્પષ્ટપણે સ્વ-પરાભાસી કહેનારા જૈનાચાર્યોમાં સૌ પ્રથમ સિદ્ધસેન જ છે (**ન્યાયાવતાર, ૩૧**). આચાર્ય હેમચન્દ્રે સિદ્ધસેનના જ કથનને જ પુનઃ કહ્યું છે.

દેવસૂરિએ આત્માના સ્વરૂપનું પ્રતિપાદન કરતાં જે મતાન્તરવ્યાવર્તક અનેક વિશેષણો આપ્યાં છે (**પ્રમાણનયતત્ત્વાલોક, ૭. ૫૪-૫૫**), તે વિશેષણોમાં એક વિશેષણ દેહવ્યાપિત્વ પણ છે. આચાર્ય હેમચન્દ્રે જૈનાભિમત આત્માના સ્વરૂપને સૂત્રબદ્ધ કરતી વખતે પણ આ વિશેષણનું ગ્રહણ કર્યું નથી. આ વિશેષણત્યાગથી આત્મપરિમાણના વિષયમાં કુમારિલના મતની સાથે જૈનમતની એકતાની ભ્રાન્તિ ન થાય એટલા માટે આચાર્ય હેમચન્દ્રે સ્પષ્ટ જ કહી દીધું છે કે દેહવ્યાપિત્વ ઈષ્ટ છે પરંતુ અન્ય જૈનાચાર્યોની જેમ સૂત્રમાં તેનો નિર્દેશ એટલા માટે નથી કર્યો કેમકે તે પ્રસ્તુતમાં ઉપયોગી નથી.

પૃ. ૧૬૫ **'यथाहः'** — તુલના —

**स्यातामत्यन्तनाशेऽस्य कृतनाशाऽकृताऽऽगमौ ।**
**न त्ववस्थान्तरप्राप्तौ लोके बालयुवादिवत् ॥२३॥**
**अवस्थान्तरभाव्येतत् फलं मम शुभाशुभम् ।**
**इति ज्ञात्वाऽनुतिष्ठंश्च विजहच्चेष्टते जनः ॥२४॥**
**अनवस्थान्तरप्राप्तिर्दृश्यते न च कस्यचित् ।**
**अनुच्छेदात्तु नाऽन्यत्वं भोक्तुर्लोकोऽवगच्छति ॥२५॥**
**सुखदुःखाद्यवस्थाश्च गच्छन्नपि नरो मम ।**
**चैतन्यद्रव्यसत्तादिरूपं नैव विमुञ्चति ॥२६॥**
**दुःखिनः सुख्यवस्थायां नश्येयुः सर्व एव ते ।**
**दुःखित्वं चानुवर्तेत विनाशे विक्रियात्मके ॥२७॥**
**तस्मादुभयहानेन व्यावृत्त्यनुगमात्मकः ।**
**पुरुषोऽभ्युपगन्तव्यः कुण्डलादिषु सर्पवत् ॥२८॥**
**न च कर्तृत्वभोक्तृत्वे पुंसोऽवस्थासमाश्रिते ।**
**तेनाऽवस्थावतस्तत्त्वात् कर्तैवाप्नोति तत्फलम् ॥२९॥**
**स्वरूपेण ह्यवस्थानामन्योन्यस्य विरोधिता ।**
**अविरुद्धस्तु सर्वासु सामान्यात्मा प्रवर्तते ॥३०॥**

— **શ્લોકવાર્તિક, આત્મ.**

**प्रत्यक्षप्रतिसंवेद्यः कुण्डलादिषु सर्पवत् ।**

— **ન્યાયવિનિશ્ચય, ૨.૧૧૬.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રથમ અધ્યાયનું બીજું આહ્નિક

અ.૧. આ.૨. સૂત્ર ૧-૨. પૃ. ૧૬૭-૧૬૮. જુઓ ૧.૧.૯-૧૦નું ટિપ્પણ.

પૃ. ૧૬૮ **'વાસનોદ્બોધ'** — બધા તાર્કિક વિદ્વાનો સ્મરણનું લક્ષણ કોઈ એક આધાર ઉપર કરતા નથી. કણાદે[1] આભ્યન્તર કારણ સંસ્કારના આધાર ઉપર જ સ્મરણના લક્ષણનું પ્રણયન કર્યું છે. પતંજલિએ[2] વિષયસ્વરૂપના નિર્દેશ દ્વારા જ સ્મૃતિનું લક્ષણ બાંધ્યું છે, જ્યારે કણાદના અનુગામી પ્રશસ્તપાદે પોતાના ભાષ્યમાં કારણ, વિષય અને કાર્ય એ ત્રણ દ્વારા સ્મરણનું નિરૂપણ કર્યું છે.[3] જૈન પરંપરામાં સ્મરણ અને તેના કારણ ઉપર તાર્કિકશૈલીથી વિચાર કરવાનો પ્રારંભ પૂજ્યપાદ (**સર્વાર્થસિદ્ધિ, ૧.૧૫**) અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (**વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૧૮૮-૧૮૯**) દ્વારા થયો જણાય છે. વિદ્યાનન્દે (**પ્રમાણપરીક્ષા, પૃ. ૬૯**) પતંજલિની જેમ વિષયનિર્દેશ દ્વારા જ સ્મૃતિનું લક્ષણ રચ્યું છે. પરંતુ તેમાં આકારનો નિર્દેશ ઉમેર્યો છે. માણિક્યનન્દીએ (**પરીક્ષામુખ, ૩.૩**) કણાદની જેમ સંસ્કારાત્મક કારણ દ્વારા જ સ્મૃતિનું લક્ષણ બાંધ્યું છે, તો પણ તેમાં આકારનિર્દેશ ઉમેર્યો છે જ. વાદી દેવે (**પ્રમાણનયતત્ત્વાલોક, ૩.૩.**) વિદ્યાનન્દ અને માણિક્યનન્દી બન્નેને અનુસરીને પોતાના સ્મૃતિલક્ષણમાં કારણ, વિષય અને આકાર ત્રણેનો નિર્દેશ કર્યો છે. આચાર્ય હેમચન્દ્રે તો માણિક્યનન્દીનું જ અનુસરણ કર્યું છે અને તદનુસાર પોતાના લક્ષણસૂત્રમાં સ્મૃતિના આકાર અને કારણને જ સ્થાન આપ્યું છે.

પૃ. ૧૬૯ **'સદૃશદર્શનાદિ'** — તુલના — प्रणिधाननिबन्धाभ्यास-लिङ्गलक्षणसादृश्यपरिग्रहाश्रयाश्रितसम्बन्धानन्तर्यवियोगैककार्यविरोधा-तिशयप्राप्तिव्यवधानसुखदुःखेच्छाद्वेषभयार्थित्वक्रियारागधर्माधर्मनिमित्तेभ्यः। **ન્યાયસૂત્ર,** ૩.૨. ૪૩.

આ સૂત્રમાં જેટલાં સંસ્કારોદ્બોધક નિમિત્તો સંગૃહીત છે તેટલાં એક જગાએ ક્યાંય

---

૧. आत्मनः संयोगविशेषात् संस्काराच्च स्मृतिः। **વૈશેષિકસૂત્ર,** ૯.૨.૬.

૨. अनुभूतविषयाऽसम्प्रमोषः स्मृतिः। **યોગસૂત્ર,** ૧.૧૧.

૩. **પ્રશસ્તપાદભાષ્ય,** પૃ. ૨૫૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોવામાં નથી આવ્યાં.

પૃ. ૧૬૯ **'सा च प्रमाणम्'** — સ્મૃતિને પ્રમા — પ્રમાણ — માનવાના બાબતમાં મુખ્ય બે પરંપરાઓ છે — જૈન અને જૈનેતર. જૈન પરંપરા તેને પ્રમાણ માનીને પરોક્ષના ભેદ તરીકે તેનું વર્ણન કરે છે. જૈનેતર પરંપરાવાળા વૈદિક, બૌદ્ધ, બધાં દર્શનો તેને પ્રમાણ નથી માનતાં, તેથી જ કોઈ પ્રમાણ તરીકે તેની ચર્ચા નથી કરતાં. સ્મૃતિને પ્રમાણ ન માનનારા તેને અપ્રમાણ - મિથ્યાજ્ઞાન - નથી કહેતા પરંતુ તેઓ પ્રમાણ શબ્દથી તેનો કેવળ વ્યવહાર નથી કરતા.

સ્મૃત્યાત્મક જ્ઞાનમાં પ્રમાણ શબ્દનો પ્રયોગ કરવા ન કરવા અંગે જે મતભેદ દેખાય છે તેનું બીજ ધર્મશાસ્ત્રના ઇતિહાસમાં છે. વૈદિક પરંપરામાં ધર્મશાસ્ત્ર તરીકે વેદનું અર્થાત્ શ્રુતિનું જ મુખ્ય પ્રામાણ્ય મનાય છે. મન્વાદિસ્મૃતિરૂપ ધર્મશાસ્ત્ર પ્રમાણ છે એ વાત ખરી પરંતુ તેમનું પ્રામાણ્ય શ્રુતિમૂલક છે. જે સ્મૃતિ શ્રુતિમૂલક છે યા શ્રુતિથી અવિરુદ્ધ છે તેજ પ્રમાણ છે અર્થાત્ સ્મૃતિનું પ્રામાણ્ય શ્રુતિપ્રામાણ્યતન્ત્ર છે, સ્વતન્ત્ર નથી[1]. ધર્મશાસ્ત્રના પ્રામાણ્યની આ વ્યવસ્થાનો વિચાર બહુ પ્રાચીન સમયથી મીમાંસાદર્શને કર્યો છે. જણાય છે કે જ્યારે સ્મૃતિરૂપ ધર્મશાસ્ત્રને છોડીને પણ સ્મૃતિરૂપ જ્ઞાનમાત્રના વિષયમાં પ્રામાણ્યવિષયક પ્રશ્ન મીમાંસકોની સામે આવ્યો ત્યારે પણ તેમણે પોતાના ધર્મશાસ્ત્રવિષયક પેલા સિદ્ધાન્તનો ઉપયોગ કરીને એક સાધારણ નિયમ જ બાંધી દીધો કે સ્મૃતિજ્ઞાન સ્વતન્ત્ર પ્રમાણ નથી, તેનું પ્રામાણ્ય તેના કારણભૂત અનુભવના પ્રામાણ્ય ઉપર નિર્ભર છે, તેથી જ સ્મૃતિ મુખ્ય પ્રમાણ તરીકે ગણાવા યોગ્ય નથી. સંભવતઃ વૈદિક ધર્મજીવી મીમાંસા દર્શનના આ ધર્મશાસ્ત્રીય યા તત્ત્વજ્ઞાનીય નિર્ણયનો પ્રભાવ બધાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય[2], યોગ વગેરે બીજાં વૈદિક દર્શનો ઉપર પડ્યો છે. તેથી જ તેઓ પોતપોતાના મતની પુષ્ટિમાં ભલે યુક્તિઓ ભિન્ન ભિન્ન આપે તો પણ તે બધા એક મતે સ્મૃતિરૂપ જ્ઞાનમાં પ્રમાણ શબ્દનો વ્યવહાર ન કરવાના જ પક્ષમાં છે.

કુમારિલ વગેરે મીમાંસકો કહે છે કે સ્મૃતિજ્ઞાન અનુભવ દ્વારા જ્ઞાત વિષયને જ ઉપસ્થિત કરીને કૃતકૃત્ય થઈ જવાના કારણે કોઈ અપૂર્વ અર્થનું પ્રકાશક નથી, તે કેવળ

---

૧. पारतन्त्र्यात् स्वतो नैषां प्रमाणत्वावधारणा । अप्रामाण्यविकल्पस्तु द्रढिम्नैव विहन्यते ॥ पूर्वविज्ञानविषयं विज्ञानं स्मृतिरुच्यते । पूर्वविज्ञानाद् विना तस्याः प्रामाण्यं नावधार्यते ॥ **તન્ત્રવાર્તિક, પૃ. ૬૯.**

૨. एतदुक्तं भवति — सर्वे प्रमाणादयोऽनधिगतमर्थं सामान्यतः प्रकारतो वाऽधिगमयन्ति, स्मृतिः पुनर्न पूर्वानुभवमर्यादामतिक्रामति, तद्विषया तदूनविषया वा, न तु तदधिकविषया, सोऽयं वृत्त्यन्तराद्विशेषः स्मृतेरिति विमृशति । **તત્ત્વવૈશારદી, ૧.૧૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહીતગ્રાહી છે અને તેથી તે પ્રમાણ નથી.[1] પ્રશસ્તપાદના અનુગામી શ્રીધરે પણ મીમાંસકોની તે જ ગૃહીતગ્રાહિત્વવાળી યુક્તિનું અવલંબન લઈને સ્મૃતિને પ્રમાણબાહ્ય માની છે (**કન્દલી, પૃ. ૨૫૭**). પરંતુ અક્ષપાદના અનુગામી જયંતે બીજી જ યુક્તિ દર્શાવી છે. તે કહે છે કે સ્મૃતિજ્ઞાન વિષયરૂપ અર્થ સિવાય જ ઉત્પન્ન હોવાના કારણે અનર્થજ હોવાથી પ્રમાણ નથી.[2] જયન્તની આ યુક્તિનો નિરાસ શ્રીધરે[3] કર્યો છે. અક્ષપાદના જ અનુગામી વાચસ્પતિ મિશ્રે ત્રીજી યુક્તિ આપી છે. તે કહે છે કે લોકવ્યવહાર સ્મૃતિને પ્રમાણ માનવાના પક્ષમાં નથી, તેથી જ તેને પ્રમા કહેવી યોગ્ય નથી. તે પ્રમાની વ્યાખ્યા કરતી વખતે સ્મૃતિભિન્ન જ્ઞાનને લઈને જ વિચાર કરે છે (**તાત્પર્યટીકા, પૃ. ૨૦**). ઉદનાચાર્યે પણ સ્મૃતિને પ્રમાણ ન માનનારા બધા પૂર્વવર્તી તાર્કિકોની યુક્તિઓનો નિરાસ કરીને છેવટે વાચસ્પતિ મિશ્રના તાત્પર્યનું અનુસરણ કરતાં એ જ કહ્યું છે કે અનપેક્ષ હોવાના કારણે અનુભવને જ પ્રમાણ કોટિમાં ગણવો જોઈએ, સ્મૃતિને ન ગણવી જોઈએ, કારણ કે સ્મૃતિ અનુભવસાપેક્ષ છે અને એમ માનવાનું કારણ લોકવ્યવહાર જ છે.[4]

બૌદ્ધદર્શન સ્મૃતિને પ્રમાણ નથી ગણતું. તેની યુક્તિ પણ મીમાંસક યા વૈશેષિક જેવી જ છે અર્થાત્ સ્મૃતિ ગૃહીતગ્રાહિણી હોવાથી જ પ્રમાણ નથી (**તત્ત્વસંગ્રહપંજિકા, કારિકા ૧૨૯૮**). તેમ છતાં આ મન્તવ્યના વિષયમાં જેમ ન્યાય વૈશેષિક દર્શનો ઉપર મીમાંસાનો - ધર્મશાસ્ત્રનો – પ્રભાવ કહી શકાય છે તેમ બૌદ્ધદર્શન ઉપર કહી શકાતો નથી કેમ કે તે વેદનું પ્રામાણ્ય જ સ્વીકારતું નથી. વિકલ્પજ્ઞાનમાત્રને[5] પ્રમાણ ન

જૈન સાઈટ JAINSITE

---

૧. तत्र यत् पूर्वविज्ञानं तस्य प्रामाण्यमिष्यते । तदुपस्थानमात्रेण स्मृतेः स्याच्चरितार्थता ॥ **શ્લોકવાર્તિક, અનુ. શ્લોક ૧૬૦. પ્રકરણપંચિકા, પૃ. ૪૨.**

૨. न स्मृतेरप्रमाणत्वं गृहीतग्राहिताकृतम् । अपि त्वनर्थजन्यत्वं तदप्रामाण्यकारणम् ॥ **ન્યાયમંજરી, પૃ. ૨૩.**

૩. ये त्वनर्थजत्वात् स्मृतेरप्रामाण्यमाहुः तेषामतीतानागतविषयस्यानुमानस्याप्रामाण्यं स्यादिति दूषणम् ॥ **કન્દલી, પૃ. ૨૫૭**

૪. कथं तर्हि स्मृतेर्व्यवच्छेदः ? अननुभवत्वेनैव । यथार्थो ह्यनुभवः प्रमेति प्रामाणिकाः पश्यन्ति । 'तत्त्वज्ञानात्' इति सूत्रणात् । अव्यभिचारि ज्ञानमिति च । ननु स्मृतिः प्रमैव किं न स्याद् यथार्थज्ञानत्वात् प्रत्यक्षाद्यनुभूतिवदिति चेत् । न । सिद्धे व्यवहारे निमित्तानुसरणात् । न च स्वेच्छाकल्पितेन निमित्तेन लोकव्यवहारनियमनम्, अव्यवस्थया लोकव्यवहारविप्लवप्रसङ्गात् । न च स्मृतिहेतौ प्रमाणाभियुक्तानां महर्षीणां प्रमाणव्यवहारोऽस्ति, पृथगनुपदेशात् । **ન્યાયકુસુમાંજલિ, ૪.૧.**

૫. गृहीतग्रहणान्नेष्टं सांवृतं.....(सांवृतम् विकल्पज्ञानम् – મનોરથનન્દિટીકા)। **પ્રમાણવાર્તિક, ૨.૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનવાને કારણે બૌદ્ધદર્શનમાં સ્મૃતિનું પ્રામાણ્ય ઘટી શકતું જ નથી.

જૈન તાર્કિક સ્મૃતિને પ્રમાણ ન માનનારાં ભિન્ન ભિન્ન ઉપર્યુક્ત દર્શનોની ગૃહીતગ્રાહિત્વ, અનર્થજત્વ, લોકવ્યવહારાભાવ આદિ બધી[1] યુક્તિઓનો નિરાસ કરીને કેવળ એટલું જ કહે છે કે જેમ સંવાદી હોવાથી પ્રત્યક્ષ આદિ પ્રમાણ કહેવાય તેમ જ સ્મૃતિને પણ સંવાદી હોવાથી જ પ્રમાણ કહેવી યુક્ત છે. આ જૈન મન્તવ્યમાં કોઈ મતભેદ નથી. આચાર્ય હેમચન્દ્રે પણ સ્મૃતિપ્રામાણ્યની પૂર્વ જૈન પરંપરાનું અનુસરણ કર્યું છે.

સ્મૃતિજ્ઞાનનું અવિસંવાદિત્વ બધાને માન્ય છે. વસ્તુસ્થિતિમાં મતભેદ ન હોવા છતાં મતભેદ કેવળ પ્રમા શબ્દ દ્વારા સ્મૃતિનો વ્યવહાર કરવા ન કરવા અંગે જ છે.

પૃ. ૧૬૯ **'सा च प्रमाणम्'** — તુલના —

**अक्षधीस्मृतिसंज्ञाभिश्चिन्तयाऽभिनिबोधकैः ।**

**व्यवहाराविसंवादः तदाभासस्ततोऽन्यथा ॥ લઘીયસ્ત્રયી, ૪.૪. પ્રમાણ-પરીક્ષા, પૃ. ૬૯. અષ્ટસહસ્રી, પૃ. ૨૭૯. પ્રમેયકમલમાર્તંડ, ૯૬ A. સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૪૮૭. પ્રમેયરત્નમાલા. ૨.૨.**

પૃ. ૧૬૯ **'નાનનુકૃતાન્વય'** — નિર્વિકલ્પક પ્રત્યક્ષને સ્વલક્ષણજન્ય જ માનીને પ્રમાણ તરીકે સ્વીકારનાર સૌત્રાન્તિક આદિ બૌદ્ધોનો સિદ્ધાન્ત છે કે વિષયતા કારણતાવ્યાપ્ત છે. નૈયાયિક આદિનો પણ જન્યલૌકિક પ્રત્યક્ષની બાબતમાં વિષયવિધયા અર્થને કારણ માનવાનો સિદ્ધાન્ત જાણીતો છે.

પૃ. ૧૭૧ **'દર્શનસ્મરણ'** — પ્રત્યભિજ્ઞા અંગે બે વાતો એવી છે જેમાં દાર્શનિકોનો મતભેદ રહ્યો છે — પહેલી પ્રામાણ્યની અને બીજી સ્વરૂપની. બૌદ્ધ પરંપરા પ્રત્યભિજ્ઞાને પ્રમાણ નથી માનતી કેમ કે તે ક્ષણિકવાદી હોવાથી પ્રત્યભિજ્ઞાનો વિષય મનાતા સ્થિરત્વને જ તે વાસ્તવિક નથી માનતી. તે સ્થિરત્વની પ્રતીતિને સાદૃશ્યમૂલક માનીને ભ્રાન્ત જ ગણે છે.[2] પરંતુ બૌદ્ધભિન્ન જૈન, વૈદિક બન્ને પરંપરાના બધા દાર્શનિકો પ્રત્યભિજ્ઞાને પ્રમાણ માને છે. તેઓ પ્રત્યભિજ્ઞાના પ્રામાણ્યના આધારે જ બૌદ્ધસમ્મત ક્ષણભંગનો નિરાસ અને નિત્યત્વનું – સ્થિરત્વનું – સમર્થન કરે છે.

---

૧. तथाहि — अमुष्याऽप्रामाण्यं कुतोऽयमाविष्कुर्वीत, किं गृहीतार्थग्राहित्वात्, परिच्छित्तिविशेषाभावात्, असत्यातीतेऽर्थे प्रवर्तमानत्वात्, अर्थादनुत्पद्यमानत्वात्, विसंवादकत्वात्, समारोपाव्यवच्छेदकत्वात्, प्रयोजनाप्रसाधकत्वात् वा । **સ્યાદ્વાદરત્નાકર, ૩.૪.**

૨. **પ્રમાણવાર્તિક, ૩. ૫૦૧-૨., તત્ત્વસંગ્રહ, કારિકા ૪૪૭**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન પરંપરા ન્યાય, વૈશેષિક આદિ વૈદિક દર્શનોની જેમ એકાન્ત નિત્યત્વ અર્થાત્ કૂટસ્થનિત્યત્વ નથી માનતી તેમ છતાં વિભિન્ન પૂર્વાપર અવસ્થાઓમાં ધ્રુવત્વને વાસ્તવિક માને છે તેથી જ તે પણ પ્રત્યભિજ્ઞાના પ્રામાણ્યની પક્ષપાતિની છે.

પ્રત્યભિજ્ઞાના સ્વરૂપના સંબંધમાં મુખ્યતઃ ત્રણ પક્ષ છે — બૌદ્ધ, વૈદિક અને જૈન. બૌદ્ધ પક્ષ કહે છે કે પ્રત્યભિજ્ઞા નામનું કોઈ એક જ્ઞાન નથી પરંતુ સ્મરણ અને પ્રત્યક્ષ એ સમુચ્ચિત બે જ્ઞાનો જ પ્રત્યભિજ્ઞા શબ્દથી વ્યવહૃત છે.[1] તેનો 'તત્' અંશ અતીત હોવાથી પરોક્ષરૂપ હોવાના કારણે સ્મરણગ્રાહ્ય છે, તે પ્રત્યક્ષગ્રાહ્ય' બની શકતો જ નથી, જ્યારે 'ઇદમ્' અંશ વર્તમાન હોવાના કારણે પ્રત્યક્ષગ્રાહ્ય છે, તે સ્મરણગ્રાહ્ય બની શકતો જ નથી. આમ વિષયગત પરોક્ષત્વાપરોક્ષત્વના આધારે બે જ્ઞાનોના સમુચ્ચયને પ્રત્યભિજ્ઞા કહેનાર બૌદ્ધ પક્ષની વિરુદ્ધ ન્યાય, મીમાંસક આદિ વૈદિક દર્શનો કહે છે કે પ્રત્યભિજ્ઞા એ તો પ્રત્યક્ષરૂપ એક જ્ઞાન છે, પ્રત્યક્ષ-સ્મરણ બે જ્ઞાનો નથી. ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષમાં વર્તમાન માત્ર વિષયકત્વનો જે નિયમ છે તે સામાન્ય નિયમ છે, તેથી સામગ્રીવિશેષદશામાં તે નિયમ સાપવાદ બની જાય છે. વાચસ્પતિ મિશ્ર પ્રત્યભિજ્ઞામાં પ્રત્યક્ષત્વને ઘટાવતાં કહે છે કે સંસ્કાર યા સ્મરણરૂપ સહકારીના બળે વર્તમાનમાત્રગ્રાહી ઇન્દ્રિય પણ અતીતાવસ્થાવિશિષ્ટ વર્તમાનને ગ્રહણ કરી શકવાના કારણે પ્રત્યભિજ્ઞાજનક બની શકે છે.[2] જયન્ત વાચસ્પતિના ઉક્ત કથનનું અનુસરણ કરવા ઉપરાંત પણ એક નવીન યુક્તિ પ્રદર્શિત કરે છે. તે કહે છે કે સ્મરણસહકૃતઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષ પછી એક માનસજ્ઞાન થાય છે જે પ્રત્યભિજ્ઞા કહેવાય છે.[3] જયન્તનું આ કથન પછીના નૈયાયિકોના અલૌકિકપ્રત્યક્ષવાદની કલ્પનાનું બીજ જણાય છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

જૈન તાર્કિક પ્રત્યભિજ્ઞાને ન તો બૌદ્ધની જેમ જ્ઞાનસમુચ્ચય માને છે કે ન તો નૈયાયિક આદિની જેમ બહિરિન્દ્રિયજન્ય પ્રત્યક્ષ માને છે. તેઓ પ્રત્યભિજ્ઞાને પરોક્ષ જ્ઞાન માને છે અને કહે છે કે ઇન્દ્રિયજન્ય જ્ઞાન અને સ્મરણ પછી એક સંકલનાત્મક વિજાતીય માનસ જ્ઞાન પેદા થાય છે તે જ પ્રત્યભિજ્ઞા કહેવાય છે. અકલંકોપજ્ઞ **(લઘીયસ્રયી, ૩.૧થી)** પ્રત્યભિજ્ઞાની આ વ્યવસ્થા જે સ્વરૂપમાં જયન્તની

---

૧. ....तस्माद् द्वे एते ज्ञाने स इति स्मरणम् अयम् इत्यनुभवः । **ન્યાયમંજરી, પૃ. ૪૪૯**

૨. **તાત્પર્યટીકા, પૃ. ૧૩૯.**

૩. **एवं पूर्वज्ञानविशेषितस्य स्तम्भादेर्विशेषणमतीतक्षणविषय इति मानसी प्रत्यभिज्ञा । ન્યાયમંજરી, પૃ. ૪૬૧**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનસજ્ઞાનની કલ્પના સમાન છે તે બધા જૈન તાર્કિકોએ નિર્વિવાદપણે માની લીધી છે. આચાર્ય હેમચન્દ્ર પણ તે વ્યવસ્થા અનુસાર પ્રત્યભિજ્ઞાનું સ્વરૂપ સ્વીકારીને પરપક્ષનિરાકરણ અને સ્વપક્ષસમર્થન કરે છે.

મીમાંસક (**શ્લોકવાર્તિક, સૂત્ર ૪, શ્લોક ૨૩૨-૨૩૭**), નૈયાયિક (**ન્યાયસૂત્ર, ૧.૧.૬.**) આદિ ઉપમાનને સ્વતન્ત્ર પ્રમાણ માને છે જે સાદૃશ્ય-વૈસાદૃશ્યવિષયક છે. તેમના મતે હ્રસ્વત્વ, દીર્ઘત્વ આદિ વિષયક અનેક સપ્રતિયોગિક જ્ઞાન એવાં છે જે પ્રત્યક્ષ જ છે. જૈન તાર્કિકોએ પહેલેથી જ તે બધાંનો સમાવેશ, પ્રત્યભિજ્ઞાનને મતિજ્ઞાનના પ્રકારવિશેષરૂપ સ્વતન્ત્ર પ્રમાણ માનીને, તેમાં કર્યો છે, જે ઐકમત્યથી સર્વમાન્ય થઈ ગયો છે.

પૃ. ૧૭૧ '**आदिग्रहणात्**' — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩.૧૦.**

પૃ. ૧૭૨ '**पयोम्बुभेदी**' — તુલના — **સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૪૯૮. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૦૦ A.**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પૃ. ૧૭૨ '**यथा वा औदीच्येन**' — તુલના — **તાત્પર્યટીકા, પૃ. ૧૯૮.**

પૃ. ૧૭૩ '**येषां तु सादृश्यविषय**' — તુલના — प्रसिद्धसाधर्म्यात् साध्यसाधनमुपमानम् । **ન્યાયસૂત્ર, ૧.૧.૬. પ્રમેયરત્નમાલા, ૩.૫.**

પૃ. ૧૭૪ '**अथ साधर्म्यमुपलक्षणम्**' — તુલના — साधर्म्यग्रहणं च धर्ममात्रोपलक्षणमिति करभसंज्ञाप्रतिपत्तिरप्युपमानफलमेवेति नाव्याप्तिः। **તાત્પર્યટીકા, પૃ. ૨૦૦**

પૃ. ૧૭૪ '**अल्पाक्षर**' — તુલના — **તાત્પર્યટીકા, ૧.૧.૨. પારાશર. અ. ૧૮.**

પૃ. ૧૭૪ '**ननु 'तत्' इति**' — તુલના — **પ્રમેયરત્નમાલા, ૨.૨.**

પૃ. ૧૭૪ '**पूर्वप्रमित**' — તુલના — कुमारिलमतेन गृहीतग्राहित्वस्यासिद्धिमुद्भावयति — पूर्वप्रमित... । **તત્ત્વસંગ્રહ, કારિકા ૪૫૩.**

પૃ. ૧૭૮ '**उपलम्भ**' — ભગવાન્ મહાવીર, બુદ્ધ અને ઉપનિષદ્‌થી સેંકડો વર્ષ પહેલાં પણ ऊह (ઋગ્વેદ, ૨૦.૧૩૧.૧૦) અને तर्क (**રામાયણ, ૩.૨૫.૧૨**)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ બે ધાતુ તથા તજ્જન્ય રૂપ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં પ્રચલિત હતાં.[1] આગમ, પિટક અને દર્શનસૂત્રોમાં તેમનો પ્રયોગ વિવિધ પ્રસંગોએ વત્તાઓછા ભેદ સાથે વિવિધ અર્થોમાં થયેલો દેખાય છે.[2] બધા અર્થોમાં સામાન્ય અંશ એક જ છે અને તે છે વિચારાત્મક જ્ઞાનવ્યાપાર. જૈમિનીયસૂત્ર અને તેના શાબરભાષ્ય આદિ[3] વ્યાખ્યાગ્રંથોમાં તે જ ભાવનો દ્યોતક ઊહ શબ્દ દેખાય છે, જેને જયન્તે મંજરીમાં અનુમાનાત્મક યા શબ્દાત્મક પ્રમાણ સમજીને ખંડન કર્યું છે (**ન્યાયમંજરી, પૃ. ૫૮૮**). ન્યાયસૂત્રમાં (૧.૧.૪૦) તર્કનું લક્ષણ છે જેમાં ઊહ શબ્દ પણ પ્રયુક્ત છે અને તેનો અર્થ એ છે કે તર્કાત્મક વિચાર પોતે પ્રમાણ નથી કિન્તુ પ્રમાણાનુકૂલ મનોવ્યાપાર માત્ર છે. ઉત્તરકાલીન નૈયાયિકોએ તર્કનો અર્થ વિશેષ સ્થિર અને સ્પષ્ટ કર્યો છે, અને નિર્ણય કર્યો છે કે તર્ક કોઈ પ્રમાણાત્મક જ્ઞાન નથી પરંતુ વ્યાપ્તિજ્ઞાનમાં બાધક થતી અપ્રયોજકત્વશંકાને દૂર કરનારું વ્યાપ્યારોપપૂર્વક વ્યાપકારોપસ્વરૂપ આહાર્ય જ્ઞાન માત્ર છે જે તે વ્યભિચારશંકાને દૂર કરીને વ્યાપ્તિનિર્ણયમાં સહકારી યા ઉપયોગી થઈ શકે છે (**ચિન્તામણિ, અનુમાનખંડ, પૃ. ૨૧૦; ન્યાયસૂત્રવૃત્તિ, ૧.૧.૪૦**). પ્રાચીન સમયથી જ ન્યાયદર્શનમાં તર્કનું સ્થાન પ્રમાણકોટિમાં નથી.[4] ન્યાયદર્શનના વિકાસની સાથે જ તર્કના અર્થ અને ઉપયોગનું એટલું વિશદીકરણ થયું છે કે આ વિષય ઉપર મોટા સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ગ્રંથો લખાયા છે, જેનો આરંભ ગંગેશ ઉપાધ્યાયથી થાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

બૌદ્ધ તાર્કિક (**હેતુબિન્દુટીકા, લિખિત, પૃ.૨૫**) પણ તર્કાત્મક વિકલ્પજ્ઞાનને વ્યાપ્તિજ્ઞાનોપયોગી માનવા છતાં પ્રમાણ નથી માનતા. આમ તર્કને પ્રમાણ માનવાની મીમાંસક પરંપરા અને અપ્રમાણ હોવા છતાં પણ પ્રમાણાનુગ્રાહક માનવાની નૈયાયિક અને બૌદ્ધ પરંપરા છે.

જૈન પરંપરામાં પ્રમાણ મનાતા મતિજ્ઞાનનો દ્વિતીય પ્રકાર ઈહા જે વસ્તુતઃ ગુણદોષવિચારણાત્મક જ્ઞાનવ્યાપાર જ છે તેના પર્યાય તરીકે ઊહ અને તર્ક બન્ને શબ્દોનો પ્રયોગ ઉમાસ્વાતિએ કર્યો છે (**તત્ત્વાર્થભાષ્ય, ૧.૧૫**). જયારે જૈન

---

૧. उपसर्गाद्ध्रस्व ऊहते: । પાણિનિસૂત્ર, ૭.૪.૨૩. नैषा तर्केण मतिरापनेया । કઠોપનિષદ્, ૨.૯.

૨. तक्का जत्थ न विज्जइ । આચારાંગસૂત્ર, સૂત્ર ૧૭૦. विहिंसा वितक्क । મજ્ઝિમનિકાય, સવ્વાસવસુત્ત ૨.૬. तर्काप्रतिष्ठानात् । બ્રહ્મસૂત્ર, ૨.૧.૧૧. ન્યાયસૂત્ર, ૧.૧.૪૦.

૩. त्रिविधश्च ऊहः । मन्त्रसामसंस्कारविषयः । શાબરભાષ્ય, ૯.૧.૧. જૈમિનીયન્યાયમાલા, અધ્યાય ૯ પાદ ૧ અધિકરણ ૧.

૪. ન્યાયસૂત્ર, ૧.૨.૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંપરામાં તાર્કિક પદ્ધતિએ પ્રમાણના ભેદ અને લક્ષણ આદિની વ્યવસ્થા થવા લાગી ત્યારે સંભવતઃ સૌપ્રથમ અકલંકે જ તર્કનાં સ્વરૂપ, વિષય, ઉપયોગ આદિ સ્થિર કર્યાં (**લઘીયસ્ત્રયી, સ્વવિવૃતિ,** ૩.૨) જેનું અનુસરણ પછીથી બધા જૈન તાર્કિકોએ કર્યું. જૈન પરંપરા મીમાંસકોની જેમ ઊહ યા તર્કને પ્રમાણાત્મક જ્ઞાન જ માનતી આવી છે. જૈન તાર્કિક કહે છે કે વ્યાપ્તિજ્ઞાન જ તર્ક યા ઊહ શબ્દનો અર્થ છે. ચિરાયાત આર્યપરંપરાના અતિપરિચિત ઊહ યા તર્ક શબ્દને લઈને જ અકલંકે પરોક્ષપ્રમાણના એક ભેદ તરીકે તર્કપ્રમાણને સ્થિર કર્યું છે અને વાચસ્પતિ મિશ્ર વગેરે[1] નૈયાયિકોએ વ્યાપ્તિજ્ઞાનને ક્યાંક માનસપ્રત્યક્ષરૂપ, ક્યાંક લૌકિકપ્રત્યક્ષરૂપ, ક્યાંક અનુમિતિરૂપ માન્યું છે, તેનું ખંડન કરીને જૈન તાર્કિક વ્યાપ્તિજ્ઞાનને એકરૂપ જ માનતા આવ્યા છે અને તે રૂપ છે તેમની પરિભાષા અનુસાર તર્કપદપ્રતિપાદ્ય. આચાર્ય હેમચન્દ્ર એ જ પૂર્વપરંપરાના સમર્થક છે.

પૃ. ૧૭૮ '**उपलम्भः प्रमाणमात्र**' — તુલના — **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૦૦ B. સ્યાદ્વાદરત્નાકર, ૩.૭. પ્રમેયરત્નમાલા, ૩.૧૨.**

પૃ. ૧૭૮ '**न चायं व्याप्तिग्रहः**' — તુલના — न हि प्रत्यक्षं यावान्कश्चिद्धूमः कालान्तरे देशान्तरे च पावकस्यैव कार्यं नार्थान्तरस्येति इयतो व्यापारान् कर्तुं समर्थं सन्निहितविषयबलोत्पत्तेः अविचारकत्वात् । **લઘીયસ્ત્રયી, સ્વવિવૃતિ, ૩.૨. અષ્ટસહસ્રી, પૃ. ૨૮૦. પ્રમાણપરીક્ષા, પૃ. ૭૦. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૦૦ B. સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૦૯. પ્રમેયરત્નમાલા. ૨.૨.**

પૃ. ૧૭૯ '**अनुमानान्तरेण**' — તુલના — **શ્લોકવાર્તિક, અનુમાન. શ્લોક ૧૫૧-૧૫૩. હેતુબિન્દુટીકા લિખીત, પૃ. ૨૫.**

પૃ. ૧૭૯ '**तर्हि तत्पृष्ठ**' — તુલના — यस्यानुमानमन्तरेण सामान्यं न प्रतीयते भवतु तस्यायं दोषोऽस्माकं तु प्रत्यक्षपृष्ठभाविनापि विकल्पेन प्रकृतिविभ्रमात् सामान्यं प्रतीयते । **હેતુબિન્દુટીકા લિખિત, પૃ. ૨૫ B.** देशकालव्यक्तिव्याप्त्या च व्याप्तिरुच्यते । यत्र यत्र धूमस्तत्र तत्र अग्निरिति । प्रत्यक्षपृष्ठश्च विकल्पो न प्रमाणं प्रमाणव्यापारानुकारी त्वसौ इष्यते । **મનોરથનન્દિટીકા, પૃ. ૭.**

---

૧. તાત્પર્યટીકા, પૃ. ૧૫૯-૧૬૭. ન્યાયમંજરી, પૃ. ૧૨૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૧૭૯ '**षण्ढात् तनयदोहदः**' — તુલના —

साध्याभिलाष इत्येवं षण्ढात् तनयदोहदः । **ન્યાયમંજરી, પૃ. ૧૧૧.**

પૃ. ૧૭૯ '**एतेन – अनुपलम्भात्**' — તુલના —

**प्रत्यक्षानुपलम्भाभ्यां न तावत्तत्प्रसाधनम् ।**
**तयोः सन्निहितार्थत्वात् त्रिकालागोचरत्वतः ॥१५३॥**

**कारणानुपलम्भाच्चेत् कार्यकारणतानुमा ।**
**व्यापकानुपलम्भाच्च व्याप्यव्यापकतानुमा ॥१५४॥**

**तद्व्याप्तिसिद्धिरप्यन्यानुमानादिति न स्थितिः ।**
**परस्परमपि व्याप्तिसिद्धावन्योन्यसंश्रयः ॥१५५॥**

**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૧.૧૦. પ્રમાણપરીક્ષા, પૃ. ૬૬. પ્રમેયરત્નમાલા, પૃ. ૩૮-૩૯.**

પૃ. ૧૮૦ '**वैशेषिकास्तु**' — તુલના — **પ્રમેયરત્નમાલા, પૃ. ૩૯. પ્રમાણપરીક્ષા, પૃ. ૬૬.**

પૃ. ૧૮૧ '**यौगास्तु**' — તુલના — **તાત્પર્યટીકા, પૃ. ૧૩૧, ૧૬૭.**

પૃ. ૧૮૨ '**व्याप्तिः**' — આગળ દસમા સૂત્રમાં અવિનાભાવનું લક્ષણ છે, તે વસ્તુતઃ વ્યાપ્તિ જ છે તો પણ તર્કલક્ષણ પછી તર્કવિષય તરીકે નિર્દિષ્ટ વ્યાપ્તિનું લક્ષણ આ સૂત્ર દ્વારા આચાર્ય હેમચન્દ્રે કેમ બાંધ્યું એવો પ્રશ્ન અહીં થાય છે. તેનો ખુલાસો એ છે કે હેતુબિન્દુવિવરણમાં અર્ચટે પ્રયોજનવિશેષ દર્શાવવા માટે વ્યાપ્યધર્મરૂપ દ્વારા અને વ્યાપકધર્મરૂપ દ્વારા ભિન્ન ભિન્ન વ્યાપ્તિસ્વરૂપોનું નિદર્શન બહુ આકર્ષક રીતે કર્યું છે જેને જોઈને આચાર્ય હેમચન્દ્રની ચકોર દૃષ્ટિ તે અંશને અપનાવવાનો લોભ જતો ન કરી શકી. આચાર્ય હેમચન્દ્રે અર્ચટોક્ત તે ચર્ચાને અક્ષરશઃ લઈને પ્રસ્તુત સૂત્ર અને તેની વૃત્તિમાં વ્યવસ્થિત કરી દીધી છે.

અર્ચટની સામે પ્રશ્ન હતો કે વ્યાપ્તિ એક પ્રકારનો સંબંધ છે જે સંયોગની જેમ દ્વિષ્ઠ જ છે તો પછી જેમ એક જ સંયોગના બે સંબંધી 'ક' અને 'ખ' અનિયતરૂપે અનુયોગી-પ્રતિયોગી થઈ શકે છે તેમ એક જ વ્યાપ્તિસંબંધના બે સંબંધી હેતુ અને સાધ્ય અનિયતરૂપે હેતુસાધ્ય કેમ ન બને અર્થાત્ તેમનામાંથી અમુક જ ગમક અને અમુક જ ગમ્ય એવો નિયમ કેમ ? આ પ્રશ્નને આચાર્યોપનામક કોઈ તાર્કિક તરફથી ઉઠાવવામાં આવ્યો હતો એવો ઉલ્લેખ અર્ચટે કર્યો છે. તેનો જવાબ અર્ચટે, વ્યાપ્તિને

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયોગની જેમ એકરૂપ સંબંધ નહિ પરંતુ વ્યાપકધર્મ અને વ્યાપ્યધર્મરૂપે વિભિન્ન સ્વરૂપવાળી દર્શાવીને આપ્યો છે અને કહ્યું છે કે પોતાની વિશિષ્ટ વ્યાપ્તિના કારણે વ્યાપ્ય જ ગમક બને છે તથા પોતાની વિશિષ્ટ વ્યાપ્તિના કારણે વ્યાપક જ ગમ્ય બને છે. ગમ્યગમકભાવ સર્વત્ર અનિયત નથી, જેમ આધારાધેયભાવ.

તે પ્રાચીન સમયમાં હેતુ-સાધ્યમાં અનિયતરૂપે ગમ્યગમકભાવની આપત્તિને ટાળવા માટે અર્ચટ જેવા તાર્કિકોએ દ્વિવિધ વ્યાપ્તિની કલ્પના કરી પરંતુ ન્યાયશાસ્ત્રના વિકાસની સાથે જ આ આપત્તિનું નિરાકરણ આપણે બીજી અને વિશેષયોગ્ય રીતે થતું દેખીએ છીએ. નવ્યન્યાયના સૂત્રધાર ગંગેશે ચિન્તામણિમાં પૂર્વપક્ષીય અને સિદ્ધાન્તરૂપે અનેકવિધ વ્યાપ્તિઓનું નિરૂપણ કર્યું છે (**ચિન્તામણિ, ગાદાધરી, પૃ. ૧૪૧-૩૯૦**). પૂર્વપક્ષીય વ્યાપ્તિઓમાં અવ્યભિચરિતત્વનો પરિષ્કાર[1] છે જે વસ્તુતઃ અવિનાભાવ યા અર્ચટોક્ત વ્યાપ્યધર્મરૂપ છે. સિદ્ધાન્તવ્યાપ્તિમાં જે વ્યાપકત્વનો પરિષ્કારાંશ[2] છે તે જ અર્ચટોક્ત વ્યાપકધર્મરૂપ વ્યાપ્તિ છે. અર્થાત્ અર્ચટે જે વ્યાપકધર્મરૂપ વ્યાપ્તિને ગમકત્વાનિયામક કહી છે તેને ગંગેશ વ્યાપ્તિ જ નથી કહેતા, તે તેને વ્યાપકત્વ માત્ર કહે છે અને તથાવિધ વ્યાપકના સામાનાધિકરણ્યને જ વ્યાપ્તિ કહે છે.[3] ગંગેશનું આ નિરૂપણ વિશેષ સૂક્ષ્મ છે. ગંગેશ જેવા તાર્કિકોનું અવ્યભિચરિતત્વ, વ્યાપકત્વ આદિ વિષયક નિરૂપણ આચાર્ય હેમચન્દ્રની નજરે ચડ્યું હોત તો તેનો પણ ઉપયોગ પ્રસ્તુત પ્રકરણમાં અવશ્ય દેખાત.

વ્યાપ્તિ, અવિનાભાવ, નિયતસાહચર્ય આ પર્યાયશબ્દો તર્કશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અવિનાભાવનું રૂપ દેખાડીને જે વ્યાપ્તિનું સ્વરૂપ કહેવામાં આવે છે તે તો માણિક્યનન્દી (**પરીક્ષામુખ, ૩. ૧૭-૧૮**) આદિ બધા જૈન તાર્કિકોના ગ્રંથોમાં દેખાય છે પરંતુ અર્ચટોક્ત નવા વિચારનો સંગ્રહ આચાર્ય હેમચન્દ્ર સિવાય બીજા કોઈ જૈન તાર્કિકના ગ્રંથમાં જોવામાં નથી આવ્યો.

પૃ. ૧૮૨ '**व्याप्तिः इति**' — તુલના — तस्य पक्षधर्मस्य सतो व्याप्तिः

---

१. न तावदव्यभिचरितत्वं तद्धि न साध्याभाववदवृत्तित्वम्, साध्यवद्भिन्नसाध्याभाववदवृत्तित्वं... साध्यवदन्यावृत्तित्वं वा । **ચિન્તામણિ, ગાદાધરી, પૃ. ૧૪૧.**

૨. प्रतियोग्यसमानाधिकरणयत्समानाधिकरणात्यन्ताभावप्रतियोगितावच्छेदकावच्छिन्नं यन्न भवति । **ચિન્તામણિ, ગાદાધરી, પૃ. ૩૯૧.**

૩. तेन समं तस्य सामानाधिकरण्यं व्याप्तिः । **ચિન્તામણિ, ગાદાધરી, પૃ. ૩૯૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यो व्याप्नोति यश्च व्याप्यते तदुभयधर्म.... दा व्यापकस्य गम्यस्य तत्रेति सत्सप्तम्यर्थप्रधानमेतत् नाधारप्रधानम्, धर्माणां धर्म... यत्र धर्मिणि व्याप्यमस्ति तत्र सर्वत्र भाव एव व्यापकस्य स्वगतो धर्मो व्याप्तिः तत् .... । न त्वेवमवधार्यते । व्यापकस्यैव तत्र भाव इति । हेत्वभावप्रसङ्गाद-व्यापकस्यापि मूर्तत्वादेः तत्र भावात् । नापि 'तत्रैवे'ति प्रयत्नानन्तरीय-कत्वादेरहेतुतापत्तेः साधारणश्च हेतुः स्यात्, नित्यत्वस्य प्रमेयेष्वेव भावात्। यदा तु व्याप्यधर्मताविवक्षा व्याप्तेस्तदा व्याप्यस्य वा गमकस्य तत्रैव व्यापके गम्ये सति । यत्र धर्मिणि व्यापकोऽस्ति तत्रैव भावो न तदभावेऽपि व्याप्तिरिति । अत्रापि व्याप्यस्यैव तत्र भाव इत्यवधारणं हेत्वभावप्रसक्तेरेव नाश्रितम्, अव्याप्यस्यापि तत्र भावात् नापि व्याप्यस्य तत्र भाव एवेति सपक्षैकदेशवृत्तेरहेतुत्वप्राप्तेः साधारणस्य हेतुत्वं स्यात् प्रमेयत्वस्य नित्येष्ववश्यंभावादिति । व्याप्यव्यापकधर्मतासंवर्णनं तु व्याप्तेरुभयत्र तुल्यधर्मतयैकाकारा प्रतीतिः संयोगिवत् मा भूदिति प्रदर्शनार्थम् । तथाहि पूर्वत्रायोगव्यवच्छेदेनावधारणम् उत्तरत्रान्ययोगव्यवच्छेदेनेति कुत उभयत्रैकाकारता व्याप्तेः । तदुक्तम् —

> लिङ्गे लिङ्गी भवत्येव लिङ्गिन्येवेतरत् पुनः ।
> नियमस्य विपर्यासेऽसम्बन्धो लिङ्गलिङ्गिनोः ॥ इति ॥

हेतुबिन्दुटीका लिखित पृ.१८थी

પૃ. ૧૮૫ **'स्वार्थपरार्थभेदात्'** — આચાર્ય હેમચન્દ્રે સ્વાર્થ-પરાર્થરૂપે અનુમાનના જ બે ભેદ કર્યા છે જે બધા વૈદિક, બૌદ્ધ અને જૈન તાર્કિકોને સમાનપણે સ્વીકાર્ય છે. અનુમાનની જેમ પ્રત્યક્ષને પણ પરાર્થ કહી તેના સ્વાર્થ-પરાર્થરૂપે બે ભેદો દર્શાવનાર, જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, સૌપ્રથમ સિદ્ધસેન જ છે—

> **स्वनिश्चयवदन्येषां निश्चयोत्पादनं बुधैः ।**
> **परार्थं मानमाख्यातं वाक्यं तदुपचारतः ॥** ન્યાયાવતાર, ૧૦.

સિદ્ધસેનના આ પ્રત્યક્ષદ્વૈવિધ્યને દેવસૂરિએ પણ માન્ય રાખ્યું છે (પ્રમાણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નયતત્ત્વાલોક, ૩.૨૪). આચાર્ય હેમચન્દ્રે આ સિદ્ધસેનોપજ્ઞ પ્રત્યક્ષવિભાગને પોતાના ગ્રંથમાં સ્થાન આપ્યું નથી.

પૃ. ૧૮૫ '**व्यामोह**' — તુલના —

**तद्व्यामोहनिवृत्तिः स्याद्व्यामूढमनसामिह । ન્યાયાવતાર, ૩.**

પૃ. ૧૮૫ '**इह च न**' — તુલના — यतो न योग्यतया लिङ्गं परोक्षज्ञानस्य निमित्तम् । यथा बीजमङ्कुरस्य । अदृष्टाद्धूमादग्नेरप्रतिपत्तेः । नापि स्वविषयज्ञानापेक्षं परोक्षार्थप्रकाशनम् । यथा प्रदीपो घटादेः । दृष्टादप्यनिश्चितसम्बन्धादप्रतिपत्तेः । तस्मात् परोक्षार्थनान्तरीयकतया निश्चयनमेव लिङ्गस्य परोक्षार्थप्रतिपादनव्यापारः । ન્યાયબિન્દુટીકા, ૨.૫.

પૃ. ૧૮૬ '**ननु च असिद्ध**' — હેતુના સ્વરૂપ વિશે દાર્શનિકોમાં ચાર પરંપરાઓ દેખાય છે — (૧) વૈશેષિક-સાંખ્ય-બૌદ્ધ, (૨) નૈયાયિક, (૩) અજ્ઞાતનામક, (૪) જૈન.

પ્રથમ પરંપરા અનુસાર હેતુનાં પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ અને વિપક્ષવ્યાવૃત્તત્વ આ ત્રણ રૂપો છે. આ પરંપરાને અનુસરનારાં વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ એ ત્રણ દર્શનો છે, જેમાં વૈશેષિક અને સાંખ્ય જ પ્રાચીન જણાય છે. પ્રત્યક્ષ અને અનુમાનના રૂપમાં પ્રમાણદ્વયવિભાગની બાબતમાં જેમ બૌદ્ધ તાર્કિકો ઉપર કણાદદર્શનનો પ્રભાવ સ્પષ્ટ છે તેમ જ હેતુના ત્રૈરૂપ્યની બાબતમાં પણ વૈશેષિકદર્શનનું જ અનુસરણ બૌદ્ધ તાર્કિકોએ કર્યું જણાય છે.[1] પ્રશસ્તપાદ ખુદ પણ લિંગના સ્વરૂપના વર્ણનમાં એક કારિકાનું અવતરણ આપે છે જેમાં ત્રિરૂપ હેતુનો કાશ્યપકથિતરૂપે નિર્દેશ છે[2]. માઠર પોતાની વૃત્તિમાં તે જ ત્રણ રૂપોનો નિર્દેશ કરે છે (માઠર, ૫.). **અભિધર્મકોશ,**

---

૧. **પ્રો. શેરબાટ્સ્કીના કથનાનુસાર આ ત્રૈરૂપ્યના વિષયમાં બૌદ્ધોની અસર વૈશેષિકો ઉપર છે. Buddhist Logic, Vol. I, P. 244**

૨. यदनुमेयेन सम्बद्धं प्रसिद्धं च तदन्विते ।
तदभावे च नास्त्येव तल्लिङ्गमनुमापकम् ॥
विपरीतमतो यत् स्यादेकेन द्वितीयेन वा ।
विरुद्धासिद्धसन्दिग्धमलिङ्गं काश्यपोऽब्रवीत् ॥ **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૦૦. કન્દલી, પૃ. ૨૦૩.**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રમાણસમુચ્ચય**, **ન્યાયપ્રવેશ** (પૃ. ૧) **ન્યાયબિન્દુ** (૨.૫થી), **હેતુબિન્દુ** (પૃ.૯) અને **તત્ત્વસંગ્રહ** (કારિકા ૧૩૬૨) આદિ બધા બૌદ્ધ ગ્રંથોમાં તે જ ત્રણ રૂપોને હેતુનું લક્ષણ માનીને ત્રિરૂપ હેતુનું જ સમર્થન કરવામાં આવ્યું છે. ત્રણ રૂપોનાં સ્વરૂપવર્ણન અને સમર્થન તથા પરપક્ષનિરાકરણમાં જેટલો વિસ્તાર અને જેટલું વિશદીકરણ બૌદ્ધ ગ્રંથોમાં દેખાય છે તેટલું કોઈ કેવલ વૈશેષિક યા સાંખ્ય ગ્રંથમાં દેખાતું નથી.

નૈયાયિક ઉપર્યુક્ત ત્રણ રૂપો ઉપરાંત અબાધિતવિષયત્વ અને અસત્પ્રતિપક્ષિતત્વ એ બે રૂપો અધિક માનીને હેતુના પાંચરૂપ્યનું સમર્થન કરે છે. આ સમર્થન સૌ પ્રથમ કોણે શરૂ કર્યું એ નિશ્ચિતપણે કહી શકાતું નથી. પરંતુ સંભવતઃ તેના પ્રથમ સમર્થક ઉદ્યોતકર (**ન્યાયવાર્તિક, ૧.૧.૫**) હોવા જોઈએ. હેતુબિન્દુના ટીકાકાર અર્ચટે (પૃ. ૧૯૫) તથા પ્રશસ્તપાદાનુગામી શ્રીધરે નૈયાયિકોક્ત પાંચરૂપ્યનો ત્રૈરૂપ્યમાં સમાવેશ કર્યો છે. જો કે વાચસ્પતિ (**તાત્પર્યટીકા, ૧.૧.૫; ૧.૧.૩૯**), જયન્ત (**ન્યાયમંજરી, પૃ. ૧૧૦**) આદિ પછીના બધા નૈયાયિકોએ ઉક્ત પાંચરૂપ્યનું સમર્થન અને વર્ણન કર્યું છે, તેમ છતાં વિચારસ્વતન્ત્ર ન્યાયપરંપરામાં તે પાંચરૂપ્ય મૃતકમુષ્ટિની જેમ સ્થિર નથી રહ્યું. ગદાધર આદિ નૈયાયિકોએ વ્યાપ્તિ અને પક્ષધર્મતારૂપે હેતુના ગમકત્તોપયોગી ત્રણ રૂપોનું જ અવયવાદિમાં સંસૂચન કર્યું છે. આમ પાંચરૂપ્યનો પ્રાથમિક નૈયાયિકાગ્રહ શિથિલ બની ત્રૈરૂપ્ય સુધી આવીગયો. ઉક્ત પાંચરૂપ્ય ઉપરાંત છઠ્ઠું અજ્ઞાતત્વ રૂપ ગણાવી ષડ્રૂપ હેતુ માનનારી પણ કોઈ પરંપરા હતી જેનો નિર્દેશ અને જેનું ખંડન અર્ચટે[1] **'नैयायिकमीमांसकादयः'** એવું સામાન્ય કથન કરીને કર્યું છે. ન્યાયશાસ્ત્રમાં જ્ઞાયમાન લિંગની કરણતાનો જે પ્રાચીન મત (**ज्ञायमानं लिङ्गं तु करणं न हि** — મુક્તાવલી, કારિકા ૬૭) ખંડનીય તરીકે નિર્દિષ્ટ છે તેનું મૂળ કદાચ પેલા જ ષડ્રૂપ હેતુવાદની પરંપરામાં હોય.

જૈન પરંપરા હેતુના એક રૂપને જ માને છે અને તે રૂપ છે અવિનાભાવનિયમ. તેનું કહેવું એ નથી કે હેતુમાં જે ત્રણ કે પાંચ રૂપો માનવામાં આવે છે તે અસત્ છે. તેનું કહેવું માત્ર એટલું જ છે કે જ્યારે ત્રણ કે પાંચ રૂપ ન હોવા છતાં પણ કેટલાક

---

૧. षड्लक्षणो हेतुरित्यपरे नैयायिकमीमांसकादयो मन्यन्ते । कानि पुनः षड्रूपाणि हेतोस्तैरिष्यन्ते इत्याह.... त्रीणि चैतानि पक्षधर्मान्वयव्यतिरेकाख्याणि, तथा अबाधितविषयत्वं चतुर्थं रूपम्, ... तथा विवक्षितैकसंख्यत्वं रूपान्तरम् — एका संख्या यस्य हेतुद्रव्यस्य तदेकसंख्यं.... यद्येकसंख्यावच्छिन्नायां प्रतिहेतुरहितायां हेतुव्यक्तौ हेतुत्वं भवति तदा गमकत्वं न तु *प्रतिहेतुसहितायामपि द्वित्वसंख्यायुक्तायां.....तथा* ज्ञातत्वं च ज्ञानविषयत्वं च, न ह्यज्ञातो हेतुः स्वसत्तामात्रेण गमको युक्त इति । **હેતુબિન્દુટીકા, ૧૯૪ B.**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેતુઓ દ્વારા નિર્વિવાદ સદનુમાન થાય છે ત્યારે અવિનાભાવનિયમ સિવાય સકલહેતુસાધારણ બીજું કોઈ લક્ષણ સરળતાતી બનાવી જ નથી શકાતું. તેથી જ ત્રણ યા પાંચ રૂપ અવિનાભાવનિયમનો યથાસંભવ પ્રપંચમાત્ર છે. જો કે સિદ્ધસેને ન્યાયાવતારમાં હેતુને સાધ્યાવિનાભાવી કહ્યો છે તો પણ અવિનાભાવનિયમ જ હેતુનું એકમાત્રરૂપ છે એવું સમર્થન કરનાર સંભવતઃ સૌપ્રથમ પાત્રસ્વામી છે. તત્ત્વસંગ્રહમાં શાન્તરક્ષિતે જૈન પરંપરાસમ્મત અવિનાભાવનિયમરૂપ એક લક્ષણનો પાત્રસ્વામીના મન્તવ્ય તરીકે જ નિર્દેશ કરીને તેનું ખંડન કર્યું છે.[1] એવું જણાય છે કે પૂર્વવર્તી અન્ય જૈન તાર્કિકોએ હેતુના સ્વરૂપ તરીકે અવિનાભાવનિયમનું કથન સામાન્યતઃ કર્યું હશે. પરંતુ તેનું સયુક્તિક સમર્થન અને બૌદ્ધસમ્મત ત્રૈરૂપ્યનું ખંડન સૌપ્રથમ પાત્રસ્વામીએ જ કર્યું હશે.

**अन्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ।**
**नान्यथाऽनुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ॥ ન્યાયવિનિશ્ચય, પૃ. ૫૦૦.**

આ ખંડનકારિકા અકલંક, વિદ્યાનન્દ (**પ્રમાણપરીક્ષા, પૃ. ૭૨**) વગેરેએ ઉદ્ધૃત કરી છે, તે પાત્રસ્વામિકર્તૃક હોવી જોઈએ. પાત્રસ્વામીએ પરસમ્મત ત્રૈરૂપ્યનું જે ખંડન જૈનપરંપરામાં શરૂ કર્યું તેનું અનુસરણ પછીથી અકલંક (**પ્રમાણસંગ્રહ, પૃ. ૯૯ A**) આદિ દિગમ્બર-શ્વેતામ્બર તાર્કિકોએ કર્યું છે. ત્રૈરૂપ્યખંડન પછી જૈનપરંપરામાં પાંચરૂપ્યનું ખંડન શરૂ થયું. તેથી જ વિદ્યાનન્દ (**પ્રમાણપરીક્ષા, પૃ. ૭૨**), પ્રભાચન્દ્ર (**પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૦૩ B**), વાદી દેવસૂરિ (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૨૧**) આદિના દિગમ્બરીય-શ્વેતામ્બરીય ઉત્તરકાલીન તર્કગ્રંથોમાં ત્રૈરૂપ્ય અને પાંચરૂપ્યનું સાથે સાથે જ સવિસ્તર ખંડન દેખાય છે.

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્ય હેમચન્દ્ર તે જ પરંપરાને લઈને ત્રૈરૂપ્ય અને પાંચરૂપ્ય બન્નેનો નિરાસ કરે છે. જો કે વિષયની દૃષ્ટિએ આચાર્ય હેમચન્દ્રનું ખંડન વિદ્યાનન્દ આદિ પૂર્વવર્તી આચાર્યોના ખંડન સમાન જ છે તેમ છતાં તેમનું શબ્દસામ્ય વિશેષતઃ અનન્તવીર્યની પ્રમેયરત્નમાલાની સાથે છે. અન્ય બધા પૂર્વવર્તી જૈન તાર્કિકોથી આચાર્ય હેમચન્દ્રની એક વિશેષતા જે અનેક સ્થાને જોવા મળે છે તે અહીં પણ છે. તે વિશેષતા એ છે કે સંક્ષેપમાં પણ કોઈ ને કોઈ નવા વિચારનું જૈન પરંપરામાં સંગ્રહીકરણમાત્ર છે. આપણે જોઈએ છીએ કે આચાર્ય હેમચન્દ્રે બૌદ્ધ સમ્મત ત્રૈરૂપ્યનો પૂર્વપક્ષ રજૂ કરતી

---

૧. अन्यथेत्यादिना पात्रस्वामिमतमाशङ्कते —

नान्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ।
अन्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् । **તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૬૪-૬૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતે જે વિસ્તૃત અવતરણ ન્યાયબિન્દુની ધર્મોત્તરવૃત્તિમાંથી અક્ષરશઃ લીધું છે તે અન્ય કોઈ પૂર્વવર્તી જૈન તર્કગ્રંથમાં નથી. જો કે આ વિચાર બૌદ્ધતાર્કિકકૃત છે તેમ છતાં જૈન તર્કશાસ્ત્રના અભ્યાસીઓને માટે, ભલે ને પૂર્વપક્ષ તરીકે પણ, આ વિચાર ખાસ જ્ઞાતવ્ય છે.

ઉપર જે 'અન્યથાનુપપન્નત્વ' કારિકાનો ઉલ્લેખ કર્યો છે તે નિઃસન્દેહ તર્કસિદ્ધ હોવાના કારણે સર્વત્ર જૈનપરંપરામાં પ્રતિષ્ઠિત થઈ ગઈ છે, ત્યાં સુધી કે તે કારિકાનું અનુકરણ કરીને વિદ્યાનન્દે થોડોક ફેરફાર કરીને પાંચરૂપ્યખંડનવિષયક પણ કારિકા બનાવી નાખી (**પ્રમાણપરીક્ષા, પૃ. ૭૨**). આ કારિકાની પ્રતિષ્ઠા તર્કબલ પર અને તર્કક્ષેત્રમાં જ રહેવી જોઈતી હતી પરંતુ તેના પ્રભાવથી અંજાઈને અતાર્કિક ભક્તોએ તેની પ્રતિષ્ઠા મનઃકલ્પિત રીતે વધારી દીધી, અને એ ત્યાં સુધી વધી કે ખુદ તર્કગ્રન્થલેખક આચાર્યો પણ તે કલ્પિત રીતના શિકાર બની ગયા. કોઈકે કહ્યું કે આ કારિકાના કર્તા અને દાતા મૂળમાં સીમન્ધરસ્વામી નામના તીર્થંકર છે. કોઈકે કહ્યું કે સીમન્ધરસ્વામી પાસેથી પદ્માવતી નામની દેવી આ કારિકાને લઈ આવી અને પાત્રકેસરી સ્વામીને તે કારિકા આપી. આમ કોઈ પણ તાર્કિક મનુષ્યના મુખમાંથી નીકળવાની ઐકાન્તિક યોગ્યતા ધરાવતી આ કારિકાએ સીમન્ધરસ્વામીના મુખમાંથી અન્ધભક્તિના કારણે જન્મ લેવો પડ્યો (**સન્મતિટીકા, પૃ. ૫૬૯**(૭)). અસ્તુ. જે હો તે, આચાર્ય હેમચન્દ્ર પણ તે કારિકાનો ઉપયોગ કરે છે. એટલું તો અવશ્ય જણાય છે કે આ કારિકાના સંભવતઃ ઉદ્ભાવક પાત્રસ્વામી દિગમ્બર પરંપરાના જ છે કેમ કે ભક્તિપૂર્ણ પેલી મનઃકલ્પિત કલ્પનાઓની સૃષ્ટિ કેવળ દિગમ્બરીય પરંપરા સુધી જ સીમિત રહી છે.

પૃ. ૧૮૬ **'तथाहि — अनुमेये'**— તુલના — **ન્યાયબિન્દુટીકા, ૨. ૫-૭.**

પૃ. ૧૯૩ **'अथैवंविधः'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩.૧૯.**

પૃ. ૧૯૪ **'स्वभाव'** — જૈન તર્કપરંપરામાં હેતુના પ્રકારોનું વર્ણન તો અકલંકના ગ્રંથોમાં (**પ્રમાણસંગ્રહ, પૃ. ૯૭-૯૮**) જોવામાં આવે છે પરંતુ તેમનું વિધિ-સાધક યા નિષેધસાધક રૂપે સ્પષ્ટ વર્ગીકરણ આપણને માણિક્યનન્દી, વિદ્યાનન્દ વગેરેના ગ્રંથોમાં મળે છે. માણિક્યનન્દી, વિદ્યાનન્દ, દેવસૂરિ અને આચાર્ય હેમચન્દ્ર આ ચારે કરેલું વર્ગીકરણ જ ધ્યાન દેવા યોગ્ય છે. હેતુપ્રકારોનું જૈનગ્રન્થગત વર્ગીકરણ મુખ્યપણે વૈશેષિકસૂત્ર અને ધર્મકીર્તિના ન્યાયબિન્દુ પર અવલંબિત છે. **વૈશેષિકસૂત્રમાં** (૯.૨.૧) કાર્ય, કારણ, સંયોગી, સમવાયી અને વિરોધી રૂપે પંચવિધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિંગનો સ્પષ્ટ નિર્દેશ છે. **ન્યાયબિંદુ**માં (૨.૧૨) સ્વભાવ, કાર્ય અને અનુપલમ્ભ રૂપે ત્રિવિધ લિંગનું વર્ણન છે તથા અનુપલબ્ધિના અગીઆર પ્રકાર[1] માત્ર નિષેધસાધકરૂપે વર્ણિત છે, વિધિસાધકરૂપે એક પણ અનુપલબ્ધિ દર્શાવવામાં નથી આવી. અકલંક અને માણિક્યનંદીએ ન્યાયબિન્દુની અનુપલબ્ધિ તો સ્વીકારી લીધી પરંતુ તેમાં ઘણા બધા સુધારા અને વધારા કર્યા. ધર્મકીર્તિ અનુપલબ્ધિ શબ્દથી બધી અનુપલબ્ધિઓને યા ઉપલબ્ધિઓને લઈ એકમાત્ર પ્રતિષેધની સિદ્ધિ દર્શાવે છે જ્યારે માણિક્યનન્દી અનુપલબ્ધિથી વિધિ અને નિષેધ ઉભયની સિદ્ધિનું નિરૂપણ કરે છે એટલું જ નહિ પણ ઉપલબ્ધિને પણ તે વિધિ-નિષેધ ઉભયસાધક દર્શાવે છે.[2] વિદ્યાનન્દનું વર્ગીકરણ વૈશેષિકસૂત્રના આધારે છે. વૈશેષિકસૂત્રમાં અભૂત ભૂતનું, ભૂત અભૂતનું અને ભૂત ભૂતનું એમ ત્રિવિધ લિંગનો નિર્દેશ છે.[3] પરંતુ વિદ્યાનન્દે તેમાં અભૂત અભૂતનું — તે એક પ્રકાર વધારીને ચાર પ્રકારોની અંદર બધી વિધિનિષેધસાધક ઉપલબ્ધિઓ તથા બધી વિધિનિષેધસાધક અનુપલબ્ધિઓનો સમાવેશ કર્યો છે (**પ્રમાણપરીક્ષા**, પૃ. ૭૨-૭૪). આ વિસ્તૃત સમાવેશકરણમાં કેટલાક પૂર્વાચાર્યોની સંગ્રહકારિકાઓને[4] ઉદ્ધૃત કરીને તેમણે બધા પ્રકારોની બધી

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૧. स्वभावानुपलब्धिर्यथा नात्र धूम उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेः । कार्यानुपलब्धिर्यथा नेहाप्रतिबद्धसामर्थ्यानि धूमकारणानि सन्ति धूमाभावात् । व्यापकानुपलब्धिर्यथा नात्र शिंशपा वृक्षाभावात् । स्वभावविरुद्धोपलब्धिर्यथा नात्र शीतस्पर्शोऽग्नेरिति । विरुद्धकार्योपलब्धिर्यथा नात्र शीतस्पर्शो धूमादिति । विरुद्धव्याप्तोपलब्धिर्यथा न ध्रुवभावी भूतस्यापि भावस्य विनाशो हेत्वन्तरापेक्षणात् । कार्यविरुद्धोपलब्धिर्यथा नेहाप्रतिबद्धसामर्थ्यानि शीताकारणानि सन्ति अग्नेरिति । व्यापकविरुद्धोपलब्धिर्यथा नात्र तुषारस्पर्शोऽग्नेरिति । कारणानुपलब्धिर्यथा नात्र धूमोऽग्न्यभावात् । कारणविरुद्धोपलब्धिर्यथा नास्य रोमहर्षादिविशेषाः सन्निहितदहनविशेषत्वादिति । कारणविरुद्धकार्योपलब्धिर्यथा न रोमहर्षादिविशेषयुक्तपुरुषवानयं प्रदेशो धूमादिति । **न्यायबिन्दु**, २. ३२-४२

૨. **પરીક્ષામુખ**, ૩. ૫૭-૫૯, ૭૮, ૮૯.

૩. विरोध्यभूतं भूतस्य । भूतमभूतस्य । भूतोऽभूतस्य । **वैशेषिकसूत्र**, ૩. ૧૧-૧૩.

૪. अत्र संग्रहश्लोकाः — स्यात् कार्यं कारणव्याप्यं प्राक्सहोत्तरचारि च । लिङ्गं तल्लक्षणव्याप्तेर्भूतं भूतस्य साधकम् ॥ षोढा विरुद्धकार्यादि साक्षादेवोपवर्णितम् । लिङ्गं भूतमभूतस्य लिङ्गलक्षणयोगतः ॥ पारम्पर्यात्तु कार्यं स्यात् कारणं व्याप्यमेव च । सहचारि च निर्दिष्टं प्रत्येकं तच्चतुर्विधम् ॥ कारणाद् द्विष्ठकार्यादिभेदेनोदाहृतं पुरा । यथा षोडशभेदं स्यात् द्वाविंशतिविधं ततः ॥ लिङ्गं समुदितं ज्ञेयमन्यथानुपपत्तिमत् । तथा भूतमभूतस्याप्युह्यमन्यदपीदृशम् ॥ अभूतं भूतमुन्नीतं भूतस्यानेकधा बुधैः । तथाऽभूतमभूतस्य यथायोग्यमुदाहरेत ॥ बहुधाप्येवमाख्यातं संक्षेपेण चतुर्विधम् । अतिसंक्षेपतो द्वेधोपलम्भानुपलम्भभृत् ॥ **પ્રમાણપરીક્ષા**, પૃ. ૭૪-૭૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંખ્યાઓનો નિર્દેશ કર્યો છે. વિદ્યાનન્દના આ વર્ગીકરણમાં વૈશેષિકસૂત્ર ઉપરાંત અકલંક યા માણિક્યનન્દી જેવા કોઈ જૈનતાર્કિકનો યા કોઈ બૌદ્ધ તાર્કિકનો આધાર છે એમ લાગે છ.

દેવસૂરિએ પોતાના વર્ગીકરણમાં પરીક્ષામુખના વર્ગીકરણને જ આધાર માન્યો જણાય છે, તો પણ દેવસૂરિએ એટલો સુધારો તો અવશ્ય કર્યો છે કે જ્યારે પરીક્ષામુખ વિધિસાધક છ ઉપલબ્ધિઓ (૩.૫૬) અને ત્રણ અનુપલબ્ધિઓ (૩.૮૬) વર્ણવે છે ત્યારે પ્રમાણનયતત્ત્વાલોક વિધિસાધક છ ઉપલબ્ધિઓ (૩.૬૪) અને પાંચ અનુપલબ્ધિઓ (૩.૯૯) વર્ણવે છે. નિષેધસાધકરૂપે છ ઉપલબ્ધિઓ (૩.૭૧) અને સાત અનુપલબ્ધિઓનું (૩.૭૮) વર્ણન પરીક્ષામુખમાં છે જ્યારે પ્રમાણનય-તત્ત્વાલોકમાં નિષેધસાધક અનુપલબ્ધિ (૩.૯૦) અને ઉપલબ્ધિ (૩.૭૯) બન્નેના સાત સાત પ્રકારો જણાવ્યા છે.

આચાર્ય હેમચન્દ્ર વૈશેષિકસૂત્ર અને ન્યાયબિન્દુ બન્નેના આધારે વિદ્યાનન્દની જેમ વર્ગીકરણ કરે છે, તો પણ વિદ્યાનન્દથી વિભિન્નતા એ છે કે આચાર્ય હેમચન્દ્રના વર્ગીકરણમાં કોઈ પણ અનુપલબ્ધિ વિધિસાધકરૂપે વર્ણવાઈ નથી પરંતુ ન્યાયબિન્દુની જેમ માત્ર નિષેધસાધકરૂપે વર્ણવાઈ છે. વર્ગીકરણની અનેકવિધતા તથા ભેદોની સંખ્યામાં ન્યૂનાધિકતા હોવા છતાં પણ તત્ત્વતઃ બધાં વર્ગીકરણોનો સાર એકસરખો જ છે. વાચસ્પતિ મિશ્રે કેવળ બૌદ્ધસમ્મત વર્ગીકરણનો જ નહિ પરંતુ વૈશેષિકસૂત્રગત વર્ગીકરણનો પણ નિરાસ કર્યો છે. (**તાત્પર્યટીકા, પૃ. ૧૫૮-૧૬૪**).

जैनम् जयति शासनम्

પૃ. ૧૯૫ '**तद्विशेषस्य**' — તુલના — यदुत्पत्तिमत् तदनित्यमिति स्वभावभूतधर्मभेदेन स्वभावस्य प्रयोगः । यत् कृतकं तदनित्य-मित्युपाधिभेदेन । अपेक्षितपरव्यापारो हि भावः स्वभावनिष्पत्तौ कृतक इति । एवं प्रत्ययभेदभेदित्वादयो द्रष्टव्याः । **ન્યાયબિન્દુ, ૩. ૧૨-૧૫.**

यथा च कृतकशब्दो भिन्नविशेषणस्वभावाभिधाय्येवं प्रत्ययभेद-भेदित्वमादिर्येषां प्रयत्नानन्तरीयकत्वादीनां तेऽपि स्वभावहेतोः प्रयोगा भिन्नविशेषणस्वभावाभिधायिनो द्रष्टव्याः । **ન્યાયબિન્દુ, ૩.૧૫.**

પૃ. ૧૯૫ '**पक्षादन्यस्यैव**' — તુલના — यैव चास्य साध्यधर्मिणि स्वसाध्याविनाभाविता सैव गमकत्वे निबन्धनं नान्यधर्मिणि । स च स्वसाध्याविनाभावः प्रतिबन्धसाधकप्रमाणनिबन्धनो न सपक्षे क्वचिद्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बहुलं वा सहभावमात्रदर्शननिबन्धनः, नहि लोहलेख्यं वज्रं पार्थिवत्वात् काष्ठादिवत् इति तदन्यत्र पार्थिवत्वस्य लोहलेख्यत्वाविनाभावोऽपि तथाभावो भवति। यदि च पक्षीकृतादन्यत्रैव व्याप्तिरदर्शयितव्येति नियमः तदा सत्त्वं कथं क्षणिकतां भावेषु प्रतिपादयेत्......तस्मात् – स्वसाध्यप्रतिबन्धात् हेतुः तेन व्याप्तः सिद्ध्यति स च विपर्यये बाधकप्रमाणवृत्त्या साध्यधर्मिण्यपि सिद्ध्यति इति न किंचिद् अन्यत्रानुवृत्त्यपेक्षया। अत एवान्यत्र [विनिश्चये] उक्तम् — यत् क्वचिद् दृष्टं तस्य यत्र प्रतिबन्धः तद्विदः तस्य तद् गमकं तत्रेति वस्तुगतिरिति। **હેતુબિન્દુટીકા લિખિત, પૃ. ૧૫ B, ૧૬ B.**

પૃ. ૧૯૭ '**सूक्ष्मदर्शिनापि**' — કાર્યલિંગક અનુમાનને તો બધા માને છે પરંતુ કારણલિંગક અનુમાનને માનવામાં મતભેદ છે. બૌદ્ધ તાર્કિક, ખાસ કરીને ધર્મકીર્તિ, ક્યાંય પણ કારણલિંગક અનુમાનનો સ્વીકાર નથી કરતા પરંતુ વૈશેષિક, નૈયાયિક બન્ને કારણલિંગક અનુમાનને પહેલેથી જ માનતા આવ્યા છે. પોતાના પૂર્વવર્તી બધા જૈનતાર્કિકોએ જેમ કારણલિંગક અનુમાનનું ખૂબ જોરથી ઉપપાદન કર્યું છે તેમ આચાર્ય હેમચન્દ્રે પણ તેનું ઉપપાદન કર્યું છે. આચાર્ય હેમચન્દ્ર ન્યાયવાદી શબ્દ દ્વારા ધર્મકીર્તિને સૂચવે છે. જો કે આચાર્ય હેમચન્દ્ર ધર્મકીર્તિના મન્તવ્યનું નિરસન કરે છે તેમ છતાં તેમને ધર્મકીર્તિ પ્રત્યે જે વિશેષ આદર છે તે '**सूक्ष्मदर्शिनापि**' આ શબ્દથી પ્રગટ થાય છે.

પૃ. ૨૦૨ '**तथा चेतनां विना**' — કાર્યલિંગક અનુમાનને માનવામાં કોઈનો મતભેદ નથી તો પણ તેના કોઈ કોઈ ઉદાહરણમાં ખાસ્સો મતભેદ છે. '**जीवत् शरीरं सात्मकम्, प्राणादिमत्त्वात्**' આ અનુમાનને બૌદ્ધો સદનુમાન નથી માનતા, તેઓ તેને મિથ્યાનુમાન માનીને પ્રાણાદિહેતુને હેત્વાભાસમાં ગણાવે છે (**ન્યાયબિન્દુ, ૩.૯૯**). બૌદ્ધો બીજા દાર્શનિકોની જેમ શરીરમાં વર્તમાન નિત્ય આત્મતત્ત્વને નથી માનતા એટલે તેઓ અન્ય દાર્શનિકસમ્મત સાત્મકત્વનું પ્રાણાદિ દ્વારા અનુમાન નથી માનતા જ્યારે વૈશેષિક, નૈયાયિક, જૈન વગેરે બધાં પૃથગાત્મવાદી દર્શનો પ્રાણાદિ દ્વારા શરીરમાં આત્મસિદ્ધિ માનીને તેને સદનુમાન જ ગણે છે. તેથી જ આત્મવાદી દાર્શનિકો માટે આ સિદ્ધાન્ત આવશ્યક છે કે સપક્ષવૃત્તિત્વરૂપ અન્વયને સદ્ધેતુનું અનિવાર્ય રૂપ ન માનવું. કેવળ વ્યતિરેકવાળા અર્થાત્ અન્વયશૂન્ય લિંગને પણ તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુમિતિપ્રયોજક માનીને પ્રાણાદિહેતુને સદ્હેતુ માને છે.[૧] તેનું સમર્થન નૈયાયિકોની જેમ જૈનતાર્કિકોએ બહુ વિસ્તારથી કર્યું છે.

આચાર્ય હેમચન્દ્ર પણ તેનું અનુસરણ કરે છે, અને કહે છે કે અન્વયના અભાવમાં પણ હેત્વાભાસ નથી થતો તેથી અન્વયને હેતુનું રૂપ ન માનવું જોઈએ. બૌદ્ધસમ્મત ખાસ કરીને ધર્મકીર્તિનિર્દિષ્ટ અન્વયસન્દેહનું અનૈકાન્તિકપ્રયોજકત્વરૂપે ખંડન કરતાં આચાર્ય હેમચન્દ્ર કહે છે કે વ્યતિરેકાભાવમાત્રને જ વિરુદ્ધ અને અનૈકાન્તિક બન્નેનો પ્રયોજક માનવો જોઈએ. ધર્મકીર્તિએ ન્યાયબિન્દુમાં વ્યતિરેકાભાવની સાથે અન્વયસન્દેહને પણ અનૈકાન્તિકતાનો પ્રયોજક[૨] કહ્યો છે, તેનો નિષેધ આચાર્ય હેમચન્દ્ર કરે છે. ન્યાયવાદી ધર્મકીર્તિના કોઈ પણ ઉપલબ્ધ ગ્રંથમાં, જેવું આચાર્ય હેમચન્દ્રે લખ્યું છે તેવું દેખાતું નથી કે વ્યતિરેકાભાવ જ બન્ને વિરુદ્ધ અને અનૈકાન્તિક યા બન્ને પ્રકારના અનૈકાન્તિકનો પ્રયોજક હોય એટલે **'न्यायवादिनापि व्यतिरेकाभावादेव हेत्वाभासावुक्तौ'** આ આચાર્ય હેમચન્દ્રનું કથન અસંગત થઈ જાય છે. ધર્મકીર્તિના કોઈ પણ ગ્રંથમાં આચાર્ય હેમચન્દ્રોક્ત આ ભાવનો ઉલ્લેખ ન મળે તો આચાર્ય હેમચન્દ્રના આ કથનનો અર્થ થોડી ખેંચતાણ કરીને આ જ કરવો જોઈએ કે ન્યાયવાદીએ પણ બે હેત્વાભાસ કહ્યા છે પરંતુ તેમનું પ્રયોજક રૂપ જેવું અમે માનીએ છીએ તેવું વ્યતિરેકાભાવ જ મનાવું જોઈએ કેમ કે તે અંશમાં કોઈને વિવાદ નથી, તેથી જ નિર્વિવાદપણે સ્વીકૃત વ્યતિરેકાભાવને જ ઉક્ત હેત્વાભાસદ્વયનો પ્રયોજનક માનવો જોઈએ, અન્વયસંદેહને નહિ.

અહીં એક વાત ખાસ લખી દેવી જોઈએ. તે એ કે બૌદ્ધ તાર્કિક હેતુના ત્રૈરૂપ્યનું સમર્થન કરતાં અન્વયને આવશ્યક એટલા માટે બતાવે છે કે તેઓ વિપક્ષાસત્ત્વરૂપ વ્યતિરેકનો સંભવ **'सपक्षे एव सत्त्व (સપક્ષમાં જ સત્ત્વ)'** રૂપ અન્વય વિના માનતા નથી, તેઓ કહે છે કે અન્વય હોવાથી જ વ્યતિરેક ફલિત થાય છે, ભલે તે કોઈ વસ્તુમાં ફલિત થતો હોય કે અવસ્તુમાં. જો અન્વય ન હોય તો વ્યતિરેક પણ સંભવે નહિ. અન્વય અને વ્યતિરેક બન્ને રૂપ પરસ્પરાશ્રિત હોવા છતાં પણ બૌદ્ધ તાર્કિકોના મતે ભિન્ન જ છે. તેથી જ તેઓ વ્યતિરેકની જેમ અન્વય ઉપર પણ સરખો જ ભાર આપે છે. જૈન પરંપરા એવું નથી માનતી. તેના અનુસાર વિપક્ષવ્યાવૃત્તિરૂપ વ્યતિરેક

---

૧. केवलव्यतिरेकिणं त्वीदृशमात्मादिप्रसाधने परममस्त्रमुपेक्षितुं न शक्नुम इत्ययथाभाष्यमपि व्याख्यानं श्रेयः । ન્યાયમંજરી, પૃ. ૫૭૮. તાત્પર્યટીકા, પૃ. ૨૮૩. કન્દલી, પૃ. ૨૦૪

૨. अनयोरेव द्वयो रूपयोः सन्देहेऽनैकान्तिकः । ન્યાયબિન્દુ, ૩.૯૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ હેતુનું મુખ્ય સ્વરૂપ છે. જૈન પરંપરા અનુસાર તે એક જ રૂપના અન્વય યા વ્યતિરેક બે જુદા જુદા નામો જ માત્ર છે. આ સિદ્ધાન્તને અનુસરીને આચાર્ય હેમચન્દ્રે છેવટે કહી દીધું છે કે '**सपक्षे एव सत्त्व**' ને જો અન્વય કહેતા હો તો તે અમારો અભિપ્રેત અન્યથાનુપપત્તિરૂપ વ્યતિરેક જ થયો. સારાંશ એ છે કે બૌદ્ધ તાર્કિક જે તત્ત્વને અન્વય અને વ્યતિરેક પરસ્પરાશ્રિત રૂપોમાં વિભાજિત કરીને બન્નેય રૂપોનો હેતુલક્ષણમાં સમાવેશ કરે છે, તે જ તત્ત્વને જૈન તાર્કિક એકમાત્ર અન્યથાનુપપત્તિ યા વ્યતિરેકરૂપે સ્વીકાર કરીને તેની બીજી ભાવાત્મક બાજુને લક્ષમાં નથી લેતા.

પૃ. ૨૦૫ '**विरोधि तु**' — व्याख्या — स्वभावविरुद्धोपलब्धिर्यथा नात्र शीतस्पर्शो वह्नेरिति । प्रतिषेध्यस्य शीतस्पर्शे यः स्वभावः तस्य विरुद्धो वह्निस्तस्य चेहोपलब्धिः । कार्यविरुद्धोपलब्धिर्यथा नेहाप्रतिबद्ध-सामर्थ्यानि शीतकारणानि सन्ति वह्नेरिति । अन्त्यदशाप्राप्तमेव कारणं कार्यं जनयति न सर्वं ततो विशेषणोपादानम् । प्रतिषेध्यानां शीतकारणानां कार्यं शीतं तस्य विरुद्धो वह्निः तस्येहोपलब्धिः । कारणविरुद्धोपलब्धिर्यथा नास्य रोमहर्षादिविशेषाः सन्ति सन्निहितदहनविशेषत्वात् । प्रतिषेध्यानां रोमहर्षादिविशेषाणां कारणं शीतम्, तस्य विरुद्धो दहनविशेषस्तस्य चेहोपलब्धिः । व्यापकविरुद्धोपलब्धिर्यथा नात्र तुषारस्पर्शो दहनात् । प्रतिषेध्यस्य तुषारस्पर्शस्य व्यापकं शीतं तस्येह विरुद्धो दहनविशेषः तस्येहोपलब्धिः । स्वभावविरुद्धकार्योपलब्धिर्यथा नात्र तुषारस्पर्शो धूमात् । प्रतिषेध्यस्य तुषारस्पर्शस्य यः स्वभावः तस्य विरुद्धो वह्निः । तस्य कार्यं धूमः तस्य चेहोपलब्धिः । कार्यविरुद्धकार्योपलब्धिर्यथा नेहाप्रतिबद्धसामर्थ्यानि शीतकारणानि सन्ति धूमादिति । प्रतिषेध्यानां शीतकारणानां कार्यं शीतं तस्य विरुद्धो वह्निः तस्य कार्यं धूमः तस्येहोपलब्धिः । कारणविरुद्धकार्योपलब्धिर्यथा न रोमहर्षादियुक्त-पुरुषवानयं प्रदेशो धूमात् । प्रतिषेध्यानां हि रोमहर्षादिविशेषाणां कारणं शीतं तस्य विरुद्धो वह्निः तस्य कार्यं धूमः तस्येहोपलब्धिः । व्यापक-विरुद्धकार्योपलब्धिर्यथा नात्र तुषारस्पर्शो धूमात् । प्रतिषेध्यस्य तुषारस्पर्शस्य व्यापकं शीतं तस्य विरुद्धोऽग्निः तस्य कार्यं धूमः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्येहोपलब्धिः । તર્કભાષા મોક્ષાકરીય પરિચ્છેદ ૨.

અ. ૧. આ. ૨. સૂત્ર ૧૩-૧૭, પૃ. ૨૦૬-૨૧૩. પક્ષના અંગે અહીં ચાર બાબતો પર વિચાર છે — (૧) પક્ષનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ, (૨) લક્ષણાન્તર્ગત વિશેષણની વ્યાવૃત્તિ, (૩) પક્ષના આકારનો નિર્દેશ, અને (૪) પક્ષના પ્રકાર.

(૧) બહુ જ પહેલેથી જ પક્ષનું સ્વરૂપ વિચારપથમાં આવી નિશ્ચિત થઈ ગયું હતું તો પણ પ્રશસ્તપાદે પ્રતિજ્ઞાનું લક્ષણ કરતી વખતે તેનું ચિત્રણ સ્પષ્ટ કરી દીધું છે.[1] ન્યાયપ્રવેશમાં[2] અને ન્યાયબિન્દુમાં[3] તો ત્યાં સુધી લક્ષણની ભાષા નિશ્ચિત થઈ ગઈ છે કે તેની પછી બધા દિગમ્બર-શ્વેતામ્બર તાર્કિકોએ તે જ બૌદ્ધ ભાષાનો તે જ શબ્દોથી યા પર્યાયાન્તરથી અનુવાદ કરીને જ પોતપોતાના ગ્રન્થોમાં પક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે જેમાં કોઈ ન્યૂનાધિકતા નથી.

(૨) લક્ષણનાં ઇષ્ટ, અસિદ્ધ અને અબાધિત એ ત્રણે વિશેષણોની વ્યાવૃત્તિ પ્રશસ્તપાદ અને ન્યાયપ્રવેશમાં દેખાતી નથી પરંતુ અબાધિત એ એક વિશેષણની વ્યાવૃત્તિ તેમનામાં સ્પષ્ટ છે.[4] ન્યાયબિન્દુમાં ઉક્ત ત્રણેની વ્યાવૃત્તિ[5] છે. જૈન ગ્રંથોમાં

Jainsite.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧. प्रतिपिपादयिषितधर्मविशिष्टस्य धर्मिणोऽपदेशविषयमापादयितुं उद्देशमात्रं प्रतिज्ञा… … अविरोधिग्रहणात् प्रत्यक्षानुमानाभ्युपगतस्वशास्त्रस्ववचनविरोधिनो निरस्ता भवन्ति । પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૪.

૨. तत्र पक्षः प्रसिद्धो धर्मी प्रसिद्धविशेषेण विशिष्टतया स्वयं साध्यत्वेनेप्सितः । प्रत्यक्षाद्यविरुद्ध इति वाक्यशेषः । तद्यथा नित्यः शब्दोऽनित्यो वेति । ન્યાયપ્રવેશ, પૃ. ૧

૩. स्वरूपेणैव स्वयमिष्टोऽनिराकृतः पक्ष इति । ન્યાયબિન્દુ, ૩.૪૦

૪. यथाऽनुष्णोऽग्निरिति प्रत्यक्षविरोधी, घनमम्बरमिति अनुमानविरोधी, ब्राह्मणेन सुरा पेयेत्यागमविरोधी, वैशेषिकस्य सत्कार्यमिति ब्रुवतः स्वशास्त्रविरोधी, न शब्दोऽर्थप्रत्यायक इति स्ववचनविरोधी । પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૪. साधयितुमिष्टोपि प्रत्यक्षादिविरुद्धः पक्षाभासः । तद्यथा—प्रत्यक्षविरुद्धः, अनुमानविरुद्धः, आगमविरुद्धः, लोकविरुद्धः, स्ववचनविरुद्धः, अप्रसिद्धविशेषणः, अप्रसिद्धविशेष्यः, अप्रसिद्धोभयः, प्रसिद्धसम्बन्धश्चेति । ન્યાયપ્રવેશ, પૃ. ૨.

૫. स्वरूपेणेति साध्यत्वेनेष्टः । स्वरूपेणैवेति साध्यत्वेनेष्टो न साधनत्वेनापि । यथा शब्दस्यानित्यत्वे साध्ये चाक्षुषत्वं हेतुः, शब्देऽसिद्धत्वात्साध्यम्, न पुनस्तदिह साध्यत्वेनेष्टं साधनत्वेनाप्यभिधानात् । स्वयमिति वादिना । यस्तदा साधनमाह । एतेन यद्यपि क्वचिच्छास्त्रे स्थितः साधनमाह, तच्छास्त्रकारेण तस्मिन्धर्मिण्यनेकधर्माभ्युपगमेऽपि, यस्तदा तेन वादिना धर्मः स्वयं साधयितुमिष्टः स एव साध्यो नेतर इत्युक्तं भवति । इष्ट इति यत्रार्थे विवादेन साधनमुपन्यस्तं तस्य सिद्धिमिच्छता सोऽनुक्तोऽपि वचनेन साध्यः । तदधिकरणत्वाद्विवादस्य । यथा परार्थाश्चक्षुरादयः संघातत्वाच्छयनासनाद्यङ्गवत् इति, अत्रात्मार्था इत्यनुक्तावप्यात्मार्थता साध्या, अनेन नोक्तमात्रमेव साध्यमित्युक्तं भवति । अनिराकृत इति एतल्लक्षणयोगेऽपि यः साधयितुमिष्टोऽप्यर्थः प्रत्यक्षानुमानप्रतीतिस्ववचनैर्निराक्रियते न स पक्ष इति प्रदर्शनार्थम् । ન્યાયબિન્દુ, ૩.૪૧-૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ત્રણે વિશેષણોની વ્યાવૃત્તિ સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે. અન્તર એટલું જ છે કે માણિક્યનન્દી (**પરીક્ષામુખ**, ૩.૨૦) અને દેવસૂરિએ (**પ્રમાણનયતત્ત્વાલોક**, ૩. ૧૪-૧૭) તો બધી વ્યાવૃત્તિઓ ધર્મકીર્તિની જેમ મૂલસૂત્રમાં જ દર્શાવી છે જ્યારે આચાર્ય હેમચન્દ્રે બે વિશેષણોની વ્યાવૃત્તિઓને વૃત્તિમાં દર્શાવીને કેવળ એક અબાધ્ય વિશેષણની વ્યાવૃત્તિને સૂત્રબદ્ધ કરી છે. પ્રશસ્તપાદે પ્રત્યક્ષવિરુદ્ધ, અનુમાનવિરુદ્ધ, આગમવિરુદ્ધ, સ્વશાસ્ત્રવિરુદ્ધ અને સ્વવચનવિરુદ્ધ રૂપે પાંચ બાધિત પક્ષો દર્શાવ્યા છે. ન્યાયપ્રવેશમાં પણ બાધિત પક્ષો પાંચ જ છે પરંતુ સ્વશાસ્ત્રવિરુદ્ધના સ્થાને લોકવિરુદ્ધ છે. ન્યાયબિન્દુમાં આગમવિરુદ્ધ અને લોકવિરુદ્ધ બન્ને નથી પરંતુ પ્રતીતિવિરુદ્ધનો સમાવેશ કરીને પ્રત્યક્ષવિરુદ્ધ, અનુમાનવિરુદ્ધ, સ્વવચનવિરુદ્ધ અને પ્રતીતિવિરુદ્ધ એમ કુલ ચાર બાધિત પક્ષો દર્શાવ્યા છે. એવું જણાય છે કે બૌદ્ધ પરંપરાગત આગમપ્રામાણ્યના અસ્વીકારનો વિચાર કરીને ધર્મકીર્તિએ આગમ-વિરુદ્ધને સ્થાન આપ્યું નથી, પરંતુ સાથે જ પ્રતીતિવિરુદ્ધને દાખલ કર્યો. માણિક્યનન્દીએ (**પરીક્ષામુખ**, ૬.૧૫) આ બાબતમાં ન્યાયબિન્દુનું નહિ પણ ન્યાયપ્રવેશનું અનુસરણ કરીને તેના પાંચ બાધિત પક્ષો માની લીધા જેમને દેવસૂરિએ પણ માની લીધા. અલબત્ત દેવસૂરિએ (**પ્રમાણનયતત્ત્વાલોક**, ૬.૪૦) માણિક્યનન્દીનું અને ન્યાયપ્રવેશનું અનુસરણ કરીને પણ આદિ પદ મૂકી દીધું અને પોતાની વ્યાખ્યા રત્નાકરમાં સ્મરણવિરુદ્ધ, તર્કવિરુદ્ધ રૂપે અન્ય બાધિત પક્ષોને પણ દર્શાવ્યા. આચાર્ય હેમચન્દ્રે ન્યાયબિન્દુના પ્રતીતિવિરુદ્ધને લઈ લીધો, બાકીના પાંચ ન્યાયપ્રવેશ અને પરીક્ષામુખના લઈને કુલ છ બાધિત પક્ષોને સૂત્રબદ્ધ કર્યા છે. માઠર (**સાંખ્યકારિકા**, ૫) જે સંભવતઃ ન્યાયપ્રવેશથી પ્રાચીન છે તેમણે પક્ષાભાસોની નવ સંખ્યાનો જ માત્ર નિર્દેશ કર્યો છે, ઉદાહરણો નથી આપ્યાં. ન્યાયપ્રવેશમાં ઉદાહરણ સાથે નવ પક્ષાભાસોનો નિર્દેશ છે.

(૩) આચાર્ય હેમચન્દ્રે સાધ્યધર્મવિશિષ્ટ ધર્મીને અને સાધ્યધર્મ માત્રને પક્ષ કહીને તેના બે આકારો દર્શાવ્યા છે, જે બે આકારો તેમના પૂર્વવર્તી માણિક્યનન્દી (૩.૨૫-૨૬, ૩૨) અને દેવસૂરિએ (૩.૧૬-૧૮) પણ દર્શાવ્યા છે. ધર્મકીર્તિએ સૂત્રમાં તો એક જ આકારનો નિર્દેશ કર્યો છે પરંતુ તેની વ્યાખ્યામાં ધર્મોત્તરે (૨.૮) કેવલ ધર્મી, કેવલ ધર્મ અને ધર્મધર્મિસમુદાયરૂપે પક્ષના ત્રણ આકારો દર્શાવ્યા છે અને સાથે સાથે પ્રત્યેક આકારનો ઉપયોગ કયા કયા સમયે થાય છે એ પણ દર્શાવ્યું છે જે અપૂર્વ છે. વાત્સ્યાયને (**ન્યાયભાષ્ય**, ૧.૧.૩૬) ધર્મવિશિષ્ટ ધર્મી અને ધર્મિવિશિષ્ટ ધર્મ રૂપે પક્ષના બે આકારોનો નિર્દેશ કર્યો છે. પરંતુ આકારોના ઉપયોગોનું વર્ણન ધર્મોત્તરની પેલી વ્યાખ્યા સિવાય અન્યત્ર પૂર્વ ગ્રંથોમાં ક્યાંય દેખાતું નથી. માણિક્યનન્દીએ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મોત્તરીય વસ્તુને સૂત્રમાં જ અપનાવી લીધી જેનું દેવસૂરિએ પણ સૂત્ર દ્વારા જ અનુકરણ કર્યું. આચાર્ય હેમચન્દ્રે તેનું અનુકરણ તો કર્યું પરંતુ તેને સૂત્રબદ્ધ ન કરીને વૃત્તિમાં જ કહી દીધું.

(૪) બીજા બધા જૈન તાર્કિકોની જેમ આચાર્ય હેમચન્દ્રે પ્રમાણસિદ્ધ, વિકલ્પસિદ્ધ અને ઉભયસિદ્ધ રૂપે પક્ષના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. પ્રમાણસિદ્ધ પક્ષ માનવા અંગે તો કોઈનો પણ મતભેદ નથી જ, પરંતુ વિકલ્પસિદ્ધ અને ઉભયસિદ્ધ પક્ષ માનવામાં મતભેદ છે. વિકલ્પસિદ્ધ અને પ્રમાણ-વિકલ્પસિદ્ધ પક્ષની વિરુદ્ધ, જ્યાં સુધી જાણીએ છીએ ત્યાં સુધી, સૌપ્રથમ પ્રશ્ન ઉઠાવનાર ધર્મકીર્તિ જ છે. એ અત્યારે નિશ્ચિતપણે કહી શકાતું નથી કે ધર્મકીર્તિનો તે આક્ષેપ મીમાંસક ઉપર હતો કે જૈનો ઉપર કે બન્ને ઉપર. તો પણ એટલું તો નિશ્ચિતપણે કહી શકાય કે ધર્મકીર્તિના તે આક્ષેપનો સવિસ્તર જવાબ જૈન ગ્રંથોમાં જ જોવામાં આવે છે. જવાબની જૈન પ્રક્રિયામાં બધાએ ધર્મકીર્તિના તે આક્ષેપીય પદ્યને (**પ્રમાણવાર્તિક, ૧.૧૯૨**) ઉદ્ધૃત પણ કર્યું છે.

મણિકાર ગંગેશે[1] પક્ષતાનું જે અન્તિમ અને સૂક્ષ્મતમ નિરૂપણ કર્યું છે તેનું આચાર્ય હેમચન્દ્રની કૃતિમાં આવવું સંભવતું જ ન હતું તો પણ પ્રાચીન અને અર્વાચીન બધાં પક્ષના લક્ષણોનો તુલનાત્મક વિચાર કર્યા પછી એટલું તો અવશ્ય કહી શકાય કે ગંગેશનો તે પરિષ્કૃત વિચાર બધા પૂર્વવર્તી નૈયાયિક, બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં પુરાણી પરિભાષામાં અને પુરાણી રીતે મળે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

પૃ. ૨૦૯ **'एतत्'** — તુલના — अत्र हेतुलक्षणे निश्चेतव्ये धर्म्यनुमेयः । अन्यत्र तु साध्यप्रतिपत्तिकाले समुदायोऽनुमेयः । व्याप्तिनिश्चयकाले तु धर्मोऽनुमेय इति दर्शयितुमत्र ग्रहणम् । जिज्ञासितो ज्ञातुमिष्टो विशेषो धर्मो यस्य धर्मिणः स तथोक्तः । — **ન્યાયબિન્દુટીકા, ૨.૮. પરીક્ષામુખ, ૩.૨૫, ૨૬,૩૨,૩૩. પ્રમાણનયતત્ત્વાલોક, ૩.૧૬-૧૮.**

પૃ. ૨૦૯ **'प्रसिद्धः'** — તુલના — प्रसिद्धो धर्मीति । **પરીક્ષામુખ, ૩.૨૭**

પૃ. ૨૦૯ **'एतेन सर्व एव'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩.૨૬-૨૭**

પૃ. ૨૧૦ **'तत्र बुद्धिसिद्धे'** — તુલના — **પરીક્ષામુખ, ૩. ૨૭-૩૧.**

પૃ. ૨૧૧ **'ननु धर्मिणि'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩. ૨૯.**

---

૧. उच्यते — सिषाधयिषाविरहसहकृतसाधकप्रमाणाभावो यत्रास्ति स पक्षः, तेन सिषाधयिषाविरहसहकृतं साधकप्रमाणं यत्रास्ति स न पक्षः, यत्र साधकप्रमाणे सत्यसति वा सिषाधयिषा यत्र वोभयाभावस्तत्र विशिष्टाभावात् पक्षत्वम् । **ચિન્તામણિ, અનુમાનખંડ, ગાદાધરી, પૃ. ૪૩૧-૩૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૨૧૨ '**ઉભયસિદ્ધો ધર્મી**' — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩. ૩૧.**

અ. ૧. આ. ૨. સૂત્ર ૧૮-૨૩ પૃ. ૨૧૩-૨૧૬ દૃષ્ટાન્ત અંગે અહીં આ ત્રણ બાબતો પ્રસ્તુત છે — (૧) અનુમાનાંગત્વનો પ્રશ્ન, (૨) લક્ષણ અને (૩) ઉપયોગ.

(૧) ધર્મકીર્તિએ હેતુના ત્રૈરૂપ્યનું કથન જે હેતુસમર્થનના નામે પ્રસિદ્ધ છે તેમાં જ દૃષ્ટાન્તનો સમાવેશ કરી દીધો છે, તેથી જ તેમના મતાનુસાર દૃષ્ટાન્ત હેતુસમર્થનઘટક રૂપે અનુમાનનું અંગ છે અને તે પણ અવિદ્વાનોના માટે. વિદ્વાનોના માટે તો ઉક્ત સમર્થન વિના હેતુમાત્ર જ કાર્યસાધક બને છે (**પ્રમાણવાર્તિક, ૧.૨૮**), તેથી દૃષ્ટાન્ત તેમના માટે અનુમાનાંગ નથી. માણિક્યનન્દી (૩.૩૭-૪૨), દેવસૂરિ (**પ્રમાણનયતત્ત્વાલોક**, ૩.૨૮, ૩૪-૩૮) અને આચાર્ય હેમચન્દ્ર બધાએ દૃષ્ટાન્તને અનુમાનાંગ નથી માન્યું અને વિકલ્પ દ્વારા અનુમાનમાં તેની ઉપયોગિતાનું ખંડન પણ કર્યું છે, તો પણ તે બધાએ મન્દમતિ શિષ્યો માટે પરાર્થાનુમાનમાં (**પ્રમાણનય-તત્ત્વાલોક, ૩.૪૨ ; પરીક્ષામુખ, ૩.૪૬**) તેને વ્યાપ્તિસ્મારક તરીકે દર્શાવ્યું છે, એટલે પ્રશ્ન થાય છે કે તેમના દ્વારા કરવામાં આવેલ દૃષ્ટાન્તના અનુમાનાંગત્વના ખંડનનો અર્થ શું છે ? તેનો જવાબ એ જ છે કે તેમણે દૃષ્ટાન્તની અનુમાનાંગતાનો જે પ્રતિષેધ કર્યો છે તે સકલાનુમાનની દૃષ્ટિએ કર્યો છે અર્થાત્ અનુમાન માત્રમાં દૃષ્ટાન્તને તેઓ અંગ માનતા નથી. સિદ્ધસેને પણ આ જ ભાવ સંક્ષેપમાં સૂચિત કર્યો છે (**ન્યાયાવતાર**, ૨૦). તેથી જ વિચાર કરતાં બૌદ્ધ અને જૈન તાત્પર્યમાં કોઈ ખાસ અંતર જણાતું નથી.

(૨) દૃષ્ટાન્તનું સામાન્ય લક્ષણ **ન્યાયસૂત્ર**માં (૧.૧.૨૫) છે પરંતુ બૌદ્ધ ગ્રંથોમાં તે દેખાતું નથી. માણિક્યનન્દીએ પણ સામાન્ય લક્ષણ આપ્યું નથી જેમ સિદ્ધસેને નથી આપ્યું, પરંતુ દેવસૂરિ (**પ્રમાણનયતત્ત્વાલોક**, ૩.૪૦) અને આચાર્ય હેમચન્દ્રે સામાન્ય લક્ષણ પણ દર્શાવી દીધું છે. ન્યાયસૂત્રનું દૃષ્ટાન્તલક્ષણ એટલું તો વ્યાપક છે કે અનુમાનથી ભિન્ન સામાન્ય વ્યવહારમાં પણ તે લાગુ પડી જાય છે, જ્યારે જૈનોનું સામાન્ય દૃષ્ટાન્તલક્ષણ માત્ર અનુમાનોપયોગી છે. સાધર્મ્ય-વૈધર્મ્ય રૂપે દૃષ્ટાન્તના બે ભેદ અને તેમનાં અલગ અલગ લક્ષણો **ન્યાયપ્રવેશ** (પૃ. ૧-૨), **ન્યાયાવતાર**માં (કારિકા ૧૭-૧૮) તેવાં જ દેખાય છે જેવાં **પરીક્ષામુખ** (૩.૪૭થી) આદિ (**પ્રમાણનયતત્ત્વલોક, ૩.૪૧થી**) ઉત્તરાકલીન ગ્રંથોમાં દેખાય છે.

(૩) દૃષ્ટાન્તના ઉપયોગ અંગે જૈન વિચારસરણી ઐકાન્તિક નથી. જૈન તાર્કિક પરાર્થાનુમાનમાં જ્યાં શ્રોતા અવ્યુત્પન્ન હોય ત્યાં જ દૃષ્ટાન્તનું સાર્થક્ય માને છે. સ્વાર્થાનુમાનસ્થલમાં પણ જે પ્રમાતા વ્યાપ્તિસંબંધને ભૂલી ગયો હોય તેને તેનું સ્મરણ કરાવવા માટે દૃષ્ટાન્તની ચરિતાર્થતા જૈન તાર્કિકો માને છે (**સ્યાદ્વાદરત્નાકર, ૩.૪૨**).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બીજા અધ્યાયનું પ્રથમ આહ્નિક

અ.૨. આ.૧. સૂત્ર ૧-૨. પૃ. ૨૧૭-૨૧૮ પરાર્થાનુમાનની ચર્ચા વૈદિક, બૌદ્ધ અને જૈન ત્રણે પરંપરાઓમાં મળે છે. એમ તો સ્વાર્થ અને પરાર્થ અનુમાનનો વિભાગ કણાદ અને ન્યાયસૂત્રમાં સૂચિત થાય છે, તો પણ ઉપલબ્ધ પ્રમાણગ્રંથોમાં પરાર્થ અનુમાનનો સ્પષ્ટ લક્ષણનિર્દેશ પ્રશસ્તપાદ[1] અને ન્યાયપ્રવેશમાં[2] જ પ્રાચીન જણાય છે. પ્રશસ્તપાદના અનુગામી ભાસર્વજ્ઞ (**ન્યાયસાર, પૃ. ૫**) આદિ બધા નૈયાયિકોએ પ્રશસ્તપાદના જ કથનને થોડા ફેરફાર સાથે પુનઃ કહ્યું છે. ન્યાયપ્રવેશગત પરાર્થાનુમાનનો જે લક્ષણનિર્દેશ છે તેને જ પછી ધર્મકીર્તિ (**ન્યાયબિન્દુ**, ૩.૧), શાન્તરક્ષિત (**તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૬૩**) આદિ બૌદ્ધ તાર્કિકોએ વિશેષ સ્પષ્ટ કરીને કહ્યો છે. જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, જૈન પરંપરામાં પરાર્થાનુમાનનું સ્પષ્ટ લક્ષણ દર્શાવનાર સૌપ્રથમ સિદ્ધસેન દિવાકર જ છે (**ન્યાયાવતાર, ૧૩**). પાછળના જૈન તાર્કિકોએ તેમના માર્ગનું અનુસરણ કર્યું છે (**પરીક્ષામુખ**, ૩.૫૫; **પ્રમાણનયતત્ત્વાલોક**, ૩.૨૩).

આચાર્ય હેમચન્દ્રે પરાર્થાનુમાનના લક્ષણપ્રસંગે મુખ્યપણે બે વાતો લીધી છે. પહેલી વાત તો તેનો લક્ષ્ય-લક્ષણનિર્દેશ અને બીજી વાત છે શબ્દમાં આરોપ દ્વારા પરાર્થાનુમાનત્વના વ્યવહારનું સમર્થન. આ બન્ને વાતો વૈદિક, બૌદ્ધ અને જૈન બધા પૂર્વવર્તી તર્કગ્રંથોમાં મળે છે. આરોપના બીજનું, જે લક્ષણા અંગે વિચાર કરતા આલંકારિક[3] આદિ ગ્રંથોમાં દેખાય છે તેનું, સ્પષ્ટીકરણ પણ આચાર્ય હેમચન્દ્રે પૂર્વવર્તી આચાર્યોની જેમ જ કર્યું છે.

પૃ. ૨૧૮ **'अचेतनं हि वचनं'** — તુલના — **પ્રમેયરત્નમાલા**, ૩.૫૫-૫૬.

પૃ. ૨૧૮ **'उपचारश्चात्र'** — તુલના — **ન્યાયબિન્દુટીકા**, ૩.૨.

---

૧. पञ्चावयवेन वाक्येन स्वनिश्चितार्थप्रतिपादनं परार्थानुमानम् । **પ્રશસ્તપાદભાષ્ય**, પૃ. ૨૩૧.

૨. तत्र पक्षादिवचनानि साधनम् । **ન્યાયપ્રવેશ**, પૃ. ૧.

૩. मुख्यार्थबाधे तद्योगे रूढितोऽथ प्रयोजनात् । अन्योऽर्थो लक्ष्यते यत् सा लक्षणारोपिता क्रिया । કાવ્યપ્રકાશ, ૨.૯. **કાવ્યાનુશાસન**, ૧.૧૭-૧૮.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અ.૨ આ.૧. સૂત્ર ૩-૬. પૃ. ૨૧૯-૨૨૧ પ્રસ્તુત ચાર સૂત્રોમાં પરાર્થ અનુમાનના પ્રયોગદ્વૈવિધ્યની ચર્ચા છે. પરાર્થ અનુમાનનો બે પ્રકારનો પ્રયોગ વૈદિક, બૌદ્ધ અને જૈન ત્રણે પરંપરાઓને માન્ય છે. પરંતુ વૈદિક અને બૌદ્ધ બે પરંપરાઓમાં સાધર્મ્ય ઉદાહરણ, વૈધર્મ્ય ઉદાહરણ, સાધર્મ્ય ઉપનય, વૈધર્મ્ય ઉપનય આદિકૃત પ્રયોગદ્વૈવિધ્ય પ્રસિદ્ધ છે. હેતુના પ્રયોગભેદે પરાર્થ અનુમાનનો ભેદ ઉક્ત બે પરંપરાઓમાં પ્રસિદ્ધ નથી જેમ જૈન પરંપરામાં પ્રસિદ્ધ છે.

જૈન પરંપરામાં ઉદાહરણ વગેરેના પ્રયોગભેદ દ્વારા અનુમાનનો પ્રયોગભેદ માનવા ઉપરાંત હેતુના પ્રયોગભેદ દ્વારા પણ અનુમાનનો પ્રયોગભેદ માનવામાં આવેલ છે. હેતુના પ્રયોગભેદની રીતિ સૌપ્રથમ સિદ્ધસેનના ન્યાયાવતારમાં (કારિકા ૧૭) સ્થાપિત થયેલી જણાય છે. પછીના બધા દિગમ્બર-શ્વેતામ્બર તાર્કિકોએ તે હેતુપ્રયોગની દ્વિવિધ રીતિનો નિર્વિવાદ સ્વીકાર કર્યો છે. આચાર્ય હેમચન્દ્રે પણ તે રીતિને પોતાનાં સૂત્રોમાં દર્શાવી છે.

આ વિષયમાં આચાર્ય હેમચન્દ્રની રચનાની વિશેષતા એ છે કે ધર્મકીર્તિના ન્યાયબિન્દુ અને તેની ધર્મોત્તરીય વૃત્તિનું (૩.૭) પ્રસ્તુત પ્રકરણમાં શબ્દશઃ અનુકરણ મળે છે, એવું અન્ય પૂર્વવર્તી જૈન તર્કગ્રન્થોમાં નથી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પૃ. ૨૨૦ **'एतदुक्तं भवति'** — તુલના — एतदुक्तं भवति — अन्यदभिधेयमन्यत्प्रकाश्यं प्रयोजनम् । तत्राभिधेयापेक्षया वाचकत्वं भिद्यते । प्रकाश्यं त्वभिन्नम् । अन्वये हि कथिते वक्ष्यमाणेन न्यायेन व्यतिरेकगतिर्भवति । व्यतिरेके चान्वयगतिः । ततस्त्रिरूपं लिङ्गं प्रकाश्यमभिन्नम् । न च यत्राभिधेयभेदस्तत्र सामर्थ्यगम्योऽप्यर्थो भिद्यते । यस्मात् पीनो देवदत्तो दिवा न भुङ्क्ते, पीनो देवदत्तो रात्रौ भुङ्क्ते इत्यनयोर्वाक्ययोरभिधेयभेदेऽपि गम्यमानमेकमेव तद्वदिहाभिधेयभेदेऽपि गम्यमानं वस्त्वेकमेव । **ન્યાયબિન્દુટીકા, ૩.૭.**

અ.૨. આ. ૧. સૂત્ર ૭-૮. પૃ. ૨૨૧-૨૨૫. પરાર્થાનુમાનમાં પક્ષનો પ્રયોગ કરવા ન કરવા અંગે મતભેદ છે. નૈયાયિક આદિ વૈદિક પરંપરા પક્ષના પ્રયોગને આવશ્યક સમજે છે. બૌદ્ધ પરંપરામાં ન્યાયપ્રવેશમાં તો પક્ષવચન સાધનવાક્યાંગ તરીકે મનાયું જ છે પરંતુ ઉત્તરવર્તી ધર્મકીર્તિએ[1] પ્રતિજ્ઞાને વ્યર્થ જ દર્શાવી છે અને કહ્યું છે

---

૧. त्रिरूपलिङ्गाख्यानं परार्थानुमानम् । ન્યાયબિન્દુ, ૩.૧. अथवा तस्यैव साधनस्य यन्नाङ्गं प्रतिज्ञोपनयनिगमनादि.... । વાદન્યાય, પૃ. ૬૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે તેનો પ્રયોગ સાધનવાક્યનું અંગ નથી. જૈન પરંપરા પક્ષના પ્રયોગની આવશ્યકતાનું સમર્થન કરે છે. સિદ્ધસેને પોતે જ પક્ષના પ્રયોગનું વિધાન કર્યું છે (**'तत्प्रयोगोऽत्र कर्तव्यः' ન્યાયાવતાર, ૧૪**), જે સંભવતઃ ધર્મકીર્તિના પ્રતિજ્ઞાનિષેધના ખંડન માટે છે. તેનું સમર્થન કરતાં પછીના જૈન તાર્કિકોએ બૌદ્ધ મન્તવ્ય વિરુદ્ધ પોતાની દલીલો આપી છે. પરીક્ષામુખ, પ્રમાણનયતત્ત્વાલોક અને તેમની વ્યાખ્યાઓની અપેક્ષાએ આચાર્ય હેમચન્દ્રની કૃતિની આ સંબંધમાં વિશેષતા એ છે કે તેમણે વાચસ્પતિ મિશ્રકૃત (**તાત્પર્યટીકા, પૃ. ૨૭૪) પક્ષસમર્થન** પ્રકાર અક્ષરશઃ આ સ્થાને અવતારિત કર્યો છે, અંતર છે તો એટલું જ કે વાચસ્પતિ મિશ્રે બ્રાહ્મણપરંપરાસુલભ બ્રાહ્મણ ગુરુ-શિષ્યનું ઉદાહરણ આપ્યું છે જયારે આચાર્ય હેમચન્દ્રે તે ઉદાહરણના બદલે પ્રતિવાદી બૌદ્ધ પરંપરાનો જ ભિક્ષુ-શૈક્ષ પ્રસંગ ઉદાહરણ તરીકે આપ્યો છે.

પૃ. ૨૨૨ **'अयमर्थः'** — તુલના — तथाहि परप्रत्यायनाय वचनमुच्चारयन्ति प्रेक्षावन्तः तदेव च परे बोधयितव्या यद् बुभुत्सन्ते तथा सत्यनेनापेक्षिताभिधानात् परो बोधितो भवति; न खल्वाम्रान् पृष्टः कोविदारानाचक्षाणः प्रष्टुरवधेयवचनो भवति । अनवधेयवचनश्च कथं प्रतिपादको नाम ? । यथा च माठर समिधमाहरेति गुरुणा प्रेषित एषोऽहमाहरामि इत्यनुक्त्वा तदर्थं यदायं गृहं प्रविशति तदाऽस्मै कुप्यति गुरुः आः शिष्यापसद छान्दसवत्तर माठर मामवधीरयसीति ब्रुवाणः । एवमनित्यं शब्दं बुभुत्समानायानित्यः शब्द इत्यनुक्त्वा यदेव किञ्चिदुच्यते कृतकत्वादिति वा, यत् कृतकं तदनित्यमिति वा, कृतकश्च शब्द इति वा, तत् सर्वमस्यानपेक्षितमापाततोऽसम्बद्धाभिधानम् । तथा चानवहितो न बोद्धुमर्हतीति । यत् कृतकं... ... । अनित्यः शब्द इति त्वपेक्षित उक्ते कुत इत्यपेक्षायां कृतकत्वादिति हेतुरुपतिष्ठते । — **તાત્પર્યટીકા, પૃ. ૨૭૪.**

પૃ. ૨૨૫ **'साध्यव्याप्त'** — તુલના — **પ્રમેયરત્નમાલા, ૩.૩૫.**

અ.૨. આ.૧. સૂત્ર ૯-૧૦. પૃ. ૨૨૫-૨૨૭. પરાર્થ અનુમાનના સ્થળે પ્રયોગપરિપાટી અંગે મતભેદ છે. સાંખ્ય તાર્કિક પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાન્ત આ ત્રણ અવયવોનો પ્રયોગ સ્વીકારે છે (**માઠર, ૫.**). મીમાંસક, વાદિદેવના કથન અનુસાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ અવયવોનો જ પ્રયોગ સ્વીકારે છે (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૫૯**). પરંતુ આચાર્ય હેમચન્દ્ર તથા અનન્તવીર્યના કથનાનુસાર તેઓ ચાર અવયવોના પ્રયોગને માને છે (**પ્રમેયરત્નમાલા, ૩.૩૭**). શાલિકનાથ, જે મીમાંસક પ્રભાકરના અનુગામી છે તેમણે પોતાની પ્રકરણપંચિકામાં (પૃ. ૮૩-૮૫), તથા પાર્થસારથિ મિશ્રે શ્લોકવાર્તિકની વ્યાખ્યામાં (અનુ. શ્લોક ૫૪) મીમાંસકસમ્મત ત્રણ અવયવોનું જ નિદર્શન કર્યું છે. વાદિદેવનું કથન શાલિકનાથ તથા પાર્થસારથિ અનુસાર જ છે પરંતુ આચાર્ય હેમચન્દ્ર તથા અનન્તવીર્યનું કથન તેમના અનુસાર નથી. જો આચાર્ય હેમચન્દ્ર અને અનન્તવીર્ય બન્ને મીમાંસકસમ્મત ચતુરવયવકથનમાં ભ્રાન્ત ન હોય તો સમજવું જોઈએ કે તેમની સામે ચતુરવયવવાદની કોઈ મીમાંસક પરંપરા રહી હશે જેનો તેમણે નિર્દેશ કર્યો છે. નૈયાયિક પાંચ અવયવોનો પ્રયોગ માને છે (૧.૧.૩૨.). બૌદ્ધ તાર્કિક વધુમાં વધુ હેતુ-દૃષ્ટાન્ત બે અવયવોનો જ પ્રયોગ સ્વીકારે છે (**પ્રમાણવાર્તિક, ૧.૨૮; સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૫૯**) અને ઓછામાં ઓછો કેવળ હેતુનો જ પ્રયોગ સ્વીકારે છે (**પ્રમાણવાર્તિક, ૧.૨૮**). આ અનેકવિધ મતભેદો વચ્ચે જૈન તાર્કિકોએ પોતાનો મત, જેમ બીજી બાબતોમાં તેમ આ બાબતમાં પણ, અનેકાન્ત દૃષ્ટિ અનુસાર નિર્યુક્તિકાળથી[1] જ સ્થિર કર્યો છે. દિગમ્બર-શ્વેતામ્બર બધા જ જૈનાચાર્યો અવયવપ્રયોગમાં કોઈ એક સંખ્યાને વળગી ન રહેતાં શ્રોતાની ન્યૂનાધિક યોગ્યતા અનુસાર ન્યૂનાધિક સંખ્યાને સ્વીકારે છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

માણિક્યનન્દીએ ઓછામાં ઓછા પ્રતિજ્ઞા-હેતુ આ બે અવયવોના પ્રયોગને સ્વીકારી વિશિષ્ટ શ્રોતાની અપેક્ષાએ નિગમન સુધી પાંચ અવયવોના પ્રયોગનો પણ સ્વીકાર કર્યો છે (**પરીક્ષામુખ, ૩.૩૭-૪૬**). આચાર્ય હેમચન્દ્રનાં પ્રસ્તુત સૂત્રોના અને તેમની સ્વોપજ્ઞ વૃત્તિના શબ્દોથી પણ માણિક્યનન્દીકૃત સૂત્રો અને તેમની પ્રભાચન્દ્ર આદિકૃત વૃત્તિનો જ ઉક્ત ભાવ ફલિત થાય છે અર્થાત્ આચાર્ય હેમચન્દ્ર પણ ઓછામાં ઓછા પ્રતિજ્ઞા-હેતુ એ બે અવયવોનો જ સ્વીકાર કરીને છેવટે પાંચ અવયવોનો પણ સ્વીકાર કરે છે. પરંતુ વાદિદેવનું મન્તવ્ય આનાથી જુદું છે. વાદિદેવસૂરિએ પોતાની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં શ્રોતાની વિચિત્રતા દર્શાવતાં ત્યાં સુધી માની લીધું છે કે વિશિષ્ટ અધિકારીને માટે કેવળ એક હેતુનો જ પ્રયોગ પર્યાપ્ત છે (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૪૮**), બૌદ્ધો

---

૧. जिणवयणं सिद्धं चेव भण्णए कत्थई उदाहरणं ।
आसज्ज उ सोयारं हेऊ वि कहिंञ्चि भण्णेज्जा ॥
कत्थइ पञ्चावयवं दसहा वा सव्वहा न पडिसिद्धं ।
न य पुण सव्वं भण्णई हंदी सविआरमक्खायं ॥
—દશવૈકાલિકનિર્યુક્તિ, ગાથા ૪૯-૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આવું જ માને છે. અધિકારીવિશેષ માટે પ્રતિજ્ઞા અને હેતુ બે, અન્યવિધ અધિકારી માટે પ્રતિજ્ઞા, હેતુ અને ઉદાહરણ ત્રણ, તેવી જ રીતે અન્યના માટે ઉપનય સહિત ચાર, યા નિગમન સહિત પાંચ અવયવોના પ્રયોગનો સ્વીકાર કરવામાં આવ્યો છે. (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૬૪**).

અહીં દિગમ્બર પરંપરાની અપેક્ષાએ શ્વેતામ્બર પરંપરાની એક ખાસ વિશેષતા ધ્યાનમાં રાખવી જોઈએ, જેનું ઐતિહાસિક મહત્ત્વ છે. તે વાત એ છે કે કોઈપણ દિગમ્બર આચાર્યે તે અતિપ્રાચીન ભદ્રબાહુકર્તૃક મનાતી નિર્યુક્તિમાં નિર્દિષ્ટ અને વર્ણિત[1] દશ અવયવોનો, જે ન્યાયભાષ્યકાર વાત્સ્યાયને[2] જણાવેલા દશ અવયવોથી ભિન્ન છે, ઉલ્લેખ સુદ્ધાં નથી કર્યો, જ્યારે બધા શ્વેતામ્બર તાર્કિકોએ (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૬૫**) ઉત્કૃષ્ટવાદકથામાં અધિકારીવિશેષના માટે પાંચ અવયવોથી આગળ વધીને નિર્યુક્તિગત દશ અવયવોના પ્રયોગનું પણ નિર્યુક્તિ અનુસાર જ વર્ણન કર્યું છે. આ તફાવતનું કારણ દિગંબર પરંપરાએ આગમ આદિ પ્રાચીન સાહિત્યનો ત્યાગ કરી દીધો હતો એ જ જણાય છે.

એક વાત માણિક્યનન્દીએ પોતાના સૂત્રમાં કહી છે તે અત્યંત નોંધપાત્ર જણાય છે. તે વાત એ છે કે બે અને પાંચ અવયવોનો પ્રયોગભેદ પ્રદેશની અપેક્ષાએ સમજવો જોઈએ અર્થાત્ વાદપ્રદેશમાં તો બે અવયવોનો પ્રયોગ નિયત છે પરંતુ શાસ્ત્રપ્રદેશમાં અધિકારી અનુસાર બે કે પાંચ અવયવોનો પ્રયોગ વૈકલ્પિક છે. વાદિદેવની એક ખાસ વાત પણ યાદ રાખવા યોગ્ય છે, તે એ કે જેમ બૌદ્ધો વિશિષ્ટ વિદ્વાનોને માટે કેવળ હેતુના પ્રયોગનો સ્વીકાર કરે છે તેવી જ રીતે વાદિદેવ પણ વિદ્વાન અધિકારીને માટે એકમાત્ર હેતુનો પ્રયોગ પણ સ્વીકારે છે. આવો સ્પષ્ટ સ્વીકાર આચાર્ય હેમચન્દ્રે નથી કર્યો.

પૃ. ૨૨૫ '**प्रतिज्ञाहेतू**' — તુલના — पक्षहेतुदृष्टान्ता इति त्र्यवयवम् । — **માઠર, કારિકા ૫.**

પૃ. ૨૨૬ '**यथाहुः सौगताः**' — તુલના — तस्यैव साधनस्य यन्नाङ्गं प्रतिज्ञोपनयनिगमनादि.... । — **વાદન્યાય, પૃ. ૬૧.**

---

૧. ते उ पइन्नविभत्ती हेउविभत्ती विवक्खपडिसेहो दिट्ठंतो आसङ्का तप्पडिसेहो निगमणं च । **દશવૈકાલિકનિર્યુક્તિ, ગાથા ૧૩૭.**

૨. दशावयवानेके नैयायिका वाक्ये सञ्चक्षते — जिज्ञासा संशयः शक्यप्राप्तिः प्रयोजनं संशयव्युदास इति । **ન્યાયભાષ્ય, ૧.૧.૩૨.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तद्भावहेतुभावौ हि दृष्टान्ते तदवेदिनः ।**
**ख्याप्येते विदुषां वाच्यो हेतुरेव हि केवलः ॥**

અ.૨. આ.૧. સૂત્ર ૧૧-૧૫, પૃ. ૨૨૭-૨૩૦ માણિક્યનન્દી અને વાદી દેવસૂરિએ પોતપોતાના સૂત્રગ્રંથોમાં પરાર્થ અનુમાનની ચર્ચા કરી છે અને તેમણે તેના શબ્દાત્મક પાંચ અવયવોનાં લક્ષણો પણ આપ્યાં છે, જ્યારે આચાર્ય હેમચન્દ્રે આ સ્થાને અક્ષપાદ (**ન્યાયસૂત્ર, ૧.૧.૩૩થી**) અને અક્ષપાદાનુસારી ભાસર્વજ્ઞ (**ન્યાયસાર, પૃ. ૫**)નું અનુસરણ કરીને પાંચે શબ્દાવયવોનાં લક્ષણો આપ્યાં છે.

પૃ. ૨૩૧ '**असिद्ध**'— હેત્વાભાસ સામાન્યના વિભાગમાં તાર્કિકોમાં મતભેદ છે. અક્ષપાદ[1] પાંચ હેત્વાભાસોને માને છે અને તેમનું વર્ણન કરે છે. કણાદનાં સૂત્રોમાં[2] સ્પષ્ટપણે ત્રણ હેત્વાભાસોનો નિર્દેશ છે, પરંતુ પ્રશસ્તપાદ[3] તે સૂત્રનો આશય દર્શાવતાં ચાર હેત્વાભાસોનું વર્ણન કરે છે. અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક આ ત્રણ તો અક્ષપાદકથિત પાંચ હેત્વાભાસોમાં પણ આવે છે. પ્રશસ્તપાદે અનધ્યવસિત નામનો ચોથો હેત્વાભાસ દર્શાવ્યો છે જે ન્યાયસૂત્રમાં નથી. અક્ષપાદ અને કણાદ બન્નેના અનુગામી ભાસર્વજ્ઞે[4] છ હેત્વાભાસો વર્ણવ્યા છે જે ન્યાય અને વૈશેષિક બન્ને પ્રાચીન પરંપરાઓનો કુલ સરવાળો માત્ર છે.

દિઙ્નાગકર્તૃક મનાતા ન્યાયપ્રવેશમાં[5] અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક આ ત્રણેનો જ સંગ્રહ છે. ઉત્તરવર્તી ધર્મકીર્તિ વગેરે બધા બૌદ્ધ તાર્કિકોએ પણ ન્યાયપ્રવેશની માન્યતાને જ સ્વીકારી કહી છે અને સ્પષ્ટ કરી છે. પ્રાચીન સાંખ્યાચાર્ય માઠરે[6] પણ ઉક્ત ત્રણ જ હેત્વાભાસોનું સૂચન કર્યું છે અને તેમનો સંગ્રહ કર્યો છે. એવું જણાય છે કે મૂળે સાંખ્ય અને કણાદની હેત્વાભાસસંખ્યાવિષયક પરંપરા એક જ રહી છે.

---

૧. **ન્યાયસૂત્ર, ૧.૨.૪.**

૨. अप्रसिद्धोऽनपदेशोऽसन् संदिग्धश्चानपदेशः । **વૈશેષિકસૂત્ર, ૩.૧.૧૫.**

૩. एतेनासिद्धविरुद्धसन्दिग्धानध्यवसितवचनानाम् अनपदेशत्वमुक्तं भवति । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૮.**

૪. असिद्धविरुद्धानैकान्तिकानध्यवसितकालात्ययापदिष्टप्रकरणसमाः । **ન્યાયસાર, પૃ. ૭.**

૫. असिद्धानैकान्तिकविरुद्धा हेत्वाभासाः । **ન્યાયપ્રવેશ, પૃ. ૩.**

૬. अन्ये हेत्वाभासा चतुर्दश असिद्धानैकान्तिकविरुद्धादयः । **માઠર, ૫.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન પરંપરા વસ્તુતઃ કણાદ, સાંખ્ય અને બૌદ્ધ પરંપરા અનુસાર ત્રણ જ હેત્વાભાસોને માને છે. સિદ્ધસેન[1] અને વાદિદેવે (**પ્રમાણનયતત્ત્વાલોક, ૬.૪૭**) અસિદ્ધ આદિ ત્રણનું જ વર્ણન કર્યું છે. આચાર્ય હેમચન્દ્ર પણ તે જ માર્ગના અનુગામી છે. આચાર્ય હેમચન્દ્રે ન્યાયસૂત્રોક્ત કાલાતીત આદિ બે હેત્વાભાસોનો નિરાસ કર્યો છે પરંતુ પ્રશસ્તપાદ અને ભાસર્વજ્ઞે માનેલા અનધ્યવસિત હેત્વાભાસનો નિરાસ નથી કર્યો. જૈન પરંપરામાં પણ આ સ્થાને એક મતભેદ છે — તે એ કે અકલંક અને તેમના અનુગામી માણિક્યનન્દી આદિ દિગમ્બર તાર્કિકોએ ચાર હેત્વાભાસો જણાવ્યા છે.[2] તેમાં ત્રણ તો અસિદ્ધ આદિ સાધારણ જ છે પરંતુ ચોથો અકિંચિત્કર નામનો હેત્વાભાસ બિલકુલ નવો છે જેનો ઉલ્લેખ અન્યત્ર ક્યાંય દેખાતો નથી. પરંતુ અહીં યાદ રાખવું જોઈએ કે જયન્ત ભટ્ટે પોતાની ન્યાયમંજરીમાં[3] અન્યથાસિદ્ધાપરપર્યાય અપ્રયોજક નામનો એક નવો હેત્વાભાસ માનનારને પૂર્વપક્ષરૂપે રજૂ કરેલ છે, આ પૂર્વપક્ષ વસ્તુતઃ જયન્ત પહેલાં ઘણા સમયથી ચાલતો આવતો હોય એવું જણાય છે. અપ્રયોજક અને અકિંચિત્કર આ બે શબ્દોમાં સ્પષ્ટ ભેદ હોવા છતાં આપાતતઃ તેમના અર્થમાં એકતાનો ભાસ થાય છે. પરંતુ જયન્તે અપ્રયોજકનો જે અર્થ દેખાડ્યો છે અને અકિંચિત્કરનો જે અર્થ માણિક્યનન્દીના અનુયાયી પ્રભાચન્દ્રે[4] કર્યો છે તેમનામાં બિલકુલ અન્તર છે, તેથી એ કહેવું કઠિન છે કે અપ્રયોજક અને અકિંચિત્કરનો વિચાર મૂળમાં એક છે; તો પણ એ પ્રશ્ન તો થાય છે જ કે પૂર્વવર્તી બૌદ્ધ યા જૈન ન્યાયગ્રંથોમાં અકિંચિત્કરનો નામનિર્દેશ નથી તો પછી અકલંકે તેને સ્થાન કેમ આપ્યું, તેથી એ સંભવ છે કે અપ્રયોજક યા અન્યથાસિદ્ધ માનનાર કોઈ પૂર્વવર્તી તાર્કિક ગ્રંથના આધારે જ અકલંકે અકિંચિત્કર

JAINSITE

---

१. असिद्धस्त्वप्रतीतो यो योऽन्यथैवोपपद्यते ।
विरुद्धो योऽन्यथाप्यत्र युक्तोऽनैकान्तिकः स तु ॥ **ન્યાયવતાર, ૨૩.**

२. असिद्धश्चाक्षुषत्वादिः शब्दानित्यत्वसाधने ।
अन्यथासम्भवाभावभेदात् स बहुधा स्मृतः ॥
विरुद्धासिद्धसंदिग्धैरकिञ्चित्करविस्तरैः । **ન્યાયવિનિશ્ચય, ૨. ૧૯૫-૬. પરીક્ષામુખ, ૬.૨૧.**

३. अन्ये तु अन्यथासिद्धत्वं नाम तद्भेदमुदाहरन्ति यस्य हेतोर्धर्मिणि वृत्तिर्भवन्त्यपि साध्यधर्मप्रयुक्ता भवति न, सोऽन्यथासिद्धो यथा नित्या मनःपरमाणवो मूर्तत्वात् घटवदिति .... स चात्र प्रयोज्यप्रयोजकभावो नास्तीत्यत एवायमन्यथासिद्धोऽप्रयोजक इति कथ्यते । कथं पुनरस्याप्रयोजकत्वमवगतम् ? **ન્યાયમંજરી, પૃ. ૬૦૭.**

४. सिद्धे निर्णिते प्रमाणान्तरात् साध्ये प्रत्यक्षादिबाधिते च हेतुर्न किञ्चित् करोति इति अकिञ्चित्करोऽनर्थकः । **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૨ A**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેત્વાભાસની પોતાની રીતે નવી સૃષ્ટિ કરી હોય. આ અકિંચિત્કર હેત્વાભાસનું ખંડન કેવળ વાદિદેવના સૂત્રની વ્યાખ્યામાં (**સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૧૨૩૦**) જોવામાં આવે છે.

ઉપર હેત્વાભાસસંખ્યાવિષયક જે અનેક પરંપરાઓ જણાવવામાં આવી છે તે બધીનો મતભેદ મુખ્યપણે સંખ્યાવિષયક છે, તત્ત્વવિષયક નથી. એવું નથી કે એક પરંપરા જેને અમુક હેત્વાભાસ રૂપ દોષ કહે છે, તે જો ખરેખર દોષ હોય તો, તેને બીજી પરંપરા સ્વીકારતી ન હોય. આવા સ્થળે બીજી પરંપરા કાં તો તે દોષને પોતે સ્વીકારેલ કોઈ હેત્વાભાસમાં સમાવિષ્ટ કરી દે છે કાં તો પક્ષાભાસ આદિ અન્ય કોઈ દોષમાં કાં તો પોતાને અભિપ્રેત હેત્વાભાસના કોઈ ને કોઈ પ્રકારમાં સમાવિષ્ટ કરી દે છે.

આચાર્ય હેમચન્દ્રે 'હેત્વાભાસ' શબ્દના પ્રયોગનું અનૌચિત્ય દર્શાવવા છતાં પણ સાધનાભાસ અર્થમાં તે શબ્દના પ્રયોગનું સમર્થન કરવામાં એક કાંકરે બે પક્ષીને માર્યાં છે — પૂર્વાચાર્યોની પરંપરાને અનુસરવાનો વિવેક પણ બતાવ્યો અને તેમની ભૂલ પણ દેખાડી. આ જાતનો વિવેક માણિક્યનન્દીએ પણ દેખાડ્યો છે. તેમણે પોતાના પૂજ્ય અકલંકે સ્વીકારેલા અકિંચિત્કર હેત્વાભાસનું વર્ણન તો કર્યું પરંતુ તેમને જ્યારે તે હેત્વાભાસના અલગ સ્વીકારનું ઔચિત્ય ન જણાયું ત્યારે તેમણે એક સૂત્રમાં એવી રીતે તેનું સમર્થન કર્યું કે સમર્થન પણ થાય અને તેના અલગ સ્વીકારનું અનૌચિત્ય પણ વ્યક્ત થાય — लक्षण एवासौ दोषो व्युत्पन्नप्रयोगस्य पक्षदोषेणैव दुष्टत्वात् । **પરીક્ષામુખ, ૬.૩૯.**

પૃ. ૨૩૧ **'प्रत्यक्षागमबाधित'** — તુલના — कालात्ययापदिष्टः कालातीतः । — **ન્યાયસૂત્ર, ૧.૨.૯.** यत्र च प्रत्यक्षानुमानागमविरोधः ........ स सर्वः प्रमाणतो विपरीतनिर्णयेन सन्देहविशिष्टं कालमतिपतति सोऽयं कालस्य अत्ययेन अपदिश्यमानः कालातीत इति । **તાત્પર્યટીકા, પૃ. ૩૪૭. ન્યાયસાર, પૃ. ૭.** हेतोः प्रयोगकालः प्रत्यक्षागमानुपहतपक्ष-परिग्रहसमय एव, तमतीत्य प्रयुज्यमानः प्रत्यक्षागमबाधिते विषये वर्तमानः कालात्ययापदिष्टो भवति । — **ન્યાયમંજરી, પૃ. ૬૧૨.**

અ. ૨. આ. ૧. સૂત્ર ૧૭-૧૯. પૃ. ૨૩૨-૨૩૭. **ન્યાયસૂત્રમાં (૧.૨.૮)** અસિદ્ધનું નામ સાધ્યસમ છે. કેવળ નામની જ બાબતમાં ન્યાયસૂત્રનું અન્ય ગ્રન્થોથી વૈલક્ષણ્ય નથી પરંતુ અન્ય બાબતમાં પણ છે. તે અન્ય બાબત એ છે કે જ્યારે અન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બધા ગ્રન્થો અસિદ્ધના ન્યૂન યા અધિક પ્રકારોનાં લક્ષણો ઉદાહરણો સહિત વર્ણવે છે ત્યારે ન્યાયસૂત્ર અને તેનું ભાષ્ય એવું કંઈ પણ ન કરતાં કેવળ અસિદ્ધનું સામાન્ય સ્વરૂપ દર્શાવે છે.

પ્રશસ્તપાદ અને ન્યાયપ્રવેશમાં અસિદ્ધના ચાર પ્રકારોનું સ્પષ્ટ અને પ્રાયઃ એકસરખું વર્ણન છે.[1] માઠર (કારિકા ૫) પણ તેના ચાર ભેદોનો નિર્દેશ કરે છે જે સંભવતઃ તેમની દષ્ટિમાં તે જ રહ્યા હશે. ન્યાયબિન્દુમાં ધર્મકીર્તિએ પ્રશસ્તપાદ વગેરેએ જણાવેલા ચાર પ્રકારોનું તો વર્ણન કર્યું જ છે પરંતુ તેમણે પ્રશસ્તપાદ તથા ન્યાયપ્રવેશની જેમ આશ્રયાસિદ્ધનું એક જ ઉદાહરણ આપ્યું નથી પરંતુ એકના બદલે બે ઉદાહરણો આપ્યાં છે અને આમ અસિદ્ધના ચોથા પ્રકાર આશ્રયાસિદ્ધના પણ પ્રભેદો કરી દીધા છે. ધર્મકીર્તિનું વર્ણન વસ્તુતઃ પ્રશસ્તપાદ અને ન્યાયપ્રવેશગત પ્રસ્તુત વર્ણનનું થોડુંક સંશોધન માત્ર છે (**ન્યાયબિન્દુ, ૩.૫૮-૬૭**).

**ન્યાયસાર**માં (પૃ. ૮) અસિદ્ધના ચૌદ પ્રકાર ઉદાહરણો સાથે દર્શાવ્યા છે. **ન્યાયમંજરી**માં (પૃ. ૬૦૬) પણ એ જ રીતે અનેક ભેદોની સૃષ્ટિનું વર્ણન છે. માણિક્યનન્દી શબ્દરચના બદલે છે (**પરીક્ષામુખ, ૬.૨૨-૨૮**) પરંતુ વસ્તુતઃ તે અસિદ્ધના વર્ણનમાં ધર્મકીર્તિને જ અનુસરે છે. પ્રભાચન્દ્રે પરીક્ષામુખની ટીકા માર્તંડમાં (પૃ. ૧૯૧ A) મૂળ સૂત્રમાં ન મળતા અસિદ્ધના અનેક ભેદોનાં નામ અને ઉદાહરણ આપ્યાં છે જે ન્યાયસારગત જ છે. આચાર્ય હેમચન્દ્રનાં અસિદ્ધવિષયક સૂત્રોની સૃષ્ટિ ન્યાયબિન્દુ અને પરીક્ષામુખનું અનુસરણ કરે છે. આચાર્ય હેમચન્દ્રની ઉદાહરણમાલામાં પણ શબ્દશઃ ન્યાયસારનું અનુસરણ છે. ધર્મકીર્તિ અને માણિક્યનન્દીનું અક્ષરશઃ અનુસરણ ન કરવાના કારણે વાદિદેવનાં અસિદ્ધવિષયક સામાન્ય લક્ષણમાં (**પ્રમાણનયતત્ત્વાલોક, ૬.૪૯**) આચાર્ય હેમચન્દ્રના સામાન્ય લક્ષણની અપેક્ષાએ વિશેષ પરિષ્કૃતતા જણાય છે. વાદિદેવનાં પ્રસ્તુત સૂત્રોની વ્યાખ્યા રત્નાકરાવતારિકામાં અસિદ્ધના ભેદોની જે ઉદાહરણમાલા છે તે ન્યાયસાર અને ન્યાયમંજરીનાં ઉદાહરણોનું અક્ષરશઃ સંકલન માત્ર છે. એટલું અન્તર અવશ્ય છે કે કેટલાંક ઉદાહરણોમાં વસ્તુવિન્યાસ વાદી દેવસૂરિનો પોતાનો છે.

પૃ. ૨૩૫ **'सामान्यविशेषवत्त्वात्'** — તુલના — सामान्यवत्त्वात् — **ન્યાયસાર, પૃ. ૮.**

---

૧. उभयासिद्धोऽन्यतरासिद्धः तद्भावासिद्धोऽनुमेयासिद्धश्चेति । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૮.** उभयासिद्धोऽन्यतरासिद्धः सन्दिग्धासिद्धः आश्रयासिद्धश्चेति । **ન્યાયપ્રવેશ, પૃ. ૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૨૩૭ '**विपरीत**' — જેવી રીતે પ્રશસ્તપાદમાં વિરુદ્ધના સામાન્ય સ્વરૂપનું વર્ણન છે પણ વિશેષ ભેદોનું નથી તેવી જ રીતે ન્યાયસૂત્ર અને તેના ભાષ્યમાં પણ વિરુદ્ધનું સામાન્યરૂપે વર્ણન છે કિન્તુ વિશેષરૂપે નથી. આટલું સામ્ય હોવા છતાં પણ સભાષ્ય ન્યાયસૂત્ર અને પ્રશસ્તપાદમાં ઉદાહરણ અને પ્રતિપાદનનો ભેદ[1] સ્પષ્ટ છે. એવું જણાય છે કે ન્યાયસૂત્રની અને પ્રશસ્તપાદની વિરુદ્ધવિષયક વિચારપરંપરા એક નથી.

ન્યાયપ્રવેશમાં (પૃ. ૫) વિરુદ્ધના ચાર ભેદો ઉદાહરણ સાથે દર્શાવ્યા છે. સંભવતઃ માઠરને (કારિકા ૫) પણ તે ભેદો અભિપ્રેત છે. ન્યાયબિન્દુમાં (૩. ૮૩-૮૮) વિરુદ્ધના પ્રકારો બે જ ઉદાહરણોમાં સમાપ્ત કરવામાં આવ્યા છે અને ત્રીજો 'ઇષ્ટવિઘાતકૃત્' નામનો એક વધુ ભેદ હોવાની આશંકા (૩. ૮૯-૯૪) કરીને તેનો સમાવેશ અભિપ્રેત બે ભેદોમાં જ કરી દેવામાં આવ્યો છે. ઇષ્ટવિઘાતકૃત્ નામ ન્યાયપ્રવેશમાં નથી પરંતુ એ નામથી જે ઉદાહરણ ન્યાયબિન્દુમાં (૩. ૯૦) આપવામાં આવ્યું છે તે ન્યાયપ્રવેશમાં (પૃ. ૫) વિદ્યમાન છે. જણાય છે કે ન્યાયપ્રવેશમાં જે '**परार्थाः चक्षुरादयः**' એ ધર્મવિશેષવિરુદ્ધનું ઉદાહરણ છે તેનો કોઈ ઇષ્ટવિઘાતકૃત્ નામથી વ્યવહાર કરતા હશે જેનો નિર્દેશ કરીને ધર્મકીર્તિએ અન્તર્ભાવ કર્યો છે. જયન્તે (**ન્યાયમંજરી, પૃ. ૬૦૦-૬૦૧**) ગૌતમની જ વ્યાખ્યા કરતાં ધર્મવિશેષવિરુદ્ધ અને ધર્મિવિશેષવિરુદ્ધ આ બે તીર્થાન્તરીય વિરુદ્ધભેદોનું સ્પષ્ટ ખંડન કર્યું છે જે ન્યાયપ્રવેશવાળી પરંપરાનું જ ખંડન જણાય છે. ન્યાયસારમાં (પૃ. ૯) વિરુદ્ધના ભેદોનું વર્ણન સૌથી અધિક પણ છે અને જટિલ પણ છે. તેમાં સપક્ષના અસ્તિત્વવાળા ચાર, સપક્ષના નાસ્તિત્વવાળા ચાર એવા વિરુદ્ધના આઠ ભેદો જે ઉદાહરણો સાથે છે તે જ ઉદાહરણો સાથે તે જ આઠ ભેદ પ્રમાણનયતત્ત્વાલોકની વ્યાખ્યામાં પણ છે (૬. ૫૨-૫૩). જો કે પરીક્ષામુખની વ્યાખ્યા માર્તંડમાં (પૃ. ૧૯૨ A) ન્યાયસારવાળા તે જ આઠ ભેદ છે તેમ છતાં કોઈ કોઈ ઉદાહરણમાં થોડોક ફેરફાર થઈ ગયો છે.

---

૧. सिद्धान्तमभ्युपेत्य तद्विरोधी विरुद्धः । **ન્યાયસૂત્ર, ૧.૨.૬.** यथा सोऽयं विकारो व्यक्तेरपैति नित्यत्वप्रतिषेधात्, अपेतोऽप्यस्ति विनाशप्रतिषेधात्, न नित्यो विकार उपपद्यते इत्येवं हेतुः — 'व्यक्तेरपेतोऽपि विकारोऽस्ति' इत्यनेन स्वसिद्धान्तेन विरुध्यते । यदस्ति न तदात्मलाभात् प्रच्यवते, अस्तित्वं चात्मलाभात् प्रच्युतिरिति विरुद्धावेतौ धर्मौ न सह सम्भवत इति । सोऽयं हेतुर्यं सिद्धान्तमाश्रित्य प्रवर्तते तमेव व्याहन्ति इति । **ન્યાયભાષ્ય, ૧.૨.૬.** यो ह्यनुमेयेऽविद्यमानोऽपि तत्समानजातीये सर्वस्मिन्नास्ति तद्विपरीते चास्ति स विपरीतसाधनाद्विरुद्धः यथा यस्माद्विषाणी तस्मादश्व इति । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૮**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હેમચન્દ્રે તો પ્રમાણનયતત્ત્વાલોકની વ્યાખ્યાની જેમ પોતાની વૃત્તિમાં શબ્દશઃ ન્યાયસારના આઠ ભેદ ઉદાહરણ સાથે દર્શાવી તેમાંથી ચાર વિરુદ્ધોને અસિદ્ધ અને વિરુદ્ધ બન્ને નામ આપવા માટેની ન્યાયમંજરી અને ન્યાયસારની દલીલોને અપનાવી લીધી છે.

પૃ. ૨૩૮ **'सति सपक्षे'** — તુલના — विरुद्धभेदास्तु सति सपक्षे चत्वारो विरुद्धाः । पक्षविपक्षव्यापको यथा.... । — **ન્યાયસાર, પૃ. ૯. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૨ A. સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૧૦૨૧.**

પૃ. ૨૪૦ **'नियमस्य'** — અનૈકાન્તિક હેત્વાભાસના નામ અંગે મુખ્ય બે પરંપરાઓ પ્રાચીન છે. પહેલી ગૌતમની અને બીજી કણાદની. ગૌતમ પોતાના ન્યાયસૂત્રમાં જેને સવ્યભિચાર (૧.૨.૫) કહે છે તેને કણાદ પોતાનાં સૂત્રોમાં (૩.૧.૧૫) સન્દિગ્ધ કહે છે. આ નામભેદની પરંપરામાં પણ કંઈક અર્થ રહેલો છે અને તે અર્થ પછીના બધા વ્યાખ્યાગ્રંથોમાં સ્પષ્ટ થઈ જાય છે. આ અર્થ એ છે કે એક પરંપરા અનૈકાન્તિકતાને અર્થાત્ સાધ્યની અને તેના અભાવની સાથે હેતુના સાહચર્યને સવ્યભિચાર હેત્વાભાસના નિયામક તરીકે માને છે, સંશયજનકત્વને નહિ જ્યારે બીજી પરંપરા સંશયજનકત્વને અનૈકાન્તિક હેત્વાભાસના નિયામક તરીકે માને છે, સાધ્ય-તદભાવસાહચર્યને નહિ. પહેલી પરંપરા અનુસાર જે હેતુ સાધ્ય-તદભાવસહચરિત છે — ભલે તે સંશયજનક હો યા ન હો — તે જ સવ્યભિચાર યા અનૈકાન્તિક કહેવાય છે. બીજી પરંપરા અનુસાર જે હેતુ સંશયજનક છે — ભલે તે સાધ્ય-તદભાવસહચરિત હો યા ન હો — તે જ અનૈકાન્તિક યા સવ્યભિચાર કહેવાય છે. અનૈકાન્તિકતાની આ નિયામકભેદવાળી બે ઉક્ત પરંપરા અનુસાર ઉદાહરણોમાં પણ અન્તર પડી જાય છે. તેથી જ ગૌતમની પરંપરામાં અસાધારણ યા વિરુદ્ધા-વ્યભિચારીનું સ્થાન અનૈકાન્તિક હેત્વાભાસમાં સંભવતું જ નથી કેમ કે તે બન્ને સાધ્યાભાવસહચરિત નથી. ઉક્ત સાર્થકનામભેદવાળી બન્ને પરંપરાઓના પરસ્પર ભિન્ન એવા બે દૃષ્ટિકોણો આગળ ઉપર પણ ચાલુ રહ્યા પરંતુ ઉત્તરવર્તી બધાં તર્કશાસ્ત્રોમાં — ભલે ને તે તર્કશાસ્ત્રો વૈદિક હો, બૌદ્ધ હો કે જૈન હો — નામ તો કેવળ ગૌતમીય પરંપરાનું 'અનૈકાન્તિક' જ ચાલુ રહ્યું. કણાદીય પરંપરાનું 'સન્દિગ્ધ' નામ વ્યવહારમાં રહ્યું નહિ.

પ્રશસ્તપાદ અને ન્યાયપ્રવેશ આ બેનું પૌર્વાપર્ય આજ સુધી સુનિશ્ચિત નથી થયું તેથી એ નિશ્ચિતપણે કહેવું કઠિન છે કે કોનો પ્રભાવ કોના ઉપર છે, તો પણ ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદ આ બેની વિચારસરણીનું અભિન્નત્વ અને પારસ્પરિક મહત્ત્વનો ભેદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાસ ધ્યાન દેવા યોગ્ય છે. જો કે ન્યાયપ્રવેશમાં નામ તો અનૈકાન્તિક છે સન્દિગ્ધ નથી, તેમ છતાં તેમાં અનૈકાન્તિકતાના નિયામક તરીકે પ્રશસ્તપાદની જેમ સંશયજનકત્વને જ માન્યું છે. તેથી ન્યાયપ્રવેશકારે અનૈકાન્તિકના છ ભેદ દર્શાવતી વખતે તેમનાં બધાં ઉદાહરણોમાં સંશયજનકત્વ સ્પષ્ટ દર્શાવ્યું છે.[1] પ્રશસ્તપાદ ન્યાયપ્રવેશની જેમ સંશયજનકત્વને તો અનૈકાન્તિકતાના નિયામક તરીકે માને છે એ સાચું, પરંતુ તે ન્યાયપ્રવેશમાં અનૈકાન્તિક તરીકે ઉદાહૃત કરવામાં આવેલા અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારી એ બે ભેદોને અનૈકાન્તિક યા સન્દિગ્ધ હેત્વાભાસમાં નથી ગણતા, એટલું જ નહિ પણ વધુમાં ન્યાયપ્રવેશસમ્મત ઉક્ત બન્ને હેત્વાભાસોની સન્દિગ્ધતાનું એમ કહીને ખંડન કરે છે કે અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારી સંશયજનક જ નથી.[2] પ્રશસ્તપાદના ખંડનીય ભાગવાળો કોઈ પૂર્વવર્તી વૈશેષિક ગ્રન્થ યા ન્યાયપ્રવેશભિન્ન બૌદ્ધ ગ્રંથ ન મળે ત્યાં સુધી એ કહી શકાય કે કદાચ પ્રશસ્તપાદે ન્યાયપ્રવેશનું ખંડન કર્યું છે. જે હો તે, એટલું તો નિશ્ચિત જ છે કે પ્રશસ્તપાદે અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારીને સન્દિગ્ધ યા અનૈકાન્તિક માનવાનો ઇન્કાર કર્યો છે. પ્રશસ્તપાદે આ પ્રશ્નનો કે તો શું અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારી કોઈ હેત્વાભાસ જ નથી ? જવાબ પણ ઘણો બુદ્ધિપૂર્વકનો આપ્યો છે. પ્રશસ્તપાદ કહે છે કે અસાધારણ હેત્વાભાસ છે ખરો, પણ તે સંશયજનક ન હોવાથી અનૈકન્તિક નથી, પરંતુ તેને અનધ્યવસિત કહેવો જોઈએ. તેવી જ રીતે તે વિરુદ્ધાવ્યભિચારીને સંશયજનક ન માનીને યા તો અસાધારણરૂપ અનધ્યવસિતમાં ગણે છે યા તેને વિરુદ્ધવિશેષ જ કહે છે (अयं तु विरुद्धभेद एव । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૯**). ગમે તેમ પણ તે કોઈ પણ રીતે અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારીને ન્યાયપ્રવેશની જેમ સંશયજનક માનવા તૈયાર નથી, તો પણ તે તે બન્નેને કોઈ ને કોઈ હેત્વાભાસમાં સમાવિષ્ટ તો કરે જ છે. આ ચર્ચાના સંબંધમાં પ્રશસ્તપાદની બીજી બે વાતો પણ

---

૧. तत्र साधारणः – शब्दः प्रमेयत्वान्नित्यः इति। तद्धि नित्यानित्यपक्षयोः साधारणत्वादनैकान्तिकम् । किं घटवत् प्रमेयत्वादनित्यः शब्दः आहोस्विदाकाशवत् प्रमेयत्वान्नित्य इति। **ન્યાયપ્રવેશ, પૃ. ૩.**

૨. असाधारणः – श्रावणत्वान्नित्य इति । तद्धि नित्यानित्यपक्षाभ्यां व्यावृत्तत्वान्नित्यानित्यविनिर्मुक्तस्य चान्यस्यासम्भवात् संशयहेतुः किम्भूतस्यास्य श्रावणत्वमिति। ... विरुद्धाव्यभिचारी यथा अनित्यः शब्दः कृतकत्वात् घटवत्; नित्यः शब्दः श्रावणत्वात् शब्दत्ववदिति । उभयोः संशयहेतुत्वात् द्वावप्येतावेकोऽनैकान्तिकः समुदितावेव । **ન્યાયપ્રવેશ, પૃ. ૩-૪.** एकस्मिंश्च द्वयोर्हेत्वोर्यथोक्तलक्षणयोर्विरुद्धयोः सन्निपाते सति संशयदर्शनादयमन्यः सन्दिग्ध इति केचित् यथा मूर्तत्वामूर्तत्वं प्रति मनसः क्रियावत्त्वास्पर्शवत्त्वयोरिति। नन्वयमसाधारण एवाचाक्षुषत्वप्रत्यक्षत्ववत् संहतयोरन्यतरपक्षासम्भवात् ततश्चानध्यवसित इति वक्ष्यामः । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૩૮-૨૩૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાસ ધ્યાન દેવા જેવી છે. પહેલી તો એ છે કે અનધ્યવસિત નામના હેત્વાભાસની કલ્પના અને બીજી એ કે ન્યાયપ્રવેશગત વિરુદ્ધાવ્યભિચારીના ઉદાહરણથી વિભિન્ન ઉદાહરણને લઈને વિરુદ્ધાવ્યભિચારીને સંશયજનક માનવા ન માનવાનો શાસ્ત્રાર્થ. કણાદસૂત્રમાં અવિદ્યમાન અનધ્યવસિત પદ સૌપ્રથમ પ્રશસ્તપાદે જ વાપર્યું છે કે પછી તેના પહેલાં પણ તેનો પ્રયોગ અલગ હેત્વાભાસના અર્થમાં થતો રહ્યો છે એ કહી શકાય તેમ નથી. ન્યાયપ્રવેશમાં વિરુદ્ધાવ્યભિચારીનું ઉદાહરણ — नित्यः शब्दः श्रावणत्वात् शब्दत्ववत्; अनित्यः शब्दः कृतकत्वात् घटवत् — આ છે જ્યારે પ્રશસ્તપાદમાં ઉદાહરણ — 'मनः मूर्तं क्रियावत्त्वात्; मनः अमूर्तम् अस्पर्शवत्त्वात्' — આ છે. પ્રશસ્તપાદનું ઉદાહરણ તો વૈશેષિક પ્રક્રિયા અનુસાર જ છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ન્યાયપ્રવેશનું ઉદાહરણ ખુદ બૌદ્ધ પ્રક્રિયા અનુસાર ન હોઈને એક રીતે વૈદિક પ્રક્રિયા અનુસાર જ છે કેમ કે જેમ વૈશેષિક આદિ વૈદિક તાર્કિક શબ્દત્વને જાતિરૂપ માને છે તેમ બૌદ્ધ તાર્કિક નિત્ય જાતિને નથી માનતા. અસ્તુ, આ વિવાદ આગળ પણ ચાલ્યો.

તાર્કિકપ્રવર ધર્મકીર્તિએ હેત્વાભાસની પ્રરૂપણા બૌદ્ધસમ્મત હેતુત્રૈરૂપ્યના આધાર પર કરી,[1] જે તેમના પૂર્વવર્તી બૌદ્ધ ગ્રંથોમાં આજ સુધી જોવામાં નથી આવી. એવું જણાય છે કે પ્રશસ્તપાદનું અનૈકાન્તિક હેત્વાભાસ વિષયક બૌદ્ધ મન્તવ્યનું ખંડન બરાબર ધર્મકીર્તિના ધ્યાનમાં રહ્યું છે. ધર્મકીર્તિએ પ્રશસ્તપાદને જવાબ આપી ન્યાયપ્રવેશનો બચાવ કર્યો. તેણે વ્યભિચારને અનૈકાન્તિકતાના નિયામક તરીકે ન્યાયસૂત્રની જેમ માન્યો તેમ છતાં તેણે ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદની જેમ સંશયજનકત્વને પણ તેના નિયામક તરીકે માની લીધું. પ્રશસ્તપાદે ન્યાયપ્રવેશસમ્મત અસાધારણને અનૈકાન્તિક માનવાનું એમ કહીને ખંડન કર્યું હતું કે તે સંશયજનક નથી. આનો જવાબ ધર્મકીર્તીએ અસાધારણનું ઉદાહરણ ન્યાયપ્રવેશની અપેક્ષાએ જુદું રચીને અને તેની સંશયજનકતા દેખાડીને દીધો અને દર્શાવ્યુ કે અસાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ જ છે.[2] આટલું કરીને જ ધર્મકીર્તિ સંતુષ્ટ ન રહ્યા પરંતુ પોતાના માન્ય આચાર્ય દિઙ્નાગની પરંપરાને પ્રતિષ્ઠિત રાખવાનો બીજો વધુ પ્રયત્ન પણ કર્યો. પ્રશસ્તપાદે વિરુદ્ધાવ્યભિચારીના ખંડનમાં જે દલીલ દીધી હતી તેનો સ્વીકાર કરીને પણ પ્રશસ્તપાદના ખંડન વિરુદ્ધ ધર્મકીર્તિએ વિરુદ્ધાવ્યભિચારીનું સમર્થન કર્યું અને

૧. तत्र त्रयाणां रूपाणामेकस्यापि रूपस्यानुक्तौ साधनाभासः । उक्तावप्यसिद्धौ सन्देहे वा प्रतिपाद्यप्रतिपादकयोः । एकस्य रूपस्य.... । ન્યાયબિન્દુ, ૩.૫૭થી.

૨. अनयोरेव द्वयो रूपयोः सन्देहेऽनैकान्तिकः । यथा सात्मकं जीवच्छरीरं प्राणादिमत्त्वादिति । ... अत एवान्वयव्यतिरेकयोः सन्देहादनैकान्तिकः । साध्येतरयोरतो निश्चयाभावात् । ન્યાયબિન્દુ, ૩. ૯૮-૧૧૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પણ એવી રીતે કે દિઙ્નાગની પ્રતિજ્ઞા પણ જળવાઈ રહે અને પ્રશસ્તપાદને ઉત્તર પણ અપાઈ જાય. આવું કરતી વખતે ધર્મકીર્તિએ વિરુદ્ધાવ્યભિચારીનું જે ઉદાહરણ આપ્યું છે તે ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદના ઉદાહરણથી જુદું છે તેમ છતાં તે ઉદાહરણ વૈશેષિક પ્રક્રિયા અનુસાર હોવાથી પ્રશસ્તપાદને અગ્રાહ્ય ન હોઈ શકે.[1] આમ બૌદ્ધ અને વૈદિક તાર્કિકોની આ વિષયમાં એટલે સુધી ચર્ચા ચાલી જેનો અંત ન્યાયમંજરીમાં આવ્યો જણાય છે. જયન્ત ફરી પોતાના પૂર્વાચાર્યોનો પક્ષ લઈને ન્યાયપ્રવેશ અને ધર્મકીર્તિના ન્યાયબિન્દુનો સામનો કરે છે. તે અસાધારણ અને વિરુદ્ધાવ્યભિચારીને અનૈકાન્તિક ન માનવાના પ્રશસ્તપાદગત મતનું ઘણા વિસ્તારથી સમર્થન કરે છે પરંતુ સાથે સાથે જ તે સંશયજનકત્વને અનૈકાન્તિકતાના નિયામક તરીકે માનવાનો પણ ઇન્કાર કરે છે.[2]

ભાસર્વજ્ઞે બૌદ્ધ, વૈદિક તાર્કિકોના પ્રસ્તુત વિવાદને સ્પર્શ કર્યા વિના અનૈકાન્તિક હેત્વાભાસનાં આઠ ઉદાહરણો આપ્યાં છે (**ન્યાયસાર, પૃ. ૧૦**), અને ક્યાંય સંશયજનકતાનો ઉલ્લેખ કર્યો નથી. તે ગૌતમીય પરંપરાને અનુસરનારા જણાય છે.

જૈન પરંપરામાં અનૈકાન્તિક અને સન્દિગ્ધ આ બન્ને નામો મળે છે. અકલંક (**ન્યાયવિનિશ્ચય, ૨. ૧૯૬**) સન્દિગ્ધ શબ્દનો પ્રયોગ કરે છે જ્યારે સિદ્ધસેન (**ન્યાયાવતાર, ૨૩**) આદિ અન્ય જૈન તાર્કિક અનૈકાન્તિક પદનો પ્રયોગ કરે છે. માણિક્યનન્દીની અનૈકાન્તિકનિરૂપણવિષયક સૂત્રરચના આચાર્ય હેમચન્દ્રની સૂત્રરચનાની જેમ જ વસ્તુતઃ ન્યાયબિન્દુની સૂત્રરચનાની સંક્ષિપ્ત પ્રતિચ્છાયા છે. આ વિષયમાં વાદિદેવની સૂત્રરચના એવી પરિમાર્જિત નથી જેવી માણિક્યનન્દી અને હેમચન્દ્રની છે, કારણ કે વાદિદેવે અનૈકાન્તિકના સામાન્ય લક્ષણમાં જ જે '**सन्दिह्यते**'-

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

---

૧. विरुद्धाव्यभिचार्यपि संशयहेतुरुक्तः । स इह कस्मान्नोक्तः । ... अत्रोदाहरणं यत्सर्वदेशावस्थितैः स्वसम्बन्धिभिर्युगपदभिसम्बध्यते तत्सर्वगतं यथाऽऽकाशम्, अभिसम्बध्यते सर्वदेशावस्थितैः स्वसम्बन्धिभिर्युगपत् सामान्यमिति । ... द्वितीयोऽपि प्रयोगो यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते न तत् तत्रास्ति । तद्यथा क्वचिदविद्यमानो घटः । नोपलभ्यते चोपलब्धिलक्षणप्राप्तं सामान्यं व्यक्त्यन्तरालेष्विति । अयमनुपलम्भप्रयोगः स्वभावश्च परस्परविरुद्धार्थसाधनादेकत्र संशयं जनयतः । **ન્યાયબિન્દુ, ૩.૧૧૨-૧૨૧.**

૨. असाधारणविरुद्धाव्यभिचारिणौ तु न संस्त एव हेत्वाभासाविति न व्याख्यायेते । .... अपि च संशयजननमनैकान्तिकलक्षणमुच्यते चेत् काममसाधारणस्य विरुद्धाव्यभिचारिणो वा यथा तथा संशयहेतुतामधिरोप्य कथ्यतामनैकान्तिकता न तु संशयजनकत्वं तल्लक्षणम् .... अपि तु पक्षद्वयवृत्तित्वमनैकान्तिकलक्षणम् .... । **ન્યાયમંજરી, પૃ. ૫૯૮-૫૯૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નો પ્રયોગ કર્યો છે તે જરૂરી જણાતો નથી. જે હો તે, પરંતુ આ વિષયમાં પ્રભાચન્દ્ર, વાદિદેવ અને હેમચન્દ્ર આ ત્રણેનો એક જ માર્ગ છે કે તે બધા પોતપોતાના ગ્રંથોમાં ભાસર્વજ્ઞના આઠ પ્રકારના અનૈકાન્તિકને લઈને પોતપોતાનાં લક્ષણોમાં સમાવિષ્ટ કરે છે. પ્રભાચન્દ્ર (**પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૨ B**) સિવાય બીજાઓના ગ્રંથોમાં તો આઠ ઉદાહરણો પણ તે જ છે જે ન્યાયસારમાં છે. પ્રભાચન્દ્રે કેટલાંક ઉદાહરણો બદલ્યાં છે.

અહીં એ યાદ રહે કે કોઈ જૈનાચાર્યે સાધ્યસંદેહજનકત્વ કે સાધ્યવ્યભિચારને અનૈકાન્તિકતાના નિયામક તરીકે માનવા ન માનવાની બૌદ્ધ-વૈશેષિક ગ્રન્થગત ચર્ચાને લીધી નથી.

પૃ. ૨૪૦ **'ये चान्ये'** — તુલના — **पक्षत्रयव्यापको यथा अनित्यः शब्दः प्रमेयत्वात् । ન્યાયસાર, પૃ. ૧૦. ન્યાયપ્રવેશ, પૃ. ૩. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૨ B. સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૧૨૨૮**

અ.૨. આ.૧. સૂત્ર ૨૨-૨૭. પૃ. ૨૪૨-૨૪૯ પરાર્થાનુમાનના પ્રસંગમાં હેત્વાભાસનું નિરૂપણ બહુ પ્રાચીન છે. કણાદસૂત્ર (૩.૧.૧૫) અને ન્યાયસૂત્રમાં (૧.૨.૪-૯) તે સ્પષ્ટ અને વિસ્તૃત છે. પરંતુ દૃષ્ટાન્તાભાસનું નિરૂપણ એટલું પ્રાચીન જણાતું નથી. જો દૃષ્ટાન્તાભાસનો વિચાર પણ હેત્વાભાસ જેટલો જ પુરાતન હોત તો તેનું સૂચન કણાદ યા ન્યાયસૂત્રમાં વત્તુઓછું જરૂર મળત. જે હો તે, એટલું તો નિશ્ચિત છે કે હેત્વાભાસની કલ્પના ઉપરથી જ પછીથી ક્યારેક દૃષ્ટાન્તાભાસ, પક્ષાભાસ આદિની કલ્પના થઈ અને તેમનું નિરૂપણ થવા લાગ્યું. આ નિરૂપણ પ્રથમ વૈદિક તાર્કિકોએ શરૂ કર્યું કે બૌદ્ધ તાર્કિકોએ એ અંગે અત્યારે કંઈ પણ નિશ્ચિત કહી શકાતું નથી.

દિઙ્નાગના મનાતા ન્યાયપ્રવેશમાં પાંચ સાધર્મ્ય અને પાંચ વૈધર્મ્ય એવા દસ દૃષ્ટાન્તાભાસ છે.[1] જો કે મુખ્યપણે પાંચ પાંચના એવા બે વિભાગો તેમાં છે તેમ છતાં ઉભયાસિદ્ધ નામના દૃષ્ટાન્તાભાસના અવાન્તર બે પ્રકાર પણ તેમાં કર્યા છે જેથી વસ્તુતઃ ન્યાયપ્રવેશ અનુસાર છ સાધર્મ્ય દૃષ્ટાન્તાભાસો અને છ વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસો

---

૧. दृष्टान्ताभासो द्विविधः साधर्म्येण वैधर्म्येण च .... तत्र साधर्म्येण .... तद्यथा साधनधर्मासिद्धः साध्यधर्मासिद्धः उभयधर्मासिद्धः अनन्वयः विपरीतान्वयश्चेति । .... वैधर्म्येणापि दृष्टान्ताभासः पञ्चप्रकारः तद्यथा साध्याव्यावृत्तः साधनाव्यावृत्तः उभयाव्यावृत्तः अव्यतिरेकः विपरीतव्यतिरेकश्चेति .... । **ન્યાયપ્રવેશ, પૃ. ૫-૬.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફલિત થાય છે. પ્રશસ્તપાદે પણ છ છ સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસોનું નિરૂપણ કર્યું છે.[૧] ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદના નિરૂપણમાં ઉદાહરણ અને ભાવ એકસરખાં જ છે, અલબત્ત બન્નેનાં નામકરણમાં અન્તર અવશ્ય છે. પ્રશસ્તપાદ દૃષ્ટાન્તાભાસ શબ્દના બદલે નિદર્શનાભાસ શબ્દનો પ્રયોગ પસંદ કરે છે કેમ કે તેમની અભિમત ન્યાયવાક્યની પરિપાટીમાં ઉદાહરણનો બોધક નિદર્શન શબ્દ આવે છે. આ સામાન્ય નામ સિવાય પણ ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદગત વિશેષ નામોમાં માત્ર પર્યાયભેદ છે. માઠર (કારિકા ૫) પણ નિદર્શનાભાસ શબ્દ જ પસંદ કરે છે. તે પ્રશસ્તપાદને અનુસરતા જણાય છે. જો કે પ્રશસ્તપાદ અનુસાર નિદર્શનાભાસની કુલ સંખ્યા બારની થાય છે અને માઠર દસ સંખ્યાનો ઉલ્લેખ કરે છે. પરંતુ આ સંખ્યાભેદનું કારણ આશ્રયાસિદ્ધ નામના બે સાધર્મ્ય-વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસની માઠરે વિવક્ષા નથી કરી એ જ છે એવું જણાય છે.

જયન્તે (**ન્યાયમંજરી, પૃ. ૫૮૦**) ન્યાયસૂત્રની વ્યાખ્યા કરતી વખતે પૂર્વવર્તી બૌદ્ધ-વૈશેષિક આદિ ગ્રન્થગત દૃષ્ટાન્તાભાસનું નિરૂપણ જોઈને ન્યાયસૂત્રમાં આ નિરૂપણની ખોટનો અનુભવ કર્યો અને તેણે ન્યાયપ્રવેશવાળા બધા દૃષ્ટાન્તાભાસોને અપનાવી લીધા અને પોતાના માન્ય ઋષિની નિરૂપણની ખોટને ભારતીય ટીકાકાર શિષ્યોની રીતે ભક્ત તરીકે દૂર કરી. ન્યાયસારમાં (પૃ. ૧૩) ઉદાહરણાભાસ નામથી છ સાધર્મ્યના અને છ વૈધર્મ્યના એમ બાર આભાસ તે જ છે જે પ્રશસ્તપાદમાં છે. તે સિવાય ન્યાયસારમાં અન્યના નામથી ચાર સાધર્મ્યના વિષયમાં સંદિગ્ધ અને ચાર વૈધર્મ્યના વિષયમાં સંદિગ્ધ એવા આઠ સન્દિગ્ધ ઉદાહરણાભાસ પણ આપ્યા છે.[૨] સન્દિગ્ધ ઉદાહરણાભાસોની સૃષ્ટિ ન્યાયપ્રવેશ અને પ્રશસ્તપાદ પછીની જણાય છે. ધર્મકીર્તિએ સાધર્મ્યના નવ અને વૈધર્મ્યના નવ એમ અઢાર દૃષ્ટાન્તાભાસોનું સવિસ્તર વર્ણન કર્યું છે. એવું જણાય છે કે ન્યાયસારમાં અન્યના નામથી જે સાધર્મ્ય અને

---

૧. अनेन निदर्शनाभासा निरस्ता भवन्ति । तद्यथा नित्यः शब्दोऽमूर्तत्वात् यदमूर्तं दृष्टं तन्नित्यम् यथा परमाणुर्यथा कर्म यथा स्थाली यथा तमः अम्बरवदिति यद् द्रव्यं तत् क्रियावद् दृष्टमिति च लिङ्गानुमेयोभयाश्रयासिद्धाननुगतविपरीतानुगताः साधर्म्यनिदर्शनाभासाः । यदनित्यं तन्मूर्तं दृष्टं यथा कर्म यथा परमाणुर्यथाकाशं यथा तमः घटवत् यन्निष्क्रियं तदद्रव्यं चेति लिङ्गानुमेयोभयाव्यावृत्ता-श्रयासिद्धाव्यावृत्तविपरीतव्यावृत्ता वैधर्म्यनिदर्शनाभासा इति । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૪૭.**

૨. अन्ये तु संदेहद्वारेणापरानष्टावुदाहरणाभासान् वर्णयन्ति । सन्दिग्धसाध्यः .... सन्दिग्धसाधनः.... सन्दिग्धोभयः .... सन्दिग्धाश्रयः .... सन्दिग्धसाध्याव्यावृत्तः .... सन्दिग्धसाधनाव्यावृत्तः ..... सन्दिग्धोभयाव्यावृत्तः .... सन्दिग्धाश्रयः .... । **ન્યાયસાર, પૃ. ૧૩-૧૪.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈધર્મ્યના ચાર ચાર ઉદાહરણાભાસ આપ્યા છે તે આઠ સન્દિગ્ધભેદોની કોઈ પૂર્વવર્તી પરંપરાનું સંશોધન કરીને ધર્મકીર્તિએ સાધર્મ્ય અને વૈધર્મ્યના ત્રણ ત્રણ જ સન્દિગ્ધ દૃષ્ટાન્તાભાસો રાખ્યા. દૃષ્ટાન્તાભાસોની સંખ્યા, ઉદાહરણ અને તેની પાછળનો સાંપ્રદાયિક ભાવ આ બધી વાતોમાં ઉત્તરોત્તર વિકાસ થતો ગયો જે ધર્મકીર્તિ પછી પણ ચાલુ રહ્યો.

જૈન પરંપરામાં, જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, સૌપ્રથમ દૃષ્ટાન્તાભાસનું નિરૂપણ કરનાર સિદ્ધસેન જ છે. તેમણે બૌદ્ધ પરંપરાના દૃષ્ટાન્તાભાસ શબ્દને જ પસંદ કર્યો, વૈદિક પરંપરાના નિદર્શનાભાસ અને ઉદાહરણાભાસ શબ્દોને પસંદ ન કર્યા. સિદ્ધસેને[1] પોતાના સંક્ષિપ્ત કથનમાં સંખ્યાનો નિર્દેશ તો નથી કર્યો પરંતુ જણાય છે કે તે આ વિષયમાં ધર્મકીર્તિની જેમ જ નવ નવ દૃષ્ટાન્તાભાસોને માનનારા છે. માણિક્યનન્દીએ તો પૂર્વવર્તી બધાના વિસ્તારને ઓછો કરીને સાધર્મ્ય અને વૈધર્મ્યના ચાર ચાર એમ કુલ આઠ જ દૃષ્ટાન્તાભાસો દર્શાવ્યા છે (**પરીક્ષામુખ, ૬.૪૦-૪૫**) અને કેટલાંક ઉદાહરણો પણ બદલીને નવાં રચ્યાં છે. વાદી દેવસૂરિએ તો ઉદાહરણ દેવામાં માણિક્યનન્દીનું અનુકરણ કર્યું પરંતુ ભેદોની સંખ્યા, નામ આદિમાં અક્ષરશઃ ધર્મકીર્તિનું જ અનુકરણ કર્યું છે. આ પ્રસંગે વાદી દેવસૂરિએ એક નવી વાત જરૂર કરી. તે એ કે ધર્મકીર્તિએ ઉદાહરણ દેવામાં વૈદિક ઋષિ અને જૈન તીર્થંકરોનું લઘુત્વ દર્શાવ્યું હતું તેનો બદલો વાદી દેવસૂરિએ સંભવિત ઉદાહરણોમાં તથાગત બુદ્ધનું લઘુત્વ દર્શાવીને પૂરેપૂરો વાળ્યો. ધર્મકીર્તિએ પોતાના પૂજ્ય પુરુષો ઉપર તર્કશાસ્ત્રમાં કરેલા પ્રહારને વાદિદેવ સહન ન કરી શક્યા અને તેનો બદલો તર્કશાસ્ત્રમાં જ પ્રતિબન્દી રૂપે વાળ્યો.[2]

---

૧. साधर्म्येणात्र दृष्टान्तदोषा न्यायविदीरिताः । अपलक्षणहेतूत्थाः साध्यादिविकलादयः ॥ वैधर्म्येणात्र दृष्टान्तदोषा न्यायविदीरिताः । साध्यसाधनयुग्मानामनिवृत्तेश्च संशयात् ॥ **ન્યાયાવતાર, ૨૪-૨૫.**

૨. यथा नित्यः शब्दोऽमूर्तत्वात्, कर्मवत् परमाणुवद् घटवदिति साध्यसाधनधर्मोभयविकलाः । तथा सन्दिग्धसाध्यधर्मादयश्च, यथा रागादिमानयं वचनाद्रथ्यापुरुषवत्, मरणधर्मोऽयं पुरुषो रागादिमत्त्वाद्रथ्यापुरुषवत्, असर्वज्ञोऽयं रागादिमत्त्वाद्रथ्यापुरुषवत् इति । अनन्वयोऽप्रदर्शितान्वयश्च, यथा यो वक्ता स रागादिमानिष्टपुरुषवत्, अनित्यः शब्दः कृतकत्वाद् घटवत् इति । तथा विपरीतान्वयः, यदनित्यं तत् कृतकमिति । साधर्म्येण । वैधर्म्येणापि, परमाणुवत् कर्मवदाकाशवदिति साध्याद्यव्यतिरेकिणः । तथा सन्दिग्धसाध्यव्यतिरेकादयः, यथाऽसर्वज्ञाः कपिलादयोऽनाप्ता वा, अविद्यमानसर्वज्ञताप्ततालिङ्गभूतप्रमाणातिशयशासनत्वादिति, अत्र वैधर्म्योदाहरणम्, यः सर्वज्ञः आप्तो वा स ज्योतिर्ज्ञानादिकमुपदिष्टवान्, तद्यथर्षभवर्धमानादिरिति, तत्रासर्वज्ञतानाप्ततयोः साध्यधर्मयोः सन्दिग्धो व्यतिरेकः । सन्दिग्धसाधनव्यतिरेको यथा न त्रयीविदा ब्राह्मणेन



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ग्राह्यवचनः कश्चित्पुरुषो रागादिमत्त्वादिति, अत्र वैधर्म्योदाहरणं ये ग्राह्यवचना न ते रागादिमन्तः तद्यथा गौतमादयो धर्मशास्त्राणां प्रणेतार इति, गौतमादिभ्यो रागादिमत्त्वस्य साधनधर्मस्य व्यावृत्तिः सन्दिग्धा । सन्दिग्धोभयव्यतिरेको यथा, अवीतरागाः कपिलादयः परिग्रहाग्रहयोगादिति, अत्र वैधर्म्योदाहरणम्, यो वीतरागो न तस्य परिग्रहाग्रहो यथर्षभादेरिति, ऋषभादेरवीतरागत्वपरिग्रहाग्रहयोगयोः साध्यसाधनधर्मयोः सन्दिग्धो व्यतिरेकः । अव्यतिरेको यथा, अवीतरागो वक्तृत्वात्, वैधर्म्योदाहरणम्, यत्रावीतरागत्वं नास्ति न स वक्ता, यथोपलखण्ड इति, यद्यप्युपलखण्डादुभयं व्यावृत्तं यो सर्वो वीतरागो न वक्तेति व्याप्त्या व्यतिरेकासिद्धेरव्यतिरेकः । अप्रदर्शितव्यतिरेको यथा, अनित्यः शब्दः कृतकत्वादाकाशवदिति । विपरीतव्यतिरेको यथा, यदकृतकं तन्नित्यं भवतीति । — न्यायबिन्दु ૩. ૧૨૫-૧૩૬ ।

"तत्रापौरुषेयः शब्दोऽमूर्तत्वाद् दुःखवदिति साध्यधर्मविकल इति । तस्यामेव प्रतिज्ञायां तस्मिन्नेव हेतौ परमाणुवदिति साधनधर्मविकल इति । कलशवदिति उभयधर्मविकल इति । रागादिमानयं वक्तृत्वात् देवदत्तवदिति सन्दिग्धसाध्यधर्मेति । मरणधर्मोऽयं रागादिमत्त्वान्मैत्रवदिति सन्दिग्धसाधनधर्मेति । नाऽयं सर्वदर्शी सरागत्वान्मुनिविशेषवदिति सन्दिग्धोभयधर्मेति । रागादिमान् विवक्षितः पुरुषो वक्तृत्वादिष्टपुरुषवदिति अनन्वयः । अनित्यः शब्दः कृतकत्वाद् घटवदित्यप्रदर्शितान्वय इति । अनित्यः शब्दः कृतकत्वात् यदनित्यं तत्कृतकं घटवदिति विपरीतान्वय इति । वैधर्म्येणापि .......... । तेषु भ्रान्तमनुमानं प्रमाणत्वात् यत्पुनर्भ्रान्तं न भवति न तत्प्रमाणम्, यथा स्वप्नज्ञानमित्यसिद्धसाध्यव्यतिरेकः स्वप्नज्ञानात् भ्रान्तत्वस्यानिवृत्तेरिति । निर्विकल्पकं प्रत्यक्षं प्रमाणत्वात्, यत्तु सविकल्पकं न तत् प्रमाणम्, यथा लैङ्गिकमित्यसिद्धसाधनव्यतिरेकः लैङ्गिकात्प्रमाणत्वस्यानिवृत्तेः । नित्यानित्यः शब्दः सत्त्वात् यस्तु न नित्यानित्यः स न सन् तद्यथा स्तम्भ इत्यसिद्धोभयव्यतिरेकः, स्तम्भान्नित्यानित्यत्वस्य चाव्यावृत्तेरिति । असर्वज्ञोऽनाप्तो वा कपिलः अक्षणिकैकान्तवादित्वात्, यः सर्वज्ञ आप्तो वा स क्षणिकैकान्तवादी यथा सुगत इति सन्दिग्धसाध्यव्यतिरेकः सुगतेऽसर्वज्ञतानाप्ततयोः साध्यधर्मयोर्व्यावृत्तेः सन्देहादिति । अनादेयवचनः कश्चिद्विवक्षितः पुरुषो रागादिमत्त्वात् यः पुनरादेयवचनः स वीतरागः, तद्यथा शौद्धोदनिरिति सन्दिग्धसाधनव्यतिरेकः शौद्धोदने रागादिमत्त्वस्य निवृत्तेः संशयादिति । न वीतरागः कपिलः करुणास्पदेष्वपि परमकृपयाऽनर्पितनिजपिशितशकलत्वात्, यस्तु वीतरागः स करुणास्पदेषु परमकृपया समर्पितनिजपिशितशकलस्तद्यथा तपनबन्धुरिति सन्दिग्धोभयव्यतिरेक इति तपनबन्धौ वीतरागत्वाभावस्य करुणास्पदेष्वपि परमकृपयानर्पितनिजपिशितशकलत्वस्य च व्यावृत्तेः सन्देहादिति । न वीतरागः कश्चिद्विवक्षितः पुरुषो वक्तृत्वात्, यः पुनर्वीतरागो न स वक्ता यथोपलखण्ड इत्यव्यतिरेक इति । अनित्यः शब्दः कृतकत्वादाकाशवदित्यप्रदर्शितव्यतिरेक इति । अनित्यः शब्दः कृतकत्वात् यदकृतकं तन्नित्यं यथाकाशमिति विपरीतव्यतिरेक इति ।" — प्रमाणनयतत्त्वालोक, ૬. ૬૦-૭૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હેમચન્દ્ર નામ તો પસંદ કરે છે દૃષ્ટાન્તાભાસ પરંતુ ઉદાહરણાભાસના બદલે તે નામ કેમ પસંદ કર્યું તેનો યુક્તિસિદ્ધ ખુલાસો પણ કરી દે છે.[1] દૃષ્ટાન્તાભાસના નિરૂપણમાં આચાર્ય હેમચન્દ્રની ધ્યાન દેવા જેવી મહત્ત્વની ત્રણ વિશેષતાઓ છે જે તેમની પ્રતિભાની સૂચક છે. તે ત્રણ વિશેષતાઓ નીચે પ્રમાણે છે.

**(૧) તેમણે સૂત્રરચના**, ઉદાહરણ આદિમાં જો કે ધર્મકીર્તિને આદર્શ તરીકે રાખ્યા **છે તેમ છતાં વાદિદેવની જેમ પૂરેપુરું અ**નુકરણ ન કરીને ધર્મકીર્તિના નિરૂપણમાં થોડુંક **બુદ્ધિસિદ્ધ સંશોધન પણ કર્યું છે. ધર્મક**ર્તિએ અનન્વય અને અવ્યતિરેક એવા જે ભેદ દર્શાવ્યા છે તેમને આ**ચાર્ય હેમચન્દ્ર અ**લગ માનતા નથી અને કહે છે કે બાકીના આઠ આઠ ભેદ જ અનન્વય અને અવ્યતિરેક રૂપ હોવાથી તે બન્નેનું પાર્થક્ય અનાવશ્યક છે (**પ્રમાણમીમાંસા**, ૨.૧.૨૭). આચાર્ય હેમચન્દ્રની આ દૃષ્ટિ બરાબર છે.

(૨) આચાર્ય હેમચન્દ્રે ધર્મકીર્તિના જ શબ્દોમાં અપ્રદર્શિતાન્વય અને અપ્રદર્શિત-વ્યતિરેક એવા બે ભેદ પોતાના સોળ ભેદોમાં દર્શાવ્યા છે (૨.૧.૨૭), પરંતુ આ બે ભેદોનાં ઉદાહરણોમાં ધર્મકીર્તિની અપેક્ષાએ વિચારપૂર્વક સંશોધન કર્યું છે. ધર્મકીર્તિએ પૂર્વવર્તી અનન્વય અને અવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ જે ન્યાયપ્રવેશ આદિમાં છે[2] તેમનું નિરૂપણ તો અપ્રદર્શિતાન્વય અને અપ્રદર્શિતવ્યતિરેક એવાં નવાં બે અન્વર્થ સ્પષ્ટ નામો રાખી કર્યું[3] અને ન્યાયપ્રવેશ આદિના અનન્વય અને અવ્યતિરેક શબ્દોને જાળવી પણ રાખ્યા તથા તે નામો દ્વારા નવાં ઉદાહરણો[4] દર્શાવ્યાં જે તે નામો સાથે મેળ ખાઈ શકે અને જે ન્યાયપ્રવેશ આદિમાં હતાં પણ નહિ. આચાર્ય હેમચન્દ્રે ધર્મકીર્તિની જ સંશોધિત દૃષ્ટિનો ઉપયોગ કરીને પૂર્વવર્તી દિઙ્નાગ, પ્રશસ્તપાદ અને

---

૧. "परार्थानुमानप्रस्तावादुदाहरणदोषा एवैते दृष्टान्तप्रभवत्वात्तु दृष्टान्तदोषा इत्युच्यन्ते।" — પ્ર. મી. ૨.૧.૨૨

૨. अनन्वयो यत्र विनान्वयेन साध्यसाधनयोः सहभावः प्रदर्श्यते। यथा घटे कृतकत्वमनित्यत्वं च दृष्टमिति। अव्यतिरेको यत्र विना साध्यसाधननिवृत्त्या तद्विपक्षभावो निदर्श्यते। यथा घटे मूर्तत्वमनित्यत्वं च दृष्टमिति। **ન્યાયપ્રવેશ, પૃ. ૬-૭.** नित्यः शब्दोऽमूर्तत्वात् ...... अम्बरवदिति......अननुगत......घटवत्....अव्यावृत्त ......। **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૪૭.**

૩. अप्रदर्शितान्वयः .... अनित्यः शब्दः कृतकत्वात् घटवत् इति। अप्रदर्शितव्यतिरेको यथा अनित्यः शब्दः कृतकत्वादाकाशवदिति। **ન્યાયબિન્દુ, ૩.૧૨૭, ૧૩૫.**

૪. अनन्वयो......यथा यो वक्ता स रागादिमान् इष्टपुरुषवत्। अव्यतिरेको यथा अवीतरागो वक्तृत्वात्, वैधर्म्योदाहरणम्, यत्रावीतरागत्वं नास्ति न स वक्ता यथोपलखण्ड इति। **ન્યાયબિન્દુ, ૩.૧૨૭, ૧૩૪.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મકીર્તિ સુધીનાઓની સામે કહ્યું કે અપ્રદર્શિતાન્વય યા અપ્રદર્શિતવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ ત્યારે જ કહી શકાય જ્યારે તેમાં પ્રમાણ અર્થાત્ દૃષ્ટાન્ત જ ન રહે, વીપ્સા આદિ પદોનો અપ્રયોગ આ દોષોનો નિયામક જ નથી કેવળ દૃષ્ટાન્તનું અપ્રદર્શન જ આ દોષોનું નિયામક છે. પૂર્વવર્તી બધા આચાર્યો આ બે દૃષ્ટાન્તાભાસોનાં ઉદાહરણોમાં ઓછામાં ઓછો अम्बरवत् घटवत् જેટલો પ્રયોગ અનિવાર્યપણે માનતા હતા. આચાર્ય હેમચન્દ્ર અનુસાર આવા દૃષ્ટાન્તબોધક 'वत्' પ્રત્યયાન્ત કોઈ શબ્દપ્રયોગની જરૂરત જ નથી – આ પોતાના ભાવને તેમણે પ્રમાણમીમાંસા ૨.૧.૨૭ સૂત્રની વૃત્તિમાં નિમ્નલિખિત શબ્દો દ્વારા સ્પષ્ટ કર્યો છે : 'एतौ च प्रमाणस्य अनुपदर्शनाद् भवतो न तु वीप्सासर्वावधारणपदानामप्रयोगात्, सत्स्वपि तेषु असति प्रमाणे तयोरसिद्धेरिति ।

(૩) આચાર્ય હેમચન્દ્રની ત્રીજી વિશેષતા અનેક દૃષ્ટિએ બહુ જ મહત્ત્વની અને નોંધપાત્ર છે. તે સાંપ્રદાયિકતાના સમયમાં જ્યારે ધર્મકીર્તિએ વૈદિક અને જૈન સંપ્રદાય પર પ્રબળ પ્રહાર કર્યો અને જ્યારે પોતાના જ પૂજ્ય વાદી દેવસૂરિ સુધીના જૈન તાર્કિકોએ 'શઠં પ્રતિ શાઠ્યં કુર્યાત્' નીતિનો આશ્રય લઈને ધર્મકીર્તિનો બદલો લીધો ત્યારે આચાર્ય હેમચન્દ્રે આ સ્થળે બુદ્ધિપૂર્વક ઉદારતા દેખાડીને સાંપ્રદાયિકતાના વિષને ઓછું કરવાની ચેષ્ટા કરી. એવું જણાય છે કે પોતાના વ્યાકરણની જેમ[1] પોતાના પ્રમાણગ્રંથને પણ સર્વપાર્ષદ અર્થાત્ સર્વસાધારણ બનાવવાની આચાર્ય હેમચન્દ્રની ઉદાર ઇચ્છાનું જ આ પરિણામ છે. ધર્મકીર્તિએ ઋષભ, વર્ધમાન આદિ ઉપર કરેલા કટાક્ષો અને વાદિદેવે સુગત ઉપર કરેલા પ્રતિકટાક્ષોનું તર્કશાસ્ત્રમાં કેટલું અનૌચિત્ય છે, તેનાથી કેટલો રુચિભંગ થાય છે, એ બધું વિચારીને આચાર્ય હેમચન્દ્રે એવાં ઉદાહરણો[2] રચ્યાં જેમનાથી બધાની મતલબ સિદ્ધ થાય પરંતુ કોઈને પણ આઘાત ન થાય.

અહીં એક વાત બીજી પણ ધ્યાન દેવા યોગ્ય છે જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની છે. ધર્મકીર્તિએ પોતાનાં ઉદાહરણોમાં કપિલ આદિમાં અસર્વજ્ઞત્વ અને અનાપ્તત્વ સાધક જે અનુમાનપ્રયોગો રજૂ કર્યા છે તેમનું સ્વરૂપ તથા તદન્તર્ગત હેતુઓનું સ્વરૂપ વિચારતાં જણાય છે કે સિદ્ધસેનના સન્મતિ જેવા અને સમન્તભદ્રની આપ્તમીમાંસા

---

૧. सर्वपार्षदत्वाच्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मकस्याद्वादसमाश्रयणमतिरमणीयम् । — હૈમશબ્દાનુશાસન, ૧.૧.૨.

૨. પ્રમાણમીમાંસા, ૨.૧.૨૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા કોઈ બીજા ગ્રન્થો ધર્મકીર્તિની સમક્ષ અવશ્ય રહ્યા છે જેમનામાં જૈન તાર્કિકોએ અન્ય સાંખ્ય આદિ દર્શનમાન્ય કપિલ આદિની સર્વજ્ઞતાનું અને આપ્તતાનું નિરાકરણ કર્યું હશે.

પૃ. ૨૪૮ '**ननु अनन्वय**' — તુલના — **ન્યાયબિન્દુ, ૩.૧૨૭, ૧૩૪.**

અ.૨ આ.૧ સૂત્ર ૨૮-૨૯ પૃ. ૨૪૯-૨૬૦ પરાર્થાનુમાનનો એક પ્રકાર કથા[1] પણ છે, જે પક્ષ-પ્રતિપક્ષભાવ વિના કદી શરૂ થતી નથી. આ કથા સાથે સંબંધ ધરાવતા અનેક પદાર્થોનું નિરુપણ કરતું સાહિત્ય વિશાળ પરિમાણમાં આ દેશમાં નિર્માણ પામ્યું છે. આ સાહિત્ય મુખ્યપણે બે પરંપરાઓમાં વિભાજિત છે — બ્રાહ્મણ અર્થાત્ વૈદિક પરંપરા અને શ્રમણ અર્થાત્ વૈદિકેતર પરંપરા. વૈદિક પરંપરામાં ન્યાય તથા વૈદ્યક સંપ્રદાયનો સમાવેશ છે. શ્રમણ પરંપરામાં બૌદ્ધ અને જૈન સંપ્રદાયનો સમાવેશ છે. વૈદિક પરંપરામાં કથા સંબંધી આજે ઉપલબ્ધ સાહિત્યમાં અક્ષપાદનાં ન્યાયસૂત્ર તથા ચરકનું એક પ્રકરણ વિમાનસ્થાન મુખ્ય અને પ્રાચીન છે. ન્યાયભાષ્ય, ન્યાયવાર્તિક, તાત્પર્યટીકા, ન્યાયમંજરી આદિ તેમના ટીકા ગ્રન્થો તથા ન્યાયકલિકા પણ તેટલા જ મહત્ત્વના છે.

બૌદ્ધ સંપ્રદાયના પ્રસ્તુત વિષયનું નિરૂપણ કરતા સાહિત્યમાં ઉપાયહૃદય, તર્કશાસ્ત્ર, પ્રમાણસમુચ્ચય, ન્યાયમુખ, ન્યાયબિન્દુ, વાદન્યાય, ઇત્યાદિ ગ્રન્થો મુખ્ય અને પ્રતિષ્ઠિત છે.

જૈન સંપ્રદાયના, પ્રસ્તુત વિષયના સાહિત્યમાં ન્યાયાવતાર, સિદ્ધિવિનિશ્ચયટીકા, ન્યાયવિનિશ્ચય, તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પ્રમેયકમલમાર્તંડ, પ્રમાણનયતત્ત્વાલોક વગેરે ગ્રન્થો વિશેષ મહત્ત્વ ધરાવે છે. ઉક્ત બધી પરંપરાઓના ઉપર નિર્દિષ્ટ સાહિત્યના આધારે અહીં કથા સંબંધી કેટલાક પદાર્થોના વિષયમાં કેટલાક મુદ્દાઓ ઉપર લખવામાં આવે છે જે મુદ્દાઓમાંથી સૌ પ્રથમ દૂષણ અને દૂષણાભાસને લઈને વિચાર કરવામાં આવે છે. દૂષણ અને દૂષણાભાસ અંગેના નીચે જણાવેલા મુદ્દાઓ ઉપર અહીં વિચાર પ્રસ્તુત છે — (૧) ઇતિહાસ, (૨) પર્યાય અર્થાત્ સમાનાર્થક શબ્દ, (૩) નિરુપણપ્રયોજન, (૪) પ્રયોગની અનુમતિ યા વિરોધ, અને (૫) ભેદ-પ્રભેદ.

(૧) દૂષણ અને દૂષણાભાસના શાસ્ત્રીય નિરૂપણ તથા કથાનો ઇતિહાસ કેટલો પુરાણો છે એ નિશ્ચયપૂર્વક કહેવું શક્ય નથી, તેમ છતાં એમાં કોઈ સન્દેહ નથી

૧. પુરાતત્ત્વ, પુ. ૩ અંક ૩માં મારો લેખ 'કથાપદ્ધતિનું સ્વરૂપ અને તેના સાહિત્યનું દિગ્દર્શન' જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે વ્યવહારમાં અને શાસ્ત્રમાં કથાનું સ્વરૂપ નિશ્ચિત થઈ ગયા પછી બહુ જ જલદી દૂષણ અને દૂષણાભાસનું સ્વરૂપ અને વર્ગીકરણ શાસ્ત્રબદ્ધ થયું હશે. દૂષણ અને દૂષણાભાસના નિરૂપણનો પ્રાથમિક યશ બ્રાહ્મણ પરંપરાને જાય છે. બૌદ્ધ પરંપરામાં તેનું નિરુપણ બ્રાહ્મણ પરંપરા દ્વારા દાખલ થયું છે. જૈન પરંપરામાં તે નિરૂપણનો પ્રથમ પ્રવેશ સાક્ષાત્ તો બૌદ્ધ સાહિત્ય દ્વારા જ થયો જણાય છે. પરમ્પરયા ન્યાય સાહિત્યનો પણ તેના ઉપર પ્રભાવ અવશ્ય પડ્યો છે. પરંતુ વૈદ્યક સાહિત્યનો જૈન નિરૂપણ ઉપર કંઈ પણ પ્રભાવ પડ્યો નથી જેવો કે આ વિષયના બૌદ્ધ સાહિત્ય ઉપર થોડો પ્રભાવ પડ્યો જણાય છે. પ્રસ્તુત વિષયના સાહિત્યનું નિર્માણ બ્રાહ્મણ પરંપરામાં ઈ.સ. પૂર્વ બે કે ચાર શતાબ્દીઓમાં ક્યારેક શરૂ થયું જણાય છે જ્યારે બૌદ્ધ પરંપરામાં ઈસ્વી સનની પછી જ શરૂ થયું છે અને જૈન પરંપરામાં તો એનાથીય પછી શરૂ થયું છે. બૌદ્ધ પરંપરાનો આ પ્રારંભ ઈસ્વી સનની ત્રીજી શતાબ્દીથી પુરાણો ભાગ્યે જ હોય અને જૈન પરંપરાનો આ પ્રારંભ ઈસ્વી સનની પાંચમી-છઠ્ઠી શતાબ્દીથી પુરાણો ભાગ્યે જ હોય.

(૨) ઉપાલમ્ભ, પ્રતિષેધ, દૂષણ, ખંડન, ઉત્તર વગેરે પર્યાય શબ્દો છે. તેમાંથી ઉપાલંભ, પ્રતિષેધ આદિ શબ્દ ન્યાયસૂત્રમાં (૧.૨.૧) પ્રયુક્ત છે, જ્યારે દૂષણ આદિ શબ્દ તેના ભાષ્યમાં આવે છે. પ્રસ્તુત વિષયના બૌદ્ધ સાહિત્યમાંથી તર્કશાસ્ત્રમાં, જે પ્રો. ટુચી દ્વારા પ્રતિસંસ્કૃત કરાયું છે તેમાં, ખંડન શબ્દનો વારંવાર પ્રયોગ થયો છે જ્યારે દિઙ્નાગ, શંકરસ્વામી, ધર્મકીર્તિ વગેરેએ દૂષણ શબ્દનો જ પ્રયોગ કર્યો છે (**ન્યાયમુખ, કારિકા ૧૯; ન્યાયપ્રવેશ, પૃ. ૮; ન્યાયબિન્દુ** , ૩.૧૩૮). જૈન સાહિત્યમાં ભિન્ન ભિન્ન ગ્રંથોમાં ઉપાલંભ, દૂષણ આદિ બધા પર્યાય શબ્દો પ્રયુક્ત થયા છે. જાતિ, અસદુત્તર, અસમ્યક્ ખંડન, દૂષણાભાસ આદિ શબ્દો પર્યાયભૂત છે જેમાંથી જાતિ શબ્દ ન્યાય પરંપરાના સાહિત્યમાં પ્રધાનપણે પ્રયુક્ત થયેલો દેખાય છે. બૌદ્ધ સાહિત્યમાં અસમ્યક્ ખંડન તથા જાતિ શબ્દોનો પ્રયોગ કેટલાક પ્રાચીન ગ્રન્થોમાં છે, પરંતુ દિઙ્નાગથી શરૂ કરીને બધા બૌદ્ધ તાર્કિકોના તર્કગ્રન્થોમાં દૂષણાભાસ શબ્દના પ્રયોગનું પ્રાધાન્ય થઈ ગયું છે. જૈન તર્કગ્રન્થોમાં મિથ્યોત્તર, જાતિ અને દૂષણાભાસ આદિ શબ્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

(૩) ઉદ્દેશ, વિભાગ અને લક્ષણ આદિ દ્વારા દોષો તથા દોષાભાસોના નિરૂપણનું પ્રયોજન બધી પરંપરાઓએ એક જ માન્યું છે અને તે એ કે તેમનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું જેથી વાદી પોતે પોતાના સ્થાપનાવાક્યમાં તે દોષોથી બચી જાય અને પ્રતિવાદી દ્વારા ઉદ્ભાવિત દોષાભાસનું દોષાભાસત્વ પ્રગટ કરી પોતાના વાક્યપ્રયોગને નિર્દોષ

જૈન સાહિત્ય JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાબિત કરી શકે. આ મુખ્ય પ્રયોજનથી પ્રેરિત થઈને કોઈએ પોતાના ગ્રંથમાં સંક્ષેપમાં તો કોઈએ વિસ્તારથી, કોઈએ અમુક એક પ્રકારનું વર્ગીકરણ કરીને તો કોઈએ બીજા પ્રકારનું વર્ગીકરણ કરીને, તેમનું નિરૂપણ કર્યું છે.

(૪) ઉક્ત પ્રયોજન અંગે બધાની એકમતી હોવા છતાં પણ એક વિશિષ્ટ પ્રયોજનના વિષયમાં મતભેદ અવશ્ય છે જે ખાસ જાણવો જોઈએ. તે વિશિષ્ટ પ્રયોજન છે — જાતિ, છલ આદિ રૂપે અસત્ય ઉત્તરનો પણ પ્રયોગ કરવો. ન્યાય (**ન્યાયસૂત્ર, ૪.૨.૫૦**) હો યા વૈદ્યક (**ચરક, વિમાનસ્થાન, પૃ. ૨૬૪**) બન્ને બ્રાહ્મણ પરંપરાઓ અસત્ય ઉત્તરના પ્રયોગનું પણ સમર્થન પહેલેથી આજ સુધી કરતી આવી છે. બૌદ્ધ પરંપરાના પણ પ્રાચીન ઉપાયહૃદય આદિ કેટલાક ગ્રન્થો જાત્યુત્તરના પ્રયોગનું સમર્થન બ્રાહ્મણ પરંપરાના ગ્રંથોની જેમ જ સ્પષ્ટપણે કરે છે, જ્યારે તે જ પરંપરાના ઉત્તરકાલીન ગ્રંથોમાં જાત્યુત્તરોનું વર્ણન હોવા છતાં પણ તેમના પ્રયોગનો સ્પષ્ટ અને સબળ નિષેધ છે (**વાદન્યાય, પૃ. ૭૦**). જૈન પરંપરાના ગ્રંથોમાં તો પહેલેથી જ મિથ્યા ઉત્તરોના પ્રયોગનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે (**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૭૯**). તેમના પ્રયોગનું સમર્થન ક્યારેય કરવામાં નથી આવ્યું. છલ-જાતિયુક્ત કથા કર્તવ્ય છે કે નહિ આ પ્રશ્ન ઉપર જ્યારે જ્યારે જૈન તાર્કિકોએ જૈનેતર તાર્કિકો સાથે ચર્ચા કરી છે ત્યારે ત્યારે તેમણે પોતાનો એક માત્ર અભિપ્રાય એ જ પ્રગટ કર્યો છે કે એવી કથા કર્તવ્ય નથી, ત્યાજ્ય[1] છે. બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન બધાં ભારતીય દર્શનોનું અન્તિમ અને મુખ્ય પ્રયોજન મોક્ષ દર્શાવાયું છે અને મોક્ષની સિદ્ધિ અસત્ય અને મિથ્યાજ્ઞાનથી શક્ય જ નથી જે જાત્યુત્તરોમાં અવશ્ય ગર્ભિત છે. તેથી કેવળ જૈન દર્શન અનુસાર જ કેમ, બ્રાહ્મણ અને બૌદ્ધ દર્શન અનુસાર પણ જાત્યુત્તરોનો પ્રયોગ અસંગત છે. આવું હોવા છતાં પણ બ્રાહ્મણ અને બૌદ્ધ તાર્કિક તેમના પ્રયોગનું સમર્થન કરે છે અને જૈન તાર્કિકો સમર્થન કરતા નથી. આ અન્તરનું બીજ શું છે ? — આ પ્રશ્ન અવશ્ય પેદા થાય છે. આનો જવાબ જૈન અને જૈનેતર દર્શનોના અધિકારીઓની પ્રકૃતિમાં છે. જૈન દર્શન મુખ્યપણે ત્યાગિપ્રધાન હોવાથી તેના અધિકારીઓમાં મુમુક્ષુ જ મુખ્ય છે, ગૃહસ્થ નથી, જ્યારે બ્રાહ્મણ પરંપરા ચાતુરાશ્રમિક હોવાથી તેના અધિકારીઓમાં ગૃહસ્થોનો, ખાસ કરીને વિદ્વાન બ્રાહ્મણ ગૃહસ્થાનો, તે જ દરજ્જો છે જે દરજ્જો ત્યાગીઓનો હોય છે. ગાર્હસ્થ્યની પ્રધાનતા હોવાના કારણે બ્રાહ્મણ વિદ્વાનોએ વ્યાવહારિક જીવનમાં સત્ય, અહિંસા આદિ નિયમો ઉપર એટલો ભાર ન આપ્યો જેટલો જૈન ત્યાગીઓએ આપ્યો. ગાર્હસ્થ્યની સાથે અર્થલાભ, જયતૃષ્ણા

---

૧. જુઓ સિદ્ધસેનકૃત **વાદદ્વાત્રિંશિકા. વાદાષ્ટક. ન્યાયવિનિશ્ચય ૨.૨૧૪.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિનો, ત્યાગજીવનની અપેક્ષાએ અધિક સંબંધ છે. આ કારણોને લીધે બ્રાહ્મણ પંરપરામાં મોક્ષનું પ્રયોજન હોવા છતાં પણ છલ, જાતિ આદિના પ્રયોગનું સમર્થન હોવું સહજ હતું, જ્યારે જૈન પરંપરા માટે તેમ કરવું સહજ ન હતું. શું કરવું એ એક વાર પ્રકૃતિ અનુસાર નક્કી થઈ જાય છે એટલે પછી વિદ્વાનો તે કર્તવ્યનું સયુક્તિક સમર્થન પણ કરી લે છે. કુશાગ્રીયબુદ્ધિ બ્રાહ્મણ તાર્કિકોએ એ જ કર્યું. તેમણે કહ્યું કે તત્ત્વનિર્ણયની રક્ષા કાજે કોઈ કોઈ વાર છલ, જાતિ આદિનો પ્રયોગ પણ ઉપકારક હોવાથી ઉપાદેય છે, જેમ કે અંકુરરક્ષા ખાતર સકંટક વાડનો ઉપયોગ. આ દૃષ્ટિએ તેમણે છલ, જાતિ આદિના પ્રયોગની પણ મોક્ષ સાથે સંગતિ દર્શાવી. તેમણે પોતાના સમર્થનમાં એક વાત સ્પષ્ટ કહી દીધી કે છલ, જાતિ આદિનો પ્રયોગ પણ તત્ત્વજ્ઞાનની રક્ષા સિવાય લાભ, ખ્યાતિ આદિ અન્ય કોઈક ભૌતિક પ્રયોજનથી કર્તવ્ય નથી. આમ અવસ્થાવિશેષમાં છલ, જાતિ આદિના પ્રયોગનું સમર્થન કરીને તેની મોક્ષ સાથે જે સંગતિ બ્રાહ્મણ તાર્કિકોએ દેખાડી તેને જ બૌદ્ધ તાર્કિકોએ અક્ષરશઃ સ્વીકારીને પોતાના પક્ષમાં પણ લાગુ પાડી. ઉપાયહૃદયના લેખક બૌદ્ધ તાર્કિક છલ, જાતિ આદિના પ્રયોગની મોક્ષ સાથે કેવી અસંગતિ છે એ આશંકા કરીને તેનું સમાધાન અક્ષપાદના જ શબ્દોમાં[1] કર્યું છે કે આમ્રફલની રક્ષા માટે કંટકિલ વાડની જેમ સદ્ધર્મની રક્ષા માટે છલ આદિનો પ્રયોગ યોગ્ય છે. વાદ સંબંધી પદાર્થોના પ્રથમ ચિન્તન, વર્ગીકરણ અને સંકલનનું શ્રેય બ્રાહ્મણ પરંપરાને છે કે બૌદ્ધ પરંપરાને ? — આ પ્રશ્નનો સુનિશ્ચિત જવાબ છલ આદિના પ્રયોગના પેલા સમાન સમર્થનમાંથી મળી જાય છે. બૌદ્ધ પરંપરા મૂળથી જ જૈન પરંપરાની જેમ ત્યાગિભિક્ષુપ્રધાન રહી છે અને તેણે એકમાત્ર નિર્વાણ તથા તેના ઉપાયો ઉપર જ ભાર આપ્યો છે. તે પોતાની પ્રકૃતિ અનુસાર શરૂઆતમાં ક્યારેય છલ આદિના પ્રયોગને સંગત માની શકે નહિ, જેમ બ્રાહ્મણ પરંપરા માની શકે છે તેમ. તેથી જ એમાં કોઈ સંદેહ નથી રહેતો કે બુદ્ધના શાન્ત અને અક્લેશ ધર્મની પરંપરાના સ્થાપન અને પ્રચારમાં પડી ગયા પછી ભિક્ષુકોને જ્યારે બ્રાહ્મણ વિદ્વાનો સાથે સંઘર્ષમાં ઉતરવું પડ્યું ત્યારે તેમણે તેમની વાદપદ્ધતિનો વિશેષ અભ્યાસ, પ્રયોગ અને સમર્થન શરૂ કર્યાં અને જે જે બ્રાહ્મણ કુલાગત સંસ્કૃત તથા ન્યાયવિદ્યા શીખીને બૌદ્ધ પરંપરામાં દીક્ષિત થયા તે પણ પોતાની સાથે કુલધર્મની તે જ દલીલો લઈને આવ્યા જે ન્યાયપરંપરામાં હતી. તેમણે નવસ્વીકૃત બૌદ્ધ પરંપરામાં તે વાદપદાર્થોના અભ્યાસ અને પ્રયોગ આદિનો પ્રચાર કર્યો જે ન્યાય

---

૧. तत्त्वाध्यवसायसंरक्षणार्थं जल्पवितण्डे बीजप्ररोहसंरक्षणार्थं कण्टकशाखावरणवत् । ન્યાયસૂત્ર, ૪.૨.૫૦. यथाम्रफलपरिपुष्टिकामेन तत्(फल)परिरक्षणार्थं बहिर्बहुतीक्ष्णकण्टकनिकरविन्यासः क्रियते, वादारम्भोऽपि तथैवाधुना सद्धर्मरक्षणेच्छया न तु ख्यातिलाभाय । ઉપાયહૃદય, પૃ. ૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યા વૈદ્યક આદિ બ્રાહ્મણ પરંપરામાં પ્રસિદ્ધ રહ્યા હતા. આમ પ્રકૃતિમાં જૈન અને બૌદ્ધ પરંપરાઓ તુલ્ય હોવા છતાં પણ બ્રાહ્મણ વિદ્વાનો સાથેના પ્રથમ સંપર્ક અને સંઘર્ષની પ્રધાનતાના કારણે જ બૌદ્ધ પરંપરામાં બ્રાહ્મણ પરંપરાનુસારી છલ આદિનું સમર્થન પહેલાં કરવામાં આવ્યું. જો આ વિષયમાં બ્રાહ્મણ પરંપરા ઉપર બૌદ્ધ પરંપરાનો પ્રથમ પ્રભાવ હોત તો કોઈ ને કોઈ અતિ પ્રાચીન બ્રાહ્મણ ગ્રન્થમાં તથા બૌદ્ધ ગ્રન્થમાં બૌદ્ધ પ્રકૃતિ અનુસાર છલ આદિના વર્જનનો જ ઐકાન્તિક ઉપદેશ હોત. જો કે બૌદ્ધ તાર્કિકોએ શરૂઆતમાં છલ આદિના સમર્થનને બ્રાહ્મણ પરંપરામાંથી અપનાવ્યું પરંતુ પછીથી તેમને એ સમર્થનની પોતાના ધર્મની પ્રકૃતિ સાથે વિશેષ અસંગતિનું ભાન થઈ ગયું, પરિણામે તેમણે તેમના પ્રયોગનો સ્પષ્ટ અને સયુક્તિક નિષેધ જ કર્યો. પરંતુ આ વિષયમાં જૈન પરંપરાની સ્થિતિ નિરાળી જ રહી. એક તો તે બૌદ્ધ પરંપરાની અપેક્ષાએ ત્યાગ અને ઉદાસીનતામાં વિશેષ પ્રસિદ્ધ રહી, બીજું તેના નિર્ગ્રન્થ ભિક્ષુઓ શરૂઆતમાં બ્રાહ્મણ તાર્કિકોના સંપર્ક અને સંઘર્ષમાં એટલા ન આવ્યા જેટલા બૌદ્ધ ભિક્ષુઓ આવ્યા, ત્રીજું તે પરંપરામાં સંસ્કૃત ભાષા તથા તદાશ્રિત વિદ્યાઓનો પ્રવેશ બહુ જ ધીમેથી અને પાછળથી થયો. જ્યારે આ થયું ત્યારે પણ જૈન પરંપરાની ઉત્કટ ત્યાગની પ્રકૃતિએ તેના વિદ્વાનોને છલ આદિના પ્રયોગનું સમર્થન કરવામાંથી બિલકુલ જ રોક્યા. આ જ કારણ છે કે સૌથી પ્રાચીન અને પ્રાથમિક જૈન તર્કગ્રન્થોમાં છલ આદિના પ્રયોગનો સ્પષ્ટ નિષેધ અને પરિહાસ[1] માત્ર છે. આવું હોવા છતાં પણ આગળ ઉપર જૈન પરંપરાને જ્યારે બીજી પરંપરાઓનો વારંવાર વાદમાં સામનો કરવો પડ્યો ત્યારે તેને અનુભવ થયો કે છલ આદિના પ્રયોગનો ઐકાન્તિક નિષેધ વ્યવહાર્ય નથી. આ અનુભવના કારણે કેટલાક જૈન તાર્કિકોએ છલ આદિના પ્રયોગનું આપવાદિક રૂપે અવસ્થાવિશેષમાં સમર્થન પણ કર્યું.[2] આમ અન્તે બૌદ્ધ અને જૈન બન્ને પરંપરાઓ એક યા બીજા રૂપે સમાન ભૂમિકા ઉપર આવી ગઈ. બૌદ્ધ વિદ્વાનોએ પહેલાં છલ આદિના પ્રયોગનું સમર્થન કરીને પછી તેનો નિષેધ કર્યો, જ્યારે જૈન વિદ્વાનોએ પહેલા આત્યન્તિક વિરોધ કરીને છેવટે અંશતઃ તેની સાથે સહમત થયા. એ ધ્યાનમાં રહે કે છલ આદિના આપવાદિક પ્રયોગનું સમર્થન શ્વેતામ્બર તાર્કિકોએ જ કર્યું છે પરંતુ એવું સમર્થન દિગમ્બર તાર્કિકોએ કર્યું હોય એવું જોવામાં નથી આવ્યું. આ ભેદનાં બે કારણો જણાય છે. એક તો એ કે દિગમ્બર

---

૧. જુઓ સિદ્ધસેનકૃત **વાદદ્વાત્રિંશિકા.**

૨. अयमेव विधेयस्तत् तत्त्वज्ञेन तपस्विना ।
देशाद्यपेक्षयाऽन्योऽपि विज्ञाय गुरुलाघवम् ॥ યશોવિજયકૃત **વાદદ્વાત્રિંશિકા,** શ્લોક ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંપરામાં ઔત્સર્ગિક ત્યાગ અંશનું જ મુખ્ય વિધાન છે અને બીજું એ કે અગીઆરમી શતાબ્દી પછી પણ જેવું શ્વેતામ્બર પરંપરામાં વિવિધ પ્રકૃતિગામી સાહિત્યનું સર્જન થયું તેવું સાહિત્યનું સર્જન દિગમ્બર પરંપરામાં ન થયું. બ્રાહ્મણ પરંપરાના છલ આદિના પ્રયોગનું સમર્થન અને નિષેધ પહેલેથી જ અધિકારીવિશેષાનુસાર વૈકલ્પિક હોવાથી તેને પોતાની દૃષ્ટિ બદલવાની જરૂરત ન પડી.

(૫) પક્ષ, હેતુ, દૃષ્ટાન્ત વગેરે અનુમાનપ્રયોગના અવયવો છે. તેમાં આવનાર વાસ્તવિક દોષોનું ઉદ્ઘાટન કરવું દૂષણ છે અને તે અવયવો નિર્દોષ હોવા છતાં પણ તેમના ઉપર અસત્ દોષોનું આરોપણ કરવું દૂષણાભાસ છે. બ્રાહ્મણ પરંપરાના મૌલિક ગ્રંથોમાં દોષોનું, ખાસ કરીને હેતુદોષોનું જ, વર્ણન છે. પક્ષ, દૃષ્ટાન્ત આદિના દોષોનું સ્પષ્ટ એવું વર્ણન નથી જેવું બૌદ્ધ પરંપરાના ગ્રંથોમાં દિઙ્નાગથી શરૂ કરીને વર્ણન છે. દૂષણાભાસના છલ, જાતિ રૂપ ભેદોનું તથા તેમના પ્રભેદોનું જેટલું વિસ્તૃત અને સ્પષ્ટ વર્ણન પ્રાચીન બ્રાહ્મણ ગ્રન્થોમાં છે તેટલું વિસ્તૃત અને સ્પષ્ટ વર્ણન પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાં નથી અને ઉત્તરકાલીન બૌદ્ધ ગ્રંથોમાં તો તે નામશેષ માત્ર થઈ ગયું છે. જૈન તર્કગ્રંથોમાં જે દૂષણના ભેદ-પ્રભેદોનું વર્ણન છે તે મૂલતઃ બૌદ્ધ ગ્રન્થાનુસારી જ છે અને જે દૂષણાભાસનું વર્ણન છે તે પણ બૌદ્ધ પરંપરા સાથે સાક્ષાત્ સંબંધ ધરાવે છે.[1] તેમાં જે બ્રાહ્મણ પરંપરાનુસારી વર્ણન ખંડનીયરૂપે આવ્યું છે તે ખાસ કરીને ન્યાયસૂત્ર અને તેની ટીકાઓ અને ઉપટીકાઓના ગ્રંથોમાંથી આવ્યું છે. એ અચરજની વાત છે કે બ્રાહ્મણ પરંપરાના વૈદ્યક ગ્રન્થોમાં આવતા દૂષણાભાસનો નિર્દેશ જૈન ગ્રન્થોમાં ખંડનીયરૂપે પણ ક્યાંય દેખાતો નથી.

આચાર્ય હેમચન્દ્રે બે સૂત્રોમાં ક્રમથી જે દૂષણ અને દૂષણાભાસનું લક્ષણ રચ્યું છે તેનું અન્ય ગ્રન્થોની અપેક્ષાએ ન્યાયપ્રવેશની (પૃ. ૮) શબ્દરચના સાથે અધિક સાદૃશ્ય છે. પરંતુ તેમણે સૂત્રની વ્યાખ્યામાં જાત્યુત્તર શબ્દનું જે અર્થપ્રદર્શન કર્યું છે તે ન્યાયબિન્દુની (૩.૧૪૦) ધર્મોત્તરીય વ્યાખ્યા સાથે શબ્દશઃ મળતું આવે છે. હેમચન્દ્રે દૂષણાભાસ તરીકે ચોવીસ જાતિઓનું તથા ત્રણ છલનું જે વર્ણન કયું છે તે અક્ષરશઃ જયન્તની ન્યાયકલિકા(પૃ. ૧૬-૨૧)નું અવતરણમાત્ર છે.

આચાર્ય હેમચન્દ્રે છલને પણ જાતિની જેમ અસદુત્તર હોવાના કારણે જાત્યુત્તર જ માનેલ છે. જાતિ હો કે છલ બધાંનું પ્રતિસમાધાન સાચા ઉત્તરથી જ કરવાનું કહ્યું છે, પરંતુ પ્રત્યેક જાતિનો અલગ અલગ ઉત્તર જેવો અક્ષપાદે પોતે આપ્યો છે તેવો તેમણે નથી આપ્યો.

---

૧. સરખાવો — **ન્યાયમુખ, ન્યાયપ્રવેશ અને ન્યાયાવતાર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાક ગ્રન્થોના આધારે જાતિવિષયક એક કોષ્ઠક નીચે આપવામાં આવે છે—

| ન્યાયસૂત્ર | વાદવિધિ, પ્રમાણસમુચ્ચય ન્યાયમુખ, તર્કશાસ્ત્ર | ઉપાયહૃદય |
|---|---|---|
| સાધર્મ્યસમ | ,, | ,, |
| વૈધર્મ્યસમ | ,, | ,, |
| ઉત્કર્ષસમ | — | ,, |
| અપકર્ષસમ | — | ,, |
| વર્ણ્યસમ | — | — |
| અવર્ણ્યસમ | — | — |
| વિકલ્પસમ | ,, | — |
| સાધ્યસમ | — | — |
| પ્રાપ્તિસમ | ,, | ,, |
| અપ્રાપ્તિસમ | ,, | ,, |
| પ્રસંગસમ | ,, | — |
| પ્રતિદૃષ્ટાન્તસમ | ,, | ,, |
| અનુત્પત્તિસમ | ,, | ,, |
| સંશયસમ | ,, | ,, |
| પ્રકરણસમ | — | — |
| અહેતુસમ | ,, | કાલસમ |
| અર્થાપત્તિસમ | ,, | — |
| અવિશેષસમ | ,, | — |
| ઉપપત્તિસમ | — | — |
| ઉપલબ્ધિસમ | ,, | — |
| અનુપલબ્ધિસમ | — | — |
| નિત્યસમ | ,, | — |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| અનિત્યસમ | — | — |
| કાર્યસમ | કાર્યભેદ | ,, |
| | અનુક્તિ | |
| | સ્વાર્થવિરુદ્ધ | |
| | | ભેદાભેદ, પ્રશ્નબાહુલ્યોત્તરાલ્પતા, પ્રશ્નાલ્પતોત્તરબાહુલ્ય, હેતુસમ, વ્યાપ્તિ, અવ્યાપ્તિસમ, વિરુદ્ધ, અવિરુદ્ધ, અસંશય, શ્રુતિસમ, શ્રુતિભિન્ન. |

પૃ. ૨૪૯ **'साधनस्य'** — તુલના — ये पूर्वं न्यूनतादयोऽसिद्ध-विरुद्धानैकान्तिका उक्तास्तेषामुद्भावकं यद् वचनं तद् दूषणम् । **ન્યાયબિન્દુટીકા, ૩. ૧૩૯.**

પૃ. ૨૫૦ **'जातिशब्दः'** — તુલના — जातिशब्दः सादृश्यवचनः । उत्तरसदृशानि जात्युत्तराणीति । उत्तरस्थानप्रयुक्तत्वादुत्तरसदृशानि जात्युत्तराणि । **ન્યાયબિન્દુટીકા, ૩. ૧૪૦.**

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પૃ. ૨૫૦ **'तानि च'** — તુલના — सम्यग्घेतौ हेत्वाभासे वा प्रयुक्ते झटिति तद्दोषतत्त्वाप्रतिभासे तु प्रतिबिम्बनप्रायं .... । **ન્યાયકલિકા, પૃ. ૧૭-૨૧.**

પૃ. ૨૫૯ **'तदेवमुद्भावन'** — તુલના — तदेवमुद्भावनविषयविकल्प-भेदेन जातीनामानन्त्येऽपि असंकीर्णोदाहरणविवक्षया चतुर्विंशति-र्जातिभेदाः प्रदर्शिताः । प्रतिसमाधानं तु सर्वजातीनां .... । **ન્યાયકલિકા, પૃ. ૨૧.**

પૃ. ૨૬૦ **'तत्र परस्य'** — તુલના — तत्र परस्य वदतोऽर्थविकल्पोप-पादनेन वचनविघातः छलम् .... । **ન્યાયકલિકા, પૃ. ૧૬.**

छलं नाम परिशठमर्थाभासमपार्थकं वाग्वस्तुमात्रमेव । तद् द्विविधं वाक्छलं सामान्यच्छलं च । वाक्छलं नाम यथा कश्चिद् ब्रूयात् — नवतन्त्रोऽयं भिषग् इति । भिषग् ब्रूयात् — नाहं नवतन्त्रः, एकतन्त्रोऽ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

हमिति । परो ब्रूयात् — नाहं ब्रवीमि नव तन्त्राणि तवेति अपि तु नवाभ्यस्तं हि ते तन्त्रमिति । भिषग् ब्रूयात् — न मया नवाभ्यस्तं तन्त्रम्, अनेकधा अभ्यस्तं मया तन्त्रम् इति — एतद् वाक्छलम् । सामान्यछलं नाम यथा व्याधिप्रशमनायौषधमित्युक्ते परो ब्रूयात् — सत् सत् प्रशमनायेति भवानाह । सन् हि रोगः सदौषधम् । यदि च सत् सत् प्रशमनाय भवति सन् हि कासः सन् क्षयः । सत्सामान्यात् कासस्ते क्षयप्रशमनाय भविष्यति इति । **ચરકસંહિતા, પૃ. २६६**

नव इति चतुर्विधम् — नवः, नव, न वः, न व इति । यथा कश्चिदाह — यो मया परिहितः स नवकम्बलः । अत्र दूषणं वदेत् — यद् भवता परिहितं तदेकमेव वस्त्रं कथं नवेति । अत्र प्रतिवदेत् — मया नव इत्युक्तं तथा च नवः कम्बलः न तु नवेति । अत्र दूषयेत् — कथं नवः ? नवलोमनिर्मितत्वान्नव इत्युक्ते प्रतिवादी वदेत् — तत्त्वतोऽपरिमितानि लोमानि कथं नव लोमानि इत्युच्यते ।

अत्राह — नव इति मया पूर्वमुक्तं न तु नव संख्या । अत्र दूषणम् — तद्वस्त्रं युष्माकमेवेति ज्ञातं कस्मादेतन्न वः कथ्यते । अत्रोत्तरम् — मया नव इत्युक्तं किन्तु न व इति नोक्तम् । अत्र दूषणम् — भवतः कायं कम्बलो वस्त इति प्रत्यक्षमेतत् । कथमुच्यते न वः कम्बलः । अयं हेत्वाभास इत्युच्यते वाक्छलं च ।

अपरं च वाक्छलम् — यथा गिरिर्दह्यते इत्युक्ते दूषणम् — तत्त्वतः तृणतरवो दह्यन्ते कथं गिरिर्दह्यत इत्युक्तम् ? एतद् वाक्छलमित्युच्यते ।

अपि च छलं द्विविधम् — पूर्ववत् सामान्यं च । यथा संस्कृता धर्माः शून्याः शान्ता आकाशवदित्युक्ते दूषणम् — यद्येवं उभयोरपि शून्यत्वमभावश्च, तदा निःस्वभावा धर्मा आकाशतुल्या इति सामान्यच्छलम् ।

का तावदुत्पत्तिरिति ? अत्रोच्यते सत उत्पत्तिरिति । यथा मृदो

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

घटत्ववत्त्वाद् घटोत्पादकत्वम् । यदि मृदो घटत्ववत्त्वं तदा मृदेव घटः स्यात् । तदा तदुत्पत्तये कृतं कुम्भकारसूत्रचक्रसंयोगेन । यदि मृदः सद्भावेन घटोत्पादकत्वं तदोदकस्यापि सद्भावेन घटोत्पादकत्वं स्यात् । यद्युदकस्य सद्भावेन घटानुत्पादकत्वं कथं तर्हि मृदो घटोत्पादकत्वम् इति सामान्यच्छलम् । ઉપાયહૃદય, પૃ. ૧૪-૧૬.

પૃ. ૨૬૦ '**तदत्र छलत्रये**' — તુલના — तदत्र छलत्रयेऽपि वृद्धव्यवहारप्रसिद्धशब्दसामर्थ्यपरीक्षणमेव प्रतिसमाधानं वेदितव्यमिति । — **ન્યાયકલિકા, પૃ. ૧૬.**

પૃ. ૨૬૨ '**तत्त्वसंरक्षणार्थम्**' — પ્રશ્નોત્તરરૂપે અને ખંડન-મંડનરૂપે ચર્ચા બે પ્રકારની છે. ખંડન-મંડનરૂપ ચર્ચાના અર્થમાં સમ્ભાષા, કથા, વાદ આદિ શબ્દોનો પ્રયોગ દેખાય છે. સમ્ભાષા શબ્દ ચરક આદિ વૈદ્યકીય ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે, જ્યારે કથા શબ્દ ન્યાય પરંપરામાં પ્રસિદ્ધ છે. વૈદ્યક પરંપરામાં સમ્ભાષાના સન્ધાયસમ્ભાષા અને વિગૃહ્યસમ્ભાષા એવા બે ભેદ કરવામાં આવ્યા છે (**ચરકસંહિતા, પૃ. ૨૬૩**) જ્યારે ન્યાય પરંપરામાં કથાના વાદ, જલ્પ, વિતંડા એ ત્રણ ભેદ કરવામાં આવ્યા છે (**ન્યાયવાર્તિક, પૃ. ૧૪૯**). વૈદ્યક પરંપરાની સન્ધાયસમ્ભાષા જ ન્યાય પરંપરાની વાદકથા છે કેમ કે વૈદ્યક પરંપરામાં સન્ધાયભાષાના જે અને જેવા અધિકારીઓ દર્શાવવામાં આવ્યા છે (**ચરકસંહિતા, પૃ. ૨૬૩**) તે અને તેવા જ અધિકારીઓ વાદકથાના ન્યાય પરંપરામાં (**ન્યાયસૂત્ર, ૪.૨.૪૮**) મનાયા છે. સન્ધાયસમ્ભાષા અને વાદકથાનું પ્રયોજન પણ બન્ને પરંપરાઓમાં એક જ - તત્ત્વનિર્ણય - છે. વૈદ્યક પરંપરા જે ચર્ચાને વિગૃહ્યસમ્ભાષા કહે છે તેને ન્યાય પરંપરા જલ્પ અને વિતંડા કથા કહે છે. ચરકે વિગૃહ્યસમ્ભાષા એવું સામાન્ય નામ રાખીને પછી તેના જલ્પ અને વિતંડા એ બે ભેદ દર્શાવ્યા છે (પૃ. ૨૬૫). ન્યાય પરંપરામાં આ બે ભેદો માટે 'વિગૃહ્યસમ્ભાષા' શબ્દ પ્રસિદ્ધ નથી પરંતુ તેમાં ઉક્ત બન્ને ભેદો 'વિજિગીષુકથા' શબ્દથી વ્યવહૃત થાય છે (**ન્યાયવાર્તિક, પૃ. ૧૪૯**). તેથી વૈદ્યક પરંપરાનો 'વિગૃહ્યસમ્ભાષા' અને ન્યાય પરંપરાનો 'વિજિગીષુકથા' આ બન્ને શબ્દો બિલકુલ સમાનાર્થક છે. ન્યાય પરંપરામાં જો કે વિગૃહ્યસમ્ભાષા શબ્દનો ખાસ વ્યવહાર નથી તેમ છતાં તેના પ્રતિબિંબરૂપ શબ્દ 'વિગૃહ્યકથન'નો મૂળ ન્યાયસૂત્રમાં (૪.૨.૫૧) જ પ્રયોગ થયો છે. આ શાબ્દિક અને આર્થિક સંક્ષિપ્ત તુલનાથી એ વાતમાં કોઈ સન્દેહ રહેતો નથી કે મૂળમાં ન્યાય અને વૈદ્યક બન્ને પરંપરાઓ એક જ વિચારના બે ભિન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવાહ માત્ર છે. બૌદ્ધ પરંપરામાં ખાસ કરીને કથાના અર્થમાં વાદ શબ્દના પ્રયોગની પ્રધાનતા રહી છે. કથાના વાદ, જલ્પ આદિ અવાન્તર ભેદો માટે તે પરંપરામાં પ્રાયઃ સદ્-ધર્મવાદ, વિવાદ આદિ શબ્દો વપરાયા છે. જૈન પરંપરામાં કથાના અર્થમાં ક્વચિત્[1] જલ્પ શબ્દનો પ્રયોગ થયો છે. પરંતુ સામાન્યપણે સર્વત્ર તે અર્થમાં વાદ શબ્દનો જ પ્રયોગ દેખાય છે. જૈન પરંપરા કથાના જલ્પ અને વિતંડા એ બે પ્રકારોને પ્રયોગયોગ્ય માનતી નથી, એટલે જ જૈન મતમાં વાદ શબ્દનો તે જ અર્થ છે જે અર્થ વૈદ્યક પરંપરામાં સન્ધાયસમ્ભાષા શબ્દનો છે અને ન્યાય પરંપરામાં વાદકથાનો છે. બૌદ્ધ તાર્કિકોએ પણ પછીથી જલ્પ અને વિતંડા કથાને ત્યાજ્ય દર્શાવીને કેવળ વાદકથાને જ કર્તવ્ય કહી છે.તેથી જ પાછળની બૌદ્ધ માન્યતા અને જૈન પરંપરાની વચ્ચે વાદ શબ્દના અર્થમાં કોઈ અંતર રહેતું નથી.

વૈદ્યકીય સન્ધાયસમ્ભાષાના અધિકારીને દર્શાવતાં ચરકે એક મહત્ત્વનું વિશેષણ અનસૂયક આપ્યું છે જેનો અર્થ છે કે તે અધિકારી અસૂયાદોષથી મુક્ત હોવો જોઈએ. અક્ષપાદે પણ વાદકથાના અધિકારીઓના વર્ણનમાં 'અનસૂયિ' વિશેષણ આપ્યું છે. તેથી સિદ્ધ થાય છે કે ચરક અને અક્ષપાદ બન્નેના મતે વાદકથાના અધિકારીઓમાં કોઈ અન્તર નથી. આ જ ભાવને ઉત્તરકાલીન નૈયાયિકોએ વાદનું લક્ષણ કરતાં એક જ શબ્દમાં વ્યક્ત કરી દીધો છે — તત્ત્વબુભુત્સુકથા વાદ છે — કેશવ મિશ્રકૃત તર્કભાષા, પૃ. ૧૨૯. ચરકના કથન અનુસાર વિગૃહ્યસમ્ભાષાના અધિકારીઓ જય-પરાજયેચ્છુ અને છલબલસમ્પન્ન સિદ્ધ થાય છે, ન્યાય પરંપરા અનુસાર જલ્પ-વિતંડાના તેવા જ અધિકારીઓ માનવામાં આવ્યા છે. આ ભાવને નૈયાયિક 'વિજિગીષુકથા — જલ્પ-વિતંડા' આ લક્ષણવાક્યથી વ્યક્ત કરે છે. વાદના અધિકારીઓ તત્ત્વબુભુત્સુ કયા કયા ગુણોથી યુક્ત હોવા જોઈએ અને તેઓ કેવી રીતે પોતાનો વાદ ચલાવે એનું બહુ જ મનોહર અને સમાન વર્ણન ચરક તથા ન્યાયભાષ્ય વગેરેમાં છે.

ન્યાય પરંપરામાં જલ્પવિતંડા કથા કરનારને વિજિગીષુ માન્યો છે જેમ ચરકે પણ તેને તેવો માન્યો છે, પરંતુ તેવી કથા કરતી વખતે તે વિજિગીષુ પ્રતિવાદી અને પોતાની વચ્ચે ક્યા ક્યા ગુણદોષોની તુલના કરે, પોતાનાથી શ્રેષ્ઠ, કનિષ્ઠ અને બરાબરીવાળા પ્રતિવાદી સાથે કયા કયા પ્રકારની સભામાં અને કેવા કેવા સભ્યોની વચ્ચે કેવા કેવા પ્રકારનો વર્તાવ કરે, પ્રતિવાદી સાથે આટોપ સહિત કેવી રીતે બોલે, ક્યારેક કેવો ઝઝૂમે ઇત્યાદિ વાતોનું જેવું વિસ્તૃત અને આંખો દેખ્યું વર્ણન ચરકે (પૃ. ૨૬૪) કર્યું

૧. किं तत् जल्पं विदुः ? इत्याह — समर्थवचनम् । **સિદ્ધિવિનિશ્ચયટીકા, પૃ. ૨૫૪ B.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તેવું ન્યાય પરંપરાના ગ્રન્થોમાં નથી. ચરકના આ વર્ણન સાથે કંઈક મળતું આવતું વર્ણન જૈનાચાર્ય સિદ્ધસેને પોતાની એક વાદોપનિષદ્દ્વાત્રિંશિકામાં કર્યું છે, જેને ચરકના વર્ણનની સાથે વાંચવું જોઈએ. બૌદ્ધ પરંપરા જ્યાં સુધી ન્યાય પરંપરાની જેમ જલ્પકથાને પણ માનતી રહી ત્યાં સુધી તેના અનુસાર પણ વાદના અધિકારીઓ તત્ત્વબુભુત્સુ અને જલ્પાદિના અધિકારીઓ વિજિગીષુ જ ફલિત થાય છે, ન્યાય પરંપરાની જેમ જ. તે પ્રાચીન સમયના બૌદ્ધ વિજિગીષુ, નૈયાયિક વિજિગીષુથી ભિન્ન પ્રકારના હોવા સંભવ નથી, પરંતુ જ્યારથી બૌદ્ધ પરંપરામાં છલ આદિના પ્રયોગનો નિષેધ કરવામાં આવ્યો અને પરિણામે જલ્પકથા નામશેષ થઈ ગઈ તથા વાદકથા જ અવશિષ્ટ રહી ત્યારથી તેમાં અધિકારીના દ્વૈવિધ્યનો પ્રશ્ન જ ન રહ્યો, જૈન પરંપરામાં નથી તેમ.

જૈન પરંપરા અનુસાર ચતુરંગવાદના અધિકારી વિજિગીષુ છે. પરંતુ ન્યાય-વૈદ્યક પરંપરાસમ્મત વિજિગીષુ અને જૈન પરંપરાસમ્મત વિજિગીષુના અર્થમાં મોટું અંતર છે કેમ કે ન્યાય-વૈદ્યક પરંપરા અનુસાર વિજિગીષુ તે જ છે જે ન્યાયથી કે અન્યાયથી, છલ આદિનો પ્રયોગ કરીને પણ પ્રતિવાદીને પરાસ્ત કરવા ઇચ્છે છે જ્યારે જૈન પરંપરા તેને વિજિગીષુ માને છે જે પોતાના પક્ષની સિદ્ધિ કરવા ઇચ્છે છે પરંતુ ન્યાયથી, અન્યાયથી છલ આદિનો પ્રયોગ કરીને તો કદી નહિ. આ દૃષ્ટિએ જૈન પરંપરાસમ્મત વિજિગીષુ અસૂયાવાન્ હોવા છતાં પણ ન્યાયમાર્ગથી જ પોતાનો પક્ષ સિદ્ધ કરવાનો ઇચ્છુક હોવાથી લગભગ ન્યાય પરંપરાસમ્મત તત્ત્વબુભુત્સુની કોટિનો બની જાય છે. જૈન પરંપરાએ વિજયનો અર્થ 'પોતાના પક્ષની ન્યાય્ય સિદ્ધિ' એવો જ કર્યો છે, ન્યાય-વૈદ્યક પરંપરાની જેમ 'કોઈ પણ રીતે પ્રતિવાદીને મૂક કરવો' એવો કર્યો નથી.

જૈન પરંપરાના પ્રાથમિક તાર્કિકોએ[1] જે વિજિગીષુ નથી એવી વીતરાગ વ્યક્તિઓનો પણ વાદ માન્યો છે પરંતુ તે વાદ ચતુરંગ નથી કેમ કે તેના અધિકારીઓ ભલે પક્ષ-પ્રતિપક્ષ લઈને પ્રવૃત્ત થયા હોય પરંતુ તેઓ અસૂયામુક્ત હોવાના કારણે કોઈ સભાપતિ યા સભ્યોના શાસનની અપેક્ષા નથી રાખતા. તેઓ આપસમાં જ તત્ત્વબોધનો વિનિમય યા સ્વીકાર કરી લે છે. જૈન પરંપરાના વિજિગીષુ અને તેના પૂર્વોક્ત તત્ત્વનિર્ણિનીષુ વચ્ચે એટલું જ અંતર છે કે વિજિગીષુ ન્યાયમાર્ગે ચાલનારા હોવા છતાં પણ એવા અસૂયામુક્ત નથી હોતા કે જેથી તેઓ કોઈના શાસન વિના

૧. परार्थाधिगमस्तत्रानुद्भवद्रागगोचरः ।
जिगीषुगोचरश्चेति द्विधा शुद्धधियो विदुः ॥
सत्यवाग्भिर्विधातव्यः प्रथमस्तत्त्ववेदिभिः ।
यथाकथञ्चिदित्येष चतुरङ्गो न सम्मतः । तत्त्वार्थश्लोकवार्तिक, પૃ. ૨૭૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ વાતને સ્વતઃ માની લે, જ્યારે તત્ત્વનિર્ણિનીષુ ન્યાયમાર્ગે ચાલનારા હોવા ઉપરાંત અસૂયામુક્ત હોવાથી તત્ત્વનિર્ણયનો સ્વીકાર કરવામાં અન્યના શાસનની અપેક્ષા રાખતા નથી. આ રીતે ચતુરંગવાદના વાદી અને પ્રતિવાદી બન્ને વિજિગીષુ હોવાની પૂર્વ પ્રથા હતી,[1] તેમાં વાદિ દેવસૂરિએ (**પ્રમાણનયતત્ત્વાલોક, ૮. ૧૨-૧૪**) થોડો વિચારભેદ પ્રગટ કર્યો કે એકમાત્ર વિજિગીષુ વાદી યા પ્રતિવાદી હોય તો પણ ચતુરંગ કથા સંભવે છે. તેમણે આ વિચારભેદ સંભવતઃ અકલંક યા વિદ્યાનન્દ આદિ પૂર્વવર્તી તાર્કિકોની સામે રજૂ કર્યો છે. આ વિષયમાં આચાર્ય હેમચન્દ્રનો મત અકલંક અને વિદ્યાનન્દ અનુસાર જ જણાય છે.

બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન બધી પરંપરાઓ અનુસાર કથાનું મુખ્ય પ્રયોજન તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ યા પ્રાપ્ત તત્ત્વજ્ઞાનની રક્ષા જ રહ્યું છે. સાધ્યમાં કોઈનો મતભેદ ન હોવા છતાં પણ તેની સાધનપ્રણાલીમાં અંતર અવશ્ય છે, જે પહેલાં દર્શાવી ગયા છીએ. સંક્ષેપમાં તે અંતર એટલું જ છે કે જૈન અને ઉત્તરવર્તી બૌદ્ધ તાર્કિક છલ, જાતિ આદિના પ્રયોગને ક્યારેય ઉપાદેય માનતા નથી.

વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ આ ચારે અંગોના વર્ણનમાં ત્રણે[2] પરંપરાઓમાં કોઈ મતભેદ નથી. આચાર્ય હેમચન્દ્રે ચારે અંગોના સ્વરૂપનું જે સંક્ષિપ્ત નિદર્શન કર્યું છે તે પૂર્વવર્તી ગ્રંથોનો સાર માત્ર છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જૈન પરંપરાએ જ્યારે છલ આદિના પ્રયોગનો નિષેધ જ કર્યો ત્યારે તેના અનુસાર જલ્પ યા વિતંડા નામક કથા વાદથી ભિન્ન કોઈ ન રહી. આ તત્ત્વને જૈન તાર્કિકોએ વિસ્તૃત ચર્ચા દ્વારા સિદ્ધ કર્યું છે. આ વિષયનો સૌથી પુરાણો ગ્રન્થ કદાચ કથાત્રયભંગ હોય જેનો નિર્દેશ સિદ્ધિવિનિશ્ચયટીકામાં (પૃ. ૨૮૯ A) છે. તેમણે છેવટે પોતાનું મંતવ્ય સ્થિર કર્યું કે જલ્પ અને વિતંડા નામની વાદથી ભિન્ન કોઈ કથા જ નથી, તે તો કથાભાસ માત્ર છે. આ મન્તવ્ય અનુસાર આચાર્ય હેમચન્દ્રે પણ પોતાની ચર્ચામાં દર્શાવ્યું છે કે વાદથી ભિન્ન જલ્પ નામની કોઈ અન્ય કથા નથી જે ગ્રાહ્ય હોય.

પૃ. ૨૬૨ **'स्वसमयपर'** — તુલના — उक्तं च – स्वसमय। **न्यायप्रवेश-वृत्ति पृ. १४.**

---

૧. वादः सोऽयं जिगीषतोः । **ન્યાયવિનિશ્ચય, ૨.૨૧૨** समर्थवचनं वादः प्रकृतार्थप्रत्यायनपरं साक्षिसमक्षं जिगीषतोरेकत्र साधनदूषणवचनं वादः । **પ્રમાણસંગ્રહ પરિચ્છેદ ૬.** सिद्धो जिगीषतो वादः चतुरङ्गस्तथा सति । **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૭૭**

૨. જુઓ **ચરકસંહિતા, પૃ. ૨૬૪. ન્યાયપ્રવેશ, પૃ. ૧૪. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૮૦,**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૨૬૩ **'ननु तत्त्वरक्षणम्'** — તુલના — नहि वादस्तत्त्वाध्यवसायसंरक्षणार्थो भवति जल्पवितण्डयोरेव तथात्वात् । तदुक्तम् — तत्त्वाध्यवसाय ...... । **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૭૮. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૪ B.**

પૃ. ૨૬૪ **'वादलक्षणे'** — તુલના — प्रतिषेधे कस्यचिदभ्यनुज्ञानार्थं सिद्धान्ताविरुद्ध इति वचनम् । 'सिद्धान्तमभ्युपेत्य तद्विरोधी विरुद्धः' इति हेत्वाभासस्य निग्रहस्थानस्याभ्यनुज्ञा वादे । पञ्चावयवोपपन्न इति 'हीनमन्यतमेनाप्यवयवेन न्यूनम्' 'हेतूदाहरणाधिकमधिकम्' इति चैतयोरभ्यनुज्ञानार्थमिति । **ન્યાયભાષ્ય, ૧.૨.૧.**

પૃ. ૨૬૬ **'दुःशिक्षित'** — જુઓ **ન્યાયમંજરી, પૃ. ૧૧.**

પૃ. ૨૬૬ **'अथ प्रबलप्रतिवादि'** — તુલના — यदा जानन्नपि परपक्षक्रशिमानं स्वपक्षे द्रढिमानं च क्वचिदवसरे परप्रयुक्ते साधने दूषणं सपदि न पश्यति स्वपक्षसाधनं च झगिति न स्मरति तदा छलादिभिरप्युपक्रम्य परमभिभवति आत्मानं च रक्षति इति । .... तथापि एकान्तपराजयाद् वरं सन्देह इति युक्तमेव तत्प्रयोगेण स्फुटाटोपकरणम् । ..... मुमुक्षोरपि क्वचित् प्रसङ्गे तदुपयोगात् । ..... **ન્યાયમંજરી, પૃ. ૫૬૫.**

અ.૨. આ.૧. સૂત્ર ૩૧-૩૫. પૃ. ૨૬૭-૩૦૦. વાદ સાથે સંબંધ ધરાવતા કુલ કેટલા પદાર્થોનું નિરૂપણ આચાર્ય હેમચન્દ્રે કર્યું હશે કે કરવા ઇચ્છ્યું હશે તે અજ્ઞાત છે તથાપિ ઉપલભ્ય આ અપૂર્ણ પ્રમાણમીમાંસા ગ્રન્થ દ્વારા એટલું તો અવશ્ય જણાય છે કે તેમણે 'પત્રવાક્ય'ના નિરૂપણનો પ્રારંભ કર્યો પણ તે અધૂરું જ લભ્ય છે. તેમાં પણ કોઈ સન્દેહ નથી કે તેમને અભિમત પત્રનિરૂપણ દિગમ્બર તાર્કિક વિદ્યાનન્દની પત્રપરીક્ષાનું જ અવલંબી મુખ્યપણે હશે. તેમણે પત્રસ્વરૂપના નિરૂપણમાં બૌદ્ધ આદિ પ્રતિવાદીઓના મતનું ખંડન વિદ્યાનન્દ આદિની જેમ અવશ્ય કર્યું હશે પરંતુ સિદ્ધાન્ત તેમનો સંભવતઃ તે જ હશે જે વિદ્યાનન્દ આદિનો છે. આ વિષયના સાહિત્યમાંથી આપણી સમક્ષ આજ લભ્ય ગ્રન્થ તો પત્રપરીક્ષા, પ્રમેયકમલમાર્તંડ (પૃ. ૨૦૭ B) જ છે. વાદિ દેવસૂરિકૃત સ્યાદ્વાદરત્નાકરનો વાદપરિચ્છેદ જેમાં 'પત્ર'ના સ્વરૂપનું વિસ્તૃત નિરૂપણ હોવું સંભવે છે ઉપલભ્ય ન હોવાથી જૈન પરંપરાનુસારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પત્રનિરૂપણના જિજ્ઞાંસુઓએ આજે તો કેવળ ઉક્ત દિગમ્બર તાર્કિકોના જ ગ્રન્થોને જોવા જોઈએ.

આચાર્ય હેમચન્દ્રનું નિગ્રહસ્થાનવિષયક નિરૂપણ સદ્ભાગ્યે અખંડિત મળે છે જે ઐતિહાસિક તથા તાત્ત્વિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે અને જે જૈન તાર્કિકોની તદ્વિષયક નિરૂપણની પરંપરામાં સંભવતઃ અંતિમ જ છે.

ભારતીય તર્કસાહિત્યમાં નિગ્રહસ્થાનની પ્રાચીન વિચારધારા બ્રાહ્મણ પરંપરાની જ છે જે ન્યાય અને વૈદ્યકના ગ્રન્થોમાં જોવા મળે છે. ન્યાય પરંપરામાં અક્ષપાદે જેમને સંક્ષેપમાં વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ રૂપે દ્વિવિધ નિગ્રહસ્થાન તરીકે દર્શાવ્યાં છે અને વિસ્તારથી જેમના બાવીસ ભેદો દર્શાવ્યા છે તેમનું તે જ વર્ણન આજ સુધી સેંકડો વર્ષોમાં અનેક પ્રકાંડ નૈયાયિકો થવા છતાં પણ નિર્વિવાદપણે સ્વીકૃત રહ્યું છે. ચરકનું નિગ્રહસ્થાનવર્ણન અક્ષરશઃ તો અક્ષપાદના વર્ણનના જેવું નથી તો પણ બન્નેનો મૂળ પાયો તો એક જ છે. બૌદ્ધ પરંપરાનું નિગ્રહસ્થાનવર્ણન બે પ્રકારનું છે. એક બ્રાહ્મણપરંપરાનુસારી અને બીજું સ્વતન્ત્ર. પહેલા પ્રકારનું વર્ણન પ્રાચીન બૌદ્ધ[1] તર્કગ્રન્થોમાં છે જે લક્ષણ, સંખ્યા, ઉદાહરણ આદિ અનેક બાબતોમાં બહુધા અક્ષપાદના અને ક્યારેક ક્યારેક ચરકના (પૃ. ૨૬૯) વર્ણન સાથે મળતું છે.[2] બ્રાહ્મણપરંપરાનું વિરોધી સ્વતન્ત્ર નિગ્રહસ્થાનનિરૂપણ બૌદ્ધ પરંપરામાં સૌપ્રથમ કોણે શરૂ કર્યું એ હજુ નિશ્ચિત નથી થઈ શક્યું, તેમ છતાં એટલું તો નિશ્ચિત જ છે કે આજે એવો સ્વતન્ત્ર નિરૂપણવાળો પૂર્ણ અને અતિમહત્ત્વનો જે 'વાદન્યાય' ગ્રન્થ આપણી સમક્ષ મોજૂદ છે તે ધર્મકીર્તિએ રચેલો હોવાથી આ સ્વતન્ત્ર નિરૂપણનું શ્રેય ધર્મકીર્તિને અવશ્ય છે. સંભવ છે કે એનું કંઈક બીજારોપણ તાર્કિકપ્રવર દિઙ્નાગે પણ કર્યું હોય. જૈન પરંપરામાં નિગ્રહસ્થાનના નિરૂપણનો પ્રારંભ કરનાર કદાચ પાત્રકેસરી હોય. પરંતુ તેમનો કોઈ ગ્રન્થ હજુ લભ્ય નથી. તેથી મોજૂદ સાહિત્યના આધારે તો ભટ્ટારક અકલંકને જ તેના પ્રારંભક કહેવા જોઈશે. પછીના બધા જૈન તાર્કિકોએ પોતપોતાના નિગ્રહસ્થાનનિરૂપણમાં ભટ્ટારક અકલંકનાં જ વચનોને[3] ઉદ્ધૃત કર્યાં છે

૧. તર્કશાસ્ત્ર, પૃ. ૩૩. ઉપાયહૃદય, પૃ. ૧૮.

૨. Pre-Dinnag Buddhist Logic, p. xxii

૩. आस्तां तावदलाभादिरयमेव हि निग्रहः । न्यायेन विजिगीषूणां स्वाभिप्रायनिवर्तनम् ॥ ન્યાયવિનિશ્ચય, ૨.૨૧૩. कथं तर्हि वादपरिसमाप्तिः ? निराकृतावस्थापितविपक्षस्वपक्षयोरेव जयेतरव्यवस्था नान्यथा । तदुक्तम् — स्वपक्षसिद्धिरेकस्य निग्रहोऽन्यस्य वादिनः नाऽसाधनाङ्गवचनं नादोषोद्भावनं द्वयोः ॥ तथा तत्त्वार्थश्लोकेऽपि — (પૃ. ૨૮૧) स्वपक्षसिद्धिपर्यन्ता शास्त्रीयार्थविचारणा । वस्त्वाश्रयत्वतो यद्वल्लौकिकार्थविचारणा । અષ્ટસહસ્રી, પૃ. ૮૭. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૩ A.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે અમારી ઉક્ત સંભાવનાનું સમર્થન કરે છે.

પહેલા તો બૌદ્ધ પરંપરાએ ન્યાય પરંપરાના જ નિગ્રહસ્થાનોને અપનાવ્યાં, તેથી તેની સમક્ષ કોઈ એવી નિગ્રહસ્થાનવિષયક બીજી વિરોધી પરંપરા ન હતી જેનું બૌદ્ધ તાર્કિકો ખંડન કરે, પરંતુ એક યા બીજા કારણે જ્યારે બૌદ્ધ તાર્કિકોએ નિગ્રહસ્થાનનું સ્વતન્ત્ર નિરૂપણ શરૂ કર્યું ત્યારે તેમની સામે ન્યાય પરંપરાવાળા નિગ્રહસ્થાનોના ખંડનનો પ્રશ્ન સ્વયં જ આવી ખડો થયો. તેમણે તે પ્રશ્નને ઘણા વિસ્તારથી અને અતિસૂક્ષ્મતાથી ઉકેલ્યો. ધર્મકીર્તિએ વાદન્યાય નામનો એક સારો ગ્રન્થ આ વિષય ઉપર લખી નાખ્યો જેના ઉપર શાન્તરક્ષિતે સ્ફુટ વ્યાખ્યા પણ લખી. વાદન્યાયમાં ધર્મકીર્તિએ નિગ્રહસ્થાનનું લક્ષણ એક કારિકામાં સ્વતન્ત્રપણે બાંધીને તેના ઉપર વિસ્તૃત ચર્ચા કરી છે અને અક્ષપાદસમ્મત અને વાત્સ્યાયન અને ઉદ્યોતકર દ્વારા વ્યાખ્યાત નિગ્રહસ્થાનોનાં લક્ષણોના એક એક શબ્દને લઈને વિસ્તારથી તેમનું ખંડન કર્યું છે. ધર્મકીર્તિની આ કૃતિથી નિગ્રહસ્થાનની નિરૂપણપરંપરા સ્પષ્ટપણે બે પ્રવાહોમાં વહેંચાઈ ગઈ. લગભગ ધર્મકીર્તિના સમયમાં યા તો કંઈક આગળ કે પાછળ જૈન તાર્કિકોની સામે પણ નિગ્રહસ્થાનના નિરૂપણનો પ્રશ્ન આવ્યો. કોઈ પણ જૈન તાર્કિકે બ્રાહ્મણ પરંપરાના નિગ્રહસ્થાનોને અપનાવ્યા હોય યા બૌદ્ધ પરંપરાના સ્વતંત્ર નિગ્રહસ્થાનનિરૂપણને અપનાવ્યું હોય એવું જણાતું નથી. તેથી જ જૈન પરંપરાની સામે નિગ્રહસ્થાનનું સ્વતન્ત્રપણે નિરૂપણ કરવાનો જ પ્રશ્ન રહ્યો જેને અકલંકે ઉકેલ્યો[1]. તેમણે નિગ્રહસ્થાનનું લક્ષણ સ્વતન્ત્રપણે જ રચ્યું અને તેની વ્યવસ્થા બાંધી જેનું અક્ષરશઃ અનુસરણ ઉત્તરવર્તી બધા દિગમ્બર શ્વેતામ્બર તાર્કિકોએ કર્યું છે. અકલંકકૃત સ્વતન્ત્ર લક્ષણનો કેવળ સ્વીકાર કરી લેવાથી જૈન તાર્કિકોનું કર્તવ્ય પૂરું થઈ શકતું ન હતું જ્યાં સુધી તેઓ પોતાની પૂર્વવર્તી અને પોતાની સામે ઉપસ્થિત બ્રાહ્મણ અને બૌદ્ધ બન્ને પરંપરાના નિગ્રહસ્થાનવિષયક વિચારનું ખંડન ન કરે. આ દૃષ્ટિએ અકલંકના અનુગામી વિદ્યાનન્દ, પ્રભાચન્દ્ર આદિએ વિરોધી પરંપરાઓના ખંડનનું કામ વિશેષપણે શરૂ કર્યું. આપણને તેમના ગ્રન્થોમાં[2] મળે છે પહેલું તો તેમણે કરેલું ન્યાય પરંપરાનાં નિગ્રહસ્થાનોનું ખંડન અને પછી બૌદ્ધ પરંપરાના નિગ્રહસ્થાનના લક્ષણનું ખંડન. જ્યાં સુધી જોવામાં આવ્યું છે તે ઉપરથી જાણવા મળે છે કે ધર્મકીર્તિના લક્ષણનું સંક્ષેપમાં સ્વતન્ત્ર ખંડન કરનાર સૌપ્રથમ અકલંક છે અને વિસ્તૃત ખંડન કરનાર વિદ્યાનન્દ અને તદુપજીવી પ્રભાચન્દ્ર છે.

---

૧. દિગમ્બર પરંપરામાં કુમારનન્દી આચાર્યનો પણ એક 'વાદન્યાય' ગ્રન્થ હતો. कुमारनन्दिभट्टारकैरपि स्ववादन्याये निगदितत्वात्। पत्रपरीक्षा, पृ. ૩.

૨. तत्त्वार्थश्लोकवार्तिक, પૃ. ૨૮૩. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૦B.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય હેમચન્દ્રે નિગ્રહસ્થાનનિરૂપણના પ્રસંગે મુખ્યપણે ત્રણ વાતો પાંચ સૂત્રોમાં નિબદ્ધ કરી છે. પહેલાં બે સૂત્રોમાં (૨.૧. ૩૧-૩૨) જય અને પરાજયની ક્રમશઃ વ્યાખ્યા છે અને ત્રીજામાં (૨.૧.૩૩) નિગ્રહની વ્યવસ્થા છે જે અકલંકરચિત છે અને જે અન્ય બધા દિગમ્બર-શ્વેતામ્બર તાર્કિકોને સ્વીકાર્ય પણ છે. ચોથા ૨.૧.૩૪ સૂત્રમાં ન્યાયપરંપરાના નિગ્રહસ્થાનલક્ષણનું ખંડન કર્યું છે જેની વ્યાખ્યા પ્રભાચન્દ્રના પ્રમેયકમલમાર્તંડનું અધિકાંશ પ્રતિબિંબ માત્ર છે. ત્યાર પછી અન્તિમ ૨.૧.૩૫ સૂત્રમાં હેમચન્દ્રે ધર્મકીર્તિના સ્વતન્ત્ર નિગ્રહસ્થાનલક્ષણનું ખંડન કર્યું છે જે અક્ષરશઃ પ્રભાચન્દ્રના પ્રમેયકમલમાર્તંડની (પૃ. ૨૦૩ A) જ નકલ છે.

આમ નિગ્રહસ્થાનની ત્રણ પરંપરાઓમાંથી ન્યાય અને બૌદ્ધસમ્મત બે પરંપરાઓનું ખંડન કરીને આચાર્ય હેમચન્દ્રે ત્રીજી જૈન પરંપરાનું સ્થાપન કર્યું છે.

અન્તે જય-પરાજયની વ્યવસ્થા અંગેનાં ત્રણે પરંપરાનાં મંતવ્યોનું રહસ્ય સંક્ષેપમાં જણાવી દેવું જરૂરી છે. તે આ પ્રમાણે છે — બ્રાહ્મણ પરંપરામાં છલ, જાતિ આદિનો પ્રયોગ અમુક હદ સુધી સ્વીકાર્ય હોવાના કારણે છલ આદિ દ્વારા કોઈને પરાજિત કરવા માત્રથી પણ છલ આદિનો પ્રયોક્તા પોતાના પક્ષની સિદ્ધિ કર્યા વિના જ જય પામ્યો ગણાય છે અર્થાત્ બ્રાહ્મણ પરંપરા અનુસાર એ નિયમ નથી કે જયલાભ માટે સ્વપક્ષની સિદ્ધિ કરવી અનિવાર્ય જ છે.

ધર્મકીર્તિએ ઉક્ત બ્રાહ્મણ પરંપરાના આધાર ઉપર જ કુઠારાઘાત કરીને સત્યમૂલક નિયમ બાંધી આપ્યો કે કોઈ છલ આદિના પ્રયોગથી કોઈને ચૂપ કરી દે તેટલા માત્રથી જીતી શકતો નથી, કેમ કે છલ આદિનો પ્રયોગ સત્યમૂલક ન હોવાથી વર્જ્ય છે.[1] તેથી જ ધર્મકીર્તિના કથન અનુસાર[2] એ નિયમ નથી કે કોઈ એકનો પરાજય જ બીજાનો અવશ્યંભાવી જય હોય. એવું પણ સંભવે છે કે પ્રતિવાદીનો પરાજય માનવામાં આવે તો પણ વાદીનો જય ન મનાય — ઉદાહરણાર્થ વાદીએ દુષ્ટ સાધનનો પ્રયોગ કર્યો હોય, તે વખતે પ્રતિવાદી સંભવિત દોષોનું કથન ન કરતાં મિથ્યા દોષોનું કથન કરે, તદનન્તર વાદી પ્રતિવાદીના દોષોનું ઉદ્ભાવન કરે તો એવી પરિસ્થિતિમાં પ્રતિવાદીનો

---

૧. तत्त्वरक्षणार्थं सद्भिरुपहर्तव्यमेव छलादि । विजिगीषुभिरिति चेत्, नखचपेटशस्त्रप्रहारादीपनादिभिरपीति वक्तव्यम् । तस्मान्न ज्यायानयं तत्त्वरक्षणोपायः । વાદન્યાય, પૃ. ૭૧.

૨. सदोषवत्त्वेऽपि प्रतिवादिनोऽज्ञानात् प्रतिपादनासमार्थ्याद् वा । न हि दुष्टसाधनाभिधानेऽपि वादिनः प्रतिवादिनोऽप्रतिपादते दोषे पराजयव्यवस्थापना युक्ता । तयोरेव परस्परसामर्थ्योपघातापेक्षया जयपराजयव्यवस्थापनात् । केवलं हेत्वाभासादभूतप्रतिपत्तेरभावादप्रतिपादकस्य जयोऽपि नास्त्येव । વાદન્યાય, પૃ. ૭૦

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરાજય અવશ્ય મનાશે કેમ કે તેણે પોતાના કર્તવ્ય તરીકે યથાર્થ દોષોનું ઉદ્ભાવન ન કરીને મિથ્યા દોષોનું કથન કર્યું અને વાદીએ તેને પકડી પાડ્યો. આટલું થવા છતાં પણ વાદીનો જય તો નહિ જ મનાય કેમ કે વાદીએ દુષ્ટ સાધનનો જ પ્રયોગ કર્યો છે, જ્યારે જયના માટે વાદીનું કર્તવ્ય છે કે સાધનના યથાર્થ જ્ઞાન દ્વારા નિર્દોષ સાધનનો જ તે પ્રયોગ કરે. આ રીતે ધર્મકીર્તિએ જય-પરાજયની બ્રાહ્મણસમ્મત વ્યવસ્થામાં સંશોધન કર્યું, સુધારો કર્યો. પરંતુ તેમણે અસાધનાંગવચન તથા અદોષોદ્ભાવન દ્વારા જય-પરાજયની જે વ્યવસ્થા કરી તેમાં એટલી બધી જટિલતા અને દુરૂહતા આવી ગઈ કે અનેક પ્રસંગોએ સરળતાથી એ નિર્ણય કરવો જ અસંભવ બની ગયું કે અસાધનાંગવચન તથા અદોષોદ્ભાવન છે કે નહિ. આ જટિલતા અને દુરૂહતાથી બચવા અને સરલતાથી નિર્ણય કરવાની દૃષ્ટિએ ભટ્ટારક અકલંકે ધર્મકીર્તિકૃત જય-પરાજય વ્યવસ્થાનું પણ સંશોધન કર્યું. અકલંકના સંશોધનમાં ધર્મકીર્તિસમ્મત સત્યનું તત્ત્વ તો નિહિત છે જ, પરંતુ જણાય છે કે અકલંકની દૃષ્ટિમાં તેના ઉપરાંત અહિંસા-સમભાવનો જૈનપ્રકૃતિસુલભ ભાવ પણ નિહિત છે. તેથી જ અકલંકે કહી દીધું કે[1] કોઈ એક પક્ષની સિદ્ધિ જ તેનો જય છે અને બીજા પક્ષની અસિદ્ધિ જ તેનો પરાજય છે. અકલંકનો આ સુનિશ્ચિત મત છે કે કોઈ એક પક્ષની સિદ્ધિ બીજા પક્ષની અસિદ્ધિ વિના થઈ જ નથી શકતી. તેથી જ અકલંકના મત અનુસાર એ ફલિત થયું કે જ્યાં એકની સિદ્ધિ થશે ત્યાં બીજાની અસિદ્ધિ અનિવાર્ય છે, અને જે પક્ષની સિદ્ધિ થાય તેનો જય થાય. તેથી જ સિદ્ધિ અને અસિદ્ધિ અથવા બીજા શબ્દોમાં જય અને પરાજય સમવ્યાપ્તિક છે. કોઈ પણ પરાજય જયશૂન્ય નથી અને કોઈ પણ જય પરાજયશૂન્ય નથી. ધર્મકીર્તિકૃત વ્યવસ્થામાં અકલંકની સૂક્ષ્મ અહિંસાપ્રકૃતિએ એક ત્રુટિને પકડી પાડી લાગે છે. તે એ કે પૂર્વોક્ત ઉદાહરણમાં કર્તવ્યપાલન ન કરવા માત્રથી જો પ્રતિવાદીને પરાજિત સમજવામાં આવે તો દુષ્ટ સાધનના પ્રયોગમાં સમ્યક્ સાધનના પ્રયોગ રૂપ કર્તવ્યનું પાલન ન હોવાથી વાદીને પણ પરાજિત કેમ ન સમજવો ? જો ધર્મકીર્તિ વાદીને પરાજિત ન માને તો પછી તેમણે પ્રતિવાદીને પણ પરાજિત ન માનવો જોઈએ. આમ અકલંકે પૂર્વોક્ત ઉદાહરણમાં કેવળ પ્રતિવાદીને પરાજિત માની લેવાની

---

૧. निराकृतावस्थापितविपक्षस्वपक्षयोरेव जयेतरव्यवस्था नान्यथा ।

तदुक्तम् — स्वपक्षसिद्धिरेकस्य निग्रहोऽन्यस्य वादिनः ।
नासाधनाङ्गवचनं नाऽदोषोद्भावनं द्वयोः ॥ અષ્ટશતી-અષ્ટસહસ્રી, પૃ. ૮૭
तत्रेह तात्त्विके वादेऽकलङ्कैः कथितो जयः ।
स्वपक्षसिद्धिरेकस्य निग्रहोऽन्यस्य वादिनः ॥ તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૮૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવસ્થાને એકદેશીય અને અન્યાયમૂલક માનીને પૂર્ણ સમભાવમૂલક સીધો માર્ગ બાંધી દીધો કે પોતાના પક્ષની સિદ્ધિ કરવી જ જય છે. અને આવી સિદ્ધિમાં બીજા પક્ષનું નિરાકરણ અવશ્ય ગર્ભિત છે. અકલંકોપજ્ઞ આ જય-પરાજયની વ્યવસ્થાનો માર્ગ અન્તિમ છે કેમ કે તેના ઉપર કોઈ બૌદ્ધાચાર્ય કે બ્રાહ્મણ વિદ્વાને આપત્તિ નથી ઉઠાવી. જૈન પરંપરામાં જય-પરાજયની વ્યવસ્થાનો આ એક જ માર્ગ પ્રચલિત છે જેનો સ્વીકાર બધા દિગમ્બર-શ્વેતાંબર તાર્કિકોએ કર્યો છે અને જેના સમર્થનમાં વિદ્યાનન્દ (**તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૮૧**), પ્રભાચન્દ્ર (**પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૯૪**), વાદિરાજ (**ન્યાયવિનિશ્ચયટીકા પૃ. ૫૨૭ B**) વગેરેએ બહુ વિસ્તારથી પૂર્વકાલીન અને સમકાલીન મતાન્તરોનો નિરાસ પણ કર્યો છે. આચાર્ય હેમચન્દ્ર પણ આ વિષયમાં ભટ્ટારક અકલંકને જ અનુસરે છે.

સૂત્ર ૩૪ની વૃત્તિમાં આચાર્ય હેમચન્દ્રે ન્યાયદર્શનાનુસારી નિગ્રહસ્થાનોનું પૂર્વપક્ષ તરીકે જે વર્ણન કર્યું છે તે અક્ષરશઃ જયન્તની ન્યાયકલિકા (પૃ. ૨૧-૨૭) અનુસાર છે અને તે નિગ્રહસ્થાનોનું તેમણે જે ખંડન કર્યું છે તે અક્ષરશઃ પ્રમેયકમલમાર્તંડાનુસારી (પૃ. ૨૦૦ B - ૨૦૩ A) છે. તેવી જ રીતે ધર્મકીર્તિસમ્મત (**વાદન્યાય**) નિગ્રહસ્થાનોનું વર્ણન અને તેનું ખંડન પણ અક્ષરશઃ પ્રમેયકમલમાર્તંડ અનુસાર છે. જો કે ન્યાયસમ્મત નિગ્રહસ્થાનોનો નિર્દેશ અને તેમનું ખંડન તત્ત્વાર્થશ્લોકવાર્તિકમાં (પૃ. ૨૮૩થી) પણ છે તથા ધર્મકીર્તિસમ્મત નિગ્રહસ્થાનોનું વર્ણન તથા ખંડન વાચસ્પતિ મિશ્રે તાત્પર્યટીકામાં (પૃ. ૭૦૩થી), જયન્તે ન્યાયમંજરીમાં (પૃ. ૬૪૯) અને વિદ્યાનન્દે અષ્ટસહસ્રીમાં (પૃ. ૮૧) કરેલ છે પરંતુ હેમચન્દ્રીય વર્ણન અને ખંડન પ્રમેયકમલમાર્તંડ સાથે જ અક્ષરશઃ મળતું છે.

પૃ. ૨૬૭ '**विरुद्धम्**' — तदुक्तम् — विरुद्धं हेतुमुद्भाव्य वादिनं जयतीतरः । आभासान्तरमुत्पाद्य पक्षसिद्धिमपेक्षते ॥ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૮૦. ન્યાયવિનિશ્ચયટીકા (લિખિત)** પૃ. ૫૨૮ A. अकलङ्कोऽप्यभ्यधात् — **विरुद्धं हेतुमुद्भाव्य । રત્નાકરાવતારિકા, ૮.૨૨.**

પૃ. ૨૬૭ '**अत्राननुभाषण**' — તુલના — अत्राननुभाषणमज्ञान-मप्रतिभा विक्षेपः पर्यनुयोज्योपेक्षणमित्यप्रतिपत्त्या संगृहीतानि शेषाणि विप्रतिपत्त्या । **ન્યાયમંજરી, પૃ. ૬૩૯. ન્યાયકલિકા, પૃ. ૨૨.**

આ વિષયમાં ન્યાયભાષ્યકારનો મતભેદ આ પ્રમાણે છે —**तत्राननुभाषणम-ज्ञानमप्रतिभा विक्षेपो मतानुज्ञा पर्यनुयोज्योपेक्षणमित्यप्रतिपत्ति-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निग्रहस्थानम् । शेषस्तु विप्रतिपत्तिरिति । **ન્યાયભાષ્ય, ૧.૨.૨૦.**

પૃ. ૨૭૦ '**तदेतदसंगतम्**' — તુલના — इति भाष्यकारमतमसंगतमेव, साक्षाद् दृष्टान्तहानिरूपत्वात् तस्याः .... । **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૦ B.**

પૃ. ૨૭૧ '**तदेतदपि व्याख्यानम्**' — તુલના — तदेतदप्युद्योतकरस्य जाड्यमाविष्करोति, इत्थमेव प्रतिज्ञाहानेरवधारयितुमशक्यत्वात्..... । **પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૦ B.**

પૃ. ૨૭૮ '**दश दाडिमानि**' — તુલના — **પાતંજલમહાભાષ્ય, ૨.૧.૪૫.**

પૃ. ૨૭૮ '**शङ्खः कदल्याम्**' — તુલના — **નયચક્રવૃત્તિ, પૃ. ૧૦૯ B.**

પૃ. ૨૯૧ '**यच्चास्य व्याख्यानम्**' — તુલના — इष्टस्यार्थस्य सिद्धिः साधनम्, तस्य निर्वर्तकमङ्गम्, तस्यावचनम् — तस्याङ्गस्यानुच्चारणं वादिनो निग्रहाधिकरणम्, तदभ्युपगम्याप्रतिभया तूष्णींभावात् । साधनाङ्गस्यासमर्थनाद् वा । त्रिविधमेव हि लिङ्गमप्रत्यक्षस्य सिद्धेरङ्गम् — स्वभावः कार्यमनुपलम्भश्च । तस्य समर्थनम् — साध्येन व्याप्तिं प्रसाध्य धर्मिणि भावसाधनम् — यथा .... । अत्र व्याप्तिसाधनं विपर्यये बाधकप्रमाणोपदर्शनम् । **વાદન્યાય, પૃ. ૩-૬.**

પૃ. ૨૯૫ '**यच्चेदमसाधनाङ्गम्**' — તુલના — अन्वयव्यतिरेकवचनयोर्वा साधर्म्यवति वैधर्म्यवति च साधनप्रयोग एकस्यैवाभिधानेन सिद्धेर्भावात् द्वितीयस्यासामर्थ्यमिति तस्याप्यसाधनाङ्गस्याभिधानं निग्रहस्थानं व्यर्थाभिधानादेव । **વાદન્યાય, પૃ. ૬૫.**

પૃ. ૨૯૬ '**ननु न स्वपक्ष**' — તુલના — स्यान्ममतम् — न स्वपक्षसिद्ध्यसिद्धिनिबन्धनौ जयपराजयौ, तयोर्ज्ञानाज्ञाननिबन्धनत्वात्.... । **અષ્ટસહસ્રી, પૃ. ૮૧. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૪ A.**

પૃ. ૨૯૯ '**यच्चेदमदोषोद्भावनम्**' — તુલના — अदोषोद्भावनम् प्रतिवादिनो निग्रहस्थानम् । वादिना साधने प्रयुक्तेऽभ्युपगतोत्तरपक्षो यत्र

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विषये प्रतिवादी यदा न दोषमुद्भावयति तदा पराजितो वक्तव्यः । ..... अथवा यो न दोषः साधनस्य तद्भावेऽपि वादिना तदसाधयितुमिष्टस्यार्थस्य सिद्धेर्विघाताभावात् । तस्योद्भावनं प्रतिवादिनो निग्रहाधिकरणं मिथ्योत्तराभिधानात् । ...... । વાદન્યાય, પૃ. ૬૯-૭૨.

પૃ. ૩૦૦ '**अयं च प्रागुक्तः**' — તુલના — अथवा प्रागुक्तश्चतुरङ्गो वादः पत्रावलम्बनमप्यपेक्षते । अतस्तल्लक्षणमत्र ......। પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૨૦૭ B.

પૃ. ૩૦૦ '**शक्यमित्याह**' — પ્રમાણમીમાંસા ગ્રન્થ અપૂર્ણ હોવાના કારણે 'પત્રપરીક્ષા' પ્રારંભથી જ ખંડિત છે. અભ્યાસી અને જિજ્ઞાસુ તેને સંપૂર્ણપણે વિદ્યાનન્દની 'પત્રપરીક્ષા' જે એક સ્વતન્ત્ર પ્રકરણ છે તેમાંથી તથા પ્રમેયકમલમાર્તંડગત (પૃ. ૨૦૭ B) 'પત્રપરીક્ષા'માંથી જાણી લે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વૃદ્ધિપત્રક

પૃ. ૫૭ **'દર્શન'** — દર્શન શબ્દના ત્રણ અર્થો બધી પરંપરાઓમાં પ્રસિદ્ધ છે, જેમ કે ઘટદર્શન ઇત્યાદિ વ્યવહારમાં ચાક્ષુષ જ્ઞાનના અર્થમાં, આત્મદર્શન ઇત્યાદિ વ્યવહારમાં સાક્ષાત્કારના અર્થમાં અને ન્યાયદર્શન, સાંખ્યદર્શન ઇત્યાદિ વ્યવહારમાં ખાસ ખાસ પરંપરા સમ્મત નિશ્ચિત વિચારસરણીના અર્થમાં દર્શન શબ્દનો પ્રયોગ સર્વસમ્મત છે પરંતુ તેના બે અર્થો જે જૈન પરંપરામાં પ્રસિદ્ધ છે તે અન્ય પરંપરાઓમાં પ્રસિદ્ધ નથી. તે બેમાંથી એક અર્થ તો છે શ્રદ્ધાન[1] અને બીજો અર્થ છે સામાન્યબોધ કે આલોચન માત્ર[2]. જૈન શાસ્ત્રોમાં તત્ત્વશ્રદ્ધાને દર્શન પદથી વ્યવહૃત કરવામાં આવે છે, જેમ કે **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् — तत्त्वार्थसूत्र, १.२.** આ જ રીતે વસ્તુના નિર્વિશેષસત્તામાત્રના બોધને પણ દર્શન કહેવામાં આવે છે, જેમ

---

૧. [ઉપનિષદોમાં અને બૌદ્ધ પરંપરામાં 'દર્શન' શબ્દનો પ્રયોગ શ્રદ્ધાના અર્થમાં થયો છે. જુઓ નગીન જી. શાહ કૃત 'જૈનદર્શનમાં શ્રદ્ધા (સમ્યગ્દર્શન) મતિજ્ઞાન અને કેવલજ્ઞાનની વિભાવના', પૃ. ૪ અને ૬. — અનુવાદક].

૨. દર્શન શબ્દનો આલોચન અર્થ, જેનું બીજું નામ અનાકાર ઉપયોગ પણ છે, જે અહીં આપ્યો છે તે શ્વેતામ્બર-દિગમ્બર બન્ને પરંપરાની અતિ પ્રસિદ્ધ માન્યતાના આધારે છે. વસ્તુતઃ બન્ને પરંપરામાં અનાકાર ઉપયોગ સિવાય અન્ય અર્થો પણ દર્શન શબ્દના જોવામાં આવે છે. ઉદાહરણાર્થ, લિંગ વિના જ સાક્ષાત્ થનારો બોધ અનાકાર યા દર્શન છે અને લિંગસાપેક્ષ બોધ સાકાર યા જ્ઞાન છે. આ એક મત છે. બીજો મત એવો પણ છે કે વર્તમાનમાત્રગ્રાહી બોધ દર્શન છે અને ત્રૈકાલિકગ્રાહી બોધ જ્ઞાન છે (તત્ત્વાર્થભાષ્યટીકા, ૨.૯). દિગમ્બરીય ધવલા ટીકાનો એવો પણ મત છે કે જે આત્મમાત્રનું અવલોકન તે દર્શન અને જે બાહ્ય અર્થનો પ્રકાશ તે જ્ઞાન. આ મત બૃહદ્દ્રવ્યસંગ્રહટીકા (ગાથા ૪૪) તથા લઘીયસ્ત્રયીની અભયચન્દ્રકૃત ટીકામાં (૧.૫) નિર્દિષ્ટ છે.

[બોધરૂપ દર્શનના વિવિધ અર્થઘટનો માટે તેમજ સાંખ્ય-યોગની દર્શનની માન્યતા સાથે તુલના માટે જુઓ જાગૃતિ દીલીપ શેઠકૃત પુસ્તક 'જૈનદર્શન અને સાંખ્ય-યોગમાં જ્ઞાન-દર્શનવિચારણા'નું પ્રકરણ ત્રીજું, પૃ. ૫૭-૮૮ અને ૧૦૫-૧૦૮. — અનુવાદક]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે **विषयविषयिसन्निपातानन्तरसमुद्भूतसत्तामात्रगोचरदर्शनात् — પ્રમાણનયતત્ત્વાલોક, ૨.૭.** દર્શન શબ્દના ઉક્ત પાંચ અર્થોમાંથી અન્તિમ સામાન્યબોધરૂપ અર્થ લઈને જ અહીં વિચાર પ્રસ્તુત છે. તેના અંગે અહીં છ મુદ્દાઓ ઉપર કંઈક વિચાર કરવામાં આવે છે.

(૧) અસ્તિત્વ — જે બોધમાં વસ્તુનું નિર્વિશેષણસ્વરૂપમાત્ર ભાસે એવા બોધનું અસ્તિત્વ એક યા બીજા નામે ત્રણ પરંપરાઓ સિવાય બધી પરંપરાઓ સ્વીકારે છે. જૈન પરંપરા જેને દર્શન કહે છે તે સામાન્યમાત્રના બોધને ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ તથા પૂર્વોત્તરમીમાંસા નિર્વિકલ્પક અને આલોચનમાત્ર કહે છે. બૌદ્ધ પરંપરામાં પણ તેનું નિર્વિકલ્પક નામ પ્રસિદ્ધ છે. ઉક્ત બધાં દર્શનો એવું માને છે કે જ્ઞાનવ્યાપારના ઉત્પત્તિક્રમમાં સર્વપ્રથમ એવા બોધનું સ્થાન અનિવાર્યપણે આવે છે જે ગ્રાહ્ય વિષયના સન્માત્ર સ્વરૂપને ગ્રહણ કરે પરંતુ જેમાં કોઈ અંશ વિશેષ્યવિશેષણરૂપે ભાસે નહિ. પરંતુ મધ્વ અને વલ્લભની બે વેદાન્ત પરંપરાઓ અને ત્રીજી ભર્તૃહરિ અને તેના પૂર્વવર્તી વૈયાકરણોની પરંપરા જ્ઞાનવ્યાપારના ઉત્પત્તિક્રમમાં કોઈ પણ પ્રકારના સામાન્યમાત્રગ્રાહી બોધનું અસ્તિત્વ સ્વીકારતી નથી.[1] આ ત્રણ પરંપરાઓનું મન્તવ્ય છે કે એવો કોઈ બોધ હોઈ શકતો જ નથી જેમાં કોઈ ને કોઈ વિશેષ ભાસતો ન હોય યા જેમાં કોઈ પણ પ્રકારનો વિશેષ્યવિશેષણસંબંધ ભાસતો ન હોય. તેમનું કહેવું છે કે પ્રાથમિકદશાનું જ્ઞાન પણ કોઈ ને કોઈ વિશેષને, ભલે ને તે વિશેષ સ્થૂળ જ કેમ ન હોય, પ્રકાશિત કરે જ છે, તેથી જ જ્ઞાનમાત્ર સવિકલ્પક છે. નિર્વિકલ્પકનો મતલબ એટલો જ સમજવો જોઈએ કે તેમાં ઇતરજ્ઞાનોની અપેક્ષાએ ઓછા વિશેષો ભાસે છે. જ્ઞાનમાત્રને સવિકલ્પક માનનારી ઉક્ત ત્રણ પરંપરાઓમાં પણ વૈયાકરણોની પરંપરા જ પ્રાચીન છે. સંભવ છે કે ભર્તૃહરિની તે પરંપરાને જ મધ્વ અને વલ્લભે અપનાવી હોય.

(૨) લૌકિકાલૌકિકતા — નિર્વિકલ્પનું અસ્તિત્વ માનનારી બધી દાર્શનિક પરંપરાઓ લૌકિક નિર્વિકલ્પને અર્થાત્ ઇન્દ્રિયસન્નિકર્ષજન્ય નિર્વિકલ્પને તો માને છે જ પરંતુ અહીં પ્રશ્ન છે અલૌકિક નિર્વિકલ્પના અસ્તિત્વનો. જૈન અને બૌદ્ધ બન્ને પરંપરાઓ એવા પણ નિર્વિકલ્પકને માને છે જે ઇન્દ્રિયસન્નિકર્ષ સિવાય પણ યોગ કે વિશિષ્ટાત્મશક્તિથી ઉત્પન્ન થાય છે. બૌદ્ધ પરંપરામાં એવું અલૌકિક નિર્વિકલ્પક યોગિસંવેદનના નામથી પ્રસિદ્ધ છે જ્યારે જૈન પરંપરામાં અવધિદર્શન અને કેવલદર્શનના નામથી પ્રસિદ્ધ છે. ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ અને પૂર્વોત્તરમીમાંસા

---

૧. **Indian Psychology : Perception, pp. 52-54**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવિધ કક્ષાવાળા યોગીઓનું તથા તેમના યોગજન્ય અલૌકિક જ્ઞાનનું અસ્તિત્વ સ્વીકારે છે, તેથી જ તેમના મતે પણ અલૌકિક નિર્વિકલ્પકનું અસ્તિત્વ છે એમ માનવામાં કંઈ બાધક જ્ઞાન જણાતું નથી. જો આ ધારણા બરાબર હોય તો કહેવું જોઈએ કે બધા નિર્વિકલ્પકાસ્તિત્વવાદી સવિકલ્પક જ્ઞાનની જેમ નિર્વિકલ્પક જ્ઞાનને પણ લૌકિક-અલૌકિકરૂપે બે પ્રકારનું માને છે.

(૩) વિષયસ્વરૂપ — બધા નિર્વિકલ્પકવાદી સત્તામાત્રને નિર્વિકલ્પનો વિષય માને છે પરંતુ સત્તાના સ્વરૂપ અંગે બધા એકમત નથી. તેથી જ નિર્વિકલ્પકના ગ્રાહ્ય વિષયનું સ્વરૂપ પણ ભિન્ન ભિન્ન દર્શન અનુસાર જુદું જુદું જ ફલિત થાય છે. બૌદ્ધ પરંપરા અનુસાર અર્થક્રિયાકારિત્વ જ સત્ત્વ છે અને તે પણ ક્ષણિક વ્યક્તિમાત્રમાં જ પર્યવસિત છે, જ્યારે શાંકર વેદાન્ત અનુસાર અખંડ અને સર્વવ્યાપક બ્રહ્મ જ સત્ત્વસ્વરૂપ છે જે ન તો દેશબદ્ધ છે કે ન તો કાલબદ્ધ છે. ન્યાય-વૈશેષિક અને પૂર્વમીમાંસક અનુસાર અસ્તિત્વમાત્ર સત્તા છે યા જાતિરૂપ સત્તા છે જે બૌદ્ધ અને વેદાન્તસમ્મત સત્તાથી ભિન્ન છે. સાંખ્ય-યોગ અને જૈન પરંપરામાં સત્તા ન તો ક્ષણિક વ્યક્તિ માત્ર નિયત છે કે ન તો બ્રહ્મસ્વરૂપ છે કે ન તો જાતિરૂપ છે. ઉક્ત ત્રણે પરંપરાઓ પરિણામિનિત્યત્વવાદી હોવાના કારણે તેમના મત અનુસાર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ જ સત્તા ફલિત થાય છે. જે હો તે, પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે બધા નિર્વિકલ્પકવાદી નિર્વિકલ્પકના ગ્રાહ્ય વિષય તરીકે સન્માત્રનું જ પ્રતિપાદન કરે છે.

(૪) માત્ર પ્રત્યક્ષરૂપ — કોઈ જ્ઞાન પરોક્ષરૂપ પણ હોય છે અને પ્રત્યક્ષરૂપ પણ હોય છે, જેમ કે સવિકલ્પક જ્ઞાન. પરંતુ નિર્વિકલ્પક જ્ઞાનને તો બધા નિર્વિકલ્પકવાદીઓ કેવળ પ્રત્યક્ષરૂપ જ માને છે. કોઈ તેને પરોક્ષ નથી માનતા, કેમ કે નિર્વિકલ્પક, લૌકિક હો કે અલૌકિક, તેની ઉત્પત્તિ કોઈ જ્ઞાનથી વ્યવહિત ન હોવાના કારણે તે સાક્ષાત્‌રૂપ હોવાથી પ્રત્યક્ષ જ છે. પરંતુ જૈન પરંપરા અનુસાર દર્શનની ગણના પરોક્ષમાં પણ કરવી જોઈએ કેમ કે તાર્કિક પરિભાષા અનુસાર પરોક્ષ મતિજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે, તેથી જ તદનુસાર મતિઉપયોગના ક્રમમાં સર્વપ્રથમ અવશ્ય થનાર દર્શન નામના બોધને પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહી શકાય પરંતુ આગમિક પ્રાચીન વિભાગ, જેમાં પારમાર્થિક-સાંવ્યવહારિકરૂપે પ્રત્યક્ષના બે ભેદોને સ્થાન નથી, તદનુસાર તો મતિજ્ઞાન પરોક્ષ માત્ર જ મનાય છે, જેમ તત્ત્વાર્થસૂત્રમાં (૧.૧૧) દેખાય છે તેમ. તદનુસાર જૈન પરંપરામાં ઇન્દ્રિયજન્ય દર્શન પરોક્ષરૂપ જ છે, પ્રત્યક્ષરૂપ નથી. સારાંશ એ કે જૈન પરંપરામાં તાર્કિક પરિભાષા અનુસાર દર્શન પ્રત્યક્ષ પણ છે અને પરોક્ષ પણ છે. અવધિ અને કેવલ રૂપ દર્શન તો માત્ર પ્રત્યક્ષરૂપ જ છે જ્યારે ઇન્દ્રિયજન્ય દર્શન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરોક્ષરૂપ હોવા છતાં પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ મનાય છે. પરંતુ આગમિક પરિપાટી અનુસાર ઇન્દ્રિયજન્ય દર્શન કેવળ પરોક્ષ જ છે અને ઇન્દ્રિયનિરપેક્ષ અવધ્યાદિ દર્શન કેવળ પ્રત્યક્ષ જ છે.

(૫) ઉત્પાદક સામગ્રી — લૌકિક નિર્વિકલ્પક જે જૈન તાર્કિક પરંપરા અનુસાર સાંવ્યવહારિક દર્શન છે તેની ઉત્પાદક સામગ્રીમાં વિષયેન્દ્રિયસન્નિપાત અને યથાસંભવ આલોક આદિ સમાવિષ્ટ છે. પરંતુ અલૌકિક નિર્વિકલ્પ જે જૈન પરંપરા અનુસાર પારમાર્થિક દર્શન છે તેની ઉત્પત્તિ ઇન્દ્રિયસન્નિકર્ષ સિવાય જ કેવળ વિશિષ્ટ આત્મ-શક્તિથી મનાઈ છે. ઉત્પાદક સામગ્રી અંગે જૈન અને જૈનેતર પરંપરાઓમાં કોઈ મતભેદ નથી. તેમ છતાં આ વિષયમાં શાંકર વેદાન્તનું મન્તવ્ય જુદું છે જે ધ્યાન દેવા યોગ્ય છે. તે માને છે કે **'તત્ત્વમસિ'** ઇત્યાદિ મહાવાક્યજન્ય અખંડ બ્રહ્મબોધ પણ નિર્વિકલ્પક છે. તેના અનુસાર નિર્વિકલ્પકના ઉત્પાદક શબ્દ આદિ પણ થયા જે અન્ય પરંપરાસમ્મત નથી.

(૬) પ્રામાણ્ય — નિર્વિકલ્પના પ્રામાણ્ય અંગે જૈનેતર પરંપરાઓ પણ એકમત નથી. બૌદ્ધ અને વેદાન્ત દર્શન તો નિર્વિકલ્પને જ પ્રમાણ માને છે, એટલું જ નહિ પણ તેમના મત અનુસાર નિર્વિકલ્પ જ મુખ્ય અને પારમાર્થિક પ્રમાણ છે. ન્યાય-વૈશેષિક દર્શનમાં નિર્વિકલ્પકના પ્રમાત્વની બાબતમાં એકવિધ કલ્પના નથી. પ્રાચીન પરંપરા અનુસાર નિર્વિકલ્પક પ્રમારૂપ મનાય છે જેમ કે શ્રીધરે સ્પષ્ટ કર્યું છે (**કન્દલી, પૃ. ૧૯૮**) અને વિશ્વનાથે પણ ભ્રમભિન્નત્વરૂપ પ્રમાત્વ માનીને નિર્વિકલ્પકને પ્રમા કહ્યું છે (**કારિકાવલી, કારિકા ૧૩૪**) પરંતુ ગંગેશની નવ્ય પરંપરા અનુસાર નિર્વિકલ્પક ન તો પ્રમા છે કે ન તો અપ્રમા. તદનુસાર પ્રમાત્વ અને અપ્રમાત્વ પ્રકારતાદિઘટિત હોવાથી નિર્વિકલ્પ જે પ્રકારતાદિશૂન્ય છે તે પ્રમા-અપ્રમા ઉભયવિલક્ષણ છે (**કારિકાવલી, કારિકા ૧૩૫**). પૂર્વમીમાંસા અને સાંખ્ય-યોગદર્શન સામાન્યપણે આવી બાબતોમાં ન્યાય-વૈશેષિકને અનુસરતા હોવાથી તેમના મત પ્રમાણે પણ નિર્વિકલ્પકના પ્રમાત્વની તે જ કલ્પનાઓને માનવી જોઈએ જે ન્યાય-વૈશેષિક પરંપરામાં સ્થિર થઈ છે. આ વિષયમાં જૈન પરંપરાનું મંતવ્ય અહીં વિશેષપણે વર્ણન કરવા યોગ્ય છે.

જૈન પરંપરામાં પ્રમાત્વ અર્થાત્ પ્રામાણ્યનો પ્રશ્ન તેમાં તર્કયુગ આવ્યો તે પછીનો છે, પહેલાંનો નથી. પહેલાં તો માત્ર આગમિક દૃષ્ટિ હતી. આગમિક દૃષ્ટિ અનુસાર દર્શનોપયોગને પ્રમાણ કે અપ્રમાણ કહેવાનો પ્રશ્ન જ ન હતો. એ દૃષ્ટિ અનુસાર દર્શન હો કે જ્ઞાન, કાં તો તે સમ્યક્ હોઈ શકે કે મિથ્યા હોઈ શકે. તેમનું સમ્યક્ત્વ કે મિથ્યાત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આધ્યાત્મિક ભાવાનુસારી જ મનાતું હતું. જો કોઈ આત્મા ઓછામાં ઓછે ચોથા ગુણસ્થાનનો અધિકારી હોય અર્થાત્ તેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય તો તેનો સામાન્ય યા વિશેષ કોઈ પણ ઉપયોગ મોક્ષમાર્ગરૂપ યા સમ્યગ્રૂપ મનાતો હતો. તદનુસાર આગમિક દૃષ્ટિએ સમ્યક્ત્વયુક્ત આત્માનો દર્શનોપયોગ સમ્યગ્દર્શન છે અને મિથ્યાદૃષ્ટિયુક્ત આત્માનો દર્શનોપયોગ મિથ્યાદર્શન છે. વ્યવહારમાં મિથ્યા, ભ્રમ યા વ્યભિચારી મનાતું દર્શન પણ જો સમ્યક્ત્વધારિઆત્મગત હોય તો સમ્યગ્દર્શન જ છે જ્યારે સત્ય, અભ્રમ અને અબાધિત મનાતો દર્શનોપયોગ પણ જો મિથ્યાદૃષ્ટિયુક્ત હોય તો તે મિથ્યાદર્શન જ છે.[1]

દર્શનના સમ્યક્ત્વ તથા મિથ્યાત્વનું આગમિક દૃષ્ટિએ જે આપેક્ષિક વર્ણન ઉપર કરવામાં આવ્યું છે તે સન્મતિટીકાકાર અભયદેવે દર્શનને પણ પ્રમાણ કહ્યું છે એ આધાર પર સમજવું જોઈએ. તથા ઉપાધ્યાય યશોવિજયજીએ સંશય આદિ જ્ઞાનોને પણ સમ્યક્ દૃષ્ટિયુક્ત હોવાના કારણે સમ્યક્ કહ્યાં છે એ આધાર પર સમજવું જોઈએ. આગમિક પ્રાચીન અને શ્વેતામ્બર-દિગમ્બર ઉભયસાધારણ પરંપરા તો એવું માનતી નથી કારણ કે બન્ને પરંપરાઓ અનુસાર ચક્ષુ, અચક્ષુ અને અવધિ ત્રણે દર્શનો દર્શનો જ મનાયાં છે. તેમનામાંથી ન તો કોઈ સમ્યક્ કે ન તો કોઈ મિથ્યા કે ન તો કોઈ સમ્યક્મિથ્યા ઉભયરૂપ મનાયું છે — જેમ મતિ, શ્રુત અને અવધિ જ્ઞાનો સમ્યક્ અને મિથ્યારૂપે વિભાજિત મનાયાં છે તેમ. તેથી એ જ ફલિત થાય છે કે દર્શનોપયોગ માત્ર નિરાકાર હોવાથી તેમાં સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિપ્રયુક્ત અન્તર હોવાની કલ્પના પણ કરી શકાતી નથી. દર્શન ભલે ચક્ષુ હો, અચક્ષુ હો કે અવધિ હો — તે દર્શન માત્ર છે, તેને ન તો સમ્યગ્દર્શન કહેવું જોઈએ કે મિથ્યાદર્શન. આ જ કારણે પહેલા ગુણસ્થાનમાં પણ તેમને દર્શન જ માનવામાં આવ્યાં છે જેમ ચોથા ગુણસ્થાનમાં. આ વસ્તુ ગન્ધહસ્તિ સિદ્ધસેને સૂચિત પણ કરી છે. — **अत्र च यथा साकारद्धायां सम्यङ्मिथ्यादृष्ट्योर्विशेषः, नैवमस्ति दर्शने, अनाकारत्वे द्वयोरपि तुल्यत्वादित्यर्थः । (તત્ત્વાર્થભાષ્યટીકા, ૨.૯)**

આ થઈ આગમિક દૃષ્ટિની વાત જેના અનુસાર ઉમાસ્વાતિએ ઉપયોગમાં સમ્યક્ત્વ-અસમ્યક્ત્વનું નિદર્શન કર્યું છે. પરંતુ જૈન પરંપરામાં તર્કયુગનો પ્રવેશ થતાં જ પ્રમાત્વ-અપ્રમાત્વ યા પ્રામાણ્ય-અપ્રામાણ્યનો પ્રશ્ન ખડો થયો. અને તેનો વિચાર

---

૧. सम्यग्दृष्टिसम्बन्धिनां संशयादीनामपि ज्ञानत्वस्य महाभाष्यकृता परिभाषितत्वात् । **જ્ઞાનબિન્દુ, પૃ. ૧૩૯ B. નન્દીસૂત્ર, સૂત્ર ૪૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આધ્યાત્મિક ભાવાનુસારી નહિ પરંતુ વિષયાનુસારી કરાવા લાગ્યો જેવો કે જૈનતેર દર્શનોમાં તાર્કિક વિદ્વાનો કરી રહ્યા હતા. આ તાર્કિક દૃષ્ટિ અનુસાર જૈન પરંપરા દર્શનને પ્રમાણ માને છે, કે અપ્રમાણ માને છે કે ઉભયરૂપ માને છે, કે ઉભયભિન્ન માને છે ? આ પ્રશ્ન અહીં પ્રસ્તુત છે.

તાર્કિક દૃષ્ટિ અનુસાર પણ જૈન પરંપરામાં દર્શનના પ્રમાત્વ યા અપ્રમાત્વ અંગે કોઈ એકવાક્યતા નથી. સામાન્યપણે શ્વેતામ્બર હો કે દિગમ્બર બધા તાર્કિક દર્શનને પ્રમાણકોટિની બહાર જ રાખે છે કેમ કે બધા બૌદ્ધસમ્મત નિર્વિકલ્પકના પ્રમાત્વનું ખંડન કરે છે અને પોતપોતાના પ્રમાણલક્ષણમાં વિશેષોપયોગબોધક જ્ઞાન, નિર્ણય આદિ પદને દાખલ કરીને સામાન્યોપયોગરૂપ દર્શનને પ્રમાણલક્ષણનું અલક્ષ્ય જ માને છે.[1] આ રીતે દર્શનને પ્રમાણ ન માનવાની તાર્કિક પરંપરા શ્વેતામ્બર-દિગમ્બર બધા ગ્રન્થોમાં સર્વસાધારણ છે. માણિક્યનન્દી અને વાદી દેવસૂરિએ તો દર્શનને ન કેવળ પ્રમાણબાહ્ય જ રાખ્યું પરંતુ તેને પ્રમાણાભાસ (**પરીક્ષામુખ**, ૬.૨. **પ્રમાણનયતત્ત્વાલોક**, ૬.૨૪-૨૫) પણ કહ્યું.

સન્મતિટીકાકાર અભયદેવે (**સન્મતિટીકા, પૃ. ૪૫૭**) દર્શનને પ્રમાણ કહ્યું છે પરંતુ તે કથન તાર્કિક દૃષ્ટિએ કરવામાં આવ્યું છે એમ ન સમજવું જોઈએ કેમ કે તેમણે આગમાનુસારી સન્મતિની વ્યાખ્યા કરતી વખતે આગમદૃષ્ટિને જ લક્ષ્યમાં રાખીને દર્શનને સમ્યગ્દર્શનના અર્થમાં પ્રમાણ કહ્યું છે, અને નહિ કે તાર્કિક દૃષ્ટિએ વિષયાનુસારી પ્રમાણના અર્થમાં. આ વિવેક તેમના એ સંદર્ભ ઉપરથી જ થઈ જાય છે.

અલબત્ત, ઉપાધ્યાય યશોવિજયજીના દર્શન સંબંધી પ્રામાણ્ય-અપ્રામાણ્યના વિચારમાં કંઈક વિરોધ જેવું જણાય છે. એક બાજુ તે દર્શનને વ્યંજનાવગ્રહ-અનન્તરભાવી નૈશ્ચયિક અવગ્રહરૂપ દર્શાવે છે[2] જે મતિવ્યાપાર હોવાના કારણે પ્રમાણકોટિમાં આવી શકે છે અને બીજી બાજુ તે વાદિદેવના પ્રમાણલક્ષણવાળા સૂત્રની વ્યાખ્યામાં જ્ઞાનપદનું પ્રયોજન દર્શાવતાં દર્શનને પ્રમાણકોટિથી બહિર્ભૂત દર્શાવે છે (**તર્કભાષા**, પૃ. ૧). આમ તેમના કથનમાં જ્યાં એક બાજુ દર્શન બિલકુલ પ્રમાણબહિર્ભૂત છે ત્યાં બીજી બાજુ અવગ્રહરૂપ હોવાથી પ્રમાણકોટિમાં આવવા યોગ્ય પણ છે. પરંતુ એવું જણાય છે કે તેમનું તાત્પર્ય કંઈક બીજું જ છે. અને સંભવતઃ

---

૧. **લઘીયસ્ત્રયી. પરીક્ષામુખ, ૧.૩. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૮. પ્રમાણનયતત્ત્વાલોક, ૧.૨.**

૨. **તર્કભાષા, પૃ. ૫. જ્ઞાનબિન્દુ, પૃ. ૧૩૮**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તાત્પર્ય એ છે કે મત્યંશ હોવા છતાં પણ નૈશ્ચયિક અવગ્રહ પ્રવૃત્તિ-નિવૃત્તિવ્યવહારક્ષમ ન હોવાના કારણે પ્રમાણરૂપ ગણાવો જ ન જોઈએ. આ અભિપ્રાયથી તેમણે દર્શનને પ્રમાણકોટિબહિર્ભૂત દર્શાવેલ છે એમ માની લેવાથી પછી કોઈ વિરોધ રહેતો નથી.

આચાર્ય હેમચન્દ્રે વૃત્તિમાં દર્શન સાથે સંબંધ ધરાવતા વિચાર ત્રણ જગાએ પસંગવશ પ્રગટ કર્યા છે. અવગ્રહનું સ્વરૂપ દર્શાવતાં તેમણે કહ્યું છે કે દર્શન જે અવિકલ્પક છે તે અવગ્રહ નથી, અવગ્રહનું પરિણામી કારણ અવશ્ય છે અને તે ઇન્દ્રિયાર્થસંબંધ પછી પણ અવગ્રહના પહેલાં ઉત્પન્ન થાય છે (૧.૧.૨૬). બૌદ્ધસમ્મત નિર્વિકલ્પક જ્ઞાનને અપ્રમાણ દર્શાવતી વખતે તેમણે કહ્યું છે કે અનધ્યવસાયરૂપ હોવાથી તે પ્રમાણ નથી, અધ્યવસાય યા નિર્ણય જ પ્રમાણ ગણાવો જોઈએ (૧.૧.૬). તેમણે નિર્ણયનો અર્થ દર્શાવતાં કહ્યું છે કે અનધ્યવસાયથી ભિન્ન તથા અવિકલ્પક અને સંશયથી ભિન્ન જ્ઞાન જ નિર્ણય છે (પૃ. ૬૩. પંક્તિ ૩). આચાર્યના ઉક્ત બધાં કથનોમાંથી એ જ ફલિત થાય છે કે તે જૈન પરંપરાના પ્રસિદ્ધ દર્શન અને બૌદ્ધ પરંપરાના પ્રસિદ્ધ નિર્વિકલ્પને એક જ માને છે અને દર્શનને અનિર્ણયરૂપ હોવાના કારણે પ્રમાણ નથી માનતા તથા તેમનું આ અપ્રમાણત્વકથન પણ તાર્કિક દષ્ટિએ છે, આગમદષ્ટિએ નથી, જેવું અભયદેવભિન્ન બધા જૈન તાર્કિકો માનતા આવ્યા છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્ય હેમચન્દ્રોક્ત અવગ્રહના પરિણામિકારણરૂપ દર્શનને ઉપાધ્યાય યશોવિજયજીનો નૈશ્ચયિક અવગ્રહ સમજવો જોઈએ.

પૃ. ૬૪ **'स्वनिर्णय'** — દાર્શનિક ક્ષેત્રમાં જ્ઞાન સ્વપ્રકાશ છે, પરપ્રકાશ છે કે સ્વ-પરપ્રકાશ છે આ પ્રશ્નોની બહુ જ લાંબી અને વિવિધ કલ્પનાઓથી ભરેલી ચર્ચા છે. આ વિષયમાં કોનો કયો પક્ષ છે એનું વર્ણન કરતાં પહેલાં કેટલીક સામાન્ય વાતો જાણી લેવી જરૂરી છે જેથી સ્વપ્રકાશત્વ-પરપ્રકાશત્વનો ભાવ બરાબર સમજી શકાય.

(૧) જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષયોગ્ય છે. આવો સિદ્ધાન્ત કેટલાક લોકો માને છે જ્યારે બીજાઓ આનાથી બિલકુલ ઊલટું માને છે. તેઓ કહે છે કે જ્ઞાનનો સ્વભાવ પરોક્ષ જ છે, પ્રત્યક્ષ નથી. આમ પ્રત્યક્ષ-પરોક્ષરૂપે જ્ઞાનના સ્વભાવભેદની કલ્પના જ સ્વપ્રકાશત્વ-પરપ્રકાશત્વની ચર્ચાનો મૂલાધાર છે.

(૨) સ્વપ્રકાશ શબ્દનો અર્થ છે સ્વપ્રત્યક્ષ અર્થાત્ પોતાની મેળે જ જ્ઞાનનું પ્રત્યક્ષરૂપે ભાસિત થવું. પરંતુ પરપ્રકાશ શબ્દના બે અર્થો છે. તે બેમાંથી એક અર્થ

તો છે પરપ્રત્યક્ષ અર્થાત્ એક જ્ઞાનવ્યક્તિનું અન્ય જ્ઞાનવ્યક્તિમાં પ્રત્યક્ષરૂપે ભાસિત થવું. બીજો અર્થ છે પરાનુમેય અર્થાત્ એક જ્ઞાનનું અન્ય જ્ઞાનમાં અનુમેયરૂપે ભાસિત થવું.

(૩) સ્વપ્રત્યક્ષનો એ અર્થ નથી કે કોઈ સ્વપ્રત્યક્ષ છે એટલે તેનો અનુમાન આદિ દ્વારા બોધ થતો જ નથી પરંતુ તેનો અર્થ એટલો જ છે કે જ્યારે કોઈ જ્ઞાનવ્યક્તિ ઉત્પન્ન થાય ત્યારે તે સ્વાધાર પ્રમાતાને પ્રત્યક્ષ થાય છે જ અને અન્ય પ્રમાતાઓ માટે તેની પરોક્ષતા જ છે તથા સ્વાધાર પ્રમાતા માટે પણ જો જ્ઞાનવ્યક્તિ વર્તમાન ન હોય તો પરોક્ષ જ છે.[1] પરપ્રકાશના પરપ્રત્યક્ષ અર્થના પક્ષમાં પણ આ જ વાત લાગુ પડે છે — અર્થાત્ વર્તમાન જ્ઞાન વ્યક્તિ જ સ્વાધાર પ્રમાતા માટે પ્રત્યક્ષ છે, અન્યથા નથી.

વિજ્ઞાનવાદી બૌદ્ધ (**ન્યાયબિન્દુ, ૧.૧૦**), મીમાંસક, પ્રભાકર[2], વેદાન્ત[3] અને જૈન આ બધા સ્વપ્રકાશવાદી છે. આ બધા જ્ઞાનના સ્વરૂપ અંગે એકમત નથી કારણ કે વિજ્ઞાનવાદ અનુસાર જ્ઞાનભિન્ન અર્થનું (વસ્તુનું) અસ્તિત્વ જ નથી[4] અને જ્ઞાન પણ સાકાર જ છે. પ્રભાકરના મત અનુસાર બાહ્યાર્થનું અસ્તિત્વ છે (**બૃહતી, પૃ. ૭૪**) જેનું સંવેદન થાય છે. વેદાન્ત અનુસાર જ્ઞાન મુખ્યપણે બ્રહ્મરૂપ હોવાથી નિત્ય જ છે. જૈન મત પ્રભાકરના મતની જેમ બાહ્યાર્થનું અસ્તિત્વ માને છે તેમ જ જ્ઞાનને જન્ય સ્વીકારે છે. તે બધામાં આવો મતભેદ હોવા છતાં તે બધા એ વિષયમાં એકમત છે કે જ્ઞાનમાત્ર સ્વપ્રત્યક્ષ છે અર્થાત્ જ્ઞાન પ્રત્યક્ષ હો યા અનુમિતિ, શબ્દ, સ્મૃતિ, આદિ રૂપ હો તો પણ તે સ્વસ્વરૂપના વિષયમાં સાક્ષાત્કારરૂપ જ છે, તેનું અનુમિતિત્વ, શાબ્દત્વ, સ્મૃતિત્વ આદિ અન્ય ગ્રાહ્યની અપેક્ષાએ સમજવું જોઈએ અર્થાત્ ભિન્ન ભિન્ન સામગ્રીથી[5] પ્રત્યક્ષ, અનુમેય, સ્મર્તવ્ય આદિ વિભિન્ન વિષયોમાં

---

૧. यत्त्वनुभूतेः स्वयंप्रकाशत्वमुक्तं तद्विषयप्रकाशनवेलायां ज्ञातुरात्मनस्तथैव न तु सर्वेषां सर्वदा तथैवेति नियमोऽस्ति, परानुभवस्य हानोपादानादिलिङ्गकानुमानज्ञानविषयत्वात् स्वानुभवस्याप्यतीतस्याज्ञासिषमिति ज्ञानविषयत्वदर्शनाच्च । **શ્રીભાષ્ય, પૃ. ૨૪.**

૨. सर्वविज्ञानहेतूत्था मितौ मातरि च प्रमा ।
साक्षात्कर्तृत्वसामान्यात् प्रत्यक्षत्वेन सम्मता ॥ **પ્રકરણપંચિકા, પૃ. ૫૬.**

૩. **ભામતી, પૃ. ૧૬.** सेयं स्वयंप्रकाशानुभूतिः । **શ્રીભાષ્ય, પૃ. ૧૮. ચિત્સુખી, પૃ. ૯.**

૪. सहोपलम्भनियमादभेदो नीलतद्धियोः । **બૃહતી, પૃ. ૨૯**
प्रकाशमानस्तादात्म्यात् स्वरूपस्य प्रकाशकः ।
यथा प्रकाशोऽभिमतः तथा धीरात्मवेदिनी ॥ **પ્રમાણવાર્તિક, ૩.૩૨૯**

૫. सर्वविज्ञानहेतूत्था .... यावती काचिद्ग्रहणस्मरणरूपा । **પ્રકરણપંચિકા, પૃ. ૫૬**

32

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થનારાં પ્રત્યક્ષ, અનુમિતિ, સ્મૃતિ આદિ જ્ઞાન પણ સ્વસ્વરૂપના વિષયમાં પ્રત્યક્ષ જ છે.

જ્ઞાનને પરપ્રત્યક્ષ અર્થમાં પરપ્રકાશ માનનારા સાંખ્ય-યોગ[1] અને ન્યાય-વૈશેષિક[2] છે. તેઓ કહે છે કે જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે પરંતુ તે પોતે પોતાની મેળે પ્રત્યક્ષ થઈ શકતું નથી (અર્થાત્ જ્ઞાન પોતે પોતાને પ્રત્યક્ષ જાણતું નથી.) તેની પ્રત્યક્ષતા અન્યાશ્રિત છે (અર્થાત્ જ્ઞાન બીજા વડે પ્રત્યક્ષ થાય છે). તેથી જ્ઞાન ભલે પ્રત્યક્ષ હો, અનુમિતિ હો, યા શબ્દ હો કે સ્મૃતિ આદિ અન્ય કોઈ, તો પણ તે બધાં સ્વવિષયક અનુવ્યવસાય દ્વારા પ્રત્યક્ષરૂપે ગૃહીત થાય છે. પરપ્રત્યક્ષત્વની બાબતમાં તેઓ એકમત હોવા છતાં પણ પર શબ્દના અર્થના વિષયમાં તેઓ એકમત નથી કેમ કે ન્યાય-વૈશેષિક અનુસાર તો પરનો અર્થ અનુવ્યવસાય છે જેના દ્વારા પૂર્વવર્તી કોઈ પણ જ્ઞાનવ્યક્તિ પ્રત્યક્ષરૂપે ગૃહીત થાય છે પરંતુ સાંખ્ય-યોગ અનુસાર પર શબ્દનો અર્થ છે ચૈતન્ય જે પુરુષનું સહજ સ્વરૂપ છે અને જેના દ્વારા જ્ઞાનાત્મક બધી બુદ્ધિવૃત્તિઓ પ્રત્યક્ષરૂપે ભાસિત થાય છે.

પરાનુમેયના અર્થમાં પરપ્રકાશવાદી કેવળ કુમારિલ છે જે જ્ઞાનને સ્વભાવથી જ પરોક્ષ માનીને તેનું તજ્જન્ય જ્ઞાતતારૂપ લિંગ દ્વારા અનુમાન માને છે, જે અનુમાન કાર્યહેતુક કારણવિષયક છે (**શાસ્ત્રદીપિકા, પૃ. ૧૫૭**). કુમારિલ સિવાય બીજું કોઈ જ્ઞાનને અત્યંત પરોક્ષ નથી માનતું. પ્રભાકરના મત અનુસાર ફલસંવિત્તિ દ્વારા જ્ઞાનનું જે અનુમાન માનવામાં આવ્યું છે તે કુમારિલસંમત પ્રાકટ્યરૂપ ફલથી થનારા જ્ઞાનના અનુમાનથી બિલકુલ જુદું છે. કુમારિલ તો પ્રાકટ્યથી જ્ઞાનનું, જે આત્મસમવેત ગુણ છે તેનું, અનુમાન માને છે જ્યારે પ્રભાકરના મત અનુસાર સંવિદ્રૂપ ફળથી અનુમિત થનારું જ્ઞાન વસ્તુતઃ જ્ઞાન ગુણ નથી પરંતુ જ્ઞાનગુણજનક સન્નિકર્ષ આદિ જડ સામગ્રી જ છે.[3] આ સામગ્રીરૂપ અર્થમાં જ્ઞાન શબ્દના પ્રયોગનું સમર્થન કરણાર્થક 'અન્' પ્રત્યય માનીને કરવામાં આવે છે.

આચાર્ય હેમચન્દ્રે જૈન પરંપરાસમ્મત જ્ઞાનમાત્રના પ્રત્યક્ષત્વ સ્વભાવના સિદ્ધાન્તને માનીને જ તેનું સ્વનિર્ણયત્વ સ્થાપ્યું છે અને ઉપર્યુક્ત દ્વિવિધ પરપ્રકાશત્વનું

---

૧. सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वात् । न तत्स्वाभासं दृश्यत्वात् । **યોગસૂત્ર, ૪.૧૮-૧૯.**

૨. मनोग्राह्यं सुखं दुःखमिच्छा द्वेषो मतिः कृतिः । **કારિકાવલી, ૫૭.**

૩. संविदुत्पत्तिकारणमात्ममनःसन्निकर्षाख्यं तदित्यवगम्य परितुष्यतामायुष्मता । **પ્રકરણપંચિકા, પૃ. ૬૩.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંડન કર્યું છે. તેમના સ્વપક્ષસ્થાપનની અને પરપક્ષખંડનની દલીલો તથા પ્રત્યક્ષ-અનુમાન પ્રમાણની રજૂઆત એ બધું તેવું જ છે જેવું શાલિકનાથની પ્રકરણપંચિકા તથા શ્રીભાષ્ય આદિમાં છે. સ્વપક્ષના ઉપર બીજાઓ દ્વારા ઉદ્ભાવિત દોષોનો પરિહાર પણ આચાર્યનો તેવો જ છે જેવો ઉક્ત ગ્રંથોમાં છે.

પૃ. ૮૭ **'विशदः'** — પ્રત્યક્ષના વિષયમાં અન્ય મુદ્દાઓ ઉપર લખતાં પહેલાં એ બતાવી દેવું જરૂરી છે કે પ્રાચીન સમયમાં લક્ષણકાર ઋષિ પ્રત્યક્ષલક્ષણનું લક્ષ્ય કેટલું સમજતા હતા અર્થાત્ તેઓ કેવળ જન્ય પ્રત્યક્ષને લક્ષ્ય માનીને લક્ષણ રચતા હતા કે જન્ય-નિત્યસાધારણ પ્રત્યક્ષને લક્ષ્ય માનીને લક્ષણ રચતા હતા જેમ ઉત્તરકાલીન નૈયાયિકોએ આગળ ઉપર જન્ય-નિત્યસાધારણ પ્રત્યક્ષનું લક્ષણ રચ્યું છે તેમ ? જ્યાં સુધી અમે જાણીએ છીએ ત્યાં સુધી તો એવું જણાય છે કે પ્રાચીન સમયના લક્ષણકારોમાંથી કોઈએ, ભલે ને તે ઈશ્વરાવિરોધી નૈયાયિક-વૈશેષિક જ કેમ ન હોય, જન્ય-નિત્યસાધારણ પ્રત્યક્ષનું લક્ષણ બનાવ્યું નથી. ઈશ્વરાવિરોધી હો કે ઈશ્વરવિરોધી હો બધા જ દર્શનકારોના પ્રાચીન મૂલ ગ્રન્થોમાં એકમાત્ર જન્યપ્રત્યક્ષનું જ નિરૂપણ છે. નિત્યપ્રત્યક્ષ કોઈમાં સંભવે પણ છે અને સંભવે છે તો તે ઈશ્વરમાં જ હોય છે એ વાતનું સૂચન સુદ્ધાં પણ કોઈ પ્રાચીન ગ્રન્થમાં નથી.[1] અપૌરુષેયત્વ દ્વારા વેદના પ્રામાણ્યનું સમર્થન કરનારા મીમાંસકો વિરુદ્ધ ન્યાય-વૈશેષિક દર્શને એ સ્થાપવાનું શરૂ કર્યું કે વેદ શબ્દાત્મક અને અનિત્ય હોવાથી તેનું પ્રામાણ્ય અપૌરુષેયત્વમૂલક નથી પરંતુ પૌરુષેયત્વમૂલક છે. તેમ છતાં ન્યાય-વૈશેષિક દર્શનના પ્રાચીન વિદ્વાનોએ વેદપ્રણેતા તરીકે ક્યાંય ઈશ્વરની સ્પષ્ટપણે સ્થાપના નથી કરી. તેમણે તો વેદને આપ્તઋષિપ્રણીત કહીને તેમનું પ્રામાણ્ય મીમાંસક પ્રક્રિયાથી ભિન્ન પ્રક્રિયા દ્વારા સ્થાપ્યું અને સાથે સાથે જ વેદાપ્રામાણ્યવાદી જૈન બૌદ્ધ વગેરેને જવાબ પણ આપી દીધો કે વેદ પ્રમાણ છે કેમ કે તેમના પ્રણેતા અમારા માન્ય ઋષિઓ આપ્ત જ હતા.[2] ઉત્તરકાલીન વ્યાખ્યાકાર નૈયાયિકોએ જેમ ઈશ્વરને જગતસ્રષ્ટા પણ માન્યો તેમ વેદપ્રણેતા પણ, આમ તેમણે ઈશ્વરમાં નિત્યજ્ઞાનની કલ્પના કરી. પરંતુ એ

---

૧. વૈશેષિકસૂત્ર, ૩.૧.૧૮. इन्द्रियार्थसन्निकर्षोत्पन्नमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम् । ન્યાયસૂત્ર, ૧.૧.૪. प्रतिविषयाध्यवसायो दृष्टम् । સાંખ્યકારિકા, ૫. સાંખ્યસૂત્ર, ૧.૮૯. યોગભાષ્ય, ૧.૭. सत्संप्रयोगे पुरुषस्येन्द्रियाणाम्.... । જૈમિનિસૂત્ર, ૧.૧.૪. आत्मेन्द्रियमनोऽर्थात् सन्निकर्षात् प्रवर्तते । व्यक्ता तदात्वे या बुद्धिः प्रत्यक्षं सा निरूप्यते । ચરકસંહિતા, ૧૧.૨૦.

૨. ન્યાયસૂત્ર, ૧.૧.૭; ૨.૧.૬૯. વૈશેષિકસૂત્ર, ૬.૧.૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાનમાં રાખવું જોઈએ કે કોઈ પણ પ્રાચીન વૈદિક દર્શનસૂત્રગ્રન્થોમાં ન તો ઈશ્વરનું જગતસ્રષ્ટા તરીકે કે ન તો વેદકર્તા તરીકે સ્પષ્ટપણે સ્થાપન છે અને ન તો ક્યાંય પણ ઈશ્વરમાં નિત્યજ્ઞાનના અસ્તિત્વનો ઉલ્લેખ સુદ્ધાં છે. તેથી એ સુનિશ્ચિત છે કે પ્રાચીન બધાં પ્રત્યક્ષલક્ષણોનું લક્ષ્ય કેવળ જન્ય પ્રત્યક્ષ જ છે. આ જન્ય પ્રત્યક્ષની બાબતમાં કેટલાક મુદ્દાઓ ઉપર અહીં વિચાર કરવામાં આવે છે.

(૧) લૌકિકાલૌકિકતા — પ્રાચીન કાળમાં લક્ષ્યકોટિમાં જન્યમાત્ર જ નિવિષ્ટ હતું તો પણ ચાર્વાક સિવાય બધા દર્શનકારોએ જન્ય પ્રત્યક્ષના લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારો માન્યા છે. બધાએ ઇન્દ્રિયજન્ય અને મનોમાત્રજન્ય વર્તમાન સંબદ્ધ વિષયક જ્ઞાનને લૌકિક પ્રત્યક્ષ કહ્યું છે. અલૌકિક જન્ય પ્રત્યક્ષનું વર્ણન ભિન્ન ભિન્ન દર્શનોમાં ભિન્ન ભિન્ન નામે છે. સાંખ્ય-યોગ[૧], ન્યાય-વૈશેષિક[૨], બૌદ્ધ[૩] બધા અલૌકિક જન્ય પ્રત્યક્ષનું યોગિપ્રત્યક્ષ કે યોગિજ્ઞાન નામથી નિરૂપણ કરે છે.

મીમાંસક જે સર્વજ્ઞત્વનો, ખાસ કરીને ધર્માધર્મસાક્ષાત્કારનો, એકાન્ત વિરોધી છે તે પણ મોક્ષાંગભૂત એક પ્રકારના આત્મજ્ઞાનનું અસ્તિત્વ માને છે જે વસ્તુતઃ યોગજન્ય યા અલૌકિક જ છે.[૪]

વેદાન્તમાં જે ઈશ્વરસાક્ષીચૈતન્ય છે તે જ અલૌકિક પ્રત્યક્ષસ્થાનીય છે.

જૈન દર્શનની આગમિક પરંપરા આવા (અર્થાત્ અલૌકિક) પ્રત્યક્ષને જ પ્રત્યક્ષ કહે છે[૫] કેમ કે તે પરંપરા અનુસાર પ્રત્યક્ષ કેવળ તેને જ માનવામાં આવે છે જે ઇન્દ્રિયજન્ય ન હોય. તે પરંપરા અનુસાર તો દર્શનાન્તરસમ્મત લૌકિક પ્રત્યક્ષ પ્રત્યક્ષ નથી પણ પરોક્ષ છે,[૬] તેમ છતાં પણ જૈન દર્શનની તાર્કિક પરંપરા પ્રત્યક્ષના બે પ્રકાર માનીને એકને, જેને દર્શનાન્તરોમાં લૌકિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે તેને, સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે[૭] અને બીજાને, જેને દર્શનાન્તરોમાં અલૌકિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે તેને, પારામાર્થિક પ્રત્યક્ષ કહે છે. તથા પારમાર્થિક પ્રત્યક્ષના કારણ

૧. યોગસૂત્ર, ૩.૫૪. સાંખ્યકારિકા, ૬૪.

૨. વૈશેષિકસૂત્ર, ૯.૧. ૧૩-૧૫.

૩. ન્યાયબિન્દુ, ૧.૧૧.

૪. सर्वत्रैव हि विज्ञानं संस्कारत्वेन गम्यते ।
पराङ्गं चात्मविज्ञानादन्यत्रेत्यवधारणात् ॥ તન્ત્રવાર્તિક, પૃ. ૨૪૦.

૫. તત્ત્વાર્થસૂત્ર, ૧.૧૨.

૬. તત્ત્વાર્થસૂત્ર, ૧.૧૧.

૭. ટિપ્પણ, પૃ. ૩૨૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે લબ્ધિ કે વિશિષ્ટ આત્મશક્તિનું તે જૈન દર્શનની તાર્કિક પરંપરા વર્ણન કરે છે, આ લબ્ધિ એક રીતે જૈન પરિભાષામાં યોગજ ધર્મ જ છે.

(૨) અલૌકિકમાં નિર્વિકલ્પકનું સ્થાન — હવે પ્રશ્ન એ છે કે અલૌકિક પ્રત્યક્ષ નિર્વિકલ્પક જ હોય છે કે સવિકલ્પક જ હોય છે કે ઉભયરૂપ ? આના ઉત્તરમાં એકવાક્યતા નથી. તાર્કિક બૌદ્ધ અને શાંકર વેદાન્ત[1] પરંપરા અનુસાર તો અલૌકિક પ્રત્યક્ષ નિર્વિકલ્પ જ સંભવે છે, સવિકલ્પક કદી સંભવતું જ નથી. રામાનુજનો મત[2] આનાથી બિલકુલ ઊલટો છે, તે અનુસાર લૌકિક હો યા અલૌકિક કોઈ પણ પ્રત્યક્ષ સર્વથા નિર્વિકલ્પક સંભવતું જ નથી. પરંતુ ન્યાય-વૈશિષિક આદિ અન્ય વૈદિક દર્શનો અનુસાર અલૌકિક પ્રત્યક્ષ સવિકલ્પક-નિર્વિકલ્પક બન્ને સંભવે છે, એવું જણાય છે. અહીં એ નોંધવું જોઈએ કે ભાસર્વજ્ઞ (**ન્યાયસાર, પૃ. ૩**) જેવા પ્રબળ નૈયાયિકે ઉક્ત રૂપે દ્વિવિધ યોગિપ્રત્યક્ષનું સ્પષ્ટ કથન કર્યું છે, તો પણ કણાદસૂત્ર અને પ્રશસ્તપાદભાષ્ય આદિ પ્રાચીન ગ્રંથોમાં એવો કોઈ સ્પષ્ટ નિર્દેશ નથી. જૈન પરંપરા અનુસાર અલૌકિક યા પારમાર્થિક પ્રત્યક્ષ ઉભયરૂપ છે કેમ કે જૈન દર્શનમાં અવધિદર્શન તથા કેવલદર્શન નામનો સામાન્યબોધ મનાયો છે જે અલૌકિક નિર્વિકલ્પક જ છે, જ્યારે જે અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન તથા કેવલજ્ઞાનરૂપ વિશેષબોધ છે તે અલૌકિક સવિકલ્પક છે.

(૩) પ્રત્યક્ષત્વનું નિયામક — પ્રશ્ન છે કે પ્રત્યક્ષત્વનું નિયામક તત્ત્વ શું છે જેના કારણે કોઈ પણ બોધ યા જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય ? આનો ઉત્તર પણ જુદા જુદા દર્શનોનો એક જ નથી. નવ્ય શાંકર વેદાન્ત અનુસાર પ્રત્યક્ષત્વનું નિયામક છે પ્રમાણચૈતન્ય અને વિષયચૈતન્યનો અભેદ જેનું સવિસ્તર નિરૂપણ વેદાન્તપરિભાષામાં છે. ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, બૌદ્ધ, મીમાંસા દર્શનો અનુસાર પ્રત્યક્ષત્વનું નિયામક છે સન્નિકર્ષજન્યત્વ, જે સન્નિકર્ષથી - લૌકિક સન્નિકર્ષ હો કે અલૌકિક - જન્ય છે તે બધાં જ્ઞાનો પ્રત્યક્ષ છે. જૈન દર્શનમાં પ્રત્યક્ષનાં નિયામક તત્ત્વો બે છે. આગમિક પરંપરા અનુસાર તો એક માત્ર આત્મમાત્રસાપેક્ષત્વ જ પ્રત્યક્ષનું નિયામક છે (**સર્વાર્થસિદ્ધિ, ૧.૧૨**). પરંતુ જૈન તાર્કિક પરંપરા અનુસાર તે ઉપરાંત ઇન્દ્રિયમનોજન્યત્વ પણ પ્રત્યક્ષત્વનું નિયામક ફલિત થાય છે (**પ્રમાણમીમાંસા, ૧.૨૦**). વસ્તુતઃ જૈન તાર્કિક પરંપરા ન્યાય-વૈશેષિક આદિ વૈદિક દર્શનાનુસારિણી છે.

---

૧. **Indian Psychology : Perception, p. 352.**

૨. अतः प्रत्यक्षस्य कदाचिदपि न निर्विशेषविषयत्वम् । **શ્રીભાષ્ય, પૃ. ૨૧.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) પ્રત્યક્ષત્વનું ક્ષેત્ર — પ્રત્યક્ષત્વ કેવલ નિર્વિકલ્પકમાં જ મર્યાદિત છે કે તે સવિકલ્પકમાં પણ છે ? આના જવાબમાં બૌદ્ધોનું કથન છે કે તે માત્ર નિર્વિકલ્પકમાં જ મર્યાદિત છે. પરંતુ બૌદ્ધભિન્ન બધાં દર્શનોનું મન્તવ્ય છે કે નિર્વિકલ્પક અને સવિકલ્પક બન્નેમાં પ્રત્યક્ષત્વ સ્વીકાર્ય છે.

(૫) જન્ય-નિત્યસાધારણપ્રત્યક્ષ — અત્યાર સુધી જન્યમાત્રને લક્ષ્ય માનીને લક્ષણની ચર્ચા થઈ પરંતુ મધ્યયુગમાં જ્યારે ઈશ્વરનું જગતકર્તા તરીકેનું અને વેદપ્રણેતા તરીકેનું સ્થાન ન્યાય-વૈશેષિક આદિ દર્શનોમાં નિશ્ચિત થયું ત્યારથી ઈશ્વરીય પ્રત્યક્ષ નિત્ય મનાવાના કારણે જન્ય-નિત્ય ઉભયસાધારણ પ્રત્યક્ષલક્ષણ બનાવવાનો પ્રશ્ન ઈશ્વરવાદીઓની સામે આવ્યો. એવું જણાય છે કે આવા સાધારણ લક્ષણને બનાવવાનો પ્રયત્ન ભાસર્વજ્ઞે સર્વપ્રથમ કર્યો. તેમણે 'સમ્યગપરોક્ષાનુભવ'ને (**ન્યાયસાર, પૃ.૨**) પ્રત્યક્ષ પ્રમા કહીને જન્ય-નિત્ય ઉભય પ્રત્યક્ષનું એક જ લક્ષણ બનાવ્યું. પ્રભાકરના અનુયાયી શાલિકનાથે પણ 'સાક્ષાત્પ્રતીતિ'ને (**પ્રકરણપંચિકા, પૃ. ૫૧**) પ્રત્યક્ષ કહીને બીજા શબ્દોમાં બાહ્યવિષયક ઇન્દ્રિયજન્ય તથા આત્મા અને જ્ઞાનગ્રાહી ઇન્દ્રિયાજન્ય એવા દ્વિવિધ પ્રત્યક્ષના (**પ્રકરણપંચિકા, પૃ. ૫૧**) સાધારણ-લક્ષણનું પ્રણયન કર્યું. પરંતુ પછીથી ઉત્તરકાળે નવ્ય નૈયાયિકોએ ભાસર્વજ્ઞના અપરોક્ષ પદનું અને શાલિકનાથના સાક્ષાત્પ્રતીતિ પદનું નવ્ય પરિભાષામાં સ્પષ્ટીકરણ 'જ્ઞાનાકરણકજ્ઞાન'ને જન્ય-નિત્યસાધારણ પ્રત્યક્ષલક્ષણ કહીને કર્યું (**મુક્તાવલી, ૫૨**). આ બાજુ જૈન દર્શનના તાર્કિકો સમક્ષ પણ સાધારણલક્ષણપ્રણયનનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય એમ જણાય છે. જૈન દર્શન નિત્યપ્રત્યક્ષને તો માનતું જ નથી એટલે તેની સમક્ષ જન્ય-નિત્યસાધારણ લક્ષણનો પ્રશ્ન ન હતો પરંતુ સાંવ્યવહારિક અને પારમાર્થિક ઉભયવિધ પ્રત્યક્ષના સાધારણ લક્ષણનો પ્રશ્ન હતો. એવું જણાય છે કે તેનો જવાબ સૌપ્રથમ સિદ્ધસેન દિવાકરે જ આપ્યો. તેમણે અપરોક્ષરૂપ જ્ઞાનને પ્રત્યક્ષ કહીને સાંવ્યવહારિક-પારમાર્થિક ઉભયસાધારણ અપરોક્ષત્વને લક્ષણ બનાવ્યું (**ન્યાયાવતાર, ૪**). સિદ્ધસેનના 'અપરોક્ષ' પદના પ્રયોગનો પ્રભાવ ભાસર્વજ્ઞના લક્ષણ ઉપર છે કે નહિ, એ કહી શકાય તેમ નથી. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે જૈન પરંપરામાં અપરોક્ષત્વરૂપ સાધારણ લક્ષણનો પ્રારંભ સિદ્ધસેને જ કર્યો હતો.

(૬) દોષનું નિવારણ — સિદ્ધસેને અપરોક્ષત્વને પ્રત્યક્ષમાત્રનું સાધારણ લક્ષણ બનાવ્યું. પરંતુ તેમાં એક ત્રુટિ છે જે કોઈપણ સૂક્ષ્મપ્રજ્ઞ તાર્કિકની નજરમાં આવ્યા વિના રહેતી નથી. તે એ છે કે જો પ્રત્યક્ષનું લક્ષણ અપરોક્ષ છે તો પરોક્ષનું લક્ષણ શું બનશે ? જો કહેવામાં આવે કે પરોક્ષનું લક્ષણ પ્રત્યક્ષભિન્નત્વ યા અપ્રત્યક્ષત્વ છે તો તેમાં તો સ્પષ્ટપણે અન્યોન્યાશ્રયદોષ છે. એવું જણાય છે કે આ દોષને દૂર કરવાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા અપરોક્ષત્વના સ્વરૂપને સ્ફુટ કરવાનો પ્રયત્ન સૌપ્રથમ ભટ્ટારક અકલંકે કર્યો. તેમણે બહુ જ પ્રાંજલ શબ્દોમાં કહી દીધું કે જે જ્ઞાન વિશદ છે તે જ પ્રત્યક્ષ છે (**લઘીયસ્ત્રયી, ૧.૩**). તેમણે આ વાક્યમાં સાધારણ લક્ષણ તો ગર્ભિત કર્યું જ પણ સાથે સાથે જ ઉક્ત અન્યોન્યાશ્રયદોષને પણ ટાળ્યો કેમ કે હવે અપરોક્ષપદ જ કાઢી નાખવામાં આવ્યું જે પદ પરોક્ષત્વના નિર્વચનની અપેક્ષા રાખતું હતું. અકલંકની લાક્ષણિકતાએ કેવળ એટલું જ ન કર્યું પરંતુ સાથે જ વૈશદ્યનો સ્ફોટ પણ કરી દીધો. એ સ્ફોટ એવો કે જેના દ્વારા સાંવ્યવહારિક અને પારમાર્થિક બન્ને પ્રત્યક્ષનો સંગ્રહ થઈ જાય. તેમણે કહ્યું કે અનુમાન વગેરેની અપેક્ષાએ વિશેષ પ્રતિભાસ કરવો એ વૈશદ્ય છે (**લઘીયસ્ત્રયી, ૧.૪**). અકલંકનો આ સાધારણ લક્ષણનો પ્રયત્ન અને સ્ફોટ જ ઉત્તરવર્તી બધા શ્વેતામ્બર-દિગમ્બર તાર્કિકોના પ્રત્યક્ષલક્ષણમાં પ્રતિબિંબિત થયો. કોઈકે વિશદ પદના બદલે 'સ્પષ્ટ' પદ રાખ્યું (**પ્રમાણનયતત્ત્વાલોક, ૨.૨**) તો વળી કોઈએ તે પદને જ જાળવી રાખ્યું (**પરીક્ષામુખ, ૨.૩**).

જેમ અનેક સ્થાનોએ હેમચન્દ્રાચાર્ય અકલંકને અનુસરે છે તેમ પ્રત્યક્ષના લક્ષણની બાબતમાં પણ તેઓ અકલંકને જ અનુસરે છે. એટલે સુધી કે તેમણે વિશદ પદ અને વૈશદ્યનું વિવરણ અકલંકના જેવું જ રજૂ કર્યું. અકલંકની પરિભાષા એટલી તો દૃઢમૂલ બની ગઈ હતી કે અન્તિમ તાર્કિક ઉપાધ્યાય યશોવિજયજીએ પણ પ્રત્યક્ષના લક્ષણમાં તેનો આશ્રય લીધો (**તર્કભાષા, પૃ. ૧**).

જૈનમ્ જયતિ શાસનમ્

પૃ. ૧૨૮ '**પ્રતિસંખ્યાનેન**'— પ્રતિસંખ્યાન શબ્દ બૌદ્ધ પરંપરામાં જે અર્થમાં પ્રસિદ્ધ છે તે જ અર્થમાં પ્રસંખ્યાન શબ્દ ન્યાય, યોગ આદિ દર્શનોમાં પ્રસિદ્ધ છે (**ન્યાયભાષ્ય, ૪.૨.૨; યોગસૂત્ર, ૪.૨૯**).

અ.૧. આ.૧. સૂત્ર ૩૫-૩૬ પૃ. ૧૫૯ — આ પહેલાં અમે લખ્યું છે કે 'આચાર્ય હેમચન્દ્રે પોતાનું વૈયાકરણત્વ આકર્ષક તાર્કિક શૈલીમાં વ્યક્ત કર્યું છે' (ટિપ્પણ પૃ. ૩૮૫) એનો ખુલાસો આવો સમજવો જોઈએ. વૈયાકરણોની પરિભાષા અનુસાર ક્રિયાવાચી શબ્દ ધાતુ[1] કહેવાય છે અને ધાતુપ્રતિપાદ્ય અર્થ ક્રિયા[2] કહેવાય છે. અકર્મક

---

૧. क्रियार्थो धातुः । **હૈમશબ્દાનુશાસન**, ૩.૩.૩. कृतिः क्रिया प्रवृत्तिर्व्यापार इति यावत् । पूर्वापरीभूता साध्यमानरूपा सा अर्थोऽभिधेयं यस्य स शब्दो धातुसंज्ञो भवति । **હૈમશબ્દાનુશાસનબૃહદ્વૃત્તિ**, ૩.૩.૩.

૨. भवत्यर्थः साध्यरूपः क्रियासामान्यं धात्वर्थः स धातुनैवोच्यते । **હૈમશબ્દાનુશાસનવૃત્તિ**, ૫.૩.૧૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધાતુનાં વાચ્ય ફલ અને વ્યાપાર બન્ને સમાનાધિકરણ અર્થાત્ કર્તૃનિષ્ઠ હોય છે, જ્યારે સકર્મક ધાતુનાં વાચ્ય ફલ અને વ્યાપાર બન્ને અંશ જે ધાતુવાચ્ય હોવાના કારણે ક્રિયારૂપ છે તે વ્યધિકરણ અર્થાત્ અનુક્રમે કર્મનિષ્ઠ અને કર્તૃનિષ્ઠ હોય છે.[1] પ્રકૃત પ્રમાણ-ફલની ચર્ચામાં જ્ઞાધાતુનો વ્યાપારરૂપ અર્થ જે કર્તૃનિષ્ઠ છે તેને પ્રમાણ કહેલ છે અને તેનો ફલરૂપ અર્થ જે કર્મનિષ્ઠ છે તેને ફલ કહેલ છે. જ્ઞાધાતુ સકર્મક હોવાથી તેનો જ્ઞાનાત્મક વ્યાપાર અને તજજન્ય પ્રકાશરૂપ ફલ બન્ને અનુક્રમે કર્તૃનિષ્ઠરૂપે અને કર્મનિષ્ઠરૂપે પ્રતિપાદ્ય છે અને બન્ને ક્રિયારૂપ છે.

પૃ. ૨૯૬ '**स्वपराभासी**' — આચાર્યે સૂત્રમાં આત્માને સ્વાભાસી અને પરાભાસી કહેલ છે. જો કે આ બે વિશેષણોને લક્ષિત કરીને અમે સંક્ષેપમાં ટિપ્પણ લખ્યું છે (**ટિપ્પણ પૃ. ૩૮૭**), તો પણ આ વિષયમાં અન્ય દૃષ્ટિએ લખવું આવશ્યક સમજી અહીં થોડો વિચાર કરવામાં આવે છે.

'સ્વાભાસી' પદના 'સ્વ'નું આભાસનશીલ અને 'સ્વ' દ્વારા આભાસનશીલ એવા બે અર્થો ફલિત થાય છે પરંતુ વસ્તુતઃ આ બન્ને અર્થોમાં કોઈ તાત્ત્વિક ભેદ નથી. બન્ને અર્થોનો મતલબ સ્વપ્રકાશ છે અને સ્વપ્રકાશનું તાત્પર્ય પણ સ્વપ્રત્યક્ષ જ છે. પરંતુ 'પરાભાસી' પદથી ફલિત થનારા બે અર્થોની મર્યાદા એક નથી. પરનું આભાસનશીલ એ એક અર્થ જેને વૃત્તિમાં આચાર્યે પોતે જ દર્શાવ્યો છે અને પર દ્વારા આભાસનશીલ એ બીજો અર્થ. આ બન્ને અર્થોના ભાવમાં અંતર છે. પહેલા અર્થથી આત્માનો પરપ્રકાશન સ્વભાવ સૂચિત કરાય છે જ્યારે બીજા અર્થથી સ્વયં આત્માનો બીજા દ્વારા પ્રકાશિત થવાનો સ્વભાવ સૂચિત થાય છે. એ તો સમજી જ જવું જોઈએ કે ઉક્ત બન્ને અર્થોમાંથી બીજા, અર્થાત્ પર દ્વારા આભાસિત થવું એ અર્થનું તાત્પર્ય પર દ્વારા પ્રત્યક્ષ હોવું એ છે. પહેલા અર્થનું તાત્પર્ય તો પરને પ્રત્યક્ષ યા પરોક્ષ કોઈ રૂપે ભાસિત કરવું એ છે. જે દર્શનો આત્મભિન્ન તત્ત્વને પણ માને છે તે બધા આત્માને પરનો અવભાસક માને જ છે. અને જેમ પ્રત્યક્ષ યા પરોક્ષરૂપે પરનો અવભાસક આત્મા અવશ્ય બને છે તેવી જ રીતે તે કોઈ ને કોઈ રૂપે સ્વનો પણ અવભાસક બને જ છે, તેથી અહીં દાર્શનિકોનો જે મતભેદ દર્શાવવામાં આવે છે તે સ્વપ્રત્યક્ષ અને પરપ્રત્યક્ષના અર્થને લઈને સમજવો જોઈએ. સ્વપ્રત્યક્ષવાદી તે જ હોઈ શકે છે જેઓ જ્ઞાનને સ્વપ્રત્યક્ષ માને છે અને સાથે સાથે જ જ્ઞાન-આત્માનો અભેદ યા કથંચિત્ અભેદ માને છે. શંકર, રામાનુજ આદિ વેદાન્ત, સાંખ્ય, યોગ, વિજ્ઞાનવાદી બૌદ્ધ અને જૈન આ બધાના મતે આત્મા સ્વપ્રત્યક્ષ છે — ભલે ને તે આત્મા કોઈના મતે શુદ્ધ અને નિત્ય ચૈતન્યરૂપ હોય, કોઈના મતે જન્ય જ્ઞાનરૂપ જ હોય કે કોઈના મતે ચૈતન્ય-જ્ઞાનોભયરૂપ હોય — કેમ કે તે બધા આત્મા અને જ્ઞાનનો અભેદ માને છે

---

૧. फलव्यापारयोरेकनिष्ठतायामकर्मकः । धातुस्तयोर्धर्मिभेदे सकर्मक उदाहृतः । વૈયાકરણ-ભૂષણસાર, કારિકા ૧૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા જ્ઞાનમાત્રને સ્વપ્રત્યક્ષ જ માને છે. કુમારિલ જ એક એવા છે જે જ્ઞાનને પરોક્ષ માનીને પણ આત્માને વેદાન્તની જેમ સ્વપ્રકાશ જ કહે છે. આનું તાત્પર્ય એ જણાય છે કે કુમારિલે આત્માનું સ્વરૂપ શ્રુતિસિદ્ધ જ માન્યું છે અને શ્રુતિઓમાં સ્વપ્રકાશત્વ સ્પષ્ટ છે, તેથી જ્ઞાનનું પરોક્ષત્વ માનીને પણ આત્માને સ્વપ્રત્યક્ષ માન્યા વિના તેમની બીજી કોઈ ગતિ જ નથી.[1]

પરપ્રત્યક્ષવાદી તે જ હોઈ શકે છે જે જ્ઞાનને આત્માથી ભિન્ન પરંતુ આત્માનો ગુણ માનતા હોય — ભલે ને પછી તે જ્ઞાન કોઈના મતે સ્વપ્રકાશ હો જેમ કે પ્રભાકરના મતે, અને કોઈના મતે પરપ્રકાશ હો જેમ કે નૈયાયિક આદિના મતે.

પ્રભાકરના મત અનુસાર પ્રત્યક્ષ, અનુમિતિ, આદિ કોઈ પણ સંવિત્ કેમ ન હોય પરંતુ તે બધીમાં આત્મા પ્રત્યક્ષરૂપે અવશ્ય ભાસિત થાય છે. ન્યાય-વૈશેષિક દર્શનમાં મતભેદ છે. તેના ચિંતકો પ્રાચીન હો કે અર્વાચીન બધા એકમતે યોગીની અપેક્ષાએ આત્માને પરપ્રત્યક્ષ જ માને છે કેમ કે તે બધાના મતે યોગજ પ્રત્યક્ષ દ્વારા આત્માનો સાક્ષાત્કાર થાય છે.[2] પરંતુ આપણા જેવા સામાન્ય જનોની અપેક્ષાએ તેમનામાં મતભેદ છે. પ્રાચીન નૈયાયિક અને વૈશેષિક વિદ્વાનો અનુસાર સામાન્ય જનોને આત્મા પ્રત્યક્ષ નથી થતો પણ અનુમિત થાય છે, તેમને માટે તેમનો પોતાનો આત્મા અનુમેય છે.[3] પરંતુ ઉત્તરકાલીન ન્યાય-વૈશેષિક વિદ્વાનો માને છે કે સામાન્ય જનો પણ માનસપ્રત્યક્ષ દ્વારા આત્માનું પ્રત્યક્ષ કરી શકે છે અને આમ તેઓ આત્માને પરપ્રત્યક્ષ દર્શાવે છે.[4]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જ્ઞાનને આત્માથી ભિન્ન માનનારા બધાના મતે એ વાત ફલિત થાય છે કે મુક્તાવસ્થામાં યોગજન્ય યા કોઈ પણ પ્રકારનું જ્ઞાન ન રહેવાના કારણે આત્મા ન તો સાક્ષાત્કર્તા છે કે ન તો સાક્ષાત્કારનો વિષય છે. આ વિષયમાં દાર્શનિક કલ્પનાઓનું રાજ્ય અનેકધા વિસ્તૃત છે પણ અહીં તે અપ્રસ્તુત છે.

પૃ. ૧૮૪ **'साधनात्'** — અનુમાન શબ્દના અનુમિતિ અને અનુમિતિકરણ

---

૧. आत्मनैव प्रकाश्योऽयमात्मा ज्योतिरितीरितम् । **શ્લોકવાર્તિક, આત્મવાદ શ્લોક ૧૪૨**

૨. युञ्जानस्य योगसमाधिजमात्ममनसोः संयोगविशेषादात्मा प्रत्यक्ष इति । **ન્યાયભાષ્ય, ૧.૧.૩.** आत्मन्यात्ममनसोः संयोगविशेषाद् आत्मप्रत्यक्षम् । **વૈશેષિકસૂત્ર, ૯.૧.૧૧.**

3. आत्मा तावत् प्रत्यक्षतो न गृह्यते । **ન્યાયભાષ્ય, ૧.૧.૧૦.** तत्रात्मा मनश्चाप्रत्यक्षे । **વૈશેષિકસૂત્ર, ૮.૧.૨.**

૪. तदेवमहंप्रत्ययविषयत्वात् आत्मा तावत् प्रत्यक्षः । **ન્યાયવાર્તિક, પૃ. ૩૪૨.** अहङ्कारस्याश्रयोऽयं मनोमात्रस्य गोचरः । **કારિકાવલી, ૫૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા બે અર્થ છે. જ્યારે અનુમાન શબ્દ ભાવવાચી હોય ત્યારે તેનો અર્થ અનુમિતિ છે અને જ્યારે અનુમાન શબ્દ કરણવાચી હોય ત્યારે તેનો અર્થ અનુમિતિકરણ છે.

અનુમાન શબ્દમાં અનુ અને માન એ બે અંશ છે. અનુનો અર્થ છે પછીથી અને માનનો અર્થ છે જ્ઞાન અર્થાત્ જે જ્ઞાન બીજા કોઈ જ્ઞાન પછી થાય તે અનુમાન. પરંતુ આ બીજું જ્ઞાન જે વિવક્ષિત છે તે ખાસ જ્ઞાન છે, જે અનુમિતિનું કરણ હોય છે. તે ખાસ જ્ઞાનથી અભિપ્રેત છે વ્યાપ્તિજ્ઞાન જેને લિંગપરામર્શ પણ કહેવામાં આવે છે. પ્રત્યક્ષ અને અનુમાન વચ્ચે મુખ્ય એક અંતર એ પણ છે કે પ્રત્યક્ષ જ્ઞાન નિયમથી જ્ઞાનકારણક નથી હતું જ્યારે અનુમાન તો નિયમથી જ્ઞાનકારણક જ હોય છે. આ જ ભાવ અનુમાન શબ્દના 'અનુ' અંશ દ્વારા સૂચિત થાય છે. જો કે પ્રત્યક્ષભિન્ન બીજાં પણ એવાં જ્ઞાનો છે જે અનુમાનની કોટિમાં ન ગણાતા હોવા છતાં પણ નિયમથી બીજા જ્ઞાનથી જન્ય જ છે, જેવાં કે ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ આદિ તેમ છતાં મૂળમાં તો, વૈશેષિક અને બૌદ્ધ દર્શને સ્વીકાર્યું છે તેમ, પ્રમાણના પ્રત્યક્ષ અને અનુમાન એ બે જ પ્રકાર છે અને બાકીનાં પ્રમાણો કોઈ ને કોઈ રીતે અનુમાન પ્રમાણમાં જ સમાવિષ્ટ કરી શકાય છે જેમ કે ઉક્ત દ્વિપ્રમાણવાદી દર્શનોએ કર્યું પણ છે.

અનુમાન કોઈ પણ વિષયનું કેમ ન હોય, કે કોઈ પણ પ્રકારના હેતુથી જન્ય કેમ ન હોય પરંતુ એટલું તો નિશ્ચિત છે કે અનુમાનના મૂળમાં ક્યાંક ને ક્યાંક પ્રત્યક્ષ જ્ઞાનનું અસ્તિત્વ અવશ્ય હોય છે. મૂળમાં ક્યાંય પણ પ્રત્યક્ષ હોય જ નહિ એવું અનુમાન હોઈ શકતું જ નથી, એવું અનુમાન બિલુકલ અસંભવ છે. પ્રત્યક્ષ પોતાની ઉત્પત્તિમાં અનુમાનની અપેક્ષા કદાપિ રાખતું નથી જ્યારે અનુમાન પોતાની ઉત્પત્તિમાં પ્રત્યક્ષની અપેક્ષા અવશ્ય રાખે છે. આ જ ભાવ ન્યાયસૂત્રગત અનુમાનના લક્ષણમાં 'તત્પૂર્વકમ્' (૧.૧.૫) શબ્દથી અક્ષપાદ ઋષિએ વ્યક્ત કર્યો છે,[૧] તેનું અનુસરણ સાંખ્યકારિકા (કારિકા ૫) આદિના અનુમાનલક્ષણમાં પણ દેખાય છે.

અનુમાનના સ્વરૂપ અને પ્રકારના નિરૂપણ આદિનો દાર્શનિક વિકાસ આપણા સમક્ષ છે. તેને ત્રણ યુગોમાં વિભાજિત કરીને આપણે બરોબર સમજી શકીએ છીએ. તે ત્રણ યુગો આ પ્રમાણે છે — (૧) વૈદિક યુગ, (૨) બૌદ્ધ યુગ અને (૩) નવ્યન્યાય યુગ.

(૧) વૈદિક યુગ — વિચાર કરવાથી જણાય છે કે અનુમાનના લક્ષણ અને પ્રકાર

---

૧. જેમ 'તત્પૂર્વક' શબ્દ પ્રત્યક્ષ અને અનુમાનનું પૌર્વાપર્ય પ્રદર્શિત કરે છે તેવી જ રીતે જૈન પરંપરામાં મતિ અને શ્રુત સંજ્ઞાઓ ધરાવતા બે જ્ઞાનોનું પૌર્વાપર્ય દર્શાવનાર આ શબ્દ છે — 'मइपुव्वं जेण सुयं' (નન્દીસૂત્ર, સૂત્ર ૨૪). **વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૮૯, ૧૦૫-૧૦૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિનું શાસ્ત્રીય નિરૂપણ વૈદિક પરંપરામાં શરૂ થયું અને તેની વિવિધ શાખાઓમાં વિકસવા લાગ્યું. તેનો પ્રારંભ ક્યારે થયો, ક્યાં થયો, કોણે કર્યો, એના પ્રાથમિક વિકાસને કેટલો સમય લાગ્યો, તે વિકાસ કયા કયા પ્રદેશોમાં સિદ્ધ થયો વગેરે પ્રશ્નો કદાચ સદા નિરુત્તર જ રહેશે. તેમ છતાં એટલું તો નિશ્ચિતપણે કહી શકાય કે તેના પ્રાથમિક વિકાસનું ગ્રન્થન પણ વૈદિક પરંપરાના પ્રાચીન અન્ય ગ્રન્થોમાં દેખાય છે.

આ વિકાસ વૈદિકયુગીન એટલા માટે પણ છે કે તેનો પ્રારંભ કરવામાં જૈન અને બૌદ્ધ પરંપરાનો ફાળો તો છે જ નહિ ઊલટું આ બન્ને પરંપરાએ તો વૈદિક પરંપરામાંથી જ ઉક્ત શાસ્ત્રીય નિરૂપણને શરૂઆતમાં અક્ષરશઃ અપનાવી લીધું. આ વૈદિકયુગીન અનુમાનનિરૂપણ આપણને બે વૈદિક પરંપરાઓમાં ઓછાવત્તા ફેરફાર સાથે જોવા મળે છે.

(अ) વૈશેષિક અને મીમાંસક પરંપરા — આ પરંપરાને સ્પષ્ટતઃ વ્યક્ત કરનારા અત્યારે આપણી પાસે પ્રશસ્ત અને શાબર બે ભાષ્યો છે. બન્નેમાં અનુમાનના બે પ્રકારોનો જ ઉલ્લેખ છે,[1] જે મૂળમાં કોઈ એક વિચારપરંપરાને સૂચવે છે. મારું પોતાનું પણ માનવું છે કે મૂળમાં વૈશેષિક અને મીમાંસક બન્ને પરંપરાઓ ક્યારેક અભિન્ન હતી[2] જે પછીથી આગળ ઉપર ક્રમશઃ જુદી પડી અને જુદા જુદા માર્ગે વિકાસ પામતી રહી.

(ब) બીજી વૈદિક પરંપરામાં ન્યાય, સાંખ્ય અને ચરક એ ત્રણ શાસ્ત્રોનો સમાવેશ છે. તેમનામાં અનુમાનના ત્રણ પ્રકારોનો ઉલ્લેખ છે અને તેમનું વર્ણન પણ છે.[3] વૈશેષિક તથા મીમાંસક દર્શનમાં વર્ણવાયેલા બે પ્રકારોના બોધક શબ્દો લગભગ સમાન છે, જ્યારે ન્યાય આદિ શાસ્ત્રોની બીજી પરંપરામાં મળતા ત્રણ પ્રકારોના બોધક શબ્દો એક જ છે. અલબત્ત, બધાં શાસ્ત્રોમાં ઉદાહરણો એકસરખાં નથી.

જૈન પરંપરામાં સૌ પ્રથમ અનુમાનના ત્રણ પ્રકારો અનુયોગદ્વારસૂત્રમાં (ઈ.સ.

---

૧. तत् तु द्विविधम् — प्रत्यक्षतो दृष्टसम्बन्धं सामान्यतो दृष्टसम्बन्धं च । **શબરભાષ્ય, ૧.૧.૫.** तत् तु द्विविधम् — प्रत्यक्षतो दृष्टं सामान्यतो दृष्टं च । **પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૨૦૫.**

૨. મીમાંસા દર્શન 'अथातो धर्मजिज्ञासा'માં ધર્મથી જ શરૂ થાય છે, તેવી જ રીતે વૈશેષિક દર્શન પણ 'अथातो धर्मं व्याख्यास्यामः' સૂત્રમાં ધર્મનિરૂપણથી શરૂ થાય છે. 'चोदनालक्षणोऽर्थो धर्मः' અને 'तद्वचनादाम्नायस्य प्रामाण्यम्' બન્નેનો ભાવ સમાન છે.

૩. पूर्ववच्छेषवत्सामान्यतोदृष्टं च । **ન્યાયસૂત્ર, ૧.૧.૫. માઠરવૃત્તિ, કારિકા ૫. ચરકસંહિતા, સૂત્રસ્થાન શ્લોક ૨૮-૨૯.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ શતાબ્દી) મળે છે[1], જેમના બોધક શબ્દો અક્ષરશઃ ન્યાયદર્શન અનુસાર જ છે. પરંતુ તો પણ અનુયોગદ્વારસૂત્રમાં વર્ણવાયેલા ત્રણ પ્રકારોનાં ઉદાહરણોમાં એટલી વિશેષતા અવશ્ય છે કે તેમનામાં ભેદ-પ્રતિભેદરૂપે વૈશેષિક-મીમાંસક દર્શનોવાળી દ્વિવિધ અનુમાનની પરંપરાનો પણ સમાવેશ થઈ જ ગયો છે.

બૌદ્ધ પરંપરામાં અનુમાનના ન્યાયસૂત્રવાળા ત્રણ પ્રકારોનું જ વર્ણન છે જે એક માત્ર ઉપાયહૃદયમાં (પૃ. ૧૩) હજુ સુધી જોવા મળે છે. જેવું સમજવામાં આવે છે તે મુજબ, ઉપાયહૃદય જો નાગાર્જુનકૃત ન હોય તો પણ તે દિઙ્નાગ પહેલાંની રચના તો અવશ્ય હોવી જોઈએ. આમ આપણે જોઈએ છીએ કે ઈ.સ.ની ચોથી-પાંચમી શતાબ્દી સુધીના જૈન-બૌદ્ધ સાહિત્યમાં વૈદિકયુગીન ઉક્ત બે પરંપરાઓનું અનુમાનવર્ણન જ સંગૃહીત કરવામાં આવ્યું છે. ત્યાં સુધી જૈન-બૌદ્ધ બન્ને પરંપરાઓ મુખ્યપણે પ્રમાણના વિષયમાં, ખાસ કરીને અનુમાનપ્રણાલીના વિષયમાં, વૈદિક પરંપરાનું જ અનુસરણ કરતી દેખાય છે.

(૨) બૌદ્ધયુગ — ઈ.સ.ની પાંચમી શતાબ્દીથી આ વિષયમાં બૌદ્ધયુગ શરૂ થાય છે. આને બૌદ્ધયુગ એટલા માટે કહેવામાં આવે છે કે અત્યાર સુધી જે અનુમાનપ્રણાલી વૈદિક પરંપરા અનુસાર જ માન્ય થતી રહી હતી તેનો પૂરા બળથી પ્રતિવાદ કરીને દિઙ્નાગે અનુમાનનું લક્ષણ સ્વતન્ત્રપણે નવેસરથી રચ્યું[2] અને અનુમાનના પ્રકારો પણ પોતાની બૌદ્ધ દૃષ્ટિએ દર્શાવ્યા. દિઙ્નાગના આ નવા અનુમાનપ્રસ્થાનને બધા ઉત્તરવર્તી બૌદ્ધ વિદ્વાનોએ અપનાવ્યું[3] અને તેમણે દિઙ્નાગની જેમ જ ન્યાય આદિ શાસ્ત્રસમ્મત વૈદિક પરંપરાના લક્ષણ પ્રકાર આદિનું ખંડન કર્યું[4] જેનો સ્વીકાર ક્યારેક પ્રસિદ્ધ પૂર્વવર્તી બૌદ્ધ તાર્કિકોએ પોતે જ કર્યો હતો. હવેથી વૈદિક અને બૌદ્ધ તાર્કિકોની વચ્ચે ખંડન-મંડનની ખાસ સામસામી છાવણીઓ બની ગઈ. વાત્સ્યાયનભાષ્યના ટીકાકારાનુટીકાકાર ઉદ્યોતકર, વાચસ્પતિ મિશ્ર વગેરેએ વસુબન્ધુ, દિઙ્નાગ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ તાર્કિકોના લક્ષણપ્રણયન આદિનું જોરશોરથી ખંડન કર્યું છે[5] જેનો ઉત્તર ક્રમે ક્રમે બૌદ્ધ તાર્કિકો દેતા રહ્યા છે.

जैनम् जयति शासनम् JAINSITE.com

---

૧. तिविहे पण्णत्ते तं जहा — पुव्ववं, सेसवं, दिट्ठसाहम्मवं । અનુયોગદ્વારસૂત્ર, પૃ. ૨૧૨ A.

૨. પ્રમાણસમુચ્ચય, ૨.૧. Buddhist Logic, Vol. I, p.236.

૩. अनुमानं लिङ्गादर्थदर्शनम् । ન્યાયપ્રવેશ, પૃ. ૭. ન્યાયબિન્દુ, ૨.૩. તત્ત્વસંગ્રહ, કારિકા ૧૩૬૨.

૪. પ્રમાણસમુચ્ચય, પરિચ્છેદ ૨. તત્ત્વસંગ્રહ, કારિકા ૧૪૪૨. તાત્પર્યટીકા, પૃ. ૧૮૦.

૫. ન્યાયવાર્તિક, પૃ. ૪૯. તાત્પર્યટીકા, પૃ. ૧૮૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૌદ્ધયુગનો પ્રભાવ જૈન પરંપરા ઉપર પણ પડ્યો. બૌદ્ધ તાર્કિકોને વૈદિક પરંપરાસમ્મત અનુમાનલક્ષણ, અનુમાનભેદ આદિનું ખંડન કરતા તેમજ સ્વતન્ત્રપણે લક્ષણપ્રણયન કરતા જોઈને સિદ્ધસેન[1] જેવા જૈન તાર્કિકોએ પણ સ્વતન્ત્રપણે પોતાની દૃષ્ટિ (જૈન દૃષ્ટિ) અનુસાર અનુમાનલક્ષણપ્રણયન કર્યું. ભટ્ટારક અકલંકે તે સિદ્ધસેનીય લક્ષણપ્રણયન માત્રમાં જ સંતોષ ન માન્યો પરંતુ સાથે સાથે જ બૌદ્ધ તાર્કિકોની જેમ વૈદિક પરંપરાસમ્મત અનુમાનના ભેદ-પ્રભેદોના ખંડનનો સૂત્રપાત પણ સ્પષ્ટપણે કર્યો[2] જેને વિદ્યાનન્દ આદિ ઉત્તરવર્તી દિગમ્બરીય તાર્કિકોએ વિસ્તાર્યો અને પલ્લવિત કર્યો.[3]

નવા બૌદ્ધયુગનાં બે પરિણામો સ્પષ્ટ દેખાય છે. એક તો એ કે બૌદ્ધ અને જૈન પરંપરામાં સ્વતન્ત્રપણે અનુમાનલક્ષણ આદિનું પ્રણયન થવા લાગ્યું તેમ જ પોતાના જ પૂર્વાચાર્યોએ કયારેક સ્વીકારેલાં વૈદિક પરંપરાસમ્મત અનુમાનલક્ષણ અનુમાનવિભાગ વગેરેનું ખંડન પણ થવા લાગ્યું. બીજું પરિણામ એ આવ્યું કે બધા વૈદિક વિદ્વાનો બૌદ્ધસમ્મત અનુમાનપ્રણાલીનું ખંડન કરવા લાગ્યા અને બૌદ્ધોની સામે પોતાના પૂર્વાચાર્યોને સમ્મત એવી અનુમાનપ્રણાલીનું તર્કબદ્ધ સ્થાપન કરવા લાગ્યા. આ બીજા પરિણામમાં, ભલે ને ગૌણરૂપે જ કેમ ન હોય, એક ઉલ્લેખનીય વાત એ પણ દાખલ થઈ છે કે ભાસર્વજ્ઞ જેવા વૈદિક પરંપરાના કોઈ કોઈ તાર્કિકના લક્ષણપ્રણયનમાં બૌદ્ધ લક્ષણની અસર આવી ગઈ[4] જે જૈન તાર્કિકોના લક્ષણપ્રણયનમાં તો બૌદ્ધયુગના પ્રારંભથી જ આજ સુધી એકધારી ચાલી આવી છે.[5]

(૩) નવ્યન્યાયયુગ — ત્રીજો નવ્યન્યાયયુગ ઉપાધ્યાય ગંગેશથી શરૂ થાય છે. ગંગેશે પોતાના વૈદિક પૂર્વાચાર્યોના અનુમાનલક્ષણને કાયમ રાખીને પણ તેમાં સૂક્ષ્મ પરિષ્કાર[6] કર્યો જેનો આદર ઉત્તરવર્તી બધા નવ્ય નૈયાયિકોએ જ નહિ પરંતુ બધા વૈદિક દર્શનોના પરિષ્કારકોએ પણ કર્યો. આ નવીન પરિષ્કારના સમયથી ભારતવર્ષમાં બૌદ્ધ તાર્કિકો લગભગ નામશેષ થઈ ગયા. એ કારણે બૌદ્ધ ગ્રન્થોમાં

---

૧. साध्याविनाभुनो लिङ्गात् साध्यनिश्चायकं स्मृतम् । अनुमानम् । ન્યાયાવતાર, ૫.

૨. ન્યાયવિનિશ્ચય, ૨.૧૭૧-૧૭૨.

૩. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, પૃ. ૨૦૫. પ્રમેયકમલમાર્તંડ, પૃ. ૧૦૫.

૪. सम्यगविनाभावेन परोक्षानुभवसाधनमनुमानम् । ન્યાયસાર, પૃ. ૫.

૫. ન્યાયાવતાર, ૫. ન્યાયવિનિશ્ચય, ૨.૧. પ્રમાણપરીક્ષા, પૃ. ૭૦. પરીક્ષામુખ, ૩.૧૪.

૬. अतीतानागतधूमादिज्ञानेऽप्यनुमितिदर्शनान्न लिङ्गं तद्धेतुः व्यापारपूर्ववर्तितयोरभावात् .... किन्तु व्याप्तिज्ञानं करणं परामर्शो व्यापारः । તત્ત્વચિન્તામણિ, પરામર્શ પૃ. ૫૩૬-૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનો સ્વીકાર કે તેનું ખંડન મળવાનો તો સંભવ જ નથી પરંતુ જૈન પરંપરા વિશે એવું નથી.જૈન પરંપરા તો પહેલાંની જેમ જ નવ્યન્યાયયુગથી આજ સુધી ભારતવર્ષમાં ચાલી રહી છે અને એવી વાત પણ નથી કે નવ્યન્યાયયુગના મર્મજ્ઞ કોઈ જૈન તાર્કિકો થયા જ નથી. ઉપાધ્યાય યશોવિજયજી જેવા તત્ત્વચિન્તામણિ અને આલોક આદિ નવ્યન્યાયના ગ્રન્થમણિઓના અભ્યાસી સૂક્ષ્મપ્રજ્ઞ તાર્કિકો જૈન પરંપરામાં થયા છે તેમ છતાં પણ તેમના તર્કભાષા જેવા ગ્રન્થોમાં નવ્યન્યાયયુગીન પરિષ્કૃત અનુમાનલક્ષણનો સ્વીકાર કે તેનું ખંડન દેખાતું નથી. ઉપાધ્યાય યશોવિજયજીએ પણ પોતાના તર્કભાષા જેવા પ્રમાણવિષયક મુખ્ય ગ્રન્થમાં અનુમાનનું લક્ષણ તે જ રાખ્યું છે જે બધા પૂર્વવર્તી શ્વેતામ્બર-દિગમ્બર તાર્કિકોએ માન્ય કર્યું છે.

આચાર્ય હેમચન્દ્રે અનુમાનનું જે લક્ષણ બાંધ્યું છે તે સિદ્ધસેન અને અકલંક આદિ પ્રાક્તન જૈન તાર્કિકો દ્વારા સ્થાપિત અને સમર્થિત જ રહ્યું છે. તેમાં આચાર્ય હેમચન્દ્રે કોઈ સુધારો કે ન્યૂનાધિકતા કરેલ નથી. તેમ છતાં હેમચન્દ્રીય અનુમાનનિરૂપણમાં એક ધ્યાન દેવા જેવી વિશેષતા તો છે. તે એ કે પૂર્વવર્તી બધા જૈન તાર્કિકોએ — જેમાં અભયદેવ, વાદી દેવસૂરિ આદિ શ્વેતામ્બર તાર્કિકોનો પણ સમાવેશ થાય છે — વૈદિક પરંપરાસમ્મત ત્રિવિધઅનુમાનપ્રણાલીનું સાટોપ ખંડન[1] કર્યું હતું, તેને આચાર્ય હેમચન્દ્રે છોડી દીધું છે. એ અમે કહી શકતા નથી કે હેમચન્દ્રે સંક્ષેપરુચિની દૃષ્ટિએ તે ખંડનને, જે પહેલેથી બરાબર જૈન ગ્રન્થોમાં ચાલતું આવતું હતું તેને, છોડી દીધું કે પછી પૂર્વાપર અસંગતિની દૃષ્ટિએ છોડી દીધું. જે હો તે , પરંતુ આચાર્ય હેમચન્દ્રે વૈદિક પરંપરાસમ્મત અનુમાનત્રૈવિધ્યના ખંડનનો પરિત્યાગ કરવાથી, જૈન ગ્રન્થોમાં — ખાસ કરીને શ્વેતામ્બર ગ્રન્થોમાં જે એક પ્રકારની અસંગતિ આવી ગઈ હતી તે દૂર થઈ ગઈ. તેનું શ્રેય આચાર્ય હેમચન્દ્રને જ છે.

અસંગતિ એ હતી કે આર્યરક્ષિત જેવા પૂર્વધર ગણાતા આગમધર જૈન આચાર્યે ન્યાયસમ્મત અનુમાનત્રૈવિધ્યનો ઘણા વિસ્તારથી સ્વીકાર કર્યો હતો અને સમર્થન કર્યું હતું પરંતુ તેમના જ ઉત્તરાધિકારીઓ અભયદેવ વગેરે શ્વેતામ્બર તાર્કિકોએ તેનું સાવેશ ખંડન કર્યું હતું. દિગમ્બર પરંપરામાં તો આ અસંગતિ એટલા માટે નથી માની શકાતી કેમ કે તે પરંપરા આર્યરક્ષિતના અનુયોગદ્વારને માનતી જ નથી. તેથી દિગમ્બરીય તાર્કિકો અકલંક આદિએ ન્યાયદર્શનસમ્મત અનુમાનત્રૈવિધ્યનું જે ખંડન કર્યું તેમાં તેમણે પોતાના પૂર્વાચાર્યોના માર્ગથી ચ્યુત થઈ કોઈ પણ રીતે તેમના વિરુદ્ધ કર્યું એમ કહી

---

૧. સન્મતિટીકા, પૃ. ૫૫૯, સ્યાદ્વાદરત્નાકર, પૃ. ૫૨૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકાય નહિ. પરંતુ શ્વેતામ્બર પરંપરાની વાત જુદી છે. અભયદેવ આદિ શ્વેતામ્બરીય તાર્કિકો, જેમણે ન્યાયદર્શનસમ્મત અનુમાનત્રૈવિધ્યનું ખંડન કર્યું તેઓ તો અનુમાનત્રૈવિધ્યના પક્ષપાતી આર્યરક્ષિતના અનુગામીઓ/અનુયાયીઓ હતા. તેથી તેમનું તે ખંડન પોતાના જ પૂર્વાચાર્યના તે સમર્થન સાથે સ્પષ્ટપણે મેળ ખાતું નથી.

આચાર્ય હેમચન્દ્રે કદાચ વિચાર્યું કે શ્વેતામ્બર તાર્કિકો અકલંક વગેરે દિગમ્બર તાર્કિકોનું અનુસરણ કરવા જતાં સ્વપરંપરાની અસંગતિમાં પડી ગયા છે. આ વિચારના કારણે તેમણે કદાચ પોતાની વ્યાખ્યામાં ત્રિવિધ અનુમાનના ખંડનનો પરિત્યાગ કર્યો. સંભવ છે કે હેમચન્દ્રના આ અસંગતિપરિહારનો આદર ઉપાધ્યાય યશોવિજયજીએ પણ કર્યો અને પોતાના તર્કભાષા નામના ગ્રન્થમાં વૈદિક પરંપરાસમ્મત અનુમાનત્રૈવિધ્યનો નિરાસ કર્યો નહિ પરંતુ હેતુના પાંચરૂપ્યનો નિરાસ તો અવશ્ય કર્યો.

પૃ. ૧૮૬ **'भिक्षवः'** — નીચે આપવામાં આવેલું હેતુ અને હેત્વાભાસોની સંખ્યાનું કોષ્ઠક દિઙ્નાગના હેતુચક્ર અને ન્યાયમુખ (કારિકા ૨) અનુસાર છે.

દિઙ્નાગના પ્રસ્તુત મન્તવ્યને 'अत्र दिङ्नागेन' એમ કહીને વાચસ્પતિએ (તાત્પર્યટીકા, પૃ. ૨૮૯) ઉદ્ધૃત કર્યું છે, તે નીચે મુજબ છે.

**सपक्षे सन्नसन् द्वेधा पक्षधर्मः पुनस्त्रिधा ।**
***प्रत्येकमसपक्षे च सदसद्द्विविधत्वतः ॥***
**तत्र यः सन् सजातीये द्वेधा चासंस्तदत्यये ।**
**स हेतुर्विपरीतोऽस्माद्विरुद्धोऽन्यत्वनिश्चितः ॥**

આ કારિકાઓ વિદ્યાભૂષણે પ્રમાણસમુચ્ચયના તૃતીય પરિચ્છેદની દર્શાવી છે. જુઓ Indian Logic, p. 243


હેતુનું સપક્ષ અને વિપક્ષમાં ગણિતના સિદ્ધાન્ત અનુસાર જેટલી પણ રીતે રહેવું સંભવતું હોય તે બધી રીતોનો સમાવેશ આ ચક્રમાં કરવામાં આવ્યો છે. પરિણામે એ જ સિદ્ધ થાય છે કે હેતુ જુદી જુદી નવ જ રીતોએ સપક્ષ અને વિપક્ષમાં રહી શકે છે — વધારે કે ઓછી રીતોએ નહિ. આ નવ રીતોમાંથી કેવળ બે જ રીતોથી સત્ હેતુ છે, બાકીની સાતથી સાત હેત્વાભાસો છે. આ સાત હેત્વાભાસોમાંથી બે તો સત્ હેતુથી અત્યન્ત વિપરીત હોવાના કારણે વિરુદ્ધ કહેવાય છે. બાકીના પાંચ અનૈકાન્તિક અર્થાત્ સન્દિગ્ધ કહેવાય છે કેમ કે તેમનું સપક્ષ-વિપક્ષમાં રહેવું અનિશ્ચિત રીતોએ હોય છે. કાં તો તેઓ સપક્ષમાં રહીને વિપક્ષૈકદેશમાં — જ્યાં હેતુનું રહેવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉચિત નથી ત્યાં — પણ રહે છે કાં તો બધા સપક્ષોમાં રહીને બધા વિપક્ષોમાં પણ રહે છે કાં તો કેવળ પક્ષમાં જ રહીને કોઈ સપક્ષ કે કોઈ વિપક્ષમાં રહેતા નથી. અન્તિમ સ્થિતિમાં તો હેતુ અસાધારણ યા અવ્યાપક અનૈકાન્તિક હેત્વાભાસ બની જાય છે, પરિણામે તેનાથી કોઈ સિદ્ધિ થતી નથી. જો હેતુ બધા સપક્ષો અને બધા વિપક્ષોમાં રહે તો તે સાધારણ હેત્વાભાસ બની જાય છે, એટલે પણ તેનાથી કોઈ સિદ્ધિ થઈ શકતી નથી. ઉપરોક્ત બે સાધારણ અને અસાધારણ હેત્વાભાસોનો પ્રયોગ વ્યવહારમાં વિરલ છે, તો પણ તેમનું સૈદ્ધાન્તિક મહત્ત્વ ઓછું નથી કેમ કે તેઓ હેત્વાભાસની બે અન્તિમ સીમાના નિદર્શક છે અને તે બન્ને અવસ્થાઓની વચ્ચે જ ક્યાંક આપણને સત્ હેતુ મળી શકે છે. બાકી ત્રણ અનૈકાન્તિક રહે છે અને સાચેસાચ તો આ ત્રણ જ અનૈકાન્તિક નામની યોગ્યતા ધરાવે છે કેમ કે આ ત્રણ જ એવા છે જે સપક્ષમાં રહીને પણ કાં તો બધા વિપક્ષોમાં રહે છે કાં તો કેટલાક વિપક્ષોમાં રહે છે.

આમ હેતુની સપક્ષ અને વિપક્ષમાં ભિન્ન ભિન્ન નવ અવસ્થિતિઓને આધારે બે સત્ હેતુ બનશે, બે વિરુદ્ધ હેત્વાભાસો બનશે, બે અન્તિમ બે સીમાઓ દર્શાવનાર સાધારણ અને અસાધારણ એ બે હેત્વાભાસો બનશે અને બાકીના ત્રણ વિપક્ષમાં પણ રહેવાના કારણે અનૈકાન્તિક બનશે. જુઓ Buddhist Logic, Vol. I, p. 321-323. (કોષ્ઠક માટે પૃ. ૪૭૭ જુઓ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રમાણમીમાંસાનાં પરિશિષ્ટો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧. પ્રમાણમીમાંસાનો સૂત્રપાઠ

अथ प्रमाणमीमांसा ॥१॥

सम्यगर्थनिर्णयः प्रमाणम् ॥२॥

स्वनिर्णयः सन्नप्यलक्षणम्, अप्रमाणेऽपि भावात् ॥३॥

ग्रहीष्यमाणग्राहिण इव गृहीतग्राहिणोऽपि नाप्रामाण्यम् ॥४॥

अनुभयत्रोभयकोटिस्पर्शी प्रत्ययः संशयः ॥५॥

विशेषानुल्लेख्यनध्यवसायः ॥६॥

अतस्मिंस्तदेवेति विपर्ययः ॥७॥

प्रामाण्यनिश्चयः स्वतः परतो वा ॥८॥

प्रमाणं द्विधा ॥९॥

प्रत्यक्षं परोक्षं च ॥१०॥

व्यवस्थान्यधीनिषेधानां सिद्धेः प्रत्यक्षेतरप्रमाणसिद्धिः ॥११॥

भावाभावात्मकत्वाद्वस्तुनो निर्विषयोऽभावः ॥१२॥

विशदः प्रत्यक्षम् ॥१३॥

प्रमाणान्तरानपेक्षेदन्तया प्रतिभासो वा वैशद्यम् ॥१४॥

तत् सर्वथावरणविलये चेतनस्य स्वरूपाविर्भावो मुख्यं केवलम् ॥१५॥

प्रज्ञातिशयविश्रान्त्यादिसिद्धेस्तत्सिद्धिः ॥१६॥

बाधकाभावाच्च ॥१७॥

तत्तारतम्येऽवधिमनःपर्यायौ च ॥१८॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विशुद्धिक्षेत्रस्वामिविषयभेदात् तद्भेदः ॥१९॥

इन्द्रियमनोनिमित्तोऽवग्रहेहावायधारणात्मा सांव्यवहारिकम् ॥२०॥

स्पर्शरसगन्धरूपशब्दग्रहणलक्षणानि स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणीन्द्रियाणि द्रव्यभावभेदानि ॥२१॥

द्रव्येन्द्रियं नियताकाराः पुद्गलाः ॥२२॥

भावेन्द्रियं लब्ध्युपयोगौ ॥२३॥

सर्वार्थग्रहणं मनः ॥२४॥

नार्थालोकौ ज्ञानस्य निमित्तमव्यतिरेकात् ॥२५॥

अक्षार्थयोगे दर्शनानन्तरमर्थग्रहणमवग्रहः ॥२६॥

अवगृहीतविशेषाकाङ्क्षणमीहा ॥२७॥

ईहितविशेषनिर्णयोऽवायः ॥२८॥

स्मृतिहेतुर्धारणा ॥२९॥

प्रमाणस्य विषयो द्रव्यपर्यायात्मकं वस्तु ॥३०॥

अर्थक्रियासामर्थ्यात् ॥३१॥

तल्लक्षणत्वाद्वस्तुनः ॥३२॥

पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षणपरिणामेनास्यार्थक्रियोपपत्तिः ॥३३॥

फलमर्थप्रकाशः ॥३४॥

कर्मस्था क्रिया ॥३५॥

कर्तृस्था प्रमाणम् ॥३६॥

तस्यां सत्यामर्थप्रकाशसिद्धेः ॥३७॥

अज्ञाननिवृत्तिर्वा ॥३८॥

अवग्रहादीनां वा क्रमोपजनधर्माणां पूर्वं पूर्वं प्रमाणमुत्तरमुत्तरं फलम् ॥३९॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

हानादिबुद्धयो वा ॥४०॥

प्रमाणाद्भिन्नाभिन्नम् ॥४१॥

स्वपराभासी परिणाम्यात्मा प्रमाता ॥४२॥

## इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य प्रथममाह्निकम् ॥

अविशदः परोक्षम् ॥१॥

स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमास्तद्विधयः ॥२॥

वासनोद्‌बोधहेतुका तदित्याकारा स्मृतिः ॥३॥

दर्शनस्मरणसम्भवं तदेवेदं तत्सदृशं तद्विलक्षणं तत्प्रतियोगीत्यादिसङ्कलनं प्रत्यभिज्ञानम् ॥४॥

उपलम्भानुपलम्भनिमित्तं व्याप्तिज्ञानम् ऊहः ॥५॥

व्याप्तिर्व्यापकस्य व्याप्ये सति भाव एव व्याप्यस्य वा तत्रैव भावः ॥६॥

साधनात्साध्यविज्ञानम् अनुमानम् ॥७॥

तत् द्विधा स्वार्थं परार्थं च ॥८॥

स्वार्थं स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणात् साधनात् साध्यज्ञानम् ॥९॥

सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः ॥१०॥

ऊहात् तन्निश्चयः ॥११॥

स्वभावः कारणं कार्यमेकार्थसमवायि विरोधि चेति पञ्चधा साधनम् ॥१२॥

सिषाधयिषितमसिद्धमबाध्यं साध्यं पक्षः ॥१३॥

प्रत्यक्षानुमानागमलोकस्ववचनप्रतीतयो बाधाः ॥१४॥

साध्यं साध्यधर्मविशिष्टो धर्मी, क्वचित्तु धर्मः ॥१५॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धर्मी प्रमाणसिद्धः ॥१६॥

बुद्धिसिद्धोऽपि ॥१७॥

न दृष्टान्तोऽनुमानाङ्गम् ॥१८॥

साधनमात्रात् तत्सिद्धेः ॥१९॥

स व्याप्तिदर्शनभूमिः ॥२०॥

स साधर्म्यवैधर्म्याभ्यां द्वेधा ॥२१॥

साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तः ॥२२॥

साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मनिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तः ॥२३॥

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य द्वितीयमाह्निकम् ॥**

JAINSITE .com जैनम् જયતિ શાસનમ્

यथोक्तसाधनाभिधानजः परार्थम् ॥१॥

वचनमुपचारात् ॥२॥

तद् द्वेधा ॥३॥

तथोपपत्त्यन्यथानुपपत्तिभेदात् ॥४॥

नानयोस्तात्पर्ये भेदः ॥५॥

अत एव नोभयोः प्रयोगः ॥६॥

विषयोपदर्शनार्थं तु प्रतिज्ञा ॥७॥

गम्यमानत्वेऽपि साध्यधर्माधारसन्देहापनोदाय धर्मिणि पक्षधर्मोपसंहारवत् तदुपपत्तिः ॥८॥

एतावान् प्रेक्षप्रयोगः ॥९॥

बोध्यानुरोधात् प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चापि ॥१०॥

साध्यनिर्देशः प्रतिज्ञा ॥११॥

साधनत्वाभिव्यञ्जकविभक्त्यन्तं साधनवचनं हेतुः ॥१२॥

दृष्टान्तवचनमुदाहरणम् ॥१३॥

धर्मिणि साधनस्योपसंहार उपनयः ॥१४॥

साध्यस्य निगमनम् ॥१५॥

असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥१६॥

नासन्ननिश्चितसत्त्वो वाऽन्यथानुपपन्न इति सत्त्वस्यासिद्धौ सन्देहे वाऽसिद्धः ॥१७॥

वादिप्रतिवाद्युभयभेदाच्चैतद्भेदः ॥१८॥

विशेष्यासिद्धादीनामेष्वेवान्तर्भावः ॥१९॥

विपरीतनियमोऽन्यथैवोपपद्यमानो विरुद्धः ॥२०॥

नियमस्यासिद्धौ सन्देहे वाऽन्यथाप्युपपद्यमानोऽनैकान्तिकः ॥२१॥

साधर्म्यवैधर्म्याभ्यामष्टावष्टौ दृष्टान्ताभासाः ॥२२॥

अमूर्तत्वेन नित्ये शब्दे साध्ये कर्मपरमाणुघटाः साध्यसाधनोभयविकलाः ॥२३॥

वैधर्म्येण परमाणुकर्माकाशाः साध्याद्यव्यतिरेकिणः ॥२४॥

वचनाद्रागे रागान्मरणधर्मकिञ्चिज्ज्ञत्वयोः सन्दिग्धसाध्याद्यन्वयव्यतिरेका रथ्यापुरुषादयः ॥२५॥

विपरीतान्वयव्यतिरेकौ ॥२६॥

अप्रदर्शितान्वयव्यतिरेकौ ॥२७॥

साधनदोषोद्भावनं दूषणम् ॥२८॥

अभूतदोषोद्भावनानि दूषणाभासा जात्युत्तराणि ॥२९॥

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत्त्वसंरक्षणार्थं प्राश्निकादिसमक्षं साधनदूषणवदनं वादः ॥३०॥

स्वपक्षस्य सिद्धिर्जयः ॥३१॥

असिद्धिः पराजयः ॥३२॥

स निग्रहो वादिप्रतिवादिनोः ॥३३॥

न विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम् ॥३४॥

नाऽप्यसाधनाङ्गवचनादोषोद्भावने ॥३५॥

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां द्वितीयस्याध्यायस्य कियन्ति सूत्राणि ॥**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## २. પ્રમાણમીમાંસાનાં સૂત્રોની તુલના

| | |
|---|---|
| १.१.२ | परी० १.१ । प्रमाणन० १.२ । |
| १.१.५ | लघी० स्ववि० १.४ । प्रमाणन० १.१२ । |
| १.१.६ | प्रमाणन० १.१४ । |
| १.१.७ | प्रमाणन० १.१० । |
| १.१.८ | परी० १.१३ । प्रमाणन० १.२१ । |
| १.१.९-१० | परी० २.१-२ । प्रमाणन० २.१ । |
| १.१.११ | परी० ६.५६ । |
| १.१.१३ | न्याया० ४ । लघी० १.३ । परी० २.३ । प्रमाणन० २.२ । |
| १.१.१४ | लघी० १.४ । परी० २.४ । प्रमाणन० २.३ । |
| १.१.१५ | न्याया० २७ । परी० २.११ । |
| १.१.१६ | योगभा० १.२५ । |
| १.१.१७ | लघी० स्ववि० १.४ । |
| १.१.१८. | प्रमाणन० २.२०-२२ । |
| १.१.१९. | तत्त्वार्थ० १.२६ । |
| १.१.२० | तत्त्वार्थ० १.१४-१५ । लघी० १.५-६ । परी० २.५ । प्रमाणन. २.५-६ । |
| १.१.२१ | न्यायसू. १.१.१२, १४ । तत्त्वार्थ० २.२०, २१ । |
| १.१.२२ | तत्त्वार्थ० २.१७ । |

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| १.१.२३ | तत्त्वार्थ० २.१८ । |
| १.१.२४ | न्यायभा० १.१.९ । |
| १.१.२५ | लघी० ६.३-७ । लघी० स्ववि० ६.५,७ । परी० २.६ । |
| १.१.२६-२९ | लघी० १.५, ६ । प्रमाणन० २.७-१० । |
| १.१.२७ | लघी० स्ववि० १.५ । |
| १.१.२८ | लघी० स्ववि० १.५ । |
| १.१.२९ | लघी० स्ववि० १.६ । |
| १.१.३० | न्याया० २९ । लघी० २.१ । परी० ४.१ । प्रमाणन० ५.१ । |
| १.१.३१-३२ | न्यायबि० १.१५ । |
| १.१.३३ | परी० ४.२ । प्रमाणन० ५.२ । |
| १.१.३४ | न्यायबि० १.१९ । तत्त्वसं० का० १३४४ । |
| १.१.३७ | न्यायाबि० १.२१ । |
| १.१.३८ | न्याया० २८ । आप्तमी० १०२ । परी० ५.१ । प्रमाणन० ६.३. |
| १.१.३९ | लघी० १.६ । |
| १.१.४० | न्याया० २८ । आप्तमी० १०२ । परी० ५.१ । प्रमाणन० ६.४, ५ । |
| १.१.४१ | अष्टश० का० १०२ । परी० ५.२ । प्रमाणन० ६.६ । |
| १.१.४२ | न्याया० ३१ । प्रमाणन ७. ५४, ५५ । |
| १.२.१ | न्याया० ४ । लघी० १.३ । परी० ३.१ । प्रमाणन० ३.१ । |
| १.२.२ | लघी० ३.१ । परी० ३.२ । प्रमाणन० ३.२ । |
| १.२.३ | परी० ३.३ । प्रमाणन० ३.३ । |
| १.२.४ | परी० ३.५-१० । प्रमाणन० ३.५,६ । |

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| १.२.५ | परी० ३.११। प्रमाणन० ३.७। |
| १.२.६ | हेतुबि० टि० लि० पृ० १८। |
| १.२.७ | न्याया० ५। लघी० ३.३। न्यायबि० २.१। परी० ३.१४। |
| १.२.८ | न्यायबि० २.१,२। न्याया० १०। परी० ३. ५२,५३। प्रमाणन० ३.९। |
| १.२.९. | न्यायबि० २.३। न्याया० ५। लघी० ३.३। परी० ३.१४,५४। प्रमाणन० ३.१०। |
| १.२.१० | परी० ३.१६-१८। |
| १.२.११ | न्यायबि० २.१५९। परी० ३.१९। |
| १.२.१२ | वै० सू० ९.२.१। |
| १.२.१३ | न्यायबि० ३.४०। न्याया० १४। न्यायवि० २.३। परी० ३.२०। प्रमाणन० ३.१४। |
| १.२.१४ | न्यायबि० ३.५०। न्याया० १४। परी० ६.१५। प्रमाणन० ६.४०. |
| १.२.१५ | न्यायवि० २.८। परी० ३.२५, २६, ३२। प्रमाणन० ३.१८-२० |
| १.२.१६-१७ | परी० ३.२७-३१। प्रमाणन० ३.२१,२२ |
| १.२.१८-१९ | न्यायबि० ३.१२२, १२३। परी० ३.३७-४३। प्रमाणन० ३.२८, ३४-३८। |
| १.२.२० | प्रमाणन० ३.४३। |
| १.२.२१ | परी० ३.४७। प्रमाणन० ३.४४। |
| १.२.२२ | न्याया० १८। परी ३.४८। प्रमाणन० ३.४५। |
| १.२.२३ | न्याया० १९। परी० ३.४९। प्रमाणन० ४६। |

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
